આ ચૂકાદા પછી, એ વાત થોડાંક વરસ સૂધી વળી પાછી ખોરંબે પડી હતી. પણ ઇ. સ. ૧૮૯૬ માં રૉયલ ઍશિયાટીક સોસાયટીની મુંબઇની શાખા આગળ, મી રૂસ્તમજી પેસ્તનજી કકરીઆ (કકલીઆ), બી. એ., એ એક રેસાલો વાંચ્યો હતો, જેમાં વળી પાછી એ સવાલની નિસ્બતમાં કાંઇક મનગમતી નુકતેચીની કરવામાં આવી હતી. આ રેસાલો વાંચવા આગમચ, મી. કકરીઆએ એ બાબદને લગતી કાંઇ પણ હકીકત કોઇ પણ તરફથી મેળવવાની ઇંતેજારી "જામે જમશેદ" પત્ર મારફતે જાહેર કરવાથી, કેટલેક ઠેકાણેથી કેટલાંક કાગળ્યાં એવણને પહોંચાડવામાં આવ્યાં હતાં, અને નવસારીની પેહેલા દસ્તુર મેહેરજી રાણા લાયબ્રેરીના લાયકીવાળા સેક્રેટરી મી. રૂ. કે. મોદીએ તો, મી. કકરીઆ એ બાબદની શોધખોળ કરવા મજકુર લાયબ્રેરીની ખાસ મુલાકાત લેવા જનાર હતા, તેવણના ઉતારાની ગોઠવણ પણ કરી હતી. પણ મી. કકરીઆએ તો બીજોજ રસ્તો લીધો; અને ઓચીંતું ભાષણ કરીને મેહેરજી રાણા વીરૂદ્ધ પોતાનું મત એકદમ જાહેર કરી દઇ, ચોમેર અચરતી ફેલાવી. ભાષણકર્તાએ શરૂઆતમાં તો અકબરે બના કીધેલાં "એબાદતખાનાં" વિષે, ત્યાં ભેગા મળેલા જૂદા જૂદા મજહબોના આગેવાનો વિષે, અને જરથોસ્તી ધર્મે અકબરના વિચારો ઉપર કીધેલી અસર વિષે કેટલીક જાણીતી બીનાઓની ઉપર ટપકેની સમજણ આપી હતી. પછી તેવણે મેહેરજી રાણાનાં નામ સાથે જોડાયલી કથાનો સાર આપ્યો હતો, અને જણાવ્યું હતું કે, ઘણીક કાળજીથી શોધખોળ કરવા છતાં તેની કાંઇપણ તવારીખરૂપી શાહાદત કે પૂરાવો હાથ લાગ્યો નથી, અને અકબરના અમલની સંખ્યાબંધ તવારીખોમાં તેની કાંઇ પણ ખબર લેવામાં આવી નથી. પછી " દબેસ્તાન અલ મજાહેબ" નામની કેતાબનો આધાર પકડીને તેવણે જણાવ્યું હતું કે અકબરને જરથોસ્તી ધર્મની ખૂબીઓ સમજાવવા દસ્તુર મેહેરજી રાણા નહિ, પણ કેરમાનવાળા દસ્તુર અરદેશર ગયા હતા. પોતાની તકરારના ટેકામાં તેવણે જણાવ્યું હતું કે, અકબરનાં "એબાદતખાનાંમાં જૂદા જૂદા માર્ગો અને પંથોના ઉપાધ્યાઓ વચ્ચેની તકરારોના જે નમુનાઓ " દબેસ્તાન "માં મળે છે, તે ઉપરથી જણાય છે કે એ ધર્મના પ્રતિનિધિઓ વિદ્વાન શખ્સો હોવા જોઇએ; અને એ તકરારમાં જે જરથોસ્તીએ ભાગ લીધેલો કહેવાય છે તેની દલીલો જબરી બાહોશી અને ખબરદારી દેખાડે છે; અને હું નહિ ધારતો કે ગુજરાતનાં એક ખૂણાંમાંનો એક અંજાણ મોબેદ એવી ચાલાકી અને વાદવિવાદ કરવાની શક્તિ સાથે તે દલીલો રજુ

કરી શકયો હોય. તેની તકરારો તો પરાયા ધર્મોની ખબર અને તવારિખ અને ફીલસુફીનું બીજું સામાન્ય જ્ઞાન સાબેત કરે છે, જે સઘળું નવસારીના એક અંધારૂમાં મેળવવાની આશા રાખવી ફોકટ છે," દસ્તુર મેહેરજી રાણાને ઉતારી પાડવા સારૂ, તેઓનું અને ગુજરાતના સઘળા મોબેદોનું અજ્ઞાનપણું એવી રીતે, કાંઇ પણ સાબેતી વગર, માની લઇને, તેવણે પછી તેજ પ્રમાણમાં દસ્તુર અરદેશર કેરમાનીને ચહડાવ્યા હતા, અને અરદેશરને છેક કેરમાન વેરથી, તેમની મુસાફરીનો ખરચ આપીને બોલાવવામાં આવ્યા હતા, તેથી અરદેશરેજ એ બધું સમજાવ્યું હતું, એમ સમજાવવાની તેવણે કોશેશ કરી હતી. પછી વળી તેવણે ઉમેર્યું હતું કે મેહેરજી રાણા ગયા પણ હોય. તો પણ "તેઓએ શેહનશાહની હજૂર ચાલેલી તકરારોમાં ઝાઝો ભાગ લીધો હોય એમ તો કહી શકાયજ નહીં. પણ સદીઓ ઉપર નવસારીમાંજ ધર્મસંબંધી અજવાળાંની જરૂર હતી. અને દિલ્હીને સારૂ નવસારી કાંઇ ફાજલ પાડી શકે તેવું હતું નહીં. અકબરે ખાલી હોંસને ખાતર ગુજરાતના પોતાના મુલકમાંથી પારસીઓને બોલાવ્યા હશે; પણ તેઓ પાસેથી કાંઇ ઝાઝું મેળવી શકતો નથી એમ જોઇને, તેને ઇરાનથી બીજાઓને બોલાવવા પડયા હતા. હું ધારૂં છું કે એજ અનુમાન વાજબી છે."

આ ઉપરથી મુંબઇનાં અંગ્રેજી તેમજ ગુજરાતી વર્ત્તમાનપત્રોમાં સામસામી પુષ્કળ તકરાર ચાલી હતી, જેમાં મેહેરજી રાણા તરફથી અનેક ગ્રહસ્થો અને વિદ્વાનો બાહેર પડયા હતા. મુંબઇ ગેઝેટમાં "Edlo Ochiltree Junior" તથા "J. O. E."ના તખલ્લુસ હેઠળ, ગ્રેજ્યુએટ મી. કકરીઆ વીરૂધ એવાં તો કડાકા અને ધડાકા કરનારાં કાબેલ લખાણો આવવા લાગ્યાં, કે તે લખાણોની ચોમેરેથી તારીફ થવા સાથ તે લખનારનું નામ જાણવાની ઘણી ધંતેન્દરી ફેલાઇ, અને પ્રોફેસર પીટરસન તથા ડાકટર જૅન પોલનનાં નામોની અટકળ થવા લાગી† હવે મી. કકરીઆએ તકરાર કરવાની એક નવીજ રૂઢીની શોધ કરી તે એ કે, નવસારી તો ગુજરાતને છેઠે ખૂણે પડેલું હતું. અને "ફીસ્સે-એ-કાઉસ વ અફસાદ" નામનાં બનાવટી બુટીઆંનો‡ નગળો ટેકો લઇ જણાવ્યું કે સોળમી

† લાંબા વખતનું બહેર થઇ ચૂકયું છે કે, આ લખનાર કોઇજ નહિ, પણ જૂનાગઢની બહાકદીન કૉલેજના પ્રોફેસર શાપુરશાહ હોરમજ્જ જોડીયાળા, એમ. એ. હતા જેમણે એક ધાંધળ ધરપચ વગરના, એકમાર્ગી પણ ઘણા બાહોશ અને પાકટ અભ્યાસી તરીકે મશહુર છે, અને જેવણ હાલમાં "જરથોશ્તી દીનની ખોળ કરનારી મંડળી" સનમુખ જૂની પારસી તવારિખને લગતાં ઘણાંજ શ્રીમતી ભાષણોની હાર-માળા આપીને મોટી વીખ્યાતી પામ્યા છે. આ અગત્યની તકરારનો છેવટનો ફડચો મેહેરજી રાણાની તરફેણમાં કરી તે મરહુમના ખાનદાનના મુદઇઓનાં મોંહડાં કાયમનાં બંધ કરવાનું મુખ્ય માન એજ ઉસ્તાદને ઘટે છે.

‡ આ "ફીસ્સો" હિંદુસ્થાનના ધર્મી જરથોસ્તીઓનું સેંસસ લાઇબલ કરનારો છે. તે વાંચતાં જીવ ત્રમકમે છે. શેહેનશાહી અને કદમી ટોળા વચ્ચે બગેલી કબીસા સંબંધી નાપસંદ તકરાર વેળા તે ઊભો કરવામાં આવ્યો હતો. તેજ વખતે "મુંબઇનાં જમે જમશેદ" ના તા. ૪ થી અને ૧૧ મી જૂન તથા તા. ૧૬ મી જુલાઇ ૧૮૩૨ ના અંકોમાં એ માટે જગરો પોકાર ઉઠયો હતોઃ (એ લખાણોની સંપુર્ણ નકલો માટે જુઓ આ ચોપડીમાં આવેલાં લખાણો નંબર ૧૨૩-૨૪-૨૫.)

મતલબ માણસને કેવો આંધળો બનાવે છે, તેનો એક દાખલો એ છે કે, વખતના વહેવા સાથે

સદીમાં ગુજરાતમાં ધરમ સંબંધી "અંધારૂ" હતું, તેથી મેહેરજીરાણા દિલ્હી જવાની વાત ટકી શકતી નથી! આ તકરારનું પોકળ ઘણી સરસ રીતે દેખાડવામાં આવ્યું ત્યારે ભી. ઠકરીઆએ જણાવ્યું કે સામેવાળાઓની તકરારમાં વજુદ હશે તોજ તેવણ જવાબ આપશે. (એ તે તકરાર કરવાની "સ્વતંત્ર તવારીખનવેશ અને નુકતેચીન" ની રીત!) તેવણે પોતાની મલબાર હીલની ફરમાસુ લોજીકથી જણાવ્યું કે, "કાઉસનો હેવાલ ખોટો પાડી શકાયો નહી. તે એટલો તો સીધો અને સચાઇના છાપવાળો છે કે, તે ખોટો હોયજ નહી." (જુઓ આ ચોપડીમાં આપેલા ઉતારાના ગૂજરાતી ભાગનો સફો ૮૧, કોલમ ૧ નો છેવટનો ભાગ) પણ ભી. રૂ. કે. મોદીએ તેવણનો પીછો છોડયો નહીં, ત્યારે ભી. ઠકરીઆ સભ્યતાનો તરીકો ભૂલી જઇને ભી. મોદી ઉપર ઘણીજ તોછડાઇથી ઉતરી પડયા: ના, એટલુંજ નહીં, પણ પોતાની હારના ખીજવાટનાં પરિણામમાં, "લાલ વાવટો" મૂકીને, છેક "તરીઆ પાવ" ઉપર આવી જઇને, પારસીઓથી પુજાયલા એ મરહૂમ મહાત્માનાં પવિત્ર રૂહને ગરેાથમાન બેહેસ્તમાં વગર કારણે એવણે ધુજાવ્યું હતું. જે વિશેષણો અને જે ભાષા વાપરતાં એક અભણ કે હલકામાં હલકી જાતનો માણસ અચકાય, તે વિશેષણો અને તે હલકી ભાષા સુધરેલી કોમના, યુનિવરસીટીના એક ગ્રેડયુએટ વાપરે, એ કેટલા અફસોસની વાત છે! ભી. ઠકરીઆની આ વર્તણુકથી મેહેરજી રાણાના કુટુંબીઓનાં અને તેઓના બેરખા-હોનાજ નહીં, પણ ત્રાહેત જરથોશ્તીઓનાં પણ દીલ બહુ રંજીદા થયાં. પરિણામમાં "કયસરે હિન્દ", "સ્વતંત્ર", (હિંદુ) "પંચડાંડ" વગેરે પત્રોએ આરટીકલો લખીને અને ચર્ચાપત્રો દાખલ કરીને એ "અપક્ષપાત તવારીખનવેશ"ના એવા તો વાવટા ઉડાવ્યા અને એવી તો રેવડી કીધી હતી કે જરથોશ્તી ધર્મ જે પૂર્નજન્મ કબુલ કરતો હોય તો, ભી. ઠકરીઆ એ ઝાટકણીઓનો ચચરાટ આવતે જમાને પણ ભૂલી શકશે નહિ.† તોપણ ભી. ઠકરીઆ, તમાચો મારીને પોતાનો

લગભગ મરણ પામેલા આ ક્રીસ્તાને નવેસરથી જીવતો કરવાનું નાપસંદ કામ એ તકરારના વાદીઓએ એક ધરમનાં કામ તરીકે માથે ઉઠાવ્યું. "હાદેસા નામુ," કે જેનો એક ભાગ આ ક્રીસ્તો છે, તે છપાવનારના વારસને ખૂણે ખાંડોળેથી શોધી કાઢી, તેને નામે એની બીજી આવૃતી જ ન. પીટીટ પારસી ઓર્ફનેજ પ્રેસમાં છપાવવાની ગોઠવણ કરવામાં આવી, અને ભેળા "દીનના શાહ" (દીનચાશીદાર મરહૂમ પેહેલા સર દીનશાહ પીટીટ, બેરોનેટ સાહેબ)ને રામલવીને તેવણ પારેથી નાણાંની મદદ કબુલ કરાવીને, એ પુસ્તક તેવણને અર્પણ કરવાનું નક્કી કરવામાં આવ્યું. પણ છેવટે એ દીન-દોસ્ત શેઠીઆને એ ખરી હકીકત ખુલ્લી થતાં, તેવણ સાહેબે એ ચોપડી પોતાને અર્પણ કરવા લાગતા વળગતાઓને સખ્ત મનાઈ કરી, એટલુંજ નહિ, પણ એ ચોપડી મન્કૂર પ્રેસમાં છપાતી પણ બંધ કરાવી હતી

વળી ભી. ડોસાભાઈ ફરામજી કરાકાએ પોતાની પારસીઓની તવારીખમાં એ કહેવાતાં "અંધારાં" વિષે કાંઇ પણ લખ્યું ન હતું, તેથી તે ચોપડીની નવી આવૃતીમાં એ બાબદ દાખલ કરવાને ભી. ઠકરીઆએ તેવણને ભલામણ કરી હતી!

† જુઓ આ ચોપડીમાં આવેલાં "કટીંગ" નંબર 9, 12, 16, 17, 18, 20, ૬૬, ૬૮, ૮ , ૮૦, ૮૪, ૮૭, ૯૯, ૧૨૦, ૧૬૨, ૧૬૮.

"ભી. ઠકરીઆનું વાંચણ ઉપર ટપકું અને લઇ દોર છે; તેવણ તરજુમાંઓ વાંચીને અસલ ભાષા

ગાળ લાલ કરીને, ગરીબ મેહેરજી રાણાવાળાઓએ દયાને માટે પોતાને ઠરેલી અપીલના ચુકાદામાં, પોતાનું "અલટીમેટમ" જાહેર કરતાં કહે છે કે; "પણ હવે બસ. જે મેં ભાષણમાં કહ્યું તે પુરતી શોધખોળનું પરીણામ હું સમજું છું, અને તેમાં ફેરફાર કરવા વગર હવે તે 'રીવયુ'માં તેમજ અમારી સોસાયટીના 'જરનલ'માં પ્રગટ થશે, અને અકબરના ધરમ વીશેની મારી ચોપડી જે વેલા-તમાં પ્રગટ થવાની છે, તેમાં તે એક પ્રકરણ તરીકે રહેશે."--("જામે જમશેદ," તા. ૨૪-૮-૧૮૯૬)‡ મેહેરજી રાણા વીરૂધનું પોતાનું મત એવણ ફેરવે નહીં, તો અમો એવણની દાઢીમાં હાથ ઘાલતા નથી; પણ એટલું તો જણાવવું જોઈએ કે, પોતાનું અસલ ભાષણ "ફેરફાર કર્યા વગર" સોસાયટીનાં "જરનલ" વગેરેમાં છપાવવાની જે વાત એવણ કરે છે, તે તદન ખોટી છે. અસલ ભાષણ "ટાઈમ્સ ઑફ ઇન્ડયા"ના તા ૧૧-૮-૧૮૯૬ ના અંકમાં (જુઓ "કટીંગ" નંબર 2) છપાયું છે તેમાં અને સોસાયટીનાં જર્નલમાં એ રેસાલો છપાયો છે તેમાં ઘણો ફેર છે. તા. ૨૪-૮-૧૮૯૬ નાં "બૉમ્બે ગૅઝેટ" (જુઓ કટીંગ નંબર 6) માં જે જે ભૂલો બતાવવામાં આવી છે, તે સઘળી સુધારીને સોસાયટીનાં જર્નલમાં મી. કકરીઆએ ગૂપચૂપ ઘુસાડી દીધી છે. "ઇન્ડયન મૅગેઝીન"માં પણ તેમજ કર્યું છે.

ઉપલું "અલટીમેટમ" આપ્યા પછી, શોધખોળના એ ખાંએ જાહેર કર્યું કે: "હવે મારે બીજે વખતે મેહેરજી રાણાને અકબરે આપેલી કહેવાતી જમીનની સનદની તપાસ લઈ, અને તેના ખરાપણા વીશે, બીજી વખતે અકબરે આપેલી ત્રાંબાની અને બીજી સનદો સાથ સરખામણી લઈ જુસતેજો કરી, આ મેહેરજી રાણા વીશેની બાબદ સમાપ્ત કરવી છે." (જામે જમશેદ તા. ૧૪-૯-૧૮૯૬—જુઓ કટીંગ નંબર ૬૨). "બીઆં મરતે, પણ ટટ્ટીસે લડતે" વાળી કહેવતની અમને યાદ થાય છે. આપણા એ "ઓરીયંટેલીસ્ટ"ને "અલેફ્-બે"નું પણ ઠેકાણું આ તકરાર ચાલતી વખતે ન હતું,

---

સમજવાના ઢોંગ કરે છે; ફારસીનો અલેફ્—બે પણ તેમને આવડતો નથી. કેટલાક પત્રોનાં છાપડે ચઢાવ-નારાં લખાણથી તેવણ ઘણા ચઢી ગયા છે; અધુરા ઇંગ્રેજી તરજુમાઓની ઘણીજ બેહુદી ભુલો "કાપી હુ કાપી અને માખી હુ માખી" ની સાધારણ કહેવત મુજબ ઉતારી લેવાથી, તેઓનું આ જૂનું ભોપાળું આખરે ફુટી ગયું છે; મેહેરજીરાણાનો ખ્યાલ વટીક સમજી શકવા જેટલું ભંડોળ પણ એમનામાં નથી, તવારીખરૂપી નુકતેચીનીનાં ઓથાં હેઠળ એવણે એક આગળા જમાનાનો ફેસાદ તાજો કરીને મેહેરજી રાણા અને તેવણના વારસોને અપમાન અને હીણપસ્તી લગાડવાની મતલબ રાખી છે; એવણ મેહેરજી રાણાવાળા અને તેમને મળતા વારોક ટોળાથી જુદા પક્ષને લગતા હોવાથી તેઓને ધારવા મેળે મેહેરજી રાણા યાને ભગરીઆ પક્ષના વીરૂધવાળા કોઇક આસામીઓએ ઉશ્કેરીને છાપડે ચઢાવી દીધાથી એકદમ તેઓએ લાંબા વિચાર વગર આ રેસાલો ચીત્રી કાઢી, દસ્તુર મેહેરજી રાણાવાળી દંતકથાને ખોટી ઠરાવવા જતાં, તે બાબદને લગતી અનેક પ્રકારની બેખબરી અને બીનમાહીતગારીથી પોતાનો રકાશ અને હસી કરાવ્યાં છે, વગેરે, વગેરે" અનેક સખત ટીકા એ પત્રોમાં કરવામાં આવ્યા હતા, તે સઘળા મી. કકરીઆ મૂગા મૂગા ગળી ગયા છે.

‡ જુઓ "કટીંગ" નંબર ૫૯.

એવું તેજ વખતે જાહેર થવાથી, તેવણને બુકસેલરને ત્યાંથી ફારસી ભાષાનાં વ્યાકરણની ચોપડી ખરીદ કરવી પડી હતી; પણ ઓગણીસ વરસના એ દરમ્યાનમાં તેવણ એ ભાષા પુરી શીખ્યા છે કે નહીં તે જણાયું નથી; કારણ કે ઉપર આપેલી કબુલાત મુજબ તેવણે ફરમાનની તપાસ હજી લીધી નથી. ઉપલી ભપકી આપેલી જોઇને ત્રાહીત વાંચનારાઓ તો એમજ સમજ્યા હશે કે, અકબરે મેહરજી રાણાને બક્ષેલી ઇનામી જમીનની વાત ખોટીજ, અને તેથી તેની સનદ બનાવટી હોવી જોઇએ.

પણ હવે બસ. આ સવાલ આવી રીતે વર્તમાનપત્રોમાં ઘણી લાંબી મુદ્દત સુધી પૂરતી રીતે ચરવાયા પછી, એનો છેવટ નીકાલ લાવવા માટે મુંબઇની પારસી પંચાયતના વિદ્વાન, ધુંધી સેક્રેટરી, અને જાણીતા અથોરનાનઝાદા સમશુલ ઓલમા (ડાક્ટર) એર્વદ જીવણજી જમસેદજી મોદી બી. એ. એ રૉયલ એશિયાટીક સોસાયટીની મુંબઇની શાખા સનમુખ એ બાબદ ઉપર એક રેસાલો વાંચવા પ્રોફેસર મી. શાપુરશાહ હોરમસજી હોડીવાળા, એમ. એ. ને સૂચના કરી હતી; પણ એ એકમાર્ગી સરમાલ વિદ્વાને તેમ કરવા ના પાડી હતી; તે છતાં એવણે એ બાબદ ઉપર એક મોટી કીમતી ચોપડી રચવા માંડી હતી પણ કામ કરવું તો પૂરૂંજ કરવું એવા નીયમથી, કાંઇ વધુ મળી શકે તેની શોધમાં રહી, ઉતાવળ કરવાનું નાપસંદ કર્યું. તેવામાં મુંબઇમાં આવેલાં મેહેરજી રાણાની બાબતમાં ઘણી ઉલટ ધરાવનાર પારસીઓનાં ખેરખાહ, જાણીતાં ફ્રેન્ચ અભ્યાસી બાનુ, મીસ મેનાએ† એર્વદ જીવણજીને મળી, તેવણ પાસથી એ બાબદ ઘણી ઇંતેજારીથી જાણવા માગી; જે ઉપરથી પ્રોફેસર હોડીવાળા સાથ તેવણની મુલાકાત કરાવવાની ગોઠવણ કરવામાં આવી હતી, જે નહિ ધારેલી અડચણને સબબે અમલમાં આવી શકી નહીં. પણ એર્વદ જીવણજીથી કેટલીક વીગત સાંભળતા; મેહેરજી રાણાની બાબદ ઘણી

† શરૂઆતમાં આ તકરાર કરવાની સામી પક્ષની રૂઢીનું સ્વરૂપ જોઇ લઇ, તે વખતે પારસીઓની તવારીખ લખતાં આ વિદ્વાન બાનુ ઉપર એક પત્ર લખી, વર્તમાન પત્રોમાં ચાલેલી તકરારોનાં કેટલાંક "કટીંગસ" મોકલી આપી, એવણને સાવચેત રાખવાની મને જરૂર જણાઈ હતી; જે પત્રનો એ ભલાં બાનુએ ઘણો મેહેરબાની ભરેલો જવાબ નીચે પ્રમાણે લખ્યો હતો:—

"*Paris, 18th Dec. 1896.*

"68, Rue Madame.

"DEAR SIR,

"I have duly received your letter of the 7th November and I hope you will kindly excuse me if I have not yet answered it. My father was very ill (influenza) on the very day it reached me; so that it is only last week that I was able to take up my work and read at leisure the interesting cuttings from the Indian papers.

"You are right to say, Sir, that I have sought to obtain information in every quarter and from people of every shade of opinion. I was extremely desirous to have full information about Meherji Rana's visit to Akbar, and I have already written to M. J. J. Modi, my father's

અગત્યની લાગવાથી તે ઉપર એક રેસાલો સદરહુ સોસાયટી સન્મુખ વાંચવા એ બાનુએ એવણને ભલામણ કરી, જે ઉપરથી એ ખેરખાહ અથોરનાનઝાહાએ વિદ્વાન મી. હોડીવાળાને મળી, અને તેઓ પાસેથી સવાલની બારીક વિગતોની બની શકે તેટલી સમજણ લઇને એ કામ માથે ઉઠાવી, તેને છેવટનું પાર ઉતાર્યું હતું.‡ તા. ૧૯ મી ડીસેમ્બર ૧૯૦૧ ને દિને, "શાહ અકબરની દરબારમાં પારસીઓ, અને દસ્તુર મેહેરજી રાણા" એ મથાળાં હેઠળ વંચાયલો આ રેસાલો લાંબો અને વિદ્વતા ભરેલો હતો, જેમાં પ્રોફેસર હોડીવાળાએ નવા શોધી કાઢીને ઉઠલાવેલા ચારસે વરસના અનેક ઈતિહાસીક જુના કીંમતી દસ્તાવેજોની સાહદતો તેમજ તવારીખની દલીલોથી પૂરવાર કરવામાં આવ્યું હતું કેઃ શહેનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવનાર પુરૂષ દસ્તુર અરદેસર કેરમાની ન હતાઃ એ દસ્તુરને તો ઘણે પછવાડેથી "ફરહંગે જેહાંગીરી" નામના શબ્દ-કોષ માટે ખાસ બોલાવવામાં આવ્યા હતાઃ ઇસવી સનેની સોળમી સદીમાં ગુજરાતના પારસીઓમાં ધર્મ સંબંધી અંધારૂ ન હતુંઃ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવનાર નવસારીના પારસીઓજ—અને તેથી તેઓના

---

old friend and my faithful correspondent about this matter. I am daily expecting his answer. I have a full confidence in M. Modi's impartiality and sound critical judgment.

"I'll be extremely obliged, dear Sir, if you will kindly send me also such explanation as you can furnish me with. I am a friend of the Parsi community, and take a great interest in matters of such high importance.

" My father and I both join in sending you our sincerest regards.

Yours very gratefully,

D. MENANT."

M. DAVAR (? DARA) S. DASTUR.

Wilson College, Chaopatee, Bombay.

‡ "કુંકમાં કહું તો દસતુર મેહેરજી રાણાનું નામ ડાઘી દેવા માટે કેટલાક 'હેતના કટકાઓ' થી અનેકવાર નાના ખાડા બોદાતા રહ્યા હતા, જેમાં આ વખતનો ખાડો ઘણો મોટો હતો; પણ ડાહેલ ઇજનેર પ્રો. હોડીવાળાએ તેને એક પાયામાં ફેરવી નાંખી, તેની અંદર સંગીન કોનક્રીટ કરી, પત્થરનો પાયો બાંધી, તેની ઉપર એક મજબુત અને શોભીતી ઇમારત બાંધવાનો પસંદગી પામેલો પલાન તઇયારે કરી, એક વધુ ચોમાસું ખવાડવા માટે એ પાયો રાખી મુકયો હતો; પણ થોડા વખત પછી મુંબઇમાં આવેલી ખેરખાહ, ઉલટમંદ મુસાફર મીસ મેનાની બાબેસને અનુસરીને બેરવદ જીવનજીએ એ ઇમારત બાંધી, તેની ઉપર કીંમતી કોતરકામ કરીને તેને છેવટની 'રીનીશ' આપી છે" (જુઓ જામેજમશેદ, તા. ૩-૬-૧૯૦૪).

"આ જાણીતી તકરાર ઉભી કરી, તેને મકમપણે અનેક રીતે આગળ ચલાવી, નવસારી વગેરે ઠેકાણે શોધખોલો ચલાવી, સઘળું બોધું તયાર કરી મુકવાનું માન પ્રોફેસર હોડીવાળાને ઘટે છે."

(રાસ્ત गોફતાર તા. ૧૯-૭-૧૯૦૨).

વડા દસ્તુર મહેરજી રાણાજ હતાઃ દિલ્હી જવા આગમચ દસ્તુર મેહેરજી રાણા તેમજ તેવણના ભાવા નવસારીની અંજુમનમાં આગેવાન સંસારી દરજ્જો ભોગવતા હતાઃ તેમજ એએાનું ખાનદાન આગમચથીજ ભણેલું હતું, વગરે.†

ખુદ એક જુદ્દીને જોડેલો મેહેરજી રાણા-અકબરનો જાણીતો એઆલ, જે મુંબઇ, નવસારી, સુરત વગેરે ઠેકાણે ગવાય છે‡ તે એઆલ તો ભાડ્રતી માણસોએ માત્ર ૪૦–૫૦ વરસની વાત ઉપર જોડયો હતો, એમ મી. કરકરીઆએ જણાવ્યું હતું. પણ આ રેસાલા વખતે એર્વદ જીવનજીએ આજથી છેક ૧૨૪ વરસની વાત ઉપર (૧૧૬૧ ય. જ.; ૧૭૯૨ ઇસવી) લખાએલી એક ચોપડીમાં આવેલું, ખુદ શાહ અકબરના ચુનંદા અને માનીતા દરબારી ઉસ્તાદ ગાયનકાર મિયાં તાનસેને જોડેલું ("સારંગ" રાગમાં ગવાતું) એક ઘણું અગત્યનું ગાયન* રજુ કર્યું હતું; જેથી સાંભળનારાઓનાં મન

† આ રેસાલો મજકુર સોસાયટીના જર્નલમાં છપાયો છે; (Vol: xxi, pp. 69—245.)

મહેરજી રાણા ખાનદાનીઓ તરફથી પૂરાં પાડવામાં આવેલાં કાગળોમાં જણાવેલી ચોપડીઓનાં નામો ઉલટાવી નાખીને, અને તે પૂરાં પાડતી વખતે મી. ફ. કે. મોદીએ ખુલ્લા દીલથી કીધેલો ખુલાસો ઢાંકી રાખીને, મી. કરકરીઆએ મરહુમ વીદ્વાન દસ્તુર એરચજી સોરાબજી મહેરજી રાણા ઉપર ખોટા દસ્તાવેજો ઉભા કરવાનું ગંભીર તોહમત મુકયું હતું, તેનો ઘણોજ સંતોષકારક રદીઓ આપતાં એર્વદ જીવણજીએ, મી. કરકરીઆએ કેવી હસવા સરખી ભૂલો કીધી હતી તે દેખાડી આપ્યું હતું. એર્વદ જીવણજીએ આ રેસાલો ખરી લાગણીના ઘણા જુસ્સાથી વાંચ્યો હતો, જે પૂરો થતાંજ એક મિત્રે મી. કરકરીઆને કહ્યું હતુ કે, "Mr. Kurkaria you are pulverised." ("મી. કરકરીઆ, તમારો ચૂરેચૂરો થઈ ગયો છે")

આ ટકે મારે જણાવવું જોઇએ કે મી. ફ. કે. મોદીએ અમારાં ખાનદાનના બેરખાહ તરીકે છેક શરૂઆતથી તે આખેર સૂધી બહુજ મેહેનત કરી હતી. મુસ્તકીમ દલીલોની ગેરહાજરીમાં મી. કરકરીઆએ ભલા અને અતિ શાંત મહસ્થ તરફ જે તોછડાઈ અને ખરાબ લાગણી બતાવી છે તેથી અમો દલગીર છીએ. અમારાં ખાનદાન તરફથી મી. મોદીએ જે કાગળો મી. કરકરીઆને આપ્યાં હતાં, તે કાગળો કામ પૂરૂં થવા છતાં પણ તેવણે પાછાં વાળ્યાં નહીં; જેથી વકીલની નોટીસ મોકલાવીને તે પાછાં મેળવતાં મી. મોદીનાં લોહીનું પાણી થયું હતું, અને નાહક રૂપિઆ ૬૦ ના ખાડામાં ઉતરવું પડયું હતું. (જુઓ કટીંગ નંબર ૭૫).

‡ આ સંપુર્ણ બેઆલ માટે જુઓ આ પુસ્તકનું પાનું ૧૩૨. આ બેઆલની પેહેલી લીટીમાં થયલા ફેરફાર માટે સરખાવો પા. ૩૧૨. લીટી ૧.

* આ સંપુર્ણ ગાયન માટે જુઓ આ પુસ્તકનું પાનું ૩૧૨. આ ગાયન પેહેલા સર દીનશાહ માણેકજી પીટીટ, બેરોનેટના બપાવાના સસરા માટે ય. જ. સને ૧૧૬૧ માં લખાયલી એક કેતાબમાંથી ઉતારવામાં આવ્યું છે. આ ગાયન "કબીરી ગાયણ" નામની કેતાબમાં છપાયલું હોવાનું પેહેલ વહેલું જાહેર કરનાર અને તે વર્તમાન પત્રમાં છપાવનાર નોશાકરા અથોરનાન, "ટાઇમ્સ ઑફ ઇન્ડીયા" ના જાણીતા રીપોર્ટર મી. રૂસ્તમજી હોરમસજી ખુરશેદજી (મીનોચેર હોરમજી) હતાઃ (જુઓ કટીંગ નંબર ૧૩૨.) આ બંને નકલોમાં સેહેજ ફેરફાર છે, એમ જણાવવું અગત્યનું થઈ પડશે.

વળી, એક બીજું ગાયન, જે "રાગસ્તાન પોથી" માં છપાયલું છે, તેને પણ પેહેલું જાહેરમાં લાવનાર એજ બેરખાહ મી. રૂસ્તમજી હતા. એ આખાં ગાયન માટે જુઓ આ પુસ્તક પાનું ૨૧૩.

ઉપર ઘણી સારી અસર થઈ હતી. મુદ્દઇઓનાં મોહડાં બંધ કરવાના હેતુથી એર્વદ જીવનજીએ એ ગાયનની નકલ, હિંદી ગાયનના મોટા સત્તાધારી કલકત્તાવાળા મહારાજા સર સુરેંદ્રો મોહન તાગોર બહાદૂર ઉપર મોકલીને તેવણનો અભિપ્રાય પૂછાવ્યો હતો, જેના જવાબમાં સર તાગોરે ઉપલો રેસાલો વંચાયો તેજ દિવસે તારથી (અને પછવાડેથી કાગજથી) જણાવ્યું હતું કે એ ગાયન ઉસ્તાદ તાનસેનનું જ જોડેલું છેઃ (જુએ આ પુસ્તકનું પાનું ૩૧૨.)

એર્વદ જીવણજીને વળતો જવાબ આપતાં મી. ઠકરીઆએ જણાવ્યું હતું કે, મી. મોદીની તકરારનું ખંડણ હું હમણાને હમણાજ કરી શકું; પણ તેમ કરતાં ઘણો વખત નીકળી જશે, તેથી હું તે બીજા પ્રસંગ ઉપર મુલતવી રાખું છું, વગેરે. બાદ, મજકુર સોસાયટીની તા. ૧૩-૧૧-૧૯૦૨ ને દિને મળેલી બેઠક વેળા, તેના ઑનરરી સેક્રેટરી રેવરન્ડ (ડૉકટર) સ્કૉટે મી. ઠકરીઆને રદીઓ આપવાની તેવણે આપેલી એ કબુલાતની યાદ આપી, ત્યારે તેવણે જવાબ આપ્યો હતો કે એક મહિનામાં તેવણ પોતાનો જવાબ રજુ કરશે. (જુએ "ઠરીંગ" નંબર ૧૬૦) પણ એ બીજી કબુલાતને પણ આજે ૧૪ વરસ થઇ જવા છતાં, એ "સ્વતંત્ર તવારીખનવેશ" "અખારા બેહેદીન ઠાઉશ" ઠરી ગયા છે, જે ઉપરથી શું અનુમાન કાઢવું, તે વાંચનારજ વિચારી લશે.

વળી, પછવાડેથી મીસ મેનાએ, જાણીતા ફ્રેન્ચ અભ્યાસી આકુએટીલ ડુ પૅરૉને હાથની લખેલી એજ બાબદને લગતી નોંધ પેરિસની નેશનલ લાયબ્રેરીમાં પોતાના જોવામાં આવવાથી તેનો ખાસ ફોટોગ્રાફ પડાવી, તે એર્વદ જીવણજી ઉપર મોકલ્યો હતો. તે ઉપરથી તેવણે "શાહનશાહ અકબર અને દસ્તુર મેહેરજી રાણા વિષે આકુએ-ટીલ ડુ પૅરૉની નોંધ" એવાં મથાળાં હેઠળ એક બીજો રેસાલો ઉપલીજ સોસાયટી સનમુખ તા. ૧૩-૭-૧૯૦૩ ને દિને વાંચ્યો હતો, જેમાં તેવણે પૂરવાર કીધું હતું કેઃ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવનાર એકલા દસ્તુર મેહેરજી રાણાજ હતા. જેવણનીજ સલાહ ઉપરથી, અકબરે પેલી "ફરહંગ" માટે શાહ અબ્બાસ પાસેથી કેરમાનથી એક દસ્તુરની માગણી કીધી હતીઃ અકબર સુરત ખાતે આવ્યો હતો ત્યારે ઠાંઠરાખારી આગળ મેહેરજી રાણાને તેની સાથ પેહેલી મુલાકાત થઈ હતી:† તેમજ અકબરે કુસ્તી

† દસ્તુર મહેરજી રાણાના ગાદીનશીન દીકરા દસ્તુર કેકોબાદ, જેવણને તેવણના મરહૂમ પીતાને એનાયત કીધેલી બસેં વીંઘા જમીનમાં બીજી સો વીંઘાનો વધારો ખુદ અકબરેજ કરી આપ્યો હતો, તેવણે પોતાના ફેશાઇગરાં સંબંધી શાહ જેહાંગીરને કીધેલી એક લાંબી ફારસી અરજમાં આ વાતને ટેકો આપનારૂં લખાણ મળે છે. પોતાની ઓળખ આપતાં, શરૂઆતમાં દસ્તુર કેકોબાદ જણાવે છે કે જ્યારે શેહનશાહ અકબરે સુરતમાં આવીને તે શેહેર તાબે કીધું, ત્યારે મારા બાવા નેકનામ માહિયારે તે નામદારની મુલાકાત ત્યાં (સુરતમાં) લીધી હતી, ત્યારે તેણે તેવણને દીન ધર્મ ("દીન-એ-રાહ") સંબંધી ઘણું પૂછ્યું હતું. તે તેવણને પોતાની સાથે આગ્રા ખાતે લઈ ગયા હતો. તેવણ બુઢા અને નાતવાન હોવા છતાં, પાદશાહનાં તખત આગળ જુવાન જેવા દીસતા હતા. તે વખતે આએ ગોલામ પણ પોતાના બાવાની સાથે હતો. અકબરે બે ત્રણ "જેદમત" મારી ઉપર એનાયત કરીને મને સરફરાજ કીધો હતો, વગેરે.

આ વાતને વધુ ટેકો આપતો એક અસલ દસ્તાવેજ સારા નસીબે હાલ હાથ લાગ્યો છે આ દસ્તા-

પણ બાંધી હતી, વગેરે.

આ રેસાલો પણ એ સોસાયટીનાં જર્નલમાં છપાયો છે: (Vol. xxi, pp. 537—551.) આ રેસાલો વંચાઇ રહ્યા પછી એ માટે એવૅર્ડ મોદીનો ઉપકાર માનતાં, મરહુમ વિદ્વાન શેઠ ખ. ફ. કામાજીને પણ આખરે કબૂલ કરવું પડયું હતું કે: "હવે

વેજ માત્ર પાંચ લીટીનો નાનો કાગજ છે, જે પ્રોફેસર હોડીવાળાએ તા. ૧૪-૧૧-૧૯૧૪ ને દિને મુંબઇની જરથોસ્તી દીનની ખોળ કરનારી મંડળી આગળ ભાષણ કરતાં, જહેરમાં બતાવ્યો હતો. ખાજે દરવેશ મહમદ નામના નવસારી પ્રગણાના એક મોટા અમલદાર ઉપર સુરતથી તેના ભાઇએ એક ખાનગી કાગજ લખી જણાવ્યું હતું કે તેની (દરવેશ મહમદની) સુપા પ્રગણાની જાગીર પાદશાહે કાયમ રાખી હતી, અને તે જાગીરનું ફરમાન તે પોતે થોડા દહાડામાં મોકલી આપશે. બીજું માહીયાર રાણા (મેહેરજી રાણા) પારસીની અકબર પાદશાહના અમલદારોએ સીફારસ કરવાથી તેમને પાદશાહ હજુર સુરત બોલાવ્યા હતા, અને પાદશાહે તેમને થોડીક જુમ્મા જમીન એનાયત કરી હતી. છેવટે ઉમેર્યું હતું કે તમારે કશી ચીંતા રાખવી નહીં. આ કાગજ લખનારની મોહર ઉપર "બંદેએ ખાકસાર મીર બખશીએ શેહસવાર" નું નામ છે, અને જે ઉપર હીજરી ૯૮૦, ઇ. સ. ૧૫૭૨ ની સાખ્બી તારીખ છે, કે જે સાલમાં અકબરશાહે પોતે સુરતમાં તશરીફ લાવીને તે શહેરનો મજબુત કીલ્લો સર કર્યો હતો, અને ગુજરાત પ્રાંતમાં પોતાની હકુમત બેસાડી હતી. એ ઉપરથી રોશન થાય છે કે ગુજરાતના આ નવા પાદશાહ સાથે મેહેરજી રાણાને છેક ઇ. સ. ૧૫૭૨ ઉપર ઓળખાણ પડી હતી: (જુઓ જમે જમશેદ તા. ૨૦-૧૧-૧૯૧૪).

આ ઠેકાણે એટલું પણ નોંધી લેવું અગત્યનું થઈ પડશે કે, મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાનાં મરજી બાદ, તેમના ગાદીનશીન બેટા કેકોબાદજીનો લાગવગ મોગલાઈ દરબારમાં કેટલો હતો તેનો એક નમુનો બતાવનારો એક બીજો અસલ દસ્તાવેજ પણ પ્રોફેસર હોડીવાળા ઉપલેજ પ્રસંગે જહેરમાં લાવ્યા હતા. આ દસ્તાવેજ પણ એક ખાનગી કાગજ હતો, જેની ઉપર રોજ માહ છે. પણ સને નથી; પણ તે ઈ. સ. ૧૬૦૦ ની આસપાસ લખાયલો હોવોજ જોઈએ. તે નોશેરવાન બહમન માણક ચાંગા (નામવર ચાંગા આસાના દીકરાના દીકરાના દીકરા)એ લાહોરથી પોતાનાં માતાજી બાઇ ધનાઇ ઉપર લખેલો છે જે ઉપરથી જણાય છે કે, નવસારીના એ દેસાઇ અકબરને કોઇ સબબસર (કદાચ સરકારનું ભરણું જે માટે તેઓ જીમ્મેદાર હતા, તે કોઈ હાદેસાને લીધે નદીં ભરવાના સબબે) લાહોરમાં બંદીખાને નાખવામાં આવ્યા હતા. નોશેરવાન લખે છે કે "કાકા (કેકોબાદ) મેહેરજી (રાણા)એ રાત-દીન ભુખે પ્યાસે પાદશાહની ખીજમત કરીને બરદાશ કરી અમુને મુકાવ્યા. છોડવનાર તો દાદાર છે, પણ તમોએ તેહકીક જાણવું કે કાકાજી (કેકોબાદ) ની ચાકરીથી છુટા છીએ." ત્યાર પછી કેકોબાદજીને ઇનામ તરીકે એક હાટ (દુકાન) લખી આપવા લખ્યું હતું: (જુઓ જમે જમશેદ, તા. ૨૦-૧૧-૧૯૧૪).

આ પણ નોંધી લેવું અગત્યનું થઈ પડશે કે ઉપર જણાવેલું દેથાઇઝર પછવાડેથી એજ દસ્તુરજી કેકોબાદજીને હસ્તક આવ્યું હતું. (જુઓ "પારસી પ્રકાશ" પા. ૧૧. એજ બાબત ઉપરનાં મરહુમ દેથાઈજી ખુરશેદજી ટેહમુલજીને હાથના જણવા જોગ લખાણો માટે જુઓ "નવસારીના મોબા દેશાઈનાં ખાનદાનની તવારીખ," પા. ૯૦ તથા "કીસ્સે આતરાબેહરામે નવસારી"—ભાગ ૨ જો, પા. ૧૦૨-૩. વળી જુઓ મરહુમ મા ફરાકાની "History of the Parsis"—Vol. II p. 7; તેમજ જણીતાં ફ્રેન્ચ તવારીખ-નવેશ મીસ મેનાની "Les Parsis" Vol. I. તેમજ, એજ દેથાઈગરાં સંબંધી પારચોલના પટેલીઆઓએ એવજુને કરી આપેલા લેખ માટે જુઓ "પારસી પ્રકાશ" પા. ૧૦).

નસીબ સંજોગે, દસ્તુર—દેશાઇ કેકોબાદને પણ એ દેશાઈગરાંનાજ સંબંધમાં તુરંતમાં રહેવું પડયું હતું, જે આમદ અવણે શાહ જેહાંગીરને મથેરણી એક સંબાણુ ફારસી અરજની અનેક નકલો ઉપરથી માલમ પડે

પૂરવાર થયું છે કે મહેરજી રાણાએજ અકબરને ધરમ સમજાવ્યો હતો." (જામે જમશેદ, તા. ૧૪-૭-૧૯૦૩.—મી. કામાના આખા અભિપ્રાય માટે જુઓ "કટીંગ" નંબર ૧૬૪.)

છે. એ અરજી થોડા વખતમાં છપાઇ પ્રગટ થશે ત્યારે, તેથી પારસી તવારીખના પુરાણા સફા ઉપર કાંઈક નવી રોશની પડશે. આ અરજીમાં મુખ્ય કરી નીચલી બાબતો છેઃ—અરજદાર તથા તેવણના બાવા દસ્તુર મહેરજી-રાણાને શાહ અકબર સાથ સુરતમાં મુલાકાત, તથા જરથોસ્તી દીન-રાહ સંબંધી વાતચીત; અકબરે તેઓને પોતાની સાથે આગ્રા ખાતે લઈ જવું; ૩૦૦ વીઘાંની જાગીર ઉપાંત, તેણે અરજદારને કરેલી બીજી નવાજેશોઃ છૂટા પડતી વખતે અકબરે અરજદારને એનાયત કરેલો અમુક ઓધ્ધોઃ પછવાડેથી તે ઓદ્ધાનું તેમના હાથમાંથી બદલાઇ જવું અને તેથી તેની હાંસલ વગેરેના હિસાબનું ખલનામાં સેપુરદ કરવું—શાહ જેહાંગીર પોતાનાં લશ્કર સાથે કાબુલ ગયો તે વખતે અરજદારનું પોતાના દસ પારસી નોકરો, બે ઘોડા અને એક ઉંટ સાથે, શાહની ખેદમતમાં રહેવું: રસ્તામાં એક ઘણુંજ ખરાબ પહાડનું ચઢાણ આવવાથી સઘળાનું થાકી જવું, અને અરજદારના ઉંટનું બેસી જવું: તે જોઇને શાહનું અરજદારને ઓળખવું, તેવણનો સઘળો હેવાલ પૂછી લઇને, તેવણને એક સારો ઓધ્ધો એનાયત કરવાની બાહેરા જાહેર કરવી, અને તેવણનું ઉંટ થાકી જવાથી, તેવણે ધારેથી પછવાડે આવવા માટે ફરમાવવું—પણ શક્તિ તથા વસીલાની કોચાઈને લીધે, અરજદારનું હજુરમાં પહોંચી નહિ શકાવું—ત્રણ સાલનું લવાજમ ("અલુફે") તેમને નહી મળવું: તે બાબત ઘટતા અમલદારને કહેતાં, તેનાથી મળેલા જવાબથી નીરાશ થઇ, મૂગું બેસી રહેવું—અરજદાર ઉપર સરકારી વસુલની નીકળતી બાકીની રકમનું, તેવણે પાદશાહનાં લશ્કરમાં મુસાફરીમાં ભૂખમરો પડયો તે વખતે ખરચવું—અસલ દેશાઈ મનોચેરશાહના હાથમાંથી દેશાઇગરી બદલાઇને, તે અરજદારના હાથમાં આવવાનું કારણ; એ દેશાઇગરી બદલ અરજદારને મળેલું શાહી ફરમાન—પછવાડેથી, સુરત ખાતેના અમુક અમલદારોએ લાંચ રૂશવત ખાઇને, અરજદારને દેશાઈગરી કરતાં અટકાવી, તેવણને ભારે જોર સાથની તુરંગમાં નાખવું—જઈફીની નાતવાનીમાં, ખાણાં-પીણાં ઉપ્રાંત ખુદરતી હાજતે જવાની બાબદમાં પણ ગુનરવામાં આવેલી ભારે સખ્તાઇ સહન કરીને, ત્રણ વરસની લાંબી મુદત સુધી અરજદારનું તુરંગમાં સબરવું—તેવણને ખાતર તેવણના ભત્રીજાનું લાહોરની તુરંગમાં પૂરાવું···અરજદાર ઘણી લાગણીથી જણાવે છે કે, એ નામવર શેહનશાહ, આએ જુદો ગુલામ ("ખાણે-ઝાદે-એ શાહે કદીમ ઈનગુલામ.") તારી ખેદમતનો મને આ નતીજો મળ્યો! મારી પાસે પૈસા નથી, તે હું કયાં સુધી કેદમાં રહું? તારા પૈસા હું મારે ઘેર લઈ ગયો નથી, પણ તારાંજ કામમાં ખરચ્યા છે. તારા અમલદારો લાંચ રૂશવત ખાઈને બીજાઓને સતાવે છે, તેની તપાસ તું નહીં કરે, તો પછી જુલમનો છેવટ કેમ આવશે? હું જઈફ અને નાતવાન છું. પારસીઓમાં હું ઘણો માન મરતબો ધરાવું છું. તેઓ મારે માટે ઘણી ચીંતામાં છે, અને મારા છુટકારાની ઘણી આતુરતાથી રાહ જોય છે. મારા છુટકારાની ખુશ ખબર સાંભળી તેઓ આતશકદેહમાં જઇને તારે માટે દુઆ ગુજારશે.

ઉપલો હેવાલ વાંચતાં કયા પારસીનું હૈયું નહિ પીગળશે? એ મરહૂમ દસ્તુર-દેશાઇ અનેકવાર દીલ્હી ગયેલા માલમ પડે છે; અને એવણ ગુજરીઆ પણ ત્યાંજ હતા, એમ મરહૂમ દેશાઇજી ખુરશેદજી લખે છે.

વળી એ દસ્તુરજીએ જહાંગીરના ગાદીવારેસ શાહઝાદા ખુરરમ અથવા શાહજેહાંન ઉપર, તે દખણ ફત્તેહ કરે એવી દુઆ ગુજારનારો એક "કસીદો" ફારસીમાં લખ્યો હતો, તેની નકલ પણ મોજુદ છે, જે ઉપરથી દીસે છે કે "પારસી પ્રકાશે" જણાવેલા એવણનાં મરણના સને (ઇ. સ. ૧૬૧૬) કરતાં પછવાડે એવણ મરણ પામેલા હોવા જોઇએ. ડાક્ટર એર્વદ જીવણજી મોદી પણ ઉપલા સને ઉપર શક નાખે છે, જેનું કારણ તેવણ જણાવતા નથી.

આ બંને અંગ્રેજી રેસાલા, તેના (વધારા સાથના ગુજરાતી) તરજુમા સાથે એર્વદ જીવણજીએ, પેહેલા વિષયને નામનાં એક કહાવર પુસ્તકમાં બાહેર પાડયા છે.† આ વીદ્વતા ભરેલું પુસ્તક ઘણું રસીલું અને વાંચવા લાયક છે.‡ દસ્તુર મેહેરજીરાણાને તેમજ તેવણના જાએનશીનોને મોગળ દરબાર તરફથી વખતો વખત મળેલાં જાગીરનાં અનેક ફરમાનોની તથા બીજા અસલ કીમતી દસ્તાવેજોની આબેહુબ નકલો (photo-litho fac-similes) એ પુસ્તકમાં દાખલ કરવાથી એનું મહત્વપણું વધ્યું છે. આ પુસ્તક માટે ઘણા સારા અભિપ્રાયો આપવામાં આવ્યા છે.*

આ પ્રમાણે આ તકરારી બાબદનો છેવટે મનમાનતો ફૈસલો દસ્તુર મેહેરજીરાણાની તર્ફેણમાં આવ્યો છે. "આપણા વીરૂધીઓ આપણા મદદગાર છે" એ કહેવત આ

† આ વિષયો માહેલા પેહેલાનો ગુજરાતી તરજુમો એર્વદ જીવણજીએ મુંબઈની "જ્ઞાન પ્રસારક મંડળી" સનમુખ તા. ૧૬-૧૨-૧૯૦૨ ને દિને વાંચેલા રેસાલાનો ઉતારો છે.

"અતરે જણાવવું અગત્યનું થઇ પડશે કે મેહેરજી રાણાના ખેરખાહોની ખાએસને માન આપીને, પોતાના ઇંગ્રેજી રેસાલાનું ગુજરાતી વાંચન મુંબઇની જ્ઞાન પ્રસારક મંડળી સનમુખ વાંચવાનું એર્વદ જીવનજીએ નક્કી કર્યું હતું, અને એ બાબતનો નકકી દીવસ પણ વર્તમાનપત્રોમાં છપાઈ ગયેલ હતો પણ આ એક ધર્મ સંબંધી સવાલ છે, તેથી તે એ મંડળીમાં લાવી શકાય નહીં, એવો ફીલસુફીભરેલો વાંધો છેક અગી આરમે કલાકે લેવામાં આવવાથી, તુરત વેળા એર્વદ જીવનજીને નાસીપાસ થવું પડયું હતું. આ વાંધો કેવો એકતરફી અને તકલીદી હતો તે સાધારણ માણસ પણ સમજી શકે! જે રેસાલો રૉયલ એશીયાટીક સોસાયટી જેવાં મહાભારત મંડળ આગળ વંચાયો તેજ રેસાલો આવી મંડળીમાં જો નહીં ચાલી શકતો હોય, તો પછી એ મંડળીને 'જ્ઞાન પ્રસારક' કેમ કહી શકાય? ઠંડા સ્વભાવના એર્વદ જીવનજીને બદલે કોઇ બીજા ગ્રહસ્થ હતે તો એ મંડળી સાથનો પોતાનો સંબંધ એકદમ છોડી જતે, અને એવા ઉપયોગી સભાસદની ખોટ એ મંડળીને ત્યારેજ માલમ પડતે. પણ એક શુભ કામ કરવાની પોતાનાં દીલમાં હોંસ હોવાથી એર્વદ જીવનજીએ એક નવો ઉપાય શોધી કાઢયો; અને એક તદ્દન નવાંજ મથાળાં હેઠળ એજ બાબદનો રેસાલો વાંચ્યો, જે સામે અલબત એ મંડળીથી કોઇ પણ વાંધો ઉઠાવી શકાયો નહીં"—(જુઓ જામે જમશેદ તા. ૩-૬-૧૯૦૪).

‡ દસ્તુર મેહેરજી રાણાનાં મુબારક નામ ઉપર અત્યંત રીઝા થયલા આ વિદ્વાન નોશાદારા અદેરનનાગાદા એ પુસ્તકના દિબાચાના સફે ૧૪ ઉપર જણાવે છે કે:

"આપણાં પુસ્તકોમાં કહે છે કે આપણા કોઇ ભલાં કામમાં તે દાદાર અને તે દાદારની મેહેરથી ભલાંઓનાં અશો ફરોહરો આપણને યારી દે છે. આ વિષયના સંબંધના મારા અભ્યાસમાં જે રૂહયાદ દસ્તુરના નામ સાથ, એ વિષયનો સંબંધ છે, તે દસ્તુરના અશો ફરોહરે તે દાદારની મેહેરથી, ગોથા મને યારી દીધી છે. મને ઘણીક સુચનાઓ, ઘણીક પ્રેરણા અને ઘણીક હોંશ હિમ્મત મળી છે. આંકુમેટીલ દુ પેરોની હસ્તલેખ નોંધોની શોધ જાણે આવા પ્રકારની એક ન ધારેલી યારી છે."

* "જામે જમશેદ" માં પારસીઓને લગતી અનેક અગત્યની બાબદો ઉપર વિદ્વતા ભરેલાં લખાણ કરવા માટે જાણીતો થયેલો કલમકશ "અદેરનાન," "પારસી સાહિત્ય" વાળી બાબદમાં લખે છે કે: "એર્વદ જીવનજી મોદીએ બનવેલી પારસી તવારીખની એક નાદર સેવા દરેક જરથોસ્તી જીગરનો સાચ્ચો આભાર જતી ગઇ છે. શાહ અકબરની અમર હકુમતની તવારીખમાં પારસી ધર્મના તેજનો જે પ્રકાશ દાખલ થયો છે, તેને ઝાંખો પાડવાની મી. ફસ્તમજી પેસ્તનજી કકરીઆની પ્રતીહાસરૂપી લડત હજી પારસીઓનાં મગજમાં ધુમતી બંધ પડી નથી. દસ્તુર મહેરજીરાણાનું અમર તવારીખી નામ, જે દરેક પારસી

બાબદમાં ખરીજ પડી છે. આ તકરારથી મોટો ફાયદો એ થયો છે કે, એ મરહૂમ અશો દસ્તુરજીની કીર્તિ નવેસરથી તાજી થઇ, તે જગ આશકારા થઇ છે. એ મરહૂમ ગરોથમાન મુકામી મુરબ્બીનાં અશો રૂહ ઉપર હજારો હજાર આફ્રીન હોજો ! ! !

હવે ત્યારે આ ચોપડી પ્રગટ કરવાનું કારણ શું છે ? આ જાણીતી તકરારના સંબંધમાં વર્તમાનપત્રો વગેરેમાં આવેલાં લખાણોનાં અસલ " કટીંગસ " ની અવ્વલથી તે આખેર સુધીની એક તદન સંપુર્ણ ફાઇલ મી. ખરશેદજી માણેકજી શાસ્ત્રી (નરીમાન)† એ ઘણી રંજ અને કાળજીથી તૈયાર કીધી છે, જે ફાઇલ પોતાના રેસાલા વખતે પોતાને ઘણી ઉપયોગી થઇ પડી હતી, એમ એર્વદ જીવણજી પોતાની ચોપડીના અંગ્રેજી દીબાચામાં જણાવે છે.* મી. શાસ્ત્રીએ એ ફાઇલનું કામ હજી ચાલુજ રાખ્યું છે અને

તીલ આજે વ્હાલ અને માન સાથે જીવતું રાખે છે, જે અનેક પારસી કથાઓ અને લાવણીઓનાં બોલાય અને ગવાય છે, તેની સાથે જોડાયલી જગ આશકારા કીર્તીને જમીનદોસ્ત કરવાની મી. કરીયાની જેહેમત ગમ હું પ્રથમથીજ અજમાયખી સાથ જોતો આવ્યો હું. દસ્તુરજી મહેરજીરાણાની જગને મ્હોડે ચઢેલી નામના જે ઓછી થાય તો પારસી સીક્કાની બોલબાલા પણ ઘટી જાય, એ તો દેખીતું છે. પારસી કીર્તીને એ કલંકમાંથી બચાવવાને એરવદ જીવનજી મોદી પોતાના ભણેલા અભ્યાસી મીત્ર પ્રો. શાપુરશાહ હોડીવાળાના જબરદસ્ત ટેકા સાથ બહાર પડયા, અને વર્ષોની ચાલુ જેહમેત, રંજ તથા શોધખોળ પછી દસ્તુર મેહેરજીરાણાની પ્રતીષ્ઠાને તેની અસલ બુલંદીએ પાછી સ્થાપી પારસી તવારીખનો ચળકાટ જળવી રાખ્યો છે. એવી જાહેર સેવાઓની બીજા પારસી અભ્યાસીઓએ કાળજીથી નકલ કરવી ઘટે છે."—(જામે જમશેદ, તા. ૨૬-૬-૧૯૦૩.)

વળી એજ પત્રના તા. ૧-૪-૧૯૦૫ ના અંકમાં, " જરનાલીસ્ટ " ના તખલ્લુસવાળો લખનાર એર્વદ જીવણજીની કારકીરદી ઉપર ટીકા લખે છે કે, " એરવદ જીવનજીનું યાદગાર પુસ્તક શાને કહેશો ? જો અમો એ સવાલનો ફડચો કર્યે તો મેહેરજીરાણા અને અકબરની તકરારમાં ઝીપલાવી એરવદ જીવનજીએ જે સાહદતોનું તફસીલવાર પુસ્તક રચ્યું છે, તે એરવદ જીવનજીની મનશકિતનો સરસમાં સરસ પુરાવો છે. "

વળી, કોલમબ્યા યુનિવરસીટીવાળા ડૉકટર એલ. મે. નવેમ્બર ૧૯૦૩ માં ન્યુયોર્ક ખાતેથી એર્વદ જીવનજી ઉપર તેમનાં એ પુસ્તક વિષે લખે છે કે. "It is a careful, convincing and interesting study on the Naosari Parsees at the court of Akbar × × × × It seems to me impossible to doubt your results."

તેમજ રીટાયર્ડ સીવીલીઅન મી. એચ. ખીવરીડજ તા. ૧૭-૧-૧૯૦૫ માં પોતાનાં કાગજમાં એર્વદ જીવનજી ઉપર લખે છે કે. "I think there can be no doubt that it was Navsari Parsees who instructed Akbar."

† મી. શાસ્ત્રી જાણીતાં " જામે જમશેદ " પત્રના વિશ્વાસુ સીનીયર રીપોર્ટર છે. પોતાના માનવંત ભગરસાય ટોળા તેમજ તેના વડા માટે એ ભાઈ કેવી ચીવટ અને તિક્ષણ લાગણી ધરાવે છે, તે જાણીતી બીના છે. એ ખેરખાહે આ યાદગાર અનુપમ " ફાઇલ " તૈયાર કરવામાં કેટલી બધી મહેનત લીધી છે; તેમજ આ તકરાર દરમ્યાન અનેક રીતની કેવી મૂગી (લખાણ કર્યા વગરની) મદદ કરી છે, તે હું સારી રીતે જાણું છું. બીનઓને તેનો પૂરો ખ્યાલ આવી શકશે નહિ. તેમજ, આ પુસ્તક છપાવતી વખતે પણ એ ઉલતમંદ ખેરખાહે ઘણી મદદ કરી છે, જે માટે હું એવણનો ઘણો આભારી છું.

*" I am indebted to Mr. Kharshedji Manekji Shastri for kindly placing at my disposal his very interesting file of extracts from papers on this subject."—Foot-note on p. 3.

છેવટે તે નવસારીની પેંડલા દસ્તુર મેહેરજીરાણા લાયબ્રેરીમાં ભેટ આપવામાં આવનાર છે. આ ફાઇલ એક અનુપમ, કીમતી દાગીનો છે, એમાં તો કાંઇજ શક નથી; અને અભ્યાસીઓને તેમજ સાધારણ વાંચનારાઓને પણ તે ઘણીજ ઉપયોગી છે. બેશક, એર્વદ જીવણજીનું આ યાદગાર પુસ્તક ઘણુંજ કીમતી અને નિર્ણાયક (decisive) છે; પણ આ "ફાઇલ" ની અંદરખાનેની કીંમત (intrinsic value) જૂદાજ પ્રકારની છે. આ કારણથી આ એક પૂરી "ફાઇલ"ને તેનો બહોળો ફેલાવો કરવા અર્થે છપાવવાની જરૂર છે. આ તકરાર વખતે મેહેરજીરાણાની પક્ષમાં સખત લડત ચલાવનારાં પત્રો માહેલાં નાનકડાં (હિંદુ) "પંચડાંડ" ના અધીપતીએ પોતાના તા. ૧૯-૬-૧૯૦૪ ના અંકમાં આ "ફાઇલ" છપાવવા માટે મેહેરજીરાણાના લાગતાવળગતાઓને સુચના કીધી હતી, અને હાલ એ કામ દસ્તુર મેહેરજીરાણાના ગરીબ કુટુંબીઓએ મોટી ખુશીથી ઉપાડી લીધું છે.†

છેવટે, આ તવારીખી તકરાર વખતે અમોને ખરાં દીલથી કીંમતી મદદ કરનારા અનેક ગૃહસ્થો તેમજ વર્તમાનપત્રોનો, તેમાં ખાસ કરીને પ્રોફેસર હોડીવાળા, એર્વદ ડાકટર જીવણજી મોદી, મેશર્સ ખરશેદજી શાપ્જી અને રૂ. કે. મોદીનો, તેમજ "મુંબઇ ગેઝટ" "જામે જમશેદ," "કયસરે હિન્દ," "સ્વતંત્ર," "સત્ય મિત્ર," "નવસારી પ્રકાશ" તથા "પંચડાંડ" નો મારાં બહોળાં કુટુંબ તરફથી આ તકે ખાસ આભાર માનું છું.

ઘોડનદી (જીલ્લો સુરત),

રોજ આદર, માહ દયે, સને ૧૨૮૪ યઝદેજર્દી;
તારીખ ૧૭ મી જુન, સને ૧૯૧૫ ઈસવી.

---

† પોતાની મૂળ તકરારમાં મદ્દાત થવાથી, પોતાની મતલબને ખાતર પોતાનાજ મરહુમ નેઆગાનોને કમકમાટ ભરેલી રીતે શીહા ચીતારવામાં મી. કકરીઆએ કાઉસ અફસાદના કારસાનો લૂલો ટેકો લીધો હતો. તે કારસો બનાવટી છે, એમ તે છપાયો તેજ વખતે (ઇ. સ. ૧૮૩૨ માં) જબરો પોકાર ઉઠયો હતો, અને "જમે જમશેદ"ના ત્રણ અંકોમાં તે માટે સખત લખાણો આવ્યાં હતાં. આ લખાણોના સંપુર્ણ ઉતારા પણ આ "ફાઇલ"માં સમાવવામાં આવ્યા છે. (જુઓ નંબર ૧૨૩,૧૨૪,૧૨૫)

વળી, એર્વદ મીનોચેહેર પાહલણજી કુતાર, બી. એ., એલ એલ. બી. એ, અવરતાના જાણીતા યુરોપિયન અભ્યાસીઓ ડાકટરો મીલ્સ, ગેલ્ડનર અને વેસ્ટ ઉપર વર્તમાનપત્રોનાં કેટલાંક "કટીંગ્સ" મોકલી, આ કહેવાતાં "અંધારાં" ના સંબંધમાં કેટલાક સવાલો પુછયા હતા, તે સઘળાઓના જવાબ મી. કકરીઆની વીરૂધ આવ્યા હતા. આ સઘળાં કાગળો પણ આ "ફાઇલ" માં સમાવવામાં આવ્યાં છે. (જુઓ "કટીંગ્સ" નંબર 26—30. વળી, એ બધાના ગુજરાતી તરજુમા માટે જુઓ નંબર ૧૦૭-૧૧૧.)

[વધારો.]

એર્વદ ડા૦ જીવનજી મોદીએ રૅાયલ એશિયાટીક સોસાયટી સનમુખ પોતાનો પેહેલો રેસાલો વાંચવાનું કામ પુરૂં કીધું, તેજ વખતે મી. ઠકરીઆએ ઉઠીને ભપકામા જણાવ્યું હતું કે, મી. મોદીની તકરારનું ખંડણ હમણાને હમણાજ હું કરી શકું, પણ તેમ કરતાં ઘણો વખત નીકળી જશે, તેથી હું તે બીજા પ્રસંગ ઉપર મૂલતવી રાખું છું, વગેરે. પણ તેવણે પોતાની કબુલાત હજી અમલમાં મૂકી નથી, એમ એર્વદ મોદી ઇ. સ. ૧૯૦૬ માં ઉપલીજ સોસાયટીનાં જર્નલમાં જણાવે છે. (જુઓ અંગ્રેજી "ઠર્ટીગ" નંબર 34–૦, તથા તે ઉપરની મારી પુટ-નોટ.) પણ એ કબુલાત આજે (તા. ૧૭-૬-૧૯૧૫) હું આ લખું છું, ત્યાં સુધી પાળવામાં આવી નથી. ખરી રીતે જોતાં એ રદીઓ હવે કદી પણ આપવામાં આવે એવું દીસતું નથી; કારણકે મી. રૂ. પે. ઠકરીઆ, બી. એ. એ આજ બહુ લાંબા વખત ઉપર ઉપલી સોસાયટી સાથનો પોતાનો સંબંધ છોડયો છે, જેનું કારણ તેવણે જાહેરમાં મૂકયું નથી. પોતાની માનીતી આ મહાભારત સોસાયટી, જે તેવણની વિદ્વતા અને નવી શોધખોળ (?) જગપ્રસિદ્ધ કરવાનું એક અગત્યનું સાધન હતી, તેની સાથનો પોતાનો સંબંધ આપણા આ ચટપટીઆ જર્નાલીસ્ટ ગૂપચૂપ, ઢોલ-તાસા વગડયા વગર, એકદમ, પોતાની રાજી ખુશીથી છૂટો કરી નાખે, એ વાત આપણાં ધ્યાનમાં ઉતરવી મુશ્કેલ લાગે છે ત્યારે એ રાજીનામું તેવણે શા માટે આપ્યું હશે? અને શું તેનું કારણ એ હશે કે, પોતાનાં માનીતાં વાજીંત્રોમાં ઘાળેલાં વીદ્વતાનાં ડોળ અને દેખાડેલી ભપકી છતાં, આપણા એ ગ્રેડયુએટની, એજ સોસાયટીના પ્લેટફોર્મ ઉપર, એક બીજા "ગૂજરાતને છેઠે ખૂણે જન્મેલા મોગ્રેદ" (ડા૦ જીવનજી મોદી) ની સામે થવાની છાતી ચાલતી ન હશે? અથવા કદાચ એમ હશે કે, એર્વદ, સમશ-ઉલ-ઓલમા. ડાકટર જીવનજી મોદી, બી. એ. જેવા વિદ્વાન સ્કૉલરને કાંઇ પણ જવાબ (રદીઓ) આપવાનું કામ સાદા મી. રૂ. પે. ઠકરીઆ, બી. એ. પોતાના હરજાતથી હલકું સમજતા હશે? કારણ કે, ઉપલી સોસાયટી, કે જે મી ઠકરીઆના જેવાજ માત્ર કમયાબ બાહોશ વીદ્વાનોની બનેલી હોવી જોઇએ, તેમાંથી એર્વદ જીવનજી જેવા મેગ્ણરોને બાકાત રાખવાની જાહેર સુચના આપબડાઈથી કુગી ગયલા એજ મી. ઠકરીઆએ કીધી હતી. કોઇપણ રીતે, એજ સ્કૉલર ડા૦ મોદીએ એજ સોસાયટી ઉપર અનેક ઉપકારો કરીને પોતાનો ડંકો વગડયો છે, તેમજ ખુદ યુરોપમાં પોતાની વિદ્વતા માટે કીર્તી મેળવી છે, જ્યારે, બીજા હાથ ઉપર એજ મી. ઠકરીઆએ, નહિ જણાયલાં કારણથી, એજ સોસાયટીમાંથી ગૂપચૂપ રૂખસદ લીધી છે, એ જમાનાની તાસીર (irony of fate) નહિ, તો બીજું શું કહેવાય?

આટલું છતાં, આખરે મી. ઠકરીઆને પોતાની ચૂપકીદી એક રીતે તોડવી પડી છે, અને તેજ કારણથી આ વધારો લગાર સખ્ત શબ્દોમાં મને લખવો પડયો છે. આજ થોડો વખત થયો, એવણ જાણીતાં પારસી પત્ર "જમે જમશેદ"માં પોતાને નામે જરથોસ્તી ન્યાયાગાનોની ભલી યાદ"નાં મથાળાં હેઠળ જાણીતાં મરહૂમ જરથોસ્તીઓના હેવાલ તેઓની બાજને દિવસે લખે છે. આ બાબદ કાંઇ નવી નથી. એજ પત્રમાં એજ બાબદમાં અગાઉ જે લખાણો આવ્યાં છે, તેમાં મી. ઠકરીઆ પોતાના ફાંટા પ્રમાણે

વધઘટ કરે છે,† અને મરહુમ પહેલા દસ્તુરજી મેહેરજીરાણા તરફની એ લખનારની વલણ કેવી છે, તે તો જાણીતી વાત છે; તેથી એ મરહુમને વખાણનારા માહેલા કેટલાક અરેખાહો, મી. કકરીઆ એ મરહુમ દસ્તુરજીની બાજનો હેવાલ કેવો લખશે, તે જાણવાને ખુદરતી રીતે ઘણા આતૂર હતા. એ હેવાલ નીચે પ્રમાણે છે:—

રોજ ૮મો હેપાદર, માહા ૧૨મો અસપંદાદ શેહેનશાહી;
૧૨૮૪ યઝદેજરદી.
રોજ ૩જો અરદીબેહેસ્ત, માહા ૧ લો ફરવરદીન કદમી
૧૨૮૫ યઝદેજરદી.
તા૦ ૧૫ મી આગસટ ૧૯૧૫ ઈસવી.
કદમી રપીથવન ઈજવાનો દીવસ.

" દસ્તુર મેહેરજી રાણા.

(?—૧૫૯૧).

મરણ તા૦ ૧ લી નવેમબર ૧૫૯૧ (૯૬૦ યઝ૦)
૩૨૪ મા વરસની બાજ.

" નવશારીના આ જાણીતા પહેલા દસતુરના બાવાનું નામ રાણા જેસંગ હતું, પણ પોતાના કાકા વાચ્છા જેસંગના પાલક થવાથી એવણનું નામ મેહેરજી વાચ્છા તરીકે પણ દીનઆઇનની કીયામાં લેવાય છે.

" મરહુમને તા૦ ૧ લી સપટેમબર ૧૫૮૦ ને દીને નવસારીની અંજુમને પોતાના વડા કીધા હતા, અને એવો બંદોબસ્ત કીધો હતો કે તેવણની રજા વગર કોઇથી મોબેદે અગીયારીને લગતાં કામો કરવાં નહી. વડા દસ્તુર તરીકેનો અંજુમને બક્ષેલો આ હક મરહુમના કુટંબમાં હજુ ચાલુ છે.

" મરહુમ વીશે એવું મનાય છે કે એવણ શેહેનશાહ અકબર (૧૫૪૨-૧૬૫૫*-૧૬૫૬*) ની દરબારમાં જઇને એ નામીચા

† આજે વરસો થયાં, એજ વર્તમાન પત્રમાં એજ બાબદનાં લખાણો " આજનું પારસી કેલેંડર " એવાં મથાળાં હેઠળ, તે લખનારનાં નામ વગર આવતાં હતાં, તેને મી. કકરીઆએ આ સાલથી નવાં મથાળાં હેઠળ, સેહેજસાજ ફેરફાર કરીને, પોતાને નામે ચાલુ કર્યાં છે. અગાઉથી ઢોળકડાં વગડાવીને, આ (મૃત્યુકના) " ચાદગાર " કૉલમના, એકપુરા અને આપઅપત્યાર અધીપતી હોવાનું મોટું માન ખાટવાનું, એટલે અસલ રૂઢીમાં કાંઇ પણ નવુ તો દેખાડવુંજ જોઇએ, તેથી એ સુધારકે કેટલાક કમનસીબ બેહસ્તીઓને બીલકુલ રૂખસદ આપીને, કેટલાકોની તસ્વીર નહિ છાપીને, તેમજ વળી કેટલાક નસીબદારોને બેહસ્તના નીચલા તબક્કા ઉપરથી ઉપલા તબક્કાપર લાવીને, પેલી મીનોઇ જેહાનમાં હોહા (sensation) મચાવી મુકી છે! અગાઉ પોતાની તારીફમાં લખાયલી ચાર-પાંચ લીટીઓના હેવાલના મતાપે જે કેટલાક ન્યાયાગાનો બેહેસ્તમાં શાંતિમાં સુતા હતા, તેઓને એકદમ ત્યાંથી રૂખસદ આપવાને આ " iconoclast " એ ચોટીજ પરવા કીધી છે! આ બાબદમાં અમુક દાખલાઓમાં સરખામણી કરવાનું કામ ઘણું નાપસંદ કરવા જોગ હોવાથી, વધુ લખવું સલાહકારક નથી; પણ એટલું તો જણાવવું જોઈએ કે ઢંગધડા વગરના આવા ફેરફારોથી લાગતાવળગતાઓનાં દીલ કચવાય છે.

* [આ બંને સને ખરા નથી. — પ્રગટ કરનાર.]

રાજકરતાને આપણો જરથોસ્તી ધરમ સમજાવવામાં મદદ કરી હતી. અને તેને માટે એવણને ૨૦૦ વીંઘા જમીન નવસારી આગળ ગેલ-ખરી મધે ઈનામમાં મળી હતી. જો એ માનયતામાં વજુદ હોય તો, મેં આગળ આ કોલમમાં કહયું હતું તેમ, આપણે પારસી તરીકે ખુશી થવું જોઇએ છે. ''

શાબાશ! ''નોશાકરો એંટાળ'' એ કહેવત, ધોળાંપર કાળું કરીને ધોળી પાઘડી-વાળાઓ (મોબેદો)ને ધીક્કારનાર આ નોશાકરા અથોરનાન (''કકલીઆ'')એ ખરી પાડી છે. આવું બચ્ચે-બાળેકા ખેલ જેવું લખાણ કરીને એ લખનાર શું કહેવા માગે છે? પોતાનોજ કક્કો ખરો કરાવવાની પેરવી કરવામાં, વાંચનારાઓની સમજ-શક્તિને હુંબગ બનાવી અપમાન કરવા જતાં, એ લખનાર પોતાનેજ જાહેરની હસી અને ધીક્કારમાં લાવી નાખે છે, એમ તેણે જાણવું જોઇએ. આ તે આપણા એ ''એકપૂરા તવારીખ-નવેશ'' અને ''અપક્ષપાત નુકતેચીન''ની લગભગ વીસ વરસ સૂધીની જીવતોડ મેહેનત અને તવારીખી શોધખોળનું પરિણામ! હજી તો ''આપણામાં એવી માન્યતા છે''(!) ત્યારે માન્યતામાં ''વજુદ'' છે કે નહિ, તે નક્કી કરવાની એ ''તવારીખ નવેશ'' ની ફરજ ન હતી? હાલ, એ લખનાર વળી એક પગલું આગળ વધ્યો છે, અને લખે છે કે ''એવું મનાય છે કે.....ધરમ સમજાવવામાં મદદ કરી હતી.'' ત્યારે એ ધરમ સમજાવનારો મુખ્ય પુરૂષ તે દસ્તુર મેહેરજી રાણાના બેહેદીન નોકરો માહેલો કોઇ હશે! એર્વદ જીવનજી મોદીની તકરારનું હમણાં જ હમણાંજ ખંડણ કરી નાખ્યું, એમ રોયલ એશિયાટીક સોસાયટીના પ્લેટફોર્મ ઉપર દફાંસ મારનાર, તેર વરસની ચૂપકીદી પછી આવો પોતાનો રઠાસ કરે એ ઘણુંજ દયાજનક છે.

બેહેસ્તી ન્યાયાગાનોના ''જામે જમશેદ'' માં આવેલા આગળા હેવાલોનાં પેટાં કુગાળાને તવારીખી નવીન શોધ કરેલી હોવાનું માન ખાટવાના અભખરાથી, હાલનો એ લખનાર કેટલાક હેવાલોમાં ટાહેલાં કરતાં લખે છે કે, મરનારનાં ઠાઠાએ ફલાણું કીધેલું; મરનારના ભત્રીજા આવા હતા; મરનાર ફલાણા ફલાણાના છોકરાના છોકરાના છોકરા થાય; મરનાર વિષે તેવણનાં મરણ વખતે ''જામે જમશેદ''માં ફલાણું લખાણ આવેલું, વગેરે, વગેરે; પણ દસ્તુરજી મેહેરજીરાણાને એનાયત થયેલી ''મદદે-મઆશ'' ની મોગલાઇ જાગીરનું અસલ ફરમાન, જે ડાકટર જીવનજીએ પોતાના રેસાલાનાં વાંચન વખતે જાહેરમાં બતાવેલું, અને જેની આબેહુબ નકલ (''ફોટો-લીથો ફેક-સીમીલી'') તેવણની ચોપડીમાં છપાઇ છે; તેમજ જે ફરમાનને, અકબરે બીજાઓને આપેલી જાગી-રોની સનદોની સાથે સરખાવી જોઇને, તેનાં ખરાંપણાની કસોટી કરી જોવાની ભપકી આપવામાં મી. કકરીઆએ આંચકી ખાધી ન હતી, તે દસ્તાવેજની નોંધ વટીક તેવણે એ હેવાલમાં લીધી નથી. વળી, એ મરહૂમ દસ્તુરજીને નવસારીની અંજુમને દસ્તુરી બદલ કરી આપેલા બે અસલ લેખો મોજુદ અને છપાયલા હોવા છતાં, તે માહેલા એકની નોંધ પણ એ સુધારક લખનારે લીધી નથી.

દસ્તુર મેહેરજીરાણાને લગતી તકરાર વખતે મી. કકરીઆએ ''જામે જમશેદ'' માં વીરૂધમાં સખત લખાણો કર્યાં હતાં, તેજ પત્રમાં ત્યારપછી, દરસાલ એ બેહેસ્તનશીનની બાજને દિવસે આવતું લખાણ ગયે સાલ તા. ૧૫-૮-૧૪ને દિને, નીચે પ્રમાણે આવ્યું હતું:-

આજનું પારસી કેલેંડર.

રોજ ૮ મો દેપાદર માહા ૧૨મો અચપંદાદ શેહેનશાહી, ૧૨૮૩,
રોજ ૩જો અરદીબેહેસત, માહા ૧લો ફરવરદીન કદમી સને
૧૨૮૪ યઝદેજરદી.

તેહેવાર—

કદમી રપીથવન ઇજવાની કીયા.

આજ—

નવસારીવાળા મરહુમ પહેલા દસ્તુર મેહેરજીરાણા.

તેવણની ૩૨૩ મી બાજ.

મરણ તા૦ ૧-૧૧-૧૫૯૧.

હીંદ સરજમીનની સર્વથી પુરાણી દસ્તુરી ગાદીના નવસારીની સમસત અંજુમને ઠરાવેલા પહેલા વડા દસ્તુર. એવણ દીલ્હી તરફ પાદશાહ અકબરની હજુરમાં તેને જરથોસ્તી ધર્મને લગતાં ફરમાનો જાણવાની ખાહેસ હોવાથી તે સમજાવવાને નવસારીથી ગયા હતા. ત્યાં કેટલીક મુદતવેર રહી આવ્યા પછી અકબરની શેહેનશાહત તરફથી એવણને નવસારીમાં ૨૦૦ વીઘાં જમીન ઇનામમાં આપી હતી. એવણ જ્યારે દીલ્હીથી પાછા આવ્યા ત્યારે નવસારીની અંજુમને એવણને વડા દસ્તુર બનાવવાનો એક લેખ તા. ૧૨ મી માર્ચ ૧૫૭૯ ને દીને તથા બીજો લેખ તા. ૧ લી સપ્ટેમ્બર ૧૫૮૦ ને દીને કરી આપ્યો હતો. એ મરહુમ દસ્તુર સાહેબની યાદમાં દર વરસ નવસારી, મુંબઇ વગેરે ઠેકાણે બાજ, જશનની કીયા કરવામાં આવે છે.

ઉપલું લખાણ મી. કકરીઆએ આ સાલ ફેરવી નાખીને, છાણમાં તરવાર મારીને મોટી બહાદુરી કીધી છે. આવું લખાણ કરવાનાં બે કારણો અટકળી શકાય. એક તો એ કે, પોતે અગાઉ લાંબી લાંબી ઠંફાસો મારેલી અને બપકી આપેલી, તેથી પોતાની ભૂલ (હાર) કબુલ કરતાં એવણને શરમ લાગી હશે; અથવા તો બીજું એ કે, પારસી લાગણી એ બાબદમાં પાછી ન ઉશ્કેરાય એવા હેતુથી, તેવણે નાનાં બચ્ચાંઓને સમજાવવા જેવું એ લખાણ કીધું હશે. ખોટાંમાંથી ખરૂં તારવી કાઢીને તહ ને ફડ રોકડું પરખાવી દેનાર, અને ફકત સચ્ચાઇને ખાતર પોતાના મરહૂમ વડીલોની પણ ઝાટકણી ઉતારનાર,* આ

* હિંદુસ્થાનના જરથોસ્તીઓની પહેલી વહેંલી (હેયાત) તવારીખ "કીસ્સે-સંજાણ"ના લખનાર મરહુમ હોર્મઇ બેહમન કયકોબાદને બોટા પાડી, નૂની તવારીખની નવી શોધ કરવાનું માન બાટી જવાની હોંસમાં, મી. કકરીઆએ એ બેહેસ્તી હુમવતની માટે કીધેલા ટીકાની ભાષાથી ઘણાં દીલ કચવાયાં હતાં. "અલેફ-બે" પણ નહિ જાણવા છતાં, ફારસી અને અરેબીક ભાષાઓના અભ્યાસી હોવાનું ડોળ ધાલનાર, અને કાચા, ભુલભરેલા તરજુમાઓ ઉપર આંધળો આધાર રાખી દોડધામ કરનાર આપણા આ ધરપચીઆ 'ઓરીએન્ટેલીસ્ટ" એ આ બાબદમાં પણ કેવી કચુંબર કરી હતી, તે અવસ્તાના જાણીતા જુવાન અભ્યાસી મી. રાપુરજી કાવસજી હોડીવાળા, બી. એ. એ, "જમે જમશેદ"માં ઘણું સરસ રીતે બતાવી આપ્યું હતું.

સચ્ચાઈના સાથીઓને તો, પોતાની હમેશની તએ મુજબ ખોદાને હાજરનાજર જાણીને, પોતાનું છેવટનું મત ("બલટીમેટમ") જાહેર કરી દઈને, મોટો ધડાકો કરીને પોતાની નામના વધારવી હતી. ઘણાઓ એવીજ આશા રાખતા હતા કે, આવી ન ધારેલી સુંદર ટક હાથ આવવાથી મી. કકરીઆ પોતાની ઢાલાના ઘોડાના જેવી ચાલ જરૂરજ ચલાવશે. એમ કરીને સૂતેલો સાપ પાછો જગાડવાની હિંમત એ લખનારમાં જો હવે નહતી, તો એ બાબત ઉપર સદાબરૂંજ ઢાંકણું વાળીને, સેતાન ડાબો કરવો હતો. તેમ કરવું એવણની "પૉલીસી"ને અનુસરતુંજ હતું. કેટલાક બેહેશ્તી બુઝરગોના હેવાલોને મૃત્યુકના આ "એડીટરે" વગર કારણે રૂખસદ આપી છે. તો પછી જે બહેસ્તીને અગાઉ એવણે "an obscure priest in a corner of Guzerat"—"a charlatan priest"—"a Cagliostro," વગેરે ઉપમાઓ આપેલી† અને જેવણને માટે વર્તમાનપત્રોમાં ભાંડ ભાષા વાપરવામાં પણ પોતે આંચકી નહીં આણેલી, તે બેહેસ્તીનો હેવાલ એ કૉલમમાં મુદ્દલ આવતે નહિ તો તેમાં ખોટું શું હતું?‡ ખરી રીતે જોતાં તો એ હેવાલ સદાબરો આવવો જોઇતોજ ન હતો, અને એમાં એ બેહેસ્તીને "જાણીતા પહેલા દસ્તુર"* તરીકે ઓળખાવવાજ ન હતા. પણ ધીરજથી વિચાર કરતાં એવું અનુમાન થાય છે કે, મી. કકરીઆ એટલા ભોળા નથી; પણ "જામે જમશેદ" ના ભલા અને ખરૂં પારસી ખમીર ધરાવનારા માલેકો એવણની આડે આવ્યા હશે; એટલુંજ નહિ પણ મી. કકરીઆનાં આ લુંલા લંગડાં લખાણ તરફ ખુલ્લી નાપસંદગી બતાવવા અને જાણે તેવણને લપડાક લગાવવા અર્થે, એ ભલા હમદીનોએ ત્રીજેજ દિવસે (વચલો દિવસ રવિવારનો હતો) પોતાના ખાસ "એડીટોરીયલ" માં નીચલું લખાણ પ્રગટ કર્યું હતું:—

---

† આ ગલીચ, પાપી શબ્દો આજે ૧૯ વરસ પછી અત્રે ટાંકતાં મારૂં દીલ કમકમે છે. એની પાછી યાદ કરાવવા માટે હું લાગતા વળગતાઓની નમ્ર માફી ચાહું છું. એમ કરવાની મને ફરજ પડી છે; પણ એનો જુઓ તો વગર શકે એ પેહેલા વાપડનારને શીરજ રહેશે.

‡ બુઝર્ગ ભગરીઆ અથોરનાર મરહુમ એર્વદ એદલજી બરજોરજી મુલ્લાં, જેવણે પોતાને રહેવા માટે ખાસ બાધેલો બંગલો, પોતે તે એક પણ દિવસ વાપર્યા વગર, એક બોલે ધર્માદા આપી દઈ, નવસારીની પારસી જનરલ હોસ્પિટલ હસ્તીમાં આણી હતી. અને જેવણે લગભગ રૂપિઆ એક લાખની સખાવત કરી છે, તેવણના મરણ વખતે તેવણની તારીફમાં ખુદ જામે જમશેદમાં તેવણની તસ્વીર સાથનું માત્માકુલ લખાણ આવું હતું, તેવણનો હેવાલ ત્રાહેત ગૃહસ્થે લખી મોકલવા છતાં, એજ પત્રમાં મી. કકરીઆએ રા સારૂ બીલકુલ પ્રગટ કર્યો નથી, એ એક ભેદ ભરેલી બાબત છે.

* મરહુમ દસ્તુરજી મહેરજીરાણાના આ વીરોધીએ એ મરહુમ માટે હાલ આ શબ્દો વાપડયા છે, એટલુંબી ગણીમત અને "નહિ મામાના કાણા મામા" છે, એમ જણાવી એક મહેરબાન બેરખાહ એ બાબદ ઉપર મારૂં ખાસ ધ્યાન ખેંચે છે, પણ હું કહું છું કે એ ગૃહસ્થ ભૂલ કરે છે. મામા કાણા નથી, પણ તેમની બંને આંખો ફુટેલી છે. એતો નાનાં બચ્ચાંઓને સમજાવવાની વાત છે. આખાં લખાણનો સંબંધ (context) જોતાં, એ શબ્દોની કીંમત કાંઇજ નથી. તેની કાંઇબી કીંમત જો હોય, તો પણ તે "ધબો મારીને સલામ કરવા" અથવા "માથું કાપીને પાઘડી પહેરાવવા" બરોબર છે. એટલું પણ યાદ રાખવું જોઇએ કે, "જાણીતા" શબ્દ અકેકથી ઉલટા બે અર્થમાં વપરાય છે

"નવસારીવાળા પહેલવા દસ્તુર મેહેરજી રાણાની ૩૨૪ મી બાજ.

"પારસીઓ આ દેશમાં આવવા પછી નવસારીની સમસ્ત અંજુમને એકદીલીથી પસંદ કરી મેલેલા અને આખા હીંદના જરથોસ્તીઓએ સ્વીકારેલા, હીંદ સરજમીનની સરવથી પુરાણી દસ્તુરી ગાદીના પહેલા વડા દસ્તુર, એઓ સાહેબની ગઇ કાલે ૩૨૪ મી બાજ ગઇ છે. એ મરહુમની યાદમાં નવસારી, મુંબઇ, વગેરે, ઠેકાણે દર વરસ બાજ જશનની ક્રીયા કરવામાં આવે છે, તે પ્રમાણે ગઇ કાલે મુંબઇમાં મરહુમ દાદીશેઠનાં આતશ બેહરામના કમ્પાઉંડના હોલમાં જસન અને રાતનાં ખાણું થયું હતું.

"એવણ દીલ્હી તરફ પાદશાહ અકબરની હજુરમાં, તેવણને જરથોસ્તી ધરમને લગતાં ફરમાનો જાલુવાની ખાએશ હોવાથી, તે તેમને સમજાવવાને નવસારીથી ગયા હતા. ત્યાં કેટલીક મુદ્દત-વેર રહી આવ્યા પછી અકબરની શેહેનશાહત તરફથી એવણને નવસારીમાં ૨૦૦ વીઘાં જમીન ઇનામમાં મળી હતી. એવણ દીલ્હીથી પાછા આવ્યા ત્યારે નવસારીની અંજુમને એવણનો દરજ્જો અને કાબેલીયત જોઇ, એવણને પોતાના વડા દસ્તુર બનાવવાનો એક લેખ તા૦ ૧૨ મી માર્ચ ૧૫૭૯ ને દીને, તથા બીજો લેખ તા૦ ૧ લી સપ્ટેમ્બર ૧૫૮૦ ને દીને કરી આપ્યો હતો."

(તા૦ ૧૬ ૮-૧૫)

ઉપલું લખાણ, "આજનું પારસી કેલેંડર"નાં મથાળાં હેઠળ આગળ આવેલાં લખાણને લગભગ મળતું જ છે; અને તેમાં વધારવામાં આવેલા (હમોએ કાળા કરેલા) શબ્દો "એવણનો દરજ્જો અને કાબેલીયત જોઇ" અર્થસુચક છે.

ત્યારે શું આપણા સ્વતંત્ર અને "indefatiguable" મી. કકરીઆ એક દેશી વર્તમાનપત્રના અધીપતી આગળ લાઇલાજ થઇ ગયા? "દર ઇન ચે શક?" રૉયલ અશિઆટીક સોસાયટી સાથે "કટ્ટી કરીને" પરવારતા બેઠેલા આ લેખક આ પારસી પત્રના માલેકો સામે ચૅંચી કરે તો, મૃત્યુકના આ મહાભારત કોલમ "ઍડીટ" કરીને, બેહેશ્ત દોજખમાં હોહા કરાવવાની કીર્તિ (?) ખાટવાની ટક, અને પોતાના ઢોલકડાં વગાડવાનું બાકી રહેલું એક પુરૂં સાંધણ પણ જતું રહે; તેથી નાચારીએ, પોતાના પગ અફાળીને એવણને મુગું બેસવું પડેલું લાગે છે!

મી. કકરીઆએ કીધેલી તવારીખની "કચુંબર"નો એક વધુ દાખલો અત્રે આપવો જરૂરનો છે. મરહુમ દસ્તુર મેહેરજીરાણાને બક્ષેલી જાગીરનાં ૨૦૦ વીઘામાં ૧૦૦ વીઘાનો વધારો શાહનશાહ અકબરે એ દસ્તુરજીના ગાદીનશીન બેટા દસ્તુર કયકોબાદને કરી આપ્યો હતો, એ વાત મી. કકરીઆએ જગાડેલી તકશર દરમ્યાન એકસો અગીઆર વખત દોહરાઇ ગઇ છે; છતાં "જમે જમશેદ" ના મૃત્યુક

કાલમના આ સુધારક લખનારે, તેના તા. ૧૯-૮-૧૫ના અંકમાં લખ્યું છે કે " મરહુમ (દસ્તુર કયકોબાદ-મેહેરજી) ને દીલ્લીની દરબાર તરફથી ત્રણસો વીંઘા જમીન મળી હતી."

પણ સબર, ધીરજથી વિચાર કરતાં એવું અનુમાન થાય છે કે, આ કહેવાતી ભૂલ મી. કકરીઆએ જાણી જોઇને કરી છે; કારણ કે " પારસી પ્રકાશ " માં જણાવેલી અને ડાકટર જીવનજી મોદીનાં યાદગાર પુસ્તકમાં અસલ દસ્તાવેજથી પુરવાર થયલી આ બીના મી. કકરીઆ જો કબુલ રાખે, તો દસ્તુર મેહેરજીરાણાને મળેલી ૨૦૦ વીંઘાની અસલ જાગીરની વાત પોતે કબુલ રાખેલી ગણાય, તો પછી પોતેજ કરકર ભુસ થઇ જાય !

પણ હવે બસ. દસ્તુર મેહેરજી રાણાના અથવા તેવણના ખાનદા વાળાઓનાં સંબંધમાં " ઇનસાફ " અથવા અપક્ષપાત લખાણની આશા મી. કકરીઆ તરફથી રાખવી તે પથ્થર સાથે માથું ફોડવા બરોબર છે. (મરહૂમ દસ્તુર કયકોબાદનાં દેસાઇ-ગરાં સંબંધી મી. કકરીઆ જે લખે છે તેમી ખોટું જ છે, જે બીજે વખતે ઠેકાણે ખુલાસાવાર દેખાડી આપવામાં આવશે.)

[દસ્તુર-મેહેરજી-રાણાવાળી દંતકથા, જેની લેખીત નોંધ એ બનાવ પછી સુમારે ૧૮૫ વરસે લેવામાં આવી છે તે માનવાને મી. કકરીઆ સાફ ના પાડે છે, જ્યારે ફીરસે-એ-સંજાણમાં જણાવેલી ૮૦૦ થી ૯૦૦ વરસની ઘણીજ જૂની દંતકથાને તેવણ ઘણીજ ઉકમાઇથી વજન આપે છે, એટલું અત્રે નોંધી લેવું જરૂરનું છે.†]

ધહગામ—અકરાણી (ખાનદેશ), ખોરદાદસાલ, સને ૧૨૮૫ યઝદેજર્દી; તા. ૧૭ મી સપ્ટેમ્બર સને ૧૯૧૫ ઇસવી.

એર્વદ દારા સોહરાબ દસ્તુર શાપુર દસ્તુર-મેહેરજી-રાણા.

† મી. ફ્રે. બ. પેમાસ્ટરે ઇ. સ. ૧૯૧૫ માં પ્રગટ કરેલી "ફીરસે સંજાન" ના અંગ્રેજી દિબાચામાં મી. કકરીઆ લખે છે કે:—" It was composed eight or nine hundred years after our ancestors had settled is Sanjan, and therefore cannot have much historical authority for the events it narrates. • • • • But if there was no written history, there certainly was historical tradition about those early days handed down by word of mouth throughout all those centuries. And it is from this old tradition that was current in his own times that Bahman compiled this stoty. This tradition seems to have been embodied in a learned Dastur who related it to Bahman • • • • "

DASTUR MEHERJI RANA.

AND

THE EMPEROR AKBAR.

A complete collection of the controversy conducted in the press.

No. 1.

(The Times of India, 24th December 1892.)

In *Akbar's Dream*, a beautiful little poem which gives its name to his posthumous volume of verse, Tennyson has chosen for poetical treatment the very interesting subject of Akbar's religious opinions, whose originality and liberality mark out that great monarch from the whole host of the Mahomedan rulers of this country. It has been remarked by Gibbon that, though the title of "the Great" has been bestowed by history upon several rulers, yet in the case of Charlemagne alone has it been actually embodied in the name. But Akbar is another instance of this, for this name, by which Jelal-ud-Din Padshah is universally known, means "the greatest." And he was great not only by reason of his brilliant conquests and the military lustre which he shed on the throne of the Moghuls, nor even on account of his far-reaching political and financial reforms. What gave him his chief claim was a religious policy tolerant and enlightened beyond the prevailing conceptions of his time and people. In this respect he was in advance not only of the great Oriental conquerors and rulers, but of some renowned potentates of the West. It was but natural that the great but fanatic Mahmud of Ghazni should use his conquests as instruments for extirpating the "infidels;" and thus, though a greater general and conqueror, he stands on a lower pedestal than Akbar. Akbar's religious toleration and openmindedness might have put to shame the bigotry of such a monarch as Louis le Grand, who came on the scene one century later than Akbar. Perhaps

Parsees at the court of Akbar and Dastur Mehrjee Rana; Bombay, 1903. The Author, who presents many previously unpublished documents in both text and translation, proves conclusively that Akbar's partial conversion to Zoroastrianism was the work of the Dastur from Nausari, begun in 1572 and continued to 1578-9. He deals fully with the testimony of Badaoni (Lowe, p. 268) and other authors; refuting by an absolute demonstration the shallow criticism of R. P. Karkaria in 'Akbar and the Parsees' (*J. Bo. Br. R. A. S.*, 1896.). Dates render untenable Karkaria's view that the Parsee lore of Akbar was obtained from Ardeshir, a Persian scholar who was summoned to his court at Lahore. Ardeshir, who was sent by Shah Abbas the Great, came for the sole purpose of helping Mir Jamalu-d-din in the compilation of a dictionary of old Persian, which appeared in 1608-9, after Akbar's death, under the title *Farhang-i-Jahangiri*. His Indian labour extended from 1593 to 1597, many years after Akbar had absorbed all the Zoroastrianism which he was inclined to accept. Modi's conclusions are supported by ample documentary evidence. The essay in the same volume entitled 'Notes of Anquetil du Perron (1755-61) on King Akbar and Dastur Meherji Rana adds certain material and interesting details. For life of Mir Jamalu-d-din see *Ain*, vol. I, p. 456, No. 164. He attained the rank of 'Commander of 4,000' under Jahangir. The *Farhang* is described by Blochmann in J. A. S. B., part i, vol. XXXVII, A. S. (1868), pp. 12-15,65-9. Akbar took a lively interest in the work, which occupied the Mir for thirty years. It is of high value because it gives the explanation of ancient Zoroastrain words.

1. Other papers by Karkaria are— 'The Religion of Akbar' (As. Qu. Rev., January 1898); 'Akbar, his religious Policy' (Cal. Rev., January 1906); 'The Death of Akbar, a Tercentenary Study' (ibid., October 1905); and 'Akbar's Tomb at Secundra (ibid., January 1908). They are not of much value.


सत्यमेव जयते

દસ્તુર મહેરજી રાણા

અને

મોગલ શહેનશાહ અકબર.

એ તકરાર સંબંધી વર્તમાનપત્રો વિગેરેમાં આવેલાં લખાણોનો સંપુર્ણ સંગ્રહ.

ના૦ ૩૫.

જામે જમશેદ.

(તા૦ ૩ જી ડીસેમ્બર સને ૧૮૯૨)

ચીકાગોના પરદરશન વખતે ધરમ સંબંધી કૉન્ગ્રેસ અને એરવદ જીવણજી મોદી.

"આવતા સાલના એપરેલ માસમાં અમેરીકાનાં ચીકાગો શેહરમાં ભરાનારાં મોટાં પરદરશનને ટાંકણે જુદા જુદા ધરમોના પરતીનીધીઓની જે મોટી કૉનગરેસ મળનાર છે તે કૉનગરેસમાં જરથોસ્તી ધરમના એક પરતીનીધી તરીકે હાજર થવાને એરવદ જીવણજી જમશેદજી મોદીને થએલાં નોતરાંની વીગતથી વાંચનાર વાકેફ છે. એરવદ જીવણજીને એ કૉનગરેસમાં હાજર થવાની જોગવાઇ કરી આપવા માટે જોઇતી આશરે રૂપીઆ ૫૦૦૦ ની રકમ મેલવવાને જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડલી તરફથી હાલ નીચલું સરકયુલર જાહર પાડવામાં આવ્યું છે, અને એ સરકયુલરની રૂએ જે રકમ એ ફંડ માટે અમારી ઉપર મોકલવામાં આવશે તેની પોંહચ ખુશીથી અમારાં પતરમાં સવીકારી અમો ઘટતે ઠેકાણે પોંહચાડીશું. એ ધરમ સંબંધી કૉનગરેસમાં એરવદ જીવણજી મોદી એક યોગય જરથોસ્તી પરતીનીધી નીવડશે એમ સઘલાંઓ એક મતે ધારે છે. જરથોસતી દીનની ખોલ કરનારી મંડળીનો સરકયુલર નીચે મુજબ છે.—

"આવતા સાલમાં અમેરીકા ખાતે ચીકાગો શેહરમાં ભરવામાં આવનારાં દુન્યાનાં મોટાં પરદરશનને ટાંકણે જુદા જુદા ધરમોના પરતીનીધીઓ એક મોટી કૉનગરેસમાં મલનાર છે. જ્યાં તેઓ પોતાના ધરમની ખુબીઓ જાહેર કરશે, અને બીજા ધરમથી વાકેફ થશે. એ મીજલસમાં સામેલ થવાને અને તેનાં કામકાજમાં જાતે હાજર થાઇ ભાગ લેવાને અને ત્યાં જરથોસ્તી ધરમ બાબે એક રેસાલો વાંચવાને એ કૉનગરેસના પરમુખ તરફથી એરવદ જીવણજી જમશેદજી મોદીને ખાસ નોતરૂં આવ્યું છે. વળી તેવણને તે કૉનગરેસની

સલાહકાર મંડળી (advisory Council) ના એક સભાસદ નેમ્યા છે. એરવદ જીવનજીએ એ નોતરાં અને નેમનુંકનાં પતરો જરથોસ્તી દીનની ખોલ કરનારી મંડળી ઉપર મોકલી, જો મંડળી એ બાબે એવણને મદદ કરવાને પગલાં લેતો પોતે પારસીઓના પરતીનીધી તરીકે હાજર થવાને ખુશી બતાવી છે. તે ઉપરથી એ મંડળીએ ઠરાવ કરી અમો નીચે સહી કરનારાઓને (દસ્તુર જમાસપજી, મી. ખ. ફ. કામા તથા મુનસી એરવદ જમાસપજી દાદાચાનજી) એ બાબે ઘટતાં પગલાં ભરવાને સોંપ્યું છે. એરવદ જીવનજી એક વખતે સટોકહોમ ખાતે મલેલી ઓરીઅનતલ કોનગરેસમાં ભાગ લેઇ આવી જેમ મુસાફરીનો તેમ યુરોપીયન વીદવાનોની મીજલસોનો અનુભવ મેલવી આવ્યા છે. જે એવણને આએ નવાં કામ માટે લાયક દેખાડે છે. આપણા પારસીઓ હીંદુસ્તાન આવ્યા પછી આએ બીજી મીજલસ મલશે, જેમાં જુદા જુદા ધરમના પરતીનીધીઓ પોતાના ધરમના નીયમો સમજાવવાને ભેગા મલશે. પહેલી એવી મોટી મીજલસ અકબર બાદશાહના વખતમાં દીલ્હી શેહર ખાતે મળી હતી. જેમાં પારસીઓના પરતીનીધી તરીકે દસ્તુરજી મહેરજી રાણા બીરાજ્યા હતા. આ અમેરીકા ખાતેની મીજલસ એથી મોટા પાયા ઉપર મલસે અને તેમાં પારસીઓના એક પરતીનીધી પોતાના ધરમની ખુબી સમજાવવાને હાજર થાએ તેમાં પારસી ટોલાને માન છે. જ્યાં સરવે ધરમોના પરતીનીધીઓ હાજર થશે ત્યાં આપણા જરથોસતીઓના એક ધરમગુરૂ હાજર થવાથી આપણા ધરમને પરખયાતી મળશે અને તેની તવારીખમાં નોંધ રહી જશે. કારણ એવી મોતી મીજલસો જવલેજ મળે છે. એ મુસાફરીથી અને એવી ધરમ સંબંધી મોટી મીજલસમાં સામેલ થવાથી જે જ્ઞાન મળશે તેનો લાભ એરવદ જીવનજી પોતાના પાછા ફરવા પછી આપણને આપવાની ધારણા રાખે છે.

"એટલા માટે જરથોસ્તીઓને આ લખવાથી અરજ કરવામાં આવે છે કે તેઓએ આએ ભલાં કામમાં પોતાથી બનતી મદદ કરવી. આ મુસાફરીનો ખરચ આશરે રૂ. ૫૦૦૭ ધારવામાં આવે છે તે માટે જે સાહેબોએ મદદ કરવી હોય તે સાહેબોએ પોતાની રકમો ઉપલા ૩ સાહેબોમાંથી કોઇ પણ ધણી ઉપર મોકલવી.

તા, ૧ લી ડીસેમ્બર ૧૮૯૨.

(સહી) જમાશપજી દસ્તુર મીનોચેહરજી જમાસપ
આશાના ,, ખ. ફ. કામા
,, જમાસપજી એદલજી દાદાચાનજી.

ના૦ ૩૬.

મુંબઇ સમાચાર.

(તા૦ ૧૦ મી ઑગસ્ટ સને ૧૮૯૬)

"શાહનશાહ અકબર અને પારસીઓ" એ વીષયપર મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાએ ગઇ પરમ દીને આપેલું ભાષણ–પહેલા મેહેરજી રાણા દસ્તુર વીષે પારસીઓ વચ્ચે ચાલતી આવેલી વાતો નાપાયદાર છે એમ જણાવી તે માટે તેઓએ દેખાડેલાં કારણો.

"શાહનશાહ અકબર અને પારસીઓ" એ વીષયપર મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાએ, રાયલ એશીયાટીક સોસાયટીની મુંબઇવાળી શાખાની ગઇ પરમ દીને સાંજે મળેલી એક સભા આગળ, એક નીબંધ વાંચ્યો હતો. શાહનશાહ અકબરે દુનીઆના જુદા જુદા મુખય ધરમો વીષે ખુલાસો

મેળવવાનાં અને તે સઘળામાંથી સઘળું સારૂં વીણી કહાડી એક નવો ધરમ ઉભો કરવાની ઇચ્છાથી સઘળા ધરમવાળાઓને પોતાની દરબારમાં કેવી રીતે એકઠા કરયા હતા, અને ત્યાં કેવી રીતે તકરાર ચલાવવામાં આવતી હતી, તે વીષે શરૂઆતમાં તેઓએ કેટલોક ઉંસારો કરયો હતો. તે પછી વીષયની મુખય બાબતપર આવતાં તેઓએ જણાવ્યું કે,

મેહેરજી રાણા અને જગતગુરૂ વીષેનો કીસ્સો.

એ સઘળા ધરમોમાં એક ધરમ તેનાં ઘણાં પુરાતમપણાં અને તેનાં ખાલેસપણાંને લીધે, શાહનશાહની જાણમાં તે આવતાં, તેની ઉપર તેણે રાખેલા હેતુના સંબંધમાં ઘણી અસર કરયા વગર રહે એમ હતું જ નહીં. તે ધરમ પેગમબર જરથોશતનો સ્થાપેલો હતો, અને તે ધરમ પાળનારાઓને લાંબો વખત પોતાનાં વતનમાં જુલમાટ ખમયા પછી અકબરના રાજયના એક ખુણામાં આશ્રો લેવા જવાની ફરજ પડી હતી. એ ધરમ ઇતીહાસમાં મશહુર થયેલો હતો અને તેથી જુદી જુદી રીતે શાહનશાહનાં ધ્યાનપર તેના વીષેની ખબર આવેલી હોવી જોઇએ. "શાહનશાહ અકબર" વીષેનાં પોતાના પુસ્તકના પેહેલા ભાગમાં પાને ૨૧ મે કાઉંટ ડી નોયર લખે છે કે, "એ ધરમવાળાઓ સંખયામાં તથા રાજદવારી સ્થીતીની બાબતમાં ઘણા નીરજીવ હતા, છતાં તેમનાં ધરમ સંબંધી મત ૧૬ મી સદીની આખેરનેસુમારે હીંદુસ્તાનમાંના મોટા વીચારવંતો ઉપર ઘણી અસર કરી શકયાં હતાં." આ ધરમ વીષે વાકેફગારી મેળવવાને અકબરે શું કરયું હતું અને તેના તરફ તે કેવી વળણ ધરાવતો હતો, તે સવાલ આજે આપણે તપાસવાનો છે. એ ધરમ અને તેના કેટલાક મુખય કાનુનો વીષે તેણે ખબર મેળવી હતી તે ચોકસ છે. પણ તેથી તેનાપર કેટલે દરજજે અસર થઇ હતી, અને જે નવો ધરમ તેણે ઉભો કરયો હતો તેમાં તેણે કેટલે દરજજે તેનો ઉપયોગ કરયો હતો, તે અનીશ્ચીત છે. પારસીઓ વચે એક એવી કથા ચાલે છે કે, તેમના એક દસ્તુરને નવસારીથી અજમેઅ જેવા સંજોગો વચે અકબરની દરબારમાં બોલાવવામાં આવયા હતા, અને ત્યાં તેઓ પોતાના ધરમની ખુબી અને સચાઇ વીષે અકબરનાં મનપર એવો સરસ છાપ બેસાડી શકયા કે, તેઓએ તેને પારસી ધરમમાં વટલાવી સુદરેહ કુસ્તી પેહેરાવવાની નવજોતની ક્રીયા કરી હતી. આ દસ્તુરનું નામ મેહેરજી રાણા હતું, અને જે સંજોગો વચે તેમને અકબરની દરબારમાં બોલાવવામાં આવયા હતા તેનું વરણુન નીચે પ્રમાણેનું નવાઇ સરખું એ કથા સમજાવે છે. જાદુઇ વીદયામાં પ્રવીણ ગણાતા જગતગુરૂ નામે કોઇ હીંદુ બ્રાહમણે શાહનશાહની હજુરમાં એક ચમતકાર કરયો હતો. રૂપાંની એક થાળી હવામાં ઘણે ઉંચે આકાશ તરફ અધર લટકતી તેણે કરી, અને આકાશમાં જાણે બે સુરજ પ્રકાશતા હોય એવો દેખાવ થઇ રહયો. એટલું કરી અકબરની દરબારમાં ભેગા મળેલા જુદા જુદા ધરમવાળાઓને તેણે નોતરું કરયું કે જો તમારામાં હીમત હોય તો આ નવા સુરજને ઉતારી પાડી તમારા ધરમની ખુબી દેખાડી આપો. અલબતે અકબરે તેની માગણી પ્રમાણે અમલ કરી બતાવવા સઘળા એલચીઓને ફરમાવયું, પણ તેઓ પોતે તેમ કરી શકયા નહીં. આવું કાફરી કામ કરનારને નામોશીમાં મેલવાને અને તેની માગણી પ્રમાણે અમલ કરવાને શકતીવાન એવા કોઇ નરની શોધમાં તેટલા માટે તેઓ ઇતેજારીથી પડયા. તેમને જણાવવામાં આવયું કે નવસારીમાંના એક દસ્તુરને જો બોલાવવામાં આવે તો તેઓ એ

કામ કરી આપશે. તેમની સુચનાથી અકબરે તે દસ્તુરને બોલાવી મંગાવ્યા, અને તેઓએ ફતેહ મેળવી. માંદ્રવાની ભણીને તેઓએ પેલા હીંદુની જાદુઇ શકતી તોડી નાખી, અને પેલો બનાવટી સુરજ અકબરના પગ આગળ આવીને પડયો! અકબર તેથી બહુજ અજબ થયો. પેલા દસ્તુર તરફ તે સાનંદાશ્ચર્યથી જોવા લાગ્યો. તેઓએ પોતાના ધરમની સમજ તેને આપી અને તેની એટલીબધી ખાતરી થઇ કે તેણે પારસો ધરમ અખત્યાર કરયો! પારસીઓ વચે ચાલતો કથાનો આ સાર છે, ત્રણ સદી જેટલો વખત થયો તેમના વચે તે ચાલતી આવી છે, અને તે માટે તરેહવાર લખાણો કવિતામાં તથા સાધારણ ઇબારતમાં કરવામાં આવયાં છે. મેહેરજી રાણાની આ ફતેહ વીષેની કવીતાઓ ગુજરાતમાં તથા બીજી તરફ ફરતા ખયાલીઓ ગાય છે, પણ તે ખયાલીઓ પોતે પારસી નથી એમ કહેવું જોઇયે.

એ કથા નાપાયદાર ગણવાનું કારણ– કોઇ પણ ઇતીહાસમાં દસ્તુર મેહેરજી રાણાનું નામ મળતું નથી.

પણ હવે એ કથામાં કેટલી સચાઇ છે તે જોઇયે. ઘણીએ શોધ ચલાવવા છતાં તે વીષે કાંઇ પણ પુરાવો ઇતીહાસમાંથી મને મળતો નથી. આ શાહનશાહના અમલ વીશે લખાયલા સંખ્યાબંધ ઇતીહાસોમાંના કોઇમાં પણ તે બાબત બીલકુલ ઇશારો નથી; અને કહેવાની જરૂર નથી કે આવો અશકય નહી તો ઘણોજ અસંભવીત બનાવ જો બનયો હોત તો ચમતકારોનું વરણુન કરવા માટે સાધારણ રીતે ઘણો શોક ધરાવનારા લખનારા તે વીષે ઇશારોજ કરવાને નહી પણ વીગતે હકીકત જણાવવાને ચુકત નહીં. બદાઉનીએ પોતાના પુસ્તકમાં હીંદુ જોગીઓ અને મોહમેદન પીરોએ કરી બતાવેલા બીજા ઘણાક ચમતકારોનું વરણુન કરયું છે; દાખલા તરીકે ત્રાંબાના સીકાઓથી ભરેલા અનુપ તળાવ વીષે તેણે લખયું છે પણ આ બાબત તે બીલકુલ જણાવતો નથી. અકબરના અમલના ધરમ સંબંધી ઇતહાસ માટેની બીજી મોટી સતા દબીસ્તાનમાં પણ તે વીષે જણાવેલું નથી. અકબરના હુકમથી અબુલ ફાઝલે લખેલા સતાવાર ઇતીહાસ અકબર નામામાં કે નીઝામુદ્દીનવાળી તબકકાતે અકબરીમાં પણ તે જણાવેલું નથી. એટલું જ નહી પણ કોઇબી ઇતીહાસમાં દસ્તુર મેહેરજી રાણાનું નામ વટીક મળતું નથી.

પાછળથી ઉભો કરવામાં આવેલો જણાતો એક દસ્તાવેજ.

મેહેરજી રાણાના નવસારીમાં વસ્તા હમણાના વારેસો તરફથી મારા હાથમાં એક દસ્તાવેજ મેલવામાં આવયો છે. જેમાં ઊપર જણાવેલી કથાના ટેકામાં ઇતીહાસને લગતી કહેવાતી ચોકસ સતાઓનાં નામ આપવામાં આવયાં છે. એ કથાને લગતી સંપુરણ વીગત આપનારા ચોકસ ફકરા તેમાં ટાંકવામાં આવયા છે, અને તે અકબરના ત્રણ નામીચા તવારીખનવેસો બદાઉની, અબુલ ફાઝલ, અને તબકકાતે અકબરીના કરતાના લખાણોમાંના છે એમ જણાવવામાં આવે છે. પણ અજાયબીની વાત એ છે કે એ ત્રણેના ઇતીહાસમાંથી એજ ફકરાઓ મને મળતા નથી! બદાઉની તથા અબુલ ફાઝલના જે ઇતીહાસ બંગાલની એશીઆટીક સોસાયટીએ પ્રગટ કરયા છે, તેમાં એ ફકરાઓ બીલકુલ પણ દેખાતા નથી! મને એ નકલ આપનાર જણાવે છે કે, આગ્રા ખાતેની એ ઇતીહાસની નકલોમાં તે આપેલા છે, અને એક મોહમેદન મુનશીએ પારસીઓની જાણ માટે તેમાંથી તે ઉતારી મોકલયા

છે. પણ પેલા મુનશીએ પારસીઓને રાજી કરવાને ખાતર તે ઊભા કરયા હશે, એમ જણાવી તેને આપણે બાજુએ મેલશું. હાથનાં લખેલાં ફારસી પુસ્તકોના સંબંધમાં જાણીતી વાત છે કે તેમાં કોઈ બાબત અસલમાં નહીં હોવા છતાં કોઇ પણ રીતે તે મળી આવવાની ! ફારસી તવારીખનવેસો અને તેમના હાથની લખેલી નકલોનો અનુભવ ધરાવનારાઓ સેહેજમાં તે સમજી શકશે. તેમની નકલો પરથી નકલ ઉતારનારાઓ સ્વાર્થને ખાતર અંદર કેવાં ગાબડાં મારતાં આવયા છે તે વીષે સર હેનરી એલ્યટ જાતી અનુભવથી કેટલાક દાખલા આપે છે, અને તે બાબતમાં ઘણી સંભાળ રાખવા તે આપણને ચેતવે છે. તેના જણાવવા પ્રમાણે નકલ ઉતારનારાઓ તરેહવાર ભુલો કરવા ઉપરાંત પોતાની તરફથી કેટલીક વાર અંદર વધારા કરે છે અને વળી ડાહ્યા થઇને અસલ લખનારનું લખાણ સુધારે છે.

અકબરે ઇરાનથી બોલાવેલા દસ્તુર અરદેશર સીવાય બીજા કોઇ પારસીનું નામ અકબરના તવારીખનવેસો આપતા નથી.

અકબરના પારસીઓ સાથના સંબંધ વીષે ઇતીહાસમાં શું હકીકત મળે છે તે જોઇયે. જાણીતી વાત છે તેમ અબુલ ફાઝલે તો અકબરના ધરમ સંબંધી વીચારો વીષે માત્ર એકજ નાનો બાબ (પુસ્તક ૧ લું, અઇન ૭૭) લખયો છે. પોતાનાં આ મોટાં પુસ્તકમાં તે વીષે વીગતે તેણે લખયું નથી, કેમકે તે વીષે એક ખાસ પુસ્તક લખવાનો ઇરાદો તે રાખતો હતો. પણ તે ખાસ પુસ્તક તેણે લખયું નહીં હતું. અકબરના ધરમ સંબંધી વીચારોનો સંપુરણ હેવાલ અબદુલ કાદર બદાઉનીનાં મોટાં પુસ્તકમાં આપેલો છે. તેના આખાં પુસ્તકમાં પારસી ધરમ વીષે માત્ર નીચલો ફકરો મળે છે.

આતશ પરસ્તો પણ ગુજરાતમાંના નવસારી ગામથી આવયા હતા. તેઓ જણાવવા લાગયા કે જરથોસ્તનો ધરમજ સાચો છે, અને આતશની પરસ્તેશ બીજી કોઇ પણ પરસ્તેશ કરતાં વધારે ચહડતી તેઓ જણાવતા હતા. શાહનશાહનું ધયાન તેઓએ પણ પોતાની તરફ ખેચયું, અને તેને તેઓએ કયાનીઓના ધરમ સંબંધી કીયા કામો અને ફરમાનો શીખવયાં. સેવટે તેણે હુકમ આપયો કે પવીત્ર આતશને અબુલ ફાઝલને હસ્તક કરવો, અને ઇરાનના પાદશાહો પોતાની દરેમેહેરોમાં જેમ તેને હમેશ રોશન રાખતા તેમ તેને રાત દીવસ રોશન રાખવા અબુલ ફાઝલને તેણે ફરમાવયું, કેમકે ખોદાતાલાની તે એક નીશાન છે અને તેની પેદા કરેલી ઘણી રોશનીઓમાંની એક તે છે.

એશીઆના જુદા જુદા મજહબો અને ફીલસુફીઓ વીષે ખુલાસો આપનારી જાણીતી કેતાબ દબીસ્તાનનો લખનાર વધારે સંપુરણ અને વધારે વીગતે હેવાલ આપે છે. તે જણાવે છે કે,

એજ પ્રમાણે ગુજરાત જીલાનાં નવસારી ગામથી આવેલા આતશ પરસ્તો જરથોસ્તના ધરમની સચાઇ જાહેર કરવા લાગયા તથા આતશની પરસ્તેશ કરવાની તથા તેની વખાણ ગાવાની જરૂર સમજાવવા લાગયા. શાહનશાહે તેમને પોતાની હજુરમાં બોલાવયા અને તેમના દાના પુરૂષોની રીતભાત અને કીરતી વીષે તેમનાથી ખબર મેળવવાની ખુશી બતાવી. તેણે વળી ઇરાનથી આવવા જવાનો ખરચ આપીને અરદેશીર નામે એક જરથોસ્તીને બોલાવી મંગાવયો; દાનાવ શેખ અબુલ ફાઝલની સંભાળ હેઠળ પવીત્ર આતશ તેણે રખાવયો. અને હુકમ કરયો કે મોબેદોના કાનુન પ્રમાણે તથા અજેમના પાદશાહોના આતશ

કદેહામાં જે રીતે હુંમેશાં તે રાખવામાં આવતો તે રીતે રાત અને દીવસ માહેલાં દીવાનખાનામાં તેને રોશન રાખવાનો હુકમ આપ્યો. વળી કીરમાનથી કેટલાક આતશ-પરસ્તોને બોલાવી મંગાવી જરથોશતના ધરમના ભેદો વીષે તેમને તેણે સવાલો પુછ્યા હતા; અને યજદાનયન તથા આબાદાનયન ટોળાના વડા આઝર કયવાનપર કાગજ લખી હીંદુસ્તાન આવવાનું નોતરૂં તેણે મોકલ્યું. આઝર કયવાને તેના જવાબમાં પોતાથી આવી નહી શકાવા માટે માફી ચાહી પણ બોદાતાલા, અકલ, આતમા, આકાશ, સેતારા, અને તતવો વીષે તેમજ પાદશાહને નશીઅત આપનારૂં પોતાનું તઇયાર કરેલું એક લખાણ મોકલાવી આપ્યું.

ઇરાનવાળા દસ્તુર અરદેશીરેજ અકબરને પારસી ધરમ શીખવ્યો હતો–નવસારી-માં તો ત્રણ સદીની વાતપર ધરમ સંબંધી સઘળું અંધારૂં હતું.

આ ઉપરથી ખુલું દેખાય છે કે, કીર-માનવાળા દસ્તુર અરદેશરે અકબરને પારસી ધરમ તરફ ખેંચવામાં આગેવાન ભાગ લીધો હતો. અકબરની દરબારમાં ભેગા મળેલા જુદા જુદા ધરમો અને ફીલસુફી-ઓના પંથને લગતાઓ વચે ઘણી બાહોશી સાથે તકરાર ચલાવવામાં આવતી હતી, અને તે તકરારના જે નમુના દબીસ્તાનમાં આપ્યા છે તે ઉપરથી વીચાર કરતાં માલમ પડે છે, કે તે કરનારાઓ કાબેલ હોવા જોઈયે. તકરારમાં ભાગ લેનાર જરથોશતીએ જે દલીલો તે વખતે રજુ કરી હતી તે ઉપ-રથી તે ઘણો બાહોશ અને ભણેલો માલમ પડે છે, અને હું નહીં ધારતો કે ગુજરાતનાં એક ખુણામાંનો એક પારસી દસ્તુર તેવી ચાલાકી અને વીદવતા સાથે તે રજુ કરી શકયો હોય. તે તકરાર કરનારે બીજા ધર-મોનું તથા ઇતીહાસ અને ફીલસુફીનું સા-માનય જ્ઞાન એટલું બધું દેખાડ્યું છે કે તેનું જ્ઞાન નવસારીના એક દસ્તુર પાસે મેળવ-વાની આશા રાખવી ફોકટ છે. બીજા હાથ પર એક વીદવાન જરથોશતી દસ્તુર તરીકે અરદેશીર જાણીતા થયલા હતા. અને તેમને એટલી મોટી અગત ધરાવનારા સમજવામાં આવ્યા હતા કે છેક ઇરાનના કીરમાન શે-હેરથી તેમને બોલાવવામાં આવ્યા હતા, અને તેમની મુસાફરીનો ખરચ અકબરે મોકલી આપ્યો હતો તેની પણ નોંધ લે-વામા આવી છે. બીજી પણ એક સંજોગ આ બાબતના સંબંધમાં અગતનો છે. મેહેરજીરાણા મોગલ દરબારમાં જે વખતે ગયલા ધારવામાં આવે છે, તે પછી કેટલેક વરસે અરદેશીરને બોલાવવામાં આવ્યા હતા. તે ઉપરથી દેખાય છે કે નવસારીના જે આતશપરસતો વીષે બદાઉની લખે છે તેમનાથી અકબરને સંતોષ મળ્યો નહીં હતો, અને તેઓ ઝાઝું શીખવી શકે એમ નથી તે જોઇ વધારે દુર નજર પોંહોંચાડ-વાની અને કીરમાનથી અરદેશીર તથા બીજા પારસીઓને બોલાવવાની જરૂર તેણે વીચારી હતી. મેહેરજી રાણા અકબરની દર-બારમાં ગયા હશે, કેમકે તેમનાં કુટુંબ પાસે મોગલ દરબાર તરફથી મળેલી ૩૦૦ એકર જેટલી જમીન છે, અને એમ કહે છે કે મેહેરજી દીલીથી ઉપડ્યા તે વખતે તે તેમને અકબરે આપી હતી. પણ શાહનશાહની હજુરમાં ચલાવવામાં આવેલી ધરમ તથા ફીલસુફીને લગતી તકરારોમાં તેઓએ કોણ મોટો ભાગ લીધો હતો એમ કહી શકાશે નહીં. ત્રણ સદીની વાત ઉપર ખુદ નવસા-રીમાં ધરમ સંબંધી અંધારૂં ફરી વળેલું હતું એટલે ત્યાંવાળાઓ દીલીમાં અજવાળું પાડવા જાય એમ ધારી શકાય નહીં. અકબરે પોતાની જીજ્ઞાસાથી ગુજરાતથી બબરો મેળવવાને પારસીઓને બોલાવ્યા હશે,

પણ તેમની પાસે ઝાઝું મેળવી નહી શકાશે એમ જોઇ ઇરાનથી બીજાઓને બોલાવી મંગાવવાની ફરજ તેને પડી હતી. વાજબી અનુમાન એજ ઠાહાડી શકાય.

ના૦ ૩૭.

મુંબઇ સમાચાર.

(તા૦ ૧૧ મી ઑગસ્ટ સને ૧૮૬૬.)

ખુરશેદને બોદાતાલાના કીબલેહ તરીકે ગણવાનો વીચાર જેમ પારસીઓ તેમ હીંદુઓ પાસે પણ અકબરે મેળવ્યો હતો.

પારસી ધરમે અકબરપર કેવી અસર કરી હતી તે હવે આપણે જોઇએ. તેણે તેનો ઉંડો અભ્યાસ કરેલો હતો, અને તેનાપર તેથી અસર થઇ હતી, તે તો ખુલ્લું છે. પણ જુદા જુદા ધરમોમાંથી સારૂં વીણી કાહડીને તેણે પોતાનો નવો ઇલાહી ધરમ સ્થાપ્યો, ત્યારે પારસી ધરમમાંથી તેણે કેટલા ભાગનો ઉપયોગ કરેલો હતો ? બીજી તરફ જે દેખાડયું છે તેમ પ્રથમમાં અકબરે તદ્દન ખાલેસ અને સાદો એક ઇશ્વરી ધરમ ઠાંઇ પણ કીયાઓ કે કીબલેહ વગરનો સ્થાપ્યો હતો. પણ ભીતરના વીચારો બાહાર પાડવા માટે નજરે જોઇ શકાય એવા કીબલેહની જરૂર છે એમ તેને લાગ્યું, ત્યારે બોદાતાલાનાં મોટા દેખીતા કીબલેહ તરીકે સુરજને તેણે પસંદ કરેલો હતો કવી ટેનીસન અકબરના મોહોડામાં શબ્દો મેલે છે તેમ,

Let the Sun
Who heats our Earth to yield us grain and fruit.
And laughs upon thy field as well as mine,
And warms the blood of Shiah and Sunnee
Symbol the Eternal!

અર્થ—આપણને અનાજ તથા મેવો પુરો પાડવા માટે જમીનને ગરમી આપનાર, તારાં અને મારાં ખેતરને ખુશનુમા બનાવનાર, શીઆ તેમજ સુંનીને તનદરોસ્ત બનાવનાર ખુરશેદને તે હમેશાગીના સાહેબનો કીબલેહ થવા દેવો !

એમ તેણે ઠરાવ્યું હતું. સુરજને માટેની માનભરેલી આ લાગણી પારસી ધરમે તેનામાં ઉતપન કરેલી કહી શકાય; કેમકે આ જાણીતી વાત છે કે, હમેશાગીના સાહેબના મોટા કીબલેહ તરીકે સુરજને લેખી તેને એ ધરમ માન આપે છે. ફાધર હાતરૂ પોતાનાં નામીચાં પુસ્તકમાં લગાર ભેદ ભરેલી રીતે લખે છે કે, " પારકા ધરમવાળા પાસેથી સુરજની ભકતી કરવાની રીત તેણે અખત્યાર કરી હતી; અને તે પ્રમાણે દીવસમાં ત્રણ વખત સુરજ ઉગે તે વખતે, મધ્યાન બપોરે, અને સુરજ અસ્ત પામે તે વખતે તે ચાલતો હતો. " સુરજની ભકતી કરવા તરફ હીંદુ ધરમે પણ તેને વળણ આપી હતી. બદાઉની એમ જણાવે છે કે, બીરબલ તેને એ વળણ ઉપર લઇ ગયો હતો. તે કહે છે કે, " ફીઆનતી બીરબલે શાહનશાહને સમજાવવાની કોશેશ કરી કે, સુરજ સઘળાંને રોશની આપે છે તથા તમામ અનાજ, મેવા તથા જમીનની ઉતપતીઓને પાકપર લાવે છે, તથા માણસની જીંદગીને તકવીઅત આપે છે. માટે રોશનીના એ ગોળાની ભકતી કરવી તથા તેની વખાણ ગાવી જોઇયે; ઉગતા સુરજ તરફ અને નહીં કે આથમતા સુરજ (એટલે મહોમેદનોની માફક મકા) તરફ યાને પશ્ચીમ દીશા તરફ મોહોડું કરવું; માણસે આતશ, પાણી, પથર અને ઝાડોને તથા સઘળી કુદરતી ચીજો, ગાય અને છાણ વટીકને માન આપવું; માથે ચાંદલો કરવો, અને બ્રાહમણોની માફક જનોઇ પેહેરવી. દરબારમાંના

કેટલાક દાનાવ પુરૂષો તેને ટેકો આપી કહેવા લાગ્યા કે સુરજ દુનીઆની 'વધાર મોટી રોશની છે;' દુનીઆના રહેવાસીઓને સુખ આપનાર, તથા રાજાઓનો મુરબ્બી તે છે; રાજાઓ તેના સુબા જેવા છે. 'નવરોઝે જલાલી' ને દીવસે એજ કારણથી સુરજની ભક્તી કરવામાં આવતી હતી, અને એજ કારણથી પોતે રાજ્યાભીષેક થવાના વારસીઠ દીવસનો તહેવાર એજ દીવસે પાળવા તેણે ઠરાવ્યું હતું." આ પ્રમાણે બીજી બાબતોની માફક આ બાબતમાં પણ કેટલીક ચીજો અકબરે સાથે મેળવી દીધી હતી. સુરજને વિષે અકબર કેવા વીચાર ધરાવતો હતો તે ટેનીસનની તે વીષેની કવીતા અછી રીતે સમજાવે છે, અને તે અહીં ઉતારી લઇ શકાશે.

I

Once again thou flamest heavenward, once again we see thee rise.

Every morning is thy birthday gladdening human hearts and eyes,

Every morning here we greet it, bowing lowly down before thee,

Thee the Godlike, thee the changeless, in thine ever-changing skies.

II

Shadow-maker, shadow-slayer, arrowing light from clime to clime,

Hear thy myriad laureates hail thee monarch in their woodland rhyme.

Warble bird, and open flower, and men, below the dense of azure

Kneel adoring Him the Timeless, the flame that measures Time !

૧.

ફરી એકવાર આકાશ તરફ તું પ્રકાશે છે, ફરી એકવાર તને ઉગતો અમો જોઇએ છીયે. દરેક સવાર તારી વરસગાંઠ છે અને ઇનસાનના જીગર તથા આંખો તેથી ખુશ થાય છે; દર સવારે તારી સન-મુખ નમનતાઇથી નમીને તને અમો આવ-કાર દઇયે છીયે, તું જે બેહદના જેવો છે, અને હમેશ જુદું રૂપ લેતાં રહેતાં તારાં આકાશમાં તું અચળ રહે છે.

૨.

તું બેળો ઉતપ'ન કરનાર તેમ અ'ધ-કારને તોડનાર છે, અને દેશ પ્રદેશ રોશ-નીનાં કીરણો તીરની માફક તું ફેંકતો રહે છે. તારી વખાણ ગાનારા જે હજારો કવીઓ તને કુદરતની બળીહારીને લગતી પોતાની કવીતાઓમાં પાદશાહ તરીકે સ્વીકારે છે. તેઓ તરફથી થતી તારી વખાણ તું સાંભળ. ઓ પક્ષીઓ તમો ગાવો, પુલો તમો બીલો, અને માનવીઓ તમો બલુ રંગના આસમાન હેઠળ ઘુંટણભંડયે પડી વખતનાં સંબંધમાં કાંઇ પણ હદ નહીં ધરાવનારને, વખતનું માપ આપનાર રોશનીને વખાણો. **આતશની આરાધના અને તેને કીબ્લેહ ગણવાનો વીચાર પારસીઓ તેમજ હીંદુ ઓ પાસેથી અકબરે મેળવ્યો હતો.**

આતશની આરાધના કરવાનો વીચાર પણ તેણે પારસી ધરમમાંથી લીધેલો કહી શકાય. પવીત્ર આતશની જતન કરવા, તેને જાથુકનો બોરાક આપવા, અને ઇરાની-ઓના આતશકદેહોમાં રાખવામાં આવે છે તેમ તેને જાથુક રોશન રાખવા, અબુલ ફાઝલને તેણે હુકમ આપ્યો હતો તે આપણે જોયું છે. પણ હીંદુઓ પણ આતશની એક જાતની પુંજા કરે છે અને તેમનાથી પણ આતશની આરાધનાની બાબતમાં તેનાપર અસર થયલી હોવી જોઇયે. બદાઉની જ-ણાવે છે કે, " નાની વયથી શાહનશાહે પોતાની રાણીઓનાં માનને ખાતર પોતાનાં જનાનખાનામાં હોમ બાળવાની ક્રીયા ચાલુ રખાવી હતી. એ રાણીઓ હીંદુ રાજાઓની

દીકરીઓ થતી હતી, અને એ ક્રીયા સુરજની પુજાને લગતી ક્રીયામાંથી નીકળેલી છે.” બદ્દાઉનીનાં પુસ્તકનો તરજુમો કરનાર વીદ્વાન મી૰ ડબલ્યુ. એચ. લોએ આ હોમને માટે નોંધ કરી છે કે, તે “સોમના રસને બદલે પારસીઓ તરફથી વાપરવામાં આવતી ચોકસ ઝાડની ડાંખળી છે.” પણ હું ધારૂં છું કે તેમાં તે ભુલ કરે છે, અને બદ્દાકમેન જણાવે છે તેજ ખરૂં છે કે, એ તો એક પ્રકારની આતશની પુંજા છે, અને તેને પારસીઓની હોમ ગાળવાની ક્રીયા સાથે કશો સંબંધ નથી. સુરજની ભક્તી માફક આતશની ભક્તી કરવાનો વીચાર પણ અકબરે થોડો પારસી ધરમમાંથી અને થોડો હીંદુઓ પાસે મેળવ્યો હતો. આતશને પવીત્રાઈથી અને જતનથી રોશન રાખવાને તેણે આપેલો હુકમ અલબતાં જરથોશતીઓના વીચારને મળતો છે, કેમકે તેવી રીતે તેને હંમેશા રોશન રાખવાનો ચાલ એકલો તેમનામાંજ ચાલે છે. હીંદુઓ અગની દેવને બળીદાન આપે છે, પણ તેને સ્વચ્છ તથા હંમેશ રોશન રાખવાને પારસીઓ જેવી કાળજી તેઓ ધરાવતા નથી.

વરસની ગણતરી અને રચનાની ગોઠવણ પારસીઓના જેવી તેણે કરી હતી

જે બીજા સવાલની બાબતમાં અકબર પારસીઓના સમાગમમાં આવ્યો હતો, અને જે સવાલના સંબંધમાં પારસીઓએ તેનાપર અસર કરી હતી, તે પંચાગને લગતો હતો. મહોમેદન ધરમને લગતા જે વીચારો અને ક્રીયાઓ તેને અણુગમતાં લાગતાં હતાં, તે તજી દેવાની તેણે બનતી કોશેશ કરી હતી. એવા વીચારો અને ક્રીયાઓમાં એક મુખ્ય મહોમેદનોનું ચાંદરાતી વરસ સંબંધી હતી. એ પંચાગ આખાં હીંદુસ્તાનમાં લાંબા વખતથી ચાલતું આવ્યું હતું. તેણે તે બદલી નાખ્યું અને તેને બદલે સુરજની ચાલનાં વરસનું પારસી પંચાગ ચાલું કરી પારસીઓની રીત પ્રમાણે મહીનાઓને ફરવરદીન, અરદીબેહેશત, વગેરે તથા દીવસોને હોરમજદ, બહમન, ઇત્યાદી નામ તેણે આપ્યાં હતાં. સને પણ તેણે ફેરવી નાખ્યો, અને ઠરાવ્યું કે; અસલી ઇરાની પાદશાહોમાં ચાલતું હતું તેમ તે ગાદીએ આવ્યો ત્યારથી નવો સને ચાલુ કરવો. આઇને અકબરી (પુસ્તક ૩ જું, દીબાચો) પ્રમાણે અકબરે ચાલતો આવેલો સને ફેરવી નાખી પારસીઓની રીત પ્રમાણે પોતાનો ઇલાહી સને, હીજરી સને ૯૯૨ અથવા ઇ. સ. ૧૫૮૪, માં ચાલુ કર્યો હતો. (જુઓ જરેતનો તરજુમો, પુસ્તક ૨ જું, પાનું ૧ અને ૩૧.)

પારસી જસનોને અકબરે પોતાના નવા ધર્મના એક ભાગ તરીકે ઠરાવ્યાં હતાં.

પારસીઓનાં ચઉદ પવીત્ર જશનો પણ તેણે પોતાના ધર્મમાં દાખલ કરવાં હતાં. પારસીઓ જે દીવસે રોજ અને મહીનાનું નામ એક આવે છે તે દીવસે જસન કરે છે, અને તે રેવાજ તેણે પણ સ્વીકર્યો હતો. દાખલા તરીકે તેનાં ઇલાહી વરસના પેહેલા મહીના અને તેના ૧૯ માં દીવસનું નામ ફરવરદીન છે, અને તેથી એ દીવસને તે તહેવાર ગણતો. એજ ઠારણે માહ અરદી બેહેશતના ત્રીજા રોજે માહ ખોરદાદના છઠા રોજે, માહ તીરના તેરમાં રોજે, માહ અમરદાદના સાતમા રોજે, માહ શેહેરીવરના ચોથા રોજે, માહ મેહેરના સોલમા રોજે, માહ આબાનના દશમા રોજે, માહ આદરના નવમા રોજે, માહ દેના આઠમા પંદરમા અને તેવીસમા રોજે, માહ બહમનના બીજા રોજે, અને માહ અસ્પનદારમદના

પાંચમા રોજે તેણે જસન ઠરાવ્યાં હતાં. (જોવો ક્રાઉંટ ડી નોયરનું પુસ્તક ભાગ ૨ જો, પાનું ૨૬૮, આઇને અકબરીનો બલાકમેનનો તરજુમો ભાગ ૧ લો પાનું ૨૭૬; અને દબિસ્તાન, પાનું ૯૯.) અબુલ ફાઝલ જણાવે છે કે, "જમશેદ પાદશાહે સ્થાપેલાં તથા પારસી ધરમગુરૂઓનાં જસનો વીશે નામદાર શાહનશાહને ખબર આપવામાં આવી, ત્યારે તેણે તે સ્વીકારયાં અને તે જસનોના દીવસોને પોતાની તરફથી નવાજેશ કરવા માટે તેણે મુકરર કર્યા." એમાંનો સર્વથી મોટો દીવસ નવરોઝ અથવા નવાં વરસના તેહેવારને લગતો હતો. મેશ રાશીમાં સુરજ દાખલ થતાં એ તેહેવાર શુરૂ થતો અને તેની ધામધુમ એગણીસમાં દીવસ ફરવરદીન સુધી ચાલુ રહેતી. પણ આ નવો સને અને નવું પારસી પંચાંગ, અકબરના ઘણાખરા સુધારાઓની માફક, ઔરંગઝેબે પોતાના અમલનાં બીજાંજ વરસમાં રદ કર્યું હતું.

ના૦ ૩૮.

જામે જમશેદ.

(તા૦ ૧૧ મી ઑગસ્ટ સને ૧૮૬૬.)

શેહેનશાહ અકબર અને પારસીઓ.

મી૦ રૂસતમજી પેસતનજી કરકરયાએ ગયા સનીવારે સાંજના રોયલ એશીયાટીક સોસાયટીની મુંબઇની શાખા સનમુખ, ટાઉન હોલમાં આવેલાં તેનાં દીવાનખાનામાં, શેહેનશાહ અકબર અને પારસીઓ" એ બાબદ ઉપર એક વીશય વાંચયો હતો, જેનો અગતનો સાર અમો નીચે રજુ કરયે છીયેઃ—

બધા ધરમોમાં માણસજાતને સઉથી સરસ રીતે અનુકુલ પડે એવો ધરમ કયો તે શોધી કાઢવાની નેમથી અકબરે તપાસ ચલાવવા માંડી હતી. તેણે ઠરાવ કરયો હતો કે, જુના ધરમોમાંથી કોઇપણ એક ધરમ બધી વાતે મન માનતો નહી જણાય; તો પછી બધા ધરમોની મુળ ખુબીઓમાંથી સરસ ચીજો ચુંટી કાઢીને તે ભેગી કરી એક નવો ધરમ સથાપવો. આ નેમ પાર પાડવા માટે તેણે ઘણાક ધરમોના પ્રતીનીધીઓને પોતાની દરબારમાં ભેગા કરી તેઓ સાથે મસલત ચલાવવા માંડી. એ મસલત માટેની સભાઓ ભેગી કરવા ખાતર એક ખાસ મેહેલ તેણે ફતેહપુર સીખરી ખાતે બંધાવયો હતો, જે મેહેલ ઇબાદતખાનાને નામે ઓળખાતો હતો અને તયાં મળતી સભાઓમાં તે પોતે પ્રમુખ તરીકે બીરાજતો હતો. ઇસલામી ધરમગુરૂઓને આ બાબદની તકરાર ચલાવવાનું કામ બીલકુલ પસંદ ન હતુ અને પારકા ધરમવાળાઓને સેહેજથી વજન મળે તે તેમને મનથી બહુ ખોટું હતું. તેઓ તકરારો કરતાં ઉસકેરાઇ જતા હતા અને તેથી વારંવાર સભામાં ગડબડ અને ફીસાદ મચી રહેતાં હતાં, જેવે સમયે ઉસકેરાયલા આસામીઓને ઠંડા પાડવા ખાતર સભા મુલતવી રાખવામાં આવતી હતી. ઝનુની મુલ્લાંઓ પ્રમુખ તરીકે બીરાજેલા શહેનશાહની હાજરીની વટીક દરકાર કરતા નહીં હતા અને અકબરના મુખ્ય અને માનીતા સલાહકારો અબુલફઝલ, ફૈઝી અને બીરબલને તેઓ તાના મારતા હતા કે, આ બધી ખટપટ તેઓએ જગાડી છે અને નવા નવા ધરમોનાં વેગાં મારવાને તેઓએ બાદશાહને ઉસકેરયો છે. એકવાર એક મુલ્લાંએ ખુલ્લી રીતે બીરબલને ગાળો દઇ કહ્યું કે, "એ કમબખત કુફર, આવી આવી વાતો કરવાની તું કેમ હીમત કરે છે ! હું એક પળમાં તારો આંકો લાવી નાખીશ." આ ચાલ માટે તેને તેમજ એ તકે તેની સાથનાઓનેબી ઠપકો આપવા

માટે બાદશાહે કહ્યું કે, "તમારાં મોં ઉપર એક બાસડુ ભરીને નરક નાખવું જોઇએ." હીંદુ ધરમગુરૂઓ પોતાના ધરમ વીશે સભામાં સમજ આપતા હતા તે બાદશાહ ધીરજથી ધ્યાન દઇને સાંભળતો હતો અને તેમની તકરારોને ટેકો વટીક આપતો હતો. હીંદુ ધરમગુરૂઓની વાતો જાહેરમાં સાંભળવા ઉપરાંત બાદશાહ તેમને ખાનગી રીતે પોતાના મેહેલમાં તેડીનેબી તેમની સલાહ સુચના ઉપર ધ્યાન પુગાડતો હતો. તવારીખકરતા બદાવની કહે છે કે, "બાદશાહ પોતે પોતાના મેહેલની અગાસી ઉપર સુતો હતો અને તે વખતે દેબી નામે બ્રાહ્મણને એક ચારપાઇ ઉપર બેસાડીને મહેલની નીચેથી બાદશાહની સુવાની અગાસી સુધી ખેંચી લેવામાં આવતો હતો અને દેબી અગાસી આગળ હવામાં અધર લટકતી હાલતમાં બાદશાહને હીંદુ ધરમ તથા ફીલસુફીઓ સમજાવતો હતો." બાદશાહ અકબરની ઘણીક રાણીઓ રજપુત જાતની હતી, તોડરમલ, બીરબલ વગેરે જેવા તેના મુખ્ય પ્રધાનો અને સરદારો જાતે હીંદુ હતા. બાદશાહે તરેહવાર સંસકરત સાહીતય તથા ફીલસુફીઓના ફારસી તરજુમા કરાવયા હતા એ સરવે કારણોને લીધે હીંદુઓ તરફ તેમની દીલસોજી ઝાઝી હતી બુધ ધરમ વીશેબી બાદશાહે કાંઇક જ્ઞાન મેળવ્યું હતું. મેક્ષમુલર કહે છે કે, અબુલ ફઝલે બાદશાહ તરફથી બુધ ધરમને લગતી માહીતી મેળવવાને તજવીજ કરી હતી. પણ તેને એ બાબતમાં કોઇની મદદ મળી શકી નહી. પણ તવારીખકરતા બદાવની કહે છે કે, " બ્રાહ્મણો ઉપરાંત સમાનસોને બી બાદશાહ પોતાની મુલાકાતે તેડી તેઓ સાથે વાદવીવાદ કરતો હતો. " આ સમાનસ બોલ ખરી રીતે " શ્રમાનસ " છે, જે નામે બુધ ધરમ પાળનારા જોગીઓ ઓળખાય છે. મુસલમાન, હીંદુ તથા બુધ ધરમના ઉપાધયાઓ ઉપરાંત ખ્રીસતી ધરમના પ્રતીનીધીઓનેબી પોતાની દરબારમાં બાદશાહે તેડાવયા હતા. તેણે ગોઆના પોરટુગીઝ સતાવાળાઓને લખીને અરજ કરી હતી કે, થોડાક ખ્રીસતી મીશનરીઓ દીલ્હી ખાતે મોકલી આપવા. ગોઆના સતાવાળાઓએ કેટલાક બહુ ધરમી પાદરીઓને બાદશાહ પાસે મોકલી આપયા હતા. કેટલાક મુસલમાન લખનારાઓ જણાવે છે કે બાદશાહ ખ્રીસતી ધરમથીબી ખુશ થઇ ગયો હતો અને એ ધરમનો ફેલાવો કરવાની આશામાં પોતાના ગાદીવારસ શાહજાદાને થોડીક ખ્રીસતી ધરમની તાલીમ આપી હતી તથા અબુલફઝલ પાસે બાઇબલનો તરજુમો કરાવ્યો હતો. પણ અકબરના ધરમ સંબંધી સુધારાના વીચારોને ઘણી વાતે અનુકુલ પડતો આવે એવો ધરમ જરથોસતી હતો. અકબરે એ ધરમની મુખ્ય ખુબીઓ વીશે જ્ઞાન મેળવ્યું હતું, એટલું તો નકી છે, પણ તેણે એ ધરમનો અભ્યાસ કેટલી હદ સુધી કરયો હતો, તે ચોકસ કહી શકાતું નથી.

પારસીઓમાં એવી દંતકથા ચાલે છે કે દસતુર મેહેરજી રાણાએ નવસારીથી દીલ્હી જઇને જરથોસતી ધરમની સચાઇ વીશે બાદશાહની એટલી બધી ખાતરી કરી આપી હતી, કે જેથી બાદશાહે જાહેર રીતે સુદરેહ કુસતી પહેરયાં હતાં. આ કથામાં જણાવવામાં આવે છે કે, જગતગુરૂ નામે એક બહુ કાબેલ હીંદુ જાદુગરે આકાશમાં પોતાના હુનરને જોરે એક રૂપાની થાળી ચઢાવી દીધી, જે થાળી જાણે બીજો સુરજ હોય એવી રીતે પ્રકાશતી હતી. આ થાળી પાછી જમીન ઉપર નીચે ઉતારી આપવાને તેણે સરવે ધરમવાળાઓને ચેલેંજ કરી. બાદશાહે ઇસલામી ધરમગુરૂઓને કહયું

કે, તેઓએ આ કામ બજાવી પોતાની સચાઈ દેખાડવી. પણ તેઓ તેમ કરી શકયા નહી. આથી તેઓ ઘણા ગભરાટમાં પડી ગયા. તેવામાં તેમને ખબર મળી કે, નવસારીવાળા દસતુર મેહેરજીરાણા એ કામ બજાવી શકશે. આથી તેઓએ બાદશાહને સલાહ આપી કે, મહેરજીરાણાને તેડાવવા. બાદશાહે તરત તેમને તેડાવયા અને તેવણે મેહેજવારમાં બંદગી કરીને જગતગુરૂની બાદુઇ એવી સફાઇથી તોડી નાખી કે આકાશમાં સુરજનું રૂપ લઇને ચઢી બેઠેલી પેલી થાળી ઉતરીને બાદશાહના પગ પાસે આવી પડી. સરવે કોઇ મેહેરજીરાણાના પ્રતાપ જોઇ હેરત પામયા અને બાદશાહે ખુશીથી જરથોસતી ધરમ સ્વીકારયો. આ કથા આજ સુધી પારસીઓમાં ચાલે છે અને મેહેરજી રાણાનાં વખાણમાં તરેહવાર બયાલો, કવીતાઓ વગેરે ગુજરાતમાં ઘણી તરફ ગવાય છે. એ બયાલો પારસીઓ નહી પણ બીજી જાતવાળાઓએ જોડયા હતા. પણ આ કથાની સચાઇ વીશે અથાગ મહેનત લેવા છતાં મને તવારીખમાંથી કશોબી પુરાવો મળયો નથી. અકબરના અમલની તવારીખના સંબંધવાળા પુસ્તકોમાંથી એકબી પુસતકમાં આ કથાના બનાવ વીશે સેજબી ઇસારો નથી. દબીસતાન, અકબરનામા, તબાકતે અકબરી, વગેરે કોઇબી પુસ્તકમાં એ કથા વીશે કાંઇ લખ્યું નથી. બદાવની પોતાની તવારીખમાં જોગીઓના ચમતકારો વગેરેની તરેહવાર વાતો લખી ગયો છે, પણ આ નવાઇ સરખા બનાવ વીશે તે કાંઇ લખતો નથી.

અબુલ ફઝલના તવારીખના પુસતકમાં પારસીઓ વીશે માત્ર નીચલો ફકરો જોવામાં આવે છેઃ—" નવસારીથી આતશપરસ્તોબી આવયા હતા. જેઓ જણાવતા હતા કે, જરથોસતી ધરમ સાચો છે. અને આતશને માન આપવું, એજ બંદગી કરવાની સઉથી સરસ રીત છે. તેઓબી બાદશાહની મેહેરબાની મેળવી શકયા હતા અને તેવણે અસલી ઇરાની બાદશાહો પેઠે આતશ રોશન રખાવવાને માથે લઇ આતશના કેબલાની સંભાળ અબુલ ફઝલને સોંપી હતી. "

એશયાના જુદા જુદા ધરમોને લગતાં પ્રખયાત પુસતક " દબેસતાન " માં વધારે સારી રીતે એ વીગત આપી છે, તેમાં જણાય છે કે, બાદશાહે કેરમાનથી બોલાવેલા અરદેશીર નામે દસતુરે બાદશાહને જરથોસતી ધરમની સમજ આપી હતી. બાદશાહની ધરમ સમાજમાં ચાલેલી તકરારોના હેવાલ ઉપરથી જણાય છે કે, એ સભામાંના જરથોસતી સભાસદની તકરારો બહુ ઠામેલયતભરી અને જરથોસતી ઉપરાંત બીજા ધરમો તવારીખ, ફીલસુફી વગેરેનું બંડોળ ધરાવનારી જોવામાં આવે છે. હું નહી ધારતો કે નવસારી જેવાં ગુજરાતનાં ખુણામાં પડેલો કોઇ ધરમગુરૂ આવી ઠામેલયત બતાવી શકયો હોય બીજા હાથ ઉપર અરદેશીર મોટો ઠામેલ વીદવાન હતો અને તેની મોટી વીદવતાને લીધેજ, બાદશાહે મુસાફરી ખરચના પઈસા મોકલી આપીને તેને ઇરાનવેરથી તેડી મંગાવ્યો હતો. જે વખતે મેહેરજી રાણા નવસારીથી દીલ્લી ગયલા ધારવામાં આવે છે, તે વખત પછી કેટલેક વરસે અરદેશીરને તેડાવવામાં આવયો હતો. તે ઉપરથી દીસે છે કે, બાદશાહને નવસારીથી આવેલા મોબેદો પાસથી કાંઇ ઝાઝું શીખવાનું મળે નહી એમ લાગયું હશે તેથી તેઓએ કેરમાનથી અરદેશીરને તેડાવયા. મેહેરજી રાણા કદાચ અકબરની દરબારમાં ગયા હશે, કાંકે તેમના વારસો પાસે મોગલ દરબાર તરફથી મળેલી ૩૦૦ એકર જમીન જેટલી જાગીરની સનદ છે.

પણ તેવણે કાંઇ ધરમ સંબંધી તકરારોમાં અગતનો ભાગ લીધો ન હોય. નવસારીના પારસીઓમાં પોતામાંજ તે વખતે ધરમની માહીતીની એટલી બધી ખુટ હતી, કે બીજાઓને તેઓ કાંઇ ઝાઝું શીખવી શકેજ નહીં.

ઝાટલું તો ખરૂં કે, અકબર પારસી ધરમ ઉપર બહુ ખુશ થઇ ગયો હતો અને એ ધરમનો તેણે ઉંડો અભયાસ કરયો હતો. તેણે પોતાના નવા ધરમમાં આતશ તથા સુરજને કેબલા તરીકે માન આપવાની ગોઠવણ દાખલ કરી હતી. તેણે પારસી રોજ મહા પ્રમાણેનું પંચાગ ચાલુ કરયું હતું. પારસીઓના ચઉદ પવીત્ર તહેવારો તેણે પાળવા માડયા હતા.

અકબરના અમલના બીજા ઘણાક સુધારાઓ પેઠે પારસી પંચાંગની ગોઠવણથી અઉરંગઝેબે પોતાના અમલમાં રદ કરી હતી.

અત્રે મી૦ કરકરયાનો રસીલો વીશય પુરો થતાં મુંબઇના કલેકટર ડાકટર પોલને ભાશણકરતાનો ઉપકાર માનવાની દરખાસ્ત કરતાં જણાવ્યું કે. મા૦ કરકરયાનું ભાશણ રસીલું અને જ્ઞાન આપનાર છે. મેં તેવણનું ભાશણ પુર ધ્યાનથી સાંભળયું છે. તેવણ તરફથી ઓચરાતો એક બોલ પણ નહી ચુકી જાવું તેની મેં સભાળ રાખી હતી અને મને એ ભાષણ સાંભાળવામાં મજાહ મળી છે. તેવણે જણાવયું છે કે શેહેનશાહ અકબર લખી વાંચી શકતો નહી હતો. તેવાં જ્ઞાનની ખુટ છતાં પણ અજબ જેવું છે કે તે પોતાના જમાનાનો એક મહાન વીદવાન નર થઇ ગયો છે. નવસારીની મેહેરજી રાણાવાળી રસીલી દંતકથા વીશે મી૦ કરકરયા બહુ કઠણાઇથી બોલયા છે. પણ એ કથામાં જણાવવા જેવું કાંઇ બનયું હોય એ બનવા જોગ છે. સુરયની માફક ઉંચે રાખેલી થાલી મેહેરજી રાણાએ, દંતકથામાં જણાવવા મુજબ પોતાની શકતીનાં બળે તોડી પાડી તેનો ચુરેચુરો કરયો હોય, તે પણ બનવાજોગ છે. તેવો મોજેજો મેહેરજી રાણાએ કરી બતાવ્યો હોય, તે પુરવાર કરનારો સાહદત તવારીખમાં નોધાયલી નથી, એમ ભાષણકરતા કહે છે. પણ બનવાજોગ છે કે, તેવા મોજેજાની નોંધ લેવાનો તે વખતના તવારીખનવેશોએ દરકાર કરી નહી હોય. આપણા વડવાઓના વખતમાં તરેહવાર મોજેજાઓ બનેલા જણાયલા છે, જે વીશેની નોધ તવારીખના પુસ્તકોમાં નોધાયલી જોવામાં આવતી નથી. અકબરને પોતાના સવધરમ ઉપર એટેકાદ નહી હતો, એ માનવાની હું સંદતર ના પાડું છું, જો કે બનવા જોગ છે કે તેમાં પોતાને નજર પડેલી ખામીઓ દુર કરવાની મતલબથી તેમાં સુધારો કરવાને તેણે યતન કરયો હોય. સુરયની પુંજા કરવી દરેક ધરમમાં સાધારણ છે. આપણે પોતે પણ ઉગતા સુરય તરફ મોહો કરી ઉભા રહેવાને બ્યાસ કોશેશ કરયે છીયે. કેથલીક દેવળોમાં, આતશને જાથુકના બળતા રાખવામાં આવે છે આ સઘળાં ઉપરથી આપણે એવાં અનુમાન ઉપર આવી શકયે કે, અકબરે સઘળા ધરમોની તપાસ કરી, તેઓમાં કેબલા તરીકે વપરાતી ચીજો પોતે અખતયાર કરી લીધી હોય (તાલીઓ).

ડાકટર કુનાહે ઉપલી દરખાસ્તને ટેકો આપયો હતો જે તાલીઓ વચે પસાર થવા બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

ના૦ ૩૯.

જામે જમશેદ

(તા. ૧૫ મી આગસ્ટ ઇ. સ. ૧૮૯૬.)

અકબર બાદશાહ તથા પારસીઓ.

જામે જમશેદના અમીપતી જોગ—

સાહેબ,

મી૦ કરકરીયાએ ઉપલી બીના ઉપર ભાશણ આપયું તેમાં તેઓ નવસારીવાળા દસતુર મેહેરજીરાણા વીશે ઘણીજ સખતાઇ થી વરતયા છે. તેઓએ એ દસતુરને દસતુરનું નામ આપવાનું પણ વાજબી જોયું નથી. સાબાશ છે ડાકટર પોલનને કે તેઓએ એ દસતુરનો બચાવ કરયો છે. હું મી૦ કરકરીયાનાં ભાશણ ઉપરથીજ પુરવાર કરીશ કે દસતુર મેહેરજીરાણાએ દીલ્લીની દરબારમાં અચછો ભાગ બજાવયો હતો. મી૦ કરકરીયા પોતેજ કહે છે કે અબુલ ફાજલે પોતાના પુસતકમાં પારસીઓ સંબંધી ઘણું થોડું એટલા માટે લખયું છે કે, તેઓનો વીચાર પારસીઓની બાબદ વીશ એક જુદું પુસતક લખવાનો હતો પણ તેના અકાળ મરણથી તે લખાયું નથી. એજ બીના સાબેત કરે છે કે જો તે જુદું પુસતક લખાયું હતે તો કાં નહી તેમાં મજકુર દસતુર વીશે લખાણ બીના છપાતે? વળી મી૦ કરકરીયા પોતેજ કહે છે કે બેદાઉનીની ચોપડીમાં લખેલું છે કે " નવસારીથી પારસીઓ દીલ્લી આવયા હતા, અને જરથોસતી ધરમ સજાવયો હતો, અને કોઇબી જાતની પરસતેસ કરતાં આતશની પરસતેસને વધુ મરતબો ઘટે છે એવું તેઓએ જણાવયું હતું, અને તેઓએ અકબર પાદશાહનું માન ખેચી લીધું હતું, અને કેઆની લોકોની રાહરસમ, ફતવા તથા કીયા કામ શીખવયું હતું. આખરે શેહેનશાહે પવીતર આતશને અબુલ ફાજલની સંભાળમાં સોંપયો, અને તેને હુકમ કરયો કે તેને સદા રોશન રાખવો, કારણ કે તે બેદાની નીશાન છે, અને બીજી રોશનીઓમાં તે પણ એક રોશની છે." એટલા ઉપરથી સાબેત થાય છે કે દસતુર મેહેરજીરાણાએ અકબર પાદશાહનાં મન ઉપર અછી અસર કરી હતી અને ૩૦૦ એકરનો વજીફો તેઓ મેળવવાને શકતીવાન થયા હતા. પણ જે મી૦ કરકરીયા કહે છે કે અકબર પાદશાહ દસતુર મેહેરજી રાણાથી સંતોશ પામયા નહી હતા, તે ભુલભરયું ઠરે છે. મી૦ કરકરીયાની તકરાર એવી છે કે જો અકબર પાદશાહ દસતુર મેહેરજીરાણાથી સંતોશ પામયા હોત તો કેરમાનથી દસતુર અરદેશરને બોલાવતે નહી. પણ કેરમાનથી દસતુર અરદેશરને અકબર પાદશાહે બોલાવયા તે કાંઇ સાબેતી નથી કે મજકુર પાદશાહ દસતુર મેહેરજીરાણાથી નાસીપાસ થયા હતા. દસતુર મેહેરજીરાણા દીલ્લીની દરબારથી પાછા ફરયા બાદ અકબરને ખબર પડી કે કેરમાનમાં એક કાબેલ દસ્તુર છે તે વીદવાન છે. તેથી તે દસતુરને પણ પછવાડેથી વધારે તેહેકીક કરવા અકબરે બોલાવયા હતા, અને તેઓએ પણ દસતુર મેહેરજીરાણા માફકં આતશ તથા સુરજની પરસતેસનાં ચહડીયાતાંપણાં વીશે અકબરની બાતરી કરી હતી. માટે મી૦ કરકરીયા એવું અનુમાન કહાડે છે કે, અકબર પાદશાહ દસતુર મેહેરજી રાણાથી નાસીપાસ થયા હતા, તે તદન બોટું ઠરે છે.

મુંબઇ તા. ૧૪ આગસ્ટ ૧૮૯૬

લા. અ.*

---

* આ અને બીજાં જે લખાણ અ. ની સહી સાથ આવ્યા છે તેના લખનાર મરહુમ અરદેશર શોરાબજી દસ્તુર કામદીનનાં હોય એમ માનવામાં આવે છે.

ના૦ ૪૦.

સત્ય મિત્ર.

તથા

હુંખ મજદયસ્નનામ.

(રવિવાર, તા૦ ૧૬ મી આગસ્ટ સને ૧૮૯૬.)

અકબર પાદશાહ, પારસીઓ અને દસ્તુર મેહરજી રાણા વીષે મી૦ કરકરયાનું કીમતી ભાષણ.

મી૦ ફરદુનજી પેસ્તનજી કરકરયાનાં ગ્રાહક ભેળાં અને શોધક બુદ્ધીએ, તવારીખ સંબંધી એક વધુ ગુચવાડાપર નવું અજવાલું નાખ્યું છે. હીંદુસ્તાનના નામીચા મરાઠા રાજકર્તા શીવાજીની તવારીખ ઉપરથી તેવણ હવે એજ દેશના માહન મુસલમાન રાજકર્તા અકબરની તવારીખપર ઉતર્યા છે; અને હીંદીઓને જીગર સમાન વાહલી એ તવારીખને લગતા એક લાંબા વખતના ગુચવાડાની સફાઈ તેવણે બહુ કાબેલીઅતથી કરી આપી છે. અકબરના કીર્તીભરેલા અંમલનો સહુથી ચલકતો સફેદ, તે નામદારે કીધેલી જુદા જુદા ધર્મોની તપાસનો છે. તેના સંબંધમાં સાધારણ રીતે એવું મનાતું આવ્યું છે, અને તવારીખનાં પુસતકો તેને ટેકો આપે છે કે, અકબર પોતાના ધર્મથી પુરતી રીતે સંતોષ ન પામ્યાથી, તેમજ જુદા જુદા ધર્મોથી જુદાઈ પકડી બેઠેલી પોતાની જુદી જુદી કોમની પ્રજાને એકત્ર બનાવવા માટે સર્વ માન્ય એવો એક નવો ધર્મ ઉભો કરવાની તેને જરૂર જણાયાથી, તેણે જુદા જુદા ધર્મના ઓલમાઓ તથા ધર્મગુરૂઓનો એક ખાસ મેલાવડો કરી, તેઓ વચ્ચે વાદવીવાદ ચલાવી, તેઓ પ્રત્યેકના ધર્મની ખુબી ખામી જાણી લીધી હતી, અને શેવટે તેવા સઘલા ધર્મોનાં મુલતત્વો તારવી લઈ તેના પાયાપર "દીને એલાહી" નામે પોતાનો એક નવોજ ધર્મ ઉત્પન્ન કરી, તે પાલવાનું કામ સહુ કોઈની મુન્સફીપર છોડયું હતું. આ વાત સામે કોઇ તરફથી કશો સવાલ ઉઠાવવામાં આવ્યો નથી; તો પણ પારસી કોમમાં છેક અકબરના વખતથી એવું મનાતું અને બોલાતું આવ્યું છે કે, એ પાદશાહની આ ધર્મ સંબંધી તપાસમાં જરથોસ્તી ધર્મ સર્વોપરી તથા સર્વોતમ જણાયાથી તેણે, જો જાહેર રીતે નહી તો છુપી રીતે પણ, તેજ ધર્મ પાલવા માંડયો હતો; તે અહીં સુધી કે, તે નામદારે સુદરેહ કુસ્તી, જે પારસી ધર્મની નીશાન છે, તે પોતાનાં આંગપર રાખી હતી, અને આતશ જે પારસીઓનો કેબલો છે, તેને પોતાના કેબલા તરીકે માન્યો હતો. અકબરને આ રીતે જરથોસ્તીપણાંનો પુજારી બનાવવાનું માન, તેઓ તે વેલાના ગુજરાત પ્રાંતના નવસારી કસ્બાના એક બુઝોર્ગ પારસી ધર્મગુરૂ નામે દસ્તુર મેહરજી રાણાને આપતા આવ્યા છે. અગરચે મરહુમ દસ્તુરજી સાહેબ મેહેરજી રાણાએ એ કામ બજાવ્યું જ હોય, તો તે એક મોજેજા સરીખું છે; અને ખરેખર તે જુના વખતથી પારસીઓ એમ પણ કહેતા આવ્યા છે કે, મેહરજી રાણાએ એક મોજેજો પણ અકબરને કરી બતાવ્યો હતો. તે એવી રીતે કે, જગતગુરૂ નામના એક હીંદુએ જાદુઈ બલથી આકાશમાં જે એક સોનેરી થાલ ચઢાવી બે સુરજ બનાવ્યા હતા, તે થાલને પોતાનાં અવસ્તાઈ મંત્ર (માથ્ર)થી જમીન દોસ્ત કરી નાખી, એ પરહેજગાર અશો જરથોસ્તી મર્દે અકબરનાં દીલપર, જેમ પોતાની કાબેલીઅત વીષે તેમજ પોતાના ધર્મની મોઅેતરી વીષે, સર્વોતમ છાપ બેસાડયો હતો. પણ આ વાતને તવારીખ પુસ્તકોનો કશો ટેકો નથી; તે માત્ર એક દંતકથા છે, અને જ્યાલીઓના

ખ્યાલો તથા કવીઓની કવીતાઓ એ તેના ફેલાવામાં મોટી મદદ કરી આપે છે. દાખલા તરીકે,

મેહરજી રાણા બડાજી શ્યાણા
પુરા બંદા બોદાકા,
અકબર બાદશાહ સુદરાહ પહેના
દેખો તમાશા મજહબકા. ઇત્યાદી.

એ ખ્યાલ નવસારી, સુરત વગેરે ગુજરાતનાં શેહરો તથા ગામોમાં, અકસર કરી પારસી કુટુંબોમાં, એક મુદ્રા લેખ જેવો સાધારણ થઇ પડયો છે, અને આપણે પોતે પણ છેક બચપણથી તે સાંભલતા અવ્યા છે. પણ તવારીખના સબલ આધાર વીના કેટલાકો, અકસર કરી દસ્તુર મેહરજી રાણાનાં ખાનદાનના પ્રતીપક્ષીઓ તેના સામે આગલા વખતથીજ શક બતાવતા આવ્યા હતા. ત્યારે, આજનો જમાનો, જે ખરૂં જોતાં "ચુનોચેરા"નોજ જમાનો છે, એટલે કાં, કેમ, અને શા માટે એવા સવાલો પુછવાનોજ વખત છે, તેમાં એ બાબત તવારીખની કસોટી વીના જેમની તેમ પસાર થઇ જાય એ બનવા જોગ ન હતુ. તે પ્રમાણે, મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાનું લક્ષ, અકબરની તવારીખના અભ્યાસ વચે, એ સવાલ તરફ ખેંચાયું, અને તેવણે પોતાની હંમેશની શોધક બુદ્ધી પ્રમાણે તેની તલાશ કરી, તેમાંથી સચાઇ શોધી કાઢવાની તજવીજ કીધી. મી૦ કરકરયાની પીછાણ અને હરેક જાહેર સવાલ હાથ ધરતાં તેની સચાઇ નીર્ભક્ષ દીલે ફક્ત સચાઇનેજ ખાતર શોધવાની તેમની વલણ, એ બંને ઉપરથી અમે માનીએ છીએ કે, એ તલાશ તેવણે જેટલી મરહુમ દસ્તુર મેહરજી રાણાને ઇન્સાફ આપી, જે બની શકે તો તેમને લગતી દંતકથાને મજબુતી આપવાના હેતુથી કીધી હશે, તેટલી બીજા કોઇ હેતુથી કીધી નહી હશે; અને તેથીજ તેમની એ તપાસને વજન આપી તેની ખબર લગાર લંબાણથી લેવાની અમે અગત્યતા વીચારી છે.

પણ, કમનસીબે, મી૦ કરકરયાની તપાસ, દસ્તુર મેહરજી રાણાવાલી પુરાતન દંતકથાના લાભમાં ઉતરી નથી, તેવણ એવાંજ શેવટપર આવ્યા છે કે, એ દંતકથા તે દંતકથાજ છે, અને તેને તવારીખ રૂપી કશો આધાર નથી, અને તેટલા માટે તે માનવા જોગ નથી. તેમના જણાવ્યા પ્રમાણે ઘણામાં ઘણું એટલુંજ બન્યું હોય કે, એ મરહુમ દસ્તુર સાહેબ દીલ્હી ખાતે અકબરની દરબારમાં ગયા હોશે, કારણ તે વેલા, બલકે તેની ધર્મ સંબંધી શોધખોલનાજ હીંગાસમાં નવસારી ખાતેથી પણ કેટલાક પારસીઓ ત્યાં જવાની મોગમ નોંધ અકબરની તવારીખને લગતાં પુસ્તકમાંથી મલી આવે છે મી૦ કરકરયાએ આવાં શેવટપર આવવા પહેલાં ખુદ એ દસ્તુરજીનાં ખાનદાનના હાલના હયાત પુરૂષોથી પણ પુછપરછ ચલાવી, તેમના કે તેમના એ માનવંત વડીલ વીશે ચાલતી આવેલી વાતના ટેકામાં જો કાંઇ મજબુત આધાર હોય તો તે બતાવવાની તેમને જોગવાઇ આપી હતી. માત્ર એકજ વાત હજુ આપણાં મનમાં ઢગઢગો રાખે છે, અને તે વાત, મરહુમ દસ્તુર મેહરજી રાણાને પાદશાહ અકબર તરફથી મલેલા "ઘેલખડી" નામના ઇનામી મોટા વજીફાની છે. એ વજીફો નવસારી કસબાની પડોસમાં હાલ અંગ્રેજી વીજલપોર ગામની હદમાં ૩૦૦ વીંઘાનો મોટો વીસ્તાર રોકે છે, અને તેની આવક આજે પણ એજ દસ્તુરના વંશજો વહેંચી ખાય છે. એ વજીફો તેમને શા માટે મલ્યો હતો તેનું નક્કી કારણ જણાયું નથી એમ ખાનદાનવાલાઓ માનતા આવ્યા છે, અને સાધારણ રીતે પણ એમજ મનાતું આવ્યું છે કે, દસ્તુર મેહરજી રાણાએ બજાવેલાં મજકુર મોટાં કામનાં

ઇનામ તરીકે પાદશાહ અકબરે તે તેમને બખશેશ આપ્યો હતો. નવસારી ખાતે એજ રીતે "વઇદ"નાં તેમજ "દોરડી"નાં ખાનદાનોને પણ વજીફા મલેલા છે, જેમાંના વઇદનાં ખાનદાનના વજીફા વીષે એવું કહેવામાં આવે છે કે, તેના એક વડીલને તેની વઇદક કુષલતા માટે તે ઇનામમાં આપવામાં આવ્યો હતો. ત્યારે મેહરજી રાણાને પણ ઘેલણડીનો વજીફો કોઇ વાતનાં ઇનામમાંજ કાં નહી મલ્યો હોય? અને તેમનો દસ્તુરી અધીકાર ધ્યાનમાં લેતાં, તે ઇનામ તેમની ધર્મ સંબંધી રાહનુમાઇનું નડી તો બીજું શાનું મલે? પણ તે દેખાડવાનું અથવા તેની જોસ્તેજે કરવાનું કામ, એ ખાનદાનના વંશજોનું છે. તેઓ આજ પઇસે ટકે તેમજ બીજી રીતે પણ સારી હાલતમાં છે. તેઓમાંના એક બુઝોરગ ગ્રહસ્થ દસ્તુર એરચજી સોહરાબજી પોતાની ફારસી ભાષા વગેરેની કાબેલીઅત માટે તેમજ જુના વખતના લેખપોટની માહીતી માટે સારી પેઠે મશહુર થયલા છે: અને દસ્તુર દાસબજી માહીઆરજી નવસારી પંથકની દસ્તુરી ભોગવવા જોડે પોતા પાસે જુના વખતના લેખપોટનો એક સારો ભંડાર ધરાવે છે. તેઓ અને તેવા બીજા સાહેબોની ફરજ છે કે, આ બાબતમાં વધુ જુસ્તેજો ચલાવી પોતાના મરહુમ માન પામેલા મુરબ્બી દસ્તુર મેહરજી રાણા અકબરના સંબંધમાં શું, કેટલો અને કેવો ભાગ બજાવી ગયા છે તે શોધી કાઢવું, અને તે જાહેરમાં મેલી જો બની શકે તો તે મરહુમનાં નામને મલેલી, પણ હાલ ઝાંખી પડેલી, કીર્તીને પાછી તેજી કરી દેખાડવી.

મરહુમ દસ્તુર મેહરજી રાણાની વાત બાજુ રાખી બીજી રીતે જોતાં મી૦ કરકરયાનું ભાષણ, પારસીઓના બાબમાં હજુ ગરૂરી લેવા જોગજ નીવડયું છે. તેમના જણાવ્યા પ્રમાણે, બરાબર બોલતાં તેમની શોધબોલની શાહદત પ્રમાણે, બોકવાર નવસારીના દસ્તુર મેહરજી રાણાથી નહીં હોય તો બીજી તરફથી પણ પાદશાહ અકબરની એટલી તો ખાતરી થઇ હતી કે, જરથોસ્તી ધર્મ ઘણો ઉત્તમ છે; અને તેની અસર તે નામદારનાં મનપર એટલી હદ સુધી થઇ હતી કે, તેણે તેનો ઊંડો અભ્યાસ કર્યો હતો, અને પારસી ધર્મની ગોઠવણ પ્રમાણે પોતાના નવા સ્થાપેલા ધર્મમાં પણ તેણે આતશ તથા સુર્યને કેબલા તરીકે ગણેયા હતા, તથા પારસી રોજમાહ પ્રમાણેનું પંચાંગ ચાલુ કરવા જોડે કેટલાક પારસી તેડવારો પણ પાલવા માંડયા હતા. પારસી ધર્મ તેને સરસ રીતે સમજાવવો તેનાપર તેની એવી અસર કરનાર, ઈરાનનાં કેરમાન શેહરનો દસ્તુર મરહુમ અરદેશીર હતો, જેની કાબેલીઅત મશહુર છે, અને જેને અકબરે ખરચ આપીને ખાસ રીતે બોલાવ્યો હતો, અને તેના વીષેની શાહદતો અકબરની તવારીખનાં પુસ્તકોમાંથી મલી આવે છે. મી૦ કરકરયાનું આ ભાષણ, તેમનાં આગલાં એવાં બીજાં ભાષણોની પેઠે જેટલું કાબેલીઅતભરયું તેટલુંજ અપક્ષપાટ પણ છે, અને તે તેમના તવારીખ સંબંધી ઉંચા ભંડોલની એક વધુ ગવાહી રજુ કરે છે. તેમની એવી કોશેશ માટે તેમને શાબાશી આપતાં અમે તેમને એક અગત્યની સુચના કરવાની છુટ લઇએ છીએ. જે ગુચવાડો આપણને મરહુમ દસ્તુર મેહરજી રાણાની તવારીખ યા દંતકથાના સંબંધમાં દેખાતો આવ્યો હતો, લગભગ તેવાજ તરેહવાર ગુચવાડા પારસીઓ હીંદુસ્તાન આવ્યા પછીની તેમની તવારીખમાં રહી ગયલા છે. મી૦ કરકરયા જો તેપર ધ્યાન આપી તે ગુચવાડા દુર કરી તે તવારીખને ખરા

આકારમાં રજુ કરવાની કોશેશ કરશે, તો તેઓ પોતાના જાતભાઈઓપર એક મોટો ઉપકાર કરશે. તેઓ પારસી હોવાથી એ કામ જેટલું તેમની ફરજને બેસતું થશે, તેટલું બીજું થશે નહીં. પોતાના શોક, આહોશી અને સાધનો વડે જેટલા તેવણ એ કામ બજાવવાને લાયક જણાય છે, તેટલા બીજા કોઇને અમે જોઇ શકતા નથી; અને તેથીજ એ કામ ઊઠાવી લેવાની તેમને ભલામણ કરવાની આ તક અમે લીધી છે.

ના૦ ૪૧

સ્વતંત્ર

(તા૦ ૧૬ મી ઓગસ્ટ સને ૧૮૬૬.)

AKBAR AND THE PARSIS.

એક અસલી દંતકથાનું એક અર્વાચીનને કીધેલું ખુન!—દસ્તુર મેહરજી રાણા અને અકબર—વીદ્યા અને તેને લગતી શોધખોળના આગળ વધતા આજના જમાનામાં અસલી કથાઓ અને લોકવાક્યોની બારીકમાં બારીક તપાસ શોધક બુદ્ધીવાળા આસામીઓ અક્કલ હુશ્યારીથી કરીને તે કથાઓ અને લોકવાક્યોનાં પોકળ વારંવાર કેવી ઝમક સાથ દેખાડી આપે છે—ગોવા તે કથાઓ વગેરેને કેવી ખોટી પાડી આપે છે—તેનો અચુક ખ્યાલ આગલે શનીવારે અત્રેની રાયલ એશ્યાટીક સોસાઇટીની એક સભામાં મી૦ આર. પી. કરકરયા નામના સાહીત્યના શોખીન એક ઉદ્યોગી પારસી ગ્રેડયુએટે "શાહનશાહ અકબર અને પારસીઓ" વાળા વાંચેલા નીબંધ ઉપરથી મળે છે. આ નીબંધમાં મજકુર ગ્રેડયુએટે એક હાથ પર શાહનશાહ અકબરની જુદા જુદા મુખ્ય ધર્મો વીશે ખુલાસો મેળવવાની અને તે સઘળાઓમાંથી નવું, જાણવા જોગ અને પોતાની વિચાર શક્તિને અનુકુળ તારવી કાઢવાની બાહેશનું તેમજ જરથોસ્તી ધર્મ તરફની તેની સારી લાગણીનું એક જાણવા જોગ ચીત્ર દોરયું હતું, કે જે વીશે હિન્દી ઇતિહાસ ઉપરથી પણ આપણે પુરતા વાકેફ થયલા છીએ, જ્યારે બીજા હાથ ઉપર મી૦ કરકરયાએ શાહનશાહ અકબર અને પારસીઓ સાથ જોડાયલી એક વાત જે અત્યાર તલક પારસીઓ—અકસર કરી અર્થોરનાન પારસીઓ—ખરી માનતા આવ્યા છે, તેનેથી ઘણીક મુસ્તકીમ દલીલથી ખોટી પાડી છે. પારસી વાંચનારાઓ આટલું તો બચપણથી ખરી યા ખોટી રીતે બોલાતું જાણતા આવ્યા છે કે, પેહલા દસ્તુર મેહરજી રાણાને અકબરે પોતાની દરબારમાં ખાશ બોલાવ્યા હતા, ત્યાં તેઓએ એક ઘણો ધ્યાન ખેંચનારો મોજેજો કરી દેખાડયો હતો, અને તેથી અકબર એટલો બધો ખુશ થઈ ગયો હતો કે તેવણે મેહરજી રાણાને હાથે પોતાને જરથોસ્તી દીનમાં લેવડાવવાની નવજોત ક્રિયા પણ કરાવી હતી. લોકોમાં ચાલતી કથા મુજબ, પેહલા દસ્તુર મેહરજી રાણાનું અકબરની દરબારમાં જવું એથી થયું હતું કે, જગત ગુરૂ નામના જાદુઇ વીદ્યામાં પ્રવીણ ગણાતા એક બ્રાહ્મણે પોતાના યંત્રમંત્રથી એક થાળી હવામાં બહુ ઉંચે લટકતી કરી આકાશમાં જાણે બે સુર્ય પ્રકાશતા હોય એવા અદ્‌ભુત દેખાવ અકબર અને તેના દરબારીઓ સમક્ષ કરી દેખાડયો હતો, અને સાથે સાથે ચેલેંજ કીધી હતી કે કોઇનામાં પણ તાકાત હોય તો તે તેને પોતાના એલમનાં બળે "નવા સુર્ય" ને ભોંયે પાડી આપવો. આ ચેલેંજ અકબરના ઇસલામી દરબારીઓ વટીક ઉપાડી લેવાને અશક્ત થઇ પડયા હતા, જેથી મજકુર બ્રાહ્મણની જાદુઇ શક્તિને તોડવાને બહારથી કોઇ લાયક પુરૂષને તેડી મંગાવવાની દોડાદોડી ચાલી રહી, જેટલાં નવસારીમાં તે વેળા વસતા પેહેલા દસ્તુર મેહરજી રા-

ણની ખુબીઓની વખાણ છેક દીલ્લી વેર ગયાથી તેવણને આ ચમત્કારનો ભર્મ તોડવા બોલાવી મંગાવ્યા; સીઝરના બોલોમાં કહીએ તો, દસ્તુર મેહરજી રાણાજી તે નોત્રાંને માન આપીને આવ્યા; તેઓએ પવીત્ર માથ્રવાણી ભણીને બ્રાહમણની જાદુઇ અસર તોડી અને પેલો "બનાવટી સુર્ય" અકબરના ઘર આગળ ગબડી પડયો, જેથી ખુશી થઇ અકબરે એ દસ્તુરજીને હાથે સદરે કુસ્તી પહેરી જરથોસ્તી ધર્મ અખત્યાર કર્યો. આજ ત્રણસો વર્ષ થયા આ વાત ચાલતી આવી છે, તેની સચ્ચાઇ આજેણી નવસારી બહાર વસતા ઘણા અથોરનાનો તથા બેહદીનો કબુલ રાખે છે, પણ મી૦ કરકરયા જેવણ પોતે એક અથોરનાન છે, તેવણે તે વખતના ઇતિહાસ, તવારીખ અને બીજી બખર અંતરોમાં ભુદકી મારી હાલ અચુક જણાવ્યું છે કે, આ સઘલું બનાવટી છે, એ કથા પાયદાર ગણવાને કશી મુસ્તકીમ શાહદત કેથેથી મળતા નથી, અકબરના ત્રણ કાબેલ તવારીખનવેશો અબુલ ફાઝલ બદાઉની વગેરેના ઇતિહાસમાંથી તેમજ બીજા સાધણોથી તપાસ કરતાંણી દસ્તુર મેહરજી રાણાના ચમત્કારની વાત શું, પણ તેમનું નામ વટીક મળતું નથી, જેથી એ કથા ફકત તર્કથી ઉભી કીધેલી અને તેટલા માટે મુદલ માનવા નહી જોગ તેઓ લખે છે.

ના૦ ૪૨

સ્વતંત્ર

(તા૦ ૧૬ મી ઓગસ્ટ સને ૧૮૯૬)

WHAT IS THE TRUE EXPLANATION?

અકબરની દરબારમાં કયો દસ્તુર ગયો હતો?—સવાલ એ ઉઠે છે કે મેહરજી રાણાજીના નવસારીમાં વસતા હૈયાત વારસો એ વિશેની શાહદત ધરાવવાનો જે દાવો કરે છે તેનું કેમ? અહીંઆં મી૦ કરકરયા તે વારસોને બીચારાઓને સેકટના નિરાશ કરવાને પુરતી દલીલથી બહાર પડયા છે. તેઓએ પોતાના નીબંધમાં વાંચી સંભળાવ્યું છે કે, મેહરજી રાણાના વારસો જે પુરાણા કહેવાતા દસ્તાવેજ ઉપર આધાર રાખે છે, તે અકબરના વખતનો કે તે મહાન શાહનશાહની મંજુરીઆતનો નહી પણ પાછળથી ઉભો કરવામાં આવેલો છે. કાંકે જોકે તે દસ્તાવેજમાં મેહરજી રાણાએ કીધેલા ધારવામાં આવતા ચમત્કારની વીગત આપનારા શોકસ ફકરાઓ ટાંકવામાં આવ્યા છે અને તે ફકરાઓ અકબરના ત્રણ જાણીતા ઇતિહાસકર્તાઓના ઇતિહાસમાંથી લીધેલા જણાવવામાં આવે છે, પણ બેદભર્યું એ છે કે તે ત્રણેના ઇતિહાસમાંથી તે વીશેનો એક ઇસારોણો મી૦ કરકરયાને મળી શકયો નથી! જેથી મી૦ કરકરયા માને છે અને પારસી ભાઇઓની તેમજ સર્વ ઇતિહાસના શોખીનોની ખાત્રી કરવા માંગે છે કે, મજકુર દસ્તાવેજમાં ટાંકેલા ફકરાઓ કોઇ માહમેદન મુનશીએ પારસીઓને રાજી કરવા કીજે પોતાનાં ભેજામાંથી કાઢી ઉતારી મોકલ્યા હશે, કે જે જાતની ખોટા ફરાકા મારવાની તબેહ ફારસી તવારીખનવેસોમાં સાધારણ હોય છે. અહીંઆ ત્યારે બીજો સવાલ ઉઠે છે કે, જો મેહરજી રાણા દીલ્લી ન ગયા તો અકબરે પુરાણા જરથોસ્તી મજહબના ખુબીઓ જાણી કયાંથી? અકબરના મનપર જરથોસ્તી મજહબની ખુલ્લા, ફીલસુફી અને ખુબીએ સારો છાપ બેસાડયો હતો એ તો પુરવાર થયલી વાત છે, પણ વાંધો એટલોજ છે કે તે છાપ બેસાડનાર કોણ મહાન જરથોસ્તી હતા? દસ્તુરજી મેહરજી રાણા કે કોઇ બીજા? મી૦ કરકરયાએ એ દસ્તુરજી વીશેની તર્ક તદન ખોટી ઠેરવી છે, ત્યારે તો ખરા પુરૂષને શોધી કાઢવા આપણે બીજી ગમ નજર ફેંકવી જોઇએ, અને અહીંઆંથી મી૦ કરકરયાએ

અગતનો ખુલાસો પારસી ફીરકા સમક્ષ ધર્યો છે. એ ખુલાસો એટલીજ મતલબનો છે કે, કેરમાનવાળા કાબેલ દસ્તુરે અકબરને જરથોસ્તી મહજબ તરફ સારી લાગણીથી જોનારો બનાવ્યો હતો અને એ મહજબની ભેદી ખુબીઓ તે નામદાર શાહનશાહ સમક્ષ રજુ કરી ધર્મ સંબંધી એતેદાદ વીશે તેનાં શુચવાયલાં મનનું સમાધાન કીધું હતું તે એણલોજ જરથોસ્તી અકબરની દરબારમાં પધારેલો હતો અને તે વીશે બીજો કોઇણી નહી, કાંકે અકબરનાં તવારીખનવેશોએ તેવા કોઇપણ બીજા દસ્તુરનું નામ પોતાની કેતાબોમાં આપ્યુંજ નથી. એમ તો નહીંજ કહેવાશે કે તે તવારીખનવેશો દસ્તુર મેહરજી રાણા તરફ યા પારસી મહજબ સંબંધ તેમ કાંઇ શત્રુવત ધરાવતા હતા અને તેથી તેમનું બયાન કરવા ભુલી ગયા છે. અગર-જો તેમ હોય તો તેઓ દસ્તુર આરદેશરનું વરણુનબી ત્યારે આપવાના અળાડા કરી જાત. વળી એ તવારીખનવેશોમાંના એક મશહુર બદાઉનીએ તો હિન્દુ જોગીઓ અને ઇસલામી પીરોએ અકબરના વખતમાં કીધેલા અનેક ચમત્કારોનું બયાન પુરતી વીગત સાથ પોતાની કેતાબમાં આપેલું છે, પણ મહેરજી રાણાજીના ચમત્કાર વીશે તો તેમાં શબ્દ વટીક મળતો નથી. એ પરથી ત્યારે મી૦ કરકરયા જે એવાં અનુમાનપર આવ્યા છે કે નવસારીવાળા મેહરજી રાણાજી અકબરની દરબારમાં ગયા નહીંજ હતા, તે સાથ કેટલાકો અસલી યાદગાર કથાઓ તરફના પ્રીતીભાવ છતાંણી મળતા થયા વીના નહી રહેશે. એ રીતે પહેલા મેહરજી રાણાને લગતી એક અસલી કથાનું નવસારીની બાકમાં પેદા થયલા એક શીખેલા અથોરનાને જે રીતે ખુન કીધું છે તેથી અથોરનાન ભાઇઓ વગેરે નાખુશ થાય એ બુદરતી છે, પણ તેઓએ એટલીજ ધીરજ લેવી કે એ કથા ત્રણ સદીમાં એટલી ફેલાઇ ગયલી છે કે તે મી૦ કરકરયાના ફટકાથી સદંતર નાશ પામનાર નથી; પણ હજી પછી આવનારી ઓલાદમાંણી રહેશે. વળી તેઓએ એટલું ણી યાદ રાખવું કે આ જમાનો સાહિત્યની શોધ ખોલનો છે અને વેલાયતમાં મહાન નાટકગુરૂ શેકસપીયર કૃત લખાણો વીશે જ્યારે સંદેહ લઇ જવામાં આવે છે, તેનો કર્તા શેકસપીયર ન હતો, ત્યારે દસ્તુર મેહરજી રાણાજીને લગતી થોડા આધારની કથા નહિ માનવાને આજના વખતમાં સહમજાવવામાં આવે તો ઝાઝું અચરતી ભરેલું ગણાવુંજ જોઇએ.

ના૦ ૪૩

જામે જમસેદ.

(તા૦ ૧૭-૮-૧૮૯૬)

અકબર બાદશાહ અને પારસીઓ.

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

તમારા આજના અંકમાં ઉપલાં મથાળાં હેઠળ પ્રગટ થયલું "અ" ની સહીનું ચરચા પત્ર મેં વાંચ્યું છે. મી૦ કરકરીયા પોતાનાં ભાશણમાં એટલું તો કબુલ કરે છે કે, નવ-સારીથી પારસીઓ દીલ્હી દરબારમાં ગયા હતા. જો નવસારીના પારસીઓ ગયા હોય તો તેઓમાં પહેલા દસ્તુર મેહેરજીરાણા પણ હોવાજ જોઇયે, કારણ કે એ મરહુમ દસતુરને અકબર બાદશાહ તરફથી ૩૦૦ એકરની મોટી જાગીર મળી હતી. હવે જો મી૦ કરકરીયા જણાવે છે તેમ દસતુર મેહેરજીરાણાએ અકબર બાદશાહની ધરમ સંબંધી બાબદમાં બાતરી નહી કરી હોય તો તેઓને એ બાદશાહે જે જાગીર બક્ષી તેનો સબબ શું હશે તે મી૦ કરકરીયા જણાવશે ? અકબર જેવો મકમ ઠરાવનો શેહેનશાહ પોતાની મતલબમાં નીશફળ થયા પછી આવી બક્ષીસ કરે એ માનવા જોગ નથી. મી૦ કરકરીયા પોતાના ભાશણમાં

એમ પણ જણાયે છે કે ગુજરાતના લોકો તે વખતે એટલા ભણેલા ન હોય કે જેવો મોજેજે દસ્તુર મેહેરજી રાણાએ કરયો હતો એમ કહેવાય છે તેવો કોઇ કરી શકે. જો તેમ હોય તો મી૦ કરકરીયા પછવાડેથી જણાવે છે તેમ નવસારીના પારસીઓએ જે માન અકબર બાદશાહ તરફથી ખેંચી લીધું હતું તે શા સબબથી હશે? દસ્તુર મેહેરજી રાણાને જાગીર માગી હતી, તે ચોકસ હોવા પછી અકબર બાદશાહે. જો બીજા કોઇ પારસીઓ નવસારીથી ગયા હોય તો, તેઓને કાં નહી કાંઇ જાગીર બક્ષી ને દસ્તુર મેહેરજી રાણાનેજ કાં બક્ષી તનો પણ મી૦ કરકરયાએ ખુલાસો કરવો જોઇયે છે. મી૦ કરકરીયાના કહેવા મુજબ દસ્તુર મેહેરજી રાણાથી નીશફળ થવાથી અકબરે દસ્તુર અરદેશરને કેરમાનથી બોલાવવા હતા એમ ઠરતુંજ નથી. એક કાબેલ માણસ પોતાનો અભ્યાસ વધુ ને વધુ આગળ ચલાવવાને હંમેશ ખંતી હોય છે, તેમ બાદશાહ અકબરે જ્યારે દસ્તુર મેહેરજી રાણાની વાત સમજી હશે તયારે વધુ જ્ઞાન મેળાવવાને તેઓને જીજ્ઞાસા થઇ હશે, અને તેથી તેઓએ દસ્તુર અરદેશરને બોલાવવા હશે. એમ કાં ન બને?

લા૦ મેહેરજીરાણા.

મુંબઇ, તા૦ ૧૫ મી આગસટ ૧૮૯૬.

તા૦ ૪૪

અખબારે સોદાગર, સમાચાર દરપણ, તથા મુંબઇ ચાબુક.

દુનીયામાં વેપારથી દરવીય વધે છે અને માણસોનાં સુખમાં વધારો થાય છે.

(તા૦ ૧૮ મી આગશટ ૧૮૯૬ ને વાર ભોમ.)

"શેહનશાહ અકબર અને પારસીઓ" વીષે મી૦ કરકરયાનુ ભાષણ-મરહુમ દસ્તુર મેહરજી રાણાનાં કામ વીષે મત ભેદ.

"શેહનશાહ અકબર અને પારસીઓ" વીશે મી૦ ફ. પે. કરકરયાએ "રાયલ એશીઆટીક સોસાયટી" ની અંતરેની શાખામાં કીધેલાં ભાશણની અગત અમે ગયે અડવાડીએ આ પતરમાં આપી ગયા છીએ. તે ઉપરથી વાંચનારાઓએ જોઇ લીધું હશે કે, શેહનશાહ અકબરે પોતે કરાવેલી જુદા જુદા ધરમોની તપાસમાં જરથોશતી ધરમ તેને સરવોતમ લાગો હતો, અને તેથી તે ધરમના કેટલાક કાનુનો તેણે સવીકારયા હતા. એવું મત એ કાબેલ ભાશણ કરતા ધરાવે છે. એ મતના ટેકામાં તેઓએ કેટલીક મજબુત કેતાબી શાહદતો રજુ કીધી છે, જેથી તેની સચાઇ સામે સુખન લઇ જવાને આપણને કારણ રેહતું નથી. પણ અકબરના દીલ ઉપર જરથોશતી ધરમ વીશે એવો ઉંચો છાપ કોણે મારયો હતો? આ સવાલ મુદાનો છે; અને તે જેટલો અગતયનો તેટલોજ ગુચવાડા ભરેલો પણ છે. કારણ એ કે, તે વીશે લગાર હેરફેર વાતા તથા મતભેદ ચાલતા આવયો છે. હીંદુસતાનના પારસીઓમાં, મુખયતવે નવસારી પંથકને લગતા વલગતા પારસીઓમાં, એવી વાત ચાલતી આવી છે કે, અકબરનાં મનપર એ છાપ મારનાર બુઝરગ મરહુમ દસ્તુર મેહરજી રાણા હતા, જેઓ નવસારી પંથકના ભગર સાથના પેહેલા અને વડા ધરમગુરૂ થઇ ગયા છે, અને જેમને એ કામના બદલા અથવા ઇનામ તરીકે શેહનશાહ અકબર તરફથી ૩૦૦ વીંઘાનો એક વજીફો પણ મલયો હતો. જે આજે પણ તેમના વંશજોના હસતકમાં છે. પણ એ વીશે કશી તવારીખી શાહદત મલતી નથી. માતર તેવી દંત કથા ચાલતી આવી છે, કે જે દંત કથા ઉપરથી લાવણીઓ વગેરે જોડાઇને લાંબા વખતથી ગવાતી આવી છે. અકબરના વખતમાં લખાયલી કેતાબોમાં એ વીશે જે કાંઇ ઇશારો મલે છે તે એટલોજ કે, અકબરને પોત પોતાનો ધરમ સમજાવવાને જેમ બીજા

ધરમવાલાઓ આવ્યા હતા, તમ નવસારી ખાતેથી આતશ પરસતો (પારસીઓ) પણ આવ્યા હતા; તેઓએ પોતાના ધરમને શરેશટ જણાવવા માંગયો હતો, અને તેઓ પણ ત પાદશાની માયા મેહરબાની મેલવી શકયા હતા. પણ તે પારસીઓ કોણ, તેમનાં નામ નીશાન જેમ મલતાં નથી, તેમ તેઓ પોતાનાં કામમાં કેટલે દરજજે ફતેહમંદ ઉતરયા હતા, તે પણ તેની જોડે જણાવયું નથી તોપણ ચાલતી આવેલી વાતો ઉપરથી, તેમજ મજકુર ઇનામી વજીફાની હસ્તીથી, આપણે એટલું તો વગર શંકે કહી શકીશું કે, અકબરને પોતાનો ધરમ સમજાવવા માટે નવસારીથી ગયલા પારસીઓ તે મરહુમ દસતુર મેહરજી રાણા અને બીજા કોઇ તેમના જોડયાજ હોવા જોઇયે. મજકુર ભાસણ કરતા મી૦ કરકરયા પણ એ વાત બનવાજોગ ધારે છે; પણ તેમનું ખરૂં મત એવું છે કે, અકબરને જરથોશતી ધરમ તેની ખરી બુલંદીમાં સમજાવી તેના તરફ તેનું દીલ ખેંચનાર પારસી ધરમગુરૂ આ દસતુર મેહરજી રાણા ન હતા. ભાશણકરતાની તપાસ અને મત પરમાણે એ મોટું કામ તો ઇરાનવાસી દસતુર અરદેશર જેવા પારસી ધરમગુરૂએ બજાવયું હતું, કે જેમને અકબરે ખાસ રીતે ખરચ મોકલીને હીંદુસતાન બોલાવયા હતા, અને જે વીશેની શાહદત દબેશતાન જેવી કેતાબમાંથી મલી શકે છે. બીજી રીતે કહેતાં ભાશણ કરતાનાં મત પરમાણે, દસતુર મેહરજી રાણાએ આ બાબતમાં કશું કામ બજાવયું નથી, અને તે બજાવવા સંબંધી જે દંત કથા ચાલતી આવી છે તે ખોટી છે.

જે સાધનો વડે તેઓએ આ તપાસ ચલાવી છે તે જોતાં, તેઓ આ કરતાં બીજાં મત પર અલબતે આવી શકે નહીં. દસતુર મેહરજી રાણાનાં પરાકરમની વાતને તવારીખનો ટેકો નથી એ વાત પરથમથીજ જાણીતી છે અને ભાશણ કરતાએ વધુ શોધખોલ કરી તેજ પરીણામ દેખાડયું છે તો તેમાં નવાઇ કશી લાગતી નથી. પણ તેમનાં ભાશણની શેવટે તેમનો ઉપકાર માનવાની દરખાસત કરતાં મુબઇના કલેકટર ડાકટર પોલને તેમનાં મતથી જુદા પડી એવો અભીપરાય આપયો હતો કે દંત કથામાં બોલાતુ આવયું છે તે પરમાણે દસતુર મેહરજી રાણાએ એ કામ બજાવયું હોય, એ નહીજ બને એમ નથી. ડાકટર પોલને આગલ વધીને જણાવયું હતું કે, દંતકથામાં જગત જાદુ નામના હીંદુએ જાદુઇથી આકાશમાં બીજો ગુરજ બનાવેલો તેને મેહરજી રાણાએ પોતાનાં પવીતર ભણતરથી તોડી પાડવાનો જે મોજેજો દેખાડેલો કહે છે, તે પણ બનવાજોગ છે. તવારીખમાં તેની શાહદત મલતી નથી તે વીશે એ વીદવાન ગરડસથ એવું કહે છે કે, એવી વાતની નોંધ લેવાની તે વખતના ઇતીહાસ કરતાઓએ દરકાર કરી નહી હોય. તેના ટેકામાં તેણે એવું જણાવયું હતું કે, આગલ આપણા વડીલોના વખતમાં તરેહવાર મોજેજા બનેલા જણાયલા છે, પણ તેની કશી નોંધ તવારીખનાં પુસતકોમાં લેવાઇ નથી. આ જાણીતી વાત છે કે, તવારીખનાં પુસતકોમાં હમેશાં સઘલાજ બનાવોની નોંધ આવે છે એવું ઠશું નથી તેમ તવારીખની એકે એક નોંધ હમેશાં ખાતરી ભરેલીજ હોય છે એમ પણ નથી. તવારીખમાં નહીં નોંધાયલી એવી કેટલીક વારતા પાછલથી ખરા બનેલા બનાવ તરીકે રજુ થાય છે, તેમ તવારીખમાંની કેટલીક નોંધ ખોટી પડવાના બનાવો પણ બનયા છે. દંતકથા જોકે સામનય રીતે ભરૂશો મેલવા જોગ ગણાતી નથી, તો પણ સાટલું તો કબુલ કરવામાં આવે

છે કે. તે હમેશાં ખોટીજ હોતી નથી. તે અસલ ખરા બનેલા બનાવો ઉપરથી જનમ પામે છે, અને શરાહઘાત તથા અલંકારથી તેનું અસલ સવરૂપ ફરી જાય છે. મેહરજી રાણાના સંબંધમાં પણ તેમ બનયું હોય તો તેમાં નવાઇ નથી. એ દસતુરજીની અકબરના સંબંધની વાતને જયારે તવારીખનો ટેકો નથી, તયારે દંતકથાનો ટેકો છે, અને તેથી તવારીખનેજ આધારે કામ લેનારાઓ જેમ તેને ખોટી માને તેમ દંતકથાપર ભરૂશો મેલનારાઓ તેને ખરીપણ માને. એ સહુ સહુના વીચાર અને માનવાની વાત છે તો પણ અમે ફરીથી કહીશું કે, દસતુર મેહરજી રાણાં અકબરને જરથોશતી ધરમ સમજાવવા માટે તેની દરબારમાં ગયા હોય અને તેના સામે શક રાખવાને આપણને મજબુત કારણ નથી; પછી તે કામ બજાવામાં તેઓ ફાવયા હોય કે નહી હોય. તેઓ તેમાં નહીજ ફાવયા હોય એમ માનવાના ટેકામાં મી૦ કરકરયાની એક દલીલ એવી પણ છે કે, તે વખતે નવસારીના પારસીઓમાં પોતામાંજ ધરમ જ્ઞાનની એટલી બધી ખુટ હતી કે, બીજાઓને તેઓ શાનું શીખવી શકે નહી. પણ તયારે સવાલ ઉભો થાય છે કે, શુ તે વેલા ઇરાનના પારસીઓની હાલત તેમના આ ભાઇબંધો કરતા ચઢતી હતી? આપણે જાણીએ છીએ તયાં સુધી તો, તેઓ તે વેલા ઇસલામી અમલના જુલમાતમાં સખત રીતે કચડાતા હતા. અને તોપણ તયાંના તે વેલાના દશતુર, અકબરને પોતાનો જરથોસતી ધરમ એટલી હદ સુધી સમજાવી શકયા, કે તે પાદશાહની આસથા ઘણે દરજજે તે ધરમ ઉપર બેઠી, એમ મી૦ કરકરયા પોતેજ જણાવે છે. મરહુમ દસતુર મેહરજી રાણા કદાચ આપણે ઇચછીએ તેવું બોહલું ધરમ જ્ઞાન ધરાવતા નહી હોય, પણ તે વેલાના તેમનાં વતનના બીજા કોઇ પણ અથોરનાનો કરતાં તો તેઓ વધારે ભંડોલ અને વધારે પરહેજગારી ધરાવતા હોવા જોઇયે, કેમકે તેમને તેઓએ પોતાને માથે દસતુર બનાવયા હતા, કે જે સથાપન થયલી દસતુરી ગાદી હજુ તેમના વંસનોજ હસતકમાં છે. ટુકમાં, અમારા કહેવાની મતલબ એજ છે કે, દસતુર મેહરજી રાણાંની અકબરના સંબંધની ચાલતી આવેલી વાત તવારીખમાંથી મલતી નથી તેટલા માટે તેને એકદમ ખોટી માની લેવાના કરતાં, તેની સચાઇ મેલવવા માટે હજુ ખોટી થવું બેહતર ગણાશે.

ના૦ ૪૫

જામે જમશેદ.

(તા૦ ૧૯ મી ઑગસ્ટ સને ૧૮૯૬.)

શેહેનશાહ અકબર અને પારસીઓ.

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

આપનાં પ્રખ્યાત પત્રના ગઇ તા૦ ૧૧ મીના અંકમાં મી૦ આર. પી. કરકરીયાનું "બાદશાહ અકબર અને પારસીઓ" વીશેનાં ભાશણની પ્રગટ થયલી વીગતો મેં બહુ ધયાનથી વાંચી છે અને તેને લાગતો કેટલોક ખુલાસો કરવાની રજા માગું છું.

શેહેનશાહ અકબરની દરબારમાં ધરમને લગતી જે તકરાર થઇ છે, તે "દબેસતાન" કેતાબમાં "દર બહસે એદીયાન" વાળાં પ્રકરણમાં પ્રગટ થઇ છે, તે વાંચતાં માલમ પડે છે કે કોઇપણ ઠેકાણે તકરાર કરનારા મોલમાઓનાં નામ લીધાંજ નથી, જેમકે મુસલમાનોમાં શીઆ અને સુનીજ લખયું છે. વળી યાહુદી ઇસાઇ, તુરક, પા-

રસી, હીંદુ, વગેરે અધેમધ લખ્યું છે. દાખલા તરીકે જ્યાં પારસીએ તકરારમાં ભાગ લીધો છે, તયાં નીચે પ્રમાણે લખેલું છેઃ—" જરથોસ્તી દર ગુસે ઇસતાદેહ બુદ ગોફ્ત ઇનકારે મોજેજાત—મકુન કે પેગંબરે મા નીજ બર આસમાન રફ્ત." એ વાકય ઉપરથી ખુલ્લું જણાય છે કે, કોઇ પણ પારસીનું નામ કેથે લખવામાં આવ્યું જ નથી. અત્રે જણાવવું જોઇયે કે એ કેતાબો લખનારા મુસલમાનો હોવાથી અને બાદશાહના સઘળા ધરમોની તકરારથી નારાજ હોવાથી, પારસીઓ અને તેઓના ચમતકારો વીશેની વાત લખી નથી. " તવારીખે મમાલેકે હીદ " માં લખેલું છે કે " બીરબલ અને અકબર કરી કાફર પારસીએ બાદશાહનું દીલ ફેરવ્યું." મી૦ કરકરયા કહે છે કે, બાદશાહે અરદેશર કેરમાનીને પઝસા મોકલી ઇરાનથી તેડી મંગાવ્યો હતો, તેથી એમ માલમ પડે છે કે, દસતુર મેહેરજીરાણાથી અકબર સંતોશ ન પામવાથી અરદેશરને બોલાવ્યો હતો. પહેલે આપણે દસતુર મેહેરજીરાણા અને અરદેશરનો સને તપાસયે. દસતુર મેહેરજીરાણા સને ૯૬૦ યઝદેજરદી અને હીજરી સને ૧૦૦૮ માં ગુજરી ગયા અને અરદેશર હીંદુસ્તાનમાં સને ૯૬૭ યઝદેજરદી એટલે દસતુર મેહરજીરાણા ગુજરવા પછી સાત વરસે આવ્યો હતો, જે બીના અરદેશરે દીલ્લીથી ભરૂચવાળા દસતુર કામદીન ઉપર જે કાગલ લખ્યો છે તેની તારીખ ઉપરથી સાબેત થાય છે. હવે અકબર બાદશાહ " જેબદેતોલ તવારીખ " નામની કેતાબમાં લખવા પ્રમાણે હીજરી સને ૯૬૩ માં તેખત ઉપર બેઠો, ત્યારે તેની ઉમર ૧૩ વરસ આઠ મહીના અને ૨૮ દીવસની હતી, અને તે ૫૧ વરસ બે મહીના અને ૯ દહાડા બાદશાહી કરી સને ૧૦૧૪ હીજરીમાં મરણ પામ્યો હતો. એ બાદશાહે આગલા ઇરાની બાદશાહોની રસમ મુજબ પોતે જે દીવસે ગાદી ઉપર આવ્યો ત દીવસથી પહેલો સને ગણવા માંડયો અને પોતાને ગાદીએ બેસવાનાં ચોવીસમાં વરસે ધરમની સમાજ બનાવી અને જે વરસમાં અરદેશર હીંદુસતાન આવેલો જણાયો છે તે વખતમાં ધરમને લગતી તકરારો તદન નહી જેવી થઈ ગઇ હતી, અને અરદેશરના આવ્યા પછી બાદશાહનું મરણ થયું. (દસતુર અસપંદયારજી કામદીનજીવાળી કણીસાની હકીકત) મી૦ કરકરીયાને ખબર ન હશે કે અકબરે અરદેશરને બોલાવ્યો હતો તે તો "ફરહંગે જહાંગીરી" નામની ચોપડી જે હાલમાં મોજુદ છે, તેમાં જંદ પાજંદ અને અવસ્તાની લોગાત દાખલ કરવાને બોલાવ્યો હતો. દસતુર અસપંદયારજી કામદીનજી પોતાની કણીસાની હકીકતની ચોપડીમાં લખે છે કે "અરદેશર હીંદુસ્તાનના બાદશાહ અકબરની નજદીક આવ્યો, તેને બાદશાહે હુકમ કર્યો જે અસલ તમારા બાદશાહોની કદીમ તેહકીક ચાલ હોય તે લખીને કેતાબ બનાવે. પછી બાદશાહે પોતાના શેહેરના ઉસતાદ મુસલમાન લોકોને હુકમ કરયો કે, તમો દસતુર અરદેશરની સાથે રહીને તમામ ફરહંગોની કેતાબો એકઠી કરીને કેતાબ એક મારા નામથી બનાવો તેમાં તમામ લોગતોનો ખુલાસો લખીને કેતાબ તયાર કરો."

મી૦ કરકરીયા વધુ એમ કહે છે કે "દબેસતાન" માં લખ્યું છે કે બાદશાહે કેરમાનથી બોલાવેલા દસતુર અરદેશરે બાદશાહને જરથોસ્તી ધરમની સમજ આપી હતી, તો તે કેટલું વજનદાર છે તે ખુદ ફારસી ફકરાના નીચલા સુધ ગુજરાતી તરજુમાથી જણાશે, કે જેમાં ફકત અરદેશરને બોલાવયો એમજ છે અને જેમ મી૦ કરકરીયાએ ભલતુંજ થોકી બેસાડયું છે કે અરદેશરે ધરમ સમજાવયો તેમ નથીઃ—

"એજ પ્રમાણે નવસારી કસબો કે જે ગુજરાતમાં છે, તયાંથી આતશપરસતો આવ્યા હતા. તેઓ જરથોસતી દીનને ખરી અને આતશની બંદગીને બુજોરગ કહેતા હતા. અકબરે તેઓને પોતાની નજદીક બોલાવીને કયાંનીઓની રાહા રવેસથી વાકેફગારી મેળવી હતી, અને વળી અરદેશીર નામના એક જરથોસતી દાનાવને પઇસા મોકલી ઇરાનથી લાવ્યા હતા, અને આતશને તમામ બુજોરગીથી શેખ અબુફજલ નામના દાનાવ નવાબને સોંપ્યો હતો અને ઠરાવ કર્યો હતો કે, મોબેદોની રીત પ્રમાણે ઇરાનના મુલકમાં આતશકદેહો હમેશા કાયમ હતાં, તેમ રાત દહાડો હમેશા મારાં અબેવાનમાં સંભાળ રાખે. કારણકે આતશ બોહતાલાની મોટી બક્ષેશોમાંની એક બક્ષેશ છે, અને બુલંદ બોહતાલાના નુરો માંહેલું નુર છે."

ઉપલા ફારસી ફકરા ઉપરથી બુલ્લું જણાશે કે મી૦ કરકરીયાના કહેવા પ્રમાણે નહીજ, પણ નવસારીવાળાઓની તરફેણમાંજ એ ફકરાનો અરથ ઉઠે છે. જ્યારે આવી બુલ્લી રીતે નવસારીથી જરથોસતીઓ ગયલા જણાયા છે તયારે દસતુર મેહેરજીરાણા સીવાય કોણ ગયા હતા, તે જો મી૦ કરકરીયા જણાવશે તો વધારે અજવાળુ પડશે. એક બીજા અકમાં હું વધુ બોલીશ.

હું છું, તમારો સેવક,
પેસ્તનજી નસરવાનજી દસ્તુર મેહેરજીરાણા.
નવસારી, તા૦ ૧૭ મી આગસટ ૧૮૯૬.

ના૦ ૪૬.

જામે જમશેદ..

(તા૦ ૨૦ મી ઓગસ્ટ સને ૧૮૯૬)

શેહેનશાહ અકબર અને પારસીઓ.

જામે જમશેદના અધીપતી જોગ:—

સાહેબ,

મી૦ કરકરીયાના ઉપલાં મથાળાંનાં ભાશણના અગતના સીધાંતાનું ખાટારૂં, ગઇ કાલના મારાં પત્રમાં, મેં બતાવવાની કોશેશ કરી હતી અને આજે એ સીધાંતો વધુ બોટાં પાડી આપવા માટે તમારી પાસે થોડીક જગા માગું છું. મી૦ કરકરીયા દસતુર મેહેરજીરાણાની કાબેલીયત વીશે તથા તે વખતના મોબેદોનાં જ્ઞાન વીશે જે બોલે છે, તેને માટે તેઓ કઈ તવારીખનો આધાર બતાવે છે તે તદ્દન અંધારામાં રહી ગયું છે. માટે મી૦ કરકરીયાને મારી અરજ છે કે, જેમ બીજી બાબતોના બતીહાસીક દાખલા આપયા છે તેમ એ બાબતમાં પણ આપે તોજ અજવાળું પડશે. એ બાબત દેખઇતી નજરે કેટલી બોટી છે તે મારે જણાવવું જોઇએ કે, તરણમો વરસ ઉપર શું પણ દસતુર નેરયોસંગ ધવલના વખતથીજ ધરમનું જ્ઞાન તે વખતે કેટલું બધું હતું તેના ઘણા દાખલા છે. બુદ્દ દસતુર નેરયોસંગે યજશને વગેરેના સંસકરૂતમાં તરજુમા કરેલા હતા, તેમજ તેવણ પછી થઇ ગયલા નામીચા પુરૂશોમાં ફરેદુન હોમનું નામ પણ કેટલું જાણીતું છે. લગભગ દસતુર મેહેરજીરાણાના વખતની નજદીકમાં આસદીન કાકા નામે પણ જે પઢેલા પુરૂશ થઇ ગયા છે તે પણ મી૦ કરકરીયાના કહેવા પ્રમાણે અમથાજ હશે. વળી પ્રખ્યાત દસતુર દારાબ પાહાલણના બાપ પાહાલણ ફરેદુન અને તમો તરફવાળા તથા પુના અને દખણ તરફ મશહુર થયલા દસતુરોનાં બાનદાનના વડવા દસતુર જામાસપ આસા શું થોડા ભણેલા હતા? અને તેવણ પણ નવસારીનાજ હતા કે નહી? તયારે તે વખતે નવસારી જેવાં બુણે પડેલાં એક ગામમાંથી એવા વીદવાન પુરૂશો કયાંથી આવ્યા? હું કહું છું કે હમણા નવસારીના દસતુરો જેટલા ભણેલા છે તેના કરતાં તો તે વખતે એટલું બધું જ્ઞાન હતું કે, દસતુર મેહેરજીરાણા અને તયાર પછીના દસતુરોનો બધો વહીવટ લખાણ પઢાણ વગેરેનો

ફારસીમાંજ ચાલતો હતો એટલુંજ નહી, પણ તે વખતે ધરમને લગતી જે તકરારોના સવાલ જવાબો ઇરાન અને હીંદુસ્તાનના જરથોસતીઓ વચે થતા હતા, તેમાં સરદોથી પહેલી સહીઓ નવસારીવાળા કરતા હતા અને કેટલાક દાખલામાં તો ખુદ દસતુર મેહેરજી રાણા અને એમના બાવા રાણા જેસંગનીજ પહેલી સહીઓ છે. તેઓ પછીજ ભરૂચ, ખંભાત, વગેરેના જરથોસતીઓ સહીઓ કરતા હતા. મી૦ કરકરીયા લખે છે કે નવસારી જેવાં ખુણે પડેલાં ગામનો એક મોબેદ શું સમજાવે ? પણ તે વખતે બધી જરથોસતી વસતીજ ગુજરાતમાં હતી, અને તમામ જરથોસતીઓ તરફથીજ દસતુર મેહેરજીરાણા ગયા હતા, નહી કે એકલાં નવસારી તરફથીજ. દસતુર મેહેરજીરાણાની કીરતીનાં વખાણ અમો કુટુંબીઓજ કરતા નથી, પણ કાબેલ પુરૂશો પણ તેઓ માટે લખી ગયા છે. મરહુમ દસતુર દારાબ પાહાલણે પોતાની બનાવેલી " બોલાસે દીન " કેતાબમાં નીચે પ્રમાણે ફારસી બેત લખી છેઃ--

બેત.

જે નસલે પાક તને માહીઆર રાણા
કે દસતુરે મોહીન બુદ એ બ દુન્યા.

એટલે (તે) પાક તનના માહીઆરરાણાની નસલનો છે કે તે માહીઆરરાણા દુનીયામાં મોટો દસતુર હતો. વળી દસતુર શાપુરજી માણેકજી સંજાનાએ પારસીઓ ઇરાનથી હીંદુસ્તાનમાં આવ્યા, તે વીશે ફારસી બેતોમાં તવારીખ લખી છે, તેમાં તેવણ લખે છે કેઃ—

બેત.

કે નસલે એોસત અજ દસ્તુરે માહીઆર
બેદાની બાબે આં રાણા નેકો કાર
હમેશે દીને બેહેરા જલવે દાદેહ
ગુનેહગારાંન નેગુન સર શુદ જીયાદેહ
બ નજદીકે શેહે અકબર રફતે એો બુદ,
બસી બુરહાંને દીન જાહેર બેકર્દ એો,
કે નામે એો હમાંજા હસ્ત જાહેર
મરઆંન દસતુર બુદ એો પાક તાહેર.

એટલે (ને) દસતુર માહીઆર રાણાની નસલથી છે અને તે માહીઆરના બાપનું નામ રાણા કરીને હતું, તેણે હમેશ બેહેતર દીનને રોશની આપી હતી, જેથી ઘણા ગુનેહગારો ઉંધા પડયા હતા અને તે અકબર ની નજદીક ગયા હતા અને દીનની ઘણી દલીલો જાહેર કરી હતી, કે તે ખાસ દસતુર પાક અને પવીત્ર હતા, કે તેનું નામ સઘળી જગોએ જાહેર થયલું છે.

હવે મારે છેલ્લે એટલું જણાવવું જોઇયે કે આ મારા ખુલાસાથી સઘળા વાંચનારાઓને રોશન થશે કે, જેમ મી૦ કરકરીયાએ સમજાવવાની કોશેશ કરી છે તેમ નથીજ. હું ધારૂં છું કે મી૦ કરકરીયા જો એક ભગરયા હતે તો આવી સખતાઇ વાપરતે નહી. પણ તેથી કાંઇ દસતુર મેહેરજીરાણાની કીરતી ઓછી થતી નથી. છેલ્લે ડાકટર પોલન જેવા એક વીદવાને મી૦ કરકરીયાનો ઉપકાર માનતાં જે ખુલાસો કરેલો છે, તેને માટે જાહેર રીતે તેઓનો ઉપકાર માનવાની મારે આ તક જવા દેવી નહી જોઇયે. હું છું, તમારો સેવક,

પેસતનજી નશરવાનજી દસતુર
મેહેરજીરાણા.

નવસારી, તા. ૧૮ મી આગસટ ૧૮૯૬.

ના૦ ૪૭.

મુંબઇ સમાચાર.

(તા૦ ૨૦ મી ઓગસ્ટ સને ૧૮૯૬)

દસ્તુર મેહેરજી રાણા શેહેનશાહ અકબરની દરબારમાં ગયા હતા અને તે નામદારે તેમને જાગીર ઈનામમાં આપી હતી એવી બીનાના ટેકામાં મેહેર વખદ નામે હુકીમ પણ તેજ વખતે ત્યાં ગયલા તથા તેમને પણ જાગીર મળેલી હોવાની જણાવવામાં આવતી બીજી બીના.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,-દસ્તુર મેહેરજી રાણા અને જગતગુરૂ એ બાબત ઉપર મી૦ કરકરયાએ

કીધેલું ભાષણ જે તમારાં ગયાં અઠવાડયાંનાં પત્રની અંદર આવ્યું હતું તે વાંચીને. હું ધારું છું જે, આપણા ઘણાખરા હમવતનીઓ (મોટા કૂળીઆના અથોરનાનો અને બેહેદીનો) લગાર અજાયબ થયા હશે. ત્રણસો વરસ થયાં ચાલતી આવેલી એક fact (ખરી હકીકત) ભોગ ચોઘડીએ તવારીખની અંદર નથી; વાસ્તે મી૦ કરકરયા કહે છે કે એ બાબદ પાયદાર કહેવાય નહી. હવે સાહેબ, જેમ દસતુર મેહેરજી રાણા વીષેની એ બાબત સતાભરેલી છે તેજ પ્રમાણે અને તેજ વખતે એક બેહેદીન "મેહેર વઇદ" વીષેની છે. તે એ જે જ્યારે દસતુર મેહેરજી રાણા શાહ અકબરની દરબારમાં દીલ્લીમાં હતા તે વખતે પાદશાહના ઘર સંસારમાં કોઇ માણસ બીમાર પડયો, અને તેની દવાદારૂ કરવા સારૂ દસ્તુર મેહેરજી રાણાએ નામદાર શાહ અકબરને અરજ કીધાથી, દીલ્લીથી નવસારીમાં તે વખતના પારસી હકીમ "મેહેર વઇદ" ને બોલાવયા હતા. તેવણે કૃતેહભરેલી રીતે પાદશાહનાં કુટુંબમાં તે બીમારને સાજો કીધો. પાદશાહ ઘણો ખુશ થઇ ગયો ને તેવણનેબી એક જાગીર (જ્યારે દસતુર મેહેરજી રાણાને આપી તેજ વખતે) આપી હતી; ને જેમ દસતુર મેહેરજી રાણાના વારેસો આજ સુધી તે જાગીર ભોગવે છે તેજ પ્રમાણે એ બેહેદીન મેહેર વઇદના વારેસોબી હજી સુધી ભોગવે છે. હું હવે સવાલ કરીશ કે તવારીખમાં એમ કયાં લખયું છે કે એક ગામડેથી દીલ્લી સુધી એક પારસી હકીમને બોલાવી મંગાવીને દરદનો ઇલાજ તે હકીમ પાસે કરાવયો, ને પાદશાહે તેના બદલામાં તે હકીમને વંશપરમપરા જાગીર બખશી? એ મેહેર વઇદના ખાનદાનનો એક ગૃહસ્થ આપણી ટાપુના જાણીતા શેહેરી અને કારપોરેટર મી૦ બમનજી પેસ્તનજી માસ્તર છે. તેવણ કદાચ કહી શકશે જે તેવણના વતનમાં તેવણની જાગીર હજી સુધી એ પાદશાહના વખતથી અરપન થયલી છે.

આગલા વખતમાં કાંઇ સુધારો કે વરતમાનપત્ર જેવાં સાધનો નહીં હતાં, ને તે સાથે તવારીખ લખનાર કેટલીક બાબદોથી અંજાણો હોય, અથવા જાણ્યા છતાં કોઇ પ્રકારના અભાવ અથવા અણગમાથી ઘટતી બીનાઓ પોતાની નોંધમાં નહી લીધી હોય તે સારૂ એવું નહીં પુરવાર થાય જે મેહેરજી રાણા અને બેહેદીન મેહેર વઇદ દીલ્લી નહી ગયલા હતા.

જો આ બાબત ગયાં ૪૦ વરસની વાત પર ભાષણના આકારમાં વરતમાનપત્રમાં જાહેર થઇ હોત, તો તે વખતે બે ચાર બુજરોગ અથોરનાનો અને બેહેદીનો હતા જેઓ બરાબર પુરવાર કરી શકતે એટલી હકીકત ધરાવતા હતા; પણ તે લોકો ગુજરી ગયાથી આજે આ લખનારનાં ધ્યાનમાં કોઇ તેવો બુજરોગ અથોરનાન અથવા બેહેદીન બોળખનો રહયો નથી તેથી તે દલગીર છે.

એ૦ હો૦ વ૦

ના૦ ૪૮.

જામે જમશેદ.

(તા૦ ૨૨ મી ઓગસ્ટ સને ૧૮૯૬.)

અકબર બાદશાહ તથા પારસીઓ.

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

ઉપલી બીનાપર મી૦ કરકરયાએ ભાષણ આપયું તેમાં તેઓએ જણાવયું છે કે, અકબર બાદશાહના વખતમાં હીંદુસતાનમાં દીનનો એલમ કોઇ જાણતા નહી હતા. પણ નીચલી બીનાઓ ઉપરથી માલમ પડશે કે, ભરૂચમાં આગલા વખતમા

કદીમ જબાનો જાણનારા હતા. દસતુર જમશેદ દસતુર કામદીન સુમારે સંવત ૧૭૫૦ (ઇસવી ૧૬૯૪)માં ભરૂચ ખાતે વડા દસતુર હતા. એઓ દસતુર અસફંદીયાર દસતુર કામદીનના બાપના બપાવા થાય. એ-ઓએ આપણી કદીમ જબાનો જંદ પેહેલ-વી તથા ફારસીનો સારો અભ્યાસ કરેલો હતો, અને પોતાના વખતની ભરૂચ-ની જંદ પેહેલવી મદરેસાના વડા શીક્ષા-ગુરૂ હતા. સંવત ૧૭૬૮ (ઇસવી ૧૭૧૨) માં નવસારીવાળા દસતુર જામાસપ આસા (દસતુરો હોશગજી તથા જામાસપજીના વ-ડવા) મજકુર દસતુર જમશેદ પાસે પેહેલવી ભાશાનો અભયાસ કરવા ભરૂચ ગયા હતા. ભરૂચવાળા દસતુર કામદીન દસતુર ફનદામ (પદમ) જેઓ અકબરના વખતમાં થઇ ગયા હતા, તેઓના ૧ દીકરા બેહરામ વીશે મુલ્લાં ફીરોઝજીના બાવા કાવુસ જલાલ જણાવે છે, તેમ મજકુર બેહરામ પો-તાના વખતમાં ઘણા કાબેલ પુરૂશ હતા. સુરતના બેહેદીન બહમન અસફંદીયાર ઇરા-નથી ઇસવી ૧૬૨૬ માં કેટલાક સવાલોના જવાબનું કાગલ લાવ્યા હતા, તેમાં વડા દસતુર તરીકે અકબરના વખતમાં થઈ ગય-લા ભરૂચના દસતુર કામદીન ફનદામ (પદમ) નું નામ જોવામાં આવે છે. દસતુર અરદે શર નોશેરવાન કેરમાનીએ ઇસવી ૧૫૯૭ માં દસતુર કામદીન ફનદામ ઉપર કાગલ લખ્યો હતો.

ભરૂચવાળા રામયાર કાહાનાન જેઓ અ-કબરની આગમજ એટલે આશરે ૩૫૦ વર સો ઉપર થઇ ગયા છે, તેઓ વીશે મુલ્લાં ફીરોઝજીના બાવા કાવુસ જલાલ જણાવે છે તેમ મજકુર "રામયાર, મોબેદાન મોબેદ, સઘળા મોબેદો અને હેરબદોના ઉસતાદ, હીંદુસ્તાનના તમામ હેરબદોને ઉરવીસગા-હને લગતું પવિત્ર કામ શીખાડનાર અને હીંદુસતાનના જેથી શેહેરોમાં જરથોસતી-ઓની તે વખતે વસતી હતી તેમાં મોબેદીના કામને રીવાજ આપનાર એક નામીચા ઉસતાદ હતા."

ભરૂચવાળા કાબેલ ઉસતાદ પેશોતન રા-મના હાથની ઇસવી ૧૩૬૭માં "ગોસત ફરી-યાન" વાળી પેહેલવી કેતાબ લખેલી હાલ મોજુદ છે. મેં દસતુર મેહેરજી રાણાના બ-ચાવમાં થોડા દીવસ ઉપર તમારાં પત્રમાં મારૂં ચરચાપત્ર છપાવ્યું હતું, તે ઉપરથી વાંચનારે જોયું હશે કે, નવસારીમાં દસતુર મેહેરજીરાણા કાબેલ પુરૂશ થઇ ગયા હતા, અને તેઓએ અકબર બાદશાહના મન ઉપર અચછી અસર કરવાથી, ૩૦૦ વીઘાનો વજી-ફો તેઓ મેલવવા પામ્યા હતા.

હવે આજથી છેક આશરે ૭૫૦ ઉપરની એક શાહદત આપીશ, મોબેદ શાપુર મોબેદ શેહેરીયાર સાથે, મોબેદ નેરીઓસંગ ધવલ તથા મોબેદ હોરમજદીયાર એરવદ રામીયા-રના નામો, દરેક જગયાએ થતી આફરીંગા-ન તથા ધુપ નીરંગની ક્રીયામાં લેવામાં આવે છે, તે ઉપરથી જણાય છે કે, એ શખસો પણ પરણયાત પુરૂશો થઇ ગયા છે, ઉપલા અનેક દાખલાઓ ઉપરથી સાફ માલમ પડે છે કે, અકબર બાદશાહના વખતમાં તો શું પણ તેની ઘણી સદી આગ-મજ પણ હીંદુસતાનમાં દીનનો એલમ આશકારા હતો. હું ધારૂં છું કે હાદેસા નામાની ચોપડી ઉપરથી જેમ બીજાઓ ભુલાવો ખાય છે, તેમ મી૦ કરફરીયાએ ભુલાવો ખાધો છે. 'તારીખે શાહને ઇરાન' જેવાં કીમતી પુસતકમાં એ નામાની બીના દાખલ થયલી જોઈ બેદ ઉપજે છે.

હવે એ તો અકબરથી આગલા વખત-ની વાત થઇ. તયાર પછી પણ દસતુર ફરે-દુન દસતુર જમશેદના વખતમાં પણ એ-

ટલે ઇસવી ૧૭૪૯ માં ભરૂચમાં જંદ પહેલવી મદરેસા હતી તેજ પ્રમાણે દસતુર કામદીન દસતુર ફરેદુનના વખતમાં પણ એટલે ઇસવી ૧૭૫૪ માં ભરૂચમાં જંદ પહેલવી મદરેસા હતી, અને એવી મદરેસા લાંબી મુદ્દત સુધી ચાલુ હતી. અને તે વખતના દસતુરો કેવા ભણેલા હતા, તેનો એક જ દાખલો હું આપીશ. એક વખત ભરૂચના દસતુર ફરેદુન દસતુર જમશેદ બજારમાંથી જતા હતા, તે વખતે એક પારઠા ઘરમવાળો બોલ્યો કે ' આ કાફેર જાય છે.'' આ સુખુન સાંભળતાજવાર એ દસતુર, તરતજ નીચલી બેત જોડી કાઢીને, બોલયા હતા:—

શાખસી કે આસમાન મનુવવર કરદે અસત,
હર ફીરકેરા બદિને ખુદ રેહબર કરદે અસત;
અએ બાઝ, બિરવ, બદીન ખુદ કાયમ બાશ.
કેઉ ફીકરે ગબરેા, કાફેરા, યહુદ કરદે અસત;

અરથ:—"બોદા તાલા, કે જેણે આકાશને નુરોથી ભરપુર કરયું છે તેણેજ હરેક કોમને પોતાની દીન ઉપર કાયમ કરેલી છે: માટે અએ ભાઇ, તું પોતાની દીન ઉપર કાયમ રહે, અને બીજાઓની પરવા ના કર, કારણ કે ગબર, કાફેર અને યહુદની ફીકર તેજ સાહેબને છે." ઉપલી બેત તે અપશબદ બોલનારને તેમજ તેની પાસે બેઠેલા તેના બીજા ગોઠયાઓને શરમમાં નાખયા હતા જેથી તે અપશબદ બોલનારને તેનાં પોતાનાજ જાતભાઇઓના ધીક્કારમાં આવવું પડયું હતું. રાહનુમાય સભા વડાઇ લે છે કે, તેઓની મંડળીના પરતાપથી હીંદુઓની કેટલીક રસમો, જેવી કે ચોખીયાર, રાંદેલ, છઠી વગેરે જરથોસતી ધરમથી વીરૂધની માનતાઓ દાખલ થયલી નીકલી ગઇ છે. પણ દસતુર જમશેદ દસતુર કામદીનના વખતમાં એટલે ૨૦૦ વરસો ઉપર ભરૂચખાતેના જરથોસતીઓમાં એવી કેટલીક રસમો દાખલ થઇ હતી, તે છોડી દેવાનો તથાં સખત બદોબસત થયો હતો અને જો કોઇબી જર થોસતી એવી મના કરેલી પારકા ધરમની રસમ પ્રમાણે ચાલે, તો તેનું ઘર નાતબાહેર મુકવાનો ઠરાવ થયો હતો. એવો ઠરાવ છતાં એક પહરેજગાર બેહેદીન નામે સોરાબજી દાવરના ઘરનાં બઇરાંઓએ પોતાના ઘરધણીથી છુપી રીતે પેટીમાં સંતાડીને રાંદેલ છઠી ભરી હતી. તે વાતની ખબર તે દાવરને પોતાનેજ પાડવાથી તેઓએ પોતાનું જ ઘર પોતેજ નયાતબહાર થયલું જણાવયું હતું. મજકુર દસતુરે એ બાબદની તહેકીક કરી, પછી તેઓએ અંજુમન ભરીને તે દાવરને બોલાવયા. દાવરે કબુલ કરયું કે તેના ઘરની બારતોથી ભારી તકસીર થઇ હતી, તેથી અંજુમન જે ઠરાવ કરે તે તેને કબુલ છે. એ તકસીર પહેલી હોવાથી તથા દાવરે પોતે તે વાત જાહેર કરેલી હોવાથી, ઠરાવ થયો કે દાવર તથા તેના ઘરનાં સરવે માણસો બરસનુમ નાહે અને રૂ ૧૦ દંડનો લઈને દાવરનું ઘર નયાતમાં લે. તે મુજબ દાવરે કરયું. બીજો ઠરાવ થયો કે હવે પછી કદાપી કોઇ એવું કામ કરશે તો તેને રૂ ૧૨૫ ગુનેહગારીના આપવા પડશે, તેથી એવો તરાસ પડી ગયો કે કોઇએ ફરીથી ચોખીયાર રાંદેલ કે છઠી ભરી નહી.

લા૦ અ૦

મુંબઇ, તા૦ ૧૮ મી આગસટ ૧૮૯૬.

ના૦ ૪૯.

કયસરે હિન્દ.

(તા૦ ૨૩ મા આગસ્ટ સને ૮-૧૮૯૬.)

દસ્તુર મેહેરજીરાણા વિરૂદ્ધ મી૦ કરકરીયા.

MR. KARKARIA AND THE MEHERJI RANA TRADITION.

મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરીયા ઇતિહાસના જબરા શોખીન પુરવાર થયા

છે અને તવારીખ વાંચવાના પોતાના ચાલુ શોખને આધારે બાજે વખતે જ્યારે પણ તેઓ તવારીખરૂપી વિષયો બાહેર પાડે છે, ત્યારે તે સારૂં ધ્યાન ખેંચનારા થઇ પડે છે. આ ઉપરથી એ જવાન પારસી ગ્રેજ્યુએટને ભલામણ કરેલી ખોટી નથી કે રાજદ્વારી બાબદો વધુ અનુભવિ અને ઠરેલ મગજના આસામીઓના અસ્તક રહેવા દઇ તેઓ જો પોતાની ઉપલી માનીતી બાબદનેજ વળગી રહેશે, તો પ્રજાનો નજરમાં વજન મેળવવાને તેઓ સામર્થવાન થશે. આપણી રોયલ એશીયાટીક સોસાઇટીની સભા સનમુખ આગળાં અઠવાડયાંમાં તેઓએ "શાહાનશાહ અકબર અને પારસીઓ," એ વિષય ઉપર જે રસાલો વાંચ્યો હતો, તે અમોએ ધ્યાનથી ગોખ્યો છે અને જોકે તેઓની મુખ્ય બાબદ સાથ અમો એકમળાતા થતા નથી, તોય તે વિષય પાછળ મી૦ કરકરીયાએ લીધેલા શ્રમ કીજે તેમને શાબાશી ઘટે છે. પોતાના એ વિષય દરમ્યાન મી૦ કરકરીયાએ એક અસલી જરથોસ્તી કથાને ખોટી ઠરાવવાની કોશેશ કરી છે, તેમાં, અમને ભય છે કે, તેઓ પુરતા ફતેહમંદ ઉતર્યા નથી. ઘણાખરા જરથોસ્તી વાંચનારાઓને અકબરની દરબારમાં દસ્તુર મેહેરજીરાણાએ કરી દેખાડેલા એક ચમત્કારની બીના યાદ હશે. કહે છે કે એ બાહોશ મોગલ શેહેનશાહના અમલ દરમ્યાન ધર્મના ફીલસુફોનો મેળાવડો હમેશાં થતો હતો, તેવે એક પ્રસંગે એક હિન્દુ "જાદુગરે" એકને બદલે બે સૂર્ય આકાશમાં પ્રકાશતા દેખાડયા હતા ! યાને તેણે ચાંદીની એક ઢાલી પોતાના કલમના જોરથી હવામાં એવી અદ્ધર અટકાવી રાખી હતી કે તે ઉપર સૂર્યનો પ્રકાશ પડતાં એક બીજા સૂર્ય મીસાલજ તે ઢાલી ચલકતી હતી. મજકુર હિન્દુ "જાદુગરે" એવી શરત મારેલી કેહવાય છે કે કોઇથી ધર્મવાળાઓ એ ઢાલીને નીચે પાડી શકે નહી. ઘણાએ કુશળ ધર્મશાસ્ત્રીઓએ મહેનત કરી, પણ કોઇનું વળ્યું નહી, ત્યારે, કથામાં જણાવવા મુજબ, નવસારીવાળા દસ્તુર મેહેરજી રાણાએ ચોકસ જરથોસ્તી ભણતર ભણી તે ઢાલીને શાહાનશાહ અકબરના પગ આગળ લાવી નાખી. આ લાંબા વખતની કથા છે, સદીઓ થઇ તે બોલાતી આવી છે, કહો કે તે ઉપર લાવણીઓ જોડાઇ છે અને વાર્તાઓ પણ લખાઇ છે. પરંતુ મી૦ કરકરીયા તે સાચી માનવા ના પાડે છે. તેઓ જણાવે છે કે તેઓએ ઘણી શોધ કરી, જેટલાં મળ્યાં તેટલાં અસલી તવારીખનાં વાંચણો વાંચી જોયાં, પણ કેથે એકણી ઠેકાણે એ કથાની સચ્ચાઇની સેહેજણી ગવાહી મળતી નથી. અકબરના વખતમાં તવારીખનવેશો મોટા થઇ ગયા છે. તેઓમાંનો એકણી એ કથા માટે એક લાઇન પણ લખી ગયો નથી એટલુંજ નહી, પણ તવારીખમાં જે જરથોસ્તી મોબેદો નવસારીથી દીલ્લી ગયા હોય તેમનાં નામ પણ કેથેથી મળી આવતાં નથી. મી૦ કરકરીયાની આ દલીલ મુસ્તકીમ છે; પણ તે ઉપરથી એઓ જે સાર કાઢે છે કે એ કથામાં સચ્ચાઇનો સેહેજણી અંશ નથી, તેટલી હદે ચોકસ બનવાને અમો દરૂસ્ત વિચારતા નથી. આપણે એમ કહીશું નહી કે એ કથા ખરીજ છે; મગર તેજ વખતે એટલું ખી કહેવાની મી૦ કરકરીયાની માફક હીમત કરીશું નહીં કે તે જોડી કાઢેલી છે. બનવા જોગ છે કે અસલી ઇલમના આધારે એવી ઢાલી હવામાં લટકાવવાને કોઇ જાદુગર શકિતવાન થયોબી હોય અને દસ્તુર મેહેરજીરાણા પણ દરબારમાં હાજર થયા હોય. તેઓએબી કાંઇક ઇલમ દેખાડયો હોય, પણ તેમાં હમેશ બને છે તેમ સરાહધાત કરી એક જમાનાથી બીજા જમાનામાં વધુ સરાવેલાં રૂપમાં તે કથા મનાતી આવી હોય.

તવારીખમાં દરેક અગતના બનાવની નોંધ હોવી જોઇયે એ વાસ્તવીક છે, પણ કાં નહી એ ધાર્મિક બાબદને તવારીખનવેશે ઇતિહાસમાં જાળવી રાખવાને દરૂસ્ત વિચાર્યું ન હોય. જે બનાવ સદીઓ થયાં મનાતો આવેલો, જે માટે ગીતો જોડાયલાં અને રસિક વાચણો લખાયલાં, તેવા બનાવની હસ્તીજ ન હોય તેટલી હદ જવાનું અમને દરૂસ્ત લાગતું નથી અને તેથીજ મી૦ કરકરીયાના અભીપ્રાય સાથ એકમત થતાં અમને આંચકી લાગે છે. મી૦ કરકરીયા તવારીખના અભી યાસી છે, તો તેઓ જાણતા હશે કે અસલી ગ્રીક અને રોમન કથાઓ પણ જે આકારમાં હાલ રજુ થાય છે, તે આકારમાં સાચી મનાતી નથી; તેમાં પણ સહરાહઘાતનો પુષકળ અંશ હોય છે; તેજ મીસાલ આ મેહેરજીરાણાવાળી કથામાં પણ રફતે રફતે સહરાઘાત થતી આવી હોય એ બનવા જોગ છે. માટે એ બાબદમાં ચોકસ એક યા બીજી બોર્ડુએ મત આપવામાં દહાપણ સમાયલું અમો વિચારતા નથી. તોય એવી બાબદો ઉપર ચુનેાચરા થયલી જોવાને આપણે રાજી થઈશું અને મી૦ કરકરીયાના વિચારોને તોડનારી ઇતિહાસીક દલીલો કોઇ બીજા ભણેલા શેઠો તરફથી બહાર પડવાથી એ બાબદમાં મનનો વધુ ખુલાસો થવાનો સંભવ રહે છે. તેમ છતાં મી૦ કરકરીયાનાં તવારીખનાં વાચણ અને તેમની તે પાછળની ઝોકમત સ્તુતિપાંત્ર છે અને શરૂઆતમાં જણાવવા મુજબ જો એ ઉલતમંદ જવાન એ હદમાંજ પોતાની કાળજીને દોરવી રાખશે, તો તેમના એવા ઇતિહાસીક વિષયો બેશક ગોખવા લાયક વાચણ તરીકે જળવાઇ રહેશે.

ના૦ ૫૦

જામેજમશેદ

(તા૦ ૨૪ મી ઓગસ્ટ સને ૧૮૯૬)

શેહેનશાહ અકબર અને પારસીઓ વીશે મી૦ કરકરીયા

જામે જમશેદના અધીપતી જોગ—સાહેબ.

ઉપલી બાબદને લગતાં મારાં છેલ્લાં ભાશણનાં સંબંધમાં તમારાં પત્રમાં કેટલાંક ચરચાપત્રો પ્રગટ થયાં છે, તે વીશે થોડા બોલ બોલવા માગું છું. મેહેરજીરાણાવાળી દંતકથા વીશે મારા જોવામાં નહી આવેલી સાહદતો જોવા હજી પણ હું ખુશી છું. પણ મને દલગીરી સાથ જણાવવું પડે છે કે મારો વીચાર ફેરવવાનું મને કારણ મળ્યું નથી અને કાંઇણી સાહદતો મળે એ અશકય લાગે છે. મેં જે મારાં ભાશણમાં જણાવ્યું છે તે પુરતી શોધખોળ પછીજ હતું અને તેને ફેરવવાની કાંઇ અગત દીસતી નથી. મેહેરજીરાણાવાળા કહેવાતા મોજેજા અને તેમની કહેવાતી કાબેલયત વીશે પુરાવા મળે તો સારૂં અને તે હું ખુશીથી ધ્યાનમાં લઇશ. પણ એવા પુરાવા તરીકે એઓના કુટુંબી યા કોઇ બીજાઓએ, બોટા તવારીખમાં ઘુસાડેલા ફકરા, ઉભાં કરેલાં લખાણો, મોબેદોની ગપીસપી, ભલતાજ ફારસી બેતો, દોહરા ને છપા ને કલગીર ને તોરાવાળાના બયાલો, વતરોગે, મહાભારત " સાહદતો અને પુરાવાઓ " ની મારી તથા વાંચનારી આલમ ઉપર નવાજેસ કરવાની તસદી લેવી નહી ! મેહેરજીરાણા વીશેની કાહાંણી તોડાયાથી અલબત તેઓના હાલના કુટુંબીઓને દલગીરી લાગે એ કુદરતી છે. અને તેઓની એ દલગીરીમાં મારી દીલસોજી છે. પણ બરૂ તે બરૂ અને

ખોટું તે ખોટું ; ખોટાનું ખરૂ કદી થવાનું નથી, તેમજ ખરાંનું ખોટું થવાનું નથી. મેહેરજીરાણાને નડીજ, પણ અરદેશર કેરમાનીનેજ અકબર શેહેનશાહને આપણે ધરમ સમજાવવાનું માન ઘટે છે અને એ કેરમાની દસતુરનું માન કોઈ બીજાથી છીનવી લેવાશે નહી. તવારીખનાં દફતરો પરથી સઘળાએ એજ અનુમાન કહાડશે અને કેટલાક મોટા એાલમાએાએ જેમકે નામીચા પ્રોફેસર મેક્ષમુલરે પણ એ મારા જેવુંજ અનુમાન કહાડયું છે. મેક્ષમુલર કહે છે કે;—

" We have the Zend Avesta, the sacred writings of the so-called Fire-worshippers, and we possess translations of it, far more complete and far more correct than any that the Emperor Akbar could have obtained from Ardeshir, a wise Zoroastrian, whom he invited from Kirman to India."—(Science of Religion. p. 24.)

અરદેશર કેરમાનીથીજ અકબરે જંદ અવસતા સમજવાની આશા રાખી હતી એ આ ઉપરથી ખુલ્લું જણાઇ આવે છે. બેહેસતી મેહેરજીરાણાને તો અહીયાં બીલકુલ યાદણી નથી કરવા, અને જો કહેવાતો જણરો મોજેજો એવણે ખરેખર કરેલો હતે, તો શું એવણનું નામ અકબરની તવારીખમાં પંકાઇ નહી જતે ? અરદેશર કેરમાનીએ જંદ એાલો અકબરની ફરહંગમાં મુકવામાં મદદ આપી હતી તે મને સારી પેઠે રોશન છે, અને મેં જે ચોપડી (બંગાળ એશીયાટીક સોસાયટીનું જરનલ વાલ્યમ ૧૮૬૮) ટાંકી હતી, તે તમારો નવસારીવાળો ચરચાપત્રી જો જોતે અને વાંચતે, તો એવું અનુમાન નહીં કરતે કે એ બાબદ મને ખબર નહીં હશે. એનાં લખાણપરથી ખુલ્લું દીસે છે કે એણે મારૂં ભાશણ આખું સાંભળ્યું તેમજ ધ્યાનથી વાંચ્યું નથી, અથવા તેને વાંચી સમજવાની શકતી નથી. એવા ટીકાકારને જવાબ આપવો હું ગણીમત ગણુતો નથી. પણ અરદેશરે જંદ એાલો " ફરહંગે જેહાંગીરી" માં મુકયા છે તેથી એ નવાઇ જેવી તકરાર લાવે છે કે એ દસતુરને તો એ જંદ એાલો માટેજ એાલાવ્યો હતો ! એની શું સાહદત છે ? " દબેસતાન અલ મજાહીબ " વાળો એટલું ખુલ્લું કહે છે કે ધરમની તકરારની બાબદમાંજ અરદેશર આવ્યો હતો. અચરતીની વાત એ છે કે એ ફકરો એ લખનાર ટાંકે છે અને તે છતાં એનો ભાવારથ સમજતો નથી. મેં ભાશણમાં કહયું તેમ નવસારીમાં ત્રણ સદીપર અંધારૂં હતું. પણ હવે મને લાગે છે કે એાગણીસમી સદીને છેડે પણ તયાં ઉજરડું ફેલાયું નથી ! જે ગમે તે એારંગા મારવા, ભલતી ભલતી લાંબી લાંબી તકરારો કરવી, અને ખરી વાત વીસારી મુકવી એ તે તરફની તકરાર ચલાવવાની રૂઢી ઘણાએાને માલમ હશે. પણ હવે વખત બદલાયો છે. હવે તો દરેક બાબદ વીશ સાહદતો અને મજબુત પુરાવાએા જોઇયે છે, એારંગા અને ગપાસપા ચાલતા નથી, એ સઘળાંની ખબર હવે નવસારીમાં પણ થવી જોઇયે છે, તમારા ચરચાપત્રીની તકરાર તો જુવો ? નેરયોસંગ ધવલ નામે ખરેખર એક કાબેલ અને વીદવાન દસતુર અને એાલમા મેહેરજીરાણાની અગાઉ સેંકડો વરસો ઉપર નવસારીમાં થઇ ગયો (એ નેરયોસંગ નકી કયા જમાનામાં થઇ ગયો, તે એ નવસારીવાળો કહી શકશે ?) તેથી નવસારીવાળા મેહેરજીરાણા પણ બહુ કાબેલ હોવા જોઇયે ! વાહવાહ ! મી૦ મેહેરજીરાણા, તમો જબરા તકરારી ! તયારે તો તમારાજ કહયા પ્રમાણે ત્રણસો વરસપર નવસારીમાં

મેહેરજીરાણા કામેલ થઇ ગયા અને મોજે-લે કરી બતાવ્યો, તો હાલ તમો નવસારી-વાળા મીઃ મેહેરજીરાણા પણ બહુજ કામેલ અને મોજેજા કરનારા હોવા જોઇયે! તકરાર નો મોજેલ તો તમે આ "અમે જમશેદ" માં કરી બતાવ્યો અરે! તમે આસમાનપર સુરજ અને ચાંદ ચડાવનારા નહી. તેણી "હથેલીમાં ચાંદ" બતાવનારા દીસો છો! વારૂ તમારા મેહેરજીરાણા એવા જબરા કામેલ હતા, નેરયોસંગ ધવલ જેવા કામેલ, તયારે કાંઇ તેવાનાં લખાણ કે તરજુમા કે સરેહ કે કાંઇબી તેવાનું છે તમારી પાસે કે કેથેબી? નેરયોસંગનું તો ધરમ વીશેનું બહુ કામેલ લખાણ છે તમારા મેહેરજી-રાણાનું કયાં ગયું? ખોટી તકરાર કરવાનું છોડી દઇ એની શોધમાં નીકળો અને ખુશેખબરોળે કાંઇ હોય તો શોધી કહાડી તમારા વડવાની ખરી રીતે નામના બતાવો. ખોટી રીતે ઠીંગડાં મારી કોઇ બીજા અશો નરની કીરતી તેવાનુને માથે મુકવાની તજવીજ કરવાથી ખાલી બીચારા તેવાનુનું રૂહ કમકમતું હશે તેનો તો ખયાલ કરો.

હું "ભગરયો" હતે તો મેહેરજીરાણા પર સખત નહી થતે. એ વળી નવાઇ જેવો તકરાર છે! પહેલે તો હું મેહેરજીરાણા પર સખત થયોજ નથી. મેં તો તેવાણ જેવા હશે તેવાજ દેખાડયા છે. બીચારા તેવાણ નવસારીના તે વખતના—અને હું કહું કે આ વખતનાબી?—બીજા મોબેદો જેવા ઓલયા અને બઇપીને તનહરે સત ફરનારા અને ક્રીયાકમ કરનારા હશે. બાકી મોજેજા કરવા, સુરજ ને ચાંદ આસમાનપર ચહડાવવા ને ઉતારવા, અને ધરમની પ્રીસ્તુકોનો તકરાર કરી આમનસામન પ્રાસ્તી અને મહામંદન સામે બાથ લેવી તે તો બીચારાપર ખોટું તોહોમત જોડી કહાડવામાં આવ્યું છે! એવી બાબદોથી તેવાણ બીચારા તદ્દન નીરદોશ હતા! તેવાણ દીલ્હીની દરબારમાં ગયા તયાંસુધી તો એક સાધારણ મોબેદ હતા તેવાણ કાંઇ તે વખતે દસતુર હતાજ નહી. પછી દીલ્હીથી આવ્યા પછીજ તેવાણને દસતુર બનાવેલા કહેવાય છે અને એ કુરસી છે. (જુવો "પારસી પ્રકાશ" પુ-૯) દીલ્હી ગયા એટલે એવાણનો નવસારીના ગરીબ અને અભણ કસબામાં ભાવ વધ્યો. પછી દીલ્હી-માં ગમે તે કરયું હોય. દરબારમાં એક ખુણે-થી કાં નહી પડયા હોય, તોબી સવદેશમાં આવીને તો લાંબી લાંબી વાતો કરી હશે, કે અમે એમ કરયું ને અમે તેમ કરયું, ને બીચારા ભોળા નશાકરાઓ સમજયા કે ખરેખર કાંઇ "વાધ મરચોજ" હશે, તેથી દસતુર બનયા! દસતુર બહુ આજે કેમ બને છે અને બનાવે છે તે આપણે જોઇયે છીયે ને જાણયે છીયે આપણા "લાકીયા પરાપર" નોકરો મુંબઇમાં આપણે તયાં શું દરજ્જો ભોગવે છે તે આપણે જાણયે છીયે પણ તેઓ ભાઇ, સંજાન, નવસારી, વગેરે પોતાનાં ગામમાં જઇ પોતા મુંબઇમાં એમ કરયું અને તેમ કરયું કરીને શું એક મોટા "અ ભીસર" હોય તેમ ગામનાં ભોળાં લોકો આગળ ફડાકા મારે છે, તેઓ ઘણુંખરાંને ખબર હશે. તેમજ નવસારીથી દીલ્હી ગયલા મોબેદો પાછા આવી દીલ્હી-માં શું એક જાહોજલાલી ભોગવી હોય તેવો દેખાવ કરી ભોળા નશાકરાઓને ભોળાવેલા લાગે છે. પણ બીચારાઓના નામ વાઠ દરબારની તવારીખમાં નથી તે તેવાને અબર હતા? પણ હવે બસ. જે મેં ભાષણમાં કહયું તે પુરતી શોધ ખોળનું પરીણામહું સમ જું છુ, અને તેમાં ફેરફાર કરવા વગર હવે તે "રીવયુ"માં તનજ અમારા સોસાયટીનાં

"જનરલ"માં પ્રગટ થશે,* અને અકબરના ધરમ વીશેની મારી ચોપડી જે વેલાતમાં પ્રગટ થવાની છે, તેમાં તે એક પ્રકરણ તરીકે રહેશે. સેવકે ડાકટર પોલનના વીચારો તમારો ચરચાપત્રી સમજેલો લાગતો નથી. નહી તો તેનું નામ એ એવી રીતે લેતે નહી. જેમ કેટલાક તારાઓની રોશની આપણને પુગતાં વરસો લાગે છે તેમ નવસારીમાં જતાં મુંબઈનાં ઉજરડાંને હજી વરસોનો વીલંબ લાગશે!

સેવક તમારો,
રૂસ્તમજી પેા કરકરીયા,

ના૦ ૫૧
જામે જમશેદ

(તા૦ ૨૪મી ઓગસ્ટ સને ૧૮૬૬)

હાદેસાનામાનો નાટક ભજી બતાવનારા બે ઈરાનીઓ વીશે.

જામે જમશેદના અધીપતી જોગ-

સાહેબ,

જેઓએ હાદેસાનામું વાંચ્યું હશે તેઓએ જોયું હશે કે આશરે ૩૦૦ વરસોની વાત ઉપર બે ઇરાની પારસીઓ હીંદુસ્તાનમાં આવી ગયલા કહેવાય છે. બંને વચ્ચે સેહેજ રકમ બાબત કુટફાટ પડેલી તેઓ તેમાં જણાવે છે. તે વખતે જ્યાં જ્યાં પારસીઓની વસ્તી હતી ત્યાં ત્યાં બધે ઠેકાણે તેઓએ મુસાફરી કરેલી તેઓ જણાવે છે, અને જેથી ઠેકાણે તેઓ ગયા ત્યાં પારસી મરદો તથા ઓરતો વીશે એટલું તો શીહા ચીત્ર તેઓએ ચીતાર્યું છે કે, તેમાંના બોલો લખવાને મારી કલમ શરમાય છે. ટુંકમાં હું એટલુંજ લખીશ કે બધે ઠેકાણે તેઓએ તમામ પારસી મરદો તથા ઓરતોને હલકી વરણના દુરવંદો કરતાં પણ નપેટર ગણ્યાં છે. છેવ્હલે તેઓ નવસારી આવેલા જણાય છે. ત્યાંપણ બધું તેઓએ કાળું કાળુંજ દીઠું પણ તેઓને ત્યાં એક શ્રીમંત પારસી ગ્રહસ્થ હાથ લાગયા, જેઓની મારફતે તેઓ ત્યાંના મરદો તથા ઓરતોને દીનની રાહ ઉપર લાવવા પોતાને શક્તીવાન થયલા જણાવે છે. આટલું લખયા પછી હું એક અગતયની બાબદ ઉપર આવીશ. જો તેઓ બરેબર જરથોસ્તીઓ અને તેણી દીનની રાહે ચાલનારા જરથોસ્તીઓ હતા તો તેઓ બંદગી ગુજારતા હોવા જોઇયે. અને ઇરાની રોજ માહા ભણુતા હોવા જોઇયે અને તેઓ બધેબધ ફરેલા પોતાને જણાવે છે, તો હીંદુસ્તાનમાં કયો રોજ માહા ચાલતો હતો તે પણ તેઓએ જાણવું જોઇયે. તમારાં આજના પત્રમાં મારો ચરચાપત્ર છપાયો છે તે ઉપરથી જોઈ લેવાને બનશે કે ૩૦૦ વરસો ઉપર તથા તેની આગમજ તેમજ તેની પછી હીંદુસ્તાનમાં દીનનો એલમ આશકારા હતો. તયારે સવાલ ઉઠે છે કે પેલા ઈરાનીઓને રોજ માહા વીશે ૧ મહીનાનો તફાવટ કેમ માલમ પડયો નહી? બીજા સુધારાઓ તેઓએ દાખલ કરાવેલા જ્યારે તેઓ જણાવે છે, તયારે આ સઉથી અગત-

---

*આ વાત ખોટી છે. અસલ ભાષણ જે Times of India ના તા૦ ૧૧-૮-૧૮૬૬ ના અંકમાં (જુઓ નંબર ૨) છપાયું છે તેમાં અને સોસાયટીનાં જર્નલમાં એ રેસાલો છપાયો છે તેમાં ફેર છે. તા૦ ૨૪-૮-૧૮૬૬ નાં Bombay Gazette (જુઓ નંબર ૬) માં જે ભુલો બતાવવામાં આવી છે, તે સઘળી સુધારીને સોસાયટીના જર્નલમાં મી૦ કરકરીઆએ ઘુસાડી દીધી છે વળી જુઓ Indian Megazine.

યની બાબદ તેઓને કેમ સુઝી નહી હશે? માટે મને તો એવું લાગે છે કે એ "હાદે સાનામા" ઉપર જેઓ ભરૂસો રાખે છે તેઓ ભુલ કરે છે, અને મારી અદના સુચના એવી છે કે એ નામા ઉપર ભરૂસો મુકવામાં હવે પછી વધારે સંભાળ જરથોસ્તીઓ રાખશે.

લા૦ અ.

મુંબઈ, તા૦ ૨૨ મી આગસટ ૧૮૮૬.

ના૦ ૫૨

જામે જમશેદ.

(તા૦ ૨૬ મી આગસ્ટ સને ૧૮૮૬)

શહેનશાહ અકબર અને પારસીઓ.

વીશે મી૦ કરકરીયા.

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

દસતુર મહેરજીરાણા વીશેની તકરારો તમારાં પત્રમાં મેં ધયાનથી વાંચી છે. ને તે ઉપરથી હું જે અનુમાનો ઉપર આવ્યો છું, તેને તમારાં પત્ર મારફતે જાહેર કરવા દેશે.જી.

પહેલે તો મી૦ પે. ન. દસતુરે આવું લખવું જ ન હતું કે, " મી૦ કરકરીયા જો એક ભગરીયા હતે તો આવી સખતાઈ વાપરતેજ નહી." ભગરીયા અને મીનોચેહેર હોમજીની સાથવાળાઓની વાત વચમાં લાવવીજ ન જોઈતી હતી. એક વીદવાન અભયાસી પોતાને ખરો લાગતો અભીપ્રાય બહાર પાડે, તો નાતજાતના તફાવતની લાગણીથી કરે છે, એમ માનવુંજ આજના જમાનામાં બેહુદું છે. પણ તે ઉપરથી મી૦ કરકરીયાએ જે લાંબો અસભયતા ભરયો જવાબ ઘડી કાઢયો છે, તે વધુ બેહદકારક છે. અલબતાં પોતે મેહેનત લઇ બહાર પાડેલા વીશય ઉપર અપ્રમાણીકપણાનો કલંક લગાડેલો જોઈ તેવણનું જવાન લોહી ઉશકેરાઈ આવ્યું હશે ખરૂં, પણ તેની ઝુમમાં તેવણ પાક દસ્તુર મેહેરજીરાણાને એક " ગોટપીટ સોટપીટ " કરતા લાલીઆ સાથે સરખામણી કરવા ઉતરી પડયા છે, એ સભજુઓની નજરમાં ઘણું કઢંગુ લાગે છે. એવણનો પહેલો વીશય મેં નયુસપેપરમાં વાંચયો: તયારથી મને પણ લાગું કે, એવણે તે રૂહશાદ દસતુર વીશે માનથી બોલવાની ઝાઝી તસદી લીધેલી ન હતી, તે કયાં સુધી કે " મેહેરજીરાણા " નામ આગળ એવણ એકણી વખત દસતુર બોલ વાપરયો હોય એવું મને હાલ યાદ નથી. જયારે એમ છે તયારે મી૦ પે. દસતુરને પણ જરા બભરાત લાગો હોય તેમાં નવાઇ નથી. મી૦ કરકરીયા એવું માનતા હોય તેમ લાગે છે કે " દબેસતાન " માં જે આમના સામન જીકરી પાદશાહની દરબારમાં ચાલેલી હતી તેનું બયાન આવેલું છે, તે ચલાવવાનું પાણી દસતુર મજકુરમાં ન હશે, કારણ તે વખતે આપણા દસતુર મોબેદો એટલા ભણેલા ન હતા. આ બાબદમાં તમારા " અ " ચરચાપત્રીએ તે વખત એલમનું જોર હતું, તથા હાદેસાનામા ઉપર ભરોસો ન રાખવા વીશે જે લખાણો કરયાં છે, તે બતાવવાને બસ છે કે ગુજરાતમાં તે વખતે એલમ જાહેર હતો, ને પારસીઓ છેક અંધારામાં ન હતા. મેં "દાબેસતાન "ની તકરાર આગળ વાંચેલી હતી, અને હમણાજ પાછો વાંચી ગયો છું, તે ઉપરથી જણાય છે કે તે મુખય કરીને શીઆ અને સુની મુસલમાનો તથા તેઓનેજ મળતા ધરમોવાળા યાહુદી અને ખ્રીસ્તી-

ઓ વચ્ચે તે વધુ હતી. જરથોસ્તી ધરમને લગતાં ફકત થોડાં વાકયો જોવામાં આવે છે, ને તેમાં ફકત ત્રણજ વખત જુઓ ઇંગ્રજી "દસ્સતાન"ના ત્રીજા વલમના પાના ૭૫, ૬૩, ૬૪ અને તે તકરારની કાંઇ દમ જેવી નથી કે જેથી જણાય કે, નવસારીની તે વખતની હાલત પ્રમાણે કે, તે વખતનો એક શીખેલો દસ્તુર ભાગ ન લઇ શકે. હું આગળ વધીને કહું છું કે મેહેરજીરાણાને જો શીખેલામાં ગણીયે, તો જરથોસ્તી ધરમ વીશે જે ઇસારાઓ "દબેસતાન"ની ઉપલી જુકરીમાં સમાયેલા છે, તે તે વખતનો એક સાધારણ મોહેદ્દીન બી કહી શકે તેવા મોહેલા છે. "દબેસતાન"માં અરદેશર કેરમાનીનું નામ આપેલું છે, ને દસતુર મેહેરજીરાણાનું નથી. તે ઉપર મી૦ કરકરીયા મદદ બાંધે છે, પણ મારા જુદાજ અભયસને લાધે "દબેસતાન" મને વારંવાર જોવું પડે છે, તે ઉપરથી જણાય છે કે "દબેસતાન"નો બનાવનાર યોગવીદ્રય: ઉપર પ્રીદ્રા થયેલો હતો, અને તેણે છેહલા જરથોસ્તી યોગી હજરત આજરકવાન તથા તેવણના સાગરેદો વીશે "દબેસતાન"માં પાનાનાં પાના ભરેલાં છે, તેથી અરદેશર કેરમાનીનું નામ તેને મોઢે રમી રહેલું હતું. દસતુર મેહરજીરણા સાહેબનું નામ અઢારના વખતમાં લખાયલા ગ્રંથમાંથી તેને ન મળ્યું હોય તેથી તેણે દાખલ ન ઠરયું હોય, તેથી તેણે પાને ૬૫ મે "ગુજરાત પરગણાનાં નવસારી ખાતેથી આતશપરસતેયો' આવેલા જણાવ્યા છે તથા લખે છે કે "તેમાએ જરથોસ્તના ધરમની વાત ચોકસાઈથી જણાવીને આતશને મોટું માન તથા પુજા ઘટે છે તે જણાવ્યું" આટલીજ બાબત ફકત મેહેરજીરાણા સાહેબની તરફેણ માટે બસ છે. હું જોવને ઘણો દલગીર છું કે આવી સાદી વાત મુકી દઇ ભાઇ કરકરીયા મોજેજાને વધુ મોતેબરી આપી, મોજેજાની વાત હસી કાઢી, તોડી પાડી, દસતુરજી મજકુરનાં માનને હીણું લાગે તેવી ભાષા વાપરવા દોડી ગયા છે એક મોટા માણસના મરણ બદ તેઓના પરાક્રમોને વધારી દેવામાં આવે અને તેને મોટો જોધો બનાવી દેવામાં આવે છે. એ સાધારણ વાત છે, તો કેમ જાણ્યું કે આસમાનપર થાળી ચઢાવવાની વાત તેવણ પછી લોકોએ જોડી કાઢેલી ન હોય? જો આપણે એમ કબુલ કરયે કે તેવણની પવીત્રાઇ, તેવણની જમાના પ્રમાણેની વીદવતા અને તેવણને મળેલાં માન અકરામથી અંજાઇ જઈને તેઓ પછી આવનારાઓએ તે વાત જોડી કાઢેલી હતી, તો ભાઇ કરકરીયા અંજાણપણે તે બહેસની દસતુરજીને કેટલો ગેરકનસાફ ઠરે છે, જે તેઓને લાડીયા "આલીસર" સ થે આહકતરી રીતે સરખાવાની તકસીરમાં આવે છે.

મી૦ કરકરીયા જેવા આજના કેળવણી પામેલાએ મોજેજાઓની વાત લાવવીજ જોઈતી નહતી. તેવણ એ વાત લાવી દસતુર ખાનદાનની મોટાઈને ફટકો લગાવનાર પોતા આકાની ગણાવા માગતા હોય તો તેમાં તેવણની ભુલ છે. એ વાત એક દંતકથા તરીકે હતી અને તે માનવી નહી માનવી તે દરેક જમાનાના સમજુઓનું કામ હતું. મી૦ કરકરીયા કહે છે કે અઢારના વખતમાં બનેલા બીજા મોજેજાઓનું દાસ્તાન મળે છે, અને એ સુરજનુંજ કેમ નથી માલુમ? હું કહું છું કે ભાઇ એ મોજેજો બનયોજ ન હતા, તેથી તે વખતના તવારીખ નવેશે એ તે લીધો નહશે. એ તો પાછળથી જોડાયો હશે ને તેથી તેનો બયાનો અને ટપ આમાં સમાવેશ થયો. પણ એવા બયનો અને ટપ્પાંઓનું ખંડન કરવાનેમસે તમેજ તેઓને ઉકમાઈ આપવા નીકળ્યા.

ભાઇ કરકરીયા કહે છે કે દસતુર મેહેરજીરાણાથી ખાતરી થઇ ન હુશે, તયારેજ તેવણે પદમા મોકલી ઇરાનવેરથી અરદેશીરને બોલાવયા કે? વળી એવણનજ બશારતમાં આપણે આગળ વાંચયે છીયે કે. જેવા ઉપરાંત યુરોપથી ક્રાંગ્રેસ પાદરીઓ આવતા રહયા હતા. ક્રાંય? યુરોપવેરથી કાં આવયા, ને યુરોપથી આવેલા પાદરીઓએ શહેનશાહને શું વટલાવયો? જે માણસનામા જયારે ધરમ સંબંધી ગુચવાડો ઉભો થાય છે, તયારે જયાંથી પોતાના મનનું સમાધાન થાય, તે ચીજ શોધવાને તે ઘણું ફાંફાં મરે છે. જોવાના પાદરીઓ કરતાં તેને લાગુ હુશે કે ખુદ યુરોપથી મોટા પાદરીઓને બોલાવી જોવું તેઓ કાંઇ મારા મનનું ખ્રીસ્તી ધરમ વીશે સમાધાન કરશે? તેવોજ વીચાર અકબરને પારસીઓ વીશેળી આવ્યો હોય, કે જોઇયે ખુદ ઇરાન વેરથી તો બોલાવી જુઓ, ત્યાંથી આપણને શું અજવાળું મળે છે તે જોઇએ. હું ની માનું છું કે હજરત અજરકેવાંનના ચેલા હોવાથી અરદેશીર વધુ હુશીયાર હશે, પણ તેથી મેહેરજીરાણાની પોતાની નીતી, કામેલીયત અને શકતી ઉપર સખુન જતો નથી, કારણ અરદેશીર કેરમાનીએ કાંઇ વધુ કરેલું જણાતું નથી. ફકત એજ કે તવારીખમાંથી તેવણનું નામ મલી આવે છે. "નવસારીમાં ત્રણ સદી પર અંધારૂં હતું," તેથી ત્યાંના મોબેદ મેહેરજીરાણામાં પાણી હોયજ નહીં ને "પદમા મોકલી ઇરાનવેરથી અરદેશીરને તેડાવી મંગાવયા," માટે તેવણ ભણેલા હોવાજ જોઇયે, એવા આગલા ઠરી ગયલા વીચારો રાખીનજ મી૦ કરકરીયા પોતાનો રેસાલો લખવા બેઠેલા હોય એવું મને લાગેછે. જેમ ખ્રીસ્તીઓ પોતાની તારીફ કરી ગયા છે, ગુજરાતમાં મેહેરજીરાણાની તારીફ જાણવાઇ રહેલી છે, તેમ ઇરાનીઓમાં અરદેશર કેરમાનીની છે. દરેક કોમ પોત પોતાનું તાણે, પણ તેમ તાણતાં સંભાળ રાખવી કે, તેથી બીજાનાં કામને નુકસાન થાય નહી.

મી૦ કરકરીયા મેહેરજીરાણાવાળાઓ પાસે દસતાવેજી સાહદતો માગે છે, તે સાહદત કેવી હોવી જોઇએ તે હું સમજી શકતો નથી શું મેહેરજીરાણા પોતાને હાથે લખી ગયા હતે "કે હું ગયો હતો કરીને" તે ચાલતે? મી૦ પે. ન. દસતુર આપણા કરતાં મેહેરજીરાણાની વધુ નજદીકમાં થઇ ગયલા બે દસતુરોનાં નામની સાહદત ટાકે છે, તે પર ધયાન પુગાડવું જોઇએ. સાહદતો શું તે બધી તરફનીજ જોઇએ, તે આસપાસનીબી જોઇએ. તેમાં એક એ છે કે મરહુમ દસતુરના છોકરા કેકોબાદજીએ શાહ જહાંગીરને કરેલી અરજીનો એક ખરડો છે જે અરજી ઉપરથી જહાંગીરે ૧૦૦ વીઘાં વધુ જાગીર બક્ષી હતી. શું તે અસલ અરજી કરનારને હાથનાજ દસતક તેવણે પોતાના ફરજંદો માટે મુકી જવા હતા? તેવણની અરજી પરથી બીજાઓએ કરેલી નકલોજ રહે, બધા આસપાસના સબબો ધયાનમાં લેતાં મને એમજ લાગે છે કે; મી૦ કરકરીયાને "નવસારીમાં અંધારૂં" જણાવાથી તેવણ મેહેરજીરાણા સાહેબ તરફ જેવા ઇચછીએ તેવા અપક્ષપાત નીવડયા નથી.

સેવક તમારો

ફ. કે. મોદી

મુંબઇ, તા૦ ૨૫ મી અગસટ ૧૯૦૬.

ના૦ ૫૩

જામે જમશેદ.

(તા૦ ૨૯ મી એગસ્ટ સને ૧૮૯૬)

અકબર અને પારસીઓ વીશે મી૦ દસ્તુરીયા-ગુજરાતમાં ત્રણ સદીપર પારસીઓની હાલત.

જામે જમશેદના અધીપતી જોગ-

સાહેબ,

નવસારીવાળા મેહેરજીરાણા અકબરની દરબારમાં ધરમ સમજાવવાને અશકત હોય એવું કહેવાને મારૂં એક મુસતકીમ કારણ એ મેં જણાવ્યું છે કે નવસારીમાં મેહેરજીરાણાના વખતમાં એટલે આજથી ત્રણસો સાડીત્રણસો વરસ ઉપર ધરમ સંબંધી જાણદ વીશે અંધારૂં હતું. એ અંધારૂં અને અજ્ઞાનપણું કેવું ઘોર અને સંપુરણ હતું તે હું આજે તમારા વાંચનારાઓને બતાવવા માંગું છું. મેં એ જાણદ મારા ભાશણમાં ઈસારો કરીને જ જવા દીધી, કારણકે હું ધારતો હતો કે, એ વીશે ઝાઝો શક લોકોના મનમાં તે હશે. પણ હું હમણા જોઉ છું કે, કેટલાકો એવી ખોટી તકરાર લાવે છે કે નવસારીમાં અને ગુજરાતમાં મોટા શીખેલા અને કાબેલ ઉસતાદો તે વખતે હતા, માટે મારે દલગીરી સાથ તે વખતના નવસારી અને ગુજરાતના પારસીઓની હાલતનો માઠો ચીતાર આપવો પડે છે.

ધરમ વીશે અજ્ઞાનપણું પંદરમી અને સોળમી સદીમાં ગુજરાતના પારસીઓમાં એટલું ફેલાયલું હતું અને તેઓમાં ધરમ વીશે સાધારણ જ્ઞાન ધરાવનારા પણ એટલા થોડા બલકે નહી સરખા હતા કે, નજીવી બાબદો વીશે પણ પારસીઓએ છેક ગુજરાતથી ઈરાન કાગલો સાથ કાસદો મોકલવા પડતા હતા અને ઈરાનના દસ્તુરો જે જવાબ આપે તે પ્રમાણે ચાલતા અને તે જવાબોને સાચવી રાખતા. એ સઘળા ઈરાનના જવાબો અને ધરમ સંબંધી જ્ઞાનના કાગળો " રેવાયતો "માં હાલ મોજુદ છે. મારા મેહેનતુ મીત્ર મી૦ બહમનજી પટેલ જે કહે છે કે, " ઈરાનથી જરથોસતીઓ હિંદુસ્તાનમાં આવ્યા પછી તેઓમાં દીવસેદીવસ પોતાના ધરમ તથા રીવાજોને લગતું અજ્ઞાનપણું વધતુ ગયું, અને ધરમ સંબંધી બાબદોમાં તમને નાવાકેફીઓ " હતી. એ બરેબર સાચું છે, રેવાયતોના અભ્યાસથી એ બરૂં બતાવી શકાશે. ગુજરાતના પારસીઓ કેટલા અભણ અને ધરમ વીસરી ગયલા હોવા જોઇએ તે આ ઉપરથી જણાશે કે, ઈરાનના દસતુર અને મોબેદો ૧૪૭૮ માં ગુજરાતના કાસદથી જાણીને અજબ થઈ કમકમયા કે, " તમારી તરફ નસ્સાને જુદ્દીનો ઉચકે છે તથા ખંભાત અને અંકલેસ્વરમાં તો લાકડાની કરકતી વાપરે છે ! " ધરમ વીશે એટલું તો અંધારૂં હતું કે તેઓ ગુજરાતના પારસીઓને ભલામણ કરે છે કે " અગર બે હેરબદો અહીં તમારી તરફથી આવે અને પહેલવી શીખે, તો તમોને દીનની રાહ બરાબર માલમ પડે " (બરજોર કામદીનની રેવાયત, પાનું ૫૩૫, મુલ્લાંફીરોઝ કેતાખાનું, ના૦ ૩૫૩. એ કેતાબખાનાના કાબેલ લાઇબ્રેરીયન એરવદ શેહેરીયારજી ભરૂચાએ તસદી લઇ મને એ ચોપડીઓ બતાવી, તે માટે તેઓનો હું ઉપકાર માનું છું.) પહેલવી ભાશા ગુજરાતમાં કોઇને ખબર નહી હતી, એ આ ઉપરથી સાબેત થાય છે. તયારે

માં હતા કહેવાતા કામેલ નવસારી અને ગુજરાતના દસતુરો અને એલમાએો? તેઓને જો ધરમ વીશે ખબર હતે તો છેક ઇરાન જેવા દુરદરાજ અને બીકટ મુસાફરીવાળા મુલકમાં ધરમની સાધારણ બાબતો વીશે ખબર મેળવવા ગુજરાતના પારસીઓ કાસદો મોકલતે? ઇંટનું બાંધેલું દોખમું જરથોસતી ધરમ પ્રમાણે ના રવા છે તેટલીબી ગુજરાતના પારસીઓને ખબર ન હતી. અને જ્યારે ઇરાનથી જરથોસતીઓ અહીં આવ્યા, તયારે તેઓ જોઇને કચવાયા અને જયારે સમજ પાડી તયારે પથરના દોખમાં બાંધવાનો અહીના પારસીઓને છેક સને ૧૫૩૫ ને આશરે સુધ આવી, અને એ જાણી ઇરાનના જરથોસતીઓ ખુશી થયા. મેહેરજીરાણાના જમાના પછી અરધી સદી એટલે ૧૬૨૭ માં પણ એવી રીતે કાગળો ઇરાન મોકલવામાં આવયાં હતાં, અને એ વરસમાં "વીસપરદ" ની કેતાબ ઇરાનથી નવસારી મોકલવામાં આવી (દારાબ હોરમજદયારની રેવાયત પા૦ ૪૪૯, મુલ્લાં ફીરોઝ કેતાબ ખાનું ના૦ ૩૫૦) ૧૬૭૦ માં તેમજ ૧૬૭૩ માંગી એવા કાગળો ઇરાનથી મળયા હતા. છેક ૧૭૨૧ માં જામાસપ વીલાયતી નામના ઇરાનથી આવેલા મોબેદને હાથ ગુજરાતના ત્રણ શેહેરના ત્રણ મોટા દસતુરો–નામે નવસારીવાળા દસતુર જામાસપ આશા, ભરૂચવાળા એદ દસતુર જે મી૦ બહમનજી પટેલ ધારે છે કે, દસતુર કામદીનજીના બાવા હશે તે, અને સુરતવાળા દસતુર દારાબ, જેણે નામીચા આંકટીલ ડુ પેરોં ને જંદ પહેલવી પાછળથી શીખવી હતી તે,–એએો જંદ પેહેલવી શીખયા. વળી હું પુછું કે, ક્યાં હતા ખુદ ગુજરાતના નામીચા કહેવાતા દસતુરો અને એલમાએો કે એક પારકા ઇરાનના મોબેદને હાથ ગુજરાતના દસતુરો અવસતા ભાશા શીખયા? (પારસી પ્રકાશ પા૦ ૨૪ આંકટીલ ડુ પેરોં, અવસતા પુ૦ ૧ પા૦ ૩૩૦) દસતુર જામાસપઆસાના દસતુર પાહલન ફરેદુનના સાગરેદ હતા (પારસી પ્રકાશ પા૦ ૩૧) તે છતાં જામાસપ વીલાયતી ઇરાની પાસે જંદ પહેલવી શીખયા એ શું બતાવે છે? નામીચા અવસતા વીદવાન પ્રોફેસર વેસટરગારદ પણ એમજ કહે છે. તે છેક અઢારમી સદી વીશે બોલે છે કે,

Ignorance was then a prevailing fault among the Parsis of India. To remedy this Jamasp formed some disciples, Darab in Surat, Jamasp in Naosari and a third in Broach idem he taught Zend and Pahalvi." (Avesta Vol. I p. 5)

હવે હું સોળમી સદીનાં ખુદ તેજ વખતના એક ઇરાની મુસાફરને હાથે ગુજરાતના પારસીઓની અધરમી હાલત ચીતરાયલી બતાવવા માગું છું. સને ૧૫૩૦–૩૫ ને આસરે કાઉસ નામનો એક ઇરાની બેહેદીન હોરમજદ બંદરેથી વેપારને અરથે હીંદુસતાન આવવા અફજાદ નામના બીજા ઇરાની સાથે નીકળયો, પણ વહાણ ભાગવાથી દીવ બંદરે લાચારીમાં ઉતરયો, અને ત્યાં ઘણા મહીના રહયો. એક ઇરાની જરથોસતી દીવમાં છે એવી ખબર નવસારીમાં થવાથી તયાંના તે વખતના મુખી માનકશાહ ચાંગાશાહે ઉમંગથી તેને તેડું મોકલયું. કાઉસ પોતાના સાથી સાથે ગુજરાતનાં શેહેરો ફરતો ફરતો નવસારી ગયો અને તયાં જે જે જોયું તેનો હેવાલ તેણે લખયો છે અને હાલ મોજુદ છે જેનું નામ "કીસે કાઉસ વ અફજાદ" છે. તે વાચયાથી એક જરથોસતી તરીકે મને બેહદ દલગીરી ઉપજી, જેવી દલગીરી સઘળા જરથોસતી વાંચનારને ઉપજી હશે, અને જે

દુઃખમાં હું અતરે દલગીરી સાથ ટાંકુ છું તે પરથી તમારા વાંચનાર જોશે કે નવસારી ને બીજાં ગુજરાતના શેહેરોમાં પારસીઓ કેવા ધરમથી બેવાકેફ અને તેથી ઉલટી રીતે ચાલનારા હતા. ક્રાઉસ જો કે સાધારણ બેહેદીન હતો, તોપણ નવસારીવાળાઓએ નીચે મુજબ તેને કાકલુદીથા તેડું મોકલ્યું:—'તમો બોહતાલાના મોકલેલા છેઓ તમો બેહદીન નથી, તમો અમારી નજદીક મોબેદોની મીસાલ છેઓ, કાંયજે આ મુલકના યાને શ્રી હીંદુસતાનના બેહેદીનો દીનની રાહ નથી જાણતા, અને ગુમરાહીથી દીન અરાબ થયલી છે, અને તમામ બેહેદીનોએ દુરવંદની રાહ કબુલ કરેલી છે, અને દીનમાં કોઇ તેનાને મદદ કરનાર નથી.' ...અમરી તરફ કોઇ બેહેસતમાં જવાની રાહે ચાલતું નથી, અને અતરેના બેહેદીન તથા દુરવંદમાં કાંઇ તફાવત નથી જો તમો અતરે આવો તો તમારા આવવાથી જરથોસ્તી દીન બીજી મરતબે તાજી થશે. અગરજો તમો નહા આવશો તો અમારી જંજુમન હવે પછી જે કાંઇ ગુનાહ કરશે, અજથા તે રસતાખેજ લગી, તે ગુનાહ તમો પેસારાઓની ગરદન પર રહેશે" ક્રાઉસ અને તેનો સાથી નવસારી જવા નીકળ્યા. પહેલે ખંભાત પુગા અને ક્રાઉસ લખે છે કે "તે શેહેરમાં બેહેદીનોને જોયા તે બેહેદીનોથી દુરવંદોનો ટોળો બેહેતર હતો, અને જે પાકી આપણી દીનમા જતયેજ છે તે પાકી તે બેહેદીન લોકોમાં કાંઇ નહી હતી, તે વાતનો બોદા સાહેદ કે ...તેનાનો બસલત તમામ બદીનો હતી અને તેનાની ચાલચલણ સરવે હીંદુના મીસાલ હતી... અને તે લોકોને બોહાની દીનની એક જવ બરાબર ખબર નહી હતી, અને યઝદાંની દીનથી તમામ તે લોકો જુદાં પડી ગયાં હતાં." ભરૂચમાંથી એમજ હતું:—તે જગોના બેહેદીનોથી દીનથી બીલકુલ બે ખબર હત, અને તમામ તે લોકોએ હરેમનની ચાલ પકડેલી હતી, અને યઝદાંની દીનની રહ તમામ મુકી દીધેલી હતી, અને તેનાનું ખાવું તથા પહેરવું તમામ નસાનું હતું, અને નમો તેનાનાં બાધથી જુદો નહી હતો... અને તે જગાએ એક હેરબદ કંદામ નમનો હતો અને તેનો સરકરદાજ બાપ રામયાર નામનો હતો (પદમ રામયાર?) અને તેને દીનની થોડીક ખબર હતી. પણ દીનનાં ભેદની વાતો કહેવા જોગ તે લોક નહી હતા." અંકલેસરમાંના પારસીઓ "કરતાને દેવોનો ટોળો ભલો અને તે બેહેદીનોનાં ઘર કરતાં દોખમું ઘણું પાક હોય." સુરતના બેહેદીનોને "એક જવ બરાબર દીનની ખબર નહી હતી અને તે શ્રી સુરતવાળા લોકોનેબી મેં તમામ જોયા, ને તેઓને જોવાથી મને કુરાપો લાગયો." હવે નવસારી પુગો અને તેના મુસાફરીના હેવાલમાં નવસારી વીશે લખે છે ને એક ઘણા અભણ જેવા ટોળાનો ખ્યાલ આપે છે. "હીંદુસ્તાનમાં દીન વેરાન થયલી હતી." એ વીશે તે લખે છે. બાધરૂં સદરા કુસ્તીનું બાંધ્યા નશાકરાઓનું ઠેકાણું નહીં હતું અને ઉઘાડે પગે પારસીઓ ફરતા હતા તે ક્રાઉસ કહે છે, અને તેણે તાકીદ કરવાથી માનકારશાહ મોબેદે "બોલાવીને કહયું કે જલદી અને સેતાબીથી તમો કુસ્તી વણી લાવો ! અને મોચીઓને બોલાવીને કહયું

અક બાજુની એમની બારીએ કે એ કાગરના બરા છે, તો પણ અધારનાત વર્ગના તો તે સણ પહતો નથીજ. તેમા મોટા અને બહદાનાત જુદા પાડવામાં આવતા છે. કુલાહું બેહેદીના નથી કરતા પણ કુલાહું બુલાહ ભરેલુ કામ બેહેદીનો કરે છે અમ ખુલ્લું લખે છે. આમ તો આજની ગામડાના કેટલેક ટોળે બહદીના જુદાદીનો સાથે રહે છે.

† ત્યારે એ કુસ્તી કોણે જલદી વણી ? અધીઆનાંજ બેરાંઓએ. ત્યારે અંધીઆરાઓ આવાં મોલમીનામાં કેમ આવી શકે !

જે તમેા જોડા સીવી લાવેા...કુસ્તી અને જોડા આપી લેાકેાને કહ્યું જે કુસતી બાંધવાનેા અને જોડા પહેરવાનેા બેાદ્દાતાલાનેા હુકમ છે, વાસતે તમે ઉતાવળેથી કુસતી બાંધેા અને જોડા પહેરેા અને માનકાશાહે હુકમ કરયેા જે કેાઈ વગર કુસતીએ અને ઉઘાડે પગે જમીન ઉપર ચાલે તેને પકડી અમેાને વગર પુછવે અને કહેવે તેના પગ કાપવા.” વળી તેએા એટલા અધરમી હતા કે રવાંનેાને દુરવંદેા પાસે ઉંચકાવતા હતા. કાઉસે માનકાશાહને કહ્યું કે ‘ દુરવંદેાને હાથ રવાંન ઉચકાવીને દેાખમે પહેાંચાડયે તે ભુંડી ચાલ કાઢી નાખીને એહુદીનેાને હાથે ઉંચકાવીને રવાંનેાને દેાખમે પહેાંચાડ,” અને માનકાશાહે તે મુજબ સુધારેા કરાવયેા અને દેાખમું ઇંટનું ધરમની રીતથી ઉલટું હતું, તે કહાડી નાંખી પાઠા પથરનુ પહેલવહેલુ બનાવયું. એ સઘળું નવસારીમાં ૧૫૩૦ ની આશરે ચાલતું હતું, એટલે મેહેરજીરાણાના થેાડુક આગમજ.‡ એ શીહા ચીતર શું બતાવે છે તે હું વાંચનારનેજ વીચાર કરવાનું સેાપું છું. હું એ સઘળુ બતાવવાને નાખુશ હતેા, પણ જ્યારે મેહરજીરાણા કાબેલ દસતુર હતા અને નવસારી તેમજ ગુજરાતમાં જબરી કાબેલયત પારસીએામાં હતી એવી વડાઇ લઈ મારી તકરાર તેાડવાની કેાશેશ થાય છે ત્યારે મારી ફરજ છે કે એ બતાવવું. કાઉસનેા હેવાલ ખેાટેા પાડી શકાયેા નહી. તે એટલેા તેા સીધેા અને સચાઇના છાપવાળેા છે કે, તે ખેાટેા હેાયજ નહીં† નામીચા વીદ્વાન મુલ્લા ફીરેાઝ બીન કાઉસ પણ કાઉસના એ હેવાલને ખરેા ગણી પેાતાની “ અવીજેહદીન ” નામની પ્રખ્યાત અને વીદ્વાન કેતાબમાં ટાકી બતાવી દેખાડે છે કે, નવસારીમાં તેમજ ગુજરાતમાં પારસીએા કેવી રીતે અધરમી બની ગયા હતા. હું એવણના ફકરા ટાંકતેા નથી પણ વાંચનારને એ કેતાબનેા દીબાચેા પા. ૨-૯, વાંચવા ભલામણ કરૂં છું. કાઉસને ગુજરાતના પારસીએા સામે કાંઇ વેર નહી હતું. ઉલટું માનકાશાહની દેાલત અને હકુમતની તે તારીફ કરે છે, અને એ કાઉસના હેવાલને મેં રેવાયતેામાથી બતાવ્યું તેમ મજબુત ટેકેા મળે છે. નવસારી તેમજ ગુજરાતમાં સદીએા સુધી બહુજ અંધારૂં હતું અને દીન ધરમ બીલકુલ વીસરાઈ ગયલેા હતેા, અને કાબેલ શખસેાની અછત હતી. એ સઘળું હવે કબુલ કરયાથી કાંઇ પારસી કીરતી ઓછી થતી નથી. ઉલટું આપણી હમણાની સારી હાલતને માટે એથીતેા વધારે સાબાશી ઘટે છે. મારા માનવંત મીત્ર શેઠ ડોસાભાઇ કરાકાએ પેાતાની પારસીએાની તવારીખમાં એ અગાઉની હાલત વીશે લખયું નથી, પણ એવણની ચેાપડીની નવી આવરૂતીમાં જરૂર એ ખુટ પુરી પડાશે, એવી ખાતરી રહે છે.

સેવક તમારેા,

રૂસતમજી પે. કરકરીયા.

મુંબઇ, તા. ૨૭ મી એાગસ્ટ ૧૮૯૬.

---

‡ આસરે ૪૫ વરસ આગમચ. † ખેાટેા બનાવતી છે. જુએા નંબર ૧૨૩, ૧૨૪, ૧૨૫.

ના૦ ૫૪.

THE

RAH-E-ROSHAN

A MONTHLY JOURNAL DEVOTED TO

Zarathushtrian Religion and Philosophy.

DEALING ALSO WITH THE

Sacred Usages and Social Customs of the Parsis.

It presents abstruse subjects in a popular form, elucidating them by the light of modern Science and ancient Occult Teachings.

રાહે રોશન.

(જુન-જુલાઇ ૧૮૯૬)

નોંધ અને નુકતેચીની.

"પારસીઓ અને પાદશાહ અકબર" વિશેનું મી૦ રૂસ્તમજી પેસ્તનજી ઠરકરયાનું ભાષણ, હીંદુસ્થાની જરથોસ્તીઓની તવારીખના એક અગત્યના બનાવને લગતું હોવાથી, તેઓનું વિશેષ ધ્યાન ખેંચે એવું જ હતું, કે જેને પોતાના કેટલાક વિચારોથી ભાષણકર્તાએ વધારે ખેંચાણકારક બનાવ્યું એમ કહેવું ખોટું નથી. ત્રણ સદી અગાઉના એક અગત્યના અને જરથોસ્તી મઝહબની કીર્તી વધારનારા બનાવ આપે આજના જરથોસ્તીઓની યાદદાસ્ત તાજી થાય એવી ઉપયોગી બાબત હાથ ધરવા માટે મી૦ ઠરકરયાને શાબાશી ઘટે છે. પોતાના વિષયને રસીલા બનાવવાને રૂપે રજુ કરવામાં ભાષણકર્તા બેશક કૃતેહમંદ ઉતરયા છે; પણ એ બનાવને આધારે જે મુખ્ય અનુમાન પર તેવણ આવ્યા છે તેમાં તેઓ કૃતેહમંદ ઉતર્યા છે એવું અમે કહીશું નહી.

અબુલ ફાદર બદાઉનીના પુસ્તકમાંથી જે ઉતારો મી૦ ઠરકરયાએ પોતે આપ્યોછે, તે ઉપરથી એટલું તો સાફ પુરવાર થાય છે કે, નવસારીથી જરથોસ્તીઓ (બદાઉની પ્રમાણે "આતશપરસ્તો") દીલ્હી ગયા હતા; અકબરને જરથોસ્તી દીન વિશે પહેલી વાકેફી આપનાર એજ નવસારીવાસીઓ હતા; તેમજ તેઓનાજ ઉપદેશથી અસલી ઇરાની એટલે જરથોસ્તી રીત મુજબ આતશને સદા રોશન રાખવાનો અકબરશાહે હોકમ કીધો હતો. આ નવસારીવાસી જરથોસ્તીઓમાં—જો એક કરતાં વધુ અકબરની દરબારમાં ગયલા સાબેત થાય તો—દસ્તુર મેહેરજી રાણા મુખ્ય હતા એમ ધારવું, સઘળી વિગતો જોતાં, ખોટું કેહેવાશે નહી. આ પ્રમાણે, દસ્તુર મેહેરજી રાણાએ અકબરશાહને જરથોસ્તી દીન સમજાવીને તે ઉપર તેનું ઇમાન સાબેત કીધું એવી જે ત્રણસો વરસ થયાં દંતકથા ચાલે છે તે ખરેખર પાયદાર ઠરે છે. પાદશાહ અકબરે થોડાંક વરસ પછી ઇરાનથી દસ્તુર અરદેશરને તેડાવ્યા હતા તે બીના ઉપરથી એવું અનુમાન કરવું વાજબી નથી કે દસ્તુર મેહેરજી રાણા જરથોસ્તી દીનની જોઇતી સમજ અકબરને આપવાની શકિત ધરાવતા નહી હતા. જેમ બીજા ધર્મોના એક કરતાં વધારે પ્રતિનીધીઓ તેની દરબારમાં હતા તેમ જરથોસ્તી ધર્મના દસ્તુર મેહેરજી રાણા જેવા હીંદુસ્થાની પ્રતિનીધી ઉપરાંત એક ઇરાની પ્રતિનીધીનેબી બોલાવવાની તેણે અગત જોઇ હોય વળી તે વખતની રાજદરબારી ભાષા ફારસી હોવાથી, દરબારીઓ સાથે ફસાહતથી વાદવિવાદ ચલાવવાનું

અથવા જરથોસ્તી દીનને લગતું કોઇ બીજું ખાસ કામ ઇરાની દસ્તુરને સોંપયું હોય તે બનવા જોગ છે; પણ તે રૂહશાહ દસ્તુર અકબરને પોતાનો ધર્મ સમજાવવાને અશકત હતા એમ, મજબુત સાબેતીની ગેરહાજરીમાં, માનવું અશકય થઈ પડે છે.

અકબરે ચલાવેલી ધર્મ સંબધી વાદ વિવાદો તથા તેણે સ્થાપેલા "દલાહી" ધર્મને લગતી હકીકતોના તેના કાબેલ દરબારીઓનાં લખાણો તરીકે જે પુસ્તકો હાલ જણાયલાં છે તેઓને તદન ભરોસાબરેલી તવારીખી શાહદત ગણવા અગાઉ, તેઓ મધેનાં લખાણો અસલ તેમજ સંપૂર્ણ છે તે તેહકીક થવાની દેખીતી જરૂર છે. આ બાબતમાં એવી ખાતરી કરવાની જરૂર મુખ્યકરીને બે સબબોને લીધે માલમ પડે છે. પેહલો સબબ એ કે અકબર પછી ગાદીએ આવનાર શેહનશાહો, અને ખાસ કરીને ઔરંગઝેબ એક મોટો ઇસ્લામી ધર્માંધ હતો, જેણે પોતાની સત્તાનાં બળે અકબરના મઝહબી સુધારાઓનો અંત આણ્યો હતો. માટે એવી ભારી તાસુબી ધરાવનાર પાદશાહ, જે અકબરના દલાહી પંથને ઉખેડી કાઢવાને અચકાયો નહી તે, પોતાના ઇસ્લામી મઝહબને લોગે બીજા મઝહબોની કીર્તીનાં લખાણો અસલ હાલતમાં ચાલુ રેહવા દે, અથવા તેઓમાં ફેરફાર કરાવવા જેટલી તાસુબી નહી બતાવે, એવું માનવાનું કીયું મજબુત કારણ છે? અકબરના મઝહબી સુધારાઓને લગતાં લખાણોની અસલીયત તેહકીક કરવાની અગતનો બીજો સબબ મી૦ કરકરયા પોતેજ પુરો પાડે છે કે, એ વખતના તવારીખનવેશો તથા નકલ કરનારાઓ સચાઇને વળગી નહી રેહતાં પોતાને મનગમતા વધારા ઘટાડા કરતા હતા. એ વિશે મી૦ કરકરયા પોતે જ્યારે ખાતરી ભરેલા છે, ત્યારે અકબરનામા, ઇ૦, પુસ્તકોની મોજુદ નકલોમાંનાં લખાણો અસલ તથા સંપુર્ણ છે એમ માનવાને બદલે આપણે સલામતી સાથે એવું અનુમાન કરી શકીએ કે જે દસ્તાવેજો દસ્તુર મેહેરજી રાણાના કુટુંબીઓ પાસે હાલ છે તે અકબરશાહના વખતનાં લખાણની એકાદ અસલ નકલમાંના ખરા ઉતારા હોય. અત્યારસુધી રજુ થયલી સઘળી વિગતો ઉપરથી આપણે એજ સેવટ ઉપર આવી શકીએ છીએ.

ના૦ ૫૫.

જામે જમશેદ.

(તા. ૩ જી સપ્ટેમ્બર સને ૧૮૯૬)

ગુજરાતમાં ૩ સદીપર પારસીઓની હાલત વીશે મી૦ કરકરીયા.

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

ગયા સનીવારના તમારા અંકમાં મી૦ રૂ૦ પે૦ કરકરીયાનો પત્ર છપાયો છે, તે મેં વાંચ્યો છે. તેમાં રેવાયતો, ઇરાનથી વીસપરદની કેતાબ નવસારીમાં આવી, પ્રોફેસર વેસ્ટરગારડનું મત તથા કાઉસ અફસાદના કીસા ઉપર તેઓએ આધાર રાખ્યો છે તે મેં જોયો છે. આ વીશે થોડુંક બોલવાની મને રજા આપશો. મારૂં કહેવું આગળ ચલાવું તે આગમજ પ્રથમમાં મારા કાબેલ મીત્ર શેઠ અ૦ સો૦ દસતુર કામદીનનો ઉપકાર માનવાની રજા લઉં છું, જેમણે કેટલાંક તારીખો સુધાંનાં સીધાંતો મારા હાથમાં મુક્યાં છે.

જ્યારે ઇરાનવાસીઓને ખબર થઇ કે, હીંદુસ્તાનમાંથી જરથોસતીઓ વસે છે,

તયારે તેઓને ઘણી ખુશી ઉપજી, તેમ ત્યાંના રહેવાસીઓને પોતાનાં અસલ વતનથી આવેલા હમદીનભાઇઓને જોઇ ઘણી ખુશી ઉપજે અને તેઓ ઇરાનમાં બધા શીખેલા હોય એમ માની લે તેમાં નવાઇ નથી. ખરી વાત છે કે હીંદુસ્તાનથી કાસદો મોકલી ઇરાનથી કેટલીક બાબદોની પુછપરછો કરી હતી. પણ તે ઉપરથી એમ ઠરતું નથી કે, હીંદુસતાનના બધા પારસીઓ હલકી વરણના બધા દુરવંદો કરતાં નપેતર હતા. કાબેલોને સવાલો પુછવાને વાસતે કાબેલયતનું જોર જોઇયે છે. એક માણસ બોલે ચાલે તે ઉપરથી તેનામાં પાણી કેટલું છે, તે ફકત વાતચીતપરથી જણાઇ આવે છે, તેમ અત્રેથી મોકલવામાં આવેલા સવાલો કેવા દાનાઇભરેલા અને દીનઆઇનનાં કામોથી માહીતગાર શખસોના હાથથી લખાયલા હોવા જોઇયે, તે સવાલોનાં રૂપ જોયાથીજ ખાતરી થશે. અત્રે બેઠેલી પારસી પચાંગ ગોઠવનારી કમીટીએ પહેલી બારીની બેઠકોમાં નકી વીચાર ઉપર આવેલી છે કે, એ તકરાર બાબે યુરોપીયન ઓલમાઓનાં મત પુછાવવાં, તો તે ઉપરથી ત્રણસો વરસ રહીને કોઇ યુરોપીયન આપણા બચાંઓને તાણો મારવા નીકળશે કે, "તમારા વડવાઓ ૧૬ મી સદીની આખેરીઓણી અંધારાંમાં હતા, કે યુરોપવેરથી અમારાં મત મંગાવેલાં છે," તે શું વાજબી કહેવાશે ? એ તો સરેસતોજ છે કે, અકેકને પુછીને મજબુતી મેળવતા જવું. વળી જેઓએ રેવાયતો વાંચી હશે તેઓએ જોયું હશે કે, તેમાંની કેટલીક બાબદો અવસતાના ફરમાનથી ઉલટી છે અને તે આજના જરથોસતીઓ હશી કહાડે તેવી છે. તેથી બીજા જણાય છે કે આશરે ૩૦૦ વરસ ઉપર ઇરાનમાં દીનનો એલમ ઘણો જાહેર ન હતો. એક ઠેકાણે ઇરાનીઓ લખે છે કે, " મુસલમાનોના જુલમથી અમે એવા તો કચડાયલા છીયે કે અમારૂં દીનનું કામ હાલ હવાલ એટલે સાસનાસાસ ચાલે છે. "

નવસારીમાં વીશપરદ કેતાબ ઇરાનથી આવી તેથી એવું સાબેત થતું નથી કે, નવસારી તથા ગુજરાતમાં એ કેતાબ ન હતી. આજેબી ઇરાનના જરથોસતીઓ પાસે કેટલીક યશતો નથી. એવણ કહે છે કે " છેક ૧૭૨૧ માં જામાસપ વીલાયતીએ આવી ત્રણ દસતુરોને જંદ પેહેલવી શીખવી. આ ઉપરથી એમ ઠરતું નથી કે તે વખતના દસતુરો તથા મોબેદો કાંઇજ જાણતા નહી હતા. આજે ત્રીસ વરસની વાત ઉપર શેઠ ખ૦ રૂ૦ કામાજી જરમનીથી ફાઇલોલોજીને કાયદે જંદ શીખી આવી કેટલાક આથોરનાન જવાનોને પોતાનો એલમ શીખવ્યો, ને તેનાં ફળ તરીકે એરવદો કાવસજી ઠાંગા, શેહેરીયારજી ભરૂચા, તે૦ અંકલેશ્વરીઆ, એદલજી આંટયાને જોઇએ છીયે. તો આજ પછી શું બે એક સદીઓ પછી એકાદ બેહેદીન મોબેદોને તાના મારવા નીકળે કે, અમારા બેહેદીને તમોને જંદ, પેહેલવી શીખવેલી તે શું બરાબર ગણાશે ? ભરૂચમાં ૨૦૦ વરસોની વાત પર એક જંદ પેહેલવી મદરેસા હતી, અને તે લાંબી મુદત સુધી ચાલુ રહી હતી. આજે મુંબઇમાં એ પુરાતન ભાશાઓ શીખવવાની બે મકતબો છે. તેથી એમ નથી ઠરતું કે આગલા વખતમાં જરથોસતીઓ દુરવદ જેવા હતા, અને હમણાં આ બે મદરેસાઓને લીધે તેઓમાં દીનદારી આવી છે. દીનદારીને અને ભાશાઓની માહીતીને અંકેક સાથ ઘણું લાગતું વળગતું નથી. જામાસપ વેલાયતીએ છેક ૧૮ મી સદીમાં પેહેલવી, જંદ ત્રણ જણાઓને પેહેલવેહેલી શીખવી, તો ૧૩૬૭ માં ભરૂચવાસી પેશોતનરામે ગાશતફરીઆન પેહેલવીમાં લખી છે તેનું શું સમજવું ?

સોળની સદીમાં કાઉસ અફ્સાદ નામે એક બેહેદીન બીજા હમશરીક સાથે હીંદુસતાન આવેલો કહેવાય છે. એ કીસસાને. ગુજરાતી તરજુમો ઇ૰ સ૰ ૧૮૩૧ માં છપાયો છે. એટલે આજથી ફકત ૬૫ વરસે. ઉપર કબીસા સંબંધી દસતુરજી મુલ્લા ફીરોઝના વખતમાં જુમએસ ચાલતી હતી, તે વખતનો એ હીસાબ છે. એ કીસસે. બાહેર પડયો તે વખતે ગુસસા સાથે શેહેનશાહીઓમાં જોસભરી તકરાર ચાલી રહી હતી કે, કદમીઓના આગેવાનો તરફથી મગજમાંથી એ કીસસો જોડી કાઢી તેનો તરજુમો કબીસાની અને કદમીઓએ અખતયાર કરેલા કેટલાક નવા રીવાજો—જેવા કે છોકરીઓનું નામ બાપ સાથે લેવું તેવા વખતમાં—પોતાના બોલવાને ટેકો આપવા માટે પ્રગટ કરવામાં આવ્યો હતો. પોતાની મતલબ હતી તેથી હીંદુસતાનના આગલા જરથોસતીઓ ઉઘાડે પગે ફરતા હતા, સદરાકુસતી જેવું જાણતા ન હતા, પોતાનાં રવાંનાને દુરવદો પાસે ઉંચકાવતા હતા, અને તેઓના ઘરની હાલત દોણમાં કરતાં પણ નપેતર હતી, એવો કહાંણી જેવો ચીતાર કાઉસ અફ્સાદનાં ઓથા તળે બાહેર પાડવામાં આવ્યો હતો. આ કીસસાને કોઇ થી તવારીખનો ટેકો નથી તે છતાં મી૰ કરકરીયા જેવા બાહોશ અને અબરૂદાર નુકતેચીની એવી વાતો કેમ માને છે, તે મને ઘણી અજાયબી લાગે છે. ઉતર હીંદુસતાનનો એક ચોપડામાંથી દસતુરજી મેહેરજી રાણાનું નામ મળી આવ્યું છે, તો તે માટે કહેવા નીકળ્યા છે કે તેમાં આ લડત પાછળથી ઘુસાડી દીધેલી હશે, કારણ તેને બીજી ચોપડીઓથી ટેકો મળતો નથી, તો આ ચોપડી જેનું નામજ કીસસો કરી છે, તેમાં સમાવેલી વાતો તદન કલ્પીત છે એમ કોઇ સમજુ વાંચનાર કહી શકે તેપર એવણે એટલો બધો વીશ્વાસ કેમ મુકી દીધો, તે બીના મનમાં ગુચવાડો પેદા કરી આગલા મારા વસવસાને મજબુતી આપે છે કે, એવણનાં મનમાં ઠસેલા ચોકસ વીચારોને પકડી રાખીનેજ એવણ પોતાનું કામ કરે છે. ખરી વાત તો એ છે કે ઇરાનના જરથોસ્તીઓ જુલમને લીધે સદરો કુસતી પહેરી શકતા ન હતા, અને તયાંનાં ગામડાંના પારસીઓ પોતાનાં રવાંનોને અવલમંજલ કેમ પહોંચાડે છે, તેની જો એવણ ભાઇ બ્રધર કહાડશે તો માલમ પડશે કે, જે ચીતાર બરેબરો ઇરાનનો છે, તે મતલબનેસર હીંદુસ્તાનના પારસીઓને લાગુ કરી દેવામાં આવ્યો છે.

મી૰ કરકરીયા લખે છે કે "ઇરાની જરથોસ્તીઓએ સમજ પાડી તયારે પથરનાં દોખમાં બાંધવાની અહીંયાના પારસીઓને છેક ૧૫૩૫ ને આશરે સુધ આવી." પણ ભરૂચમાં ૧૩૦૯ માં પથ્થરનું દોખમું બંધાયું હતું તેનું કેમ ? એ તો ગામેગામ વાળાઓની જેવી શકતી તે માફકતેઓ કરતા હતા. આજેબી ફંડ પુરતું ન થવાથી બહનેરાવાળા જરથોસ્તી ભાઇઓને પથર સાથે ઇંટનું કામ લઇ એક દોખમું પોતાના ગામમાં ઉભું કરવાની ફરજ પડી છે. નવસારીની અંજુમનના આગ્રહથી ૧૪૧૯ માં વાંસડેથી નવસારીમાં ઉદવાડાવાળા આતશબેહેરામ લાવવામાં આવ્યા હતા. હવે જો નવસારીની અનજુમન દુરવંદો કરતાંણી નપેતર હતે, તો તેઓને એ આગ્રહ કરવાનું કામ શું ? એ ઉદવાડાવાળા અને નવસારીના બોએદો વચે દીનઆઇનના કામ કરવા બાબે જે સમજુતીઓ થયલી છે, તે વાંચવાથીજ માલમ પડશે કે, ધરમ સંબંધી તેઓની લાગણી કેવી ચીવટ હતી. એવી લાગણીના માણસો શું સદરા કુસતી વગર ફરે ? ને પોતાના વહાલાંઓની લાસ દુરવંદ પાસે ઉંચકાવે ? મને

અજબ લાગે છે કે તવારીખના ટીકાકારમાં પસાર થતા મી૦ કરકરીયાએ આ કીસસાને જરાબી શકની નજરથી ન જોતાં સામનો તેને ખરો કહેવા નીકળયા છે. એવણ ભાઇ આ કીસસાને ખરો માને છે, અને તેનાં કારણમાં જણાવે છે કે, મુલ્લાં ફીરોઝજીએ પણ તે ખરો માનયો છે. પણ મુલ્લાં ફીરોઝજી સાહેબના બાવા શું કહે છે તે જુએો. તેવણ સાહેબ લખે છે કે, આજથી ૨૭૫) વરસો ઉપર થઇ ગયલા ભરૂચના બેહેરામ કામદીન પોતાના વખતમાં એક કાબેલ પુરૂશ હતા, અને આજથી ૩૫૦) વરસો ઉપર થઈ ગયલા રામયાર કાહાનાન વીશે તેવણ લખે છે કે, "રામયાર, મોબેદાનમોબેદ, સઘળા મોબેદો અને બેહેદ્દીનોના ઉસતાદ, હીંદુસ્તાનના તમામ મોબેદોને ઉરવીશ ધાહનું કામ શીખવનાર એક નામીચા ઉસતાદ હતા." આજથી ૫૦૦) વરસો ઉપર આસા માહીયાર તથા મોદા તથા આજથી ૬૨૫) વરસો ઉપર થઈ ગયલા કાકા ધનપાલ તથા કાકા પાહલન નવસારી આવયા હતા, અને ભાગમાં નવસારીના બેહેદ્દીનોને તયાંનું કામ વહેંચી લીધું હતું. હવે જો નવસારીના બેહેદ્દીનોને ધરમપર એકીન ન હતે, તો તેઓ કીયાકામ કરાવતેજ શું કામ? વળી એ ૧૫૩૦ ને સુમારે આવનાર આસામી કાઉસે બધેબધ ફરી તેઓના રીવાજો, કાફરી એકીન, નસાના બાવાના વટીકની ઢીંગ કહાડી છે, ને તેમાં સુધારો કરાવયો, તો તેઓને ગુજરાતી પારસીઓના ભણતરમાં ૧ માસનો ફરક કાં ન જણાયો, ને તે વીશે તેઓની સુધ કાં ન ઉઘાડી? કદાચ મી૦ કરકરીયા કહેશે કે ગુજરાતના પારસીઓ તે વખતે ભણી ગણી જાણતા ન હતા, તેથી દીનદાર કાઉસના સમજવામાં તે રોજ માહાની વાત આવી નહી, તેથી તે એમજ સમજેલો કે એ લોકનો રોજ માહા ઇરાનીઓના જેવોજ હશે. પણ જેમ દસતુરજી મુલ્લાં ફીરોઝજીએ પોતાના ટોળાના ફેરવાયલા રીવાજોની મતલબ ખાતર આ કીસસો ખરો માની લીધો છે, તેમ ભાઇ કરકરીયાએ દસતુર મેહેરજી રાણાને એક નાચીજ ઠરાવવા માટે કીસસો ખરો માની લીધોછે. આજથી ૩૦૦ વરસોની વાત ઉપર પારસીઓ સદરો કુસતી પહેરતા ન હતા, તેઓ પોતાના રવાંનોને દુરવંદો પાસે દાખમે ચહડાવતા હતા, એવાં જે તોહોમતો તે નવસારીની પારસી અંજુમન ઉપર એક હરડતું લાઇબલ છે, અને તેવણ પોતાના ચરચાપત્રની આખેરીએ શેઠ ડોસાભાઇ ફરામજીની પારસીઓની નીકળનારી તવારીખની નવો આવકૃતીમાં આ કીસસાને દાખલ થયલો જોવા ઇચ્છે છે. શેઠ ડોસાભાઇ ફરામજી બુજરગીએ પહોંચેલા છે, તેવણની નસોમાં જવાનોનું ઉછાછળું લોહી દોડતું નથી, માટે સરવેને આશા રહેછે કે, શેઠ ડોસાભાઇ એવણ ભાઇનું માને તે આગમજ આપણા ટોળાના સમજુ શીખેલાઓનું મત લેશે.

સેવક તમારો,

રૂ. કે. મોદી.

મુંબઇ, તા૦ ૨ જી સપટેમબર ૧૮૯૬.

ના૦ ૫૬

જામે જમશેદ.

(તા૦ ૪ થી સપ્ટેમ્બર સને ૧૮૯૬.)

ગુજરાતના ૩ સદી ઉપરના પારસીઓની હાલત વીશે મી૦ કરકરીયા.

જામે જમશેદના અધીપતી જોગ-

સાહેબ,

તકરારની ગરમા ગરમીમાં તપી જઇને મી૦ કરકરીયાએ દસતુર મેહેરજીરાણા

અને ત્રણ સદી ઉપરના ગુજરાતના પારસીઓ વીશે જે ચોકસ વિચારોની નોંધ તવારીખમાં જાળવી રાખવાનું "અલટીમેટમ" પોતાની સામી બાજુવાળાઓને આપ્યું છે, તે ઉપર તેવણ લગાર ધીરજથી પાછો વિચાર કરશે, એમ આપણે આશા રાખીશું. મી૦ કરકરીયા એક બાહોશ અને ઉદ્યોગી અસલી બાબદોના લખનાર તરીકે દેશ પરદેશમાં વખણાવા માંડયા છે. તેવણ જેવા એક જવાન અભ્યાસી માટે તેમની કોમ અને તેમનો આથોરનાન ટોળો બેશક મગરૂર છે, માટે તેવણને પોતાની એ કીરતી ટકાવી રાખવા ખાતર હું સુચના કરૂંછું કે પેલા શરમાળ આથોરનાનજાદા મી૦ રૂ. કા. મોદી જે "જવાનીના ઉછાછળા લોહી," વીશે ઇસારો કરે છે, તે લોહી ઉપર સેહેજ લગામ રાખીને કામ લેવું, કે જેથી તેવણ પોતાના અથાગ અભ્યાસની શોભામાં ઓરબી વધારો કરી શકશે. ચંચળ મનશકતીના અને કીરતીવંત માણસોને વટીઠ, ઘણીવાર જવાનીના જોસા વખતે ઉતાવળમાં કરી દીધેલાં કામો માટે પાછળથી પસ્તાવું પડે છે. આથી મી૦ કરકરીયાને તેમના ભલું ચાહનાર દાખલ ભલામણ કરૂં છું કે, "શીવાજીની યાદગારી ને ઇનસાફ અપાવનાર તવારીખનવેશે પોતાના હમજાત અને હમવતની દસતુર મેહેરજીરાણા તથા તેવણના જમાનાના બીજા નોસારીવાસી જરથોસતીઓની યાદગારીને ગેરઇનસાફ કરયો હતો" એવો કલંક પોતાને માથે આવવા દેવો નહી. તવારીખનવેશો, અકસર કરી મી૦ કરકરીયા જેવા લોકોનો વીશવાસ જીતી લેનારા તવારીખનવેશોએ બહુજ શાંત અને છેકજ અપક્ષપાત મગજ રાખીને દરેક બાબદ ઉપર મત બાંધવું જોઇયે, નહી તો નાની સરખી કસુરને લીધે તેઓના બોહોળા અભ્યાસ અને અથાગ મેહનત પાણીમાં જવાની ચીંતા રહે છે. એક તવારીખનવેશનાં એક લખાણમાં પાછળથી કાંઇ ભુલચુક જણાઇ, એટલે તેનાં બીજાં લખાણોની સચાઇ વીશેબી તેની પાછળના જમાનાના લોકોને વહેમ પેદા થાય છે.

ગુજરાતના ૩૦૦ વરસ અગાઉના પારસીઓની હાલત વીશે કાંઇણી નકી અભીપ્રાય પુસતકનાં રૂપમાં જાહેરમાં મેલવા પહેલાં ધીરજથી બંને બાજુઓનું પુરતું સાંભળવાની જરૂર છે. છાપા અને વીદ્યા હુનરની બળીહારીના આજના વખતમાં વટીઠ, કેટલાંક વરતમાનપત્રો અને ચોપડી ચોપાનીઆંઓ એવાં પ્રગટ થયલાં છે, કે જેમને આધારે આજના પારસીઓની તવારીખ સો કે બસો વરસ પછી જો કોઇ તવારીખનવેશ તપાસવા બેશશે, તો તે ભુલથાપ ખાઇ જશે. જો તમારાં જેવાં ગુજરાતી દરરોજનાં વરતમાનપત્રો તથા મી૦ બહમનજી પટેલ જેવા ઉદ્યોગી તવારીખનવેશનાં "પારસી પ્રકાશ" ના પુસતકો પડતાં નાખી, આવતા જમાનાનો કોઇ તવારીખનવેશ, બીજાં કેટલાંક ભુલથાપ ખવાડનારાં વરતમાનપત્રો કે ચોપડી ચોપાનીઆંનો અને કહાણી કીસસાઓનો આધાર લેશે, તો ૧૯ મી સદીના પારસીઓ વીશે તે એવાં અનુમાન ઉપર આવશે કે, "તેઓએ અવસતા ભાશામાં બંદગી કરવાનું છોડી દીધું હતું, ગુજરાતી ભાશામાં ગાયન રૂપી બંદગીઓ તેઓ ગાતા હતા, બાજરોજગાર કરવાનું માડી વાળયું હતું, બધી વાતે ઇંગ્રેજી રહારસમને તેઓએ ધારણ કરયાં હતાં, અને ઇંગ્રેજો, અથવા બરાબર બોલતાં વટલેલ દેશી ક્રીસતીઓને મળતી જીંદગી ૧૯ મી સદીના પારસીઓ ગુજારતા હતા," વગેરે. ઉપલું ચીત્ર થોડાક મુઠીભર પારસીઓનેજ માત્ર લાગુ પડશે, પણ ભવીશમાં

પુરતી તપાસ વીના એકતરફી હકીકત તપાસનારાઓ તે આખી પારસી કોમને લાગુ પાડી શકશે. જો મી૦ કરકરીયા ફરસુદને વખતે એકાદ બે કલાક આજનાં વખતનાં કેટલાંક વરતમાનપત્રો અને ચોપાનીઆંઓની ફાઈલો ઉપરટપકેથી ઉલથાવી જશે અને લેભાગુ લખનારાઓને હાથે લખાયલી "સંસારી વારતાઓ"ના મોટાં નામનાં ઓઠા તળે લખાતી ખોટે રસ્તે દોરવનારી વારતાઓ વાંચશે, તો તેવણને જણાશે કે, એ લખાણો આવતી ઓલાદને માટે કેવાં ભુલથાપ ખવાડનારાં છે. આજના આગળ વધેલા વખતમાં જો આવાં ખોટે રસ્તે દોરવનારાં સંબંધબંધ લખાણો મળી આવે, તો ૩૦૦ વરસ અગાઉના પછાત જમાનાંમાંથી કાં નહીં તેવા એકતરફી લખણો લખાયાં હોય ? મી૦ રૂ. કે. મોદીએ આ ચરચામાં શાંત મગજ અને સ્વતંત્ર લાગણીથી "જમે"માં જે લખાણો કરયાં છે, તે ઉપર ધીરજથી મી૦ કરકરીયા વીચાર કરશે અને પોતાની એક અપક્ષપાત તવારીખનવેશ તરીકેની કીરતી ઉપર કોણી કલંક આવવા દેશે નહી.

લા૦ રૂસતમખાન,

મુંબઇ, તા૦ ૩ જી સપટેમ્બર ૧૮૯૬.

ના૦ ૫૭

જમે જમશેદ.

(તા. ૫ મી સપ્ટેમ્બર સને ૧૮૯૬)

ગુજરાતના ૩ સદીપરના પારસીઓની હાલત વીશે મી૦ કરકરીયા.

જમે જમશેદના અધીપતી જોગ—

જાહેર,

તમારો ચરચાપત્રી મી૦ રૂ. કે. મોદી—જેવણ હું ભુલતો નહી હોવું તો મારી આગળ મહેરજીરાણા કુટુંબ તરફથી તવારીખમાં ઘુમાવેલા ખોટા ફકરાઓની સાહદતો લાવ્યા હતા* તેવણ—મને 'બાહોશ નુકતેચીની" ગણવાનું માન આપે છે તે, જોકે મને આવા માનની એ તરફથી જરૂર નથી. તોપણ હું સવીકારૂં છું. પણ ઘણો દલગીર છું કે, મારાથી એના બદલામાં એવણને અરસપરસની રીત મુજબ એવું માન ખરી રીતે અપાતું નથી. હું જો એવણને તવારીખના એક નુકતેચીની કહું તો સચાઈથી ઘણો વેગળો મને જવું પડે. એવણનાં ચરચાપત્ર ઉપરથી સરવેની ખાતરી થઇ હશે કે, સઘળાથીજ તવારીખના નુકતેચીની થવાતું નથી, અને એમ ટીકકાકાર થવાનું સેહેલ નથી જે મેં "હા" કહયું તેનું મી૦ મોદી "ના" કહે છે અને મારા "ના" ની એવણ "હા" કહયા પછી કારણો તો વાંચનાર પોતાની ગાંઠના સુકે તેજ તો ! એવી "નુકતેચીની" ને જવાબ શું આપવો તે સમજ પડતું નથી અને હું તસદી પણ નહી લેવાનો હતો, પણ જ્યારે તમે એ પત્ર છાપ્યું છે, તયારે હું સહેજ બતાવીશ કે પત્રમાં "હા" ને "ના" સીવાય બીજું કશું નથી. વળી બીજું કારણ મને એ પત્રની તકલીદી ઉઘાડી પાડવાનું એ છે કે બમે જનાઓ, અને તેની વળી "કાબેલ મીત્રો" જેહેમત ખેંચી "તારીખ સુધીના સીધાતો" બહાર લાવયા છે ! તયારે જરા વાંચનારે તેની તપાસ લેવી જોઇયે. "

તમારા ચરચાપત્રીએ, વકી મુજબ "ફ્રીસસે ફાઉસ" ઉપર પોતાની કાબેલયતનો મારો ચલાવયો છે. અને એ મારો પેલી નામીચી કપ મેકરની પેટંટ "ગરબછાંટ" નો છે. એ ફ્રીસો ખોટો ઉભો કરેલો છે, એ કાંઈ તવારીખ નથી, વગેરે. માત્ર બોલીનેજ

* જુઓ નંબર ૬૦.

તમારો ચરચાપત્રી અટકયો છે. પણ ખોટો શી રીતે અને શું કારણોસર તેનું તો કાંઇ નામ નીશાન નહી દીસતું. નવસારીવાળાઓના હીમાયતી તરીકે નોકળાયા છે, પણ એ હીમાયત કરતાં તમારો ચરચાપત્રી ભુલી ગયલો દીસે છે કે, મુંબઇ તે કાંઇ નવસારી નથી, અને "જામે જમશેદ" ની ઠટારો તે કાંઇ અગીયારીનો ઓટલો નથી, કે જે ગમે તે ફરાકા મારે તે ચાલે.

મી૦ મોદી કહે છે કે " કીસસે ફાઉસ" તો કદમીઓએ શેહેનશાહીઓને ખરાબ લગાડવા કબીસાના હીંગામ ઉપર, આજથી ૬૫ વરસ ઉપર, પોતાના મગજમાંથી ખોટો ઉભો કરયો હતો. એ અતીશય ગંભીર તોહોમતના ટેકામાં એક પણ તકરાર લાવેલી હું જોતો નથી. " એવો કહાણી જેવો ચી તાર ફાઉસ અફસાદના ઓઠાં તળે બહાર પાડવામાં આવયો હતો," ૧૮૩૧ માં. હવે ખરી વાત શું છે તે જોઇયે. ૧૮૩૧ માં તો એ 'કીસસા" નો બીજીવારનો ગુજરાતી તરજુમો છપાયો હતો. એ બીજીવારનો તરજુમો કરનાર, દસતુર ફરામજી અસપંદીયારજી રગાડી, પોતાના દીબાચામાં લખે છે કે, એની નજદીક ૫૦ વરસ આગમજ ૧૧૫૩ યઝદેજરદી ને ૧૭૮૩ ઇસવીમાં એવરદ એદલજી નવરોજજી આંતીયાએ એનો ગુજરાતી તરજુમો કર્યો હતો (હાદેસાનામુ પા. ૬) તયારે કબીસાના હીંગામની અરધી સદી આગમજ તો એ ફારસી કેતાબનો ગુજરાતી તરજુમો મોજુદ હતો. એટલે એ કબીસાની જુમએસ વખતે ખોટો કદમીઓએ ઉભો કરેલો કેમ હોય ? બીજું, એનો ૧૮૩૧ માં તરજુમો કરનાર કાંઇ કદમી નહી હતો. તે તો ચુસત શેહેનશાહી હતો. ત્રીજું, જો કદમીઓએ શેહેનશાહીઓને ખરાબ લગાડવા એ ઉભો કરયો હોય તો એમાં નેમ શું હોય તે બીલકુલ દીસતું નથી. જે વખતનું એ કીસસો બયાન કરે છે તે વખતે એટલે ૩૫૦ વરસ ઉપર કાંઇ શેહેનશાહી ને કદમી એમ બે ટોળા હતા નહીં, તયારે તે વખતના ગુજરાતના જરથોસતીઓ તે શેહેનશાહીના તેમજ કદમીઓનાબી વડાવા હોવા જોઇયે, અને તેઓને ખરાબ લગાડવાથી તો કદમીઓનેજ ઉલટું ખરાબ લાગે. ચોથું, તમારો ચરચાપત્રો કહે છે કે, ફાઉસને " ગુજરાતી પારસી ઓના ભણતરમાં એક માસનો ફરક નહી જણાયો " તેથી એ કીસસો ખોટો ઉભો કરેલો ! એનો જવાબ સેહલો છે. એક મુસાફર ટુકો હેવાલ લખે તેમાં બધી ચીજ તે કયાંથી લખે ? અને જ્યારે ભણતરજ તેને બરાબર કેથે દીસયાં નહીં * તયારે એક માસનો ફરક તે કયાં જોવા બેસે ? જે ગંભીર ખામીઓ ફાઉસે ગુજરાતના પારસીઓમાં જોઇ તે સાથ સરખાવતાં વખતની ગણતરીની ખામી એટલી તો નજીવી હતી કે તેને નોધવાની દરકાર નહીં કરી હોય. શું તમારો ચરચાપત્રો એમ કહેવા માગે છે કે, એક મુસાફરે બધોજ હેવાલ ચીપી-ચીપીને આપવો, ને જરાબી એકુ બાબદ રહેવા દીધી તો તેનો હેવાલ ખોટો ? પાંચમું, વારૂ જો કદમીઓએ એ કીસસો " ખોટો " પોતાના બોલવાને ટેકો આપવા માટે પ્રગટ કરયો હોય એમ ધારયે તો તેઓ ખરેજ મુરખ હોવા જોઇયે કે તેની અંદર પોતાની મુખય નેમ જે

* મુલ્લા ફીરોજ પોતાની કેતાબ "અવીજેહ દીન"ના ૧૨ માં પાનામાં લખે છે કે "આગલા રસમી દસ્તુરો હાલના કરતાં કામેલ હતા." વળી ૩૦૪ માં પાનામાં લખે છે કે " આપણા આગલા દસ્તુરો હાલનો દીદારી સમજતા હતા. "

હતી તેજ અંદર મુકવાને વીસરી ગયા! તે નેમ ગુજરાતના પારસીઓ ગણુતરીમાં એક માસ ભુલયા છે તે બતાવવાની હતી તયારે તો જરૂરજ તેઓ એ કાઉસનાં મોઢામાં એમ મુકતે કે "મેં જોયું કે ગુજરાતવાળા પારસીઓ ઈરાનની અમારી ગણુતરીથી એક માસ ભુલેલા છે." તેઓએ જો "પોતાના બોલાવાના ટેકામાં" ક્રીસસો ખોટો ઉભો કરવાની મેહેનત લીધી તયારે તો જરૂરજ એમ કરતે. કદાચ તેઓ ક્રીસસો લખતાં લખતાં પોતાની મુળ નેમજ વીસરી ગયા હશે! છહું, મેં નામીચા દસતુર મુલ્લાંપ્રીરોજની સાહદત આ ક્રીસસાના ખરાપણા વીશે ટાંકી તેનો જવાબ તમારો ચરચાપત્રી બહુજ વીચીત્ર આપે છે. મુલ્લાં ફીરોજે તો એમ કહયું "પણ તવણુના બાવા શું કહે છે તે જુવો!" દીકરાની સામે બાવાને તકરારમાં લાવવાની આ રીત પેલી ઈસપનીતીની વરૂની વારતા યાદમાં લાવે છે. વરૂએ બકરાંને કહયું કે "તેં નહી તો તારા બાપે તો મને ગાળ દીધી હશે!" વારૂ એ રહયું. પણ દસતુર મુલ્લાં ફીરોજના બાવા એવું તે શું ક્રીસસે કાઉસ વીશે કહે છે તે તો સમજયે. પણ ખરેખર બીચારા એ બાવા મુલ્લાં કાઉસને બાલી વયમાં લાવવામાં આવયા છે. તેવણુ કાંઇણી એ ક્રીસસા વીશે કહેતા નથી. તેવણુ તો, તમારા ચરચાપત્રીનાજ કહયા મુજબ એમ કહે છે કે, "રામયાર મોબેદોને ઉરવીસઘાહનું કામ શીખવનાર એક નામીચા ઉસતાદ હતા." તેથી ક્રીસસે કાઉસે ખોટો ઉભો કરેલો ઠરયો, અને મુલ્લાં ફીરોજથી ખોટા અને સેવકબી ખોટો! અને તેથી તમારા ચરચાપત્રી ખરા, અને તેથી નશાકરાબો ઉ સદીપર જબરા હુશીઆર હતા, અને તેથી મેહેરજીરાણા અકબરની દરબારમાં જબરી નામના મેળવા આવયા! O. E. D.! એ "સીધાંતો" જબરી! એ "લાજીઠ" બી જબરી. એ તમારો ચરચાપત્રી કોઇ ત્રણ સદીપરના નવસારીના નામીચા કાબેલ દસતુરાન દસતુર કોઇ "કાકા ધનપાલ"ની "તેક્ષટબુક" માથી શીખેલો લાગે છે!

રામયાર ઉરવીસઘાહનું કામ શીખવનાર ઉસતાદ હશે, એ કોણ ના પાડે છે? મેં તો આગલથીજ કહયું હતું કે, નવસારીના મોબેદો "ઉરવીસઘાહ" ને બીજી સઘળી ક્રીયાનું કામ જાણતા હતા, અને તેમાં માહીતગારબી હતા. તેની વાતજ નથી. અહીં તો કાબેલયતની વાત છે. આજેબી ક્રીયા કામ કરનારા જબરા મોબેદો છે, જેઓ અવસતા ભાશાનો એક બોલબી જાણ્યા વગર નીરંગદીનની બીકટ ક્રીયા કલાકના કલાક સુધી પોપટ માફક સડસડ વગર સમજે ભણુતર ભણી મોબેદોમાં નામના મેલવે છે, અને એ મોબેદોના નામીચા ઉસ્તાદોબી આજે છે, જેઓ નીરંગદીનની ક્રીયા વખતે પુર દમામમાં અને ગંભીરપણે બાનુએ બેસી બાંગ મારી પોતાના શીશયને "ડાબા હાથપર જનોજી" "કુલીકું પાણીમાં બોળોજી," "નેરંગ લેવોજી" વગેરે સુચના કરે છે. પણ એ ઉસતાદ અને ચેલાઓ ક્રીયા કામમાં માહીતગાર હોય તેથી ધરમજ્ઞાનબાબી કાબેલ થઇ ગયા કે? તયારે બીજાઓના ધરમ સમાજમાં જરબેસતી ધરમ દુનીયાના ભેગા મળેલા બીદવાનોને સમજાવવા એવા કોઇ "કાકા પાઉલન" ઉસતાદને કાં નહીં મોકલયો? તે બરાબર સમજ પાડતે અને પારસીઓની કીરતી દુરદેશજ દેશમાં વધારતે!

"આ ક્રીસસાને કોઇણી તવારીખનો ટેકો નથી" એથી એ ખોટો એમ તમારો

ચરચાપત્રી જણાવે છે. તયારે શું તેવચુ એમ કહેવા માગે છે કે કોઇએક વખત માટે જો એકજ તવારીખની ચોપડી હોય તો તે માનવી નહી. એ "નુકતેચીની" ણી જણરી. અવસતાના અસલ જમાનાની આપણી પાસે કાંઇણી તવારીખની નોંધ હોય તો તે જંદ અવસતાના કેટલાક ભાગો છે. જરથોસ્તના જમાનાના તે. માત્ર ગાથાના બહુજ નાના છુટાછવાયા લખાણો છે. તેને કાઇ બીજી તે વખતની તવારીખોનો ટેકો મળતો નથી. તે તો તે જમાનાના એકલાંજ લખાણો રહી ગયાં છે માટે તયારે તો તમારા ચરચાપત્રીની તકરાર મુજબ તેણી ખોટાં ઉભાં કરેલાં! વારૂ, એ કીસસાને તવારીખનો ટેકો કાં નથી? મેં બતાવયું તેમ રેવાયતોનો ટેકો છે, અને રેવાયતો તે તવારીખ નહી શું? એ કીસસામાં કાઉસ રવાંનને કરકટીપર નાખી દુરવંદો પાસે ગુજરાતના પારસીઓ લિયકાવતા હતા એમ કહે છે. તેજ બરાબર, બરજોર કામદીનની રેવાયતમાં ઇરાનના જરથોસતીઓ નવસારીવાળાને કહી સમજાવે છે. "વળી અમેએ સાંભળાયું છે કે તમારી તરફ નસાને જુદ્દીનો લિયકે છે, તથા ખંભાત અને અંકલેસરમાં તો લાકડાની કરકટી વાપરે છે," (બરજોર કામદીનની રેવાયત પાનું ૩૩૫, જુવો પારસી પ્રકાશ, પાનું ૬). એ ૧૪૭૮ માં લખાયલું છે. એ તવારીખનો ટેકો થયો કે શું થયું? કાઉસ ઇંટના દોખમા વીશે લખે છે તે દોખમા વીશેણી તવારીખની સાહદત છે અને એ પોતાના કીસસામાં નવા પથરનાં દોખમા વીશે પોતે સુજ પાડેલું જે જણાવે છે, તે દોખમું આજે હજી નવસારીમાં મોજુદ છે અને તે મનોચેરશાહનાં દોખમા તરીકે ઓળખાય છે (પારસી પ્રકાશ પા. ૭). ભરૂચમાંણી "પટી વેજલપોરની સીમમાં કાળી તળાવડી આગળ એક ઘણું પુરાણું અને નાશ પામેલું ઇંટનું દોખમું છે." એમ પારસી પ્રકાશ કહે છે (પા. ૪) ખંભાતમાં પણ ઇંટનાં દોખમાની નોંધ છે. એની આગમજ (૧૫૩૫ ની આગમજ) ખંભાતથી ૩ કોશ દુર નગર નામે હાલ કસબો છે, તયાંની "બાળ કીદર" નામની દરીયે કીનારે આવેલી જગયાપર અસલમાં કહે છે કે એક ઘણું જુનું દોખમું ઇંટનું બાંધેલું હતું, પણ હાલ તેની કશી નીશાન માલમ પડતી નથી." (પારસી પ્રકાશ પાનું ૮) સને ૧૫૩૫ વાળી હોરમજદીયાર ફરામરોજની રેવાયતમાં ઇરાનના જરથોસતીઓ ખંભાતમાં પથરનું દોખમું પહેલવહેલું બંધાયું તે વીશે ખુશાલી બતાવે છે. એ સઘળાને કીસસે કાઉસની તવારીખમાંથી ટેકો મળે છે. ઇરાની કાઉસનો હેવાલ ફારસીમાં "કીસસા" ને નામે ઓળખાય છે તેથી તમારો ચરચાપત્રી કહે છે કે, "આ ચોપડી જેનું નામજ કીસસો કરી છે, જેમાં સમાવેલી વાતો તદન કલપીત છે." એ હસવા જોગ ભુલ છે. ફારસી "કીસસો" ને તેના પાછળથી ગુજરાતીમાં ફેરવાઇ ગયલા અરથ સાથે ભેળી નાખવાની ભુલ તમારો ચરચાપત્રી કરતો દીસે છે. "કીસસા" નો પહેલો અરથ હેવાલ, તવારીખ વગેરે થાય છે, અને નહી કે કહાણી અને કલપીત વાત, એ કોઇણી ફારસી અભયાસી કહી શકશે. તમારા ચરચાપત્રીએ બીજુ ભલતું ભલતું પોતાના પત્રમા ઘણુંક ઘુસાડી દીધેલું છે કે જેને મુળ બાબત સાથ બીલકુલ લાગતું વળગતું નથી. જેમકે, નવસારીના બેહેદીનોને તયાનું કામ મોબેદોએ પાંચ છ સદીપર વહેચી લીધું, વગેરે. એ પથકની વહેંચણીને નવસારીના પારસીઓની કાબેલયતની સાથે શું લાગેછ વળગેછ તેતો એ ચરચાપત્રીજ

જાણે. તમારો ચરચાપત્રી પુછે છે કે, ૧૩૯૭ મા " ભરૂચવાસી પેસોતન રામે ગેાસતફરીઆન પહેલવીમા લખી છે તેનું શું સમજવુ ? " તેનું સમજવું એ કે એ તદન ખોટી વાત છે. એ ગેાસતફરીઆન પહેલવી કેતાબ ભરૂચવાસી " પેસોતન રામે " ૧૩૯૭ માં લખીજ નહી હતી. એ કેતાબ તો તેની ઘણા આગલા વખતની રચાયલી છે, અને એક ભરૂચવાસીને તેનો કરતા ઠોકી બેસાડવો એ કેવળ ખોટું છે. એ ગેાસતફરીઆન કેતાબ હીંદુસ્તાનમાં લખાઈજ નથી, તે તો ઇરાનમાં બીજી નામીચી પહેલવી કેતાબેા માફક લખાયલી છે, અને જો કે એની બરાબર તારીખ માલમ નથી, તોબી તે ઘણી જુના વખતની લખાયલી છે (જુવો. હાઉગવસટ અને હેાશંગજી દસતુર, "અરદએ વારાફની કેતાબ " દીબાચેા પા૦ ૭૬) ૧૩૯૭ જેમાં તમારો ચરચાપત્રી એ કેતાબ લખાયલી કહે છે તેની લગભગ ૮૦ વરસ આગમજ તો એ કેતાબની અસલ પરથી એક નકલ મેહરવાનએ કેખશરૂએ મેહરપાનએ અસપેંદયાદએ મેહરપાનએ મરઝબાનએ બેહેરામ નામના મોબેદે અરદાએ વીરાફની સાથે એક પોથીમાં કરી હતી. એ નકલ ફરનાર બરાબર દહાડો વાર આપે છે કે, પુરી ઠરી રોજ રસને માહા દે, યઝદેજરદી ૬૯૦ એટલે ૧૩૨૦. (હાઉગ, પારસી ધરમ વીશે રેસાલા પા૦ ૫૬)

પણ બસ. વધુ લખાણ કરવાની અગત નથી મને એટલો લંબાણ જવાબ આપવો ખચીતજ પરવડે નહીં, પણ એ બાબદ એટલી ઇતીહાસના રસથી ભરપુર છે, કે એક વખત હાથમાં લીધી તો બરાબર તેને ઇનસાફ આપવા ખાતરજ મેં આટલું લખ્યું છે. તમારો એ ચરચાપત્રી અથવા કોઇ બીજા ચરચાપત્રી તવારીખનું સારૂં ભંડોળ તેમજ ઇતીહાસીક નુકતેચીની કરવાની રૂઢીથી—નવસારીની પેંટ નહી હોા—પોતાને વાકેફ દેખાડે નહી, તયાં સુધી હું હવે તકરારમાં ઉતરવાને દરૂસત સમજીશ નહી.

સેવક તમારો,

રૂસતમજી પે. કરકરીયા.

ના૦ ૫૮

સત્ય મિત્ર

તથા

હુખ મજદયસ્નનામ.

(રવીવાર, તા૦ ૬ ઠી સપ્ટેમબર સને ૧૮૬૬.)

ત્રણ સદી ઉપર ગુજરાતના પારસીઓની ધર્મ જ્ઞાનની હાલત કેવી હતી તે વીષેની ચરચા.

આપણા કાબેલ લેખક અને તવારીખના મેહનતુ અભ્યાસી મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાના " અકબર અને પારસીઓ " વીષેના નીબંધ અને તેના ઉપર ચાલુ થયલી તકરારથી જેમ નવસારીવાલા મરહુમ દસ્તુરજી સાહેબ મેહેરજી રાણાને લગતી બાબતપર નવું અજવાલું પડયું છે, તેમ તેમાંથી એક તદન નવો અને હીંદુસ્તાનના પારસીઓની તવારીખ સાથ નીસબત રાખનાર વધુ અગત્યનો સવાલ પણ ઉભો થયો છે. તે સવાલ આ છે કે, સદરહુ દસ્તુરના વખતમાં, યાને આજથી ત્રણસો વરસ ઉપર, નવસારીના તેમજ ગુજરાતનાં બીજાં શેહરોના પારસીઓની ધર્મ જ્ઞાનની હાલત કેવી હતી ? મી૦ કરકરયાનો અભીપ્રાય એવો છે કે, તે વેલા ત્યાં " ધર્મ સંબંધી બાબદ વીષે અંધારૂ " પણ " ઘોર અને સંપુર્ણ હતું. " અને એ

વાતને તેવણે, દસ્તુર મેહરજીરાણા, શેહનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવી નહી શકયા હોય તેનાં, પોતા તરફનાં એક વધુ કારણ તરીકે પણ રજુ કીધેલી છે. બીજા હાથપર, તેમની સામે ઉતરેલા આ તકરારમાં ભાગ લેનારાઓ, જેઓ દસ્તુર મેહેરજી રાણાનેજ પારસી ધર્મ અકબરને સમજાવનાર તરીકે માને છે, તેઓ મી૰ કરકરયાનાં આ સીદ્ધાંતનો ઇન્કાર કરે છે. અને એવું જણાવે છે કે એ વખતમાં, એટલુંજ નહી પણ તેની આગલના તેમજ પાછલના વખતમા પણ, નવસારીમાં તેમજ ગુજરાતનાં બીજા મથકોમાં, મુખ્યત્વે ભરૂચ શેહરમાં, પારસીઓ સારૂ અને જોઇતું ધર્મ જ્ઞાન ધરાવતા હતા. બંને તરફથી પોતપોતાનાં બોલવાના ટેકામાં દાખલા દલીલો રજુ થયા છે; અને તેમાંથી કોનું માનવું ને કોનું નહીં તે વાંચનારી આલમની મુન્સફીપર રહ્યું છે, બલકે તેને માટે તે કામ લગાર ગુચવાડા ભરેલું થઇ પડવું જોઇએ. આ સવાલ પારસીઓ માટે મોટી અગત્યનો છે. તે પક્ષાપક્ષીનો નથી; પણ સર્વે પંથ, સઘલા વીચાર આચાર અને તમામ વર્ગના પારસીઓ માટે એક સરખી અગત્યનો છે, અને તેનો ફડચો તેવીજ રીતે થવો જોઇયે છે. પણ અમે દલગીર છીએ કે, હમણાં પારસી તકરારીઓ જેમ બીજા એવા ટોલાના સામાન્ય લાભના સવાલોને પણ પક્ષાપક્ષીનું રૂપ આપી તેમને નાહક ચીવટ બનાવી મેલે છે, તેમ આ સવાલના સંબંધમાં પણ બન્યું છે; અને એક પક્ષ જ્યારે આંખ વીંચીને તેની એકજ બાજુ જોય છે અને દેખાડે છે, ત્યારે બીજો પક્ષ ઉંધરમાપ તેની બીજી બાજુજ જોય છે અને દેખાડે છે. સચાઇ શોધવાની અને અપક્ષપાટ શેવટ આણવાનો એ શુદ્ધ રીતી નથી. ખરી રીતી આ છે, અને તે આ તેમજ એવા બીજા સવાલોપર ચુનોચેરા ચલાવનારા અમારા જાતભાઇઓને એખ્તીઆર કરવાની અમે વીનંતી કરીએ છીએ, કે હરકોઇ સવાલની બંને બાજુ જોઇ તથા દેખાડીને તેમાંથી સચાઇ શોધવાની કોશેશ કરવી.

ત્રણસો વરસપર ગુજરાતના પારસીઓની ધર્મ જ્ઞાનની હાલત કેવી હતી, તે વીષેની બંને બાજુની તકરાર તથા દાખલા દલીલો જોયા પછી અમે એવાં અનુમાનપર આવીએ છીએ કે, તે હાલત અંધકારની નહી હતી; પણ તેઓમાં દીનદારી અને પરહેજગારી જોડે ધર્મ જ્ઞાન પણ ચાલતું હતું. અલબતે તે ધર્મ જ્ઞાન તે જમાના તથા તે વેલાનાં સાધનોને છાજતુંજ હોવું જોઇયે. આજનાં જ્ઞાન અને વધારાની સરખામણી તેની સાથે કરી શકાય નહી, અને કરવી બેજા છે. દુન્યાનો આ તો સરેસ્તોજ છે કે, એક ટોલો મોટા હાદ્દેસાઓથી પસાર થયા બાદ તેની પાછી ચઢતી રફતે રફતે અને પેઢરપે થાય છે; અને તેજ પ્રમાણે ગુજરાતના પારસીઓના સંબંધમાં પણ બનેલું જણાય છે. જેમ તેઓની દુન્યાઇ સ્થીતી તેમ ધર્મ જ્ઞાનની સ્થીતી પણ એજ રીતે વધતી અને ખીલતી આવી છે. ત્રણસો વરસના વખત કરતાં બસો વરસપર, અને તે પછી એકસો વરસપર તેમનું તે જ્ઞાન વધ્યું હતું; અને આજે અંગ્રેજી રાજ્યથી મલેલી છાપખાનાં વગેરેની સગવડોથી બહુ મોટાં પ્રમાણમાં વધી ગયું છે. કૃષ્ણલાલોજીના એલમે તેને નવી ગતી આપી છે, અને તેથી પણ વધુ ગતી હવે થીઓસોફીનો એલમ આપવા લાગ્યો છે. પણ તેથી આપણે આપણાં હાલનાં ધર્મજ્ઞાન માટે ગરૂરી લેવાની, કે આપણા બસો ત્રણસો વરસ આગમજના વડીલોના જ્ઞાનની ટેકડો કરવાની નથી. જો મામલો હમણાંનાં

જેવોજ ચાલુ રહ્યો, તો હવે પછી ચાર પાંચ દાહેકામાં એવું ધર્મજ્ઞાન પ્રકાશશે, કે જેના ભભુકા આગલ હાલનુ આપણું ધર્મજ્ઞાન પણ કદાચ અંધારાંને મલતું લાગશે! આ ટીકા અમે એટલાજ માટે કરીએ છીએ કે, એક જમાનામાં ધર્મનું જ્ઞાન કેવું હતું તે, તે વખતની હાલત ધ્યાનમાં રાખીને તપાસવું જોઇયે. ત્રણસો વરસની વાટપર અને તેની આગલ પાછલના વખતમાં ગુજરાતના પારસીઓમાં મોબેદી પેશો અને તેને લાયકનું શીક્ષણ પુરતી અને પકકી રીતે જાએજ હતું. તે શીક્ષણ, તેમની દીનદારી અને દીનના મોટાં પાંવ મેહલનાં કામોનો અંમલ બજાવવાની શકતી દેખાડે છે. તેની મુખ્ય સાબેતી એ છે કે, છેક તેની આગમજના વખતથી મોબેદો પેહડી દર પેહડી નાવર મરાતબ થતા આવ્યા છે, જેની સતાવાર નોંધ તેમની "ફેહરેસ્તો" માં જલવાઇ રહેલી છે. તે ઉપરાંત, તેમનામાં અવસ્તાના અર્થો અને પેહલવીનું પણ જ્ઞાન હતું; પણ તે આજથી અરધી સદીની વાટ ઉપરના આપણા વડીલો જે રીતે જાણતા હતા તેજ રીતે તેઓ પણ જાણતા હતા. તે જ્ઞાન વલી તેમનામાંના દસ્તુરોજ ધરાવતા, અને તેને ભનતાં લગી પોતાનાં ખાનદાનમાંજ જલવી રાખવાની તેઓ કોશેશ કરતા હતા. પણ, જ્યારે જમશેદના "અ" ની સહીના કાબેલ ચરચા પત્રીએ દેખાડયા પ્રમાણે, ભરૂચમાં તો એથી પણ ચઢતી હાલત હતી. ત્યાં જંદ અને પેહેલવીની તાલીમ આપવા લેવાને ખાસ મદરેસા ચાલતી હતી, જેનો પેહેલો સને ઇસવી ૧૬૯૪ નો, એટલે આજથી બસો વરસ ઉપરનો મલે છે, અને જે મદરેસાના શીક્ષાગુરૂનું પદ ભરૂચના તે વેલાના મરહુમ દસ્તુરો ભોગવતા હતા. ફારસી એલમ તે વેલા, મોગલાઇ રાજ્યના પ્રતાપે પુર બહારમાં હતો; અને તે જેમ તે વેલાના દસ્તુર દાવરો તેમ બીજા શોકીન પારસીઓ પણ શીખતા હતા; બલકે તે વેલા તેમનાં બત પતરો તથા ધર્મ સંબંધી સવાલ જવાબોનો વ્યવહાર ફારસીમાંજ ચાલતો હતો. સંસ્કૃત અભ્યાસ પણ તે વેલાના પારસી દસ્તુરોમાં જાએજ હતો; અને તે તેઓ મુખ્ય કરી અવસ્તાના મરહુમ દસ્તુર નેર્યોસંગના સંસ્કૃત તરજુમાને કારણે તેમજ જોતીશાંને અર્થે શીખતા હતા. પણ એ એલમ, દસ્તુરો અને તેવા બીજા થોડાઓનીજ હદમા પ્રસરી રહેલો હતો. બાકીનાઓમાં, મોબેદો પોતાના પેશાની રૂએ અવસ્તાનાં તમામ ક્રીયા ભણતર જાણતા, અને તેનો અંમલ પુરતી દીનદારી અને પરહેજગારીથી કરતા. અલબતે તેના અર્થ તે મોબેદો જાણતા ન હતા, કે જેમ આજના મોબેદો પણ જાણતા નથી. તે વેલાના બેહદીનો તો ઘણું કરી એ સઘલાંથી બેનસીબ હતા, અને ધર્મ સંબંધી તમામ બાબતનો તેમનો આધાર અથોરનાન ટોલાપર હતો. ગુજરાતના તે વેલાના દસતુર દાવરો મજકુર એલમો જાણતા હતા તની સાબેતીમાં તે વેલાના દસતુરોને હાથનાં લખાયલાં જંદ, પેહલવી, ફારસી તથા સંસ્કૃત પુસતકો મલી આવે છે. જામેના "અ" ચરચા પત્રીએ તેમાં આ એક નવા અને જાણવાજોગ દાખલાનો ઉમેરો કર્યો છે કે, ભરૂચવાલા કાબેલ ઉસતાદ મરહુમ દસ્તુર પેશોતન રામના હાથની ઇસવી સન ૧૩૯૭ માં લખેલી પેહેલવી "ગોસતફરીઆન" કેતાબ મોજુદ છે, કે જે વખત અકબરના કરતાં પણ જુનો, એટલે આજથી ૫૦૦ વરસ ઉપરનો છે. વલી મોબેદોને શીખવા તથા પઢવા માટેના વંદીદાદ ઇજશનેના, જુદા જુદા વખતમાં લખાયલા દસતુરોને હાથના જે પોથાઓ મલી આવે છે, તેઓ મધે તમામ પરગરદોની ઉપર તેઓ પોત-

પોતાનાં જોડેલાં ફારસી બેતો લખી ગયલા છે, કે જે બેતોમાં તેઓએ ઘણું કરી પ્રત્યેક પરગરદોના અરથોનો ટુક સાર આપેલો છે. જેઓ એમ કહે છે કે, તે વેલા અતરે જંદ પેહલવીનું જ્ઞાન હતુંજ નહી, પણ તે ઇરાનના દસતુરોથી તેમને મલ્યું હતું, તેઓ આથી ભુલ કરતા ઠરે છે. એક બારગી તેમની એ વાત તકરારને ખાતર કબુલ રાખીએ; તો સવાલ ઉઠે છે કે, શું સંસકૃતનું જ્ઞાન તથા અવસતાનો સંસકૃત તરજુમો પણ ગુજરાતના તે વેલાના દસતુરોને ઇરાનના દસતુરોએજ શીખ્યો હતો ? તેમ તો કદી બનેજ નહી. તે તો તેઓનો-ગુજરાતના જરથોસ્તીઓનો-પોતાનાં મથકનોજ એલમ હતો. અને તે એલમમાં પણ અવસતાના અરથો જાણવાનું સાધન-અવસતાનો સંસકૃત તરજુમો-થયલો મોજુદ હતો, અને તે તેઓમાં વંશપરંપરા શીખાતો આવ્યાથીજ અત્યાર સુધી જલવાઇ રહ્યો છે.

ત્રણસો વરસપર ગુજરાતના પારસીઓમાં ધર્મજ્ઞાનનું અંધારૂં જણાવતાં, તેના ટેકામાં મોટો આધાર, "રેવાયતો" નો તથા "ક્વીસ્સે કાઉસ વ અફઝાદ" નો લેવામાં આવે છે. રેવાયતો મુખ્ય કરી, ગુજરાતના દસ્તુર દાવરોએ ધરમ સંબંધી બાબતની જે પુછપરછ વારંવાર ઇરાનના દસ્તુરોથી ચલાવેલી, તેના સવાલ જવાબોથી રોકાયલી છે; અને તે ઉપરથી એવો સાર કાઢવામાં આવે છે કે, અહીંના દસ્તુર દાવરોમાં ધર્મજ્ઞાનનું અંધારૂં હોવાથી તેઓ ઇરાન વેરથી ખુલાસા મંગાવી અજવાળું મેલવતા હતા. અમે ધારીએ છીએ કે, એ પુછપરછની મતલબ જુદીજ છે. અહીંથી ઇરાન સવાલો પુછાવવાની વાત ખરી છે; પણ તે સવાલો એટલા માટે નહી પુછાતા હતા કે, તેઓ ધર્મની વાત જાણતા ન હતા. પણ તે, કાંઇ નવું અને વધુ જ્ઞાન જો મલી શકે તો મેલવવા, તથા ઇરાનના પારસીઓની રાહોરશમથી વાકેફ થવા, અને જો કદાચ પોતામાં કાંઇ ભુલ ચાલતી જણાય તો તે સુધારવાના, વાજબી, વ્યવહારીક અને વીદવાનોને છાજતા હેતુથી ચલાવતા હતા. ઇરાન પોતાનું અને પોતાના ધર્મનું અસલ વતન હોવાથી, તેમને સ્વભાવીક રીતે તેના તરફ માન અને ઉંચો વીચાર રહેવો જોઇયે, અને તેથી તેઓ ત્યાંના પોતાના જાતભાઇઓને મોટપણ આપી સવાલો પુછાવે, તેમાં નવાઇ કશી નથી. આજે આપણું મુંબઇ શેહરમાં પારસીઓ ધર્મ સંબંધી જ્ઞાનમાં પોતાને ઉંચી ટોચે પહોંચેલા સમજે છે, તે છતાં અહીંથી પણ વારંવાર યુરોપના ઓરીએંટલ સકાલરોને સવાલો પુછાવી, પોતાને લાગતી ચોકસ ભ્રાંતીઓ ભાંજવાની તેઓ કોશેશ કરે છે. હમણાંજ મી૦ કાબ્રાજીવાલી "નવરોજ કમીટી" એ પારસી વરસની તકરારના સંબંધમાં તેમનું મત મંગાવવાનો ઠરાવ કરયો હતો, જે ચોકસ સબબે માંડી વલાયો છે. એની આગમજ એજ બાબતના સંબંધમાં તેમનાં મતો મંગાવી તે છાપીને, ભાઇબંધ મુંબઇ સમાચારે એક જરૂરની ખુટ પુરી પાડી હતી. તેની આગમજ પણ કેટલીકવાર તેમનાં મતો મંગાવવામાં આવ્યાં હતાં. પણ એ ઉપરથી એવું કોણ માનશે કે, મુંબઇના પારસીઓમાં ધર્મ જ્ઞાનનું અંધારૂં છે ? અને આજથી ત્રણસો વરસ પછી એના આધારે જો કોઇ એવું સાબેત કરવા નીકલે કે, મુંબઇના ૧૯ મી સદીના પારસીઓ ધર્મ જ્ઞાનમાં બોડઠ હોવાથી તેમને યુરોપ્યન વીદવાનોની સલાહ પુછવી પડતી હતી, તો તે કેવું બેવકુફાઇ ભરેલું લાગે ? ખરૂં છે કે ઇરાનમાં સવાલો પુછાવનારા ગુજરાતના પારસીઓ તે પુછપરછ કરતાં

પોતાને બહુ કમીના જણાવી તેમ કરતા હતા; પણ તે માત્ર તેમની નમ્રતા અને તે વેલાની લખાણ પોતાણુની એક "ફેશન" બતાવે છે. એમ તો ખુદ ઇરાનના જરથોસ્તીઓ પણ તેવું, બલકે તે કરતાં વધારે કમીનાપણું તથા પોતાની નાચારી બતાવવાથી પછાત પડયા નથી; જે વીંબની સાબેતી નરીમાન હોશંગ મારફતે મલેલા તેમનાં જવાબનામાંમાંના નીચલા ફકરાથી મલી આવે છેઃ –

"અમારે ઉપર મુસલમાનોનો જુલમ ઘણો છે. કેહી મીશાલે કે એહેવો જુલમ જોહાકતાજીનો નહી. તથા અફરાશીઆબ તુરકીનો નહી. તથા તુર બરાતુરનો નહી. તેહેવો વધુ જુલમ અમારે ઉપર છે. તેથકી અમારે હાથ દીનનું કામ ચાલતું નથી. વાશતે ચાર નાચાર ચલાવીએ છઇએ." [જુઓ "કદીમ તારીખ પારશીઓની કશર" સફે૦ ૧૨૦]

આ ફકરામાં કાલા શબ્દો અમે કીધેલા છે. એ ફકરો ઇરાનના તે વેલાના જરથોસ્તીઓની હાલત, તેમના હીંદવાસી જાતભાઇઓ કરતાં નબેતર દેખાડે છે, અને ઇરાનનો રાજ મામલો જોતાં તે તદન સ્વભાવીક છે. હીંદના પારસીઓ તે વેલા ગમે એવા નબલી સ્થીતીમાં હોય, તો પણ ઇરાનીઓના જેવા તો નહીજ. ઓર તેઓ તેમના કરતાં, સઘલી બાબતમાં, અકસર કરી દીનદારી તથા ધર્મ જ્ઞાનની બાબતમાં, વધારે ચઢતી સ્થીતીમાં હોવા જોઇયે. અને તેવા હતા, તેની સાબેતી ખુદ એજ ઇરાનવાસી જવાબ મોકલનારાઓના નીચલા ખુલ્લાં દીલના પ્રમાણીક એકરારમાંથી મલી આવે છેઃ—

"શહ હુજાર આફરીન હોજો તમો જે જરથોસ્તી ટોલો છો તે ઉપર. કે આજ દીન સુધી અમોને એહેવી ખબર નહી હતી જે તમો હીંદોશતાંનમાંહાં એહેવો ટોલો શાબેત દીન શાથે છો. તેથી હમારો જીવ ઘણો ખુશહાલ થાએ." [એજ.]

(અધુરૂં છે.)

ના૦ ૫૯.

જમે જમશેદ.

(તા૦ ૮ મી સપ્ટેમ્બર સને ૧૮૬૬.)

ગુજરાતના ત્રણ સદી ઉપરના પારસીઓની હાલત વીશે મી૦ કરકરીયા.

જમે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

શેહેનશાહ અકબર અને પારસીઓ વીશે મી૦ રૂસ્તમજી પેસતનજી કરકરીયાએ આપેલાં ભાશણ વીષે કેટલીક ચરચા ઉતપન થઇ છે. નવસારીથી દસ્તુર મેહેરજીરાણા (કે જેમના બાપનું નામ વાછા હતું) અને કેટલાક પારસીઓ અકબરની દરબારમાં ગયા હતા અને તેઓએ આતશના કેબલા, વગેરે વીશે શેહેનશાહને સમજ આપી હતી, એટલું તો ભાઇ કરકરીયાએ આપેલી વીગતો ઉપરથીજ સીધ થાય છે. પણ દસ્તુર મેહેરજીરાણા અને તેવણુના વખતના ગુજરાતના પારસીઓનાં જ્ઞાન વીશે એ ભાઇ શક બતાવે છે. જેઓએ દીલ્લીની દરબાર સુધી જેહેમત ખેચતા જઇને પોતાના ટોળાની સેવા બજાવી તેવા ભલા અશો નરોની યાદગારી માન સાથે જાળવી રાખવાને બદલે તેઓના કામને "સુરતી લાલ્યાઓની ડફાંસ" જેવું જણાવવું, એ આજના કેળવાયલા જવાનો કેલવણીના છુટાપણાને અનુસરતુ ગણતા હોય તો ભલે,

પણ સમજુઓને એવા ટીકકા ઉછાછળાપણા જેવા લાગે છે. મરહુમ મેહેરજીરાણાની અગાઉ નવસારીમાં એકજ વડા દસ્તુર તરીકે કોઇ ગણાતો નહતો પણ ભગર સાથના ભાગીદારો ચોકશી કામો વહેંચી લઈને ચલાવતા હતા એમ "પારસી પ્રકાશ" ઉપરથી જણાય છે. પણ દસ્તુર મેહેરજીરાણાએ પારસીઓની બજાવેલી સેવાઓના બદલામાં અંજુમને તેવણને વડા દસતુર નેમયા હતા જે દસતુરી આજ સુધી તેવણના કુટુંબમાં ચાલુ રહી છે. હરેક મોટા બનાવો તથા મહાપુરૂશોનાં સાહાસીક કામો વીશે વખતના વહેવા સાથે તરેહવાર દંતકથાઓ અને કીસસાઓ જોડાય છે, અને તેમજ મેહેરજીરાણાના બાબતમાંથી બનયું હોય, તો તેમાં નવાઇ નથી. હીંદુસતાનના પારસીઓ આગલા વખતમાં તદન અજ્ઞાન હતા એમ કહેવાના ટેકામાં મી૦ ફરકરીયા ઇરાની કાઉસ અકબરનો કીસસો સાહદત દાખલ ટાંકે છે, પણ તે કીસસામાં જણાવયા જેવી હાલત જો તે વખતના પારસીઓની ખરેખરજ હતે, તો આજે હીંદુસતાનમાં પારસીઓનું નામ વટીક બાકી રહ્યું ન હતે. મજકુર ઇરાનીના કહેવાથીજ નવસારીવાળા તે વખતના બેહેદીન અકબર માણેકશા ચાગાશાહે કુસતીઓ વણાવી અને જોડા સીવાડયા, એવી વાત આજના વખતમાં એક બચું વટીક ખરી માનશે નહીં. જેઓ ધરમની જાળવણી ખાતર પોતાનું વતન, ઘરબાર અને સરવે તજીને, તરેહવાર મુસીબતો ખમતા પરદેશમાં આવી વસયા તેઓ તેજ ધરમની સઉથી અગતની સુદરેહ તથા કુસતી જેવી ચીજ તજી દે, એમ કદીપણ માની શકાય? મજકુર ઇરાની જેઓ વીશે આમ કહે છે, તઓ કોઇ પારસી નહીં, પણ ઉતરતી જાતીના હીંદુઓ હશે. તે વખતના પારસીઓ પોતાના ધરમની તથા પોતાની શેહેનશાહી ઓલાદની મોટાઇનું જાતી અભીમાન જાળવવા ખાતર, કોઇપણ હલકો ધંધો અખતયાર કરવાથી પહરેજ રહ્યા હતા. વળી ધરમ ઉપર તેઓને એટલો બધો એતેકાદ હતો કે, કેટલાક બારીક સવાલોનો ખુલાસો તેઓ છેક ઇરાનવેરથી પુછાવી મંગાવતા હતા. પણ આમ ખુલાસો પુછાવવાથી કાંઇ તેઓ અજ્ઞાન ઠરે નહીં. પરાયા પરદેશમાં ધરમ સંબંધી બાબતો વીશે કાંઇપણ શક પડે તો તે વીશે પોતાના અસલ વતન તરફથી ખરો ખુલાસો મેળવી, માત્ર તેઓ પોતાનો શક દુર કરતા હતા. એમ તો આજના પરદેશવાસી પારસીઓ એવા ખુલાસાઓ મુંબઇથી મંગાવે છે, પણ તેથી કાંઇ તેઓ પોતાનો ધરમ ભુલી ગયલા ગણાય નહીં. કઇસાની તકરાર વખતે બેઉ બાજુવાળાઓ એક બીજા ઉપર ખોટા દસ્તાવેજો ઉભા કરવાનું તોહોમત મેલતા હતા, જેવા દસ્તાવેજોમાં કાઉસ ઇરાનીવાળો કીસસોપણ એક હતો. એજ કીસસામાં મજકુર માણેકશાહની દરબારનું વરણન, તે કોઇ મોટા રાજવંશીની દરબાર હોય એવી રીતે કરયું છે અને જણાવયું છે કે, તેવણ સોના, રૂપાની ખુરસી ઉપર બેસતા હતા. જો નવસારીના અકબરની હાલત તે વખતે આવી જાહોજલાલીભરેલીજ હોય, તો નવસારી તે વખતે હીંદુસ્તાનના પારસીઓનું સરવોપરી મથક હોવું જોઇયે અને તયારે તો તયાંના ધરમગુરૂઓની બીજી તરફ કરતા વધારે સમજુ હોવા જોઇયે. નવસારીની તે વખતની મોટાઇની સાબેતી એટલાં ઉપરથી મળે છે કે, ઉદવાડેવાળા આતશબેહરામ સાહેબની બીજી કોઇ જગા લાયક નહી જણાવાથી, નવસારી લાવી રાખયા હતા. વળી નવસારીનાજ પ્રખયાત ખાનદાનવાળાઓ, જેવા કે મેહેરજીરાણા, જમાસપઆશા, દારાબ પહાલન, વગેરે ખાનદાનવાળાઓ આજે પણ વડા પંથકના અને વડી દરેહમેહેરને તાબેના ગણાય છે,

આગલા કેટલાક પારસીઓ વીશે એક ઇરાનીએ જે કાંઇ લખ્યું હોય તેથી બધાઓનેજ તેવા ગણવા નહી જોઇયે. એમતો આજના વખતમાંણી કેટલાક પારસીઓ ચીરૂટ પીયે છે, ઉઘાડે માથે ફરે છે, કુસતી પાદ્રીઆઇ કરતા નથી, ગુજરેલાંઓની ક્રીયા કરવા ના પાડે છે, અવસતાનો ઇનકાર કરે છે વગેરે, તેથી કાંઇ બધાજ પારસીઓ તેવા ગણાય નહી. આગલા લાચારીના વખતમાં કદાચ ગામડાંઓમાં કોઇ પારસીઓએ અડચણ વખતે ગેહાનને બદલે કરકટી વાપરી હોય, પઇસાની તંગી તથા ગુજરાતમાં પથરાની અછત હોવાથી ઇંટનાં દોખમા બાંધયાં હોય, તો તેમાં અજબ થવાનું કાંઇ નથી. આજેણી કેટલાંક ગામડાંઓમાંથી રવાંનોને લાકડાંની ગાડીઓમાં લાવવાં પડે છે. વળી આજના જેવા ચઢતા વખતમાંણી કેટલેક ઠેકાણે પારસીઓને પોતાના રવાંનો જમીનમાં ડાટવાં પડે છે, તો તે કરતાં તો ઇંટનાં દોખમાં બેહેતર ગણાય.

સેવક તમારો,

બેહેરામજી ખરશેદજી દારડી.

મુંબઇ, તા૦ ૪ મી સપ્ટેમબર ૧૮૯૬.

ના૦ ૬૦.

જામે જમશેદ.

(તા૦ ૧૦ મી સપ્ટેમ્બર સને ૧૮૯૬)

ગુજરાતના પારસીઓની ૩ સદી પરની હાલત વીશે મી૦ કરકરીયા.

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

તમારા ગઇ તા૦ ૫ મીના અંકમાં મી૦ રૂસ્તમજી પે. કરકરીયાનો કાગલ છપાયો છે, તેમાં તેવણ જણાવે છે કે, હું તેવણ આગળ " મેહેરજીરાણા કુટુંબ તરફથી તવારીખમાં ઘુમાવેલા ખોટા ફકરાઓની સાહદતો " લઇ ગયો હતા. તમને યાદ હશે કે, ત્રણ મહીનાની વાત ઉપર એવણે તમારા પત્ર મારફતે સરવેને જાહેરમાં અરજ કરી હતી કે, મેહેરજીરાણા દસ્તુરને લગતી કાંઇણી સાહદતો, લખાણો, વગેરે પુરાં પાડવામાં આવશે તે એવણ ઉપકાર સહીત સ્વીકારશે. એવણના આ લખાણથી મારા મીત્ર નવસારીવાસી ભાઇ પેશોતન નશરવાનજી દસ્તુર ઉપર લખાણ કરી મેં મંગાવ્યું, તથા અત્રેવાળા દસ્તુર જમશેદજી સોરાબજી પાસેનું લખાણ લઇ આ ભાઇને પુરાં પાડયા. જ્યાંથીણી કાંઇ લખાણ મળે તે એકઠુ કરી આ સાહેબોએ સાચવી રાખેલું હતું, તે એક નુકતેચીન તવારીખ લખનારનાં કામમાં આવે એવા હેતુથી તેઓએ તે બધુ મને આપયું. અને તેમ કરતી વખતે નવસારીથી ભાઇ પેશોતને આવી મતલબનું લખયું હતું કે "આ કાગળોમાં જે ત્રણ કેતાબોની સાહદત ટાંકી છે, તે વીશ મારા ઉતર હીંદુસ્તાનના વસવાટ વખતે મેં ખોળ કરી પણ તે કેતાબો મને જડી નથી એમ શેઠ કરકરીયાને કહેજો." અને આ ભાઇનું પ્રમાણીક કાગજ મેં એવણને વંચાવ્યું હતું. આવું ખુલ્લે ખુલ્લું એવણને કહેવા છતાં એવણ પાછળથી તે મેળાવો આપનારને બદનામ કરવા નીકળે, તે ઉપરથી મને ભય છે કે ભવીશમાં એવણની માંગણી ઉપર કોઇ ઇતબાર લાવી હાથે કરી ફજેત થવા ન જશે. મેં કાંઇ એવણને ખયાલ ટપાના પવાડા લઇ જઇ ન આપયા હતા, તેતો બીજા ઘણીએજ એવણને પુરા પાડયા હતા. સારાં માણસની રીત છે કે જે આવે તે ઉપકાર સાથ લેવું ને નકામુ હોય તે રદ કરવું. એજ ભાઇએ પોતાની શીવાજીવાળી તવારીખમાં

શીવાજીપર ઘળેલા હતા, તેથી બધા સુધા તવારીખનવેશોને દીન દુશમન અને વેહ-માયલા ગણી, એક મરાઠા ચોપાનીઆ ઉપર અને તેઓમાં ગવાતા પવાડાઓ ઉપર પોતાનો આધાર બાંધ્યો છે. મરાડા-ઓના ખયાલ ટપામાં એવણને શીવાજી વીશે સાહદ્દત મળી, અને પોતાના દીન દસતુર વીશે ખયાલ ટપા બાદ કરતાં આસ-પાસની બીજી સાહદ્દતો છતાં તેવણના જવાના વીશે એવણને બધું અંધારૂંજ જણાયુ. કેવી કીસમની નુકતેચીન !

ઉતાવળામાં પોતાના હાથમાં જે આવી ગયું, તેપર પુરેપુરો મદાર બાંધી લેવો એ પણ ખોટુ છે. પણ સદીની વાતપર ગુજ-રાતના પારસીઓમાં અંધારૂ હતું, તેના ટેકામાં પણ કાઉસ વ અફશાદનો કીસસો લાવ્યા હતા. મેં એ ચોપડીને બનાવટી કહી દેખાડયું કે એનું નામજ બતાવે છે કે તે એક જોડી કાઢેલી વારતા છે. કીસ-સાનો મીનીંગ તવારીખ ઉપરાંત જોડી કાઢેલી વારતાનો થાય છે. જુવો રીચરડસનની તથા મોલવી ફઝલેઅલીની ડીક્ષનરીઓ. આ કીસસામાં માણેકશાહની ગાડીઓ અને અરબી ઘોડાઓ, તેવણની બેસવાની સોનેરી ખુરસી, તેવણ આગળ સોનુ તથા રેશમી કપડું સરવે ઘાસ ગીસાલ હતું. અને રેશમી તાકાને તાકા લોકોને ભેટ કરતા હતા, તેની ખુજરગી અને કઉવત અમ-સાસપંદોનાં જેવુ હતું, અને તેની ખીદ-મતમાં બોસો દેવાને ગોવા આસમાન વાંકુ થયુ. એ કુ કોઇ બરજોરનામું વાંચતું હોય તેવું નથી લાગતું ? મારૂં કહેવું એ છે કે કદમી સાહેબોએ અસલી પારસીઓથી જુદા પાડી જ્યારે પોતાનું ભણતર, રાહ-રસમ વીગેરે ફેરવ્યું, તયારે જુદી રીત-વાળાઓને તાણો મારવા માટે આ ચોપડી બનાવી કાઢેલી હતી. આ ચોપડી ભલે ૧૮૩૧ માં છપાયલી હોય ને તેનો થોડો તરજુમો ભલે ૧૧૨ વરસની વાતપર થયલો હોય, પણ છેક ઇ૦ સ૦ ૧૭૨૧ યાને ૧૭૫) વરસપર જામાસપ વીલાયતીએ એ સવાલ ઉભો કરયો, તયારથી એ ચરચા ચાલુ છે, ને ૧૭૨૧ ને ૧૮૩૧ ના વરસોના અરસામાં એ કેતાબ જેમ જણાતું ગયું તેમ થોડી થોડી યા બધી ઉભી કરવામાં આવેલી છે. એ કીસસો જો અસલજ હતે તો આપણા નેઆગાનોને નકલો કરી લેવાનો ઘણો શોખ હતો તો એની આજે પુશકળ નકલો મળી આવતે, પણ એની નકલો એકુએ ઠેકાણા સીવાય બીજે કેથેબી હોય તે જણાતું નથી. એજ બતાવે છે કે તેના બનાવનારે રખે તે તરતની લખાયલી પકડાઇ આવે એવા હેતુથી તે જમાનાના કોણબો ભણેલા આસામીને બતાવવાના અખાડા કરી જઇ, તેના પાનાં જુનાં થવા બાદ તરજુમો કરનારાનાં હાથમાં મેલવામાં આવ્યા છે. એની વધુ નકલો હતીજ નહીં, એ દીણાચાનું ૧૪ મું પાનું વાચતાં જણાય છે, જેમાં તેવણ લખે છે કે "એ ગુજરા-તીની કેતાબ વાંચવાથી જે સાહેબને શક પડે તો તે ફારસી કેતાબો (હાદેશાનામુ-કી સ્સે સંજાન-અને કાઉસ અફસાદનો કીસ્સો) હાલમાં સેવક પાસે હાજર છે તે તપાસી જુએ. " કીસસે સંજાનની ઘણી નકલો મળી આવે છે, પણ ક્યાં નહી આ કીસસાની તેમ મળતી ? આ કીસસાને મળતું કાંઇક લખાણ એક રેવાયતમાંથી મળી આવે છે, એ બાબદ તેની તરફેણમાં જતી જણાવવામાં આવે છે, પણ એક જોડા કહાડનાર હોય તે તદન ગલત લખે તે આગમજ પોતાના ટેકામાં જતી કોઇ સાહદ્દત હોય તેના આધારને અનુસરતું જ લખે તો તેનું જરાબી મનાય. હાથની લખેલી ચોપડી-ઓમાં વાંધાભરેલા ફકરાઓ કેમ ઘુસી જાય છે, ને તીશે મી- કરકરીયાએ પોતાનાં

ભાશણમાં ઇસારો કરેલો છે તો બરજોર કામદીનની રેવાયતમાં એવા વાંધાભરેલા ફકરાઓ કોઇ મતલબીએ ઘુસાડેલા હોય તેમાં નવાઇ શી ? મહેરજીરાણા વીશે આથા ખાતાની ચોપડીમાનો ફકરો ઘુસાડેલો છે. (જુઓ ભાશણ) એમ એવણનું કહેવું છે તેમ રેવાયતમાંથી ફકરા ઘુસાડેલા છે તે એવણ કાં ન માને ? એક ભણેલા બુજરોગ દસતુરની આ બાબદમાં મુલાકત લેતાં તેવણે પોતા પાસેનો એક રેવાયત કાઢી બતલાવી કે, તેમાં એક મતલબયાએ પોતાનો સખુન ઉપર રાખવા માટે રેવાયતની ચોપડી સાથ ચેડાં કાઢેલાં હતાં. ભાઇ કરકરીયા લખે છે કે, ૧૮૩૧ માં છપાવનાર તો એક ચુસત શેહેનશાહી હતો. હા, તેમ હતું, પણ તેવણ સાહેબની સઘળી દીલસોજી કદમીઓ તરફ હતી એ પુરવાર થયલી બીના છે.* કારણ એજ ચોપડીને પાને ૬૫ તથા ૧૨૧ મે તેવણ કથીસાના મોટા હીમાયતી બેહેસતી ભરૂચવાસી દસતુર અસપંદીઆરજીની ભુલેા નોટમાં બતાવી આપે છે. એક બોટુ લખાણ કરનાર જો બાહોશ હોય તો જે બાબદસર તે લખવાનો હોય તે પેટાંમાં લાવવા વગરજ આસપાસથી વાંચનારનાં મનપર તેની અસર ઉપજાવી શકે તેમ આ ચોપડીનો તરજુમો જોકે એક શેહેનશાહીથી થયલો છે, તોયે તેમાં કદમીઓની સામેલગીરી ઉપલી નોટો ઉપરથી તેમજ પાને ૨૧૦ મે " તે લોકોનો રોજગાર દીસો આજ લગી રોજ ૨૧ ને માહા ૧ પેહેલે રસમીને દીને. " આવા વાકયમાં રસમી બોલ આવ્યો છે. જો તરજુમો કરનાર ચુસત શેહેનશાહી હતે તો તે એ ઇબારત પોતા તરફથી લખે છે. તયાં આવો બોલ કદી વાપરતે નહી. વળી તરજુમો કરનાર જાતે શેહેનશાહી છતાં પોતાની વલણ તદન કદમીઓના રીવાજો તરફ હતી, તે આ ઉપરથી માલમ પડે છે જે એવણને કોઈ બેહેદીને સવાલો પુછયા છે તે તદન કદમીઓની રાહરસમને મળતા આવયા છે. જુઓ પાને ૨૧૪ થી ૨૩૧.

વળી આ કેતાબ ગુજરાતના જરથોસ્તીઓની બોડબાપણ કાઢીને એવી તો અચબુચ બંધ થઇ જાય છે કે, એ ઉપરથી શક જાય છે કે તે બનાવટીજ છે, અને એવો શક તરજુમો કરનારને આવેલો હોય, એવું દીબાચાને પાને ૧૪ મે સાફ જણાય છે, પણ તેમ ન હોય તોણી કદમીઓના દસતુરોની તરફેણમાં રહીને એવણે તરજુમો કરેલો છે, એતો ખુલ્લું જણાઈ આવે છે.

સાહેબ, લખવાનું ઘણું છે, પણ અસલ એલમ હતો તેના પુરાવામાં બેજ બાબદો આપી રૂખસદ લઈશ. તે એ કે ૪૯૯ વરસની વાતપર "ગોસતફરીઆંન" કેતાબના લખનાર પેશોતનરામ પેહેલવી જાણતા હતા, કારણ મારા ભલા મીત્ર એરવદ મા. રૂ. ઉનવાળાએ મને કેટલીક પુરાણી કેતાબો દેખાડી તેમાંની એક " ગોસતફરીઆંન " ની નકલપરથી જણાય છે કે પેશોતનરામે પેહેલવીમાં સરનામું ૧૨-૧૫ લાઈનનું કરેલું છે. હવે સાહેબ, આપણે જાણયે છીયે કે ચોથા ધોરણનો ઇંગ્રેજી શીખેલો છોકરો ચાર લાઈન બરાબર લખી ન શકે, તેવું તે ઇંગ્રેજી જાણે છે એમ કહેવાય છે, તો ૧૨-૧૫ લાઈન પોતા તરફથી લખનાર તે ભાશા જાણતાજ ન હતા એમ કેમ કહેવાય-કોઇ કહે કે હું પેહેલવી અમથી વાંચી જાણું છું પણ તેનો અરથ સમજી ન શકું તેમ અસલવારેના લખનારાઓનું સમજવું. સાહેબ, પેહેલવી જાણનારા અને શીખવનારાથી મેં એ વાતની તેહકીક કરી તો જણાયું કે તેમ બનવું મુશકેલ છે. તેવો શખસ એકકો

જુઓ નંબર ૧૨૩, ૧૨૪, ૧૨૫.

અક્ષર વાંચે પણ તેનાથી શબ્દ તો વંચાયજ નહી, કારણ ભાશાનું બંધારણ ઓરજ છે, તે લખનારને થોડી ઘણીબી ભાશાની માહીતી હોવીજ જોઈયે.

સંવત ૧૬૧૦ યાને આજથી ૩૪૨ વરસની વાત ઉપર એરવદ કામદીન સુત એરવદ જાલ નામના બેહેદીને દીવ બંદરમાં "મીનો ખેરદ" નો તરજુમો નેરીયોસંગના સંસક્રીત ઉપરથી પ્રાકૃતમાં કરેલો છે. એ બતાવે છે કે અસલમાં તદન અંધારૂં ન હતું, પણ એલમનો શોખ કોઇ કોઇમાં હતો.

ઇ૰ સ૰ ૧૮૫૨–૫૪ માં છપાયલાં વેસ-ટરગારડના પુસ્તકના અવસતાના ઉચારો શુધ ગણાય છે, ને તે પ્રમાણે એરવદ કાવસજી કાંગાએ પોતાની ચોપડીમાં ઉચારો આપયા છે. પણ આજે ૨૧૬ વરસપર લખેલી એક ભણવાની ચોપડી મને ઉપલા એરવદ માણેકજીએ દેખાડી તેમાં આબાદ વેસટરગારડનેજ મળતા ઉચારો જણાયા. એ રીતે સાહેબ, કાંઇ માયના પુતો આગળ ગુજરાતમાં વીદવાના પુજારીઓ થઇ ગયા હશે, તોય તકરારની સેવટે આટલું ગનીમત છે કે મી૰ કરકરીય. આગલા જરથોસ્તી-ઓને છેકજ બંદતર અને ઓદીન ગણુતા હતા, તે પછી પોતાનાં છેલ્લાં પાગજમાં તેઓને દીનદાર ગણે છે અને લખે છે કે, " મેં તો આગળથીજ કહયું હતું જે નવ-સારીના મોબેદો ઉરવીસવાહ ને બીજી સઘળી ક્રીયાનું કામ જાણતા હતા, અને તેમાં માહોતગારગી હતા. " મારા મુરબ્બી નેઆગાનોને આટલોબી ઇનસાફ મળેલો જોઇ હું ખુશી છું.

મી૰ કરકરીયા પોતાના જવાબના છેલ્લા ભાગમાં કહે છે કે, મારી અથવા બીજા કોઇની તકરારમાં કાંઇ વજુદ હશે તોજ જવાબ આપવાની તેવણ તસદી લેશે, પણ આ ઠેકાણે એવણ ભુલ કરે છે. તકરારમાં વજુદ છે કે નહી, તે જોવાનું કામ જાહેર આલમનું છે. તકરાર કરનારી પક્ષો એક તરફી વીચારમાં આગમજથી ગુચવાઇ ગયલી હોવાથી પોતાની વીરૂધનું કાંઇ તેઓને સુઝે નહી.

સેવક તમારો,
રૂ૰ ક૰ મોદી.

મુંબઇ, તા૰ ૮ મી સપટેમબર ૧૮૯૬.

નં૰ ૬૧.

સત્ય મિત્ર.

તથા

હુખ મજદયસ્નનામ.

(તા૰ ૧૬ મી સપટેંબર ૧૮૯૬.)

ત્રણ સદી ઉપર ગુજરાતના પારસીઓની ધર્મ જ્ઞાનની હાલત કેવી હતી તે વીષેની ચરચા.—૨.

ગુજરાતના દસ્તુરોએ ઇરાનના દસ્તુરો-પર સવાલો મોકલી તેના જવાબ મંગાવયા તેથી ગુજરાતમાં ધર્મ જ્ઞાનનું અંધારૂં હતું એમ માનવાની વીરૂધ જે જે ટીકા અમે કર્યા છે, તેમાં એક વધુનો ઉમેરો કરવાનો રહયો છે. એ સવાલ જવાબોથી ધર્મ સંબંધી કેટલીક છુટક બાબતોની માહીતી મલી શકે છે ખરી; પણ તે કાંઇ અવસ્તા અને પેહલવીના સીલસીલા બંધ અર્થો શીખવતા નથી. ત્યારે સવાલ ઉઠે છે કે, ગુજરાતના તે વેલાના દસ્તુર દાવરો તે અર્થ કયાંથી અને કોના પાસે શીખ્યા હતા ? ઇરાનીઓ પાસે તો નહીજ. કાંકે તેની કશી શાહદત નથી, અને તે કાંઇ રેવાયતની પેઠે સવાલો પુછાવીને દુર બેઠાં શીખી શકાય નહી. બીજા હાથપર તેઓમાં જંદ પેહલ-

વીની મદરેસા હતી, અથવા તેના અર્થો શીખવાનાં શાધન હતાં, અને તે અર્થો તેઓ જાણતા હતા, તેતો આપણે છેલ્લા અંકમાં જોઇ ગયા છીએ. સન ૧૭૨૧ માં–આજથી પોણી બસો વરસ પર–એટલે મજકુર વખત પછી સવાસો વરસની મુદત રહીને, ઈરાનથી જમાસ્પ વેલાયતી નામના એક કાબેલ દસ્તુર આ દેશમાં આવ્યા હતા, અને તેમની પાસે સુરતવાલા દસ્તુર દારાબ (ઉરફે કુમાના દાદદારૂ) તથા નવસારીવાલા દસ્તુર જમાસ્પઆસા અને ભરૂચના એક દસ્તુર મદ્રી ત્રણ જણે તાલીમ લીધી હતી. તે ઉપરથી મી૦ કરકરયા એવો સાર કાઢતા દીસે છે કે, એ જમાસ્પ વેલાયતીથી ગુજરાતના દસ્તુરોમાં અવસ્તા પેહલવીના અર્થનું જ્ઞાન ફેલાયું હતું. પણ તે અનુમાન ણી, રેવાયત ઉપરથી કાઢેલાં તેમના અનુમાનનાં જેવુંજ ભુલ ભરેલું લાગે છે. જો એકવાર એમ સાબેત થયું કે જમાસ્પ વેલાયતીની આગમજ અત્રે ધર્મનો એલમ જાએજ હતો તો પછી તે જમાસ્પથીજ તે એલમ અત્રે ફેલાવાની વાત પોતાની મેલે ભાગી પડવી જોઇયે. એટલું છતાં અહીંના ત્રણ નામીચા દસ્તુરો તેની તાલીમ હેઠલ ગયા, તા તેનું કારણ એવું નથી સમજવાનું કે તેઓ તે એલમ જાણતા નહી હતા. પણ જમાસ્પ વેલાયતીનાં મોટાં નામથી, અને જો મલી શકે તો તેનાથી કાંઈ વધુ જ્ઞાન મેલવવાના વીદવાનોને છાજતા એરાદાથી, તેઓએ તેમ કીધેલું હોવું જોઇયે; કે જે પ્રમાણે આજે પણ બને છે. અમે માત્ર આ અનુમાનજ કરતા નથી, પણ તેનો દાખલો પણ મલી આવે છે. જમાસ્પ વેલાતીના આ ત્રણ કહેવાતા સાગરેદ્દામાંના એક દસ્તુર જમાસ્પઆસા, તેની આગમજ ધર્મનો એલમ નવસારીના દસ્તુર પહાલન ફરેદુન આગલ તેમજ ભરૂચ જઈને ત્યાંના દસ્તુર પાસે હાંસેલ કરી ચુકેલા હતા; અને તે એલમમાં તેઓ એટલા તો પ્રવીન થયલા હતા કે, અવસ્તાના અર્થની ચોકસ બાબતમાં તેવણે ખુદ જમાસ્પ વેલાયતીની ભુલ ભાંજી હતી; અને તે ભુલ તે ઇરાની દસ્તુરે પ્રમાણીકપણે તુરતજ કબુલ કીધી હતી. તે એ કે, જમાસ્પ વેલાતીએ પોતાના કાનમાં કલી પેહરેલી હતી, જેનું કારણ જમાસ્પ આસાએ પુછતાં તેણે એવું જણાવ્યું હતું કે, જરથોસ્તી દીનદારે કાનમાં કલી પહેરવી એવું દીનનું ફરમાન છે; અને પછી તેના ટેકામાં તેણે ઉસ્તવદ ગાથાના " અદક્રવખ્શીઆ " નામના હાનો શરૂઆઆતનો ફકરો તેના પોતા તરફના અર્થ સાથે રજુ કર્યો હતો. જમાસ્પ આસાએ તે અર્થને ખોટો પાડી તે ફકરાની ખરી મતલબ એવી સમજાવી હતી કે, જરથોસ્તી દીનદારે દીનની વાત સાંભળવા માટે પોતાના કાન ખુલ્લા રાખવા જોઇયે; અને તે અર્થ જમાસ્પ વેલાતીએ બાહલ રાખી તુરતજ પોતાના કાનમાની કલી કાઢી નાખી હતી. દસ્તુર જમાસ્પઆસાની કાબેલીયત એટલાંમાંજ અટકતી નથી. જંદ પેહલવી ઉપરાંત ફારસી એલમ અને હેકમતની બાબતમાં તેવણ એટલા પ્રવીન હતા કે, તેવણે (તેમજ તેમના બેટા જમશીદે પણ) બેત બાજીમાં તેની કેટલીક નામીચી કેતાબો બનાવેલી છે; અને વલી જ્યારે તેવણ (જમાસ્પઆસા) ભરૂચ હતા ત્યારે દીલીથી ત્યાં આવેલા એક સરકારી બોધેદારે તેમની કાબેલીઅતપર ફીદા થઇ તેમને પોતા જોડે દીલી લઇ જઇ ત્યાંના શેહનશાહના એક મુનશીનો અધીકાર બખશાવવાની બાહેશ દેખાડી હતી, જે એ મરહુમ દસ્તુરે તુરતજ ઉંચકી લીધી હતી, પણ તેમના પીતા મરહુમ મોબેદ આસાજી, જેઓ તે વેલા હયાત હતા, તેઓને નહી ગમ્યાથી તેવણે તત્કાલ ભરૂચ જઇ લાગી પોતાની મુરબીગીરીની સતાથી તે વાત ભાંજી પાડી હતી.

આજથી ત્રણસો વરસ પર ગુજરાતના પારસીઓમાં ધર્મના એલમનું તથા દીનદારીનું અંધારૂ નહી પણ ઉજેરડું હતું, તેની તરફેનમાં ઉપલી, તેમજ અમે છેલ્લા અંકમાં જણાવેલી વાતો એટલી તો ખુલ્લી અને મજબુત છે, કે તેની આગલ " કીસ્સે કાઉસ વ અફસાદ" માં ગુજરાતના પારસીઓ વીષે અપાયલેા સીહા ચીતાર આપેાઆપ ઝાંખેા પડી જાય છે, અને તે દલીલપર વધારે ચુનેાચેરા કરવાની જરૂર થેાડીજ રહે છે. આ કીસ્સેા લખનાર કાઉસ અને તેનેા જોડયેા ઇરાની ભાઈબંધ ઇરચી સન ૧૫૩૦ માં, એટલે આજથી ૩૬૫ વરસપર ઇરાનથી ગુજરાત આવેલા કહેવાય છે; પણ તેની ગાવણ વરસ આગમજ, યાને સન ૧૪૬૮ માં તેા ગુજરાતના પારસીઓ ઇરાન ખાતે સવાલેા પુછાવી જવાબેા મંગાવવાનું મંડાણ કરી ચુકયા હતા. વલી એજ હીંગામમાં એટલે કાઉસ અફસાદ અતરે આવ્યા તે શુમારે, ભરૂચ ખાતે દસ્તુર રામ કાહાનાન નામે કાબેલ ઉસ્તાદ હેાવાની વાત આપણી આગલ રજી થઇ છે, અને તે પણ મરહુમ મુદલાં કાઉસ જેવા શેહનશાહીઓની વીરૂધ પક્ષના પણ કાબેલ કદીમી દસ્તુરની શાહદત સાથે. વલી એથી પણ ૧૩૫ વરસ આગમજ ભરૂચવાસી પેશુતનરામને હાથની **લખેલી** (નહી કે બનાવેલી) પેહલવી " ગેાસ્તકરીયાન " કેતાબ મેાજુદ છે. તેની પણ આગમજના વખતથી ગુજરાતના મેાબેદેા બેહદીનેાને ત્યાં જજમાન વૃતી ચલાવતા અને તે માટેના ભાગ હીસા નકકી કરતા હતા, તેમજ નાવર મરાતબ થવા ઉપરાંત નેરંગદીન વગેરે મેાટાં ફાંયા કામેા કરતા હતા, તેના લેખપોટેા મલી આવે છે. જે જગાએ અને જે વખતે સાદું પારસીપણુંજ નહીં, સાધારણ મેાબેદીજ નહી, પણ દીનદારીના ઊંચામાં ઊંચા તરીકાનાં પાવ મેહેલનાં કામેા વટીક ચાલે, તથા જયાં અને જ્યારે દીનનેા એલમ જાણનારા ધરમગુરૂઓ મલેા આવે, તે જગાએ અને તે વખતમાં " કીસે કાઉસ અફસાદ " પ્રમાણે, પારસીઓ ઉધાડે પગે ફરે, સુદરા કુશ્તી વગર ચલાવે, નસાની પરહેજ નહી કરે, ટુકમાં જુદદીન બલકે બદકારને અવતારે વખત કાઢે, એ કેમ બને ? એ વાત શું એક બીજાથી ઉલટી નથી ? અને એ કીસ્સેા કલપીત નહી તેા, ભુલાવેા ખાધેલેા અથવા શરાહઘાત ભરેલેા શું લાગતેા નથી? મી૰ કરકરયા પેાતે પણ આટલું તેા કબુલ કરે છે કે, તે વેલા, બલકે તેની આગમજથીજ ગુજરાતના પારસીઓમાં નેરંગદીન સુધીના ચઢતામાં ચઢતેા " ઉરવીસઘાહ" નેા અંમલ ચાલતેા હતેા. તેા જયાં અને જે વખતે એવેા પવીત્રાઇથી પુર અને બારીકી ભરેલેા અમલ ચાલે, ત્યાં અને ત્યારે તે પારસીઓ સુદરા કુસતી વગર ફરે, ઊંધાડે પગે ચાલે, ઇત્યાદી, એશું બનાવા જોગ છે ? શું તે મેાબેદેા " ઉરવીસઘાહ " નાં કામેા સુદરા કુસ્તી વીના અને ઊંધાડે પગે કરતા હતા ? જે મેાબેદેા ભણતરના અઠકેક શબ્દના મત ફેર માટે જુમ્બેશ ચલાવે, તેઓ શું દીનનાં અને મેાબીદીનાં કામમાં મજકુર કીસ્સામાં જણાવ્યા સરખું જુદદીનને વીસરાવે તેવું અલેખડ ચલાવતા હતા ? તેમ કદી બનેજ નહી. એ બંને વાત એકમેકથી એટલી ઉલટી છે કે, એકને ખરી માનતાં બીજી પેાતાની મેલે ખેાટી ઠરે છે; અને શેવટે આપણને એવાંજ અનુમાનપર આવવું પડે છે કે, તે વેલાના પારસીઓ, ખસુસ કરી તે વેલાના અથેારનાનેા એ કીસ્સામાં ચીતારેલા જેવા બેદીની ભરેલા નહી, પણ દીનદારી અને પરહેજગારી ધરાવનારા હતા. વલી તેમાં ઇંટના દખમાં તથા લાકડાનેા કરકટી વાપરવાની જે વાત આવી છે, તે તે વેલાના

પારસીઓની બેદીનીના કરતાં તેમની નાણાં સંબંધી તંગદસ્તી વધારે દેખાડે છે. એમ તો આજે પણ એવા દાખલા કયાં નથી મલી આવતા ? આજે પારસીઓ પઈસે ટકે સુખી છે, કેલવણી તથા સુધારામાં આગલ વધેલા કહેવાય છે, તે છતાં આજે દુરનાં મથકોપર વસનારા જરથોસ્તીઓ દખમાંની ગેરહાજરીમાં " ચોતરા " પર રવાન ચઢાવે છે; કોઇ કોઈ ઠેકાણે તો પારસી લાશને દાટવામાં પણ આવે છે. વલી રાણવાડા વગેરેનાં ગામના કેટલાક પારસીઓ છડે ચોક જુદ્દદીન સાથેને રાખીને તેમનાથી બચડવાલ થાય છે. પણ દુર કયાં જઇયે ? આજે ખુદ આપણા મુંબઈ શેહેરમાં સંખ્યાબંધ પારસીઓ ફરંગી પોશાક પેહરી " ટોપસા "ને અવતારે ફરે છે; જુદ્દદીન હાટેલો વગેરેમાં છડે ચોક જુદ્દદીનોની સાથે ત્યાં બેસીને છરી કાંટા વડે નહીં ખપતું બી ભોજન જમે છે; કેટલાકો માથે બોડે ફરે છે; કેટલાકો બીડી પીએ છે; ઘણાખરાઓ આતશ બેહરામ તથા અગીઆરીને તદ્દન નીવારી બેઠેલા છે; કેટલાકો સુદરે કુસતી રાખતા હોય તે વીશે પણ શક છે; કેટલાકો પોતાનાં ઘરમાં દસ્તાનનાં પરહેજી મુદ્દલ પાલતા નથી; ઇત્યાદી, ઇત્યાદી. આ ચીતાર શું થોડો સીહા છે ? તે પારસીપણાંથી ઉલટો અને જુદ્દદીન લોકોને મલતો શું નથી ? ધારો કે આજથી ત્રણસો યા સાડી ત્રણસો વરસ પછી પારસીઓના એક ભાગનું આ સોહા ચોત્ર કોઇ જોય, અથવા તેવા હેવાલ વાંચે, ને તે જો એમ કહે કે, એોગણીસમી સદીની આબેદીનાં પારસીઓમાં દીનનો એલમ નહી હતો; ઠાંકે તેઓ દીન ડુબાઉ હતા; તેઓ ફરંગી બની ગયા હતા; ઇત્યાદી, ઇત્યાદી, તો શું તે ખરૂં ગણાશે ? એની મુન્સાફી અમે વાંચનારાઓનો સારી સમજ ઉપરજ છોડીએ છીએ. એ દાખલો ધ્યાનમાં રાખીને જો તેઓ કાઉસ અફસાદના કીસામાંનાં સીહા ચીત્રપર વીચાર કરશે, તો તેઓ તની વીરૂધનાં સીવાય બીજાં અનુમાનપર આવી શકશે નહીં. એકકો આ કીસ્સોજ છે, કે જેમાં સાડી ત્રણસો વરસ ઉપરના પારસીઓનું ચોત્ર એટલું હદ બાહેર સીહા દોરેલું છે. બાકી તે સીવાય બીજી શાહદતો, તે પારસીઓની તરફેનમાં એટલી બધી જાય છે, કે તેમને દીનના એલમમાં જો કે ચોકસ દરજજે, તો પણ દીન ઇમાનમાં તો પુરતે દરજજે, મજબુત અને આગલ વધેલા દેખાડી આપે છે. તેમનો એલમ આજના આપણા એલમથી ઉતરતો હોય, પણ તેમનું દીન ઇમાન, પાકી પરહેજગારી અને તેમનો મોબેદી અંમલ તો આપણાથી ઘણે દરજજે ચઢતાં હતાં, અને તેટલા માટે તેઓ આપણાં કરતાં વધારે માનવંત અને વધારે પુણ્ય પ્રતાપી થઇ ગયલા ગણાવા જોઇએ. મી૦ કરકરયા તેમના મોબેદી અમલને વજન આપવાને ના પાડે છે; બલકે તેની ઠેકડી કરવાને મુનાસેબ સમજે છે. પણ અમે તેથી જુદ્દોજ વીચાર ધરાવીએ છીએ. ખરૂં છે કે, તે મોબેદો પોતે જે ક્રીયા ભણુતર કરતા તેના અર્થ જાણુતા ન હતા, પણ તેટલાજ માટે તેમનો તે જાતનો અભ્યાસ નકામો ગણાશે નહી. તે પણ ધર્મના એલમનો એક ભાગજ ગણાવો જોઇયે; અને તે ભાગ એવો છે, કે જે પારસીઓનાં અસલ ક્રીયા ભણુતરો જાલવી રાખવાના કીલ્લા સમાન થઇ પડેલો છે. તે વડે તેઓ ધર્મનો ઉંચામાં ઉંચો "અંમલ" કરી ગયા છે, અને અંમલ એ હરકોઇ ધર્મ પાલવાનું ખાસ લક્ષણ છે. આજે આપણામાં જ્યારે ધર્મનો એલમ ફેલાયો છે, ત્યારે ધર્મનો અંમલ ઘટતો ચાલ્યો છે, અને એ બાબતમાં તો આજે આપણે સામા તેમનાથી પછાત જઇયે છીએ. જે અંમલ વડે પારસી બાલકો

પારસીપણાંમાં દાખલ થઈ શકે, જે વડે તેમનાં સંસારી જોડાં સંધાય, ગુજરેલાંઓનાં હાડ ઠેકાણે પડે, તે ગુજરેલાંઓની આરાધનાની ફરજ અદા થાય, તેમનાં ધર્મનાં મકાનો સ્થાપન થાય; ટુંકમાં, જે અંમલ વડે પારસીઓનું પારસીપણું ચાલે તે અમલ અને તે ઠરનારાઓ કદી પણ ઉતરતાં ગણાય નહી. તે અંમલ, અલબતે, તે વખતના પારસીઓ તેનાં ભણતરના અર્થ જાણ્યા વગર બજાવતા હતા, પણ તે માટે તેઓ દોષને પાત્ર ગણાશે નહી, કેમકે તે વેલાની તેમની સ્થીતી તેટલી બાબતમાં તેમને પછાત રાખે તેવીજ હતી. જો આજના કેલવણી, સુધારા, દોલત વગેરેમાં આગલ વધેલા ગણાતા પારસીઓ, પોતાની સઘલી પતરાજી અને બોહલી સગવડો છતાં એજ અગત્યની બાબતમાં હજુ પછાત પડી રહ્યા છે; એટલે આજના મોબેદો વટીક ક્રીયા ભણતરો તેના અર્થ જાણ્યા વીનાજ કરે છે, તો ત્રણસો વરસ ઉપરના પારસીઓથી તેટલી બધી આશા રાખવી ફોકટ છે, તેમના વખતની હાલત, સાધન અને જોગવાઇ પ્રમાણે, તેઓથી જે આશા રાખી શકાય તેટલું સઘલું, બલકે તે કરતાં વધારે, તેઓ બજાવી ગયા છે; અને તેજ સાદા, સંતોષી, સદગુણી અને દીનચુસ્ત પારસીઓ છે, કે જેઓએ, ધર્મના બચાવને ખાતર પોતાનું પ્યારૂં વતન ઈરાન છોડી હીંદ સરજમીનમાં નાહાસી આવેલા પોતાના દીનદાર વડીલોના કદમ, વચન તથા દાખલા પર વફાદારીથી ઉસ્તવાર રહી, પોતાનો ધર્મ જાલવવા તથા બચાવવાનાં કામને સરંજામ ઉતારી, તે ધર્મને જીવતો જાગતો રાખ્યો છે, અને તે ધર્મને એક સર્વોતમ વારસા તરીકે આપણને આપણા વીશ્વાસપર તેઓ હવાલે કરી ગયા છે. તેઓ તેટલા માટે, આપણાં માન અને વખાણનેજ નહી, પણ આપણાં એહસાન અને તાબેદારીને પણ લાએક છે.

ના૦ ૬૨.

જામે જમશેદ.

(તા. ૧૪ મી સપ્ટેમ્બર સને ૧૮૯૬.)

ગુજરાતના પારસીઓ વીશે મી. કરકરીયા.

જામે જમશેદના અધીપતી જોગ સાહેબ,

" કીસસે કાઉસ વ આફસાદ " હજુરતો ખોટો પાડીને બનાવટી ઉલ્લો કરેલો પુરવાર થઈ શકતો નથી, તેટલે તમારો ચરચાપત્રી વળી બીજું ઇતીહાસીક કામ માથે હોરી લે છે અને તે એ કે રેવાયતોમાં જે જે એ કીસસાને ટેકો આપનારૂં છે તે સઘળું ધુસાડેલું છે ! કીસસે કાઉસ એની સામે જાય છે તો કહે છે કે એ કીસસો ખોટો ઉલ્લો કરેલો ! હવે રેવાયતો એની સામે જાય છે તો કહેવા નીકળ્યા છે કે રેવાયતોએ ખોટી અને ફકરા ઉભા કરી ધુસાડેલા ! એ કેવી વીચીત્ર અને હસવા સરખી તકરારની રીત અને તેનાં કારણો અને પુરાવો તો કેથે દીસતા નહી ! કીસસે કાઉસ બનાવટી નથી, તે વીશે મેં અનુક્રમે બતાવેલી દલીલો એ ચરચાપત્રી તોડી શકયો નથી, તે તો સઘળી એમનીએમ ઉભી છે. એ કબુલ કરે છે કે „ કીસસોનો મીનીંગ તવારીખ ઉપરાંત જોડી કહાડેલી વારતાનો છે." તયારે કયાં ગઇ એની તકરાર કે " જે ચોપડીનું નામજ કીસસો એટલે કહાણી કથા છે " તે કેમ માનવી ? મેં પણ એમજ કહયું કે કીસસાનો મીનીંગ પહેલો તવારીખ છે. જો દરેક " કીસસો " નામ ધરાવનારી ચોપડી ખોટી કહાણીની ગણાવી જોઇયે તો " કીસસે સંજાન " વીશે શું એ ચરચાપત્રી કહે છે ? એ " કીસસા " ઉપર તો પારસીઓ હીંદુસતાનમાં આવયા પછીની પોતાની સઘળી તવારીખનો મદાર બાંધે છે

તયારે એવી સઘળી "જોડી કહાડેલી વારતા," "કહાણી કથા" ઇંતયાદી કે શું ? ફીસસે કાઉસમાંની ભાશા અલંકારીક છે અને એવી ભાશા લખવાનો ફારસીમાં તવારીખવાળાઓનેબી ચાલ હતો, તે ચરચાપત્રી જાણતો હોવો જોઇયે. માણેકશાહની ગાડી, ઘોડા અને બીજી ચીજોનું વરણુન કરતી વખતે એ માતર ફારસી લખનારાઓની જાણીતી અલંકારીક ભાશા વાપરે છે, જે બીજા સુધા તવારીખનવેસોમાંણી આવે છે. તેથી એનો ફીસસો બનેલા બનાવો વીશે ખોટો કેમ કરે, તે સમજ પડતી નથી. પણ એની સામે મજબુત તકરાર તો આ છે કે જો એ ફીસસો કદમીવાળાઓએ ખોટો ઉભો કરયો હોય તો તેઓએ હાથે કરીને આવી ભાશા કાં કાઉસનાં મોઢામાં મુકી હોય ? જો એવી ભાશાથી તમારો લખનાર કહે છે તેમ આખો ફીસસો ખોટો ઠરતો હોય, તયારે તો બનાવટી ઉભા કરનાર તો જરૂર એવી ભાશામાં તે પકડાઇ આવશે માટે કહીબી વાપરતે નહી. પણ એ સઘળાં ફાંફાં મારવાની તકરાર છે.

વળી બીજી તકરાર એ ફીસસો ઉભો કરેલો છે તે માટે એ લાવવામાં આવી છે કે, "જો ફીસસો અસલજ હતે તો આપણા નેઆગાનોને નકલો કરી લેવાનો ઘણો શોખ હતો, તો એની નકલો આજે પુશકળ માળી આવતે, પણ એની નકલો એક બે ઠેકાણા સીવાય બીજે કેથેણી હોય તે જણાતું નથી. એજ બતાવે છે કે, એના બનાવનારે રખે તે તરતની લખાયલી પકડાઇ આવે એવા હેતુથી તે જમાનાના કોઇબી ભણેલા આસામીને બતાવવાના અખાડા કરી જઇ તેના પાના જુના થયા બાદ તરજુમો કરનારના હાથમાં મેલવામાં આવયાં છે." એપરથી એમ ઠરે છે કે જે કેતાબોની એકુ બેજ નકલો હવે મળે તે સઘળી બનાવટી ઉભી કરેલી ! જેની આપણા નેઆગાનોએ નકલ નહી કરી તે સઘળી કેતાબો બનાવટી ઉભી કરેલી ! મુલ્લાં ફીરોઝ જેવા નામીચા ઉસતાદ—જેના જેવો ઇરાનથી હીંદુસતાન આપણે આવયા પછી કોઇબી આપણે જરથોસતી કાબેલયતમાં થઇ ગયો નથી—પણ એ "પાના જુના થયા બાદ તરજુમો કરનારના હાથમાં મેલવામાં આવયા" તેથી ઠગાઇ ગયા ! તેવણેબી અસલ કેતાબ જોયલી નહી ! અને એ અસલ કેતાબ ફારસીમાં મુલ્લાં ફીરોઝનાજ પોતાનાં કેતાબખાનામાં હતી તેની સાબેતી છે ! તમારો ચરચાપત્રી કહે છે કે એની એકુ બે કરતાં વધુ નકલો હતીજ નહી અને તે માટે હાદેસાનામાના દીબાચાનું પાનું ૧૪ મું ટાંકે છે. પણ એજ પાને હાદેસાનામાવાળા કાબેલ દસતુર ફરામજી રણાદી તો એથી ઉલટુંજ કહે છે:—સેવકે મેહેનત લઇને ઉપર કહેલી બેઉ ફારસી કેતાબોની દશ બાર નકલો એકઠી કરી તપાસીને તેનો તરજુમો ગુજરાતી કરીને તે બેઉ કેતાબો બનાવીને છપાવી છે," અને વળી એવણ કહે છે કે 'ગુજરાતીની કેતાબ વાંચયાથી જે સાહેબને શક પડે કે એ તરજુમો ફારસી કેતાબ બરાબર ઠરયો હશે, યા એ તરજુમા મધે એ તરજુમાના કરનારે પોતાની તરફથી વધારયું હોય એ પ્રમાણે શક પડે, તો તે ફારસી કેતાબો હાલમાં સેવક પાસે હાજર છે. તે કેતાબો સાથે તપાસી જુએ. એજ અરજ." એ તો ખુલ્લું તેડું કરે છે કે સઉ કોઇએ આવી એ કેતાબ ફારસીમાં તપાસવી. તયારે એ ઢાંકવા સાંતવામાં આવી તે તોફો દલીલ ઠયાં ગઇ ? એ તયારે વળી તમારા ચરચાપત્રીનો નવો ઓરંગો. કોણ પુછે છે, મારો ફડાકા ! એવી રીતે તમારો ચરચાપત્રી તકરાર ચાલુ રાખતો દીસે છે.

પેશોતન રામે "ગોસતકૃયાન" કેતાબ મેં કહયું તેમ બીલકુલ લખી નથી,

એ વાત સીધ છે અને એ ઓરંગામાં પકડાઈ જવાથી હવે કબુલ કરે છે કે પેશોતન શમે એ કેતાબની એક માત્ર નકલ કરી હુતી એટલે અસલપરથી ઉતારી લીધી હતી! અને તેમાં પેહેલવીમાં ૧૨-૧૫ લાઇનનું સરનામું કરેલું છે " તેથી એ મોટો પેહેલવી કાબેલ ઉસતાદ થઇ ગયો અને તેથી એના ભરૂચવાસીઓ અને ગુજરાતના સઘલા પારસીઓ કાબેલ હુતા ! અને તેથી મેહેરજીરાણા અકબરની દરબારમાં જબરો "વાધ મારી આવયા ! " એ નવાં સીધાંતો !

વળી આ બાબદ અને ઇતીહાસની નુકતેચેનીના કાયદા સમજવાનું ઠેકાણું નહી મળે તેમાં શીવાજીની બાબદ વીચેચન કરવાનો શોખ થઈ આવેલો લાગે છે. મોચોએ ચામડાંનેજ વળગી રહેવું એવી નાદર કહેવત મુજબ એ નવસારી વીશેજ ઓરંગા મારવાને વળગી રહે તો બહુ સારૂં, નહી તો પોતેજ ઉપલાં ચરચાપત્રમાં કબુલ કરે છે તેમ " હાથે કરીને ફજેત થવા જશે." વાંચનારી આલમે અતયાર અગાઉ જોયું હશે કે મારી તકરારો જેમની તેમ ઉભી રહેલી છે અને એ ચરચાપત્રી તેને તોડી "ક્રીસસે ક્રાઉસ" ને તેમજ રેવાયતવાળા તેના ટેકાને બનાવટી ઉભા કરેલા બતાવી શકયો નથી, બલકે તેવી જાણવાજોગ કેફીયત પણ કબુલ કરી છે. એવા સાથ વધુ તકરાર કરવામાં શો ફાયદો ? હવે મારે બીજે વખતે મેહેરજીરાણાને અકબરે આપેલી કહેવાતી જમીનની સનદની તપાસ લઇ અને તેનાં ખરાપણાં વીશે બીજી વખતે અકબરે આપેલી ત્રાબાની અને બીજી સનદો સાથ સરખામણી લઇ વુસતેજો કરી આ મેહેરજીરાણા વીશેની બાબત સમાપત કરવી છે. તયાર પછી એ સઘળું એક ચોપાનીઆના આકારમાં બહાર પાડી જાળવવું જોઇયે છે કે, ભવીશમાં કોઇ વળી એ બાબદસર બહાર નીકળી બોટો ધાંધલ કરી પારસીઓને ભમાવવા નીકળે નહી કે મેહેરજીરાણાએ સુરજ આસમાનમાંથી ઉતારયો અને અકબર બાદશાહને સદરે કસતી પહેરાવી જરથોસતી કરયો હતો.

સેવક તમારો,
રૂસતમજી પે૦ કરકરીયા.

ના૦ ૬૩.

સત્ય મિત્ર.

(તા૦ ૨૦ મી સપ્ટેમ્બર સને ૧૮૯૬.)

ત્રણ સદી ઉપરના પારસીઓનાં જ્ઞાન વીશે ખુલાસો.

સત્ય મીત્રના અધીપતી જોગ.

સાહેબ,

ચાલતા મહીનાની તા૦ ૧૩ મીના સત્ય મીત્રમાં† ત્રણ સદી ઉપર ગુજરાતના પારસીઓનો ધરમજ્ઞાનની હાલત વીશે બોલતાં મરહુમ દસતુર જમાસપ આસા વીશે આપ સાહેબ જણાવો છો કે " જયારે તેવણ (જમાસપઆસા) ભરૂચ હતા ત્યારે દીલ્લીથી ત્યાં આવેલા એક સરકારી ઓધેદારે તેમની કાબેલીયત પર ફીદા થઈ તેમને પોતા જોડે દીલ્લી લઇ જઇ ત્યાંના શેહનશાહના એક મુનશીનો અધીકાર બખશાવવાની બાહેશ દેખાડી હતી, જે એ મરહુમ દસતુરે તુરતજ ઉંચકી લીધી હતી. " એ વીશે શેવક બરો ખુલાસો કરવાની રજા લીએ છે.

ઇ૦ સ૦ ૧૭૧૯ મા મરહુમ દસતુર જમાસપ આશા ભરૂચથી એલમ હાસલ કરી નવસારી આવયા પછી તેવણે દીલ્લીના તે વખતના શહેનશાહ મહમુદશાહ ઉપર ફારસી જુબાનમાં અરજી લખી તેની દરબારમાં બોલ્બો મેલવવાની ઉમેદવારી કરી

† જુઓ નંબર ૬૧.

હતી. આ અરજીની એબારત બંદી ઉપરથી પાદશાહ મહમુદશાહ અને તેવણના દરબારીઓ એવા અનુમાન ઉપર આવ્યા કે ઉમેદવારી કરનાર શખસ આલેમ હોવો જોઈએ. આ ઉપરથી પાદશાહે સુરતના તે વખતના નવાબ તગએબખાન ઉપર પાદશાહી ફરમાન મોકલી મરહુમ દસતુર જમાસપઆશાને દીલ્લી દરબારના મીર મુનશીના અધીકાર ઉપર મોકલી આપવાની ફરમાસ કરી હતી. આ વખતે મરહુમ દસતુર સુરત હતા. તેવણ ત્યાંથી દીલ્લી જવા રવાના થયા, હજુ તો ભરૂચ તરફ છે તેટલાં આપ સાહેબ જણાવો છો તેમ "તેમના પીતા મરહુમ મોબેદ આસાજી જેઓ તે વેલા હયાત હતા, તેઓને નહી ગમ્યાથી તેવણે તત્કાલ ભરૂચ જઇ લાગી પોતાની મુરબ્બીગીરીની સતાથી તે વાત ભાંજી પાડી હતી" ઉપલી પાદશાહી ફરમાનની નકલ હમારા બાવા મઉવાલા દસતુર ખુરશેદજી જમશેદજીએ ભરૂચવાલા મરહુમ દસતુર જમશેદજી રૂસતમજી દસતુર કામદીનના કેતાબખાનામાં જોઇ હતી. આ ખુલાસો આપના પત્રમાં દાખલ થયલો જોવાનો ઉમેદવાર.

સીકનદ્રાબાદ તા૦ ૧૫-૯-૯૬.

સેવક અરદેશર ખુરસેદજી દસ્તુર જમાસ્પઆશા.

ના૦ ૬૪.

જામે જમશેદ

(તા૦ ૨૧ મી સપ્ટમ્બર સને ૧૮૯૬)

ત્રણ સદીની વાત ઉપરના પારસીઓ વીશે મી૦ કરકરીયા.

જામે જમશેદના અધોપતી જોગ--

સાહેબ,

મી૦ રૂ. પે. કરકરીયાના અસભય પત્રનો હું જવાબ આપનાર ન હતો, પણ રખે મારા બસતેકુસતીઆન ભાઇઓમાં તેઓના હીંદ્દી વડવાઓ વીશે માઠો ખયાલ રહી જાય, તે હેતુ ધ્યાનમાં લઇ આ લખવાની ફરજ પડે છે. પહેલે તો મને તુછકારી કાઢી જવાબ આપશેજ નહી, એવો એવણે ઠરાવ કરયો હતો, પણ જયારે તકરારોથી ખુણામાં ઘેરવામાં આવયા, તયારે તોછડાઇભરી ભાશા વાપરી ફરીથી બાહેર આવયા કે, " મારી તો તકરારો ઉભીજ છે." એવણની તકરારો કેવી ઉભી છે તે જો સાહેબ તમો મને જગા આપશો તો તેનું પુરતું ખંડન કરી બતલાવીશ.

એવણનું વાંચન ઉપર ટપકેનું છે, તે ઉંડું નથી, અને તેથી એવણ જે બાબદ હાથ ધરે છે, તેને બરાબર ઇનસાફ આપી શકતા નથી. મેહેરજીરાણા સાહેબની બાબદમાં એવણની અધુરી દલીલોને ગઇ તા૦ ૨૪ મીના " મુંબઇ ગેઝટમાં " † એક " ઓકીલત્રી " નામના ચરચાપત્રીએ તોડી જગતગુરૂનો અરથ, ઇતીસત નામના ફારસી લેાગત સંબંધી ભુલ, બદાઉનોની તવારીખ ઉપરથી નવસારીવાળા દસતુરજીનાં દીલ્લી જવાના સને વગેરે બતલાવી, એવણને ખુલ્લે ખુલ્લી ચેલેંજ કરી. મેહેરજીરાણા દસતુરવાળી તકરારમાં તકી ન શકાવાથી તે તકરાર અધુરી છોડી એવણ ૩૫૦ વરસ ઉપરની કુલ હીંદ્દી જરથોસતી આલમની ખોડખાપણ કહાડવા નીકળી પડયા. તયાંથી જયારે ન તકાયું તયારે આવીને એક એવી ચોપડીનો આશરો લીધો છે કે જે દેખઇતી કલપીત બનાવટની ઉભી કરેલી છે. એ કેતાબ કાઉસ-વ અફસાદના કીસા વીશે એવણ કહે છે કે ૧૮૩૧ માં તેનો તરજુમો બીજી વાર છપાયો હતો, પણ તેમ છેજ નહી. દીબાચાને પાને ૯ તથા ચોપડીના પાના પર માહેલી નોટમાં એરવદ ફ૦ રબાડી પોતે કહે છે કે તે " તમામ નહતી,"

† જુઓ નંબર ૬

એટલે તે હોય તો લખાયલી હાલતમાં હતી છપાયલો નહીં. વળી તેના પહેલા અધુરા ગુજરાતી તરજુમાનો સને ઇ૰ સ૰ ૧૭૮૩નો આપવામાં આવયો છે, જે સનેમાં યાને આજે બરાબર ૧૧૩ વરસની વાત પર દાદીશેઠવાળાં આતશબેહેરામ સાહેબને પરથવામાં આવયાં હતાં, જે વખતેબી અલબત કદમી અને શેહેનશાહીઓ વચે ઝઘડો ચાલતોજ હતો, કારણ છેક ૧૭૨૧ થી તે ઝઘડાનું મુળ રોપાયલું હતું, તે અરસામાં કોઇણી વખત આ ચોપડી લખાયલી હોવી જોઇએ. આ ખોટી ચોપડીનો તરજુમો કરનાર એરવદ રબાડી--જેવણ અને હાલના આપણા મી૰ કરકરીયા એકજ સાથના છેની લાગણી તદન કદમીઓ તરફ હતી, તેના દાખલા તેવણની ચોપડીનાં પાનાઓ ટાંકી મેં બતાવી આપયું છે કે, આદરાતના આતશ દર વરસે સરદ કરવા વગેરેની કદમીઓની ચાલ તેને એવણે પુરતો ટેકો આપયો હતો, તે ઉપરાંત એક બીજો અગતનો દાખલો મળી આવયો છે, જે ઉપરથી સમજુ જરથોસતીઓ ચેતી જશે કે એરવદ રબાડી દસતુરજી સાહેબ મુલ્લાં ફીરોઝજીના હાથમાં રમી રહેલા હતા. જ્યારે મરહુમ દસતુરજી એદલજી સંજાનાએ પોતાની નામીચી કેતાબ "ખોરદેહ વહીજક" બહાર પાડી અવસતા વગેરેની બાબદોથી સાબેત કરયું કે દીનમાં કબીસો થાયજ છે, તયારે કદમી બેહેદીન સાહેબોએ પોતાના દસતુરજી ઉપર દબાણ કરયું કે તમો એનો જવાબ આપો. આનો જવાબ આપતાં દસ્તુરજી મુલ્લાં ફીરોઝજીને બે વરસ લાગાં, જે અરસામાં તેવણે "અવીજેહદીન" નામની એક કાબેલીઅત ભરેલી ચોપડી બનાવી. પણ બે વરસના લાંબા અરસા સુધીમાં બેહેદીનો શાંત ન રહે, તેથી તેવણે તે ચોપડીનો મુખતેસર યાને ટુંક ઇનતેખાબ ૧૮૨૮ માં બહાર પાડયો, જેનું નામ "મુખતેસર રદ જવાબ કબીસાની ખોરદેહ વહીજક કેતાબનો" ઠરી આપયું. આ ચોપડીને પાને ૫૫) મે એરવદ ફરામ અસપંદીયારજી રબાડી ઠરી બીજા મોબેદોની સાથે શેહેનશાહીઓની વીરૂધ પોતાની સહી ઠરી સાથે સેરો મારયો છે કે, "જાણવું જે આપરા નાધલા તથા મોટા અવસતા મધે કોઇ જગો કબીસાની કાંઇ જીકર આવી નથી, જે મજદીઅસની દીનમાં કબીસો કરે, અને કબીસાનું નામ પણ જંદ અવસતા તથા પેહેલવીમાં કાંઇજ આવયું નથી, કાંય જે દીનમાં કબીસો જાયજ નથી અગરજો કરવો રીવાજ હતે તો અસલ કદીમથી આગલા બુજરોગો કરતા આવતે તે સત ઠરી જાણવું..." કયાં ગયા મી૰ કરકરીયાના "ચુસ્ત શેહેનશાહી?" બીજું સાહેબ, તમો જાણતા હશો કે, કદમી ભાઇઓ શેહેનશાહીઓને તોછડાઇથી રસમી કરી બોલે છે, પણ કોઇબી શેહેનશાહી પોતાને રસમી કરી બોલતો નથી, પણ એરવદ રબાડી પોતે શેહેનશાહીઓ માટે રસમી બોલ વાપરે છે. એ સંધુ શું બતાવે છે? અસલી રેવાયતોમાં પોતાની મતલબના ફકરા ઘુસાડવામાં આવતા હતા, તેનો નજરે જોયલો એક દાખલો મેં ગઇ વેળાએ આપયો હતો. કબીસાની ભાંજગડ વખતે ઘણીક ખોટી સાહદતો બંને બાજુ તરફથી લાવવામાં આવતી હતી, જુની કેતાબોમાં ફકરાઓ ઘુસાડવામાં આવતા હતા, અને ખોટા તરજુમાઓ કરવામાં આવતા હતા, એવું હું કાંઇ નવું નથી કહેતો. એ બાબદ મશહુર છે, અને તેને મી૰ નવરોજજી ફરદુનજી જેવા કાબેલ લખનારનો ટેકો છે. જુઓ એવણની "તારીખે જરથોસતીઆન" નામની ૧૮૫૦ માં નીકળેલી ચોપડીનાં પાના ૪૫-૪૭-૧૩૧-૧૩૩-૧૬૭ વગેરે. સાહીત્યની તવારીખ જાણવાનો ફાંકો મી૰ કરકરીયા રાખે છે, તો એવણને માલુમ હોવું

જોઇયે કે ઘણીક બનાવટી ચોપડીઓને ખરી તરીકે મુલ્લાં ફીરોઝજી કરતાં ઘણા મશહુર આલમાઓએ એક વખત કબુલ રાખી હતી. જેવાં કે Ireland ના નાટકો, Chatterton ની કવીતાઓ, Psalmanazar ની ફોરમોસાની તવારીખ અને વયાકરણ, Phalaris નાં કાગળે વગેરે બાહોશ ભેજાંઓએ એક વખત કબુલ રાખ્યા છતાં પાછળથી જણાયું હતું કે તે બનાવટો forgeries હતી.

જ્યારે કાઉસની દફાંસો મેં ખોટી પાડી ત્યારે એવણ કહેવા નીકળ્યા કે એ તો ફારસી લખનારાઓની સાહેરી છે. કબુલ કરયું, હોયબી. માણેકશાહના આરબી ઘોડા, ખરેખરી સોનેરી ખુરસી, એવણ સાહેબને લેવા મોકલેલી ધામધુમભરી સવારી વગેરે કાઉસની આપવડાઈની વાતો અલંકાર માનયે તો ચોકસ ટકા તેમાંથી બાદ કરવા જોઇયે, ત્યારે જરથોસતીઓનાં ઘરો કરતાં દોખમું ભલું, તેઓ કરતાં દેવોનો ટોળો ભલો, ઓરતો કસતી બાંધતી ન હતી, રવાંનોને દુરવંદો પાસે ઉંચકાવતા હતા, વગેરે બાબદોમાંથી કેટલા ટકા બાદ કરયે. મારા ભાઇ જાણતા નથી કે ગુજરાતમાં જરથોસ્તીઓને ઉંચ વરણના હીંદુઓ સાથે વહેવારમાં આવવું પડતું હોવાથી તેઓ સુરતી ઘેડા જેવાઓને પોતાના ઓટલા ઉપર ચઢવા દેતા ન હતા. ગુજરાતના કોલીઓ, દુબરા વતીક ઉંચ કહેવાય છે, તેઓ તો પારકાંનાં મુડદાંને કદી અડકે નહી. ત્યારે રવાન ઉંચકનાર રહયા કોણ? ઘેડ લોકજ કેની? આમ જો તે વખતના જરથોસ્તીઓએ ઘેડ લોક સાથે વહીવટ રાખ્યો હતે, તો ગુજરાતી હીંદુઓ તેઓ સાથે ભેળાતે? તેઓ પારસીઓને તો પછી ઘેડાઓની માફક દુરજ રાખતે! પોતાનાં બોહોળાં વાંચનનો લાભ આપી એવણ આપણને કહે કે ઘેડે સારીમા પછી રવાંનોને દોખમામાં અવલમંજલ પહોંચાડતી વખતે આપણા વડવાઓ ઘેડાઓની મદદ લેતા હતા કે કેમ તેમ જો હોય તો ઘેડે સારેલી રવા કેમ રહેતી હશે. હું ધારૂં છું એવણ એમ તો કહેવા ન નીકળશે કે તે વખતનાં પારસીઓમાં ઘેડેસારણ જેવી ચીજ હતીજ નહી. મેં કહયું હતું કે આ કીસસાની જુની નકલો કેથેથીબી મળતી નથી, તો એવણ ભાઇ કહેવા નીકળ્યા છે કે એરવદ રબાડી પાસે તરજુમો કરતી વખતે ૧૦ થી ૧૨ નકલો હતી, પણ એમ ન હતું. એરવદ સાહેબ ૧૦ થી ૧૨ નકલો માટે બોલે છે તે તો કીસસે સંજાન અને કીસસે કાઉસની બે ચોપડીઓ માટે બોલે છે. હવે તેમાં કીસસે સંજાનની કેટલી હતી ને કાઉસની કેટલી હતી, તે જણાતું નથી. અલબતે કીસસે સંજાનની તો આજેબી ઘણી નકલો પુરાણી મળી આવે છે. પણ કીસસે કાઉસની તેવી ૧૬ કે ૧૭ મી સદીની નકલો કેથે મળી આવતી નથી. મુલ્લાં ફીરોઝ કેતાબખાનામાં જે કેતાબ હાલ મોજુદ છે તે થોડા વખત ઉપરની લખેલી છે, ને તેપર સને જણાતો નથી, જે બતલાવે છે કે વરસ મુકવાના અખાડા કરવામાં આવેલા છે.

મી૦ કરકરીયા અમો ગરીબ નવસારીવાસીઓને દબરાવે છે કે હવે એવણ મોહેરજીરાણા સાહેબને આપેલી સનદ, અકબરે આપેલી ત્રાંબાની બીજી સનદો સાથે સરખાવીને ખોટી પાડવાનાં કામમાં મશગુલ થયલા છે. તેમ કરે તો ભલે પણ તે આગમજ ફારસી ભાશાનો પુરતો અભ્યાસ કરે તો ઠીક. સનદો ઉકલાવવી એ કાંઇ દબેસતાન યા બદાઉનીના બીજાએ કરેલા આઇતા તરજુમાઓ ટપકાવી લેવા જેવું સહેલું કામ નથી. ૩૦૦ વરસની જાગીર જે જુદા જુદા રાજકરતાઓએ પકી કરી આપેલી છે, તેને ખોટી પાડવી તે કાંઇ સેહેલી બીના નથી. વળી મરહુમ દસતુર સાહેબની

ફીરતી એવણે થોડી ઝાંખી પાડી હોય તેમ તેને વધુ અંધારામાં લાવવા માટે એવણ એક જુદું ચોપાનીડું છપાવનાર છે. ભલે તેમ કરે, પણ તે આગમજ બીજાઓની તકરારોના જવાબ આપી, પોતાનો રસ્તો સાફ કરી પછી તેમ કરે તો બેહેતર, કે હવે પછીનો ઓલાદને એવણની કાબેલીયતનું તોલ કરવાને બની આવે.

સેવક તમારો,

રૂસતમજી કે. મોદી.

મુંબઇ, તા૦ ૧૮ મી સપટેમ્બર ૧૮૯૬.

ના૦ ૬૫.

અખબારે સોદાગર, સમાચાર દરપણ, તથા મુંબઇ ચાબુક.

દુનીયામાં વેપારથી દરવીય વધે છે અને માણસોનાં સુખમાં વધારો થાય છે.

(તા૦ ૨૧ મી સપટેમ્બર ૧૮૯૬ ને વાર સોમ.)

ત્રણ સદી ઉપર ગુજરાતના પારસીઓની ધરમની સ્થીતી કેવી હતી ?

આપણે આપણા બાપદાદાઓથી જાણતા તથા સાંભલતા આવયા છીએ કે, જ્યારથી પારસીઓ હીંદુસતાનમાં આવી વસયા તયારથી તેમની સ્થીતિ નાણા સંબંધી બાબતમાં મુફલેસ હતી, તોપણ તેમની ધર્મ સંબંધી હાલત સારી અને સંતોશકારક હતી. તેઓ ધરમના બચાવનેજ અરથે અહીં આવયા હતા, અને સદા તેજ નેમ ધ્યાનમાં રાખીને વરતયા હતા, તેઓ જાતે ધરમચુસ્ત, એતેકાદવાલા, પરહેજગારીમાં પુર, ભણનાર ગણનાર અને ધરમની જગાઓ તથા ધરમના તેહેવારો અને ધરમની ક્રીયાઓપર જાનફેશાની કરનારા હતા. એજ કારણથી તે વેલા તેમનો અથોરનાન ટોલો એહદીનોપર ચઢીઆતાપણું ભોગવતો, તથા તેમની રેહનુમાઇ કરતો હતો. તેમનામાંના દસ્તુરો તથા દાવરોતો તે વખતને અનુસરતો ધરમનો એલમ પણ જાણતા હતા, અને તેઓમાંના મોબેદોનો મોબેદી પેશો ધીકતો હતો. તેઓ સંજાણથી આગલ વધી ગુજરાતમાં ઠરીઠામ થયા પછી તેમની એ હાલતમાં સુધારો અને વધારો થયો હતો, અને આજથી ચારસો વરસ પછી તો તેઓ ધરાન ખાતે ખેપીઆ મોકલી પોતાના ધરમ જ્ઞાન તથા ધરમ પેશામાં મજબુત થવા માટે પુછપરછ ચલાવતા હતા. લગભગ એજ હીગામથી ભરૂચમાં એક જંદ પેહલવી મદરેસા ચાલુ થઇ હતી, અને નવસારી તો તે વેલા માણેકશાહ ચાંગાશાહ જેવા માતબર અને દીનદાર અકાબર ધરાવતું હતું. તે પછી બેહેસતનશીન દસતુરો મેહેરજી રાણા, આસદીન કાઠા, પહાલન ફરેદુન, જામાસપ આશા, દારાણ પહાલન વગેરે જેવા પરહેજગાર અને એલમણાજ ધરમગુરૂઓ અનુકરમે તયાં થઈ ગયા છે. એટલું છતાં તે વાતપર શક નાખી આજે પારસીઓમાં ગંભીરાઈ સાથ સવાલ ઉભો કરવામાં આવ્યો છે કે, તરણસો વરસપર ગુજરાતના પારસીઓની ધરમ સંબંધી હાલત કેવી હતી, અને તેમના દસતુરોમાં ધરમનું જ્ઞાન હતું કે નહી ! એ સવાલ મી૦ રૂસતમજી પેસતનજી કરકરીઆના અકબર તથા પારસીઓ અને દસ્તુર મેહેરજી રાણાવાલા નીબંધથી ઉભો થયો છે, અને તે ઉપર સામસામી પુશકલ તકરાર ચાલે છે. મી૦ કરકરીઆ કહે છે કે, તે વેલા ગુજરાતના પારસીઓમાં દીનદારી તો હતીજ નહી, પણ સામુ અધરમીપણું ફેલાયલું હતું, કારણ કે "કીસે કાવુસ અફઝાદ"માં તેમને ઉઘાડે પગે તથા સદરા કસ્તી વગર ફરનારા અને દીનની રાહોરવેશથી ઉલતા ચાલનારા જણાવેલા છે. તે સાથે તેવણ એમ પણ

કહે છે કે, તે વેલાના દસતુરોમાં ધરમનું જ્ઞાન પણ કાંઇ નહીં હતું, અને માતર પોણીબસો વરસપર જમાસપ વેલાતી ઇરાનથી આવયો તેનાથી તેઓએ તે મેલવયું હતું. સામેવાળાએ મી૦ કરકરીઆની એ તકરારોને તોડીને તરેહવાર નવી દલીલો રજુ કરે છે કે, તે વેલા ગુજરાતના પારસીઓમાં પુરતી દીનદારી હતી, તેમ તે વેલાના દસતુરો ધરમનું જ્ઞાન પણ સારૂં ધરાવતા હતા.

પણ એને માટે એટલું લંબાણ જવાની ઝાજી જરૂર નથી. દસતુર મેહેરજી રાણા, જેમના ચરીતરને લીધે આ તકરાર ઉભી થઇ છે, તેમનો મુલ દાખલોજ લેશો તો એ તકરારનો ફડચો થઇ જશે. અને તે ફડચો ત્રણસો વરસપર ગુજરાતના પારસીઓમાં દીનદારી તથા દીનનો એલમ હતો તેની તરફેણનોજ થશે. જો એટલું સાબેત થાય કે દસતુર મેહેરજી રાણા દીનદાર અને દીનના એલમવાલા હતા, તો પછી સાથે લાગું આ પણ સાબેત થવું જોઇયે કે તે વેલાના ગુજરાતના પારસીઓ પણ દીનદાર અને તે વેલાના દસ્તુરો દીનના એલમવાલા હતા; કેમકે મી૦ કરકરીઆએ એ સવાલ એટલુંજ શાબેત કરવા માટે જગાડયો છે કે, તે વેલા ગુજરાતના પારસીઓમાં ધરમનું અંધારૂં હતું, તેથી તયાંનો એક દસતુર (મેહેરજી રાણા) અકબરને પારસી ધરમ સમજાવી શકે નહી. મી૦ કરકરીઆ એજ સીધાંત લઇ બેઠા છે કે, દસતુરજી મેહેરજી રાણાએ નહીં પણ ઇરાનવાલા દસતુર અરદેશર કેરમાનીએજ અકબરને પારસી ધરમ સમજાવી તેને પારસીપણા તરફ ફેરવયો હતો. પણ અમે એથી જુદો વીચાર ધરાવીએ છીએ, અને તે તેનાં કારણો સહીત અમે આગલ જણાવી ગયા છીએ.† તે પછી એ બાબતપર આલેલી તકરારથી જે વધારે અજવાલું પડયું છે તેથી આટલું તો ખાતરી પુરવક સાબેત થયું છે, અને તેનો ઇનકાર મી૦ કરકરીઆ પણ કરી શકયા નથી કે, અરદેશર કેરમાની તો મેહેરજીરાણા દીલ્લી જઇ આવયા પછી એક દાહેડાની મુદતે દીલ્લી આવયા હતા, કે જે વેલા એ નવસારીવાસી દસતુર મીનોચ દુનયાને રસતે પડી ચુકયા હતા, તથા અકબરે ઉઠાવેલી ધરમ સંબંધી તપાસનો છેડો આવી ચુકેલો હતો, અને વલી અરદેશર કેરમાનીને જે ખાસ કારણસર બોલાવેલા તે તો ફારસી નવી બનાવવા ધારેલી ફરહંગમાં જંદ પેહેલવી લોગતોનો સમાવેશ કરવાનું હતું: એ ઉપરથી સાફ આઇનાનીમીસાલે દીસે છે કે, મજકુર ઇરાની દસતુર આવવાની અગાઉજ અકબર જરથોસતી ધરમની સમજ મેલવી ચુકયો હતો, તેના તરફ વલી ચુકયો હતો, પવીતર આતશની સંભાલનો હોકમ ફરમાવી ચુકયો હતો, તથા કેટલાક જરથોસતી રેવાજો પણ ધારણ કરી ચુકયો હતો. તયારે તે સઘલું તેણે કોની સમજાવતથી કરયું? અલબત દસતુર મેહેરજી રાણાનીજ, કારણ તવારીખ આપણને જણાવે છે, અને તે તવારીખનો આધાર, મી૦ કરકરીઆએ પોતે પણ લીધો છે કે, અકબરે ચલાવેલી ધરમની જુસતેજો વેલા પારસી ધરમ તેને સમજાવવા માટે નવસારીથી આતશપરસતો દીલ્લી આવયા હતા, તેઓએ શેહેનશાહની મેરબાની મેલવી હતી અને તેમના આગરહથી શહેનશાહે આતશની જાલવણીનો હોકમ ફરમાવયો હતો. નવસારીથી ગયલા એ આતશ પરસતો દસતુર મેહેરજીરાણા અને મલતા વીશેકોજ હોવા જોઇયે, અને તે મી૦ કરકરયા પોતે પણ ના પાડતા નથી. વલી એ દસતુરજીને શહેનશાહે ઇનામ તરીકે બખશેલો ૩૦૦ વીંગાનો ગંજાવર વજીફો તેની જીવતી શાહદત છે કે જે ઇનામ તેમની

† જુઓ નંબર ૪૪.

એ રાહબરીનું જ હોવું જોઇયે. સારાંશ એકે, અકબરને પારસી ધરમ સમજાવી તેના તરફ ફીદા કરવાનું કામ દસતુર મેહેરજીરાણાએ બજાવ્યું હતું અને જે દસતુર એવું માહાભારત કામ બજાવે તે દીનના એલમવાલો અને દીનચુશત હોય તે વેલાના પારસીઓ દીનદારીમાં તથા દીનના એલમમાં તદન પછાત હોય એમ માનવું વાજબી ગણાય નહી. જે વેલાના લોકો ધરમનાં કામો કરવા માટે અગીઆરીઓ બાંધે અને તેમાં ધરમનાં મોટાં ગણાતાં કીરયાકામો ચલાવે, તેઓ ધરમથી તદન ઉલટી રાહે ચાલે અને ઉંધાડે પગે સદરા કુસતી વગર ફરે, એમ કદી બને નહી. અને તે વેલા એવાં કીરયા કામો થતાં હતાં તે તો મી૦ કરકરીઆ, પોતે પણ કબુલ કરે છે. આ સીવાએ બીજી ઘણી રીતે સાબેત કરી શકાશે કે, તરણસો વરસ ઉપરના ગુજરાતના પારસીઓ દીનદારીમાં સાબેત અને તે વેલાનાં દસતુરો ધરમનું જ્ઞાન ધરાવનારા હતા, પણ તુરતવેલા ઉપલી એકજ મુસતકીમ દલીલપર સંતોશ પામી, બીજી વાત અમે જોગવાઇ પર મુલતવી રાખ્યે છીએ.

ના૦ ૬૬.

કયસરે હિન્દ.

(તા. ૨૭ મી સપ્ટેમ્બર સને ૧૮૯૬)

નમુનેદાર ઇતિહાસીક નુકતેચીની.

THE CRITICAL Mr. KARKARIA.

થોડા વખત ઉપર અમે જણાવ્યું હતું કે મેહેરજીરાણાની કથાના બાબમાં મી૦ કરકરીઆ ફતેહમંદ ઉતર્યા નથી, અને અમે આશા બતાવી હતી કે કોઇ બીજા ભણેલા ગ્રહસ્થો બહાર પડીને એ વિષય ઉપર વધુ ચુનોચેરા ચલાવીને તે ઉપર કાંઇક વધુ અજવાળું પાડે. તે આશા ફળીભુત થઇ છે, અને " મુંબઇ ગેઝટ"ના એક ચર્ચાપત્રીએ† બહુજ માયાકુલ દલીલોથી મી૦ કરકરીઆના રેસાલાના વાવટેવાવટા ઉરાડયા છે અને સિદ્ધ કરી આપ્યું છે કે તે એટલો તો કાચો, અધુરો અને તરેહવાર ભુલચુકો, તાલમેલ: અને ગથલમથલોથી ભરપુર છે કે તે ઉપર, યાતો મી૦ કરકરીઆનાં હવે પછીનાં કોઇપણ લખાણ ઉપર બીલકુલ ઇતબાર રાખી શકાશેજ નહીં. અમે પોતે ઘણી વખત રાજદ્વારી બાબતોમાંનું મી૦ કરકરીઆનું પોકળપણું અને તેઓના અધકચડા વિચારો બતાવી આપ્યા છે, તોપણ આપણામાં કેટલાકો આજવેર એમ સમજતા આવ્યા છે કે હિન્દુસ્થાનની તવારિખને વિષે નવી શોધખોળ કરવામાં તો મી૦ કરકરીઆ થોડી ઘણી શકતી યા ભંડોળ ધરાવે છે. આ તર્કના ઘણોખરો પાયો " ટાઇમસ ઓફ ઇંડયા"નાં છાપ્પડે ચહડાવનારાં લખાણો ઉપર બંધાએલો હતો, પણ હવે તો તે તદન ધસી પડયો છે. મી૦ કરકરીઆ ફારસીમાં લખેલી હિન્દુસ્થાનની તવારિખોમાંથી નવું શોધી કહાડવામાં અને તે કેહેવાતી નવી શોધોને આધારે કેટલાક મશહુર ઇતિહાસોની કહેવાતી ભૂલચુકો બતાવવામાં પોહેલાજ હોવાનું જે ખોટું માન ખાટી ગયા છે તે દાવાને હવે સજ્જડ ફટકો પડયો છે, કારણ કે પોહેલાં તો ફારસી તવારીખોના આ કહેવાતા નુકતેચીનને ફારસી ભાષાનું બીલકુલ જ્ઞાનજ નથી એમ હવે સેવટનું સાબેત થઇ ચુકું છે અને જણાઇ ગયું છે કે તેમનો સઘળો ભપકો સપકો અધુરા ઇંગ્રેજી તરજુમાઓ ઉપરજ લટકેલો છે. તે તરજુમાઓનો ઘણીજ બેહુંદી ભુલો " કાપી ટુ કાપી અને માખી ટુ માખી " ની સાધારણ કે-

† જુઓ નંબર ૬

હેવ્રત મુજબ ઉતારી લેવાથી તેઓનું આ જુનું ભોપાળું આખરે ફુટી ગયું છે. "દબેસ્તાન ઉલ મઝાહેબ" ના એક ઘણુજ અગત્યના ફકરાના ખાબમાં એવણે જે થાપ ખાધી છે, તે ઉપરથી આઇનાની માફક રોશન થાય છે કે "તબકાતે અકબરી" "અકબર નામે" વગેરે મોટી કેતાબો જોએલી અને વાંચેલી હોવાનો, તેમાં જાણે કેવા માહેર હોવાનો, અને તેનાં પાનાના આંકો વટીક એવણનાં મોહોડાંમાં રમી રહેલા હોય એવો જે દાવો એવણ લઇ બેઠા છે, તે કેતાબો તો તેવણ ઉકલાવી પણ શકતા નથી !

હવે એ તો ફારસીનો વાત થઇ, પણ મેહેરજીરાણાનો ખ્યાલ વટીક સમજી શકવા જેટલું ભંડોળ પણ એમનામાં નથી, કારણ કે "જગતગુરૂ" કરીને જે શબ્દ તેમાં ઘડી ઘડી આવે છે, તેને મી૦ કરકરીઆએ એક માણસનું પોતાનું નામ તરીકે ઠોકી બેસાડયું છે. જ્યારે ખરેખર તો તે રોમન કેથલીકોના 'પોપ' ને મળતો એક બેતાબ યા ઓધો છે, અને હિન્દુઓ શ્રી શંકરાચાર્યની ગાદીના વારેસને હમેશ "જગતગુરૂ" કહીને બોલાવે છે. એક સાધારણ હિન્દુ છોકરાને વટીક પુછવાની કાળજી રાખી હતે તો તે આ શબ્દનો ખરેખરો ભાવાર્થ મી૦ કરકરીઆને આપતે. પણ એ ઉપરથી અને બીજી એમની સંબ્યાંબંધ ભુલો ઉપરથી એટલું જ માલમ પડે છે કે જોકે એમનું જ્ઞાન ઘણું જ ઉપર ટપકેનું છે, તોપણ પોતાનાજ ખ્યાલો અને તુરંગોમાં એટલા તો એવણ ચકચુર રહે છે કે કોઇ પણ બાબદ ઉપર ચોકસાઇથી વાતો બારીકીથી લખવાને એવણને હજી લાંબો અભ્યાસ કરવાની જરૂર છે. હવે આપણે મૂળ બાબત ઉપર આવ્યે છીયે તો જણાય છે કે તવારીખરૂપી નુકતેચીનીનાં બોથાં હેઠળ મી૦ કરકરીઆએ એક આગળા જમાનાનો ફેસાદ તાજો કરીને મેહેરજીરાણા અને તેનાં વારેસોને અપમાન અને હીણપસતી લગાડવાની મતલબ રાખી છે. તેવણ આપણને સમજાવા માગે છે કે મેહેરજીરાણાએ જગતગુરૂની નજરબંધીને શીકસ્ત કરવાની કથા બનાવટી છે એટલું જ નહી, પણ તેવણ દીલ્લી ગયાજ હતા નહી, તેવણને જાગીર મળીજ હતી નહી અને તે જાગીરની જે સનદ તેવણના વારેસો ધરાવે છે, તે પણ બનાવટી અને પાછળથી ઉભી કરેલી છે. વળી તેવણ એમ પણ કહે છે કે જો તેવણ દીલ્લી ગયા પણ હોય, તો તેમનામાં અકબરને જરથુસ્ત્રનાં ધર્મના મૂળતત્વો પણ સમજાવવાનું અથવા તો તે વિષે તકરાર ચલાવવાનું સામર્થ હતુંજ નહી. આએ સઘલાં ગુલબાનોનાં કારણ તરીકે તેવણ એટલુંજ જણાવે છે કે દબેસ્તાનમાં જુદા જુદા ધર્મોના ઉપાધ્યાઓ વચે જે સામ સામી જબાનદરાજી ચાલે છે તે ઉપરથી જણાય છે કે જરથોસ્તીઓનો હિમાયતી તર્ક શાસ્ત્ર, તવારીખ અને જુદા જુદા મઝહબોની ફીલસુફીમાં પ્રવીણ હોવોજ જોઇએ, અને મેહેરજીરાણા તો ગુજરાતનાં એક ખુણામાં જન્મેલા તેથી તેવણને તો કંઇ એવી આવડ હોય એમ કોઇ કાલે બનેજ નહી. હવે ખરી વાત તો એ છે કે દબેસ્તાનનો કર્તા તો એવું કાંઇજ કહેતો નથી. ધર્મ સંબંધી તકરારોનાં આખાં પ્રકરણમાં જરથોસ્તીઓનો પ્રતિનિધિ ફકત બેજ લીટીનું એક વાકય બોલે છે અને મી૦ કરકરીઆએ કંઇ પણ આધાર વગર અને ફકત મેહેરજીરાણા ઉપર એક તાસુણી ભરેલો હુમલો કરવા સારૂ તવારીખનવેશને તો શું પણ એક સાધારણ માણસને પણ નહી છાજે એવી બાજી રચીને એક શરીઆમ બોટી વાત અડાવી દીધી છે. ઇમાનદાર નુકતેચીનીનો આ નમુનો આપ્યા પછી તેવણ તેજ ઢબ ઉપર અબદુલકાદર બદાઓનીના ખુલેખુલા ફકર-

રાઓમાંથી સૌથી અગત્યના ભાગ કહાડી નાખ્યા અને તેને ખોડા કરીને પોતાના વાંચનારાઓ સનમુખ ધરે છે અને પછી તે ખોડા ફકરાઓ ઉપરથી કંઈપણ અનુમાન બંધાઇ નહી શકાય તો તેમાં શી નવાઇ? બહાઓનીનું કહેવું એમ છે કે નવસારીથી કેટલાક આતશપરસ્તો આવ્યા હતા, જેઓએ જરથોસ્તી ધર્મની મોતેબરી અને આતશની આરાધનાની બીજી સઘળી પરસ્તેશો ઉપર સર્વોપરી જાહેર કરી હતી, તેઓએ શેહેનશાહની મેહેરબાની પોતા તરફ ખેંચીને કેઆની પાદશાહોના રેવાજ, ક્રિયામાર્ગ, અને દીનઆઇનના હોકમો અકબરને શીખવ્યા હતા. અને તે ઉપરથી અકબરે અબુલફઝલને ફરમાવ્યું કે ઇરાનના અસલી પાદશાહોની માફક પવિત્ર આતશની હેફાઝત તેણે કરવી અને રાત દિવસ તેને સળગેલો રાખવો. બહાઓની કહે છે કે એ સઘળું ઇ. સ. ૧૫૭૮ ના સાલમાં બન્યું હતું, અને પછી ઉમેરે છે કે ઇ. સ. ૧૫૮૦ માં તો અકબરે નોરૂઝને દહાડે સુરજ અને આતશને જાહેરમાં સેજદો કર્યો હતો અને જ્યારે સાંજે બતીઓ સળગાવવામાં આવી ત્યારે પોતાના સઘળા ઉમરાવોને આદરમાનથી ઉભા રહીને નમવાની ફરજ પાડી હતી, એટલે કે ઇ. સ. ૧૫૮૦ ની અગાઉ અકબરે પારસીઓના ધર્મ તરફની પોતાની વળાણ અચુક આકારમાં બતાવી હતી, અને તે બહાઓનીના કેહેવા પ્રમાણે નવસારીના આતશપરસ્તોએ શેહેનશાહના મન ઉપર જે ઠસાવ્યું હતું તેનેજ લીધે હતું. પારસીઓમાં જે દંતકથા ચાલુ છે અને જેને અકબરે આપેલી સનદનો ટેકો છે, તે પણ બહાઓનીના એહેવાલને અજબ રીતે મળતી આવે છે. તે એમ કે પારસીઓ માનતા આવ્યા છે કે ઇ. સ. ૧૫૭૮–૭૯ માં એટલે કે બહાઓનીએજ કેહેલાં સાલોમાં મેહેરજીરાણા મોગલ દરબારમાં ગયા હતા. "અભણ" અને "હમેશનાં અંધારામાં ગરક થઇ ગયલા" નવસારી કસબાની આ દંતકથા બહાઓનીના ઇતિહાસથી કેવળ સ્વતંત્ર રીતે હસ્તીમાં આવી છે એમાં તો કંઇ શક હોયજ નહીં, અને તેથી તેઓનું આ લગભગ ચમત્કારિક મળતાપણું પુરવાર કરી આપે છે કે નવસારીથી જે આતશપરસ્તો ગયા હતા તેમાં નવસારીના મોબેદોના અગ્રેસર મેહેરજીરાણા તો હોવાજ જોઇયે. પણ મી૰ કરકરીઆની મતલબ તો મેહેરજીરાણાને હલકા પાડવાની એટલે બહાઓની અને પારસી કથાની બારીક બારીક બીનામાંનું એકાગ્રપણું બતાવવું એવણને કાંઇ પરવડે નહીં, તેથી તેવણે ઇ. સ. ૧૫૭૮–૮૦ વીગેરેની તારીખ વાર માટેનો કટકો હાણી દેવાની વેતરણ કીધી અને જણાવ્યું કે અકબરની પારસી ધર્મ ઉપરની આસ્થા તો મેહેરજીરાણાના નહી પણ અરદેશર નશરવાન કેરમાનીના પ્રતાપથી હતી. આ ઠીંગડાંનો સઘળો મદાર દબેસ્તાનના કર્તાએ પચાસ વરસ પછી એકુએ સાંભળેલી વાતો ઉપર બાંધેલો છે, જેમાં લખેલું કે અરદેશીરને અને આઝરકેવાંનને અને વળી બીજાઓ કેરમાનના આતશપરસ્તોને અકબરે તેડાવ્યા હતા. પણ હાં વળી પાછી એક મુદ્દાની બીના મી૰ કરકરીઆને દબાવી રાખવી પડી અને તે એ કે અરદેશર તો છેક ઇ. સ. ૧૫૯૭ માં એટલે કે મેહેરજીરાણાના ગયા પછી સતર, અઢાર વર્ષે હિન્દુસ્તાનમાં આવ્યા હતા. એજ સબબને લીધે બહાઉની તો પોતાની તવારીખમાં અરદેશરનું નામ આપતો નથી, કારણકે તે તવારીખ ઇ. સ. ૧૫૯૫ એટલે કે અરદેશરના આવી પોહોંચવાની બે વર્ષ અગાઉ બતમ થાય છે. અને વળી બહાઓની અને દબેસ્તાનનાજ કોલ પ્રમાણે ઇ. સ. ૧૫૮૦ ની અવલ અકબરે આતશ

અને ખુરશેદની એબાદત અને પારસીઓની બીજી કેટલીએક રાહરસમો અખત્યાર કીધા હતી. તા પછી એમ કેમ કહેવાઈ શકાય કે છેક ઈ. સ. ૧૫૯૭ વેર નહીં આવેલા અરદેશીરના સમજાવાથી અકબર પારસી ધમ તરફ દોરવાયેા હતેા? આટલુંજ કરીને આપણા "કાબલ અને અપક્ષપાત તવારીખનવેશ" ધરાયા નહીં. અરદેશરને તા ખસુસ કરીને "ફરહંગે જહાંગીરી" માંના ઝંદ અને પાઝંદ લફઝોના અર્થો સમજાવવાને સારૂ પૈસા મોકલીને બોલાવ્યેા હતેા એમ એ ફરહંગનાજ કર્તા મીર જમાલઉદ્દીન અનજુ, જે અરદેશરને ઘણીજ સારી પેઠે ઓળખતેા હતેા, તેણે ભાર મુકીને સ્પષ્ટ રીતે જણાવેલું છે. અને બલોકમેનનેા એક રેસાલેા, જે મી૦ કરકરીયાએ બબે વાર ટાંકયેા છે, તેમાં ફરહંગમાંના એ ફકરાઓ ઉતારી લાધા છે, તેાપણ તે વિષે મી૦ કરકરીઆએ બીલકુલ અખાડા કરી જઈને અરદેશર તેા મેહેરજીરાણાથી અકબર સંતેાષ પામ્યેા નહીં હતેા તેથી ધર્મ સમજાવવાનેજ કાજે આવ્યા હતા એમ અડાવી દીધું અને વળી મેકસ મુલર પણ એમજ કેહે છે એવેાણી ટોલ્લેા માર્યેા. આનું નામ તે ભરૂસેા મુકવા લાયક નુકતેચીની! આ તે અપક્ષપાતપણું! આ તે સાહિત્યની શેાધખેાળ! ખરેખર જો નુકતેચીનીનેા અર્થ પારસીઓના એક નામવર વડવાને વાભંગી અકટલેાને આધારે ધુતારા તરીકે ઓળખાવવામાં સમાયલેા હેાય, તેવણને "લાવ્રીઆ પરાપરેા" સાથે સરખામણી કરવામાં સમાયલેા હેાય અને અને જો તે તવારીખની મોજુદ શાહાદતા છુપાવવામાં અને નહીં હસ્તી ધરાવતી ઘુસાડી દેવામાં હેાય, તેા મી૦ કરકરીયા એક નુકતેચીન છે ખરા! પણ જો તેમ નહીં હેાય અને નુકતેચીનીનેા અર્થ ઇમાનદારીથી જે સાચેસાચું હેાય તે તાસુબી વિના દેખાડવું, અને બારીકેબારીક બીના કાળજીથી સમજવી તપાસવી, અને સરખાવવી અને ઉપર ટપકેનાં અને લઇ દેાડેલાં જ્ઞાન ઉપરથી દોરવાઇ નહી જવું એમ હેાય, તેા બેશક મી૦ કરકરીયા નુકતેચીન તેા નથીજ!

મી૦ કરકરીયાએ પેાતાના રેસાલા પછી "જામે જમશેદ" માં અને "ટાઈમ્સ ઓફ ઇંડ્યા" માં† મેહેરજી રાણાને, નવસારીના મેાબેદોને અને આપણા વડવાઓને ગાળેા ભાંડવાનેા જે ધંધેા લઇ બેઠા છે, તે વિષે વિગતે બેાલવાની અમને હમણાં તક નથી, પણ અમે આટલુંજ કહીશું કે મેહેરજી રાણા વિષેની તકરારની મૂળ બાબતમાં ઉઘાડા પડવાથી તેઓએ એક આડેા માર્ગ લીધેા છે તે સઘળાઓ સમજે છે. કાઉસ અફશાદના કાહાણી જેવા કિસ્સાને આધારે અને "પારસી પ્રકાશ" માંથી બે ત્રણ ભલતીજ બાબદેા તારવી કાહાડીને પારસીઓના વડવા કેવળ અજ્ઞાન, દુરવંદેા કરતાં પણ અધર્મી અને તેઓનાં ઘર દુખગાઓ કરતાં પણ વધારે નાપાક હતાં અને એજ કીસમનાં બીજાં ટાહેલાંઓથી વાંચનારી આલમનું ધ્યાન પેાતાની શીકસ્ત ઉપરથી બીજી બેાર્ડએ ઘસડી લઇ જવાની જે તજવીજ કીધી છે, તેથી મી૦ કરકરીયાએ ઉલટી પારસી આલમમાં પેાતાની હસી કરાવીને પેાતાનુંજ અજ્ઞાનપણું વધારે આશકારા કર્યું છે.

ના૦ ૬૭.
અખબારે સેાદાગર.

(તા૦ ૧ લી અકટેાબર સને ૧૮૯૯.)

તરણ શદી ઊપર ગુજરાતના પારશીઓની હાલત વીશે મી૦ કરકરીઆ.

મેહેરબાન અખબારે સેાદાગરના અધીપતી સાહેબ,

જત ગઇ તા૦ ૨૩ મીના "ટાઇમશ ઓફ ઇંડીઆ" માં* પીટ જેવા નામાકીત

† જુઓ નંબર ૧૦. * જુઓ નંબર ૧૦

વકતાનું વરતેલું એક ભવીશ ખોટું પાડતાં તેના લખનારે અતરેના એક માહાન નર ઉપર નાહકનો ઉતરી પડી જે જે ખરાબ વીશેશણો તેની આગલ લગાડયા છે તે વાંચવાથી અતરેના પારશીઓના દીલ ઘણાં દુખાયાં છે. શાહેબ તે લખનાર જો તે મરહુમને " obscure and ignorant parsi priest" (અપરશીધ અને અજ્ઞાન પારશી દશતુર) એટલુંજ લખીને અટકયો હોત તો તેના શામે ઘણું બણડવાનુ કાંઇ કારણ રહેત નહી. પણ તે મરહુમ માહાતમાના નેક નામ આગલ 'impostor' (ઠગ; પાંખડી) જેવો ખરાબ વીશેશણ મુકી તેઓને 'Cagliostro'(કેલી ઓશતરો) જેવા એક બદફેલ પાતરની ઉપમા આપવાથી લોક લાગણી વધારે ઉશકેરાઈ છે. એક જીવતાં માણસ શામે આવું ખરાબ લખવા ગમે એવું શખતમાં શખત અંતકરણ આંચકી ખાય તો મુવા પાછળ આવું હડહડતું બોલાય એ કયુ અંતકરણ શાંખી શકે ? માણસ ગમે તેવું બદફેલ અથવા ખરાબ ચાલનું હોય તોપણ તે જીવતું હોય તયાં શુધીજ લોકો તેને માટે ખરાબ બોલશે. પણ તેના મુંવા પછી તેની કાલી બાજુ સવલી ઢાંકીને ચલકતી બાજુજ પરજા હજુર ધરશે. તેમજ વલી તે લખનાર અંગરેજ થઇને અંગરેજ લોકોનો મુદ્દાલેખ જે 'Don't speak evil of the dead' (મુવાની બદગોઇ કરવી નહી.) તે ભુલી જાય છે. એ ઘણી અચરતીની વાત છે જે વીશેશણો તે લખનારે એ મરહુમના નામ આગલ લગાડયાં છે તે જો તેણે તેઓનો બચાવ કરનારાઓના નામ આગલ લગાડયાં હોત તો તે જરા પણ વાજબી ગણાત કારણ કે તે મરહુમે પોતે તેવું માન લેવાનું કાંઇ પણ કરયું નથી પણ તેઓનો બચાવ કરનારાઓ તેઓને તે લાયક માન આપવા માંગે છે.

તેઓને કોઇ પણ રીતે માન લેવાનો અભખરો હોવોજ જોઈએ નહી કારણ જો તેમજ હોત તો પોતે કરેલાં આવાં માહાભારત કામની જાતે ટુંક નોંધ પણ રાખત. આગલા નેયાગાનોને તેવાં માનની ભુખ હતીજ નહીં. આટલું છતાં પણ ભલે જો તે લખનારે તે મરહુમને સતાવાનીજ નેમ રાખી હોય તો તે તેને મુબારક છે. "ટાઇમસ" જેવાં વગવાલાં પતરમાં આવું લખાણ પરગટ થવાથી ભલે તે મરહુમના વીરોધીઓ ખુશી થાય. પણ તેથી તે દસતુરના પક્ષવાલા કે કોઇ પણ તરાહીત શખશનું દીલ કેટલું દુખાય તેનો કયાશ કરવાનું કામ અધીપતી રાજ આપનીજ મુનશફી ઉપર શોંપુ છું.

ઉપલું લખવા પછી જયારે કલમજ પકડી તયારે તો વધુ લખવાની લાલચ દબાવી શકતો નથી. સાહેબ આપના પતર મારફતે એ મરહુમ દસતુર માંટે આરટીકલમાં થયલી ચરચા શેવકના વાંચવામાં પણ આવી છે. અને તે ઉપરથી એ બાબદ વીશે થોડીક શોધ કરવાનું મન થવાથી જે કાંઇ મલયું છે તે વાંચનારાઓ હજુર ધરવાની રજા લઉં છું. પરથમ તો મી૦ કરકરીઆ દસતુર મેહેરજી રાણાએ દીલ્લીમાં ધરમ સંબંધી બાબદો શેહેનશાહ અકબરને સમજાવાની વાત નાપાડે છે. અને તેનું માન ઇરાનના એક દસતુર " અરદેશર કેરમાંની" ને આપવા માંગે છે. એના સંબંધમાં એટલુંજ લખવું બશ થશે કે જો મી૦ કરકરીઆને ફારશી ભાશાનો અભયાસ હોય તો તેઓએ "ફરંગે જાંગીરી" ના બીજા વાલમમાં " બરસમ " (! !) બોલ જોવાની તકલીફ લેવી. કે જે શબદની સમજણના શેવટની તરણ લીટીમાં સાફ લખેલું છે કે અરદેશર કેરમાનીને પાદશાહે પોતે ખરચ આપીને ઇરાનથી "ફરંગ" બનાવવાને વાસતેજ બોલાવયો હતો. અને

તે દસતુર જે વખતે દીલી આવ્યા તે વખતે તો ધરમસંબંધી કામ બલાશ થઇ ચુકયું હતું. અને તે અગાઉના કેટલાં વરશના દસતુર મેહેરજીરાણા તો જેમ, મી૦ રૂ. કે. મોદી જણાવે છે તેમ જીનતગુજીન બી થયા હતા. તો પછી અરદેશર કેરમાનીની ધરમ સંબંધી સલાહ લેવાની મી. કરકરીઆની દલીલ કયાં રહી.

મી૦ કરકરીઆ પોતે જ્યારે એક દલીલમાં હારે છે. તયારે લાગલા બીજી બાબદને વલગી પડે છે. અને તેમ આપણે આ વખત જોઇ લીધું છે. જ્યારે દસતુર મેહેરજી રાણાં માટે તેઓથી જવાબ આપી શકાયો નહીં તયારે તેઓ "ગુજરાતના પારશીઓની હાલત ઉપર ઉતરી પડયા છે."

પણ તે બાબદમાં પણ મેશરસ અરદેશર દસતુર કામદીન તેમજ રૂ. કે. મોદી જેવા ચુનદા લખનારાઓએ શેકશત દીધા પછી તેઓ એકદમ "કાઉસ અકૃશાડ"ના કીસશાને વલગી પડયા છે. પણ તે કીસશાના તો મી૦ મોદીએ વાવટા ઉરાડી મુકયાં છે. તે કીસશા ઇંટના દખમાં તરફ કાઉશે બતાવેલો ધીકકાર મી૦ કરકરીયાએ પોતાની પક્ષની મજબુતી માટે આધાર તરીકે લીધો છે. પણ વંદીદાદ જેવું કીમતી ધરમ પુસતક તે આધારને કેવો ધીલો કરી નાખે છે. તેમાં દાદાર અહુરમજદ જરથોસત સાહેબને છોંએ ઇંટ, અથવા પતથર, એ તરણે ચીજના દખમાં બનાવવાને સાફ ફરમાવે છે તો પછી વંદીદાદ જેવાં કદીમ ધરમ પુસતક ઉપર ઇતબાર રાખવો કે પેલા કીસશાને આધાર તરીકે પકડવો એ વાચનારી આલમની મુનશફી ઉપર રહે છે. આટલું છતાં ધરમની માહીતી બરાબર નહી ધરાવનાર કોઇ કાઉસ જેવા શબશના કીસશા કાહણી ઉપરજ મી૦ કરકરીયા આધાર બાંધતા હોય તો તેઓને આટલુંજ કહેવું પુરતું છે કે જો આગલા નેયાગાનોથી જેમ સાંભલતા આવ્યાં છીએ તેમ રવાનની નઇયતે દાદર ઇજાવવાની વાત ખરી હોય તોજ પછીજ જેમ મી. કરકરીઆ કહે છે તેમ ગુજરાતમાં ખરૂંજ અંધારૂ હતું.

મી૦ કરકરીઆ પોતે કીમશા કાહનીને ઘણી બાબદોમાં સાહદત તરીકે ટાંકી દશતુર મેહેરજીરાણાની તારીફમાં જોડાયલો બયાલ તેના ટેકામાં લેવા ના પાડે છે. પણ તે બયાલના સંબંધમાં જણાવવાની અગત છે કે તે કોઇ તે દસતુરના સગા સનેહી કે ઓલબાણુ પીછાનવાલા મોબેદ સાહેબે તો શું પણ કોઇ બેહેદીન સાહેબે પોતાના દશતુરની તારીફમાં જોડયો નથી. "તોરાવાલાના" ઊસતાદ "મહારાજગીર" ના ચેલા "સુદનવ" નામના કોઇ હીંદુએ જોડેલો છે. હવે જો તે દસતુરને પોતાની તારીફ પોતાને મોહડેજ ગાવાનો અથવા બીજા પાસે ગવાડવાનો અલબશરોજ હતે તો પોતાના હમદીનોને છોડી જુદદીન ને હાથ તે કામ શું કરવા સોંપતે? અને જુદદીનવાલાને શું એટલી બધી પડેલી કે પોતાથી ઉલટા ધરમવાલાની એટલી બધી તારીફ કરે અને "જગતગુરૂ" જેવા સવ ધરમવાલાને ઉતારી પાડે. પણ જ્યારે આવી રીતે બોલું એક જુદદીનથી જોડાયલું છે તયારે તેમાં કેટલી બધી સચાઇ હોવી જોઇએ તેનો તોલ વાંચનારાઓએજ કરવો.

શેવટે તવારીખનવેશને મારી એટલીજ ફરમાશ છે કે તેઓએ એક બાબદ ઉપર વાદવીવાદ ચલાવતાં બીજી બાબદને પકડવી નહી જોઇએ તેઓએ યાદ રાખવું જોઇએ કે તેઓ પોતાનો જનમ મુંબઇમાં થવાથી તેને પોતાનું વતન ગણુતા હોય પણ તે સઘલા પછી બાપેદાદે તેઓ પણ એક નોશાકરાજ છે. અને તે નોશાકરા તરીકે જાણવું જોઇએ કે નોશાકરાઓ જેનો

પીછો પકડે છે તેને છોડતા નથી. માટે મુંબઇવાલામાં જો બપત્રા ગયા તો નોશા-ઢારા સાથે કામ લેતાં સંભાલ રાખવી, એજ. નવસારી તા૦ ૨૬ મી શપટેમબર ૧૮૯૬.

લી૦ શેવક "ઢરેજા"

ના૦ ૬૮.

સ્વતંત્ર.

(તા૦ ૪ થી અકટોબર સને ૧૮૯૬.)

મી૦ કરકરયાને ગભરાવતો ઢસ્તુર મેહરજીરાણાનો ભુત!

'MEHRJI RANA ON THE BRAIN.'

શુરવીર શીવાજી ઉપર બીજાપોરવાળા ફએજુલખાનને દગાથી વાઘનખ વડે મારી નાખવાનો જે કલંક મુસલમાન તવારીખ-નવેશોએ અમર ચોંહટાડયો છે, અને જેને આધારે પાછલથી જાણીતા અંગ્રેજ ઇતિહા-સકર્ત્તાઓણી તેજ મતને સ્વીકારી શીવાજીને માથે બદનામીનો તોહલો બેવડાં જોશથી માર્યો છે, તે હિન્દી ઇતિહાસમાં અગત ધરા-વનારા અભીપ્રાયને મરાઠી શાહઢતોને આ-ધારે તકલીદી અને વજુદ વગરનો ઠરાવ-વાની જે કોશેશ થોડુંકની વાત ઉપર આપણા મી૦ ફ. પે. કરકરયાએ રસાલા વાંચી તથા લખાણ કરી કીધી હતી, તેની સ્તુતી વાસ્તવીક રીતે ઘણે ઠેકાણેથી થઇ હતી. શીવાજીના પરાક્રમોને શોભા લગા-ડનારી અને એક ઇતિહાસીક શોધખોલ કરનારને તદન છાજતી સ્વતંત્ર રીતે મી૦ કરકરયાએ તે અગતની બાબદને ઇનસાફ આપ્યો હતો, અને મરાઠી 'બાખરો' ને આધારે ગણી ભરૂસેદાર રીતે તેઓએ આખા મહારાષ્ટ્રના લોકોનાં દીલ મગરૂર બનાવ્યાં હતાં કે શીવાજીએ નીચ કાવા-દાવાથી અફઝુલખાનનો જીવ વાઘનખે લીધો નહી હતો, પણ ખુદ અફઝુલખાને શીવાજીને જીવતો પકડવાનો પ્રપંચ આગ-ળથી રચીને રાવગઢની ટેકડીપર મુલાકાત કરવાનું ચોકઠું રચવાથી શીવાજીને તે વીશેની છુપી ખબર મળતાં તે પોતાની જીંદગીના બચાવ અર્થે વાઘનખ છુપાવી મુલાકાતે ગયો હતો અને અફઝુલખાન સાથની ભેટમાં તે મુસલમાન સરદારની 'ફાતેલ કોટી' ની મતલબ ઝટ પામી જઇને તે વાઘનખનાં સાધણ વડે તેણે અફ-ઝુલનો જીવ લઇ પોતાની જીંદગી બચાવી હતી.

વાંચનારને અત્રે જણાવવાની અગત છે કે, તે આખા રસાલામાં યા તેને લગતાં છપાયલાં વર્ણનમાં કેથેળી મી૦ કરકરયાએ સ્વભાવ બોહી શીવાજીનો બચાવ ઠરતાં અફઝુલખાન યા મહમદખાન ઇતીહાસ કર્ત્તાઓનું અપમાન કીધું ન હતું, યા 'હાંડા માસ્તરો' ની જાણીતી રીત મુજબ તુરતાતુરત તરયા પાવ પર આવી જઇ સામી બોર્ડને તોડી પાડવા માટે બેઠાં વશે-ષણો લગાડયાં ન હતાં. બરી ઇતીહાસીક તકરારને છાજતી રીત મુજબ અને તકરા-રના અચુક કાનુનો મુજબ મી૦ કરકરયાએ તે ચેળા કામ લઇ પોતાના વીશે અને પો-તાનાં ભંડોળ વીશે સારો છાપ આસપાસ બેસાડયો હતો અને અમોએ બીજા ભાઇ-બંધો ભેગા તે માટે તેમને ઘટીત શાબાશી આપી હતી, પણ અફસોસ કે એક પાછલી વર્તણુકથી એ જવાન ચેડયુએટે તે શાબા-શીને નાલાયક થવા જેવું કામ કરીને પો-તાનાં ભંડોળની કોતાઇ દેખાડવા સાથ કાચી બુદ્ધી, ઉતાવળ્યો સ્વભાવ, અને આજના વખતની ઇતીહાસીક શોધખોલ ચલાવનાર આસામીને બીલકુલ શરમાવે એવી પક્ષપાતીનો બેદકારક પુરાવો આપ્યો છે. અમો નવસારીવાળા ઢસ્તુર મેહરજીરાણા અને અકબરવાળા જાણીતા ઇતીહાસની

બાબદમાં બોલ્યે છીએ, કે જે ઉપર થોડું-ઠની વાતપર મી૦ કરકરયાએ રાયલ એશ-યાટીક સોસાઇટીની અત્રેની શાખા સમક્ષ વાંચેલા રસાલા પછી જે ગડબડ જાગી છે, તેથી વાંચનાર જાણીતા છે. એમના રસા-લાની પ્રથમ નેમ અજાણ્યાઓને એવી લાગી હતી કે, દસ્તુર મેહરજીરાણા અક-બરની દરબારમાં ગયા, ત્યાં એક મોજેજો કરી દેખાડયો અને સેવટે અકબરને જર-થોસ્તી મહજબમાં વટલાવી તેને સુદરે કુસ્તી પહેરાવી, એવી જે દંતકથા આજ ચારસો વર્ષ થયાં ચાલતી આવી છે, તે દંતકથા વીશે એઓ (યાને મી૦ કરકરયા) કાંઇક નવું અજવાળું પાડવા માગે છે. પણ બીજી વખતના ઠાવકા વિચારે તે ખ્યાલને દૂર કરી આ અટકળને મજબુત બનાવી છે કે, મી૦ કરકરયા દસ્તુર મહેરજીરાણાવાળા અને તેને મલતા વીશેક ટોળાથી જુદા પક્ષને લગતા હોવાથી તેઓને ધારવા મેળે મહેરજીરાણા યાને ભગરયા પક્ષના વીરૂધવાળા કોઇક આસામીઓએ ઉશકેરીને છાપડે ચઢાવી દીધાથી એકદમ તેઓએ લાંબા વિચાર વગર આ રસાલો ચીત્રી કાઢી, દસ્તુર મહે-રજીરાણાવાળી દંતકથાને ખોટી ઠરાવવા જતાં તે બાબદને લગતી અનેક પ્રકારની બેખબરી અને બીનમાહીતગારીથી પોતાનો રકાશ અને હસી કરાવ્યાં છે.

તે તો તેઓની અધુરી માહીતીને લીધે થયું. પણ બીજું તેઓએ જે કીધું છે તે એ છે કે, એક ઇતીહાસીક શોધખોલ ચલાવનારને ન શોભાવે એવો પોતાનો ખવાસ તેઓએ એ રસાલામાં અને તે પછીની તકરારને લગતી પોતાની તરફની છાપાછાપીમાં દેખાડયો છે. તેઓએ મહે-રજીરાણાને ' દસ્તુર ' નો બેલકાબ આપ-વાના આખાડા કરી પોતાની પક્ષપાતી અદેખાઇની ગવાહી આપી છે. તેઓએ તે મરહુમ અશો દસ્તુરને ન છાજતાં વિશેષણો લગાડી પોતાનો અગ્રહસ્થાઇ ખવાસ દે-ખાડયો છે, અને ખોટી તારીફ અને મત-લબી ખુશામતથી કુલી ફાટી ગયલા એ જવાને ત વિશેષણો દસ્તુર મહેરજીરાણાને લગાડવામાં જે મજાહ લીધી છે, તેજ દેખાડે છે કે અપક્ષપાત શોધખોલ કરનારની ઉપમાને તે કેવળ અયોગ્ય છે. આ વીશે અમને બોલવું ન હતું. અમો તેના રસાલા ઉપર પ્રથમ ગુજરાતી કટારમાં ટકોરમાં શરેહ કરી ચુપ બેઠા હતા અને પાછળથી મી૦ કરકરયાની વીરૂધ જુદે જુદે ઠેકાણેથી જે કાંઇ બોલાયું હતું તે અમો કેવળ પુરતું સહમજતા હતા, અકસર કરી ગુજરાતના પારસીઓની આગલી અધર્મી સ્થીતીના તેના લગાડ તડાકાને જે રીતેઆબાદ તોડવામાં આવ્યો છે, તે પછી અમો માનતા હતા કે તે હવે ચુપ બેસશે અને પોતાનો જે રીતે આમખા ફેસ્તો કરાવી ચુકયો છે તે પછી દસ્તુર મેહરજીરાણાની પવીત્ર યાદને પોતાની નાની જીભલી અને બેલગામ કલમથી વીના કારણે અપમાન આપવાથી હવે શરમાશે. પણ મી૦ કરકરીયાને ગોયા દસ્તુર મેહેરજીરાણાના નામનું ઘેલું લાગ્યું છે, તેને એ નામેજ જાણે ભુત માફક ઘેરયો છે, જેથી પડેલો પડેલોબી એ જવાન ગાલો દેવા અને એઠાં વિશેષણો લગાડવામાં તે મુએલા દસ્તુર અને તેની પક્ષનાઓ ઉપર પોતાનું વેર લેતો સહમજે છે. પણ પહેલા દસ્તુર મેહેરજીરાણા સામે વગર આધારે અને કાંઇપણ સંગીન દલીલ વગર, ચારસો વર્ષ પછી ધુલ છાંટવા બહાર પડેલા આ નોશકશ જવાનને હવે જતો મુકવો જોઇતો નથી. " ટાઇમ્સ ઓફ ઇંડયાં " ના ગઇ તારીખ ૨૩ મી ના અંકનાં પ્રગટ થયલી એક આર્ટીકલમાં ઇંગ્લાડના નામાંકીત રાજદ્વારી પીટનાં નામ સાથ જોડાયલી એક અગતની દંતકથા વિષે વિવેચન કરવામાં આવ્યું છે કે જેમ

કરતાં બાપડા દસ્તુર મેહેરજીરાણાને પાછી છુટે મોઢે હલકી ભાશા વાપરવામાં આવી છે.

* *
*

હવે વાંચનારને જણાવવાની કશી જરૂર નથી કે, એ વિવેચન કરનાર કોઇજ નહી પણ તારા અને સેતારાની હરદમ ચાલ ગણનાર અને ગ્રહ મંડળ સાથ ચાલુ ગોફતેગો ચલાવનાર આપણા જીવતા જાગતા મી૦ કરકરયા છે. મજકુર પત્રમાં તેના મરહુમ કુશળ અધીપતી મી૦ ઠર્વને એ જવાન્યાને થોડું થોડું લખાણ કરવાનું કામ સોપેલું બણાએ જાણે છે, જેના પ્રતાપથી તે હજી ત્યાં ટકેલો છે અને તેથીજ એ પત્રના ગઇ તા૦ ૨૩મીના અંકમાં તે નામાંકીત પત્ર વીશે બોલતાં દસ્તુર મેહેરજીરાણાપર પાછો પોતાનો ઉભરો પરદામાં ભરાઇને ખાલી કીધો છે. તે આટીકલમાં જ્યારે પોતાને તે બાહોશ અને અપક્ષપાત તવારીખનવેશ દાખલ જણાવે છે, ત્યારે દસ્તુર મહેરજીરાણાને 'પેલો ઇમપોસ્ટર (Imposter) મહેરજીરાણા' કરી જણાવે છે. ઇમપોસટર સબ્દનો અર્થ ગુજરાતીમાં "ઠગ, ધુતારો, ઢોંગી યા પાખંડી માણસ" તરીકે થાય છે, એટલે કે મી૦ કરકરયા દસ્તુર મહેરજીરાણાને ઠગ, ધુતારા, ઢોંગી યા પાખંડી એમાંનો એકાદ અવગુણ ધરાવનાર યા સઘળા સામટા અવગુણ ધરાવનાર દાખલ આપણી સમક્ષ રજુ કરે છે. આગલ ચાલતાં એ જવાન તે દસ્તુરને એક ખુણે પડેલા (obscure) અને અજાણ (ignorant) મોબેદ દાખલ ઓળખાવી કહે છે કે, તેમની બાદશાહ અકબરના સંબંધમાં જે દંતકથા હસ્તી ભોગવે છે તે બનાવટી ઉભી કીધેલી છે. આગળ વધતાં તે એટલો બધો બેહકી ગયો છે કે "ઠગ, ધુતારા, ખોટા અને પાખંડી મહેરજીરાણાને તે નવસારીનો કેગળીઓસ્ટ્રો (Cagliostro)ની ઉપમા આપે છે, કે જે બોલનો અર્થ ણી તેના ભાવાર્થમાં ઠગારાના કરતાં જુદો થતો નથી. સેવટે તે દસ્તુર મહેરજીરાણાને ("ચારલેટન પ્રીસ્ટ") યાને ધુતારો મોબેદ જણાવે છે અને તેમને લગતી દંતકથાને "લણાડ" ની ઉપમા આપે છે. આ સઘલું જેમનું તેમ પસાર કરી જવું જોઇતું નથી. માથામાં રાઇ અને પવન રાખી ફરતા ઉછાછલા માણસોની શુદ્ધ ઠેકાણે લાવવાનો એકલો ઉપાય તેમને તેમનાં ખરાં રૂપમાં ઉઘાડા પાડી બેહેારમત કરવાનો છે; જેથી દલગીરી સાથ કહેવું પડે છે કે, ઘટે તે કરતાં વધુ જાહેર અગત પામ્યાથી હુલકાઇ ગયલા મી૦ કરકરયાનાં મગજ અને દીલમાંથી દસ્તુર મહેરજીરાણાના 'ભુત'ને કાઢી નાખવા કીજે કાંઇ ચાંપતા ઉપાય હવે લેવા જોઇએ.

પ્રથમ જે ઉપાય લેવો જોઇએ છે તે એ કે, આપણી વચમાંથી કોઇ અપક્ષપાત વલણના, સંગીન યુનીવરસીટી કેળવણીવાળા ઇતીહાસીક સારૂં ભંડોળ ધરાવનારા અને મી૦ કરકરયાને પેચે પેચ પોંહચી વળે એવા નરે–પછી અથોરનાન કે બેહદીને-મુંબાઇમાં મી૦ કરકરયાના ભુલભર્યા રસાલા વીરૂધ ગુજરાતી તેમજ ઇંગ્રેજીમાં જાહેર ભાષણો આપી તેનું ખોટારૂં ખુલું પાડી આપવું ઘટે છે. એ કામ બળ લાવવા માટે સાંધણો સંપુર્ણ પડેલાં છે. પ્રથમ તો દસ્તુર મહેરજીરાણા વીશે સારૂં ભંડોળ, બીજું તો અકબરની દરબારમાં પેહેલ વહેલા જરથોસ્તી દાખલ તેમના જવાની સત્તાવાર વાત, ત્રીજું તો (બોજેજાની વાત બાજુ રાખ્યે તોબી) અકબરના મગજ ઉપર તેવણે પારસી મહજબ વીશે પાડેલું લાભકારક અજવાળું અને તેથી અકબરના ધર્મ સંબંધી વિચાર આચારમાં થયલો ફેરફાર, ચોથું તો અકબરે તેમને નવસારીમાં બાબાબરૂએ આપેલી જાગીરની સત્તાવાર નોંધ અને પાછલથી તે જાગીરમાં કરી

આપેલો વધારો, પાંચમું તો અકબરની દરબારમાંથી પાછા ફર્યા પછી નવસારીની તમામ અનજુમને વડા દસ્તુર દાખલ તેમનો કીધેલો સ્વીકાર, છઠું તો અરદેશર કેરમાનીના મહેરજીરાણા પછી ઘણે વર્ષે અકબરની દરબારમાં જવાની મળી આવતી ભરૂસેદ્વાર ખબર, સાતમું તો મહેરજીરાણાના વખતમાં અને ત્યાર પછી ગુજરાતના જરથોસ્તીઓની ધર્મ અને સંસાર સંબંધી હાલતની મળી આવતી સંતોષકારક વિગત. આ સઘળાંપરથી એક અચ્છામાં અચ્છો નીબંધ–મી૦ કરકરયાને અચુક કરર ભુસ કરી નાખે એવો રચી શકાય એમ છે. મુંબઇમાં પુખ્ત રીતે કેળવાયલા અથોરનાનો અને બહેદીનો ઘણા પડેલા છે, કે જેઓ થોડોક શ્રમ લઇ જો એકમતે આ કામ માથે ઉઠાવે તો મી૦ કરકરયાના વાંસેવાસા ભાંજી નાખવાનું સહેજમાં બને, અને ત્યારેજ તેની પક્ષપાતીપર અજાણ્યાઓનું ખાત્રીપુર્વક ધયાન ખેંચાય. અમારા વિચાર મુજબ એક ચંચળ ગ્રેડયુએટ મી૦ શાપુરશા હોરમઝશા હોડીવાળા એમ. એ. આ કામ માથે ઉઠાવવાને પુરતા લાયક છે. તેમને આ સમયે જોઇતું ઉતેજણ આપી બહાર પાડવાની દસ્તુર મહેરજીરાણાની પક્ષના અથોરનાનોની પહેલી ફરજ છે. બીજું તો એ કે, મી૦ કરકરયાના રસાલાની વીરૂધ એક બીજો ખરી વીગત આપનારો રસાલો દસ્તુર મહેરજીરાણા વીશે અંગ્રેજી તેમજ ગુજરાતીમાં બહુ અનુભવી હાથે લખાવો ઘટે છે, કે જેથી ભવિષની ઓલાદને તેમની શોધ કરનારાઓને, દસ્તુર મહેરજીરાણાની સામી પક્ષના આજના વખતના એ "છોકરા" ના ભુલાવો ખવાડનારાં લખાણથી અલગ રહેવાનું બને. ફરામજી કાવસજી ઇનસ્ટીટયુટમાં એક સુંદર સાહજે મી૦ હોડીવાલા જેવા ચબરાક જવાન જો ઉપલી બાબદ વીશે જાહેર ભાષણ આપવા બહાર પડે તો ત્યાં મી૦ કરકરયા વીરૂધ જે અજવાળું રજુ થાય તે જેમ પ્રજાને તેનાં ભંડોળ વીશે ખરો વિચાર આપનારૂં તેમજ એ જવાબ્યાને પોતાનેણી હવે પછી દગલેને પગલે ધડો લેનારૂં થઇ પડે. ધારવા મેલે જે વખત જાય છે તેમાં મી૦ કરકરયાની વધુ ખબર જાહેરમાં લેવાનો સમય નજદીક આવતો લાગે છે, કે જે વેળા ગ્રહ મંડળ સાથ સંધેસા ચલાવનારો આ ગ્રેડયુએટ કાંઇ નવાજ રૂપમાં આપણાં માન મોહબત માટે રજુ થનાર કહેવાય છે!

ના૦ ૬૯.

કયસરે હિંદ.

(તા૦ ૪ થી અકટોબર સને ૧૮૯૬)

દસ્તુર મેહેરજીરાણા અને "કેલીઅૉસ્ટ્રો" ના સંબંધમાં "ટાઇમ્સ ઓફ ઇંડીયા."

કયસરે હિંદના અધિપતિ જોગ—

સાહેબ—ગઇ તા૦ ૨૩ મીના "ટાઇમ્સ ઓફ ઇંડીયા" માં પ્રગટ થયલી એક આરટીકલમાં દસ્તુર મેહેરજીરાણા જેવા મહાન માહાત્માનો મુકાબલો "કેલીઅૉસ્ટ્રો" જેવા બદફેલ અને બદકાર પુરૂષ સાથ કરવામાં આવેલો વાંચી તે મરહુમના કુંટુંબીઓ તો શું પણ દરેક દીનદાર વાંચનારાઓનાં દીલ પુશકળ દુખાયાં છે. તે લખનારે જો તર્ક શકિત ઉપર દોરવાઇ જવા પહેલાં "કેલીઅૉસ્ટ્રો" ના કુકર્મોનો બરાબર અભ્યાસ કર્યો હોત, તો તે ગમે તેવાં સખત દીલનો પુરૂષ પણ આવા એક મહાન નરને આવા એક બદકાર સાથ સરખામણી કરતાં જરૂર આંચકી ખાત. પરંતુ એ વિશે હાલ વધુ નહી બોલતાં "કેલીઅૉસ્ટ્રો" કોણ અને કેવી કીસમનો પુરૂષ છે તે વિશે જાણવું વધારે અગતનું હોવાથી આપના શોખીન ગુજરાતી વાંચનારાઓ હજુર તેની જીંદગીનો ટુંક હેવાલ આપવાની રજા લઉ છું, જે આપનાં

પ્રસિદ્ધ પત્રમાં સર્વની જાણ માટે છાપવાની કૃપા કરશો.

"કાઉન્ટ અલેકઝાન્ડર કેલીઑસ્ત્રો" એ એક ધૂતારાનું ધારણ કીધેલું નામ હતું, કે જેનું ખરૂં નામ "જોસફ બાલસમો" હતું. તેનો જન્મ "પાલરમો" માં થયો હતો. અને જ્યારે ઘણી નાની ઉમરનો હતો ત્યારે તેનો બાપ મરી જવાથી તેને મઠવાસીઓના રક્ષણમાં તેઓની દયા ઉપર સોંપવામાં આવ્યો હતો, જેઓના પંથમાં તે એક શીખાઉ તરીકે દાખલ થયો. અહીંયાં તેણે રસાયનશાસ્ત્ર અને વૈદાંને લગતું જ્ઞાન મેળવ્યું, પણ થોડા વખતમાં તે ત્યાંથી પલાયન કરી ગયો અને "પાલરમો" માં એટલાં કાવત્રાં કર્યાં કે ત્યાંથી તેને નાહાસી બાહાર ભટકવાની ફરજ પડી. જુદા જુદા ભાગોની મુલાકાત લીધા પછી તે 'નેપલ્સ' જઈ પોહોંચ્યો, કે જ્યાં તે એક બાયડી સાથ પરણ્યો કે જે પોતાના જેવી દુર્વ્યસની હતી. અને તેની સાથે તેણે સ્પેન, પોર્ટુગલ અને ઈંગ્લાંડમાં મુસાફરી કીધી, કે જ્યાં તેણે એક દેવતાનું રૂપ ધારણ કરીને જે તેના સપાટામાં આવ્યાં તેઓ પાસે પુષ્કળ નાણાં કઢાવ્યાં. ઇંગ્લાંડમાં આ નમુનેદાર જોડાંએ "ઇજીપશીઅન મેશનરી" નામનો એક નવો પંથ સ્થાપ્યો, અને ઘણા મોટી પંકતીના પુરૂષો તેઓના ભોગ થઈ પડવાથી તેઓ પાસે પુષ્કળ જવાહીર અને નાણાં કાંઇ ક્રીયા કરવાને બાહાણે મેળવ્યાં. આ બધું લઈને તેઓ પારીસ તરફ વટાણા વાવી ગયાં અને ત્યાં ઘણાજ ભપકાસપકાથી રહ્યાં. એમ છતાં કાઉન્ટ ઉપર "મેરી એનટોનેટ" ની માળાવાળાં કાવત્રામાં સામેલ હોવાનું તોહમત મુકી તેને "બેસ ટાઇલ" ના કીલ્લામાં પુરવામાં આવ્યો. ત્યાંથી છુટો થયા પછી તે તુરતજ ફ્રાન્સ છોડી ગયો. તે ત્યાર પછી "ઇટલી" આવ્યો કે જ્યાં તેની તપાસ ચાલતી વખતે તેની બાયડીએ તેનાં કેટલાંક કાવત્રાં જાહેર કરવાથી તેને "સેન્ટ એનજેલો" ના બંદીખાનામાં કેદ કરવામાં આવ્યો, કે જ્યાં તે ૧૭૯૪ માં મરી ગયો."

અધિપતિ સાહેબ, આવી બદચાલનાં માણસ વિષે આ ઉપલું વાંચી તેવા માણસ સાથ એક ખરા પ્રાક્રમી પુરૂષની સરખામણી થયલી જોઇ કયા વાંચનારનું દીલ દુખાયા વગર ન રહેશે?

સાહેબ, હાલ લાંબુ થવાથી દસ્તુર મેહેરજીરાણાના સંબંધમાં કોઇ બીજે પ્રસંગે બોલવાનું દરૂસ્ત વિચારી આ પત્ર ખતમ કરૂં છું. એજ અરજ.

નવસારી, તા૦ ૩૦મી સપટેમબર, ૧૮૯૬

લી૦ સેવક,

દસ્તમજી મંચેરજી એરચજી દસાઇ.

તા૦ ક૯—આપે આપનાં ગયાં પત્રમાં એ વિષય ઉપર દરશાવેલા કીમતી અને વજનદાર વિચારો વાંચી ઘણી ખુશી ઉપજી છે અને આશા છે કે આપે જ્યારે વિષય ખુલ્લો મુકયો છે ત્યારે તો તેને પુરોજ ઇનસાફ આપશો.

ના૦ ૭૦.

કયસરે હિન્દ.

(તા. ૧૧ મી અકટોબર સને ૧૮૯૬)

જરથોસ્તી ધર્મ ઉપર આજ કાલ થતી સમજ વિનાની નુકતેચીની.

MODERN CRITICISM ON ZOROASTRIAN RELIGION.

મેહેરજીરાણાની મૂળ બાબત વિષે મી૦ કરકરીયાએ પોતાના પેહેલા રેસાળામાં અને ત્યાર પછી "જામે" અને "ટાઇમ્સ"માં જે જે લખ્યું હતું, તેનો મુખતેસર સ્ટીએ અને તે ઉપરથી ઉપજતા વિચારો અમે

આગળા અંકમાં આપી ગયા છીએ.†આજે અમે એજ વિષયનો પાછળો ભાગ ઉપાડી લઇને "મુંબઇ ગેઝેટ"ના એક ચર્ચાપત્રીએ કરેલાં કાબેલ અને ઝમકદાર લખાણને આધારે 'નુકતેચીન' મી૦ કરકરીઆની બીજી વાર તપાસ લઇશું. તવારીખરૂપી શાહદતો પ્રમાણે તો જ્યારે એજ ઠરી ચુકું કે તે જીન્નતગુઝીન દસ્તુર દીલ્લીની દરબારમાં તશરીફ લઈ ગયાની વાત ઘણી સંભવિત છે, ત્યારે મી૦ કરકરીઆએ એક નવોજ રસ્તો પકડયો અને પારસીઓના પુર્વજો ઉપર ઉતરી પડયા. તેવણની દલીલ એવી છે કે ઇ. સ. ૧૪૭૮ માં હિન્દુસ્તાનના પારસીઓએ ઇરાનના દસ્તુરો ઉપર કાસદો મોકલાવીને દીન આઇનના સવાલોની તલાસ કરી હતી અને ઇરાનીઓએ પોતાના જવાબમાં તેમને એવી ભલામણ કરેલી કે હિન્દુસ્તાનથી બે જરથોસ્તીઓએ ઇરાન આવીને પેહેલવી શીખવું. મી૦ કરકરીઆ વળી પારસી પ્રકાશમાં બે ચાર ઠેકાણે એ રેવાએતો વિષે જે કાંઇ ઉપર ટપકેતું લખાણ મળે છે તે આધતું ઉતારી લઇને આપણને સમજાવવા માગે છે કે તે સવાલ જવાબો ઘણાજ નિર્જીવ અને શીખાઉ બચ્ચાંઓનેજ લાયકના છે અને તેથી તે જમાનાના પારસીઓની ક્રિયા કામ વગેરેની કોતાહી સાબેત કરી આપે એવા છે. અને આ તકલીદી તકરારોના ટુકડાઓ વતી એક કાગળનો કિલ્લો બાંધીને એવું અનુમાન ઠઠાવવા માગે છે કે તે અધઆમના પારસીઓ બેહેદીન નહી પણ બેદીન, બેખબર અને એવા તો અધર્મી હતા કે તેઓમાંથી શેહનશાહ અકબરને રપીતમ જરથુશત્રરે સ્થાપેલા ધર્મના મુખ્ય કાનુનો સમજાવવા સારૂ એક પણ દસ્તુર શોધ્યો જડે નહીં. હવે ખરી વાત તો એ છે કે ઇ. સ. ૧૪૭૮નાં સાલમાં નવસારીના એક નામવર અને દીનચાશીદાર બેહેદીન ચાગાં આસાએ એ કીસમના ઇરાની ખુરસેશ પાસુખાની પેહેલ કાઢી હતી. અને ત્યાર બાદ ઇ. સ. ૧૬૭૩ સુધી અને તે પછી પણ હિન્દુસ્તાનના જરથોસ્તીઓ, જ્યારે પણ દીનઆઇનના બાબમાં કંઇ પણ શક શુબેહ ઇયાતો શરીયતના ફરમાનોને માટે કંઇપણ મતફેર જાગી ઉઠતો હતો, ત્યારે ઇરાની એાલમાઓનાં મતો મંગાવતા હતા. એવી લગભગ બાવીસ રેવાયતો આપણી પાસે મોજુદ છે. એમાંની પંદર એક વિષે મી૦ બમનજી પટેલનાં ઉપ્યોગી દફતરમાં ઇશારા મળે છે, પણ બીજી છ સાત, જેવી કે કાઉસ કામદીન, જસા બેહેદીન અને ફરેદુન મરઝબાનનાં નામો દારાબ હોરમજદીઆરના સંગ્રહમાં ટાંકેલાં મળે છે. મી૦ કરકરીઆએ એ રવાયતોનો કાળજીથી થોડો પણ અભ્યાસ કર્યો હતે, તો એમને માલમ પડતે કે આપણા નીઆગાનોએ દીનઆઇનની બારીકે બારીક તફસીલ મેળવવા સારૂ અને ક્રિયા કામમાં રખેને અજાણપણે કંઇપણ બેની ઇયા નારવા થતું હોએ તે અટકાવવા સારૂ મુશકેલી અને ગરીબાઇના વખતમાં રંજ અને ઝેહેમત ખેંચીને વખશુરે વખશુરાન જરથોસ્તનાં સઘળાં ફરમાંનો ઇરાનમાં વધારે સારી રીતે જળવાઇ રહ્યાં હોશે એમ માની લઇને કાસદો મોકલ્યા હતા. તે ઉપરથી કંઇ એમ ઠરતું નથી કે તેઓ દુરવંદો ઠરતાં પણ નબેતર હતા. પણ ઉલટું એમ સિદ્ધ થાય છે કે જે ચતુર કોમ લાગટ બસેં વરસ સુધી વીસ બાવીસ વાર એટલે કે દરએક દાહેકામાં એક વખત ધર્મ સંબંધી સવાલો વિષે ચુનોચેરા ચલાવીને દુરદરાઝ મુલકોમાંથી અજવાળું મેળવવાની કાળજી રાખે, તે પોતાના બાપીકા એતેકાદ ઉપર અસાધારણ આસ્થા બતાવતી કહેવાય એટલે કે તેવી કોમને અધર્મી કેહેવાને બદલે દીનદાર અને ધાર્મીકનાં વિશેશણ

† જુઓ નંબર ૬૬

લગાડેલાં વધારે દરોબસ્ત કહેવાય. વારૂં એમ પણ કબુલ કરીએ કે ઇ. સ. ૧૪૭૮માં પારસીઓ થોડા ઘણા અજ્ઞાન હતા. તો પછી શું મી૦ ઠરકરીઆ એમ કહેવા માગે છે કે એક આખી સદીના અરસામાં તેઓના જેવી કોમ, કે જેની ચબરાકી અને બુદ્ધીએ તે વખતના પણ બેગાના મુસાફરોનું ધ્યાન ખેંચ્યું હતું, તેવી કોમમાં કંઈ સુધારો થયોજ હતો નહીં ? ઉલટું એમ તો મશહુર છે કે સોલમી સદીમાં પારસીઓની હાલત ઘણી સુધરી હતી, અને એ બીના "મુંબઇ ગેઝટીઅર"ના વિદ્વાન કર્ત્તાએ દાખલાઓથી સાબેત કીધી છે. ઇંટના દુખમા અને લાકડાંની ગેહાન બે ત્રણ જગામાં એક વખત હોવા વિષે મી૦ કરકરીઆએ જે બીજન કર્યું છે, તે ઉપર તો હિન્દુસ્તાનના જરથુસ્તીઓનું ઇરાન તરફથી ધ્યાન ખેંચાવાથી તેઓએ થોડાક વખતમાં તે સઘળું સુધારી દીધું હતું, અને અંકલેશ્વર, નવસારી અને ખંબાતમાં ઇ. સ. ૧૫૧૭-૧૫૩૫ ના અરસામાં પથરનાં દુખમાંઓ નવેસરથી બનાવવાની તેઓએ કાળજી રાખી હતી, અને એ સિવાય આપણે એમણી યાદ રાખવું જોઇએ કે વંદીદાદની છઠી અને આઠમી ફરગરદો, જેમાં દુખમાં વિષેનાં ફરમાનો આવેલાં છે ત્યાં સ્પષ્ટ કહેલું છે કે દુખમાંઓ પથર, છોંય, ઇયાતો માટીનાં બનાવવાં. (દારમેસતેતે. ૭૪,૯૬). અલબત પથ્થરનું દખમું મજદયસ્ની ધર્મનાં મુળ તત્વો સાથે વધારે બંધબેસતું લાગે છે. પણ વંદીદાદ ઉપરથી સાબેત થાએ છે કે, દખમાં અવશ્ય કરીને પથરનાંજ હોવાં જોઇએ એવો વિચાર પાછલા રીવાજોને આધારે છે અને તે રેવાજ રેવાએતોને દીધેજ આપણાં મનમાં જડ ઘાલી બેઠો છે. એટલે કે બીજા બોલોમાં દખમાં બનાવવાની ત્રણ જાએઝ રીતોમાંની સૌથી ઉત્તમને માટે આપણે હવે એમ માની લઇએ છીએ કે તેજ રીત જાએઝ છે અને બીજીઓ નારવા છે. હિન્દુસ્તાનમાં સઘળુંજ અંધારૂ નહી હતું. અને અહીં તહીં કેટલાક પુરૂષો પોતાના મજહબ વિષે વાકેફગારી તેમજ તિક્ષણ લાગણી અને અત્યંત ભાવ ધરાવતા હતા, તે તો મી૦ કરકરીઆનાજ વખાણેલા અને માનીતા કાઉસના પોતાના એહેવાલ ઉપરથીજ આશકારા થાય છે; કારણ કે માણેક ચાંગા વિષે તે કહે છે કે "તેની પાકીજગીથી એહેરીમનનું દીલ શીકસ્ત થયું હતું" અને વળી ઉમેરે છે કે " માણેકશાહ જેવો દીન ઉપર જાન પછાડનારો મેં કોઇ નહીં જોયો." માણેકશાહાના છોકરા કેકોબાદ વાસ્તે તે કહે છે કે " તેના જેવો પાઠ કોઇ માએ નહી જણેઓ હોશે" અને એજ મીસાલે બીજા છોકરા બેહેમનની પણ તારીફ કરે છે. ભરૂચના દસ્તુર રામયાર અને તેના છોકરા પદમને સારૂ કાઉસને જરા આનાકાનીથી કબુલ કરવું પડે છે કે તેઓને "દીનની થોડી એક ખબર હતી." અને " બેહેરમની કામથી તેમનું દીલ પરહેજ કરતું હતું." અને વળી એજ રામીયારને માટે મુલ્લાં કાઉસ રૂસ્તમ જલાલ કહી ગયા છે કે તેવણ દીનઆદન અને ઉરવીસગાંહનાં કામમાં મોટા ઉસ્તાદ હતા. વળી એક રેવાયતમાં ઇરાનવાળા દસ્તુરો પોતે જણાવે છે કે અસપંદીઆર સોરાબથી તમારી તરફના ક્રિયા માર્ગોનું બ્યાન સાંભળીને અમે ખુશી થયા છીયે. એ સઘળું એટલું તો બતાવે છે કે જે સદીમાં બેહરજીરાણા જનમ્યા હતા, તે સદીમાં પારસીઓએ દીનના એલમમાં આગળ કરતાં ઘણો વધારો કર્યો હતો. દસ્તુર દારાબ હોરમજદીઆર અને બરજોર કામદીને જે સંગ્રહો કીધા છે, તે હરેક બાબત ઉપર જુદી જુદી રેવાએતોમાં જે વિખરાયલું મળી આવે છે તે સઘળું એકઠું કરવાનો નિયમ રાખીને કીધા છે. પણ જો એ

રવાયતોને ફકત તેઓના હિન્દુસ્તાનમાં આવ્યાની તારીખ પ્રમાણે અનુક્રમે ગોઠવીને તપાસીએ છીએ તો તુરત માલમ પડે છે કે જેમ વખત જતો ગયો, તેમ હિન્દુસ્તાનના દસ્તુરોના સવાલો વધારે બારીક, વિગતવાર અને મુશકેલ બનતા ગયા, એટલે કે વખતના વહેવા સાથે અને ખસુસ કરીને સોળમી સદીના પાછળા ભાગમાં મેહેરજી-રાણાનાજ વખતમાં હિન્દુસ્તાનના દસ્તુરોની કાબેલ્યત ઘણી આગળ વધી હતી અને તેઓમાં વધારે "નુકતેચીન" સવાલો પુછવાની તાકત પણ થતી. દીન આઈનના એલમના બાબમાં સુધારો થયો હતો તેના બીજા મુસ્તકીમ પૂરાવા એજ કદીમ જમાનામાં જંદ પેહેલવી કેતાબોની સંખ્યાબંધ નકલો થયલી હાલ હસ્તી ધરાવે છે તે ઉપરથી આપણને મળે છે. ઇ. સ. ૧૩૨૩ માં ખંભાત ખાતે લખાયલા અવસ્તા અને પેહેળવીનાં ચાર દફતરો આજ વેર છે. પંદરમી સદીનું એક પાજંદ સંસ્કૃત અરદાવિરાફ નામું અને બોરદેહ અવસ્તા પણ જળવાઇ રહ્યાં છે. એ તો મેહેરજી રાણાના જમાનાની ઘણી આગળની વાત થઈ; પણ મેહરજી રાણાના જન્મનીજ સદીમાં કોઇ પણ આગળી સદી કરતાં વધારે નુસખાઓ નકલ થયલા હોવાની આપણી પાસે ગવાહી છે. સૌથી જાણવા જોગ એ છે કે રાણા જેસંગ એટલે મેહરજી રાણાના પોતાનાજ બાવાને હાથે લખેલી પાજંદ 'જામાસ્પી' નવસારીના કેતાબખાનામાં મોજુદ છે. વળી તેવણેજ એક યજશને લખેલી છે એમ પણ જણાયું છે. ઇ. સ. ૧૫૨૦ માં નવસારીના પોલીઆ દેસાઇ ખાનદાનના બુજોરગવાર બેહરામ પાહલણને માટે એક પાજંદ સંસ્કૃત 'મીનોખેરદ' લખાઇ હતી. તેવીજ રીતે "શીકંદ ગુમાનીક વજ્જર"ની એક નકલ ઇ. સ. ૧૫૬૯ માં નવસારીમાંજ દસ્તુર આસદીન કાકાએ લખી હતી. ઇ. સ. ૧૫૭૨-૧૫૭૬ માં તેવણેજ એક યજશને પણ લખેલી લાગે છે. વળી પેહેલવી તરજુમા સાથની એક બોરદેહ અવસ્તા પણ એજ "પઢેલા અને ખબરદાર દસ્તુર" આસદીન કાકાની કલમનેજ આભારી છે. પેહેલવી વંદીદાદનો ઇ. સ. ૧૫૯૪ માં થયલો એક પોથો હસ્તીમાં છે અને એજ વખતની એક બીજી પણ નકલ આપણી યુનીવરસીટી લાયબ્રરીના હવાલામાં છે. વળી નેરીઓસંગ ધવલના સંસ્કૃત તરજુમાઓ વિષે હાઉગે કહેલું છે કે તેમની સોલમી સદીમાં થયલી ઘણીએક નકલો મળી આવે છે અને મીલસ ઉમેરે છે કે નેરીઓસંગ પોતે સંસ્કૃતમાં ખબરદાર હતા એટલુંજ નહીં પણ તેઓ પછી થઇ ગયલા દસ્તુરો પણ સંસ્કૃતમાં લખી શકતા હતા અને તેથી તેઓએ કોઇ કોઇ વાર નેરીઓસંગના ભાષાંતરોમાં પોતાની અક્કલ અને જ્ઞાન મુજબ સુધારા કરવાની કોશીશો કરી છે. એ સિવાય બીજી બીસીયાર નકલોની વિગતો જેલ્ડનરના અવસ્તાના જીલદોની પ્રસતાવના અને વિલાયતના કેતાબખાનાઓની ફેહરેસ્તો ઉપરથી મળી શકે છે. વળી સતરમી સદીના પેહેલા ભાગમાં લખાયલાં પુસ્તકો પણ મોટા જથામાં મળી આવે છે; પણ અમે ધારીએ છીએ કે આથી વધારે દાખલા ટાંકવાની હવે જરૂર રહી નથી, અને તેટલા ઉપરથીજ આટલું તો નિશ્ચય છે કે સોલમી સદીમાં ઝંદ પેહેલવીનું અસલી રૂઢીનું જ્ઞાન ઘણેક ઠેકાણે અને ઘણાક આસામીઓમાં હતું. નહી તો પછી આટલી બધી નકલો કરવાનો અર્થજ શું ? વળી આપણે યાદ રાખવું જોઇએ કે પેહેલવીનું બંધારણ કંઇ એવું સેહેલું નથી કે તે સમજ્યા વગર નકલ કરી શકાય. તેથી ઉલટુંજ પેહેલવી કેતાબોની એક સહી નકલ ત્યારેજ થઇ શકે કે જ્યારે લખનાર પેહલવીનું સારૂં ભંડોળ ધરાવતો હોય;

નહી તો જગેજગ ઉંધુ માર્યા વગર રેહેજ નહી એટલુંજ નહી, પણ આ ઘણી ખરી સઘળી પોથીઓને છેડે તેના લખનારાએ પેહેલવી ભાષામાંજ તે ક્યારે, કોણે અને શા સારૂ લખી તેનું વીવેચન કીધેલું મળે છે, જે ઉપરથી સિદ્ધ થાય છે કે એ લખનારો પોતે પેહેલવીમાંજ પોતાના વિચારો દર્શાવી શકતા હતા. આ સઘળાં ઉપરથી આટલું તો રોશન છે કે મી૦ કરકરીઆએ સોળમી સદીનાં કેહેવાતાં અંધારાં ઉપરથી મેહેરજીરાણા કદી દીલ્હી ગયાજ હોય નહીં એવાં અનુમાન કાઢયાં છે તે બીલકુલ ગલત છે. મી૦ કરકરીઆનાં જેવાં " ચતુર " માણસો કદાચ તે વખતે નહીં હોશે; પણ તેથી અકબરને મજદયસ્ની ધર્મની ખુબીઓ સમજાવી શકે એવો પણ માણસ નહીજ હતો એ કંઇ મનાઇ શકાતું નથી.

ના૦ ૭૧–૭૨

કયસરે હિન્દ

(તા૦ ૧૧ મી અકટોબર સને ૧૮૯૬)

શેહેનશાહ અકબર અને પારસીઓ.

કયસરે હિન્દના અધિપતિ જોગઃ–

સાહેબ–– આગળા રવીવારનાં તમારાં પ્રખ્યાત " કયસર " માં તમો સાહેબે એક " નમુનેદાર નુકતેચીની" નાં મથાલાં હેઠળ જે બીના લખી છે, તેને લગતી થોડીક ચર્ચા તમારાં પેપર મારફતે જાહેર કરવાની હીમત કરૂં છું તે દરગુજર કરશો. જે બાબદો વિષે તમોએ તમારા આગળા અંકમાં લખાણ કીધું છે, તેજ બાબદોના તેજ ઇતિહાસીક દાખલાથીજ હું પુરવાર કરી આપીશ કે મી૦ કરકરીઆ જેમ ઓરંગો મારી ગયા છે કે " અકબરને પારસી ધર્મ અરદેશરે સમજાવ્યો " તમ નથીજ.

સાહેબ, એ બાબદ ઉપર જે બે કેતાબોનો આધાર મી૦ કરકરીઆ લઇ બેઠા છે, તેજ કેતાબોમાંથી ખુદ ફારસી ફકરાના બોલેબોલ ગુજરાતી તરજુમા ટાંકીનેજ હું હાલમાં એ ભાઇને ચેલંજ કરીશ.

પેહેલે આપણે બદાઉનીની તવારીખમાંનો દાખલો તપાસીએ, જેમાં નીચે મુજબ લખ્યું છેઃ—

"અને આતસપરસ્તો, જેઓ ગુજરાતના નવસારી શેહેરથી આવ્યા હતા તેઓએ જરતોસ્તી દીનને ખરી બતાવી અને આતશની બંદગીને ઘણી બુલંદ કેહેતા હતા. અને તેઓને પોતાની તરફ બોલાવીને ક્યાંનીઓની વાપરવેસ રાહા અને રવેશથી વાકેફ થયા એટલે સુધી કે આતશને શેખ અબુફઝલને ઇરાની પાદશાહોની રીત પરમાણે જેમ તેઓના આતશ કદેહો હમેશાં બલતાં રહેતાં હતાં તેમ રાત અને દહાડો પોતાના મેહેલમાં નેગાહા રાખવાને કહયું, કારણકે આતશ બોદાની બખશેશો માંહેલી એક બખશેશ છે અને તેના નુરો માંહેલું એક નુર છે. અને જલુસી પચીસમાં વરસના નવરોઝને દહાડે આફતાબ અને આતશનો સેજદો બુલંદીથી કીધો અને દરબારીઓએ પણ દીવા બતી સલગાવતી વેળા સેજદોકરવાનો શરૂ કીધો. "

હવે આપે ફકરો બદાઉની પોતાની તવારીખ લખતાં ૧૫૭૮ ના સાલની બીના લખતાં લખે છે અને એમાં બોલું લખ્યું કે **નવસારીથી આવેલા આતસપરસ્તોએ જરથોસ્તી ખરી બતાવી અને પાદશાહ તેઓથી વાકેફ થયો** તો એમાં અરદેશરનું તો નામ વટીક નથી અને જેમ તમોએજ બતાવ્યું છે તેમ અરદેશરનું નામ તો આવેજ ક્યાંથી ? હવે સવાલ એ છે કે ૧૫૭૮ માં દસ્તુર મેહેરજીરાણા દીલી ગયલા જણાયલા છે અને ૧૫૭૮ માં નવસારીના

આતસ પરસ્તોની વીગત બદાઉનીએ લખી છે અને તેમાં સેવટે લખ્યું છે કે પારસી રસમ મુજબ આફ્રતાબ અને આતશનો સેજદો પણ કીધો અને તે કયારે કે જયારે અરદેશર તો દીલી આવેલો પણ નહી, તો હવે એ નવસારીના આતશપરસ્તો કોણ હતા? અલબત દસ્તુર મેહેરજીરાણા અને તેઓનાજ સાથીઓ હોવા જોઈએ.

હવે મી૦ કરકરીયા " દબેસ્તાન " કેતાબનો આધાર બતાવે છે, તે પણ તેના ખુદ ફકરાથીજ તપાસીશું તો જેમ મી૦ કરકરીયા ઠસાવવા માંગે છે તેમ બીલકુલ નીકલતું નથીજ, કારણ " દબેસ્તાન " કેતાબવાળાએ પોતાનો આધાર બદાઉનીમાંથી લીધો છે અને તે બદાઉની પછી ઘણાં વરસે લખાઇ છે.

" એજ પ્રમાણે નવસારી કસબો, જે ગુજરાતમાં છે, ત્યાંથી આતશપરસ્તો આવ્યા હતા. તેઓ જરથોસ્તી દીનને ખરી અને આતશની બંદગીને બુનોરગ કેહેતા હતા. **અકબરે તેઓને પોતાની નજદીક બોલાવીને કયાંનીઓની રાહારવેશથી વાકેફગારી મેળવી હતી.** અને વળી અરદેશર નામના એક જરથોસ્તી દાનાવને પૈસા મોકલી ઇરાનથી લાવ્યા હતા. અને આતશને તમામ બુનોરગીથી શેખ અબુફઝલ નામના દાના નવાબને સોંપ્યો હતો અને ફેરાવ કર્યો હતો કે મોબેદોની રીત પ્રમાણે ઇરાનમાં આતશકદેહો જેમ હંમેશાં કાયમ હતાં તે પ્રમાણે રાતને દહાડો હંમેશાં મારા એવાનમાં સંભાળ રાખે, કારણ આતશ એ બોહાતાલાની બખશેશો માહેલી એક બખશેશ છે અને બુલંદ બોહાતાલાનાં નુરો માહેલું એક નુર છે. "

ઉપલા ફકરા ઉપરથી પણ એમજ સીધ થાય છે કે નવસારીનાજ આતશપરસ્તોએ જરતોસ્તી ધરમ સમજાવ્યો, તો પછી હવે મી૦ કરકરીયા શા આધાર ઉપરથી એમ થોકી બેસાડવા નીકલ્યા છે કે " અરદેશરે ધરમ સમજાવ્યો? " પણ કદાચ એ ભાઈ ઉપલા ફકરામાં અરદેશરનું નામ આવેલું જાણી તે ઉપરથી લેઇ પડયા હશે, પણ એવણ ભાઇને બબર નથી કે દબેસતાનવાળાએ એ નામ તો ફરંગે જહાંગીરીમાંના ફકરામાંની એક લીટી તાંકી બતાવી લીધું છે. હવે જયારે ઉપલા ફકરાઓમાંથી એમ નીકળે છે કે નવસારીનાજ આતશપરસ્તોએ ધર્મ સમજાવ્યો, તો તેઓ કોણ હતા એજ મી૦ કરકરીયાએ બતાવવાનું હવે રહયું છે.

અરદેશરને બાદશાહે ફરંગે જહાંગીરીમાંના પાજંદ અને અવસ્તાના બોલો માટે બોલાવ્યો હતો એમ દસ્તુર અસપનદીઆરજી કામદીનજી કહી ગયલા છે તે જયારે બતાવી આપ્યું, ત્યારે તે દલીલ મી૦ કરકરીઆને ગળે ઉતરી નહી, કારણ એ ભાઇની પોતાની ફારસી ભાષાની પ્રવીણુતા આગળ એક દસ્તુરની ઠાબેલીયત એવણને પસંદ પડી નથી તો હવે ખુદ ફરંગે જહાંગીરીમાંથી તે અસલ ફકરાઓજ તાંકીને હું બતાવી આપીશ કે અરદેશરને તો બાદશાહે ખાસ ફરંગે જહાંગીરી સાફજ બોલાવ્યો હતો, પણ ફીકર માત્ર એટલીજ છે કે તેજ વખતમાં લખાયલી એ ફરંગને પણ મી૦ કરકરીયા પોતાના બોલવાને ટેકો આપવા ખાતર બોટી કેહેવા નહીં નીકળે. એ ફરંગે જહાંગીરીનો બનાવનાર નીચલા બોલોમાં બોલે છેઃ—

" આએ હરૂફોના બનાવનારે ફકીરે પારસીઓ, જેઓ જરતોસ્તી દીનમાં હતા, તેઓના એક બુઢાને જોયો કે જેની પાસે કેટલીએક જન્દ અને અવસ્તાની કેતાબો હતી, જયારે મને ફારસી (પારસી) બોલો એકઠા કરવાની બાહેશ અને મરજી હતી અને ફારસી (પારસી) માં જન્દ

અવસતા સીવાય બીજી કોઈ મોતેબર કેતાબો નથી, તેથી બોલોની તજવીજ કરવાને સારૂં તેની સાથે મેં દોસ્તી કીધી હતી અને ઘણા ખરા જન્દ અને અવસતાના બોલો, જે આએ કેતાબના વધારામાં લખેલા છે, તે તે જરતોસ્તીની તરફનાજ છે.

આ ફકરા ઉપરથી બોલું જણાય છે કે ફરંગે જહાંગીરીમાં જે જન્દ અને અવસતાના બોલો છે, તે કોઇ પારસી જરતોશ્તીએ બનાવેલા છે. હવે એ પારસી જરતોશ્તી કોણ હતો તે આપણે તપાસીયે. એજ કેતાબમાં તે વીગતવાર નામનીશાન સાથે લખેલું મળી આવે છે. તે નીચે મુજબ છેઃ—

"આએ બોલનું ધ્યાન જે પારસી, કે પોતાની દીનની અંદર ઘણો હુશીઆર હતો અને **જેનું નામ અરદેશર હતું** અને જેને બીજા પારસીઓ મોબેદ (દાના) જાણતા હતા અને **જેને હુજરત અકબરે ખસુસ કરીને પારસી બોલોની તેહકીક કરવા સારૂં પૈસા મોકલીને કેરમાનથી બોલાવ્યો હતો**, તેની પાસેથી તેહકીક કરી લખ્યું છે."

હવે એ ખુદ ફરંગના આએ દાખલાઓ શું બતાવે છે અને હવે આઇના માફક બોલું જણાઇ ગયું છે કે અરદેશરને તો ફકત ફરંગને સારૂંજ બોલાવ્યો હતો.

જ્યારે હવે મી૦ કરકરીયાની એ તકલીદી તકરારનો અહીં છેડો આવે છે કે નવસારીનાજ જરતોસ્તીઓએ ધરમ સમજાવ્યા અને અરદેશર તો ફરંગે જહાંગીરીને માટેજ આવેલો, તો હવે હું મી૦ કરકરીયાને બોલો ચેલેંજ કરૂં છું કે મેહેરબાનો કરી મારા નીચલા સવાલોનો જવાબ આપેઃ—

૧—દબેસતાન બેદાઉની અથવા બીજી કોઇ પણ કેતાબમાંથી એમ નીકલતું હોય કે અરદેશરે ધર્મ સમજાવ્યો તો તે અસલ એબારત તાંકી બતાવી પોતાના બોલવાને ટેકો આપવો.

૨—દબેસતાન બદાઉની અથવા બીજી કોઇ પણ કેતાબમાંથી બાદશાહોની દરબારમાં જે ધર્મ સંબધી તકરારો ચાલી હતી તેમાં તકરાર કરનાર તરીકે અરદેશરનું અથવા બીજા કોઇ પણ જરતોસ્તીનું નામ તાંકી બતાવવું.

૩—દબેસતાન અથવા બીજી કોઇ પણ કેતાબમાંથી ધર્મની તકરારોમાં કયા જરતોસ્તીએ કઇ કઇ મોતેબર તકરારોમાં ભાગ લીધો છે તે બતાવવું.

૪—જ્યારે દબેસ્તાન બદાઉની વીગેરે કેતાબોમાંથી એમ બોલું જણાય છે કે "નવસારીથી આવેલા આતશપરસ્તોએ બાદશાહને જરતોસ્તી ધર્મ સમજાવ્યો," તો તે જરતોસ્તીઓ દસ્તુર મેહેરજીરાણા અને તેઓના સાથી સીવાય બીજા કોણ હતા તે બતાવવું.

૫—જ્યારે ખુદ ફરંગે જહાંગીરીનો બનાવનાર પોતે અરદેશર માટે બોલું લખે છે કે તેને બાદશાહે જંદ અને અવસ્તાની લોગાત બનાવવાને કેરમાન વેરથી પૈસા મોકલી બોલાવ્યો હતો, તો અરદેશરે ધર્મની સમાજમાં ધર્મ સમજાવ્યો એમ મી૦ કરકરીયા ભલતુંજ કહે છે તે શા આધાર ઉપરથી થોકી બેસાડયું છે તે દાખલા દલીલ સાથે બતાવી આપવું.

સાહેબ, હવે મી૦ કરકરીયાના બોરંગાનું તકલીદીપણું બતાવી આપી સેવટે મારે એ ભાઇનો ઉપકાર માનવો જોઇએ કે જો એવણ ભાઇએ આવું ભલતું ભલતું બોલી નહી દીધું હતે, તો આટલી બધી તકરાર ચાલી આટલું બધું અજવાળું એ બાબદ ઉપર પડતે નહી અને દસ્તુર મેહેરજીરાણાની ખરી બીનાથી જે વાંચનારાઓ

અંજાણ હતા, તેઓને પણ હવે ખાતરીથી જણાઇ જવાનો વખત આવતે નહી.

લા૦ સેવક,

પેસ્તનજી નસરવાંનજી દસ્તુર મેહેરજીરાણા

૨.

ક્યસરે હિન્દના અધિપતિ જોગઃ-

સાહેબ-શાહનશાહ અકબર અને દસ્તુર મેહેરજી રાણાના સંબંધમાં મી૦ કરકરીયાએ જે મતલબી ભાષણ આપ્યું હતું, તેને માટે તમારાં જાણીતાં પત્રમાં વાજબી અને અપક્ષપાત ટીકા જે તમે કર્યા છે, તેને માટે અમો નોસાકરા તમારા ઘણા આભારી છીયે અને હું આશા રાખું છું કે જ્યારે તમારાં પત્રમાં એ તકરાર ચાલુ કીધી છે, તો મને પણ બે શબ્દ બોલવાની રજા આપશો.

મી૦ કરકરીયાની મતલબ છુપી રહી નથી. એવણનાં ભાષણની મુળ મતલબજ દસ્તુર મેહેરજીરાણાને હલકા પાડવાની માલમ પડી આવે છે. પણ જ્યારે તમે અને બીજાં પત્રવાળાઓએ એવણનું "કાબેલ્યતપણું અને અપક્ષપાતપણું" હવામાં ઉડારી દીધું છે, ત્યારે જો એવણ દલગીર હોય તો તેમાં મારી દીલસોજી છે, પણ એવણ જાણે તો છેજ કે "It is surely an iconoclastic age we are living in." પણ હવે એવણને હું પુછવા માગું છું કે જ્યારે મેહેરજીરાણાની બાબદમાં પાધરૂં કાંઇ વળ્યું નહીં ત્યારે "થાકયાના ગાઉ" કરીને એક બીજી ભળતીજ બાબદ પર-અને તે પણ ખોટા-ઊતરી પડયા, પણ જ્યારે તેમાં પણ હાથ ચાટનાં પેટ ન ભરાયું, ત્યારે વળી નાચારીએ ત્રીજી બાબદ પકડી! એ બધું શું બતાવે છે? અધિપતિ સાહેબ, એ ત્રીજી બાબદ તે શું? એવણ ફારસી ભાષાનો પુરતો અભ્યાસ કરીને દસ્તુર મેહેરજીરાણાને અકબર બાદશાહ તરફથી મળેલી જાગીરનું ફરમાન તપાસીને પછી એ બાબદ ખતમ કરવા માગે છે. વાહવાહરે મી૦ કરકરીયા! પહેલો તો એજ સવાલ ઉભો થાય છે કે એ સવાલ બંધ કરવાની તમને શું સત્તા છે? તમારો હીસાબ પતી રહ્યો તેથી કે? વારૂં તકરારને ખાતર કબુલ કર્યે કે તમને એમ કરવાની સાત્તા છે, તોપણ ફરમાન તપાસવાની હવે તમને શી જરૂર છે? તમે તો તમારી "મલબાર હીલ લોજીક"થી "અલટીમેટમ" પર આવ્યા છો, અને છેક વિલાયતમાં પેલી તમારી મોટી ચોપડી છપાવનાર છો તેમાં તો દસ્તુર મેહેરજીરાણાને બદલે દસ્તુર અરદેસરનું નામ મુકવાનો નાદાન બચ્ચાંને ધમકી આપનારા અવાજમાં તમારો ઇરાદો જણાવ્યો છે (અહીંયાં શેખસાદીની પેલા ચીતારા અને વાઘની વાત યાદ આવ્યા વિના રહેતી નથી) ત્યારે શું એ ફરમાનને "ફેરજરી" ઠેરવવાનો ફાંકોબાંકો રાખોછો કે શું? ભળે, પણ પુન્ય કરો તો પુરૂંજ કરજો! જો એમજ કરો તો એ ૩૦૦ વીંઘાના મોટા વજીફા બાબેથી તમારાં ફીલસુફી ભેજાંને આધારે હમેશ ટકી રહે એવું અનુમાન કાઢી તમારાં પેલાં બીજાં ચોપાન્યાંમાં જણાવી રાખજો કે આવતી ઓલાદના લોકો પાછાં ગુંચવાડામાં પડે નહીં. પણ એ સઘળું કયારે કરશો? અમો મેહેરજીરાણાવાળાઓને રાત્રે ઉંઘ અને દીસે ભુખ નથી. તમને ફારસી લેખો વાંચવાનો અનુભવ મેળવવાને તો કાંઇ વર્ષો લાગશે તેથી તમારા કોઈ ખાત્રીદાર પાસે એ કામ નહીં કરાવો? અથવા તો બીજાઓ ધારે છે તેમ "અખારા બેહદીન કાઉસ" કરીને એ બાબદ પર બીલકુલ પાણી ફેરવવા માગોછો? એક પત્રના ફકટ તમને માફક આવતા શબ્દો લઇને ઇંગ્રેજી છાપામાં દોડી ગયા હતા તેવું પણ હવે તો કાંઇ રહ્યું નથી. તમારો "તરોઆપાવ" નો ખજાનો પણ હવે કાંઇ તમને

મદદ કરી શકવાનો નથી. ત્યારે હવે ઉપાય ફકટ બે બાકી રહયા છે; એક તો એકે હવેથી સદાની ચુપકીદી પકડવી; કુતરાંને ભાંસવા દેવાં; અને કોઇ પુછે તો કહેવું કે તવારીખની શાદત વગરવાળાઓને જવાબ આપવાનો તમારો કાયદો નથી. અને બીજો ઉપાય જે અતિ ઉત્તમ છે તે એક તમારી ભુલ કબુલ કરવી. ઇનસાન જાત ભુલને પાત્ર છે.

ભુલ (?) કબુલશો તો લોકોને જરા-પણ વિશ્વાસ રહેશે અને તમારૂં કહેવાતું અપક્ષપાતપણું જળવાઇ રહેશે. તમારો માનીતો બદાઓની જેને તમે દાળમાં ને દોધીમાં આતવ્યા કરતા હતા, તેજ તમારી સામે ઉભો છે. દસ્તુર મેહેરજીરાણાનું નામ ગળે ઉતરતું નહિ હોય, તો તમારી "માહુભારત શોધ" ને આધારે કોઇ બીજાને શોધી કાઢો કે જેનું નામ તમે ધારો તેવા સબબોને લીધે તવારીખમાં આવવા નહિ પામ્યું હોય. પણ દસ્તુર અરદેશરનું નામ તો હવે મેહેરબાની કરીને માંડીજ વાળજો. અમે ખોટાનુ ખરૂં કરવા માગતાજ નથી. માટે ઉપર કહ્યા પ્રમાણે તમને હવે કાંઇ પસંદ નહિ પડતું હોય તો " સબસે ભરી ચુપ " એ કહેવતનો ઉપયોગ કરવાની તમને દરેક છુટ છે, કારણ કે માણસ પોતાની મરજીનો ધણી છે.

છેવટે મુંબઇ યુનીવરસીટીના બીજા વર્ગના ગ્રેડયુએટને તો શું પણ એક સાધારણ માણસને પણ નહિ છાજે એવા ખરાબ શબ્દો તે મરહુમને માટે તમે વાપર્યા તેથી એક સબતમાં સખત હૈયું પીગળાય તો મારા જેવાનું તો કેવું પીગ-ળાયું હશે તેનો તમને તો કયાંથીજ ખ્યાલ હોય ? તોપણ જેમ હરેક માઠાંમાંથી સારૂં નીકળી આવે છે, તેમ તમારી મતલબ ગમે તેવી હોય તોપણ તેમાંથી અમારે માટે તો ઘણુંજ સારૂં પરિણામ આવ્યું છે; જેથી હું તેમજ મારૂ આખું ખાનદાન તમારા આડકતરી રીતે આભારી છીએ. પણ એથી તમારી જે દયા કરવા લાયક હાલત થઇ પડી છે, તેમાં મારાં ખાનદાનની નહિ તો મારી તો દીલસોજી છેજ તે સત કરી માનજો. અધિપતિ સાહેબ, હાલ વધારે તો શું લખું ?

તારદેવ, તા૦ ૬ ઠી અકટોબર.

લા૦ સેવક,

દારાશાહ સોરાબજી દસ્તુર મેહેરજીરાણા.

ના૦ ૭૩.

સ્વતંત્ર.

(તા. ૧૧ મી ઓકટોબર સને ૧૮૯૬.)

મી૦ કરકરયા-અધુરો ઘડો છલકાય ઘણો !

સ્વતંત્રના અધીપતી જોગ—

સાહેબ,

જત તમો સાહેબે કેટલાંક અઠવાડયાંની વાત પર તેમજ તમારા છેલ્લા અંકમાં "મી૦ કરકરયાને ઘભરાવતો દસ્તુર મેહરજી રાણા નો ભુત " એવાં મથાલાં હેઠલ તમારા નામને છાજતું, કોઇપણ રીતે ખોટી શરમ યા રાખ રખાવતને આધીન નહીં થતાં " સ્વતંત્રપણે " અંગરેજીમાં તેમજ ગુજ-રાતીમાં જે લખાણ કીધું છે † તે માટે આ તકે ખરાં જીગરથી મારા કુટુંબીઓ તરફથી તેમજ મારી પોતા તરફથી તમો સાહેબનો ઉપકાર માનવાની મારી ફરજ સમજું છું, અને આશા છે કે તમો તમારી એ અપક્ષપાત વર્તણુક ચાલુ રાખી મી૦ કરકરયાની શુધ્ધ ઠેકાણે લાવવા કીધે તેમજ બીજી વખતે " અધુરાં જ્ઞાન સાથ " " નવી શોધ બોલને આધારે " રેસાલા ચીતરી ઢાઢી " સસ્તું માન " ખાતી જતાં

† જુઓ નંબર ૧૨--૧૮.

એ જવાનને અટકાવવા કીજે એજ પ્રમાણે તમારી અંગ્રેજી ગુજરાતી કટારોમાં લખાણ કરતા રહેશો, કે જેથી "જાતી ભેદ" વચમાં લાવી કોઇ મહરૂમ અશો નરને કહે રે મોઢાં શું ભાવે છે એવા હલકા અને એક "ઇતીહાસીક નુકતેચીન" માં ખપતા આજકાલના એ પારસી "જવાન" ને બીલકુલ નહી છાજે એવાં હલકાં વીશેષણો વાપડવાની એ પારસી ગરેડયુએટને પડી ગયલી નઠારી ટેવપર આંકોશ બેશક પડશે. તેની એ ટેવને અચુક શબ્દોમાં વખોડી કાઢીને જે ચીમકીઓ તમોએ બબે મરતબે લગાવી છે તેની સારી અસર હું ધારૂં છું કે મી૦ કરકરયાપર થયા વિના રહેશે નહીં અને આશા રાખવામાં આવે છે કે એ ચીમકીનો ચચરાત લાંબા વખત સુધી યાદ રાખી ભવીષમાં બે વખત વીચાર કરીને પછીજ એ જવાન જાહેરમાં પોતાનાં "અધુરાં જ્ઞાનનું" ભંડોલ બતાવવાને બહાર પડશે. તમો સાહેબે જે લખાણ કીધું છે તે એટલું તો માઆકુલ અને બંધ બેસતું છે કે તે વીશે વધુ નહીં બોલતાં નીચલી એક એલાહેદ્દી બીના તમારાં પત્રની મારફતે બહાર લાવવાની મારી ફરજ સમજું છું અને આશા છે કે તમો સાહેબ તેને તમારાં પત્રમાં જગા આપીને સવબતે મારા હિન્દુ અને માહોમેદન ભાઇબોને હમારા કુટુંબીબોના જેવી કઢંગી હાલતમાં આવી પડતાં બચાવશો.

સાહેબ, અત્રેનાં રોજીંદાં પત્રોના ગઇ તા૦ ૨ જી ના અંકમાં મી૦ કરકરયાએ મુંબઇના હીંદુ તથા માહોમેદન જાહેર ધરમ ખાતાંબોની વીગતો મેલવવા કીજે એક ચરચા પત્ર છપાવ્યો છે, કે જે વીશે બે બોલ બોલવાની રજા માંગુ છું. પેહલાં તો મારા નાકેશ વીચાર પ્રમાણે મી૦ કરકરયાએ ખુલ્લે ખુલ્લું જણાવવું જોઇતું હતું કે "વીલાયતનો એક જાણીતો અંગ્રેજ લખનાર જે આપણા દેશથી સારી રીતે વાકેફ છે" અને જેને ખાતર તેબો ઉપલી વીગતો માંગે છે તે ગ્રહસ્થ કોણ છે, કે જેથી કરીને હીંદુ અને માહોમેદન ભાઇબોને તેના નામના આધાર અને વજન પર એવણે માગેલી વીગતો પુરી પાડવાનું ઉત્તેજન મલત અથવા તો તે ગૃહસ્થ ઉપર બાહરો બહાર મોકલી આપવાનું સવલ પડત. એજ વેળા હું સમજી શકતો નથી કે તે જાણીતા અંગ્રેજે શા કારણસર હિંદુ અને મોહમેદન કોમના અગ્રેસરોને છોડી દેઇને મી૦ કરકરયા જેવા આજ કાલના પારસી જવાનને એવું કામ કરવાને લાયક ગણ્યા છે; પણ એ વીશે વધુ નહીં બોલતાં નીચલી બીના મારા હીંદુ તથા મોહમેદન ભાઇબોને ચેતવણી આપવા માટે જાહેરમાં લાવવાની હું મારી ફરજ સમજું છું.

આજ નજદીક ચાર માસ ઉપર મી૦ કરકરયાએ હમણાની માફક એવી મતલબનું છપાવ્યું હતું કે તેવણ (એક ઇતીહાસીક નુકતેચીન તરીકે "નવી શોધબોલ" ને આધારે) "અકબર અને પારસીબો" વીશે રસાલો લખનાર છે, માટે દસ્તુર મેહેરજીરાણા વીશેની વીગતો જો તેવણને કોઇ પુરી પાડશે તો તેનો ઘટતો ઉપબોગ કરવામાં આવશે. એ ઉપરથી સાહેબ, મારા (મેહેરજીરાણાના) ભલા અને ભોળા કુટુંબીબોમાંથી ત્રણ ચાર જણાબોએ પોતા પાસે એ મરહુમ દસ્તુરને લગતાં જે જે બોચરીબોબો હતાં તે હમારા કુટુંબના એક ભલું ઇચ્છનારના લખવાથી હમોબે તે ગ્રહસ્થને સ્વાધીન કીધાં, એવી ઉમેદથી કે તે અમારો શુભેચ્છક મી૦ કરકરયાને તેનો ઘટતો ઉપબોગ કરવાને આપશે ને ત્યાર પછી મી૦ કરકરયા તે બોચરીયાં તે ગ્રહસ્થને પાછાં સ્વાધીન કરશે. પણ સાહેબ, મને પોતાને આબે હકીકત જાહેરમાં લાવતાં

*** મી૦ કરકરયાવાળી બાબદના સંબંધમાં 'હેશાનમંદ' વખાણનારાઓ તરફથી અમને કેટલાંક લખાણો મળ્યાં છે તેમાં એ જવાન્યાને પુષ્કળ તુપી નાંખેલો હોવાથી અમોએ તે દાખલ કીધાં નથી, જે હાલમાં થયું છે તેજ અમોએ પુરતું ગણ્યું છે અને મી૦ કરકરયા કાંઇ નવો ફટવો લઇ પાછા બહાર પડે તેટલાં થોભવું ઘટે છે.

ના૦ ૭૪.

સત્ય મિત્ર

તથા

હુખ મજદયસ્નનામ.

(રવીવાર તા. ૧૧મી અકટોબર સને ૧૮૯૬)

મરહુમ દસ્તુર મેહરજીરાણા સંબંધી આગલ વધેલી તકરાર-તેમની તરફેનમાં રજુ થયલી નવી દલીલો.

નવસારીના આગલા મરહુમ દસ્તુર મેહરજીરાણાએ અકબરને પારસી ધર્મ સમજાવી તે મહાત્મા પાદશાહનું દીલ પારસીપણાં તરફ ફેરવ્યું હતું, એવી ત્રણ સદીથી મનાતી આવેલી વાતનું ખંડન પેલા એક તવારીખનવેશમાં ખપતા જવાન મી૦ રૂસ્તમજી પેસતનજી કરકરયાએ બે માસની વાતપર રાયલ એશ્યાટીક સોસાયટીની અત્રેની શાખાની સભામાં ભાષણ રૂપે કરયું, તેની નોંધ લેતાં અમે એવો સંશય દેખાડયો હતો કે, દસ્તુર મેહરજીરાણાને એજ શેહનશાહ તરફથી જે ઇનામી મોટો વજીફો મલ્યો હતો, અને જે હજુ પણ તેમના વંશજોના હસ્તકમાં છે, તે ત્યારે તેમને શા માટે મલ્યો હતો તેનો નીર્ણય થવો જોઇએ. તે જોડે અમે એવી પણ ભલામણ કીધી હતી કે, એ મરહુમ દસ્તુરના વંશજોએ યાતો કોઇ બીજા તવારીખના અભ્યાસીઓએ એ બાબતના સંબંધમાં વધુ જુસ્તેજો કરી, મલી શકે તો તેમની તરફેનની નવી શાહદતો રજુ કરવી, કે જેથી એ દસ્તુરની કીર્તી એકવાર ફરી ઝલકતી થાય. અમે જોઇને ખુશી છીએ કે, અમારી તે ભલામણ ફોકટ ગઇ નથી. તે પછી એ ચરચા અત્રે ગુજરાતી તેમજ અંગ્રેજી પત્રોમાં નવેસરથી જાગી છે, અને તે અત્યાર સુધી ચાલુજ રહી છે. તે ચરચામાં જેમ દસ્તુર મેહરજી રાણાના વંશજો ઉતરયા છે, તેમ બીજા તરાહેત ગ્રહસ્થો પણ તેમાં ભાગ લેય છે. એ ભાગ લેનારા સઘલા ખરી રીતે જોતાં દસ્તુર મેહરજીરાણાંની તરફેનમાંજ તકરાર ચલાવે છે; જ્યારે તેમની વીરૂધ માત્ર એકલા મી૦ કરકરયા જેને પોતાનું વીરૂધ મત બાંધીજ લીધું છે તે રહી ગયા છે. આ ઉપરથી દીસે છે કે, અહીંના પારસીઓ પોતાના એક માજી ધર્મગુરૂની કીર્તી ફોકટની વગોવાતી જોવા ચાહતા નથી; અને એ તેમની લાગણી વાજબી અને માન ભરેલી છે. લાગણી ઉપરાંત દલીલોની તેમાં પહેલી જરૂર છે; અને અમો ખુશી સાથે જોઇએ છે કે, દસ્તુર મેહરજી રાણાની તરફેનમાં નીકળેલા તકરારીઓ પોતાના ટેકામાં કેટલીક નવી અને વજનદાર દલીલો રજુ કરે છે; અને તે એટલી હદ સુધી કે, મી૦ કરકરયાની દલીલોથી મેહરજીરાણાનાં કામ વીશે પ્રથમ લોકોનાં મનમાં જે ખતરો પડયો હતો તે હવે નીકળી ગયલો જણાય છે.

આટલું તો નકકીજ છે, અને તે અમે અમારી પ્રથમ આરટીકલમાં જણાવી ગયા છીએ કે, શેહનશાહ અકબરે કરાવેલી ધર્મો સંબંધી તકરારનું પરીણામ મોટે ભાગે જરથોસ્તી ધર્મના લાભમાં ઉતરયું હતું, અને એ ધર્મની સમજવટે તે ઘણે દરજજે પારસીપણાં તરફ ઢલ્યો હતો; તે અહીં વેર કે, એ ધર્મની ગોઠવણ પ્રમાણે તે

ઘણી દલગીરી લાગે છે કે એવણે ભાષણ કીધાને નજદીક બે મહીના થયા છતાં અને તે ગ્રહસ્થ તરફથી તે ચોચરીઆંઓ પાછાં મેલવવાની અનેક માંગણીઓ થવા છતાં તે હજુ સુધી પાછાં મલ્યાં નથી. અને આપણામાં એક જાણીતી કહેવત છે કે " સુઇની સાંજ ને મોચીનું વાહણું " તેમ છેક નેપીઅન સી રોડ સુધી " સવાર સાંજ " એવણને ઘેર જઇ માગવા છતાં " આજે આપું છું, કાલે આપું છું " એમ વાયદા ઉપર વાયદા કર્યા જાય છે. એ તો જાણીતી બીના છે કે મી૦ કરકરયાને ફારસીનું જ્ઞાન નથી, તેથી પેહલાં તો અમારા શુભેચ્છકને એમ ધીરજ આપી કે " મેં નકલ કરનારાઓ રાખીને ઉતરાવવા માંડયું છે " પણ તે વાતનેબી આજે એક મહોનો થઇ જવા છતાં હજુ નકલ થઇ રહી નથી અને ખોદા જાણે કયારે થઇ રહેશે. પણ વાત એટલામાજ અટકતી નથી. વધારે અગત્યનું તો એ છે, કે અમારા એક કુટુંબી ભાઇ પેશતનજી નશરવાનજી દસ્તુરે ઉપલાજ શુભેચ્છકના લખવાથી નવસારીથી બીજા ચોચરીઆંઓ સાથે ફારસીના ત્રણ ફકરા તેમના પર મોકલી આપ્યા અને તેવણને ખુલ્લે ખુલ્લું લખેલું કે જે ચોપડીમાંથી એ ફકરા ઉતારેલા જણાવવા છે તે બાબત વીશે મારા ઉત્તર હીંદુસ્થાનના પ્રવાસ દરમીયાન બનતી શોધ ખોલ કીધા છતાં તે ચોપડીમાં એ ફકરા જડતા નથી. પણ વાંચનારા સાહેબોએ અત્યાર આગમજનું જોયું હશે કે મી૦ કરકરયાએ તેનો કેવો સરસ ઉપયોગ કીધો છે ! ભાઇ પેસતનજીએ મી૦ કરકરયાને ખુલ્લું કહેવાડયા છતાં મી૦ કરકરીયા તોહમત મુકવા નીકલે છે કે કાંઇ બીજું મલે નહી ત્યારે મેહેરજીરાણાના વારેસો ખોટા ખોટા ફકરાઓ મને પુરા પાડે છે. પેહલાં તો એવણે પોતાના રેસાલામાં જાણે પોતેજ " નવી શોધ ખોલ " કીધી હોય તેમ ઠંડે પેટે ઠોકી બેસાડયું કે એ બાબદમાં મારા હાથમાં એક કુટુંબી તરફથી ફકરા મુકવામાં આવ્યા છે, પણ ઘણું નવાઇ જેવું છે કે મારી હમેશની " શોધ ખોલ " છતાં તેજ ફકરાઓ મને તે ચોપડીમાં જણાતા નથી ! મેં ઉપર કહયું તેમ મી૦ કરકરીઆને ફારસીનું જ્ઞાન નથી, તે છતાં કેવી ચાલાકીથી એવણે " નવી શોધ ખોલ " કીધી છે, તે ઉપલાં લખાણથી તુરત જણાઇ આવશે.

વાંચનારા સાહેબો જાણીને ખુશી થશે કે સાંભળવા મેલે ફકત ગયા રવીવારથીજ મી૦ કરકરીયા ફારસી ભાષાની Clerke's Manual " થી શરૂ કરીને એ ભાષાનો અભ્યાસ કરવા રોકાયલા છે, જેથી એવણ અત્યાર આગમજની પોતાની પુરવાર થઇ ચુકેલી અસાધારણ બાહોશીથી થોડા દીવસમાંજ એ ભાષા શીખી જશે. પણ અમો ગરીબ કુટુંબીઓને ભય લાગે છે કે રખેને એવણના એ પાટક જ્ઞાનને આધારે પાદશાહ અકબરે ૩૦૦ વીઘાં બક્ષેસ આપેલી જમીનનું અસલ ફરમાન જે હાલ અમારા પાસે મોજુદ છે તે પણ " ત્રાંબાની પતરીઓ " સાથે સરખાવીને ખોટું પાડે. અને અમો ગરીબ કુટુંબીઓ અમારા મરહુમ મુરબ્બીજીની દોલતે આજ ત્રણસો વરસ થયા એ વજીફાની ઉપજમાંથી નીમક રોટી ખાધુંએ છીએ તેના ઉપર પણ ત્રાપ મારવા જેવું કરે. ખોદા હાફેઝ !!

ઉપલી વીગતો ઉપરથી હું મારા નમ્ર હીંદુ તથા મોહમેદન ભાઇઓને સુચના કરવાની ફરજ સમજું છું કે બે વખત વીચાર કીધા પછીજ પોતાનાં ધર્મ ખાતાઓને લગતી વીગતો મી૦ કરકરયાને પુરી પાડવી.

મુંબઇ તા. ૭ મી અકટોબર ૧૮૯૬.

લા૦ સેવક,

D.

નામદારે આતશ તથા સુર્યને ખોદાઇ કેબલા તરીકે ગણ્યા હતા, તથા પારસી રોજ માહ પ્રમાણેનું પંચાંગ ચાલુ કરવા જોડે કેટલાક પારસી તેહવારો પણ પાલવા માંડયા હતા. પણ એખલેા મી૦ કરકરીયા તકરાર એ કરે છે કે, તેને પારસી ધર્મ એવી સરસ રીતે સમજાવનાર કેાણ? આપણા તરફ અસલથી મનાતું આવ્યું છે કે, એ સમજાવનાર તે મેહરજીરાણા; પણ મી૦ કરકરયાએ તે ના પાડીને એ કામ બજાવનાર તરીકે ઇરાનના તે વેલાના એક પારસી દસ્તુર નામે અરદેશીર કેરમાનીને રજુ કરયા છે. પણ હાલ રજુ થયલી દલીલેાના આધારથી તેા એવું સાબેત થાય છે કે, દસ્તુર અરદશીર કેરમાની અકબરને પારસી ધર્મ સમજાવનાર નહી હતા, તેા પછી દસ્તુર મેહરજીરાણા સામે ઉભેા થતેા સંશય આપેાઆપ નીકલી જાય છે, કેમકે આ બે યાદગાર દસ્તુર સાહેબેા સીવાય ત્રીજો કેાઈ દાવાદાર તેા એ માન માટે છેજ નહી અને હતેા પણ નહી. મેહરજીરાણાના હીમાયતીઓ જેમ આડકતરી સાબેતીઓથી એમ દેખાડવાને શકિતવાન થયા છે કે, અકબરને પારસી ધર્મ સમજાવનાર મેહરજી રાણા હતા, તેમ સીધી સાબેતીઓથી એમ બતાવવાને પણ તેઓ શકિતવાન થયા છે કે, અકબરને પારસી ધર્મ સમજાવનાર અરદેશીર કેરમાની ન હતા. એની ખાતરી માટે આ તકરારમાં રજુ થયલી દલીલેાનેા નીચલેા ટુંક સાર વાંચનારાઓને ઉપયેાગી થઇ પડશે.

શેહનશાહ અકબરે ધર્મો સંબંધી પુછપરછ અથવા તકરાર માટેનેા જુદા જુદા ધર્મોના ઉપાધ્યાએાનેા મહાન મેલાવડેા સન ૧૫૭૮ ઇસ્વીમાં કર્યો હતેા. એ મેલાવડામાં પારસીઓ તરફથી રજુ થનાર અને ભાગ લેનાર કેાણ હતા તે વીષે વીગતવાર અને નામ નીશાન સાથનું લખાણ કેઠે મલતું નથી. બદાએાની, જેણે આ બનાવની હકીકત તેજ હીંદામમાં અને જાતી અનુભવ ઉપરથી લખેલી છે, અને જેના ઉપર ખુદ મી૦ કરકરયાએ પણ મેાટેા આધાર લીધેા છે, તે માત્ર તેનાં વીષે એટલુંજ જણાવે છે કેઃ—

" આતશ પરસ્તેા (એટલે પારસીએા) જેઓ ગુજરાતના નવસારી કસ્બાથી આવ્યા હતા, તેઓએ પેાતાના જરથેાસ્તી ધર્મને સાચેા બતાવ્યેા, અને આતશની સેતાએશને ઘણી ઉંચી જણાવી. તેમને પેાતા તરફ બેાલાવીને (પાદશાહ) કયાની રાહેા રવેશથી વાકેફ થયેા; તે એટલે વેર કે આતશને ઇરાની પાદશાહેાના તરીકા પ્રમાણે જેમ તેઓની આતશકદેહેામાં તે બલતેા રેહતેા હતેા તેમ, પેાતાના મેહલમાં શબેારેાજ નેગાહ રાખવાને શેખ અબુફઝલને ફરમાવ્યું, સબબ કે આતશ બેાદાની બખશેશેામાંની એક બખશેશ, અને તેનાં નુરેામાંનું એક નુર છે. જલુસી પચીસમાં વરસના નેારેાજને દહાડે સુરજ અને આતશનેા સેજદેા (પાદશાહે) બરાં દીલથી કીધેા. અને દરબારીઓએ પણ ચેરાગ સલગાવતી વેલા હંમેશ તેને સેજદેા કરવા માંડયેા. "

આ ઉપરથી એટલું તેા નકકી જણાય છે કે, અકબરના ધર્મ સંબંધી વાદવીવાદના આ મહાન મેલાવડામાં જે પારસીઓ હાજર થયા હતા, તેઓ ઇરાનના યા કેરમાનના હતાજ નહી. તેઓ નવસારીનાજ હતા; અને તે નવસારીના પારસીઓ કેાણ તે જોકે તેમાં નામ નીશાન સીકે જણાવ્યું નથી, તેા પણ તેઓમાં મરહુમ દસ્તુરજી મેહરજીરાણા અવશ્ય અને પહેલા હેાવા જોઇએ; કેમકે (૧) તે પ્રમાણે તે વખતથી તે અત્યાર સુધી બેાલાતું તથા મનાતું આવ્યું છે; (૨) તે માટેના ચ્યાલેા તથા લાવણીઓ જોડાયલાં છે; (૩) તે બનાવનેા

અને મેહરજીરાણાંનો વખત મલતો આવે છે; (૪) ત બનાવ પછી, યાને મેહરજીરાણાં દીલ્હીથી નવસારી આવ્યા પછી, તેમને ત્યાંના પારસીઓએ પોતાના દસ્તુર નેમ્યા હતા; (૫) અને મેહરજીરાણાને એજ પાદશાહ તરફથી ખાસ સનદ સાથે મોટો ઇનામો વજીફો મલ્યો હતો. અથાર્થ, મેહરજીરાણા અકબરની દરબારમાં જવાની પરોક્ષ સાબેતી આમાંથી મલે છે, અને તે એવા લખનારથી મલે છે કે, જેને એ બનાવના સંબંધમાં સર્વથી ચઢતી સતા સરખો લેખવામાં આવે છે, અને તેને વલી ઉપર જણાવ્યા સરખી બીજી આડકતરી સાબેતીઓનો ટેકો છે. અગરજો અકબરને પારસી ધર્મ સમજાવવાનું કામ દસ્તુર અરદેશર કેરમાનીએજ બજાવ્યું હોત તો તેનો સેજ પણ ઇશારો બદાઓનીમાં આવ્યા વગર રહેત નહી. પણ તે આવ્યો નથી; અને આવી શકે એમ પણ નથી; કારણ દસ્તુર અરદેશર કેરમાની મજકુર વખતે અને ઉપલાં કારણ સર દીલ્હી ગયાજ ન હતા. તેઓ તો એ બનાવ પછી ઓગણીસ વરસે ત્યાં ગયા હતા, અને તે પણ જુદાં કારણસર. તે કારણ, અકબરને પારસી ધર્મ સમજાવવાનું નહી, પણ તેણે બનાવવા ફરમાવેલી ફારસી ફરહંગમાં જંદ પેહલવી લોગાતોની સમજ આપવા માટેનું હતું, એ વીષેની સીધી અને ખુલી સાબેતી એ ફરહંગમાંથીજ મલી આવે છે, કે જે ફરહંગને પાછલથી "ફરહંગે જેહાંગીરી" નું નામ મલેલું છે, અને જે ફારસી ભાષાના ચઢતે દરજજેના અભ્યાસીઓમાં સારી રીતે જાણીતી છે. ખરૂં છે કે દબેસ્તાન કેતાબમાં અકબરને પારસી ધરમ સમજાવવાના સંબંધમાં દસ્તુર અરદેશર કેરમાનીનું નામ આપેલું છે; પણ તેથી ઉપલી મુલ બાબતમાં કશો ફેર પડતો નથી. અકબરની તવારીખના સંબંધમાં જેટલો આધરા બદાઓની પર લઇ શકાય તેટલો દબેસ્તાનપર લેવાય નહી, કારણ બદાઓનીની કેતાબ જ્યારે ખુદ દીલ્હીમાં અને ઉપલા બનાવના વખતે લખાઇ હતી, ત્યારે દબેસ્તાન કેતાબ ઇરાનમાં અને એ બનાવ પાછલ અરધી સદી પછી લખાઇ હતી, અને તેના બનાવનારે તેમાં પોતે લખેલી અકબરના ધર્મને લગતી બાબતનો મોટો આધાર પણ બદાઓની ઉપર લીધેલો જણાય છે. તેમાં તેણે પારસીઓને લગતો જે ફકરો લખેલો છે, તે પણ બદાઓનીના મજકુર ઉતારાને મલતોજ છે; અથવા બરાબર કહીએ તો તેણે તેનો ઉતારોજ કર્યો છે. ફરક એજ કે, તેમાં તેણે દસ્તુર અરદેશર કેરમાનીનું નામ ઉમેરયું છે અને બદાઓનીનું છેલ્લું વાકય લીધું નથી. તેણે અરદેશર કેરમાનીનું નામ કાં ઉમેરયું હશે તેનો ખુલાસો એજ સમજી શકાય છે કે, અરદશીરને દીલ્હી જવાનું કારણ તેણે ભુલથી પાદશાહને ધરમ સમજાવવાનું માની લીધું છે. પણ તે તેની દેખીતી ભુલ છે, અને તે ભુલ પાદશાહના ધરમ સંબંધી મેલાવડાના તથા અરદશીરની દીલ્હીની પધરામણીના સનેના મોટા તફાવતથી તરત માલુમ પડી આવે છે. આ રીતે જ્યારે અકબરને પારસી ધર્મ સમજાવનાર અરદીશર કેરમાની હતા એ વાત ભુલ ભરેલી ઠરે છે, ત્યારે તે કામ બજાવનાર મેહરજી રાણા હતા એ વાત વધુ મજબુતી પામે છે. એ રીતે મેહરજીરાણાની કીર્તી પાછી દીપતી થાય છે.

હવે આ રીતે જોતાં કોઇ પણ ઘણી સાધારણ શાર કાઢે તો તે દશ્તુરજી મેરજીરાણાંની તરફેણમાંજ ઉતરે; તે છતાં મી૦ ફરકરીઆ પોતાનું મત ફેરવતા નથી; એક વાર મત નહી ફેરવે તો તનું એણલું મત તેને મુબારક; પણ તેમ કરતાં તે જે ઢબે લખવા લાગ્યો છે, અને મરહુમ દશ્તુરજીને બરાબ વીશેસનો વાપરે છે, તે હમો કહીએ છે કે ઘણાં નાપસંદ કરવા

જેવાં બલકે ધીક્કારવા જેવાં છે. તરણુશો સદીપરનાં એક અશો દશતુરને એવાં ખરાબ વીશેશનો લગાડવાં અને જે તેમનાં મનમાં કે દીલમાં નહી તેવું લખવું-કે તેવો ફલાણું કરી નહી શકે તેવાં છતાં જાણે તેવો કેહતા હોય કે તેઓ ફલાણી બાબદમાં હોશીઆર હતા-એવું તેમને ગળે પડવા જેવું મી૦ કરકરયાનું બેહુંદુ લખાણ ટાઈમસ જેવાં એક મોભાદાર પત્રની કાલમમાં આશકાર થવા પામે છે.† એ બહુ અજાયબ જેવું સાથે બહુ દલગીરી ભરયું છે; કેમકે એક વાર મી૦ કરકરયા જેવા જવાંન લખનારા તો મોહડે આવયું ગમે તે ભાડે પણ તેવાં પત્રના બાહોશ અધીપતીઓએ તેવાં નાલાયક લખાણ પોતાનાં પત્રમાં દાખલ કરતાં ઘટતો આંકોશ રાખવો ઘટે છે, કારણ કે શમજી લોકો મી૦ કરકરયાનું એવું ખરાબ લખાણ વાંચી જેટલા દલગીર થાય છે, તેથી વધુ દલગીર અંગરેજી પત્રોમાં અનજાણથી એવાં લખાણો પ્રગટ થવા માટે થાય છે; તે એવાં આબરૂદાર પત્રના અધીકારીઓએ શારી પેઠે શમજવું જોઇએ છે.

ના૦ ૭૫.

અખબારે સોદાગર.

(તા૦ ૧૨ મી અકટોબર ૧૮૯૬)

નવસારીવાલા દસતુર મેહેરજીરાણા બાબે ચાલતી તકરાર.

અખબારે સોદાગરના અધીપતી જોગ.

સાહેબ,—જત તમારા પતરના ગઈ તા૦ ૨ જીના અંકમાં મી૦ રૂ. પે. કરકરીઆએ મુંબઇના હીંદુ તથા મહોમેદન જાહેર ધરમ ખાતાંઓની વીગતો મેલવવા જે ચરચાપતર છપાવયો છે તે વીશે બે બોલ બોલવાની રજા આપશો તો ઉપકાર થશે.

પેહેલાં તો મારા નાકેશ વીચાર પરમાણે મી૦ કરકરીઆએ ખુલ્લે ખુલ્લું જણાવયું હતું કે " વીલાયતનો એક જાણીતો અંગરેજ લખનાર આપણા દેશથી સારી રીતે વાકેફ છે, " તે કોણ ગરહસ્થ છે; કે જેથી કરીને હીંદુ અને મહોમેદન ભાઇઓને તે ગરહસથનું નામ જાણવાથી બનતી વીગતો પુરી પાડવાનું ઉતેજન મલતે, અથવા તો તે ગરહસથના ઉપર બહારો બહાર મોકલી આપવાનું સવલ પડતે. તેમજ હું સમજી શકતો નથી કે તે જાણીતા અંગરેજે શા કારણશર હીંદુ અને મહોમેદન કોમના અગરેશરોને છોડી દઇને મી૦ કરકરીઆ જેવા આજ કાલના પારશી જવાનને એવું કામ કરવાને લાએક ગણયા છે. પણ એ વીશે વધુ નહી બોલતાં નીચલી બીના મારા હીંદુ તથા મહોમેદન ભાઇઓને ઉપયોગી થઇ પડશે એમ જાણી જાહેરમાં લાવવાની મારી ફરજ સમજુ છું.

આજ નજદીક ચાર માસ ઉપર એજ મી૦ કરકરીઆએ હમણાની માફક એવી મતલબનું છપાવયું હતું કે તેવણ (એક ઇતીહાશીક નુક્તેચીની તરીકે " નવી શોધ બોલ" ને આધારે) " અકબર અને પારસીઓ" વીશે રેશાલો લખનાર છે. માટે દસતુર મેરજીરાણા વીશેની વીગતો જો તેવણને કોઇ પુરી પાડશે તો તેનો ઘટતો ઉપયોગ કીધામાં આવશે. એ ઉપરથી, સાહેબ, મારા ભલા અને ભોલા કુટુંબીઓમાંથી તરણ ચાર જણાઓએ પોતા પાશે એ મરહુમ દશતુરને લગતાં જે જે ઓચરીયાંઓ હતાં તે હમારા કુટુંબના એક ભલું ઇચછનારના સમજાવવાથી હમોએ તે ભલું ઇચછનારને સ્વાધીન કીધાં, એવી ઉમેદથી કે તે શુભઇચછક મી૦ કરકરીઆને તેને, ઉપયોગ કર-

† જુઓ નંબર ૧૦.

વાને આપશે અને તયાર બાદ મી૦ કરક-ઠરીયા તે ગરહસથને તે પાછાં સ્વાધીન કરશે, પણ સાહેબ મને પોતાને આ હકીકત જાહેરમાં લાવતાં ઘણી દલગીરી લાગે છે કે એવણે ભાશણ કીધાને નજદીક બે મહીના થવા છતાં અને તે ગરહસથ તરફથી તે ઓચરીયાંઓ પાછાં મેલવવાની અનેક માગણીઓ થવા છતાં તે હજુ સુધી પાછાં મલ્યાં નથી. અને આપણામાં એક જાણીતી કહેવત છે કે " શુઇની સાંજ ને મોચીનું વહાણું " તેમ છેક નેપીઅનશી રોડ સુધી " સવાર સાંજ " એવણને ઘેર જઇ માંગવા છતાં " આજે આપું છું કાલે આપું છું " એમ વાએદા ઉપર વાએદા કરયા જાય છે. એ તો જાણીતી બીના છે કે મી૦ કરકરી-આને ફારસી પુરૂં પાધરૂં આવડતું નથી, તેથી પેહલાં તો તે ગરહશથને એમ ધીરજ આપી કે નકલ કરનારાઓ રાખીને ઉતારાવા માંડયું છે પણ તેનેથી આજે એક મહીનો થઇ જવા છતાં હજુ નકલ થઇ રહી નથી અને ખોદા જાણે કયારે થઇ રહેશે. એટલુંજ નહી પણ વધારે અગતયનું તો એ છે કે હમારા એક કુટુંબી ભાઇ પેશ-તનજી નશરવાનજી દશતુરે ઉપલાજ શુલ-ઇચછેકના લખવાથી તે ગરહસથના ઉપર નવશારીથી બીજા ઓચરીઆંઓ સાથે ફારસીના તરણ ફકરા મોકલી આપયા અને તેવણને ખુલ્લે ખુલ્લું લખેલું કે મારા ઉતર હીંદુસતાનના પરવાશ દરમીયાન જે ચોપડીઓ પરથી એ ફકરાઓ લીધા છે એમ લખયું છે તેની બનતી શોધખોળ કીધી છતાં તે ચોપડીમાં એ ફકરા જડતા નથી. પણ વાંચનારા સાહેબોએ અતયાર આગમજનું જોયું હશે કે મી૦ કરકરઆએ તેનો કેવો સરશ ઉપયોગ કીધો છે ! ! ! ભાઇ પેશતનજીએ મી૦ કરકરીઆને ખુલ્લે ખુલ્લું લખયું છતાં તોહમત મુકવા નીકલે છે કે બીજું કાંઇ મલે નહી તયારે મેરજી-રાણાના વારસો મને ખોટા ખોટા ફકરાઓ પુરા પાડે છે. પેહલાં તો એવણે પોતાના રેસાલામાં જાણે પોતેજ " નવી શોધખોલ " કીધી હોએ તેમ ઠંડે પેટે ઠોકી બેસાડયું કે એ બાબતમાં મારા હાથમાં એક કુટુંબી તરફથી ફકરા મુકવામા આવયા છે, પણ ઘણું નવાઇ જેવું છે કે મારી હમેશની " શોધખોલ " છતાં તેજ ફકરાઓ મને તે ચોપડીમાં જણાતા નથી ! ! ! મેં ઉપર કહયું તેમ મી૦ કરકરીઆને ફારસીનું પુરેપુરૂં જ્ઞાન નથી તે છતાં કેવી ચાલાકીથી એવણે ' નવી શોધખોલ ' કીધી છે તે ઉપલાં લખાણથી તુરત જણાઇ આવશે.

હજી મી૦ કરકરીઆ ગમે તો ફારસી ભાશાની ' Clerke's manual ' થી શરૂ કરીને એ ભાશા શીખવા માંડે, જેથી કરીને એવણ અતયાર આગમજની પોતાની પુર-વાર થઇ ચુકેલી અશાધારણ બાહોશીથી ગણતરીના થોડા દીવસમાં એ ભાશા શીખી જશે. પણ હમો ગરીબ કુટુંબીઓને ભય લાગે છે કે રખેને એવણનાં એ પાકટ જ્ઞાનને આધારે પાદશાહ અકબરે ૩૦૦ વીઘાં બક્ષેસ આપેલી જમીનનું અસલ ફરમાન જે હાલ અમારી પાસે મોજુદ છે તે પણ ' તરાંબાની પતરીઓ ' સાથે શરખાવી ખોટું પાડે, અને હમો ગરીબ કુટુંબીઓ હમારા મરહુમ મુરબીજીની દોલત આજ તરણસો વરશ થયાં એ વજીફાની ઉપજ-માંથી નીમક રોટી ખાઇએ છીએ તેના ઉપર પણ તરાપ મારવા જેવું કરે. ખોદા હાફેઝ ! ! !

ઉપલી વીગતો ઉપરથી હું મારા નમ્ર હીંદુ તથા મહોમેદન ભાઇઓને શુચના કરવાની ફરજ સમજું છું કે મી૦ કરકરી-આને બે વખત વીચાર કરીને પછીજ પોતાનાં ધરમખાતાંઓને લગતી વીગતો પુરી પાડે, કારણ કે એવણને અતરે આપેલાં ઓચ-

રીઆંએા પાછા મલ્યાં નથી તેા તમેા ભાઇ-
ઓાની વીગતેા છેક વીલાયત સુધેા મેાકલ-
નાર છે એટલે તે કયારે પાછી ફરશે તે
ઠાંઇ કેહવાઇ શકાએ નહી. અને જો પાછી
ફરે તેા આ જમાનાના એક મેાજેજા જેવું
થઇ પડશે. †

મુંબઇ તા૦ ૭-૧૦-૧૮૯૬
લી૦ સેવક--D.

ના૦ ૭૬.

મુંબઇ સમાચાર.

(તા. ૧૬ મી અકટેાબર સને ૧૮૯૬.)

મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ શેહેન-શાહ અકબરની દરબારમાં કરી બતા-વેલા જણાવવામાં આવતા મેાજેજા વગેરેને લગતી તકરાર.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,-નીચલી સતરેાને તમારાં માન-
વંતા પત્રમાં જગા આપવાથી મારીપરજ
નહી પણ કુલે જરથેાસ્તી ટેાળાપર તમેા
સાહેબનેા ઉપકાર થશેજી.

સાહેબ,-આજે કેટલા કેટલા દાહાડા
થયા મુંબઇનાં વરતમાનપત્રેામાં જરથેાસ્તી-
ઓાને લગતી એક ઘણી અગતની બાબ-
તની ચકચાર ચલાવવામાં આવે છે. અંગ્રેજી
પત્રેાએ તેમજ ગુજરાતી પત્રેાએ તે માટે
પેાતાની કટારેા ખેાલ્લી મેલી છે, અને
ટાઇમસ ઑફ ઇનડીયા ને બેાંબે ગેઝટમાં
તેા લાંબા લાંબાં ને ઠાબેલીયતભરેલાં ચરચા-
પત્રેા છપાયાં છે. તે બાબત નવસારીના

† આખરે કંટાળીને મી૦ મેાદીએ રૂા. ૬૦ ના ખાડામાં ફેકટમાં ઉતરી મી૦ પેમાસ્ટર વકીલની મારફતે સેાલીસીટરેની નેાટીસ મેાકલાવી ત્યારેજ મી૦ કરકરીઆએ છપલાં કાગળેા આપ્યાં.

બેહેશતનશીન દસ્તુર મેહેરજી રાણાને
લગતી છે. એ મરહુમ દસ્તુર સાહેબ નવ-
સારીથી દીલ્લી ખાતે ગયા હતા અને શાહ
નશાહ અકબરને તેઓએ સુદરહે પેહેરાવયેા
હતેા, તથા જે જગતગુરૂએ આસમાનપર
એક થાલી ઉડારીને બે સુરજ ઉગેલા
શાહનશાહને દેખાડયા તે જગતગુરૂનું જાદુ-
મંત્ર તેઓએ તેાડી નાખ્યું હતું, એવી
વાત કંઇ વરસેા થયાં જરથેાસ્તી ટેાળામાં,
શું બેહેદીનેામાં કે અથેારનાનેામાં, જાએજ
છે. એ વાત ખેાટી છે એમ મુંબઇની રેાયલ
એશીયાટીક સેાસાયટીની એક મીટીંગમાં
મી૦ રૂ૦ કરકરયા નામે એક કાબેલ સભા-
સદે વાંચેલા નીબંધમાં જણાવયું છે, અને
તે ઉપરથી એ બાબતને લગતી ચકચાર
ઘણી તરફ ચલાવવામાં આવી છે. પણ
સાહેબ, હું જોઇને હેરત થાઉં છું કે એવી
અગતની બાબતને તમારા પત્રમાં કાંય હાથ
ધરવામાં નથી આવી ? હું એ બાબત વાસ્તે
બે બેાલ બેાલવા માંગું છું, તે તમેા મેહેર-
બાન મને બેાલવાની રજા આપશેાજી.
મરહુમ દસ્તુર સાહેબ મેહેરજી રાણા ૩૦૦
વરસપર થઇ ગયલા નવસારીના એક જર-
થેાસ્તી વતની હતા. તેઓએ એક જર-
થેાસ્તી તરીકે અકબર શાહનશાહની દર-
બારમાં જેવેા જણાવવામાં આવયેા છે તેવેા
ભાગ બન્નની દેખાડયેા હેાય તેા, તે જર-
થેાસ્તી ટેાળાની તવારીખમાં ખચીતજ અગ-
તની જગા રેાકવાને લાયકનેા અને સેાનેરી
અક્ષરે નેાંધવા જેવેાજ બનાવ છે. જરથેાસ્તી
ટેાળાને સામાનય રીતે અને અથેારનાન
ભાઇઓાને અકસર કરીને તે ખાસ જેબ
આપનારેા છે; અને તેટલા માટે એ બનાવ
સંબંધી જેબી શાહદતેા મળતી હેાય તે
એકઠી કરીને જરથેાસ્તી ટેાળાની તવારી-
ખમાં જો તેમને ખાતરી ભરેલી નેાંધપર
ચહડાવી હેાય, તેા તેથી એ ટેાળાનાં માન
અને ઇજતમાં તે વધારેા કરનારૂં અને તેને

જેણાયશ આપનારૂંજ થઇ પડશેજી, એવું કમતરીન ધારે છે. એટલા માટે તમો સાહેબને મારી એટલીજ અરજ છે કે જેથી કોઇ જરથોસ્તી, પછી તે બેહેદીન હોય કે અથોરનાન હોય, તે મુંબઇનો રેહવાસી હોય કે નવસારીનો વતની હોય, તે આએ બાબતમાં ખરેખરી જેથી શાહદતો રજુ કરવાને બાહેર પડે તેને તમો સાહેબ તમારાં માનવંતાં પત્રમાં જગા આપીને જરથોસ્તી ટોળાની ખરેખરી સેવા બજાવશોજી. હમણા એ બાબતની જે ચકચાર થાય છે તેમાં ઘણી ઘણી બાબતો એવી મુકાય છે કે તે મારા જેવા વીદ્યાર્થીઓને અને તવારીખના વાંચકોને ગુચવાડા ને ગભરાટમાં નાખનારી થઇ પડી છે. હું પોતે એક વીદ્વાન હોવાનો દાવો કરતો નથી, પણ જે રીતે એ ચકચાર રજુ થઇ છે તે સાધારણ સમજનાં માણસને સારી રીતે સમજ પડવાને મુશકેલ લાગે છે. માટે મારી નમનતાઇ ભરેલી અરજ છે કે, એ બાબતમાં લખાણ કરનારા સાહેબો પોતાની તરફથી એ લાસાવાર લખાણ કરયા જશે તો જરથોસ્તી ટોળાની તેઓ સારી સેવા બજાવશે.

તમારો નમનતાઇ ભરેલો સેવક, ન. પા.

ના૦ ૭૭.

જામે જમશેદ.

(તા. ૧૯ મી અકટોબર સને ૧૮૯૬)

આંકટીલ ડુ પેરોં—જરથોસતી ધરમનો અભયાસ કરનાર પહેલો ફ્રેંચ વીદ્વાન.

"કલકતા રીવયુ"ના છેલ્લા અંકમાં* એક લખનારે જરથોસ્તી ધરમનો અભયાસ કરનારા જાણીતા પહેલા યુરોપીયન વીદ્વાન આંકટીલ ડુ પેરોંને યાદ કરી તેની સેવાને ઇનસાફ આપ્યો છે. જંદ પહેલવીનું જ્ઞાન યુરોપમાં જ્યારે હસતી ધરાવતું ન હતું, જરથોસ્તી ધરમ શું છે અને તેની અવસતામાં કેવું ઉંડું ડાહપણ સમાયલું છે, તે વીશે દુનીયાના કોઇજ લોકમાં ફકત અટકળ થતી હતી, તયારે ફ્રાનસ જેવા દુરના એક દેશથી સંકટો ખમતા, દરીયા હોહોવી એ ધરમનો અભયાસ કરવા તથા એ બહુ પુરાણો ધરમ પાળનારાઓનો અનુભવ મેળવવા એક ઉદ્યોગી ફ્રેંચ વીદ્વાન નામે આંકટીલ ડુ પેરોં હીંદુસતાન દેશમાં આવ્યો હતો. નજદીક ૧૦ વરસ સુધી અત્રે રહી, જંદ પહેલવીનો અભયાસ કરી, પોતા સાથ એ ધરમનાં કેટલાંક પુસ્તકો તે પોતાને સવદેશ લઇ ગયો હતો, જ્યાં એ ધરમના ભંડોલનો વધારો કરી, અવસતાનો ફ્રેંચ ભાશામાં પહેલો તરજુમો કરયો હતો, જે ખંત તથા ઉલટની જેટલી સતુતી થાય તેટલી બેશક થોડી ગણાય. આંકટીલ ડુ પેરોંએ જરથોસ્તી ધરમ યુરોપના વીદ્વાનો સનમુખ પહેલો રજુ કરી તેની ફીલસુફી દરશાવી, તેની ભાશાઓ સમજવાની ચાવી તેઓ સનમુખ ખુલ્લી મેલી આપી હતી. આંકટીલની અગાઉ એકાદ બે ઇંગ્રેજો, જેવા કે ફ્રેઝર વગેરેએ, એ ધરમનો અભયાસ કરવાની ઉલટ બતાવી હતી ખરી, પણ તેઓને ચોકસ સબબોને લીધે નાઉમેદ થવુ પડયું હતું. આંકટીલ પોતાનાં પુસતકમાં એ સબબો જણાવવા માગે છે, અને તે એ કે હીંદી જરથોસતીઓમાં તે વખતે ઘણું અજ્ઞાનપણું ફેલાયલું હતું, તેનાજ બોલો ટાંકયે તો "અજ્ઞાનપણું એ તેઓની સઉથી મોટી બદી હતી." જામાસપ વીલાયતી નામનો ઇરાની દસતુર સને ૧૭૨૦ માં ઇરાન દેશથી ગુજરાતમાં આવ્યો, તયારે તેને પણ એવો મામલો જણાયો હતો અને આંકટીલના કહેવા મુજબ, જામાસપ વીલાયતીએ ગુજરાતના ત્રણ દસતુરોને જંદ પહેલવી શીખવી હતી. જામાસપે શીખવેલા

* જુઓ નંબર ૧૫.

એ ત્રણ દસતુરોમાંના એક દસતુર દારાબ પાછળથી આંકટીલને ભાશાએ શીખવનારા ઉસતાદ થયા. જમાસપ વીલાયતી અત્રે આવવાની અગાઉ યાને આશરે ઇ૦ સ૦ ૧૭૦૦ નાં વરસમાં ફરેઝરે સુરત તથા બીજાં શેહેરોમાં જરથોસતી ધરમ શીખવાની ખાએસ રાખી હતી, પણ તે પાર પડી નહી, જેથી તેણે ખરી યા ખોટી રીતે એવો ખયાલ બાધ્યો હતો કે, તે વખતના જરથોસતી ધરમગુરૂઓમાં પોતાના ધરમને લગતું ઘણું જ્ઞાન જણાતું નથી. પણ જ્યારે જમાસપ વીલાયતી પાસે દસતુર દારાબ શીખીને તઇયાર થયો હતો, તયારે તેણે આંકટીલને પઇસા લઇ તે શીખવવાની કાંઇ અડચણ કરી નહી. તે વખતે હીંદુસતાનના જરથોસતીઓમાં પોતાના ધરમને લગતું ઘટતું જ્ઞાન ન હોવાથી–ક્રાયર, ગ્રોસ, વગેરેના જણાવયા મુજબ ઘટતું જ્ઞાન ન હોવાથી–નવસારીથી ધરમના સવાલો લખીને તેના ખુલાસા જાણવા માટે ઇરાન મોકલવામાં આવતા હતા, જ્યારે "પારસી પ્રકાશ"માં જણાવવા મુજબ ઇરાનવાળાઓએ નવસારીવાળાઓને સુચવયું હતું કે, "અગર બે એરવદો અહીં તમારી તરફથી આવે અને પહેલવી શીખે તો તમને દીનની રાહ બરાબર માલમ પડે," એટલે કે ઇરાનવાળાઓને એવું લાગેલું હોવું જોઇએ કે, હીંદુસતાનના પારસીઓમાં કદીમ જરથોસતી ધરમનું પુરતું જ્ઞાન નથી. કોઇ પણ રીતે ઇરાનથી વખતે વખત ઠાબેલ નરીઓ હીંદુસતાનમાં આવી હીંદના પારસીઓને કેટલુંક જ્ઞાન આપી ગયા હતા.

આંકટીલ ડુ પેરોંએ અવસતાના ફરેંચ તરજુમાના ત્રણ પુસતકો પગટ કરયાં હતાં, જેમાંનું પહેલું પુસતક દીબાચાથી રોકાયું હતું, જેમાં આંકટીલે ગુજરાતમાં કરેલા પ્રવાસનું વરણન આવેલું છે. એ પહેલાં પુસતકમાંથી પારસી તવારીખ તેમજ તેઓની આગલી હાલતનો કેટલોક ખયાલ આપવામાં આવયો છે, જેથી એ પુસતક કોઇ તવારીખ લખનારને, મી૦ કરકરીઆ યા એવા ઇતીહાસીક શોધ ખોળના શોખીનોને સારો ખોરાક આપનારૂં થઇ પડે, કદાચ પારસી આગલી તવારીખનો નહી જણાયલો સફો હાલના પારસીઓ સનમુખ રજુ કરી શકે. એ ફરેંચ પુસતકમાં "ક્રીસસે સંજાન" માંથી પારસીઓ હીંદુસતાનમાં આવયા પછીની હાડમારીઓના હેવાલ આપયા બાદ આંકટીલ લખે છે કે, ગુજરાતના પારસીઓ અસલ ઇરાનથી પોતા સાથ વંદીદાદની નકલ લાવયા હતા, તે તેઓના હાથમાંથી ખોવાઇ ગઇ હતી, જેથી એ કેતાબ વગર તેઓને ચલાવી લેવું પડયું. પછી ઘણે વખતે જ્યારે ઇરાનના સીસતાનથી દસતુર અરદેશર અત્રે આવયો, ત્યારે તેની પાસેથી પારસીઓએ વંદીદાદની બીજી નકલ લીધી અને ગુજરાતના પારસીઓની વંદીદાદની સઘળી નકલો એ અરદેશર સીસતાનીની અસલ ઉપરથી ઉતારી લીધી છે, અને અરદેશર ૧૫ મી સદીમાં ગુજરાત આવયો હતો. પણ આપણે અત્રે રજુ કરી શકયે કે અરદેશર સીસતાનીને વંદીદાદની નકલ ગુજરાતમાં ન જણાઇ હોય, તે ઉપરથી કાંઇ એવું સીધ થતું નથી કે હીંદુસતાનના કોઇ પણ જરથોસતી પાસે વંદીદાદ હતોજ નહી. આંકટીલ આ દેશમાં આવયો છે, તે જરથોસતી ધરમ અભયાસ કરે છે, તેને વંદીદાદનાં પુસતકની બહુ અગત છે, એમ સઘળાજ જરથોસતીઓને જણાયું હશે એમ માની લેવાના સંબંધો શું છે? માટે એ અનુમાન ખરૂજ ન હોય. આંકટીલ વધુ જણાવે છે કે ફરોખશીની કેતાબ પણ જમાસપ વીલાયતી અત્રે પહેલો લાવયો હતો અને એ દસતુર પોતાની પહેલવી ફરહંગમાં લખે છે કે, ગુજરાતના પારસીઓએ લગભગ

૧૦૦૦ વરશ સુધી ફરેાખશી વગર ચલાવયું હતું, અને તે સામે પણ અમેા ઉપલેાજ સવાલ કરયે. જમાસપ વીલાયતીની એ પહેલવી ફરહંગની નકલ મુદ્લાં ફીરેાઝ કેતાબખાનામાં મેાજુદ છે અને અભયાસ કરવા લાયક તે એક પુસતક છે. આંકટીલ વધુ જણાવે છે કે, જમાસપ વીલાયતી ફરેાખશી સાથ વજરકરદ્દીની અને નીરંગેસતાનનેા તરજુમેા પણ લાવયેા હતેા. ચાંગાશાહ નામના નવસારીના ભલી લાગણીના એક તવંગર બેહેદીને નવસારીના જરથેાસતીએા જેએા દીનની રાહ ચુકેલા હતા, તેઓને પાછા રાહ ઉપર લાવવાને કેાશેશેા કરી હતી, એવું જણાવતાં આંકટીલ ડુ પેરેાં જણાવે છે કે, " એ પુરૂષે પેાતાની દેાલત ગરીબેામાં વહેંચી, પારશીઓને સદરા કસતી પહેરાવયા અને લેાકેા જેએા અજ્ઞાનપણાં તથા હાદ્દેસાને લીધે ઘણીક ભુલચુકેામાં અટવાયા હતા, તેઓને જરથેાસતી ખરી રીત પ્રમાણે ચલાવવાને મેહેનત લીધી. એ કામ માટે જરથેાસતી રીતેા જે ગુજરાતમાં ભુલાઈ ગઇ હતી, તે બાબે સલાહ લેવા કેરમાનના દસતુરેા ઉપર ચાંગાશાહે કાગલેા લખ્યાં. એની પછી જ્યારે પણ ધરમની બાબદ વીશે કાંઇ શક પડે, તયારે હીંદુસતાનના દસતુરેા ચાંગાશાહનેા દાખલેા પકડી ઇરાન ખાતે લખતા હતા અને જે જવાબેા આવતા તેની રેવાયત યાને તવારીખનાં નામ તળેની ચેાપડીએા બનેલી છે. " આંકટીલે ઉપલું લખાણ તે જ્યારે હીંદુસતાનમાં સને ૧૭૫૫ માં હતેા, તયારે લખયું હતું. આંકટીલનાં ૩ માંના બીજા તથા ત્રીજા પુસતકેામાં અવસતાનેા તરજુમેા સમાયલેા છે, જે તરજુમેા દસતુર દારાએ તેને આપેલી તાલીમ મુજબ તેણે ફરેંચમાં કરયેા હતેા, જે તરજુમેા કેાઈપણ રીતે ખાતરીપુરવક કહેવાય નહી. તેની કીમત એટલીજ ગણાય કે યુરેાપીયન ભાશામાં અવસતામાં તે પહેલેા તરજુમેા હતેા. આંકટીલની એ કાચી પહેલથી બીજા યુરેાપીયન, મુખ્ય કરી જરમન, વીદવાનેાને જરથેાસતી ધરમનેા અભયાસ કરી શેાધ ખેાળ કરવાની ઉલટ થઇ આવી. કલુકર નામના એક જરમન વીદવાને આંકટીલનાં ફરેંચ પુસતકેાનેા પેાતાની સરેહ સાથ જરમન ભાશામાં તરજુમેા કરયેા. ઇંગ્રેજ વીદવાનેાને કદાચ તેથી માઠું લાગયું, જેએાએ એવું બતાવવાની કેાશેશ કરી કે, આંકટીલને ગુજરાતના મેાબેદેાએ ઠગયેા હશે અને જે પુસતકેા અવસતાના તરજુમા તરીકે તેણે બાહેર પાડયાં છે, તે કાંઇ ખરા અવસતા નથી, કારણ કે જરથેાસતનું વખણાયલું ડાહપણ એ ફરેંચ પુસતકેામાં જડતું નથી. અને ખરેખર એ કાચા તરજુમાએા હેાવાથી ઘટતા વીશવાસને લાયકના ન હતા. આખરે વધારે કાબેલ તરજુમાએા બાહેર પડવાથી જરથેાસતી ધરમની ખુબીએા અને તેની ઉડી ફીલસુફી યુરેાપમાં વધુ પ્રકાશવા માંડી. ગમે તે હેાય, પણ આંકટીલ ડુ પેરેાંએ કહાડેલી પહેલ પછી તેનાજ બે ફરેંચ જાતભાઇએા બરનુફ તથા ડારમેસટેટે એ અભયાસમાં મેાટું નામ કહાડી ગયા છે, જે માટે વાજબી રીતે આંકટીલને યેાગ્ય કીરતી આપી શકાય, જે યુરેાપમાં એ અભયાસની પહેલ કરનાર તરીકે માન સાથ લાંબી મુદત સુધી યાદ રહેવાની.†

† નંબર ૮૧ માં આ બાબદનેા સરસ જવાબ છે. વળી જુઓ નંબરેા ૧૬ અને ૮૪.

ના૦ ૭૮

મુંબઇ સમાચાર.

(તા૦ ૨૨ અક્ટોબર સને ૧૮૯૬)

મરહુમ દસ્તુર સાહેબ મેહેરજી રાણાએ અકબરને સુદરેહ પેહેરાવ્યા વીષે તથા બીજા મોજેજા કરયા વીષે મુંબઇ, પુણા તથા નવસારીના દસ્તુર સાહેબોને પોતાની પાસેનો ખુલાસો બાહેર મેલવા માટે કરવામાં આવતી વીનંતી.

મુંબઇ સમાચારના અધીપતી જોગ--

સાહેબ,--ગયા શુકરવારના તમારા પત્રમાં મરહુમ દસ્તુર સાહેબ મેહેરજી રાણા વીષે તમારા એક ચરચાપત્રી મી૦ ન. પા. એ જે વીચાર આપ્યા છે તેને હું મળતો થાઉં છું. એ સવાલ વીષે બીજી તરફ ઘણી તકરારો થયલી મેં વાંચી છે, પણ તેમાં ગુચવાડો ઘણો કરવામાં આવયો છે, અને તે એવો છે કે તે ઉપરથી સાધારણ વાંચનાર કોઇ સારપર આવી શકે નહીં. તકરારની શુરૂઆત કરનાર તવારીખના નામીચા અભયાસી મી૦ રૂ. પે. કરકરયાએ જે વીચારો જણાવયા છે તેમાંના કેટલાક સાથે હું મળતો થાઉં છું, અને કેટલાક સાથે મળતો થઇ શકતો નથી. પણ તે વીષે હમણાં હું બોલવા ઇછતો નથી. આ લખવાનો મારો મુળ હેતુ તકરાર કરતી વખતે તે ચલાવનારાઓએ વીસારી મેલેલી દેખાતી એક અગતની બીના ઉપર તેમનું તથા બીજાઓનું ધયાન ખેંચવાનો છે. દસતુર સાહેબ મેહેરજી રાણા શેહેનશાહ અકબરની દરબારમાં જઇ આવયા તે પછી તેઓને નવસારી પંથકના સર્વ દસ્તુરોના વડા ઠરાવવામાં આવયા હતા એમ કહેવાય છે, અને તેઓને તથા તેમના વંશજોને આજે પણ સર્વ દસ્તુરોના વડા કબુલ રાખવામાં અથવા સમજવામાં આવે છે. તેમ હોવાથી એ તમામ દસ્તુરો પોતાના એ વડીલ દસ્તુરજીને લગતી નોંધો ધરાવતા તો હોવાજ જોઇયે, તે નોંધો બહાર મેલવાને તે સાહેબોને, અને અકસર કરીને આપણા વચે ભણેલા અને કાબેલ ગણાતા દસ્તુર સાહેબોને હું અરજ કરૂં છું. તે નોંધો બાહાર મેલાવાથી તેમને પોતાને તેમજ અથોરનાન ટોળાને જેમ મળશે અને તેઓની હોરમતમાં વધારો થશે. એ દસ્તુરજીઓમાં પેહેલે, ભગરયા મોબેદો તરફથી નવું આતશબેહેરામ પરથવાનું કામ માથે લેનાર દસ્તુર સાહેબ ડાકટર જામાસપજીને હું અરજ કરૂં છું. મારા સાંભળવામાં આવયું છે કે એ દસતુરજીના વડીલોએ ખાસ તપાસ કરીને મરહુમ દસ્તુર મેહેરજી રાણા વીષે કેટલીક નોંધો તઇયાર કરી છે, અને તે નોંધો દસતુરજી ધરાવે છે. માટે જરથોશતી ટોળાની વાકેફી માટે બોદ્ધાને હાજર નાજર જાણી તે નોંધો તથા બીજી જે બબરો તેઓ ધરાવતા હોય તે તેઓએ બાહાર મેલવી;† અને તેમ મેલવાની તેમની અઇન ફરજ છે. એવીજ અરજ પેહેલવી તથા ફારસી સાહીત્યમાં પંકાયલા પુણેવાળા દસ્તુર સાહેબ શમસુલએોલમા સરદાર બહાદુર ડાકટર હોશંગજીને કરવાની રજા હું લઉં છું. પહેપણે મને મળેલી બબર પ્રમાણે એ દસ્તુર સાહેબે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતા ઇતીહાસનો બાસ અભયાસ કરયો છે, અને તેઓએ આગળ કેટલાંક વરસોની વાતપર તે બાબત લખાણ પણ કરયું હતું, તથા તેઓએ કે તેમના કોઇ વડીલે તે વીષે એક ચોપાનયું પણ કાહાડેલું જણાય છે. દસ્તુર સાહેબ હોશંગજી તેટલા માટે એ સવાલ ઉપર સારૂં અજવાળું નાખવાને શકતીવાન છે; અને પારસી કોમને પોતાની ફરજની રૂયે વાકેફગાર કરવાને તેઓએ આ વેળાએ બાહેર પડવાની તસ્દી લેવીજ ઘટે છે. એજ

† જુઓ નંબર ૮૭

પ્રમાણે શમસુલએાલમા દસ્તુર સાહેબ ડાક્ટર પેશોતનજી બેહેરામજી સનજાણાને પણ હું વીનંતી કરૂં છું. એમના મરહુમ બપાવા બેહેશતનશીન દસ્તુર સાહેબ એદલદારૂનું જે કીમતી કેતાબખાનું તેઓ ધરાવે છે, તેમાં પણ મરહુમ દસ્તુર મેહેરજીરાણા વીષે નોંધ મળી આવશે એમ એ દસ્તુર સાહેબના વડીલો અને મેહેરજીરાણાનાં ખાનદાન સાથના તેમના જુના વખતથી ચાલતા આવેલા ધાડા સંબંધ ઉપરથી માનવાને કારણ છે. જેથી નોંધ કે ખબર દસ્તુરજી પેશોતનજી ધરાવતા હોય તે તેઓએ બાહાર મેલવાની તેમની ફરજ છે. પણ દસ્તુર સાહેબો જામારપજી, હોશંગજી તથા પેશોતનજી એ બાબતમાં જે ફરજ ધરાવે છે તે કરતાં વધારે ચહડતી ફરજ, બેહેશતી મેહેરજી રાણાના ગાદીવારેસ ભગરયા પંથકના વડા નવસારીના હુમણાંના દસ્તુર સાહેબ હારાબજીની છે. તેઓ સાહેબ, પોતાના વડીલની કીરતીની સાથે ઘણો અતલગનો સંબંધ ધરાવનારા એક સવાલની બાબતમાં, ચુપ બેઠા છે તે મને ઘણું અજબ લાગે છે. તેઓ પોતાના એ મુરબી સાહેબ તથા તેમના ગાદીનશીન તમામ દસ્તુર સાહેબોનું દફ્તરખાનું તથા તેમને હાથની લખેલી તરેહવાર કેતાબો તથા નોંધો ધરાવે છે, અને ઘણાએો કહે છે કે, તેમની પાસે ઘણા ઘણા જુના દસ્તાવેજો છે. ત્યારે મરહુમ દસ્તુર મેહેરજીરાણા વીષેની સઘળી નોંધ તેઓ કેમ નહીં બહાર મેલતા? સઘળું અજવાળું પાડવાને આપણા દસ્તુરજીઓ શકતીવાન છે, અને તેઓ જો આ વખતે પોતાની ફરજ અદા કરશે તો બીજાઓને વચમાં માથું મારવાનું કારણ રહેશે નહી, અને સઘળો ખુલાસો પારસી આલમ તથા બીજા અભયાસીઓ સેજમાં જાણી લેશે.

ધોબીતળાવ, ૧૯ મી અકટોબર.

સેવક

મા. ફા. પા.

ના૦ ૭૯

સ્વતંત્ર.

(તા. ૨૫ મી અકટોબર ૧૮૯૬)

ઓલમા, 'ઉમરાવ' અને વળી 'પ્રોફેસર' મી૦ કરકરીઆ!

સ્વતંત્ર ના અધીપતી જોગ—

સાહેબ,

પારસી ટોલાને હંમેશનો પ્રકાશતો કરનાર મરહુમ દસ્તુરાન દસ્તુરજી સાહેબ મેહરજી રાણાએ અકબરની દરબારમાં કીધેલાં કામ દેખી નહી શકાવાથી મી૦ કરકરીઆએ જે કકલાટ કરી મુકયો છે તે માટે આપ સાહેબે આપનાં માનવંત પત્રમાં લખાણો કરી મરહુમ દસતુરજીનો જે બચાવ કીધો છે તે માટે ઉપકાર માની મને મલેલો અનુભવ નીચે દરશાવવા માંગું છું તે પ્રગટ કરી સેવક ઉપર ઉપકાર કરશોજી.

સાહેબ, મી૦ કરકરીઆને જાણુ અજાણુમાં આપણી પારસી કોમમાં વીદવાનોમાંના એક વીદવાન લેખે વીચારવામાં આવવાથી એએો છળકાઇ જઈ 'તારાએો સાથે વાત કરતાં' અહંકારમાં ગરૂર બની ગયા છે અને મારા જેવો કોઇજ નહી એવું સમજીને 'તરેહવાર રંગો બદલે છે.' રોયલ એશીયાટીક સોસાયટીમાં અકબર અને પારસીએો વીશે ભાષણ આપી, કાંઇ આગલું પાછલું જોઇ આવ્યાથી તે મરહુમ દસતુરજી તરફ ધીક્કારવા જોગ તુચ્છકારથી વરતયા અને તેમ કરી એવો દેખાવ કીધો કે જાણે ભાષણ કરતા એક એાલમાજ છે અને તેથી વળી પુરાણી ફારસીના!! પણ અંગ્રેજી તરજુમો કરનારાઓએ ફારસી શબ્દોની જે ખોટી જોડણી કીધી હતી તેજ એએોએ પોતાના ભાષણમાં વાપરી, તથા ફારસીજ વાંચી આવ્યા હોય તેમ ફારસી ચોપડીઓનાં પાના ટાંકી બતાવ્યાં!! કેમ સાહેબ, એએો ફારસીના એાલમા ખરા કે? પણ

મારી વાણી કદાચ ફલે ખરી. કારણ કે એવણે મારી જાણ પ્રમાણે ફારસીની કલાર્કસ મેન્યુઅલ (ફારસી ભણવાની શરૂઆતની ચોપડી) નો અભ્યાસ શરૂ કીધો છે. ત્યારે હવે શમશુલ ઓલમાણી થાય ખરા કે ?!

અગરજો લોર્ડ મેકોલેમાં ખપવાનીબી એએને હોંશ થાય તો હું અજબ થાવું નહી, કાંકે જુવો સાહેબ ગઇ તા૦ ૩ જી અકટોબરનું ' જામે જમશેદ ' જેમાં ' પારસી રેવાયતો ' વાલી આરટીકલમાં લખવામાં આવયું છે કે " મી૦ કરકરી-આએ આએ કટારોમાં ત્રણ સદીની વાત ઉપરના જરથોસ્તીએાની હાલતનો જે ઇતીહાસીક ચીતાર આપ્યો હતો તેથી કેટ-લાકો કચવાયા હતા. લખનાર તરફ કેટલાક જરથોસ્તીએાનો અણગમો એંચાયો હોય, પણ તેએાને જાણીને સધીઆરો મલવો જોઇએ કે મેકોલેએ ૧૭ મી સદીના અંગ્રેજ ધરમગુરૂએાની હાલત પણ ઘણી અભણ તથા હલકી ચીતારી હતી જેથી તેને પણ કેટલાક ધરમગુરૂએાના હુમલા ખમવા પડયા હતા. " કેમ સાહેબ મી૦ કરકરીઆનાં મીત્રો તેમને લોરડ મેકોલેની સંકમાં મુકે છે એ શું તેમને મોટું માન નથી ? અને તેએા મોટા નહી તો નાના લોરડ મેકોલેમાં ખપે તો કાંઇ અડચણ તો નહી કેની ?

વળી ધારવા મેલે તેવણને એક 'પ્રોફેસર-' ના જેટલું માન ખાટવાની કાંઇક ઉલટ થતી દેખાય છે ! બેહેસ્તનસીન દસ્તુર મેહે-રજીરાણાને તા૦ ૧૩ મી સપટેમરના " ટાઇમસ ઓફ ઇન્ડીઆ " માં હલકી ગાલો ભાંડી પ્રોફેસરના જેટલું ભંડોલ ધરાવવાનું ડોલ ધાલતાં લખવામા આવયું છે કે, મી૦ કરકરીઆના જેવીજ આબેહુબ નુક્તેચી-નીની રીતી પ્રમાણે " પ્રોફેસર ડાયસીએ પીતની ઢંત કથા ખોટી પાડી છે, " શાબાશ, કદાચ એમ તો નહી હોય કે પ્રોફેસર દાયસી તથા બીજા વીદવાનોને પીતનું ખોતારૂં કેમ બાહર લાવવું તે આટલો વખત સુધી આવડયું નહી હોય, પણ તા૦ ૮ મી આગસતે મી૦ કરકરીઆએ આપેલું ભાશણ વાંચી પ્રોફેસર દાયસી હુશીઆર થઇ ગયો હોય ! પણ ત્યારે તો મી૦ ડાયસી પણ મી૦ કરકરીઆના જેવોજ અપક્ષપાત ટીક્કાર, અને ચાલાક તથા બાહોશ હોવો જોઇએ. કાંકે મી૦ કરકરીઆની માફક થોડાજ વખતમાં બધું શીખી જવાની શકતી ધરાવતો દીસે છે ! હવે સાહેબ, મી૦ ડાય-સીએ તો મી૦ કરકરીઆની રીત પોતાને લાગુ પાડી છે, ત્યારે મી૦ કરકરીઆને કયા પ્રોફેસર કહું ? મારી અલપ શકતી પ્રમાણે અને યુકલીડના પેહેલા નીયમ પ્રમા-ણે મી૦ કરકરયાને પ્રોફેસર ડાયસીજ કહું તો બસ છેની ?

મુંબઇ, તા૦ ૧૪-૧૦-૯૬.

લા૦ સેવક,

નોશીરવાન જ. કોટવાલ.

ના૦ ૮૦

કયસરે હિન્દ

(તા૦ ૨૫ મી અકટોબર ૧૮૯૬.)

જરથોસ્તી ધર્મ ઉપર થતી સમજ વિનાની નુકતેચીની.

MODERN CRITICISM ON ZOROASTRIAN RELIGION.

આગળા બે અંકોમાં મેહેરજીરાણા વિષે મી૦ કરકરીઆએ જે ઠાલી ગડબડ જગાડી છે, તેના મુખ્ય મુદ્દાએા હાથ ધર્યા હતા. આજે અમે એજ ખોખરા થઇ ગયલા રેસા-લામાંની બે ચાર બાબદો વિષે થોડું'ક બોલવાનો ઇરાદો રાખીયે છીયે. પેહેલાં તો

મી૦ કરકરીઆએ બે સુરજની દંતકથાના અર્થનો જે અનર્થ કર્યો છે તેજ દેખાડી આપે છે કે "આપણા એકપુરા તવારીખનવેશ" એવી સેહેલી વાતનો પણ ભાવાર્થ સમજવાની તકલીફ લેતા નથી માટે તો તાકત ધરાવતા નથી. તેઓ ઘડી ઘડી મેહેરજી રાણાએ બે સુરજ દેખાડયા એમ લઇ પડે છે. અને પછી તેની ઠેકડી કરે છે; જયારે ખરેખર તો કથા કર્યા તો ખ્યાલમાં મેહેરજીરાણાએ બે સુરજ દેખાડયા હતા એમ કહી પણ કહ્યુંજ નથી. ધાતુની ચળકતી થાળી ગગનમાં ચડાવીને તેને સૂર્યનું તેજ અને રૂપ આપનાર તો એક હિન્દુ જાદુગર હતો અને મેહેરજીરાણાએ જે કીધેલું કહેવાય છે તે એટલુંજ કે પોતાનાં જ્ઞાન યાને પોતાની પરહેજગારી એટલે પરવરદેગારે મોકલેલી અને પેગમબરે લાવેલી દીન ઉપરના ખાલેસ અને સાચા એતેકાદથી સંપાદન થયલાં આત્મિક જ્ઞાનનાં કૌવતે કરીને તેઓ તે બાજીગરની યુકતી સમજી જઈને તેને તોડી નાખી હતી. જગતગુરૂએ મદારીના જેવા એક અખતરાને કરામત યા મોજેજા તરીકે ઠોકી બેસાડયો હતો અને તેનો ઢોંગ નવસારીના બે પાકઝાદ દસ્તુરે ઉઘાડો પાડયો હતો. એવીજ રીતે "દબેસ્તાન" માં કહેલું છે કે જયારે ધર્મ સંબધી તકરારો કરતાં એક યાહુદીએ એમ કહ્યું કે તેના પેગમબર મુસાએ મીસરના ફરઉનને લાકડીનો સાંપ કરી બતાવ્યો હતો, ત્યારે એક હકીમે ત્યાંને ત્યાંજ તેવોજ એક ખેલ તે યાહુદીની દલીલની તકલીદી બતાવવા સારૂ ભજી બતાવ્યો હતો. જગતગુરૂએ કરેલી તેવીજ કીસમની નજરબંધી યા ઠગાઇથી જયારે સઘળાઓ ભોળવાયા હતા યાતો અચરત થયા હતા, ત્યારે મેહરજી રાણાએ બે સુરજ બનવા વિષેના ચમતકાર ઉપર શંકા લઇ જઇને તે માનવાને બીલકુલ ના પાડી અને તે હિન્દુ બાજીગરનો ભરમ ફાડેશ કરીને તેની ફજેતી કીધી અને તેથીજ મેહરજીરાણા વિષેના ખયાલમાં કહેલું છે કે "બડાજી કાબીલ દસ્તુર ઉનપર નહી ચલા જાદુ કીસકા." હવે આ કાહાણી ખરી હોય કે ખોટી હોય તે તો જુદોજ સવાલ છે, પણ આટલું તો ખરૂં છે કે એ ઉપર મી૦ કરકરીયાએ કંઇજ અજવાળું પાડયું નથી. તેઓ કહી કહીને એટલુંજ કહે છે કે એ બનાવ વિષેની શાહાદત તવારીખોમાં મળવી જોઇયે અને તે તો મળતી નથી. અમે પુછીયે છીયે કે શું પારસીઓ એ વિષે બાજવેર વાકેફ નહોતા? અને વળી અમે પુછીયે છીયે કે જો એક નહિ પણ દસ તવારીખમાં પણ આ કેહેવાતા ચમતકાર વિષે પાનાનાં પાના ભર્યા હતે તો શું તેથી એમ ઠરતે કે બે ખરેખરા સુરજ એકજ ઘડીયે આસમાનમાં પ્રકાશયા હતા? આ જાતની કથાઓ આપણા લોકોમાંજ છે એમ કંઇ નથી, પૃથ્વીના સઘળા ભાગોમાં તે પ્રસરેલી છે અને ખરેખરા નુકતેચીનનું કર્તવ્ય તો એજ છે કે એવી કીસમના બીજા એહવાલો સાથે તેને સરખાવવી, તે કેમ અને કેવા સંજોગમાં ઉત્પન્ન થઈ અને કેવી જાતના આચાર વિચારો ઉપર તેનો પાયો રચાયો છે તે તપાસવું. મી૦ કરકરીયામાં જો ખરા એલમ અને ફઝીલતનું કંઇ પણ ખમીર હોતે, તો તેઓ મેહરજીરાણાને અપશબ્દો કેહેવાને બદલે આવું કંઇ કરી બતાવતે. હિન્દુ જાદુગરો આગળા વખતમાં કેવા કેવા પ્રયોગો ભજવતા હતા, તે ઘણાક મુસાફરોએ વર્ણવ્યું છે. ચીનાઇ બાજીગરો સુર્ય અને ચંદ્ર બનાવતા હતા એમ ચૌદમા સદીના એક યુરોપીયન પ્રવાસીએ કેહેલું છે. અકબરનાજ છોકરા જાહાંગીરે પોતાના હાથે લખેલાં એક પોતાનાં ચરિત્રની એક આવૃતીમાં બંગાળાના જાદુગરો ખુરશેદ અને માહા બતાવી શકતા હતા એમ ખુલે-ખુલું લખ્યું છે.

ધાતુની થાળી આકાશમાં ફેંકીને અતરંગ લટકાવી રાખવા જેવાજ એક ખેલનું ધ્યાન ઇબન બતુતા નામના એક અરબ લખનારે પોતાની આંખે જોઇને કીધું છે. એ સીવાય બીજા ઘણાક દાખલાઓ મી૦ કરકરીઆમાં જો કંઇ ખરેખર ભંડોળ હતે તો તેમને મળી શકતે અને તે વતી તેઓ પોતાના લુખા અને દમ વગરના રેસાલાને ખરેખરો રસીક બનાવી શકતે. અલબતે એવા લખનારાઓના વચનને કેટલું માન ઘટે છે અને તેઓની સત્તા સામે શું કહેવાઇ શકાય તેથી અમે પુરતા જાણકાર છીએ. એ દાખલાઓ ઉપરથી કંઇ એમ તો ઠરતું જ નથી કે જગતગુરૂએ યા તો મેહેરજીરાણાએ કોઇપણ તરાંહનો મોજેજો બતાવ્યો હતો, પણ એવી સરખામણી ઠાળજીથી ફરીએ તો આપણને જગતગુરૂના ભરમની ચાવી હાથ લાગે છે અને તે ઉપરથી આપણે સમજી શકયે છીયે કે એવો કોઇ બનાવ બન્યો હોય તો તે કેવી તરેહની યુક્તિ યા છળભેદ ઠામે લગાડવાથી બની શકયો હોય.

નાની બાબદોમાં, મી૦ કરકરીઆએ કરેલી અગણીત ભુલચુકો ઉપર હવે અમે ભાર મુકવા માગતા નથી, કારણ કે વાંચનારી આલમની મી૦ કરકરીઆનાં પોકળ જ્ઞાન અને બેહદ ગુમાન વિષે હવે પુરેપુરી ખાત્રી થઇ છે, નહીં તો અમે નેરીઆસંગ ધવલને મેહેરજીરાણાની પાંચસે વરસ અગાઉના એવણે ઠોકી બેસાડયા છે તે ઉપર મુજાહેમત ચલાવતે. ડાકટર મીલ્સના એક ફકરાને એવણની હમેશની લેભાગુ અને બેદરકાર ઢબે વાંચવાથી એ ભૂલ ઉત્પન્ન થઇ છે. કારણકે જરથુશ્ત્રના ગાથાના એ અથંગ અને બેમીસાલ અભ્યાસીએ પોતાના દીબાચામાં એમ કહ્યું છે કે નેરીએાસંગ આજથી આસરે પાંચસે વરસ અગાઉ થઇ ગયા હતા. "આજથી પાંચસે વરસ" ને મેહેરજીરાણાની અગાઉનાં પાંચસે વરસ સાથે મી૦ કરકરીઆએ ભેળી નાખવાથી આ ગથલમથલ થઇ છે. તેવીજ રીતે પારસીઓના કેહેવાતાં અજ્ઞાનપણા વિષે વેસ્તરગાર્ડના દીબાચામાંથી જે ફકરો એવણે ટાંકયો છે, તે તો વેસ્તરગાર્ડે, ઓકીટીલ ડુપેરોંમાંથી લીધો છે, તો પણ મી૦ કરકરીઆ એમજ અડાવે છે કે જાણે વેસ્તરગાર્ડ પોતેજ પોતાના અનુભવ ઉપરથી કહેતો હોય! 'અરદાવીરાફનામું' અને 'દીસપરદ'ની અસલ નકળો હિન્દુસ્તાનમાં ઇ. સ. ૧૫૨૭ ની અગાઉ હતીજ નહી એમ જે તેવણે કહ્યું છે, તે પણ સરીયામ ખોટું છે. એ તો સઘળું રહ્યું, પણ જયારે મી૦ કરકરીઆ કહે છે કે મેહેરજીરાણા ઇ. સ. ૧૫૭૯ ની અગાઉ એક "સાધારણ અધ્યારૂ" અને "મોબેદોના ગાદરીયા ટોળામાં" ના એક હતા અને દીલ્લીથી આવ્યા પછીજ "ફડાકા મારવાને" લીધેજ તેવણને નવસારીની દસ્તુરો આપવામાં આવી હતી, ત્યારે તો તેવણની ખબર લેવીજ ઘટે છે. હવે આટલું તો મુકરર છે કે સંવત ૧૬૨૨ (ઇ. સ. ૧૫૬૬), એટલે કે દીલ્લીથી પછા ફર્યાની તેર વરસ અગાઉ, મેહરજીરાણા નવસારીની અંજુમનના એક આગેવાન અકાબર હતા. આ વાત એક જુનાં કાગલ, જેની નકળ નવસારીનાં કેતાબખાનામાં દસ્તુર જામાસપજી સોરાબજીએ મુકાવલાં બે હાથનાં લખેલાં દફતરોમાં મોજુદ છે અને જેનો અસલ લેખ પણ હસ્તીમાં છે, તે ઉપરથી સિદ્ધ થાય છે. એ પત્રની મતલબ નવસારીની અગયારીમાં થતાં ક્રીયાકામ અને તેને લગતા હેરબદોમાં ચોકસ બંદોબસ્ત અને ચાંપતી દેખરેખ રાખવાની છે અને તે ઉપર નવસારીના ૨૩ હેરબદોએ સહીશાખ કરી છે, તેમાં વળી પાછી પેહેલી સહી માહીઆર વાછા એટલે કે મેહેરજીરાણાએજ (જેએ

સંવત ૧૬૧૯ માં પોતાના કાકા વાછાના પાળક બેટા થયા હતા) કરી છે. એનો અર્થ એટલોજ કે જોકે નવસારીની અંજુમને એક વડો દસ્તુર ખાસ ઠેડાવથી નેમ વાનું પગલું હજી ભર્યું હતું નહી, તો પણ દીલ્લી ગયાની બાર તેર વરસ અગાઉ મેહેરજીરાણા એક જાતનું વડપણ ભોગવતાજ હતા. મેહેરજીરાણાના બાવા રાણા જેસંગ પણ કંઇ સાધારણ મોબેદ તો હતાજ નહી, તેની સાબેતી ઇ. સ. ૧૫૨૭ અને ૧૫૩૫ માં આવેલી રેવાયતોનાં સરનામાં ઉપર તેઓનું નામ પેહેલુંજ હોવા ઉપરથી અમે આપી છે; પણ તે વતરોગે આ એક વધુ મજબુત પુરાવો અમે રજુ કર્યે છીયે, તે એ કે સંવત ૧૫૭૬ (ઇ. સ. ૧૫૨૦) માં નવસારીના મશહુર માણેક ચાંગા અને આસદીન મેહેરવાન અને બીજા આઠ બેહદીનોએ " દીનને ખાતર " રાણા જેસંગને દસ વીંઘા જમીન અને સો તાડનાં ઝાડ બક્ષેશ આપવાનું લખત કરી આપેલું છે. અને તે હમેશ સાલબસાલ પાળવાનો એકરાર કીધો છે. તે ઉપરથી તો નકી સિદ્ધ થાય છે કે રાણા જેસંગ પણ પોતાના વધારે નામવર બેટા માહીઆરની માફક નવસારીના આગેવાન હેરબદ હતા. મેહેરજીરાણાના બપાવા જેસંગ દાદાનું નામ પણ અસપંદીઆર સોહોરાબ અને માણેક ચાંગાના વખતમાં (૧૫૧૧ વાળી નહીં) આવેલી એક રેવાયતમાં મળે છે. રાણા જેસંગ પોતે એક વખત પાંચ પૈસે સુખી હતા. અને તેઓ પાસે ઘણીક જમીનો હતી, તે પણ કેટલાંક જુનાં ખતપત્રો ઉપરથી સાબેત થાય છે. નવસારી કસબાનું ચોધરીપણું એટલે દેશાઇગરૂ પણ એવણ થોડોક વખત ધરાવતા હતા એમ પણ માનવાને કંઇક કારણ છે. વળી નવસારીના મોટાં દેશાઈ ખાનદાનના મૂળ પુરૂષ દેશાઈજી સાહેબ ખુરશેદજી તેહેમુરજીએ પોતાને હાથની લખેલી કેટલીક નોંધોમાં એમ સ્પષ્ટ લખેલું છે કે " દસ્તુર મેહરજીરાણાજીને કસબે નોસારીનું તથા પરગણે પારચોલનું દેસાઇગરૂ અસલથી, ગુજરાતી પાદશાહોથી તથા પાદશાહ અકબરથી, છે તેનાં ફરમાન છે. અને દસ્તુર કેકોબાદજીએ તે દેશાઇગરૂ ચલાવ્યું " વગેરે. આ સઘળા પુરાવાઓ આપણી ખાતરી કરે છે કે નવસારીની અંજુમને સરખી પંકતીની પાંચ પોળનો પોતાનો રેવાજ એક કોરે મુકીને મેહેરજીરાણાને પોતા ઉપર રાજીખુશીથી સર્વોપરી આપી હતી. તે "કડાકા અને લાંબી લાંબી વાતો" ને લીધે નહીં, પણ તેમની બાહોશી અને પરહેજગારી, અને તેમના બાવા અને બપાવાનાં મરતાબાને લીધે હતું. અમારા વાંચનારાઓમાંથી જેઓને કદીમ જમાનાની આવી બારીક વિગતો ધુંડી કાઢવાની ટેવ હોશે, તેઓ તુરત આ દાખલાઓની મોતેબરી સ્વીકારશે. મેહેરજીરાણાવાળા ફરમાની વજીફા અને તેની સનદો બનાવટી હોવા વિષે જે ખોટું ગુલબ્યાન મી૦ કરકરીયાએ ઉભું કીધું છે અને અકબરનાં ફરમાનને બીજી ત્રાંબાંની પતરીઓ સાથે સરખાવીને ખોટી પાડી આપવાની જે ધરપચી ધમકી આપી છે, તે વિષે અમારે એટલુંજ કહેવું છે કે મી૦ કરકરીયા એવો તુરંગ બાંધવાને શાથી લલચાયા તેનાં કેહેવાતાં કારણો જાણવાને અમે અતિ ઘણા આતુર છીયે.



ના૦ ૮૧.

જામે જમશેદ.

(તા૦ ૨૮ મી ઓક્ટોબર સને ૧૮૯૬)

આંકટીલ ડુ પેરોંના આગલા પારસીઓ માટેના કાચો અનુભવ.

જામે જમશેદના અધીપતી જોગ.

સાહેબ,

તમારા ગઇ તા૦ ૧૯ મીના અંકમાં* "આંકટીલ ડુ પેરોં" નાં મથાળાં હેઠળ તમોએ જે આરટીકલ લખી છે, તે વીશે તમારાં માનભરયાં પત્ર મારફતે થોડું ક બોલવાની રજા આપશો.

દારાબ જમાસપ વીલાએતીનો ચેલો હતો, અને પોતાને તથા ઇરાનીઓને ચહડાવવાને અને પોતાનીજ કીમત વધારવા સારૂ પોતાનાજ અને પોતાના ઉસ્તાદનાં વખાણ કરયાં હતાં. દારાબ પાછો પોતે કદમીઓનો વડો હતો, અને તે પંથનો મુખય મદાર ઇરાનીઓની ખબરદારી તથા હીંદુસતાનના પારસીઓનું બેખબરપણું બતાવવા ઉપરજ બંધાયલો હતો. આંકટીલ પોતાના પુસ્તકમાં કહે છે કે, હીંદી જરથોસતીઓમાં તે વખતે ઘણું અજ્ઞાનપણું ફેલાયલું હતું અને તમો તમારી આરટીકલમાં લખો છો કે " જમાસપ વીલાએતી નામનો ઇરાની દસ્તુર સને ૧૭૨૦ માં ઇરાન દેશથી ગુજરાતમાં આવ્યો, તયારે તેને " પણ " એવો મામલો જણાયો હતો." તેને "પણ" કરી લખવાનું કારણ શું ? આંકટીલને જે કાંઇ પારસીઓ વીશે ખબર પડી હતી અને વળી જે કાંઇ લખી ગયો છે, તે તો તેના પોતાના કબુલવા પ્રમાણે ફકત દારાબના કહેવાથીજ હતું, અને નહી કે જમાસપ વીલાએતીએ એને એ વીશે ખબર કરી હતી (જુઓ કાવસજી કાંગાની આંકટીલવાળી ચોપડી પાનું ૨૫).

હવે દારાબ કોણ હતો તે ઘણાખરા જરથોસતીઓમાં જાણીતું છે. દારાબ પોતે પહેલે શહેનશાહી પંથનો હતો અને પોતાના વડા ભાઇ, જેવણ સુરતમાં શેહેરમાંના દસતુર હતા, તેવણના ગુજરવા બાદ, તેના ભત્રીજાની દસતુરીના વખતમાં તેની સાથે કાંઇક ખટપટ થવાથી પોતે તે પંથથી જુદો પડીને ઇરાની રોજ માહા કબુલ કરયો હતો. તમો વળી લખો છો કે "પારસી પ્રકાશમાં જણાવવા મુજબ ઇરાનવાળાઓએ નવસારીવાળાઓને સુચવયું હતું કે અગર બે એરવદો અહીં તમારી તરફથી આવે અને પહેલવી શીખે તો તમને દીનની રાહ બરાબર માલમ પડે." પણ "પારસી પ્રકાશ" માં જે લખયું છે, તે તો ઇ૦ સ૦ ૧૪૭૮ ની વાત છે, અને નહી કે ૧૭૨૦ માં પણ એવોજ મામલો હતો. તમો લખો છો કે "ઇરાનથી વખતે વખત કાબેલ નરો હીંદુસ્તાનમાં આવી હીંદના પારસીઓને કેટલુંક જ્ઞાન આપી ગયા હતા," પણ ઇરાનથી કયા કયા ઇરાનીઓ હીંદુસ્તાન આવીને ધરમ જ્ઞાન આપી ગયા હતા, તેઓનાં નામો જણાવ્યાં હતે તો સારૂ.

રવાએતો સવાલ જવાબો ફકત doubtful points" વીશે છે, એમ આંકટીલ પોતે પણ કહે છે. મુશકેલ અને શક ભરેલા સવાલોના જવાબો ઇરાનથી પુછાવામાં આવતા હતા, તે ઉપરથી કાંઇ એમ સાબેત નથી થતું કે, તે વખતના હીંદુસ્તાનના પારસીઓમાં કાંઇ ધરમ જ્ઞાન હતુંજ નહી. તે લોકો કઇ કઇ બાબદોના અને કેવા બારીક સવાલો પુછતા હતા તે વાંચશો, તો તે વખતના પારસીઓ અભણ હતા કે શીખેલા હતા તે જાણવાને બની આવશે.

* નંબર ૭૭ નો જવાબ છે.

દારાબે પોતે ઈરાનીઓ ઉપર કદમીઓના ઝઘડા વખતે ઈઠોતેર સવાલો (જે હાલ ઈઠોતેર રવાએતને નામે ઓળખાય છે) મોકલયા હતા. તે ઉપરથી શું દારાબ પોતે પણ બેખબર અને અજ્ઞાન હતો એમ કહેવાય કે ?

વયાકરણ પ્રમાણે જંદ અવસતાનું જ્ઞાન શું અરદેશર કેરમાનીને કે જામાસપને કે દારાબને કે આંકટીલને હતું જ નહીં. તેઓ તો પહેલવીજ જાણતા હતા અને પહેલવી ઉપરજ જામાસપનો પણ બધો આધાર હતો. તેઓના વખતમાં જેટલું બધાઓ જાણતા તેટલું તેઓ પણ જાણતા હતા. જામાસપ વીલાએતી હીંદુસ્તાન આવ્યો તેની અગાઉ દસ્તુર પાલન ફરેદુન, દારાબ પાલન વગેરે ઘણા સારી રીતે પહેલવી જાણતા હતા અને જામાસપેજ આવીને બધાઓને પહેલવી શીખવી એમ માની શકાતું નથી, કારણ કે જામાસપ ફકત ૧૧ મહીના હીંદુસ્તાનમાં રહ્યો હતો. તે તા. ૨૬ મી નવેમ્બર ૧૭૨૦ માં હીંદુસ્તાન આવી તા. ૨૩ મી અકટોબર ૧૭૨૧ માં પાછો ઈરાન ગયો હતો. (જુવો "પારસી પ્રકાશ" પાને ૨૩-૨૪). જામાસપે હીંદુસ્તાનના પારસીઓની પેહેલવીમાં ભુલ કહાડી પણ જામાસપના ચેલા દારાબ અને તેના ચેલા આંકટીલે કેટલી ભુલો કરી છે ? સઘળું પોતપોતાનાજ વખત પ્રમાણે જે લેવું અને સમજવું જોઇયે છે. તમો લખો છો કે " એ પહેલાં પુસ્તકમાંથી પારસી તવારીખ તેમજ તેઓની આગલી હાલતનો કેટલોક ખ્યાલ આપવામાં આવ્યો છે. તેથી એ પુસ્તક કોઇ તવારીખ લખનારને, મી૦ કરકરીયા યા એવા ઇતીહાસીક શોધ ખોળના શોખીનોને સારો ખોરાક આપનારૂં થઈ પડે. " પણ આંકટીલે જેથી કાંઇ પારસીઓ વીશે લખેલું છે તેનો ઇંગ્રેજી તરજુમો આપણા જાણીતા એરવદ કાવસજી એદલજી કાંગાએ સને ૧૮૭૬ માં એટલે આજથી વીસ વરસ અગાઉનો કરેલો છે, તેથી મી૦ કરકરીયા જેવાને વાસતે હવે કાંઇ શોધખોળ કરવાનું રહ્યું નથી. તમો જે ફરોખશીની ચોપડી વીશે લખો છો કે જામાસપ વીલાએતી આવ્યો તે અગાઉ હીંદુસ્તાનમાં ફરોખશી જેવું કાંઇ હતું જ નહી, તે પણ ખોટું છે. જામાસપે પોતે એવો દાવો કરેલો છે ખરો, પણ વેસટરગારડ જેવા એક કાબેલ ઉસતાદ તે માનવાને આચકી કરે છે. પણ તે ઉપરાંત સંવત ૧૬૧૦ માહા ખોરદાદ, રોજ રસના, ફાગણ સુદ ૧૧ ને દીને ગુજરાતના બાદશાહ મહમુદશાહની સલતનતની આખેરીમાં એરવદ જાલ કામદીને મીનોખેરદ તેના ગુજરાતી તરજુમા સાથે અને ચાર યશતો લખી છે તે મધે ફરવરદીન યશત યાને ફરોખશી લખી છે. તેવીજ રીતે સુરતમાં જમશેદ કેકોબાદ જમશેદે યઝદેજરદી ૧૦૭૮ (ઇ૦ સ૦ ૧૭૦૯) માં એટલે કે જામાસપ વીલાએતીના આવવાની ૧૧ વરસ અગાઉ એક તમામ ખોરદેહ અવસતા લખી છે તેમાં પણ ફરોખશી આવી છે. તેવીજ રીતે એક ખોરદેહ અવસતા જે દારાબ હરમજદયારના બાપે લખેલી છે, તેમાં પણ ફરોખશી છે. દારાબ હરમજદયારે પોતાની રવાએત ૧૦૫૪ યઝદેજરદી (ઇ. સ. ૧૬૮૫) માં લખી હતી એટલે એવણના બાવા તે આગમજ અને તેથી જામાસપ વીલાએતી આવવાની ઘણા વરસ પુરવે થઇ ગયલા પુરવાર થાય છે.

હું છું, તમારો સેવક,

માણેકજી રૂસ્તમજી ઉનવાળા.

હોરનબી રોડ, તા. ૨૭ મી અકટોબર.

ના૦ ૮૨.

મુંબઇ સમાચાર.

(તા. ૨૯ મી ઓક્ટોબર સને ૧૮૯૬.)

મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ શહેનશાહ અકબરને પારસી ધરમમાં વટલાવ્યો હતો એવી ચાલતી આવેલી કથા વીષે ભગરયા દસ્તુરો ખુલાસો કરવાને વધારે શકતીવાન છે એમ સામાન્ય રીતે માનવામાં આવે છે ત્યારે તેઓ કાં નહીં પોતાની પાસેનો ખુલાસો બહાર મેલતા ?

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,

મરહુમ દસ્તુર પહેલા મેહેરજી રાણા શહેનશાહ અકબરની દરબારમાં ગયા હતા, અને ત્યાં તેઓએ મોજેજો કરી બતાવી જરથોસ્તી ધરમમાં શહેનશાહને વટલાવ્યો હતો, એવો કથાનો કાંઇ પણ પાયો છે કે નહી તે વીષે ખુલાસો કરવાને આપણા હાલના કાબેલ દસ્તુર સાહેબો વધારે શકતીવાન છે, એવા તમારા ચરચાપત્રી મી૦ મા. કા. પા. ના વીચારને હું પસંદ કરૂં છું. એ વીચાર મારા મનમાં કેટલાક વખતનો ઘોળાયા કરતો હતો, અને તે વીશે હું લખવા માંગતો હતો, તેટલાં તમારા આ ચરચાપત્રી બહાર પડયા હતા. દસ્તુર સાહેબો સાથના મારા વધતા ઓછા સંબંધ ઉપરથી તથા બીજી રીતે હું ખાતરી ધરાવું છું કે દસ્તુર મેહેરજી રાણા વીશે તેઓ જે ખબરો ધરાવે છે તે બાહાર મેલવાની મેહેરબાની તેઓ કરશે તો તેથી આસપાસ કાંઇ પણ શક રહે નહી એવું અજવાળું પડશે. તમારા ચરચાપત્રીએ એ બાબતમાં ખુલાસો કરવા આવવાને જે ચાર દસ્તુર સાહેબોને નોતરૂં દીધું છે તેઓમાં એકનો વધારો કરવાની રજા હું માગું છું. બાહારકોટની કપાવાળાની દરમેહેરના દસ્તુર સાહેબ જમશેદજી સોરાબજી કુકાજીએ મરહુમ દસ્તુર મેહેરજીરાણાના ઇતીહાસનો ખાસ અભયાસ કરેલો કહેવાય છે, અને હું ભુલતો નહી હોઉં તો કેટલાંક વરસોની વાતપર તેવહો પોતાનો તે અભયાસ પારસી કોમની માહીતી માટે લખાણ મારફતે બાહાર પણ મેલયો હતો. આ પાંચે દસ્તુર સાહેબોને ખુલાસો કરવા માટે બાહાર આવવાનું નોતરૂં દેવાની ઇચ્છા તકરારમાં ઉતરેલા બને બાજુના સામાન્ય રીતે ધરાવતા દેખાય છે. તવારીખના નામીચા અભયાસી મી૦ રૂ૦ પે૦ કરકરયાએ દસ્તુર મેહેરજી રાણાનાં નામ સાથે જોડાયલી કથાને લગતો સવાલ તપાસ માટે હાથ ધરયો તે પછી તેમની સામે નીકળેલા એક ભગરયા મોબેદ સાહેબે બળાપો કરેલો મને યાદ છે કે, મી. કરકરયા એક ભગરયા નથી. મી. કરકરયાની વીરૂધવાળા તે મોબેદ સાહેબ એમ માનતા લાગા હતા કે ભગરયાઓ એ સવાલ વીષે વધારે સારૂં અજવાળું નાખી શકે. જોકે એ વીચાર સાથે હું મળતો થઇ શકતો નથી, તોપણ જ્યારે તેવણ ભગરયાઓનેજ શાહેદ તરીકે બાહાર પડતા જોવા માગે છે તયારે જે ચાર દસ્તુર સાહેબોના નામ તમારા ચરચાપત્રીએ સુચવયાં છે, તથા જે એકનું નામ મેં સુચવયું છે તેઓ કરતાં વધારે લાયક સાહેદો એ બાબતમાં મેળવવા મુશકેલ છે. દસ્તુર સાહેબો જામાસપજી મીનોચેરજી જામાસ્પ આસાના અને જમશેદજી સોરાબજી કુકાજી તો ભગરયા મોબેદોના આગેવાનો છે; અને તેઓ બંને સાથે મળીને ભગરયાઓ માટેનાં નવાં આતશબેહેરામ પરથવા વગેરેનાં કામમાં સઘળી તસદી લેતા આવયા છે. બીજા હાથ પર તેઓ બંને નવસારીના દસ્તુર સાહેબ દારાબજી માહીઆરજી મેહેરજીરાણાને પોતાના વડીલ ગણે છે તથા તેમના હાથ હેઠળ

કામ કરવામાં માન સમજે છે. દસ્તુર સાહેબ હોસંગજી અને દસ્તુર સાહેબ પેશોતનજી પણ ભગરયાજ છે, અને દસ્તુર સાહેબ દારાબજી તો દસ્તુર સાહેબ મેહેરજી રાણાના ગાદીવારેસજ છે. એમ હોવાથી એ પાંચે દસ્તુર સાહેબો મરહુમ દસ્તુર માટે જે ખુલાસો કરે તે સામે મી૦ કરકરયાની વીરૂધકળા જેઓ મી૦ કરકરયા ભગરયા નથી તેટલા માટે તેમની તકરાર સામે અવીશ્વાસથી જોય છે તેઓને શક લાવવાનું કારણ રહેશે નહી. દસ્તુરજીઓને ખુલાસો કરવા માટે ભગરયાઓ તરફથી અરજ કરવામાં આવ્યા છતાં તેઓ ચુપ બેઠા છે તે અજાએબી ઉતપંન કરનારી બીના છે. મરહુમ મેહેરજી રાણાના નામ સાથે તેઓએ જે મોજેજ્ઞ કરેલો હોવાની કથા ચાલે છે તેને ખાતર મને તેમની ચુપકીદીથી અજાએબી લાગે છે એમ નથી. તે મોજેજાની વાત તો હું માનતોજ નથી. તે હસી કહાડવા જેવી છે. તે વાત તો મી૦ કરકરયાની વીરૂધ તકરાર ચલાવનારાઓ પણ કબુલ રાખી ચુકા છે. પણ દસ્તુર સાહેબોની ચુપકીદીથી જે બીના શક ઉતપંન કરાવનારી થઇ પડી છે તે એ છે કે મરહુમ દસ્તુર અકબરની દરબારમાં ગયા હતા અને તેઓએ જરથોસ્તી ધરમની ફીલસુફી સમજાવી હતી તેથી અકબર જરથોસ્તી ધરમમાં વટલયો હતો, એવી જે કથા ચાલે છે તે પણ ખરી છે કે નહીં. તે સવાલ અગતનો છે, અને તેનો ખુલાસો વધારે સારી રીતે કરવાને ઉપર જણાવેલા દસ્તુર સાહેબો શકતીવાન છે અને તે કરવાને તેઓ બંધાયલા પણ છે.

તા૦ ૨૬ મી અકટોબર.

લા૦ કાવસજી પાલનજી બાપુજી.

ના૦ ૮૩.

મુંબઇ સમાચાર

(તા૦ ૩૦ મી આકટોબર સને ૧૮૯૬)

મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ શેહેનશાહ અકબરને વટલાવ્યો હતો એવી ચાલતી આવેલી કથાને લગતી તકરારે પકડેલું અંગત મારામારીના જેવું રૂપ-પારસીઓએ પોતાની આબરૂને ખાતર પોતાને લગતી કથાઓ કેવી રીતે તપાસવી જોઇએ ?

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,

પેહેલા દસ્તુર મેહેરજીરાણા વીષે ચાલતી કથાની તપાસને લગતું કામ શરૂ કરવામાં આવતાં, તે વીષે જે સારી આશા બાંધવામાં આવી હતી તે કમનસીબે ખોટી પડી છે. તકરારની શરૂઆત નામીચા કારલાઇલનું પુસ્તક એડીટ કરનાર જાણીતા વીદવાન મી૦ રૂ. પે. કરકરયાએ રાયલ એશયાટીક સોસાયટી જેવી નામીચી મંડળી આગળ એક ભાષણ મારફતે કરી હતી, અને તેમાં જે વીદવતા તેઓએ બતાવી હતી તે માટે તેઓને તેજ પ્રસંગે સભાના પ્રમુખ ડાકટર મેકડાનલડે તેમજ ડાકટર પોલને મુબારકબાદી ઇચછી હતી. પણ તે પછી માઠાં ભાગ્યે તકરારમાં સામેલ થયલા કેટલાક લખનારાઓ તકરાર ચલાવવાની રૂઢીથી માહીતગાર નહી હોવાથી કે બીજાં કારણોથી તકરારે અંગત મારામારી જેવું રૂપ પકડયું છે, અને મુળ સવાલને પડતો મેલી બાજુ બાજુથી ભલતા સવાલો ઉચકી લઇને તાસુખી સાથે તકરાર ચલાવવા તથા હુમલા કરવામાં આવે છે. મરહુમ દસ્તુર સાહેબ મેહેરજી રાણાએ ચમતકારો કરી બતાવવાની જે કથા ચાલે છે તે કોઇએ

ખોટી ઉભી કરેલી છે, એમ બતાવવામાં મી૦ કરકરયાએ પારસી કોમની અને અકસર કરીને તે દસ્તુર સાહેબની સેવા બજાવી છે. વીસ્યા હુનરમાં આગળ વધેલા આજના જમાનામાં ચમતકારો અને જાદુમંત્રની વાત ટકી શકતી નથી, અને તેવો દાવો કરનારાં સ્ત્રી પુરૂષો આજની વીસ્યાની મદદથી ઘણી વધારે સીફતથી કામ કરવા છતાં ટુક વખતમાં ઉઘાડાં પડી ફજેત થવાના બનાવ છેલા દાહેકામાં થોડા બનયા નથી. ઘણી બારીકીથી અને ખંત સાથે તપાસ ચલાવનારા આજના જમાનામાં પારસીઓ તારે દેખીતી અસંભવીત અને ખોટી વાતો પોતાના ધરમ અને ધરમગુરૂઓના સંબંધમાં ચાલવા દે અથવા ચાલવા દેવાની હઠ લે, તો તેથી તેઓ પોતાને અને સાથે પોતાના ધરમને માટે આસપાસ કેવો ઉતરતો વીચાર ફેલાવે? પારસીઓની ફરજ પોતાની આબરૂને ખાતર તો એવી છે કે તેમના ઇતીહાસ અથવા તેમના ધરમના સંબંધમાં જેથી કલપીત અથવા હસવા જેવી વાતો ચાલતી હોય તે તેઓએ પોતેજ તપાસીને જેટલે દરજજે ખોટી દેખાય તેટલે દરજજે ખોટી ઠરાવી તેને રદ કરવી. તેથીજ તેઓ પોતાની આબરૂ જાળવી તથા વધારી શકશે. ખોટી વાતોને આધારે મેળવેલી આબરૂ કદી ટકી શકવાની નથી. તે બીના ધયાનમાં રાખીને મરહુમ દસ્તુરના ઇતીહાસની તપાસ કરવામાં આવે, અને તેમાં જેમ કોઇનું દીલ નહીં દુખાય તેની સંભાળ લેવામાં આવે, તેમ કોઇને છાપરે ચહડાવવાની અથવા રાજી કરવાની નેમથી વાતો નહીં કરવામાં આવે, એમ થયલું જોવાને હું તેમજ મારા ઘણા સાથીઓ ચાહે છે.

લા૦ સેવક,

દા૦ પે૦ બેંકર.

મુંબઇ તા૦ ૨૬ મી અકટોબર.

ના૦ ૮૪.

કયસરે હિન્દ.

(તા૦ ૧ લી નવેમ્બર સને ૧૮૯૬.)

વંદીદાદ અને ફરેાખશી વગર રહેલા કહેવાતા પારસીઓ.

ANQUETIL DUPERRON AND THE PARSEES.

અકટોબર માસના "કલકતા રીવ્યુ"માં આંકીટીલ ડુપેરોં નામનો જે ફ્રેંચ વિદ્વાન, ઇ. સ. ૧૭૫૫ નાં આગસ્ટ મહીનામાં જરથોસ્તી ધર્મ પુસ્તકો અને તેમની ભાષાનો અભ્યાસ કરવા સારૂ ઘણીક રંજ અને જોહેમત ખેંચીને હિન્દુસ્તાન આવ્યો હતો તેની જીંદગીનું વૃત્તાંત મી૦ બેવરીડજે આપ્યું છે. શરૂઆતમાંજ મી૦ બેવરીડજ જણાવે છે કે ઝંદ અવસ્તા વિષે વિવેચન કરવા જેટલું બારીક જ્ઞાન તેનામાં નહીં હોવાથી અને તે બાબદ ઉપર બીજા કાબેલ એાલમાએાએ વધારે મહત્વવાળાં લખાણો કીધેલાં હોવાથી તે પોતે તો આંકીટીલના પ્રવાસનુંજ વર્ણન, તેના જન્મ ચરિત્રનાં કેટલાક રમણીય બનાવોનુંજ ધ્યાન અને અવસ્તા સિવાય થોડાએાનીજ જાણમાં આવેલાં તેનાં બીજા એક બે પુસ્તકોની ખબર લઈને સંતોષ પકડશે. મી૦ બેવરીડજની આ આરટીકલના એાઠાં હેઠળ વળી પાછો પારસીઓના પુર્વજો ઉપર એક નાલાયક હુમલો કરવામાં આવ્યો છે† "ખુણે પડેલા નવસારી કસબામાં" આગળા વખતમાં પણ સરકશી અને ફીતનેઅંગેજીને માટે જાણીતા થયલા એક ટોળાનો જે નબીરો આજે ત્રણ માસ થયાં કેમ પણ કરીને અને કોઇપણ ખુણે ખંટોલે પડેલી અને ખરા એાલમાએાનો એતબાર ખોઇ બેઠેલી કેતાબોને આધારે આપણા નીઆગાનોની નાલેસી કરવાનો ધંધોજ લઈ બેઠો છે, તેણેજ વળી પાછો આ ભડકો

† જુઓ નંબર ૧૫ અને ૭૭.

સળગાવ્યો છે. સોળમી સદીના પારસીઓ દુરવંદો કરતાં પણ નબેતર, નસાના ખાનારા અને દુખમા કરતાં પણ નાપાક ઘરોમાં રહેનારા હતા એવા એવા તડાકા તો જ્યારે હવામાંજ ઉરાડી દેવામાં આવ્યા, ત્યારે હવે અઢારમી સદી પકડીને તે અઇઆમના પારસીઓ પણ ઘણાજ અભણ હતા, અને તેઓના દસ્તુરો વટીક જમાસ્પ વિલાયતીના ઇ. સ. ૧૭૨૦ માં આવ્યા અગાઉ પોતાના ધર્મ વિષે કંઇ પણ જ્ઞાન ધરાવતા હતાજ નહીં, અને ઇ. સ. ૧૭૨૦ સુધી ફરોખશી શું તે પણ જાણતા હતાજ નહીં, અને વળી પંદરમી સદી સુધી તેઓ પાસે વંદીદાદ જેવી મોતેબર કેતાબ પણ હતીજ નહીં, અને એવાંજ બીજાં ભલતાં તોહોમતો ઠલકતા રીવાયુવાળા રેસાલાનો એનતેખાબ આપવાને બાહાને અડાવી દીધામાં આવ્યાં છે; જોકે અમે આગળ કહ્યું તે પ્રમાણે મી૦ બેવરીડજે તો એ લખાણુમાં જમાસ્પ યા ફરોખશી યા પંદરમી સદીમાંજ મળેલી કેહેવાતી વંદીદાદ યા પારસીઓના અજ્ઞાનપણાં વિષે એક હર્ફ પણ ઓચરયો નથી. આ જાતનાં કાચાં અને વગર વિચારનાં લખાણોને જાહેરમાં મેળવાની જોગવાઈ કરી આપવી એ દીનચુસ્ત અને અસલી એતેકાદ ઉપર આસ્થા રાખનારા સાહેબોને મનસે બહુ તાજુબીની બીના લેખાવી જોઇયે અને તોય તેવા વિચાર માટે જાણીતાં થયલાં ઠેકાણાથીજ તેવાં લખાણને ઉકમાઇથી જગ્યા આપવામાં આવે એબી ફેરવાયલા મામલાના ઢંગ સમજવા. એટલું તો ખુશી થવા જોગ છે કે પારસીઓમાં હજી પણ કેટલાક અભ્યાસીઓ મળી આવે છે જેઓ આવાં લખાણોના પેચે પેચ ખોલીને તેના સઘળા વાંસે વાંસા ભાંગી શકે છે. આ વખત પણ મુંબઇ "ગઝેટ" નાજ એક ચર્ચાપત્રીએ તેમ કરી દેખાડયું છે† અને પારસીઓના નીઆગાનોની કીર્તિને નાહક ઝાંખ લગાડવાની આ સઘળી કોશેશોને ઉંધી વાળવામાં "ગેઝેટે" જે મદદ આપી છે તેને માટે પારસીઓ તેના ખચ્ચીત આભારી થયા છે. ગેઝટના ગઇ કાલના અને પરમ દીનનાં બે અંકોમાં આવેલાં કાગળોનો સાર હવે અમે અમારા હમદીન ભાઇઓ આગળ રજુ કરીશું અને તેમાનાં ત્રણ મૂખ્ય મુદ્દાઓજ લઇશું. પેહેલાં તો આંકીટીલને આધારે એમ કહેવામાં આવ્યું હતું કે જમાસ્પ વિલાયતી હિન્દુસ્તાન આવ્યો તે અગાઉ અહીયાં પહેલવીનું જ્ઞાન હતુંજ નહીં અને તેણે તે ઉપરથી સુરતવાળા દસ્તુર દારાબ, નવસારીવાળા દસ્તુર જમાસ્પ આસા અને ભરૂચના દસ્તુર કામદીનને પેહેલવી શીખવી ત્યારેજ થોડો ઘણો પેહેલવીનો એલમ પારસીઓમાં આવ્યો અને જમાસ્પના પધારવાથીજ કરીને તેનો ચેલો દારાબ આંકીટીલને ઇ. સ. ૧૭૫૫ -૧૭૬૦ પેહેલવી શીખવી શકયો, એટલે કે જમાસ્પ જો અહીંયાં અગીયાર મહીના રહી નહીં ગયો હતે તો બીચારા આંકીટીલને પણ કાંઇબી એલમ હાંસેલ કર્યા વગર પાછું સીધારવું પડતે. એની સાબેતી તરીકે એમ કહેવામાં આવે છે કે જેમ્સ ફ્રેસર નામનો એક ઇંગ્રેજ આંકટીલની અગાઉ સુરત આવ્યો હતો અને ઝંદ પેહેલવી શીખવાની ઘણીક પ્રયત્ન કીધી હતી પણ તે તેમાં નિષ્ફળ થયો હતો અને યજશને, રવાએત અને બીજી કંઇક ચોપડીઓ ખરીદીનેજ તેને પાછું ફરવું પડયું હતું. હવે ફ્રેસરનો ફેરો ફોકટ ગયો તેનું કારણ "ટાઇમ્સ" વાળો આપણો નમુનેદાર નુકેતેચીન એમ સમજાવે છે કે તે જમાસ્પની અગાઉ આવેલો અને તે વખતે તો દસ્તુરો પોતે કાંઇ શીખેલા નહી અને જમાસ્પે તેઓનાં અંધારાને ઉજરડાંમાં ફેરવી નાખેલું નહી એટલે પછી તેઓએ ફ્રેસર આગળ જરથોસ્તી ધર્મના ભેદો જુદીનોને શીખવવા વિષે પ્રતીબંધ હોવાનું

† જુઓ નંબર ૧૬. ૧૭.

બાહાનું કાહાડયું અને ડાહાપણ ખરચીને પોતાનુ અજ્ઞાનપણું છુપાવી રાખયું. હવે આ સઘળી તર્કનો રદીઓ ઘણોજ સેહેલો છે અને તે એ કે ક્રેસર જામાસપની અગાઉ નહી પણ ઘણા વરસ પછી આવ્યો હતો, તેણે પણ દારાબ પાસેજ શીખવા માંગ્યું હતું અને દારાબના પોતાનાજ કેહેવા પ્રમાણે પૈસા પણ આપવા માંગયા હતા, પણ તે વખતે દારાબે ના પાડી હતી. આટલું તો સીદ્ધ થાય છે કે જયારે ક્રેસર આવ્યો ત્યારે આપણા નુકતેચીનના કેહેવા પ્રમાણેજ દસ્તુરો અને ખસુસ કરીને દારાબ પોતે જામાસપની બરકતથી કાબેલ થઇ ગયલા હતા. યજશનેની જે કેતાબ ક્રેસરે સુરતથી વેચાતી લીધી હતી, તે હજુર બ્રીટીશ મયુઝીઅમમાં મોજુદ છે અને તે ઉપરથી જણાય છે કે તે ઇ. સ. ૧૭૩૫-૩૬ માં લખાયલી હતી એટલે જામાસ્પ આવ્યાની ઓછામાં ઓછાં પંદર વરસ પછીજ ક્રેસર આવેલો હોવો જોઇયે. ક્રેસર મુંબઇની કાઉનસીલનો એક મેમબર હતો અને ઝંદ પેહેલવી શીખવાને જે યત્નો તેણે કીધી તે ઇ. સ. ૧૭૪૨ પછી હતી એમ માનવાને ત્યારે કારણો છે. હવે ક્રેસર જામાસ્પ પછી વીસ વરસે અવ્યો હતો ત્યારે તો તેની નિષફળતા દસ્તુરોના અજ્ઞાનપણાને લીધે નહી પણ જુદ્દીનો ઉપર તેઓને વિશ્વાસ નહીં આવવાને લીધેજ હોવી જોઇયે. હાઉગે ખુલ્લે ખુલ્લું કહયું છે કે, દસ્તુરોએ પહેલાં તો આંકીટીલ ઉપર પણ બીલકુલ વિશ્વાસ મુકયો હતો નહીં અને તેને ઝંદ પુસ્તકો વેચવા યાતો તે પુસ્તકોની ભાષા શીખવવાનું પેહેલાં તો નાજ કહયું હતું. આંકીટીલની ખંત અને તેના પૈસા આગળ પાછળથી તેઓ માહાત થયા હતા તેથી કાંઇ એમ ઠરતું નથી કે ક્રેસરને ના કહેવાનું કારણ પોતાની કેહેવાતી નાકાબેલીયતને લીધેજ હતું.

પણ આ કરતાં પણ વધારે ચોંકાવનારો ઓરંગો મારવામાં આવ્યો છે. અને તે એમ કે પારસીઓ પાસે ઇ. સ. ૧૭૨૦ માં જામાસ્પ આવ્યો તે અગાઉ ફરોખશી એટલે ફરવરદીન યશતનું ભણતર હતુંજ નહીં. આ ઉપરથી એ લખનારની મતલબ શું તે સહેલથી સમજી શકાય છે. તે એટલીજ કે ફરોખશી વગરની તે વખતની રૂવાનોની નબયતે કીધેલી ક્રિયાઓ અધુરી, નારવા અને નકામી હોવી જોઇએ. આ કંઇ જેવી તેવી બાબત નથી અને તે વિષે કંઇ પણ લખવા અગાઉ ઘણીજ કાળજી અને ખાત્રી ભરેલી શોધ ખોળ થવી જોઇતી હતી. પણ તેવું કંઇ પણ કીધા વગર જામાસ્પે પોતે જે દાવો કીધો છે અને જામાસ્પના શાગેરદ દારાબે આંકીટીલને પણ એમજ સમજાવ્યું હતું તેથી એ સઘળી વાત માની લઇને આપણાં નુકતેચીન તો એમજ લઇ પડયા કે પારસીઓ ઘણાજ અજ્ઞાન અને અધર્મિ હતા. ફરવરદીન યશત વિષેનો જામાસ્પનો દાવો હમણાના આપણા જ્ઞાન આગળ એક ઘડીભાર પણ ટકી શકે એવો નથી. છેક ૧૮૫૪ માં વેસ્ટરગાર્ડે પોતાના પુસ્તકના દીબાચાના પંદરમાં પાનાની એક નોટમાં એ વિષે વિવેચન કર્યું છે અને તે ઉપરથી જણાય છે કે તે વખતે પણ જામાસ્પે કહેલી વાત માનવાને વેસ્ટરગાર્ડે આંચકી કરી હતી, કારણકે તેને માલમ પડયું હતું કે ફરવરદીન યશતની હિન્દુસ્તાનમાં મળી આવતી હાથની નકલોમાંનાં ઘણાંક વાચણો જામાસ્પવાળી નકલથી તદન જુદાં હતાં અને તે ઉપરથી તેણે અનુમાન કાહાડયું હતું કે, હિન્દુસ્તાનમાંજ લખાયલી ફરવરદીન યશતની એક અસલ નકલ હોવી જોઇએ; જે ઉપરથી બીજી સઘળી નકલો ઉતરેલી હોય. વેસ્ટરગાર્ડનું એ અનુમાન તદન બરૂ પડયું છે. ડાકટર ગેલડનરે કાહાડેલાં અવસ્તા ભાષાનાં મશહુર પૂસ્તકોના છેલ્લા ભાગ,

જે હમણાજ મુંબઈમાં આવી પોહોંચ્યા છે, તે ઉપરથી સિદ્ધ થાય છે કે ફરવરદીન યશ્ત ઇયાને ફરોખશી જામાસ્પના આવવાની ૧૨૯ વરસ અગાઉ હિંદુસ્તાનમાં જણાયલી હતી. એ યસ્ત છાપવા અગાઉ ગેલડનરે સોલ નકલો તપાસી હતી, તેમાંની ત્રણ ઘણી જુની તેમજ જાણવા લાયક છે. તેમાંની પહેલી પોથી નવસારીવાળા પેલા " ખબરદાર અને પહેલા દસ્તુર " આસદીન કાકાએ ઇ. સ. ૧૫૯૧ માં લખી હતી, તેમાં બીજાં ભણતરો સાથે ફરવરદીન યશત પણ છે. બીજી પણ ઘણી જુની છે, અને તે એક વખતે મરહુમ દસ્તુર એદલજી દારાબજી સંજાણાનાં કેતાબખાનામાં હતી, તે પણ હિન્દુસ્તાનમાંજ સતરમી સદીમાં લખાઇ હતી અને તેમાં પણ ફરોખશી મળી આવે છે. વળી આપણા જાણીતા દસ્તુર પેશુતનજી પાસે પણ એક ખોરદેહ અવસ્તા છે, જે ઇ. સ. ૧૬૨૫ માં સુરત બંદરે હોરમજદીઆર રામીઆરના એક વંશજ દારાએ લખી હતી. તેમા પણ ફરવરદીન યશત છે. તે સીવાય હેરબદ માણેકજી રૂસ્તમજી ઉનવાલા પાસે એક જુની પોથી છે, જેમાં આવાં, મેહેર, ફરવરદીન અને ઝમયાદ યશતો મળી આવે છે, અને તે પોથી ઇ. સ. ૧૫૫૪ માં દમણમાં જાલ કામદીને લખેલી છે એટલે કે જામાસ્પના આવવાની ૧૬૬ વરસ અગાઉ તો " ફરોખશી " હિન્દુસ્તાનની કેતાબોમાં મળી આવે છે. ઇ. સ. ૧૭૦૯ માં નકલ થયલી એક ખોરદેહ અવસ્તામાં પણ ફરવરદીન યશત મળે છે, જે કેતાબ પણ ભાભાની અગીયારીવાળા જુની કેતાબોના એજ શોખીન હેરબદની માલેકીની છે. આ ઉપરથી હવે કાંઇજ શક રહ્યો નથી કે જામાસ્પે કેહેલી વાત ખોટી છે. અને તે ઉપરથી કાઢેલાં પારસીઓની બેખબરી વિષેનાં સઘળાં અનુમાનો જમીનદોસ્ત થઇ જાય છે.

એજ કીસમની ત્રીજી બીના એ છે કે દારાબે આંકીટીલને કહ્યું હતું કે ઇરાનથી નાસી આવ્યા તે વેળાએ લાવેલી વંદીદાદ ચૈદમી સદીમાં પારસીઓએ ગુમાવી દીધી હતી અને તેઓને પંદરમી સદી સુધી પાછી મળી હતી નહીં અને વંદીદાદ વગર રહેવું પડયું હતું, જ્યારે સીસ્તાનથી અરદેશર નામનો એક દસ્તુર હિન્દુસ્તાન આવ્યો હતો, અને તેણે પેહેલવી તરજુમા સાથની એક વંદીદાદ તેઓને પુરી પાડી હતી, જે ઉપરથી બીજી બે નકલો લખવામાં આવી હતી અને આ બે નકલો હિન્દુસ્તાનની સઘળી વંદીદાદોની અસલ લેખાય છે. હવે આ વાતમાં બીજી ઘણી એક વાતો માફક સચાઇનો થોડોક અંશ છે ખરો, અને તે એટલેજ કે હિન્દુસ્તાનની સઘળી વંદીદાદો બે જુની નકલો ઉપરથી ઉતરેલી છે. પણ તે સિવાય બીજું બધું તદન ખોટું છે, અને તે ઘણું કરીને દારાબે એક ચોકસ ફકરો ખોટી રીતે સમજવાને લીધે છે, એમ સાબેત થઇ ચુકુ છે. ખરી બીના તો એમ છે કે ઇ. સ. ૧૧૮૪ માં અરદેશર નામના એક ઇરાનીએ વંદીદાદની એક નકલ યઝદ (સીસતાન) માં લીધી હતી. ત્યાર પછી માહીયાર નામનો એક હેરબદ, જે હિન્દુસ્તાનથી ઇરાન ગયો હતો અને છ વરસ સુધી સીસતાનમાં રહ્યો હતો, તે પાછો ફરતી વખતે પોતાની સાથે અરદેશરવાળી વંદીદાદની એક નકલ લેતો આવ્યો હતો. માહીયારની એ નકલ ઉપરથી ઇ. સ. ૧૨૭૦ ને આસરે રૂસ્તમ મેહેરબાને ઉતારો કીધો હતો. રૂસ્તમ મહેરબાનવાળી ચોપડી ઉપરથી ઇ. સ. ૧૩૨૩-૪ માં બે વંદીદાદો લખાઇ હતી, જે બેઉ હાલ મોજુદ છે. આ સઘળાનો અર્થ એટલોજ કે અરદેશરવાળી જે નકલ વીષે દસ્તુર દારાબ બોલ્યો હતો કે તે પંદરમી સદીમાં આવી હતી તે ખરેખર તો છેક બારમી સદીમાં લખાઈ હતી અને દારાબે ગેલડ-

નર કેહે છે તેમ તારીખના બાબમાં બહુજ મોટી થાપ ખાધા હતી. પંદરમી સદીવેર પારસીઓને હાથ નહી લાગેલી વંદીદાદ વીષેની વાત પણ ખોટી છે કારણ કે આપણે જોયું કે, ચૌદમી સદીમાં કરેલી બે નકલો તો હજી પણ હસ્તીમાં છે. હવે જો ચૌદમી સદીવાળી બે નકલો હાલ પણ બચી રહેલી હોય તો પછી કેમ કહેવાઈ શકાય કે તેજ સદીમાં પારસીઓની એક પુરી વંદીદાદ ગુમ થઇ ગઇ હતી? અહીંયાં અમે હવે ખતમ કરીશું અને પારસી વાંચનારાઓને ભલામણ કરીશું કે એવી બાબતોમાં ખબરદાર અને વિશ્વાસુ અભ્યાસીઓ પાસેજ કાળજીથી તલાસ કરાવ્યા વગર પોતાના વડવાઓ વિષેના કોઈપણ ખોટા ગુલબાનો ઉપર સહેજ પણ ઇતબાર રાખવો નહીં.

ના૦ ૮૫.

મુંબઇ સમાચાર.

(તા. ૫ મી નવેમ્બર સને ૧૮૯૬)

દસતુર મેહેરજી રાણાના નામ સાથે ચાલતી આવેલી કથા નાપાયાદાર છે એવી મી૦ ખ૦ રૂ૦ કામાએ ચાર વરસની વાત પર કરેલી જણાવવામાં આવતી ખાતરી. પોતાનો અનુભવ બાહાર મેલવાને તેમને કરવામાં આવતી સુચના.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,–ચીકાગો ખાતે ચાર વરસની વાતપર જુદા જુદા ધરમવાળાઓના પ્રતીનીધીઓની જે પારલામેંટ ભરવામાં આવી હતી, તેમાં પારસીઓ તરફથી એરવદ જીવનજી જમશેદજી મોદીએ જવાની ઇચ્છા બતાવી હતી, અને મી૦ ખ૦ રૂ૦ કામાએ તેમને ત્યાં મોકલવાની ગોઠવણ કરવા માટે આગેવાની લીધી હતી. પારસીઓને તે કારણસર સમજાવવા અને જોઇતો ખરચ ભેગો કરવા તેટલા માટે તેમના તરફથી એવો દાખલો આપવામાં આવ્યો હતો કે જેમ મરહુમ દસ્તુર મેહેરજી રાણા દીલ્લી ગયા હતા અને ત્યાં આપણા ધરમ વીશે અજવાળું પાડી આવ્યા હતા,† તેમ એરવદ જીવનજીને પણ ચીકાગો મોકલવા કે તેઓ પણ અમેરીકનો આગળ જરથોશતી ધરમ વીષે અજવાળું પાડી આવે. મરહુમ દસ્તુરે જેમ શેહેનશાહ અકબરને વટલાવ્યો હતો તથા બે સુરજનો એક સુરજ કરી બતાવ્યો હતો, તેમ એરવદ જીવનજી પણ કરશે એવી આશા તો તેઓએ અલબતે રાખેલીજ નહી હતી. પણ દસ્તુર મેહેરજી રાણાનો દાખલો બહાર મેલવામાં આવતાં, તમારા પત્રમાં કેટલાક ચરચાપત્રીઓએ તવારીખની શહાદતથી તથા બીજા દાખલા દલીલોથી જ્યારે દેખાડી આપયું કે મરહુમ દસ્તુર દીલ્લી ગયાજ નહી હતા, ત્યારે બીજાઓની માફક મી૦ ખ૦ રૂ૦ કામાને પણ મરહુમને લગતી ચાલતી આવેલી કથા વીશે શક પડી ગયો હતો, અને તેથી મારા સાંભળવા પ્રમાણે તે વીષે ખાતરી મેળવવાનો ઇરાદો તેઓએ રાખ્યો હતો. અને તેવી ખાતરી નવસારીના વડા દસ્તુર દારાબજી માહીઆરજીને ત્યાંથી દસ્તાવેજો વગેરે મારફતે મેળવી શકાશે, એમ તેઓ માનવા લાગેલા જણાયા હતા. તે પછી તેઓ જ્યારે પરીક્ષાના કામ માટે નવસારી ગયા ત્યારે ત્યાં તેઓએ પુછપરછ કરી હતી તથા દસ્તાવેજો વગેરે જોવાની બાબેશ બતાવી હતી. અલબતે તે વેળાએ તેઓની મકસદ એવી હતી કે કોઇ ખાતરીપુર્વક શહાદત હાથ લાગે તો તે વાત પારસીઓ વચે આશકારા કરવી, અને દસ્તુર મેહેરજી રાણા દીલ્લી ગયાજ નહીં હતા એવી તમારા પત્રમાં સાબેત થયલી વાત ખોટી

† જુઓ નંબર ૩૫

પાડી બતાવવી. પણ નવસારીમાં જે બબરો તેમને મળી હતી અને જે દસ્તાવેજો તેઓએ જોયા હતા તે પછી, તેમના જેવા તવારીખના અભ્યાસીએ ચુપકી અખત્યાર કરવામાંજ સાર જોયો હતો. એમ છતાં તેઓનાં મનમાં ચટાપટી થયા કીધી હતી કે નવસારીના દસ્તુર તો કાંઈ ભણેલા નથી એટલે તેઓ એ બાબતમાં મદદ કરવાને અશક્ત થઇ પડયા હશે. તેથી તેઓએ પુણેવાળા કાબેલ અને વીદ્વાન દસ્તુરજી સાહેબ હોશંગજી જમાસપજી જમાસ્પ આશાનાને એ બાબતમાં પુછવાનો વીચાર કરયો હતો. તે મુજબ થોડે વખતે તેઓ પુણે ગયા ત્યારે ત્યાંના દસ્તુર સાહેબથી પુછપરછ કરી. પણ ત્યાંથી તે દસ્તાવેજો અને નોંધો મળવાને બદલે તેમને એવી બબર મળી કે તે વાત બંધ પાડવામાંજ તેઓએ ડહાપણ જોયું હતું. દસ્તુર મેહેરજી રાણાને લગતો સવાલ પારસીઓ વચે હમણાં જ્યારે ફરી ચરચામાં આવયો છે, ત્યારે એક આગેવાન પારસી અભ્યાસી દાખલ મી૦ બ૦ ૩૦ કામને ઘટે છે કે તેઓએ પોતાની શોધખોળનું પરીણામ કોમની વાકેફી માટે બાહાર મેલવું.†

લા૦ સેવક,

R. F. Vakeel.



† જુઓ નંબર ૮૭.

ના૦ ૮૬.

મુંબઇ સમાચાર.

(તા૦ ૧૨ મી નવેમ્બર સને ૧૮૯૬.)

દસ્તુર મેહેરજી રાણા દીલી ગયા તે આગમચ ભરૂચમાં તેઓએ કરી બતાવેલો કહેવાતો હેરત ઊપજાવનારો એક મોજેજો–ભરૂચા પારસીઓ દરદ દરે કરાવવા બેહુશતીની બાજ કરે છે એવી પણ તેની સાથે સાથે ચાલતી એક વાત–ભરૂચના સમજુ પારસીઓ પાસેથી તે માટે ખુલાસો મેળવવાને કરવામાં આવતી અરજ.

મુંબઇ સમાચારના અધીપતી જોગ

સાહેબ,–મરહુમ દસ્તુર મેહેરજી રાણા દીલી ગયા હતા અને ત્યાં બે સુરજના એક કરી આપવાનો હેરત ઉપજાવનારો મોજેજો તેઓએ કરી બતાવયો હતો, તથા શેહેનશાહ અકબરની જરથોશતી ધરમ વીશે સંપુરણ ખાતરી કરી આપી તેને વટલાવયો હતો તથા સુદરેહ કુસ્તી બંધાવી હતી, એવી વાતો જ્યારે તમારાં પત્રમાં તથા બીજી તરફ વખતે વખત કરવામાં આવતી હું જોઉં છું, ત્યારે તેના કરતાં વધારે નહી તો તેટલીજ હેરત ઉપજાવનારી એક બીજી વાતની ચરચા કાં નથી કરવામાં આવતી તે હું સમજી શકતો નથી. તે વાત તમારા પત્ર મારફતે બહાર મેલવાની રજા હું માગું છું, અને આશા રાખું છું કે મરહુમ દસ્તુરના મોજેજા વગેરેની જે વાતો અને નોંધો એકઠી કરી નવસારીમાં તેમના એક કુટુંબી તરફથી છપાવવામાં આવનાર છે,. તેઓમાં આ વાત પણ તેને લગતા ખુલાસા સાથે દાખલ કરવાને ભુલી જવામાં આવશે નહી. મી૦ રૂ. પે. કરકરયાનું ધ્યાન પણ તેપર ગયલું જણાતું

નથી. હું ઇચ્છું છું કે તેપર તેઓ તેમજ તવારીખના બીજા અભ્યાસીઓ ધયાન પહોંચાડે અને તેના અસલ દસ્તાવેજો મેળવવાની તેમજ તેને સાબેત કરવાની તજવીજ કરે. તે વાત બેહેશતી દસ્તુર દીલી ગયા તે વખતે મારગમાં ભરૂચ બાતે તેઓ થોભયા ત્યારે શું બનાવ બનયો હતો તથા ત્યાં તેઓએ કેવો મોતેબર મોજેજો કીધો હતો તેને લગતી ઘણી રસીલી છે. મેહેરજી રાણાના બાનદાનના કેટલાક નબીરાઓ તરફથી આજ કેટલોક વખત થયો એવું જણાવવામાં આવતું રહયું છે કે અકબરનો શાહજાદો સલીમ જેણે ગાદીએ બેઠા પછી પોતાનું નામ બદલીને જેહાંગીર રાખયું હતું, તે પોતાના માતુશ્રી સાથે ફરતો ફરતો સુરત આવયો હતો અને ત્યાં કેટલોક વખત સુધી તે રહયો હતો. તે પછી તે પાછો દીલી જવા નીકળયો તે વખતે તેણે પોતાના પેદર શેહેનશાહ અકબરને માટે કાંઇક લાયક સોગાદ લઇ જવાનો વીચાર કરયો. શેહેનશાહનો શોક કાબેલ તથા ફાજેલ પુરૂષોની સંગતમાં રહેવાનો અને તેમની સાથે ધરમ તથા ફીલસુફીને લગતી તકરાર ચલાવાનો હોવાથી, તેને એવી સલાહ આપવામાં આવી કે કોઇ કાબેલ અને ફાજેલ પુરૂષને શોધી કહાડી દીલી લઇ જવો. તે ઉપરથી પુછપરછ કરતાં જણાયું કે આખા ગુજરાત પ્રાંતમાં એવા કાબેલ અને ફાજેલ પુરૂષ તો એકલા નવસારીવાળા દસ્તુર મેહેરજી રાણાજ છે. શાહજાદા સલીમે તે ઉપરથી તુરતજ તેમના પર એક રૂકો મોકલી તેમને દીલી પધારવાનું પોતાના પેદરને નામે ઇજન કીધું. પણ દસ્તુર મેહેરજી રાણાને સાથે લઇ જવાને બને એટલો બધો વખત થોભી શકાય એમ નહીં હોવાથી તે પોતે દીલી ચાલી ગયો, અને જતાં જતાં મારગમાં દરેક મુકામને તાકીદ કરતો ગયો કે પારસીઓના મોટા ધરમગુરૂ દસ્તુર મેહેરજી રાણા શેહેનશાહના પરોણા તરીકે દીલી પધારવાના છે, માટે જ્યાંથી તેઓ થોભે ત્યાં તેમની ઘણી મદારત કરવી. તે પછી દસ્તુર સાહેબ દીલી જતાં રસ્તામાં ભરૂચ તરફ આવી લાગયા, ત્યાં તે વીષે ખબર થતાં ત્યાંની આખી પારસી અનજુમન સરહદ સુધી બા આબરૂ તેમને એસતેકબાલ આવી, અને તેઓ શેહેરમાં દાખલ થયા. પણ તેવામાં નાપાક સેહેતાન ઉંધો પડયો. ભરૂચનો નવાબ કેઠો ઘણો જુલમી હતો અને ત્યાંના પારસીઓ ઉપર ઘણી સખતી ગુજારતો, તેથી દસ્તુર સાહેબ ભરૂચ પધારયા તે વખતે ત્યાંના પારસીઓએ તેમને આજેજી કરી કહયું "તમો પાદશાહના બોલાવવાથી દીલીની દરબારમાં જાવો છો તો અહીંના ભરૂચના નવાબનો અમારી ઉપર અતી ઘણો જુલમ ગુજરે છે, માટે મેહેરબાની કરી પાછા આવો તે વારે આટલા અમારી ઉપર ગુજરતા જુલમને દુર કરાવીને આવશો તો તમારો મોટો ઉપકાર માનશું." ત્યારે મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ તે લોકોને જવાબ દીધો કે "મારાથી શું બનવાનુ છે, પણ મારો નેગેહબાન એક બોદા છે, તે બોદા તમને મદદ કરશે." નવાબને આ વાતની બબર પડતાં તે બીધો કે દસ્તુર સાહેબ જો શેહેનશાહ આગળ ફરીઆદ બરીઆદ કરશે તો કમબખતી. તેથી તેણે તે મરહુમનો આંકો લાવી મેલવાની કોશેશ કરી. તેમને પાદશાહી મકાનમાં ઉતારો આપવાને બહાને એક જબરદસ્ત કીલામાં મોકલાવી ત્યાં તેમને તેણે બંધ કરયા, અને તેમનાપર ચોકી પોહોરા મેલ્યા. પેહેલાં તો દસ્તુર સાહેબને તેની સમજ પડી નહીં; પણ મધરાતે બાબમાંથી જ્યારે તેઓ બીદાર થયા ત્યારે આસપાસનો દેખાવ જોઇ તેઓ વમળમાં પડી ગયા કે આ શું

સીતમ થઇ ગયેા ? નાપાક સેહેતાનપર સદ્દ હજાર લેયાનત નાખી, પેાતાની સાથ જે એક ખીદમતગારને તેઓ લાવયા હતા અને જેને પણ કીલામાં તેમની સાથે બંધ કરવામાં આવયેા હતેા તેને તેઓએ જગાડયેા, અને તેને ફરમાવયું કે કુસ્તી પાદયાબ કરવા કુવાનું પાણી લઇ આવ. પેાહેારેગીરેાને જેમ તેમ સમજાવીને પેલેા ખીદમતગાર પાણી લઇ આવયેા. અને દસ્તુર સાહેબે પાદીઆબ કુસ્તી કરી બુલંદ અવાજે બંદગી કરી, એટલે તેની ખુબીથી તેઓ પેાતાની સાથના ખીદમતગાર જોડે પળ વારમાં ત્યાંથી ગેબી રીતે ઉડીને દીલીમાં શેહેનશાહની દરબારમાંજ જઇ ઉભા. ભરૂચથી દીલી તેઓ જઇ પાંહેાંચયા તેના સંબંધમાં આ મતલબની એક કથા ચાલે છે; પણ બીજી કથા વળી એવી છે કે પાદયાબ કુસ્તી કરી દસ્તુરજીએ બંદગી કરી તેથી પળ વારમાં તેઓ દીલી ઉડી ગયા નહીં, પણ તેમની બંદગીની ખુબીથી કીલાનેા એક દરવાજો ખુલી ગયેા અને ત્યાં કેાઇ પેાહેારેગીર નહીં હેાવાથી તે દરવાજા મારગે પેાતાના ખીદમતગાર સાથે તેઓ બહાર પડયા અને ઉગત રાહે સેતાબ નીકળી ચાલયા. તેઓ એટલી બધી સેતાબીથી આગળ વધી ગયા કે સવાર પડતાં તેમની પાછળ નવાબે સવારેા દેાડાવયા તેાપણ તેમનેા પતેા મળયેા નહીં, અને તેઓ નાસીપાસ થઇને પાછા ફરયા. દસ્તુર સાહેબે કરેલેા કહેવાતેા આ મેાજેજો, દીલીમાં તેઓએ કરેલા જણાવવામાં આવતા મેાજેની સાથે સરખાવતાં ચહડયાતેા નહી તેા ઉતરતેા તેા નથીજ.

દસ્તુર સાહેબને ભરૂચના પારસીઓએ સેાંપેલું કામ તેઓએ કેમ બજાવયું હતું તે માટે પણ બે જાતની વાત ચાલે છે. એક વાત એવી છે કે તેઓએ પાદશાહ અકબરને પેલા ભરૂચના નવાબની તરફથી પારસીઓ ઉપર ગુજારવામાં આવતી વાત સરવે કહી સમજાવી, અને અરજ કરી કે તે લેાકેા ઉપરનેા જુલમ દુર કરવેા જોઇએ. ત્યારે પાદશાહે સેતાબ ભરૂચના નવાબ ઉપર ઘણી તાકીદનું ફરમાન મેાકલ્યું, તેથી ભરૂચના લેાકેા ઉપરનેા જુલમ ટળી ગયેા. પણ બીજી વાત એવી છે કે શહેનશાહને વટલાવી તેને સુદરેહ કુસ્તી પેહેરાવયા બાદ દીલીથી દસ્તુર પાછા ફરવા નીકળયા તે વખતે શાહજાદા સલીમે તેમને સવાલ કરયેા કે મારગમાં કયા કયા સુબાએ તમારી ઘણી વધારે મદારત કીધી હતી. દસ્તુર સાહેબે તે ઉપરથી દુરંદેશી વાપરી ભરૂચના નવાબનું નામ આપયું હતું. શાહજાદાએ તે ઉપરથી નવાબ ઉપર નજરાણું મેાકલાવી શાબાશીનેા પત્ર લખયેા હતેા. દસ્તુર સાહેબના આવા લાગવગથી અને તેઓનાં આવાં હેસાનથી નવાબપર એટલી બધી અસર થઇ કે તેઓ ભરૂચ પાછા ફરયા તે વખતે તે શેહેરનાં નાકાં સુધી લશકર લઇ વાજતે ગાજતે તેમને એસતેકબાલ લેવા ગયેા, તેમને તેણે ઘણેા મરતબેા આપયેા, અને ભરૂચના પારસીઓ ઉપર તે પછી તે ઘણી મેહેરબાની તથા મેાહબત રાખવા લાગયેા હતેા.

સાહેબ, આ જાતની વાતેા બેહેશતીનાં પરાકરમેા વીશે ચાલે છે. કમનસીબે તેની કેાઇ પણ તવારીખમાંથી શાહાદત મળતી નથી. પણ એ બનાવેા આખાં હીંદુસ્તાન તથા મુખય કરીને ગુજરાતના ઇતીહાસના સંબંધમાં ઘણી અગતના ગણવા જોઇયે. ભરૂચના લેાકેાને તેા દસ્તુર સાહેબે નવાબના જુલમમાંથી છેાડવી સદાના ઉપકારી કરેલા, એટલે ત્યાંથી તેા તેને લગતી નેાંધ ખાસ કરી મળવી જોઇયે. અને વાત બી કાંઇ લાંબી મુદતની નથી; માત્ર ૩૦૦ વરસની છે. ભરૂચવાળા સાહેબેાને અને અક-

સર કરીને ભરૂચના ઇતીહાસ વીષે અછી માહીતી ધરાવનાર જાણીતા વીદ્વાન દસ્તુર અરદેશર સોરાબજી કામદીનને હું અરજ કરૂં છું કે એ બાબતમાં શોધખોળ કરી અજવાળું નાખવાની મેહેરબાની કરવી. દસ્તુર સાહેબ અરદેશર સોરાબજી કામદીન ભરૂચને લગતા અને ત્યાંની પારસી અંજુમનને લગતા ઘણા ઘણા જુના દસ્તાવેજો તથા નોંધો ધરાવતા કહેવાય છે; અને વળી દસ્તુર મેહેરજી રાણાને લગતી કથાઓના સંબંધમાં શોધખોળ કરી પોતાની તરફથી મદદ આપતા પણ તેઓને જણાવવામાં આવે છે, તથા મરહુમને માટે તેઓ ઘણી દીલસોજી ધરાવતા કહેવાય છે, ત્યારે તો આ વાતો ઉપર પણ અજવાળું નાખવાની તસદી તેઓએ લેવી સજાવાર છે. હું માનું છું કે એ કામમાં તેઓને ઘણી મેહેનત કરવી પડશે નહીં; કેમકે મરહુમના કેટલાક નબીરાઓ તરફથી એમ પણ જણાવવામાં આવે છે કે મરહુમે ભરૂચના પારસીઓને જુલમમાંથી છોડવયા તેનાં હેસાનમાં ત્યાંના સઘળા પારસીઓ દરવરસે તેમની બાજ કરે છે, તથા મરહુમની ખોજના કરવાની શક્તિ ઉપર એટલો બધો વીશ્વાસ તેઓ ધરાવે છે કે તેમને ત્યાં કોઇને દરદ થતાં તે દફે કરાવવા પણ મરહુમની બાજ તેઓ કરે છે.†

તા૦ ૮ મી નવેમબર.

ઇતીહાસનો શોકીન.



† જુઓ નંબર ૮૭.

ના૦ ૮૭

કયસરે હિન્દ.

(તા૦ ૧૫ મી નવેમ્બર સને ૧૮૯૬)

એક નવો કુટવો.

CONTROVERSIAL DEVICES.

મેહેરજી રાણાની મુળ બાબતમાં જે લખાણો આ કટારોમાં આવી ગયાં છે, તે પછી ખાસ જરૂર વગર કાંઇ વધારે લખવાનો અમારો ઇરાદો હતો નહીં, પણ અમે જોઇએ છીયે કે થોડોક વખત થયો મી૦ કરકરીઆના હમશરીકો, બંધુઓ અને આડાતેડા ફાંટાઓ કંઇ નવીજ વળણ ઉપર ઉતરીને નવીજ તજવીજોથી પારસી આલમને ભમાવવાની તાલમાં લોટે છે. આપણા એ હવે જાણીતા થયલા " એકપુરા તવારીખનવેશ " ને પણ બદાઓની અને ઇસ્તાનનીજ શાહદત ઉપરથી " ઓકીલત્રી " એ જ્યારે પ્યાદાંની માહાત આપી હતી, ત્યારે તેઓએ પારસીઓનાં અજ્ઞાનપણા વિષેના એક જુના કુથલાને ઉપર ટપકેની થોડી ઘણી ટાપટીપ કરીને એક નવોજ ખુટો ઉભો કીધો હતો, તે પરપોટો પણ જ્યારે J. O. E. અને બીજા ઓએ ફોડી નાખ્યો, ત્યારે એજ મુરશેદને પગલે ચાલતા તેવણના કેટલાક "ઇતિહાસના શોખીન" મુરીદો હવે એક નવી નવાઇ બાહાર લાવ્યા છે. પેહેલાં બાજી એમ હતી કે મેહેરજીરાણા દીલ્હી ગયલા હોવાની ખરી વાતની મુસ્તકીમ દલીલો બાઇ જઇને તેવણે એક સુરજના બે સુરજ બનાવ્યા હતા એમ અડાવી દઇને તે પાકઝાદ દસ્તુર અને તેના વંશજોની નાલાયક ઠેકડી કરવી. તેમાં તો ઉઘાડા અને ફજેત પડયા, અને એમ બતાવી આપવામાં આવ્યું કે બ્યાલના અહેવાલ પ્રમાણે પણ મેહેરજીરાણાએ એક સુરજના બે કીધાજ હતા નહી અને

"એક્કા દેા" કરવા જેવેા ખેલ એક તેા હિન્દુ બાજીગરે કીધેા હતેા અને બલકને ગુમરાહ કરનાર તે હિન્દુની ઠગાઇ તેઓએ આલમને જાહેર કરીને એક દીનદાર અને ઇમાનદાર માણસ તરીકેની પેાતાની ફરજ બજાવી હતી. એક કેહેવાતી કરામતની ઠઠા કરવાની અને તે ઉપરથી મેહેરજીરાણા વિષે નાલાયક સખુનેા એાચરવાની તક જતી રહી, ત્યારે ખુણે ખટેાળે પડેલી એક બીજીજ કાહાણી ખેાળી કાહાડવામાં આવી છે. નવસારીથી દીલી જતી વખતે માર્ગમાં ભરૂચ શેહરમાં પણ તેઓએ એક "મેાતેબર મેાબેદે" બતાવ્યેા હતેા એવી વાત લાવીને તેવણની મજાખ કરવાનું બાહાનું કેાઈ ઇતિહાસના નહીં પણ ઢેાંગ સેાંગના શેાખીને શેાધીયું છે. એ કાહાણીના પણ અસલ દસ્તાવેજો મેળવવાની અને તે વિષે તરેહવાર માણસેાને શેાધ ખેાળ કરવાની પાક બેહાઇથી ભરપુર ભલામણ કરવામાં આવી છે. આ કરામતેા અને મેાબેદાઓની કથાઓ કદાચ "રસીલી" હશે, પણ તેને ઇતિહાસીક મુળ તકરાર સાથે શું નીસબત છે તે અમે જાણવા માગીયે છીયે. મેહેરજી રાણાના વખત પછી તેઓ વિષે જેમ બીજા માહાત્માઓના બાબમાં બન્યું છે, તેમ તરેહવાર વાતેા જોડી કહેવાયલી છે. તે વાતેા કદાચ ખેાટી હશે. તેથી શું તેઓએ ખરેખર કરેલાં પરાક્રમેા પણ ખેાટાંજ હેાવાં જોઇયે? આદરબાદ મારેસંપદે બખળતી ધાતુ વતી કરેલેા મેાબેદે પારસીઓના ઘણાક પુસ્તકેામાં મળે છે. નેરીઓસંગ વિષે કેહેલું છે કે આસમાનમાંથી આતશ પાડી તેવણે પેહેલાં આતશબેહેરામનેા પાયેા નાખ્યેા હતેા. અરદાવીરાફે પણ મેાબેદ બતાવ્યા હતા. એટલુંજ નહી પણ ખુદ વખશુરે વખશુરાન અશેા જરથેાસ્ત વિષે પણ જરથેાસ્તનામામાં ઘેાડાના ઘુસી ગયલા પગ અને તે વગેરે બીજા મેાબેદાઓનું બ્યાન મળે છે, અને ૫૦ વર્ષ ઉપર ઘણાખરા સઘળા પારસીઓ તે વાતેા માનતા હતા. આપણે હમણાં કદાચ આદરબાદના યા નેરીઓસંગના અને કદાચ જરથેાસ્તના પણ મેાબેદની વાતેા માન્યે નહી. પણ શું તેથી એમ કેાઇ કહે છે કે નેરીઓસંગ યા આદરબાદ યા જરથેાસ્તે કાંઇ પણ પરાક્રમેા કીધાં હતાંજ નહી? મેહેરજીરાણાના બાબમાં પણ સવાલ એજ છે કે તેઓ (૧) દીલ્હી ગયા હતા કે નહી, (૨) શેહેનશાહને ધર્મ સમજાવ્યેા હતેા કે નહી, અને (૩) તેમને જાગીર બક્ષવામાં આવી હતી કે નહી? ઇતિહાસની એવી બારીક અને ઝીણી બાબતેાના જવાબેામાં ભુમીતી યા બીજગણીતના જવાબેા જેવું પૂર્ણ નિશ્ચયપણું તેા હેાયજ નહી, પણ જે શાહદતેા આપણી પાસે મેાજુદ છે, તે ઉપરથી એમ લગભગ નકી થાય છે કે તેઓ ધર્મ સમજાવવા સારૂ દીલ્હી ગયા હતા અને તેમને જાગીર પણ એનાયત થઇ હતી. તવારીખને લગતેા તેા એટલેાજ સવાલ છે. બંધ બારણા મંત્ર ભણીને ઊઘાડી નાખવાં અને અલેાપ થઇ જવું તથા એકના બે કરવા એ કાંઇ તવારીખની બાબતેા નથી. એવીજ રીતે તેા વળી કેાઇ કાલે આવીને કહેશે કે મેહેરજીરાણાના એક નબીરાના બેાલવા પ્રમાણે તેના ખાનદાનને આશકારા કરનાર એ બુજોરગે ફુળાણા શેહેરના અમુક ઘરમાંથી વંદીદાદ પઢીને ભુતપલીદ કહાડ્યા હતા, તેથી તેની શાહદતેા પણ કેાઇ પાસે મેાજુદ હેાવી જોઇયે. અને જો તે નહીં મળી શકે, તેા પછી એમ ઠરવું જોઇયે કે મેહેરજીરાણા દીલ્હી ગયાની વાત પણ ખેાટી હેાવી જોઇયે. આ જાતની ગલેપડુ તકરારના દહાડા વહી ગયા છે. અસલ બાબત છેાડીને ભલતીજ દશાએ ઊતરી પડવાથી યા ખુલ્લે

ખુલ્લી શહાદતો ગટાવી જઇને બીજી શાહદતો ફલાણા પાસે છે અને ફલાણાને ખબર છે વગેરે લખાણથી કંઇ સહમજી માણસો ભોળાવાતાં નથી. ફલાણા દસ્તુરના "વડીલોએ ખાસ તપાસ કરીને કેટલીએક નોંધો તૈયાર કરાવી હતી તે જરથોસ્તી ટોળાની વાકેફીને માટે બોદાને હાજર નાજર જાણીને બાહાર પાડવાની તેમની ફરજ છે,"† તે વિષે એટલુંજ જણાવવું બસ થશે કે તે દસ્તુર સાહેબ પાસે મેહેરજીરાણાની સામે જાય તેવી કંઇ નોંધ છેજ નહીં અને તેવણ પોતે તો મેહેરજીરાણા કાબેલ હતા અને દીલ્હી જઇને પારસી ધર્મ અકબરને સમજાવી આવ્યા હતા એમ સાફ દીલથી અને ખાત્રીથી માને છે. બીજા જે કાબેલ દસ્તુરે ખાસ અભ્યાસ કરીને ત્રીશ વર્ષ ઉપર મેહેરજી રાણા સામે જે લખાણ કરાવ્યું હતું,‡ તે હમણા તેવણના નામ સાથે પાછું છાપવામાં આવે તો તેથી કદાચ તેઓને પોતાને પણ દલગીર થવાનું કારણ મળે. પેહેલવીના જે ઉસ્તાદના બપાવાનાં કેતાબખાનામાં પણ "ઘણીએક નોંધો હોય એમ માનવાનાં કારણ છે," તે કારણો અને નોંધો તો હવામાંજ હસ્તી ધરાવતાં હશે. એવા રંગબેરંગી ભમરડાઓ ફેરવવાથી કંઇ એક ખરી વાતને સમજુઓના મનમાં ધોકકો પોહચતો નથી એમ હવે મેહેરજીરાણાના હરીફો સમજે તો સારૂં.

આ લખ્યા પછી અમારી જાણમાં આવ્યું છે કે આ પત્રના એક આગળા અંકમાં* આવેલા ચોકસ શબ્દો વિષે કેટલાકોનાં મન રંજીદા થયાં છે. કોઇપણ ખાનદાનનાં સઘળાં અશો રવાનોને ગાળો દેવા યા નામુનાસેબ લખવાની અમારી મકસદ હતીજ નહીં. ભગરીઆ અને કરકરીઆઓ વચે લાંબા વખતથી જે કમનસીબ મીનાકેશો ચાલતો આવ્યો છે તે વિષે એક કે બીજી બાજુ તરફ તાસુબીભરેલું મત આપવાની અમારી મતલબ હતીજ નહી. તે મીનાકેશાનાં કારણો અને તે અરસામાં બનેલા કેટલાક બનાવોના બરા એહેવાલો વિષે ઘણોક મતફેર છે. તે સઘળી બાબતો ઉપર વિચાર કર્યા પછી કોઇપણ અપક્ષપાત મેહેદીન અભ્યાસીઓ એમ તો કહેવાઇ શકાશેજ નહીં કે સઘળો વાંક એકજ બોર્ડુએ હતો. એ ફીતનો પહેલા જાગ્યો હતો તે વખતે અને ત્યાર પછી બેઉ બાજુ તરફથી કેટલુંક ઝનુન બતાવવામાં આવ્યું હતું. જેમ ભગરીયાના આખા ટોળામાં "બરેબર સાલેસ અને લાયકીવાળા" ઘણા મોબેદો થઇ ગયા છે અને હમણા પણ છે, તેમ કરકરીઆની બોળવાળાઓમાં પણ હતા અને છે એમ કોઇપણ અકલમંદ આસામી નામુકેર જશે નહીં. મીનોચરહોમજી, દાદાચાનજી અને રણાડી વગેરેનાં બાનદાનોમાં પણ દાનાવ અને આલેમ માણસો થઇ ગયા છે, અને હમણા પણ છે. તે અમે તેમજ સર્વ કોઇ કબુલ કરે છે. જ્યારે મીઃ કરકરીઆએ મેહેરજીરાણાને વિષેજ નહિ, પણ પારસીઓના સઘળા વડવાઓ વિષે તરેહવાર નાલાયક અણઘટતાં લખાણો કીધાં હતાં, અને કેવળ બોટાં આળો તેઓ ઉપર ઘણીજ તાઝુબીથી મુકયાં હતાં, ત્યારે અમે કહ્યું હતું કે આગળા વખતનો એક ફીતનો પાછો જગાડીને તેઓના ટોળામાંના કેટલાકોએ તે જમાનામાં આજના જેવું ઝનુન દેખાડયું હતું તેવાજ ઝનુનની ઓગણીસની સદીમાં પણ તેઓએ આપણને યાદ આપી હતી, અને તેવી ચાલ તેવણના જેવા શીખેલા અને તવારીખ અને ફીલસુફીની લાંબી લાંબી વાતો કરનારા માણસને કેવળ નહીં છાજે એવીજ હતી.

† જુઓ નં. ૭૮–‡૯૩–*૮૪

ના૦ ૮૮

મુંબઇ સમાચાર.

(તા૦ ૧૯ મી નવેમ્બર સને ૧૮૯૬)

મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ કરેલા કહેવાતા મોજેજની વાતોને વળગવા જતાં ખતા ખાવી પડશે અને હવે તે વાતોને દાબીજ દેવી એવી નવસારીના દસ્તુર દારાબજીને તેમના મીત્રો તરફથી મળેલી સલાહ—મોજેજઓની વાતો હવે નહી કરવાની દસ્તુરજીએ પોતાના લગતા વળગતાઓને તે ઉપરથી કરેલી જણાવવામાં આવતી સુચના—એક નવો ગુચવાડો.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—ચાલતા માસની તા૦ ૩ જીના તમારા અંકમાં મારો પેહેલો પત્ર આવ્યા પછી તે બાબે તેમજ તે પછી બીજી જે બાબતો મરહુમ દસ્તુર મેહેરજી રાણા વીષે તમારા જુદા જુદા અંકોમાં પ્રગટ કરવામાં આવી છે તે ઉપરથી, અમારી નોસારીમાં કાંઇક ગભરાત સાથે ચરચા ચલાવવામાં આવે છે, મરહુમ દસ્તુર મેહેરજીરાણા દીલી ગયા હતા અને ત્યાં શેહેનશાહ અકબરને વટલાવવા આગમજ તેઓએ બે સુરજના એક કરી દેખાડવાનો મોજેજો કરયો હતો. એવી વાતની ઠેકડી આસપાસ થવા લાગ્યાથી અને તે વાત દેખીતી હસવા સરખી જણાયાથી તે તેમજ એવીજ બીજી વાતો ઉપર ઢાંકણું વાળી દેવાની સલાહ અહીંના વડા દસ્તુરજી દારાબજીને તેવણના વીદ્વાન ગણુતા એક બે મીત્રોએ લખી મોકલાવેલી સંભળાય છે. "મેહેરજી રાણા બડાજી શીઆના" એવા શબ્દોથી શુરૂ કરવામાં આવતા એક બે વજન ખયાલ ઉપરજ તે વાતનો આધાર છે, અને તેવો આધાર પારસીઓની હાલની બોલાહને સમજાવવા નીકળયાથી વધારે હસી થશે એમ તેઓએ તેમને સમજ પાડી છે. તે સમજ ઉપરથી ચોંકીને મરહુમ દસ્તુરને નામે કરવામાં આવતી બીજા મોજેજાઓની વાતો હવે બંધ પાડી દેવાને દસ્તુરજીએ પોતાના લગતાવળગતાઓને સુચના કરેલી જણાવવામાં આવે છે. જો કે તે વાત મેલી દેવાને તેમને ગમતું નથી તોપણ હવે તે ચાલવાની નથી ત્યારે ચારો નહી કરીને તે છોડી દેવા સીવાય છુટક લાગતો નથી. પણ તેમ છતાં ભરૂચના એક બંધબસ્ત ગંજાવર કીલામાંથી મરહુમ દસ્તુર ગેબી રીતે એક પળવારમાં ઉડીને દીલીની દરબારમાં જઈ ઉભા રહેવાની બીજી હસવા સરખી જે વાત મરહુમના કેટલાક નબીરા ઉકમાઈથી કરતા આવ્યા છે, તે પણ તમારા પત્રમાં પ્રગટ થઇ જવાથી અહીં કેટલોક ગભરાટ ચાલી રહયો છે. બાહાર પાડેલી એવી એવી વાતોને માટે હવે એવું ફેરવી તોળવાની ગોઠવણ થઈ છે કે મરહુમ દસ્તુરે બે સુરજના એક કરી બતાવવાની વાતમાં શરાહગાત થઇ છે. કોઇ જગતગુરૂએ હવામાં ઠાલી ઉડારેલી હશે તે કેવી રીતે તેનો ભેદ મરહુમે સમજાવ્યો હશે, અને તે ઉપરથી તેમના તરફ પયાર ધરાવનારાઓએ બે સુરજના એક કરી બતાવવાની વાત ઉભી કરી હશે, એવું એવું બોલી તથા બોલાવીને હવે ધીરજ લેવામાં આવે છે. એજ પ્રમાણે ભરૂચમાંથી મરહુમ દસ્તુર પોતાના એક બીદ્દમતગાર સાથે એક પળમાં ગેબી રીતે દીલી ઉડી ગયા હતા તે વાતને માટે હવે એમ સમજાવવામાં આવે છે કે આગલા વખતના કોઇ ધરાની દસ્તુર વગેરેએ એવા કેટલાક મોજેજા કરવાની વાતો કેટલાંક પારસી પુસ્તકોમાં મળે છે તેમ મરહુમે પણ કરયું હોય, અથવા તેવી

વાતો વાચીને તેમના તરફ તેમની મોટી ક્રાબેલ્યતને લીધે મોહબ્બત ધરાવનારાઓએ તેમને માટે પણ એ વાત ઉભી કરી હોય. એ રીતે મુંબઇથી તાજી મળેલી સલાહ અને કેળવણીથી પડતાં અજવાળાંએ અહીંના કેટલાક ધામધુમયાઓને અને બીચારા દસ્તુરજીને પણ હા અને નાની વચે મેલી દીધા છે. મારે કહેવું જોઇયે કે મોજેજ્જાઓ મરહુમ દસ્તુરે કરવાની વાત દસ્તુર દારાબજી અને તેમના કેટલાક કુટુંબીઓ તથા હમશરીકો હવે માનવાની ના પાડે છે, તોપણ હજુ કાંઇક ધચુપચુ પણ રહેવા માગે છે. અને એટલી પણ સમજણ તેઓમાં આવી છે તે બનાવને હવે પછીના વખત માટે સારા સગન હું સમજું છું; કારણ કે અમારા નેશાકરાઓમાં સાધારણ રીતે એવી ટેવ હોય છે કે એક વાર જે બોલ કાઢાડયો તે ગમે તેવો હસવા સરખો છતાં તેને છોડવો નહી ને તેને વળગી રહેવું. દસ્તુર દારાબજીના હુશયાર મીત્રોએ તેમનાપર તથા તેમના કુટુંબીઓ ઉપર કરમ બક્ષેસ કરીને તેમને એટલા બી પાછા ત્યારે હટાડયા છે તેમાં તેવાઓનો કાંઇક ઉપકારજ માનવો પડશે.

એમ હોવાથી બેહેશતી દસ્તુર બાબે ચરચા ચલાવનારા તમારા ચરચાપત્રીઓને હું સુચવવા માગું છું કે હવે તેઓએ મોજેજ્જાઓની વાતો બાબે વધારે ચરચા કરવાનું માંડી વાળવું, અને ખરા મુદાને વળગી તે બાબે અજવાળું પાડવાની તસદી લેવી. હું આશા રાખું છું કે તમારા ચરચાપત્રીઓ સચાઇનેજ બાહાર લાવવાની નેમ રાખી બાનગી લાગણીઓને વચે નહીં લાવતાં એક જાહેર સવાલ તરીકેજ તે બાબે વિવેચન કરવાની કોશેશ કરશે. અત્યાર સુધી એ બાબતમાં જે લખાણો થયાં છે તે તરેહવાર વીચારોના વમળમાં અને ગુચવાડામાં ઉતારનારાં મને જણાયાં છે તેમ હવે થવું જોઇતું નથી. તવારીખની શહાદતથી જો એમજ જણાતું હોય કે મરહુમ દસ્તુર મેહરજીરાણા દીલ્લી ગયા હતા, શેહેનશાહ અકબરને ધરમ તેઓએ સમજાવ્યો હતો અને જાગીર તેથી તેમને મળી હતી, તો તેટલું તે બેહેશતી માટે ઉભું રહેવા દેવું, અને તે માટે રકજીક કરવી નહી. તેવણને એ બાબતમાં ખરેજ માન ઘટતું હોય તો, તેમના કુંટુબીઓની કે બીજાઓની વરતાણુક વગેરેનો વીચાર નહીં કરતાં તે તેમને આપવું. તેમાં પારસી ટોળાને પોતાને પણ માન મળશે. મરહુમના કુટુંબીઓ તથા તેમના લગતા-વળગતાઓ હવે મોજેજ્જાની વાત પર ઢાંકણું વાળી દઇને મરહુમ દીલ્લી ગયા હતા કે નહીં, અકબર પાદશાહને તેઓએ ધરમ સમજાવ્યો હતો કે નહીં અને તેથીજ તેમને જાગીર મળી હતી કે નહીં, તેટલીજ બીના ઉપર આવી ઉભા છે. જ્યારે તેઓએ બી એટલા થોડાં ઉપર સંતોષ લેવાનો જીવ મોટો કીધો છે ત્યારે હવે તમારા ચરચાપત્રીઓએ પણ મોજેજ્જાની હસવા સરખી વાતને મેલી દઇને ફકત એટલોજ સવાલ તપાસ માટે હાથ ધરવો, અને તેનું પરીણામ મરહુમની તરફેણમાં જતું હોય તો તેમને તે માટે ઇનસાફ આપવો એવી મારી એલતેમાસ છે.

મોજેજ્જાઓની હસવા સરખી વાતો જ્યારે હવે ઉડી ગઇ છે ત્યારે બીજી વાતનો ગભરાટ દસ્તુર દારાબજી અને તેમના હમશરીકો અને દોસ્તોને લાગ્યો છે, અને તે બાબે તેમના કાબેલ મીત્રો ઉપર કાગજ લખાઇ ગયાં છે. નવસારીની મેહેરજી રાણા લાઇબરેરીમાં મેહેરજી રાણાના એક કુટુંબીએ હાથની લખેલી ચોપડી મેલેલી છે, તેમાં મેહેરજી રાણા દીલ્લી ગયા હતા અને ત્યાં મોજેજ્જા જેવું કરયું હતું અને તેની મોટી હોહા થઇ રહી હોય એવી

જાતના ખરી તવારીખમાં દાખલા હોય એવું કાંઇ લખેલું છે. તેનું શું ઠરવું? તે દાખલાઓને ખરા ઠહેવા કે ખોટા? તે બાબે વળી બીજી ગભરાટ ચાલી રહયો છે. તે દાખલા હું મેળવીને કદાચ તમો ઉપર મોકલી આપશ. તે વખતે માલમ પડશે કે તેમાં વળી શું દોહચાણ કરવામાં આવયું છે.

એક ભરમપોરીયો.*

નવસારી તા૦ ૧૪ મી નવેમ્બર.

ના૦ ૮૯

મુંબઇ સમાચાર.

(તા૦ ૨૪ મી નવેમ્બર સને ૧૮૯૬)

મરહુમ દસ્તુર મેહેરજી રાણા દીલી ગયા હતા અને શેહેનશાહ અકબરને તેઓએ વટલાવ્યો હતો એવી ચાલતી આવેલી કથાનું તોલ બરાબર રીતે કરવાને અને તે માટે તેના સંબંધમાં સંભવીત કે અસંભવીત જે કાંઇ વાતો જણાયલી હોય તે સઘળી તેમના અસલ આકારમાં બાહાર મેલવા માટેની સુચના.

મુંબઈ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,-મરહુમ દસ્તુર મેહેરજી રાણા દીલી ગયા હતા કે નહીં અને ત્યાં તેઓએ શેહેનશાહ અકબર આગળ મોજેજા કરી બતાવી તથા બીજી રીતે જરથોસતી ધરમ વીશે તેની ખાતરી કરી હતી કે નહી, વગેરે સવાલો તવારીખ સાથે અને અકસર કરીને પારસીઓની તવારીખ સાથે સંબંધ ધરાવનારા છે; અને તેથી તવારીખને લગતા સવાલોની તપાસ જે રીતે લેવામાં આવે છે તે રીતેજ સંભાળથી અને બારીકીથી તેમની તપાસ કરવી ઘટે છે. ત્રણસો વરસની વાતપર એ સવાલોમાં જણાવેલા બનાવ બનેલા જણાવવામાં આવે છે, અને એટલી મુદતમાં બનેલા બનાવોની તપાસ ચલાવવી મુશકેલ થઈ પડવી જોઇએ નહીં. થોડાંક વરસ થયાં પારસીઓ વચે હા અને નાની વચે એ સવાલો અઠડતા રહયા છે, પણ તે વીષે જે તકરારો હમણા સુધી ચલાવવામાં આવી છે તે ખાતરી ભરેલાં સેવટ પર જવાને બની આવે એવી નથી. ખાતરી ભરેલાં સેવટ ઉપર આવવા માટે તકરાર ચલાવનારાઓ જેમ ધીરજવંતા હોવાની તેમજ તકરારી સવાલ સાથે સંબંધ ધરાવનારી તરફેણ કે વિરૂધમાં જનારી કોઇપણ ખબરો ઘટતી રીતે બાહાર લાવવાને અચકાય નહીં એવા હોવા જોઇએ. વળી તે એવાં ધોરણપર ચલાવવી જોઇયે કે તકરાર સાંભળનારાઓને પોતાનાં મત બાંધવામાં ગુચવાડો ઉતપંન થાય નહીં, તથા હવે પછી જેઓ પારસીઓની તવારીખ લખવા બેસે તેઓને તે ઉપરથી પારસીઓ વીશે નહારૂં મત બાંધવાને કારણ મળે નહીં. તેટલા માટે જેઓ આ તકરાર સાથે સંબંધ ધરાવનારી જેબી સંભવીત કે અસંભવીત દેખાતી વાતો અથવા ખબરો ધરાવતા હોય, તેમને મને અરજ કરવા દેશો કે તેઓએ તે સઘળી વાતો અને ખબરો જે આકારે તેઓ તે ધરાવતા હોય તે આકારમાંજ બાહાર મેલવી, જેથી એકવાર સંપુરણ રીતે તે સઘળીની તપાસ કરી તે વીશે ખાતરી ભરેલા નીવેડા ઉપર આવવાને બને. સંભવીત અથવા અસંભવીત સઘળી વાતો અને ખબરો તેમના અસલ આકારમાં બાહાર મેલયાથી સમજુ વીદ્વાનો તથા અભયાસીઓ ખરા મારગ પર કોમને મેલવાને શકતીવાન થશે. એજ વખતે તે વાતો અને ખબરો ધરાવનારાઓને હું સુચવીશ કે તે વાતો અને ખબરો તેઓની જાણમાં કેવી રીતે અને કયાંથી

* જુઓ નંબર ૯૬-૬

આવી, અથવા તે માટે તેઓ પાસે અસલ શાહદત શું છે તે પણ સાથે સાથે જણાવવાની તસ્દી લેવી; કેમકે નહીં તો ગુચવાડો નીકળી જવાને બદલે ઓર વધવાનો ભય રહેશે.

તમારા ચરચાપત્રી "ઇતીહાસના શોકીને" મરહુમ દસ્તુરે ભરૂચમાં કરેલા કહેવાતા જે મોજેજાની વાતો જણાવી છે તે લગભગ જીન અને પરીની વારતા જેવી દેખાય છે. હું ધારૂં છું કે વગર આધારે તે વાતો તેઓએ બાહાર મેલી નહીં હશે; તોપણ તેઓએ પોતાનો આધાર જણાવેલો નહીં હોવાથી, તેઓ તાસુબીથી કામ લે છે એવી તેમની વીરૂધમાં અટકળો કરવામાં આવવાનો સંભવ રહે છે. તેટલા માટે તમારા ચરચાપત્રી પોતાનો આધાર જણાવવાની તસ્દી લેશે તો બહુ સારૂં થશે. ફરીથી અહીં સુચવવાની રજા હું લઉં છું કે એવી વાતો જે આધારે જણાવવામાં આવે તે આધાર જાહેરમાં મેલવા સાથે તે જે આકારમાં મળી હોય તે આકારમાંજ વધઘટ વગર અને જેમ બને તેમ તેમના અસલ શબ્દોમાંજ બાહાર મેલવામાં આવશે તો ગુચવાડો દુર કરવાને તવારીખના અભ્યાસીઓને તથા બીજા મત બાંધનારાઓને સવલ પડશે.

મારી જાણ પ્રમાણે મરહુમ દસ્તુરે દીલી જઇ મોજેજા કરયા હતા અને શેહેનશાહ અકબરને સુદરેહ કુસ્તી પેહેરાવયો હતો એવી ફેલાયલી વાતોનો આધાર માત્ર એક ખયાલ ઉપરજ છે. જેઓથી એ વાતો મેં સાંભળી છે તેઓ મને તે ખયાલનોજ આધાર તે માટે બતાવે છે. મેં તે ખયાલ સાંભળ્યો નથી અને હું માનું છું કે ઘણાઓએ તે સાંભળ્યો નહીં હશે. પણ એ વાતો તે ખયાલને આધારેજ ફેલાવવામાં આવી છે અને બીજો કોઇ આધાર તે માટે હોય એમ દેખાતું નથી. છતાં તે ઉપર ભરૂસો મેલવામાં આવે છે તેનું કારણ મને એમ સમજાવવામાં આવયું છે કે અકબરે મરહુમને એક જાગીર બક્ષી હતી અને તે જાગીર હજી પણ મરહુમના વારેસોના હાથમાં છે, અને તે ઉપરથી તે ખયાલને ટેકો મલી જાય છે. તે ખયાલનો જે સાર મને સમજાવવામાં આવ્યો છે તે ઉપરથી તો તેમાંની કેટલીક વાતો કેળવણીમાં આગળ વધેલા આજના જમાનાના પારસીઓ હસી કહાડે તેવી અને પારસીઓની બીજા લોકો વચે ઠેકડી કરાવવાને કારણ આપે એવી છે. પણ તેટલું છતાં મરહુમને લગતી સઘળી વાતોનો મુખય આધાર એ ખયાલ ઉપરજ લેવામાં આવેતો હોવાથી તે આખો ખયાલ સદાબરો પ્રગટ કરવાની જરૂર હું જોઉં છું, કેમકે તેમાંની શરાહગાત કાહાડી નાખયા પછી તેમાંનો કોઇપણ ભાગ ટકી શકે એવો છે કે નહીં તે વીશે વીચાર ચલાવવાને તે ઉપરથી બની આવશે. તેટલા માટે જો કોઇ સાહેબ એ ખયાલ ધરાવતા હોય તો તે એમનો એમ બહાર મેલશે તો બહુ મેહેરબાની.

લા૦ સેવક સો. કા. બ.



ના૦ ૯૦.

મુંબઇ સમાચાર.

(તા૦ ૨૭ મી નવેમ્બર સને ૧૮૯૬)

નવસારીની મેહેરજી રાણા લાઇબ્રેરીમાં મેલવામાં આવેલી હાથની લખેલી એક ચોપડીમાં મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ કરેલા કહેવાતા મોજેજાઓની આપવામાં આવેલી વીગત અને તેના ટેકામાં જણાવવામાં આવતી વગર આધારની શહાદતો–નવસારીના દસ્તુર દારાબજી અને તેમના મીત્રો વચ્ચે તેથી ઉભો થયલો ગુચવાડો.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,–અત્રેની મેહેરજી રાણા લાઇબ્રેરીમાં મેહેરજી રાણાના ખાનદાનના એક નબીરાએ મેલેલી હાથની લખેલી જે ચોપડી વીશે ચાલતા માસની તા૦ ૧૪ મીના મારાં પત્રમાં મેં ઇશારો કરેલો છે, અને જેને વીષે " પારસી પ્રકાશમાં " પણ કેટલેક ઠેકાણે ઇશારા મળે છે, તેમાં મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ કરેલા કહેવાતા મોજેજાઓ વીષે કરવામાં આવેલું લખાણ તેને માટે જણાવવામાં આવેલી શાહદતોના નામ સાથે આ જોડે હું મોકલી આપું છું. મોજેજાઓની વાતો હવે કરવીજ નહીં અને તેમને બાજુએજ મેલી દેવી એવી સલાહ અહીંના દસ્તુર દારાબજીને તેમના મુંબઇવાળા કાબેલ મીત્રોએ આપવાથી દસ્તુર અને તેમના કુટુંબીઓ વગેરે, ગુચવાડામાં આવી પડયા છે, એમ મેં ગઇ વેળા જણાવ્યું છે તેનું કારણ લાઇબ્રેરીમાં તેમના એક કુટુંબીએ મેલેલી ચોપડીમાંના આ જાતનાં લખાણો છે. મોજેજાઓની વાતનો આધાર માત્ર એક ખયાલ ઉપરજ રહેલો હોત તો તેને માત્ર હસી કહાડીનેજ કામ લઇ શકાત. પણ જે ચોપડીમાં આ લખાણ દાખલ કરવામાં આવ્યું છે તે તો નવસારીના દસ્તુર મોબેદો વગેરેના ઇતીહાસના જેવી ગણાવવામાં આવે છે, ત્યારે એ ચોપડીનું શું કરવું તે એક સવાલ થઇ પડયો છે. વળી એ ચોપડી છુપી રહી નથી. ખયાલમાં જણાવેલા મોજેજાઓના સંબંધમાં વધારે પુછપરછ કરવામાં આવતાં, મરહુમના કોઇ કોઇ નબીરાઓ એ ચોપડી મધેની તવારીખની શહાદત અવારનવાર આગળ કરતા રહ્યા છે, તેમજ તેમાંથી નકલો ઉતારીને તે પણ પોતાના લગતાવળગતાઓ વચે ફેરવતા રહ્યા છે. ઘણો ગુચવાડો એટલા માટે ઉભો થયો છે કે એ ચોપડીમાં જે શહાદતોને નામે વાતો કરવામાં આવી છે તેવી કોઇ શહાદત હસ્તી ધરાવતી નથી, અથવા તેમાં જણાવેલી જે કેતાબ હસ્તી ધરાવે છે તેમાં તેને નામે જણાવેલી વાતો મળતી નથી. એક શહાદત " બદલાની " ની લખેલી ચોપડીની જણાવવામાં આવે છે; પણ મને જણાવવામાં આવ્યું છે કે તે નામ લખવામાં ભુલ થઇ છે. " બદલાની " નહીં પણ " બદાઉની " ની તે ચોપડી છે; પણ તે ચોપડીમાં તો લાઇબ્રેરીમાં મેલવામાં આવેલી ચોપડીમાં લખ્યા છે તેવા કોઇ મોજેજાની કશી પણ વાત મળતી નથી. જેમ અહીંઆં તેમ મુંબઇમાં તે વીષે મારી જાણ પ્રમાણે ઘણી શોધખોળ ચલાવવામાં આવી છે અને હજુ પણ ચલાવવામાં આવે છે, પણ તેનો કાંઇ પણ પતો મળતો નથી. એવી આપેલી શહાદતોની ચોપડીનું કરવું શું તે વીષે ગભરાટ અને ગુચવાડા વચે વીચાર ચલાવવામાં આવે છે. શું પરીણામ તેનું આવે છે તે જોઇશું; અને તેટલાં નીચલા

ફકરાઓ બોલેબોલ જેમ એ ચોપડીમાં આપ્યા છે તેમ હું ઉતારી મોકલું છું.

એક ભરમપોરચો.

નવસારી, તા૦ ૨૩ મી નવેમ્બર.

અસલ જુની ફારસી વહી ઉપરથી બરાબર નકલ કરી છે.

જમાનાનો પાદશાહ અને જમાનાના ઇનસાફવાળા બાહાદુર અકબર બાદશાહ કે બોદાતાલા હમેશા તેના મુલકને કાયમ રાખે. તે પાદશાહના વખતમાં શને ૯૯૧ હીજરીના વરસમાં દીલ્લી શેહેરમાં જગતગુરૂ નામનો એક બ્રાહ્મણ નીચ એલમમાં ઘણો બબડદાર હતો. તેને અકબર પાદશાહની હજુરમાં ઘણો બોજ અને હોરમત અને આબરૂ મેળવી હતી અને તે જાદુથી હાથ ચાલાકી બતાવવામાં ઘણો પુરો હતો, તેથી પાદશાહ તે ઉપર બેહદ એતેકાદ રાખતો હતો અને તેનો તાબેદાર થઇને તેની ઉપર સઘળુ એકીન રાખતો હતો કે એ બ્રાહ્મણ કામો કરનારો ઘણી છે. અને તે બ્રાહ્મણે છુપી રીતે જાદુઇ અને મકરપણાના બોલથી એક સુનાની તસત ઇયાને થાળી બનાવીને તેને આશમાન ઉપર હવામાં આફતાબની સનમુખ અતરંગ ઉભી કીધી હતી. અને પાદશાહને અને તમામ પાદશાહી અકાબરોને નીશાન બતાવતો હતો કે મેં મારી કરામતથી બીજો આફતાબ બનાવ્યો છે, અને એમ કરવાની શકતી પરવરદેગારથી હું પામેલો છું કે કોઇની તાકાત નથી કે મારા સીવાય એવા મોટા કામની નીશાન બતાવે. અને પાદશાહીનો મોટો વજીર પોતાનાં દીલમાં જગતગુરૂ ઉપર ભરોસો નહી રાખતો હતો તેથી પાદશાહને સમજાવ્યો કે એ જનોઇ રાખનારે જાદુઇ અને મકરથી ફરેબ કીધો છે કે આશમાન ઉપર બે આફતાબની નીશાન બતાવે છે તેથી એમાં બેહદ ફરેબ માલમ પડે છે. તેવારે પાદશાહે ફરમાવ્યું કે આએ તરફમો કોઇ એલમના કામવાળા ભરોસાભરેલા આદમીને શોધી કહાડે કે તેથી એના ફરેબ માલમ પડે તેથી એની અજમાએશ કરવામાં આવે. તેવારે મોટા વજીરે તમામ હીંદુસ્થાન અને દક્ષીણનો મુલકો તરફમાં ઘણી તલાશ કરવાથી ખબર પડી કે સુરત બંદરની નજીક નવસારી નામનો એક મકાન છે. તે જગાએ એક પુરા એલમવાળો બંદગીના કામ કરનારો પાક દીનનો યજદાપરસ્ત છે. અગર તેઓને આએ જગાએ બોલાવે તો તેઓના મોબારક કદમ આવવાથી જગતગુરૂનો ફરેબ માલમ પડશે. તે વારે તે મોટા વજીરે મેહેરજી રાણા નામના યજદાપરસ્ત દસ્તુરને ઘણી બાહેશ અને એજત અને માન સાથે દીલ્લી શહેરમાં બોલાવીને બાહાદુર અકબર પાદશાહ સાથે મુલાકાત કરાવી અને બીજા આફતાબ વીશેનો શબ્દો હેવાલ તેવણને સમજાવ્યો, તે વારે તે નામદાર દસ્તુરે ફરમાવ્યું કે કાલ રોજે પાદશાહો પોતાના પાદશાહી અકબરો સાથે એકઠા થાએ અને શેહેરની બાહેર જંગલમાં એક મીજલશ કરે તો ખુદાનો ચાહવું છે તો એના મકરનો ભેદ ખુલો થાશે. તેવારે પાદશાહે સવારને પોહોરે અમીર અને વજીર સાથે શેહેરની બાહેર જંગલમાં મીજલશ કીધી, અને તે પાક દીનનો દશતુર એખલો એક જગાએ બોદાતાલાની બંદગીમાં બે ઘડી મશગુલ થયો હતો. અને ખુદાતાલાના ખુજરગ નામની બરકતથી અને પાક દીનના પઢવાથી તે સુનાની થાળી કે જે જાદુઇથી હવા ઉપર અતરંગ ઉભી કીધી હતી તે જગોથી ફરીને ચકરાવો બાધને એકદમ પાદશાહની રૂબરૂ અને મજલેશના લોકો આગળ પડી. તે વખતે પાદશાહે અને તે મજલશના અકબરોએ તે જોઇને હજાર આફરીન કીધી

અને તે પાક દીનવાળા દશતુર ઉપર જનો-દીલથી ઘણો ભરોસો રાખનારા થઆ, અને જગતગુરૂ શરમીંદ્દા અને બેહારમત થઇને તે જગોથી નાસી ગીએા. અને પાદશાહા હંમેશા તે પાક દીનવાલાના શખુનને પસંદ કરતો હતો તે એટલી હદ સુધી કે પાદશાહા તે પાક દીનવાલાના મજહુબ અને રીતભાત ઉપર અને ઇઅજદાની પરશતેશ કરવા ઉપર પોતાનો દીલોજાનીથી પુરો એતેકાદ રાખતો હતો, અને કુશતી શુદરાહા છુપી રીતે પેહેરીને બોદ્દાની બંદગી કરતો હતો. તેહેવાર પછી કેટલીએક મુદતે દશતુર મેહેરજીરાણાને હદીએા અને શોગાત અને નીઆમત અને આબરૂ અને બખશેશ અને શનંદ સાથે શરફરાજ કરીને નોસારી તેવ-ણુને ઘેર મોકલેઆ. તેવી હજુર સુધી તેવ-ણુની નેકનામી મશહુર અને જાહેર છે. એજ, તા૦ ૫ મી માહે-શાઆબાને મએાજમ સને ૧૨૦૨ હીજરી, એ બીર નામે જગોએ લખીઉં.

લખનાર-કાજી હબીબ અલાખાન
દીલીના રેહેવાશી.

શાહાદતો લખી છે.

મોટા મરતબાના પાદશાહાના અમીરો મધેથી અબદુલ કાદેર બદલાની નામનો શખસ પોતાની બનાવેલી વાકેઆતે અક-બરીમો લખે છે કે મોબારક જલુશી શને ૩૩ ના શાલમો આલમની પહનાના અક-બર પાદશાહાને તમામ મહજબો તપાસ-વાનો શોખ થએેઆો તેટલા માટે બબરદાર નુજુમીએો તથા કાબેલ રમલ જાણનારા અને બીજા હુશીયાર હાનાએોને હાજર કીધા હતા, જેમાં ઇઆહવદી અંગ્રેજ અને પારસી અક-બરો હતા. ફરાણુશના વકીલને હુકમ કરી બે ત્રણ પાદરીએોને બોલાવી તમામ અંજી-લનું બીઆન સાંભલીઉ. તાર બાદ શેખ અબુ ફજલની મારફતે તમામ હીંદુ શાશ-તરનો તરજુમો કરાવી શાંભલેએો. તે વખત હીંદુઓનો એક શાશતરી જગતગુરૂ નામનો હતો, જેણે જાદુઇના જોરથી પાદશાહાના દીલને તાબે કરીને રોશની આપનારો સુરજ અને ચાંદ આશમાનની બોલંદીના ઉપર કાએમ કરીઓ હતો, જેથી મુશલમાની મજ-હબના તમામ એોલમાઓ પુર ગોશો રાખતા હતા અને ચાહતા હતા કે અગર કોઇ શખશ એ જાદુઇને દુર કરે તો ઘણું શારૂં. કારણ કે પાદશાહાનું દીલ એના તરફ ઘણું છે માટે રખેને હીંદુ મજહબ કબુલ કરે. એ વાતના દરમીઆનમાં એવી બબર પડી કે ગુજરાત બલાકામાં નવસારી નામનું પરગણું છે તે જગો ઉપર મેહેરજી રાણા નામનો હાનાવ ઇઅજદા પરશત પારશી છે તેને જો બોલા-વામો આવે તો આએ જાદુઇ તલેશમને તોડે. પછી પાદશાહના હોકમથી મેહેરજી રાણાને નવસારીથી ઇજન તથા હોરમતના સાથે બોલાવેઆ. મેહેરજી રાણા બોદ્દાતા-લાની બંદગીમાં મશગુલ રએેઆ જેથી જાદુ તલેશમાની સુરજ અને ચાંદ જમીન ઉપર પડેઆ કે જેથી મજલેશના તમામ અક-બરોએે હજાર હજાર આફરીન કીધી, અને જગતગુરૂ શરમીંદ્દા થએેઓ અને મોહું પણ કાલુ થઇઉ જેથી નાથા વગર છુટકો થએો નહી. પછી કેટલાએક એોલમાઓએે મેહે-રજી રાણાને દીન મજબ વીશે સવાલો કીધા. જેના જવાબો મેહેરજી રાણાએે ઘણા આશા-નીથી દીધા. પછી કેટલીએક ઇજત તથા હોરમત અને બા ફરજનદાન ઇનામી જમીન શાથે કેટલાએક માણશોને સાથે આપી પોતાને વતન રવાના કીધા.

શાહાદત બીજી.

શેખ અબુફજલ તવારીખે માહાનામામે લખે છે કે મોટા દરજાના મોહોમદ અકબર જલાલોદીન પાદશાહાને હીજરી શને ૯૯૨

તે જલુશી શને ૩૩ ની શાલમે શઘલા મજબો તપાસવાની મોટી ખાહેશ થઇ. કાહા તલક કે જગતગુરૂ નામના હીંદુ શાશતરીએ અકબરને એટલો તો રજુ કરી રાખેલો હતો કે તેની મતલંબ હીંદુ મજબ પાળવાની હતી. અને જગતગુરૂએ આશમાનની બુલંદી ઉપર બુરશેદ અને ચાંદને કાએમ રાખી પોતાના મજબનો ફેલાવો કરવાને ધારણા રાખતો હતો. એવી તકરારના દરમીઆનમો ગુજરાત પ્રાંતના પરગણે નવશારીથી એક કાબેલ ઇબ્બજદાં પરશત મેહેરજી રાણા નામના શબસને પાદશાહોની દરબારમાં બોલાવેઆમાં આવેઆ, જેણે જાદુઇથી ઉભા કરેલા સુરજ અને ચાંદને જમીન ઉપર નાંખીઆ. આએ બનાવ જોઇ જગતગુરૂ શરમીંદો થઇ નાહાસી ગીએો. પછી પાદશાહ શલામતે મેહેરજી રાણા મચકુરને કેટલાએક ઇનામ તથા એકરામ અને મોટી ઇજત સાથે પોતાને વતન રવાના કીધા.

શાહાદત ત્રીજી.

મોલવી અબદુલ નબી શીશેતાની પોતાની જણાવેલી તવારોખે તબકાતે અકબરી નામની કેતાબમાં જણાવે છે કે મોબારેક જલુશી શને ૩૩ તે હીજરી શને ૯૯૨ ની આખેરીએ પાદશાહ અબુઅલ ફજર જલાલોદ્દીન મોહમદ અકબર પાદશાહ કે શાએબો હોજે તેના ઉપર પરવર દેગારનો, તે શાહેબનો મેજબે આલી તમામ મજહુબોની તપાશ કરવાને રજુ થાએબો હતો. તેથી હીંદુઓના મોલમાઓને તથા પંડીત શાશતરી અને કાબેલ ઇઆહવદી અને અંગરેજો તથા ઇબ્બજદા પરશતી મોલમાઓ વીગેરે સરવે મજહુબોના અકાબરોને પોતાની હજુરમે હાજર રાખેઆ હતા, અને એક બીજામાં મજહુબોની તકરાર ચલાવતા હતા.તે તકરારો સાંભળતા મોબારક પાદશાહની તબીઅત ઇબ્બજદાં પરશતી મજહુબ તરફ વધારે પરીત ધરાવતી હતી. એ વાતના દરમીઆનમાં જગતગુરૂ નામનો શબસ બીરબલ વજીરની મારફતે પાદશાહની દરબારમો આવી પાદશાહનાં દીલને જાદુ અને તલેશમથી પોતાના મજહુબ તરફ રજુ કરી, બે રોટલી ચોખાની બનાવી એક સુરજ અને બીજી ચાંદના આકારમાં જાદુઇથી આશમાન ઉપર ચહડાવી પોતાના મજહુબનો ઢંગો વગાડતો હતો. એવા બનાવથી તમામ નાહના મોટાઓ પોતાના દીલમે અદેખાઇ લાવી બોલતા કે આએ કાફરે શું કામ કરીઉ છે, વાસ્તે હેવું બનવું જોઇએ કે એણે ચડાવેલા ચાંદ સુરજને કોઇ હેઠે પાડનાર તજવીજ કરવો જોઇએ. એટલામાં પાદશાહને ખબર પડી કે ગુજરાત પરાંતમો નવસારી નામનું પરગણું છે, તાંહ મેહેરજીરાણા નામનો બોહદા પરશત એક જરથોશતી કાબેલ શબશ છે, તેને જો બોલાવવામાં આવે તો આએ જાદુઇથી ચડાવેલા ચાંદ સુરજને જમીન ઉપર લાવશે. એ વાત સાંભળતાંજ પાદશાહે ગુજરાતના શુબા તરફ હોકમ લખી મેહેરજી રાણાને બોલાવીઆ. જેથી મેહેરજી રાણા પાદશાહની દરબારમાં હાજર થઇ પાદશાહની મોલાકાત લીધા બાદ જગતગુરૂના તલેશમ તથા જાદુઇની હકીકતોથી વાકેફ થઇ બોહતાલાની બંદગીમાં મશગુલ રહેઆ, જેથી તલેશમાહી ચાંદ અને સુરજ પાદશાહની અનજુમનની રૂબરૂ આવી પડેઆ, જેથી જગતગુરૂ શરમીંદો થઇ પાદશાહના રોબથી ગરકાવ ગએો. પછી પાદશાહે તેહને શેહેર બાહાર કહાડયો. પછી મેહેરજીરાણાની કાબેલીઅત ઉપર શરવે મજલેશીઓએ આફરીન કરી, અને પાદશાહે કેટલાએક માણસ શાથે અને જમીનના ઇનામ શાથે નોશારી રવાના કીધા.



ના૦ ૯૧

મુંબઇ સમાચાર.

(તા. ૧ લી ડીસેમ્બર સને ૧૮૯૬)

મરહુમ દસ્તુર મેહેરજીરાણા દીલી ગયા હુતા અને શેહેનશાહ અકબરને તેઓએ સુદરેહ કુસ્તી પેહેરાવ્યો હુતો એવી ચાલતી આવેલી કથાના ટેકામાં આગળ કરવામાં આવતો એક ખ્યાલ.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,–તા૦ ૨૪ મી નવેમબરના તમારા પત્રમાં સેા. ઢા. બ. ની સહીથી લખનાર એક ચરચાપત્રીએ એવી સુચના ઠરી હતી કે, મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ શેહેનશાહ અકબરને સુદરેહ કુસતી પેહેરાવયાની વાત જે ખ્યાલ મધે જણાવી છે તે ઉપર લગતા વળગતાએા મેાટેા આધાર લેતા હેાવાથી તે બાહેર મેલાય તેા સારૂં. તે ખયાલ આ સાથ મેાકલી આપવાની હું રજા લઉં છું. મુંબઇમાં આશરે ૩૦ થી ૩૫ વરસ ઉપર છપાયલી એક ચેાપડીમાંથી મેં તે ઉતારી મેાકલયેા છે. તા૦ ૨૬ મી નવેમબર.

ભ. ઉ.

*** એજ ખયાલની નકલ બીજા ત્રણ ચરચાપત્રીઓએ અમારા ઉપર મેાકલી આપી છે.–અધી૦ મુ૦ સ૦

દસ્તુર મેહેરજી રાણાનેા ખેઆલ.

મેહેરજી રાણાં બરા નેક થા પુરા બંદા શાહેબઝા. પાદશાહા અકબર શુધરા પેહેનાં દેખ તમાશા મજહુબકા–ટેક.

અકબર પાદશાહા બરે પાદશાહા ઘેાશા બાજે ઠંઇ મુલખેામે, જગતગુરૂને થાલી ઉરાઇ બીર જોરશે ગધનમે. ઉશ થાલીઠા સુરજ હુવા દેા સુરજ દીખે બાદલમે, દેા સુરજ દેખે રધયત શારી અચરત હુવે અપને દીલમે. પાદશાહા આગે ઉશી દીનશે બરા મરાતબ જગતગુરૂકા, પાદશાહા અકબર શુધરા પેહેના દેખ તમાશા મહજબઝા–[૧]

અકબર પાદશાહા જગતગુરૂકુ મુજરા કરતે ઉશ દીનશે, દીલભર વજીર થા જી શેઆના અકલ તેાલી દીલેાશે. કમર બાંધઠર બીરા ઉથાયા આયા નવસારી દેશે, મેહેરજી રાણાકુ લેકર ગયા જા પેાહેાંચા પાદશાહા પાશે. પાદશાહજી તુમ શુનેા શબેામે બરા મજહુબ હુએ પારસીકા, પાદશાહા અકબર શુધરા પેહેના દેખ તમાશા મહજબઝા.–[૨]

મેહેરજી રાણા તેરા દેખું મજહુબ કેહેતે પાદશાહા અકબરે, દેા સુરજ કેઉ હુવા ધધનમેં જવાબ દેવેા જલદી કરે. મેહેરજી રાણાકુ દીઆ બીછાના ના બેઠા બરા હુરે, અપને પાશકા રેામાલ બીછાઠર બેઠ ગયા ઉનકે પરે. પાહેજા કુશતી ઠરકર કામ શુરૂ કીઆ થા પહરનેઠા, પાદશાહ અકબર શુધરા પેહેના દેખ તમાશા મજહુબઝા–[૩]

પાકી શાકીશે પહરને લાગા ધેઆન ધરતા સાહેબશે, થાલી આનકર ગીરી જમીન પર જગતગુરૂકે ગહે હેાશે. અકબર પાદશાહા દીલભર વજીર દેખ રહે મેહેરજી રાણાશે, ઉઠાઇ જમીનસે થાલી આલમ દેખ રહી શબ તમાશે. બરાજી કાબીલ વજીર ઉનપર ચલા નહી જાદુકી શઠા, પાદશાહા અકબર શુધરા પેહેના દેખ તમાશા મજહુબઝા–[૪]

પારસીકા મજહુબ દેખકર પાદશાહા હુવા મગને, શુધરા પેહેનકર બેઠા તખતપર જયશા ખીલે રહેઆ ચાને. કીબલે નુરાની કબુલ કરકે આતશ કીઆ રેાશને, કઇ તરાંકે

દેખ મેાજેજા લાએેઆ રાશત યકીને. જરા-
તેાશતી ઉપર ઇમાન લાએેઆ બખશા નુર
શાહેબકા, પાદશાહ અકબર શુધરા પેહેના
દેખ તમાશા મજહુબકા.-[૫]

જામ.શપી એાર જરાતેાશતકી નજુમ
ઉનકુ માલમે, અગર નામને કીશે રહે ગયા
શાચી શીખા તાલમે. જાગીર દીઆ શાહ
અકબરને મેહેરજી રાણાકુ ઇનામે, નવસારીમે
આજ તક હુયે ઉનકા વશીલાશે નામે. ઇલમ
ઉપર અમલ કીયા પેાંહેાંચા બેહેશત મુકામે,
આગે પીછે શબકુ મરના નેકીકા કર લેવેા
કામે. પાક દીનેકા ખરા મુરાતબ જરાતેાશતી
શાચા શીકા, પાદશાહા અકબર શુધરા પેહેના
દેખ તમાશા મજહુબકા.-[૬]

હીનદુ મુશલમીન ખરીશટી મજહુબ
નહી શાહાને ખાતર લાઇઆ, પારસીકુ
શાચા ઠેરાકર ખુલી કબરશે ગઇઆ. રાજગીર
ઉશતાદ હમારે ભલી દીનકે ગુન ગાએેઆ,
શુધનવ બેઆલી બેાલે બેએેઆરેા કુલ આ-
લમકે મન ભાએેઆ. લાખેાકી ફેાજમે
મેાહેારા નહી છુપેગા પારશીકા, પાદશાહા
અકબર શુધરા પેહેના દેખ તમાશા મજ-
હુબકા.-[૭]



ના૦ ૯૨

મુંબઇ સમાચાર.

(તા. ૩જી ડીસેમ્બર-૧૮૯૬.)

મરહુમ દસ્તુર મેહેરજીરાણાએે ભરૂચમાં બંધબસ્ત બંદીખાનામાંથી ગેબી રીતે* દીલ્લી નીકળી જવાના કરેલા કહેવાતા મેાજેજાનેા મુંબઇ ચાબુકમાં અઠાવીસ વરસની વાત પર છપાયલેા હેવાલ- "મેહેરજી રાણાનું પરભ" અથવા "દીસેા" દર વરસે ભરૂચના પારસીએેા કરે છે એેવેા મરહુમના કેાઇ કેાઇ કુટુંબીએેા તરફથી હાથનાં લખાણ મારફતે ફેલાવવામાં આવતી વધુ બીના.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,-ભરૂચ ખાતે મરહુમ દસ્તુર મેહેરજી રાણાએે કરેલા કહેવાતા મેાજેજા સંબંધી જે વાતેા તમારા પત્રના ગઇ તા૦ ૧૨ મીના અંકમાં હું જણાવી ગયેા છું, તેના સંબંધમાં તમારા ચરચાપત્રી સેા. કા. બ. એે જણાવેલા વીચારેા બરહુક છે, અને તેનેા આધાર જાણવાને તેેાએેએે દેખાડેલી બાહેશ સારી છે. ભરૂચમાંના મેાજેજાની વાતેા મારી તરફથીજ આ પેહેલી વાર બાહાર મેલવામાં આવી છે એેમ નથી. એે વાતેા આગળ પણ છપાઇ ગયલી છે, અને તે વીષે તે વખતે પણ કેટલીક ચરચા ચાલી હતી. મુંબઇ ચાબુક પત્રે ૧૮૬૮ ના વરસનાં જુન માસની તા૦ ૧૭ મીના અંકમાં તે છાપી પ્રગટ કરી હતી; અને તેની સામે જામે જમ-શેદ પત્રના એેજ વરસના જુન માસની તા૦ ૨૫ મી અને જુલાઇ મા૦ની તા૦ ૨૮ મી

* આ "ગેબી રીતે" શબ્દેા ધુસાડી દીધા છે જુએેા નંબર ૯૭.

ના અંકોમાં લખાણ કરવામાં આવ્યાં હતાં. તે સઘળાં લખાણોની નકલ હું ધરાઉં છું. પણ તે લખાણ હોવાથી પહેલાં મુંબઇ ચાબુક માંનું લખાણજ હું ઉતારી મોકલું છું. એક તરફ જોવામાં આવશે કે પેલા જગતગુરૂએ બે સુરજ તથા બે ચાંદ બનાવવાની અને મરહુમે તે આકાશમાંથી તોડી પાડી બતાવવાની વાતોને તો ચાબુકના અધીપતીએ હસી કાઢાડવા જોગજ ગણી છે. ચાબુકમાંના આ હેવાલની સાથેજ પુરવણી તરીકે, મરહુમના કોઇ કોઇ નબીરાઓ તરફથી હાથની લખેલી એક નકલ મારફતે, જે એક વધુ વાત ભરૂચમાં મરહુમે કરેલા કહેવાતા મોજેજાના સંબંધમાં ફેલાવવામાં આવે છે તે પણ મોકલી આપવાની રજા લઉં છું. જામે જમશેદમાં આવેલાં લખાણો હવે પછી હું મોકલી આપશ.

તા૦ ૨૪ મી નવેમ્બર.

ઇતીહાસનો શોકીન.

(મુંબઇ ચાબુક, તા૦ ૧૭ મી જુન ૧૮૬૮.)

આવા એક પરતાપી તથા એલમ હુનરના કદરદાન રાજકરતા (અકબર) ની સલતનત માહેલા નવસારી કસબામાં એ વખતે દાનાઇ તથા અશોધને માટે પરખયાત થયલા દસ્તુર મેહેરજીરાણા રેહતા હતા જેમની નામવરી બાબેની ઉતરતી આવેલી દંતકથા, જે પરભારી રીતે મલીચ તે નીચે મુજબ છે.

શાહનશાહ અકબરનો બેટો શીઘ્રીમ જે જીહાંગીરને નામે આશકારા થયો હતો, તે પોતાની માવતર સંગાથે પોતાના બાપની રાજસલતનતમાં સેલઘા. કરવાને નીકળ્યો. જ્યારે તે સેલઘાથી પાછો ફરતા ગુજરાતની સરહદમાં આવ્યો તયારે જીહાંગીરશાહે પોતાની માને પુછ્યું કે હવે આપણે તો સઘળુ જોઇ પાછા આપણા પાયતખત શેહેરમાં જઇએ છીયે. તયારે હદીયા તરીકે અકબરશાહને માટે શું તોફો વસ્તુ આપણે લઇ જઇએ. તેને નજર કરયે. આના ઉતરમાં જીહાંગીરને તેની માએ જણાવ્યું કે બેટા તારો નામવર પીતા તો બોલમાઓ તથા ફાજેલોનો બહુ શોખ રાખી તેમની ઉપર જનફેશાની કરે છે. એ ઉપરથી જીહાંગીરશા જે પોતાની માએ સાથે સુરતમાં હતો તેણે તાંહા વસતા જુદી જુદી કોમના મુખીઓને બોલાવી એલમ હુનરમાં કાબેલ તથા કામેલ થયલાઓને મેળવી આપવાને ફરમાવ્યું. પારસીઓએ પોતાની કોમ તરફથી નવસારીવાળા દસ્તુર માહીઆર અથવા મેહેરજી રાણાને ચુંટી કાહાડીઆ. હવે જીહાંગીરશાહાને શાહનશા અકબર હજુર જવાની ઉતાવળ હતી. તેથી સુરતના નવાબને એવો હુકમ કરી ગએબો કે દસ્તુર માહીઆરની બનતી માહવજત કરી તેને જોઇતા રીશાલા સાથે દીલહી રવાના કરવા. જે વેળાએ મેહેરજી રાણાને બોલાવવા માટે સુરતની સરકારે નવસારી મધે રંજ (?) દુતો મોકલયા ત્યારે સરકારી માણસોના બોલાવવા જવાથી દસ્તુર ગભરાટમાં પડીયા સુરત જવા માટે દસ્તુરે પોતાની સાથે કપડાંની એકાદ બે જોડ બાંધી લઇ ઉથાંતરી કીધી. જહાંગીરશાના હુકમ મુજબ સુરતના નવાબે દસ્તુરની માહવજત કરી. રાહાના દરમીઆનમાં તેમની ખીદમતને માટે તેમણી સાથે એકાદ બે પારસી નોકરો આપી તેમણે માન સહીત આગળ રવાનાં કરયા. દીલ્લી જતી વખતે જીહાંગીરશાહે મથકે મથકના હાકેમોને હુકમ કર્યો હતો કે દસ્તુર તથા તેમના રેસાલાની અછી રીતે બરદાસત કરવી. દસ્તુર માહીઆરનાં આવવાની ખબર થવાથી ભરૂચનાં કેટલાએક પારસીઓ તેમણે એશતેકબાલ ગીઆજેવોએ પોતાના નવાબ તરફથી તેમની ઉપર પડતા જુલમની હકીકતથી તેમને

વાકેફ કીધા. જ્યારે દસ્તુર માહીયાર એશ-તેકણાલ લેવા આવનારા પારસીઓ સંગાથે શેહેરમાં દાખેલ થયા તયારે તે નવાબને શક ગએએા કે તેની તરફથી પારસીઓ ઉપર ગુજરતા જુલમની ફરીયાદ શાહુન-શાહાની દરગાહમાં રજુ થશે. તેથી તેણે દસતુરને એક ઘણુંજ બંધબસત મકાનમાં ઊતારો આપી રાતને સમે બેમાલુમ રીતે તાંહાં ચોકી પેહેરા રાખીઆ. એટલા માટે કે વલતે દીને તે દસ્તુરની હઈઆતીનો આંકો લાવી મેલે. પણ તે કરીમો કારશા-જની રેહેમથી તે નવાબની ખુરી નેમ બરઆદ ગઇ. તે એવી રીતે કે રાતની વખતે પીશાબની હાજત થવાથી દસ્તુર માહીઆર ખોવાબમાંથી બીદાર થાએઆ તીઆરે પેહેરેગીરો ચોકી કરતા તેમની નજરે પડીઆ તેથી ગભરાઇને પોતાની સાથનાં એક માણસને જગાડી કહયું કે કુશતી પાદીઆબ કરવા માટે પડોશના એક કુવામાંથી ચોખ્ખું પાણી લઇ આવવું. દસ્તુરના માણસે દર-વાજા આગળના પોહોરેગીરને આજેજી કરવાથી અને તેને રેહેમ આવવાથી તે માણસને પાણી લાવવા માટે જવા દીધો. પાણી લાવીયા પછી દસતુર કુશતી પાદી-આબ કરી પોતાની ઉપર એકાએક આવી પડેલી આફત તાળવા માટે એબાદત કરવા મંડયા. એબાદતથી ફારેગ થવા પછી તે બંધબસ્ત મકાનમાંથી નહી જણાએ એવી રીતે નીકલી જવાનો મારગ તેમણી નજરે પડયેા. જેમાંથી તે દસતુર પોતાના માણુસો સહીત નીકલી ઉગત રાહે બનતી ઉતાવલથી ચાલ પકડી. બામદાદ પડવે ખોલ કરતાં જ્યારે દસતુર સાહેબ નીકલી ગયલા જણાયા તયારે તે જુલમી નવાબના હાંજા ગગરી ગીયા. તેથી સવારો તેમણી પાછળ દોડાવયા. પણ તે સઘળું બેજા હતું. એ પ્રમાણે ઘણીએક મનજલ કાપયા પછી દસતુર માહીયાર દીલી જઇ પુગા જાહાં તેમણે માટે આરાશતા કરેલા મકાનમાં ઇજત સાથ ઉતારો આપવામાં આવયેા. શાહાનશા અકબરની દરગાહામાં તે વખતે મુલકે મુલકના એાલમાએા આવયા હતા. જેમણી સંકમાં મેહેરજી રાણા આવયાથી વધારો થયેા. એક દીને શાહનશાહે પોતાની કચેરી-માં બીરાજવાને દસ્તુર માહીઆરને ઇજન કરીયું જાંહાં તેમણે જરથોસ્તી ધરમની બારીકી સંબંધી ઘણાએક બીકટ સવાલો ખુદ શાહાનશાહે તથા બીજા એાલમા અને અમીર ઉમરાવોએ કરીઆ જે સઘલાનો જવાબ સહમજ પડે એવી રીતે ખુલાશા સાથે ચપલાઇ તથા ચંચલાઇથી વાળીએા. જેથી શાહાનશાહા તેમજ બીજા દરબારીએા તાજુબ તથા હેરત રેહયા. દસ્તુરની કાબેલીઅત તથા કમાલીઅત ઉપર આફરીન કરવા લાગા. જરથોસ્તી મહજબ-નાં પાકીજે કલામેા દસ્તુરને મોડેથી સાંભળીઆથી શાહનશાહ અકબરને એ માજદીઅશની દીનમાં થોડા વખત સુધી આવવાની ઘણી ખાહેશ થઇ. જેથી પોતા-ની માતા તથા રાજના બીજા મોહોટા અધીકારીઓની મહા મુશકેલીથી રજા મેલવી શુદરો કુશતી પેહેરવા સારૂ અકબર-શાહે દસ્તુર માહીયારને ફરમાશ કરી જે તે અશો દસ્તુર સાહેબે મોટી ખુશી સાથે બાહાલ રાખી. જગતગુરૂ સંબંધી નહી માનવા સરખી બીનાની હાલમાં જગેા કરવી હમેા બેજા સમજીએ છીયે. શાહાન-શાહાની બજાવેલી બીદમતના અવેજમાં દસ્તુર માહીયારને તેના માગવા મુજબ અકબરશાહે નવસારી કશબા મધે ૩૦૦ વીંઘાના વીસ્તારનેા એક વજીફેા બખશીયેા. જે હાલમાં તેમનાં વંશજો વાપરે છે. જ્યારે દસ્તુર માહીયાર પોતાના વતન પાછા ફરવાની તઇયારી કરવા મંડયાં તયારે દીલી આવતાં રાહામાં મથકે મથકની

સરકારે દસ્તુરની મહારત શી રીતે કરી હતી તે બાબે જાહાગીરશાહે પુછતા દસ્તુર મજકુરે દુરઅંદેશીથી જણાવ્યું કે સઘળી સરકારો કરતાં ભરૂચના નવાબે તેમની આગતા સવાગતા સારી રીતે કરી હતી. જે સાંભળી ખુશી થઇ જાંહાંગીરશાહે ભરૂચના નવાબ ઉપર કેટલુંક નજરાણુ મોકલયું. નવસારી આવવા માટે દસ્તુર માહીઆર દીલ્લીથી નીકળે છે. એવી ખબર જ્યારે તે નવાબને થઇ તીઆરે કેટલીક મનજલ સુધી દશતુરને એશતકબાલ લેવા માટે મોહોટી ધામધુમ સાથે ભરૂચનો નવાબ ગીએો અને તેમના ઉતારા માટે એક આલીશાંન મકાન આરાશતે કરાવયું જાહાં તેમની મેહેમાનગીરી મન માનતી રીતે કરી અને તેમણે તાહાંથી વીદાએ થતી વખતે ભરૂચના પારસીએો ઉપર પડતા અનેક વેરાની જુશરીમાંથી તેઓને મોકળા કરવાને કબુલાત આપી.

[મરહુમના કોઇ કોઇ નબીરાઓ તરફથી હાથની લખેલી નકલ મારફતે ફેલાવવામાં આવતી વધુ વાત.]

જેવારે મેહેરજી રાણાં દીલી જાવા નીકલેઆ અને ભરૂચ શેહેરમાં જઇ પોહોતા તે વારે તાંહાંનાં કેટલાએક પારસીઓએ આવીને મેહેરજીરાણાને આજેજી કરી કહીઉ કે તમો પાદશાહના બોલાવેઆથી દીલીની દરબારમાં જાએોછો તો ઇહાંનાં ભરૂચનાં નવાબનો હુમારા ઉપર અતી ઘણો જુલમ ગુજરે છે માટે મેહેરબાની કરી પાછા આવો તે વારે એટલા હુમારા ઉપર ગુજરતા જુલમને દુર કરાવીને આવસો તો તમારો મોટો ઉપકાર માનશું. તે વારે મેહેરજી રાણાએ તે લોકોને જવાબ દીધો કે મારાથી શું બનવાનું છે, પણ મારો નેગેહેબાન બોહદા છે તે બોહદા તમોને મદદ કરશે. એટલું કહીને ભરૂચથી રવાના થએેઆ, અને જે વારે મેહેરજી રાણાં પોતાને સોપેલું કામ કરીને ફારેગ થએેઆ અને ઇજત સાથે દીલ્લીથી પાછા ફરેઆ તેવારે પાદશાહ અકબરને પેલા ભરૂચના નવાબની જુલમ ગુજારવાની પારસીએો ઉપરની વાત સરવે કહી સમજાવી અને અરજ કરી કે તે લોકો ઉપરનો જુલમ દુર કરવો જોઇએ. તે વારે પાદશાહાએ તુરત ભરૂચના નવાબ ઉપર ઘણી તાકીદ કરી કાગજ લખેએો તેથી ભરૂચનાં લોકો ઉપરનો જુલમ ટલી ગીએો છે. તેથી ભરૂચના પારસીએો આજ દન તલક મેહેરજીરાણાંને ઇઆદ કરે છે, અને તેનાવોના રોજગારને દન " દરૂન, બાજ, ઇજશને, વંદીદાદ, " વીગેરે સરવે પોતાની શકતી મુજબ જેને મલે તે કરાવે છે, અને તેને " મેહેરજી રાણાંનું પરબ " અથવા " દીસો " કરી બોલે છે, અને કેટલાએકો તો જે વખતે કોઇને કાંધ દરદ થાએે છે તો મેહેરજી રાણાંના " દરૂન બાજ " કરવાની માનતા લીએે છે.



ના૦ ૯૩

મુંબઈ સમાચાર

(તા૦ ૫ મી ડીસેમ્બર સને ૧૮૯૬)

મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ કરેલા કહેવાતા મોજેજાઓની તથા પાદશાહ અકબરને પારસી ધરમ તેઓએ સમજાવવાની વાતો હસવા સરખી અથવા ખોટી છે એવી મતલબનું જામેજમશેદ પત્રમાં અઠાવીસ વરસની વાતપર કરવામાં આવેલું લખાણ-કુટુંબીઓ સાથે ટંટો થયાથી કેટલાક પારસીઓ સાથે મરહુમ દીલી ગયા હતા જ્યાં અકબરને પારસી ધરમ સમજાવવાની કોશેશ કરતાં તેમને ગુચવાડો લાગ્યાથી ઇરાનથી દસ્તુરોને બોલાવવામાં આવ્યા હતા એવો આપવામાં આવતો ખુલાસો.

મુંબઈ સમાચારના અધીપતી જોગ.

સાહેબ–મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ ભરૂચના એક બંધબસ્ત કીલ્લામાંથી ગેબી રીતે દીલ્લી નીકળી જવાના કરેલા કહેવાતા મોજેજા વીષે મુંબઇ ચાબુક પત્રે પ્રગટ કરેલો હેવાલ મારા તા૦ ૨૪ મી નવેંબરના પત્ર મારફતે મોકલી આપ્યા પછી, તે પત્રમાં મેં આપેલી કબુલાત મુજબ તેની સામે જામેજમશેદ પત્રે ૧૮૬૮ નાં વરસના જુન માસની તા૦ ૨૫ મીએ કરેલાં લખાણની નકલ કરી આ સાથે મોકલી આપું છું. તેમાં મરહુમે કરેલા કેહેવાતા આ તથા બીજા મોજેજાઓની વાતોને તેમજ મરહુમે શેહેનશાહ અકબરને ધરમ સમજાવવાની તથા શુદ્ધરેહ પેહેરાવવાની વાતોને હસી ઠાહાડવા અથવા ખોટી ગણવાના કારણ નીચે પ્રમાણેનાં આપવામાં આવ્યાં છેઃ (૧) અકબરના વખતના કોઇ પણ ઇતીહાસમાં મરહુમ દસ્તુરનું નામ મળતું નથી, તો જો કે ધરમની તકરારમાં ભાગ લેનારા બીજા વીદ્વાનોનાં નામ તેમાં મળે છે; (૨) જેહાંગીર રાંદેર આવ્યો તે વખતે મરહુમ દસ્તુર હસ્તી ધરાવતા નહીં હતા; (૩) કહે છે કે મરહુમ દસ્તુર પોતાના કુટુંબ વચે થયલા ટંટાને સબબે નવસારી તજીને કેટલાક વેપારી પારસીઓની સોબતમાં દીલ્લી ગયા હતા; (૪) અકબરની ઇચ્છાથી પારસી ધરમ વીષે ખુલાસો કરવાને તે પારસીઓએ મરહુમને આગળ કરયા હતા, અને તેઓએ ફારસી સદર કેતાબને આધારે ધરમ સમજાવવાની કોશેશ કરી હતી; પણ જંદ અને પાજંદ એટલે શું તે તેમને નહી આવડયાથી તેઓનીજ સુચનાથી (૫) ઇરાનથી મરહુમ દસ્તુર અરદેશર અને બીજા પારસીઓને આસ અરચ આપી અકબરે તેડાવયા હતા; (૬) આ છેલ્લી બીનાને દબેસ્તાન વગેરે કેતાબોથી ટેકો મળે છે; અને તેમની મારફતે શેહેનશાહે સંતોશ મેલવયો તેથી, કહે છે કે, ખુશી થઇને મેહેરજીરાણાને તેઓએ તેને દેખાડેલા ઉપાય માટે એક જાગીર બક્ષી હતી. લંબાણ નહીં કરતાં અસલ લખાણજ વાંચી જવાની વાંચનારાઓને હું ભલામણ કરું છું.

ઇતીહાસનો શોકીન.

તા૦ ૨૭ મી નવેમ્બર.

(જામેજમશેદ, તા૦ ૨૫ મી જુન ૧૮૬૮.)

આ જમાનો સચાઇ શોધવાનો તથા સચાઇ શાબેત કરવાનો છે તેમજ પારસીઓના આગળા વખતમાં થઇ ગયલી ઇતીહાસ તથા શાહાશીક કામોની ઘટતી નોંધ કરી રાખવાનો છે. પણ આએ કામ કેહેવી શોધો, મજબુત દલીલો અને કબુલ રાખવા જોગ બીનાઓથી અનુશરીને થવું જોઇયે? "દંતકથા" જેહમો શરાગાત અને નહી મનાએ તેહેવી બાબતો ભેલાઇ

અસલ બાબતને કદરૂપી કરી હોય તે બાબીઓ તારવી કાઢાડી ખરી સચાઇને બાહેર લાવવાનો આએ વખત છે.

નૈશારીના અશો દસ્તુરજી સાહેબ મેહેરજીરાણા વીશે તરેહવાર વાતો આપણને કેહેવામાં આવે છે, પણ તેમાં મરહુમના બેશકુટુંબીઓએ કેટલી શરાગાટ વધારી અસલ વાત વધારી નાખી છે? એમાંથી જે ખરૂં નુર દીપી નીકળવું જોઇયે છે, તેમ ન થતાં દફાંસના અંધકાર તળે દબાઇ જાય છે. દસ્તુર મેહેરજીરાણા નામદાર અકબરશાહના વખતમાં થઇ ગયા હેવું કેહેવામાં આવે છે. હવે એ નામદાર પાદશાહના વખતની દરેાબશ તવારીખ, ઇતીહાસ અને બનાવેાની નેાધે "રેાજ નામચા," "તારીખે અકબરી" (અથવા "અકબર નામે") તથા "આઇને અકબરી" ની જુદી જુદી કેતાબેામાં કરેઆમાં આવી છે. ઉપલીમાંની કેાઇપણ કેતાબમાં એ મરહુમ દસ્તુર વીશે બલકે તેમનું નામ વટીક જોવામાં આવતું નથી. તેહારે જે નહી માનવા જોગ બનાવેાનેા એ દસ્તુર સાથે સંબંધ જોડે છે, તેની શાબેતી કે આધાર શું?

તેવણે "અકબર શાહાને શુદરેહ પેહરાવીને જરથેાશતી કીધેા" આ વાત કેવી હશવા સરખી છે. કાંજે અકબર પેાતે ઘણેા દાનેશમંદ હતેા. જો કબુ તે શુદરેહ પેહેરી જરથેાશતી થાએ તેા જહનુની મુશલમાનેા તેના શું હાલ કરે તે અછી પેરે જાણતેા હતેા. વારૂ એક બારગી આપણે કબુલણી કરીએ પણ બીજી તરફથી શવાલ ઉઠે છે કે હાવા મહાભારત બનાવની તેનીજ તવારીખમાં નેાંધ નહી હેાય? માટે ઉપલી વાત કબુલ કરતાં લગાર શક પેદા થાએ છે. અને માનીઆમાં આવે છે કે કેાઇ છંદ બનાવનાર પારસીએા એ બુટેા ઉલેા કરીએા છે હેવું શુધ શીધ થાય છે.

બીજી ગમથી બેહેશતી મેહેરજી રાણાને અકબરના છેાકરા "જેહાંગીરે" એક કાબેલ અને માહા વીદવાનના નમુના તરીકે પાદશાહાની દરબારમાં લઇ જવાનું કેહેવામાં આવે છે. હવે જેહાંગીર રાંદેરમાં આવી છાવણી કરી પડીએા હતેા તે વખત એ બેહેશતી (મેહેરજીરાણા)નેા નહી પણ તેમના છેાકરા કેકુબાદજીનેા હતેા. પણ તકરારને સારૂ આપણે કબુલ કરીએ કે બેહેશતી મેહેરજી રાણાને તેવેાની કાબેલીયતને લીધે દીલ્હી લઇ જવામાં આવીયા હેાય, પણ તેનીબી એકુ લેખી દલીલ આપણને મલતી નથી. પાદશાહાની દરબારના વીદવાનેાના નામેા ઉપલા ગરંથમાં છે, તેમજ ફરેસતા અથવા પારકા દેશના વીદવાનેા જે પાદશાહથી શરફરાજ થએઆ હતા તેવેાના નામેા પણ જણાવીઆમાં આવીઆ છે, તેમ ઉપલા પુસ્તકેામાં એ મરહુમ દસતુરનું નામ વટીક જણાવીલ નથી.

બીજી તરફથી જે બેાલાસેા (તેબી જો કે દંતકથા છે તેા પણ તે વધારે માનવા જોગ દીસે છે તે) કરીઆમાં આવે છે, તે હમારા વાંચનારાઓ માટે અતરે પરગટ કરીએ છે. કેહે છે કે સુરતથી તાલેયારખાનવાલા, ખાન સાહેબવાલા, રતી પંચીવાલા તથા તેમની જોડે બીજા ઘણાક જરથેાસતીએા વેપારના કારણસર સરકારની મદદથી દીલ્હી જઇ વસયા હતા, અને તેમજ નવશારીવાલા પરખીયાત પારસી માકાશાહા ચાંગાશાહનેા તાંહા સંબંધ હતેા. (આ વાતેાના લેખી દાખલાએા મેાજુદ છે.) ઉપલા સાહેબેાની સેાહબતમાં દશતુર મેહેરજીરાણાએ (પેાતાના લેાકેામાં કાંઇ ટંટેા હેાવાથી) દેશ તજી પરદેશ ગમન કરીઉં હતું. ઉપલા વખતમાં પાદશાહ અકબર ખરા ધરમની શેાધમાં રેાકાયલેા હતેા, અને સઘળા ધરમેાની તકરાર તથા તેમની ખાંમીઓની શેાધ વીદવાનેાથી આમનસામણ

બેશાદ્દી કરાવતો હતો. આ વખતમાં જે જરથુશતીઓ તાંહાં હતા તેમાંથી ધરમ સંબંધી વધારે વાકેફગાર દશતુર મેહેરજી રાણા હતા. હેવું હોવાથી તેવોને આગલ કરેઆમાં આવીઆ હતા.

કહે છે કે દશતુરજીએ ફારશી "શદર" નામની કેતાબ ઉપરથી ધરમ શમજાવવા માંડીએા હતો અને તે મધે લખે છે કે "બુજોરગાને વશતાવેા પાજંદજંદ" આ મીશરામાં કાલા કીધેલા હરફોનાં બે શબ્દ "પાજંદ" અને "જંદ" એ શું છે અને એ ભાશા તે કેહી તે જાણવાની પાદશાહે ખાહેશ દેખાડી, અને મરહુમ દશતુરજીએ ઉતર આપીએા કે "ઇરાન મધે હમારામાંના કાબેલ શખશેા છે, તેવેા એ ભેદ શમજાવી શકશે."

એ ઉપરથી શાહે ઇજદ તથા કેરમાન પધંસા તથા કાગજો મેાકલી તાંહાંથી ઘણા કાબેલ જરથુશતીઓને બેાલાવયા હતા, જેઓમાં એક વીદવાન અરદેશર નામનેા કેરમાનથી આવયેા હતેા, અને તેણે કાબેલીયતથી પેાતાનેા ધરમ શાહને સમજાવયેા હતેા. પાદશાહે પરશન થઇ, ઉપલી, દસ્તુર મેહેરજીરાણાની મદદ તથા મેહેનતના બદલામાં એક વજીફેા જે "ગેલખરી" ને નામે ઓલખાએ છે તે જાગીર કરી આપી.

આ ઉપલી બાબદ જેમ શાધારણ માણુવા જોગ તેમજ બીજી રીતે દાખલાવેાથી શાબેત થાએલી જણાએ છે. શુરત તથા નવશારીથી ઘણાજ જરથેાશતીઓ દીલ્લી તરફ ગએલા આપણે ખુબ અછી રીતે જાણીએ છે, અને તેનેા દાખલેા "દબેશતાન" કેતાબની ૧૦ મી તાલીમની બીજી નજરમાં આપણને આએ રીતે લખેલું જણાય છે.

અસલ ફારસી એબારતઃ–"વ હમચીનીન આતશપરસતાન અજ કસબે નેાશારી કે અજ વેલાએતે ગુજરાત અશીઆંમદેહ ખુદંદ દીને જરદેાશતીરા હક વ તાઅજીમે આતશરા એબાદતે અજીમ ગેાફતંદ હજરતએ શાંરા બજાંને બે ખુદ ખાંદ."

ઉપલી ફારસી એબારતનેા તરજુમેાઃ–"એજ રીતે નેાશારી કસબેા જે ગુજરાત પરાંતમાં છે તાંહાંથી આતશપરશતેા (પારશીએા) (દેલહીમાં) આવેલા હતા. તેવેા જરથુશતી દીનને શાચી તથા આતશને માન આપવાને મેાહેાટી બંદગી કેહેતા હતા. તેવેાને હજરતે (અકબરશાહે) પેાતા પાશે બેાલાવીઆ હતા."

વલી દશતુર મેહેરજીરાણા "પાજંદ અને જંદ" શહમજાવી ન શકીઆ હેાય તેને લીધે ઇરાનથી બીજા વધારે પઢેલ જરથુશતીઓને બેાલાવવાની પાદશાહાને અગત પડી હેાય, તેનેા દાખલેા મજકુર કેતાબમાં આએ રીતે મલી આવે છે.

અસલ ફારસી એબારતઃ–"હમ અરદેશર નામ જરદશતીએ દાનારા જર ફેરસતાદેહ અજ ઇરાન આવેારદંદ વ દકાએકે દીને જરદેાસત અજ એશાં પુરશીદંદ"

ઉપલી ફારસી એબારતનેા તરજુમેાઃ–"વલી અરદેશર નામના એક દાનાવ જરતેાશતીને નાણા મેાકલી (પાદશાહે) ઇરાનથી તેદાવીએા હતેા. એજ રીતે કેરમાનથી આતશપરસતેા (પારસીએા) ને તેડાવી જરતેાશતી દીનની બારીકી તેવેાથી પુછી હતી."

હવે છેલલેા વાકીઅ જેમ ઉપર કેહેલી વાતને શાબેત કરે છે તેમજ બેાલી રીતે જણાવે છે કે "જરતેાસ્તી ધરમની બારીકી નેાશારીવાળા નહી પણ કેરમાનવાળા જરથેાસ્તીઓએ બતાવી હતી."

આટલેા બેાલાસેા હમેાને મળયેા તે અમારા વાંચનારાઓની શેવામાં મુકી બે મુદઆ ધરીએ છઇએઃ–પેહેલું એકે મરહુમ સરીખા નામીચા દસ્તુર વીશે કેાઇ લેખી

દાખલા હોય તે તેવોના લાયક કુટુંબીઓએ જાહેર પાડવા, જેની હુમો ખુશાથી જગો ઠરીશું. તેમજ એક ખરા કીરતીવાન પુરૂશની ખરી હકીકત દફાંસના અંધારામાં ડટાઇ જાય તેહેને બનતી કોશેશથી જાહેર લાવવી. આ બેહુ મુદ્દા ઉપરથી છેલ્લા મુદ્દા એ રાખીએ છે કે "જગટ શુરૂનાં બે શુરીઆ," અકબર પાદશાહને મોજેલો દેખાડી "થાલી આકાશપરથી નીચે પાડી," "ભરૂચના બંદીખાનામાંથી ગેણ થઇ જાવું" હેવી હેવી હસવા સરખી નહીં મનાએ એવી તાલો જોડીને નેઠબત દસ્તુર મેહેરજીરાણાની ખરી કીરતી ગોહી નાખી હમારા પારસી ભાઇબંધોએ પોતાની મુરખાઇ ભરેલી બોલાઇના લોગ ન થવું.

ઉપલી હકીકત મળી છે તે ઉપરથી મજકુર દશતુરજી ફારશીનું ગનીઆન ધરાવનાર અને (હાલના દસ્તુરો માફક ઠીગડાંમારૂ નહીં પણ) પરમાણીક શાબેત થાએ છે, અને પારકા રાજમાં કોઇપણ રીતે તેવોએ વગ મેલવી એક જાગીરની ઇધાણી પોતાના કુતંબીઓ સારૂ મુકી ગએઆ છે. એ બરેબર તેવોનાં કુતંબીઓને નકલ ઠરવા જોગ છે. તેમજ હાલના આપણા ધરમગુરૂઓ પણ મજકુર દસતુરનો દાખલો પકડે એ અમારી સુચના છે.

ના૦ ૬૪

કયસરે હિન્દ.

(તા. ૬ ડી ડીસેમ્બર સને ૧૮૯૬)

ડા. ગેલ્ડનરના અવસ્તા.

Dr. GELDNER'S AVESTA.

લગભગ બાર વર્ષ સુધી અઠાગ મેહેનત કરીને પ્રોફેસર ડાર્લ ગેલ્ડનરે પોતાનું મહાભારત અવસ્તાનું પુસ્તક તમામ કર્યું છે. વેસ્ટરગાર્ડનું જે ૧૮૫૪ માં છપાયું હતું તે હવે બહુ કમઇયાબ થઇ ગયું છે, અને ગેલ્ડનરની કેતાબ વેસ્ટરગાર્ડની બીજી આવૃતી તરીકે લેખાય. હિન્દુસ્તાનના દસ્તુરો તેમજ બેહેદીનોએ તેને જે હાથની લખેલી નકલો પુરી પાડી હતી, તેને માટે તે બહુ ઉપકાર માને છે. એની લગભગ ૧૫૦ કેતાબો તેણે તપાસી અને સરખાવી હતી. અને તેઓની મદદથી વેસ્ટરગાર્ડે પોતાની બુદ્ધિ યા અટકલને આધારે કરેલા ઘણા સુધારા ખરા તરીકે હવે તેણે સાબેત કરી આપ્યા છે. યજશને અને ખુરદેહ અવસ્તાના બાબમાં અસુસ કરીને એમ બન્યું છે. ખુરદેહ અવસ્તાની એક બહુજ પુરાણી નકલ, જે આસદીન કાકાને હાથે નવસારીમાં ઇ. સ. ૧૫૯૧ માં લખાઇ હતી, તે કેતાબની મદદથી ડા૦ ગેલ્ડનર ખુરદેહ અવસ્તાના ટેક્ષટમાં બહુજ સુધારા કરવાને શક્તિવાન થયા છે. અમારા વાંચનારાઓને કદાચ યાદ આવશે કે આ તેજ નકલ છે કે જેનો દાખલો અમે થોડાજ દહાડા ઉપર આપ્યો હતો અને બતાવ્યું હતું કે ફરવરદીન યશત તેમાં મળી આવે છે અને તેથી કરીને જામારપ વિલાયતીએજ ફરવરદીન યશત હિન્દુસ્તાનમાં પેહેલે ૧૭૨૧ માં લાવવાનો કીધેલો હાવો ખખડી પડે છે. પારસીઓએ ડા૦ ગેલ્ડનરને બહુ સારી મદદ કરી છે અને તેઓને માટે ડા૦ ગેલ્ડનર તો એહેસાનના સખુનોજ ઓચરે છે. પણ પારસીઓમાંજ એક ચીબાવલો લખનાર બહાર પડયો છે,† તેણે ડા૦ ગેલ્ડનરના પુસ્તકની પરીક્ષા લેવાનાં ઓઠાં હેઠલ પારસીઓના નામીચા દસ્તુરો પેશુતનજી, જામારપજી અને હોશંગજી ઉપર એક નાલાયક અને હુમદથી ભરપુર હુમલો કર્યો છે, તેઓમાં યા તો બીજા કોઇપણ પારસીઓમાં પોતાના ધર્મ વિષે કંઇપણ ઉપયોગી

† જુઓ નંબર ૧૯.

ધ્યા મોતેબર પુસ્તક લખવાની તાકત નથી; યુરોપીયન વિદ્વાનોએ તેઓની કરેલી વખાણો ઠાલી ભટાઇજ છે અને તેઓને એનાએત થએલી માનપુર્વક ડીગ્રીઓ તેઓની વિદ્વતાને માટે નહીં પણ તેઓ પાસે અસ્લી ચોપડીઓ હોવાનેજ લીધે આપવામાં આવી છે; એવાં એવાં નાલેશી ભર્યાં તોહોમતો તેઓ ઉપર જોડયાં છે. આ સઘળાંનો જવાબ એટલોજ બસ થશે કે દીનકરદ જેવી મુશકેલ અને ગંજાવર પેહેલવી કેતાબની અસલ એબારત અને તરજુમા માટે આપણે દસ્તુર પેશુતનજીને આભારી છીયે. દસ્તુર જાસારપજીએ એક પેહેલવી ફરહંગનાં ચાર દફતરો બહાર પાડયાં છે અને દસ્તુર હોશંગ જમાસ્પની તો મારટીન હાઉના અને એડવરડ વેસ્ટ જેવા નુકતેચીન એાલમાએાએ મદદ માગીને તેવણની સાથે મળીને અરદાવીરાફ, ફરહંગે એાઇમયક, શીકંદગુમાનીક વજાર અને પેહેલવી પાઝંદ કોશ વગેરે કેતાબો બહાર પાડી છે. એ અર્વાચીન દસ્તુરોનીજ ગીબત કરીને આ લખનાર ધરાયો નથી, પણ ત્યારપછી વળી પાછા નામવર મેહેરજીરાણાને ગાળો ભાંડી છે અને અરદેશર કેરમાની અને 'પારસીઓનાં સામાન્ય અજ્ઞાનપણા વગેરેનું પોતાનું ટાહેલું પાછું જારી કર્યું છે. એ લખનાર એમ સમજતો લાગે છે કે જ્યારે એક તકરારમાં કંઇ વજુદ નહી હોય અને તેના ટુકડે ટુકડા થઇ જયા હોય, ત્યારે પોતાને શરમીંદગીમાં નાખે એવી શીકસ્ત છુપાવવાનો એકજ રસ્તો એ છે કે તેનુ તેજ ગુલબાન ઘડીઘડી બોલ્યાજ કરવું. એટલું તો ગનીમત છે કે હવે એ લખનારને પણ કબુલ કરવું પડયું છે કે મેહેરજીરાણા બહાએાનીના કહેવા પ્રમાણે નવસારીથી જે પારસીઓ અકબરની દરબારમાં ગયા હતા તેમાં હતા, પણ હવે તો એટલુંજ બાકી રહ્યું છે કે તેવણથી અકબર નારાજ થયો હતો અને તેથી અરદેશરને બોલાવ્યો હતો. આનો રદીઓ પણ તુલોતબીલ રીતે એક વખતે આગળ અમે આપી ગયા છીએ અને હીઆં તો અમે એટલુંજ કહીશું કે અરદેશર તો મેહેરજીરાણા પછી છેક ઓગણીસ વરસે ફકત "ફરહંગે જહાંગીરી"નાંજ કામને માટે ઇ. સ. ૧૫૯૭ માં આવ્યો હતો, અને ત્યારે તો મેહેરજીરાણા છ વરસના ગુજરી ગયલા હતા. વળી મેહેરજીરાણાને અકબરે બસેં વીંઘાંની એક જાગીર આપી હતી. જેવી જાગીરો, બોલમાઓ, ધાર્મીક પુરૂષો અને એવા બીજાઓનેજ આપવામાં આવતી હતી, અને તેજ જાગીરના બસેં વીંઘાં ઇ. સ. ૧૫૯૫ એટલે કે અરદેશરના આવ્યાની બે વરસ અગાઉ ત્રણસેં સુધી વધારીને મેહેરજીરાણાના છોકરા કેકોબાદને બક્ષવામાં આવી હતી. એજ દેખાડી આપે છે કે અકબર કોઇ વખત પણ મેહેરજીરાણાપર નારાજ થયો હતો નહી અને બાદાઓની બુલેબુલું કહે છે કે તેવણે તો અકબરના મન ઉપર ઘણીજ અસર કરી હતી–એટલે વળી પાછું આ બાહાનું જમીનદોસ્ત થઇ જાય છે. વળી આટલું બી જાણવા લાયક છે, કે મેહેરજીરાણાના છોકરા કેકોબાદને જે જાગીર ઇ. સ. ૧૫૯૫ માં આપી હતી, તે પાછી અકબરે પોતે ઇ. સ. ૧૬૦૩ માં અસાધારણ કારણો અને સંજોગો વચે મુકરર કીધી હતી, અને વળી પાછી જાંહાગીરે પણ પોતે શેહનશાહાતની મસનદ ઉપર બેસવા પછી બીજે વર્ષે મુકરર કીધી હતી. તે વખતના અસલના ફરમાનો અને તે સીવાય ગુજરાતના સુબાઓ અને મોગલાઇ દરબારના બીજા બીજા ઘણાક હાકેમોના પરવાનાઓ વગેરે હજી મોજુદ છે અને તે અમે તપાસ્યા છે. અને તે જો છપાશે તો પારસી આલમની એ જાગીર વિષે પરીપુર્ણ ખાત્રી કરી આપ્યા વગર

રહેશે નહી એમ અમે હિમતથી કહીયે છીયે. ત્યારપછી ફરવરદીન યશ્ત વિષે પોતે કીધેલું આગળું છપ્પર પાછું ભરડી ગયા છે, અને તેમાં હવે ગેલ્ડનરનીજ શાહાદત ટાંકવાની શોખાઇ કરી છે. પણ તે એમ કે તેના એક ફકરામાં એક બોલ ઘુસાડીને તેનો ઉલટોજ અર્થ કરી નાંખ્યો છે અને બીજા એક ફકરો દબાવી રાખ્યો છે, આવી આવી તાલમેલોનું નામ તે નુકતેચીની! ત્યાર પછી ગેલ્ડનર પરજ હુમલો કરવાને પણ પોતે ચુકયા નથી. તેને જે હાથની લખેલી કેતાબો સોંપવામાં આવી હતી તે કેતાબોને છેડે તેની લખાવાની તારીખો વિષે જે એહેવાલો આપવામાં આવે છે; તે તો બધા બનાવટી છે, અને તેમાં તો નકલ કરનારાઓએ જાણીજોઇને ઠગાઇ કરી હતી, અને પછી નવી કેતાબોને જુની દેખાડવા સારૂ ધુમાડો ખવાડયો હતો, એવી એવી અટકલોને આધારે તે કહેવા નીકળ્યો છે કે ડાકટર ગેલ્ડનરે બહુ મોટી થાપ ખાધી છે, અને તે બહુ ભોળવાઇ ગયો છે. અને દાખલો વળી એવો ટાંકયો છે જે તદન પોતાનીજ સામે જાય છે. ઇ. સ. ૧૬૨૫ માં લખાયલી એક ખોરદેહ. અવસ્તા દસ્તુર પેશુતનજી પાસે છે, જેમાંનું એક પાનું જતું રહેવાથી કોઇએ પછવાડેથી તેની તારીખવાર અને તેના લખનારનું નામ ઉમેર્યું છે. આ તારીખ તદન બનાવટી છે એમ આ લખનાર લઈ પડયો છે, પણ તેને ખબર નથી કે એજ કેતાબને તેના જેવીજ બીજીઓ સાથે ગેલ્ડનરે ઘણીજ બારીકીથી સરખાવી છે અને તેની તે ઉપરથી ખાત્રી થઇ છે કે જે તારીખ આપી છે તે તદન ખરી છે, અને તેને ચુંથવાનું કંઇ પણ મુસ્તકીમ કારણ માળતું નથી. પણ ગેલ્ડનર, જેણે અવસ્તાના કોઇ પણ બીજા અભિયાસી કરતાં વધારે હાથની લખેલી નકલો જોઇ છે અને તપાસી છે અને તે વિષે વધારે મહાવરો ધરાવે છે, તે જે કંઇ છેડતો નથી અને માનવાની આંચકી કરતો નથી, તે આપણા આ નુકતેચીનને ગળે ઉતરતું નથી, અને પોતે ઝંદ પેહેલવીનો અક્ષર જાણવા વગર, આ કાએલ અને ફાઝેલ અભ્યાસીની ઉપર અલાપ લીધી છે, અને તેની કેતાબનો આખો પાયો ફકત એક અટકલને આધારે પોતાના વડવાઓજ ઉપર એક ગંભીર બોહોતાન મુકીને તોડી નાખવાની યુકતી કરી છે. હવે બહુ લાંબુ થયું છે અને આ "નુકતેચીન" ને કદાચ આવી રીતે તોડીને તેને ઘટતું હોય તે કરતાં અમે વધારે માન આપ્યું છે, પણ અમારી મકસદ એટલીજ છે કે પારસીઓ તરફથી આ બેખબર લખનારને કંઇ પણ ટેકો નથી અને તેણે આપેલા વિચારોને તેઓ માન્ય રાખતા નથી.

ના૦ ૬૫

સ્વતંત્ર.

(તા૦ ૬ ઠી ડીસેમ્બર સને ૧૮૯૬)

"MEHERJI RANA ON THE BRAIN."

હોર્નબી રોડમાં પડેલો દસ્તુર મેહેરજીરાણાનો ભુત—ગયા શનીવારનાં 'મુંબાઇ ગેઝેટ' માં પ્રગટ થયેલી એક એડીટોરીયલ આર્ટીકલ જેઓએ વાંચી હશે તેઓ ખચીત માથું ધુણાવી કબુલ કરવાના કે દસ્તુર મેહેરજીરાણાનો ભુત "મુંબઇ ગેઝેટ" ની આફીસમાંથી જાગ્યો છે. તે ત્યાં કેમ દાખલ થવા પામ્યો તે જણાવવાનું હાલ અમારૂં કામ નથી, પણ મેહેરજી રાણાની પક્ષના અથોરનાન વર્ગ તથા એ મરહુમ દસ્તુરની અશોઇ અને તેવણે મેલવેલા દરજા તરફ માનની નજરથી જોનારા સઘલા જરથોસ્તીઓ એ આર્ટીકલ વાંચી આટલું તો કબુલ કરવાના કે "ગેઝેટ"

ના અધીપતીના વિશ્વાસનો એ દસ્તુરજીના કોઇ હેતના કટકા યા કટકાઓએ ઘણો અઘટીત લાભ લઇ, ગેઝેટ મારફતે એ મરહુમ નર તરફ પોતાનો ધીક્કારવા લાયક અણગમો વેરભાવથી દેખાડવાની તક હાથ ધરી છે. આ નીચ તક કેમ મળી ગઇ છે તે વીશે અત્રે થોડુંક જણાવશું. જરમનીમાં સ્ટટગારટ ખાતે ગયે મહીનેજ 'અવસ્તા, યાને પારસીઓના પવિત્ર લખાણો' એવે નામનું પુસ્તક બહાર પડયું છે, જેની બબર લેતાં બબર લેનાર "હેતના કટકા" એ દસ્તુર મહેરજીરાણાનું નામ તાણી તોડીને અપમાન આપવા કીજે નીચે પ્રમાણે વાપરયું છેઃ—

"આગળા વખતમાં પણ આ ધર્મ પાળનારા (જરથોસ્તી) ઓને પોતાના પવિત્ર ઇલમની માહીતી મેલવવા માટે ઇરાન માહેલા પોતાના પરદેશી ભાઇબંધો ઉપર આધાર રાખવો પડતો હતો. છેક પંદરમી સદીને છેડે વટીક તેઓના (હિન્દુસ્થાનના પારસીઓના) ધર્મગુરૂઓ પોતાની પુરાતન પવિત્ર ભાષાઓથી અજ્ઞાન હતા અને ફારસી રવાયતના પહેલા હસ્ત લેખમાં જણાવ્યા મુજબ તો ઇરાનના દસ્તુરોએ તેમને કહેણ વટીક મોકલ્યું હતું કે "તમારામાના એક અથવા બેને એ ભાષાઓનું જ્ઞાન મેળવવા અમારી તરફ મોકલો કે તેઓ શીખી આવી પાછળથી પોતાના સ્વદેશીઓનેજી એ જ્ઞાન હાંસલ કરાવે." સોળમી સદીની આખેરીએ હિંદુસ્થાનના સરવેથી કીર્તિવંત મોગલ બાદશાહ જ્યારે ગુજરાતમાં આવેલો તે નવસારી મહકના મોબેદો જેઓમાં પેલો ઠગારો મેહેરજી રાણામાં હતો,—તેઓથી સંતોષ પામ્યો નહી ત્યારે તેને ઇરાનનાં કેરમાન શેહેરથી એક પઢેલ દસ્તુરને બોલાવવો પડયો હતો. ઇત્યાદી.

ઉપલા ફકરા ઉપરથી વાંચનાર જોશે કે જે જાતની સરકશી મેહેરજીરાણાની સામી પક્ષના પેલા પારસો જવાન નામે રૂશતમજી પેસતનજી કરકરયાએ "ટાઇમસ ઓવ ઇંડયા" માં થોડુકની વાત પર આ બાબદના સંબંધમાં ટીકા કીધા હતા અને પરીણામમાં પગથી માથા સુધી છંટાયેલો હતો, તેવીજ સરકશી આ કોઇ બનામાં 'ગેઝેટના' ભેળા પણ ગ્રહસથાઇ ખવાસના અંગ્રેજ અધિપતિઓની ભોલાઇ અને મેહેરજીરાણાને લગતી તવારીખની બીનમાહીતીનો લાભ લઇ કીધો છે. પણ શક પેદા થાય છે કે તે કરનાર ઓસ્તા રૂસ્તમજી કરકરયા તો રખે ન હોય? કરકરયાજીની ચાલ 'ખુદ દોલાના ઘોડા' જેવી છે તેથીજ આમ અટકલ કરવી પડે છે, પણ જો તેમ ન હોય એટલે કે એવણનો કશો હાથ 'ગેઝેટ'ના ઉપલા લખાણમાં નહી હતો એમ જો અમને સતાવાર જણાવવામાં આવશે તો ખુશીથી એ ભાઇને ઇનસાફ આપી લોકોને બા પોકાર કહીશું કે મી૦ કરકરયા જેઓ હાલ મુંબઇમાં એક આર્ટસ કોલેજ કાઢવામાં રોકાયલા સંભલાય છે, તેઓપર નારવા શક નહી લઇ જવો.

ના૦ ૯૬
મુંબઇ સમાચાર.

(તા. ૮ મી ડીસેમ્બર ૧૮૯૬.)

મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ કરેલા કહેવાતા મોજેજાઓની તથા પાદશાહ અકબરને પારસી ધરમ તેઓએ સમજાવવાની વાતો હસવા સરખી અથવા ખોટી છે એવી મતલબનું જામેજમશેદ પત્રમાં અઠાવીસ વરસની વાત પર કરવામાં આવેલું બીજું લખાણ.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,–મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ કરેલા કેહેવાતા મોજેજાઓની તેમજ શેહેનશાહ અકબરને ધરમ સમજાવી તેના બદલામાં જાગીર મેળવવાની વાતો હસવા સરખી અથવા ખોટી કાં છે, તે વીષે જામેજમશેદ પત્રના ૧૮૬૮ ના વરસના જુન માસની તા૦ ૨૫ મીના અંકમાં કરવામાં આવેલાં લખાણની નકલ તમો ઉપર હું મોકલી ચુકો છું. જામેજમશેદમાં આવેલાં તે લખાણ પછી કોઇ ચરચાપત્રીએ તે સામે ઉઠાવેલા ઝનુની અને વગર અરથના કેટલાક વાંધા ઉપરથી એજ વરસના જુલાઇ માસની તા૦ ૨૮ મીએ એક બીજું લખાણ તેમાં કરવામાં આવ્યું હતું, જેની નકલ પણ આ સાથે હું મોકલી આપું છું. તે ઉપરથી જોવામાં આવશે કે, સામે થવા નીકલનાર ચરચાપત્રીએ દબેસ્તાનની તથા બીજી શાહાદતો ખોટી પાડવાની તજવીજ કરવાને બદલે અધીપતી ઉપર ફકત અંગત હુમલો કરેલો હતો. ચરચાપત્રીએ પોતાની તરફથી માત્ર શાહદત તરીકે દસ્તુર મેહેરજી રાણાના મરણ બાદ પોણીબસે વરસે કોઇ દસ્તુરે લખેલી કહેવાતી એક બેતમાંનો ફકરો ટાંકેલો હતો, જેમાં એવું જણાવેલું હતું કે, મરહુમ "દુનીઆમાં મોટો દસ્તુર હતો." પણ મરહુમ દસ્તુર હતા કે નહીં તે સવાલ જુદોજ હતો અને હજી જુદોજ છે, અને જામેજમશેદે પણ તે વખતે તે જુદોજ પાડયો હતો. તે વખતે તપાસવાનો સવાલ માત્ર એટલોજ હતો કે, તેઓએ મોજેજા કરયા હતા કે નહીં તેમજ તેઓએ શેહેનશાહ અકબરને ધરમ સમજાવી તેના બદલામાં જાગીર મેળવી હતી કે નહીં. તેની સાબેતીમાં ઇતીહાસની કે માનવા જોગ કોઇ પણ બીજી શહાદત મરહુમના કુટુંબીઓ કે તેમના બીજા લગતાવળગતાઓ દેખાડી શકયા નહીં હતા; અને હમણાં સુધીમાં તે વીષે કોઇ ખાતરી ભરેલો પુરાવો દેખાડવામાં આવ્યો હોય એવું મારી જાણમાં આવ્યું નથી. જામેજમશેદ પત્રે કરેલાં બંને લખાણો સાથે સામાનય રીતે મળતાપણું બતાવી, મરહુમના કુટુંબીઓના હાથમાંની જાગીરની કેહેવાતી સનદ વીશે તેનાં પહેલાં લખાણમાં કરવામાં આવેલી એક ભુલની નોંધ હું આ જગોએ કરીશ. મરહુમના કુટુંબીઓ જે જાગીર હમણાં ધરાવે છે તે મરહુમે મેળવી હતી અને તેની કેહેવાતી સનદ મરહુમના નામની છે, એવી વાત સાધારણ રીતે તે વખતે ફેલાયલી હતી, અને તે માની લઇને જામે જમશેદે લખાણ કરયું છે. † પણ મરહુમને જાગીર મળી હતી તે વાત પુરવાર કરવાની રહી છે, અને મરહુમને મળેલી કોઇ પણ સનદ હમણાં હસ્તી ધરાવતી નથી. હસ્તી ધરાવતી સનદ તો તેમના દીકરા મરહુમ દસ્તુર કેકોબાદને મળેલી જણાવવામાં આવે છે. તુરત વેલા એટલીજ ટીકા કરી જામે જમશેદમાંનું બીજીવારનું લખાણ હેડલ હું ઉતારી મોકલું છું.

તા૦ ૩૦ મી નવેંબર.

ઇતીહાસનો શોકીન.

† જુઓ નંબર ૧૯.

[જમેજમશેદ તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૯૮.]

હરેક વાતની સચાઇ શોધી કાઢવાને માટે, કેટલીક રીતે ખોલ અને તપાસ કરવાની જરૂર છે. તેમજ મોટી જરૂર તે બાબતસર અપક્ષપાત વીચારો આપવાની છે. એક બાબદસર જો આપણે એક પક્ષ તથા એક તરફની વલાન રાખીએ તો બીજી તરફની હકીકત ગમે એવી વાજબી હોય તે આપણને મનપતીજ લાગતી નથી. એ એક સાધારણ નીયમ છે. ખશુસન જાહેર લખનારાઓએ કોઇ શખશ કે કોઈણી ખાનદાન તરફ વલાણ રાખ્યાથી મુનસફ વાંચનારાઓ તે લખનારની મતલબ સમજી જાય છે.

હમારા તારીખ ૨૫ મી જુનના પત્રમાં હમોએ પાકજાદ દસ્તુર મેહેરજી રાણા સાહેબ વીશે એક આરટીકલ લખી હતી. તે લખવામાં હમારી નેમ કાંઇજ નહી પણ એને લગતી ખરી હકીકતો જાહેર લાવવાની તેમજ એ મરહુમના કુટુંબીઓ પાસે કાંઇ દસ્તાવેજી દાખલો હોએ તે બાહેર પાડવાથી એ નેકનામ ઘરશથની કીરતીથી અનજાણાઓને વાકેફ કરવાની હતી. હવે હમોને એ બાબત લખવાનો સબબ તા૦ ૧૭ મી જુન અને બુધવારના મુંબઇ ચાબુકમાં જે એક બીના મરહુમ દસ્તુર મેહેરજી રાણા વીશે પ્રગટ થઇ હતી તે ઉપરથીજ હતો. હમારી મતલબ કે હમારો હેતુ આએ મરહુમ તરફ કે એ મરહુમના માન પામેલાં ખાનદાન તરફ કશીબી રીતે મુનાહેમત કે ગેરવરતાણુકનો નહીંજ હતો, અને હાલ બી નથી.

માત્ર કેટલીએક બીના નહીં માનવા તથા હશી કાઢવાજોગ (જેવી કે જગત ગુરૂએ થાલીને ઊંચે ચહડાવીને બે સુરજ બતાવવા હતા, તેને મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ નેરંગ પહડીને નીચે પાડી તે મોજેજાથી અકબરશાહે શુદરેહ. પેહેડયો હતો !!! વળી ભરૂચના નવાબનાં કેદખાનામાંથી મરહુમ દસ્તુરજી સાહેબ મેહેરજી રાણા કાંઇ મનતરને જોડે ગેબ થઇ દીલ્લી પોંહતા હતા !!! ઇત્યાદી) બાબતોથી જે ખરી ખુબી તથા લાયકમંદ કીરતી હોય છે તે ઢંકાઇને સઘળીજ બાબત અને હકીકત ગપ તથા જુઠી બનાવટમાં પડે છે. તે છુટી પાડી ખરી હકીકત અજવાળામાં લાવવાની હમારી નેમ હતી અને છે.

આ ઓગનીસમી સદીમાં કોઇ પણ શખસ પેગમબરી મોજેજા કરી શકવાની તાકાદ ધરાવે અથવા પેગમબરી દાવો ચલાવે, એ જેમ નહી માનવા જોગ તેમજ હસી કહાડવા જોગ છે. અને ખરેખર એ શકતી હકતાલાના પોતાના ખરા પેગમબરો સીવાય બીજા દસ્તુરો, મુલ્લાંઓ, પાદરીઓ કે બ્રાહમણોમાં નહીજ હોવી જોઇએ એવું સરવે કોઇ માને છે. અગર એક દસ્તુર દીનદાર, કાબેલ અને પરેહજગાર હોય તો તે વીશે હમોને કોઇ પરકારે વાંધો કે શક નથી.

હમો વળી ફરી ફરીથી કેહજીએ છે કે હમો દસ્તુરજી સાહેબ મેહેરજી રાણા તરફના માનનેજ ખાતર જણાવયે છે કે તે દસ્તુરાન દસ્તુર સાહેબે થાલીને નેરંગ બણીને નીચે પાડી, બે સુરજને નહી શા કરીયા, તથા કેદખાનામાંથી નેરંગની પાકીથી ગેબ થઈ ગયા, એ વાત તદન કોધએ શરાગાત તથા વધારીને એ બેહેસ્તીની ખરી ખુબી તથા કીરતીને શકમાં નાખી છે. અલબતાં હમો કબુલ કરયે છે કે એ શરાગાત તે મરહુમ તરફ માન તથા પયારથી થવી જોઇએ. પણ ઘણી વખતે હેવી ખોતી શરાગાતથી ખરી વાતો જે ખરેખર માનવા જોગ તથા બનેલી હોય છે તે પણ શકના પરદામાં ઢંકાઇ જાય છે.

કોઇ C. E. નામનો ચરચાપત્રી હમારાં ઉપલાં સાદાં અને સાચાં લખાણને અદ્દાવટી અને હશદ ભરેલું શમજીને પોતાની નેક બુધીમાં આવયું છે તેમ ફાતી ગયો છે. પોતાના દાખલામાં તેણે દસ્તુર દારાણ પા-હલણનું બનાવેલું એક બેટ ટાકીઉ છે; જેનો તરજુમો આએ રીતે કરયો છેઃ-"(કે તે માણેકજી દસ્તુર) પાક તનના માહીઆર રાણાની નશલનો છે કે માહીઆર દુનીયામાં મોટો દસ્તુર હતો." તો હમો કાંહ તેને ના કેહજીએ છે? હમોએ મુતલગ એમ કહયું નથી કે મરહુમ દસ્તુર સાહેબ વડા દસ્તુર નહી હતા, તથા અનજુમનથી દસ્તુર તરીકે ચુંટી કહાડયા ન હતા, તેમજ તેઓની પવીત્રાઈ વીશે અમે શક બતાવયો નહી હતો. હમોને પોતાને એ બાબત સાથે કશું એ લાગતું વલગતું નથી, અને તે વીશેનો હમોએ ઇનકાર કરયોણી નથી, અને કરવા ચાહતાણી નથી. હમો જાણયેચ કે એ મરહુમના ખાનદાનના વારસો વડા દસ્તુર તરીકે નવસારીનાં ભગર સાથના પંથક ઉપર દસ્તુરી ચલાવતા આવે છે. તે બાબ-તને હમારી આએ બાબત જોડે કાંઇજ સંબંધ નથી.

મજકુર શાપુરજી માણેકજી સંજાણાની બનાવેલી નવસારીના આતશબેહેરામની તવારીખની જે શહાદત આપે છે તે હજુર લગે જાહેર પડેલી નથી, પણ તે ખરી તેમનીજ બનાવેલી કબુલ રાખયે તો પણ શું સાબેત થાય છે? આજ ૧૦૨ વરસ થયાં નવસારીના આતશબહેરામ થયા છે. તેની તવારીખ મરહુમ શાપુરજી સંજાણાએ મરહુમ દસ્તુર મેહેરજીરાણા ગુજરયા બાદ આશરે ૧૭૫ વરસ પછી બનાવેલી છે. તેનો આધાર એ ચરચાપત્રીએ મોટી દલીલ તરીકે વચે મુકયો છે. તે જોઇ એ ધણીની ખોલ ઉપર હમોને હસવું આવે છે. અને વાંચનારી આલમને એવું જણાવવાની કોશે-શ કરી છે, કે જાણે હમો દસ્તુર મેહેરજી રાણાને દસ્તુર લેખે નહીં ગણતા હોઇયે, યા મેહેરજી રાણાના દીલી જવા વીશે ઇનકાર કરતા હોઇયે તેમ ગાભરા પડીને તે મરહુમની તારીફનાં બેટો શાબેતીના દાખલામાં આપે છે. તો હમો કેહજીએ છે કે જેહારે એ ધણીએ ઉપલા બેટો લખવા તથા તેનો તરજુમો કરવાની તસદો લીધી તો તે કરતાંને પેલું છંદ " મહેરજી રાણા, બરાહી શીઆણાં, પુરા બંદા શાહેબકા, અક-બર પાદશાહ શદરા પેહના દેખ તમાશા મેહેજબકા, " એજ ટાંકતે તો બીજી કશી જોશતેજ કરવાનું નહીં રહેતે; અને ટેકામાં ૧૭ મી જુનના ચાબુકનો ઉતારો કરી લેતે તો એક મજબુત અને નહી પડે એવો ટેકો થઇ પડતે!!! હરેક દાખલો જાહેરમાં મુકવા આગમચ તે કેટલા ટોલનો થશે તે વીશે જોવા મેલે બીચારા ભોળા ચરચાપત્રીને બીલકુલ ભાણું નથી, તે એના પોતાના લ-ખાનથી સાબેત થાય છે.

હમોએ દબેસતાન કેતાબમાંથી જે દા-ખલાને સારૂ ફકરા મુકયા હતા તે વીશે આ લખનાર મોટી બહાદુરીથી જણાવે છે કે, " અધુરા ફકરા ટાંકેઆ છે. " જાણે અધુરા ફકરાની એબારતમાં મરહુમ મેહેરજીરાણા વીશે એબારત છુપાવી હોય યા હમોએ કાંઇ મતલબ શાહધી હોય અને ખાહમ-ખાહ તે શબદો કહાડી નાખયા હોય; પણ મજકુર ચરચાપત્રીએ જાણવું જોઇયે છે કે જે બાબતસર હમોએ આરટીકલ લખી હતી તેને અને " કએઆની પાદશાહોની રીતભાતને " અને " આતશ પરઠીને કેબ-લો કરવાને " શું સંબંધ છે? હમોએ જે બાબત લખી હતી તેને મળતાજ ફકરા ઉતારી લીધા હતા. બીજી બીજી બાબતો લાંબી ટુકી કરવાની હમોને કશી જરૂર નથી.

હજુર હમો આશા રાખીયે છે કે મરહુમ દસ્તુરજી સાહેબ મેહેરજી રાણાએ શું શું કરયું તે વીશે કોઇબી ગ્રહસ્થ તેઓના કુટુંબીમાંથી લેખી દાખલા અને માનવાજોગ દલીલથી હમોને વાકેફ કરશે તો હમો મોટા ઉપકાર સાથે હમારી કાલમમાં જગો આપીશું. પણ C. E. જે પોતે બીચારો હસદ અને બળાપાના આતશમાં બળી રહેલો છે, તે મીશાલે પોતાની હશદ ભરેલી નેમ પારકાઓ તરફ જાહેર પાડવા માંગે તો તે ઉપર ધીકારની નજર સીવાય હમો બીજું કશું કરી શકતા નથી.

સેવટે આ બીના બંધ કરતાં હમો જણાવયે છે કે હમોને કોઇ દસ્તુર કે દસ્તુરી ખાનદાન તરફ કશું લાગતું વળગતું નથી. હમો તો માતર એક ખરી હકીકત, ખરી તવારીખ અને ખરૂં ચરીત્ર જાણવાની મકસદ રાખયે છે, અને તેમ કરતાં પાકજાદ અનોશેરવાન દસ્તુર મેહરજી રાણાં તરફ પ્રીતી તથા માનની નજરથી જોઇએ છે, કે તેહના રૂહને સારી જગા હોજો. †

નં૦ ૯૬-ક.

મુંબઇ સમાચાર.

(તા૦ ૧૬ મી ડીસેમ્બર સને ૧૮૯૬)

ચરચાપત્રી ઇત્યાદીને ખબર.

* દસ્તુર દારાબ ફરામજી મેહેરજી રાણા ભરૂચથી લખી જણાવે છે કે મુંબઇ સમાચારમાં " ભરમપોરયા " ની સહીથી જે ચરચાપત્રો પ્રગટ થયાં છે તે લખનારા તેઓ નથી.

† જુઓ નંબર ૯૭. * જુઓ નંબર ૮૮-૯૦

ના૦ ૯૭.

કયસરે હિન્દ.

(તા૦ ૨૦ મી ડીસેમ્બર સને ૧૮૯૬)

મહેરજીરાણા અને અકબર.

AN UNSEEMLY CONTROVERSY.

નવસારીના પ્રસિદ્ધ દસ્તુર મેહેરજીરાણા વિષે કેટલોક વખત થયાં જે લખાણો થયાં છે, તે ઉપરથી આટલું તો હવે નકી થયું છે કે તેવણે અકબરને પારસી ધર્મ સમજાવવાની વાત સામે જે પણ હસદખોરી તકરારો આણવામાં આવી છે, તેનું પરીપુર્ણ ખંડન કરવામાં આવ્યું છે. 'બહાઓની' અને 'દબેસ્તાન' અને 'ફરહંગે જાંહાંગીરી' જેવાં બોતબર પુસ્તકો ઉપરથીજ જ્યારે મેહેરજીરાણાના હરીફોની દલીલોના તાંટીઆ તોડી નાખવામાં આવ્યા છે, ત્યારે હવે તેઓ ૨૮ વરસ ઉપર કોઇ નનામા ધણીએ "મુંબઇ ચાબુક" અને "જમે જમશેદ" માં કીધેલાં લખાણો† વતી મન સમજાવવા જેવી આંધળોડી કરીને સમજુ પારસી વાંચનારાઓમાં પોતાનીજ હસી કરાવવા નીકળ્યા છે. પેહેલાં અમો "ચાબુક" નાં લખાણ વિષે થોડુંક બોલીશું. તે લખનાર મેહેરજી રાણા ઉપર ભરૂચમાં જે મુસીબત ગુજરી હતી તેનું ધ્યાન કરે છે. એ કાહાણી મેહેરજીરાણાના હેતના કટકાઓએજ હવે મશહુર કરી છે, એટલે તે લખાણથી દર્શાવવાની જરૂર નથી, તેઓની "ગળે પડુ" તકરાર એવી છે કે આ વાત પણ કોઇ કોઇ ઠેકાણેથી સાંભળાય છે, તેથી એ પણ "ઇતિહાસોમાંથી બોળી કાઢો, નહીં તો મેહેરજી રાણા વિષે તમે જેબી કંઇ કહો તે સઘળું બોટું; એટલે કે આ કેહેવાતો મોજેજો સાબેત કરો, નહીં તો અમે મેહરજીરાણાએ કરેલાં ખરાં પરાક્રમ માનવાના નથી." આ

† જુઓ નંબર ૯૨-૯૩-૯૬

બેહુંદી તકરાર વિષે વધુ નહી બોલતાં "ચાબુક" છાપેલી કાહાણી ઉપર આવીશું. એમાં જાણવાજોગ અટલુંજ છે કે "ચાબુક" વાળો લખનાર પોતે જે એહેવાલ આપે છે, તે ઉપરથી કંઇ પણ મોજેજો થયો હોય એમ ઠરતુંજ નથી. એ અહેવાલ ઘણાક ભારબોજથી પાછો છાપતી વખતે જે લાંબુ લચ મથાલું મુકયું છે† તે એમ છે: "મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ ભરૂચમાં **બંધબસ્ત બંદીખાનામાંથી ગેબી રીતે દીલ્લી** નીકળી જવાના કરેલા કહેવાતા **મોજેજાનો** * * * * હેવાલ." પણ જો આપણે "ચાબુક" માંનો ફકરો વાંચીએ છીએ તો તેમાં **ગેબી** રીતે મોજેજો બતાવીને નીકળી જવાની વાત છેજ નહી, ફકત એટલુંજ છે કે કીલ્લામાં પોતે સપડાયા હતા તે વિષેનો શક જતાં તેવણે બોદાની બંદગી કરવા પોતાના નોકરને પાણી લાવવા માટે મોકલ્યો અને "પાણી લાવ્યા પછી દસ્તુરે કુસ્તી પાદીઆબ કરી પોતાની ઉપર એકાએક આવી પડેલી આફત તાળવા માટે એબાદત કરવા મંડયા. એબાદતથી ફારેગ થવા પછી તે બંધબસ્ત મકાનમાંથી નહી જણાએ **એવી રીતે નીકળી જવાનો માર્ગ તેમની નજરે પડયો,** જેમાંથી તે દસ્તુરે પોતાના માણસો સહિત નીકળી ઉગત રાહે બનતી ઉતાવળથી ચાલ પકડી." હવે અમો પુછીએ છીએ કે એમાં મોજેજો શું થયો? એક સાધારણ રીતે નહિ જણાએલો દરવાજો અથવા બહાર નીકળવાનો માર્ગ જણાયો તેમાં કરામત શાની, અને મોજેજો શાનો? એમાં અસંભવીત શું છે? શું આજે પણ એવા કીલ્લાઓ હસ્તીમાં નથી, જેમાં ઘણાંક છુપાં બારી બારણાંઓ, ભોયરાંઓ અને રસ્તાઓ રાખેલા હોય છે? શું આજે પણ એવી જાતના અચાનક અને નહી ધારેલી રીતે રક્ષણ થવાનું આપણે સાંભળતા નથી? શું તવારીખોમાં પણ એવા દાખલાઓ મળતા નથી? એમાં હસવા જેવું શું છે વારૂ? અને તોપણ ઉપર ટપકેથીજ વાંચનારાઓને ભમાવવા સારૂ મેહેરજીરાણા કીલ્લામાંથી ગેબી રીતે નીકળીને દીલ્લી જઇ એકદમ ઉભા રહ્યા હતા એવું એવું લખાણ કરવામાં ખરેખરી મતલબ શી છે તે હવે ઉઘાડી પડે છે. "જામે જમશેદ" નાં એ લખાણોની કંઇ બીજું નહીં જડવાથી જે લાંબી લાંબી વખાણ કરવામાં આવી છે તેને માટે એટલુંજ કહેલું બસ થશે કે એ લખનારને છેક ઇ. સ. ૧૮૬૮ માં બદાઓનાના નામનો વટીક ખબર નહીં હતી–જોકે બદાઓનીએ લખેલો ફકરો વીલસને છેક ૧૮૪૦ માં બાહાર પાડયો હતો અને જોકે બદાઓનીને એલફીનસ્ટનની નીશાબ્યાઓને પણ જણાયલી તવારીખમાં જબજા ટાંકવામાં આવ્યો છે. વળી તે એટલું પણ નહીં જાણતો હતો કે દબેસ્તાનમાં જે ફકરો છે તે તો બદાઓનીમાંથી ઉતારી લીધેલો છે અને 'બદાઓની' માં તો અરદેશરનું નામ વટીક આપવામાં આવ્યું નથી અને અરદેશરનું નામ તો દબેસ્તાનનાજ કર્તાએ અકબરના ગુજરી ગયા પછી લગભગ પચાસ વર્ષે પોતે કોઇ સાંભળેલી વાત ઉપરથી પોતાની તરફથીજ ઉમેર્યું છે, જ્યારે બદાઓની તો પોતે નજરે જોયલી અને પોતાનાજ વખતમાં બનેલી વાત કહે છે. બદાઓનીની શાહદત વિષે કંઇ પણ ખબર ધરાવ્યા વિના જે પણ લખાણ કરવામાં આવ્યું હોય તે નકામું છે, તે તો હવે સર્વે કોઇ સમજી શકશે, કારણ કે બદાઓની તો મેહેરજીરાણાના બાબમાં મુખ્ય ટેકો પુરો પાડે છે. તે વતરોગે એ લખનારે કેટલીક હસવા સરખી ભુલો કરી છે, તેજ દેખાડી આપે છે કે પારસી તવારીખનું તેને કેટલું

† જુઓ નંબર ૬૨.

જ્ઞાન તે વખતે હશે. "તાલેયારખાંવાળાએો, ખાનસાહેબવાળાએો વગેરે વેપારને કારણસર સરકારની મદદથી દીલ્લી જઇ વસ્યા હતા" અને "ઉપલા સાહેબોની સોહોબતમાં દસ્તુર મેહેરજીરાણાએ પોતાનાં લોકોમાં કંઈ ટંટો હોવાથી દેશ તજી પરદેશ ગમન કર્યું હતું" એમ આપણને સમજાવવામાં આવે છે. હવે અમે પુછીયે છીયે કે આ ગમન કર્યાની વાત કેઈ કેતાબમાં લખી છે વારૂં? "રોઝનામચે" માં, "અકબરનામા" માં કે "દબેસ્તાન" માં? અથવા તો કયો "લાલ બુઝરોગ" એ વાત "જામે જમશેદ"વાળા લખનારના કાનમાં ૨૮ વર્ષ ઉપર આવીને કહી ગયો હતો? એ વાતની શાહાદત કોઇ દસ્તાવેજમાં છે, કે શું તે તેનાં ગજવામાંનીજ છે? વળી તાલેયારખાંવાળાએો અને ખાનસાહેબવાળાએો અકબરના વખતમાં દીલ્લી જઇ વસ્યા હતા તે કેઇ તવારીખમાં મળી આવે છે? ઉલટું તેઓ તો અકબર પછી લગભગ બેાઢસો વરસે દીલ્લી ગયા હતા અને તેઓ સાથે મેહેરજીરાણા ગયાની વાત કેવળ બનાવટી છે. તાલેયારખાંનનાં નામીચાં ખાનદાનના વડવા સોરાબજી કાવસજી કોઇ ઈંગ્રેજ પાસે સુરતમાં ઘડીઆળ સમારવાનો ધંધો શીખ્યા હતા. પછી છેક ઇ. સ. ૧૭૪૪ માં દીલ્લીના બાદશાહા ઉપર રૂમથી આવેલું એક પુરાણું ઘડીયાલ બગડી જવાથી કોઇ હુશીઆર કારીગરની બોળ થતાં સોરાબજીને દીલ્લી મોકલવામાં આવ્યા હતા. તેવણે તે કામ બહુ ચાલાકીથી કીધું હતું અને તેના બદલામાં તેમને "નેક સાઅતખાંન" એટલે કે "ભાગ્યશાળી ઘડીનો સાહેબ" નો બેતાબ બક્ષવામાં આવ્યો હતો. ત્યાર પછા તેમના બે છોકરાઓને "તાલેયારખાં" અને "મેહેરેમંદખાન" ના એલકાબો આપવામાં આવ્યા હતા. (જુવો પારસી પ્રકાશ, પાનું ૪૯.) હવે આ ઉપરથીજ જણાશે કે આ ગપાટામાં કેટલું વજુદ છે. જે લખનાર એકે તડાકે બેાઢસો વરસજ ગટાવી ગયો છે, તેને બીજું શું પુછવું પડે? અને છે પણ તેમજ. વળી એવીજ કીસમનો બીજો ઓરંગો એણે માર્યો છે, તે એ કે મેહેરજીરાણા દીલ્લી ગયલા અને ધર્મ સમાજમાં સવાલ જવાબ કરેલા તે વાત ખરી છે, પણ તેવણે તો ફકત "સદદર"નેજ આધારે જરથોસ્તી ધર્મ સમજાવેલો અને "સદદર" ની શરૂઆતની એક બેતમાં "જંદ" અને "પાજંદ" એવા જે બોલો આવે છે, તે વિષે બાદશાહે સવાલ કરતાં તેવણે કહયું કે હું જાણતો નથી કે "પાજંદ" એટલે શું અને "જંદ" એટલે શું, તેથી ઇરાનથી દસ્તુર અરદેશરને બોલાવી મંગાવ્યો અને તલાશ કરાવી. હવે આ ગુલબાનની શાહાદત શી છે છે તે કોઇ પણ જાણવા માંગે તો તેમાં અચરત થવા જેવું કંઈ નથી. આ બારીક બીના અને બાદશાહાની દરબારમાં થયલી વાત એ લખનારની જાણમાં કયાંથી આવી તે કહેવાની તસ્દી લીધી હતે તો સારૂ, અને તોપણ એજ લખનાર આપણને કહે છે કે મેહેરજીરાણાનું નામ કોઇ પણ તવારીખમાં મળતું નથી, એટલે એવણને વીષેની વાત સઘળી બોટી હોવી જોઇયે. વાહ વાહ! વળી મેહેરજીરાણાનેજ "પાજંદ" અને "જંદ" બે ભાષાઓનાં નામો છે એટલું પણ માલમ નહીં, પણ કોઇ બીજાને પણ આખી દરબારમાં ખબર નહીં, તેથી તે જાણવા સારૂ છેક કેરમાનથી અરદેશરને બોલાવ્યો, એ વાત કોણ માને વારૂં? અકબરના જમાના અગાઉ લખાયલી ઘણીક ફારસી ફરહંગો છે, તેઓમાંની લગભગ સઘળીઓમાં "જંદ" અને "પાજંદ" એ શબ્દોના અર્થ સમજાવવામાં આવ્યા છે અને એ સાધારણ શબ્દો, જે શાહાનામામાં સેંકડો

વખત વપરાયલા છે, તેના અર્થથી દરબારના સંખ્યાબંધ વિદ્વાનોમાંથી કોઇ પણ વાકેફ નહી હતો એજ હસવા સરખું છે, એટલુંજ નહીં પણ એ ફરહંગોમાંની ઘણીકોમાં ઘણાક બીકટ પેહેલવી અને પાજંદ શબ્દો પણ સમજાવવામાં આવ્યા છે. વળી આપણે એટલું પણ યાદ રાખવું જોઇએ કે મેહેરજીરાણાનાજ બાવા રાણા જેશંગ પોતે "પાજંદ" સારી પેઠે લખી વાંચી જાણતા હતા. તેવણે લખેલી એક પાજંદ "જામાસપી" હજુર પણ મોજુદ છે, અને તેજ રાણાજેશંગના કાબેલ દસ્તુર દીકરા, પાજંદ એક ભાષાનું નામ છે એટલું પણ નહી જાણે એ કેવી વાત? એ લખનારે "દબેસ્તાન" નો ફકરો ઉતારી લેવામાં પણ જે તાલમેલ કીધી છે અને તેના કાપી વહાડીને ટુકડા કરી નાખ્યા છે, તે વિષે ૨૮ વર્ષ પછી બોલવામાં હવે કંઇ સાર નથી. તેજ પ્રમાણે અરદેશરને મેહેરજીરાણાના કહેવાથી આમંત્રણ મોકલવાની કહાણી વિષે પણ અમે આગળ દેખાડયું છે કે અરદેશર તો મેહેરજીરાણા ગુજરી ગયા પછી છેક ૬ વર્ષે આવ્યા હતા, એટલે તે વિષે પણ અમે લંબાણ કરશું નહીં. મેહેરજીરાણાની જાગીર વિષે જે તરેહવાર બનાવટો ઉભી કરવામાં આવે છે, તે વિષે અમે બોલીશું. તે જાગીર પણ મેહેરજીરાણાને મળી નહી હતી એવી વાત વળી કોઇએ પોતાનાજ ભેજાંમાંથી કાઢી છે અને વળી ટોલ્લો માર્યો છે કે ફરમાન તો કેકોબાદને નામનું જ છે. હવે ખરી વાત તો એ છે કે ઇ. સ. ૧૫૯૫ વાળાં ફરમાનમાંજ નહીં, પણ ઇ. સ. ૧૬૦૩ અને ઇ. સ. ૧૬૦૬ માં ફરીથી મળેલાં જાહાંગીરશાહનાં ફરમાનમાં પણ સાફ લખેલું છે કે એ જાગીરમાંના બસો વીઘાં આગળ મેહેરજીરાણાને જાગીર તરીકે બક્ષવામાં આવ્યાં હતાં. તેવીજ રીતનું લખાણ તે સીવાય બીજાં દશ બાર ફાગળો અને ગુજરાતના સુબાઓ વગેરેના પરવાનાઓમાં મળી આવે છે. તે વતરોગે વળી એક બીજો ઘણોજ મજબુત પુરાવો ઇ. સ. ૧૫૯૬ ની તારીખની એક મેહેજરમાં મળે છે, જે ઉપરથી તદન નકી થાય છે કે એ અસલ જાગીર મેહેરજીરાણાનેજ એનાયત થઇ હતી, અને ત્યાર પછી કેકોબાદ ઉપર તો ફકત મુકરર થઇને વધારી આપવામાં આવી હતી. મોહર સાથના આ સઘળા પુરાવાઓ અને અસલ દસ્તાવેજો છાપવામાં આવશે ત્યારે પારસી આલમની પુરે પુરી ખાતરજમા થશે કે મેહેરજીરાણાને જાગીર મળી હતી તે વાતમાં જરા પણ શક છેજ નહી, અને ત્યારે એમ પણ જણાશે કે એવી જાગીરો ધાર્મીક અને વિદ્વાન માણસોનેજ આપવાનો કાયદો હતો. અઠાવીસ વર્ષ ઉપરના "જામે જમશેદ" ના લખનારને અમારે આટલો તો ઇનસાફ આપવો જોઇએ કે તે ગમે તે પણ એક આબરૂદાર અને લાયકીવાળો માણસ હતો. તેણે પોતાની કંઇ મતલબને સારૂ ઠીંગડાં માર્યાં તો હતાંજ, તોપણ મેહેરજીરાણાને ગાળો દેવાની યા નાલાએક સખુનો ઓચરવાની બેઅદબી તે કરતો નથી. તેથી ઉળતુંજ તે તો તેવણને "નેકજાત," "પ્રમાણીક" અને "ખરા કીર્તિવાન પુરૂષ" ની ઉપમાં આપે છે. તે કંઇ મેહેરજીરાણાને ધુતારા તરીકે ઓળખાવતો નથી અને તેથી તેની અસલતમાં અને મેહેરજીરાણાના હમણા બાહાર પડેલા દુશમેનોનાં અમીરમાં ઘણોજ તફાવત છે.



ના૦ ૬૮

રાહે રોશન.

(જુલાઇ-ઓગસ્ટ સને ૧૮૯૬)

દસ્તુર મેહેરજી રાણા અને બાદશાહ અકબર.

રાહે રોશનના અધીપતી જોગ,

સાહેબ,--પારસીઓ અને પાદશાહ અકબર એ વીશય ઉપર અતરેની " રોયલ એસીયાટીક સોસાયટી " ની મંડલી હજુર મી૦ રૂ. પે. કરકરીઆએ જે ભાષણ કરયું હતું, તે ઉપર તમોએ તમારાં દીનદાર ચોપાન્યાના છેલ્લા ૪ થા અંકમાં* જે વીવેચન કરયું છે તે વાંચવાથી સંતોષ ઉપજ્યો છે.

સાહેબ, પાદશાહ અકબરે જુદા જુદા ધરમોની ખુબી શું છે તે જાણવાની આહેશ રાખી જુદાજુદા ધર્મવળાઓની જે "કોંગ્રેસ" ઈસ્વી સને ૧૫૭૯ માં અકબરની દરબારમાં ભરી હતી તેમાં સામેલ થવા માટે નવસારીથી જે ધર્મગુરૂઓ ગયા હતા તે વીશે ભાષણકર્ત્તાએ જણાવ્યું છે કે અબુલ ફાઝલના તવારીખના પુસ્તકમાં પારસીઓ વીશે માત્ર નીચલો ફકરો જોવામાં આવે છેઃ-"**નવસારીથી** આતશપરસ્તોબી આવ્યા હતા, જેઓ જણાવતા હતા કે, જરથોસ્તી ધર્મ સાચો છે અને આતશને માન આપવું, એજ બંદગી કરવાની સૌથી સરસ રીત છે. તેઓબો પાદશાહની મેહેરબાની મેલવી શકયા હતા અને તેવણે અસલી ઈરાની પાદશાહો પેઠે આતશ રોશન રખાવવાને માથે લઇ આતશના કેબલાની સંભાળ અબુલ ફઝલને સોંપી હતી."

ઉપલો દાખલો કહી સમજાવવા પછી મી૦ કરકરયા બોલ્યા કે ' મેહેરજીરાણા કદાચ અકબરની દરબારમાં ગયા હશે કાંકે તેમના વારસો પાસે મોગલ દરબાર તરફથી મળેલી ૩૦૦) એકર જમીન જેટલી જાગીરની સનદ છે, પણ તેવણે કાંઇ ધર્મ સંબંધી તકરારોમાં અગતનો ભાગ લીધો ન હોય.' પાદશાહ અકબરને જરથોસ્તી ધર્મની ખુબી સમજાવવા માટે નવસારીથી જે ધર્મગુરૂઓ તેની દરબારમાં ગયા હતા તે દસ્તુર મેહેરજીરાણા હશે એમ મી૦ કરકરીઆ કબુલ કરે છે, તે છતાં તેવણે એ અશો દસ્તુરજી વીશે પોતાના ભાષણ વેળા શા માટે અણઘટતી કઠણાઇ વાપરી હતી તેની મને તેમજ બીજા ઘણાઓને સમજ પડતી નથી. પણ સંતોષની વાત તો એ છે કે ભાષણ પુરૂ કરવા પછી દસ્તુર મેહેરજીરાણાનો અછો બચાવ મુંબઈના હાલના વીદવાન કલેકટર દાકટર પોલને કરયો હતો.

હવે ભાષણકર્તાએ અબુલ ફઝલની તવારીખમાંથી જે દાખલો ટાંકી બતાવ્યો છે તે એકલો એકજ નથી. શાહનશાહ અકબરે જે વેળાએ દુન્યાના સઘળા ધરમો વીશે તેહકીક ચલાવી તે વેળાએ તેની દરબારમાં નવસારીથી જે જરથોસ્તી ધર્મગુરૂઓ ગયા હતા તે વીશે " ઇલીઅતસ હીસ્તરી ઓફ ઇંડયા " ના પુસ્તક ૫ માંને સફે ૫૩૦ મે જે લખાણ છે તેનો ઉતારો ' પારસી પ્રકાશ " ના પેહલાં વાલમને સફે ૮૩૮ મે નીચે મુજબનો જોવામાં આવે છેઃ-

" વળી ગુજરાતમાના નાવસારીથી પારસીઓ પણ આવ્યા હતા અને તેઓએ જરથોસ્તનો ધર્મ સાચો છે તથા આતશને માન આપવું એ બીજી બધી પુજાઓ કરતાં સરસ છે એમ જાહેર કીધું. તે લોકોપર શેહનશાહની મેહેરબાની ઉતરી અને તેઓએ (નવસારીના ધર્મગુરૂઓએ) તેને અસલી ઈરાની ધર્મ સંબંધી ક્રીયા મારગો, તેને લગતા સબકો, ફરમાનો, વગેરે શીખવ્યાં. અને સેવટે તેણે (અકબરે) આગલા ઈરાની શાહનશાહોના મેહેલોમાં

* જુઓ નંબર ૫૪

રાત દહાડો આતશ જારી રહેતો તેમ પવીત્ર આતશને સંભાલથી રાખવાને પોતાના વડા વજીર અબુલ ફાઝલને ફરમાવ્યું કે તેને (આતશને) દીવસ યા રાત કોઇબી વખતે બુજાવવો નહી ઠાંયકે બોદાનું નુર અને તેની પેદાયશોની ઘણીક રોશનીઓમાંની એ મુખ્ય છે."

વળી પ્રોફેસર જેમ્સ ડારમેસ્ટેટરે "હીંદુસ્તાનને લગતો પોતાનો અનુભવ" **જનરલ ડે ડોલાં** નામનાં એક ફ્રેંચ પત્રમાં છપાવેલો છે, તેમાં અકબાનોની તવારીખ આપતાં અબુલ ખાતેની એકપુરી પારસી દુકાન વીશેનો એહવાલ આપતાં લખે છે કે:—

"મી૦ દોરાબજીની કાબુલની દુકાનનો વહીવટ એક વરસ થયું મી૦ પેશોતન (નોશરવાનજી દસ્તુર) નામનો એક જુવાન પારસી ચલાવે છે જેની ઉપર અમીર અબદુલ રહેમાનનો અતીશય ચાહ છે, અને પોતાના છોકરાઓના શીક્ષક તરીકે અમીરે આ મી૦ પેશોતનને નેમ્યા છે. મી૦ પેશોતન મેહેરજીરાણાના કુટુંબના છે જેના બાપદાદાઓએ અકબરશાહની દરબારમાં મોટાં કામો બજાવ્યાં હતાં."

સાહેબ, ઉપલા દાખલાઓથી જણાય છે કે અકબરે બોલાવેલી "કોંગ્રેસ" માં નવસારીથી જે ધર્મગુરૂઓ ગયા હતા અને પાદશાહને જરથોસ્તી ધર્મ સંબંધી કીયામાગોં અને તેને લગતી સમજણો તથા ફરમાનો, આપ્યાં હતાં તે આપનાર અને સમજાવનાર કોઇ નહી પણ દસ્તુર મેહરજીરાણા હતા એમ અપક્ષપાત વાંચનાર સેહલાઇથી જોઇ શકશે.

લા૦ **સાચને આંચ નથી.**



ના૦ ૯૯

રાહે રોશન.

(જુલાઇ–ઓગસ્ટ.)

"નોંધ અને નુકતેચીની"

મી૦ રૂ. પે. કરકરીઆના "અકબર અને પારસીઓ" વિશેના છેલા ભાશણથી ચાલી રહેલી તકરારનો સાર પોતાની તરફથી આપતાં 'ટીકાકાર' લખી જણાવે છે કે:—

"અકબરને જરથોસ્તી દીન સમજાવનાર અને તેની તરફ ખેંચનાર પેહલા જરથોસ્તી મરહુમ દસ્તુર મેહેરજીરાણાજ હતા તે હવે સારી રીતે જાહેર થયું છે. મી૦ કરકરીઆના પાછલા જવાબોમાં એ અનુમાનની સામે જાય એવી કંઇ પણ દલીલ નથી. તેવણનાં ભાષણ ઉપરની તમારી શાંત તથા અપક્ષપાત નુકતેચીની જોકે ટુંકી તો પણ લાંબા રદીઆઓ કરતાં અસરકારક છે. તમારા એ ટીકાને સંપુર્ણ જવાબ કરવા માટે જે બીના જરૂરની છે તે ફકત સનેની શાહદત છે. એક તવારીખનવેશને જો કોઇ દલીલ સૈથી અગતની હોય તો તે તારીખને લગતી છે. દસ્તુર મેહરજી રાણા ૯૬૦ યજદેજરદીમાં હક થયા અને ઇરાની દસ્તુર અરદેશર એ બનાવ પછી સાત વરસ રહીને એટલે ૯૬૭ માં અકબરની દરબારમાં આવ્યા એ સારી સતાને અધારે આપણા જાણવામાં આવ્યું છે. જયાંસુધી એ તારીખોને મી૦ કરકરીઆ ખોટી પાડે નહી ત્યાં સુધી તેવણની બીજી બધી તકરારો નકામી છે. આ ચરચાના સંબંધમાં અંગ્રેજીમાં **ગેઝેટ, ટાઇમ્સ,** તથા **સ્વતંત્રની** કટારોમાં અને ગુજરાતીમાં **જામે જમશેદ, કયસરેહિન્દ, ઇ૦,** માં જે ઠાંઇ પ્રસીદ્ધ થયું છે તે એટલું પુરતું છે કે વધારે લખી તમારી જગાપર દબાણ કરવા ચાહતો નથી."

ના૦ ૧૦૦

" સ્વતંત્ર. "

વિલાસ વાણી.

(એકજ પત્રના ત્રણ જૂદી જૂદી તારીખનાં આ લખાણો ઘણું નાનાં તેમજ રમુજી હોવાથી, તે અત્રે સામટાં લીધાં છે.)

(તા. ૧૩ મી સપટેમ્બર સને ૧૮૯૬)

સવાલ પુછતાં સંભાળજો, નહીં તો અજ્ઞાન ગણાશો. !

ત્રણસો વરસ ઉપરના ગુજરાતના પારસીઓમાં અંધારૂં અને અજ્ઞાનપણું હતું, એવાં પોતાનાં સીધાંતના ટેકામાં આપણા ઠાએલ તવારીખ અભ્યાસી મી૦ કરકરયા એક દલીલ એવી દેખાડે છે કે, તેઓ ધર્મની બાબતના સવાલો ઈરાન ખાતે પુછી પુછાવી તેના જવાબ મંગાવતા હતા. તેનું સમજવું એ કે, સવાલ પુછાય ત્યાં અંધારૂં ને સવાલ પુછે પુછાવે તે અજ્ઞાન ! ત્યારે તો મારા પોતાના પણ બાર વાગી જવાના; કારણ હું પોતે દર અઠવાડીએ સંખ્યાબંધ સવાલો પુછું છું ! પણ હું એકલોજ કાં ? આપણા સુધારાવાળા, જેઓ દરેક બાબતમાં કાં, કેમ, શું, શા માટે એવા તરેહવાર સવાલો ઉભા કરેછે, તેઓ પણ અજ્ઞાન! આપણા ધારા સભાના બીનસરકારી સભાસદો પણ અજ્ઞાન, કારણ તેઓ દર બેઠકે બેઠક સંખ્યાબંધ સવાલો સતાવાળાઓને પુછે છે ! અને વેલાતની પાર્લામેંટના મેમ્બરો પણ અજ્ઞાન, કારણ તેઓ પણ પ્રધાનોને ધરાધર સવાલો પુછે છે ! અરે તમરૂં અત્યાપાત થાય રે સવાલો ! ત્યારે તમે તો કેઠા બરા ઢેંક નીવડયા ! ચાલો બા, ત્યારે હવેથી સવાલોના નામપર છેકો મેલો; નહીં તો ત્રણસો વરસ ઉપરના પારસીઓનાં જેવા અભણ અને અજ્ઞાન ગણાશો !

(તા૦ ૧૧ મી અક્ટોબર સને ૧૮૯૬)

મી૦ કરકરયા કે મી૦ કરકરભુસ? જ્યાં સુધી મી૦ કરકરયાએ અકબર વીષેનાં પોતાનાં ભાષણમાં દસ્તુર મેહરજીરાણા વીષેની તકરાર નહોતી જગાડી, ત્યાં સુધી તેવણ ખરે મી૦ કરકરયાજ હતા, પણ એ તકરાર જગાડયા પછી અને તેમાં ગેઝેટવાલા મી૦ ઓકીલત્રીએ તેમજ મી૦ સ્વતંત્રજીએ પોતે તેમનું ખોટારૂં દેખાડી તેમની ઝાટકણી ઉતાર્યા પછી તેવણ મી૦ કરકરભુસ થઇ ગયા છે. મી૦ કરકરભુસ એટલે મી૦ કરકરયાની તકરાર કરકરભુસ ! તવારીખની કીર્તીના મીનારાપર ચઢતો એક ઉલટમંદ જવાન, અધવચેથીજ આમ કરકરભુસ થાય, એ બેદકારક છે; પણ જ્યાં મનપવનનો વંટોલ્યો પુકે ત્યાં ઉપાય નીરૂપાય, અને એલાજ લાએલાજ !

(તા૦ ૨૫ મી અક્ટોબર સને ૧૮૯૬)

મી૦ કરકરયા તવારીખરૂપી કરકરયાં (પોપટજી !) કરવામાં બડા ઉસ્તાદ જણાય છે. આગળ તેવણે શીવાજી વગેરેની તવારીખનાં કરકરયાં બનાવ્યાં હતાં, તે બહુ મીઠાં, સ્વાદીષ્ટ અને સુગંધી નીવડયાં હતાં, અને વાંચનારી આલમે તે હોંસે હોંસે ચપાટયાં હતાં. પણ હમણાં અકબરની તવારીખમાં નવસારીના માજી દસ્તુર મેહરજી રાણાંના જે કરકરયાં, આ કરકરીયા ભાઇએ બનાવ્યાં છે, તે ઘણાઓને કડવાં, ખોરાં અને નાપસંદ લાગાં છે. અને જ્યારે એ કરકરયાં જોઇ જીવતાં માણસો ઉંહું હું હું કરે છે, ત્યારે બેહદશતી મેહરજીરાણાંના ગુજર પામેલા આત્માપર તેનું લુબાણુ

મેલાંતાં તે કેમ તેને પસંદ કરશે ? પણ એ કરકરયાં એવાં ખોરાં કેમ થયાં હશે ? કદાચ તેમાં સોજા ઘીને બદલે ખોરૂ તેલ વપરાયું હશે !

ના૦ ૧૦૧
જામે જમશેદ.

(તા૦ ૧૮ ડીસેમ્બર સને ૧૮૯૭)

દસ્તુર એરચજી સોરાબજી મેહેરજીરાણાને ઇનસાફ આપવાની કાળજી.

જામે જમશેદના અધિપતિ જોગઃ--

સાહેબ,

તે દહાડાએા શું વહી ગયા છે કે જ્યારે રેાયલ એશીયાટીક સોસાયટી "ભણેલાઓનું મંડળ" કહેવાતી હતી ? જો કે હાલ ધ-ણાક શીખેલા આસામીએા તેના સભાસદો છે અને તેઓના તાબામાં ચોપડીઓનો મોટો જથો છે, તે છતાં એ મંડળ જે અસલ સારી શોધખોળ કરનારૂં ગણાતું હતું, તેમ હાલ પણ ગણાય કે, એ સવાલ કરવા જોગ છે. એ મંડળીના થોડાક દીવસ ઉપર બાહેર પડેલાં ચોપાનીઆમાં એક એવો રેસાલો દાખલ થયલો છે કે, જેને ગયાં વરસના આગસટ માસમાં કેટલાક નુકતેચીનીઓએ ભુલોથી ભરેલો અને આડે મારગે દોરવનારો જણાવ્યો હતો. "અકબર અને પારસીએા" ના લખનારે ગમે તેવાં ઊંનભરૂસેદાર લખાણ કરવા ઉપરાંત એક વીદવાન દસ્તુર ઉપર 'ફારજરી' નું તોહેામત મેલ્યું છે. એ વીદવાન દસ-તુર જો પોતાનો બચાવ કરે એવી હાલતમાં હતે તો મને આ લખવાની જરૂર હતી નહી, પણ તેવણ પોતાની જબરી તથા આંખનાં દરદને લીધે એકાંતવાસ પકડી બેઠેલા હો-વાથી, અને કમનસીબે એ બાબતમાં તેવણ અને મી૦ કરકરીયા વચે મારી મારફતે કામ થયલું હોવાથી, એ ભણેલા બુજરગ દસ્તુર એરચજી સોરાબજી મહેરજીરાણા તરફથી મને બોલવું પડે છે.

સાહેબ, સને ૧૮૯૬ ના મે મહીનાની તા૦ ૩૦ મીના તમારાં "જામે" મારફતે મી૦ રૂસતમજી પેસતનજી કરકરયાએ ખાસેાઆમને જાહેર કર્યું હતું કે શેહેનશાહ અકબરના પારસીએા સાથના સંબંધ વીશે તેવણ એક રેસાલો લખનાર છે અને તેમાં દસ્તુર મેહેરજીરાણા વીશે ચાલતી આવેલી દંતકથા તેવણ સામેલ કરનાર હોવાથી, તેને લગતા કાંઇ પણ દસતાવેજો જો કોઇ પાસે હોય, તો તે પોતાનો સવાધીન કર-વાની તેવણે અરજ કરી હતી. આ ઉપ-રથી એ બાબદ ઉપર સારૂ અજવાળું નાખવાના હેતુથી મેં નવસારીવાળા મજકુર દસતુર એરચજીના દોતરા મી૦ પેસતનજી નસરવાનજી દસતુર સાથે પત્રવહેવાર ચલા-વ્યેા હતો, જેના પરીણામમાં મી૦ પેસ-તનજીએ છાપેલી તેમજ લખેલી ચોપડી-ઓમાંથી કેટલાંક લખાણોની નકલ કરીને મારી ઉપર મોકલી હતી. એ ઉપરાંત એક બીજા બુજરગ દસતુરે સથાપક નયા-ગાન વીશે પોતે જે કાંઇ સમજેલું અથવા વાંચેલું હતું, તેની કરી રાખેલી અસલ નકલ પણ મોકલી હતી, જે સઘળાં કાગલો હાલ મી૦ કરકરીયા પાસે છે. મી૦ પેસતન-જીએ ત્રણ તવારીખની ચોપડીઓમાંથી ત્રણ ફકરાઓ મોકલયા હતા, જે ચોપડીઓ "કવાઆતે અકબરી" તથા "તારીખે મહા-નામે" અને "તબકાતે અકબરી" હતી, એમ જણાવવામાં આવ્યું હતું. સને ૧૮૬૫ માં પુનામાં રહેતો દીલ્હી તરફનો કાજી હબીબુલાખાન નામનો મુનશી દસતુર મેહેરજીરાણા વીશે કાંઇ જાણે છે એમ જણા-વાથી, એક બુજરગ મોબેદે તેની પાસેથી મજકુર ત્રણ ફકરાઓ લખાવી લઇને દસતુર

એરચજી ઉપર મોકલ્યા હતા. દસ્તુર એરચજી જેવણે આજે ૨૫ વરસની વાત ઉપર એરવદ મનચેરજી વાછા સાથે મળીને દશ યશતોનો તરજુમો પહેલવહેલો બાહેર પાડયો હતો અને જેવણની અવસતા, ફારસી તથા અરબી ભાષાની કાબેલીયત વીશે વીદવાનોને સારૂં મત છે, તેવણે એ ફકરાઓને ફારસી તવારીખની કેતાબો સાથે સરખાવયા, પણ તે ન મળી શકવાથી અને તે વીશે મજકુર મુનશીને લખી જણાવવાથી મુનશીએ જવાબ વાળયો હતો કે તેણે એ ફકરાઓ આગ્રા ખાતેની હાથની લખેલી કેતાબો ઉપરથી મેળવયા હતા. એ વીશે ઘટતી તપાસ કરવા માટે આગ્રા જવાને દસતુરજી તે વખતે શકતીમાન નડી હતા. ૧૮૮૬-૯૨ ના વરસોમાં જ્યારે પોતાના દોતરા પંજાબ તરફ વસતા હતા, તે વખતે મજકુર ત્રણ ફકરાઓ વીશે તેવણે તયાંની કેતાબોમાં તલાસ કરાવી હતી, પણ તે તયાંથી ન મળી શકવાથી તેવણે અનુમાન કરયું કે, મુનશી હબીબુલ્લાખાને તેવણને ભોળવેલા હોવા જોઇએ.

હવે સાહેબ, મી૦ ૩૦ પે૦ કરકરયા એક મોટા તવારીખનવેશ, મોટા શોધક તથા બારીક તપાસ કરનાર છે, એવું મેં સમજેલું હોવાથી, જ્યારે તેવણે બાપોકાર જાહેર કરીને દસ્તુર મહેરજીરાણા (હજારો હજાર દરૂદ હોજો તેવણના રૂહ ઉપર) વીશે કાંઇ કામ લાગે એવું સાહીતય માગયું, તયારે મેં મજકુર ત્રણ ફકરાઓ જેની અસલ નકલ શોધી કહાડવામાં દસતુર એરચજી તથા તેવણની દીકરીના દીકરા નીશ-ફળ થયા હતા, તે મેં મી૦ કરકરયાના હાથમાં મેલ્યા. એ ફકરાઓ મી૦ કરકરયાને આપતી વખતે તેઓના અસલ નકલ કેથે જડતી નથી તેને લગતા ખુલાસાનું મી૦ પેસતનજી દસતુરનું કાગલ મેં તેવણને વાંચી સંભળાવીને તેવણનેજ સપુરદ કરયું હતું. આ ઉપરથી તમો સાહેબ જોઇ શકશો કે મી૦ કરકરયાના બોહોળાં વાંચણ વીશે મેં જે સાંભળયું હતું, તે ઉપરથી દોરવાઇને મજકુર ત્રણ ફકરાઓ તેવણના હાથમાં મેં એવી આશાથી મેલયા હતા કે તેવણના અભયાસ દરમયાન જો તેવું કાંઇ મળે તો તેવણને જશ મળે અને તવારીખને પણ એક નવી બીના બાહેર આવયાથી કાંઇ ફાયદો થાય. પરીણામ એ આવયું કે, ગયાં વરસના આગસટ માસમાં મી૦ કરકરયાએ પોતાનો રેસાલો વાંચતાં જણાવયું કે " એ ત્રણ ફકરાઓને પારસીઓને રાજી રાખવા માટે પુનાના મુનશીએ ઘુસાડેલા ગણીને તેઓને નામંજુર કરવા જોઇયે. એ રેસાલો વંચાયા બાદ વીદવાન ઇંડી ઓકલત્રી તથા બીજાઓએ તેની ખામીઓ બતાવી આપી હતી. બાદ મી૦ કરકરયાએ છેક દોઢ વરસ પછી, પોતાનો રેસાલો છપાઇને બાહેર પડયો તેમાં મજકુર મુનશી ઉપરનો આરોપ ઉભો રાખીને દસ્તુર એરચજી ઉપર પણ તે લાગુ પાડતાં તેવણ જણાવે છે કે " ઘણું ખરૂં તો નકલ કરનારે પોતે ફારજરી (બનાવટ) કરેલી છે." જે વીદવાનો અને બીજા ગ્રહસ્થો દસતુર એરચજીને ઓળખે છે તેઓ તો એ ભરમ ચેતી જશે, પણ બીજા વાંચનારાઓને માટે આ ખુલાસો લખી મોકલવાની જરૂર જણાઇ છે. પુનાવાળા મુનશીએ પોતાને હાથે લખી આપેલા મજકુર ત્રણ ફકરાઓ હજી દસતુર એરચજીના કેતાબખાનામાં મોજુદ છે અને જો તે બનાવટ હોય, તો તે મુનસીની બનાવટ છે અને દસ્તુર એરચજી તો તદન નીરદોશ છે. મરહુમ પાકજાદ દસ્તુર મેહેરજીરાણાનાજ વંશના દસ્તુર એરચજી, જેવણ પોતાના અભયાસના શોખથી પોતાની આંખો ખોઇ એકાંતવાસ ભોગવે છે, તેવણને છેલ્લે દહાડે

આવું બોલીને મી૦ કરકરયા પોતાની કીરતીમાં શું ઉમેરો કરનાર છે, તે સમજી શકાતું નથી.

સેવક તમારો,
ફ. કે. મોદી.

મુંબઇ, તા૦ ૧૪ મી ડીસેમબર ૧૮૯૭.

ના. ૧૦૨.

જામે જમશેદ.

(તા. ૨૫ મી ડીસેમ્બર સને ૧૮૯૭)

દસતુર મેહેરજીરાણા વીશેની તકરાર.

જામે જમશેદના અધીપતી જોગઃ—

સાહેબ,

મેહેરજીરાણા પાછો જાગ્યો છે. ગયે વરસે ટાઉનહોલમાં મારા ભાશણમાં અને ઇંગ્રેજી તેમજ ગુજરાતી પત્રોની કતારોમાં તયાર પછી લંડનના "ઇંડયન મેગેઝીન" અને "કલકતા રીવયુ" ની મારી આરટીકલોમાં અને હમણાજ પ્રગટ થયલા અમારી રોયલ એશીયાટીક સોસાયટીના "જનરલ"માં, એમ જુદે જુદે ઠેકાણે મેહેરજીરાણાની કથાનું ખંડણ હવે પુરતી રીતે અને દરેક તકરાર પીછાની શકનાર વાંચનારની ખાતરી પુરવક કરવામાં આવયું છે. મારી તકરારો ઉપર જણાવેલે ઠેકાણે ઉલેલી છે અને તેમાં દરેક પગલે મેં મારી સાહદતો ખુલ્લા આપી છે. જો મારા વીચારને ખોટો પાડવો હોય તો એ તકરારો તોડવી જોઇયે. પણ આજ દોઢ વરસ થયું સીધી રીતે તેને તોડવાની કાંઇ કોશીશ થઇ નથી. આડકતરી રીતે અને ખુણેખાંચોની બાબદો ઉપર લાંબી લાંબી અને વગર અરથની તકરારો ચલાવી કેટલાક અણસમજુઓને ભોળાવવાની ઘણી તજવીજ થઇ છે, પણ શયાણા વાંચનારાઓ એવી તકરારની રૂઢીનું પોકળપણું અતયાર અગાઉનું જોઇ ચુકયા છે.

હવે જયારે મેહેરજીરાણાવાળી બાબદ વીશે પાછો એક ચરચાપત્રી લખાણ કરવા નીકળયો છે, તયારે તેને મુળ બાબદ તો છોડી દેવીજ પડી છે. હવે તે ઉપર તકરાર કરવાનું રહયુંજ નથી. એ કથાનું પોકળપણું હવે કોઇથી રીતે તકરારથી તો ટકાવી શકાવાનું નથીજ. હવે તો માત્ર એક ખુણામાંની બાબદ બહાર કહાડી છે. પણ એ વીશે લખાણ કરતી વખતે સામી બાજુવાળાઓએ જેમ મને આગળ ગાળ દેવાનું દરસત વીચારયું હતું, તેમ હવે અમારી રોયલ એશીયાટીક સોસાયટીને ગાળ દેવામાં આવી છે. એ સોસાયટી હવે વીદવાન નથી, એ મંડળ શોધખોળ કરનારૂં નથી, ઇતયાદી. પણ વીદવાનોનાં એ મંડળ ઉપર મત ઉચારનાર એ તમારો ચરચાપત્રી પોતે કેવો મોટો વીદવાન છે, તે જેઓ જાણે છે તેઓ ખરેજ હસયા વગર રહયા નથી. જ્યાં ફરેસતાઓ આસતેથી ચાલતાં પણ બીએ તયાં મુરખો યાહોમ દોડવાને લજવાતા નથી, એ ઇંગ્રેજી કહેવત કાંઇ ખોટી નથી. વીદવાનોનાં મંડળની ઉપર નુકતેચીની કરવાને ખરેખરા વીદવાનોજ જયારે આચકી ખાય તયારે કેટલાક દોઢ ચતુરો બેધડક હુમલો લઇ જઇ પોતાની હુશીયારી બતાવવાને ચુકતા નથી.

હવે તમારા ચરચાપત્રીએ ઉઠાવેલી ભાંજગડ ઉપર આવયે. મેહેરજીરાણાની કથાના ટેકામાં સાહદત તરીકે ખોટા ઉભા કરેલા ફારસી તવારીખમાંના ફકરાઓ લઇ એ તમારો ચરચાપત્રી મારી આગળ આવયો હતો. જે કાગજમાં એ ફકરાઓ સમાવેલા હતા તેને સાબેતીઓના આકારમાં ગોઠવેલું હતું અને એ ૩ ખોટા ઉભા

કરેલા ફકરાઓ "સાબેતી છઠ્ઠી, સાબેતી સાતમી, સાબેતી આઠમી" એમ ગોઠવ્યા હતા. હવે એ કાગજમાં જેણે એ ફકરાઓ લખ્યા તેનું નામ તેમાં લખવામાં આવ્યું નથી. હમણા કહેવામાં આવે છે કે નવસારીના અપંગ મોબેદ એરચજી મેહેરજીરાણાએ એ દસતાવેજ લખ્યો હતો. જેને પણ એ મળ્યો હોય પણ તે એ ફકરાઓ વીશે કાંઇ પણ નોધ કરતો નથી, કે તે ખોટા ઉભા કરેલા છે. તેની ફરજ હતી કે એ ફકરાઓ કયાંથી તે લાવ્યો તેનો તેમાં નોધ મારી મેલે. પણ એ ૩ ફકરાઓને કશી નોધ મારી નથી. હમણા કહેવામાં આવે છે કે એતા કાજી હબીબુલાખાને એ ફકરાઓ ઉભા કરયા. તયારે કાં નહી મને જે દસતાવેજ મોકલવામાં આવ્યો તેમાં એમ લખ્યું. તેમાંતો એવું કશું નથી. કાજી હબીબુલાખાનનું નામ તો "સાબેતી ૫ મી"ની નીચેની નોધમાં છે, તેમાં તો બીજીજ એક ફારસી હેવાલ એ કાજીની સાહદત ઉપર આપ્યો છે. હવે એ કાજીને માથે જ્યારે એ "ફારજરી" ધોળવવામાં આવે છે, તયારે એ સાબેત કરવું જોઇયે. તમારો ચરચાપત્રી કહે છે કે એ કાજીના હાથ દસકત અને બીજી સાહેદી છે, તો જરૂર એ સઘળું જાહેરમાં મુકી તેનો એ અપરાધ સાબેત કરવો જોઇયે. તયાં સુધી તો એ ફકરા ઉભા કરવાની જોખમદારી એ દસતાવેજ લખનાર મજકુર અપંગ મોબેદ ઉપરજ રહેશે.

પણ એક મુસલમાન કાજી એ ફકરાઓ ઉભા કરી આપે એ પહેલી નજરે માનવામાં આવતું નથી. મુસલમાન મોલવી અને કાજીઓ પારસી ધરમની કદીપી અતીશય તારીફ કરવાને મુદલ જાણીતા નથી. ઓર તેથી ઉલટું તેઓ તો એ ધરમ ઉપર હમેશ બખારે છે, અને વળી એવા ફકરા ઉભા કરી બદાઉની જેવા ચુસત અને મહામેદન ધરમ ઉપર અતી ધીદા એવા તવારીખનવેશનાં નામ ઉપરજ થોકી બેસાડે એથી ઘણુંજ નવાઇ જેવું લાગે છે. તોપણ જો એ કાજીનો ગુનાહ સાબેત કરવામાં આવે, તો હું ખુશીથી મારો વીચાર ફેરવીશ.

પણ એક બારગી કબુલ કરયે કે એ મુસલમાન કાજીએ ફકરા ખોટા ઉભા કરી મજકુર નવસારીવાળા લખનારને આપ્યા, તોપણ એ નવસારીવાળાએ કબુલ કેમ રાખ્યા? તે તો તમારો ચરચાપત્રી લખે છે તેમ મોટો ફારસીખાં છે અને ફારસી સાહીતય બધું જાણે છે, અને વળી મુલ્લાંફીરોઝ જેવાં મોટાં ફારસી કેતાબખાનાંનો લાઇબ્રેરીયન હતો. તયારે શું એ એવા ખોટા ફકરાઓ પારખી નહી શકયો? અને તેણે ૩૦ વરસની લાંબી મુદત સુધી, કારણ કે એ ખોટા ફકરાઓ આજ ૩૦ વરસ થયાં ખરા તરીકે ચાલતા આવ્યા છે. તે એટલે સુધી કે મેહેરજીરાણાવાળા નવસારીના કેતાબખાનામાં કહેવાતા અસલ દસતાવેજની ચોપડી —જે ચોપડીનો ઘણા જણાએ ભોળવાઇને આધાર લીધો છે—તેમાં પણ એ ખોટા ઉભા કરેલા ફકરાઓ મજકુર નવસારીવાળા મોબેદ સાહેબે ઉતારીને ગોઠવ્યા છે, અને તેણે કોઇને ચેતાવ્યા વગર કે એ તો કાજી હબીબુલાખાનની "ફારજરી" છે! વળી જ્યારેઓ મેહેરજીરાણાની તકરાર અગાઉ નીકળતી હતી, તયારે એ ફકરાઓ સાહદત તરીકે લાવવામાં આવતા હતા, જેમ કે "સમાચાર"માં ૧૮૯૨ માં ચાલેલી તકરાર વખતે. એ સઘળું શું બતાવે છે, તે વાંચનારજ જોઇ લેશે. એ ખોટા ફકરાઓ ફેલાવાનો દોશ તો જરૂર મજકુર નવસારીવાળા મોબેદ સાહેબને લાગુ પડે છે, તેમાં શક નથી. હવે એનાં તરફથી કહેવામાં આવે છે કે એ તો મુસલમાન કાજી હબીબુલાએ એને ઠગ્યો ને એ તો નીરદોશપણે તે ફેલાવતો હતો. એ વાત સાબેત કરવાની રહી છે અને જયાં સુધી એ બરાબર

સાબેત નહી થાય તયાં સુધી એ માનવામાં નહી આવશે. વાસ્તે જેમ મેં "ટાઈમસ ઓવ ઇંડ્યા" માં જણાવ્યું છે તેમ, હવે એ સાબેત કરી જાહેરમાં પોતાનું નીરદોશપણું બતાવી આપવાનું કામ એ એરચજી મેહેરજીરાણાનું છે અને વગર ઢીલે તેવણે એ માથે ઉઠાવવું. એ કાજી હબીબુલાખાન કોણ હતો, તેણે એ ફકરા કયારે બનાવયા અને કયારે એ એરચજીને આપયા, તેવણે કેમ કબુલ કરયા, એ આપતી વખત કોણ સાહેદી આગળ હતો, એ કાજીના દસકત છે તેની શું સાહેદી, ઇતયાદી સઘળી બાબદો જાહેરમાં મુકી સાબેત કરી નીરદોશપણું બતાવે, અને હું જરૂર મારાં લખાણની નવી આવરૂતીમાં એ અપંગ નવસાવાળા સાહેબને એ ઉભા કરવાના શકમાંથી મોકળા કરીશ--વાંચનારે ધ્યાનમાં રાખવું કે મેં શકજ બતાવયેા છે, ચોકસ પણે નથી કહયું કે એવણેજ ઉભા કરયા–" Very likely a forgery by the copyist." પણ એ સાબેત થાય તયાં સુધી હું દલગીર છું કે, મારૂં મત ફેરવવાનું હું કારણ જોઇ શકતો નથી. એ સાબેત કરવાની કોશેશ ખરેખર થશે તેાજ હું એ બાબત વીશે લખાણ કરીશ, નહી તેા બાલી અહીં તહીંની ને વગર સારની તકરારમાં ઉતરવાને હું દલગીર છું કે હું વખત ફાલતુ પાડી શકીશ નહી.†

સેવક તમારેા,

ફ. પે. કરકરયા.

મલબારહીલ, તા. ૨૨ મી ડીસેમબર ૧૮૯૭.

*** મી૦ રૂસતમજી કરકરયાનું ઉપલું ચરચાપત્ર અમને મળ્યું છે, તેમજ અમેાએ પ્રગટ કરયું છે.

અધીપતી, જામે જમશેદ.

† આ નંબર ૧૦૨ નંબર ૨૫ નેા ગુજરાતી તરજુમેા છે, નંબર ૧૦૨ (જામે જમશેદ) માં જેમ છપાવ્યું છે તેમજ તેજ તારીખનાં (૨૫-૧૨-૧૮૯૭ નાં) મુંબઇ સમાચારમાં પણ મી૦ કરકરીઆએ છપાવ્યું છે. ફરક એટલેાજ છે કે, સમાચારમાં નીચે પ્રમાણે મથાળું કર્યું છે:—"શેહનશાહ અકબરને દસ્તુર મેહેરજીરાણાએ નહી, પણ કેરમાનવાળા દસતુર અરદેશરે પારસી ધરમ સમજવ્યેા હતેા એવી પેાતાની તકરાર વીષે મી૦ ૩૦ પે૦ કરકરીઆએ ક્રીધેલેા વધુ ખુલાસેા."

તેમજ શરૂઆતમાં દીબાચા તરીકે મી૦ કરકરીઆ "સમાચાર" મા એટલેા હુમેરેા કરે છે:—"મેહેરજીરાણા વીષે 'ટાઇમ્સ ઓફ ઇંડીયા' ઉપર મેં જે પત્ર લખ્યેા હતેા તેનેા આ સાથે મેાકલેલેા તરજુમેા તમારા પત્રમા પ્રગટ કરવાની મેહેરબાની કરશેા; અને હું આશા રાખું છું કે, ઇતીહાસના શેાકીન તમારા વાંચનારાઓને તે ઉપયેાગી થઈ પડશે."

આ પછી ચરચા પત્ર શરૂ થાય છે તે બેાલેબેાલ જામેના ચરચા પત્રને મળતુ છે. જામેમા જ્યારે તા૦ ૨૨ છે, તયારે સમાચારમાં તે તા૦ ૨૪ છે. જામેના અધીપતીએ નેાધ મારી છે, જેમ સમાચારવાળાએ કીધું નથી.

ના૦ ૧૦૩
નવસારી પ્રકાશ.

(૨૬ મી ડીસેમ્બર સને ૧૮૯૭)

મરહુમ દસ્તુર મેહેરજીરાણા સંબંધી તકરાર નવેસરથી—દસ્તુર એરચજી સોરાબજી ઉપર મી૦ કરકરયાનો નાલાએક હુમલો.

ચંચળ બુદ્ધીના તથા ભણીગણીને પસાર થયલા વીદ્યાર્થીઓ પણ ઉછાછલાપણાં અને તાસુબીને લીધે પોતાની કીર્તીને કેટલીક વાર કેવી ઝાંખ લગાડે છે, તેનો એક બેદકારક દાખલો આપણા પેલા તવારીખના શોધક ગણાતા મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાએ મરહુમ દસ્તુરાન દસ્તુર પહેલા મેહરજીરાણા સામે લાધેલી વલણમાંથી મલી આવે છે. ગયાં સાલના આગસ્ટ માસમાં રાયલ એશીઆટીક સોસાયટીની મુંબઈની શાખા મંડલીમાં પોતે વાંચેલા "અકબર અને પારસીઓ" વીષેના રેસાલામાં, અને તે પછી વર્તમાન પત્રોની કટારોમાં, એ ચંચળ ગ્રહસ્થે એ મરહુમ દસ્તુર સાહેબને જે ગેરઇનસાફ અને અપમાન કર્યાં હતાં, તે વાંચનારાઓની યાદદાસ્તમાં તાજું હશે. આજ ત્રણસો વરસથી મનાતું આવ્યું છે કે, મહાન મોગલ શેહનશાહ અકબરને પારસી ધર્મ સમજાવી તેની આસ્થા તે ધર્મ તરફ ખેંચનાર મુખ્ય પુરૂષ એજ દસ્તુર મેહેરજીરાણા હતા; અને આપણ સર્વે એ સ્વભાવીક રીતે વક્કો એજ રાખી હતી કે, મી૦ કરકરયા પોતાના આ રેસાલામાં તે વાત મજુર રાખવા જોડે, જો તેમાં ઠાંઇ શક સુબેહ હોય તો તે, પોતાની શોધ ખોળ વડે દુર કરશે પણ બન્યું તેથી ઉલટુંજ. મી૦ કરકરયાએ દસ્તુર મેહેરજીરાણાને ઘટતું આ વાજબી માન તેમને આપ્યું તો નહીંજ, પણ સામી તેમની ઠેકડી કરવાની લાએકી દેખાડી એટલુંજ નહી, પણ મેહેરજીરાણાના જમાનાના પારસીઓને અધર્મી જેવા તથા તે વેલાના દસ્તુર દાવરોને ધર્મજ્ઞાનથી નાવાકેફ જણાવ્યા. પણ તેમની એ નવી વીચીત્ર શોધો ઘડી ભરખી ટકી શકી નહી. "ઇડી આકલત્રી" ની સહીના વીદ્વાન અને ખરેખરા શોધક અને ચરચા પત્રીએ અંગ્રેજી પત્રોની કટારોમાં, ઘણી બલતવારીથી મી૦ કરકરયાનાં આ અનુમાનોનું પોકલ ઉધાડું પાડવા સાથે, તવારીખી શાહદતો તથા દસ્તાવેજી પુરાવાઓ વગેરેથી સુર્યના તેજની પેઠે સાબેત કરી આપ્યું કે, અકબરને પારસી ધર્મ સમજાવી પારસીપણાં તરફ ખેંચનાર મરહુમ દસ્તુર મેહેરજી રાણાંજ હતા; એ દસ્તુરજી તેમજ તેમના જમાનાના દસ્તુર દાવરો ધર્મજ્ઞાનમાં પરીપુર્ણ અને તે વેલાના જરથોસ્તીઓ દીનદારીમાં નમુના સમાન હતા; અને અકબરને પારસી ધર્મ સમજાવનાર તરીકે મી૦ કરકરયા ઈરાનના જે દસ્તુર અરદેશરને આગળ ધરે છે, તે દસ્તુર સાહેબ તો મેહેરજીરાણાએ એ કામ બજાવ્યા પછી ઘણાં વરસની મુદતે, અને પાદશાહ તરફથી બનાવવામાં આવતી ફારસી ફરહંગમાં જંદ શબ્દો દાખલ કરવામાં મદદ આપવાના કામ માટે, દીલ્હી આવ્યા હતા. આ સઘળાં સીદ્ધાંતો અને તકરારોનું કશું ખંડન મી૦ કરકરયા આજ સુધી કરી શકયા નથી; અને તેમની એ શીકસતથી એવી આશા રાખવામાં આવી હતી કે, તેઓ હવે પોતાની ભુલ જોઇ મરહુમ દસ્તુર મેહેરજીરાણાનો તથા તેમના ખાનદાનીઓનો પીછો છોડશે.

પણ નહી; "હારેલો જુગારી વધારે રમે" તેમ, મી૦ કરકરયા પોતાની આ ખોટી બાજી છોડતાજ નથી. "અકબર અને પારસીઓ" વીષેના તેમના ઘોકાઇ ગયલા રેસાલાનો એવો હાલ થયા પછી

તે છપાયા વગર અભરઈપર મેલાશે એવી વક્કી હતી, પણ તે પાર પડી નથી; અને રાયલ એશીઆટીક સોસાયટીનાં ચોપાન્યાંમાં તેને દાખલ કરવાને તેના કારોબારીઓએ ઘટીત વીચારયું છે. તે ચોપાન્યું હાલ બાહેર પડયું છે, જેમાં આ રેસાલો પણ બીરાજેલો જોવામાં આવે છે. તે મધે મી૦ કરકરયાએ આપણા બુઝોર્ગ અને વીદ્વાન દસ્તુર એરચજી સોરાબજીપર ચોકસ દસ્તાવેજના સંબંધમાં "ફારજરી" કરવાનું તોહમત મેલ્યું છે. એ દસ્તાવેજ તેજ છે, કે જે છેક સન ૧૮૬૫ નાં સાલમાં દીલહી તરફનો એક મોલવી નામે કાજી હબીબુલાખાન, જે તે વેલા પુણામાં રહેતો હતો, તેની પાસેથી મલ્યો હતો, પણ પાછલથી ભુલ ભરેલો માલુમ પડયો હતો, અને જેની નકલ મી૦ કરકરયાની જાહેર માગણી ઉપરથી મુંબઇવાસી ભલા ગ્રહસ્થ એરવદ રૂસ્તમજી કેરશાસજી મોદીએ, નવસારીથી મી૦ પેશુતન નોશેરવાનજી દસ્તુર પાસે મેલવીને મી૦ કરકરયાને પહોંચાડી હતી. જે વેલા તેમને આ નકલ પહોંચાડવામાં આવી તેજ વેલા, એ દસ્તાવેજની તવારીખ તથા તેના સંબંધમાં ઉભા થયલા સંસયથી મી૦ કરકરયાને વાકેફ કરવામાં આવ્યા હતા; અને તે છતાં આજે તેવણ જો તેના સબંધમાં દસ્તુર એરચજી ઉપર આવું જબુન તોહમત મેલે, તો તે તેવણે ખોટું કીધેલું એટલુંજ નહી, પણ "ઉપકારને બદલે અપકાર" કીધેલો ગણાય. તેમના એ તોહમતનો રદીઓ એરવદ રૂસ્તમજી કેરશાસજી મોદીએ, તુરતજ ટાઇમ્સ ઑફ ઈન્ડીઆમાં તેમજ જામે જમશેદમાં આપ્યો છે.* પણ છેડો એટલાંમાંજ આવે એમ જણાતું નથી. હવે જ્યારે મી૦ કરકરયાનો આ વાંધા ભરેલો રેસાલો રાયલ એશીયાટીક સોસાયટીનાં ચોપાન્યામાં છપાઇ પ્રગટ થયો છે, ત્યારે તેનો રદીઓ, તેમજ મરહુમ દસ્તુર મેહેરજીરાણાની અકબરને જરથોશતી ધર્મ સમજાવવાની તવારીખ પણ, તેના દાખલાઓ તથા પુરાવાઓ સાથે, સામી બાજુથી છપાવાની વક્કી આપણે રાખવી જોઇયે. સાંભલ્યા મેલે, આ કામ તેને લાયકના એક વીદ્વાન હાથે થાય છે, જે બાહેર પડયાથી આ તકરારી સવાલ ઉપર પુરતું અને સતાવાર અજવાલું પડશે.

ના૦ ૧૦૪

જામે જમશેદ.

(તા૦ ૧ લી જનેવારી સને ૧૮૯૮)

અકબર અને દસ્તુર મેહેરજીરાણા.

જામે જમશેદના અધીપતી જોગઃ--

સાહેબ,

તમારાં પત્રના ગયા સનીવારના અંકમાં* મી૦ કરકરીયાએ દસતુર મેહેરજીરાણા વીશેની તકરારના સંબંધમાં જે લખાણ કરયું છે, તેમાં તેવણ જણાવે છે કે સામી બાજુવાળાઓએ તેવણને ગાળ દેવાનું દરસત વીચારયું હતું. પણ સાહેબ એ તકરાર હું ઘણાજ ધયાનથી વાંચતો હોવાથી મારે જણાવવું જોઇયે કે સામી બાજુવાળાઓએ પોતાની તકરારમાં એક ગાળ તો શું, પણ એક આડો શબદથી મી૦ કરકરીયા સામે વાપરયો નથી. જો મી૦ કરકરીયા મને બતાવી આપીને મારી ખાતરી કરે કે તેવણને ગાળ દેવામાં આવી છે, તો તે માટે હું એક ગ્રહસ્થ તરીકે મારી ભુલ ખચીત કબુલ કરીશ. પણ મારે ફરી જણાવવું જોઇયે કે મી૦ કરકરીયાએ પોતેજ દસ્તુર મેહેરજીરાણાને અપમાન કરીને

* જુઓ નંબર ૨૨-૧૦૧.

* જુઓ નંબર ૧૦૨.

ગાળો ભાંડી છે, જેના એકાદ બે દાખલાઓ તમો તેમજ તમારા વાંચનારાઓની ખાતરી માટે નીચે રજુ કરૂ છું.

મી૦ કરકરીયા દસ્તુર મેહેરજીરાણા વીશે લખતાં જણાવે છે કે "દીલ્હી ગયા એટલે નવસારીના ગરીબ અને અભણ કસબામાં એવણનો ભાવ વધ્યો. પછી દીલ્હીમાં ગમે તે કરયું હોય, દરબારમાં એક ખુણેખી કાં નહી પડયા હોય, તોપણ સવદેશમાં આવીને તો લાંબી લાંબી વાતો કરી હશે, કે અમે એમ કરયું ને અમે તેમ કરયું, અને તે ઉપરથી બીચારા ભોળા નોશાકરાઓ સમજયા કે ખરેખર કાંઇ વાધ મારયોજ હશે, અને તેથી દસતુર બનયા." તેમજ "આપણા લાલયા પરાપર નોકરો મુંબઇમાં આપણે તયાં શું દરજજે ભોગવે છે, તે આપણે જાણીયે છીયે, પણ તેઓ ભાડાં, સંજાણ, નવસારી, વગેરે પોતાના ગામમાં જઇ, પોતે મુંબઇમાં એમ કરયું અને તેમ કરયું કરીને પોતે શું એક મોટા 'આબીસર' હોય તેમ ગામના ભોળા લોકો આગળ ફડાકા મારે છે, જે ઘણાઓને ખબર હશે. તેમજ નવસારીથી દીલ્હી ગયલા મોબેદો નવસારી પાછા આવીને દીલ્હીમાં જાણે શું એક જાહોજલાલી ભોગવી હોય, તેવો દેખાવ કરીને ભોળા નોશાકરાઓને ભોળવેલા લાગે છે." એ ઉપરાંત મી૦ કરકરીયાએ પોતાના છેલ્લાં પત્રમાં કાબેલ દસતુર એરચજી સોરાબજી મેહરજીરાણા માટે અપમાન અને તુચ્છકારભરેલા શબ્દો વાપરયા છે, જેમ કે, "નવસારીના અપંગ મોબેદ એરચજી મેહેરજીરાણા તો તમારો ચરચાપત્રો લખે છે તેમ એક ફારસી ખાં છે, બધુ ફારસી સાહીતય જાણે છે અને મુલ્લાંકીરોજ જેવાં ફારસી કેતાબખાનાના લાઇબ્રેરીયન હતો," વગેરે. ઉપલા દાખલાઓ ઉપરથી તમારા વાંચનારાઓ જોઈ શકશે કે મી૦ કરકરીયા પોતા પાસે કાંઇ તકરાર નહી હોવાથી ગાળગલોચ કરીને "તરીયાપાવ" ઉપર આવયા હતા, અને મરહુમ દસતુર મેહેરજીરાણા તથા તેવણના લાગતાવળગતાઓ તરફ દવેશભાવ બતાવયો હતો. એજ તકરાર દરમયાન મી૦ કરકરીયાએ પોતાના ટેકામાં, પોતાના મીનોચેહેર હોમજીની સાથના એક એરવદ ફરામજી અસપંદીયારજી રબાડીને લઇને તેવણને દસતુરનો એલકાબ આપયો છે, જયારે મરહુમ દસ્તુર મેહેરજીરાણા તથા તેવણનાં નબીરા દસતુર એરચજી સોરાબજી મેહેરજીરાણાનાં નામો આગળ દસતુરનો તો નહીજ પણ એરવદ કે મોબેદ જેવા માનભરયા શબ્દો પણ મુકયા નથી. વળી એજ એરવદ રબાડીને મી૦ કરકરીયાએ પોતાના ટોળાના ચુસત શેહેનશાહી કહયા છે, જયારે તમારા પત્રમાં સામી પક્ષ તરફથી મી૦ મોદીએ "હાદેશાનામું" ખોટું પાડી બતાવી આપયું છે કે એ એરવદ રબાડી જાતે શેહેનશાહી છતાં તેવણની સઘળી વલણ કદમી રીવાજો તરફ હતી. એ સઘળું શું દેખાડે છે? કાંઇજ નહી પણ મી૦ કરકરીયાનો દસતુર મેહેરજીરાણા તથા ભગરીયા મોબેદો તરફનો અણગમો. મી૦ કરકરીયાને મારે જણાવવું જોઇયે કે આગલા જમાનાના બુજરગોને "લાલયા પરાપર" ની ઉપમા આપવી એ તેવણ જેવા ભણેલા આથોરનાનને શોભા આપનારૂં લેખાય નહીં. એ ઉપમામાં તો મી૦ કરકરીયાના મીનોચેહેર હોમજીની સાથનાઓ પણ સમાઇ જાય છે, જે એવણ સમજી શકયા નથી. આગલા જમાનાના બુજરગો હાલના વખતના કરતાં ઉલટાજ યાને સાચા, પહરેજગાર, યકીનદાર, આપલેમાં ચોખો વહેવાર રાખનાર અને હલાલ રોટી પેદા કરનાર હતા. પણ આજના જમાનામાં મુંબઇમાં વસતા કેટલાકો થોડું ઘણું શીખીને ફડાકા મારે છે. અને કદાચ અંજાણયાઓને ખુશી કરે છે.

મી૦ કરકરીયા પોતાના ગયા સનીવારના પત્રમાં લખે છે કે, "આહકતરી અને ખુણે ખંટોલેની બાબદ્દો ઉપરથી અણસમજુઓને ભોળવવાની તજવીજ થઇ છે." પણ એ તકરારના મારા અભ્યાસ ઉપરથી મારે જણાવવું જોઇયે, કે મી૦ કરકરીયાએ પોતેજ એવી કોશેશ કરી હતી જે ઉપરથી એવણની તકરારનું પોકળપણું જણાઈ ચુકયું છે. એક લખનાર અ૦, મી૦ પેસતનજી નસરવાનજી દસ્તુર તથા બીજાઓને સીધો જવાબ આપવાને બદલે મી૦ કરકરીયા બોટાં ઠરેલાં "હાદેશાનામા"નાં ઓઠાં હેઠળ "ત્રણ સદી ઉપર ગુજરાતના પારસીઓની હાલત" જેવી ભલતી બાબદ્દ ઉપર ઉતરી પડયા હતા, જે પણ મી૦ મોદ્દી અને "અ૦" એ બોટું પાડી આપયું હતું. મી૦ પેસતનજી દસતુરે પોતાની તકરારના ટેકામાં જે ફારસી ફકરાઓ ટાંકી બતાવયા હતા, તેનો જવાબ આપવાનું અખાડા કરીને મી૦ કરકરીયાએ, જરા નાટકના શોખીન હોવાને લીધે, કોઇ કોઈ વખતે નાટક પણ ભજી બતાવયો હતો. જેમ કે "ડાબા હાથપર જાવોજી, નીરંગ લેવોજી, પુલીઉં પાણીમાં બોળોજી, ચીકાગોની ધરમસમાજમાં કોઇ કાઠા પાહલન ઉસતાદને કાં નહી મોકલયો," વગેરે. જયારે તકરાર આગળ વધી તયારે મી૦ કરકરીયાએ જણાવયું કે "એ ચરચાપત્રી તેમજ બીજા ચરચાપત્રીઓ તવારીખનું સારૂં ભંડોળ અને ઇતિહાસીક નુકતેચીનીની કરવાની રૂઢીથી-નવસારીની પેટંટ નહી હો—પોતાને વાકેફ દેખાડે નહી, તયાં સુધી તકરારમાં ઉતરવાને હું દરૂસત સમજીશ નહી." આ ઉપરથી હું અને મારા મીત્રો તથા બીજાઓ, જેઓ એ તકરાર વાંચતા હતા, તેઓ સમજયા કે "ઠાકાના ગાઉ." પણ પેલા કોઇ મી૦ મોદ્દી તો જબરા ઠરયા. તેવણે મી૦ કરકરીયાને પાછા તકરારમાં ઉતરવાની ફરજ પાડીને લખ્યું કે "તકરારમાં વજુદ છે કે નહી, તે જોવાનું કામ જાહેર આલમનું છે." આ ઉપરથી મી૦ કરકરીયા એક વખત પાછા બાહેર પડયા અને પોતાનો લુલો જવાબ આપતાં જણાવયું કે "એવા સાથે વધુ તકરાર કરવામાં શો ફાયદો?" બીજા બોલોમાં મી કરકરીયાએ તકરાર બંધ પાડી, "દરદીને જોઇતું વઇદે ફરમાવયું!"

સેવક તમારો,

રતનજી પાલનજી કુતાર,

હોરનબી રો, તા૦ ૨૯મી ડીસેમબર ૧૮૯૭.

ના૦ ૧૦૫.

કયસરે હિન્દ.

(તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૮૯૮.)

અકબર અને દસ્તુર મેહેરજી રાણા.

કયસરે હિન્દના અધિપતિ જોગ:—

સાહેબ, રોયલ એશીઆટીક સોસાયટી માટે અકબર અને પારસીઓ વીશેના એ સોસાયટીના છેલ્લા જરનલમાં છપાયલા રસાલા ઉપરથી ચોકસ ટીકા થયા છે, જેના જવાબમાં મી૦ રૂ૦ પે૦ કરકરીઆ બચાવ કરે છે કે "વીદ્વાનોના એ મંડળ ઉપર મત ઉચારનાર.....પોતે કેવો મોટો વીદ્વાન છે તે જેઓ જાણે છે તેઓ બરેજ હસ્યા વગર રહયા નથી. જયાં ફરેસ્તાઓ આસ્તેથી ચાલતાં પણ બીહે ત્યાં મુરખાઓ યાહોમ દોડવાને લજવાતા નથી." હવે એ બાબદ્દ મી૦ કરકરીયા અને ટીકા કરનાર મી૦ રૂ૦ કે૦ મોદ્દી વચ્ચેજ હતી, પણ મને લખવાનું કારણ નહી ધારેલા બનાવ ઉપરથી મળ્યું છે. મી૦ કરકરીઆએ પારસી કોમની કેવી સેવા બજાવી છે તે

બતાવવાનું છે. મી૦ મોદીએ એ સોસાયટી વીશે કરેલા ટીકા જે દહાડે (ગઈ તા૦ ૧૮ મી. ડીસેમબરે) બાહર પડયા તે દીવસે સાંજે પ્રગટ થયલાં "એડવોકેટ ઓફ ઇંડીયા" પત્રમાં† એ સોસાયટી માટે ટીકા થયા છે અને મી૦ કરકરીયાના રેસાલા માટે પણ નીચે પ્રમાણે ટીકા થયા છે.

"એડવોકેટ ઓફ ઇંડયા" માં લખે છે કે "આપણી એસીયાટીક સોસાયતીના નવા બહાર પડેલા અંકના પહેલા સફા ઉપર મી૦ રૂ૦ પે૦ કરકરીઆએ એ સોસાયટી હજુર તા૦ ૮ મી આગસ્ટ ૧૮૯૬ ને દીને વાંચેલેા "અકબર અને પારસીઓ" નેા વીશય છે; એની પછી એજ વરસના પાછળા અરધા ભાગમાં વંચાએલા ત્રણ રેસાલા છે અને ત્યાર પછી જેમ મુંબઇ શેહરમાં બીજી સરવે ચીજ ઉપર બુરા વખતમાં જમ દેવે પેાતાનેા હાથ લંબાવ્યેા હતેા તેમ આ સોસાયટી ઉપર પણ લંબાવેલેા દીસે છે, કારણ કે બાકીનેા છેલ્લેા વીષય છેક ૧૮૯૭ ની ૧૭ મી જુને વંચાયેા હતેા. આ અંકમાં સોસાયટીના કામકાજનેા હેવાલ સમાયલેા છે જે ઉપરથી માલમ પડે છે કે વચમાં વચમાં વંચાયલા કેટલાક રેસાલાઓને સોસાયટીના એ જરનલમાં જગા આપી નથી. આગલા વખતમાં એવી બાબદમાં ઘણી છુટ મુકાએલી હતી, જેનું પરિણામ એ થતું કે ખરેખર કીમતી લખાણેા બીજાં હલકાં લખાણેાની વચમાં આવી જવાથી તેઓની કીમતની પીછાણ થઇ શકતી ન હતી. આશા છે કે હાલની સુધરેલી વલાણ ચાલુ રહેશે. જોકે દર વરસે સોસાયટીએ નવી શેાધ ખેાલનેા હેવાલ બાહર પાડવેા એ સોસાયટીને તદન અગત્યનું બલકે ઘણુંજ લાભકારક છે, તેા પણ બીજું કાંઇ નહી મલતું તે માટે મગજમાંથી નીકલેલેા કચરેા (ઇનટલેકચુઅલ રબીશ) પ્રગટ કરવેા એ બહુ વાંધાભરેલું છે. આજ કાલ તેા એવી વલાણ લગાર વીશેશ લીધેલી દીસે છે. મી૦ કરકરીઆના લખાણ પર હાલ અમેા બેાલવા માંગતા નથી કારણ કે મી૦ રૂ. કે. મોદીએ આજના "ટાઇમ્સ ઓફ ઇંડીઆ" માં તે લખનારપર ટીકા ચલાવ્યા છે. એ તેા જાણીતી વાત છે કે શેહનશાહ અકબર પેાતાના બેહેાલા મુલકની સઘળી દીન સાથે સીફતથી રમત કરતેા હતેા એ બીના જેટલી ધારવામાં આવે છે તેટલી અજાયબી ઉપજાવનારી નથી. હિન્દુસ્તાનના ઘણાક રાજાઓએ એમ કર્યું છે. બીજી ગમથી દાખલેા લેઇએ તેા આપણા પેાતાના માહરાણી જ્યારે ઇંગ્લંડ છેાડી સ્કેાટલંડ જાય છે ત્યારે ધર્મ સંબંધી પેાતાના વીચારેામાં ફેરફાર કરે છે. **અમારે જણાવવું જોઇએ કે મી૦ કરકરીઆ ધારે છે તેમ કહેવાનું કાંઇ કારણ નથી કે અકબરે પારસીઓના પુરાના અને પવિત્ર ધરમ ઉપરથી પેાતાની સુર્ય આરાધના સ્થાપી હતી. સુર્યની આરાધના કાંઇ હિન્દુસ્તાનમાં બાહરથી આવી નથી. રીગવેદમાં તે જગેજગ મલે છે.** ખરૂં કહીએ તેા તે મનુષ્ય જાતની ખાશીએતમાંજ મુકાયલી છે. "મીરેબેા" ને માટે કહેવાયલું છે કે જ્યારે તે મરવા સુતેા હતેા ને સુર્યને છેલ્લીવાર ઉગતેા દીઠેા ત્યારે તે બેાલ્યેા કે, 'ખચીત આ સુર્ય બેાદા હેાવેા જોઇએ, નહીં તેા બેાદાનેા પીત્રાઇ તેા જરૂરજ હશે.' એ કાંઇ તે પારસીઓ પાસથી શીખ્યેા નહતેા. એ તેા ખુદરતેજ તેને શીખવ્યું હતું. જેમ ખુદરતે આજ હજારેા જમાના થયા વપરાતી બ્રાહમણેાની બંદગી હજારેા વરસની વાત પર પહેલાં માણસને શીખવી હતી તેમ."

આ ઉપરથી તમારા વાચનારાઓ જોશે કે એ સોસાયટી માટે મી૦ મોદીનું કહેલું

† જુઓ નંબર ૨૪.

વાજબી હતું. વળી એ તરજુમામાં મેં કરેલા ઠાળા અક્ષરો ઉપરથી તમારા ચંચળ વાંચનારાઓ જોશે કે "દસ્તુર મેહરજી રાણાની" કીર્તીને જાંખ લગાડવાની હોંસમાં મી૦ કરકરીયાએ છબરડો કરી પારસીઓની તવારીખને જાંખ લગાડી છે. મી૦ કરકરીયાએ જણાવ્યું છે કે "અકબરે પારસીઓના પુરાણા અને પવીત્ર ધર્મ ઉપરથી પોતાની સુર્ય આરાધના સ્થાપી હતી" જ્યારે "એડવોકેટ ઓફ ઇંડીયા" પત્રના વીદ્વાન અધીપતી જણાવે છે કે "સુર્યની આરાધના ક્યાંઇ હિન્દુસ્તાનમાં બહારથી આવી નથી. રીગવેદમાં તે જગે જગે છે." વગેરે. દસ્તુર મેહરજી રાણાની તવારીખનું ખંડન કરવાને મોટા તવારીખનવેશો અને નુકતેચીનો હીમત કરી શકયા નથી ત્યારે મી૦ કરકરીયા તેનું ખંડન કરવાના કામ ઉપર દોડવાનેલજવાયા નથી. અંગ્રેજી કહેવત પ્રમાણે પારસી કોમ જરૂર કહેતી હશે કે મી૦ કરકરીયાથી હમોને બચાવો. મી૦ કરકરીયાની વીદ્વતા અત્યાર અગાઉની જણાઇ ચુકી છે. "એડવોકેટ" ના અધીપતી સોસાયટીના એ જરનલમાં પ્રગટ થયલા બીજા ગ્રહસથોના રેસાલાઓ વીષે સારા વીચારો આપે છે જ્યારે મી૦ કરકરીયાને માટે ચુપકીદીજ અખત્યાર કરવામાં વાજબી જુવે છે. આજ દેખાડે છે કે એ રેસાલાને તેઓ કેટલી અગત આપે છે. જોઇને ખુશી થાઉં છું જે આપણી કોમના જાણીતા અથોરનાન (ભગરીયા સાથના) શમસુલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદીના "મીસર દેશના અસલી રહેવાસીઓ અને પારસીઓના વડવાઓમાં આત્માના ભવીષ્ય વીષેના વીચારોની સરખામણી" એ નામના એક રેસાલા માટે "એડવોકેટ" ના અધીપતીએ લખ્યું છે કે "આ જરનલના છેલ્લા લખાણમાં મીસર દેશના અસલી રહેવાસીઓ અને પારસીઓના વડવાઓમાં આત્માના ભવીષ્ય વીષેના વીચારોની સરખામણીના કેટલાક રસીલા દાખલા મી૦ જી. જ. મોદી આપે છે જે વીષે અમો સોસાયટીને ખરાં દીલની મુબારકબાદી ઇછીએ છીએ. પણ બીજી તરફથી દલગીર છું જે બીજા અથોરનાન (મીનોચેર હોરમજી સાથના) મી૦ રૂ. પે. કરકરીઆના રેસાલાને લેશભારબી એ અધીપતીએ અગત આપી નથી.

સાહેબ આ લગાર લાંબાણુ પત્ર લખી આપને તસદી આપવાનું કારણ એજ છે કે બેહેશતનશીન દસ્તુરજી સાહેબ મેહેરજીરાણા માટેની તકરારમાં તમારી કીમતી કટારો ખુલ્લી મુકી આરટીકલોમાં માયાકુલ તકરાર ચલાવી પારસી કોમની પસંદગી મેળવી હતી, તેની જળવાયલી નોધોમાં એ પણ નોધ રહે એવો મારો હેતુ છે.

લી૦ દુવાગો,

નોશીરવાન જમશેદજી કોટવાલ,

મુંબઇ, તા૦ ૧૫-૨-૯૮.

ના. ૧૦૬

જામે જમશેદ.

(તા. ૨૪ મી સપટેમ્બર ૧૮૯૮.)

---

૧૬ મી સદીના પારસીઓના કહેવાયલાં અજ્ઞાનપણાં વીશે તથા ભગરીયાઓના અતી માનીતા કદીમ દસ્તુર મેહેરજી રાણા વીશે જાણીતા જંદ અને પહેલવી સકોલર ડાકટર વેસટનો અભીપ્રાય અત્રેના એક ગ્રાડયુએટ આથોરનાન એરવદ મનચેરજી પાલનજી કુટાર, બી. એ; એ પાંચ સવાલો લખી મોકલીને મંગાવ્યો હતો,†

† અસલ (અંગ્રેજી) સવાલો તથા તેના જવાબો માટે જુઓ નંબર ૨૬ થી ૩૮.

જે ફાએલ જરમન વીદ્વાને વધારે વીગતવાર લખી મોકલયો છે, અને તે આજના અંકના ૬ મા સફા ઉપર શરૂ થયલો જોવામાં આવશે. વીદ્વાન ડાકટર વેસટનો એ અભીપ્રાય અભીયાશ કરવા જોગ છે અને એ અભીપ્રાય ઉપરથી એ સવાલ ઉપર વધુ અજવાળું પડશે એમ લાગે છે. ગમે તે હોય, પણ ગુજરાતના જરથોસતીઓને--મુખ્ય કરી આથોરનાનોને—વીદ્વાન ડાકટર વેસટના એ અભીપ્રાય ઉપરથી પોતાના વડવાઓ માટે વધું મગરૂર થવાનો સબબ મળે, એ બનવાજોગ છે. નવસારીના આથોરનાનો કેળવણીમાં સારા આગળ વધેલા છે, હીંદુઓના પ્રાહમણો માફક ભગરપંથ મગજનું બહુ સારૂં કઉવત ધરાવતો માલમ પડયો છે, અને પોતાના વડવાઓને થયલા યા થતા ગેરઇનસાફને પખોડી નાખવા માટે એ પંથના ચંચળ બેટાઓ એવી સારી ખંત બતાવે, તો આપણે ઉમેદ રાખયે કે પોતાના પંથ તેમજ પોતાની કોમની આબાદીના વધારા માટે પણ, તેઓના ઉદ્યોગ હુનરોના વધારા માટે પણ, એ અથોરનાન જવાનો એવીજ ખંત વધારે ઉમંગ સાથ બતાવી, પોતાના જરથોસતી ભાઇઓને તેજ પગલે ચાલવાને ઉશકેરે, અને તેમાંજ સઘળા ભલા આથોરનાનોની ફરજ સમાયલી લેખાવી જોઇયે. ભગરપંથની કેળવણી વીશે બોલતાં ધયાન ખેંચી શકાય કે હાલ ફતેહમંદ નીવડેલા સીવીલીયન મી૦ બેહેરામજી ધનજીભાઇ મેહેતા જેમ એ પંથના છે, તેમ એક બીજા ચુનંદા પારસી સીવીલીયન મી૦ કાવસજી જમાસપજી બાદશાહ પણ ભગરપંથનાજ એક છે.

ના૦ ૧૦૭.

જામે જમશેદ.

(તા૦ ૨૪ મી સપટેમ્બર સને ૧૮૯૮)

ડાકટર વેસટનો દસતુર મેહેરજીરાણા તથા ૧૬ મી સદીના પારસીઓના કહેવાતાં અજ્ઞાનપણા વીશે અભીપ્રાય.

જામે જમશેદના અધીપતી જોગ—

સાહેબ,

દસતુર મેહેરજીરાણાએ દીલ્લી દરબારમાં જઇ અકબર પાદશાહને જરથોસતી ધરમ સમજાવયો હતો, તે બાબદ વીશેની ચરચા આજ ઘણાંક વરસો થયાં ચાલયા કરતી હતી. તે પાછી આજ બે વરસ ઉપર તાજી થઇ હતી અને તે વખતે ઘણીક લાંબી તકરારો તમારાં પત્ર મારફતે તથા "ટાઇમ્સ ઓવ ઇંડયા", "બોંબે ગેઝેટ" અને "ક્યસરે હીંદ" મારફતે ચાલી હતી. તે તકરારી બાબદ વીશે મેં ગઇ તા૦ ૧૫ મી એપ્રેલે યુરોપના વીદ્વાન જંદ પહેલવીના સકાલરો ઉપર એક પત્ર લખી તેઓના મત મંગાવયાં હતાં. તે સાથે "ટાઇમસ ઓવ ઇંડયા" અને "બોંબે ગેઝેટ" માં તે વીશે ચાલેલી બેઉ બાજુની તકરારનાં નયુસપેપર "કટીંગસ" તેઓ ઉપર મોકલી આપયાં હતાં અને તેઓ પાસે નીચલા સવાલોનો ખુલાસો માગયો હતો. તેનો ખુલાસેવાર જવાબ ડા૦ વેસટે ઘણી મેહેનત કરી મોકલી આપયો છે. આ વખતે પણ પોતાની ખંત પ્રમાણે આ પત્રનો ઘણી મેહેનતથી ડા૦ વેસટે ખુલાસો મોકલી આખી પારસી કોમને તેવણની વધારે આભારી કરી છે. પારસીઓ ૧૬ ની સદીમાં તદન અજ્ઞાન અને અંધકારમાં હતા કે નહી તે અને બીજી ઘણીક બાબદો આખી પારસી કોમને લાગતીવળગતી

હોવાથી તે વીદ્વાન સકાલરે જે ખુલાસો મારી ઉપર મોકલ્યો છે, તે તમારાં પત્ર મારફતે પારસી કોમને જાહેર કરવા માગું છું.

મારા મોકલેલા સવાલો નીચે પ્રમાણે હતાઃ—

૧–શું ૧૬ મી સદીની આખેરીએ હીંદુસ્તાનના પારસી ધરમગુરૂઓ એટલા બધા અજ્ઞાન હતા કે તેઓમાંથી પાદશાહ અકબરને જરથોસતી ધરમ સમજાવવાને એક પણ લાયક શખશ મળી શકે એમ હતું નહી?

૨–તે વખતે જંદ, પહેલવી, પાજંદ અને સંસકરૂતનું સારૂં જ્ઞાન ધરાવનારા (અલબતાં અસલના કાયદા પ્રમાણે) કોઇ પારસીઓના ધરમગુરૂઓ હતા કે ?

૩–રેવાયતોમાં જે સવાલો પુછાયલા મળે છે, તે શું માત્ર એવાં ધરમના મુળ તતવો (Elementary) વીશે હતા કે તે ઉપરથી તે સવાલના પુછનારાઓ પોતાના ધરમના મુળ પાયાથી તદન અજ્ઞાન હતા એમ કહેવાઇ શકાય ?

૪–શું તે સવાલો ધરમની બારીકીઓ, ફીયાઓ તથા શકભરેલી બાબદોને લગતા નહી હતા, અને તે ઉપરથી શું એમ નથી દીસતું કે તે વખતના પારસીઓ જેવા કહેવામાં આવે છે તેવા અજ્ઞાન અને બેદરકાર નહી હતા ?

૫–શું "ફરવરદીન યશત" પહેલવહેલી હીંદુસ્તાનમાં જમાસપ હકીમજ લાવ્યો હતો ? અને શું તે ઇ૦ સ૦ ૧૭૨૧ ની અગાઉ હીંદુસતાનમાં લખાયલાં "મેનયુરકીપટો" માં મળતી નથી ?

સેવક તમારો,

મનચેરજી પાલનજી કુદાર.

પીરોજબાઇ દાદાભાઇ વાછાની અગીયારી, હોરનબી રોડ, મુંબઇ, તા૦ ૧૮ મી સપટેમબર ૧૮૯૮.

ના૦ ૧૦૮

જમે જમશેદ.

(તા૦ ૨૪ મી સપટેમ્બર સને ૧૮૯૮)

વીદ્વાન ડાકટર વેસટે ઉપલા પત્રનો મોકલેલો જવાબ.

મેપલ લોડજ, વોટફરડ,
તા૦ ૧૦ મી જુન ૧૮૯૮.

વહાલા સાહેબ,

તમારૂ તા૦ ૧૫ મી એપ્રેલનું પત્ર આઠ બોબે ગેઝેટનાં અને ત્રણ ટાઇમસ ઓવ ઇંડયાના નયુસપેપર "કટીંગસ" સાથે મને મળ્યું છે, પણ તે વખતે મારા ઘર અને મારી ચોપડીઓથી દુર રહેવાના સબબે મારેથી હાલના કરતાં જલદીથી જવાબ લખવાનું બનયું નહી. મેં એ નયુસપેપર કટીંગસમાંની બાબદો ઘણી સંભાળથી વાંચી છે અને હું એટલું કહેવા માગું છું કે, તકરારી બાબદોને લગતા મારા વીચારો 'એડી ઓકલત્રી,' અને જે. ઓ. ઇ. ના તખલ્લુસથી લખનારાઓના વીચારોને ઘણાખરા તદન મળતા છે.

મહેરજીરાણા ઇ૦ સ૦ ૧૫૭૮ ને આશરે દોલ્લી ગયા હતા, તે બીના તો તે વખતેજ તેવણને આપેલી જાગીર ઉપરથી સીધ થાય છે. પણ તેવણે કીધેલો કહેવાતો આવેલો મોજેજો બેશક એક કથા છે, કે જે હાલના વખતનો કોઇ પણ શીખેલો પારસી ખરેખર માને નહી (જોકે તે કદાચ કોઇક વધારે માનવાલાયક અથવા વધારે માનવાજોગ બીનાની ગેરહકીકત અથવા ગેરસમજુતીથી ઉતપન થઇ હોય.) આટલું સમજવું તો સેહેલ છે કે સુરજને માટે પારસીઓનું આદરમાન બીજા ધરમના તકરારીઓ હસી કાઢવાને યતન કરે

અને હીંદુઓ કરતાં કદાચ મુસલમાનો અને રોમન કેથલીક ધરમગુરૂઓ તેમ કરવામાં વધારે આગળ પડે, અને તેથી એક હુશીઆર હીંદુ બાજીગર કેવી સેહેલાઇથી જેટલા જોઇએ એટલા બનાવટી સુરજો પેદા કરી શકે છે, તે કરતાં પારસીઓની હસી કરવા સારૂં અને તેમને પજવવા સારૂં વધારે બંધ બેસતી બાબદ બીજી કઇ ઉભી કરી શકાય ? મેહેરજીરાણા નવસારી પાછા ફરયા પછી થોડે વખતે એવી કોઈ કથા ઉપજાવવા સારૂં આવો કોઇક ઇસારો તદન પુરતો થઇ પડે એમ મને લાગે છે.

આ કથા હમણા કેવાં રૂપમાં ચાલે છે, તે લગાર અચોકસ છે. મી૦ આર. પી. કરકરીયા એક બનાવટી સુરજ વીશે બોલે છે કે જેથી એક છોકરૂં પણ કદાચજ ઠગાઇ શકાય, પણ પ્રોફેસર જે. ડારમેસટેટર પોતાના "વનંત યશત" ના તરજુમાના દીબાચામાં (જુઓ તેનું જંદ અવસતાનું ફ્રેંચ ત્રાંસલેશન વોલમ ૨ પાનુ ૬૪૪) મી૦ પેસતનજી નશરવાનજીના આધાર ઉપરથી તે કાહાણીનું નીચે પ્રમાણે વરણન કરે છેઃ—"કેટલાંએક રાજદ્વારી કાવતરાંની અંદર ભાગ લેનાર દીલ્લીના એક જાદુગરે એક વાદળું ઉપજાવ્યું, જેથી સુરજ ઢંકાઇ ગયો અને મેહેરજીરાણાએ વનંત યશત ભણી તે વાદળાંને વીખેરી નાખ્યું, " હવે હીંદુસતાનમાં મેં પોતે જોયું છે કે સુરજની પોતાની ગરમી બીજા કશાંની પણ મદદ વગર તેની આગળ આવતાં સઘળાં વાદળાંઓને આપણી પૃથવી અને સુરજની વચેથી પસાર થઈ જાય, તે આગમજ વારંવાર વીખેરી નાખે છે. (જેમ બીજે ઠેકાણે બનતું નથી.)

સોળમી સદીમાં ગુજરાતનાં પારસી મોબેદો તેમજ બેહેદીનોનાં કહેવાતાં અજ્ઞાનપણા અને નાકાબેલીયત વીશે તો હું ધારૂં છું કે એવું કોઇપણ તોહોમત મુકવું તે ખરેખરી બીનાની ઘણીજ સરાગાત કરેલી કહેવાય.

ઇ૦ સ૦ ૧૪૭૮ અને ૧૪૮૬ માં ઇરાનથી નરીમાન હોશંગ જે 'રેવાયતો' લાવ્યો હતો, તેની અંદરની ચોકસ બાબદો ઉપર આ તોહોમતનો પાયો રચાયેલો લાગે છે. હવે ખરી રીતે બોલતાં તે રેવાયતો તો મેહેરજીરાણાની એક સદી આગમજ લખાઇ હતી, પણ તેઓના પોતાના વખતમાં પણ એ બાબદો કેટલી હદ સુધી ખરી હતી, તે તપાસવું બોધકારક થઇ પડશે. હવે ઇ૦ સ૦ ૧૪૭૮ ની રેવાયતના એક ઇરાની લખનારે નીચે મુજબ ફારસી ભાશામાં લખ્યું હતું:—" મેં આ બાબદો પહેલવી અક્ષરે લખી નથી, તે આએ કારણથી કે નરીમાન હોશંગે કહ્યું અને જાહેર કરયું કે, કદાચ (મગર) નવસારી, ખંભાત, ભરૂચ, સુરત, અંકલેશવરનાં હોરમઝદની પરસતેસ કરનારા મોબેદો અને બેહદીનો પહેલવી લખાણ સમજતા હશે નહી. તેણે કહ્યું કે આ શહેરમાં બેહેદીનો અને કદાચ મોબેદો એવા છે કે જેઓ કદાચ પહેલવી લખાણ સમજશે નહી." પણ એજ 'રેવાયત'ના આગલા ભાગમાં જરથોસત અને હોરમજદની વચે પાઝંદમાં થયલી વાતચીત અવસતા અક્ષરોમાં લખાયલી છે, અને વળી ગાથાના કેટલાક ચુંટી કાઢેલા ફકરાઓ અવસતા અને પાઝંદમાં અને વળી તે સાથે થોડાંક પહેલવી વાકયો પુશકળ ફારસી લખાણો સાથે તેમાં સમાવેલાં છે. હવે તયારે અવસતા અને ફારસી લખાણોનો આવો છુટથી કરેલો ઉપલો ઉપયોગ અને વળી તે સાથે સમાવેલું કેટલુંક પહેલવી, ખુલ્લી રીતે દેખાડે છે કે, ઇરાનનો લખનાર હીંદુસતાનના પારસીઓ (જેઓની ભાશા જુની ગુજરાતી હતી અને જેઓને ફારસી પણ પારકી ભાશા

હતી) તેનાં લખાણ સમજશે નહી એવી ખરેખરી ધાસ્તી રાખતો હતો નહીં, સીવાય કે જો તે પહેલવીનો જોઇયે તે કરતાં પણ વધારે ઉપયોગ કરે.

હવે નરીમાન હોશંગ જે સવાલો યઝદ તરફ લઇ ગયલો, તે બાબદ ઉપર આવતાં તો (તેના આશરે ચાળીસ જવાબ કે જે દારાબ હરમજદીયારની 'રેવાયત'ના સંગ્રહમાં જુદે જુદે ઠેકાણે વીખરાઇ ગયલા મળી આવે છે તે ઉપરથી અનુમાન કરતાં) મને લાગે છે કે જે સવાલો હીંદુસતાનના પારસીઓએ સુચવયા હતા, તે કાંઇ તયાંના મોબેદોનું અજ્ઞાનપણું દેખાડતા નથી, પણ તે ઉપરથી એટલુંજ લાગે છે કે તયાંના બેહેદીનો પોતાના મોબેદોએ આપેલું ધરમનું શીક્ષણ અને તેઓના ફટવાઓ પ્રમાણે ચાલવાને કાંઇક નામરજી બતાવયા કરતા હતા. એકલે કે બેહેદીનોને કુદરતી રીતે બીજા ધરમવાળાઓની વચે વસવાટ કરયાથી પોતાના મોબેદોએ ફરમાવેલી કેટલીએક સાવચેતી ભરેલી રીતી અને રીવાજો કંટાળાભરયા અને જુલમાત ભરેલા લાગે, એવા સંજોગની અંદર મોબેદો અને ચાલતી રીતીને વળગી રહેનાર બીજા ઘણાક ખુજોરગોએ એવી તકરારી બાબદોમાંની મુખય વીશે ઇરાનમાં વસતા પોતાના જાતભાઇઓને પુછાવવાનું અગતયનું વીચારયું, કે જેથી પોતાની કોમમાં એવી સરકસો કરનારા ઘણાઓની સામે તેઓનાં (ઇરાનીઓનાં) મત ટાંકી બતાવવાને તેમને બની આવે.

જો હીંદુસતાનનો પારસી મોબેદ વરગ ખરેખર પોતાના ધરમ વીશે એવો અજ્ઞાન અને બેદરકાર હતે, તો તે ઇરાની મોબેદ વરગ (કે જેને હીંદુસતાનના પારસીઓને અપીલ કરવા લાયક એક મોટી અદાલત સમજતો હોવો જોઇયે,) તેની આગળ આવી બાબદો પુછવા વીશે આટલી મેહેનત અને ખરચ કરવાનું માથે લેતેજ નહી. વળી જે સવાલો તેઓ તરફથી પુછવામાં આવયા છે, તેમાં પારસીઓના ધરમનાં મુળ કાનુનો વીશેના સવાલો કવચીતજ મળે છે. પણ બધા સવાલો ઘણાખરા હમેશાં ક્રીયા અને ચોખાઇની બારીકીઓને લગતા છે, અથવા તો તે અને બીજી ઝીણી બાબદોના સવાબ યા ગુનાહના વાદવીવાદ સાથે તાલુકો રાખે છે.

બીજી સઘળી રેવાયતો અને લખાણો કે જે વખતે વખત બીજી બે સદી દરમયાન ઇરાનથી લાવવામાં આવયાં છે, તે વીશે પણ એમજ કહેવાઇ શકાય. તે સઘળું પારસી મોબેદો અને બેહેદીનોની ઉંડી દાળજી દેખાડી આપે છે કે જે તે લોકોએ પોતાના ધરમની સંભાળ કરવામાં અને ઘણી મુશકેલીથી મળી શકે એવાં લખાણોની કોપી કરવામાં લીધી હતી.

જે હાલતમાં પહેલાં પારસીઓ ગુજરાતમાં આવી વસયા હતા, તે ખચીતજ તેઓમાં એલમની જાળવણી માટે લાભકારક હતી નહી. તેઓ ઘણા ખરા વેપારી ટોળીઓ માફક પોતાના કુટુંબો, તાબેદારો અને ખીદમતગારો સાથે ઇરાનથી આવી વસયા પછી તેઓને પોતાનાં ગુજરાનને માટે એક કરકસર કરનારી અને ઉદયોગી કોમ સાથે હરીફાઇ કરવી પડી હતી. થોડાએક મોબેદો તેઓ સાથે આવયા હતા, તેમાં તો કાંઇ શક નથી અને સાથે સાધારણ પરસતેસ ચાલુ રાખવાના જરૂરજોગાં આલાતો અને હાથનાં લખેલાં પુસ્તકો જેવાં કે ખોરદેહ અવસતા અને વંદીદાદ સાથે લાવેલા હોવા જોઇયે, પણ તે વખતે તેઓનાં અભયાસ અને કેળવણીનાં સાધનો થોડાં હોવાં જોઇયે.

પારસીઓ સંજાણમાં આવયાની તારીખ ઘણી અચોકસ છે. "પારસી પ્રકાશ" માં ઇ. સ. ૭૧૬, ૭૪૫, ૮૦૬ અને ૮૨૦

વગેરે સુચવવામાં આવ્યા છે, પણ ઇ. સ. ૮૮૧ માં ઇરાનનો મોટો દસ્તુર માનુશચેહાર લખે છે કે (Epistle. II. VIII. 5) "તેને દરીયા મારગે ચીન લગણ ભટકવું પડશે" અને તે હીંદુસ્તાન વીશે તેમાં જરા પણ બોલતો નથી, અને તયાં જો તે વખત ઘણા પારસીઓ વસતા હત, તો જરૂર તે વીશે તે બોલતે. બીજા હાથ ઉપર દક્ષીણ હીંદુસ્તાનમાં મળેલી ધરમાદાનને લગતી એક ત્રાંબાની તખતી ઉપર સાક્ષી દાખલ કેટલાએક પારસીઓએ પોતાની સહી પહેલવીમાં કરેલી છે. અને તે ઘણું ખરૂં ઇ૦ સ૦ ૮૫૦ ની આગમજની છે. જો કે તે લોકો કદાચ ઈરાનથી આવેલા તયાંના વેપારી રહીશો હોય. તોપણ કોઇપણ રીતે જે પારસીઓએ "કેનરી" ના ગુફાઓમાં ઇ૦ સ૦ ૧૦૦૯ અને ૧૦૨૧ માં પોતાની પહેલવી સહીઓ કોતરેલી છે, તે પારસીઓ સંજાણથી આવેલા હોવા જોઇયે.

બીજી એક તારીખ કે જે જાણવી ઘણી મુશકેલ છે, તે પ્રખ્યાત નેરીઓસંગ ધવલની છે, જેને હીંદુસ્તાનના આગલા પારસી મોબેદોમાં સરવેથી ભણેલો સઘળા જણાઓ એકમતે કબુલ કરે છે. તેનો સંસકરૂતમાં કરેલો પહેલવી ઇજશનેનો અધુરો તરજુમો તેનાં બેઉ ભાશાનાં બોહોળાં જ્ઞાનનો ખાતરીલાયક પુરાવો છે, કે જે વખતમાં દરેક તરજુમો કરનારને પોતાનાજ શબ્દકોશ અને વયાકરણ રચવાં પડતાં હતાં. તેણે વળી બોરદેહ અવસતાનો કેટલોક સંસકરૂત તરજુમો કરેલો હતો અને પહેલવી મીનોએરદનું પાઝંદ સંસકરૂત ભાશાંતર બનાવયું હતું કે જે તયાર પછી થયલા પહેલવી અરદાવીરાફનાં એક ભાશાંતર કરતાં ચઢીઆતું છે.

હવે મને લાગે છે કે ભરૂચના દસતુરની ઇ૦ સ૦ ૧૮૮૯ માં લખાયલી વંશાવળીથી નેરીઓસંગની તારીખ સઉથી સેહેલી રીતે જણાય છે. તે વંશાવળીમાં પેશોતન રામના જનમથી તે ૧૮૩૮ સુધી ૧૯ પેહેડીનાં નામ આવે છે. પેશોતન રામનો જનમ ૧૩૭૩ થી ૧૩૮૨ ની અંદર થયલો જણાવે છે, કારણકે ૧૩૯૭ નું તેને હાથનું એક જુનું લખાણ મોજુદ છે અને તે વખને (૧૩૯૭ માં) તે ઘણો નાનો હોવો જોઇયે, કારણકે છેક ૧૪૧૦ માં એક બીજું "મેનયુસક્રીપટ" તેના બાપે લખયું છે. ૪૬૫ અથવા ૪૫૬ વરસમાં ઓગણીસ પેહેડી થઈ જવાથી દરેક પેહેડી ૨૪ા અથવા ૨૪ વરસની ગણી શકાય. ૧૩૯૭ નાં "મેનયુસક્રીપટ" ના "કોલોફોન" માં પેશોતન રામની વંશાવળી હરમજદીઆર જેનો અને નેરીઓસંગનો જમાનો એકજ હતો, તયાં સુધી પાછળ લઇ જતાં નવ પેહેડી થાય છે, (પણ એમાંની ત્રણ પેહેડી ગેાસતેફરીઆન નામની કેતાબના ઇંગ્રેજી તરજુમામાં ભુલથી રહી ગઇ છે, જે પહેલવી ટેક્ષટ ઉપરથી જણાશે.) આ નવ પેહેડી ઉપલી ૧૯ પેહેડીઓના જેટલીજ લાંબી ગણીએતો ૨૨૧ અથવા ૨૧૬ વરસ સુધી લંબાય અને ઇ૦ સ૦ ૧૧૫૨ અથવા ૧૧૬૬ હરમજદીઆર અથવા નેરીઓસંગના જનમની તારીખ લેખાય. તેટલા માટે આએ આધાર ઉપરથી આપણે એવાં અનુમાન ઉપર આવયે છીયે કે નેરીઓસંગ ૧૨ મી સદીની આખેરીએ થઇ ગયેલો હોવો જોઇયે, અને જ્યારે હીંદુસ્તાનના પારસીઓ નેરીઓસંગની અગાઉ ત્રણ કરતાં વધારે પેહેડી અથવા ઘણીક મુશકેલીથી ૧૧૦૦ થી વધારે આગળ લઇ જઈ શકતા નથી, તયારે આપણને ધારવું જોઇયે કે ઘણાં નામો જતાં રહેલાં હોવાં જોઇયે.

નેરીઓસંગ એક ખરેખરજ ઘણોજ વીદ્વાન મોબેદ હતો, કે જેની સાથે

આગલા પારસી મોબેદોમાંના કોઈને પણ ખરી રીતે કવચીતજ સરખાવી શકાય. તોપણ તેઓમાં બીજા ઘણા વીદ્વાન અને ઉદ્યોગી મોબેદો હતા અને તેમાં બસુસ કરીને આપણે, બાબદોની જેઓએ ઘણી-ખરી સઘળી વીગત આપનારી (Encyclopœdical) 'રેવાયત' બનાવી હતી અને જુનાં લખાણો ઘણી સંભાળથી નકલ કરયાં હતાં તેઓની નોંધ લેવી જોઈયે. ટુકમાં ખરેખરતો તેઓમાં ઘણાજ થોડા કોઈ પણ રીતે નાલાયક હતા. હવે જો આપણે હીંદુસ્તાનના નેરીઓસંગને માનુશચેહાર જેવો ઈરાની કે જેણે "દાદેસતાને દીની" લખી હતી, અને આતર ફરનબગ અને આતરપદ જેવા ઈરાનીઓ જેઓએ "દીનકરદ" લખી હતી, તેઓ સાથે સરખાવયે તો આપણે હીંદુસતાનના ઘણાખરા દસતુરોને પણ ઈરાનના ઘણાખરા દસતુરો સાથે લાયકાત, જ્ઞાન અને કાબેલીયતને માટે વાજબી રીતે સરખાવી શકયે. પહેલવીનાં જ્ઞાનની કાંઇક કોટાઇ વીશે બોલતાં આપણને યાદ રાખવું જોઇયે કે પહેલવી ભાશા લગભગ નવમી સદીની આખેરી સુધી સઘળા ઈરાનીઓની સવદેશી ભાશા હતી, અને તયાર પછી પણ પારસી મોબેદોમાં કેટલીએક સદી સુધી ચાલુ રહી, જયારે હીંદુસ્તાનમાં તો મોબેદોને રોજના ચાલુ વપરાસને ખાતર બીજી ભાશાઓ વાપરવી પડી, જેથી તેઓના પહેલવી અને ફારસી ભાશાના અભયાસમાં ઘણી ખલલ પડી.

ના૦ ૧૦૯

જામે જમશેદ.

(તા. ૨૬ મી સપટેમ્બર ૧૮૬૬.)

મરહુમ દસ્તુર મેહેરજીરાણા તથા ૧૬ મી સદીના પારસીઓના કહેવાતાં અજ્ઞાનપણાં વીશે ગયે વરસ અમારી કટારોમાં ચાલેલી ચરચા ઉપરથી એક બંતીલા અથોરનાન ગ્રાડયુએટ મી૦ કુટારે ડાકટર વેસટના મેળવેલા અભીપ્રાયનો શરૂઆતનો ભાગ ગયા સનીવારના અમારા અંકમાં અમોએ પ્રગટ કરયો હતો, જ્યારે તેનો બાકી રહેલો ભાગ આજના અંકના પાછલા સફા ઉપર અનો રજુ કરયે છીયે. ડાકટર વેસટ ઉપરાંત એ બંતીલા એરવદે બીજા બે જાણીતા ઓરીયેંટલ સકાલરો ડાકટર મીલ્સ તથા ડાકટર ગેલ્ડનરના અભીપ્રાયો પણ, તેજ પાંચ સવાલો તેઓ ઉપર લખી મોકલીને, મેળવયા છે અને એ બે વીદ્વાનોના મળેલા જવાબો પણ, એરવદ કુટારની બાબેસથી અમે પ્રગટ કરયા છે.

હવે જયારે આપણે હીંદુસ્તાનના દસતુરોને ઈરાનના દસતુરો પાસે ચોકસ "મેનયુસકીપટો" માંગતા જોઇયે છીયે, તો તે ઉપરથી આપણને એમ ધારવાનો કાંઇ હક નથી કે હીંદુસ્તાનમાં તે વખતે કોઇપણ ઠેકાણે તે "મેનયુસકોપટો" હસ્તીમાં હતાં નહી. પણ તે ઉપરથી ફકત એટલુંજ કહી શકયે કે જે ચોકસ દસતુરો તે મંગાવતા હતા, તેઓની પાસેજ તે હતાં નહી. દાખલા તરીકે ફરવરદીન યશતનું ફારસી અક્ષરે લખાયલું અવસતા ટેક્ષટનું એક "મેનયુસકીપટ" જે હાલ "મયુનીચ" બાતે ડાકટર હાઉના કલેકશનમાં છે, તે "મેનયુસકીપટ" ના કોલોફોન ઉપરથી આપણને માલમ પડે છે કે જામાસપ હકીમને યઝદથી સુરત બાતે કેટલાક સવાલના જવાબો, હોમ અને વરસનો કાંઇ જથો આપી તથા ફરવરદીન યશતનું અવસતા "મેનયુસકીપટ" જે સુરતબાતે તે વખતે નહી હતું તે સાથે મોકલયો હતો. ૧૭૨૨ માં મુંબઈ આવયા પછી તેણે સમજ્યું કે રૂસતમજી માણેકજી જેઓની આગળ તે

આવ્યો હતો, તે લગભગ બે વરસ અગાઉ ગુજરયો હતો. સુરત જઈને તેણે જે દસ્તાવેજો અને મેનયુસક્રીપટ તે લાવયો હતો તે આપ્યાં અને સ્વદેશ પાછા ફરતી વખતે ફરવરદીન યશતની અવસ્તા ટેક્ષટ ફારસી અક્ષરમાં લખવાને માટે લગભગ છ મહીના સુધી મુંબઇની નજદીક રહયો હતો અને તે મેનયુસક્રીપટ હાલ મયુનીચમાં છે. આએ "કાલોફેાન" ઉપરથી કેાઇએ ભુલભરેલું અનુમાન કરયું છે કે ફરવરદીન યશત પહેલવહેલી ઇ૰ સ૰ ૧૭૨૨ માં જામાસપ હકીમ હીંદુસ્તાનમાં લાવયો હતો. પણ પ્રેાફેસર ગેલ્ડનરને પેાતાની શેાધખેાળ દરમયાન ત્રણ "મેનયુસક્રીપટો" હીંદુસ્તાનમાંથી મળયાં છે, કે જે જામાસપ હકીમના "મેનયુસક્રીપટ" થી તદન જુદાજ છે અને તેાપણ તેમાં ફરવરદીન યશત આવેલી છે. તેમાનું F I ૧૫૯૧ માં આસદીન કાકાએ લખેલું, Pt I ૧૬૨૫ માં લખાયલું અને E I જેની ફરવરદીન યશતની કેાપી F I ની કેાપી ઉપર ઘણી ખરી રચાયલી છે, F I ના કેાલેાફેાનનેા મેાટેા ભાગ પછવાડેથી પાછેા લખાયલેા છે, કારણકે છેલ્લું પાનું (વરક) ખવાઇ ગયલું હતું, પંણ અસલ કેાલેાફેાનની કેટલીએક આગલી લાઇનેા ટેક્ષટની છેલ્લે હજુર રાખેલી છે અને તે બીજા લખનારે બરેાબર નકલ કરી છે. આએ "મેનયુસક્રીપટ" ના અક્ષર તે પછી ૨૧ વરસે આસદીન કાકાને હાથનું લખેલું "શીકંદ ગુમાની" નું મેનયુસક્રીપટ Ak 2 ની સાથે પણ સરખાવવામાં આવ્યાં છે. અને બેઉ અક્ષરેા ઘણાખરા માળતા આવે છે. Pt I નેા કેાલેાફેાન પણ ફરીથી લખાયલેા છે. E I તેના કરતાં પાછલા વખતની છે પણ તેમાંની ફરવરદીન યશત F I ની નકલમાંથી અને નહી કે જામાસપ હકીમનાં મેનયુસક્રીપટમાંથી લીધેલી છે. એ સઘળાં ઉપરથી આપણે એજ અનુમાન ઉપર આવ્યે છીયે કે આએ (ફરવરદીન) યશત સુરતમાં જામાસપ હકીમ જે મેનયુસક્રીપટ લાવયેા તેની ૧૩૧ વરસ કરતાં પણ ઘણી અગાઉ નવસારીમાં હતી, જો કે તે હીંદુસ્તાનમાં પહેલવહેલી કયારે આવી તે વીશે રેવાયતમાં નેાધેલું મને ખબર નથી.

જો પારસીએા પ્રેાફેસર ગેલ્ડનરના દીબાચાનેા જ્યાં સુધી તેઓ તે સમજે ત્યાં સુધી વાંચી વાંચીને અભ્યાસ કરશે, તેા તેઓને ખેાટા "કેાલેાફેાન" (જો તેવું કાંઇ હીંદુસ્તાનમાં હેાય તેા) થી ખેાટે રસતે દેારવાઇ જવાની જરા પણ ધાસ્તી રહેશે નહી. આવા ખેાટા કેાલેાફેાન પારસી મેનયુસક્રીપટેામાં કદાચજ હેાય છે અને મારા ૩૦ વરસ ઉપરના અનુભવમાં એવેા એક પણ કેાલેાફેાન મને મળયેા નથી. કેાઇ કેાઇ વખત વાંચનારાઓ તેને બરેાબર સમજતા નથી. પણ તે તેા તેઓનાજ કાચા અનુભવ ઉપરથી બને છે. જ્ઞાનસનાસેા તેા સાધારણ રીતે બીજા વીદ્વાન માણસેાની માફક પેાતાના મન ઉપર પડેલા પહેલાજ છાપ ઉપર ઘણેા ઇતબાર રાખતા નથી અને જ્યાંસુધી તેઓએ બરાબર ઉલટપાલટ તપાસ કરી નહી હેાય અને ભુલ થવાના સઘળા બનવાજોગ સંજોગેા ધ્યાનમાં નહી લીધા હેાય, તયાંસુધી કાંઇપણ માની લેતા નથી.

ઇરાનીઓ અને હીંદુસ્તાનના પારસીઓ સાથની સંબંધ રાખનારી સથીતી અને તેઓ વચેના વહેવાર સાથે તાલુકેા રાખતી ઘણીક બાબદેા છે, જેની શેાધખેાળ હજી થઇ છે તે કરતાં વધારે ઢાળજી ભરેલી અને અપક્ષપાત થવી ઘટે છે. માનુશચેહારનાં કાગલેા ઉપરથી માલમ પડે છે કે ઇ૰ સ૰ ૮૮૧ માં યાને પારસીઓના પાદશાહેામાંનાં છેલ્લા પાદશાહનાં મરણ પછી ૨૩૦ વરસે ઇરાનમાં ઘણીક જરથેાસતી કેામેા હતી.

માનુશચૈહ્વાર પોતે મોટો ધરમગુરૂ અને પારસ અને કેરમાનમાં વસતી કોમોનો મુખય અધીકારી હતો અને તે શીરાઝ, સરકન, કેરમાન, રય, અને સરખસને કદીમ ધરમનાં મુખય મથકો તરીકે લખે છે. આએ શેહેરો ઈરાનના મોટા ભાગ ઉપર વહેંચાઇ ગયાં છે અને પહેલવી વંદીદાદના જુનામાં જુના કોલોફોન ઉપરથી જાણ્યે છીયે કે ઈ૦ સ૦ ૧૨૦૫ માં સંગેસતાનમાં જરથોસતી કોમ રહેતી હતી. પારસીઓ તેટલા માટે ઈરાનમાં ઘણા અને આબાદ હતા, જ્યારે તેઓના જાતભાઇઓ હીંદુસ્તાનમાં ઠરીઠામ થવાને માટે ફાંફાં મારતા હતા. દીનકરદનાં ૮ અને ૯ માં દફતરો ઉપરથી માલમ પડે છે કે નવમી સદીની આખેરી સુધી તેઓએ તેઓનાં ધરમશાસ્ત્રના આગલા ૨૧ નુસકમાંથી ૧૯ નુસક ઈરાનમાં જાળવી રાખ્યાં હતાં, જ્યારે હીંદુસતાનમાં આપણે જોયું તેમ તેઓને ઘણીજ જરૂરજોગી સાધારણ બંદગીને લગતાં ત્રણ અધુરાં નુસક ઉપરજ સંતોશ પામવું પડયું હતું.

દશમીથી પંદરમી સદી સુધી, જ્યાંસુધી જાણ્યું છ તયાંસુધી, પારસીઓની તવારીખ ઘણીખરી ખાલી છે. ઈ૦ સ૦ ૧૦૦૯ અને ૧૦૨૧ માં કનેરીના ગુફા તરફ પારસીઓની લાંબી મુલાકાત, ૧૧૪૨ અને ૧૨૧૫ માં નવસારી ખાતે મોબેદોનું આવવું, ૧૨૦૫ માં માહીયારનું સગેસતાનમાં છ વરસ રહયા પછી પહેલવી વંદીદાદના "મેનયુસકીપટ" સાથે પંજાબમાં ઉંચ તરફ પાછા ફરવું, ૧૨૬૯ પછી ઈરાની મોબેદ રૂસતમ મેહેરપાનનું આવવું અને ૧૨૭૮ માં અંકલેશવરમાં તેનું વીસપરદનું લખવું, વળી તેના ભાઇના છોકરાના છોકરાનો છોકરો મેહેરપાન કેખુશરૂ કે જેણે ખંભાતનો ચેહાલસંગ નામનો એક ગુજરેલો પારસી (કે જેને માટે મેહેરપાનના પાંચ "કોલોફોન" સીવાય બીજું કાંઇપણ લખાણ મળતું નથી,) તેને માટે બે પેહેલવી ઇજશને અને બે પહેલવી વંદીદાદ અને બીજાં કેટલાંએક ઈ૦ સ૦ ૧૩૨૩ અને ૧૩૨૪ માં મેનયુસકીપટો લખ્યાં હતાં, અને ઈ૦ સ૦ ૧૩૦૯ માં ભરૂચમાં ઈંટના દોખમાનુ બાંધવું, એ સીવાય બીજું શું જાણ્યે છીયે?

આપણે ધારી શકયે કે ઈ૦ સ૦ ૧૪૭૮ કરતાં આગળ પણ રેવાયતો હીંદુસ્તાનમાં આવવી જોઇયે. હવે તયારે હું પુછું છું કે જાણવાજોગ બનાવોની જે નોંધો "ફરેસત" અને "બારમાસીયા" કે જે ઘણા પારસી મોબેદો હીંદુસતાનમાં રાખતા હતા, તેમાં એ વીશે શું કાંઇ પણ મળે નહી?

આપણી મોજુદ રેવાયતો ઈ૦ સ૦ ૧૪૭૮ માં શરૂ થઇ, તયાર પછી તરત માલમ પડી આવે છે કે ઇરાનમાં પારસીઓ પોતાનું બાળ ખોતા ગયા અને હીંદુસ્તાનના પારસીઓની સ્થીતીમાં સુધારો થતો ચાલ્યો છે ઈ૦ સ૦ ૧૫૧૧ માં ચાર ઇરાની વેપારીઓ ગુજરાતમાં એક કાગલ લઇ આવ્યા, જેમાં ઇરાની પારસીઓ પોતાની વસતી સરકાબાદ અને તુરકાબાદમાં ૪૦૦, યઝદમાં ૫૦૦, કેરમાનમાં ૭૦૦, સીસતાનમાં ૨૭૦૦, અને ખોરાસાનમાં ૧૭૦૦ માણસો (નફર) ગણે છે. જો આપણે "નફર" નો અરથ "કુટુંબનો વડો" તરીકે ગણીયે તો આએ ૬૦૦૦ નફર મળી આવી પારસી વસતી ઉપર કહેલાં પરગણાઓમાં ૨૫૦૦૦ અને ૩૦૦૦૦ ની વચમાં થવા જાય, કે જે વસતી હીંદુસ્તાનનાં પારસીઓની વસતા કરતાં વધારે ગણી શકાય નહી.

જો તે વખતના હીંદુસ્તાનના દસતુરોએ પોતાના રીવાજો અને દંતકથાઓ ઇરાનના દસતુરોની માફકજ છે કે નહી, તે

જાણવાને પુછપરછ કરી તે સારૂં તેઓને નાકાબેલ ગણીને આપણે તેઓને ઠપકો આપ્યે. તો ઇરાની દસ્તુરો કે જેઓએ પોતાનાં ધરમનાં પવીત્ર નુસકનો ૬ઠ્ઠ ભાગ દશમી અને પંદરમી સદીની વચે ખોઇ દીધો અને તારાજ થવા દીધો, તેઓને કેટલો ઠપકો આપવો જોઇએ ? ખરૂં છે કે તે વખત ઇરાનનાં દસતુરો માટે ઘણો સંકટ ભરયો હતો, તોપણ તે લોકો સઘળા અજ્ઞાન થઇ ગયા હતા નહી, કારણ કે ઘણાં કીમતી "મેનયુસક્રીપટો" ની કેટલાકોએ નકલ કરી હતી, પણ કેટલાકોએ ફકત ખંતની ગેરહાજરીથી અગત્યના "મુનયુસ ક્રીપટ" ની બેદરકારી કરી અને તેથી તે નકલ કરવાનાં રહી ગયાં અને આખરે બધાં ગુમ થઇ ગયાં અને જ્યારે હીંદુસતાનના દસતુરોએ ઇ૦ સ૦ ૧૪૭૮ માં ૨૧ નુસકો માટે પુછાવ્યું, તયારે તેઓમાંની સાધારણ બાબતોમાંની ઘણી ટુંક વીગતોજ તેઓ મેળવી શકયા અને તે પણ થોડી ઘણી ભરોસાલાયક હતી.

શું આવીજ ખંતની ગેરહાજરીથી હાલના પારસીઓએ તેઓની સઘળી કેળવણી, સાહાસકામ અને સાફી સમજ છતાં, ઘણા જુના દસતાવેજો જેવા કે ફરેસત અને બીજી તેઓની કોમના નયાગાનોની નોંધો (જેની પુરેપુરી નકલો તેઓના અકાબરો ભવીશયની ખબર અને તેઓની કોમના ઉપયોગને માટે એકઠા કરીને જાળવી રાખે, તો તેઓની તવારીખના ઘણાખરા ભાગનો સમાવેશ તેમાં થઇ જાય,) ધીમે ધીમે નાશ થવા દીધો નથી અને હજુર તેનો નાશ થવા દેતા નથી.

હું ધારૂં છું જે આ કાગલમાં તમારા સઘળા સવાલોના જવાબો તમુને મળશે, જો કે તમે જે અનુકમે પુછયા હશે તેમ નહી હશે. તમે જોશો કે મારા વીચારો માટે લંબાણથી તેનાં કારણો દરશાવવાની જરૂર પડી છે. આ કાગલ તમારી મરજી માં આવે તો છપાવવાનો યાતો તેનો કોઇ પણ રીતે ઉપયોગ કરવાની તમુને છુટ છે અને જો તમોને નયુસપેપર કટીંગસ પાછાં જોઇતાં હોય તો મહેરબાની કરી મને જણાવજો.

તમારો સેવક,
ઇ. ડબલ્યુ. વેસટ.

ના૦ ૧૧૦
જામે જમશેદ.

(તા. ૨૬ મી સપટેમ્બર સને ૧૮૯૮)

ડાકટર મીલ્સનો અભીપ્રાય.

ઓકસફરડ, મે-૨૫-૧૮૯૮.

મારા વહાલા સાહેબ,

તમે કાબેલીઅત, મધયમપણા, અને વીચારવંતપણાથી (Scholarly Judicious and moderate) પુછેલા સવાલોના જવાબો વીશે મારો અભીપ્રાય તમે જે કહયું છે તે સાથે તદન મળતો છે. નેરીઓસંગની તવારીખ પણ તમે જે જમાનામાં તેને મુકયો છે તયાં વેર, તદન નહી તો લગભગ તયાં વેર જાય છે. અને કેટલાક (વીદવાનો) તો જેવા કે મારો મરહુમ દોસત ડારમેસટેટે નેરીઓસંગના સઘળા વીચારોને સ્વીકારવામાં કાંઇ પણ મના રાખતો નથી.

આપણા પહેલવી તરજુમા તો અકબરના જમાનાની અગાઉનાજ છે, અને નેરીઓસંગના પહેલવી ઉપરથી કીધેલા સંસકૃત તરજુમાઓ દેખાડે છે કે (તેના

જમાનાની) કેટલીએક સદી આગમજ પણ પહેલવીનું વંશપરંપરા ઉતરેલું જ્ઞાન હતું. નેરીઓસંગ પોતે પણ તેના જેવોજ (ફાજેલ) નહી હોય ત્યાં સુધી પહેલવી કેમ શીખે ? ટુંકમાં હું (તમારા સવાલોના જવાબમાં) કહું છું કે " હા. " ખચીત અકબરના વખતના તેમજ તેની આગળના પારસી મોબેદોમાં એક ઘણુંજ ઉંચી પંક્તીનું વંશપરંપરા ઉતરી આવેલું જ્ઞાન હતું, અને અકબર ખચીત કાંઇ એવો બેવકૂફ નહિ હતો કે પોતે પારસી ધરમથી વાકેફ થવા સારૂ તે ખાસ એવાજ કોઇ પારસીને બોલાવે કે જે તે વીશે કાંઇજ જાણતો નહી હોય.

હું છું તમારો વીશ્વાસુ,
એલ. એચ. મીલ્સ.

તા૦ ૬૦—મને હમણા કામનો બોજો ઘણોજ છે.

ના૦ ૧૧૧
જામે જમશેદ.

(તા૦ ૨૬ સપ્ટેમ્બર સને ૧૮૯૮)

ડાકટર ગેલ્ડનરનો અભીપ્રાય.

બરલીન, ૨૫-૮-૧૮૯૮

માનવંતા સાહેબ,

તમારાં તા૦ ૧૫ મી એપ્રેલના કાગલ માટે અને તે સાથના " કર્ટીગસ" માટે ઉપકાર માનતાં મારે તમારા સવાલોના આ અસુરા જવાબને માટે દરગુજર ચાહવો જોઇયે. સોળમી અને અઢારમી સદીની વચેના પારસી મોબેદોનાં જ્ઞાન સંબંધી હાલત વીશે ચોકસ જવાબ આપવો કાંઇ સેહેલું નથી, કારણ કે તે માટે ખાતરી લાયક ખબરોની લગાર ખુટ છે, પણ આંકેટીલનો એ બાબદ વીશેનો અભીપ્રાય તો કાંઇજ કીમતનો (કામનો) નથી. જંદ પહેલવી જબાનોનું તેનું પોતાનું જ્ઞાન ઘણુંજ ઉપર ટપકેનું હતું અને બનવાજોગ છે કે તેણે પોતાના ઉસતાદને એવા સવાલો પુછ્યા હોય કે જેના સઉથી સરસ દસતુરો પણ ઉતર આપી શકે નહી અને તેટલાં ઉપરથીજ તેણે બાંધેલો વીચાર ઘણો ઉતાવળાયો હોવા વગર રહે નહી. ૧૬ મી અને ૧૭ મી સદીઓના જુના " મેનયુસક્રોપટો" ની નકલ કરનારાઓમાં ઘણાકો એવા હતા કે જેઓ ઘણુજ કાળજીમંદ કહેવાય, જો કે ખુદ અવસતા ભાશનું તેઓનું જ્ઞાન ઘણું ઓહોળું નહોતું હતું એમ મને જરાક શક છે. હીંદુસ્તાનમાં ત્યાંના મોબેદોને સારૂ અવસતાનું વ્યાકરણ અને તે શીખવાની મદદેશાઓ નહી હોવાથી, ત્યાંના પારસીઓને અવસતા લખાણો સમજવાનું વધારે અને વધારે મુશકેલ થઇ પડ્યું, પણ એ ખુટ પહેલવી તરજુમાઓથી અને બનકીનાં તમામ પહેલવી સાહીત્યથી પુરવામાં આવી હતી. (ખરેખર તો) ખુદ અવસતામાં આપણને જરથોસ્તી મહજબનો ખુલ્લો અને પુરેપુરો ચીતાર કાંઇ હમેશ મળતો નથી, અને એવો કોઇ ચીતાર આપવાનું કામ તો પહેલવી સાહીતયને માટેજ રાખી મુકવામાં આવ્યું છે. એટલે કે થોડોજ શક છે કે સોળમી સદીમાં એવાએ દસતુરો હતા કે જેઓ પહેલવી પુખત રીતે સમજતા હતા. (Understood Pahalvi thoroughly) એવા દસતુરો ગુજરાતના એક અંધારાં ખુણામાં રહેતા હતા તો શું થયું, એમ તો બ્રાહમણો અને યાહુદીઓમાં પણ ધરમને લગતાં વંશપરંપરા ઉતરી આવેલાં ખરેખરાં જ્ઞાને ઘણીક વખતે એવાં ખુણાં-

ખંડેલાંઓમાંજ વાસો કરેલો મળે છે; અને એજ મીસાલે હીંદુસ્તાનનાં ચોકસ દસતુરી ખાનદાનોમાં પહેલવીનું જ્ઞાન તે વખતે પેહેડી દર પેહેડી ઉતરી આવેલું હોવું જોઇયે. અને તેજ મીસાલે હુમણા પણ છે, નહી તો (ફકત એકજ દાખલો આપું તો) પેલા તમારા પુનાવાળા બુઝોરગ દસતુર હોશંગજી જેઓ યુરોપીયનોના ઉસતાદ થાય છે, તેવણ પોતે પણ પહેલવીનું જ્ઞાન કયાં સંપાદન કરતે ?

એવાં બધાં કારણોને લીધે હું ધારૂંછું કે એવો કોઇ વીદ્વાન પહેલવી ઉસતાદ મહાન મોગલ (પાદશાહ અકબર) ને જરથોસતી ધરમના કાનુનો ઘણીજ ખાતરી લાયક રીતે સમજાવી શકયો હતો.

વળી "રેવાયતો" માં પણ કાંઇ સાધારણ મુળતત્વોનીજ બાબદોનું બયાન આવતું નથી, પણ ઘણી વખતે તેમાં ઘણાજ મહત્વના સવાલોનો સમાવેશ કરેલો છે. (જુઓ Sacred Books of the East VOL. XXXVII P. 419) અને તેઓમાં વળી વારંવાર ઈરાનના વીદ્વાન દસતુરોના સતાવાર ફટવાઓ પણ મળે છે.

એમ કહેવામાં આવે છે કે જાપાસપ ઇ૰ સ૰ ૧૭૨૧ માં ફરવરદીન યશત હીંદુસ્તાનમાં લાવ્યો હતો, જ્યાંથી તે ગુમ થયલી કહેવામાં આવતી હતી. પણ એ ગુમ થયલી હોવાની વાત ઘણું ઘણું તો પારસીઓના ચોકસ પંથકોનેજ લાગુ પડે, નહી કે હીંદુસ્તાનના તમામ પારસીઓને. ખરી બીના તો એ છે કે એ યશત તે વખતે (૧૭૨૧ માં) હીંદુસ્તાનની ઘણીક નકલોમાં મોજુદ હતી. અને તેથી વળી કેટલેક દરજ્જે તો જમાસપની ઇરાની નકલ કરતાં પણ વધારે સારી (સુધ) હાલતમાં. જોકે કદાચ એમ હોય કે તેના માલેકોએ તે તેઓથી છુપી રાખી હોય.

પ્રાચીન લેખો ઉકલાવવાની વીદ્યા ઉપરથી તથા અસલ એબારતની બારીક નુકતેચીની ઉપરથી (Palaeographical and text-critical reasons) થોડોજ શક રહે છે કે જે-" મેનયુસક્રીપટો" ને મેં F I અને Pt. I ના નામ આપ્યાં છે, તે ખરેખર તેના "કોલોફોન" માં જેટલાં જુનાં કહેવામાં આવ્યાં છે તેટલાંજ પુરાણાં છે.

હું છું, તમારો તાબેદાર,
કે. એફ. ગેલ્ડનર.

ના૰ ૧૧૨

મુંબઇ સમાચાર.

(તા. ૨૮ સપટેમ્બર ૧૮૯૮.)

મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને પાદશાહ અકબરે આપેલી કહેવાતી જાગીરની સનદની નકલ બાહેર મેલવાની કરવામાં આવતી માગણી.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,--મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને લગતી તકરાર વળી પાછી નવાં રૂપે શુરૂ કરવામાં આવી છે. જાણીતા અંગ્રેજ વીદ્વાન ડાકટર વેસ્ત ઉપર ચોકસ સવાલો મરહુમ દસ્તુરજીના બેશીઓ તરફથી મોકલાવી તેનો અભીપ્રાય તેની પાસે પુછાવવામાં આવ્યો હશે; અને તે ઉપરથી તે વીદ્વાને એવું મત આપેલું જણાવવામાં આવે છે કે, " મેહેરજી રાણા " ઇ૰ સ૰ ૧૫૭૮ ને આશરે દીલ્લી ગયા હતા, તે બીના તો તે વખતેજ તેવણને આપેલી જાગીર ઉપરથી સીધ થાય છે. " પણ, સાહેબ, અગતનો સવાલ તો એ છે કે જાગીર તે વખતેજ મળી હતી કે કેમ અને

શા માટે?† તેનો ચુકાદો સંતોષકારક રીતે લાવવાનો અકસીર ઇલાજ તે જાગીરને લગતી સનદની નકલ બાહેર મેલવાનો છે. તે નકલ બાહેર મલવામાં આવે તો સઘળી લંબાણુ તકરારોનો ટુંકમાં નીવેડો આવી જાય. પ્રેફેસર વેસ્તે તા, મરહુમના ખેશીઓની એવી વાત માની લઇને જવાબ આપ્યો છે કે મરહુમ દસ્તુર મેહેરજી રાણાને ૧૫૬૮ માં અકબરે જાગીર આપી હતી; પણ તે વાત ખરી છે કે કેમ તે દેખાડવાને તેની સનદ ક્યાં નહીં બાહેર મેલવામાં આવતી?

તકરાર કરવાની ખરી રૂઢી.

મુંબઇ, તા૦ ૨૬ મી સપ્તેમબર.

ના૦ ૧૧૩.

જામે જમશેદ.

(તા૦ ૧ લી અક્ટોબર સને ૧૮૯૮)

અકબર અને દસતુર મેહેરજી રાણા.

જામે જમશેદના અધીપતી જોગ—સાહેબ,

દસતુર મેહેરજીરાણાની હીમાયતમાં ડાક્ટરો વેસ્ટ, મીલ્સ અને ગેલ્ડનર જેવાઓના જે અભીપ્રાયો તમારાં પત્રમાં છપાયા છે, તેથી વીરૂધવાળાઓ ઘણાજ મુન્જાયા છે. બદ્દાઓનીએ તો ભર દરીયે તરાપો ડુબાવ્યાથી, સોળમી સદીના પારસીઓનું ઠેહેવાતું "અજ્ઞાનપણું" હવે ચાલે નહીં એવું હોવાથી, અને ફરવરદીન યશતવાળું ઓથું પણ જમીનદોસત થવાથી, હવે તેઓએ તકરાર કરવાની એક નવીજ રૂઢી અખતયાર કરી છે, અને તે એ કે તેઓ મેહેરજી રાણાને મળેલી જાગીર, જે હમણા સુધી સહુ કોઇ કબુલે છે, અને જેની સનદનો ભાવારથ "પારસી પ્રકાશ" માં આપેલો છે, તે ઉપર શક નાખવો. આ સઘળી કાર્યવાહીયતને માટે મારે જણાવવું જોઇયે કે મેહેરજી રાણાને જાગીર મળી હતી તેના એક સનદ ઉપરથી નહી, પણ પાંચ સાત ઘણાજ જુના દસતાવેજો ઉપરથી સંતોશકારક રીતે સાબેત થઇ શકે એમ છે. એ જાગીર પહેલાં તેમનેજ મળી હતી તે વીશે કાંઇ પણ સંદેહ નથી. આ દસતાવેજોમાંનો મોટો ભાગ પેચવાન ફારસી ભાશામાં લખેલો છે અને જો પારસી કોમમાંથી ફારસીના ઉંડા જ્ઞાન ધરાવનારો કોમમાં માન પામેલો ગ્રહસ્થ એ દસતાવેજો જોવા માંગશે તો ઘટતી સાવચેતી સાથે તેમને તે દેખાડવાની જોગવાઇ કરી આપવાને મેહેરજીરાણાના ખેશીઓ ખુશી થશે. તેટલાં એ સઘળા દસતાવેજો તેની અસલ ફારસી તેમજ તરજુમા સાથે છપાવીને બાહેર પાડવાની કાંઇક તજવીજ થાય છે, અને હું આશા રાખું છું કે એ કોશેશનું ફળ થોડા વખતમાં ચોકસ રીતે પારસી આલમ આગળ ધરવામાં આવશે.

આપનો સેવક,

દારા એસ. દસતુર મેહેરજી રાણા.

ચોપાટી, તા૦ ૨૯ મી સપ્ટેમબર ૧૮૯૮.



† હા તેજ વખતે મળી હતી. જુઓ ના. ૧૧૩.

ના૦ ૧૧૪.

મુંબઈ સમાચાર

(તા૦ ૫ મી અકટોબર સને ૧૮૬૮)

મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને શેહેનશાહ અકબરે આપેલી કહેવાતી જાગીરની સનદના સંબંધમાં માગવામાં આવતો ખોલાસો.

મુંબઈ સમાચારના અધીપતી જોગ.

સાહેબ–મરહુમ દસ્તુરજી મેહેરજી રાણા વીષે તેમના બેશીઓ તરફથી પાછી તકરાર જગાડવામાં આવતાં તે વીષે મેં એક ઘણીજ સાદી સુચના તમારાં પત્ર મારફતે તેમને કરી હતી. મને, સાહેબ, જણાવવા દેશો કે દસ્તુરજીને લગતી તકરારમાં હુમણાં સુધી જેવો ભાગ લેતા આવ્યા હતા તેમને લગતો હું નથી. હું પોતે એક ઈરાની છું, અને આગલ બે ત્રણ વરસ ઉપર ચલાવવામાં આવેલી સામસામી તકરારો હું ધીરજથી વાંચતો હતો. તે વેળાએ મને લાગ્યું હતું કે તકરાર જેવાં શાંત મનથી ચલાવવી જોઈએ તેવાં શાંતમનથી ન ચલાવતાં તકરારમાં ઉતરેલા મુખ્ય પક્ષેએ નઠારા શબ્દોનો એક બીજા સામે વધારે ઉપયોગ કરયો હતો. તે કારણે તકરારનું સેવટ આવવું ન હતું; અને પોતાના વડીલોના ખરા ઈતીહાસથી વાકેફ થવાની હોંસ ધરાવનારા મારા જેવા બીજા કેટલાકો તેથી દલગીરજ થયા હતા. પણ તકરાર હમણાં જ્યારે પાછી જગાડવાની તજવીઝ કરવામાં આવી છે, તયારે વળી તે આડે રસ્તે ઉતરી નહીં જાય તે અરથે મેં તમારાં માનવંતાં પત્ર મારફતે સુચવવાની રજા લીધી હતી કે, તકરારનો સેહેલથી નીકાલ આણવાના ઉપાય તરીકે મરહુમ દસ્તુરજીને શેહેનશાહ અકબરે આપેલી કહેવાતી જાગીરની સનદ બાહેર મેલવી. પણ મારી દલગીરી વચ્ચે હું જોવું છું કે તે સીધો સવાલ ઉપાડી લેવાને બદલે તેને ઉડાવી દેવાની તજવીઝ કરવામાં અવી છે. મી૦ દારા એસ૦ દસ્તુર મેહેરજી રાણા મરહુમના એક બેશી તરીકે તકરારનાં મેદાનમાં બાહેર પડયા છે, અને તેઓએ મારા સવાલના જવાબમાં જણાવ્યું છે કે, "મેહેરજી રાણાને મળેલી જાગીર, જે "હુમણા સુધી સઉ કોઇ કબુલે છે, અને "જેની સનદનો ભાવારથ 'પારસી પ્રકાશ' "માં આપેલો છે તે ઉપર શક નાખવો" એવી નવીજ રૂઢી મેં ધારણ કરી છે. આગલ વધી તેઓ જણાવે છે કે, "આ સઘળી કાએલીયતને માટે મારે "જણાવવું જોઇયે કે મેહેરજી રાણાને "જાગીર મળી હતી તે બીના એક સનદ "ઉપરથી નહીં, પણ પાંચ સાત ઘણાજ "જુના દસ્તાવેજો ઉપરથી સંતોષકારક રી"તે સાબેત થઇ શકે એમ છે." "આ સઘળી કાએલ્યત" તે કઇ તે જણાવવામાં નથી આવ્યું; પણ તે સવાલ હમણાં હું પડતોજ મેલું છું. મી૦ દારાના ઉપલા શબ્દો ઉપરથી જો હું તેમને સમજવામાં ગેર ઇન સાફ કરતો નહીં હોઉં તો એમ ઠરે છે કે, મરહુમ દસ્તુરજીને મળેલી કહેવાતી જાગીરની કોઇ સનદ હસ્તી નથી ધરાવતી. મારૂં તે અનુમાન બોટું હોય તો મી૦ દારા તે સુધારવાની તસદી લેશે. જે શહાદતનો ઉપયોગ કરવાની ભલામણ તેઓ મને કરતા લાગે છે તે શહાદત તપાસતાં મારાં તે અનુમાનને ટેકોજ મળતો હું જોવું છું. મારાં ગયાં લખાણમાં ડાકટર વેસ્તના સંબંધમાં લખતાં મેં જણાવયું હતું તેમ પારસી પ્રકાશના બનાવનારે તો મરહુમના બેશીઓ તરફની વાત માની લઇને એમ જણાવેલું માલમ પડે છે કે, શેહેનશાહ અકબરને તેઓએ જરથોશ્તી ધરમ સમજાવવાથી તેણે

તેમને જાગીર બખશી હતી. તેની સનદ હસ્તી ધરાવતી હોત તો તેજ પુસ્તકમાં બીજી કેટલીક બબરોના સંબંધમાં જોવામાં આવે છે તેમ સનદની તારીખ વગેરેની નોંધ આપવાને તેઓ ચુકત નહીં. દાખલા તરીકે મરહુમના દીકરા દસ્તુર કેકોબાદને મળેલી કહેવાતી જાગીરની સનદની તારીખ તેમાં આપવામાં આવી છે. તટલામાટે મી૦ દારાને નીચલા બે સવાલોનો જવાબ આપવાની સુચના હું કરૂં છું* (૧) મરહુમ દસ્તુરજીને મળેલી કહેવાતી જાગીરની સનદ હસ્તી ધરાવે છે કે નહી, અને હોય તો તે ઉપર કઇ તારીખ આપી છે? (૨) જે જુના દસ્તાવેજોની વાતો તેઓ કરે છે તે કોઇ જાહેર ઇતીહાસને લગતા છે કે ખાનગી, અને કોણુને હાથના લખાયલા છે?

તકરાર કરવાની ખરી રૂઢી.

ના૦ ૧૧૫.

નવસારી પ્રકાશ.

(તા૦ ૯ મી અક્ટોબર ૧૮૯૮ ને વાર રવેજ.)

મરહુમ પહેલા દસ્તુર મેહેરજી રાણાને તથા તેમના જમાનાના બીજા હીંદવાસી દસ્તુર મોબેદોને યુરોપના જંદ વિદ્વાનો તરફથી મળેલો ઇન્સાફ.

આપણામાં એવી એક કહેતી ચાલતી આવી છે કે, હરએક મહા પુરૂષ યા ભલા પુરૂષને ખરો ઇન્સાફ તેની જીંદગીમાં નહી, પણ તેનાં મરણ બાદ મલે છે. એ કહેતી ખરી છે; અને અમે તેમાં માત્ર એક ઉમેરો કરીએ છીએ કે, હર કોઇ મહા પુરૂષ યા ભલા પુરૂષને ખરો ઇન્સાફ જેટલો તેના સ્વદેશીઓથી મલતો નથી એટલો પરદેશીઓથી મલી શકે છે! એવોજ એક સંતોષકારક બનાવ, હાલ મરહુમ અશો દસ્તુરજી સાહેબ પહેલા મેહેરજી રાણા તથા તેમના જમાનાના બીજા હીંદવાસી દસ્તુર મોબેદોના સંબંધમાં બન્યો છે. વાંચનારાઓને યાદ હશે કે, આજથી ત્રણ વરસની વાતપર આપણા એક ચંચલ ગ્રાજ્યુએટ મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાએ, રાયલ એશીઆટીક સોસાયટીની મુંબઇની શાખા મંડલીમાં પોતે વાંચેલા હીંદુસ્તાનના પારસીઓ તથા અકબર વિષેના રેસાલામાં એવો અભિપ્રાય આપ્યો હતો કે, અકબરને જરથોશ્તી ધર્મ સમજાવવા માટે નવસારીથી તે વેલાના દસ્તુર મરહુમ મેહરજીરાણા દીલ્લી ગયા હતા, અને તેવણની સમજાવટથી અકબર જરથોશ્તી તરીકા તરફ ખેંચાયો હતો, એવી જે વાત ત્રણસો વરસથી પારસીઓમાં બોલાતી તથા મનાતી આવી છે તે ખોટી છે, કાંકે અકબર જેવા મહાન શેહનશાહ ઉપર એવી ચમતકારીક અસર કરનાર તો અરદશીર કેરમાની નામનો એક ઇરાની ફાજેલ દસ્તુર હતો, જેને અકબરે ખાસ રીતે પોતાની ધર્મ સંબંધી તકરાર સમાજમાં ભાગ લેવા માટે અત્રે બોલાવ્યો હતો. મી૦ કરકરયાનો આ વિચાર દેખીતોજ ઉતાવલ્યો, ભૂલ ભરેલો તથા એક તરફી હતો; અને જ્યારે તેમની તે ભુલ મુંબઇનાં પત્રોમાં કેટલાક ગ્રહસ્થો તરફથી દેખાડવામાં આવી, ત્યારે તે સુધારવાને બદલે તેમણે મરહુમ મેહરજી રાણા સામે, તે નિરદોષ દસ્તુરજીને અપમાન થાય અને તેમના વંશજોનાં દીલ નાહક દુખાય એવાં તોછડાં લખાણો કર્યાં; અને તે ઉપરાંત પોતાનાં સીદ્ધાંતની સાબેતી તરીકે એક દલીલ એવી રજુ કીધી કે, મરહુમ મેહેરજી રાણાના વખતના તથા તેની આસપાસના વખતના હીંદુસ્તાનના પાર-

* જવાબ માટે જુઓના ૧૨૦ નો છેવટનો ભાગ.

સીએ૦ ધર્મ સંબંધી બાબતમાં એટલા બધા તો બેદરકાર બેરાહુ અને બેએલમ હતા, તથા અકસર કરી તે વેલાના દસ્તુર મોબેદો પોતાના ધર્મની બાબતોથી એટલા તો બેખબર હતા, કે તેઓમાં પુરૂં પાધરૂં પારસીપણું પણ રહેલું ન હતું, તો તેઓ અકબર જેવા શેહનશાહને ધર્મ સમજાવી શકેજ નહીં, અને ધર્મ સંબંધી ચુનોચેરા માટે તે શેહનશાહે ભરેલી વિદ્વાન ધર્મગુરૂઓની સભાજમાં ભાગ પણ લઇ શકેજ નહી. આ ઉપરથી તે વેલા મુંબઇનાં ગુજરાતી તેમજ અંગ્રેજી પત્રોમાં એ બંને સવાલોપર બહુ ગરમા ગરમ ચરચા ચાલી, જેમાં એક બાજુ મી૦ કરકરયાએ પોતે, અને બીજી બાજુ "એડી ઓકલત્રી" નામના એક પરદેપોશ કાબેલ વિદ્વાનના ઝુંડા હેઠલ બીજા કેટલાક લખનારાઓએ ભાગ લીધો હતો. અને તેનું શેવટ મી૦ કરકરયાની જબરદસ્ત શીકસ્તમાં આવ્યું હતું કેમકે બાહોશ લખનાર "એડી ઓકલત્રી"—જેનું નામ જાણવાથી હવે થોડાએાજ અણજાણ્યા હશે—તેણે જેમ મી૦ કરકરયાનાં પોતાનાં લખાણથી, તેમજ કાબેલીઅત ભરી તકરારો, સંખ્યાબંધ દાખલા દલીલો તથા ઇનકાર નહી થઇ શકે એવા કેતાબી પુરાવાઓથી સાફ આયના પેરે દેખાડી આપ્યું કે, મરહુમ મેહેરજી રાણાના અથવા ઇસ્વી સોલમી સદીના વખતના જરથોશ્તી દસ્તુર મોબેદો પોતાના ધર્મના એલમ તથા જ્ઞાનમાં પરીપુર્ણ, ક્રિયા ભણતરોમાં ચુસ્ત તથા દીનદારીમાં નમુના સમાન હતા, અને તેટલા માટે અકબર પાદશાહને ધર્મ સમજાવવાને તેઓ શકતીમાન હતા. એજ શોધક બુદ્ધીના કાબેલ કલમકશે વલી સાબેત કરી આપ્યું હતું કે, અકબરને જરથોશ્તી ધર્મ સમજાવવા માટે ગુજરાતના (નવસારીના)જ જરથોશ્તીઓ દીલહી ગયા હતા, જેઓમાં આગેવાન ભાગ બજાવનાર મરહુમ દસ્તુર મેહેરજી રાણાજ હોવા જોઇયે; કાંકે તે વેલાની તવારીખમાંથી જોકે તેમનાં નામ સાથની સીધી સાબેતી મલી શકતી નથી, તોપણ આડકટરી સાબેતીઓ પુષ્કલ અને મજબુત છે. જેટલી મજબુતીથી "એડી ઓકલત્રી" એ આ સીદ્ધાંત સાબેત કરી દેખાડ્યું, તેટલીજ ઉસ્તવારીથી તેણે વલી મી૦ કરકરયાનું, અરદેશર કેરમાનીએ અકબરને ધર્મ સમજાવવાનું સીદ્ધાંત જમીનદોસ્ત પણ કરી નાખ્યું હતું; એવું દેખાડીને કે, આ કાબેલ ઇરાની દસ્તુર તો અકબરની ધર્મ સંબંધી તકરાર સમાજ ખલાસ થયા પછી લગભગ બે દાહેકાની મુદતે, અને વલી અકબરે રચાવવા માંડેલી ફારસી મહાન ફરહંગમાં જંદ પેહલવી શબ્દોની પુર્ણી કરવાનાંજ ખાસ કારણથી દીલહી આવ્યો હતો. એ તકરારની બરકતથી બાહેર પડેલું સાહીત્ય એક પુસ્તક ભરાય એટલું થયેલું છે; અને તેટલું જાણે પુરતું નહી હોય તેમ, મરહુમ દસ્તુર મેહરજી રાણાના લગતા વલગતા ચોકસ આસામી, વધારે કેતાબી તથા દસ્તાવેજી પુરાવા સાથનું એક કીમતી પુસ્તક તેમની એ ઐતીહાસીક કીર્તીની હીમાયતમાં કાઢવાની તૈયારીમાં છે, એમ જાણી અમોને ખુશાલી ઉપજે છે.

પણ મી૦ કરકરયા તથા તેમના પક્ષકારો હજુ પોતાનો ભુલ ન સુધારતાં, તે ફેલાવવા તથા અણજાણ્યાઓને ભોળવવાની કોશેશ કરતા રહયા છે, જેથી આ અગત્યના સવાલોનો ફડચો, બાહેરના કોઇ તાસુબીથી મોકલા અને અપક્ષપાટ હાથોથી કરાવવાની એક બહુ અસરકારક તથા માન ભરેલી કોશેશ કરવામાં આવી છે. આપણાં હમવતન નવસારીનાં મરહુમ દસ્તુર દારાબ પહાલનનાં ખાનદાનના એક ઉલટંમદ નબીરા એરવદ મીનોચેહરજી પહાલ-

નજી કુતાર જેઓ યુનીવર્સીટીના એક ગ્રાજ્યુએટ છે, અને હાલ મુંબઇ રહે છે, તેમણે એ સઘલી તકરારો તેના અસલ આકારમાં યુરોપના ત્રણ નામીચા જંદ વિદ્વાનો ડાકટરો વેસ્ટ, મીલ્સ અને ગેઇડનર ઉપર મોકલીને, તે ઉપરથી ઉપજાવી કાઢેલા મુદ્દાના પાંચ સવાલોના જવાબો મંગાવ્યા હતા, જે જવાબો તેમનાપર ફરી વલ્યા છે, અને તે મુંબઇનાં જામે જમશેદ તથા ક્યસરે હિંદ પત્રોમાં પ્રગટ થયા છે. તે સવાલો આ પ્રમણેછેઃ—

૧ શું ૧૬ મી સદીની આખેરીએ હિંદુસ્તાનના પારસી ધરમગુરૂઓ એટલા બધા અજ્ઞાન હતા, કે તેઓમાંથી પાદશાહ અકબરને જરથોસ્તી ધરમ સમજાવાને એક પણ લાયક શખસ મલી શકે એમ હતું નહી?

૨ તે વખતે જંદ, પહેલવી, પાઝંદ અને સંસ્કૃતનું સારૂં જ્ઞાન ધરાવનારા (અલબતાં અસલના કાયદા પ્રમાણે) કોઈ પારસીઓમાં ધરમગુરૂઓ હતા કે?

૩ રવાયતોમાં જે સવાલો પુછાયલા મલે છે, તે શું માત્ર એવાં ધરમનાં મુળતત્વો (Elementary) વીશે હતા, કે તે ઉપરથી તે સવાલના પુછનારાઓ પોતાના ધરમના મુળ પાયાથી તદન અજ્ઞાન હતા એમ કહેવાઇ શકાય?

૪ શું તે સવાલો ધરમની બારીકીઓ, ક્રીયાઓ તથા શક ભરેલી બાબતોને લગતા નહી હતા, અને તે ઉપરથી શું એમ નથી દીસતું, કે તે વખતના પારસીઓ જેવા કહેવામાં આવે છે તેવા અજ્ઞાન અને બેદકાર નહી હતા?

૫ શું "ફરવરદીન યશત" પહેલવહેલી હિન્દુસ્તાનમાં જામાસપ હકીમજ લાવ્યા હતા? અને શું તે ઇ૰ સ૰ ૧૭૨૧ ની અગાઉ હિન્દુસ્તાનમાં લખાયલાં "મેનયુસકીપટો" માં મલતી નથી?

એ સવાલોને જે સગવડને ખાતર આપણે ટુકા રૂપમાં મેલી તેનો એકજ સવાલ બનાવીએ, તો તે એવો થશે કે, આ તકરારમાં ખરો કોણ અને ખોટો કોણ-મી૰ કરકરયા કે "એડી ઓકલત્રાં"? અને તેનો જવાબ પણ મજકુર ત્રણે એલમાઓનાં પત્રોનો અર્ક ખેંચીને આપણે એકજ વાકયમાં સમાવીએ, તો તે એવોજ નીકલી શકે છે કે, ખરો "એડી ઓકલત્રી" અને ખોટા મી૰ કરકરયા! એટલે, યુરોપના આ જગ પ્રસીદ્ધ અને પારસી પ્રિય ઓરયંટલીસ્ટોએ એવી મતલબનો જવાબ વાલ્યો છે કે, સોલમી સદીની આખેરીના, યાને મેહરજી રાણાના જમાનાના પારસી ધર્મગુરૂઓ અકબરને પોતાનો ધર્મ સમજાવી શકે તેવા જ્ઞાની અને એલમી હતા; મેહરજી-રાણા દીલહી એજ કારણસર ગયા હતા; તેવણે તેને પોતાનો ધર્મ સમજાવી મોહીત કરયો હતો; રેવાયતોના સવાલો મી૰ કરકરયા સમજાવે છે તેમ માત્ર ધર્મ સંબંધી અજ્ઞાનપણાંને કારણે ધર્મનાં મુલતત્વો જાણવાના હેતુથી હિંદવાસી દસ્તુરોએ પુછેલા નહી, પણ તેવણના હરીફો સમજાવે છે તેમ ધર્મની બારીકીઓ, ક્રિયાઓ તથા શક ભરેલી બાબતોની ચુનોચેરા કરવા, તથા ખુલાસા મેલવવા માટે તે પુછેલા હતા; અને ફરવરદીન યશત (ક્રવસી) મી૰ કરકરયા જણાવે છે તેમ હીંદુસ્તાનમાં માત્ર ૧૭૨૧ માં દસ્તુર જામાસપ વેલાયતી ઈરાનથી લાવ્યાથીજ અહીંના લોકમાં જણાઇ ન હતી, પણ તેવણના હરીફો જણાવે છે તેમ તે તો તે આગમજ પણ હીંદુસ્તાનના દસ્તુર મોબેદોમાં જાણીતી તથા માનીતી હતી. પોતાના આ જવાબો,

ડાકટરો મીલ્સ તથા ગેલ્ડનરે રોકાણને લીધે ટૂંકમાંજ આપ્યા છે, પણ ડાકટર વેસ્ટે તો બહુ લંબાણથી ખુલાસાવાર જવાબ આપી પોતાનાં અનુમાનના ટેકામાં, કહ્યો કે "એડી એકલત્રી" ની હીમાયતમાં, દાખલા તથા પુરાવાઓ વટીક રજુ કરયા છે. અમોને ઘણી લાલચ થાય છે કે, આ મહાન યુરોપ્યન ઓલમાઓના જવાબોમાંના અગત જોગ ફકરા, અમારા વાંચનારાઓની વાકેફી માટે અત્રે ઉતારી લઈએ, પણ આ બાબત લંબાણ થયાથી તે હવે પછીની જોગવાઇ ઉપર અમે મુલતવી રાખીએ છીએ.

અપક્ષપાટ અને કાબેલ યુરોપ્યન ઓલમાઓનાં આ ખુલ્લાં મત, મરહુમ દસ્તુર મેહેરજી રાણા તથા તેમના જમાનાના આપણા દીનદાર, ધર્મજ્ઞાની તથા ધર્મભીમાની વડીલોપર મેલાયલો એક નાલાએક તથા નાસાબેત કલંક ધોઈ નાખી તેમને તેમની અસલ નીરમલ કીર્તીમાં આલમ હજુર પાછા ઝલકતા કરે છે, જે માટે આપણે નવસારીવાસીઓ ખરેજ મગરૂર રહીશું. યુરોપ્યન ઓલમાઓનાં એ મત વળી આ નાખુશ જીકરનો મનમાનતો અને શેવટનો ફડચો પણ કરી નાખે છે; પણ તે છતાં આ તાજુબી ભરેલું છે કે, હજુ કેટલાક તાસુબીવાલા આસામીઓ સુર્ય પર ધુલ છાંટવાના જેવી રમત કરી, એવી માંગણી કરતા જણાય છે કે, મરહુમ મેહેરજી રાણાના હીમાયતીઓ આ જાતની કોશીશ કરે છે તે કરતાં, એ મરહુમ દસ્તુરજી અકબરને ધરમ સમજાવવા દીલહી ગયા હતા તેની સીધી સાબેતીજ કાં નહી રજુ કરતા ? અને એ માગણીને તેઓ "તકરાર કરવાની ખરી રૂઢી"નું નામ આપે છે ! પણ તેમની એ તકરાર માત્ર "ઠાકાના ગાઉ" ગણવા જેવી, તેમની નીરાશી દેખાડનારી છે. તેઓ ભુલી જાય છે કે, જો ચોકસ બાબતની સીધી સાબેતી હાજર નાજર હોય, તો પછી તકરાર ઉઠેજ શાની અને મતભેદ પડેજ કેમ ? સીધી સાબેતી નહી મલ્યાથી યા ગુમ થયાથીજ હા કે ના એવી તકરાર ઉભી થવાને કારણ મળે છે; અને આ તકરારમાં પણ તેમજ બન્યું છે. સીધી સાબેતીની ગેરહાજરીમાં આડકતરી સાબેતીઓ જોવી તથા પકડવી પડી છે, પણ તે એટલી મુસ્તકીમ છે, કે સીધી સાબેતીની ગરજ પુરતી રીતે સારે છે, અને તે એટલે સુધી કે, યુરોપના મજકુર ત્રણે નામીચા જંદ ઓલમાઓ તે વડે 'કન્વીન્સ' (ખાતરી ભરેલા) થયા છે. પણ એટલુંજ નથી. જો આપણા પેલા ઉલટમંદ હમવતની મી૰ દારાશાહ સોરાબજી દસ્તુરના જમે જમશેદ મારફતે બાહેર પડેલા સુખનને આપણે પાયદાર તરીકે લઈએ—અને તે પાયદાર નહી હોય એમ માનવાને કશું કારણ નથી—તો મરહુમ દસ્તુર મેહેરજી રાણાની અકબરને ધરમ સમજાવવા સંબંધી બાબતની તરફેણમાં સીદ્ધી સાબેતીઓ પણ મલી આવી છે, અને તે તેમનાં જન્મ ચરિત્ર સાથે બાહેર પાડવાની ગોઠવણ વટીક થઇ ચુકી છે. આપણે ત્યારે સામી પક્ષવાલાઓને એટલુંજ કહીશું કે, "જીવો અને જુઓ"!



ના૦ ૧૧૬

જામે જમશેદ.

(તા૦ ૧૦ મી અકટોબર સને ૧૮૯૮)

યુરોપીયન વીદ્વાનો તથા દસતુર મેહેરજી રાણા.

જામે જમશેદના અધીપતી જોગ--

સાહેબ,

તા૦ ૧૫ મી, ૨૨ મી તથા ૨૪ મી આગસટ ૧૮૯૬ ને દીને મેં તમારાં પત્રમાં ૩ ચરચાપત્રો છપાવયાં હતાં, તેને હાલ યુરોપીયન વીદ્વાનોથી ટેકો મળેલો જોઇ મને ખુશી ઉપજી છે. વળી "હાદેસા નામા" ઉપરથી જરથોસતીઓએ ભુલાવો આવો નહી જોઇયે, તે વીશે મેં લખ્યું હતું. હાલ મારા જાણવામાં આવયું છે કે છેઠ તા૦ ૪ થી જુન ૧૮૩૨ નાં સાલમાં "જામે જમશેદ" માં "હાદેસા નામા" વીશે હેવાલ છપાયો હતો.† તે પણ મારાં મતને ટેકો આપે છે, જે જોઈને મને ખુશી ઉપજી છે.

સેવક તમારો,
અ. સો. દ. કામદીન.

મુંબઇ, તા૦ ૯ મી અકટોબર ૧૮૯૮.

† જુઓ નંબર ૧૨૩-૧૨૪-૧૨૫.

ના૦ ૧૧૭

મુંબઇ સમાચાર.

(તા. ૧૨ મી અકટોબર સને ૧૮૯૮)

મરહુમ દસ્તુરજી મેહેરજીરાણાને મળેલી કહેવાતી જાગીર વીશે ચાલતી ચરચા— દસ્તુર અરદેશર નોશેરવાન કેરમાની એ ભરૂચવાળા મરહુમ દસ્તુર કામદીન પદમ ઉપર લખેલા પત્રના સંબંધમાં મી૦ અરદેશર સોરાબજી દસ્તુર કામદીનને કરવામાં આવતી એક સુચના.

મુંબઈ સમાચારના અધીપતી જોગઃ-

સાહેબ,—મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાના સંબંધમાં જે બે સવાલો, તકરાર કરવાને બાહેર આવેલા મરહુમના એક બેશી મી૦ દારા એસ૦ દસ્તુર મેહેરજી રાણાને તમારા પત્ર મારફતે પુછવાની રજા મેં લીધી હતી, તેનો જવાબ વાળવાની તસદી તેઓએ લીધી નથી. મારાં ગયાં લખાણમાં મેં જણાવયું હતું કે, "મી૦ "દારાના ઉપલા શબદો ઉપરથી જો હું "તેમને સમજવામાં ગેરઇનસાફ કરતો "નહી હોઉં તો એમ ઠરે છે કે, મરહુમ "દસ્તુરજીને મળેલી કહેવાતી જાગીરની કોઇ "સનદ હસ્તી નથી ધરાવતી. મારૂં તે અ- "નુમાન બોટું હોય તો મી૦ દારા તે "સુધારવાની તસદી લેશે." એમ જણાવી "મેં તેમને નીચે પ્રમાણે બે સવાલો પુછ્યા હતાઃ "(૧) મરહુમ દસ્તુરજીને મળેલી "કહેવાતી જાગીરની સનદ હસ્તી ધરાવે "છે કે નહી અને હોય તો તે ઉપર કઇ "તારીખ આપી છે? (૨) જે જુના દસ્તા- "વેજોની વાતો તેઓ કરે છે તે કોઇ જાહેર "ઇતીહાસને લગતી છે કે ખાનગી, અને "કોણને હાથના લખાયલા છે?" મી૦

દારાએ તે સવાલોના સંબંધમાં કાંઇ પણ ખોલાસો કરવાની તસ્દી નથી લીધી, અને તેથી ઠરે છે કે તેમના શબ્દોનો મેં જે અર્થ કરયો છે તે ખરો છે એમ તેઓ કબુલ રાખે છે; એટલે કે મરહુમ દસ્તુરજીને મળેલી કહેવાતી જાગીરની કોઇ સનદ હસ્તી નથી ધરાવતી. તેમની ચુપકીનો વધુ અર્થ એવો થાય છે કે જે જુના દસ્તાવેજોની વાતો તેઓએ કરી છે તે કોઇ જાહેર ઇતીહાસને લગતા નથી; પણ જો તેમ નહી હશે તો તેઓ તે વીષે ખોલાસો કરવાની તસ્દી લેશે એવી આશા હું રાખું છું. એજ વખતે અગતના આ સવાલનો ફડચો આણવાને એક સુચના કરવાની રજા હું માગું છું. મને લાગે છે કે, દસ્તુર અરદેશર નોશેરવાન કેરમાની જેઓને શેહેનશાહ અકબરે ધરાનથી ખાસ બોલાવયા હતા, તેઓ સાહેબે ભરૂચવાળા દસ્તુર મરહુમ કામદીન પદમ ઉપર જે કાગજ તા૦ ૧૯ મી નવેમબર ૧૫૯૭ ને દીને લખયો હતો, તે આખો પ્રગટ કરવામાં આવે તો તકરારી સવાલ ઉપર રોશની નાંખવાને તેથી બની આવશે. પારસી પ્રકાશના બનાવનારે તે કાગજનો શરૂઆતનો થોડોક ભાગ આપી શેવટે એમ જણાવયું છે કે, "એ પછી આતશબેહેરામ બનાવવાની ક્રીયાને લગતી મુખય બાબતો એ કાગજમાં લખી છે." ઘણી દલગીરીની વાત છે કે પારસીઓના લાભ સાથે સંબંધ ધરાવતો તે આખો પત્ર હજી સુધી બાહેર આણવામાં નથી આવયો. મી૦ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન ભરૂચવાળા મરહુમ દસ્તુર કામદીન પદમના હું ધારૂં છું કે એક વંશજો છે, અને તેઓ સાહેબ પારસી ધરમના સવાલો ઉપર ઇંતેજારીથી જે ધયાન આપતા આવયા છે તે જોતાં, તેમને અરજ કરવી ફોકટ નહીં કહેવાશે કે તેઓએ તે આખો પત્ર મેળવી પારસીઓની જાણ માટે જાહેરમાં મેલવવાની તસ્દી લેવી. તેઓ તે રીતે પોતાના વડીલનું અને તેમના મીત્ર દસ્તુર અરદેશરનું માન જાળવશે તથા વળી પારસી કોમનું હીત સાચવશે. મારી ખાતરી છે કે તે આખો પત્ર જાહેરમાં આવયાથી મરહુમ દસ્તુરજી મહેરજી રાણાને લગતી તકરારોનો ફડચો ઝટ આવી જશે, અને તે મરહુમ દસ્તુરજીને તથા બીજાઓને ઘટતો ઇનસાફ આપવાનો બની આવશે. †

નં૦ ૧૧૮
મુંબઇ સમાચાર.

(તા ૧૩ મી અકટોબર સને ૧૮૯૮.)

મી૦ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન તરફથી પોતાના કેટલાક વડીલો વીષે આપવામાં આવતો ખોલાસો.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,–દસ્તુર અરદેશર નોશેરવાન કેરમાનીએ ૧૦ સ૦ ૧૫૯૭ માં મારા બપાવાના બપાવાના બપાવાના બપાવાના બાવા ભરૂચના મરહુમ દસ્તુર કામદીન ફરદામ (પદમ) ઉપર કાગળ લખયો હતો તે સદાબરો પ્રગટ કરવાને મારી તરફથી તમારા ચરચાપત્રી "તકરાર કરવાની ખરી રૂઢી" બાહેશ રાખે છે. પણ એટલો જુનો દસ્તાવેજ મારી પાસે નહી હોવાથી હું દીલગીર છું કે તે બાહેશ હું પાર પાડી શકતો નથી. મેં ૨૦ વરસો ઉપર "ભરૂચના દસ્તુર બાનદાનની વંશાવળી" પ્રગટ કરી હતી, તે સુધારીને ૧૦ વરસો ઉપર મેં એ વંશાવળી ૩૦ પેઢી સુધીની બનાવી હતી. તે એરવદ જીવનજી મોદીએ ડાકટર વેસ્ટ ઉપર મોકલાવી હતી. મારાથી ૨૦ પેઢીના વડવા ઉસ્તાદ પેશોતન રામે "ગોસ્ટ ક્રીયાન" વાળી પેહેલવી કેતાબની નકલ

† જુઓ ના. ૧૨૦નો છેવટનો ભાગ.


ઇ૦ સ૦ ૧૩૯૭ માં કરી હતી. એ કેતાબનો તરજુમો દસ્તુર હોશંગજી તથા ડાકટર વેસ્ટે કરેલો છે. તેમાં ઉસ્તાદ પેશોતન રામની પેહેલવીમાં લખેલી વંશાવળી છે. પણ તેના તરજુમામાં ૩ નામો રહી ગયાં છે. મેં તરજુમા ઉપરથી ઉસ્તાદ પેશોતન રામની વંશાવળી લીધાથી ડાકટર વેસ્ટે એ ભુલ ઉપર એસવદ જીવનજીનું ધયાન ખેંચયું. એસવદ જીવનજીએ ડાકટર વેસ્ટનો અસલ કાગજ મારા ઉપર મોકલ્યો હતો. એ ત્રણ નામો ઉમેરતાં ભરૂચના દસ્તુર ખાનદાનની વંશાવળી તેત્રીસ પેઢી સુધીની થાય છે. એ વંશાવળી બનાવતાં મને ૨૩ વરસો લાગયાં હતાં, કારણકે બને તેટલી સંભાળ મારે રાખવાની હતી. હવે એ વંશાવળી ઉપરથી આગળા વખતનો કેટલોક ખુલાસો કરવાની હું રજા લઈશ. મરહુમ કાવુસ જલાલ (મુલ્લાં ફીરોઝજીના બાવા) ના લખવા પ્રમાણે રામયાર કહાનાન (દસ્તુર કામદીન પદમના બપાવા) મોબેદાન મોબેદ, સઘળા મોબેદો અને હેરબદોના ઉસ્તાદ, હીંદુસ્તાનના તમામ હેરબદોને ઉરદીસગાહને લગતું પવીત્ર કામ શીખાડનાર અને હીંદુસ્તાનનાં જેબી શેહેરોમાં જરથોસતીઓની તે વખતે વસ્તી હતી તેમાં મોબેદી કામને રેવાજ આપનાર એક નામીચા ઉસ્તાદ હતા. દસ્તુર ફનદામ (પદમ) વીશે બરજોર કામદીનવાળી રવાયતમાં કંઈક ખુલાસો મળે છે. એ દસ્તુરના વખતમાં ભરૂચના જરથોશતીઓએ કામદીન શાહપુર નામના ખંભાતના એક રેહવાસીને ઇરાન મોકલી દીનને લગતી કેટલીક કેતાબો તથા વરસીઆના બાલ મંગાવયા હતા. ઇરાનના જરથોશતીઓએ મજકુર દસ્તુર ફનદામ રામયાર જોગું ઇ૦ સ૦ ૧૫૫૯ માં કાગજ સાથે તે મોકલયું હતું, તથા તે સાથે વરસીઓ કેમ કરવો તે વિશેનો ખુલાસો તે કાગજમાં લખયો હતો. (જોવો પારસી પ્રકાશ, સફેા ૮ મો). દસ્તુર કામદીન દસ્તુર ફનદામ વીશે પણ દારાબ હોરમજદયારે લખેલી રવાયતમાંથી નીચલી બીના મળે છે. તે એ છે કે પાદશાહ અકબરને જરથોશતી દીનને લગતી સમજ આપવાને ઇરાનથી દસ્તુર અરદેશર નોશેરવાન કેરમાની દીલ્લી ખાતે આવયા હતા, તે વીશેની ખબર મજકુર દસ્તુર કામદીનને પડવાથી તેણે તેની ઉપર એક કાગળ લખી દીનને લગતી કેટલીક બીનાઓ પુછાવી હતી. જેનો જવાબ દસ્તુર અરદેશર કેરમાનીએ ઇ૦ સ૦ ૧૫૯૭ માં લખયો હતો કે "સાડા પાંચ મહીના થયા તમારી ઉપર મેં કાગજ લખયો, પણ તેનો કાંઇ જવાબ તમારી તરફથી મળયો નહીં. પછી હું જયારે દીલ્લીથી નીકળી મુલતાન આવયો તયારે બેહદીન કાઉસ માહીયાર મને તયાં મળયો, અને તેનાથી મેં બધો હેવાલ જાણયો. અગરજો કાઉસ મને લાહોરમાં મળતે તો હું જરૂર તમારી બેદમતમાં ભરૂચ આવતે. વળી મને કાઉસે કહયું કે તમો ઇરાન આવવાની ઘણી બાહેશ રાખો છો, તેથી મને ધીરજ આવી કે તમારી સાથે મારી મુલાકાત થશે, અને રસ્તાબેજ સુધી તમારી યાદગારી હીંદુસ્તાનમાં રહેશે. તમો આવો તો કાઉસની સાથે આવજો, રસ્તાનો કંઇ દગદગો કરશો ના, અગર તમારૂં આવવું નકી નહીં થાય અને કાગજ લખવું પડે તો યઝદના મોટા દસ્તુર મેહેરવાન ઉપર અથવા કેરમાનના દસ્તુર બેહેરામશાહ ઉપર યા મારી ઉપર લખજો." એ પછી એજ કાગજમાં આતશબેહેરામ બનાવવાને લગતી મુખય બાબતો લખી જણાવી હતી. (જોવો પારસી પ્રકાશ, સફેા ૧૦). નોસારી,

સુરત તથા ભરૂચના જરથોશતીઓએ સુરતના એક બેહદીન બહમન અસફંદીયારની મારફતે ઈરાનના દસ્તુરોને જરથોશતી ધરમને લગતા કેટલાક સવાલો પુછાવ્યા હતા, જેના જવાબ ઈ૰ સ૰ ૧૬૨૬ માં મજકુર બેહદીન બહમન લાવ્યો હતો, તેમાં વડા દસ્તુર તરીકે ભરૂચના મજકુર દસ્તુર કામદીન દસ્તુર પદમનું નામ દસ્તુર બેહરામ અરદેશર તથા બેહદીન આશા જમશેદનાં નામો સાથે જોવામાં આવે છે. (જોવો પારસી પ્રકાશ, સફો ૧૧). દસ્તુર કામદીન પદમના એક દીકરા બેહરામ વીશે જણાય છે કે તે પોતાના વખતમાં ઘણા કાબેલ પુરૂષ હતા. તેણે કર્ણીસા વીશે ઈરાનના દસ્તુરોને પેહેલવેહેલો કાગજ લખ્યો હતો, જેનો જવાબ ઈ૰ સ. ૧૬૩૬ માં ઈરાનના દસ્તુરોએ લખેલો આવી પોંહોંચ્યો હતો, પણ તે વખતે બેહરામ ભરૂચમાં ગુજરી ગયલા હતા. દસ્તુર કામદીન દસ્તુર ફનદામના દીકરા દસ્તુર ફરેદુનના દીકરા દસ્તુર કામદીનના દીકરા દસ્તુર જમશેદ આસરે ૨૨૫ વરસો ઉપર ભરૂચના દસ્તુર થઈ ગયા છે. ભરૂચના એ દસ્તુર જમશેદ કામદીન પાસે દસ્તુર જામાસપઆશા ઈ૰ સ૰ ૧૭૧૨ માં જંદ પેહેલવી શીખવા ભરૂચ ગયા હતા, અને ઈ૰ સ૰ ૧૭૧૯ સુધી એટલે ૭ વરસો સુધી ભરૂચમાં રહ્યા હતા.

સેવક તમારો,

અ૰ સો૰ દ૰ કામદીન.

મુંબઇ, તા૰ ૧૨ મી અકટોબર.



નં૰ ૧૧૯

મુંબઇ સમાચાર.

(તા૰ ૧૪ મી અકટોબર ૧૮૬૮.)

મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને મળેલી કહેવાતી જાગીરનાં સંબંધમાં ચલાવવામાં આવતી તકરાર–પારસી પ્રકાશના બનાવનારને કરવામાં આવતી સુચના.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—મી૰ અરદેશર સોરાબજી દસ્તુર કામદીને લખેલો જે પત્ર આજના તમારા અંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે તેથી મને જેટલી અજાએથી એટલીજ દલગીરી ઉપજી છે. એઓના વડીલો કેટલા અને કોણ હતા તે સાથે મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને મળેલી કહેવાતી જાગીર અને તેની સનદને લગતા સવાલને શું લગતુંવળગતું છે તે હું જોઇ નથી શકતો; તેમજ કેરમાનવાળા દસ્તુર સાહેબ મરહુમ અરદેશર નોશેરવાનને ભરૂચવાળા દસ્તુરજી મરહુમ કામદીન પદમે કીધેલું નોતરૂં તેઓ સ્વીકારવાને કાં અશકત હતા તે બાબતથી હું અજાણ્યો નહી હતો, અને પારસીઓને તે કંઇ નવું જણાવવાનું નહીં હતું. પારસી પ્રકાશમાં તે બીના આવેલી છે તે હું પોતેજ મારા આગળા પત્રમાં દેખાડી ગયો હતો. પારસીઓને જે નવું જણાવવાનું છે તે કેરમાનવાળા દસ્તુર સાહેબે ભરૂચના દસ્તુરજી ઉપર તેઓએ દીધેલું નોતરૂં નાકબુલ રાખતાં આતશબેહેરામની ક્રીયા વીષે કરેલાં વીવેચન સંબંધી છે. કેરમાનવાળા દસ્તુર સાહેબનું લખાણ મી૰ અરદેશર પાસે નથી તે દલગીર થવા

જેવી બીના છે. હું આશા રાખતો હતો કે તેઓ સાહેબ તેની નકલ બીજી તરફથી મેળવવાની કોશેશ કરશે, અને તેવી આશા મેં એટલા ઉપરથી બાંધી હતી કે પારસી પ્રકાશના બનાવનારના જણાવ્યા પ્રમાણે તે લખાણની નકલ હસ્તી ધરાવે છે, અને તેનું અસલ લખાણ મી૦ અરદેશરના એક વડીલ ઉપર આવેલું હોવાથી તેઓ તે અસલ લખાણ મેળવવાની, અને તેમ નહીંજ બની શકે તો પોતાના વડીલ તરફની મોહોબત અને તેમના પ્રત્યેના માનને ખાતર તેની નકલ પણ મેળવવાની, અને તે પોતાની પાસે જાળવવા અને કોમના લાભ માટે પ્રસીદ્ધ કરવાની તજવીઝ તેઓ કરે તે સ્વભાવીક હતું. પણ દલગીર છું કે તેવી આશા તેમના ઉપર બાંધવામાં મેં ભુલ કરી હતી.

મી૦ અરદેશર જ્યારે આ બાબતમાં ઠાંઇ પણ કરવાને અશકત છે, તયારે હવે હું પારસી પ્રકાશના બનાવનારને પોતાને તેના સંબંધમાં એક એલતેમાસ કરવાની રજા તમારાં પત્ર મારફતે લઉં છું, અને હું ધારૂં છું કે તેઓ પોતાનાં પુસ્તકને ખાતર તે ઉચકી લેશે. તેઓએ મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાના સંબંધમાં પ્રગટ કરેલી જાગીરને લગતા સવાલની વાતો તો તેઓએ જોયું હશે કે શકમંદ થઇ પડી છે, કેમકે જાગીરને લગતી સનદ કે એવાજ સતાવાર દસ્તાવેજો હસ્તી નથી ધરાવતા, અને વળી એકના બે સુરજ કરી બતાવવાની ઠગાઇનું પોકળ દેખાડી આપવાની જે કથાને મુખ્ય કરી જાગીર તેમને મળવાના ટેકામાં આણવામાં આવતી હતી તે ખોટી અને હસવા સરખી છે, એમ સરવ કોઇ હવે કબુલ રાખે છે. સઘળો આધાર હવે કેરમાનવાળા દસ્તુર સાહેબ મરહુમ અરદેશર નોશેરવાનના ઉપર જણાવેલાં પત્રની તારીખ ઉપર, શેહેનશાહ અકબરને મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાએ જરથોશતી ધરમ સમજાવવાના બદલામાં જાગીર તેમને મળી હતી એવી તકરારનો લેવામાં આવે છે. તે કારણે પારસી પ્રકાશના બનાવનારને પુછવાની રજા હું લઉં છું કે જે પત્ર વીષે તેઓએ પોતાનાં પુસ્તકમાં ઈશારો કરયો છે તે તેઓએ પોતે જોયો અને વાંચયો હતો કે તેનો જેટલો ભાગ તેઓએ પ્રગટ કરયો છે તે કોઇએ તેમને પુરો પાડયો હતો? અને કોઇએ પુરો પાડયો હોય તો તે કોણે? તેમજ અસલ દસ્તાવેજ મેળવી તે આખો પ્રગટ કરવાની તસદી તેઓ લેશે? તેઓને હું જણાવીશ કે તકરારનો ફડચો લાવવા માટે તેઓએ જણાવેલી તારીખ તેહેકીક કરવાની જેટલી જરૂર છે, તેટલીજ જરૂર તેમાં આપવામાં આવેલું આતશબેહેરામની ક્રીયાને લગતું વરણન પણ બાહેર મેલવાથી માલમ પડશે.

તકરાર કરવાની ખરી રૂઢી.

નં૦ ૧૨૦.

કયસરે હિન્દ.

(તા. ૧૬ મી અકટોબર ૧૮૯૮.)

યુરોપીઅન જપાનશનાસો અને દસ્તુર મેહરજીરાણા.

DASTUR MEHERJIRANA VINDICATED.

અમારા વાંચનારાઓ કદાચ વિસરી ગયા નહિ હશે કે ૧૮૯૬ નાં સાલના પાછલા ભાગમાં એક કેહવાતા "પારસી નુકતેચીને," મોગલ તબક્કાના બખ્તાવર પાદશાહ અકબર સાથે પારસીઓના સંબંધ ઉપર અજવાળું પાડવાનાં ધરપચીઆં બાહાનાં હેઠળ એક રેસાલો વાંચ્યો

હતો, જેમાં તેણે નવસારીના પેહલા દસ્તુર મેહરજીરાણા ઉપર હુમલો કરવાની પેરવી કીધી હતી, અને પારસીઓમાં તે મરહુમ વિષે ચાલતી આવેલી કથા બીલકુલ નાપાએદાર હતી એવું સમજાવવાને પોતાની અક્કલ ખરચી હતી. આ રેસાલો આપણાં રોજીંદાં વર્ત્તમાન પત્રો મારફતે આશકારા થયો ત્યારેજ એમાંની કેટલીક તકલીદીઓને લીધે અમારૂં માથું તણખ્યું હતું, અને અમે તેની ખબર લેતાં ઉમેદ બતાવી હતી કે કોઇ બીજા ભણેલા ગ્રહસ્થો એ રસીલા સવાલ ઉપર ચુનોચેરા ચલાવવાને બાહાર પડે. આ પછી એક હફ્તાની મુદતમાંજ મુંબઇ ગેઝેતમાં "એદ્દી ઓકીલત્રી જૂનીઅર"ના તખલ્લુસ હેઠળ કોઇ ઉસ્તાદે મેદાન પડીને એ લખનારની સામે જબરૂં જંગ મચાવ્યું હતું અને તેની તકરારોનું માથું એવી તો સાએત રીતે ભાંજયું હતું કે કોઇ કોઇ શખસોનાં મનમાં એ હકીકત વિષે જેઓ ખતરા ઉભા થયા હતા, ત હમેશના ભોંયે પડી ગયા હતા. આ કેહવાતા નુકતેચીનની મુખ્ય દલીલ એ હતી કે મેહરજીરાણાનું નામ અબદુલઝાદર બદાઓનીની "મુનતખબ ઉત તવારીખ," અબુલફઝલનાં "અકબરનામાં," નીઝામઉદ્દદીન એહેમદની "તબક્કાતે અકબરી" કે કોઇ બીજા મુસલમાન ઇતિહાસમાં મળતું નથી. પણ ઓકીલત્રીએ એનાજ માનીતા બદાઓનીમાંથી મળતા નવસારીના આતશપરસ્તોને લગતા અગત્યના ફકરાનો ખરો ભાવાર્થ સમજાવીને દેખાડી આપ્યું હતું કે મરહુમ દસ્તુર વિશે આપણામાં ચાલતી દંતકથા અને આ ઝનુની મુસલમાનનાં લખાણ બચ્ચે બારીક બારીક બાબદમાં જે અજબ જેવું મળતાપણું હતું તેથી તે કથાને મુસ્તકીમ ટેકો મળતો હતો. પોતાની લુલી લંગડી તકરારની પુષ્ટા કરવા સારૂ મેહરજીરાણાના મુદઇએ વળી 'દબેસ્તાન'ની શાહદત ટાંકવાની ઠાંઇ તજવીજ કીધી હતી, પણ અહીં વળી ઓકીલત્રીએ તેની દુંબાલ પકડીને સાબેત કીધું હતું કે તેણે દબેસ્તાનનું નામ અમથુંજ અડાવ્યું હતું અને તે કેહતો હતો તેવી મતલબનું લખાણ દબેસ્તાનમાં હતુંજ નહિ. પણ એવી રીતે મુદ્દાની બાબદમાંજ તેના ટાંકા ઢીલા કરીનેજ "ઓકીલત્રી" અટકયો હતો નહિ. તેણે એ લખનારની બીજી ઘણી ભુલ ચુકો બતાવી આપી હતી અને "ઇતીસત" અને જગતગુરૂના બાણમાં તેણે કીધેલા છબરડા ઉઘાડા પાડીને તેની નાવાકેફીના ભરમનો પરદો ફાડી નાખ્યો હતો. ટુંકમાં એ સઘળાં ઉપરથી રોશન રોજની માફક ખુલ્લું થયું હતું કે આપણી એશીઆતીક સોસાયતીનો એ મેમબર ફારસીના એલમથી બીલકુલ બેનસીબ હતો એટલુંજ નહિ, પણ ઇંગ્રેજી તરજુમાઓની મદદ છતાં પણ તે ફારસી તવારીખનવેસોનાં લખાણો પૂરાં પાધરાં સમજવાની તાકાત ધરાવતો હતો નહિ. હવે જ્યારે ગેઝેતના આ ચર્ચાપત્રીએ એ કાચા રસાલાનો કાદવનો પાયો ધસાવી નાખ્યો ત્યારે તેના લખનારે તેને ઠાંઇ પણ ઉત્તર આપવાના અખાડાજ કીધા, અને કોઇ પણ માઆકુલ જવાબના વાખા હોવાથી ઓકીલત્રી તો હસદથીજ લખતો હતો અને તે તો બધું નોનસેન્સજ ભરડી ગયો હતો વગેરે વગેરે બોલીને. પોતાની શાનસલુકાઇમાં જરૂર જેટલો વધારો કીધો હતો. પણ પોતાના હમનબર્દનેજ ગાળો દઇને તે ધરાયો નહિ હતો. મેહરજીરાણાને લગતી મુળ તકરારમાં શીકસ્ત મળવાથી તેણે હવે એક જુદીજ વળાણ

પકડી હતી અને એક જુદેજ રસ્તે ઉતરી પડવાનું દરૂસ્ત જોયું હતું. મેહરજીરાણાના જમાનામાં તો નવસારીમાંજ નહિ પણ ગુજરાતમાં ધર્મ સંબંધી અંધારૂં હતું અને ત્યાંના સઘળા જરથોસ્તીઓ ધર્મના કાનુનોથી બીલકુલ બેખબર અને નાવાકેફ હતા અને તેઓમાં કોઇ પણ ભણેલો શખસ શોધ્યો જડે નહી એમ હતું અને તેઓ બધા દુરવંદની મીસાલે રેહતા હતા વગેરે વગેરે ઘણુંક લાંબું પોહોણું લખવા તેણે માડયું. આ બધું બોલવામાં તેની મતલબ ખુદ મેહરજી રાણાનેજ હીણું લગાડવાની હતી અને તેની તકરાર એજ હતી કે જ્યારે ગુજરાતના પારસીઓ એવા અજ્ઞાન અને અર્ધમી હતા ત્યારે એ પ્રાંતના એક ખુણામાં પડેલા એક દસ્તુર અકબરની દરબારમાં જઇને બીજા બોલમાની સામે ઉભા રહી પોતાના ધર્મની સચ્ચાઇ અને ખુબી કેમ સમજાવી શકે? આ બાબદન સંબંધમાં તેણે આડું તેડું ચીતરવામાં કંઇ કસર રાખી હતી નહિ અને રવાયતોમાંથી લીધેલા બે ચાર ભલતા ફકરાઓને આધારે અને કાઉસ અફશાદ નામના કોઇ બે ઇરાનીઓને નામે લખેલાં એક બનાવટી ભુતીઆંનો આશરો પકડીને તેણે આપણા બુજોર્ગવારોની નાલેશી કરવામાં કમાલ કીધી હતી. ત્યાર પછી વળી પોતાની દાનાઇના દરીયામાં ડોહોવી ડોહોવીને તેણે એક બીજું રોખડું બાહાર કાહાડયું હતું અને તે એ કે જામારૂપ વિલાયતી ઇ૦ સ૦ ૧૭૨૦-૧૭૨૧ માં ઇરાનથી હિનદુસ્તાન આવ્યો તે અગાઉ અહીંના સઘળા દસ્તુરો પોહોલવી વગેરેથી અનજાણ હતા અને ધર્મ જ્ઞાનમાં તેઓનું કાંઇ ઠેકાણું નહિ હતું, અને અહીંઆંના જરથોસ્તીઓ પાસે ક્રેવરદીન યશત પણ નહિ હતી. આ સઘળાં ગુલબાંગોના અક્કલ પસંદ જવાબો વળી પાછા ગેઝેતમાંજ J. O. E. ની સહી હેઠળ પ્રગટ થયા હતા, જે સહી અમારી જાણ મુજબ "એડી ઓકીલત્રો જુનીઅર" ના તખલ્લુસનું જ બીજું રૂપ હતી. J. O. E. એ એવી રીતે તેનું મોહોડું બંધ કીધાથી આ તકરાર ૧૮૯૬ ના દીસેમબર મહિનામાં ખતમ થઇ હતી. પણ તે પછી કેટલેક મહિને "અકબર અને પારસીઓ' ઉપરના આ છિન્ન છિન્ન થઇ ગયલા રેસાલાને તેના લખનારે જેમ તેમ સાંધી જોડી અને ઠીંગડાં મારીને એશીઆતીક સોસાયટીનાં ચોપાનીઆમાં છપાવ્યો હતો. એમ કરતાં તેણે ઓકીલત્રી અને J. O. E. એ બતાવેલી ઘણી ભુલચુકો પોતાના એ હરીફનું નામ લીધા વગર ચુપાચુપ સુધારી હતી એટલુંજ નહી, પણ એ સઘળું તો પોતે આગળથીજ જાણતો હતો, એવું બી ડોળ ઘાલ્યું હતું. એ સિવાય તેણે બીજા ઘણાક ફેરફારો કીધા હતા અને અસલ રસાલામાં નહિ હતું તેવું બી ઘણુંક ઘુસાડયું હતું અને સાથે સાથે વળી પોતાની હમેશની આદત પ્રમાણે બીજી બે ચાર નવી ભુલો પણ કરી બતાવી હતી. એવી રીતે આ રસાલો છપાયા પછી મેહરજીરાણાની તરફથી એ તકરારમાં ઝીપલાવનાર આગેવાનને એવો ખ્યાલ આવ્યો કે સોળમી સદીના પારસીઓનાં અજ્ઞાનપણાના બાબમાં એ લખનારે જે ભભરડા ઘુમાવ્યા હતા તે વિષે કોઇ અપક્ષપાત યુરોપીઅન વિદ્વાનોનાં મત મેળવવાં. એ ઉપદથી દાકતરો વેસ્ત અને મીલ્સ અને પ્રોફેસર ગેલ્ડનર ઉપર એ તકરારની ઉત્પત્તિની સમજણ આપનારો એક કાગળ લખવામાં આવ્યો હતો, અને એ જીકરને લગતા પાંચ મુદ્દા ઘડી કાહાડવામાં આવ્યા હતા, અને તે સાથે બેઉ બાજુ તરફથી ઇંગ્રેજીમાં જેબી કંઇ લખાયું

હતું તેની નકલો સમાવવામાં આવી હતી. આવી રીતે તઇઆર કરેલાં કાગજ ઉપર એરવદ મંચેરજી કુતાર નામના એક જુવાન ગ્રેજ્યુએતની સહી મેળવવામાં આવી અને તે તેમને નામે રવાના કરવામાં આવ્યો હતો, જેના જવાબો થોડુંક ઉપર ફરી વલ્યા છે. આ જવાબને માટે અમે મેહરજીરાણાના નબીરાઓ અને વખાણનારાઓનેજ નહી પણ હિન્દુસ્તાનના તમામ જરથોસ્તીઓને દિલોજાનથી મુબારકબાદી આપીએ છિયે; કારણકે જોકે સોળમી સદીના પારસીઓનાં કેહવાતાં અજ્ઞાનપણાના સવાલને મેહરજીરાણા અકબરની દરબારમાં જઇ આવ્યા હતા કે નહી તે સાથે ખરેખર તો થોડોજ સંબંધ છે, તોપણ જ્યારે એ મસે પારસીઓની અક્કલ ચોરીને મેહરજીરાણાનેજ નહિ પણ આપણ સઘલાઓના વડવાઓને નામોસી લગાડવાની વેતરણ થઇ છે, ત્યારે એવા નામચીન કાબેલોએ એવાં નાલાયક "બોહતાનોને મારેલા છેલ્લા ફટકા" માં કુલ જરથોસ્તી આલમને લાભ છે, અને એ જવાબોનો બારીકીથી અભ્યાસ કરવાને અમે દરેક દીનદાર જરથોસ્તીને ભલામણ કરીયે છિયે. એ ત્રણમાં દાકતર વેસ્તનો જવાબ સૌથી લાંબો અને અગત્યનો છે, અને ખરૂં બોલ્યે તો એ કીસમના સવાલમાં દાકતર વેસ્તનું મત યુરોપના બીજા કોઇબી હયાત વિદ્વાનનાં મત કરતાં વધારે માન અને સત્તા ધરાવે છે, કારણકે જેવી રીતે તેણે આપણા પેહેલવી અને પાછલા જમાનાનાં ફારસી લખાણોનો અભ્યાસ કીધો છે તેવો બીજા કોઇએ કીધો નથી. હીંદુસ્તાનમાં લાંબો વખત વસવાટ કીધાથી જેવો તે આપણા વડવાઓની "તવારીખનો ભોમીઓ" છે તેવો બીજો કોઇ નથી. વળી રવાયતોનો તો તે કીડોજ છે, અને આપણા દસ્તુરોના ખાનગી કેતાબખાનાઓમાં કે યુરોપનાં જાહેર સંગ્રહસ્થાનોમાં આપણા મઝહબને લગતા જે પૂરાણા હસ્તલેખો મળે છે તેનું જેવું તે બારીક જ્ઞાન ધરાવે છે તેવું (કદાચ ગેલ્દનર સિવાય) બીજો કોઇ ઉસ્તાદ ધરાવતો નથી. તેના લાંબા અને દાખલા દલીલોથી ભરપૂર કાગજનો સાર તે પેહેલા ફકરામાંજ જણાવી દેએ છે અને તે એજ છે કે આ તકરારમાં તેના વિચારો એદી ઓકીલત્રી અને J. O. E. ના "વિચારો સાથે ઘણાખરા તદન મળતા છે." એદી ઓકીલત્રી જે તો બધું "હસદફોરૂં નોનસેન્સ"જ ભરડી ગયો હતો તેને આટલી "સરતીફીકેત" બસ છે. તેની મહેનતનો આટલો બદલો તેને ઇઆ કોઇબી બીજાને માટે પૂરતો છે. એટલું કહીને દાકતર વેસ્ત આ અજ્ઞાનપણાના સવાલના ઉંડાણમાં ઉતરે છે, અને રવાયતોના જે ફકરા ઉપર મદાર બાંધવામાં આવ્યો છે તેનો ખરો અર્થ સમજાવીને બતાવે છે કે તે ઝાઝા ભરૂસો મુકવા લાયક નથી. વળી એ રવાયતોમાં આવેલી બીનાઓ મુળતત્વોને લગતીજ છે એવું જે કહેવામાં આવ્યું હતું તે પણ ખોટું છે એમ તે સાબેત કરેછે. તેજ પ્રમાણે તે કહે છે કે હિનદુસ્તાનના તે વખતના પારસીઓએ ધર્મ સંબંધી સવાલોને લગતાં નામાંઓ મોકલવાનો જે રેવાજ પાડયો હતો તે તેઓનું અજ્ઞાનપણું નહિ પણ ઉલટું તેઓની ઉંડી કાળજી દેખાડે છે. એ ઉપરાંત તે કહે છે કે "હિનદુસ્તાનના તે વખતના દસ્તુરો તે વખતના ઇરાની દસ્તુરો સાથે લાયકાત, જ્ઞાન અને કાબેલીઅતને માટે વાજબી રીતે સરખાવી શકાય" એવા હતા અને જાણે એ બધું પાકું કરવા તે ઉમરે છે કે "તેઓમાં ઘણાજ થોડા કોઇ પણ રીતે નાલાયક હતા." કેવરદીન યશતના બાબમાં પણ તે J. O. E. નેજ ટેકો આપે છે અને મેહેરજી રાણાના બેખ-

બર મુદ્દાએ પ્રોફેસર ગેલ્દનર સામે માથું ઉંચકવાની જે શોખાઇ કીધી હતી તેને જબરી ચીમકી લગાવે છે અને ખોટા અને બનાવટી કોલોફોનોથી તે પ્રોફેસર ઠગાયો હતો એવો જે ઓરંગો તેણે માર્યો હતો તેની ટકોરમાં તે કહે છે કે જો "પારસીઓ પ્રોફેસરના ગેલ્દનરના દીબાચાનો જ્યાં સુધી તેઓ તે સમજે ત્યાં સુધી વાંચી વાંચીને અભ્યાસ કરશે તો તેઓને ખોટા કોલોફોનથી ખોટે રસ્તે દોરવાઇ જવાની જરા પણ ધાસ્તી રહેશે નહિ." એટલે કે બીજા બોલોમાં દાકતર વેસ્તનાં મત પ્રમાણે આપણી એશીઆતીક સોસાઇતીવાળો 'નુકતેચીન' ગેલ્દનરનો દીબાચો સમજ્યોજ નથી ! એ સિવાય એ કાગજમાં બીજું ઘણુંક જાણવાજોગ છે અને ખુદ મેહેરજી રાણાને વિષે તો દાકતર વેસ્ત કેહે છે કે મેહેરજીરાણા દીલી ગયા હતા તે બીના તો તેવાનેં આપેલી જાગીર ઉપરથીજ સીદ્ધ થાય છે. વળી એજ સુધ્ધો વિદ્વાન પેલી બે સુરજની કથા વિષે પણ કંઇક માઆકુલ સમજણ આપે છે, અને કેટલાક અધુરા ઘડાએાની માફક તેને માત્ર હસી કહાડવાને ઇઆ તેને માટે બીચારા મેહેરજીરાણાને ગાળો ભાંડવાને બદલે તે કોઇ "વધારે માનવા લાયક ઇઆ વધારે માનવા જોગ બીનાની બેરહકીકત ઇઆ બેરસમજુતીથી ઉત્પન થઇ હોય" એમ તે ધારે છે, અને તે વિષે પોતાની એક તર્ક પણ આપણી સનમુખ ધરે છે. દાકતર મીલ્સનો જવાબ કામની રોકાણને લીધે ઘણો ટુંકો છે, પણ એ વિદ્વાન પણ થોડા બોલોમાં દા. વેસ્ત સાથે મળતો થાય છે અને કેહેછે કે "અકબરના વખતમાં તેમજ તેની અગાઉના પારસી મોબેદોમાં એક ઘણુંજ ઉંચી પંકતીનું વંશ પરંપરા ઉતરી આવેલું જ્ઞાન હતું અને અકબર અચીત કંઇ એવો બેવકુફ નહિ હતો કે પોતે પારસી ધર્મથી વાકેફ થવા સારૂ બાસ એવાજ કોઇ પારસીને બોલાવે જે તે વિષે કાંઇજ જાણતો નહીં હોય." તેજ પ્રમાણે પ્રોફેસર ગેલ્દનર પણ કેહે છે કે "સોળમી સદીમાં એવાબી દસ્તુરો હતા, જેઓ પહેલવી પૂર્ણ રીતે સમજતા હતા;" અને તે કારણો આપીને પોતાનું મત જાહેર કરે છે કે "એવો કોઇ પહેલવી ઉસ્તાદ મહાન મોગલ (અકબર)ને જરથોશતી ધર્મના કાનુનો ઘણીજ બાતરી લાયક રીતે સમજાવી શકયો હતો." પણ હવે બસ. એ સઘળાં ઉપરથી અમારા વાંચનારાઓએ જોયું હશે કે આ તકરારમાં આ ત્રણે બાલમાં એકમત છે અને તેથી આપણા પારસી નુકતેચીનની અડધી પડધી કાબેલીયત અને ધાંધલ ધરપચ હવામાં ઉડી જાય છે.

અહીં અમારે કેહવું જોઇએ કે આ ત્રણ કાગજો ભાઇબંધ "જામે જમશેદ" માં તેમજ અમારી કટારોમાં છપાવવામાં મેરહુજીરાણાના વખાણનારાઓની મતલબ કંઇ એ તકરારને પાછી જગાડવાની નથી. તેઓએ એટલા સારૂજ તે પ્રગટ કીધાં છે કે તેમાં એવું ઘણુંક છે જે પારસી આલમને માટે અગતયનું અને જાણવા જોગ છે. અમે જોઇએ છિયે કે એક ચોકસ ઠેકાણેથી એક નનામો ચર્ચાપત્રી જે પોતાને એક 'ઇરાની'* તરીકે જણાવે છે, અને જે બે વર્ષ ઉપર ચાલેલી તકરાર પોતે ધ્યાનથી વાંચેલી હોવાનો દાવો કરે છે તે હમણાં બેઉ બાજુવાલાઓનેજ નહિ પણ દાકતર વેસ્તને પણ "તકરારની ખરી રૂઢી" શીખવવા નીકળ્યો છે. એ દાનાવ સાહેબનો વિચાર એવો છે કે આજ લગણ ચાલેલી સઘલી તકરાર નકામી છે અને સઘળાઓ આજ સુધી આડે માર્ગેજ ઉતરતા આવ્યા છે. એવણની અકકલમાં હવે એમ આવે છે કે મેહરજીરાણાને મળેલી

* જુઓ નંબર ૧૧૪.

જાગીરની તારીખ કયાંથી પણ પેદા કરવી જોઇએ. જો તે મળે તો એ ખરૂં અને નહી મળે તો બીજું બધું ખોટું, એમ તે સમજે છે ઇઆ સમજાવવા માગે છે અને તે સારૂ તે અસલ સનદ જાહેરમાં મુકાવવાની માંગણી કરે છે. મેહરજીરાણા ખાનદાનના એક નબીરાએ તેને પોતાના નામ સાથે જણાવ્યું છે કે એ જાગીરને લગતી બીના સાબેત થાય છે તે કાંઇ એક સનદ કે ફરમાન ઉપરથીજ નહિ, પણ પાંચ સાત સનદો, પરવાનાઓ અને દસ્તાવેજો ઉપરથી તે સંતોષકારક રીતે સીદ્ધ થાય છે અને તેણે ઉમેરયું છે કે એ સઘળા દસ્તાવેજો પ્રગટ કરવાની હીલચાલ થાય છે. પણ આ નનામા ઇરાનીની ધીરજ રહેતી નથી, અને દોઢોડસો વખત સાબેત થઇ ગયલી એ જાગીરની બીના તે પાછી ચુંથવા પડી ગયો છે, અને એ સનદો ખાનગી છે કે સરકારી એવા એવા નામાઆકુલ સવાલો કરવા પડી ગયો છે, જે બીજું નહિ તો એટલું તો દેખાડે છે કે તેણે બે વર્ષ ઉપર ચાલેલી તકરાર વાંચીજ નથી યા વાંચી હોય તો સમજ્યો નથી. વળી હમણા અમે જોઇએ છિયે કે તે ૧૫૯૭ વાલા દસ્તુર અરદેશર કેરમાનીના કાગજને વળગ્યો છે, અને તે કાગજ ભરૂચના એક અશો દસ્તુર ઉપર લખાયો હતો તેથી આપણા જાણીતા ભરૂચા મી૦ અરદેશર દસ્તુર કામદીનને ખાસ અરજ કરે છે કે તેવણેજ તે છપાવવો. શું એ "ઇરાની" એમ સમજે છે કે મી૦ અરદેશર પાસેજ એ કાગજ છે, યા શું તેને કાંઇ એવો ખ્યાલ છે કે તેને મી૦ અરદેશરે તાળાં કુંચીમાં રાખેલો છે? અને એ કાગજને છપાવવાથી તેનું શું વળવાનું છે? તેમાં જે કાંઇણી અગતનું છે તે અનેક વાર છપાઇ ગયું છે, અને મી૦ બ. બે. પટેલે તેનો જે સાર અને તારીખ વાર આપ્યાં છે તે તદન દરૂસ્ત છે, અને તેમાં જેબી કાંઇ છે તે મેહરજીરાણાનાજ દાવાની તરફેણમાં જાય છે. મી૦ અરદેશરે તેને રોકડું પરખાવ્યાથી હવે તે મી૦ બ. બે. પટેલને નકામા સવાલો પુછવા પડયો છે,† જેના ચોખ્ખા જવાબો "પારસી પ્રકાશ" ના દસમાં પાનાની પેહેલી નોતમાં અત્યાર અગાઉ તેવણ આપી ચુકયા છે. મતલબ એ કે એ સઘળાં ફાંફાં છે અને નવસારીના એ મરહુમ દસ્તુરના હિમાયતીઓને અમારી સલાહ તો એ છે કે એવા લખનારાને હવે કંઇ પણ જવાબ આપવા ઉપર પોતાનો વખત ગુમાવવો નહી, કારણકે ગયાં પખવાડીઆંમાં પ્રગટ થયલા આ ત્રણ વજનદાર કાગજોથી સમજી પારસી આલમની તો સેવટની ખાતરી થઇ છે કે મેહરજી રાણાની સામે લાવવામા આવેલી તકરારોમાં કાંઇજ વજુદ નથી. આ બીના અહીં ખતમ કરતાં અમે એટલું જ કહીશું કે મેહેરજી રાણાનો મુદ્દઇ પણ એ સઘળું સમજીને હવે ચુપ બેસશે તોજ તેની શોભા રેહશે અને અમે તેને ખાતરી આપ્યે છિયે કે જો તે આ નામવર યુરોપીઅન ઉસ્તાદોનો ઉપરવારી થઇને તેઓનાં મત સામે માથું ઉંચકશે, ઇઆ સુખનપરવરીને વશ થઇને પોતાનો કકો ખરો કરવા સારૂ વળી પાછાં કાંઇ ઠીગડાં ઠાંગડી મારીને અહીં કે કલકતામાં કે કોઇણી બીજે ઠેકાણે બાહાર પડશે, તો ૧૮૯૬ માં તેના જેવા હાલ થયા હતા તેવા એક વાર ફરીથી થયા વગર રેહશે નહિ.

† જુઓ નંબર ૧૧૯.

નં૦ ૧૨૧

મુંબઇ સમાચાર.

(તા૦ ૧૯ મી અકટોબર સને ૧૮૯૮.)

મરહુમ દસ્તુરજી મહેરજી રાણાને મળેલી કહેવાતી જાગીરની સનદ હસ્તી નથી ઠરાવતી અને તેને લગતી દંતકથા ખોટી છે એમ કબુલ રાખવામાં આવ્યું છે ત્યારે તેના સંબંધમાં જોઇતું અજવાળું મેળવવા શું કરવું જોઇયે?

મુંબઇ સમાચારના અધીપતી ઝોગ:--

સાહેબ,—મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને મળેલી કહેવાતી જાગીરને લગતી ચરચા તેમના ખેશીઓએ નવેસરથી જગાડી તયારે તે વીશે લખતાં મેં આશા બતાવી હતી કે, ગઇ વેળાએ જેમ તે તકરારમાં ઉતરેલા મુખય પક્ષોએ તકરારને સીધે રસ્તે નહીં ચલાવતાં એક બીજા સામે નઠારા શબ્દો ઉચારવામાં વખત કહાડી નાખ્યો હતો, અને તકરારને તે રીતે ગુચવી નાખી હતી, તેમ હવે કરવામાં નહીં આવશે. પણ હું દલગીર છું કે તકરાર સીધી રીતે ચલાવવાને મરહુમના ખેશીઓ ખુશી નહીં જણાતા. મારી સામે તકરાર કરવાને બાહેર પડેલા મરહુમ દસ્તુરજીના એક ખેશી મી૦ દ્વારા એસ૦ મેહેરજીરાણાના જવાબ ઉપરથી તમો સાહેબે તથા તમારા વાંચનારાઓએ ખાતરી મેળવી છે કે મરહુમ દસ્તુરજીને મળેલી કહેવાતી જાગીરની સનદ હસ્તી ઠરાવતી નથી. તે જાગીર તયારે તેમને મળી હોય તો તે શા માટે, તેનો માત્ર એકલો આધાર દંતકથા ઉપર જઇ પડે છે. પણ તે દંતકથા તો તદન હસી કહાડવા જેવી છે એમ મરહુમના અંગ્રેજી ભણેલા ખેશીઓને હવે કબુલ રાખવું પડે છે: તો જો કે મરહુમ દસ્તુરજીને નામે ચાલતી મેહેરજીરાણા લાઇબ્રેરીમાં મરહુમના ઈતીહાસ વીષે હાથની લખેલી જે ચોપડી મેલવામાં આવી છે, તે મધે તો દંતકથાને ઘણી ઉકમાઇથી તે જાગીરના પાયા સમાન દેખાડવામાં આવી છે. દસ્તુરજીએ બે સુરજનો એક કરી આપ્યો હતો તથા ભરૂચનાં એક બંદીખાનામાંથી ગેબી રીતે ઉડીને તેઓ દીલ્લી જઇ પોહોંચ્યા હતા, એવી કલ્પીત વાતો દંતકથામાં ચાલતી આવી છે, અને દંતકથા પ્રમાણે તો તેવા મોજેજા કરી બતાવવા માટેજ તેમને શેહેનશાહે જાગીર આપી હતી. પણ હવે જ્યારે તે દંતકથાને મરહુમના અંગ્રેજી ભણેલા ખેશીઓ પોતેજ ખોટી પાડે છે, અને વળી જ્યારે મરહુમને મળેલી કહેવાતી જાગીરની સનદ પણ હસ્તી નથી ઠરાવતી, ત્યારે શેહેનશાહ અકબર તરફથી દસ્તુરજીને શા માટે જાગીર મળી હતી તે દેખાડવાનું કામ મરહુમના ખેશીઓ માટે ગુચવાડા ભરેલું બેશક થઇ પડયું છે. પણ તેટલા માટે, સ્વભાવ ખોહી દઇ નઠારા શબ્દોનો ઉપયોગ કરવો એક ગ્રહસ્થ લખનારને કદી પણ નહીં છાજે. માઠાં ભાગ્યે તેવી સમજ મરહુમના કેટલાક ખેશીઓ અને મીત્રો નહીં ઠરાવતા જણાતા. તેઓએ તેમની સાથે બે વરસની વાત ઉપર તકરારમાં ઉતરેલા એક ગ્રહસ્થને અને મને ભેલી નાખવાની ચુક કરી છે. એક ગ્રહસ્થ તરીકે મેં જણાવેલી વાત તેઓએ કબુલ રાખવી જોઇતી હતી કે હું તદન જુદોજ લખનાર છું; પણ ગ્રહસ્થાઇનો તે નીયમ નહીં જાળવતાં મને અને આગળા તકરાર કરનારને સાથે ભેળી નાખી તે બીજા ગૃહસ્થ સામે ઘણા નઠારા શબ્દો વાપરવામાંજ તેઓએ સંતોષ મેળવ્યો છે.

પણ, સાહેબ, તેઓની તેવી રીતની હું નકલ કરીશ નહી, અથવા તેઓ જે ખોટે

રસ્તે ઉતરી ગયા છે તે રસ્તે હું ઉતરનાર નથી. પ્રથમથીજ હું જણાવી ચુકેા છું તે પ્રમાણે મારી નેમ ખરેા ઇતીહાસ જાણવાની અને કીરતી જેમને ઘટતી હોય તેમને મળતી જોવાની છે. તે કારણે આ તકરારી સવાલને દરેક બાજુએથી તપાસવાની ઇચ્છા હું ધરાઉં છું. કેરમાનવાળા મરહુમ દસ્તુર સાહેબ અરદેશર નોશેરવાનના સંબંધમાં મેં જે સવાલ પારસી પ્રકાશના બનાવનારને પુછયેા છે, તથા મરહુમ દસ્તુર સાહેબનેા આખેા પત્ર પ્રગટ કરાવવાની માગણી મેં કરી છે, તેનાં કારણેા હું જણાવીશ. પ્રથમ તેા "પારસી પ્રકાશ" ના બનાવનારે, દસ્તુરજી મેહેરજી રાણાના સંબંધમાં આપણે જોયું છે તેમ, મરહુમના બેશીએા ઉપરજ આધાર રાખીને તેઓએ જણાવેલી વાત પેાતાના પુસ્તકમાં ઉતારી લીધી છે. દસ્તુર અરદેશરના સંબંધમાં પણ તેઓએ તેમજ કરેલું ચેાકસ સંભવે ઉપરથી ધારવાને બને છે. તેમનેા આખેા પત્ર પ્રગટ કરવાથી જણાશે કે "પારસી પ્રકાશ" માં જે તારીખ તે પત્રની આપવામાં આવી છે તે ખરી નથી, અને જેમ દસ્તુરજી મેહેરજી રાણાના સંબંધમાં તેમ આ બાબતમાં પણ તેઓએ પારકે આધારે કામ કરયું છે. તે બાબતમાં ખરેા ખેાલાસેા બાહેર મેલવામાં "પારસી પ્રકાશ" નેા પેાતાનેા લાભ સમાયલેા છે, એમ જણાવવાની જરૂર નથી. પણ, સાહેબ, તે પત્ર ઉપરની તારીખ એકલીજ કાંઈ ઘણેા અગતનેા સવાલ નથી. વધારે અગતનેા સવાલ તેમાં કરવામાં આવેલાં આતશ બેહેરામની ક્રીયાના વરણુનનેા છે; કેમકે તે ઉપરથી શેહેનશાહ અકબર તથા કેરમાન અને નવસારીવાળા દસ્તુરજીઓ વચેનેા સંબંધ ઘણી અસરકારક રીતે જોવાને બની આવશે.

સાહેબ, યુરેાપના એાલમા સાથે તમારેા સેવક પણ પત્ર વેહેવાર ચલાવવાનું માન ધરાવે છે, અને તેમના અભીપ્રાયેા વગેરેથી સેવક માહીતગાર છે. જે તકરાર તમેાએ તમારાં પત્ર મારફતે ચલાવવાની રજા મને આપી છે તેથી તેમને વાકેફ કરવાની ગેાઠવણ મેં રાખી છે, અને તકરારનું સેવટ આવ્યા પછી તે બાબતનેા તેમનેા સેવટનેા અભીપ્રાય મેળવી તે પણ બાહેર મેલવાનેા ધરાદેા હું રાખું છું. †

તકરાર કરવાની ખરી રૂઢી.

ના૦ ૧૨૨

જામે જમશેદ.

(તા. ૨૪ મી ઓકટેાબર સને ૧૮૯૮)

૩૦૦ વરસેા ઉપર પારસીઓની હાલત કેવી હતી?

જામે જમશેદના અધીપતી જોગ,

સાહેબ,

ઉભાં કરેલાં "હાદેસાનામા" ઉપરથી કેટલાકેા ભુલાવેા થાય છે કે ૩૦૦ વરસેા ઉપર પારસીઓની હાલત દુબરાઓ જેવી હતી, ધરમનેા એલમ તેઓમાં કાંઈ નહી હતેા, કુસતી, જોડા, સપાટ તેઓ પહેરતા નહી હતા, ગુજરેલાંઓની લાસને કરકટી ઉપર મુકી હલકી વરણના હીંદુઓ પાસે

‡ આ પત્રમાં એટલી બધી શું તકરાર ચાલી છે કે તે ઉપરથી યુરેાપીઅન વીદવાનેા મત આપે! પણ એ વીદવાનેાએ મી. કુતારને મત આપ્યાં છે તેનું શું? શું એ મતેા ખેાટાં કહેવાઇ શકાશે? આજ લગભગ સેાલ વરસ થવા છતાં એ મતેા હજી બાહેર પાડવામાં આવ્યાં નથી, તેા હવે કયારે બાહેર પાડવામાં આવશે?

અવલમંજલ પહોંચાડતા હતા, વગેરે, હાદ્દેસાનામામાં લખેલું હોવાથી કેટલાકો એવું જણાવવા માંગે છે કે ૩૦૦ વરસો ઉપર જરથોસતીઓમાં બધું અંધારૂં હતું. પણ એ સદંતર ખોટું છે, તે હું પુરવાર કરી શકીશ. નવસારી તો બામુદત ઉદવાડાના આતશબેહેરામનું મથક હતું. તયાં પાંચે વખત બોય દેવા વગેરે, ધરમકીયા થતી હોવી જોઇયે. આજે નવસારીમાં ઘણાં ફાજેલ ભેળાંઓ છે, તેથી નવસારીમાં બનેલા દાખલાઓ રજુ કરવા હું તેઓ ઉપર રાખીશ. પણ દસતુર મેહેરજી રાણા વીશે હું કહીશ કે તેઓ દીલ્હી ખાતે ગયલા હોવા જોઇયે, જે બદાઉનીનાં લખાણ ઉપરથી માલમ પડે છે. તેણે જણાવ્યું છે કે નવસારીથી જરથોસતીઓ અકબરની દરબારમાં દીન સમજાવવા આવ્યા હતા, જોકે તેણે ખુલ્લી રીતે દસતુર મેહેરજી-રાણાનું નામ લખ્યું નથી, પણ યાદ રાખવું કે તેણે જેમ દસતુર મેહેરજી રાણાનું નામ લખ્યું નથી, તેમ બીજી કોઈબી કોમોના બીજાઓ અકબરની દરબારમાં પોતાના ધરમોની સમજ આપવા ગયા હતા, તેઓનાં નામો પણ લખ્યાં નથી. પણ દસતુર મેહેરજીરાણા દીલ્હી ખાતે ગયા હતા, તેની ખાતરી એટલા ઉપરથી થાય છે કે તે હીંગામપર નવસારીના જરથોસતીઓએ મેહેરજીરાણાને પોતાના દસતુર ઠરાવવા હતા, અને અકબરથી તેઓને મળેલી જાગીરીની વાત પણ વંશપરંપરાથી ચાલી આવે છે. કેટલાક સાહેબો જાગીરીની અસલ સનદ હાલ મોજુદ નહી હોય તો દસતુર મેહેરજીરાણા દીલ્હી ગયા હતા એવું માનવાજ ના પાડે છે. ૩૦૦ વરસો ઉપરનો કોઇ દસતાવેજ આજે હસ્તી નહી ધરાવે, તે બનવા જોગ છે. માટે એવી ભાંજગડ કરનારાઓ સાથે માથાઝીંકણ કરવી નકામી છે. એટલું કહી હું ભરૂચનો રહેવાસી હોવાથી તયાં બનેલા દાખલાઓથી સાબેત કરીશ કે હાદ્દેસાનામામાં જણાવેલી બીના ઉભી કરી છે ભરૂચમાં આજથી ૯૪૪ વરસોની પણ આગમજ અગીયારી હતી; તે પણ જાણીતી વાત છે. મોબેદ હોરમઝદયાર બેરવદ રામયાર આજથી આશરે ૬૭૫ વરસો ઉપર થઇ ગયા છે, તેઓના બાપના પીતરાઇના દીકરા મોબેદ નેરીઓસંગ ધવલ હતા. મોબેદ શાહપુર મોબેદ શેહેરીયાર આજથી ૭૨૫ વરસો ઉપર થઇ ગયા છે. એ ત્રણે સાહેબોનાં નામો હીંદુસ્તાન સરજમીન પર જરથોસતી ક્રીયાઓમાં યાદ કરવામાં આવે છે. પણ યાદ રાખવું કે આજથી ૬૭૫ વરસો ઉપર થઇ ગયલા મોબેદ નેરીઓસંગ ધવલ, પ્રખ્યાત નેરીઓસંગ ધવલથી, જુદા પુરૂષ હતા. પેશોતન રામે "ગોશતફરીયાન તથા અરદાવીરાફ" વાળી પેહેલવી કેતાબની આજથી ૫૦૦ વરસ ઉપર નકલ કરી હતી. રામયાર ફાહનાન વીશે મુલ્લાં ફીરોઝજીના બાવા દસતુર કાઉસ જલાલ લખે છે કે તેઓ "મોબેદાન મોબેદ, સઘળા મોબેદો અને હેરબદોના ઉસતાદ, હીંદુસ્તાનના તમામ હેરબદોને ઉરવીસગાહને લગતું પવીત્ર કામ શીખાડનાર, અને હીંદુસતાનના જેળા શેહેરોમાં જરથોસતીઓની તે વખતે વસતી હતી, તેમાં મોબેદી કામને રીવાજ આપનાર નામીચા ઉસતાદ હતા." દસતુર ફનદામ રામયાર વીશે બરજોર કામ દીનવાળી રવાયતમાંથી કાંઇક ખુલાસો મળે છે. એ દસતુરના વખતમાં ભરૂચના જરથોસતીઓએ કામદીન શાહપુર નામના બંદાતના એક રહેવાસીને ઇરાન મોકલી દીનને લગતી કેટલીક કેતાબો વગેરે મંગાવ્યું હતું. ઇરાનના જરથોસતીઓએ મજકુર દસતુર ફનદામ જોગું ઇ. સ. ૧૫૫૯ માં

કાગજ સાથે તે મોકલ્યું હતું, તેમાં કેટલોક દીનને લગતો ખુલાસો લખ્યો હતો. એક ઠેકાણે ઈરાનના દસતુરો લખે છે કે રાજ્ય-કરતાઓના જુલમને લીધે તેઓથી ધરમ સચવાતો નથી, અને સાએસત લાસાએસત તેઓ ચલાવે છે, અને તેઓ ખુશી છે કે હીંદુસતાનમાં તેઓના હમદીનો સારી રીતે વખત ગુજરે છે. દસતુર કામદીન ફનદામ વીશે દારાબ હોરમજદયારની રવાયતમાં બીના આવી છે. વળી પાદશાહ અકબરને દસતુર મેહેરજીરાણાના વખત પછી ફર-હંગને માટે દીનને લગતા લોગતોની સમજ આપવાનાં કારણસર ઈરાનથી દસતુર અર-દેશર નોશરવાન કેરમાની દીલ્લી ગયા હતા. તે વીશેની બબર મજકુર દસતુર કામદીન ફનદામને પડવાથી તેઓએ તેમના ઉપર એક કાગજ લખી દીનને લગતી કેટલીક બીનાઓ પુછાવી હતી, જેનો જવાબ દસતુર અરદેશર કેરમાનીએ ઈ. સ. ૧૫૯૭ માં લખ્યો હતો, તેમાં લખ્યું છે કે જ્યારે હું દીલ્લીથી નીકળી મુલતાન આવ્યો, તયારે મેહેદીન કાઉસ માહીયાર મને તયાં મળ્યા અને તેમનાથી મેં બયો હેવાલ જાણ્યો. જો કાઉસ મને લાહોરમાં મળતે તો હું જરૂર તમારી બેદમતમાં ભરૂચ આવતે. વળી મને કાઉસે કહ્યું કે તમો ઈરાન આવવાની ઘણી ઉલટ રાખો છો, તેથી મને ધીરજ આવી કે તમારી સાથે મારી મુલાકાત થશે, અને રસતા-બેઝ સુધી તમારી યાદગારી હીંદુસતાનમાં રહેશે. તમો આવો તો કાઉસની સાથે આવજો. રસતાનો કાંઇ દગદગો કરશો ના. અગર તમારૂં આવવાનું નહી થાય અને કાગજ લખવું પડે તો યઝદના મોટા દસ-તુર મેહેરવાન ઉપર અથવા કેરમાનના દસતુર મેહેરામશાહ ઉપર યા મારી ઉપર લખજો. પછી નવસારી, સુરત તથા ભરૂચના જરથોસતીઓએ સુરતના એક મેહેદીન બહમન અસફંદીયારની મારફતે ઈરાનના દસતુરોને જરથોસતી ધરમને લગતા કેટલાક સવાલો પુછયા હતા, જેના જવાબ ઈ. સ. ૧૬૨૬ માં મજકુર મેહેદીન બહમન લાવ્યા હતા. તેમાં વડા દસતુર તરીકે ભરૂચના મજકુર દસતુર કામદીન ફનદામનું નામ જોવામાં આવે છે. દસતુર કામદીન ફનદામના એક દીકરા મેહેરામ પોતાના વખતમાં ઘણા કાબેલ પુરૂશ હતા. તેઓએ કબીસા વીશે ઈરાનના દસતુરોને પહેલ-વહેલો કાગજ લખ્યો હતો, જેનો જવાબ ઇ૰ સ૰ ૧૬૩૬ માં ઈરાનના દસતુરોએ લખેલો આવી પહોંચ્યો હતો, તે વખતે મેહેરામ ભરૂચમાં ગુજરી ગયલા હતા. દસતુર જમશેદ દસતુર કામદીન આશરે ૨૧૫ વરસો ઉપર ભરૂચના દસતુર થઇ ગયા છે. ભરૂચના એ દસતુર પાસે દસ-તુર જામાસપઆસા ઇ૰ સ૰ ૧૭૧૨ માં જંદ પેહેલવી શીખવા ભરૂચ ગયા હતા, અને ઇ૰ સ૰ ૧૭૧૯ સુધી, એટલે ૭ વરસો સુધી, ભરૂચમાં રહ્યા હતા. દસતુર ફરેદુન જમશેદ થઇ ગયા છે, તેઓ ઘણા કાબેલ હતા તે એટલા ઉપરથી માલમ પડે છે કે તેઓ મોઢાંપર ને મોઢાંપર બેતો બનાવી શકતા હતા. દસતુર કામ-દીન દસતુર ફરેદુન કેવા કાબેલ હતા તે તો સરવે કોઇને જાણીતું છે. દસતુર અસફંદીયાર દસતુર કામદીનનું નામ, કબી-સાની જુબેસ વખતે પ્રખ્યાતી મેળવ્યાથી, હીંદુસતાન સરજમીનપર શેહેનશાહી જર-થોસતીઓને તયાંની કીયાઓમાં યાદ કર-વામાં આવે છે. ઉપર મુજબ ભરૂચમાં ૩૦૦ વરસો ઉપર તથા તેની આગમજ તથા તેની પછીના કેટલાક બનેલા બનાવો મેં આપ્યા છે, તે ઉપરથી જરથોસતીઓની ખાતરી થશે કે કેટલાકો ભુલથી ધારે છે કે આજથી ૩૦૦ વરસો ઉપર હીંદુ-

સતાનના જરથોસતીઓમાં બધું અંધારૂં હતું, તે વાત સરતાપા ગલત છે, અને હાદેસાનામામાં જે બીનાઓ આવી છે તે ઉલી કરેલી છે. હાદેસાનામા વીશે તમારાં પત્રમાં છેઠ ઇ૰ સ૰ ૧૮૩૨ માં ચુનોચરા થઇ હતી તે ઉપરથી પણ સાબેત થાય છે કે હાદેસાનામું ઉલું કરેલું છે. એ નામા ઉપરથી જે સાહેબો એવું માને છે કે ૩૦૦ વરસો ઉપર પારસીઓની હાલત કુબરાઓ જેવી હતી, તેઓ પોતે પોતાને ઠગે છે અને બીજાઓને બોટી રીતે શઠમંદ કરે છે.

સેવક તમારો,

અ. સો. દ. કામદીન.

મુંબઇ, તા૰ ૨૧ મી અકટોબર ૧૮૯૮.

ના૰ ૧૨૩

મુંબઇના જામે જમશેદ

(તા૰ ૪થી જુન સને ૧૮૩૨)

હમારા વાંચનારાઓને માલમ થાએ જે હવડાં થોડા દહાડા થએઆ હાદેશાનામું એવે નામની ઘણીએક ચોપડીઓ બાહર પડી છે, ને તે ચોપડીનાં મથાલાનાં પાનાંમાં જાહેર લખેઆ પરમાણે ફરામજી અસપનદીઆરજી રબાડીએ છપાવી છે; પણ બાતેનમાં કેટલાએક ચુરીગરોએ એ ફરામજી આસપનદીઆરજી રબાડીને નામે તેને આગલ પાડીને તે પાસે છપાવી છે તે હમુને તથા બીજા ઘણાએક શાએશતા તથા નામીચા સાહેબોને બબર છે. એ ચોપડી તેનાં મથાલેનાં પાનાંમાં લખેઆ પરમાણે સને ૧૨૦૦ ઇઅજદેજરદી, તા૰ સને ૧૮૩૧ ઇસવીનાં વરસમાં ચુરીગર અંધીઆરૂ ફરદુનજી મરજબાનજીનાં મુંબઇ સમાચાર છાપબાનામાં છપાઇ છે, અને તા૰ ૨૯મી મેએ ૧૮૩૨ રોજ ૧લો માહ ૯મો સને ૧૨૦૧ ઇઅજદે જરદીને દીનથી જાહેર બાહર પડીછે, ને એ ચોપડીના લેનાર ઘણુંકરીને શકતા ચુરીગરો છે, અને ચુરીગરોની મતલબની ગોઠવણો પરભાડે હાથે તથા પરભાડે નામે ગોઠવવા સારૂ, તથા એ રબાડીને વરતાવવા સારૂ એ ચોપડી બનાવીછે. એ ચોપડીના ભાત દર ચોપડી એકના રૂ. ૪) કાહાડેઆછે, અને સાંભલીઆમાં આવ્યું છે જે એ ચોપડી ૧૦૦૦) છપાઈ છે. તેમાં કાગજ તથા છપામનીનો ખરચ રૂા. ૧૫૦૦) કાહાડેઆછે, ને રૂા. ૨૫૦૦) ની કમાઇ એ રબાડીને દેખાડીછે. તેમાં કોઇ ચુરીગરોએ એ ચોપડીમાંની ૫) અને કોઇ ચુરીગરે ૧૦)ને કોઇએ ૨૦)ને કોઇએ ૨૫)ને કોઇએ ૫૦) લીધીછે. હવે હમારા વાંચનારા સાહેબોએ જાણવું કે જે શહેનશાહી જરથોસ્તીઓ, ખુલ્લું, જેનાવોને લાંચબોરા અથવા લાલચુ અથવા પેટભરા જેહાનબોરા મોબેદો કરી કહેછે તેમાંનો એક એ ઉપર લખેલો ફરામજી અસપનદીઆરજી રબાડી છે, અને શ્રી મુંબઇના રેહવાસી જરથોસતીઓ જે એ ઘણીને બોલખે છે તેનાવોને સારીપેઠે માલમ છે કે ચુરીગરના વડા અંધીઆરૂ મુલ્લાં પ્રીરોજ બીન મુલ્લાં કાઉશે એ રબાડીને શ્રી સુરતથી બોલાવી મંગાવીને આજ આશરે છ વરસ થએઆં પોતાના અથવા પોતાના શકતા ચુરીગરોના પઇશાની લાલચથી એ ફરામજી રબાડીને કરી રાખેલો છે, તે કાંહ સુધી જે પોતે આજ આશરે વીશ માસ ઉપર ગુજરેઓ તાં સુધી અને તેવાર પછીથી તે આજ દીન સુધીબી એ રબાડી સાથે કેટલાક ચુરીગર લોકોએ તેજ રીત રાખી છે; ને જેવારે શ્રી સુરતથી એ રબાડીને બોલાવી મંગાવીઓ તેવારે પેહલાં તો આસરે વરસ ૨ સુધી

મુલ્લાં પ્રીરોજે ચુરીગરી આતશ બેહરામ-વાળાં ઘેરમાં પોતાની સાથે રાખીઓ હતો, ને આશરે ૪ વરસ થએઆં તે રબાડીનો કાલેલો બોલાવીઆ પછી એ ચુરીગરી આતશબેહરામની સામે પોતાની નજદીક રાખેલો છે, અને એ મરનાર મુલ્લાં પ્રીરોજને જે જે કામ પરભાડે હાથે કરવું હતું તે પોતાની હૈયાતીમાં એ રબાડીને તથા બીજાઓને હાથે પોતાની મતલબ મુજબ કરાવી લીધું. તેજ પરમાણે હવડે આએ ચોપડીનું કામ કેટલાએક ચુરીગરો-એ એ રબાડીને હાથે કરાવીઉં છે, અને જાહેર છે જે એ રબાડીના વજુદનું ઝાડ આજ કેટલાક વરસ થએઆં ચુરીગરોના પઇશાની લાલચનું પાણી પીઇ પોશઈ પરવરશ થયું છે, ને હજુરભી પરવરસ થાએચ, અને એને દીનનું કામ સુધારવા તથા બીગાડવાનું કશું દરદ હોએ એવું દીસતું નથી. તથા એવો મોતો ગુનાહ કરવાથી શરમ નથી. તેવારે એ પાલેલો રબાડી પાલનારનું કહેવું કરે તેમાં શું નવાઇ, જેમકે એક પાલેલું કુતરૂં તેના પાલનાર ધણીના દુકરા ખાધા ઉપરથી તે પાલનાર ધણીનાં ઘેરની ચોકી કરે છે. પછી તેની નઇએત નેક હોય યા બદ. પણ ખરૂં છે જે જે ઇનસાન દીલનું દરદ રાખે અને પઈસાનેજ પીઆરો નહી કરે અને બોદાનો કોફ રાખે અને ગુનાહથી નાશે તે શખશ હરગેજ થઇને એવું કામ કરે નહિ, ને એનાં એવાં કામ કરવાની એક શાએદી તો એજ ઉપર લખેલી ચોપડી છે (પણ અનજાના લોકોની નજદીક કેઆરે જે જેવારે બોલાસો થાએ) અને બીજી શાએદી જોઇએ તો સને ૧૮૨૮ ઇસવીમાં ચુરીગરોના વડા અંધીઆરૂં મુલ્લાં પ્રીરોજ બીન કાઉશે રદ જવાણ નામનું એક ચોપાનીયું છપાવી બાહેર પાડીઉંચ તે છે, કે જેમાં ઘણુંએક બોટું લખેલું છે ને તે ઉપર જણ ચારની શહી લીધી છે, તેમાં એક શહીનો કરનાર એ રબાડી છે. ને સરવે કોઇ વાંચનારા મુંબઇના રેવાસી જરથોસતીઓને રોશન છે જે તે શહી કરનારમાંથી જાહેર થઈ ચુકેલું છે કે બવરાવી પીવરાવી મસત કરી લાંચ અપાવી શહી લીધી છે તેમાં એ રબાડીએ રાસ્તીથી દુર થઈને પોતાની શહીમાં કેટલીએક જુઠી ભટાઇ સાથે લખીઉં છે જે કબીશો દીનમાં જાએજ નથી, અને એ વીના બીજી ઘણી શાહેદીઓ છે. વળી જાણવું જે એ ફરામજી અસપનદીઆરજી રબાડી વીશે ઘણું થયું સાંભલીઉંચ જે જેમ કેટલાએક આંધીઆરૂંઓ લાલચમાં લપેટાઇને ચુરીગરો થયા છે ને આજ હવડાંલી થાએ છે તેમ એ ઘણી પણ થનાર છે પણ ચુરીગર લોકો સાથે રદ બદલીમાં થોડાએક વાંધો રહીઓ છે તેથી ઢીલ પડી છે એમ સાંભલીઉં છે. પણ વળી એમ પણ સાંભલવામાં આવીઉં છે જે હાલના ચુરીગરોના દસતુર મુલ્લાં પ્રીરોજના જાએનશીન એ રબાડીને ચુરીગર કરવામાં રાજી નથી. કાંએજે એમ સાંભલીઉંચ જે તે ધણી એમ ધારેચ જે એ રબાડીનો પગપેસારો સારી પેઠે ચુરીગરોમાં થયેલો છે ને જેવારે એ ધણી ચુરીગર થાશે તેવારે ચુરીગરો મને હાલની પેઠે ગણશે નહી વાસતે એને કેઠે ઠેકાણે પાડી આપીને ચુરીગર કરવા નહી દીજીએ તો સારૂ. વળી એમ પણ સાંભળવામાં આવીઉંચ કે કોઇ ચુરીગરનું તથા એ રૂસતમજી કેકોબાદજીનું ધારેલું થનાર નથી. પણ જે કાંઇ મુંબઇ સમાચારવાળા ફરદુનજી મરજબાનજીએ ધારીઉં હશે તે થાશે કાંએ જે કહે છે જે ચુરીગરવાળા સાહેબોનાં એવાં સઘલાં કામો વીશે જેટલું પાણી ફરદુનજી પાએચ તેટલું પીએ છે ને જે

જે કામો એવણે એ રબાડીને હાથે કરાવી લેવા ધારવીઆ હશે તેટલા કરાવી લીધા પછી એને ચુરીગર કરાવશે એવી રીતે જુદું જુદું સાંભલવામાં આવીઉં છે પણ હજુર ચોકસ માલમ પડીઉં નથી જે કહીઉં ખરૂં ને કહીઉં ખોટું છે. હવે એ વાતને અહીંઆં રાખીને એ ઉપર લખેલી હાદેશા-નામાની ચોપડી બનાવવામાં શું જીવ છે તે શેજમાં અરસતો લખી જણાવીએચ જે એ ચોપડી અવલથી તે આખેર સુધી વાંચીઆ-થી નજર એ આવેચ જે એમાં અંધીઆરૂ મુલ્લાં ફીરોજની આગલી જાહેર કીધેલી કેટલીક વાતોને ટેકો આપેએોછે અને વલી કેટલીક ચુરીગરોની ખોટી વાતને પુસતી કીધીચ. તેમાં કેટલેક ઠેકાણે કાન મેલવતાં નાખ ખોયું છે ને ઊધાડું માલમ પડેચજે કણીસાના એકરારના કરનાર શહેનશાહી જરથોસતીઓના કોઇ બલાપા ભરેલા દુસમને પોતાના ચુરીગર લોકોની મતલબ મુજબ ગોઠવણ કરાવીછે પણ તે ખબરદાર તથા અકલમંદ લોકોની નજદીક વગર હાથ પગની છે અનેતે ગોઠવણોને મજ-બુતી આપવા સારૂ જે દલીલ તથા શાહેદીઓ લાવીઆછે તે જો આપવા બેસીએ તો ઘણીએક દલીલ તથા શાહેદીઓથી સેજમાં રદબાતલ થાએ તેવીછે અને કસી વાતે માનવાજોગ નથી. ને વલી એ ઘણીની આપેલી શાહેદી એવીછે કે જેમ એક આંધલું ઢોર એક તરફનો કચરા ભરેલો ચારો ચરે ને બીજી તરફની લીલી દરોદ દેખી નહી શકેઆના સણગથી તદન પડતી મેલે તેવી છે. હવે ઉમેદ છે જે કોઇ તેજ કલમવાલો સાહેબ એ ચોપડીમાંની ચુરી-ગરોની મતલબની ખોટી ગોઠવણને સચાઇ તથા મજબુતીથી ખોલાસા સાથે રદ બાતલ કરી આપે એવી રીતે જે અનજાના લોકો ફરેબ નહી ખાએ. પણ હમો આએ લખીઆથી કબુલ થાઇએચ જે એ રબાડી આએ હમારાં ઉપલાં સઘલાં લખેલાંને કોઇણી સમાચાર પતરની મારફતે આડો પડે તો હમો એ ચોપડીમાંનુ ખોતારૂં મજબુત દલીલ તથા દાખલા સાથે બતલાવી આપીશું.

ના૦ ૧૨૪

મુંબઇના જામે જમશેદ

(તા૦ ૧૧ મી જુન સને ૧૮૩૨)

શ્રી મુંબઇના જામે જમસેદના અધીપતી સાહેબ,

હાદેશાનામું એવે નામની એક ચોપડી શને ૧૨૦૦ ઇઅજદેજરદી તથા શને ૧૮૩૧ ઇસવીના વરસમાં છપાએલી તા૦ ૨૯ મી મેએ ૧૮૩૨ ને દીને જાહેર પડી છે તે ચોપડીને જાહેરમાં પોતાને નામે છપાવનાર અંધીઆરૂ ફરામજી અસપનદી-આરજી રબાડીને તથા બાતેનમાં જેનાવોએ તે ચોપડી બનાવીચ તે ચુરીગરોને તમારા પતરની મારફતે કેટલીક વાતો તે ચોપડી વીશે પુછવાની ઉમેદ રાખીને તે બાએ કેટલુંએક લખી મોકલીઉંચ તેને મેહેર-બાની કરીને તમારા પતરમાં જગા આપવી. હેશાન થાશે.

અંધીઆરૂ ફરામજી અસપનદીઆ-રજી રબાડીની બીદમતમાં એક અરજ એ છે જે તમોએ હાદેશાનામાની એક ગુજ-રાતી ચોપડી તમારે નામે શને ૧૮૩૧ ઇસવીમાં છપાએલી તા૦ ૨૯ મી મેએ ૧૮૩૨ ને દીને જાહેર પાડી તે વાંચીને તે ઉપર કેટલાએક કમતરીને તમુને નીચે સવાલ કીધાચ તેનો મેહેરબાની કરીને રાસતી તથા દરૂસતીથી જવાબ દેશો તો તમારીજ જુબાનથી અનજાણ જરથોસ-તીઓ તે બીના વાંચી વાકેફ થાશે અને

ખરાં ગોતાંની પરીકસા કરશે તેથી તમોને સવાણનો બેહેરો હાંસેલ થાશે. પણ એ બાબમાં કાંઇ કસુર કરશો તો અનજાણ્યા લોકો જે એ ચોપડીની બીના વાંચી શારી-પેઠે ગોર કરી નહી શકશે ને કોઇ ગેરરસ્તે ચાલસે તો તેની ફરજ તમારી ગરદન ઉપર રહેશે. વાસતે હરેક પતરની મારફતે નીચે લખેલા સવાલોના જવાબ વીગત સાથે જાહેર કરવા કે તેમાંથી જરથોસતી લોકોને ઉપર લખીઆ પરમાણે ગુણ થાએ, ને તમારા જવાબ આપીઆમાં જે જે હુમો તમારી કસુર તથા ચુક સમજશું તે વીસે સઘલા જરથોસતીઓને વાકેફ થવા સારૂ હુમો જેટલું જાણતા હોઇશું તેટલું જાહેર કરશું.

કાઉશ તથા અફસાદના કીસસા વીશે.

૧ લો સવાલ. કીશએ કાઉશ વ અફસાદ નામનો કરી કીશશો છાપેએલ છે તેના દરમેઆન લખેલું છે તેથી હેવું માલમ થાએચ જે તે શને ૯૦૦) ઇઅજદેજરદી બનેએલ છે પણ એ લખીઆનો ચોકસ દહાડો વાર લખેલો નથી વાસતે પુછીએચ જે તમારા લખીઆ પરમાણે કેટલીએક ફારશી નકલો તમે તપાસીને તેનો તરજુમો ગુજરાતીમાં કીધો અને તે બધી નકલોમાં દહાડો વાર લખેલો છે કે નહિ તે જાહેર કરો અથવા લખેલો હોએ તો તે દહાડો વાર લખી જણાવો.

૨ જો સવાલ. એ કાઉશ તથા અફસાદનો બનાવેલો અસલ કીશો તમારી પાસે છે અથવા કોઇ બીજા પાસે છે તે જો જાણતા હોએ તો લખી જણાવવું.

૩ જો સવાલ. એ કીશો કાઉશ તથા અફસાદ નામના શ્રી ઇરાનથી આવેલા બે શખશોએ બનાવીએચ હેવો તમોને પકો ભરોશો છે કે કોઇએ તેઓને નામે આજ ૧૦૦) વરસની અંદર એ કામ કીધું'ચ એમ પકો ભરોશો રાખોચ કે એ વીશે શું તમારી ધારણા છે તે સઘલું લખી જણાવવું.

૪ થો સવાલ. એ કાઉસ તથા અફશાદના કીસામાં જે લખેલું છે તે સઘલું ખરૂં છે એમ કબુલ રાખોચ તે લખવું.

૫ મો સવાલ. તમોએ લખીઉંચ જે બેએ કીશાની દસ બાર ફારસી નકલ એકઠી કરી તપાસીને તેનો તરજુમો ગુજરાતીમાં કીધોચ એમ લખીઉચ તે ઉપરથી પુછીએચ જે તે તમારી લખેલી દશ બાર નકલોમાં એ કાઉશ તથા અફસાદના કીસાની કેટલી નકલ તમોએ તપાસીને તેનો તરજુમો કીધોચ ને તે સઘળી નકલ એક બીજા સાથે મલતી છે કે ફેરફાર છે અને તે નકલો કીઆ કીઆ શખશોની અને કીઆ કીઆ શાલમાં કીએ કીએ દહાડેવારની લખેલીએ છે ને તે લખનાર બધીએ હએઆત છે કે નહિ અને અગર ગુજરી ગયા હોએ તો તેનાવોના દશખત સાબેત થાશે એવું છે કે નહિ તે સઘલું વીગત સાથે લખી જણાવવું. અને અગર તે કીસાએમાં ફેરફાર લખેલું હોય તો તમોએ તેનો તરજુમો શી રીતે કીધોચ. શું એક નકલનેજ શાહી રાખીને તેના સલંગ તરજુમો કીધોચ કે એ સઘળી નકલોમાંથી થોડો થોડો તરજુમો કીધોચ ને થોડો થોડો પડતો મેલીએચ કે કેવી રીતે કીધોચ તે લખી જણાવવું.

૬ થો સવાલ—એ ગુજરાતી ચોપડીને પાને ૫૨) માં નોટ કરીને તમોએ લખીઉચ જે (મોબેદ એદલદારૂ નવરોજદારૂ આતીઆ નોશારીવાલાએ ગુજરાતીમાં એક કેતાબ દીનનાં જવાબ સવાલની સને ૧૧૫૩ ઇએજદેજરદીમાં લખેલી હમારી

પાસે મોજુદ છે તે મધે એ ક્રાઉસ અફ-શાદનો કીશો મુખતેશર ગુજરાતીમાં લખેલો છે) એમ લખીઉચ તે લખીઆથી તમારી મોરાદ શું છે. શું એમ મતલબ છે કે તે એદલદદારૂ આંતીઆએ અવલથી તે આખર સુધી એ સઘલા કીશાની મતલબનો તરજુમો કીધોચ કે શું. શું એમ મતલબ છે જે તે ઘણીએ અવલથી તરજુમો કરવા માંડીઓ ને થોડાએક કરીને બાકીનો પડતો મુકીએાચ તે લખજો ને તે સાથે વળી જણાવજો જે તે તરજુમાના સઘલા મુદદા તમારા તરજુમા સાથે મલતા છે કે તેમાં કાંઇ ફેરફાર છે તે લખજો. વલી એજ નોટમાં ગેઆન બાબે એ નવરોજદારૂને નામે લખીઉચ તે વીશે પુછીએચ જે તે નવરોજદારૂએ કાંઇ લખી જણાવીઉચ જે ફલાણી મજમુતી ઉપ-રથી એ વાત લીધી છે કે નથી લીધેલું તે લખજો અને અગર લખેલું હોય તો તે લખેલું તમારા માનવામાં આવે તેવું છે કે નહી ને તે શું લખેલું છે ને નહી લખેલું હોય તો એ ગેઆન બાબદની વાતપર ભરોસો રાખવો જોઇએચ કે નહી તેણી લખી જણાવજો.

શનજાણુના કીશા તથા બીજા વીશે.

૧ લો સવાલ. તમોએ લખીઉચ જે બેએ કીસાની દશ બાર ફારશી નકલ એકઠી કરીને તપાસીને તેનો તરજુમો ગુજરાતીમાં કીધોચ એમ લખીઉચ તે ઉપરથી પુછીએચ જે તે તમારી લખેલી દશ બાર નકલોમાં એ શનજાણુના કીશાની કેટલી નકલ તમોએ તપાશીને તેનો તર-જુમો કીધોચ અને તે સઘળી નકલો એક બીજા સાથે મલતી છે કે ફેરફાર છે.

૨ જો સવાલ. એ સનજાણુના કીશા-ના તરજુમામાં શનજાણુમાં ઉતરીઆનો દહાડો વાર નથી આપીએા તે શું પેલી તમારી નકલોમાં છે કે નહી તે લખજો.

૩ જો સવાલ–એ ઉપર લખેલા બંધે કીસાઓનો તમોએ ફારશીમાંથી ગુજરાતી તરજુમો કીધો કરી લખીઉચ તે ઉપરથી પુછીએચ જે તમોને એટલી ફારસી જબાન આવડેચ કે તમો તેમાંથી ગુજ-રાતીમાં તરજુમો કરી શકો ને એ તરજુમો તમોએ પોતે કીધોચ કે કોઇ બીજાએ કીધોચ અથવા કોઇ બીજા શખસ સાથે તમોએ મળીને કીધોચ તે સઘળું લખી જણાવજો.

૪ થો સવાલ—શ્રી વરીઆવના બેહદીનો મારીઆ ગીઆ તેને સારૂ તમોએ લખીઉચ જે મરદ ઓરત તથા બચ્ચાં સઘલાં મારીઆં ગીઆં. પણ તે સઘલાં મળીને કેટલાં હતાં, પાંચ, પંદર, પચીસ-પચાસ કે તેથીણી વધારે હતાં ને તે કીઆ શનેમાં ને કીઆ રોજે અને કીઆ માહે તે લડાઇ થાઇ તે જો તમોને માલમ હોએ તે લખી જણાવજો ને નહી માલમ હોય તો તેવું લખજો.

આતશબેહરામ વીશે.

૧ લો સવાલ:—શ્રી આતશ બેહરામ સાહેબને નજરે જોએ તો મરગરજની થાએ એમ તમોએ લખીઉ છે તો હમો તમોને પુછીએચ જે એ વાત સાબેત કરવાની જંદ અવસતાની તમારી પાસે કશી શાહેદી છે. જો હોએ તો તેના પદ તેની માએની સાથે લખી તરત જાહેર કરજો. વળી પુછીએચ જે એ વીશે તમોએ રવાએતોને નામે શાહેદી આપી છે તો તે રવાએતમાં જે જે લખીઉ છે તે સઘળું તમોને કબુલ છે અને તે રેવાએતોમાં લખે-લું છે તે સઘળું બરૂ છે અને તે રેવાએ-તોમાં કોઇ કોઇએ કલમ મારીને કંઈ કમજાદા અને હતાંનું નહી હતું અને નહી હતાંનું હતું કીધેલું છે કે અસલ મુજબ દરોસ્ત છે ને જેવું તમો સમજતા હોએ તેવું લખી જણાવજો ને તે રવાએતો કયા

સનેમાં અને કેાણુ કેાણુના હાથની લખેલી છે તે જાહેર કરજો. અને અંધીઆરૂ મુલ્લાં ફીરોજીએ કેતાબેાને નામે હતાનું નહી હતું ને નહી હતાનું હતું કીધેલું છે તેમ એ રેવાએતેામાં કેાઈએ હેવું કામ કીધું હેાએ હેવી તમેાને સમજ પડેચ યા હેવું કામ તે રેવાએતમાં થયું જ નથી એમ સમજોચ કે શું સમજોચ તે સઘળું લખી જણાવજો.

૨ જો સવાલઃ—તમેાએ શ્રી સુરતમાં તથા શ્રી નેાશારીમાં તથા શ્રો ઉદેપુરમાં* વગર ખુએ નજરે જોઇને આતસ બેહરામ સાહેબની નીઆએશ કીધીચ અથવા નહી તે લખી જણાવજો અને કીધી હેાએ તેા તમારા લખીઆ પરમાને તમેા મરગરજાન થાએઆ કે નહી તેથી લખી જણાવવું ને જે સખસ મરગરજાન થાએ તેને શું સજા વાજેબ છે અને તે શજાને પેલેા મરગરજાની નહી પેાંહચે તેા તે મરગરજાની ગુનાહથી છુટે કે નહી તેથી લખજો અને અંધીઆરૂ મુલ્લાં ફીરોજ બીન ફાઉશ સાથે તમેા ઘણું સુધી તેવણના ચુરીગરી આતશબેહરામવાલા ઘેરમાં એકઠા રહોઆ તથા લેાકેાને ત્યાં ઉઠીઆણે તથા બેાટલે તથા વાડીએામાં સાથેના સાથે જાવ આવ કરતા હતા તેથી તમેાને તેા સારી પેઠે માલમ છે જે ચુરીગરેાના દસતુર અંધીઆરૂ મુલ્લાં ફીરોજ હમેશાં હર તીજે અથવા ચેાથે દહાડે હજામ પાસે માથુ બેાડાવતા હતા અને તેએા તે આતશબેહરામને નજરે જોતા હતા વાસતે શું તેવણ હર જોતી વખતે મરગરજાન થયા કરતા હતા અને હવડાં તેજ પરમાણે તે મરનારના જાએનશીન અંધીઆરૂ રૂસતમજી કેકેાબાદજી કે જેએાની સાથે ઉપર લખીઆ પરમાણે ફરેા છેા ને સાથે બેસેાચ ઉઠેાચ તેવણથી હજામ પાસે માથુ બેારાવેચ તેથી તમેાને સારી પેઠે રોસન છે તેવણથી આતશબેહરામને નજરે જોએચ કે નહી તે તમેાને સારી પેઠે રોશન હશે ને જેવારે તમેા એમ કહેશેા જે હા જુવેચ ત્યારે રૂસતમજી કેકેાબાદજીથી હર જોતી વખતે મરગરજાન થાએચ કે નહી તે લખજો. કાંએજે તમારાજ લખીઆ પરમાણે ખુબ કીધા વગર આતશબેહરામને જુવે તેા મરગરજાન થાએચ, ને એ ચુરીગરના અંધીઆરૂ તેા ખુબ કરતા નથી કાંહ સુધી કે આતશબેહરામની બેાએનેા દેનારણી પેાતે ખુબ કરતેા નથી અને એ ચુરીગરનેા મરનાર દસતુર અંધીઆરૂ મુલ્લાં ફીરોજ તથા હાલનેા દસતુર અંધીઆરૂ રૂસતમજી કેકેાબાદજી ખુબ કરાવતા નથી. તે વાસતે સઘળાએા હર જોતી વખતે મરગરજાન થાએઆ કરેચ અને ચુરીગર બેહદીનેા મરદેા તથા બેારતેા નાન નાહીને ચુરીગર આતશબેહરામને નજરે જોઇને નીઆએશ કરેચ તે સઘળાએા મરગરજાની થાએચ કાંએ જે તમારા લખીઆ પ્રમાણે વગર ખુએ તથા વગર બેરવદ થએલેા જે કેાઈ આતશબેહરામને નજરે જુવે તે મરગરજાન થાએ તેવારે હવે એ સઘલાએા શું ચુરીગરના દસતુરેા તથા મેાબેદેા તથા બેહદીનેા મગરજાન થાએ તે તમારા લખેઆ પરમાણે મરગરજાન થાએઆ કે નહી તે લખી જણાવજો. ને એ વાત તમારા હીમાએતી તથા વરતાવનાર ચુરીગર શેઠીઆએા તથા ચુરીગરના હાલના દસતુર કબુલ રાખેચ તે પણ લખી જણાવવું.

હમેા હવે કુલે એ ચેાપડી બનાવનાર ચુરીગર સાહેબેાની ખીદમતમાં અરજ કરીને પુછીએચ જે એ ઉપર કહેલી ચેાપડીમાં હરએક કીસા તથા રેવાએતેાને નામે જે ગુજરાતીમાં લખેલું છે તે

* ઉદવાડા હેાવુ જોઈએ.

સઘલું અને દરોસત છે અને તે સઘળાને તમો કબુલ રાખોચ અને એ અંધીઆરૂ ફરામજી અસપનદીઆરજી રણાડીને નામે જે જે ચોપડીમાં લખેલું છે તે સઘળાને પણ તમો એજ પરમાણે કબુલ રાખોચ તે જરૂર હરએક પતરની મારફતે જાહેર કરવું.

સાહેબો

હું તમારો નમતાઇ ભરેલો સેવક

અસપનદીઆર.

તા૦ ૫ મી જુન ૧૮૩૨

ના૦ ૧૨૫.

મુંબઇના જામે જમશેદ.

(તા. ૧૬ મી જુલાઇ ૧૮૩૨).

શ્રી મુંબઇના જામે જમસેદના અધીપતી જોગ

સાહેબ,

હાદેશાનામું હેવે નામે એક ચોપડી જાહેરમાં અંધીઆરૂ ફરામજી અસપનદીઆરજી રણાડીને નામે થોરાક દહાડા ઉપર મુંબાઇ સમાચારમાં છપાએલી બાહેર પડી છે તે ઉપરથી કેટલાક મુખતેસર સવાલો એ અંધીઆરૂ ફરામજી રણાડીને તથા બાતેનમાં જેનાવોએ તે ચોપડી બનાવીચ તે ચુરીગરોને તમારા જામે જમસેદની પતરની મારફતે તા. ૧૧ મી જુન સને ૧૮૩૨ ની તારીખે પુછીઆ હતા તે અમારા સવાલોના જવાબો હજુર સુધી વાળીઆ નથી વાસતે તમોને તસદી આપુચ કે આએ એક દુક પતર તમારાં આવતાં સોમવારના પતરમાં પરગટ કરવું કે તેથી તેવણને બીજી વાર જાહેર થાએ અને તે ચોપડી જાહેરનામે બનાવનાર અંધીઆરૂ ફરામજી રણાડી જો તમારૂં પતર નહી લેતા હોએ તો તેવણને તથા હાલના ચુરીગરોના શીરમુંદા દસતુર અંધીઆરૂ રૂસતમજી કેકોબાદજી નહી લેતા હોએ તો તેવણનેબી હમારી તરફથી તા. ૧૧ મી જુન સને ૧૮૩૨ નું તમારૂં પતર તથા જેમાં એ બીના છાપો તે પતરો એ બંધ જણાવો ઉપર જુદાં જુદાં મોકલજો અને તેની કીમતના રૂા. ૨ હમો તમોને રોકડા મોકલશું તે જાનજો.

અંધીઆરૂ ફરામજી રણાડી તથા બાતેનમાં જેણાવોએ ઉપર કહેલી ચોપડી બનાવીચ તેઓને માલમ થાએજે હાદેશાનામું એવે નામની એક ગુજરાતી ચોપડી જે જાહેરમાં અંધીઆરૂ ફરામજી અસપનદીઆરજી રણાડીને નામે પરગટ થાઇ છે તે બાબે હમોએ ઉપર કહેલી તારીખના જામે જમસેદના પતરમાં તમોને કેટલાક સવાલો કીધા છે તેને આજે આસરે એક માસ થવા આવીઓ તોપણ તમોએ હમારા છપાવેલા સવાલનો જવાબ પરગટ કરીઓ નથી તે કાંઇ સારૂં નથી કેરતા વાસતે તે સવાલોના જવાબ મેહેરબાનીની રાહથી વાજબી તથા દરોસતી સાથે હરએક પતરની મારફતે છપાવી પરગટ કરો કાંએજે હમારે બીજા કેટલાક સવાલો એ ચોપડી વીશે પુછવા છે તથા કેટલુંક બોલવું છે અને અગરજો જવાબ નહી આપશો તો નામુનાસેબ થાશે. એજ અરજ તા. ૮મી જુલાઇ સને ૧૮૩૨. સાહેબો! હું તમારો નમનતાઇ ભરેલો શેવક,

અસપંદીઆર


ભાઇ અસપનદીઆરને (તથા બાકીના હમારા સઘળા લખનારાઓને) માલમ થાએજે તમારા લખીઆ પરમાણે બંધે ઠેકાણે બબે પતર આજ દીને મોકલીશું પણ અગર તમો એમ સમજીને મોકલાવતા હોએ જે, જે બધણી હમારા પતર નહી લેતા હોએ તેનાવો વીશે હમારાં પતરમાં જે જે બીના છપાએચ તે તેવણના જાણેઆમાં તથા વાંચીઆમાં આવતું નહી હશે તો હમો કહીએચ જે તે વીચાર ખોટો છે.

જામે જમશેદના બનાવનાર.

ના૦ ૧૨૬.

મુંબઇના જામે જમશેદ

મુંબઇના જામે જમશેદ તા. ૧૨ મી ડીસેમ્બર ૧૮૩૬



સવરગવાશી દસ્તુરાંન દસતુર મેહરજી રાણા કે તેના પવીતર આતમા ઉપર હજારો હજ્જર સલામ હોજો કે તે સાહેબનાં એક જીવથી પારસીના આખા ટોળાને એક મોટું માન અને નામીચી આબરૂ શ્રી દીલ્લીના પાએતખતથી મલી હતી અને જે સાહેબને પારસીના ટોળાના પાંચે પંથકવાલાએાએ પોતાના દસતુર ઠેરવીઆ હતા તે સાહેબની ગુણગારી માએેઆની ધધાણી શું મોએેદ કે શું બેહદીનોનાં દીલમાંથી ઉઠી ગએેલી જોઇઆમાં આવેચ તેથી હમોને મોટો સંતાપ અને ભારે કુરાપો લાગેચ. એ નામીચા દસતુરના ખાનદાનમાંના ઘણાએેક એરવદો શ્રી મુંબાઇમાં હયાત છે તેએાને જે માન મલવું જોઇએચ તેમાં હમો અતી ઘણી કોતાઇ જોઇએચ તેની ફરીયાદ હમારા વાંચનારાએો આગલ કરીઆ વીના ચાલતું નથી. એ સવરગવાસી દસતુરનાં ખાનદાનમાંના બે સાહેબો તેમાં એક એરવદ બેહરામજી તથા બીજા એરવદ ફરામજી અતરે છે તેએાની સાહેસતગી અને તેએાની આદરમાન ભરેલી ચાલચલણથી આ ટાપુના થોડાક જરથોસતીએો અનજાણ હશે. અને આ માહેલા પેહલા ઘણી આપણામાં વખનાએલા બેહરતી ફરામજી સોરાબજી દસતુર કે જેની યાદગારી આપણામાં રહી ગઇ છે તેનાં છોકરા થાએે, અને બીજા નોશરવાન શોરાબજી દસતુરના છોકરા થાએે એ બંધે સાહેબો ગઇ કાલ દીને એક ઉઠીઅમનાની મીજલશમાં હાજર હતા તે છતાં .... ખાનદાનમાંના એક ઘણી નામે એરવદ ..... એતે મીજલશમાં પતેત માંડી એ જોઇ હમો થોરા અચરત નથી થએેઆ, અને જોયું જે જે બેહદીનને ત્યાંનું ઉઠમણું હતું તેના પંથકીએે ઉપર કહેલા દસતુર બેહરામજી ફરામજી તરફ હાથ કરીને પતેત માંડવા કહી તોપણ પેલા ..... એ પતેત માંડી એ એક જુલમ જેવું છે. ભાએેગ સારાં તેથી એ બાબેની તજવીજ કરવાને હમોને તે મીજલસમાં સારો સમો મલીએો હતો તેથી હમારી તજવીજથી હેવુંજ માલમ પડીઉં જે જે વેળાએે હરેક ઉઠમણાની મીજલસમાં આપણા નામીચા દસતુર સાહેબ એેદલજી દારાબજી સંજાણાની ગેરહાજરીએે જામાસપ આશાના ખાનદાનમાંના એક બુજરગવાર સાહેબ દારાબજી પતેત માદે છે અને તે સાહેબની ગેરહાજરી હોએેચ તો ..... ખાનદાનમાંનો હરેક સાહેબ પછી તે ગમે તેવી હોરમતવાલો હોએેચ તો તે બરાબેખુદીથી પતેત માદેચ તેથી ઘણાખરા મોબેદો પણ દલગીર છે અને જો હરેક ઘણી મેહરજી રાણાનાં ખાનદાનમાંના સાહેબો પાસે દસતુર સાહેબ એેદલજી સનજાનાની ગેરહાજરીએે પતેત મંદાવા માગેચ તો તેની સાથે એે .. .. વાલાએો તે મીજલસમાં તંતો અને બખેડો કરેચ અને તેએાની એવી બુંડી ચાલથી સઘલાએો કંટાળો ખાઇ મુગા મુગા જોયા કરેચ. રે ..... ખાનદાનવાલાએો તમે કયે દહાડે સલુખાઇના મારગ ઉપર આવસો—તમો કહે જનમે ભલાઇ ભરેલાં કામો કરી ભલાઇની પંગતમાં બેશશો—તમો કહી વેલાએે તોલાનું ભલુ ચાહવામાં તમારી દામન બોસતવાર કરશો. હમો સઘલા બેહદીનો તથા મોબેદોને ભલામણ કરીએેચ કે સહુ

કોઇએ મેહરજીરાણાના ખાનદાનમાંના ઉપલા કહેલા બે શખશોમાંથી જે વડા હોએ તેવો પાસે દસતુર એદલજી દારાબજી સનજાણા તથા દસતુર સાહેબ દારાબજી જમશેદજીની ગેરહાજરીમાં પતેત મંદાવવી અને જે એ બે સાહેબની ગેરહાજરીએ ..... ખાનદાનમાંનો હરેક ધણી પતેત માડવા માગે તો તે પાસે હરગેજ પતેત નહી મંડાવવી કાએજે એવા માનને લાએક હુમો .... વતરાગે બીજા કોઇને જોતા નથી. એ ખાનદાનમાંનાં બીજા સઘલાએાએ કેસાદના બીછાના ઉપર પોતાનો વાસો કરીઓ છે. આએ જે હુમો કહેજીએચ તે ખરેખરૂ અને વગર તરફદારી તથા વગર કપટથી કહેજીએચ, અને એટલું બધું હુમોને બોલવાની પણ કશી ગરજ નહી હતી પણ જારે હુમો હરેક જુલમાત હમારી આંખોથી જોઇએચ તે જાહેર કીધા વીનાએ છુટાતું નથી. અને એ હમારા બોલવાને થોડાજ લોકો નાપસંદ કરશે કાએજે જેવોને જે હક આપવો ઘટેચ તેનીજ માતર હુમો ફરીઆદ ઉઠાવીએચ, કે વાજબી હક અપાવવાની સઉ કોઇ પેરવી કરે. સઘલાએાને જાહેર છે કે એ ..... ખાનદાનવાલાએામાંથી કેટલાએક ધણીએાના આપેલા જુઠા કૃતવા ઉપરથી પારસીના ટોલામાં અતી ઘણો બીગાડ અને કંકાસ ઉઠી ઉભો થયો છે અને મેહરજીરાણાવાલાએાથી સારાં અને ભલાઇ ભરેલાં કામો થયાં છે. ત્યારે સા વાસતે આપણે તેવા ભલા લોકોને માન નહી આપીએ અને શું કરવા જેવો અનગટતુ માન લીએચ તે નહી છીનવી લીજીએ. *

*આ લખાણમાં જયાં ખાલી જગ્યા મુકી છે તે ઠેકાણે એક ઇસમનું યા તેના ખાનદાનનું નામ આપેલું હોવાથી અમારી બાબદને તેની સાથ કાઈ સંબંધ નહી હોવાથી તે કાઢી નાખ્યું છે.

ના૦ ૧૨૭

મુંબઇ સમાચાર.

(તારીખ ૨૬ મી અકટોબર સને ૧૮૯૮)

દસ્તુરજી મેહેરજી રાણાને શેહેનશાહ અકબર તરફથી મળેલી કહેવાતી જાગીરના સંબંધમાં મી૦ અરદેશર સોરાબજી દસ્તુર કામદીને ઉભી કરેલી તકરારોહીંદના પારસીઓ જ્યારે જરથોસ્તી ધરમનો ઉંચો અભ્યાસ ધરાવતા હતા ત્યારે છેક જમાનથી " દીનના લોગતો સમજાવવા " દસ્તુર અરદેશરને બોલાવવાની જરૂર કાં પડી હતી ?

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—મી૦ અરદેશર સોરાબજી દસતુર કામદીન જેવા ગ્રહસ્થ મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને લગતી તકરારમાં ભાગ લેવાને મરહુમના બેશીઓ તરફથી બાહેર પડયા છે, તેથી સેવકને ખુશીજ ઉપજી છે. તેઓ સાહેબે એવી તકરાર ઉભી કરી છે કે, " કેટલાક સાહેબો જાગીરની અસલ સનદ હાલ મોજુદ નહીં હોય તો દસતુર મેહેરજીરાણા દીલ્લી ગયા હતા એવું માનવાજ ના પાડે છે." સાહેબ, આવો વીચાર કોઇએ હમણાં સુધીમાં જણાવ્યો હોય એવી ખબર હું નથી ધરાવતો; અને દસ્તુરજી મેહેરજી રાણા દીલ્લી ગયા હતા કે નહીં તે સવાલ અગતનો છેજ નહીં. જાગીરની સનદ બાહેર મેલવાની જે માગણી મેં કરી છે તે એટલુંજ નકી કરવા કે જાગીર તેમને મળી હોય તો તે શા કારણે ? જાગીર જો શેહેનશાહ અકબરને જરથોસ્તી ધરમની ખુબી સમજાવવાને બાતર મળી હોય તો, સનદ મધે તે વીષેનો બેશારો મેળવવાની વકી

સ્વભાવીક રીતે આપણે રાખવી જોઇયે. પણ મી૦ અરદેશર તકરાર કરે છે કે "૩૦૦ વરસો ઉપરનો કોઇ દસ્તાવેજ "આજે હસ્તી નહીં ધરાવે તે બનવા જોગ "છે, માટે એવી ભાંજગડ કરનારાઓ સાથે "માથાંઝીકણ કરવી નકામી છે." તેમની તે તકરાર ખાતરી ભરેલી ગણવામાં નહીં આવશે; કેમકે દસતુરજી મેહેરજી રાણાને જે વરસમાં સનદ મળેલી જણાવવામાં આવે છે તે પછી માત્ર સોળ વરસે તેમના દીકરાને મળેલી ઘણી ઓછી અગતની સનદનો દસ્તાવેજ જાળવી રાખવામાં આવ્યો, અને તે કરતાં હજારો દરજજે વધારે અગત ધરાવનારા દસ્તાવેજની જાળવણી કરવાની સંભાળ લેવામાં નહીં આવી, તે બીના ભેદભરી નહીં તો બરેજ અજાએબી ઉતપંન કરનારી ગણવી જોઇએ. પણ તે બાબતમાં લંબાણ કરવાની જરૂર નથી. બીજી રીતે તકરારી સવાલનો નીવડો આણી શકાતો હોય તો તે બાબતને વળગી રહેવાની જરૂર નથી રહેતી, તે કબુલ રાખવા હું તયાર છું. મી૦ અરદેશર તકરાર કરે છે કે, "દસતુર મેહેરજી રાણા વીષે હું કહીશ "કે તેઓ દીલ્હી ખાતે ગયલા હોવા જોઇયે, જે "બદાઉનીનાં લખાણ ઉપરથી માલુમ પડે છે. "તેણે જણાવયું છે કે નવસારીથી જરથોસ્તી- "ઓ અકબરની દરબારમાં દીન સમજાવવા "આવ્યા હતા, જોકે તેણે ખુલ્લી રીતે દસ્તુર "મેહેરજી રાણાનું નામ લખયું નથી; પણ "યાદ રાખવું કે તેણે જેમ દસ્તુર મેહેરજી "રાણાનું નામ લખ્યું નથી, તેમ બીજી કોઇની "કેમના ઓલમાઓ અકબરની દરબારમાં "પોતાના ધરમોની સમજ આપવા ગયા "હતા, તેઓનાં નામો પણ લખયાં નથી." મી૦ અરદેશર આ પ્રમાણે એમ સમજતા જણાય છે કે શેહેનશાહ અકબરે પોતાના ઇલાહી ધરમની સ્થાપના આગમચ જુદી જુદી કેમોના ઓલમાની સાથે જે વાદવીવાદ ચલાવયો હતો, તેની નોંધ બદાઉનીના સીવાય બીજાં કોઇ પુસ્તકમાં મળતી નથી. તે બીના દેખાડે છે કે તેઓ કાચે પાયે તકરાર કરે છે, અને આ બાબત ઉપર અજવાળું નાખતા સઘળા ઇતીહાસ વાંચ-વાની તસદી તેઓએ લીધી નથી, અથવા તેવા ઇતીહાસ હસ્તી ધરાવે છે એવી ખબર તેઓ નથી ધરાવતા. બદાઉની ઘણા જુના વિચારનો હતો અને શેહેનશાહે જે સુધારા દાખલ કરવાની તજવીજ કરી હતી તેની સામે તેમજ શેહેનશાહને તેના સંબંધમાં સલાહ આપનારાઓ સામે તે સારી લાગણી ધરાવતો નહીં હોવાથી, તે સંબંધી હકીકત ઘણીજ ટુંકમાં અને કાંઇક બેદરકારીથી તેણે લખેટી લીધી હોય તેમાં અજબ થવાનું થોડુંજ છે. તેટલા માટે બદાઉનીનાં લખાણુ-ને બાજુએ રાખતાં તે વેળાનાં બીજાં સતાવાર લખાણો ઉપર નજર કરવી નકામી થઇ નહીં પડશે. મી૦ અરદેશરને તેટલા માટે હું સુચવીશ કે દબેસ્તાનનો અભયાસ તેઓએ કરવો. તે ઉપરથી તેઓ જોશે કે જેઓએ અકબરને જુદા જુદા ધરમ સમજા-વવામાં આગેવાન ભાગ લઇ નામના મેળવી હતી, તેમનાં નામ વીગતે તે મધે આપવામાં આવયાં છે. અને તે ઉપરથી તેઓ વળી જોશે કે, " બાદશાહ અકબરને દસ્તુર "મેહેરજી રાણાના વખત પછી ફરહંગને "માટે દીનને લગતા લોગતોની સમજ "આપવાનાં કારણસર ઇરાનથી દસ્તુર અરદે-"શર નોશેરવાન કેરમાની દીલ્હી ગયા હતા," એમ જે તેઓએ જણાવયું છે તે નાપાયદાર છે અને તેમાં તેઓ ભુલ્યા છે. પણ તે બીના ઉપર જવા આગમચ તેમને એકજ સવાલ પુછીને તરત વેળા હું સંતોષ પામીશ. તેઓ જયારે પોતાનાં લખાણમાં દાવો કરે છે કે હીંદુસ્તાનમાં જરથોસ્તી ધરમનો અભયા-સ અકબરના વખતમાં ઊંચા પ્રકારનો હતો. તયારે "દીનના લોગતોની સમજ આપવાનાં

કારણુસર." છેક ઈરાનથી દસ્તુર અરદેશર નોશેરવાન કેરમાનીને ખાસ ખરચ આપીને બોલાવવાની જરૂર શા માટે પડી હશે? તેનો ખોલાસો મી૦ અરદેશર કરી શકશે? †

તકરાર કરવાની ખરી રૂઢી

ના૦ ૧૨૮

કયસરે હિન્દ

(તા. ૩૦ મી ઓકટોબર સને ૧૮૯૮)

અકબર અને અરદેશર કેરમાની.

કયસરે હિન્દના અધિપતિ જોગ;—

સાહેબ—કોઇ નનામો ચર્ચાપત્રી ડાહ્યામાં ખપીને અવિચારી બાબતો લખે છે તે અજબ જેવું છે. તે મી૦ કામદીનને સવાલ કરે છે કે જ્યારે હિંદુસ્તાનમાં ધર્મનો અભ્યાસ હતો ત્યારે છેક ઈરાનવેરથી અરદેશર કેરમાનીને શા માટે બોલાવ્યા હશે? એ ઉપરથી નનામો ચર્ચાપત્રી એવો સાર કહાડવા માંગતો લાગે છે કે હિંદુસ્તાનમાં ધર્મનો અભ્યાસ નહીં હતો. એના જવાબમાં હું એટલુંજ કહેવશ કે હાલમાં નવસારીવાળાઓએ ઝંદ તથા પેહેલવી બ્રીસ્ટી વિદ્વાનો પાસે મત મંગાવ્યા છે, તે ઉપરથી શું એવો સાર કહાડવો કે હાલમાં મુંબઈમાં કોઇ પારસી ઝંદ તથા પેહલવી જાણનાર નથી? મી૦ કામદીનને હું ભલામણ કરીશ કે એવી અવીચારી તકરારમાં સામેલ થવું નહીં.

૨૭મી ઓકતોબર.

લા૦ શાપુરજી સોરાબજી નવસારીવાલા.

---

† જુઓ ૧૨૮, ૧૩૦ (છેવટનો ભાગ) ખાસ કરી ૧૫૯

ના૦ ૧૨૯

મુંબઇ સમાચાર

(તા૦ ૨ જી નવેમ્બર સને ૧૮૯૮)

મરહુમ દસ્તુરજી મેહેરજીરાણાને શેહેનશાહ અકબરે આપેલી કહેવાતી જાગીરના સંબંધમાં ચલાવવામાં આવતી તકરાર.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને લગતી તકરારના સંબંધમાં મી૦ અરદેશર સોરાબજી દસ્તુર કામદીને મને પુછેલા સવાલોનો ગયા બુધવારના અંકમાં જે જવાબ મેં આપ્યો હતો તેથી તેમની ખાતરી થઇ ગઇ છે અને તેથી તેઓ ચુપ બેઠા છે. મી૦ અરદેશર કેવા ચીવટ તકરાર કરનારા છે તે તો મી૦ બ૦ ૩૦ કામા સામે જે સંબંધબાંધ ચરચાપત્રો તેઓ લખ્યા જાય છે તે ઉપરથી આપણે જોઇએ છીયે. મી૦ કામા તેમની દરકાર જોકે નહી કરતા તોપણ સચાઇને ખાતર તેઓ મી૦ કામાએ ઉભા કીધેલા સવાલને મજબુતીથી પીખવાજ જાય છે, અને પોતાને ખરા દેખાડવા માટે તરેહવાર સવાલો અને ગણુતરીઓ તેના સંબંધમાં બાહેર મેલવાને અજાયબ જેવું ચીવટપણું બતાવતા આવ્યા છે. તેવા ચીવટ ગ્રહસ્થ જ્યારે ચુપ બેઠા છે, તયારે મારા જેવા અદના લખનારને ખુશહાલી ઉપજે છે કે મારો એક નાનો પત્રજ તેમની ખાતરી કરવાને અને તેમને સંતોષ આપવાને કામે લાગ્યો છે. તેઓની ખાતરી થઇ છે કે દસ્તુરજી મેહેરજીરાણાને લગતી તકરારનો આધાર એકલા બહાઉનીના લખાણ ઉપરજ મેલવાનો નથી; પણ વધારે વીગતવાર હેવાલ તો નામીચી દબેસ્તાન

કેતાબ મધે આવેલો છે, અને તે મધે શેહેનશાહ અકબરની દરબારમાં જુદા જુદા મઝહબો વીષે તકરાર ચલાવવામાં જેઓએ આગેવાનીભરેલો ભાગ લીધો હતો તેઓનાં નામ આપવામાં આવ્યાં છે. એવી રીતે જે જુદા જુદા મઝહબવાળાઓનાં નામ તેમાં આપવામાં આવ્યાં છે તેઓ મધે પારસીઓમાંથી એકલા કેરમાનવાળા દસ્તુર સાહેબ અરદેશર નોશેરવાનનું જ નામ મળે છે. તે દસ્તુર સાહેબને માટે તે નામીચી કેતાબનો લખનાર જણાવે છે કે જરથોસ્તી ધરમ વીષે વાકેફી મેળવવાને શેહેનશાહ અકબરે તેમને ખાસ અરજ આપીને બોલાવ્યા હતા, અને વળી તેમની સાથે કેરમાનથી બીજ કારણસર બીજા પણ કેટલાક જરથોસ્તીઓ આવ્યા હતા. ઉપરાંત નામીચા દસ્તુર સાહેબ આઝર કયવાનને પણ શહેનશાહે નોતરૂં દીધું હતું પણ તેઓ પોતે હાજર થઇ નહી શકયાથી પોતાની તરફથી પોતાને હાથનું તયાર કરેલું એક ધરમપુસ્તક તેઓએ મોકલી આપયું હતું. દબેસ્તાન મધે દસ્તુરજી મેહેરજીરાણાનું નામ પણ મળતું નથી. તેમાં માત્ર એટલુંજ મળે છે કે ગુજરાતથી પણ કેટલાક "આતશપરસ્તો" આવ્યા હતા. હવે જો ગુજરાતવાળા "આતશપરસ્તા" એ કાંઇ પણ નામના મેળવી હોત તો કેરમાનવાળા વીદ્વાન દસ્તુર સાહેબ અરદેશર નોશેરવાન અને દસ્તુર આઝર કયવાનની માફક તેઓનાં પણ નામ આપવાને દબેસ્તાનનો લખનાર ચુકત નહી. મી૦ અરદેશર સોરાબજી કામદીનનું ધ્યાન તે બીના ઉપર મેં ખેચ્યું હતું અને તે વીષે તેમની ખાતરી થયાથી તેઓ ચુપ બેઠા છે. અગર નહી તો તેમના જેવા ચોવટ તકરાર કરનારા ચુપ કદી પણ બેસે નહીં તે તો તેમનાં લખાણો વાંચનાર પારસી ભાઇઓ સારી રીતે જાણે છે. તેઓએ એવી અટકળ કરી હતી કે દસ્તુર સાહેબ અરદેશર નોશેરવાનને તો "દીનના લોગતો સમજાવવાને" ખાતરજ બોલાવવામાં આવ્યા હતા. પણ તેમની તે તકરાર પણ તેમની વીરૂધજ કેવી રીતે જાય છે તે વીષે ગયા અંકમાં મેં કરેલો ખુલાસો તેમનાં મનની પતીજ કરનારો થઇ પડેલો હું જોઉં છું. પણ તેમના જેવા ગ્રહસ્થ જયારે તેનો જવાબ આપી નહીં શકાયાથી ચુપ બેઠા છે તયારે કોઇ મી૦ શાપુરજી સોરાબજી નવસારીવાળા તેમની તરફથી બચાવ કરવાને બાહેર પડયા છે. પણ તે બચાવ વાંચીને, મારી ખાતરી છે કે, મી૦ અરદેશર ઘણા ઠચવાયા હશે અને બોલયા હશે કે, "મને મારા મીત્રથી બચાવો." તેમની હેમાયતમાં નીકળેલા મી૦ શાપુરજી સોરાબજી નવસારીવાળા તકરાર કરે છે કે, "હાલમાં નવસારીવાળાઓએ ઝંદ તથા "પહેલવી ખ્રીસ્તી વીદ્વાનો પાસે મત મંગા-"વ્યા છે, તે ઉપરથી શું એવો સાર કહાડવો કે "હાલમાં મુંબઇમાં કોઇ પારસી ઝંદ તથા પહેલવી જાણનાર નથી?" આ તકરાર તદન બેહુદી છે. ખ્રીસ્તી વીદ્વાનો પાસે મત મંગાવવામાં આવયા છે તે શાનાં? દસ્તુરજી મેહેરજીરાણાને લગતા સવાલ વીષે પારસીઓ વચે જે મતભેદ ચાલે છે તે વીષે. પણ દસ્તુર સાહેબ અરદેશર નોશેરવાનને અકબરની દરબારમાં ગયલા ગુજરાતના "આતશપરસ્તો" વગે મતભેદ પડયાથી તેડાવ્યા હતા એમ કાંઇ મી૦ અરદેશર કામદીન કેહેતા નથી. તેઓ તો એમ કહે છે કે "દીનના લોગતો" સમજાવવા તમને ખાસ તેડાવવામાં આવયા હતા. બીજા શબ્દોમાં બોલતાં ગુજરાતના "આતશપરસ્તો" દીનના લોગત સમજતા નહી હોવાથી તેમને પડતા મેલીને અને કદાચ તેમની પોતાનીજ અરજ ઉપરથી ઇરાનના બોલમા દસ્તુરો આઝર કયવાન અને અરદેશર નોશેરવાન વગેરેને શેહેનશાહ અકબરે ખાસ

ખરચ આપીને બોલાવ્યા હતા; અને "દીનના લોગતો" સમજાવવાને ગુજરાતના "આતશપરસ્તો" શકતીવાન નહી થયા તયારે એમ કેહેવામાં જરા પણ સહરાગાત કરેલી નહી કહેવાશે કે હીંદુસ્તાનમાં તે વેળાએ જરથોસ્તી ધરમનું જ્ઞાન દસ્તુર મોબેદો જાણવા જેવું ધરાવતા નહીં હતા. સેવટે એક વધુ બીના ઉપર મી૦ અરદેશર સોરાબજી કામદીન અને મેહેરજીરાણાના ખાનદાનના કુટુંબીઓ તથા મીત્રોનું ધયાન બેંચી હું આ લંબાણ પત્ર તુરત વેળાબતમ કરીશ. તેઓ તકરાર કરે છે કે દસ્તુર સાહેબ અરદેશર નોશેરવાને ભરૂચવાળા દસ્તુર કામદીન મહમ ઉપર ૧૫૯૭માં કાગજ લખ્યો હતો તેથી તેઓ તેજ વરસમાં હીંદુસ્તાન આવ્યા હતા. તે તકરાર પણ બેહુદી છે. તે ઉપરથી એમ નથી ઠરતું કે તેજ વરસમાં તેઓ પહેલવેહેલા હીંદુસ્તાન આવ્યા હતા. તે વરસે તેઓ નામીચા ફારસી શબદકોષ "ફરહંગે જેહાનગીરી" માં ઝંદ પહેલવી તથા ફારસીના જરથોસ્તી ધરમને લગતા લોગતો દાખલ કરવાનાં કામમાં મદદ આપવાને આવ્યા હતા, અને તે ઉપરથી તો એમ ઠરે છે કે ૧૫૮૮-૭૯ માં અકબરની દરબારમાં તેઓએ દેખાડેલાં ચહડતા પ્રકારનાં જ્ઞાન ઉપરથી હીંદો દસ્તુર મોબેદોને પડતા મેલી શેહેનશાહે દસ્તુર અરદેશરને ખરાનથી ખાસ બોલાવ્યા હતા.*

તકરાર કરવાની ખરી રૂઢી



* બદાઉની બીજા પુત્ર અરદેશરનું નામ લેતોજ નથી; પણ તે નવસારીના પારસીઓ માટે લખે છે.

ના૦ ૧૩૦

કયસરે હિન્દ

(તા૦ ૬ થી નવેમ્બર સને ૧૮૯૮)

અકબર, મેહેરજીરાણા તથા અરદેશર કેરમાની.

કયસરે હિન્દના અધિપતિ જોગ:—

સાહેબ—કોઇ નનામા ચર્ચાપત્રી મોટા તબદલુસથી લાંબી મુદત થઇ ૩૦૦ વર્ષો ઉપર થઇ ગયલા દસ્તુર મેહેરજીરાણા, જેઓ આજે પોતાનો બચાવ કરવા હાજર નથી, તેઓનાં હાર ધુજાવે છે; અને આજના જમાનામાં જ્યારે મીનોચેહર હોમજીવાળા તથા મેહરજીરાણાવાળાઓ વચે પૂર એખલાસ છે ત્યારે મીનોચેહરહોમજીવાળાઓનો પક્ષ પકડી મેહેરજીરાણાના કુટુંબીઓને સતાવે છે. જ્યારે તેઓ તથા બીજા સાહેબો એવા નનામા ચર્ચાપત્રીને કોઠું આપતા નથી ત્યારે તે અભીમાનીથી એવું માની લે છે કે તે બધાઓને માહત કરે છે! તેની એક સુફીઆની દલીલ એ છે કે મેહેરજીરાણા અકબરની દરબારમાં ગયાજ નહિ હતા, અને જો ગયા હોય તો તેઓને મળેલી જાગીરનો સનદ તેઓનાં કુટુંબીઓએ બતલાવવી. પણ એ નનામા ચરચાપત્રીને એટલું બી માલુંમ નથી કે મેહેરજીરાણાને મળેલી ખુદ જાગીર હાલ મોજુદ છે, એટલુંજ નહિ પણ ત્યાર પછી તેઓના દીકરા દસ્તુર કેકોબાદને પણ જાગીર મળી હતી જે પણ હાલ મોજુદ છે, અને તેની સનદ પણ હાલ હસ્તી ધરાવે છે, અને તે ખુદ સદનમાં દસ્તુર મેહેરજીરાણાને આગળ મળેલી જાગીર વિષે ખુલ્લે ખુલ્લું લખેલું છે, અને તે ઉપરાંત બીજા પાંચ છ દસ્તાવેજો મેહેરજીરાણાને મળેલી જાગીરની સાબેતી રજુ કરે છે. એવી રીતે મેહેરજીરાણાને મળેલી જાગીરના હાલ છ સાત દસ્તાવેજો હસ્તી

ધરાવે છે. એ નનામા ચરચાપત્રીની બીજી સુફ્યાની દલીલ એ છે કે ઈરાનથી અરદેશર કેરમાની અકબરની દરબારમાં ધર્મની સમજ આપવા માટે ગયા હતા, અને નહિ કે મેહેરજીરાણા. પણ ખુલ્લી સાબેતી છે કે નવસારીના જરથોસ્તીઓ અકબરની દરબારમાં ધર્મની સમજ આપવા માટે ગયા હતા. તેની ત્રીજી દલીલ એ છે કે ફરહંગે જાહાંગીરી માટે ઇ. સ. ૧૫૯૭માં દસ્તુર અરદેશર કેરમાની દીલ્લી ગયા હતા, તે ઉપરથી તે એવો સાર કાઢે છે કે ઇ. સ. ૧૫૭૮માં તેઓએ દેખાડેલાં ધર્મ જ્ઞાનને લીધે તેઓને ઇ. સ. ૧૫૯૭માં ફરહંગે જાહાંગીરી માટે દીલ્લી બોલાવવામાં આવ્યા હતા ! એ નનામો ચરાપત્રી દેખાડી શકશે કે ઇ. સ. ૧૫૭૮માં દસ્તુર અરદેશર કેરમાનીએ ધર્મ જ્ઞાન દીલ્લી જઇને દેખાડયું હતું ? એક માણસે આજે પ્રખ્યાતી મેળવી હોય તે ઉપરથી ૨૦ વરષો ઉપર પણ તેણે પ્રખ્યાતી મેળવી હતી એવું ધારવું શું વાજબી છે ? એવો વિચાર તો કોઇ ડાહ્યો પુરૂશ નહિ પણ એ નનામો ચરચાપત્રીજ કરી શકે. તેની આ ત્રીજી દલીલ તો બહુજ સુફ્યાની છે ! હું હવે કહીશ કે એવી ઢંગધડા વગરની તકરારમાં મેહેરજીરાણાના કુટુંબીઓએ સામેલ થવું નહીં. તેઓ એ સંબંધી ચોપડી કાઢનાર છે એવું મારા સાંભળવામાં આવ્યું છે તે ઉપરજ સંતોષ પકડવો. એ નનામા ચરચાપત્રીનાં લખાણ ઉપરથી મને લાગે છે કે તેણે બદાઉની યા દબેસ્તાન વાંચી પણ નથી. જો એ નનામો ચરચાપત્રી ખરાં નામે બાહાર આવે તો જરથોસ્તીઓ જોઇ શકે કે એ કેવો અને કેટલો ભણેલો છે. ગુજરેલા દસ્તુરનું હાર ધુજાવવું હીચકારાપણું છે.

એ બેખબરા ચરચાપત્રીને એટલી ખબર નથી કે અકબરે પોતાના દરબારમા તથા પોતાના દેશમાં બાહ્ય બોલમાઓ હોવા છતાં બાહારથી ફક્ત અરદેશર કેરમાનીનેજ નહીં પણ બીજા ભણેલા શખસોને પણ બોલાવ્યા હતા. તેનો હું એકજ દાખલો આપીશ:—જો કે અકબરની દરબારમાં હિંદુસ્તાની મુસલમાન બોલમાઓ તથા ફાઝેલોનો ટોટો નહીં હતો, તોપણ તેણે શીરાઝ વેરથી પઇસા ખર્ચીને ચલપીબેગ નામના કાબેલ મુસલમાનને પણ તેની દરબારમાં આવવા ખાસ તેડું કર્યું હતું, જેની નકલ એ નનામા ચરચાપત્રીને (જો તેને ફારસી ભાષા આવડતી હશે તો ઇનસાએ અબુફઝલનાં ૭૭માં પાને મળી શકશે.

૨૭ નવેમબર.

લા૦ સેવક,

શાપુરજી સોરાબજી નવસારીવાલા

ના૦ ૧૩૧.

મુંબઇ સમાચાર.

(તા. ૯ મી નવેમ્બર સને ૧૮૯૮)

મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને શહેનશાહ અકબરે આપેલી કહેવાતી જાગીરના સંબંધમાં ચલાવવામાં આવતી તકરાર.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—મરહુમ દસ્તુરજી મેહેરજી રાણાને લગતી તકરારમાં મી૦ અરદેશર સોરાબજી કામદીન જેવા ચીવટ લડનારા પોતાની ભુલ જોઇને જ્યારે ચુપ બેઠા છે, ત્યારે કોઇ મી૦ શાપુરજી સોરાબજી નવસારીવાળાએ તેમની હેમાયત કરવા નીકલવાને બહાને વધારે અને વધારે છબરડો કરવા તથા મી૦ કામદીનના હેમાયતી તરીકે પોતાને ગણાવી તેમને નઠારૂં લગા-

ડવાનું ચાલુજ રાખ્યું છે. મી૦ નવસારી-વાળાના હાથમાંથી તકરાર ખુટી ગઇ છે ત્યારે હવે તેઓ ગાળો દેવા અને અજાણ્યા લોકોને ઉશ્કેરવાની તજવીઝ કરવા પડયા છે. "ગુજરેલા દસ્તુરનું હાડ ધુજાવવા" ની, "મેહેરજી રાણાના કુટુંબીઓને સતાવવા" ની, "હીચકારાપણું" ની અને એવીજ બીજી નઠારી વાતો આ લખનારે કરી છે. આગળ પણ એવીજ રીતે નઠારા શબ્દો મારફતે તકરારને ભાંજી નાખવાની તજવીઝ કરવામાં આવી હતી, પણ તે તજવીઝ આ વેળાએ ફાવી નહી શકશે; કેમકે મેં પ્રથમથીજ જણાવ્યું છે તેમ મુળ તકરારને તે રીતે ઢાંકી દેવામાં નહીં આવે તે અરથે એવા શબ્દોને હું વજન આપીશ નહીં. મી૦ નવસારીવાળા મારા મોહડાંમાં એવા શબ્દો મેલે છે કે "મેહરજી રાણા અકબરની દરબારમાં ગયાજ નહીં હતા." મેં આવા શબ્દોનો કોઈપણ વાર ઉપયોગ કરયોજ નથી. મારી માગણી પ્રથમથી એટલીજ છે કે જે જાગીર દસ્તુરજીને મળેલી જણાવવામાં આવે છે તે શેહેનશાહ અકબરને તેઓએ ધરમ સમજાવયો હતો તેટલા માટેજ મળી હતી એમ દેખાડવું, અને તે પુરવાર કરવા માટે જાગીરને લગતી સનદ ઉપયોગી થઇ પડવી જોઇયે. દસ્તુરજી શેહેનશાહની દરબારમાં ગયા હતા અથવા તેઓએ જાગીર મેળવી હતી તે કાંઇ અગતનો સવાલ નથી. અગતનો સવાલ તો એ છે કે તે જાગીર શા કારણ સર તેમને મળી હતી. જાણીતી આ વાત છે કે આગળા દેશી રાજાઓના અમલમાં પટેલો અને દેશાઇઓ જેવા મેહેસુલી અમલદારો અને ઠામદારોને રોકડ નાણાંને બદલે ચોકસ વીસ્તારનો જમીન ખેડીખાવા આપવામાં આવતી હતી. મરહુમ દસ્તુરજી મેહેરજીરાણાને પણ દેશાઇ તરીકે જાગીર મળી હોય, અથવા તેમના જે વડીલ દેશાઇ હતા તેમનાથી વારસામાં તે જાગીર તેમને મળી હોય, તે અસંભવીત નથી. † જાગીરની સનદ જોવા માગવાનો તે મુખ્ય સબબ છે. મી૦ કામદીનને જવાબ વાળતાં મેં જણાવ્યું હતું તેમ દસ્તુરજી મેહેરજી રાણાને જે વરસમાં જાગીર મળેલી જણાવવામાં આવે છે તે પછી માત્ર સોલ વરસે તેમના દીકરાને મળેલી ઘણી ઓછી અગતની સનદનો દસ્તાવેજ જાળવી રાખવામાં આવયો, અને શેહેનશાહ અકબરને ધરમ સમજાવી તે વીષે તેની ખાતરી કરવા માટે માનારથે મળેલી કહેવાતી હુન્નરો દરજ્જે વધારે અગત ધરાવનારી જાગીરને લગતા દસ્તાવેજની જાલવણી કરવામાં નહી આવી, તે બીના ભેદભરી નહીં તો ખરેજ અજાયબી ઉતપંન કરનારી ગણાવી જોઇએ. મી૦ કામદીનની તરફથી તકરાર કરતાં મી૦ નવસારીવાળા પુછે છે કે ૪૦ સ૦ ૧૫૭૮ માં દસ્તુર અરદેશર કેરમાનીએ ધરમજ્ઞાન દીલ્લી જઇને દેખાડયું હતું તે માટે મારી પાસે પુરાવો શો છે? પુરાવો દબેસ્તાન કેતાબનો હું આપી ચુકો છું. તેમાં જણાવયા પ્રમાણે શેહેનશાહ અકબરની દરબારમાં જુદા જુદા મઝહબોની તકરાર ચાલતી હતી તે વેળાએ ગુજરાતના કેટલાક પારસીઓ તયાં જઇ લાગયા હતા, અને તેઓએ એવો એકરાર કરયો હતો કે જરથોસ્તી ધરમ બરહક અને ખુબીવંતો છે. તે ઉપરથી અકબરની જીજ્ઞાસા તે ધરમના

† દેશાઈઓ દસ્તુરોના વડીલ હતા એ વાત બીલકુલ ખોટી છે. તેમજ દેશાઇગરૂ પહેલાં તો મેહેરજીરાણાના દીકરા કેકોબાદનું હતું જેવણને ત્યાં દેશાઈઓના વડીલ હોમજી ફરેદુન દેશાઈગરાની ગુમાશતાગરી કરતા હતા; જયાર પછી, લાંબે વખતે દેશાઇ તેમુલજીથી એ લોકો (દેશાઇઓ) દેશાઇ કહેવાવા લાગ્યા.

સંબંધમાં ખોલાસો મેળવવાને ઉરકેરાયલી જણાય છે, અને તેનો ખોલાસો તેઓ જોઇયે તેઓ આપી નહીં શકયાથી અને કદાચ તેમની પોતાનીજ ભલામણ ઉપરથી શેહેનશાહ અકબરે કેરમાનથી ખાસ ખરચ આપીને દસ્તુર અરદેશર કેરમાનીને બોલાવ્યા હતા, અને તેઓએ તેને આતશની જાળવણી તથા તેને લગતી ક્રીયા સમજાવી હતી. વળી તે બનાવ શેહેનશાહે પોતાનો નવો ધરમ સ્થાપ્યો તે આગમચ બનેલો હોવાથી, સ્વભાવીક રીતે દસ્તુર અરદેશર ૧૫૭૮ માં દીલ્લી આવેલા ઠરે છે. મી૦ કામદીને પ્રથમમાં જણાવવાની ભુલ કરી હતી કે અકબરની દરબારમાં ધરમ સમજાવવાને ગયલા બીજી કોઇથી કોમના બોલમાના નામ મળતાં નથી; પણ તેમની હેમાયતમાં તકરાર કરનાર કબુલ રાખે છે કે શેહેનશાહને ધરમ સમજાવવા માટે નામીચા થયલા બોલમાના નામ મળે છે, અને તેઓ મધેના એક મેહોમેદનનું નામ ચલપી બેગ હતું.


તકરાર કરવાની ખરી રૂઢી.

ના૦ ૧૩૨

રાસ્ત ગોપ્તાર.

(તા. ૨૯ મી અકટોબર સને ૧૮૯૯)

અકબર બાદશાહ અને દસ્તુર મેહેરજી રાણા.



૨૦ ગો૦ તથા સ૦ પ્ર૦ ના અધિપતિ જોગ–

સાહેબ, મરહુમ મુનસફ સાહેબ મોબેદ નશરવાનજી સોરાબજી વજીફદાર દસ્તુર મેહેરજીરાણાનાં કાગળો ખોલતાં હેઠલ ટાંકેલો કીમતી દસ્તાવેજ તેવણના કુટુંબીઓને હાથ લાગ્યો છે, જે અકબર શાહે દેહલવી મુગલ શેહનશાહે મેહરજીરાણાં ખાનદાનને બક્ષેશમાં આપેલા વજીફા બાબત કીમતી અજવાળું પાડતો હોવાથી, તમારાં નામીચાં પત્રમાં સદાબરો ટાંકી લેવાની રજા માગું છું. ચકચારમાં ચરવાયલા એક ચાલુ સવાલ ઉપર તેનો પ્રકાશ અજબ તરેહની સાબેતી દર્શાવે છે. ભુલઠાપ ખાઇ જનારા ઘણા આસામીઓને રાસ્ત માર્ગે મેલવાનો દાવો ઠરતો તે ગોયા આલમ સનમુખ ખડક માફક ખુલ્લો ખડો રહ્યો છે. લાજમ છે કે તેની સચાઇ ઉપર ઠશોળી સુખન નાખવા આગમચ તેને ઉઠલાવનારી કોઇ વજનદાર દસ્તાવેજી હકીકતો રજુ કરવામાં આવે, અને નહી કે ટીકાનાં અને સુખનબાજીનાં તકલીદી બાનો ઉપર પાયો રચી તેની સત્યતાને તોડી પાડવાની નાહેક અને બીનફોકટની કોશેશ કર્યામાં આવે. અસલી ફારસી લેખનો જોકે તે ગુજરાતી તરજુમો છે, તોબી તેનાં બરાંપણાંનો પુરાવો તેથી જરાબી ઓછો થતો નથી. ઔરબી તેની ચમક વીજળીના ચમકારાના તેજ સમાન દીપે છે. એ લેખ દસ્તુર કેકોબાદ દસ્તુર માહયારને નામનો એટલે કે બેહસ્તનશીન દસ્તુરજી સાહેબ મેહરજીરાણાંના દીકરાને નામનો છે. અનુમાન જાય છે કે માહયારજી, જેઓ ખુદાઇ જ્ઞાનમાં મશગુલ રેહતા હતા, તેઓએ પોતે યા તો વજીફો લેવા ના પાડી પોતાના દીકરાને નામનો લેખ કરાવી માંગ્યો હોય, અગર તેમ નહી તો એવું બન્યું હોય કે માહયારજીના ગુજર પામવા બાદ લેખ તૈયાર કીધામાં આવ્યો હોય, અને નવસારી ખાતે રવાના કરવામાં આવ્યો હોય. નવસારીની સુબાગીરીમાં બસેં વીંધા અને એરૂ પારચોલની હદમાં સો વીંધાંનો એ લેખ ખુદલો છે તેના ઉપર મુબારક બાદશાહીની, અબુલફઝલની મેહેસુલખાતાંના વજીર દાખલની બાન

ખાનાનની, તથા બીજા ઘણાએક શાહી દરબારીઓની મોહર છે, તેની તારીખ માહ અને સાલ જે મીસાલે મુગલાઈ વંશના જમાનામાં ઈરાની રોશુક પર લખાતાં હતાં તે મીશાલ મોજુદ છે. કાગદીઓને હાથના બનાવેલાં જુનાં અસલી ઢબનાં કાગજ ઉપર પાકા ખતથી તે લખાયલોછે. તેના ઘડી વાલેલા સલ એટલા તો કાપામાંથી કત્રાઈ ગયાછે. અગર કસારાંથી બચાઇ ગયાછે કે વચમાંની એક લીટીના કેટલાક અક્ષરો અને શબ્દો ગેબ થઇ ચાલ્યાછે. મઠાલેજ સાત મોહરોનો જુમખોછે. ત્રણ. પેહલી ઓલમાં; વચલી ઓળમાં એક. મોહટી; અને નીચલી ઓલમાં બીજી ત્રણ. પેહલી ઓલની વચલી મોહર "સાહેબ કેરાન મીર તેમુર"ની, વચલી ઓલની એક. લીજ મોહર "જલાલોદ્દીન અકબર પાદશાહ ગાજી"ની અને બાકીની મોહરો ખાલી મુકેલી હોવાથી અનુમાન જાયછે કે તરજુમો કરનાર સાહેબને તેની ઉપરનાં નામો ઉકલી શકવાં મુશકેલ થઇ પડયાં હોય. ફરમાનની સેવટે આઠ મોહર તેમાં જમની તરફ ત્રણઃ—"મુરાદ અકબર પાદશાહ ખાનખાનાં;" "મીરજા ગોગે;" અને "કમાલોદ્દીન". દાબી બોરદુએ ચાર, તેમાં ત્રણ ખાલી બોખાં મુકેલાં છે (ધારવા મુજબ નામો નહી ઉકલી શકવાથી), અને ચોથી "સદર જેહાં કમતરીં બંદે" ને નામની છે. ડાબી અને જમણી એ સાત મોહરના જુમખા નીચે લોલક પેઠે ટંગાયલી છે. આઠમી મોહર "જલાલોદ્દીન હુશીન"ને નામની છે. દસ્તાવેજને મઠાલે પેહલો લેખ "અલ્લા અકબર" નો; અને બીજો "ફરમાન જલાલોદ્દીન મહમદ અકબર પાદશાહ ગાજી" નો. આઠ મોહરના દસ્તાવેજની આખરના જુમખા વચે આ પ્રમાણેનો લેખઃ— ફાયદાની પનાહના તથા બખશેશની કુદરતના નવાબ શેખ અબ્દુલ ફજલના રેસાલા તથા બખત વાકે નવીશ માજનોદ્દીન હુસીનના વખતમાં પોંચ્યો." લેખ ટાંકવા આગમજ તેના સાથે મલી આવેલી વંશાવલી વીશે બે બોલ બોલી લીજયે. કેકોબાદજી માહયારજીના વડા દીકરા મેહરનોશજી. તેમની વડપણની ઓલાદઃ—માણેકજી, મેહેરજી, ફરદુનજી, માણેકજી, રૂસ્તમજી, ખુરશેદજી, શોરાબજી અને નાશેરવાનજી (તે મરહુમ મોબેદ મુનસફ સાહેબ પોતે.) કેટલાકો જાણીતી લાવણીનાં ગાયનને બોટું ગણી હસી કાહડેછે કેઃ—"મેહરજીરાણા, બડાજી શ્યાણા, પુરા બંદા સાહેબકા; અકબર બાદશાહ સદરા પેહના દેખ તમાશા મેહજબકા" ઇત્યાદી, કે એ તો બનાવટી છે, અને પાછલથી દફડાં બજાવનાર કલગીર તોરાવાલા માસ્ટરે જોડી કાઢેલું છે. એવા બાં સાહેબોને સને ૧૮૬૨માં "નીતી પ્રકાશ" છાપખાનામાં છપાયલી "કબીરી ગાયણ" નામની ચોપડી ઉપરથી ઉતારેલો અકબરના જગતપ્રસીદ્ધ ગવૈયા તાનસેનનો "સારંગ" રાગમાં બેંચેલો હેઠલો સરોદ લેટ કરૂં છુંઃ—

યા અહુ ! પારસી પઢે સો કબુલ;
યા ધણી ! પારસી પઢે સો કબુલ.
અંગરકી પીઠ ચંદન લપેટયો, જે સોઇ
સુઘડ મકબુલ૦ યા અહુ૦
લંબી લંબી દહાડી શાહ મેહેરયાર, તેરે
મુખપર બરસત નુર;
કેહત મીયાં તાનસેન સુન શાહ અકબર
એહી બેહરતકો કુલ૦ યા અહુ૦

"અંગર" બોલને વગર અનુસ્વારે લૈયે તો મતલબ એવી ઉઠાડી શકાય કે "અગર" જેવાં સોડમદાર સાંવલાં બદન પર જાણે સુખડનો ઉજલો લેપ ચઢાવ્યો હોય તેવા સફેદ પોશાક પેહેરેલો સુઘડ પવીત્ર પરેહજગાર. આતશના અંગારાપર

સુખડ ચઢાવવાની પારસી રીતનેબી કવીની એ કલ્પના ઉત્તમ લાગુ પડેછે. લાજમ છે મેહરજીરાણાની કીર્તીના ભલું ચાહનારા એાને કે બીયાં તાનસેન, જે અસલ ગ્વાલ્યરનેા બ્રાહમણ હતેા, અને જેની પંડીતાઇ તેનાં ધ્રુપદેામાં જાવેદાન સુધીની યાદગીરીમાં મેાજુદ પડેલીછે, તેની કુલ્યાત પેદા કરીને, અથવા તેનાં ગાયણેાની વધુ જુસ્તેજુઇ કરીને, મેહેરજીરાણાંની બાબતમાં વધુ ગાયણી સાહીત્ય મેળવે. પણ એ બાબદમાં સત્તાધારી રીતે બેાલવાનેા અધીકાર જેટલેા આ **રાસ્ત** પત્રના તેજ કલમકશ અધીપતી શેઠ કેખુશરૂ નવરેાજજી કાણરાજી ધરાવેછે, તેટલેા કવચીતજ બીજા સાહેબેા ધરાવતા હેાય, એવેા મારેા મુદ્દામ અભીપ્રાય છે. તેથી ઘટેછે મેહરજીરાણાના ચાહનારાએાને કે એવણ સાહેબની સારી સલાહ લઇ પેાતાનું કામ આસાનીથી સરંજામ ઉતારે.

આતશપર સુખડ બાલવું તે અંગારની પીઠ પર ચંદન લપેટવું, એમ કવીએ કલ્પ્યુંછે. એ બાબત પર લાગુ પડતું બીજું ગાયણ જોકે ઉપર ટાંકયુંછે તેટલે દરજજેનું નથી, તેાબી મંજેલા દરજજાનું એ ગાયણ સને ૧૮૩૮ માં દમણ બાતે આ૦ કાવશજી ફરદુનજી મરજબાને છાપેલી મી૦ બેરામજી ટેમુલજી ચીનાબની "રાગસ્તાન પેાથી" ને નેવુંમે પાણેથી 'ગેારી" રાગણીનું ટાંકી બતલાવું છું. તે પુરવારી આપેછે કે અકબરની દરબારમાં **પારસી** પગદંડેા કમતી ન હતેા. બલકે પારસીએાનું માન એટલું મેાટું હતું કે તેમની તારીફમાં દરબારી ગવૈયાએા "તાનસેન—મંગલ—ગેાસલખાન" પારસી કીર્તી ગાવામાં મેાટેા મરતબેા માનતા હતા, અને પેાતાના અદલ શાહ તરફથી તેમાં સરફરાજી અને ઘણી નવાજેશ પામતા હતા.

ચંગે કામ, હેાય આસાન, તતછન **પારસી,**
યેહી દરબાર, જે તન હેાત મન આરામ.
એાલ્યા કે ચરણપર ભેામ બીશ્રામ,
કાટન કાટા દાલદર દામ૦ ચંગે૦
તું **શાહે અકબર**પર હેાજી મેહરબાન,
હેત કર પાંઉં, અચલે નાંઉં, **તાનસેન**
મંગલ ગેાસલખાન૦ ચંગે૦

એ બંને ગાયણેામાં તેમજ નીચલાં ફરમાનમાં દસ્તુરજીને "પારસી" ના પ્રજા એલકાબથી પીછાણવામાં આવ્યા છે, તે એકસરખાપણું અચરતીભરેલું છે. "પારસી" શબ્દ અને બીજા અગતના શબ્દેા કાલા કરવાની મેં છુટ લીધીછે કે જેથી વધુ ભાર મુકવાને બની આવે.

ફરમાન જલાલેાદીન મહમદ અકબર
બાદશાહ ગાજી.

એ વખતમાં ફરમાન બુલંદ શાનનું મેહરબાનીનેા નીશાનનું ઉતરવાની ઇજત પામ્યું કે જમીન વીંધાં ૩૦૦ બેાદાઇ ગજથી, તાડ તથા ખજુરાંનાં ઝાડેા સાથે કે જે તે જમીન મધે છે, કસબે નેાશારી વગેરે જીલ્લા મધેથી નીચે લખેલી તફશીલ મુજબ, પારસી કેકેાબાદ વલદે માહીયારની રેાજીના ખરચમે જાગીરદારની તગીર કરેલી તે, કેાઇબેાલની ફસલથી સુરતની સરકારથી મુકરર કરીછે, કે સાલ દર સાલ તેની ઉપજને પેાતાના વખતનાં ગુજરાણના ખરચમે લાવીને દેાલત તથા એકબાલનાં વધારેા થવાની દેાઆમાં શુકર કરયા કરે. જાણવું જે હાકમેા તથા અમલ(દારેા તથા) કરેારીએા તથા જાગીર (દારેા) માહાલના જે હાલ છે, અને હવે પછી થાય, તે આય લખ્યા પ્રમાણે અમલ કરીને જમીન મજકુરને માપી તથા ચક બાંધીને કેકેાબાદ મજકુરના કબજામાં સેાંપે; અને તે બખશેશને કાયમ જારી રાખવામે કેાશેશ કરીને તગીર તથા બદલ કરવું નહી કરે, અને તેના માલ

બાબે તથા તમામ બાબતો, મીસાલે-- દહીંનો મટકો, તથા પેશકશ તથા માપણી, તથા જાબેતો, તથા મોહોરાણું, તથા દારોગો, તથા મોહોશલ, તથા દેહનીમી તથા શદદોઇ, તથા મજમુદારી, તથા જીરાયતની તકરાર, તથા તરકારી, તથા જમીનનું જગાત, તથા હરસાલનો જપતી, ખાશ માપીને તથા ચક બાંધીને આપ્યા પછી તમામ સરકારી ઇજા અને પાદશાહી ચરચો વીશે કાંઈ મુજાહેમત નહીં પોંચાડવી, અને સર્વ પ્રકારથી માફ અને કલમ કાપીને, તે જમીનની આસપાસ જાવું નહીં, અને એ બાબતમાં હરસાલ ફરમાન અથવા પરવાનો નવો નહીં માંગવો, અને જ્યારે બુન્દેરગ બુલંદ હુકમ પોંચે તે ઉપર ભરૂસો કરવો. તા૦ ૧૦ મી આખર માહે સફર હારમદ ૪૦—બેઆન તાલુકે રોજ તીર માહે આંવાં સને ૪૦ ની તારીએ હોકમ ફરમાવ્યો કે ૩૦૦ વીઘાં જમીન તાડ તથા ખજુરીનાં ઝાડ વગેરે સાથે, કે જે તે જમીનમાં મોજુદ છે, કસ્બે નોશારીની સરહદમેંથી નીચે લખેલી તફસીલ મુજબ કેકોબાદ વલદે માહીયાર પારસીના રોજી ખરચમે મુકકર થઇ. તેને વાસ્તે આગળ તા૦ ૧૫ મી માહે મેહેર સને ૪૦ ને રોજે હોકમ થયો હતો, મગર વાંકાનવીશની શરેહમાં દાખલ નહી થઈ હતી. તેથી તફસીલથી દાખલ કરી આપી છે. બબશેશ અને દાનાઇના વાકેફ શેખ અબુલ ફઝલના રેસાલામાં દાખલ થઇ; અને બાજે મજનોદીન હશીનના વખતમાં બયાન રાખીને વાંકાનવીશના દસ્તબતથી જમીનની શહરે માજનોદીન હશીનના વાંક મુવાફેક છે. શહરે બીજી મુલ્લાં નજરના દસ્તબતથી જાગીરદારની તગીરીથી બોદાઈ ગજથી હવાલે કરે કાઇ બોદલની ફસલથી ૩૦૦ વીઘાં કસ્બે નોશારીમેંથી, કે જમીન મજકુર એની આગળ માહીયારના રોજી બરચમે હતી તે ૨૦૦) વીંઘાં. એરૂ પરગણે પારચોલ, ૧૦૦) વીંઘાં.

નોટઃ—ઉપલી બીના લખતી વખતે મને બબર નહી હતી કે માહીયારને બસો વીંઘાં જમીનની જે આગળી જાગીરી હતી, તેમાં સો વીંઘાં એરૂની જમીન ઉમેરીને ત્રણસો વીંઘાંનું તેમના દીકરા કેકોબાદને નવું ફરમાન બક્ષવામાં આવ્યું હતું. પણ એ બીના ફરમાનની પાછલી બે ત્રણ લીટીઓથી સાફ આંબના મીસાલે રોશન થઇ આવે છે. ફરમાનમાં વલાયા ( ) માં મુકેલાં શબ્દો મારી અટકળના છે, પણ તે બેબારતબંદીને છાજતા છે. કેટલીક ટાંપો પણ મારા તરફની છે, અને શબ્દ રચણા હાલના અવસરને અનુસરતી કીધી છે. બે ફરમાનની લીટીએ લીટી સચાઇનો બંશ ઢબકે છે. તેના ઉપર નકામી તાણાજાણી અને સુબનપરવરીની હુજતી મુજાહેમત કરવી તે ગોયા બેહેસ્તી રૂંવાનોને રૂંવે રૂંવે કંપારી છુટાબ્યા બરાબર છે.

લી૦ સેવક, રૂસ્તમજી હો. ખુરશેદજી.
તા૦ ૨૨ મી બકટોબર ૧૮૯૯.

ના૦ ૧૩૩

રાસ્ત ગોફતાર

(તા૦ ૧૨મી નવેમ્બર સને ૧૮૯૯)

બકબર બાદશાહ અને દસ્તુર મેહરજીરાણા.

રા૦ ગો૦ તથા સ૦ પ્ર૦ ના બધિપતિ જોગ

સાહેબ, બાપણા ગયા બંકમાં અમારા જીજ્ઞાસુ શુભેચ્છક મેબર્બાન ભાઇસાહેબ રૂસ્તમજી હો૦ ખુર્શેદજીનું ઉપલી બીના વીશે

આપે પ્રગટ કરેલું પત્ર વાંચી હું અને મારાં ખાનદાનનાં દસ્તુર્જાદા નેહાયત ખુશી થયા છીયે, અને આપે એ વીશે રોકેલો જગા કીજે ઉપકાર માન્યે છીયે. દસ્તુર્જી મેહેર્જીરાણા-ની યાદગારી વગોવવાને ઘણું ગેં ગેં ફેં ફેં ઠર્વામાં આવ્યું છે. પણ તે દાહડા હવે વહી ગયા છે કે તે વીશેનો જવાબ આપવાની કોઇએ દરકાર ન કરી. આજે અમારા પાસે એવા એવા કીતાબી અને સનદી પુરાવાઓ પડયા છે કે ગમે એવાબી નાસ્તીકની ફીફડી ફાડવાને બસ પડે. વધુ દમશુમારી નહી ચલાવતાં હું કહીશ કે એ વીશય ઉપર રચવા ધારેલું એક પુસ્તક તયાર થવા આવ્યું છે. ખોતી માત્ર છાપવાના ખરચની જોગવાઇ કર્વાનો છે. તે થતેજ સાબીતી પુરાવા સાકકે અમે આલમની મુન્સફી સન્મુખ કુર્નીશ બજાવી ખડા રહીશું. તેટલાં મારે દુકમાં જણા-વવું જોયે કે સાર્ગલ અથવા મદદે માશની જમીન આપવાનો નામદાર જીન્નતગુજીન અકબરશાહ બાદશાહનો રવૈયો તેના મુલ-કોના પંડીતો કીજે જાયજ હતો. તેની શાહદત અબુલ ફઝલની આઇને અકબરી ઉપરથી તથા બદાઓનીની તવારીખ ઉપરથી સાફ મળેછે. તેનો અને અકબરની સુરત સુધીની ચઢાઇનો વધુ પુરાવો ઇલ્યટ, ડાઉ, હંટર, મેલીસન, હોલ્ડન વગેરેના ઇતીહાસી પુસ્તકોમાં મોજુદ છે. બીયાં તાન્સેન જેવા દરબારી ગવૈયાએ જે દસ્તુ-જીની કીર્તીમાં ધ્રુવપદો બનાવ્યાં, તે સાહેબ શોહનશાહે આદેલાન આદેલ અકબરની નજ-રમાં કેટલા પ્યારા હશે તેનું ગુમાન સેહ-જજ થાયછે. ઇબાદતખાનામાં એકઠા થયલા કુલ પંડિત, ધર્મગુરૂ, એલમી, આકેલ, ફાઝેલ, હાના અને દસ્તુર્મા ઝબરો બપો થયો. તેમાં કંકાસક લોકોએ બાદશાહની પણ મુર્વત ન રાખતાં શોરબકોર ને કલા-હોલ મચાવી મુકયો. ત્યારે શાહે તેઓ ઉપર બકગીથી લ્યાનતના સુખન વર્શાવી બદાઓનીને રીપોર્ટર નેમ્યો કે આડી ચાલના મીજલશીઓ બાબે હજુર આગળ દર્બામાં રીપોર્ટ કરે. મને લાગેછે કે તે વેળાએજ બીયાં તાનસેને તાણાજાણીનું આ નીચલું ગાયણ ઇબાદતખાનાના જુબાન જંગ બાહદુરો વીશે બનાવી ગાયું હોય. તે બેભા-શામાં છે, અને રાગસ્તાન પોથીને ૨૦૯ પાને છેઃ—

બીદ્યા ઘર ગુણીઅનસે, કયું વઢયે,
ગુણ ચર્ચાકી લડાઇ લડયે,
જો કચુ જાણયે તર્વાયે ના બોલ્યે,
દોડ ગુણીનકે ચરણ ન પડયે.
તેરો મેરો ન્યાય નીરંજન આગે,
ચંદન બાબુલ કેસે એક ઠોરીયે;
તાનકુ ઝગડો માનકુ પકડો,
કેહતે **તાનસેન** જ્ઞાનનસુ તરીયે.

બીના પાયે દસ્તુર્જીની યાદદાસ્તને સતાવવા નીકળેલા સાહેબોનેબી એમાંની સુફીયાણી શીખામણ ઠીક લાગુ પડેછે. એ સાહેબો તારીમારીપર ન જતાં "ગુણ ચર્ચાની લડાઇ" લડવામાંજ પોતાની વડાઇ માને તો સારૂં, પછી તો તેઓ મુખ્તયાર છે. એમ પણ બને કે ઉપલાં ગાયણમાં તાનસેને પોતાનો તરફથી તમાચો લગાવ્યો હોય. તેવું હોય તો તે છતાંબી તે બાબાદ અજ્ઞાન અનાડીઓની અપટ આડાઇને સખ્ત ટક્કર લગાવે છે. મેહરજીરાણાની પાકી-ઝગી અને એલમ ઉતારી પાડવા ખાતર ધરાનવાળા દસ્તુર અર્દેસરનું બોહું નાહક વચમાં લાવવામાં આવેછે. પુરતો પુરાવો મોજુદ છે કે દસ્તુર અર્દેસર ફરહંગે જાંહાં-ગીરી નામની ડીક્ષનરીનાં સંબંધમાં હીંદુ-સ્તાન બાતે બાસ આવ્યા હતા. એ કીતાબ અકબરના વખતમાં શુરૂ થઇને તેના દીકરા જાંહાંગીનાં રાજઅમલમાં તમામ થઇ. પણ બગર મેહેરજીરાણા ઉપરાંત દસ્તુર અર્દેસરની કીર્તીબી ઘણી વધી ગઇ હોય તો જરથોસ્તી દાખલ સર્વથી

પેહલો હું મગરૂબ અને ખુશી થઈશ. મગર મેહેરજીરાણાનો વગવસીલો કેટલો મોટો હતો તે લાહોરના જરથોસ્તીઓએ તે વેળાએ લખેલાં એક કાગજ ઉપરથી રોશન થાય છે. દસ્તુરજીએ બાદશાહની બજાવેલી ખીદમત અને સારી સેવાથી બાદશાહની મેહરબાની લાહોર્યા પારસીઓ ઉપર ઘણી ઉતરી હતી. મી૦ રૂસ્તમજીએ પોતાનાં પત્રમાં આપેલાં નામો ઉપ્રાંત તેઓએ લખેલાં બાલી સીલોપરનાં બીજાં નામો પણ ઉકલાવવામાં આવ્યાંછે, અને મને ખબર પડીછે કે એ નામવાળા ઘણીઓ કેટલો ભારે મરતબો ધરાવતા હતા, તે પણ શોધી કહાડવાને મી૦ રૂસ્તમજી શકતીવાન થયાછે. દરેક દીનદાર જરથોસ્તીને વધામણીની વાત છે કે મર્હુમ દસ્તુરજી મેહેરજીરાણાની યાદદાસ્તને ખરો ઈન્સાફ આપી તવારીખના એક ધુંધવાયલા સફા ઉપર ચમકતું અજવાળું પાડવાનો અવસર નજદીકીમાં આવી પોંહચ્યોછે.

(તાન્સેન્નાં ઉપ્લાં પદમાં ' તાનનસુ તરીયે ' ફેરવીને મેં ' જ્ઞાનનસુ તરીયે ' કીધું છે, કેમકે તે એબારતબંદીને બંધ બેસ્તુ જણાયછે.)

મેહરજીરાણા.

ના૦ ૧૩૪.

રાસ્ત ગોફતાર.

(તા૦ ૧૯ મી નવેમ્બર સને ૧૮૯૯.)

બાદશાહ અકબર અને દસ્તુર મેહરજીરાણા.

રા૦ ગો૦ તથા સ૦ પ્ર૦ ના અધિપતિ જોગ

સાહેબ, મને કેહેવાની રજા આપશો કે મી૦ રૂસ્તમજી હોરમજજી ખરશેદજીનો લાંબો પણ રસીલો અને વાંચવાલાયક કાગળ ગઇ તા૦ ૨૯ મીના તમારાં માન પામેલાં રાસ્તમાં છાપીને તમોએ મારી ઉપરજ નહી, પણ દસ્તુર મેહેરજીરાણાનાં આખાં બાનદાન ઉપર અને તેઓનાં સેંકડો બીજા વખાણનારાઓ ઉપર ઉપકાર કર્યોછે. મેહેરજીરાણાવીશે તાનસેનના ગાયણોમાંથી મળતા એશારાઓ ઉપર હુમારૂં ધ્યાન તેઓએ ખેંચ્યું છે, અને તે વીશે વધારે જોસતેજો કરવાની સલાહ આપીછે, તે ઉપર અમલ કરવાને હમો હમારેથી બનતું કરીશું. મેહેરજીરાણાને મળેલી જાગીરને લગતાં ફરમાનનો ગુજરાતી તરજુમો તમારાં માન પામેલા રાસ્તની મારફતે છપાયાથી પારસી આલમમાં તે વધારે પ્રસીદ્ધ થયોછે, અને તેથી હમોને વધારે ખુશી થઇછે, જોકે મારે કેહેવું જોઇએ કે એ દસ્તાવેજ હમણાં પેહેલીજવાર જાણમાં આવ્યો નથી. જે અસલ ફારસી ફરમાનનો એ ગુજરાતી તરજુમો છે તે યાને જે અસલ સનદ દસ્તુર કેકોબાદજીને આજથી ૩૦૪ વરસ ઉપર મળી હતી, તે આજે પણ નવસારીના વડા દસ્તુરજી પાસે મોજુદ છે. તેની ફારશી નકલ મારી પાસે તેમજ મારાં કુટુંબના બીજા ઘણાકો પાસે પણ છે અને તેમજ એક નકલ આજથી વીસ વર્ષ કરતાં વધારે ઉપર મારા મમાવા દસ્તુર એરચજી શોરાબજી મેહેરજીરાણાએ બાનબહાદુર બહમનજી બેહેરામજી પટેલને બનાવી હતી અને તે ઉપરથીજ તેઓ સાહેબે પોતાના " પારસી પ્રકાશ "ના નવમાં પાનામાં નોંધ લીધીછે. એ ફારશી સનદના ગુજરાતી તરજુમાની એક નકલ જે મી૦ રૂશતમજીને મરહુમ મુનસફસાહેબ નશરવાનજી વજીફદારના કાગલોમાંથી મલી છે, તે પણ હમારા ઘણાક કુટુંબીઓ પાસે મોજુદ છે, કહો કે ગેલખડીના વજીફામાં ભાગલાગ ધરાવતા ઘણા ખરા સઘળા ઘણીઓ પાસેથી તેવો કાગલ મલેછે. મી૦ રૂશતમજીએ એ દસ્તાવે-

જની સતા અને સચાઇ વીશે જે લંખ્યું છે તે તેમને ઘણું માનભરેલું છે અને તે બેશક બરૂં છે. પણ તે વીશે જો કાંઇ પણ શક હોય તો તે ઇ૰ સ૰ ૧૮૯૬-૯૭ માં મેહેરજીરાણા બાબે ચાલેલી તકરારના દરમ્યાનમાં નવસારીમાં ચલાવેલી કેટલીક શોધ ખોલ પછી હાથ લાગેલા બીજા અગત્યના દસ્તાવેજોથી દુર થાયછે. અકબરના ૪૦ માં વરસમાં દસ્તુર કેકોબાદજીને આ સનદ મલ્યા પછી આઠ વરશે એવીજ એક બીજી સનદ તેઓએ શાહાનશાહી દરબારથી મેળવી હતી, જે એ પેહેલીને મજબુત ટેકો આપે છે. તેજ પ્રમાણે અકબરશાહાના ગુજરવા પછીથી જાંહુગીરશાહે પોતાના અમલનાં બીજાં વરસમાં એજ દસ્તુરને જે સનદ નવી કરી આપી હતી, તે પણ હાથ લાગીછે. તે સીવાય ખાનખાનાન અબદુલ રહીમ અને બીજા કેટલાક અમલદારોએ મેહેરજીરાણાને મલેલી જાગીરના સંબંધમાં કાઢેલા "હુકમ-ઉલ હોકમો" પણ જડયા છે. વલી એ ઉપરાંત એક લંબાણ મેહેજર પણ હસ્તી ધરાવેછે, જેની ઉપર નવસારીના શેકદાર (મેહેસુલી કામદાર) કાજી દેસાઇ, અને બીજા કેટલાક આગેવાનોની મોહોરો અને સહીઓ છે જે સાબેત કરેછે કે એ જાગીર અસલ મેહેરજીરાણાનેજ મલી હતી અને ત્યાર પછીજ તેમાં ૧૦૦ વીઘાંનો વધારો કરીને કેકોબાદજીનાં નામ ઉપર કરી આપવામાં આવી હતી. આ સઘળી સનદો અને પુરાવાઓ આજે પણ મુંબઇમાં છે અને મેહેરજીરાણાને લગતા કેટલાક ઘણાજ અગત્યના પુરાણા દસ્તાવેજો તેમજ આ ફારસી સનદોની ફોટોગ્રાફીની મદદથી આબેહુબ નકલ લેઇને તે એક કેતાબમાં સમાવવાનો હમારો વીચાર છે. આ કેતાબમાં હમોએ મરહુમ દસ્તુરને લગતા આખા સવાલની ઘણીજ બારીકીથી તપાસ કરીને તેનો સેવટનો નીર્ણય કરવાની મતલબ રાખીછે અને હમો આશા રાખીયે છીયે કે થોડા વખતમાં તે બહાર પડશે.

સેવટે મારે એક બીજી અરજ કરવીછે કે હીંદી ગાયણના સૌથી ચુનંદા પારસી ઉસતાદ તરીકે મી૰ રૂશતમજીએ આપને તાનસેનમાં મલતા મેહેરજીરાણાને લગતા એસારાઓ ઉપર કાંઇ વધુ અજવાળું પાડવાની અપીલ કીધીછે, તે અપીલ ફરીથી હમો પણ કરવાની રજા લઇયે છીયે અને આશા રાખીયે છીયે કે હીંદી ગાયણના ઉસતાદ તરીકેજ નહી પણ એક પારસી તરીકે અને પારસી કોમના એક ઉતસાહી અભ્યાસી તરીકે આપ એ બાબત ઉપાડી લેઇને પારસી આલમ ઉપર ઉપકાર કરશોજી.

લા૰ શેવક,
પેશતનજી નશરવાનજી દસ્તુર કેકોબાદ
મેહેરજીરાણા.

મુંબઇ, તા૰ ૧ લી નવેંબર ૧૮૯૯.

ના૰ ૧૩૫.

મુંબઇ સમાચાર.

(તા. ૨૦ ડીસેમ્બર સને ૧૯૦૧.)

શેહેનશાહ અકબરની દરબારમાં પારસીઓ અને મહેરજીરાણા વીષે એરવદ મોદીએ વાંચેલો રેસાલો

રોયલ એશીએટીક સોસાયટીની મુંબઇની શાખા તરફથી શમશુલઓલમાં એરવદ જીવણજી જમશેદજી મોદીએ ગઇ કાલે સોસાયટીને લગતા હોલમાં "શેહેનશાહ અકબરની દરબારમાં પારસીઓ અને મહેરજીરાણા" એ વીષય ઉપર એક લંબાણ રેસાલો વાંચી સંભળાવ્યો હતો.

પ્રમુખસ્થાને મીલ મેકડોનેલ્ડ બીરાજ્યો હતો, અને સભામાં બે પારસી બાનુઓ ઉપરાંત ૧૬ યુરોપીયન, પારસી, હીંદુ વગેરે મળી આસરે ત્રીસ ગ્રહસ્થોએ હાજરી આપી હતી.

પોતાના વીષય રજુ કરતાં એરવદ મોદીએ જણાવ્યું કે મારો રેસાલો બહુ લંબાણ હોવાથી તેમજ સોસાયટીને લગતાં જનરલમાં તે પ્રગટ થનાર હોવાથી હું તે આખો વાંચી નહી સંભળાવતાં માત્ર અગતના ભાગો ઉપરજ તમારૂં ધયાન ખેંચીશ. ધરમ અને હકુમતની બાબતમાં અકબરે આગલ થઇ ગયલા રાજકરતાઓની નકલો માત્ર કરવાની કોશેશ કરી હતી અને તેણે તે માટે અરદેશર બાબેગાન અને ટોલેમીની પુઠે ચાલવાનું પસંદ કરયું હોય એમ લાગે છે. તેનો પોતાનો કોઇ ખાસ ધરમ હોય એમ જણાતું નથી, પણ તેનો ધરમ જુદાં જુદાં તતવોનો માલમ પડે છે અને એક લખનાર તેનો ધરમ પારસી સુન્ન અને હીંદુઓના ધરમ સંબંધી વીચારોનું મીશ્ર જણાવે છે. હવે તેના ધરમમાં પારસીપણાનું જે તતવ આમેજ થવા પામ્યું તે કેવી રીતે અને તે વીશેનો છાપ તેના મન ઉપર પાડવામાં કોણે મુખ્ય ભાગ બજાવ્યો હતો તે વીશે ઘણા મતભેદ વીદવાનોમાં જોવામાં આવે છે. જો કે પારસીઓના ઘણાક રેવાજો, કીરીયાઓ અને વીચારો તેણે સવીકારીયા હતા તે વીશે તો સઘળા એકમત છે. આપણને આજે મુખ્ય સવાલ તપાસવાનો છે તે એ કે **અકબરના મન ઉપર પારસીપણાનો છાપ પાડનાર હીંદના કે ઈરાનના જરથોસ્તીઓ હતા ?**

તવારીખના જાણીતા અભયાસી મી૦ કરકરયા જેઓએ એ સવાલ વીશે તપાસ ચલાવી તે વીશે એક રસાલો પ્રગટ કરાવ્યો છે તેમનું મત એવું છે કે અકબરને પારસી ધરમ તરફ ખેંચવામાં હીંદના જરથોસ્તીઓનો કશો હાથ નહી હતો અને તે કામ ખરેખર બજાવનાર તો ઇરાનના જરથોસ્તીઓ હતા. મી૦ કરકરયાએ પોતાનો એ અભીપ્રાય દરશાવયા પછી પારસીઓમાં તે વીશે ભારે ચકચાર ઉભી થઇ હતી અને તે ઉપરથી ઉભી થયલી તકરાર પછી એ સવાલના ઉંડાણમાં ઉતરવાની મેં કોશેશ કીધી છે, અને તે માટે હાથે લખેલા દસ્તાવેજો, અસલી લેખો, પત્રવહેવાર, તવારીખની શાહાદતો વગેરેના બારીક અભયાસ પછી મી૦ કરકરયાના કરતાં જુદાંજ સેવટ ઉપર હું આવ્યો છું, અને તે સઘળી શાહાદતો નજરે જોઇ ખાતરી કરવા માટે હું તમારી હજુર લાવ્યો છું. આ તકરારનું સેવટ લાવવા માટે આપણને જે પેહેલો સવાલ હાથ ધરવાનો છે તે એ કે પારસીપણા તરફ તેને ખેંચવામાં સરવથી પહેલો ભાગ કોણે બજાવ્યો હતો. એ સવાલનો જવાબ આપવા માટે સ્વભાવીક રીતે આપણું ધયાન પહેલવહેલું જાણીતા તવારીખનવેશ બદાઉનીની તવારીખ ઉપર ખેંચાય છે, તે પોતાના તવારીખના જાણીતા ગ્રંથમાં લખે છે, કે અકબરની દરબારમાં

નવસારીથી આવેલા આતશપરસ્તો

એ અકબરના મન ઉપર પોતાના ધરમની બુલંદી વીષે એટલી મજ્ બ છાપ મારી હતી કે અકબરે તેમની ઘણીક ક્રીયાઓ અને રેવાજો ગ્રહણ કરી લીધા હતા એટલુંજ નહી પણ અબુલ ફઝલને એમ પણ ફરમાવયું હતું કે તેમના જેવું આતશકદેહ બરપા કરી તેમાં હમેશાં રાત અને દીન આતશ રોશન રાખવો. ના એટલુંજ નહી પણ તે પછીથી અકબર આતશ અને ખુરશેદની હજુરમાં જાહેર રીતે શેતાયસ

કરવા લાગ્યો હતો. બદાઉનીના એ ફકરા ઉપરથી નીચલી વીગતો પુરવાર થાય છે :— (૧) અકબરની દરબારમાં પધારેલા પહેલ-વહેલા જરથોસ્તીઓ નવસારીના પારસીઓ હતા; (૨) પોતાના ધરમ વીશે અકબરનાં મન ઉપર સંતોષકારક અસર તેઓ કરી શકયા હતા; (૩) અકબર તેમનાં શીક્ષણ તરફ ઢલ્યો હતો; (૪) તેણે અબુલ ફઝલને આતશકદેહ બરપા કરી કેબલો રોશન રાખવાનું ફરમાન આપ્યું હતું; (૫) તે ખુરશેદ અને આતશની બોલી રીતે પરશ-તેશ કરવા લાગ્યો હતો અને (૬) દોખ-માઓ તેણે ઉભાં થવાં દીધાં હતાં. આ ઉપરથી સાબેત થાય છે કે જેમ કેટલાક બીજા ધરમવાલાઓના વીચારોથી અકબરે પોતા ઉપર અસર થવા દીધી હતી તેવીજ અસર જરથોસ્તી ધરમ વીષે પણ તેના ઉપર મજબુતીથી પાડવાને તેની દરબારમાં ગયલા નવસારીના જરથોસ્તીઓ કૃતેહમંદ ઉતરયા હતા. આ બીના પણ યાદ રાખવી જોઇયે છે કે બદાઉની ફકત એકલા નવસા-રીના પારસીઓનુંજ એ કામ જણાવે છે અને બીજે કોઇ ઠેકાણેના જરથોસ્તીઓ વીશે તે ઇશારો કરતો નથી. પ્રોફેસર વીલ-સન સરખો એક પોસ્તી પણ બદાઉનીની સત્તાને આધારે પોતાના રેસાલામાં કબુલ રાખે છે કે નવસારીથી આવેલા આતશ-પરશતોએ અકબરનાં મન ઉપર જરથોસ્તી ધરમ વીષે અસર કરી હતી, અને ઘણાકોને જરથોસ્તી ધરમમાં વટલાવયા હતા અને એવી રીતે જરથોસ્તી ધરમ સ્વીકારનારાઓ-માં ચોકસ દરજજે શેહેનશાહ અકબર પોતે પણ હતો એણ કહી શકાય; તે હોમની ક્રીયા જે ચોકસ અંશે આતસની પરશતેશને મલતી છે તે કરવામાં મદદ કરતો હતો. અકબરના ઇતીહાસ માટે બદાઉની એક મોટી સત્તા સરખો છે અને બદાઉનીના કહેવાનો ખરો ભાવાર્થ ઉઠાવવામાં વીલ-સનની બરાબરી કોઇજ કરી શકે; ફોંટ દનોયે એ નામનો બીજો એક લખનાર પણ વીલસનના કહેવાને ટેકો આપે છે, અને તે પ્રમાણે આ તકરારી સવાલના સંબંધમાં તેઓ સઘળા એક મત છે.

દબેશતાનની શહાદત.

હવે એ સવાલના સંબંધમાં બીજો અગતનો સવાલ દબેશતાનની શહાદતનો છે. પણ એ ગ્રંથની શહાદત ધ્યાનમાં લેતી વેળાએ આટલું યાદ રાખવાનું છે કે બદાઉનીના મરણ પાછી સતાવન વરસો રહીને એ ગ્રંથ લખાયો હતો. હવે એ દબેસ્તાની શહાદત શું છે? બદાઉનીની માફક તેમાં પણ જણાવયું છે કે અકબરના દરબારમાં આવેલા પારસીઓ નવસારીના જરથો-સ્તીઓ હતા અને તેઓએ કરેલી અસરને લીધે અકબર જરથોસ્તી મઝહબ તરફ ઢળ્યો હતો; પણ દબેસ્તાનમાં એ ઉપરાંત વધુ એમ પણ જણાવયું છે કે અકબરે ઇરાનથી અરદેશર નામના એક પારસી બોલમાને બોલવયો હતો અને મુસાફરીનો ખરચ પણ તેને પુરો પાડયો હતો. દબે-સ્તાનના એશારાવાળા ફકરા ઉપરથી ત્યારે આપણે જાણીયે છીએ કે (૧) નવસારીથી આતશપરશતો અકબરની દરબારમાં ગયા હતા, (૨) અકબરે તેમને પોતાની રૂબ-રૂમાં રાખી તેમના હાથ હેઠળ ખુશી સાથે તાલીમ લીધી હતી અને (૩) આતશકદેહ બરપા કરાવયું હતું. આટલે સુધી દબે-સ્તાન બદાઉનીની હકીકતને ટેકો આપે છે પણ તે વચે જે ફેર જોવામાં આવે છે તે એકે (૪) દબેશતાન પ્રમાણે અકબરે નાણાં આપી ઇરાનથી અરદેશરને અને કેરમાનથી બીજા આતશપરશતોને પણ બોલાવયા હતા. દબેસ્તાનની આ વધુ વીગત ઉપર-થી એવો મદાર બાંધવામાં આવે છે કે નવસારીના મોબેદોથી અકબર સંતોષ

પામયેા નહી હતેા અને તેથી તેને ઇરાન અને કેરમાનથી જરથેાસ્તી એાલમાએાને બેાલાવવા પડયા હતા. બદાઉનીની તવારીખ સાથે દબેસ્તાનની બારીક સરખામણી કરતાં જણાય છે કે દબેસ્તાન કેાઇ પણ પ્રકારે વધારે વીગતવાર પુસ્તક નથી. પણ બરાબર તેની સમેાંતર આવી રહે એવું છે. અને તેમાં આપેલી વીગતેા માટે મેાટે ભાગે બદાઉનીનેાજ આધાર લેવામાં આવેલેા છે. હાલના જમાનાની ભાષામાં કહીએ તેા દબેશતાન માટે 'તફરામચી' શબ્દ અનુકુળ થઇ પડે. અત્રે એરવદ મેાદીએ એ તકરારના ટેકામાં કેટલાક ઉતાઉએા ટાંકી જણાવ્યું કે દબેસ્તાનના કરતાએ પેાતાની હકીકતનેા મેાટેા ભાગ બદાઉની ઉપરથી લીધેા છે અને તેમાં તેણે જે ઠાંઇ ઉમેરેા કરયેા છે તે તેણે પેાતાના ભેજાંમાંથી. ઉપજાવી કહાડેલેા હેાવેા જોઇએ. હવે સવાલ એ છે કે એ બે પુસ્તકેામાં કઇને વધારે સારી શહાદત ગણી શકાય. વીલસન અને બ્લેાકમેન જેવા વીદ્વાનેા તે વીષે એક મત છે અને તેએા દબેસ્તાન કરતાં બદાઉનીની તવારીખને વધારે અગત લાગુ પાડે છે.

ઇરાનથી અરદેશરને અકબરે શું કામ બેાલાવયેા હતેા?

ઇરાનથી અકબરની દરબારમાં એક ભણેલેા પારસી પધારયેા હતેા તે ખરૂં છે; પણ તે ધરમ સંબંધી તકરારમાં ભાગ લેવા માટે આવયેા નહી હતેા તેમજ અકબરે જરથેાસ્તી ધરમ અંગીકાર કરયેા તે પછી લાંબેા વખત રહીને તે આવયેા હતેા. મીર જમાલુદ્દીન નામનેા ઇસ્લામી ગ્રંથકાર 'ફરહંગે જહાંગીરી' નામના પેાતે રચેલાં શબ્દ કેાષમાં તેએા અભીપ્રાય દરશાવે છે. તે જણાવે છે કે મારી ઉમરનેા એક મેાટેા ભાગ પુસ્તકેા અને શાયરેા વાંચવામાં મેં ગાળયેા છે અને તેમાં દરી, ઝંદ, પાઝંદ વગરે ભાષાએના ઘણાક અરથ જણાયલા શબ્દેા મને માલમ પડવાથી ફારસી શબ્દ કેાષેાનેા ઉપયેાગ તે માટે મેં કર્યેા હતેા પણ તેમાં તે ન જડવાથી ઘણાક નહી જણાયલા બેાલેા મારી પાસે ભેગા થયા હતા જેમને વીષે જુસ્તેજુ ચલાવવામાં મેં એક જમાના એટલે ત્રીસ વરસ સુધી મહેનત કરી હતી. અકબરની દરબાર જ્યારે કાશમીરના પાયતખત શ્રીનગર ખાતે થઇ તે વેળાએ મારા એક મીત્રે તેની સાથે મને એાલખ કરાવી હતેા અને તે વેળા અકબરે મને જણાવયું હતું કે એ બાબત વીષે એક ગ્રંથ તયાર કરવાનું મેં ફરમાન આપયું હતું પણ તે બજાવવાને લાયકનેા કેાઇ મને મલયેા નથી માટે તારે તે પાર પાડવું; અને એ શબ્દકેાષ રચવામાં સહાયતા આપવા માટેજ અકબરે અરદેશરને નાણાં આપી ઇરાનથી બેાલાવયેા હતેા. એ શબ્દ કેાષમાં 'બરસમ' શબ્દનેા અરથ આપતાં જે બેાલાસેા આપવામાં આવયેા છે તે ઉપરથી એ વાતને ટેકેા મલે છે. તે બેાલાસેા એ છે કે 'અરદેશર' નામનેા મજુસ જે એક મેાટેા ધરમગુરૂ હતેા અને જેને ખરચ આપી કેરમાનથી ખાસ બેાલાવવામાં આવયેા હતેા, તે એ શબ્દનેા અરથ આ પ્રમાણે આપે છે. આ ઉપરથી શીધ થાય છે કે અરદેશરને ઇરાનથી ધરમ સંબંધી તકરારેામાં ભાગ લેવા માટે બેાલાવવામાં આવયેા હતેાજ નહી. પણ એટલું છતાં કેાઇ તકરાર કરશે કે અરદેશરે અકબરની દરબારમાં ચાલેલા ધરમ સંબંધી વાદવીવાદમાં ભાગ લીધેા હતેા પણ તવારીખની તારીખેા આગળ એ તકરાર ઉડી જાય છે. અરદેશર ૧૫૯૨ નાં વરસ પછી હીંદુસ્તાન આવયેા હતેા જ્યારે એ તકરાર તેા ૧૫૭૯ નાં વરસમાં ચાલી હતી એટલે આ ઉપરથી ફરીને સાબેત થાય છે કે અકબરને જરથેાસ્તી ધરમ તરફ

ખેંચનારાઓ પહેલવહેલાં નવસારીવાસી પારસીઓજ હતા. અરદેશર હીંદુસ્તાન આવવાની વાત જણાયા પછી ઇંગ્લેસ્તાન લખાઇ હતી અને ઠરતાની જાણમાં તે આવવાથી તેણે પોતાના પુસ્તકમાં કદાચ તે વીષે એશારો કરયો હશે; તોપણ તે ઉપરથી નવસારીના પારસીઓએ અકબરનાં મન ઉપર અસર કરી હતી તે બીના ખોટી પાડવા માટે સેજ પણ આધાર મળતો નથી. સામું તે કબુલ રાખે છે કે નવસારીના પારસીઓએ અકબરનાં મન ઉપર અસર કરી હતી અને પોતાના મઝહબની સચાઇ તેને દેખાડી આપી હતી. બીજો એક સવાલ એ છે કે અરદેશરે જો અકબરના મનનું સમાધાન કરયું હોય તો પછી આઝર કયવાનથી તેણે વધુ પારસીઓ શા સારૂ બોલાવયા હતા? અકબરે ગોવાના પાદરીઓએ ખ્રીસ્તી ધરમ સમજાવવા છતાં યુરોપથી બોલમાઓ બોલાવયા હતા, અને તે સાથે સરખામણી કરતાં ખાતરી થાય છે કે નવસારીના પારસીઓથી તે સંતોષ પામયો નહી હતો એવી તકરારમાં કશું વજુદ નથી. અરદેશર ૧૫૯૨ ની આગમચ હીંદુસ્તાન આવ્યો નહી હતો અને બદાઉનીના જણાવા પ્રમાણે પારસી ક્રીયા વગેરેનો અંગીકાર અકબરે કરયો તેને એ વેળાએ અગયાર વરસ જેટલી મુદત ઘટી ગઇ હતી.

તારીખે મમાલીકની શહાદત.

'તારીખે મમાલીક' જે જોકે પાછળથી લખાયલી તે પણ મારા વીચારને ટેકો આપે છે. તેનો ઠરતા જણાવે છે કે અકબરના રાજ્યના ચોવીસમાં વરસમાં કેટલાક કુફર પારસીઓ અને મજુસોએ પાદશાહના મન ઉપર ખરાબ અસર કરી તેનું મન ફેરવી નાખયું હતું. હવે એ પારસીઓને તે બીરબલ સાથે જોડે છે અને બીરબલ તો અરદેશર ઇરાનપર આવયો તે પહેલાં મરણ પામયો હતો. તે પણ સીધ કરે છે કે બીરબલનાં નામ સાથે જે કુફર પારસીઓને જોડવામાં આવયો છે તેઓ નવસારીના પારસીઓજ હતા.

ગુજરાતના પારસીઓની કેળવણીના આધારની તકરાર.

અકબરની દરબારમાં ગયલા પારસીઓ નવસારીના પારસીઓ નહી હોવા જોઇએ એવા પોતાના અભીપ્રાયના ટેકામાં મી૦ કરકરયા ગુજરાતના પારસીઓની તે વેળાની કેળવણી સંબંધી હાલતનો આધાર લેય છે અને જણાવે છે કે ધરમ સંબંધી બાબતોને લગતી તકરારોમાં ભાગ લઇ શકે એવી તે વેળાની તેમની સ્થીતી ન હતી. સામટી રીતે લેતાં પારસીઓ કદાચ લાયક નહી હોય તોપણ તેઓમાંથી તેવા લાયક આસામીઓ મલી નહીજ આવે એમ કહેવું બેહુદું છે. અબુલ ફઝલ જણાવે છે કે સચાઇની શોધમાં ઉપયોગી અને મદદગાર થઇ પડે એવા મોબેદો વીષે એશારો કરે છે; હવે મી૦ કરકરયા જણાવે છે તેમ ગુજરાતના સઘળા પારસીઓ અજ્ઞાનજ હતા ત્યારે આજે મોબેદો વીષે એશારો છે તે કોણ હતા?

મહેરજીરાણા.

મેં આપેલી શહાદતો ઉપરથી હવે જો તમારી ખાતરી થાય કે અકબરને જરથોસ્તી ધરમ તરફ ખેંચનાર નવસારીના પારસીઓજ હતા તો સવાલ ઉઠશે કે તેમનો આગેવાન કોણ હતો? હું તે માન દસ્તુર મહેરજીરાણાને આપુ છું. તેમને માટે એવું કહેવામાં આવ્યું છે કે તેઓ તો નવસારીના ખુણે પડેલા એક નહી જણાયલા મોબેદ હતા; પણ દસ્તાવેજી પુરાવાઓ જે હું તમારી હજુર મેલીશ તે ઉપરથી તમો જોશો કે તેમનું આ વરણન કેવલ કલ્પીત છે. અત્રે એરવદ મોદીએ કેટલાક દસ્તાવેજી પુરાવાઓ સહીશાખ સાથના રજુ કરી જણાવ્યું કે પહેલો દસ્તાવેજ નવસારીના મોબેદોએ બરસનુમ અને બોય દેવાની ક્રીયા વેળાએ તાડી

નહી પીવાના કરેલા ઠરાવને લગતો છે અને તે ઉપર સપર પહેલી સહી મહેરજી રાણાનીજ જોવામાં આવે છે. તેમની સહી પહેલી છે તે દેખાડે છે કે તેઓ નવસારીના ખુણે ખટોળે પડેલા મોભેદ નહી હતા. બીજો એક દસ્તાવેજ ધરમની ક્રીયાઓ ધરમના ફરમાનોને અનુસરીને ઘટતી રીતે બજાવવાના કબાલાને લગતી છે, અને તે ઉપર પણ મહેરજીરાણાનીજ સહી પહેલી જોવામાં આવે છે. ત્રીજો પુરાવો નવસારીના આગેવાનોએ તેમને ભેટ કરેલી દશ વીંઘા જેટલી જમીનનો છે; એવી બખશીશ કોઇ ઓછાં જણાયલાં આસામીને કરવામાં આવે નહી. ચોથો પુરાવો રેવાયતોનો છે અને ધરમ સંબંધી સવાલોના ઠરાવથી જે જવાબ વાળવામાં આવયા હતા તે ઉપર પહેલું નામ મહેરજીરાણાનું છે. તેઓ સારી પેઠે જણાયલા હતા તેનો એક વધુ પુરાવો તેમના પીતા રાણા જેસીંગ ઉપરથી મલે છે. તેઓ પણ ભણેલા હતા અને ઇરાનની રેવાયતોમાં તેમને વીષે એશારો આવેલો છે. અત્રે એરવદ મોદીએ મહેરજીરાણાનાં કુટુંબને જાગીર ભેટ આપતાં તેમના બેટા કેકોબાદને અકબરે પોતાની મોહર સાથનું જે ખત આપયું હતું તે અસુલ રજુ કરી તેઓએ જણાવયું કે તે પરથી બોલું જણાય છે કે મહેરજીરાણાને આપેલી બસો વીંઘા જેટલી જમીન ઉપરાંત તેમના બેટા કેકોબાદને એકસો વીંઘા જુદી જમીન આપવામાં આવી હતી. એ ખતમાં 'મદદે માસે માહીઆર' એવા શબદો બોલા લખાચલા છે, અને અકબરે જયારે પાછલથી બીજા બોલમાબોને આપેલી મદદે માસ અરધે ભાગે પાછી લઇ લીધી હતી ત્યારે મહેરજીરાણાના બાબમાં તેમ કરયું નહી હતું. આ પછી જાગીરની હદનાં સંબંધમાં ઉઠેલા વાંધાને લગતી તપાસ ઉપરથી એક વધુ પુરાવો રજુ કરી જણાવયું કે એકસો ને નેવું વરસ જેટલી ભણતરની એક જુની કીતાબમાં (જે રજુ કરવામાં આવી હતી) પણ દસ્તુર મહેરજીરાણાનું નામ મોજુદ છે અને તે ઉપરથી પણ સાબેત થાય છે કે મી૦ કરકરયા ધારે છે તેમ તેઓ ખુણેખોચરે પડેલા મોભેદ નહી હતા.

રાગસ્તાનની શહાદત.

હવે એ બાબતના સંબંધમાં રાગરાગણીઓની શહાદત હું રજુ કરીશ. મી૦ કરકરયા મહેરજીરાણાના નામ સાથે જોડાયલાં ગીતોને 'ડોગરેલ' ની ઉપમા આપી હસી કહાડે છે, પણ સર દીનશા પીટીટના એક આગલા વડવા માટે લખાયલી એકસો દશ વરસની એક જુની કેતાબ (જે રજુ કરવામાં આવી હતી) માં આવેલાં એક ગીતમાં મહેરજીરાણા અને અકબર વીષે એશારો છે. હવે એ ગીતનો લખનાર કોણ છે તે તપાસીયે. મને તે અકબરના જાણીતા ગવઇયા તાનસનનું જણાયું હતું અને તે વીષે વધુ સતાધારી શહાદત મેળવવા માટે બંગાલવાલા મહારાજ તાગોર જેઓ હીંદ ગાયનના સંબંધમાં એક સતા જેવા છે તેમની ઉપર તે મોકલાવી તેમનો અભીપ્રાય મંગાવયો હતો. તેમનો જવાબ આજેજ તાર મારફતે ફરી વળયો છે. અને તેમાં તેઓ જણાવે છે કે તાનસને તે રચેલું લાગે છે. હવે આ કરતાં વધારે મજબુત શહાદત બીજી શી હોય ? પ્રોફેસર હોડીવાલા જેઓએ આ સવાલને લગતી આગલી ચરચામાં ઉલટમંદ ભાગ લીધો હતો તેમના તરફથી મળેલા બે મરાઠી ગાયનો (જે રજુ કરવામાં આવયાં હતાં) પણ એવો સંબંધ પુરવાર કરી આપે છે. એક બીજા ગીતમાં જણાવયું છે કે અકબરે સુદરેહ કુસ્તી પણ પહેરયો હતો; ખ્રીસ્તી મીશનરીઓના લખાણ ઉપરથી એ વાતને ટેકો મળે છે, કેમકે તે મુજબ તેણે ખ્રીસ્તી અને હીંદુ ધરમનાં ચીનહો પણ સજયાં હતાં,

અને તે જોતાં તેણે જરથોસ્તી મઝહબના એ ચીનહો પણ સ્વીકારયાં હોય તેમાં કાંઇ નવાઇ જેવું નથી. બદાઉનીમાં પણ એક ઠેકાણે જણાવ્યું છે કે અકબર પોતાના કપાલ ઉપર તીલક કરતો અને કમરે 'ઝનાર' (કુસ્તી) લપેટતો હતો; તે દેખાડે છે કે સદરા કુસ્તીની વાત પાછળથી પારસીઓએ ઉભી કીધી નથી, પણ આવા ખોલાસાઓને આધારેજ તેઓ દોરવાયા હતા. દસ્તુર શાપુરજી સંજાણા પણ લખી ગયા છે કે મેહેરજી રાણાએ અકબરની જનાબમાં જઇ તેને દીનએહ દેખાડી હતી. એક સવાલ એવો કરવામાં આવે છે કે તેમના જમાનામાં મહોમેદન તવારીખનવેશોએ મહેરજી રાણા વીશે કાં એશારો નથી કરયો ? પણ યાદ રાખવું જોઇએ છે કે બદાઉની એક ધરમચુસ્ત એસ્લામી હતો અને તેથી તેમનું નામ લખવાની તેણે દરકાર કરી નહી હોય. વળી ખ્રીસ્તી મીશનરીઓમાં પણ સઘળાઓનાજ નામ તે વેળાના તવારીખનવેશોએ ઉતારયાં નથી તે ઉપરથી પણ એને ટેકો મલે છે. મેહેરજીરાણાએ કરેલી મોજેજાની બાબત ઉપર આવતાં એરવદ મોદીએ જણાવ્યું કે આવી બાબતોને આપણે હાલ કાંઇ ઝાઝું વજન લાગુ પાડયે નહી. તવારીખમાં જો મોજેજાની શહાદતોનો આધાર લેવામાં આવે તો તે સામે કોણ બચી શકશે. વરજીલનો દાખલો લેવો, તેને નામે શું થોડા મોજેજા અરાવી દેવામાં આવયા છે ? પણ એ આધારની તકરાર કાંઇ ઘટતી તકરાર કહેવાય નહી. તેમ છતાં મોજેજાની બીના એક બીજી રીતે સમજાવી શકાય. ખગોળવેતા અને વાયુશાસ્ત્રીના અભયાસીઓ ખોટો ચાંદ કે સુરજ દેખાવાનું કબુલ રાખે છે, અને તેવા કોઇ કુદરતના ભેદ વીશેની તકરારમાં મહેરજીરાણાએ ભાગ લેવાથી મોજેજા કરનાર તેમને ઠોકી બેસાડવામાં આવયા હોય. અકબરના જમાનામાં એક ધુમકેતુ જણાવાથી તેની છાવણીમાં તે વીશે ભારે ખળભળાટ ચાલી રહયો હતો અને તે જોતાં આ તવારીખનો બનાવ બનયો નહીજ હતો એમ કહી નહી શકાય. અને એરવદ મોદીએ જણાવ્યું કે મી૦ કરકરયાએ મહેરજીરાણાના વંશજોને હડહડતો ગેરઇનસાફ કરયો છે. તેમના કનેના દસતાવેજો વાંચવામાં તેઓએ થાપ ખાધી છે. પોતે જે દસતાવેજો તપાસયા હતા તેના સંબંધમાં ભવીશમાં પોતાનું રક્ષણ થાય એવી મતલબથી તેઓએ બે જાણીતા ગૃહસ્થોની તે ઉપર સહીઓ કરાવી હતી અને તે સહીવાળા દસ્તાવેજોજ તમારી આગળ હું રજુ કરૂં છું તે ઉપરથી ખાતરી થશે કે મી૦ કરકરયાએ જણાવ્યું છે તેમ એ દસ્તાવેજમાં બદાઉનીનું નામ નથી પણ બદલાની એવું નામ ખોલું લખેલું છે. વળી નામના મલતાપણાને લીધે ભુલ થઇ હોય એમ પણ નથી કેમકે સાથે પુસતકનું નામ વાકેઆ તે અકબરી કરી લખેલું હતું જ્યારે બદાઉનીનાં પુસ્તકનું નામ તો મી૦ કરકરયા જાણે છે તેમ મુનતખબઉલ તવારીખ છે. આવી રીતે મહેરજીરાણાના વંશજોને ખોટા રૂપમાં મેલવાનું કામ ઘણું અણઘટતું છે.

અત્રે લગભગ દહોડ કલાક રહીને એરવદ મોદીએ પોતાના રેસાલાના અગતના ભાગોનો સંક્ષેપ વાંચીને પુરો કરયો હતો.

અત્રે વખત થઈ જવાથી પ્રમુખની સુચના ઉપરથી તે વીષેની તકરાર મુલતવી રાખવાની દરખાસ્ત મી૦ કામાએ મેલી હતી.

મી૦ કરકરયાએ તેને ટેકો આપતાં પોતા સામે લાવવામાં આવેલી તકરારોના જવાબમાં એક યાદી લખી વધુ તકરાર માટે સગવડ કરી આપવાની કબુલાત

આપતાં ટીકા કરી કે મી૦ મોદી પોતે જે દસ્તાવેજો અને સાધનો ધરાવે છે તેમના સંબંધમાં બહુ ઇરશાની લાગણી ધરાવે છે અને બસુસ કરીને ગ્રાનતને લગતું બત તેઓએ મારી તરફ આવવા દીધું નહતું તે બહુ સુચક થઇ પડે છે.

મી૦ મોદીએ તે તેમને દેખાડવા જણાવ્યું હતું.

બાદ દરબાસ્ત પસાર કરી મી૦ મોદી તથા પ્રમુખનો ઉપકાર માની સભા વીસરજન થઈ હતી.

ના૦ ૧૩૬.

અખબારે સોદાગર

(તા૦ ૨૦ મી ડીસેમ્બર સને ૧૯૦૧)

" અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહરજી રાણા " એ વીશય ઉપર સમસુલએોલમાં એરવદ જીવણજી જમશેદજી મોદી બી. એ. નું ભાષણ.

ગઇ કાલે ટાઉન હોલમાં રોયલ એસીયાટીક સોસાયટીની મુંબઇની સાખા તરફથી એરવદ જીવણજી જમશેદજી મોદીએ " અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહરજી રાણા " એ વીશય ઉપર એક નીબંધ વાંચી સંભળાવ્યો હતો.

અમારા આજના અંકપર અસાધારણ દબાણ હોવાથી સમસુલએોલમા એરવદ જીવણજી જમશેદજી મોદીએ કીધેલું ભાષણ આજરોજે લંબાણથી અમો આપી શકતા નથી, પણ અમારા આવતી કાલના અંકમાં તે વીગતવારે આપવામાં આવશે. મી૦ મોદીએ પોતાનાં ભાશણ દરમયાન અકબર બાદશાહની દરબારમાં ગયલા પારસીઓને લગતું ઘણું રસીલું વરણન કહી સંભળાવ્યું હતું અને તેમ કરતાં તેવણે તરેહવાર પુસતકોની શાહદતો ટાંકી બતાવી સાબેત કરી આપ્યું હતું કે એ પ્રખ્યાત બાદશાહની દરબારમાં દસ્તુર મેહેરજી રાણા ગયા હતા અને તેવણ પોતાના જમાનામાં એક નહી જણાયલા ધરમગુરૂ નહી પણ આગેવાન જરથોસતી ધરમગુરૂ તરીકે જાણીતા થયલા હતા. ૧૬૦ વરસની વાતપર લખાયલી ચોકસ બંદગીની ચોપડીમાં દસતુર મેહેરજીરાણાનું નામ માલમ પડે છે. બાદશાહ અકબર કાંઇ એકજ ધરમ પાલતો નહી હતો. તે હીંદુ ધરમ પાલતો જણાયલો હતો તેમજ તે કરીશ્ચીન ધરમને પણ માનતો હતો અને તેમજ તે સુદરો કુસતી પણ પેહેરતો માલમ પડ્યો હોય એ બનવાજોગ છે. મી૦ કરકરયાએ દસતુર મેહેરજીરાણાને અને તેવણનાં કુટુંબને ઘણો ગેરઇનસાફ કરયો છે. છેવટે મી૦ મોદીએ મી૦ હોડીવાલાનો કેટલીક સાહદતો ટાંકી બતાવવા માટે તેમજ પુરાના પુસતકો રજુ કરવાની જે તક આપી હતી તે માટે ઉપકાર માનયો હતો. બાદ મી૦ મોદીની તકરારનો વળતો જવાબ આપવાનું મી૦ કરકરયાએ વખત થઇ જવાથી મુલતવી રાખ્યું હતું.



ના૦ ૧૩૭.

અખબારે સોદાગર, સમાચાર દરપણ, તથા મુંબઇ ચાબુક.

(તા૦ ૨૧ મી ડીસેંબર સને ૧૯૦૧.)

દસ્તુર મહેરજીરાણા અને શહેનશાહ અકબર.

——

નવસારીના અસલી વખતના પ્રખ્યાત દસ્તુર મહેરજીરાણા મોગલ વંસના શહેનશાહ અકબરની દરબારમાં ગયા હતા, અને એ પ્રખ્યાત પાદશાહના દીલમાં જરથોસ્તી ધરમ તરફ બહુ સારી લાગણીઓ પેદા કીધી હતી તે વીશે અસલી જમાનાથી જુદા જુદા તવારીખનવેશોએ નોંધ કીધો છે, એટલુંજ નહી, પણ એ બનાવની યાદગીરીમાં કેટલાક ગાયનો પણ હસ્તી ભોગવતાં જણાવવામાં આવે છે. દસ્તુર મહેરજીરાણાને લગતી આ સઘળી હકીકત પર તવારીખના બારીકબીન અભ્યાસી મી૦ કરકરયાએ ભારે શકની નજરથી જોઇ આજ પાંચ વરસની વાતપર એવો અભીપ્રાય ઉચારયો હતો કે, દસ્તુર મહેરજીરાણાને લગતી જે કીસ્સાકહાણી પારસીઓમાં ચાલે છે તે તવારીખની શાહદતો તપાસતાં વજુદ વીનાની ઠરે છે. મી૦ કરકરીયાના આ અભીપ્રાય પર તે વેળા પારસીઓમાં ભારે ચરચા ચાલી રહી હતી, પણ જેમ હંમેશાં બને છે તેમ એ ચરચાએ થોડોક વખત ગરમી દેખાડી પાછી તે ઠંડી થઇ ગઇ. આપણા કાબેલ એરવદ સમસુલઓલમા એરવદ જીવણજી જમશેદજી મોદીએ એ બંધ પડેલી ચરચા હાલ પાછી જગાડી છે. એ ચરચા પાછી જગાડવામાં સારૂં થયું છે કે નરસું થયું છે તે વીશે કાંઇ પણ મત નહી ઉચારતાં અમો એટલુંજ કહીશું કે, એ મરહુમ દસ્તુરની તરફેણમાં જાય એવી જે કાંઇ મોતેબર તકરારો લાવવામાં આવશે તે પારસી કોમ ભારે આવકારદાયક ગણી ખુશીથી સાંભળશે. પારસી કોમની આવી લાગણીનો ખયાલ કરીનેજ મી૦ મોદીએ કદાચ આ ચરચા પાછી જગાડી હોય. જે વીદવતાથી મી૦ મોદીએ મરહુમ દસ્તુર મહેરજીરાણાની કથાને સાચી ઠેરવી આપવાની કોશેશ કીધી છે તે એ ચાલાક ધરમગુરૂના ઉંડા અભ્યાસ અને બહોળાં જ્ઞાનની બહુ અચછો સહાદત પુરી પાડે છે. મી૦ કરકરીયા તવારીખ વીશે જે ખંત અને ઉલટ ધરાવે છે, તે જોતાં તેવણ પોતે પણ જો કાંઇ સંગીન ઇતીહાસીક તકરાર પોતાની આગળ રજુ થતી જોશે તો તેવણ બરેજ ખુશી થશે. મી૦ કરકરીયાએ આજ પાંચ વરસપર કરેલાં ભાશણનો રદ્દો આપવાની કોશેશ મી૦ મોદીએ કીધીછે, તે ઉપર હાલ તરત તકરાર ચલાવવી કવખતની ગણાશે. કારણકે ખુદ મી૦ કરકરીયા એ ટીકાઓનો રદ્દ જવાબ રોયલ એશયાટીક સોસાયટી આગળ આપવાના છે. ઉંડાણમાં જઇ સઘળી બાબદની મજબુત જુસતેજો કરીનેજ તવારીખની બાબદ પસાર કરવા દેવા માટે એવણની ઉલટ એટલી જાણીતી છે કે, આ બાબદ ઉપર જયારે એવણ ફરીથી ધયાન આપવાના છે તયારે ઘણું રસીલુંજ લખાણ આપણને વાંચવાનું મળશે.

મી૦ મોદીએ પોતાના ભાશણ દરમયાન બહાઉનીની તવારીખપર મુખય મદાર બાંધેલો માલમ પડે છે, અને તેની તવારીખમાં જણાવેલી વીગતો જો ખરી હોય તો મી૦ મોદીના જણાવયા મુજબ નીચલી વીગતો પુરવાર થાય છેઃ— (૧) અકબરની દરબારમાં પહેલવહેલા પધારેલા જરથોસ્તીઓ એ બીજા કોઇજ નહી પણ નવસારીથી ગયલા

પારસીઓ હતા. (૨) શાહ અકબરના મનપર જરથોસ્તી ધરમની મોટાઈ વીશે તેવણે સંતોશકારક છાપ મારયેા હતેા. (૩) તેમના શીક્ષણથી અકબર કુદરતીજ રીતે જરથોસ્તી ધરમ તરફ ઢલ્યેા હતેા. (૪) એક આતશઠેહ પરથાવી તેમાં આતશ રેાશન રાખવાને એ બાદશાહે અબુલફઝલને ફરમાન આપયું હતું. (૫) સુરય અને અગની દેવતાને તે ખેાલી રીતે પુજવા લાગયેા હતેા, અને (૬) દેાખમાએા ઉભાં થવાં દીધાં હતાં.

બદાઉનીએ જાહેર કીધેલી આ સઘળી વીગતેાના મી૦ ઠરકરીયા કેવેા જવાબ આપે છે તે જ્યાં સુધી આપણે જાણીએ નહી તયાં સુધી એ વીશે મત ઉચારતાં અટકીશું. મી૦ મેાદી દસ્તુર મહેરજીરાણાના વંશજોને કનેના દસ્તાવેજોના સંબંધમાં જણાવે છે કે, એ દસ્તાવેજો તપાસતાં મી૦ કરકરીયાએ થાપ ખાધી છે. પેાતે તપાસેલા દસ્તાવેજોના સંબંધમાં પાછળથી કાંઇ વાંધેા નહી ઉઠે તેટલા ખાતર મી૦ કરકરીયાએ આ દસ્તાવેજોપર બે જાણીતા ગ્રહસ્થેાની સહેા કરાવી હતી, અને તે સહીવાળા દસ્તાવેજો સભા આગળ રજુ કરી મી૦ મેાદીએ જણાવયું હતું કે, એ દસ્તાવેજોમાં 'બદાઉની'નું નામ નથી પણ 'બદલાની' એવું નામ ખુલ્લી રીતે લખેલું છે. વળી 'બદલાની'નું નામ ભુલમાં 'બદાઉની'ના નામ સાથે ભેળી દેવાયું હેાય એમ પણ નથી, કારણકે 'બદલાની' એ લખેલાં પુસ્તકનું નામ તેની સાથેજ "વાકેઆતે અકબરી" એ મુજબ લખેલું છે, અને બદાઉનીના પુસ્તકનું નામ તેા મી૦ કરકરીયા જાણે છે તેમ 'મુનતખબઉલ તવારીખ' છે."

મી૦ મેાદીના કહેવા મુજબ મરહુમ દસ્તુર મહેરજીરાણાના વંશજોને આ અચાનક ભુલથી ગેરઇનસાફ કીધેા છે. મી૦ કરકરીયા જેવા તવારીખની સચાઈને ચહાનારા ગ્રહસ્થ તરફથી આ વીશે શેા વધુ ખુલાસેા થાય છે તેની આપણુ ખરેજ ભારે ઇનતેજારી સાથ રાહ જોતા રહીશું.

ના. ૧૩૮.

જામે જમશેદ

(તા૦ ૨૧મી ડીસેંબર સને ૧૯૦૧)

દસ્તુર મેહેરજીરાણા અને અકબરની દરબાર.

રેાયલ એશીયાટીક સેાસાયટી સનમુખ એરવદ જીવનજી મેાદીનું ભાષણ.

રેાયલ એશયાટીક સેાસાયટીની મુંબઇની શાખાની સભા, સેાસાયટીના ટાઉનહેાલમાંના દીવાનખાનામાં ગયા બરેસપતવારે પાા કલાકે મળી હતી જે વેળાએ સમશુલ ઓલમાં એરવદ જીવનજી જમશેદજી મેાદીએ, શેરીફ મી૦ મેકડેાનલ્ડના પ્રમુખપણા હેઠળ "અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહેરજીરાણા," એ વીશય ઉપર ભાષણ આપયું હતું. એ વેળાએ સરનશીન ઉપરાંત મીસીસ દેારાબજી જમશેદજી તાતા, મીસ ખરશેદજી રૂસ્તમજી કામા, વીલસન કેાલેજના પ્રીનસીપલ રેવરંડ મી૦ સકેાટ, મેસરસ ખરશેદજી રૂસ્તમજી કામા, બેહેરામજી નશરવાનજી સીરવઇ, ફરામરેાજ અરદેશર વકીલ, પ્રીરેાઝશાહ જહાંગીર મરઝબાન, ડી. મેકડેાનલ્ડ, જમશેદજી મેરવાનજી આંટયા, દેારાબ જમશેદજી તાતા, રૂસતમજી પેસતનજી કરકરયા, નવરેાજજી આદરજી ડેપયુટી, એરવદ માણેકજી રૂસતમજી ઉનવાળા, રૂસતમજી મેહેરનેાસજી મસાની, વગેરે હાજર હતા.

* ભાશણ પુરૂં થવા બાદ મી૦ ખ. રૂ. ઠામા ભાશણ કરતાનો ઉપકાર માનવાની દરખાસ્ત કરતાં બોલ્યા કે આ તકરારી બાબદ-નો એરવદ મોદીએ ઘણો ઉંડો અભ્યાસ કરેલો દીસે છે. અલબતા એ ઘણી રસીલી બાબદ છે અને કુદરતી રીતે તેનો રદ જવાબ મી૦ કરકરયા તરફથી મળેલો જોવાને આ-પણે ઇંતેજાર છીયે. પણ તે તકરાર હમણાજ લંબાયલી જોવા મોડું થઇ ગયાના સબબથી કદાપી આ સભા રાજી હશે નહી; અને હમણાજ જવાબ આપવાથી મી૦ કરકરયા પોતાને તથા પોતાની બાબદને ઇનસાફ આપી શકશે નહી. માટે હું સુચવું છું કે મી૦ કરકરયાએ પોતાનો જવાબ બીજી વખતે સભા બોલાવીને આપવો.

પ્રમુખ મી૦ મેકડોનલ્ડે પણ આવીજ સુચના કરવાથી મી૦ કરકરયાએ કહ્યું કે તેવણ જોકે તયાંને તયાંજ જવાબ આપવા તઇયાર છે તોપણ વધારે લંબાણથી ઉતર-વાને બની આવે માટે એવણ પોતે જુદો નીબંધ લખી બીજી સભા આગળ રજુ કરશે. મી૦ કરકરયાએ દલગીરી બતાવી કે જે અસલના દસતાવેજો અને કેતાબો ઉપર એરવદ મોદી પોતાનો આધાર રચવા માંગે છે તે છુટથી સભામાં બતાવવામા આવયા નથી, તેવણને પોતાને એ દસતાવેજો જોઇ તપાસવા માટે અગતયના છે, માટે તે સોસાયટીમાં તપાસ માટે ખુલ્લા રહેવા જોઇયે. મી૦ કરકરયાએ વધુ જણાવયું કે "બદઓની" નામના જે તવારીખન-વેશનો ફકરો એરવદ મોદીએ ટાંકયો છે તેની અસલ કેતાબ બતાવવી. એરવદ મોદીએ એ સઘળા દસતાવેજો તપાસવા દેવા કબુલયું હતું.

* આ સંપુર્ણ ભાષણ માટે જુઓ એરવદ જીવનજી મોદીનો "શાહ અકબરની દરબારમાં પારસીઓ–અને દસ્તુર મેહેરજીરાણા" પાળો ગ્રંથ પાના ૧૭૮–૩૬૮

ના૦ ૧૩૯.

મુંબઇ સમાચાર.

(તા. ૨૮ ડીસેંબર સન ૧૯૦૧)

મરહુમ દસ્તુર મેહેરજી રાણાને લગતી ચાલતી આવેલી દંતકથાના ટેકામાં એરવદ જીવનજી જમશેદજી મોદીએ ગયાં અઠવાડયાંમાં આપેલાં ભાષ-ણમાં જણાતી મુસ્તકીમ દલીલો તથા સંગીન શાહાદતો-ની બેદ કરવા જેવી બેરહાજરી.

મરહુમ દસ્તુર મેહેરજીરાણા દેહલીની દરબારમાં ગયા હતા, શેહેનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવ્યો હતો, અને મોઅજેઝો કરી બતાવી તે મહાન શહેન-શાહને એ ધર્મમાં વટલાવ્યો હતો, એવી અકસર કરીને નવસારીના પારસીઓમાં ચાલતી આવેલી દંતકથાની તરફેણમાં એરવદ જીવનજી જમશેદજી મોદીએ અત્રેની રૉયલ એશીઆટીક સોસાઇઅટી આગળ જે ભાષણ ગયા અઠવાડયાંમાં કીધું છે તેની ટુંક તપાસ અત્રે અમો લઇશું. આ બાબત વીસે થોડાંક વરસ ઉપર અમો લંબાણથી વીવેચન કરી ગયા હતા તે કદાચ વાંચનારના ધ્યાનમાં હશે. તે વેળાએ દંતકથાનું ખંડન એજ સોસાઇઅટી આગળ ઇતીહાસના જાણીતા વીદ્વાન અભ્યા-સી મી૦ રૂ૦ પે૦ કરકરયાએ કર્યું હતું, અને તેઓ જે દલીલો લાવ્યા હતા તે સાથ અમો મળતા થયા હતા. કહેવાને અમને બેદ ઉપજે છે કે હાલમાં એરવદ જીવનજીએ મી૦ કરકરયાની દલીલોને નાપાયદાર ઠરાવવા માટે, કૃતેહ મેળવવાની આશા બીલકુલ છોડી બેઠેલા એક આસામી તરફથીજ કરવામાં આવે એવી મીથ્યા

તજવીજ કીધેલી અમને લાગે છે. આશરે પાંચ વરસ ઉપર એ ઇતીહાસીક સવાલનો નીર્ણય શેહેનશાહ અકબરને લગતી હયાત તવારીખોને આધારે કરવામાં આવ્યો હતો. તે વેળાએ તે દંતકથાની તરફેણ કરનારા તથા તેના વીરોધીઓએ પોતાની તકરારો પુરતી છુટથી રજુ કરી હતી, અને કાંઇ પણ તારસોબી વગર ધીરજથી વિચાર કરનારાઓને પોતાનું મત બાંધવા અને સામસામેની તકરારો વચ્ચે તોલ કરવા માટે પુરકળ જોગવાઇ મળી હતી. તેમ છતાં એ દંતકથાને લગતો સવાલ તેના નીર્ણય પછી પાંચ વરસ ગુજરી ગયા બાદ પાછો ઉલો કરવાની ખબર એરવદ જીવનજી તરફથી બાહેર મેલવામાં આવી, ત્યારે ફારસી ભાષાનાં તેમનાં જ્ઞાન સંબંધી કેટલાકો વચ્ચે ચાલતાં મતને કારણે તે સવાલના સંબંધમાં તેમના ભાષણ મારફતે કાંઇ નવીજ શહાદતો જાહેરમાં આવવાની તથા તેની ઉપર નવુંજ અજવાળું પડવાની અમોએ સ્વભાવીક રીતે વધી રાખી હતી. પણ જણાવવાને દલગીરી ઉપજે છે કે અમારી તે વધી ખરી નથી પડી. મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ દેહલીમાં મોઅજેઝો કરી બતાવી શેહેનશાહ અકબરને જરથોસ્તી ધર્મમાં વટલાવવાને લગતી દંતકથા ઉપર મજબુત શક નાખવાની ફરજ પોતે એક જરથોસ્તી તથા અથોરનાન હોયા છતાં મી૦ કરકરયાને પડી હતી; કારણકે હયાત તવારીખો મધેથી એ દંતકથાને ટેકો આપે એવી સીદ્ધી સાબેતી જેમ મળી શકતી નથી, તેમ આડકતરી શાહદતો તેની સામુ વીરૂદ્ધ જાય એવીજ જણાય છે. એ દંતકથા વીરૂદ્ધની તેઓનાં દલીલોને નાપાયદાર ઠરાવવાની આગળ બહુ કોશેશ થઇ હતી, પણ સમજુઓની નજરમાં તેને લગતો શક હમણા સુધી કોઇથી દુર થઇ શકયો નથી. તે શક દુર કરવાનું એરવદ જીવનજીએ માથે લીધું તે વેળાએ, અમોએ ઉપર એશારો કર્યો છે તેમ, તેમની તરફથી કોઇ સંગીન તથા સીદ્ધી દલીલો અને શહાદતો જાહેરમાં મેલાવાની વધી અમોએ રાખી હતી. પણ એકવાર ફરીથી અમો જણાવીશું કે એમનાં લંબાણ ભાષણમાં તે શકને દુર કરનારી અથવા તો તે દંતકથાને ખાતરી પુર્વક રીતે સાચી દેખાડનારી કોઇ તેવી દલીલો કે શહાદતો અમારા જોવામાં નથી આવતી. તે કારણે તે દંતકથાને લગતો સવાલ એકવાર ફરીથી ચર્ચા માટે ઉલો કરીને સામાન્ય રીતે પારસીઓને તથા ખાસ કરીને મરહુમ દસ્તુરના કુટુંબીઓને, ઇતીહાસનાં સાહીત્યને કે પોતાની જ્ઞાન સંબંધી પ્રતીષ્ઠાને તેઓ કાંઇ પણ લાભ કરી શકયા હોય અથવા હવે પછી કરી શકે એમ અમને નથી લાગતું. ઉલટું તેઓએ રજુ કરેલી નબળી તથા નાપાયદાર અને કેટલાક દાખલાઓમાં હસી કાઢાડવા સરખી જણાતી દલીલો તથા શહાદતો મારફતે તેમની જ્ઞાન સંબંધી પ્રતીષ્ઠાને નુકસાન પોંહોંચવાનોજ અમને તો સંભવ જણાય છે.

એ દંતકથાના જે ભાગો મોઅજેઝા અને શેહેનશાહ અકબરના વટાળને લગતા છે, તેઓ વીશે એરવદ જીવનજીએ જે વીચારો અને દલીલો રજુ કરી છે તે ઉપર અમો બે બોલ શુરૂઆતમાં બોલીશું. પાંચ વરસ ઉપર થયલી ચુનોચેરા પછી અમે એમ માનતા હતા કે એ દંતકથાના ગમે એવા ચુસ્ત હેમાયતીઓ પણ તેના એ ભાગોને કાંઇ પણ વજન લાગુ પાડવાને ના પાડી તેમને ભવીષ્યમાં બાજુએજ મેલતા જશે અને તેમની ઉપર મીથ્યા વાદવીવાદ નહીંજ ચલાવશે. તેમ માનવાનું પહેલું કારણ એ કે પારસી ધર્મના સ્થાપક અને પયગમ્બર હઝરત જરથોસ્ત સાહેબ અને આદરબાદ તથા અરદાવીરાફ જેવા તેમના જાયનશીનો સેવાયના પ્રાચીન તથા અરવાચીન કાળના

ગમે એવા બાહોશ અને પરહીઝગાર દસ્તુરના સંબંધમાં પણ મોઅજેઝા કરવાની શકતી ધરાવવાનો પયઘમ્બરો દાવો કરવાનું કામ, કાંઇ નહીં તો એાગણીસમી સદીને છેડે અને વીસમીની શુરૂઆતમાં સૌથી પુરાતન તથા પવીત્ર જરથોશ્તી મઝહબને અપમાન કરનારૂં અને, નરમમાં નરમ શબ્દમાં બોલ્યે તો, જેમ પારસીએાને તેમ બીજા ધર્મો પાળનારાએાને પણ બેહદ અજાયણીમાં ગરકાવ તથા બીલકુલ ડંગ કરનારૂંજ ગણાવું જોઇએ; અને બીજું કારણ એ કે, અકબરજે વા એક મહાન શહેનશાહને કોઇ પણ બારકા ધર્મમાં કૂતેહમંદી સાથે વટલાવવાનો બનાવ બહુજ મહત્વનો હોવાથી તેની અનેક નોંધો તે વેળાની સઘળી જાણીતી તવારીખોમાં સ્પષ્ટ ભાષામાં જલવાયલી હોવી જોઇયે તે તદન દેખીતું છે, તે છતાં તેની એક પણ નોંધ કેથે નથી મળતી. તે બંને ભાગોને તદન નાપાયદાર ઠરાવનારાં તે બંને મુસ્તકીમ કારણોની હસ્તીને લીધેજ, અમો ધાર્યે છીયે કે, આગલાં વરસોના અરસામાં તેમના હેમાયત કોઇએ પણ કરવાનું હસી કાઢાડવા જેવું ઉછાછળાપણું બતાવ્યું નહી હતું. તેમ છતાં પુર્વ તથા પશ્ચીમને લગતાં જ્ઞાનનું અજવાળું અને જરથોશ્તી ધર્મની કેટલીક માહેતી ધરાવનારા એરવદ જીવનજી જેવા એક ગ્રહસ્થ તરફથી દંતકથાના તે બે ભાગોની હેમાયત થયેલી જોઇને, પોતાના ધર્મ તથા સમજ શકતી વીષે માન ધરાવનારા પારસીએા તેમજ બીજા ધર્મો પાળનારાએા શું વીચારશે તે ભાષા મારફતે દર્શાવવાને અમો તો કેવળ અશકતજ છીયે.

ખુદ એરવદ જીવનજીનાજ કહેવા પ્રમાણે બદએાની લગે છે કે અકબરે બ્રાહ્મણો પાસેથી જનોઇ લીધી હતી; ત્યારે જો સુદરેહ અને કુસ્તી એ મહાન શેહેનશાહે ઉપયોગમાં લીધાં હોત તો તેવા તદન અસાધારણ બનાવની કાંઇ પણ નોંધ તે જાણીતો તવારીખનવીસ લીધા વીના નહીજ રહ્યો હોત, એવી દલીલ સઉ કોઇના ધ્યાનમાં ઉતરશે. મોઅજેઝા વીશે એરવદ જીવનજી તરફથી એવો બહુજ નબળો ખોલાસો આપવામાં આવે છે કે, બીજા સુરજ જેવો કાંઇ કુદરતી આકાર આસમાનમાં દેખાયો હોય, અને મરહુમ દસ્તુર મેહેરજીરાણા પ્રકુસતી કીધા બાદ તે આકાર પાછો કુદરતી રીતેજ ગુમ થઇ ગયાથી લોકોએ એમ ધાર્યું હોય કે મરહુમના બંદગીને કારણેજ તે આકાર નાબુદ થઇ ગયો. તો તે તદન નહી બનવા જેવું નથી! આ ખોલાસો ખરેખર બહુ વીચીત્રજ લાગે છે. બીજો સુરજ દેખાવાના બહુ અજબ જેવા બનાવો નોંધાયલા છે તે ખરૂં, પણ જો તેએા બહુજ અદભુત અને કદાચજ દેખાતો આકાર મહાન અકબરના વખતમાં જોવામાં આવ્યો હોત તો, મોસલમાન તવારીખનવીસો તેની નોંધ લેવાની જરૂર નહી બાજુએ મેળી શકાય એવીજ સમજત. બદએાનો એવા વીચીત્ર કુદરતી દેખાવોજ નહીં પણ બીજા કહેવાતા ચમતકારોની પણ પોતાની તવારીખમાં વારંવાર નોંધ લેતો હોવાથી, એકજ વખતે આસમાન ઉપર બે સુરજ દેખાવાનો બનાવ જો અકબરના વખતમાં ખરેખર બનયો હોત તો, તેની નોંધ તે જાણીતો ઇતીહાસકર્તા પોતાની તવારીખમાં જરૂરજ લેત, એમ માનવાને મજબુત કારણ મળે છે પણ તેવી કોઇ નોંધ તેની તવારીખમાં હસ્તી ધરાવતી નહી હોવાને લીધે એટલોજ સંભવીત સાર ખેંચી શકાય છે કે, તેવો કોઇ અદભુત બનાવ અકબરના વખતમાં બન્યો નહોજ હશે. મોઅજેઝા વીષેના એરવદ જીવનજીના નબળા ખોલાસા સામે પેહેલા જેવોજ બીજો મુસ્તકીમ વાંધો એ ઉભો થાય છે કે, જે ચમતકાર કરી બતાવવાની કીર્તી મરહુમ દસ્તુરને લોકો તરફથી આપવામાં આવી

હતી તે, એ ખોલાસા મારફતે કબુલ રાખવામાં આવે છે તેમ, તેઓએ કરેલો નહી હોવાથી, અને જણાવવામાં આવે છે તેમ તેઓ ભણેલા અને પરહીઝગાર હોવાને લીધે, તે ખોટી કીર્તી પોતે લઇ બેસવાને બદલે તેઓએ ખરી હકીકત જાહેરમાં મેળી લોકોનો તેવો વેહેમ તથા ખોટો વીચાર દુરજ કર્યો હોત. બીજા શબ્દોમાં બોલ્યે તો, મોઅજેઝાને લગતી દંતકથા જે રૂપમાં હસ્તી ધરાવે છે તે તે ધારણ કરવાજ નહી પામત. એ દલીલ ઉપરથી પણ એટલોજ સાર ખેંચી શકાય છે કે, એકજ વખતે બે સુરજ આસમાન ઉપર દેખાવાનો અદભુત બનાવ અકબરના વખતમાં બન્યોજ નહી હશે, અને તે મોઅજેઝાને લગતી દંતકથાને મરહુમ દસ્તુરનાં મરણ પછીજ માત્ર કલ્પના શકતીને આધારે ઉભી કરવામાં આવી હશે. વળી હિંદુ જોગીઓ વીશે બદઓની વારંવાર તીરસ્કાર બતાવે છે, એટલે જો જગતગુરૂ જેવા ધુતારા હીંદુએ કોઇ ચમતકાર કરી બતાવ્યો હોત, અને તેને મરહુમ દસ્તુર મહેરજી રાણાએ તોડયો હોત, તો તે બહુજ જાણવા લાયક બીનાની નોંધ લેવાથી તે જાણીતો તવારીખનવીસ કદી પણ પાછળ નહી પડત. અમોએ ઉપર જે દલીલો આપી છે તે ઉપરથી વાંચનાર જોઇ શકશે કે મોઅજેઝા વીષેનો એરવદ જીવનજીનો ખોલાસો નબળો, કલ્પીત, અને બીલકુલ નાપાયદાર છે. તે કારણે એ ખોલાસોનું પોકળ દેખાડવા માટે વધારે લંબાણ કરવાની અમો જરૂર નથી જોતા. એ ખોલાસાને જેમ પારસીઓ તેમ બીજી કોમોને લગતા સમજુ વર્ગ તરફથી હસી કાઢવામાં આવશે તો અમો અજબ નહી થઇશું.

મરહુમ દસ્તુર મેહેરજી રાણા શેહેનશાહ અકબરને પાર્સી ધર્મ સમજાવી વટલાવી આવ્યા તેના બદલામાં તે નામદારે તેમને જાગીર આપી હતી એવી નાપાયદાર તકરાર વળી ફરીથી એરવદ જીવનજીએ રજુ કરી છે. તેમ છતાં અજબ જેવું તો એ છે કે એ જાગીર ખુદ મરહુમ દસ્તુરને મહાન અકબરે આપી હતી એવું પુરવાર કરનારી કોઇ સનદ હસતી ધરાવતી નથી, એમ એરવદ જીવનજી કબુલ કરે છે. તે કારણે કુદરતી રીતે સવાલ ઉભો થાય છે કે, તે તકરાર કઇ મુસ્તકીમ શહાદતને આધારે તેઓ રજુ કરે છે? પોતાનાં ભાષણ મારફતે તેવી કોઈ શહાદત તેઓએ જાહેરમાં મેલી હોય એમ નથી જણાતું, એટલે તેવી કોઇ શહાદત તેઓ નહીંજ ધરાવતા હશે એમ આપણે માની લઇશું. બીજા શબ્દોમાં બોલ્યે તો, તેમની તે તકરારને કોઇ પણ જાતની મુસ્તકીમ શહાદતનો ટેકો નહી હોવાથી તે બીલકુલ નાપાયદારજ જણાય છે. જે સનદ હસ્તી ધરાવે છે તે તો મરહુમ દસ્તુરના બેટા મરહુમ કયકોબાદને નામની છે. વળી તે સનદમાં પણ જાગીર મરહુમ કયકોબાદને શા માટે આપવામાં આવી હતી તે જણાવવામાં નથી આવ્યું. મરહુમ દસ્તુર મેહેરજીરાણાનાં મરણ પછી પાંચ વરસ ગુજરી ગયા બાદ તે સનદ મરહુમ કયકોબાદને આપવાનાં આવી હતી. તે રીતે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને જાગીર આપવામાં આવી હતી એમ પુરવાર કરનારી કોઇ મુસ્તકીમ શહાદત નહી હોયા છતાં, માત્ર તકરારને ખાતેર આપણે કબુલ રાખીશું કે મહાન અકબરે તેમની ઉપર કોઇ જાગીર ની નવાજેશ કીધી હતી. ત્યારે કુદરતી રીતે એવો સવાલ ઉભો થાય છે કે, પોતાને જરથોશ્તી ધર્મ સમજાવી તેમાં વટલાવવાને સામર્થવાન થયલા એક પાર્સીને અકબર જેવા મહાન શેહેનશાહે માત્ર બસોથી ત્રણસો વીઘા જેટલી જમીનની જાગીર આ-

પીનેજ સંતોષ પકડયો હતો ? તે બીના તે શેહેનશાહની બહોજલાલી તથા તે નામદારની સલતનતનો વીસ્તાર ધ્યાનમાં લેતાં કોઇના પણ ધ્યાનમાં ઉતરી શકે એવી નથી. જેમ જણાવવામાં આવે છે તેમ મરહુમ દસ્તુર મેહેરજીરાણાની બાહોશી તથા જરથોસ્તી ધર્મને લગતાં તેમનાં જ્ઞાન વીષે મહાન અકબરે બહુ ઉંચો અભીપ્રાય બાંધ્યો હોત તો, તે નામદાર તેમને બહુ મોટીજ જાગીર બખશત. મરહુમ દસ્તુર મેહેરજીરાણા દેહલી ગયા હતા એવી પણ કોઇ મુસ્તકીમ શહાદત હસ્તી ધરાવતી નહી હોયા છતાં, તેમને મળેલી કહેવામાં આવતી જાગીરને લગતી બાબતની માફક તે બીના પન માત્ર તકરારને ખાતેર કબુલ રાખી તેનું પરિણામ આપણે તપાસીસું. બસોથી ત્રણસો વીંઘા ઝેટલી જમીનની જાગીર એટલી નાની છે કે તે સામું આપણને એવું અનુંમાન કરવાનું કારણ આપે છે કે, શેહેનશાહી ઇજનને માન આપીને છેક નવસારીથી દેહલી સુધીની લોખંડની સડક જેવાં બહુજ સગવડભરેલાં સાધનની ગેરહાજરીમાં, રંજ ભરેલી મુસાફરી કરીને મોગલ સલ્તનતનાં તે પાયતખત શહેરમાં માત્ર હાજર થવાના બદલામાંજ રૂખસત લેતી વખતે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને તે જાગીર મહાન અકબરે આપી હશે. વળી એમ કહેવામાં આવે છે કે મરહુમ કયકોબાદ જ્યારે દેહલી ગયા ત્યારે મહાન અકબરે તેમને સો વીંઘા જેટલી બીજી વધુ જમીનની જાગીર આપી હતી ત્યારે શું મરહુમ કયકોબાદે પણ શેહેનશાહને જરથોસ્તી ધર્મ સમજાવ્યો હતો ? મરહુમ કયકોબાદે શહેનશાહને જરથોસ્તી ધર્મ સમજાવ્યો હતો એવો દાવો કોઇપણ તરફથી કરવામાં નથી આવતો, તે છતાં તેમને પોતાને સો વીંઘા જમીનની જાગીર મળી હતી તે બીના કબુલ રાખવામાં આવે છે, ત્યારે સ્વભાવીક રીતે સવાલ ઉભો થાય છે કે બસોથી ત્રણસો વીંઘાની આગલી જાગીર જો ખરેખર મરહુમ દસ્તુર મેહેરજીરાણાનેજ મળી હોય, તો તે જાગીર તેમના બેટાનીજ માફક તેમને પણ જરથોસ્તી ધર્મ અકબરને સમજાવ્યા તથા તેમાં તે શેહેનશાહને વટલાવ્યા વગર કાં નહી મળી હોય ? ટુકમાં કહેવું તો, મહાન અકબરને જરથોસ્તી ધર્મ સમજાવવા તથા તે નામદારને તે મધે વટલાવવાના બદલામાં મરહુમ દસ્તુર મેહેરજીરાણાને જાગીર મળવાની બીનાને તવારીખ કે બીજી કોઇ મુસ્તકીમ શહાદત મારફતે બીલકુલ ટેકો નથી મળતો; એટલુંજ નહીં પણ કેટલીક મુસ્તકીમ દલીલો તે બીનાની બીલકુલ વીરૂદ્ધ જતી જણાય છે.

એરવદ જીવનજીનાં ભાષણમાં કોઇ ઇતીહાસીક શહાદત પણ નજરે નથી પડતી. ફકત જાણીતા તવારીખનવીસ બદએાનીના નામીચા ઇતીહાસ માહેલા એક ફકરા ઉપર તેઓ કાંઇ પણ પાયા વગરનો સઘળો મદાર બાંધે છે; અને તે ફકરા મારફતે એવું બતાવવાનો નાપાયદાર તજવીજ તેઓ કરે છે કે, મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ જરથોસ્તી ધર્મનો સઘળો મર્મ મહાન અકબરને સમજાવ્યો હતો, અને એ શેહેનશાહનાં એબાદતખાના માહેલા જુદા જુદા મઝહબોને લગતા વાદવીવાદમાં જરથોસ્તી ધર્મના સંબંધમાં મુખ્ય ભાગ તેઓએજ લીધો હતો. પણ તે ફકરામાં મરહુમ દસ્તુર મેહેરજી રાણાનું નામજ નથી. તે મધે બદએાની માત્ર એટલુંજ જણાવે છે કે, નવસારીથી પારસીઓ ગયા હતા અને શેહેનશાહને આતશને લગતી ક્રિયા તેઓએ દેખાડી હતી. નવસારીના પારસીઓ એવાં બહુ વચનનો બદએાની ઉપયોગ કરે છે, તે બીના ઉપર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. તે પારસીએ મધે મરહુમ દસ્તુર મેહેરજી રાણા પણ

હતા એમ માન લેવાને આપણને કશું કારણ નથી; તેમ છતાં તકરારને ખાતેર આપણે તે બીના અકબારગી કબુલ રાખ્યે તો સવાલ ઊઠે છે કે મરહુમ દસ્તુરે આગેવાન ભાગ લીધો હતો એવો સાર આધારે શા તે ફકરા મારફતે ખેંચી શકાય ?

તે પારસીઓ મધેથી કોઇ પણ એક જરથોસ્તી ધર્મ જણાવવા જોગ બાહોશી ધરાવતો હોત અથવા મઝહબોને લગતા વાદવીવાદમાં તેણે આગેવાન ભાગ લીધો હોત તો બદએોની તે બીનાની ખાસ નોંધ લેવાને અને તે આસામીનું નામ પોતાની તવારીખના સફા ઉપર જાળવી રાખવાને પાછળ નહીંજ પડત. એમ કહેવામાં આવે છે કે બદએોની એક ચુસ્ત મોસલમાન હોવાથી તેણે તે બીનાની કે તે આસામીની નોંધ નથી લીધી. જો ખરેખર તેમજ હોય તો સવાલ ઊઠે છે કે, બદએોનીએ ત્યારે નવસારીથી આવેલા પારસીઓ વીષે બોલ્યો એશારો કરી તેઓએ આતશને લગતી ક્રીયા શેહેનશાહ અકબરને દેખાડી હતી તે બીનાની નોંધ કાં લીધી છે ?

મહાન અકબરનાં મરણ પછીનાં પચાસ વરસની અંદર ધર્મ સંબંધિ બાબતોના એક ઉંડા અભ્યાસની કલમથી લખાયલી દબેસ્તાન નામની નામીચી ફારસી કેતાબમાં અકબરના ધર્મ વીષે કરવામાં આવેલું વીગતવાર વીવેચન ઈતીહાસના સાધારણ અભ્યાસીઓ વચ્ચે પણ બહુ જાણીતું છે. તે વીવેચનમાં બોલ્યું જણાવવામાં આવ્યું છે કે, અર્દશીર નામના વીદ્વાન ઇરાની મોબેદ ઉપર શહેનશાહે નાણાંની મદદ ખાસ મોકલી આપીને તેમને કેરમાનથી દેહેલી જરથોસ્તી ધર્મ પોતાને સમજાવવા માટે બોલાવ્યા હતા. ત્યારે સવાલ ઉઠે છે કે નવસારીના પારસીઓ અથવા તેઓ માહેલા કોઈ એક અથવા અનેકે જો મહાન અકબરને જરશ્તી ધર્મ સંપુર્ણ રીતે સમજાવી તેમાં તે શેહેનશાહને વટલાવ્યો હતો, તો છેક કેરમાનથી અર્દશીરને જરતોશ્તી ધર્મ સમજાવવા માટે બોલાવવાની જરૂર શા કારણે પડી ? કદાચ એમ કહેવામાં આવે કે નવસારીથી પારસીઓ આવ્યા તે આગમજ અર્દશીર આવ્યો હતો; તો પણ સવાલ ઉઠે છે કે તે પારસીઓએ પાછળથી જો સંપુર્ણ રીતે ધર્મ સમજાવ્યો હતો, તો તેમના નામો આપવાને બદલે દબેસ્તાનનો કર્તા અર્દશીરનું નામ આપી તે ઇરાનીને કાં ખાસ અગત લાગુ પડે છે ?

દબેસ્તાનનો કર્તા જરથોશ્તી આલેમ આઝર કેઇવાનનો શાગેર્દ હતો, અને આઝર કેઇવાન અકબરના વખતના બહુ મોટા આલેમ અથવા જુદા જુદા મઝહબોના ઉંડા અભ્યાસી તરીકે પ્રસીધ્ધ હતા. અકબરે ખુદ એમને પણ પોતાની દરબારમાં બોલાવ્યા હતા, પણ તેઓથી આવવાને બન્યું નહીં એમ દબેસ્તાનનો કર્તા બોલ્યું જણાવે છે. વળી અકબરના માનીતા વઝીર અબુલફઝલના આઝર કેઇવાન મોટા મીત્ર હતા, એટલે દબેસ્તાનમાં અકબરના ધર્મ વીશે જે અહવાલ આપવામાં આવ્યો છે તે ઘણો સત્તાવારજ ગણાવો જોઇએ. તે ઉપરાંત સર વીલીઅમ જોન્સથી મેકસ મુલર સુધીના સઘળા અરવાચીન યુરોપીઅન બોલમા એ કેતાબને બહુ કીમતિ તથા સત્તાવાર ગણે છે અને ઘણી મહેનતે અને ખરચે એ ફારસી કેતાબનો તરજુમો અંગ્રેજી તેમજ ફ્રેંચ ભાષામાં બે વીદવાનો પાસે યુરોપની વીદવાન મંડલીઓએ કરાવી પ્રગટ કરેલો મોજુદ છે. તેમ છતાં બેરવદ જીવનજીએ

દબેસ્તાન કેતાબને ઉતારી પાડવાની જે કોશેશ કીધી છે તે વીદ્વાનો વચ્ચે હસીનું જ મુળ થઇ પડશે, એમ અમો માન્યે છીએ.

અત્રે અમો એરવદ જીવનજીની એક બીજી ઘણી ગંભીર તેમજ હસવા સરખી ભુલ સુધારીશું. તેઓ અબુલફજલનાં અકબરનામામાંથી એક ફકરો એવી મતલબનો ટાંકે છે કે, જરથોશ્તી ધર્મના વીદ્વાનો સાથે વાદવીવાદ કરવામાં તેનો કર્તા મબ્લાહ મેળવતો હતો, અને પોતાની તરફથી એવી શરેહ તેઓ ઉમેરે છે કે તે ફકરામાં તે રીતે મરહુમ દસ્તુર મેહેરજીરાણા વીષેજ એશારો કરવામાં આવ્યો છે. એ ફકરો, એરવદ જીવનજી પોતેજ જણાવે છે કે, ૧૫૭૪માં લખવામાં આવ્યો હતો. પણ મેહેરજીરાણા તો તે સાલ પછી પાંચ વરસે દેહલી ગયા હતા એમ ખુદ એરવદ જીવનજી પોતે કહે છે ત્યારે દેખીતું છે કે અબુલફજલ તે ફકરામાં મરહુમ દસ્તુર વીષે કશો પણ એશારો કરી નહી શકે. ખરી બીના તો એ છે કે, અબુલફઝલ દસ્તુર આઝર કેદવાન વીષે પોતાના ફકરામાં એશારો કરે છે; કેમકે દબેસ્તાનમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે અબુલફઝલ દસ્તુર આઝર કેદવાનને ઘણું માન આપતો હતો અને તેના ઉપર સંપુર્ણ વીશ્વાસ રાખતો હતો.

તવારીખને લગતી એરવદ જીવનજીની એક ત્રીજી ઘણી ગંભીર ભુલ ઉપર હવે વાંચનારનું અમો ધ્યાન ખેંચીશું. તેઓ જણાવે છે કે મરહુમ દસ્તુર મેહેરજીરાણા ૧૫૭૯ માં દેહલી છોડી ગયા પછી અકબરની દરબારમાં ધર્મના વાદવીવાદ માટેની મજલેસો બંધ થઇ હતી. એરવદ જીવનજીની એ ટીકાને તવારીખ સીધી રીતે ખોટી પાડી આપે છે. એબાદતખાના માહેલી ધર્મના વાદવીવાદ માટેની મજલેસો ૧૫૭૯ પછી બંધ તો નહીં થઇ હતી, પણ સામું ખરેખર તો તેઓ ૧૫૮૦થી શુરૂ થયલી ગણાવી જોઇએ, કેમકે ૧૫૮૦ના ફેબરૂઅરી માસમાં ગોઆથી બોલાવેલા ખ્રીસ્તી પાદરીઓ પેહેલી વેળાજ અકબરની દરબારમાં જઇ પુગ્યા હતા. વળી બીજા ખ્રીસ્તી પાદરીઓ અકબરની દરબારમાં છેક ૧૫૯૫ માં પણ ગયા હતા; એટલે તે વરસ સુધી મ હબોને લગતા વાદવીવાદો અકબરની દરબારમાં અવારનવાર ચાલુજ રહ્યા હતા. દબેસ્તાનના અહવાલમાં ધર્મોને લગતા વાદવીવાદનો જે નમુનો આપ્યો છે, તેમાં જરથોશ્તી સાથ ખ્રીસ્તી પાદરીને તકરાર કરતો બતાવ્યો છે. હવે એ જરથોશ્તી મરહુમ દસ્તુર મેહેરજીરાણા હોઇ નહીં શકે એમ સેહેલથી બતાવી શકાશે. એરવદ જીવનજી પોતેજ કહે છે કે, મરહમ મેહેરજીરાણા ૧૫૭૯ માં દેહલી છોડી નવસારી આવ્યા હતા, અને ૧૫૮૦ માં નવસારીમાં તેઓને દસ્તુર બનાવવામાં આવ્યા હતા એવી નોંધ હસ્તી ધરાવે છે. પણ ખ્રીસ્તી પાદરીઓ ૧૫૮૦ની આગમજ અકબરની દરબારમાં ગયા હતા નહીં, એમ કાઉંટનર જોને એરવદ જીવનજી વારંવાર ટાંકે છ તે પોતે કહે છે. વળી તે જર્મન લખનાર અર્દશીર કેરમાનીનું નામ આપી જણાવે છે કે, જરથોશ્તી ધર્મ પોતાને સમજાવવા માટે તેમને અકબરે આસ બોલાવ્યા હતા, અને મરહુમ દસ્તુર મેહેરજીરાણા વીશે તે એક હરફ પણ લખતો નથી !

એરવદ જીવનજી પોતાનાં ભાષણ મારફતે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથા ઉપર કાંઇ પણ નવું

અજવાળું નાખવાને તેમજ કોઇ પણ મજબુત દલીલો કે મુસ્તકીમ શહાદતો તે દંતકથાના ટેકામાં રજુ કરવાને શકતીવાન નથી થયા, એમ અમોએ ઉપર કરેલાં વીવેચન ઉપરથી વાંચનારે સારી રવેશે જોઇ લીધું હશે. જુના અસલી દસ્તાવેજો અને નહીં જણાયલી કેતાબો પોતાનાં ભાષણ દરમીઆન રજુ કરવાની તેઓએ કબુલાત આપી હતી. પણ તે દસ્તાવેજો અને કેતાબો કયાં છે અને તેમની મારફતે શું સાબેત થાય છે, તે ખુદ તેમનાં ભાષણ વેળાએ તેઓ બતાવી શકયા નહી હતા. તે કહેવાતા દસ્તાવેજો અને કેતાબો ભાષણને ટાંકણે જેમ લાવવામાં આવ્યાં હતાં તેમજ ઉતાવળે થોડાંક દેખાડીને પાછાં લઇ જવામાં આવ્યાં છે. તે રીતે હમણાં સુધીમાં તો તે કહેવાતા દસ્તાવેજો તથા કેતાબો મારફતે કાંઇ પણ મુસ્તકીમ શાહાદતો મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાના ટેકામાં જાહેરમાં મેળવાને એરવદ જીવનજી નીષ્ફળજ નીવડયા છે. તે કારણે અમો એકવાર ફરીથી જણાવીશું કે તે દંતકથાની સચાઇ વીષેનો શક હજુ સુધી દુર કરી નથી શકાયો, અને તેને ઇતીહાસીક અથવા બીજી કોઇ પણ પ્રકારની મુસ્તકીમ શહાદતનો ટેકો નથી એટલુંજ નહી, પણ સામું ઘણીક મજબુત દલીલો તથા બીનાઓ તે દંતકથાની બહુ વીરૂદ્ધમાંજ જાય છે.

દલસુઝ



ના૦ ૧૪૦.

મુંબઇ સમાચાર.

(તા૦ ૮ મી જાન્યુવારી સને ૧૯૦૨)

દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાના આડકતરા ટેકામાં ફરહંગે જેહાનગીરી માંહેલા અમુક વાકયના એક ભાગ ઉપરથી એરવદ જીવનજી જમશેદજી મોદીએ કહાડેલાં અનુમાનનું પોકળાએ દંતકથા વીષેના શકને શેહેનશાહ અકબરના જમાનાના નવસારી ખાતેના પારસી દસ્તુરો તથા મોબેદોની જરથોશ્તી ધર્મને લગતાં જ્ઞાન સંબંધી બહુજ ઉતરતા પ્રકારની સ્થીતી મારફતે મળતો મજબુત ટેકો.

મરહુમ દસ્તુર મેહેરજીરાણા દેહલી ગયા હતા અને શેહેનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવી તે નામદારને એ મઝહબમાં વટલાવ્યો હતો, એવી જે દંતકથા અકસર કરીને નવસારીના પારસીઓ વચ્ચે ચાલે છે, તેના ટેકામાં એરવદ જીવનજી જમશેદજી મોદીએ જે ભાષણ ગઇ ૧૯ મી તારીખે રૉયલ એશીઅૅટીક સોસાઇએટીની મુંબઇ ખાતેની શાખા સનમુખ આપ્યું હતું, તેના મુખ્ય મુદ્દાઓની ટુંક તપાસ ગઇ ૨૮ મી તારીખે અમો લઇ ગયા છીયે. તે તપાસ મારફતે અમો દેખાડી ગયા છીયે કે, તે દંતકથાની સચ્ચાઇના સંબંધમાં જે શક આસરે પાંચ વરસ ઉપર ઇતીહાસના જાણીતા વીદ્વાન અભ્યાસી મી૦ ૩૦ પે૦ કરકરયાએ ઉભો કર્યો હતો તે હજુ સુધી દુર થઇ શકયો નથી, એટલુંજ નહી પણ કેટલીક સંગીન દલીલો તથા મુસ્તકીમ બીનાઓ તે દંતકથાની બીલકુલ વીરૂદ્ધમાંજ જાય છે. તે તપાસ મારફતે વળી એરવદ જીવનજીની તવારીખ સંબંધી ગંભીર અને

કેટલાક દાખલાઓમાં તો હસી કાઢવા સરખી ભુલો ઉપર પણ અમો ધ્યાન ખેંચી ગયા છીયે. તે ભુલોનું ગંભીરપણું દેખાડી આપી સાથે સાથે અમોએ પુરવાર કરી આપ્યું હતું કે, ઇતીહાસમાં નોંધાયલી બીનાઓને આધારે પોતાની તરફથી અનુમાન કાઢવાની એરવદ જીવનજીની શક્તી બહુ કાચી અને ઉતરતા પ્રકારની છે. એઓનાં ભાષણની તપાસ આજે આગળ ચલાવતાં એમની તેવી કાચી અને ઉતરતા પ્રકારનો શક્તી દેખાડનારા કેટલાક વધુ દાખલાઓની નોંધ લઈ, એમનાં ભાષણનું વધુ પોકળ અમો દેખાડી આપીશું. બહેનની નામીચી મોન્તખબોત તવારીખ માહેલા નવસારીના પારસીઓને લગતા ફકરા મધે મરહુમ દસ્તુર મેહેરજી રાણાને વીષેજ એશારો કરવામાં આવ્યો છે એવું પોતાની તરફનું નાપાયદાર અનુમાન કાઢાડતાં, મોહસેન ફાનીની જુદા જુદા ધર્મો સંબંધી દબેસ્તાન નામની જે જાણીતી કેતાબમાં અર્દશીર કેરમાનીનાં નામની ખોટી અને ખાસ નોંધ લેવામાં આવી છે તેને તોડી પાડવાની તેઓએ કરેલી મીથ્યા અને હસવા સરખી તજવીજ વીષે અમો ગયે અઠવાડીયે બોલી ગયા છીયે. દસ્તુર અર્દશીર કેરમાની માટે તેઓ એમ કહે છે કે, તેઓને તો માત્ર ફારસી શબ્દોના અર્થો નકી કરવા માટે શેહેનશાહ અકબરે બોલાવ્યા હતા. પોતે જણાવેલી એ બીનાના ટેકામાં "ફરહંગે જેહાનગીરી" ના બનાવનાર મીર જમાલોદ્દીન અન્જુના શબ્દ કોષમાંથી તેઓ એક વાકય ટાંકે છે. "બરસમ" શબ્દનો અર્થ આપ્યા પછી મીર જમાલોદ્દીન અર્દશીર કેરમાનીના સંબંધમાં એવી ટીકા કરે છે કે શેહેનશાહ અકબરે નાણાંની મદદ તેમની ઉપર મોકલી આપીને ફારસી શબ્દોના અર્થો નક્કી કરવા માટે તેમને કેરમાનથી બોલાવી મંગાવ્યા હતા. પણ અર્દશીર કેરમાનીના સંબંધમાં માત્ર તેટલોજ વાકય હસ્તી ધરાવતો હોત તોપણ, તે ઉપરથી એવો સાર ખેંચી નહી શકાય કે તેમને જરથોસ્તી ધર્મની સમજણ મેળવવા માટે શેહેનશાહ અકબરે બોલાવ્યા નહીં હતા, કેમકે માત્ર શબ્દોના અર્થો નક્કી કરવા માટેજ તેમને ખાસ બોલાવવામાં આવ્યા હતા એમ તે વાકયમાં નથી આવ્યું. ફકત તેટલીજ બીના ધ્યાનમાં નથી લેવાની એરવદ જીવનજીએ ટાંકેલા તે વાકયના ઉપલા ભાગમાં મીર જમાલોદ્દીન બોલ્યું જણાવે છે કે, અર્દશીર કેરમાની જરથોસ્તી મઝહબનું બહુજ ઉત્તમ પ્રકારનું જ્ઞાન ધરાવતા હતા અને જરથોસ્તીઓ તેમને મોબેદ ગણુતા હતા. અલબત્ત મીર જમાલોદ્દીને મોબેદ શબ્દનો માત્ર જરથોસ્તી ભણુતરો સમજ્યા વીના મોહોડેથી ભણી જનારનો જે અર્થ હાલમાં કરવામાં આવે છે તેવો નથી કીધો, તે સેહેલથી દેખાડી શકાશે. ઇરાનના મરહુમ શાહ નાસેરોદ્દીનના વખતમાં બનાવવામાં આવેલી ફરહંગે અન્જોમન આરાયે નાસેરીમાં મોબેદ શબ્દનો ખરો ઉચ્ચાર મોવબદ છે એમ જણાવી, હેદાયતનો તખલ્લોસ ધરાવનારો તેનો રચનાર રઝા કોલીખાન એ શબ્દનો અર્થ "હકીમ" એટલે ફીલસુફ અને "દાના" એટલે જ્ઞાની કરે છે. આગળ ચાલતાં તે જણાવે છે કે, મધોબેદ જેનો અપભ્રંશ મોવબદ છે, તેનો અર્થ મોબાન એટલે જ્ઞાની લોકોનો સરદાર થાય છે. સેવટે એ શબ્દનો અર્થ યઝદાનપરસ્તોનો રાહબર થાય છે, એમ ફરહંગે નાસેરીનો રચનાર બોલ્યું જણાવે છે. ફરહંગે જેહાનગીરી ઉપર આપણે પાછી નજર દોડાવીશું. "આઝર" શબ્દનો અર્થ આપી મીર જમાલોદ્દીન સ્પષ્ટ જણાવે છે કે જરથોસ્તી અર્દશીર ફારસી

ભાષાનો ઊસ્તાદ હતો અને ઝન્દ, પાઝન્દ, અને અવસ્તા કેતાબોનું સારૂં જ્ઞાન ધરાવતો હતો એ કોષના બનાવનારના પોતાનાજ શબ્દો બ્લૉકમૅન આ પ્રમાણે આપે છેઃ " આ ચોપડીના અદના લખનારને જરથોસ્તી ધર્મ પાળનારા એ દીનના એક રાહબર સાથે ઓળખ પડી હતી; તે પારસી ઝન્દ અવસ્તા કેતાબના કેટલાક ભાગો ધરાવતો હતો. ફારસી ભાષાના શબ્દો ભેગા કરવાનો મને બહુ શોક અને ઇચ્છા હોવાથી તેમજ ફારસી ભાષામાં ઝન્દ અવસ્તા કરતાં કોઇ વધારે ઉત્તમ કેતાબ નહી હોવાને લીધે, શબ્દોના અર્થો નક્કી કરવા માટે હું તેની સાથે ચાલુ સમાગમમાં આવતો હતો. આ કેતાબ (એટલે ફરહંગે જેહાનગીરી) ને છેડેના વધારાના કોષમાં જે ઝન્દ અને પાઝન્દ શબ્દોનું બયાન આપવામાં આવ્યું છે, તેમના મોટા ભાગનું વર્ણન એ જરથોસ્તીએજ મને પુરૂં પાડયું હતું. ઝન્દ વાંચતાં જયારે, પણ આ શબ્દ (એટલે 'આઝર' શબ્દ) આવતો ત્યારે એનો ઉચ્ચાર તે ' આદ્દોર ' કરતા, " તે રીતે જોતાં ખુદ ફરહંગે જેહાનગીરીનો કર્તા, જેને એરવદ જીવનજી બહુ ઉકમાદથી ટાંકે છે, તેણે અર્દશીર કેરમાની વીષે કરેલી ટીકાઓ સામું એરવદ જીવનજીનાં જે નાપાયદાર અનુમાન વીષે અમોએ ઉપર એશારો કર્યો છે તેની વીરૂદ્ધજ જાય છે. વળી મીર જમાલોદ્દીનને અર્દશીર કેરમાનીએ સાધારણ ફારસી બોલો નહી, પણ " બરસમ " અને " આઝર " અથવા " આદ્દોર " જેવા જરથોસ્તી ધર્મ સાથે નીકટનો સંબંધ ધરાવતા શબ્દોના વીગતવાર અર્થ પુરા પાડયા હતા, અને તે અર્થો મારફતે દસ્તુર અર્દશીરનું જરથોસ્તી ધર્મ સંબંધી ઉંડું જ્ઞાન પ્રગટ નીકળે છે એમ કહેવાની જરૂર નથી. તે બંને બીનાઓ પણ એરવદ જીવનજીનાં અનુમાનની વીરૂધ્ધજ જાય છે. ખુદ ફરહંગે જેહાનગીરી માહેલીજ જે આડકતરી શહાદતો એરવદ જીવનજીનાં અનુમાનની વીરૂદ્ધ જાય છે તેમને ગણતરીમાં લીધા પછી, વીરૂદ્ધ જતી દબેસ્તાનની તથા કાઉંટ ડનરની તેમજ બીજી સોધ્યી શાહદતો ઉપર આપણે ધ્યાન પોહોંચાડીશું. દબેસ્તાનમાં તેનો કર્તા સ્પષ્ટ ભાષામાં કહે છે કે, " અને વળી અર્દશીર નામના જરથોસ્તી વીદ્વાન (દાના) ને નાણાંની મદદ મોકલી ઈરાનથી બોલાવી મંગાવ્યા. " વળી આગળ ચાલતાં જુદા જુદા ધર્મોને લગતી એ નામીચી અને સત્તાવાર કેતાબનો કર્તા જણાવે છે કે, " તેજ પ્રમાણે કેરમાનથી આતશપરસ્તો (એટલે જરથોસ્તીઓ)ને બોલાવી મંગાવ્યા, અને જરથોસ્તની દીનને લગતા ભેદભરમો વીષે તેમને સવાલો કર્યા. " એ વાકય ઉપરથી પણ બોલ્લું દેખાય છે કે કેરમાનથી બીજા જરથોસ્તીઓ પણ આવેલા હોવા છતાં, અર્દશીરેજ તેઓ મધે આગેવાન ભાગ લીધાથી, તે વીદ્વાનનું જ નામ નોંધી રાખ્યાની મોહસેન ફાનીએ જરૂર વીચારી છે. ત્યારે જે મરહુમ દસ્તુર મેહેરજી રાણાએ મોઅજેઝા ઠરી બતાવી અને ધર્મ વીષેની પોતાની કાબેલયત બાબે ઉંચો વીચાર ઉત્પન્ન કરી શહેનશાહ અકબરને પાર્સી ધર્મમાં વટલાવ્યો હોત, તો મોહસેન ફાની તે મરહુમ દસ્તુરનું નામ ખચીતજ જાણવી રાખવાની જરૂર વીચારત, અને " ગુજરાતના મુલક માહેલા નવસારી કસબામાંથી આતશપરસ્તો (એટલે પાર્સીઓ) આવ્યા હતા " એટલુંજ માત્ર નહી લખત, એવી મુસ્તકીમ દલીલ સહુ કોઇનાં ધ્યાનમાં ઉતરશે. વળી જર્મન તવારીખનવીસ કાઉંટ ડનર જેને એરવદ જીવનજીએ પોતાની તરફેણમાં ટાંકયો છે, તે બોલ્લું લખે છે કે, " અર્દશીર નામના પાર્સી દસ્તુરને પોતાના ધર્મની

ક્રીયા અને ફરમાનો શેહેનશાહ (અકબર) ને સમજાવવા માટે મોટે ખરચે ઇરાનથી બોલાવવામાં આવ્યા હતા. " એ તવારીખનવીસ એ બનાવ માટે હીજરી ૯૮૮ એટલે ઇસવી ૧૫૮૦-૮૧ ની તારીખ આપે છે. વળી ફારસી રેવાયતમાંથી પણ દસ્તુર અર્દશીર વીષે એવોજ એશારો મળે છે, અને " પારસી પ્રકાશ " ના બનાવનાર પણ બોલ્યું એ રેવાયત ઉપરથી લખે છે કે, દસ્તુર અર્દશીર " જરથોસ્તી ધર્મને લગતી સમજણો આપવાને ઇરાનથી દીલ્હી ખાતે આવ્યો હતો. " મરહુમ શેઠ સોરાબજી બંગાલી પણ પોતાના ૧૮૫૮ માં પ્રગટ કીધેલા " જરથોસ્તી લોકોનાં ધર્મ પુસ્તકો બાબેના નીબંધ " માં દસ્તુર અર્દશીર વીશે એજ પ્રમાણે લખે છે. વળી ઉપલી શહાદતો ઉપરાંત બે દલીલોને પણ ગણતરીમાં લેવી જોઇશે. નવસારીના પારસીઓએ અકબરની દરબારમાં જઇ ત્યાં પોતાનાં ધર્મ સંબંધી જ્ઞાનને લગતી પોતાની બાહોશી વીષે દંતકથા પ્રમાણે બહુ ઉંચો છાપ બેસાડયો હોત તો, અર્દશીર કેરમાનીની નહી પણ નવસારીના પારસીઓનીજ મદદ મીર જમાલોદ્દીનને જરથોસ્તી ધર્મને લગતા ફારસી બોલોના બોલાસા માટે શેહેનશાહ અકબર બોલાવત. શેહેનશાહના પોતાના મુલકમાં નવસારીનો ઠસ્સો આવેલો હતો, અને તે ઠારણે ઇરાન જેવા પારકા દેશમાંથી જરથોસ્તી ધર્મને લગતો વીદ્વાન બોલાવવાને બદલે પોતાનાજ મુલકમાં જો એવો વીદ્વાન હસ્તી ધરાવતો હોત તો તેનેજ તેડી મંગાવવાનું શેહેનશાહ અકબર વધારે પસંદ કરત. ઉપલી સઘળી સીદ્ધી તેમજ આડકતરી શહાદતો તથા દલીલો ઉપરથી વાંચનાર જોઇ શકશે કે, અર્દશીર કેરમાનીને પારસી ધર્મનો સમજણ મેળવવા માટે નહીં પણ માત્ર ફારસી શબ્દોના અર્થો નકકી કરવા માટેજ બોલાવવામાં આવ્યા હતા, અને શેહેનશાહ અકબરે તેમની પાસે પારસી ધર્મને લગતી સમજણ મેળવી નહી હતી એવું જે અનુમાન ફરહંગે જેહાનગીરી માંહેલા અમુક વાકયના એક ભાગને આધારે એરવદ જીવનજીએ કાઢયું છે, તે બીલકુલ નાપાયદાર છે, અને ખરી બીના તો તે અનુમાનથી તદન ઉલટા પ્રકારની છે.

દસ્તુર અર્દશીર કેરમાનીએ અકબરને પારસી ધર્મ સમજાવ્યો હતો અને ફરહંગે જેહાનગીરી માંહેલા પારસી ધર્મ સંબંધી બન્દ તથા પહલવી શબ્દોના અર્થો મીર જમાલોદ્દીનને તેઓએ પુરા પાડયા હતા તે બીનાને ઇતીહાસ મારફતે સીધો ટેકો મળે છે એમ અમોએ ઉપર દેખાડયું છે. વળી શેહેનશાહ અકબરના વખતના હીંદી પારસીઓ સંબંધી આજુબાજુના સંજોગો તપાસીશું તો તે બીનાને વધારે ટેકો મળતો જણાશે. શેહેનશાહ અકબરે અર્દશીર કેરમાનીને બોલાવી મંગાવી તેમની મારફતે જરથોસ્તી ધર્મની સમજણ મેળવી હતી, અને આઝર કેઇવાનને તેજ કામ માટે તેડાવ્યા છતાં તેઓ આવ્યા નહી હતા, પણ પારસી મઝહબને લગતી સઘળી સમજણ આપનારો એક રેસાલો તેઓએ શેહેનશાહ ઉપર લખી મોકલ્યો હતો. બીજા શબ્દોમાં બોલ્યે, તો, પારસી ધર્મને લગતી બાબતોની સમજણ મેળવવા માટે શેહેનશાહ અકબરને હીંદુસ્તાન નહી પણ ઇરાન તરફજ નજર ફેરવવાની ફરજ પડી હતી. તેજ પ્રમાણે નવસારી તથા ગુજરાતના પારસીઓ પણ જરથોસ્તી ધર્મને લગતી સાધારણ બાબતોની સમજણ ઇરાની દસ્તુરો સાથેજ બેપ્યાઓ મારફતે પત્ર વેહેવાર ચલાવીને મેળવતા હતા. તેવા પત્ર વેહેવારનાં પરીણામમાં ઇરાન બાતેના દસ્તુરો

મારફતે જરથોશ્તી ધર્મને લગતી બાબતોની જે સમજણ હીંદી પારસીઓએ મેળવી હતી તે રેવાયતને નામે ઓળખાતાં લખાણોમાં આજે પણ મોજુદ છે. વળી ભરૂચ ખાતેના દસ્તુરે દેહલી કાગજ લખી આતશ બેહેરામને લગતી ક્રીયા સાથે સંબંધ ધરાવતા સવાલો દસ્તુર અર્દશીર કેરમાનીને પુછાવ્યા હતા તે જાણીતી બીના છે. નવસારીના દસ્તુરો તથા મોબેદોની શેહેનશાહ અકબરના જમાનામાં ધર્મને લગતાં જ્ઞાન સંબંધી જે સ્થીતી હતી તે પણ આપણને એવુંજ અનુમાન કરવાનું કારણ આપે છે કે, શેહેનશાહ અકબરની દરબારમાં પોતાનો ધર્મ શ્રેષ્ટ છે તે બીના ખાત્રીપુર્વક રીતે બીજા ધર્મ પાલનારાઓ સાથે તકરાર કરી બતાવી આપવાની શકતી તેઓ ધરાવતા હોવા નહી જોઇયે. સઘળે ઠેકાણેથી કબુલ રાખવામાં આવ્યું છે કે, તે વખતે નવસારીના દસ્તુરો તથા મોબેદો જરથોશ્તી ધર્મને લગતું લગભગ નહી જેવું જ્ઞાન ધરાવતા હતા, અને વંશપરંપરા ઉતરી આવેલાં ભજનો સેવાય ખુદ દસ્તુરો પણ બીજું કશું જાણતા ન હતા. વળી અવસ્તાની સઘળી કેતાબો પણ તેઓ પાસે હતી નહીં. ખુદ વંદીદાદ ચૌદમી સદીમાં અર્દશીર નામનો ઇરાની સીસ્તાનથી ગુજરાતના પારસીઓ માટે લાવ્યો હતો. ફરવરદીન યશ્ત છેક અઢારમી સદીમાં જામાસ્પ વેલાયતી નામના કોઇલ ઇરાની દસ્તુરે ગુજરાતના પારસીઓને આપી હતી જામાસ્પ વેલાયતીના જમાના પછીજ ગુજરાતના દસ્તુરો જરથોશ્તી ધર્મને લગતું જ્ઞાન સંપાદન કરવા લાગ્યા તે બીના સર્વ તરફથી કબુલ રાખવામાં આવી છે. જામાસ્પે નવસારીના દસ્તુર જામાસ્પઆસાને અને સુરતના દસ્તુર દારાબને જરથોશ્તી ધર્મની અને ઝન્દ તથા પહલવી ભાષાની પેહેલો વેળાએજ તઅલીમ આપી હતી. પુર્વ તરફની ભાષાઓના નામીચા ફ્રેંચ વીદ્વાન આબ્રાહ્યાં હીઇઆસેંટ આંકટીલ-દુપરોં, જેને દસ્તુર દારાબે જરથોશ્તી ધર્મ અને ઝન્દ તથા પહલવી ભાષાઓનું શીક્ષણ આપ્યું હતું, તે ઝન્દ અવસ્તાના પોતાના તરજુમાનાં પેહેલાં દફ્તરમાં ગુજરાતનાં પારસીઓમાં આગળ જરથોસ્તી ધર્મને લગતું જ્ઞાન કેટલું ઓછું બલકે નહીં સરખું હતું તે બરાબર વીગતવાર દરશાવે છે. જરથોસ્તી ધર્મ સંબંધી જ્ઞાનની તેવી ગેરહાજરીની બીજી શાહાદતો નામીચો વીદ્વાન વેસ્ટરગાર્ડ પોતે પ્રગટ કરેલી અવસ્તાના દીબાચામાં અને બીજા રેસાલાઓમાં પુરી પાડે છે. દોકતર વીલસન નવસારી વગેરે શેહેરોમાં જઇ પોતે જાતે દસ્તુરોનું કેટલું જ્ઞાન હતું તેનો અનુભવ મેળવી આવ્યો હતો, અને તે પણ ખોલ્લું જણાવે છે કે અરધી સદી ઉપર પણ તે જાણવાજોગ હતું નહીં. પોતાની બીલકુલ વીરૂદ્ધ જતી અને ખોટી ઠરાવી નહી શકાય એવી ઉપલી શાહાદતોનું ખંડન કરવાની મીથ્યા તજવીજ એરવદ જીવનજીએ સ્વભાવીક રીતે પોતાનાં ભાષણ મધે નથી કીધી. તેવી તજવીજ નહીં કરવા માટે અલબતે તેમને ઠપકો આપી નહી શકાશે, કેમકે તેવી તજવીજ તેઓએ કરી હોત તો વીદ્વાનો વચ્ચે તેઓ માત્ર પોતાની હસીજ કરાવત. સચ્ચાઇ શોધી કહાડવાની વળણની જે સમુળી ગેરહાજરી તેમનાં ભાષણ મધે જણાય છે અને પોતાનાં નાપાયદાર અનુમાનોનેજ માત્ર ટેકો આપવાની જે મકસદ તેમનાં ભાષણ મધે વ્યાપી રહેલી નજરે પડે છે, તેને અનુસરીને તેઓ તેમની બીલકુલ વીરૂદ્ધ જતી તે મુસ્તકીમ શાહાદતોની માત્ર નોંધ પણ નથી લેતા, તે બીના ખેદ કરવા જેવી છે. પણ વધારે ખેદ કરવા જેવું તો એ છે કે સામું તેઓ એમ જણાવે છે કે, દોકટર વેસ્તનાં એક લખાણ પ્રમાણે શેહેનશાહ અકબરના

જમાનામાં નવસારીના મોબેદો જેટલા ધારવામાં આવે છે એટલા અજ્ઞાન નહીં હતા. દૉકતર વૅસ્ત પોતાનાં ક્યાં લખાણમાં એ બીના પુરવાર કરે છે તે એરવદ જીવનજીએ નથી જણાવ્યું. દૉકતર વૅસ્તના એ કહેવાતાં લખાણનું નામ અને તેની દલીલો જાહેરમાં મેલવાની મેહેરબાની એરવદ જીવનજી કરશે તો તેમની તપાસ અમો ખુશીથી લઈશું. દૉકટર ગૅલ્ડનરે પ્રગટ કરેલી અવસ્તાના દીબાચાનો અભ્યાસ કરતાં પણ આ બીનાએ પ્રગટી નીકળે છે કે, મરહુમ દસ્તુર મેહેરજીરાણાના જમાનામાં નવસારી ખાતેના દસ્તુરો તથા મોબેદો જરથોસ્તી ધર્મ વીષે નજીવું અથવા લગભગ નહી જેવું જ્ઞાન ધરાવતા હતા, અને એ મઝહબના સંબંધમાં તેઓએ કાંઇ પણ લખાણો ક્યાં ન હતાં. મરહુમ દસ્તુર મેહેરજીરાણા, એરવદ જીવનજી પુરવાર કરવાની મીથ્યા અને નાપાયદાર તજવીઝ કરે છે તેમ, જરથોસ્તી ધર્મનું સારૂં જ્ઞાન ધરાવતા હોત તો તેમના હાથથી લખાયલી કોઇ શરેહ અથવા તરજુમો યા કાંઇ નહીં તો જરથોસ્તી ધર્મને લગતી કોઈ કેતાબની અમસ્થી નકલો પણ મોજુદ હોત. પણ મરહુમ દસ્તુરનાજ નહી પણ તેમના વખતના નવસારી ખાતેના બીજા કોઇ પણ મોબેદની કલમથી જરથોસ્તી ધર્મ સંબંધી કાંઇપણ લખાણ થયલું જણાયું નથી. મરહુમ દસ્તુરની આગમજ તેમજ પાછળના જમાનાઓમાં ઘણી પેઢી સુધી જરથોસ્તી ધર્મ સંબંધી જ્ઞાનમાં ઉંચા પ્રકારની તો નહી પણ માત્ર સાધારણ કાબેલ્યત પણ પોતે ધરાવતા હતા, એમ નવસારી ખાતેના કોઇ પણ પારસીએ કોઇ પણ રીતે બતાવ્યું નથી. અવસ્તાના ભાગોની જે નકલ આગળ ગુજરાતમાં કરવામાં આવી હતી તે પણ મોટે ભાગે ઈરાનીઓને હાથની છે, જેમાં યસ્નેની નામીચી કેતાબ જે હાલ ઑકસફર્ડની પાઠશાળાને ભેટ આપવામાં આવી છે તે મુખ્ય છે. પણ નવસારી ખાતેના મોબેદો અવસ્તાની પોથીની નકલો કરવાની શકતી ધરાવતા હતા એવું પુરવાર કરનારી શહાદતની ગેરહાજરી છતાં, માત્ર તકરારને ખાતેર આપણે એકબારગી માની લઈયે કે તે પોથીની નકલો તેઓએ કરી હતી, તો તે ઉપરથી એમ સાબેત થતું ગણી નહીં શકાય કે તેઓ ઝન્દ ભાષા જાણતા અથવા સમજતા હતા. આ બહુ અગત્યની બીના છે કે મરહુમ દસ્તુર નેરયોસંગ ધવલે ઘણા આગળા જમાનામાં ગુજરાતમાં વસી અવસ્તાનો સંસ્કૃત તરજુમો કીધા પછી, અઢારમી સદી સુધી કોઇ પણ નવસારીના બીજા દસ્તુર યા મોબેદે અવસ્તાનો બીજી ભાષામાં તરજુમો કીધો નથી. માત્ર કીયા કામ કેમ કરવું અને અવસ્તા મોઢે કેમ ભણી જવી, તેજ એ દસ્તુરો તથા મોબેદો જાણતા હતા. એ બીના કોઇ પણ રીતે અજાયબી ઉત્પન્ન કરનારી નહીંજ જણાશે, કારણકે આજે પણ સેંકડે નેવું ટકાથી પણ વધુ મોબેદો માત્ર એટલુંજ જ્ઞાન ધરાવે છે. હાલના મોબેદોનો બહુજ નાનો ભાગ સઉથી પવીત્ર તથા પુરાતન જરથોસ્તી ધર્મનાં મહત્વ તથા તેની ખરી ખુબીઓને લગતું થોડું ઘણું પણ જે જ્ઞાન સંપાદન કરવાને શકતીવાન થાયછે, તે માટે પારસી કોમને નહીં પણ પશ્ચીમ તરફના જ્ઞાન અને ઉત્તેજનનેજ તે આભારી છે. પણ હાલના મોબેદોના બહુ મોટા ભાગની જરથોસ્તી ધરમને લગતા જ્ઞાન સંબંધી તેવી ઉતરતા પ્રકારની સ્થીતી માટે તેમને નહીં પણ પારસી કોમને ઠપકો ઘટે છે. એ કોમ જ્યાં સુધી પોતાના ધરમ તરફની સામાન્ય બેદરકારીને બાજુએ મેલી પોતાની અને અકસર ઠરીને

પોતાના ધરમગુરૂઓના વર્ગ વચ્ચે જરથોસ્તી મજહબની સંગીન કેલવણી કેળવવાના ઉપાય નહી લેશે, ત્યાં સુધી પોતાના ધરમના સંબંધમાં તેની તેમજ તેનાં ધરમ ગુરૂઓના વર્ગની બહુજ બેદ તથા અફસોસ ઉત્પન્ન કરવા જેવી જે હાલત થઇ પડીછે. તેનો છેડો આવેલો જોવાને ભાગ્યશાળી નહીંજ થશે.

આજના અમારા વીષય ઉપરથી વાંચનાર જોઇ શકશે કે, મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાના આડકતરા ટેકામાં અર્દશીર કેરમાનીએ શેહેનશાહ અકબરને પાર્સી ધર્મ સમજાવ્યો નહી હતો અને તેમને તો માત્ર ફરહંગે જેહાનગીરીને લગતા ફારસી શબ્દોના અર્થો નકી કરવા માટેજ કેરમાનથી બોલાવી મંગાવવામાં આવ્યા હતા, એવું જે અનુમાન તે ફારસી શબ્દકોષ માંહેલા અમુક વાકયના એક ભાગ ઉપરથી એરવદ જીવનજીએ કાહાડયું હતું, તે ઇતીહાસીક મોસ્તકીમ શહાદતો મારફતે બીલકુલ નાપાયદાર ઠરે છે, એટલુંજ નહી પણ કેટલીક સંગીન દલીલો તેની તદન વીરૂદ્ધમાંજ જાય છે. વળી વાંચનાર વધુ એ જોઇ શકશે કે, મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાની સચાઇ સંબંધી શકને, શેહેનશાહ અકબરના જમાનાના નવસારી ખાતેના પાર્સી દસ્તુરો તથા મોબેદોની જરથોસ્તી ધર્મને લગતાં જ્ઞાન સંબંધી બહુજ ઉતરતા પ્રકારની સ્થીતી મારફતે બહુજ મજબુત ટેકો મળે છે.

દેલસુઝ.



ના૦ ૧૪૧

મુંબઇ સમાચાર.

(તા. ૧૫ મી જનેવારી ૧૯૦૨)

મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાને ટેકો આપનારી નવસારી સાથે સંબંધ ધરાવનારી ભરૂસેા મેલવા લાયકની કોઇ શહાદતો કે નોંધોની સમજણી ગેરહાજરી મારફતે તેની સચ્ચાઇ વીષેના શકને મળતી મજબુતી.

ગયા બુધવારના અંકમાં અમેા સ્પષ્ટ રીતે દેખાડી ગયા છીયે કે, દસ્તુર અર્દશીર કેરમાનીને તેા માત્ર ફારસી શબ્દોના અર્થો ફરહંગે જેહાનગીરીના રચનાર મીર જમાલોદ્દીન અન્જુને પુરા પાડવા માટેજ ઇરાનથી ખાસ બોલાવવામાં આવ્યા હતા અને તેઓએ શેહેનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવ્યેા નહી હતેા, એવું જે વજુદ વગરનું અને કાચું અનુમાન મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી અકસર કરીને નવસારીના પાર્સીઓ વચ્ચે ચાલતી આવેલી દંતકથાના આડકતરા ટેકામાં એ ફારસી શબ્દકોષ માહેલા અમુક વાકયના એક ભાગ ઉપરથી એરવદ જીવનજીએ કાહાડયું હતું, તે એજ શબ્દકોષ માહેલી અર્દશીર કેરમાનીને લગતી આડકતરી શહાદતો મારફતે નાપાયદાર ઠરે છે એટલુંજ નહી, પણ બીજી ઇતીહાસીક સીદ્ધી શહાદતો અને મોસ્તકીમ દલીલો ખરી હકીકતને તે નાપાયદાર અનુમાનથી તદન ઉલટા પ્રકારનીજ પુરવાર કરે છે. જણાવવાની જરૂર નથી કે એકબારગી એરવદ જીવનજીએ ખાતરીપુર્વક રીતે એમ સાબેત કરી આપ્યું હોત કે દસ્તુર અર્દશીર કેરમાનીને ફરહંગે જેહાનગીરીના રચનારને માત્ર ફાર્સી શબ્દોના અર્થો પુરા પાડવાને માટેજ શહેનશાહ અકબરે નાણાંની

મદદ મોકલી ખાસ ઇરાનથી બોલાવી મંગાવ્યા હતા, અને તેઓએ તે મહાન રાજકર્તાને જરથોશ્તી દીનની સમજણ આપી નહી હતી, તોપણ તેની મારફતે એમ પુરવાર થયલું ગણી નહીજ શકાત કે મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ તે નામદારને પાર્સી મઝહબ સમજાવ્યો હતો. તર્કશાસ્ત્રનો આ એક ઘણો જાણીતો નીયમ છે કે એક નકાર સુચક બીના મારફતે હાકાર સુચક બીના કદી પણ સાબેત કરી નહી શકાય. બીજા શબ્દોમાં બોલ્યે તો દસ્તુર અર્દશીર કેરમાનીએ જરથોશ્તી દીન શહેનશાહ અકબરને સમજાવી નહી હતી એમ સાબેત કર્યાથી એવું પુરવાર થયલું કદી પણ ગણી નહી શકાય કે મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ પાર્સી મઝહબની સમજણ તે નામદારને આપી હતી. મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ શેહેનશાહ અકબરને પાર્સી ધર્મ સમજાવી તેમાં તેને વટલાવ્યો હતો તે બીના પુરવાર કરવા માટે સીદ્ધો શાહાદતો તથા હાકાર સુચક દલીલોજ રજુ કરવી જોઇયે. તર્કશાસ્ત્રના તેવા એક બહુ સાદા નીયમને અનુસરીને તકરાર કરવાની સંભાળ એરવદ જીવનજી જેવા ઉંચી કેળવણી ધરાવનાર ગ્રહસ્થે નથી લીધો તે બીના વીદ્વાનો વચ્ચે અજાયબીજ ઉત્પંન કરશે. ગયા બુધવારના અંકમાં વધુ અમો એવું દેખાડી ગયા છીયે કે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાની સચ્ચાઇ વીષે જે શક આસરે પાંચ વરસ ઉપર ઇતીહાસના જાણીતા વીદ્વાન અભ્યાસી મી૦ રૂ૦ પે૦ કરકરયાએ ઉભો કર્યો હતો તેને, શેહેનશાહ અકબરના જમાનાના સામાન્ય રીતે સઘળા હીંદી પાર્સીઓની, અને ખાસકરીને નવસારીના જરથોશ્તીઓની, મઝહબસ્થન મઝહબને લગતાં જ્ઞાનના સંબંધમાં ઇતીહાસીક શાહાદતો મારફતે સાબેત થતી બહુજ ઉતારતા પ્રકારની સ્થીતી, મજબુત ટેકો આપે છે. ગયા બુધવારના અંકમાં અમો જે બીનાઓ પુરવાર કરી ગયા છીયે તેઓ વીષે એટલો ટુંક એશારો કરી, મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાના ટેકામાં જે ભાષણ ગઇ ૧૯ મી તારીખે રોયલ એશીઅટીક સોસાઇઅટીની અત્રેની શાખા સનમુખ એરવદ જીવનજીએ વાંચ્યું હતું તેની તપાસ આગળ ચલાવીશું.

મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથા સાથે સંબંધ ધરાવતી જે એક બીના આપણું બહુ ગંભીર ધ્યાન ખેંચે છે તે એ કે, તે દંતકથા વીષે શેહેનશાહ અકબરના જમાનાના તેમજ ત્યાર પછી લગભગ બે સદ્દી સુધીના ખુદ નવસારી ખાતેના પાર્સીઓએ પણ કશી નોંધ જાળવી નથી રાખી. મરહુમ દસ્તુર મેહેરજીરાણા પેહેલે માત્ર એક મોબેદ હતા અને નવસારી ખાતેના પાર્સીઓએ એમને પાછળથી દસ્તુર બનાવ્યા હતા. તે બનાવ સાથે સંબંધ ધરાવતો એક દસ્તાવેજ હસ્તી ધરાવતો જણાવવામાં આવે છે. પણ ખુદ તે દસ્તાવેજ ઉપર જે મોબેદોએ સહી મેલેલી નજરે પડે છે તેઓ તરફથી તે બધે એમ જણાવવામાં આવેલું નથી દેખાતું કે, મરહુમ દસ્તુર મેહેરજીરાણા દેહલીની દરબારમાં જઇ મોઅજેઝો કરી તથા પાર્સી ધર્મ શેહેનશાહ અકબરને સમજાવી તે નામદારને જરથોશ્તી મઝહબમાં વટલાવી આવ્યા તેથી તેઓને દસ્તુર બનાવવામાં આવ્યા છે. મરહુમ દસ્તુર મેહેરજીરાણા અકબર જેવા મહાન શેહેનશાહની દરબારમાં જઇ તે નામદારને પાર્સી ધર્મમાં વટલાવવાને ફતેહમંદ નીવડયા હોત તો તેમની નામના નવસારી જેવા નાના કસ્બામાં બહુજ ફેલાઇ જવા પામત; અને તેમની નામનાના તેવા ફેલાવાના પરીણામમાં તે અજબ જેવા અને પાર્સી કોમે બહુ

મગરૂરી લેવા જેવા બનાવની નોંધો તે કરબા મધેના અનેક જરથોસ્તીઓ જાળવી રાખવાને પાછા નહીજ પડત. એકબારગી તેવો કોઇ નોંધ કરતી ધરાવતી હોત તોપણ, તેની ઉપર વીશ્વાસ મેલવા આગમજ તેમાં દેહલી જઇ આવેલા પારસીઓએ પોતાને વીષે મોહોડેથી કહેલી બીનાઓનોજ સમાવેશ થવાના તેમજ તે કારણે તેમાં સરહાગાતનું તત્વ મોટાં પ્રમાણમાં આમેજ થવાના લગભગ નક્કી સંભવને ગણતરીમાંજ લેવો પડતા. ટુંકમાં કહ્યે તો તેવી નોંધ ઉપર વીશ્વાસ મેલ્યો અથવા કોઇ પ્રકારનો મદાર બાંધી નહીજ શકાત. પણ તેવી પણ કોઇ નોંધ હસ્તી નથી ધરાવતી, તે બીના મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાની સચ્ચાઇની બહુજ વીરૂદ્ધ જાય છે એમ સૌ કોઇ કબુલ રાખશે.

વળી અકબર જેવા મહાન શેહેનશાહે નવસારી ખાતેના પારસીઓ ઉપર પોતાને જરથોશ્ની દીન સમજાવવા દેહલી આવવા માટે ખાસ આમંત્રણ મોકલ્યું હોત તો, તેને લગતા અસલ દસ્તાવેજ અથવા તેની સત્તાવાર નકલો સ્વાભાવીક રીતે બહુ કાળજીથી જાળવી રાખવામાં આવેલી જણાત. પણ તેવા કોઇ અસલ દસ્તાવેજ કે તેની એક યા વધુ નકલો અથવા તેમની સાથે સંબંધ ધરાવતી માત્ર કોઇ નોંધ વટીક હસ્તી નથી ધરાવતી. બીજા હાથ ઉપર ખ્રીસ્તી ધર્મની સમજણ મેળવવા માટે જે પાદરીઓને શેહેનશાહ અકબરે ગોઆથી ખાસ બોલાવી મંગાવ્યા હતા, તેમને આમંત્રણ કરનારો તે નામદારે તેમની ઉપર લખેલો પત્ર હજુ મોજુદ છે. દુગારીક નામના તવારીખનવીસે પોતાના ઇતીહાસમાં તે જાળવી રાખેલો નજરે પડે છે, અને તે ઇતીહાસ ઉપરથી જર્મન ઇતીહાસ કર્તા કાઉંટ ડનરે પોતાની તવારીખમાં તેને ઉતારી લીધેલો જોવામાં આવે છે. દસ્તુર આઝર કેઇવાન અને દસ્તુર અર્દશીર કેરમાનીને શેહેનશાહ અકબરે ખાસ આમંત્રણ કીધું હતું, તે બીનાની નોંધ દબેસ્તાનમાં તેના કર્તા મોહસેન ફાનીએ જાળવી રાખી છે. પણ ખાસ આમંત્રણ મોકલી નવસારીથી પારસીઓ બોલાવી મંગાવ્યા હતા એમ કોઇ તવારીખમાં લખવામાં આવેલું જણાતું નથી. એરવદ જીવનજી જે તવારીખનવીસને બહુ વજન લાગુ પાડીને ટાંકે છે તેજ બહએાની માત્ર એટલુંજ લખી ગયો છે કે " નવસારીથી પારસીઓ આવ્યા હતા. " તેમને ખાસ બોલાવવામાં આવ્યા હતા એમ જેમ બહએાની તેમ મોહસેન ફાનીએ લખેલું નથી જણાતું. તે કારણે નવસારી ખાતેથી પારસીઓને ખાસ આમંત્રણ કરીને પોતાને જરથોશ્તી ધર્મ સમજાવવા માટે શેહેનશાહ અકબરે બોલાવી મંગાવ્યા હતા એવું જે અનુમાન બહએાનીને આધારે એરવદ જીવનજીએ કાઢયું છે, તે નાપાયાદારજ જણાશે. નવસારીના કેટલાક પારસીઓએ શેહેનશાહ અકબરની દરબારની લીધેલી મોલાકાત સાથે સંબધ ધરાવતી જે શહાદતો હસ્તો ધરાવે છે તેમની ઉપરથી માત્ર એટલુંજ અનુમાન સલામતી સાથ કહાડી શકાશે કે, ગુજરાત માંહેલા તે નાના કરબામાંથી થોડાક પારસીઓ મોગલ રાજધાની શેહેર મધે ધંધાને કારણે યા કોઇ બીજા સબબે આવેલા પોતાની જાણમાં આવતાં જરથોશ્તી ધર્મને લગતી બાબતોની થોડીક સમજણ મેળવી લેવા માટે શેહેનશાહે તેમને પોતાની હજુર બોલાવી મંગાવ્યા હોય. વળી આ પણ બનવાજોગ છે કે નવસારીના થોડાક પારસીઓ દેહલી કોઇ બીજા સબબસર ગયા હોય, અને ત્યાં જુદા જુદા ધર્મોને લગતી તકરારો સાંભળવાના શેહેનશાહના શોકની બબર તેમને પડતાં જરથોશ્તી મઝહબની

તે નામદારને કાંઇક સમજણ આપવાને માટે તેઓએ પોતેજ તે નામદારને અરજ કરી હોય. વળી બહએોની એમ નથી લખતો કે તેઓએ ધર્મોને લગતી તકરારોમાં ભાગ લીધો હતો, અથવા જરથોસ્તી ધર્મની બારીકીઓ શેહેનશાહ અકબરને સમજાવી હતી. તેતો માત્ર એટલુંજ જણાવે છે કે "આતશને માન આપવાનાં કામને તેઓએ મોટી બંદગી કહી, અને પોતાની તરફ શેહેનશાહને ખેંચી તે નામદારને કયાની શેહેનશાહોના વખતના અમુક શબ્દો અને તેઓનાં રાહરવેશથી વાકેફ કીધો" હવે એ પ્રકારનું જ્ઞાન આપવા માટે કાંઇ ધર્મના ઉંડા અભ્યાસની અગત નથી. કોઇ પણ સાધારણ મોબેદ તે પ્રકારનું જ્ઞાન પારકા ધર્મ પાળનારા કોઇ પણ શખ્સને આપી શકે. આતશની પરસ્તેશ અને તેને લગતી ક્રીયાઓ કેમ કરવી તેમજ અવસતાની બંદગી કેમ ભણી જવી તે અલબત સઘળા મોબેદો જાણતાજ હોવા જોઇયે, અને તેવું જ્ઞાન સંપાદન કરવા માટે કાંઇ અસાધારણ હુશીયારીની જરૂર નથી પડતી. પણ કેરમાનના દસ્તુરો માટે દબેસ્તાનનો કર્તા કહે છે કે તેઓને "જરથોસ્તી દીનને લગતા ભેદભરમો અને બારીકીઓ વીષે સવાલો કરવામાં આવ્યા હતા." દસ્તુર આઝર કેઇવાન વીષે દબેસ્તાનનો કર્તા લખે છે કે તેમણે ખાસ શેહેનશાહ અકબર માટે પોતાના ધર્મ અને ફીલસુફી વીષે એક અતી કાબેલ રેસાલો ચૌદ ભાગમાં લખી એ શેહેનશાહનાં આમંત્રણના જવાબમાં મોકલ્યો હતો. આઝર કેઇવાનનો એ રેસાલો નાદરશાહે દેહલી બાળી નાંખ્યું ત્યારે ૧૭૩૮ માં ત્યાંના પાદશાહી કેતાબખાના સાથે બળી નાશ પામ્યો હતો એમ કહેવામાં આવે છે. દસ્તુર અર્દેશીર કેરમાની વીષે દબેસ્તાનનો કર્તા લખે છે કે તેને શેહેનશાહના વઝીર અબુલફઝલને આતશ પવીત્ર કરી હમેશ મહેલમાં બાળવી રાખવા શીખવ્યું હતું. તે પ્રમાણે નવસારીના અને કેરમાનના પારસીઓએ બજાવેલાં કામો વચ્ચેનો જે ફરક શેહેનશાહ અકબરનાં જમાનાની ઇતીહાસીક શહાદતો મારફતે પ્રગટી નીકળી છે, તે બોલ્લું બતાવે છે કે તે નામદારને જરથોસ્તી ધર્મનું ખરૂં મહત્વ અને તેનો મર્મ સમજાવનારા તેમજ એબાદતખાના મધે સઘળા ધર્મો વીષેના વાદવીવાદમાં ભાગ લેનારા ઇરાની દસ્તુરો તથા મોબેદોજ હોવા જોઇએ.

મરહુમ દસ્તુર મેહેરજીરાણા દેહલી જઇ મહાન શેહેનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવી આવ્યા એવા, અકસર કરીને નવસારી ખાતેના પારસીઓ વચ્ચે ચાલતી આવેલી દંતકથાના ટેકામાં એ કસ્બા મધે થયલી, જે એક નોંધની શહાદત એરવદ જીવનજી રજુ કરે છે, તે મરહુમ દસ્તુરનાં મરણ પછી લગભગ પોણી બસો વરસ ગુજરયા બાદ કરવામાં આવેલી માલમ પડે છે. તે નોંધ દસ્તુર શાપુરજી સંજાણાની કલમથી લખાયલા નવસારીના આતશબેહરામને લગતા કીસ્સામાં હસ્તી ધરાવે છે પણ એ કીસ્સાની શહાદત ભરૂસો મેલવા લાયક નથી એમ ખુદ બગર સાથના દસ્તુરો તથા મોબેદો આડકતરી રીતે કબુલ રાખી ચુકયા છે, કેમકે નવસારીના આતશબહેરામ દેસાઇ ખુરશેદજીએ પોતાને ખરચે બંધાવ્યા હતા એવી જે બીના એ કીસ્સા મધે જણાવવામાં આવી છે, તેને બીલકુલ ખોટી જાહેર કરી તેઓ બોલ્લું જણાવે છે કે એ આતશબેહેરામ તો અન્જોમને ભરેલાં નાણાં મારફતે તૈયાર કરવામાં આવ્યાં હતાં. તેમ છતાં મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાના ટેકામાં એ કીસ્સાની શહાદત એરવદ જીવનજીએ રજુ કરેલી હોવાથી માત્ર એટલોજ સાર ખેંચી શકાય છે કે તે માહેલ્લા જે ભાગો

પોતાની લાગણીઓ, વેણ અંઓ કે બુટ્ટાઓની તરફેણમાં જતા હોય તેમને ખરા તરીકે તેઓ સ્વીકારે છે, જ્યારે તેમની વીરૂદ્ધ જતા ભાગોને સાચા માનવાને તેઓ ના પાડે છે. તકરાર કરવાની તથા શાહદતો રજુ કરવાની તેવી રીતી બહુ વીચીત્ર અને ગેરવાજબીજ છે. અત્રે કોઇ એવી દલીલ ઠઠાચ રજુ કરશે કે શું એક ચોપડી માંહેલી અમુકબીના ખોટી હોય તો તેથી તે માંહેલી બાકીની સઘળીજ બાબતો સચ્ચાઇથી વેગળી હોવી જોઇયે. પણ તે દલીલ નાપાયાદારજ જણાશે કેમકે એક ચોપડીમાં નોંધવામાં આવેલી કોઇ અમુક બીના ખોટી જણાતાં તે ચોપડીની શહાદત શકમંદજ ગણાવી જોઇએ, અને તેવી શકમંદ ચોપડી માંહેથી કોઇ બીનાને શહાદત તરીકે ટાંકવા આગમજ તેના તેવા ઉપયોગ કરનારને તે બીનાની સચ્ચાઇ પેહેલે પુરવાર કરવાને બંધાયલોજ સમજવામાં આવે. બીજા શબ્દોમાં બોલ્યે તો દસ્તુર શાપુરજી સંજાણાના નવસારીનાં આતશબેહેરામને લગતા ક્રીસ્સા માંહેલી મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાને ટેકો આપતી નોંધ તેની તરફેણમાં ટાંકવા આગમજ તે નોંધની સચ્ચાઇ પુરવાર કરવાને એરવદ જીવનજી તર્કશાસ્ત્રના નીયમો પ્રમાણે બંધાયલા હતા. પણ તે કામ લગભગ અશક્ય જેવુંજ હોવાથી તેઓ તે કરી નથી શકયા, કારણ કે તે નોંધ ખરી છે એમ સાબેત કરવું અને એ દંતકથા સાચી છે એમ પુરાવાર કરવું એ એક સરખુંજ મુરકેલ છે. તે પ્રમાણે એ દંતકથા જેવી એક બહુજ શકમંદ બીનાના ટેકામાં તેટલીજ શકમંદ ચોપડીમાંથી જે શહાદત રજુ કરવામાં આવી છે, તેને વજન લાગુ પાડવાને અથવા સાચી તરીકે સ્વીકારવાને ખરા ખોટા વચ્ચે તોલ કરવાની સાધારણ શકતી ધરાવનારો કોઇપણ અપક્ષપાત આસામી તૈયાર નહીંજ થશે. તેવી બીલકુલ નકામી શહાદત શોધી કહાડવા પાછળ એરવદ જીવનજીએ પોતાનો વખત તદન ફોકટમાં ગુમાવ્યો છે, એમ અમને લાગે છે. વળી મરહુમ દસ્તુર મેહેરજીરાણાના મરણ પછીનાં છેક પાણીબસો વરસ સુધી તેમને લગતી દંતકથાની નોંધ નવસારીના કોઇપણ પારસીએ નથી લીધી તે બીના ઉપરથી એવોજ સંભવીત સાર ખેંચી શકાય છે કે એ દંતકથા બીલકુલ નાપાયદારજ હોવી જોઇએ; અને મરહુમ દસ્તુરનાં મરણ પછી ઘણોજ લાંબો વખત ગુજરી ગયા બાદ ખોટી કીર્તી મેળવવાના અઘટીત અને નાનું મન બતાવનારા હેતુથી, મરહુમ દસ્તુરના કુંટુંબીઓએ કે કોઇ પણ બીજા પારસીઓએ એ દંતકથા ઉભી કીધી હશે. ઉપરાંત એ દંતકથાની સચ્ચાઇની બહુ વીરૂધમાં જે બીના જાય છે તે એ કે પારસીઓ હીંદુસ્તાનમાં પહેલવહેલા આવ્યા ત્યારથી પોતાના વખત સુધીની ક્રીસ્સે સંજાન નામની જે નામીચી ટુંક તવારીખ શેહેનશાહ અકબરના જમાનાના નવસારી ખાતેના એક મોબેદે લખી છે, તેમાં દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાની કશી પણ નોંધ લેવામાં આવેલી નથી જણાતી. જો દસ્તુર મેહેરજીરાણાએ દેહલી જઇ શેહેનશાહ અકબરને પારસી ધર્મ બરોબર સમજાવ્યો હોત, અને મોબેદોએ કરી તે નામદારને એ સઉથી પવીત્ર તથા પુરાતન મઝહબમાં વટલાવ્યો હોત, તો તેવા મહાભારત બનાવની નોંધ તે ટુંક તવારીખમાં ખચીતજ લેવામાં આવત. એ દસ્તુરની આગળ થઇ ગયલા પ્રખ્યાત ચાંગાશાહના પ્રાકમોની નોંધ એમાં લેવામાં આવેલી છે. અમો આગળ વધીને કહીશું કે તેવું પ્રાકમ જો મરહુમ દસ્તુરે કીધું હોત તો તે અદભુત બનાવની નોંધ નવસારી ખાતેના કોઇપણ પારસીએ શેહેનશાહ અકબરના જમાનામાં અથવા તેની

પછી થોડાંક વરસ ગુજરી ગયા બાદ કોઇ ખાસ ચોપડી મારફતે જાળવી રાખવાની પોતાની અઇન ફરજજ વીચારી હોત. જણાવવાની જરૂર નથી કે કીસ્સે સંજાનની કેતાબ ઈ૰ સ૰ ૧૬૦૦નાં સાલમાં એટલે શેહેનશાહ અકબરની હયાતી દરમ્યાન અને મરહુમ દસ્તુર મેહેરજીરાણા દેહલીથી નવસારી પાછા ફર્યાની કહેવાતી તારીખની માત્ર વીસજ વરસ અને તેમનાં મરણની માત્ર નવ વરસ પછી ખુદ નવસારીમાં લખાઇ હતી. પણ જેમ તે કીસ્સામાં તેમ મરહુમ દસ્તુરના જમાનામાં કે તેમનાં મરણ પછીના છેક લગભગ પોણીબસો વરસ સુધીમાં લખાયલી કોઇપણ કેતાબમાં, તેમનાં કહેવાતાં પ્રાક્રમની કશી નોંધ લેવામાં આવેલી નહીં જણાતી તે બીના બહુજ અર્થસુચક છે. એથી ઉલટું મરહુમ દસ્તુર મેહેરજીરાણાનાં મરણ પછી સો વરસે નવસારીમાં લખાયલી "ખોલાસે દીન" નામની કેતાબમાં તેના કર્તા દસ્તુર દારાબ પાહલન, ખુદ એરવદ જીવનજીના જણાવ્યા પ્રમાણે, માત્ર એટલુંજ લખે છે કે મેહેરજીરાણા પરેહેજગાર દસ્તુર થઇ ગયા હતા. એ દસ્તુર દેહલી જઇ અકબરને ધર્મ સમજાવી સદરેા પહેરાવી આવ્યા હતા એવી વાત દસ્તુર દારાબ પાહલનને ખબર હોત અને તેઓ જો તે માનતા હોત તો જરૂર એ દસ્તુર વીષેની પોતાની નોંધમાં તે બીના તેઓ ઉમેરત. ૧૬૯૦માં લખાયલી આ કેતાબની શહાદત પણ બહુ મજબુતાઇથી આ દંતકથા સામે જાય છે એમ વાંચનાર જોશે. આ સઘળી દલીલેા એવાંજ અનુમાનને મજબુત ટેકેા આપે છે કે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથા બીલકુલ નાપાયદાર છે, અને તેમનાં મરણ પછી ઘણી લાંબી મુદત ગુજરી ગયા બાદજ તેને ઉભી કરવામાં આવી હશે.

મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાના ટેકામાં એરવદ જીવનજીએ આપેલાં ભાષણનું પોકળ, તે માંહેલી દલીલેા તથા તેમનાં અનુમાનેાની નાપાયદારી વાંચનાર સનમુખ અચુક આકારમાં રજુ કરી અમોએ બતાવ્યું છે. અમારા વીષયેાની મદદથી વાંચનારે જોઇ લીધું હશે કે તવારીખના એક સાધારણ અભ્યાસીનાં જેટલું પણ ઇતીહાસીક જ્ઞાન તેઓ નથી ધરાવતા તેમજ ઇતીહાસીક શહાદતો ઉપરથી ખરાં નહીતેા સંભવીત પણ અનુમાનેા કાઢાડવાની એમની શકતી બહુજ ઉતરતા પ્રકારની છે, તે બીનાઓ એમનાં ભાષણ મારફતે સ્પષ્ટ પ્રગટી નીકળે છે. વળી અમારાં લખાણેા મારફતે તેઓની ઇતીહાસ સંબંધી ગંભીર અને કેટલાક દાખલાઓમાં હસવા સરખી ભુલેા ઉપર વાંચનારનું ધ્યાન અમેા આગલા અંકેામાં ખેંચી ગયા છીયે. તેમની ઇતીહાસને લગતી બીજી બે ભુલેા બતાવી આપી આજનેા વીષય અમેા બતમ કરીશું. મરહુમ દસ્તુર મેહેરજીરાણાનાં નામની સઘળી હયાત તવારીખેામાં જણાતી સંપુર્ણ ગેરહાજરી શેહેનશાહ અકબરને પાર્સી ધર્મમાં વટલાવવાનું પરાક્રમ તેઓએ કર્યું ન હતું એમ પુરવાર નથી કરતી, એવું દેખાડવા માટે તેઓ એવી દલીલ રજુ કરે છે કે એમ તેા અબુલફઝલ ખ્રીસ્તી પાદરીઓમાં માત્ર એકનુજ નામ આપે છે, અને બીજાઓનાં નામેાની નોંધ નથી લેતેા. પણ એ દલીલ તદન ભુલ ભરેલી અને બીલકુલ નાપાયદાર છે તે અમેા બતાવી આપીશું. જે પાદરી વીષે પોતાની તે દલીલમાં એરવદ જીવનજીએ એશારેા કીધેા છે તેનું નામ રદીફ અથવા રદોલ્ફ છે એમ કહેવાની જરૂર નથી. પણ તે ઉપરાંત બીજા કોઇપણ પાદરીનું નામ અબુલફઝલ નથી આપતેા

એ બીના તદન ખોટી છે કેમકે ગોઆથી બીજા પાદરીઓ શેહેનશાહ અકબરનાં તેડાંને માન આપી ખ્રીસ્તી ધર્મ તે નામદારને સમજાવવા માટે આવ્યા હતા તે બનાવની નોંધ લેતાં, તે નામીચો ઇતીહાસ કર્તા પોતાનાં અકબરનામામાં બોલ્યું જણાવે છે કે "પાદરી ફરમાલીયુન ગોઆથી દરબારમાં આવ્યો અને તેને ઘણો માન ભરેલો આવકાર આપવામાં આવ્યો." તે રીતે એરવદ જીવનજીની તે દલીલ ભુલભરેલી અને નાપાયદાર હોવા ઉપરાંત, સામુ મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાની સચ્ચાઈનો વીરૂધ્ધમાંજ તે જતી જણાશે. પાદરી રદોલ્ફ ગોઆથી ૧૫૮૦માં પેહેલી વેળાએ ગયલા ત્રણ પાદરીઓનો વડો હોવાથી, તેમજ જુદા જુદા ધર્મોને લગતી તકરારમાં પોતાના બે હમશરીકો સાથે સરખાવતાં તેણેજ આગેવાન ભાગ લીધેલો હોવાને સબબે અબુલફઝલે સ્વભાવીક રીતે તેનાં નામની નોંધ લીધી છે. અલબતે તે બીના ઉપરથી એવું સંભવીત અનુમાન કાહાડી શકાય છે કે, શેહેનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવવા માટ નવસારીથી દેહલી ખાતે ગયલા પાર્સીઓના વડા જેમ જણાવવામાં આવે છે તેમ મરહુમ દસ્તુર મેહેરજીરાણા હોત અને જુદા જુદા ધર્મો સંબંધી તકરારોમાં તે પાર્સીઓ મધેથી તેઓએજ આગેવાન ભાગ લીધો હોત તો તેઓનું નામ ઇતીહાસમાં જળવાઇ રહેલું જોવામાં આવત. પણ કોઇ પણ ઇતીહાસકર્તા મરહુમ દસ્તુરનાં નામની નોંધ નથી લેતો; એટલુંજ નહીં, પણ અબુલફઝલ તો નવસારીથી દેહલી ગયલા પાર્સીઓ વીષે કશો એશારો પણ નથી કરતો ! તે બીના પણ એવુંજ અનુમાન કાહાડવાને આપણને કારણ આપે છે કે મેહેરજીરાણા નવસારીથી દેહલી એકબારગી ગયા હોય, તોપણ ત્યાં પોતાની સાથના નવસારીના બીજા પાર્સીઓ સાથે સરખાવતાં કોઇ પ્રકારનો આગેવાન ભાગ તેઓએ ભજવી બતાવ્યો નહીંજ હશે, અને જરથોસ્તી ધર્મની પોતે આપેલી સમજણ મારફતે નવસારીના પાર્સીઓ માંહેલો કોઇ પણ એક કાંઇ પણ જીવ જેવી કે જાણવાજોગ અસર શેહેનશાહ અકબર ઉપર કરી શકયો નહીં હશે.

વળી એરવદ જીવનજીએ પોતાનાં ભાષણ મધે બીજી એવી બીના જણાવી છે કે અકબરે ખ્રીસ્તી પાદરીઓને યુરોપથી બોલાવી મંગાવ્યા હતા. એ બીનાને તવારીખનો બીલકુલ ટેકો નહીં હોવાથી તેઓ એ ભાષણ વાંચતા હતા તે દરમીઆનજ ઇતીહાસના જાણીતા વીદ્વાન અભ્યાસી મી૦ રૂ૦ પે૦ કરકરીયાએ એઓ પાસે તે બીનાની શહાદત માગી હતી. તે માગણીના જવાબમાં લગાર અચકાયા પછી પોતાની શહાદતો તરીકે કાઉંટ ડનર અને દુઆરીકનાં નામો એરવદ જીવનજીએ રજુ કર્યાં હતાં. પણ એ બંને તવારીખનવીસોના ઇતીહાસોનો અભ્યાસ કરતાં જણાશે કે અકબરને યુરોપ સાથે કશો વ્યવહાર હતોજ નહીં, અને ગોઆના પોરટુગીઝ સત્તાવાળાઓની મદદથી તે બંદર ખાતેના પાદરીઓનેજ દેહલી બોલાવી મંગાવવાને તે નામદાર શકતીવાન થયો હતો. ખ્રીસ્તી પાદરીઓ યુરોપથી નહીં પણ ગોઆથી અકબર આગળ ગયા હતા. આ તો જાણીતી બીના છે કે મોગલ દરબારને યુરોપ સાથે પેહેલો સીધો સંબંધ શેહેનશાહ જેહાનગીરના વખતમાંજ થયો હતો, જે વખતે અંગ્રેજ એલચી સર ટૉમસ રો તે નામદારની દરબારે ઇંગલૅંડથી આવ્યો હતો.

આજના અમારા વીષય મારફતે અમોએ બતાવી આપ્યું છે કે મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ દેહલી ખાતે કરી બતાવેલાં કહેવાતાં પરાક્રમની માત્ર એક અપવાદ સેવાય કશી પણ નોંધ નવસારી ખાતેના કોઈ પણ પાર્સીઓએ એ કરણા મધે જાળવી નથી રાખી, અને તે અપવાદ સાથે સંબંધ ધરાવતી ચોપડી બહુ શકમંદ હોવાથી તથા ભરૂસો મેલવા જોગ નહીં હોવાને કારણે, તેમજ મરહુમ દસ્તુરની મરણ પછી છેક પોણી બસો વરસ ગુજરી ગયા બાદ તે લખાયલી હોવાને લીધે તેની શહાદત રજુ કરવી નકામુંજ છે. નવસારી સાથે સંબંધ ધરાવતી ભરૂસો મેલવા લાયકની કોઇ નોંધની સમુળી ગેરહાજરી પણ મરહુમ દસ્તુર મેહેરજીરાણાને લગતી દંતકથાની સચ્ચાઇ વીષે આસરે પાંચ વરસ ઉપર ઉભા કરવામાં આવેલા શકને બહુ મજબુત ટેકો આપતી જણાશે.

દલસુખ.

ના૦ ૧૪૨
પંચડાંડ

(તા. ૧૯ મી જાનેવારી ૧૯૦૨)

શહેનશાહ અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો તે વિષે નવેસરથી જાગેલી ચર્ચા. *

—:o:—

" તવારિખ પોતાનું કથન પાછું ઠથે છે. " આ એક અંગ્રેજી કહેવત છે, જે હમણાં મથાળેના પ્રશ્નના સંબંધમાં પણ ખરી પડતી જણાય છે. આજથી આશરે છ વરસની વાટ પર જ્યારે એ તકરાર રોયલ એશીઆટીક સોસાયટીમાંથી આગલ વધી છાપામાં ફાટી નિકળી હતી, તે વેળા જે નાલાયક વલણ મરહુમ દસ્તુર મેહેરજી રાણાના તથા તેમના ખાનદાનના શત્રુઓએ ધારણ કીધી હતી, બરાબર તેજ વલણે કામ લેવાનું આ વેળા પણ તેઓએ શરૂ કર્યું છે. ચર્ચાપત્રીના કે તખલ્લુસના વેશ ધારણ કરી તેને ઓથે તે બિચારાઓને શતાવવા તથા ભાંડવામાં આવ્યા હતા; અને આ વેળા પણ તેવોજ કટાક્ષ દેખાડવા લાગ્યા છે. મુલ મુદાની વાત એટલીજ છે કે, મરહુમ દસ્તુર રાણા અકબરની દરબારમાં ગયા હતા કે નહી ? અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો ? અને તે સમસમજાવટની તેના ઉપર શી અશર થઇ હતી ? એ સવાલોનો ફેસલો તે વેળા, છાપા મારફતે મી૦ કરકરયાની વિરૂદ્ધ અને દસ્તુર મેહરજી રાણાની તરફેનમાં થઇ ગયો હતો. તેની અચુક સાબેતી ટાઇમ્સ ઓફ ઇન્ડીયા તથા મુંબઇ ગેઝેટમાં તે વેળા પ્રગટ થયલાં " એડી ઓકલટરી " ના તખલ્લુસવાળા વિદ્વાન લખનારનાં, તેમજ કયસરે હિન્દનાં લખાણોથી મળે છે. તે વેળા આ લખનારાઓની મુસ્તકીમ તકરારો સામે મી૦ કરકરીયા કશું કરી શકયા ન હતા. માત્ર તેમના પક્ષકાર છાપાવાળા. મરહુમ દસ્તુરની તથા તેમનાં ખાનદાનની ઠાઠાઠીઠી કરીને, મેદાન જીતી ગયલા પોતાને સમજતા હતા. જ્યારે સદરહુ કાબેલ લેખકોની મગ્ઝાકુલ તકરારનો પાયો તેઓ હલાવી શકયા નહીજ, ત્યારે મેહરજી રાણાના કહેવાતા " મોજેજા " ની મુલ મુદ્દાથી દુરની વાતને વલગી પડીને, અને તે ઉપરથી તે મહાત્મા અશો દસ્તુરની મસ્કેરી કરીને તેઓ પોતાની હાર છુપાવતા હતા. આજે જોકે તેઓ બદજુબાની વાપરવામાં હજુ સુધી તેટલી હદસુધી " ફાસ " ગયા નથી તે કદાચ હવે પછી થશે ! તોપણ તેઓએ પોતાની લડતનો ભોંપુરો તો " મોજેજા " ને તથા " વટલાવ્યા " શબ્દ-

* નંબર ૧૩૯–૧૪૧ નો જવાબ.

ને આગળ પાડીનેજ કુકયેા છે, અને જો કે દેખાવ માત્ર તકરારનેા તથા મધ્યમપણાંનેા કર્યો છે, તે પણ જીવનજીનાં ભાષણથી તેમની તકલીદી લડતનેા પાયેા ધસી પડયાને લીધે તેમને કેટલેા બધેા ચટકેા લાગ્યેા છે, તે તેમાંથી આરપાર દેખાઇ આવ્યા વગર રહેતું નથી. હવે જીવપર આવી કાંઇ પણ કરીને એર્વદ્દ જીવનજીને તથા તેમનાં ભાષણને ઉતારી પાડવાને તેઓ મથન કરે; અને તે માટે, જ્યારે પેાતાના પક્ષકાર મી૦ કરદરયાને “ ઇતિહાસના જાણીતા વિદ્વાન અભ્યાસી ” કહી છાપડે ચઢાવે છે. ત્યારે એર્વદ્દ જીવનજી જેવા ખરેખર વિદ્વાન “ શમસુલ ઓલમા” ને તથા તેમના રેસાલાને નીચલા સભ્યતા ભરેલા (!) શબ્દોની શાલ પામરી હેારાડે છે; “ ફતેહ મેળવાની આશા ણીલકુલ છેાડી બેઠેલા”, નબળી, “ નાપાયદાર ” “ હસી કહાડવા સરખી, ” “ ઉછાછલાપણું, ” “નબળેા” “કલ્પીત,” “ ણીલકુલ નાપાયદાર, ” “ હસીનું મુલ, ” “ હસવા સરખી ભુલ, ” “ નિષ્ફળ, ” “ શકતી બહુ કાચી અને ઉતરતા પ્રકારની. ” “ પેાકલ, ” “ મીથ્યા અને હસવા સરખી ” “સચાઇ શેાધી કહાડવાની વલણની સમુલી ગેરહાજરી, ” ઇત્યાદિ. પણ તેઓ ભુલી જાય છે કે, તેમનેા એ ધાંધલ ધુંધલથી વાંચનારી વિવેકી આલમ અંજાઇ જવાની નથી. તેઓ આ પણ ભુલી જાય છે કે, તવારિખના આ એક મહાન સવાલનેા ફડચેા કાંઇ કલગીર તેારાના અખાડાની ઢબે છાપાની કતારેામાં થતી કુથલીથી થવાનેા નથી. તે તેા રેાયલ એશીઆટીક સેાસાયટી જેવી પહેલા વર્ગની વિદ્વતાઇ સભા મધે કાબેલ અનુભવી, અપક્ષપાટ વિદ્વાનેા મારફતે થવાનેા છે, જેના ઝલકાટ આગલ આ જાતની કુથલીઓ આપેાઆપ અલેાપ થઇ જવી જોઇયે. એર્વદ્દ જીવનજીનાં સિદ્ધાંતનેા મુખ્ય અને મેાટેા આધાર દાખલા દલીલેા, તવારિખી શાહદતેા, પાદશાહી ફરમાનેા, તથા લેખીત પુરાવાઓ ઉપર છે; જ્યારે તેમના વિરૂધ્ધાઓ માત્ર તે સાહદતેા ઉપરથી ખેંચી તાણીને ઉભા કીધેલા વિરૂધ્ધ પ્રશ્નેા ઉઠાવીને તેમની સચાઇને ઢાંકવાની યુકતી કરે છે–કહેા કે તેઓ ફકત શબ્દેા અને તર્કો ઉપરથી રમત કરે છે, અને ણીલસ જેવાં મેાટાં મથાલાં એાથી તેને ભપકા ભરેલું રૂપ આપે છે. અલબત, કેટલીક બાબતેા તેઓ તકરાર રૂપે દલીલ તરીકે રજુ કરે છે, પણ તેણી એક તરફી અને ભુલાવેા ખવાડનારી છે. અમે તેનું વિગતે ખંડન કરવા માંગિયે છયે, પણ તે હવે પછી કરીશું. હાલ તેા સામેવાળાઓની તકરાર કરવાની રીતિનું બેહુદાપણું દેખાડતાંજ એટલું લંબાણ થઇ ગયું છે કે, અમેાને અટકવાની ફરજ પડે છે.



ના૦ ૧૪૩

મુંબઇ સમાચાર

(તા૦ ૨૫ મી જાન્યુઆરી ૧૯૦૨)

પારસીઓ ઇરાનથી હીંદુસ્તાન ખાતે નાસી આવ્યા પછી તેઓએ પરઠાવેલાં આતશબેહરામો—પારસી ધર્મનાં તે વેળાનાં તેઓના જ્ઞાન વીષેની કેટલીક હકીકત.

(મુંબઇ સમાચાર માટે ખાસ લખનાર. મી૦ જમશેદજી પાલનજી કાપડીયા.)

ઇઝશનેનાં છવીસમા હામાં જણાવ્યા પ્રમાણે દરરોજ ખાધા આગમજ હરેક મરનારના બેશીઓએ તે રવાનની નઇંયતે ક્રવશીનાં કલામો ભણાવવા જોઇએ, તથા પહેલે વરસ દસ દીન સુધી તેના મુકતાદ માંડવા જોઇયે. આ રેવાજ પ્રમાણે હમણા સુધી પારસીઓ ચાલતા આવ્યા છે. કહે છે કે એ ક્રવશી યાને ફરવરદીન યશ્તની એક નકલ પારસીઓના હીંદુસ્તાન ખાતેના આગળા વડીલો માટે હકીમ જમારપ વેલાયતી ઇ૦ સ૦ ૧૭૨૧ માં પેહેલીવાર સુરત શેહેરવાળા મંચેરજી શેઠને આપી ગયો હતો. તેની આગમજ તેમની પૂર્વેનાં પારસી ન્યાગાનો કને એ યશ્તની નકલ હતી નહી, તો જો કે મરહુમ દસ્તુર પેશોતનજી બેહેરામજી સંજાના કનેથી એ યશ્તની એક નકલ પ્રોફેસર ગેલદનરનાં જોવામાં આવી હતી. જમારપ વેલાયતી તરફથી મળેલી નકલની આગમજ લગભગ સો વરસ પૂર્વે યાને ઇ૦ સ૦ ૧૬૨૫ માં દસ્તુર પેશોતનજી પાસેની નકલ લખાયલી હતી એમ તેનાં હાશીયામાં જણાવેલું છે; પરંતુ તે અસલી હાશીયો (કોલોફોન) તેમાંથી ગુમ થયલો હોવાથી, કોઇ ત્રાહીત શખ્સે બીજો હાશીયો પોતા તરફથી પાછળથી લખી કાઢાડી તેમાં ઇ૦ સ૦ ૧૬૨૫ નો સને પોતા તરફથી પછવાડેથી દાખેલ કીધેલો હોય એમ મને હાલ શક જાય છે. (જુઓ ગેલદનરનો " અવસ્તા " "પ્રોલેગોમેન " યાને દીબાચાને સફે ૧૨ મે) એ જમારપ વેલાયતીનાં વખતમાં આપણાં દસ્તુર મોબેદો અવસ્તા તથા પેહેલવીની સમજણ અને જ્ઞાન એટલું તો કોતાહ ધરાવતા હતા કે, તેણે ગુજરાતનાં આખા પ્રાંતમાંથી ત્રણ ચેલાઓ શોધી કહાડીને, તેઓને અવસ્તાનો એલમ ફરીથી વ્યાકરણ કાયદા પ્રમાણે અર્થ સાથ શીખવવાનો શરૂ કર્યો હતો. એ ત્રણ ચેલાઓમાં એક તો સુરતવાળા દસ્તુર દારાણ હતા, જેમને આપણાં લોકો કુમાનો દાદો કરીને કહે છે, અને જેમની કનેથી પાછળથી આંકીટલ દુ પેરોંએ અવસ્તાનો અભ્યાસ સુરત શેહેરમાં વસીને કર્યો હતો. બીજો ચેલો ભરૂચવાળા દસ્તુર કામદીન અને ત્રીજો ચેલો નવસારીવાળા દસ્તુર જમારપ આશા હતા. (જુઓ એ જમારપ વેલાયતીના હાથની લખાયલી " પેહેલવી ફરહંગ," જે હાલ મુલ્લાંપ્રીરોઝ કીતાબખાનામાં છે. ") અરબોનાં હોરને લીધે ઇરાન સર જમીનમાંથી નાહાસીને થોડાંક વરસો સુધી જ્યારે પારસીઓના વડીલો હોરમજદના ટાપુમાં આવી ભરાયા અને ત્યાં પણ તેમનો જોહાકી હોર ખમી ન શકાય તેવો થઇ પડયો, ત્યારે, કહે છે કે, આધાહદારૂ નામના કોઇ એક નજુમી દસ્તુરે પોતાનો રમલનો એલમ અજમાવી જોયો, અને હોરમજદના ટાપુમાંથી નાહાસીને હવે કયાં ભરાઇ જવું કે જેથી જરથોસ્તી ધર્મની બોલબાલા રહે અને મહોમેદનોના જુલમમાંથી ઇરાની પારસીઓ બચી શક તે માટે તેણે પાસા નાખી જોયા. કહે છે કે તેનો

પાસેા યુરેાપ કે એશીયાના ઉત્તર તરફનાં ભ ગેામા નાસી ભરાવાની તરફેણમાં પડયેા નહી હતેા, પરંતુ હીંદુસ્તાનની સર જમીન-પર નાસી જઇ ત્યાં વસવાની તરફેણમાં પડયેા હતેા. આથી યઝદેજરદી સને ૮૪ યાને ઇ૰ સ૰ ૭૧૫ ના સાલમાં પારસી-ઓના કેટલાએક વડીલેા કીશતીએા ઉપર સ્વાર થઇ હીંદુસ્તાન તરફ નીકળી આવવા સારૂ ઉપડયા હતા. માઠાં ભાગ્યે તે વેળાએ ચેામાસાંનેા દરીયામાં પુર જોર હેાવાથી, ચાલીસ દીન સુધી અરબી સમુદ્ર-માં બેહદ હાડમારી ભેાગવયા બાદ આખર તેઓ સહીસલામત સનજાનનાં બંદર ખાતે આવી લાગ્યા. તે મુબારક રેાજે શુક્રવાર હતેા, અને પારસી લેાકેાનેા ચેાથેા મહીનેા તીર અને બહમન રેાજ હતેા, તથા હીંદુઓનેા સંવત ૭૭૬ નેા શ્રાવણ શુદ ૯ નેા દીવસ હતેા. ત્યાંના રાજાની મેહેરબાનીથી પેલા તેાફાનની વેળાએ કરેલી માનતાને લીધે, સપર પેહેલાં આતશબેહે-રામ " ઇરાન શાહ " નામે સંવત ૭૭૭ યાને ઇ૰ સ૰ ૭૨૦, એટલે જે ય૰ સ૰ ૮૯ ના આદર મહીનેા ને આદર રેાજે, મેાબેદ નેરીએાસંગ ધવલ પેહેલાએ સમસ્ત પારસી અનજેમન સનમુખ તખ-તનશીન કરયા હતા. (જુએા મારા માજી મીત્ર શેઠ મંચેરજી દેારાબજી દજનેરના કીતાબખાના માંહેલી એક ચેાપડીનાં હાંસી-યા પર તેવણે ઘણાક વરસેાના વાત ઉપર પેાતાના હાથથી ઉતારી લીધેલી યાદી.) સંવત ૧૪૭૫ યાને ઇ૰ સ૰ ૧૪૧૮ તથા ય૰ સ૰ ૭૮૮ નાં તીર મહીનાના દેપમેહેર રેાજે એ " ઇરાનશાહ " નાં આતશબેહેરામ સાહેબને નવસારીનાં કરબામાં લાવી, તમામ પારસી અનજેમન સનમુખ શેઠ ચાંગાશાહે ત્યાં તખતનશીન કરયા હતા; જ્યાંથી સંવત ૧૭૬૬ માં યાને ઇ૰ સ૰ ૧૭૩૯ તથા ય૰ સ૰ ૧૧૦૯ માં ઉદવારા ખાતે લઇ જવામાં આવ્યા હતા, જ્યાં એ આતશબેહેરામ સાહેબ હમણા સુધી કાયમ થઇ રહ્યા છે. એ આતશબેહેરામ સાહે-બની એક નવી અને મેાટી ઇમારત પરસી પેાલીશની ઢબછબ પ્રમાણે મરહુમ બાઇ મેાટલાંબાઇ વાડીયાએ મેાટેા ખરચ કરીને ઇ૰ સ૰ ૧૮૯૪ એટલે સંવત ૧૯૫૨ યાને ય૰ સ૰ ૧૨૬૪ ના અરદીબેહેસ્ત મહીનેા ને બેહેર રેાજે બંધાવીને સમસ્ત હીંદુસ્તાનના પારસીઓને બક્ષીસમાં આપી દીધેા છે. તે પછી સંવત ૧૮૨૨ યાને ઇ૰ સ૰ ૧૭૬૫, એટલે ય૰ સ૰ ૧૧૩૫ના અરદીબેહેસ્ત મહીનાના સરેાશ રેાજે નવસારી કરબામાં બીજા એક આતશબેહેરામ સાહેબને મરહુમ બરજોરજી તેમુલજી દેસાઇના તથા મરહુમ દસ્તુર સેારાબજી રૂસ્તમજી માંડીબાર રાણાનાં હસ્તકમાં આપીને તખતનસીન કરવામાં આવ્યાં હતાં. મુંબઇમાં પેહેલું આતશબેહેરામ કદમી ટેાલાના પારસી-ઓએ સ્થાપયું હતું અને એ આતશબે-હેરામ સાહેબ જેને આપણે દાદીશેઠનાં આતશબેહેરામને નામે ઓલખયે છીયે, તેને સંવત ૧૮૩૯ યાને ઇ૰ સ૰ ૧૭૮૨, એટલે ય૰ સ૰ ૧૧૫૨ ના અસપંદારમદ મહીનાના સરેશ રેાજે શેઠ દાદાભાઇ નસરવાનજી દાદીશેઠે તથા મુલ્લાં-કાઉસ જલાલીએ મલીને તખતનસીન કર્યાં હતાં, સંવત ૧૮૮૦ મુતાબકે સને ઇસવીઆ ૧૮૨૩ માં યાને ય૰ સ૰ ૧૧૯૩ નેા અરદી-બેહેસ્ત મહીનેા ને સરેાશ રેાજે સુરત શેહેરમાં દાદાભાઇ નસરવાનજી મેાદીની નઇયતે શેહેનશાહીઓનાં એક આતશબેહે-રામ સાહેબને મરહુમ શેઠહેારમજી બમનજી વાડીઆ અને દસ્તુર એદલજી દારાબજી સંજાનાની મારફતે પરથવામાં આવ્યાં હતાં. એ આતશ બેહેરામને ત્યાંના રહીશેા હાલમાં " જાઇમેાહનનું આતશ બેહેરામ " એવા નામથી ઓલખે છે. વળી એજ વરશનેા

ખોરદાદ મહીનો ને અરદીબેહેસ્ત રોજે તેજ શહેરમાં શેઠ પેશતનજી કાલાભાઈ વકીલે એક કદમીઓનું આતશ બેહેરામ પણ પરથાવયું હતું, અને તેને પરથાવવાની ક્રીયા મોબેદ સોરાબજી જમશેદજી નાંલાદારૂએ કીધી હતી, જે વીશે સુરતની સદર અદાલતમાં સરેસ્તાઈ ભોગવવા માટે ટાંચો વટીક નીકળી હતી. ત્યારબાદ સાત વરસ પછી યાને સંવત ૧૮૮૭ માં અથવા ઇ. સ. ૧૮૩૦ માં એટલે જે ય. સ. ૧૨૦૦ ના અરદીબેહેસ્ત મહીનાના શરોશ રોજે મરહુમ શેઠ હોરમસજી બમનજી વાહાડીયાવાળાં શેહેનશાહીઓના આતશબેહેરામ સાહેબને મુંબઈમાં મરહુમ દસ્તુર એદલજી હોરાબજી સંજાનાએ પરથ્યા હતા તે પછી કંઈક સંસારી ખટપટને લીધે શેઠો ફરામજી, રૂસ્તમજી તથા બરજોરજી કાવસજી બનાનાએ આપણા આ રોણકદાર શેહેરને દરીએ કીનારે (બૅક બે ઉપર કાવસજી બેરામજી બનાજીવાલાં કદમીઓનાં આતશબેહેરામ સાહેબને દસ્તુર જમશેદજી એદલજી જામાસપઆસાનાકને ક્રીયાકામ કરાવીને સંવત ૧૯૦૧ મુતાબકે સને ઇસ્વીએ ૧૮૪૪ માં, એટલે ય સ. ૧૨૧૪ ના તીર મહીનાના સરોસ રોજે, પરથાવયા હતા. એ ગંભીર અને દબદબા ભરેલી ક્રીયા આ નામેનીગાર જેને તે વેળાએ બરોબર સાત વરસને સાત દીન થયલા હતા, તેને પોની બચગી વેળાએ જોયલી હોવાથી હજુ સુધી તેની યાદદાસ્તમાંથી તે ખસી ગઇ નથી, અને તેજ વેળાએ તેણે મરહુમ શેઠ બરજોરજી કાવસજી બનાજી જેવા એક હાતેમ દીલ પારસી શેઠયાને આતશના પાત્રાંને પારસી અન્જોમન સન્મુખ ફેરવીને પરથાવતી વેળાએ જોયા હતા એમ તેની સ્મરણ શકતી હુમણા પણ તેને યાદ આપે છે. પારસીઓને વેપારી બનાવવામાં તથા તેઓને ઉઠી ઉભા કરવામાં તે શેઠે અસલ કઈ થોડી મેહેનત કરી ન હતી, અને બીનસ્વાર્થે છુપી રીત તેઓને પોતાની બરોબરીઆ બનાવવામાં પોતાના બેહોળા વગવસીલાનો ઉપયોગ કરી કશાં પણ પ્રયત્નો બકાત રાખ્યાં ન હતાં, પરંતુ આ દુનીયા કેવી બેવફા અને નગુની છે કે, આવા પરમાર્થી નરની આપણા ટોળામાં કશીપણ હાલ યાદદાસ્ત રહી નથી, ત્યારે બીજાઓ જેઓ અમરથો ઘોંઘાટ કરનારા તથા સત્તાવાલાઓની ખુશામત કરનારા હોય છે, તેઓ ફાવી જાય છે અને નામચીનોમાં ખપે છે. બરજોર તે બહુજ વીલાપ કરવા જેવો બીના છે, કેમકે તેથી બરી અને સહી તવારીખ સહા અંધારાના વમળમાં ગોથા ગોતાં ખાયા કરે છે, અને સચાઇ ઉપર જુઠ્ઠાઇ લાંબો વખત સુધી ફાવી અને ટકો શકે છે. ઉપર જણાવ્યા પ્રમાણે કદમીઓનાં એક બે ખાનદાનોની માંહેમાંહેની ખટપટથી બનાજીના આતશ બેહેરામ સાહેબનો જેમ અત્રે પાયો નખાયો હતો, તેમજ દસ્તુર પેશુતનજી બેરામજી સંજાના સાથે તેમનાં ભગરપંથનાં મોબેદોને નાણાં સંબંધી વાંધો ઉઠયાથી અત્રે શેહનશાહી "અંજુમનના આતશબેહેરામ" ના નામથી બીજા એક આતશબેહેરામ સાહેબનો પાયો નખાયો; (એ જુદા જુદા સનેઆનો બરોબર ગણત્રી વીશે જુઓ કાવસજી પટેલની "કરોનોલોજી.") જેમાં નાણાની રકમો પારસીઓ કનેથી ભરાવીને અકઠી કરવા તેરથી તે ચૌદ વરસ સુધી મરહુમ દસ્તુર જામાસપજી મીનોચેહેરજી જામાસપઆશાનાએ કંઈ થોડી મેહેનત અને જહેમત ખેંચી નહી હતી. તે આતશ બેહેરામસાહેબને સંવત ૧૯૫૩ માં યાને ઇસ્વીશન ૧૮૯૭ માં અને યઝદેજરદી સને ૧૨૬૭ ના અરદીબેસ્ત મહીનાને અરદીબેસ્ત રોજે, ઘણી ધામધુમથી સેક્રીટરીઓ મેશર્સ શાપુરજી બેરામજી કાતરક અને સોરાબજી રૂસ્ત-

મજી બનશાએ પારસી અન્જોમનની સન-મુખ એ મરહુમ દસ્તુર જમાસજી કને આ મારી જન્મભુમીમાં તખ્તશીન કરાવ્યા હતા. એ આતશબેહેરામ સાહેબનો મુખરો પણ પારસી પોલીસની ઇમારતોની ઢબછબ પ્રમાણે આપણા અત્રેનાં શીલ્પશાસ્ત્રી મી૦ દીનશા દેરાબજી મીસ્ત્રીએ લઇને તેને બહુ રોનકદાર બનાવ્યો છે.

હવે હીંદુસ્તાનમાં ગુજરાત પ્રાંતમાં આવીને પારસીઓએ જ્યારે વાસો કર્યો, ત્યારે તેઓ પોતાનું દીન ધરમનું કામ સપર પહેલાં તો સારી પેઠે સમજતા હતા, કેમકે તે જમાનાના હીંદુ રાજાઓએ તેઓને સારો આશ્રો આપ્યો હતો, અને અવસ્તા તથા પેહેલવી ભાષાથી તેઓના દસ્તુર મોબેદો થોડા ઘણા પણ વાકેફ હોવા જોઇએ એમ કેનેરી તરફના કોઇક ગુફાઓમાં તેઓ પોતાનાં નામો પેહેલવી ભાષામાં કોરાવી ગયા છે તે ઉપરથી સાફ જણાઇ આવે છે. પરંતુ આસ્તે આસ્તે ગુજરાત પ્રતાંમાં મુસલમાનોનું જોર વધી પડ્યું, જેથી અર્દશીર નામના એક પારસી સરદારની સરદારી હેઠળ આપણાં નીઆગાંનોને મહમદશાહ બેગડા સામે હીંદુ રાજાઓ તરફથી એક વેળાએ હથીઆરો ફરીને બાંધવાને ફરજ પડી હતી એમ આપણા લોકોમાં ચાલતી આવેલી દંતકથા ઉપરથી માલમ પડે છે. આ લડાઇ દરમ્યાન કહે છે કે, પારસી બાનુઓએ પણ પોતાની બાહાદુરી મરદ પોશાકમાં દેખાડી હતી, પરંતુ પાછળથી મહમદશાહના હાર ખાધેલા સપાહોને જ્યારે માલમ પડ્યું કે તેઓ સામે તો બારતો લઢે છે ત્યારે વધારે ઉસ્કેરાઇને ફરીને એક સખત હુમલો તે બાઇઓ પર તેઓ લઇ ગયા, જેમાં ઘણી ખરી પારસણો, કહે છે કે મરી ગઇ હતી. આથી હીંદુ રાજાઓએ આપણાં નીઆગાંનોને પોતાની રજપુત સ્ત્રીઓ સાથે પરણવાની છુટ મેલી હતી, જેના પરીણામમાં ઘણાએક બેહેદીનો નાચારીના મારયા કેટલીક રજપુતાણીઓને પોતાની બાયડી કરી બેઠા હતા. ઇરાન ખાતેથી પારસી સ્ત્રીઓ મેળવવા માટે તેઓએ પુછાવ્યું, ત્યારે હીંદુસ્તાન જેવા ઘણા દુરના દેશ ખાતે તેમને મોકલી આપવાની ઇરાની પારસીઓએ આનાકાની દેખાડી હતી, અને હીંદુસ્તાનના પારસીઓને એમ લખી વાળ્યું હતું કે, હીંદવાણીઓ સાથે તેઓ જો પરણી જશે તો તેમાં હરકત જેવું હવે કશું નથી, કેમકે હીંદવાણીઓનું લોહી પોતાની અસલી સ્વછ હાલતમાં તે વખતે જલવાઇ રહેલું હતું. ઇરાન સાથે હીંદી પારસીઓને ખટખટુતા જે (પત્રવેહવાર) ચાલતાં હતાં, તેમાં એ પ્રમાણે ઇરાની જરથોસ્તીઓએ અત્રેના પારસીઓને લખી વાળ્યું હતું એમ મારા મીત્ર કેખશરૂ મેરવાન ઇરાની કનેથી એક વેળાએ મેં સાંભળ્યું હતું, જેઓએ તે ખટખટુતો યા તો પોતે યા તો પોતાના કોઇક બેશાઓ મારફતથી ઇરાનમાં વાંચી જોયલાં હતાં એમ તેઓએ મને કહ્યું હતું. આથી જરથોસ્તી ધરમને લગતા જ્ઞાનના મામલો પાછળથી જરા વધારે બગડતો ચાલ્યો, કેમકે હીંદુ સ્ત્રીઓને પારસીઓ પરણ્યાથી તેમને લીધે પારસી લોકોમાં હીંદુઓની રીતભાતો વધારે આમેજ થતી ચાલી, ને એટલે સુધી કે નવસારીમાં તો દખમાં વટીક પથરનાં નહી પરંતુ ઇંટના બનાવવા માડ્યાં, અને રવાનોને ગેહાનો પર નહી પણ કરકતીઓ પર મેલીને અવલંજલ આપણાં લોકો પોંહોચાડવા લાગ્યા હતા. એટલામાં સારા ભાગ્યે મોતી તથા ઝવેરાતોનાં વેપારને અરથે કાઉસ અને અફસાર નામના બે ઇરાનીઓનું નવસારી કસબામાંથી આસરે ઇ૦ સ૦ ૧૫૩૦ માં

મુસાફરી કરતા પસાર થવાનો સંજોગ બન્યો. તેઓએ પારસી લોકોને એમ સમજાવ્યું કે જરથોસ્તી ધર્મ પ્રમાણે ઈંટનું દખમું નારવા છે, અને પથ્થરનું જ બાંધેલું દખમું હોવું જોઇએ આથી ત્યાંના તે વેળાનાં પારસીઓનાં શેઠીઆ માણેકશાહ ચાંગાશાહે ઇ૰ સ૰ ૧૫૩૩ માં એક નવું પથ્થરનું દખમું બંધાવીને ઇજાવી આપ્યું હતું, જે દખમુ તથા તેની આગમજનું ઈંટનું બનેલુ દખમું પણ આજે ઘણી બીસ્માર હાલતમાં ત્યાં મોજુદ છે.

ના૰ ૧૪૪

પંચડાંડ.

(તા. ૨૬ મી જનેવારી ૧૯૦૨.)

ચર્ચાપત્ર.

" ઇતીહાસના જાણીતા વીદ્વાન અભ્યાસી " !

પંચડાંડના અધિપતિ જોગ.

સાહેબ,–શેહનશાહ અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો તે વિષે હમણાં ચાલુ થયલી ચર્ચામાં તમો સારો ભાગ લેતા હોવાથી, તેના સંબંધમાં મને લાગતા નીચલા ગુચવાડાનો ખુલાસો તમારા પત્ર મારફતે મેલવવાની હું જીજ્ઞાસા રાખું છું. આ બાબતમાં શમ્સુલ ઓલમા એર્વદ જીવનજીએ રાયલ એશીઆટીક સોસાયટીમાં વાંચેલા રેસાલાથી જ્યારે મી૰ રૂ૰ પે૰ કર્કરીયાનું પુલસુંઘણું જતુ રહયું છે, ત્યારે વકકી પ્રમાણે મુંબઇ સમાચારે તેમનો પક્ષ પકડી મરહુમ દસ્તુર મેહેરજી રાણા તથા તેમના વંશજો સામે તેમજ એર્વદ જીવનજી વિરૂધ્ધ નવેસરથી પોતાના ઉભરા ઠહાડવા માંડયા છે. તેમ કરતાં તમારો એ વડિલ ભાઇબંધ જ્યારે એર્વદ જીવનજીને ઉતારી પાડવાને લગભગ લીટીએ લીટી "હસવા જોગ," " નાપાયદાર," "નબલા" " કલપીટ," ઇત્યાદી શબ્દો વાપરે છે, ત્યારે મી૰ કરકરયાને વારંવાર " ઇતીહાસના જાણીતા **વીદ્વાન અભ્યાસી** " એવાં વિશેષણો લગાડીને છાપરે ચઢાવે છે. કોઇ પણ છાપાવાળો પોતાના વિરૂધીઓને નિંદે તથા પોતાના પક્ષકારને છાપરે ચઢાવે, તેની તે મોજમાં હું ખલલ કરવા માંગતો નથી; પણ હું જે જાણવા માગુ છું તે એજ કે, ઇતીહાસના જાણીતા **" વિદ્વાન અભ્યાસી"** તે શું અને કેવા ? હું જાણું છું, અને તે સારી આલમને જાણીતું છે, કે જે " વિદ્વાન " હોય તે "અભ્યાસી" કહેવાય નહી, કાંકે અભ્યાસ પરિપુર્ણ કર્યાથી તે વિદ્વાનની પદ્વી પામે છે; તેમ જે "અભ્યાસી" હોય તે "વિદ્વાન" ગણાય નહી, કાંકે વિદ્વાનને દરજ્જે પુગવાને હજુ તેને અવલંબ હોય છે, ત્યારે આપણા આ " વિદ્વાન અભ્યાસી " મી૰ કરકરયાને આપણે ખરી રીતે શું સમજવા ? " અભ્યાસી " કે " વિદ્વાન " ? જો અભ્યાસી સમજવા હોય તો કશો વાંધો નથી, કાંકે તેમનું ભંડોલ અભ્યાસીની હદ જેટલું જ જણાય છે. પણ જો તેમને વીદ્વાન ગણાવવાની મતલબ હોય તો હું જાણવા માગું છું કે, વીદ્વાનની પદ્વી તેમને કોણે, કયારે, કયાં, અને તેમનાં કયાં ભંડોલને માટે આપી છે ? શું તેઓ વારંવાર પોતે હાથ ધરેલા વિષયોમાં છબરડો કરે છે તે માટે ?


હુમ્મગ.

ના૦ ૧૪૫

મુંબઇ સમાચાર

(તા. ૨૯ મી જનેવારી ૧૯૦૨)

ઇરાનથી પારસીઓ નાહાસી આવ્યા પછી આ દેશમાં તેમના ધર્મ સંબંધી જ્ઞાનનો થયલી સ્થીતી–નવસારીના મરહુમ દસ્તુર મેહેરજી રાણા વીશે ચાલતી દંતકથાના સંબંધમાં કેટલોક ખોલાસો.



(મુંબઇ સમાચાર માટે ખાસ લખનાર મી૦ જમશેદજી પાલનજી કાપડયા.)

નવસારીના જરથોસ્તીઓમાં પારસી ધર્મને લગતાં જ્ઞાનની સ્થીતી ઇ૦ સ૦ ૧૫૩૦ ના વરસમાં કેવી હતી, તેને લગતી વીગત ગયા શનીવારના અંકમાં આપી જવામાં આવી છે. કાઉસ અને અફસાર નામના બે ઇરાનીઓએ નવસારીના પારસીઓને ઇંટનાં નહી પણ પથરનાં દખમાં બાંધવાની સમજ આપ્યા પછી, લગભગ પચાસ વરસ ગુજરી ગયા બાદ યાને આશરે ઇ૦ સ૦ ૧૫૮૦ માં દસ્તુર મેહેરજીરાણા નામના નવસારીના એક રહીસ જરથોસ્તી ધર્મની સમજ આપવા સારૂ શેહેનશાહ અકબરની દરબાર ખાતે દેહલ્લી શેહેર તરફ રવાને થયા હતા; પરંતુ તે જમાનામાં આપણા દસ્તુર દાવરો જરથોસ્તી ધર્મની ખુબી અને જ્ઞાનમાં એટલા તો પાછળ પડી ગયલા હતા કે, અકબર જેવા મહાન શેહેનશાહની દરબારના ઓલમા જેવા કે અબુલફઝલ તથા ફઇઝીને હાથે તેઓ તરતજ માત થઇ જાય તેવું હતું, અને તેમ બન્યું પણ હતું ખરૂં, કેમકે જ્યારે મોબજેઓ વીષે ત્યાં એકઠા થયલા વીદ્વાનો વચ્ચે વાદવીવાદ થઇ પડયો ત્યારે દબેસ્તાનવાળો લખે છે કે,

" જરદોસ્તી દર ગુશે ઇસ્તાદે બુદ ગોર કે એનકારે મોબજેઝાત મકેન કે પય-ધમબરે મા નીઝ બર આસમાન રફતે (બુદ)"

યાને " એક જરથોસ્તી જે એક ખુણામાં ઉભેલો હતો તે એકાએક ઓલી ઉઠયો કે, મોબજેઝા વીષે તમારે એનકાર કરવો ન જોઇએ, કેમકે અમારો પેગમ્બર પણ આસમાન ઉપર ગયો હતો. "

એક હકીમે તેના પ્રતીઉત્તરમાં તેને એમ બાંધી લીધો હતો કે, " તમો જર થોસ્તીઓ તે યઝદાન તથા અહરીમનની હસ્તી વીષે માનો છો, કે જેથી બદી યઝદાન તરફથી ઉતરતી નથી એમ તમોને કહેવાને બની આવે; પરંતુ તમો વળી એમ પણ બોલો છો કે પરમેશ્વરના બુરા વીચારમાંથી અહરીમન પેદા થયો હતો, ત્યારે તો બદીનો પેદા કરનાર હોરમઝદ ઠરે છે. આથી તમારા ધર્મનો પાયો બુનમેખથીજ ગોથા ખોટો અને ધસી પડે તેવો છે, અને તે પર મચાવેલો સરવે માંચડો તેથી ભાંગી તુટી પડે તેવી ખોટી અને નાપાયાદાર હાલતમાં આવે છે. " પેલો જરથોસ્તી તેનો ઉત્તર વાળી શકયો ન હતો, અને તેથી પેલો હકીમ તેના પર ફાવી ગયો હતો એમ દબેસ્તાનના મઝમુન ઉપરથી સારાંશ નીકળી શકે છે. (જુઓ ફારસી દબેસ્તાન પાનું ૨૬૬ તથા ઇંગ્રેજી દબેસ્તાનનાં દફતર ત્રીજાને સફે ૭૩ મે.) આ પરથી અકબરની ખાતરી થઇ હતી કે હાદેસાના માર્યા બીચારા હીંદુસ્તાનના પારસીઓ પોતાના દીનધરમનું જ્ઞાન ખોઇ બેઠા છે, તેથી મઝદયસ્ની ધર્મની ખુબી ખામી વીષે હઝરત આઝર કેઇવાન કનેથી મદદ લેવાની તેને ફરજ થઇ પડી હતી, કેમકે કાશમીરમાં કેથે તે દસ્તુર સાહેબ સાથે એ પાદશાહને આગળ એકે વેળાએ મુલાકાત થઇ

હતી જે વેળા તે બંને સાહેબો વચ્ચે આ નીચલી ઢપછપ પ્રમાણે કેટલાએક સવાલ જવાબો થયા હતાઃ—*

સવાલ—પાદશાહ અકબર પુછે છે કે, દસ્તુરજી સાહેબ, તમો મારાં ખાનદાન વીષે હવેથી શું આગાહી આપી શકો છો ?

જવાબ—તમારાં ખાનદાનમાં એકજ નામવર શખશ હવ પછી પેદા થશે, અને ત્યાર બાદ તમારાં ખાનદાનનો સેતારો દીન પર દીન ગરૂબ થવા માંડશે (તે શખશ તે પાછળથી શેહેનશાહ અોરંગઝીબ થયો હતો.)

સવાલ—વારૂ સાહેબ, અમારાં ખાનદાન (મોગલ વંશ) કનેથી અમારી સલતનતને કોણ છીનવી લેશે ?

જવાબ—ઘણુજ દુરના દેશાવરો તરફથી કોઇક લોકો આવશે જે તમારાં ખાનદાનનો અંત આણશે. (તે આપણને અંગ્રેજ લોકો સમજવા જોઇએ.)

સવાલ-વારૂ ત્યારે તે લોકો કેટલા લાંબા વખત સુધી મારી ગાદી લઈ બેસશે અને રાજપાટ ભોગવશે?

જવાબ-ને હું કહી શકતો નથી; યાને એટલી બધી દુરનો આગાહો કહેવાની મારામાં શકતી આવેલી નથી. (અ પરથી ઇંગ્રેજ લોકો આ દેશ ખાતે બહુજ લાંબો વખત સુધી રાજ ભોગવશે એવો અર્થ ઉઠે છે.)

સવાલ-વારૂ તમારા જરથોશ્તીઓનું કેથે નાનું જેવું રાજપાટ ફરીને હું સ્થાપી આપું ?

જવાબ-ના સાહેબ. અમારો વખત હજુ સુધી આવી પહોંચ્યો નથી, અને તે બનાવને હજુ ઘણોજ વીલંબ જોઇએ.

લોર્ડ ટેનીસને " અકબરનાં **સ્વપનાં**" ઉપર જે પોતાની કલમ બેતબાજીમાં કસેલી છે, તે ગોથા આ મજકુર સવાલ જવાબોનો અંક પડઘાયો હોય તેમ મને ભાસે છે. પાછળથી તેજ દસ્તુરજી સાહેબ આઝર કેઇવાનના પેલા ચૌદ જોઝવોએ અકબરના દરબારીઓનાં મન ઉપર એવી તો સારી અસર કરી હતી કે, તેથી તેણે પોતાના નવા એલાહી મઝહબમાં આપણાં જશ્નો તથા કેટલીએક ક્રીયાકર્મો પોતે દાખેલ કર્યા હતાં; એટલુંજ નહિ, પરંતુ કેવ્લે તરીકે આતેશને પારસીઓની રીતભાત મુજબ સદા પોતાના મહેલમાં બળતો રાખવાનું કામ પોતાના વઝીરે અલલામી યાને બેહદ કાબેલ પ્રધાન અબુલ ફઝલને સોંપી આપ્યું હતું. (જુઓ અંગ્રેજી "દબેસ્તાન" દફતર ત્રીજું, પાનું ૯૫ થી ૯૬.) તે જોઝવો છેક નાદેરના વખત સુધી દેહલીના કેતાબખાનામાં મોજુદ હતા, અને તે વેળાએ ઇરાનમાં જે લગભગ પાંચ લાખ પારસીઓ હતા તેઓમાંના કોઇ કોઇ ઇરાની પારસીઓ જેઓ નાદેરનાં લશકરમાં હતા તેઓના વાંચવામાં પણ તે આવ્યા હતા.

માડાં ભાગ્યે ત્યાર બાદ દુરાની તાયફાવાળા અહમદશાહ અબદાલીએ નાદેર પછી વીસ વરસે દેહલીનું કેતાબખાનું પોતાની ચોથી સ્વારી વેળાએ બાળી નાંખ્યું હતું. તેમાં તે જોઝવો બળીને ભસ્મ થઈ ગયા હતા. આ ઉપરથી જોવામાં આવશે કે જે માન દસ્તુર હઝરત આઝર કેઇવાનને ઘટે છે તે માન નવસારીના પારસીઓ દસ્તુર મહેરજીરાણાને આપે છે અને જણાવવા માગે છે કે, મરહુમ દસ્તુર મેહેરજીરાણાએ શેહેનશાહ અકબરને સોદરેહ કોસ્તી વટીક પહેરાવ્યો હતો. પરંતુ આ પ્રમાણે જણાવવા માટે નવસારીના પારસીઓ પાસે

---

* દસ્તુર મહેરજીરાણા દીલહીથી નવસારી પાછા ફરવા પછી છેક દશ વરસે અકબર કાશમીર આવ્યો હતો; એટલે દસ્તુર આઝર કયવાનની સાથની પોતાની મુલાકાતની દશ વરસ આગમચ અકબર આતશ અને પારસી મહિનાઓ વિષે હુકમ આપી ચૂકયો હતો. આ મુલાકાત વખતના સવાલ જવાબોનો **reference** તો એ તવારીખનવેશે આપ્યો નથી.

શહાદત જેવું કશું નથી. પાછળથી કોઈ તરફથી સહરાગત તરીકે તે બીના ઉત્પન્ન થયેલી દીસે છે. અકબર શેહેનશાહે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને તેમની દેહલી ખાતેની લાંબી મુસાફરીના બદલામાં એક મોટી જાગીર તેમના માગવાથી નવસારીનાજ કસ્બામાં વંશપરંપરા આપી દીધી હતી, અને જે જાગીર તેમના વારસો હમણાં સુધી ભોગવતા જણાવવામાં આવે છે, તે જાગીરની બીનાને શેહેનશાહ અકબરને સોદરેહ કોરતી પહેરાવવાનો સહરાગત સાથે જોડવામાં આવે છે. પણ એમ તો ગુરૂ નાનકના ચોથા ગાદીનશીન વારેસ ગુરૂ રામદાસને પણ એ શેહનશાહે અમરીતસરમાં જમીનનો એક મોટો ટુકડો પોતે બખશીશ કર્યો હતો,જ્યાં તે ગુરૂએ એક મોટો તળાવ બંધાવ્યો હતો જે વખણાયલો તળાવ હજુ સુધી ત્યાંના રહીશોના વપરાસમાં આવે છે. એ ચોથા ગુરૂ રામદાસ સાથે અકબરને બહુ પ્રીતી હતી, એટલુંજ નહી પરંતુ તેની પૂર્વેના નાનકના ગાદીનશીન બીજા ગુરૂ અમરદાસ સાથે પણ ધર્મ સંબંધી તકરારોમાં તે પોતે વારંવાર ઉતરતો હતો. (જુઓ "એડવોકેટ ઓફ ઈન્ડીયા," તા૦ ૨ જી જેન્યુઅરી ૧૯૧૨ માં છપાયલું મીસીસ એની બેઝેન્તનું "નાનક" પંથ ઉપરનું ભાષણ. આજ પચાસ વરસની વાત ઉપર મેં મારા મુરબ્બી બાવા કનેથી સુરત અને નવસારીમાં ચાલતી આવેલી એક એવી દંતકથા સાંભળી હતી કે,‡ એજ અરસામાં જ્યારે કોઇ એક દાના મોબદ નવસારી તરફ જઇ લાગ્યો ત્યારે ત્યાં પારસીઓને વસ્તા જોઈને પોતે બહુ મગ્ન થઈ ગયો હતો, અને ત્યાંના દસ્તુર સાહેબની મોલાકાતે જવાને પોતાની મોટી ખાહેશ દેખાડી હતી. દસ્તુરજીને તે વાત કોઇએ જણાવ્યાથી તેવણ ખુદ પોતેજ તે મોબદની મોલાકાતે ઉતરી પડયા હતા, આથી પેલો મોબદ તેવણને ઠેઠ પોતાનાં ઘરનાં ઉંબર સુધી એસ્તેકબાલ લેવા ગયો હતો, પરંતુ વાતચીત કરતાં પેલા દસ્તુરજી સાહેબ તેને ફારસી તથા અવસ્તાનાં જ્ઞાનથી એટલા તો બેખબર લાગ્યા હતા કે, જ્યારે તેઓએ ત્યાંથી રોખસત લીધી ત્યારે પોતે પોતાના દાદર સુધી પણ તેમને વલાવવા ગયો ન હતો. તેનું કારણ કોઇએ તે મોબદને પુછયાથી તે પોતે એમ બોલી ઊઠયો હતો કે જ્યારે તમારા ધર્મના ઉપાધ્યાઓ આવા બેખબર હોય ત્યારે તેઓને માન કે આદર આપણે શા સારૂ આપવું જોઇએ? જ્યારે હું આપણી યુનીવર્સીટીમાં લગભગ દશ વરસની વાત ઉપર ફારસી ભાષા તથા સાહીત્યનો પરીક્ષક હતો ત્યારે મારા એક જોડીયા મીરઝા હોસેનખાને પણ કોઇક પારસી ચોપડીની સત્તાને આધારે મને તે વાત કહી સંભળાવી હતી; પરંતુ તે ચોપડી હું જોઉં અને તેનું નામ પુછી લઉં એટલામાં માઠા ભાગ્યે તે મારો મિત્ર એકાએક મરણ પામ્યો હતો, જેથી હું આજ દીન સુધી હાથ ઘસડતો રહી ગયો છું, અને જરાક આળસાઇ કર્યાથી એક મોઅતેબર શહાદત મારા હાથમાંથી ગોમ થઇ ગઇ છે.

ગુજરાત પ્રાતમાં આવી વસ્યા બઆદ ચારસો પાંચશો વરસમાં અવસ્તા તથા પહલવીનો એલમ એટલો તો આપણા લોકોમાંથી ભુલાતો ચાલ્યો હતો, અને આ દેશની ગુજરાતી ભાષા આપણા લોકોમાં એવી તો જડ નાખી બેઠી હતી, કે ઇ૦ સ૦ આસરે ૧૨૦૦થી ૧૨૫૦ માં તે વેળાના નામવર દસ્તુરજી સાહેબ નેરીઓસંગ ધવલ બીનને આપણાં અવસ્તાનાં બચી રહેલાં દફતરોનો સંસ્કૃત ભાષામાં તરજુમો કરવાની ફરજ પડી હતી, કેમકે તેઓને

‡ પોતાના એકલા બાવાએ કહેલું તે તવારીખની શહાદત અને હજારો લોકોમાં દંતકથા ચાલે તે બોટી.

ભય લાગ્યો હતો કે કદાચ આગલ ચાલતાં આપણું ઇરાની સાહીત્ય તદ્દનજ ભુલાઈ જાય, એ બનવાજોગ હતું; અને તેટલા માટે આ દેશની સંસ્કૃત જેવી અસલ ભાષાથી આપણો ધર્મ બરકરાર રાખવાની દુરઅંદેશી તેઓએ વાપરી હતી. આવી તેમની દુરઅંદેશી તેમની કીરતીમાં બહુજ ઉમેરો કરે તેવી છે, (જુઓ શપીગલનો નેરીઓસંગના જમાના પર લખેલો નીબંધ.) કેમકે ત્યાર પછી એક સદીમાંજ પારસી લોકો વંદીદાદની પોથી પણ ગુમ કરી બેઠા હતા, કે જે દસ્તુર ફરીને આસરે ઇ૦ સ૦ ૧૩૫૦ માં સીસ્તાનના એક મોબદ નામે અર્દશીરે ઇરાનથી લાવીને આપણા નીઆગાનને ભેટ કીધું હતું, અને તેથી આપણા ધર્મની કેટલીએક ક્રીયાઓ પાછી સંચરાવા માંડી હતી.

અકબરની દરબાર ખાતે ચાલેલી "બહસે અદીઆન" યાને જુદા જુદા મઝાહેબને લગતી તકરાર, જેનો સાર દસ્તાન ઉપરથી આપણે ઉપર આપ્યો છે, તે વીષે બદઓની તથા બીજા એક બે મેહોમેદન નવીસંદાઓ સેવાય બીજા તે ઝમાનાના મોસલમાનોએ કસું લખાણ કીધું નથી. તેઓએ તેમ નહી કરવાનું કારણ એ દીસે છે કે, અકબરે બીજો નવો એલાહી મઝહબ સ્થાપવાથી તેઓ તેનીપર રૂઠ્યા હતા. અબુલફઝલ તે બાબતપર વીસ્તારીને એક પુસ્તક રચનાર હતો, પરંતુ મોતના દહતે તે બીચારાની મોરાદ બર આવવા દીધી નહી. તોપણ શારેસ્તાનનો ચોથો ચમન જે ગોમ થઇ ગયો છે, અને આગળા વખતના મેહોમેદનોએ પોતાના ધરમનાં તઅસ્સોબથી તેને કદાચ પરાગંદે પણ કરી નાખ્યો હોય, એ બનવાજોગ લાગે છે, તેમાં રીઆઝતના એલમની કેટલીએક સમજ આપવામાં આવી હતી. "ધરમ સંબંધી થયલી તકરારો" વીશે તેમાં ખોલાસાથી લખતાં જરથોસ્તી ધર્મ વીશેની સર્વે બાબતો દરશાવવામાં આવેલી હતી; પરંતુ તે ચમન હાલ ન મળી શકવાથી આપણી મોશકેલીમાં ઉલટો વધારો થાય છે. નહીતો દબેસ્તાનનાં લખાણોને એ ફરઝાને બહરામથી આજે ઘણી મજબુત પુષ્ટી મળી શકત.

ના૦ ૧૪૬.

મુંબઇ સમાચાર.

(તા. ૩૧ મી જનવારી ૧૯૦૨)

દસ્તુર જામાસપ વેલાયતી ઇરાનથી હીંદુસ્તાન આવ્યા તે વેળાએ પારસી મોબેદો તથા દસ્તુરો અજ્ઞાન નહીં હતા તે દેખાડવા માટે કરવામાં આવતી વીચીત્ર તકરાર.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—આપ સાહેબના ગઇ તા૦ ૨૫ મી જનેવારીના અંકમાં પ્રગટ કરવામાં આવેલા શેઠ જમશેદજી પાલનજી કાપડીયાના, "પારસીઓ ઇરાનથી હીંદુસ્તાન ખાતે નાસી આવયા પછી તેઓએ પરઠાવેલાં આતશ બેહરામો—પારસી ધરમના તે વેળાના તેઓના જ્ઞાન વીષેની કેટલીક હકીકત" એવાં મથાળાં હેઠળના વીષયમાં એવાણ સાહેબ લખે છે કે 'એ દસ્તુર જામાસપ વેલાયતીના વખતમાં આપણા દસ્તુર મોબેદો અવસ્તા તથા પેહેલવીની સમજણ અને જ્ઞાન ઘણુંજ કે.તાહ ધરાવતા હતા, અને દસ્તુર જામાસપ વેલાયતીના ત્રણ ચેલાઓ મધે દસ્તુર જામાસપ આશા પણ હતા.' હમારા ધર ખાતે હમારા વડવાઓને માટેની જે નોંધો મલી આવે છે

તે નોંધો ઉપરથી દસ્તુર જમાસ્પ આશા વીયેના નીચલો ખોલાસો આપ સાહેબ ઉપર મોકલું છું, તે આપના પત્રમાં છાપી મુજ ઉપર ઉપકાર કરશોજી.

દસ્તુર જમાસ્પ વેલાયતી હીંદુસ્તાન ખાતે આવ્યા તે આગમજ દસ્તુર જમાસ્પ આશાએ અવસ્તા પેહેલવી ભાશાનું જ્ઞાન ભરૂચના તે વખતના કાબેલ દસ્તુરજી પાસે મેલવ્યું હતું, અને તે સાથે ફારસી ભાષાનું જ્ઞાન ભરૂચ ખાતેની સરકારી મદરેસામાં અને અરબી ભાષાનું જ્ઞાન તેજ શેહેરના એક કાબેલ મુસલમાન શીક્ષક પાસે મેળવ્યું હતુ. ત્યાર પછી નવસારી કસબામાં પોતાની કાબેલીયતને માટે એ દસ્તુરજી સાહેબ ઘણા વખણાતા હતા. ઇ. સ. ૧૭૨૧ માં ઇરાનવાલા દસતુર જમાસ્પ વેલાયતો હીંદુસતાન ખાતે આવ્યા ત્યારે સુરત શેહેરમાં રોજમાહા બાબેની તકરાર ઉભી થઇ હતી. મરહુમ દસતુર જમાસ્પ આશા ઇરાનવાલા દસતુર જમાસ્પ સાથે તે બાબત તકરારમાં ઉતરયા હતા અને તે વેળાએ સુરત તથા નવસારીના ઘણાક પારસીઓ હાજર હતા. આ તકરારમાં દસતુર જમાસ્પ આશાએ ઇરાનવાલા દસતુર જમાસ્પને કેટલીક બાબતમાં તોડયા હતા; તમ ઇરાનવાલા દસતુર જમાસ્પે કેટલીક બાબત દસ્તુર જમાસ્પ આશા પાસેથી પણ મંજુર રખાવી હતી

બીજું દસતુર જમાસ્પ વેલાયતીનો એક ભુલ ભરેલો વિચાર એ હતો કે દરેક દસતુર મોબેદોએ પોતાના કાન વીંધેલા યાને સુરાખદાર રાખવા જોઇએ. તે પુરવાર કરવાને તેની સાબેતીમાં ઇઝશનેનાં ૪૫ માહાનો પેહેલવી ફકરો ટાંકી તેનો અર્થ દસતુર વેલાયતી સમજાવતા હતા. પણ દસ્તુ જમાસ્પ આશાએ એ ફકરાનો અર્થ એવો સમજાવ્યો કે " ભલી દીનના, રાસ્ત એતેકાદના માણસો સદા દીનના સખુન સાંભલનારા અને તેની અસર લેનારા જોઇએ (તે નહી સાંભળનારા 'કરપ' એટલે બેહેરા છે)." આ ખોલાસો સાંભળતાંજ ઇરાનવાળા જમાસ્પે પોતાના કાનમાંની સોનાની કડી કાઢાડી નાખી હતી.

દસ્તુર જમાસ્પ આશાએ ઇરાનના દસતુર જમાસ્પ વેલાયતીનું અવસ્તા પેહેલવી ભાષાનું જ્ઞાન પોતાથી વધુ જોઇને દસતુર જમાસ્પ વેલાયતીને હાથનું શીક્ષણ એ ભાષામાં લીધું હતું, તે ઉપરથી એમ ઠરતું નથી કે તે વખતના દસતુરો ધરમની બાબતોની માહેતીથી બીન વાકેફગાર હતા. જ્યારે દસતુર જમાસ્પ આશા પોતાના અવસ્તા પેહેલવી ભાષાના જ્ઞાનને માટે પંકાતા હતા, ત્યારે તેવણના શીક્ષક ભરૂચવાળા કામદીન દસતુરજી કેટલા કાબેલ હોવા જોઇએ ?

આ ઉપરથી એટલું સીધ થાય છે કે ઇરાનવાળા દસતુર જમાસ્પ વેલાયતીના આવવાની ઘણા વરસ આગમજના હીંદુસ્તાનના દસતુરો દીનની બાબતથી બીન માહીતગાર હોય, પણ દસ્તુર જમાસ્પ વેલાયતી હીંદુસતાનમાં આવ્યા ત્યારે તો અત્રેના દસતુરો દીનની બાબતોથી પુર વાકેફગાર હતા. (!).

લા૦ દોઆગો,

મીનોચેહેર દસતુર જમાસ્પજી જમાસ્પ આશા.

મુંબઇ, રોજ ૧૮ મો માહા ૫ મો ૧૨૭૧, તા૦ ૩૦ મી જનેવારી ૧૯૦૨.

ના૦ ૧૪૭

મુંબઇ સમાચાર

(તા. ૧ લી ફેબ્રવારી ૧૯૦૨)

પારસીઓ ઇરાનથી હીંદુસ્તાન નાહ્યાસી આવ્યા પછી તેમના ધર્મની થયલી સ્થીતી ઉપર કેટલુંક વધુ અજવાળું—આઝર કેઇવાન અને તેના ચેલાઓ.

[મુંબઇ સમાચાર માટે ખાસ લખનાર, મી૦ જમશેદજી પાલનજી કાપડયા.]

જ્યારથી મોહલા ફીરૂઝ મહરેસેનો પાયો મુંબઇમાં ઈ૦ સ૦ ૧૮૫૪ માં નાખવામાં આવ્યો ત્યારથી પારસીઓના હુધરતા જવાનો વ્યાઠરણના તથા યુરોપીઅન એલમ હોનર તથા ઝણાનશનાસીના કવાએદાઓ પ્રમાણે પારસી ધર્મ પુસ્તકોનો અભયાસ ઠરવા લાગ્યા છે, અને તેઓએ એ ધર્મની પવીત્ર પોથીઓના તથા કેટલાંએક પહલવી દફતરોના તરજુમા ગુજરાતી ભાષામાં ખાસોઆમની સગવડ સારૂ છપાવી પ્રગટ કર્યા છે તે બહુજ સંતોષકારક ણીના છે. દરેક ટોળામાં દોલત અને રાજપાટો જેમ સદા કાયમ રહી શકતાં નથી, તેમજ એલમ પણ સદા ચાલુ રહેતો નથી. કોઇક દોર એવો આવી જાય છે કે હરેક ટોળાનાં નામીચા શાએરો કે નવીસંદાઓ સામટા પેદા પડે છે, અને પછી બસો કે ચારસો વરસ સુધી તેવાં માનવીઓ તેઓમાં કદાચજ પેદા થાય છે. દાખલા તરીકે જુઓ કે અરબોએ જ્યારે ઇરાન લીધું ત્યારે તેઓ ઘણુજ જંગલી હાલતમાં હતા. પરંતુ ત્યાર બાદ પોતાનાં રાજપાટને લીધે બસોથી ત્રણસો વરસમાં તેઓએ એવા તો ઉસતાદો હકીમો અને નવીસંદાઓ પોતાની કોમમાં પેદા કીધા હતા કે જેઓએ અરણી ભાષામાં તે જમાનામાં જણાયલા તમામ એલમો ઉપર દફતરો રચ્યાં હતાં, અને આગળા પારસી કે યુનાની લોકો કનેથી તેઓ બેહદ એલમ પોતે સંપાદન કરી બેઠા હતા. એબર ખત્તાબે પર્સીપોલીસ તથા એસકંદરીઆની બોહોળી લાઇબ્રેરીઓને બાળી ભશમ કરી નાખી ત્યારબાદ ઇરાનના પારસીઓણી સાસાનીઓના દોર પછી પડેલા હાદેસાને લીધે અવસ્તાની કુંચી બરાબર રીતે સાચવી શકયા ન હતા. તેથી તે જમાનાના ઇરાનના મઝદીયસ્નાન પારસી પહેલી નવીસંદાઓ અવસ્તાની અસલી મઝમુન બરાબર રીતે સમજી નહી શકયાથી પોતાનાં દફતરોમાં ઘણીએક ગલતીઓ કરી ગયા છે. આથી શાએર ફીરદોસી તુસી પોતાને ધીકકાર તે બાબતસર દર્શાવતી વેળાએ કહે છે જે—

દેગર ગુને શોદ ચરખે ગરદુન બેચેહેર
ઝે આઝાદગાન પાક બેબરીદ મેહેર,
હુમાન ઝેશ્ત શોદ ખુબો શોદ ખુમ ઝેશ્ત
શોદે રાહે દુઝખ પદીદ અઝ બેહેશ્ત.”

યાને જમાનાનો દોર પાછો હવેથી બદલાઇ ગયો ને પારસી ઇરાનીઓ જેઓ આગળ નેક લોકોમાં ખપતા તેઓપરથી પોતાની મમતા તેણે પોતે ઉઠાડી લીધી હતી તથા જેઓ શ્રેષ્ટ લોકોમાં ખપતા હતા તેઓ હવેથી બદ લોકોમાં ખપવા લાગ્યા અને જે લોકો ખરાબ માનવીઓમાં ખપતા હતા તેઓ શ્રેષ્ટમાં શ્રેષ્ટ માનવીઓમાં ખપવા લાગ્યા; જેથી બેહેસ્તમાંથી ગોયા દોજખનો રસ્તો હવેથી દીસવા લાગ્યો હતો.”

અરબોના આ દોરની પુર્વે જે જે અસલી યવન તથા રૂમી ગ્રથકારો આ “ મેજીઅનો ” નાં પંથ વીષે લખી ગયા છે તેઓમાં આપ્રો કે પાઉઝેનીઅસ પછી કોઇથી બીજા નવીસંદાઓ તે વર્ગ વીષે કાંઇ નવું કે ઝાઝું જાણવા જેવું દાસ્તાન

આપી ગયા નથી, કારણ કે ત્યાર બાદ એ ટોળો તમામ લોકોમાં બહુ જાણીતો થઇ પડયો હતો, અને ઇરાનનાં મોજેદો ઠેઠ અકબરશાહના જમાના સુધી દાના શખ-સોમાં ખપતા હતા એમ શારેસ્તાન, દબેસ્તાન, ખીશતાબ, જામે કેઇખોસરો, ઝરેહ-દસ્ત અફસાર તથા ઝેન્દેહ રૂદ વગેરે તેઓને હાથથી રચાયલી ચોપડીઓ ઉપરથી માલમ પડે છે. (જુઓ મારી " તવારીખે કદીમ ઇરાન " પા૦ ૧૨૨ માં આપેલી નોધ.) હઝરત આઝર કેઇવાન તથા તેના જરથોશ્તી મોબેદ શાગેર્દો જેવા કે ફરઝાને બહરામ, મોબેદ હુશ, મોબેદ સરૂશ વગેરે જુદે સેયાસી સુફી યાને યોજદાથરેગર પંથના મોબેદોમાં ખપતા હતા, પરંતુ તે પરથી તેઓ જરથોશ્તી મઝહબ પાલતા ન હતા એમ કહેવું તો સેફ્ર હેમાકત જેવું છે. જેમ મોસલમાનોમાં સુફીઓનો પંથ છે, જેમ ક્રોસ્તીઓમાંથી છુટા વીચારવાળા પાદરીઓ છે, તેમજ તેઓણી પોતાનાં ફીલસુફી તથા વીદ્યાનાં બોહોળાં જ્ઞાનને લીધે મહાવીરો તથા તપસ્વીઓમાં પોતાના જમા-નાના પારસીઓમાં ખપતા હતા, તથા એકાંત રીતે રહી અને આ દુન્યાની જુઠી માયા છોડી દઇને પોતાની જીંદગી દાદાર હોરમ-ઝદની સેવા તથા બંદગીમાં અર્પણ કરી ગયા હતા. તે ઉપરથી તેઓની બુઝરગી તથા તેઓનું ઉત્તમ દીલ દેખઈ આવે છે. તેજ આઝર કેઇવાન સાહેબના પેલા ચૌદ જોઝવોની બરકતથીજ શેહેનશાહ અકબરે જરથોશ્તી ધર્મનાં ઘણાંએક ફીયા કર્મના કાનુનો પોતાના નવા " એલાહી " મઝહબ-માં દાખલ કર્યા હતા. અને આતશ જેવી એક નુરાની ચીજને પોતાનો કેબ્લે કરીને કબુલ મંજુર રાખ્યો હતો.‡ માઠા ભાગ્યે તે જોઝવો નાદેરશાહની ઇ૦ સ૦ ૧૭૩૯ ની (જુઓ "દોરરે નાદરી" તથા હીંદુસ્તા-નની એલફીન્સ્ટનની તવારીખનો બાબ ૧૨, પ્રકરણ ૨, પાનું ૭૧ થી ૭૨) તથા અહમદશાહ અબદાલીની ઇ૦ સ૦ ૧૭૫૯ માં દેહલીપર કરેલી ચોથીવારની સવારી વેળાએ ત્યાં ચાલેલી ખુનરીઝીના વખતમાં બળીને ભસ્મ પામ્યા છે (જુઓ એલફી-ન્સ્ટનનો " હીંદુસ્થાનનો ઇતીહાસ" બા૦ ૧૨ પ્ર૦ ૪ પા૦ ૭૪૬-૭૪૭), પરંતુ તે-ઓમાં એવું તો મોઅતેબર જ્ઞાન પારસી-ઓના ધર્મના સંબંધમાં આપવામાં આવ્યું હતું કે તેની તવારીખ અદ્યાપી પારસીઓને જાણવાજોગ છે. એહેશ્તી મોલ્લા ફીરૂઝ જ્યારે હૈયાત હતા ત્યારે તેવણના મોટાં નામને લીધે ઘણાએક ઇરાનના મોસલેમ એલમાઓ (મોબેદો) તેઓને દાદીશેઠનાં આતશબેહેરામમાં મલવા આવતા હતા. એક દીને એવો એતેફાક બની ગયો કે, એક મોબદ વીદ્યાર્થી જેના વડીલો બે ત્રણ પેઢીની વાત ઉપર જરથોશ્તી ધર્મ તજીને એસ્લામી મઝહબ કબુલ કરી બેઠા હતા, તે આપણા આ મઝકુર દસ્તુરની મોલાકાતે આવ્યો તેટલામાં આતશબેહેરામ સાહેબનો બાર વાગેનો ઘંટ થયો જે સાંભળતાં પેલા મોગલે મુલ્લાંફીરોઝજીને પુછયું કે, શું સાહેબ અહીંઆ કાંઇ આતશકદેહ છે ?" ફીરોઝજીએ જવાબ વાળ્યો કે, " ન-હીંજી અહીંઆ તો આતશબેહેરામ સાહેબ છે." પછી બજીદ થઈને ફીરોઝજીએ પેલા મુસલમાન મોગલને પુછયું કે એ સવાલ નાખવામાં તમારી મકશદ શી છે ? " ત્યારે તેણે જવાબ આપ્યો કે, "મારા બાપાવાનો બાપ પણ જરથોશ્તી હતો પણ પછી અમોને ઇસલામ ધર્મ કંઇક જુલમ જાસ્તીને લીધે અણત્યાર કરવાને ફરજ પડી હતો." પછી તે મોબદે મોલ્લા ફીરૂઝને પુછયું કે, "તમો

‡ દસ્તુર મેહેરજીરાણા દીલ્હી જવા પછી અકબરે આતશ તથા પારસી મહિનાઓ વિષે હુકમ આપ્યો હતો એમ બદવની કહે છે તે કાંઇ દસ્તુર આઝર કેયવાન વિષે બોલતોજ નથી

જરથોશ્તીઓ સવારના બરી બામદાદની ધુપ આપતાં કંઇ સુગંધી વસ્તુ પેલા આતશબેહેરામના પાત્રાં ઉપર ચહડાવો છો?" જવાબ મળ્યો જે સુખડ, બોએ કે લુબાન. ત્યારે તે મોબદ બોલી ઉઠયો કે, તેમ નથી સાહેબ. દરરોજ ધુપ જુદી જુદી સુગંધીની પેલાં આતશના પાત્રાં ઉપર બરી બામદાદની વેળા પેલા બોએ દેનારને ચહડાવવાની ફરજ છે. પછી આબો દીવસ તે પછી તે આતશ ઉપર ગમે તે સુગંધીઓ કે ઠાઠીઓ બાળો તો તેનો કશો મુજકો નથી. ફ્રીરૂઝે પછી તે મોબદને તે વીષેની સત્તા પુછી, ત્યારે તે મોબદ બોલી ઉઠયો કે, મારા બપાવાના બાપે મઝકુર હઝરત આઝર કેયવાનના પેલા ચૌદ જોઝવો દેહલ્લીની લાઈબ્રેરીમાં વાંચી જોયા હતા, તેમાં તે વીષેનો સઘળો ખુલાસો આપવામાં આવેલો હતો આ વાત મેં મારા બેહેશ્તી મુરબ્બી બાવા ઠનેથી આજ પચાસ વરસની વાત ઉપર સાંભળી હતી, જેવણ અસલમાં દાદીશેઠના આતશબેહેરામ આગળ રહેતા હતા અને મોલ્લા ફ્રીરૂઝનાં ભત્રીજા તથા બાદીનશીન મોલ્લારોસ્તમ બેન કયકોબાદ ઠનેથી તેવણે પોતે તે બીના સાંભળેલી હતી. એમ તો મોલ્લા ફીરૂઝ ખુદ પોતેબી ફીલસુફ તથા કેટલાએક પોતાનાં આચારવીચારોમાં સુફીઓ જેવા હતા, અને કોઇનાબી મઝહબની નીંદા કરતા ન હતા; પરંતુ તે પરથી એમ કહેવું કે તેવણ જરથોશ્તી ન હતા, તો તે વાત હાલ કોઇ પણ પારસી કબુલ મંજુર રાખી શકશે નહી. તેવણ પોતાના "જરજનામા"માં તથા બીજે ઠેકાણે આ પ્રમાણે સાફ જણાવે છે કે,


ઝે ઇસા બો મુસા મરા દીને નીસ્ત
ઝે મેહેરે મોહમ્મદ તેહી સીને નીસ્ત.
મરા ગરચે ઝરતોશ્ત પયધમ્બરસ્ત
બે ગીતી ઝે કેરદારે બદ રેહબરસ્ત.
બે ફરમાને પાકશ નેહાદે દો ગુશ
બેદીનશ સેપોર્દે દેલો જાનો હુશ.
રેહી ચુન રેહે ઉ બેપરહીઝ નીસ્ત
બેકસ ચુન ગોઝશ્તે મરા જન્મ નીસ્ત.

યાને "ઇસા કે મુસા સાથે મને ઠશો દીનો નથી, ને મહમદની દોસ્તીથીબી મારો સીનો કંઇ ખાલી નથી. જોકે મારો પૈગમ્બર તો હઝરત જરથોસ્ત છે, અને આ દુન્યામાં બદ કીરદારથી તે સાહેબ મારો રેહબર છે ને તેનાં પાક ફરમાનો પર મેં મારો દીલોજાન તથા હોસ અને કાનોને અર્પણ કર્યા છે, કેમકે તેના જેવી કોઈની પણ દીન પાકીજગી તથા પરહેજગારીમાં છે નહીં, પરંતુ જે કોઇ શખસો કે તેની દીનના ચેલા નથી તેઓ સાથે મને ઠશો પણ ઝગડો કે મીનાકેસો છેજ નહીં."

આજ ત્રીસ ચાળીસ વરસની વાત ઉપર હઝરત આઝર કેઇવાન "ખલેબદન" થતા તમારા દીલની વાત કહી શકતા હતા તે બીના હસી કહાડવામાં આવતી હતી, પરંતુ ત્યાર બાદ વીદયા એટલી તો હદ્દલી અને તીનહાલની મેહેનતથી વધતી ગઇ છે કે, "ઠૉટ રીડરસ" (વિચાર વાંચનારા) તથા સમાધીમાં પડનારા (ખલેબદન થનાર) શખસો કેઠે કેઠે છુટાછવાયા હમણા પણ જોવામાં આવે છે, તે વાત હાલના વખતમાં સર વીલીયમ ક્રુકસ જેવા વીદ્વાને "લંડન રૉયલ સોસાયટી" જેવી વીદ્વાનોની એક મંડળી આગળ બાત્રીપૂર્વક રીતે સાબેત કરેલી છે; માટે એવી અદભૂત બાબતો ઉપર પુર જોર કર્યા વીના તેઓને સદંતરજ હસી કહાડવી તે ખરેખર નાબોનાસેબ છે. હીંદુઓમાં એક કહેવત મશહુર છે કે "નર જો કરણી કરે તો નર કો નારાયન હોય."

પોતાનાં રવાનની ભેતને દાદાર હોરમઝદની બેહદ રોશનીમાં આખરે મેળવી નાખવી તે કાંઇ સાધારણ માણસોથી બની શકતુંજ નથી, તથા તે સાહેબ સાથે "ખેત્વોદથ"માં પોતાનાં શરીરને અર્પણ કરી દેવું તથા તેમાં તેનો ભોગ આપવો તે બહુજ મુશ્કેલ કામ છે, કે જે માહાવીરો અને તપસ્વીઓ સેવાય બીજા કોઇથી પણ બની શકે તેવું નથી.

એમ તો મરહુમ દસ્તુર મેહેરજીરાણા પછી એ "બહુસે અદીઆન"ની મેહેફલોમાં ગોઆના કેથોલીક પાદરીઓ વટીક ખ્રીસ્તી ધરમની બોઝોરગી દેખડાવવા માટે તકરારોમાં શામેલ થયા હતા. જેસુઇત ફાધર કાતરૂ એ જુબેશ વાપેનો પોતાના એક પ્રાચીન રેસાલામાં આપણા નવસારીના રહેવાસીઓનો માફક સઘળું માનપાન પોતે ખાટી જવા માગે છે અને એવી નાપાયદાર વાત પોતા તરફથી રજુ કરે છે કે અકબરે ખ્રીસ્તી ધરમ ગોવા કબુલ મંજુર રાખ્યો હતો. પરંતુ આ વાત આપણને યાદ રાખવી જોઇએ કે "એલાહી મજહબ"માં જેમ જરથોસ્તી ઓનાં રેવાજો તથા જશનો અકબરે કેટલાએક કબુલ રાખ્યાં હતાં તેમ ખ્રીસ્તી ધરમના ફરમાનો કશાં તેના એ નવા પેદા કરેલા ધરમમાં જોવામાં આવતાં નથી માટે ફાધર કાત્રુએ પોતાની તરફની સહુરાગતો કરી ગયો હોય તેમ મને ભાસે છે. પરંતુ તે બાબતો આપણી મુલ મતલબથી વેગલી હોવાથી અત્રે તે ઉપર વધુ બોલવા હું દુરસ્ત વીચારતો નથી.



ના૦ ૧૪૮.

પંચડાંડ.

(તારીખ ૨ જી ફેબરવારી ૧૯૦૨)

શેહનશાહ અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો?

આ વિષયની ચર્ચામાં મરહુમ દસ્તુર મેહરજી રાણાના વિરૂધ્યાઓ પોતાના પક્ષ કિંવા સુખનનો બચાવ, સામેવાલાઓ વિરૂદ્ધ કેવા તરયાપાવ ફેંકીને તથા પક્ષપાટ રીતે ઠરે છે, તે અમે આગલા અંકમાં ટૂકમાં પણ સ્પષ્ટ રીતે દેખાડી ગયા છિયે. તે પછી ખુદ તેમની તકરારો પકડીને તેનું પોકલ દેખાડિયે તે પહેલાં એ વિષયની મુલ બાબતોની માહિતી વાંચનારાઓને આપવાની જરૂર સમજિયે છિયે. એ બાબત, ધારવામાં આવે છે તેટલી મુશ્કેલ કે ગુચવાડા ભરેલી નથી. તે ટૂકી અને સહેલ છે; પણ મરહુમ દસ્તુર મેહરજી રાણાના વિરોધીઓએ, ધર્મોને કારણે એ દસ્તુરજીને ઉતારી પાડવાની કોશેશ કરતાં, તેને નાહક ગુચવાડા ભરેલી બનાવી દીધી છે. તવારિખના આ બનાવમાં એક મોટી અપુર્ણતા એ છે કે, જે પુસ્તકોમા એ મહાભારત બનાવની નોધ લેવાઇ છે તેઓમાં, જો કે ઇશારા તથા નીશાનીઓ તો સ્પષ્ટ છે, તોપણ દસ્તુર મેહરજી રાણાનું નામ નોંધાયલું નથી; અને "ડુબતા આદમી ફીણને વળગે તેમ," એ અપુર્ણતાનો લાભ લઇ તેને બાજી પડીને ભા૦ ઠકરાંઓ તથા તેમના સ્નેહીઓ તે ઉપર પોતાની તકરારનો મદાર બાંધે છે; અને માંગે છે કે, દસ્તુર મેહરજી રાણાએ જો શેહનશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવી તેનાં મનપર તેની તરફેનની અસર કીધાજ

હતી તો તેની સીધી સાબેતી અથવા એ દસ્તુરજીનું નામ તેમાંથી બતાવો. જાણે, જો કોઇ બનાવની તવારિખમાં કોઇ કારણે કોઇ પુરૂષનું નામ નહી આવ્યું હોય તો તેના વિષેની વાત ખોટીજ હોય-પછી તેની તરફેનમાં જતી બીજી ગમે એવી શાહદતો મોજુદ કાં નહી હોય! પણ આપણે પુછીશું કે, જો દસ્તુર મેહરજી રાણાનું નામ તે ઐતિહાસિક પુસ્તકોમાં હોત, તો પછી આ ચર્ચા ઉભી થવાજ કેમ પામત? તે પુસ્તકોમાં તેમનું નામ નથી એ ખરૂં, પણ તે નામની અપુર્ણતા દુર કરવાને બીજી તરેહવાર સીધી તથા આડકતરી શાહદતો છે, જે આગલી તકરાર વેળા જાહેર થઇ ચુકી છે, અને તે ઉપરાંત બીજી વધુ નવી શાહદતો સાથે શમ્સુલ ઓલમા,-પણ "ઇતિહાસના જાણીતા વિદ્વાન અભ્યાસી" નહી હો!- એર્વદ જીવનજી હમણા બાહેર પડયા છે. એર્વદ જીવનજીનો શાહદતો, કોઇ પણ અપક્ષપાટ તથા વિવેકી નુકતેચીનીની ખાતરી કરવાને બસ છે; છતાં જો તેનો પણ અનાદર કરવાને આ વિરૂધ્યાઓ ચુકતા નથી તો અમે કહિયે છિયે કે, એકવાર દસ્તુર મેહરજી રાણાનાં નામ સાથની તવારિખી શાહદત હવે પછી કોઇ રજુ કરે તો તેને ઉડાવવાને પણ તમો તરેહવાર હીલા બહાનાં ઉભાં કર્યા વિના રહે નહી. આપણામાં એક શેખચલ્લીની કથા છે કે, તે એક સભામાં ગયો ત્યાં ચોકસ બાબત વિષે જ્યારે સઘળા હા કહીને એકમત થયા ત્યારે તેણે ના ને નાજ કહ્યા કીધું, અને શેવટે ઘરે આવી પોતાની મા આગલ વડાઇ લીધી કે "મા મા! હું સભા જીની આવ્યો"! તે વાતનો સાર આ જગે બરાબર લાગુ પડે છે.

મરહુમ દસ્તુર મહેરજી રાણાને શાહે નશાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવી તેનાપર અસર કરવાની વાત, તમના તથા તેમનાં બાનદાન તથા ટોળાના વિરૂધીઓ કહે છે તેમ માત્ર નવસારીના પારસીઓમાંજ નહી, પણ આખા પારસી ટોળામાં, છેક તે વખતથી તે અદ્યાપિ પર્યંત દંત કથા રૂપે ચાલતી આવી છે; અને જેમ દરએક દંત કથાના સંબંધમાં બને છે તેમ, આ દંત કથામાં પણ કેટલીક વાતો ચમતકારિક કિંવા નવાઇ સરખી ભેળાયલી છે; જેવી કે, એ દસ્તુરજીએ "જગત ગુરૂ" નામના કોઇ હિન્દુ જાદુગરે આકાસમાં થાળી ચઢાવી બે સુર્ય દેખાડયા હતા તે ઠગાઇ પોતાના ધર્મના અવસ્તાઇ વચનો પઢીને ઉઘાડી પાડી હતી, તથા અકબરને "સુદરો કસ્તી" પહેરાવ્યો હતો ઇત્યાદિ. પણ એ કાંઇ મુલ મુદાની વાત નથી. સાધારણ લોકો તેને ગમે તેવી માને, પણ અમે તેને ઝાઝું વજન લાગુ પાડતા નથી, અને મરહુમ દસ્તુરજીના ભણેલા વારેસો તથા એ દસ્તુરજીનો બચાવ કરનારા વિદ્વાન ગ્રહસ્થો પણ તેને થોડુંજ વજન લાગુ પાડે છે. દંત કથા હંમેશાં શરાહઘાત ભરેલી તથા વિચિત્રપણાંથી મિશ્રીત હોય છે; તોપણ તેમાં સચ્ચાઇ તથા શકયતાનો અંશ તો બચ્ચીતજ હોય છે, અને ચોકસ બનાવ બન્યાથીજ તે જન્મ પામે છે. સાધારણ લોકો પોતાની આસ્થા તથા સમજ શકતીથી તેમાં નવો નવો ઉમેરો કરતા જાયછે, અને એ રીતે પાછલથી, જેમ શીપમાં મોતી અથવા કોટલાંમાં ફલનો માવો છુપો રહે છે તેમ તે દંત કથાનું પણ રૂપાંતર થઇ જાય છે. પણ તેટલાજ માટે દંત કથાને હસી કાઢવી યા ખોટી ગણવી એ મુર્ખાઇ છે, અને એ સિદ્ધાંત તવારિખ તથા દંત કથાના વિદ્યાર્થીઓ વચે એટલુ તો સર્વ માન્ય છે કે, તે સાબેત કરવાને દાખલા રજુ કરવાની અમે જરૂર

જોતા નથી. એટલું છતાં દસ્તુર મહેરજી રાણાના વિરૂધ્ધાએા તે સિધ્ધાંતનો પણ ઇન્કાર કરી આ દંત કથાને તેનાં બહેાળાં સ્વરૂપમાં તેા નહીજ, પણ મુળ બાબતમાં પણ માનવાને ના પાડે છે એટલુંજ નહીં, પણ તે દંત કથામાંની ચમત-કારિક બાબતેાને વળગી પડી સામા મેહરજી રાણાંની, તેમના ખાનદાનીએાની, તથા તે મરહુમ દસ્તુરને ન્યાય આપવા બાહેર પડેલા એર્વદ જીવનજી તથા તેવા બીજા ખરેખરા "ઇતિહાસના જાણીતા વિદ્વાન અભ્યાસી"ઓની ઠાઠા ઠી ઠી કરે છે! આ યુક્તિ વડે તેએા કદાચ વાંચનારા-ઓની નજરમાં ધુલ છાંટવા માંગતા હશે; પણ તેઓએ યાદ રાખવું જોઈયે કે, એથી ઓર તેઓની ઇર્ષા અદાવત ઉંઘાડી પડે છે, અને સામાવાલાઓને બદલે સમ જુએામાં તેમનીજ ઠેકડી થાય છે.

મરહુમ દસ્તુર મેહેરજી રાણાની દંત કથા આજથી અર્ધી સદીની વાટ સુધી સર્વ પારસીઓમાં લગભગ એક સરખી રીતે ખરી મનાતી, બલકે પુજય ગણાતી હતી. પણ તે વખત પછી તેમનાં ખાન-દાનના કેાઇ વિરોધી ફારસી અભ્યાસીના વાંચવામાં "દબેસ્તાન" કેતાબ આવી, જેમાં અલબતે અકબરને જરથેાસ્તી ધર્મ સમજાવવાની બાબતમાં દસ્તુર મેહરજી રાણાનું નામ નથી, પણ તે વેળા ઇરા-નથી હિન્દુસ્થાન આવેલા એક ઇરાની દસ્તુર, મરહુમ અરદશીર કેરમાનીનું નામ છે. આ ઉપરથી તે ફારસી અભ્યાસી તેમજ તેના જેવા વિચાર વલણના બીજા મુઠ્ઠીભર પારસીઓ, "ગાંધીના હાથમાં હલદનો ગાંઠીયેા આવવાથી વૈદ થઇ બેસે" તે રીતે એવુંજ લઈ નાઠા કે, અકબરને પારસી ધર્મ અરદેશર કેરમાની-એજ સમજાવ્યેા હતેા, અને મેહરજીરાણાં-એ તે સમજાવવાની વાત તેા માત્ર ખાલી ગપાટેા છે. એટલુંજ કરીને તેઓ અટક્યા નહી પણ મરહુમ મેહરજી રાણાંને હીણું લાગે તથા તેમનાં ખાનદાનીએાનાં દીલ દુખાય એવી તરેહવાર બનાવટી વાતેા મેહરજી રાણાને લાગુ પાડી પેાતાનું ઝેરી વેર વાલતા રહયા. આપણા પેલા "ઇતિહા-સના જાણીતા વિદ્વાન અભ્યાસી" (!) મી૰ રૂ. પે. કકરયાએ પણ મંડાણમાંજ ગેાલાટ ખાઇ છબરડેા કરી નાખ્યેા હતેા તે, ધાર્યા મેલે એજ કારણે, મુખ્યત્વે "દબેસ્તાન" કેતાબ ઉપર બધેા આધાર લઇ લેવાને લીધે બન્યું હતું. પણ તેમાં તેઓ કેટલા બધા ઠગાયા છે તે, તેઓ અત્યાર આગમજ જોઇ ચુક્યા છે, અને હવે વધારે જોઇ શકશે. અડી આપણે "દબેસ્તાન" વગેરેની તવારિખને લગતી મુલ બાબત પર આવિયે છિયે: પણ આ લંબાણ થવાથી તે હવે પછી જોઇશું.

નાં૰ ૧૪૯

મુંબઇ સમાચાર

(તા. ૫ મી ફેબ્રવારી ૧૯૦૨)

દસ્તુર મેાલ્લા ફીરૂઝ શહેનશાહ અક-બરની દરબારના કેથેાલીક પાદરીઓ તથા દસ્તુર જમાસ્પ આસા વીચેની કેટલીક હકીકત-જમાસ્પ વેલાયતીએ, કીયા કીયા દસ્તુરોને જરથેાસ્તી ધર્મનેા એહમ શીખવ્યેા હતેા?

[મુંબઇ સમાચાર માટે ખાસ લખનાર, મી૰ જમશેદજી પાલનજી કાપડીયા]

જેમ મેાલ્લા ફીરૂઝ ફારસી સાહીત્યમાં પેાતે એકકા ગણાતા હતા, તેમજ અરબી તથા તેાર્કી ભાષાઓનું પણ તેવણ પુખ્ત જ્ઞાન ધરાવતા હતા. આપણા એસલામી ભાઈ-બંધીએ અત્રે જયારે મરજેદ જામેનેા

પેહેલવેહેલો પાયો ઇ૦ સ૦ ૧૮૮૨ માં નાખ્યો. ત્યારે તે મસજેદમાં હોઝ કર્યા બાજુ પર બાંધવો જોઇએ તે વીષે તેઓમાં જે મતફેર પડયો હતો તેની લવાદી આપણા એ કાબેલ દસ્તુર મોલ્લા ફીરૂઝના અરબી તથા તોર્કી ભાષાનાં ઉમદા જ્ઞાનને લીધે આપવાની તે વેળા તેઓને ફરજ પડી હતી. પોતાનાં લવાદનામામાં અરબી તથા ફારસી કેતાબો તથા હદીસ અને કોરઆને શરીફમાંથી એટલી તો મોઅતેબર દલીલો મરહુમ મોલ્લા ફીરૂઝે ટાંકી બતાવી હતી કે, તેથી મસજેદ માંહેલો હોઝ એસલામાં ભાઇબંધોએ તેવાનાં લખાણો પ્રમાણે બંધાવી તૈયાર કર્યો હતો, એમ મેં ઘણા-એક વરસોની વાત ઉપર આપણા વડીલો કનેથી સાંભલ્યું હતું. તે અસલી લવાદ-નામું ફારસી કે અરબી ભાષામાં હમણા સુધી કદાચ મસજેદના કદીમ મોતવલ્લીઓના નબીરાઓ કને મોજુદ હોવું જોઇએ, અને તેને જો છપાવીને પ્રગટ કરયું હોય તો તેથી તેવાની મોસ્લેમ ધરમ વીષેની માહીતગારી તથા ઉગમણાનાં સાહીત્યો વીષેની બેહદ કાબેલીયત વધુ અજવાળામાં આવી શકે તેવું છે.

જેમ રોમન કેથોલીક પંથના ખ્રીસ્તી પાદરી કાત્રુએ અકબરની દરબારની "ધરમ સંબંધી તકરારો"ની મહુફેલો વીશે પોતાના ધરમની એકતરફી લાગણી પ્રમાણે અહવાલ આપ્યો છે (જુઓ તેનો મોગલો વીષેનો ફ્રેંચ ગ્રંથ જે "એશીઆટીક સોસાયટી"ની અત્રેની શાખામાં પણ હાલ મોજુદ છે), તેમજ "રોદા-લફંદ આકવા વીવા" જે ખુદ પોતે તે તકરારોમાં શામેલ હતો અને ફતેહપોર (આગ્રા) માં ઇ૦ સ૦ ૧૫૮૩ની આગમજ હાજેર હતો, તેણે શેહેનશાહ અકબરને પોતાનો ખ્રીસ્તી ધર્મ ગોયા સમજાવતો હોય તેવી રીતે તે દરબારનો ચીતાર પોતાના ગ્રંથમાં આપ્યો છે. (જુઓ તેની ફ્રેંચ ચોપડીનું પા૦ ૯૭ તથા ૧૨૪ મું) તે ચીત્રોમાં એ પાદશાહના નામીચા વજીર અબુલફઝલ તથા તેના ભાઇ ફૈઝી જેણે "રામાયણ" તથા "મહાભારત"ના તરજુમા ફારસી ઝબાનમાં કર્યા હતા અને જે તરજુમા, દલગીરી ભરલું છે કે, હમણા સુધી છપાયા વગર રહી ગયા છે, તેમના જે ચીત્રો તેણે આપ્યાં છે તે જાણે પાદશાહ-ના તખ્તની આગળ ગોયા તેમા ઉભેલા હોય એમ આપણી દ્રષ્ટીએ પડે છે, અને તે પાદરી સાહેબ ગુંઠણ મરડીને અકબરને એક લાંબો કુરૂસ (કોસ) પોતે અર્પણ કરતો હોય તેમ તે પોતાને ચીતારે છે. આ પાદરીનાં તે લખાણોના ટેકામાં ફાધર ગરૂબરે જર્મન ભાષામાં ઇ૦ સ૦ ૧૮૯૪ માં એક ગ્રથ પ્રસીદ્ધ કર્યો હતો, જેમાં જરથોશ્તીઓ વીષે પણ કંઇક અહેવાલ આપ્યો છે. વળી મનુકચ્ચી નામનો કોઇ એક ઇટેલીઅન કઠોલીક ઝવેરી, જે મોગ-લોની દરબારમાં ઘણુંક સુધી રહ્યો ગયો હતો, તેના અટખોટુત ઉપરથી મઝકુર પાદરી કાત્રુએ પોતાની "મોગલ વંશની તવારીખ" લખેલી છેઃ તેમા આપેલો સઘળો અહવાલ તેઓનાં એકતરફી લખાણો ઉપરથી જો અત્રે દર્શાવ્યો હોય તો એક મોટો જેવો ગ્રંથ થઇ જાય એમ છે. માટે વધુ વીગતો સારૂ જુઓ ફાધર હુ ઝારીકનો "ઇસતોઆર દલા દેકુવર્ત દે પોરતુગેઝ" અબુલ ફઝલની "આઇને અકબરી"નો બ્લોકમેનનો તરજુમો; તથા તેજ વઝીરને હાથથી લખાયલું "અકબરનામું;" તથા વાન નોરનો બે દફતરોમાં પ્રસીદ્ધ થયલો જરમન ગ્રંથ.

તવારીખ લખનારાઓની ફરજ અપક્ષ-પાત રીતે ફકત સચાઇજ શોધી કહાડીને તે દેખડાવવાના હોય છે તે વાત હું સારી પેરે સમજું છું; માટે મારાં લખાણોથી કોઇક

સાહેબો જો વિરૂધ મત ધરાવતા હોય તો તેઓ સાથે અમસ્થો તકરારમાં ઉતરી મારો વખત હું બરબાદ કરવા માંગતો નથી, કેમકે મારા લગભગ અરધી સદીના નાકેસ અભીઆસ ઉપરથી હજુ મને ઇરાનની અસલી તવારીખ ઉપર ઘણુંક લખાણ કરવાનું બાકી રહેલું છે. જામાસપ આસાના ખાનદાનના એક દસ્તુરઝાદા પોતાના એક વડવાએ એક ઇરાની મોબેદની ચુક સુધારી હતી એવો જવાબ તમારાં પત્રમાં મારા પેહેલા અંક વીશે આપેછે, તે માટે તેમનો મોટો ઉપકાર થયો છે. પરંતુ મેં તો તેથી ઉલટીજ વાત ઘણાંક વરસો ઉપર સાંભળી હતી, અને તેવણના બપાવાના બાપ બેહેરામજી એદલજી જેવા એક નર અશોની ઘણીએક વઅઝો મારી બચગીની વેળાએ મેં સાંભળી પણ હતી. તે પરથી તેવણની જરથોસ્તી ધરમની ફીલસુફી તથા તેનાં સાહીત્ય વીશેનાં જ્ઞાન માટે, ઘણી દલગીરી સાથે અત્રે કહેવું પડે છે કે, મેં કોઇ કાળે પણ ઉંચું મત બાંધ્યું ન હતું. તેવણ ઘણાજ અશો અને પરહીઝગાર હતા. તેવણનો હસ્તો લાલ ટુટી જેવો ચેહેરો મારી નજર આગળથી હજુ સુધી ખસતો નથી, અને તેજ ગોલાબી ચેહેરો તેવણની પવીત્રાઇની ગોયા ગવાહી પણ આપતો હતો. પણ તે વીષે લંબાણ નહી કરતાં તમારાં પત્રમાં બાહેર પડેલા આ જવાન દસ્તુરઝાદાની તકરારની મુળ બાબત ઉપર હું આવું છું તેવણ કહે છે કે મરહુમ દસ્તુરજી સાહેબ જામાસપ આસા, જામાસપ વેલાયતી હીંદુસ્તાન ખાતે આવી પોહોચ્યો તેની આગમચથીજ પોતે ઝંદ પહલવી ભાષાથી સારી પેઠે માહીતગાર હતા. વળી તે બાબતસર એ દસ્તુરઝાદા પોતા તરફથી વધુ એમ પણ વીવેચન કરે છે કે, તે વીશેની નોંધો તેવણનાં કુટુંબનાં દફતરોમાં હમણાં સુધી જળવાઇ રહેલી તથા મોજુદ વટીક છે. તે નોંધો પોતાના બોલવાના ટેકામાં તરતજ જો તેઓએ છપાવીને જાહેર કરી હોત તો તેમનાં બોલવાને કંઇક વજન મળતે; કેમકે જામાસપ વેળાયતીએ હીંદુસ્તાનમા આવીને ગુજરાત પ્રાંતમાં ત્રણ મુખ્ય જરથોસ્તી શેહેરો માંહેલા ત્રણ દસ્તુરોનેજ ઝંદ પહલવીનો એલ્ફમ શીખવ્યો હતો, તે બાબત આપણા પારસીઓના હીંદુસ્તાન ખાતેના ઇતીહાસમાં નોંધાયલી એક સતાવાર બીના ગણાય છે, અને આંકટીલ દુ પેરોએ ઇ૦ સ૦ ૧૭૭૧ માં છપાવેલાં પોતાના "ઝંદ અવસ્તા" નાં પેહેલાં દફતરમાં તે વીશે વીગતવાર રીતે સાફ લખેલું પણ છે. એ ત્રણે દસ્તુર સાહેબોમાં એક તો સુરતવાલા દસ્તુર દારાબ હતા, જેઓ આંકટીલના ખુદ પોતે ઉસ્તાદ થતા હતા, અને તેઓએ એ બીના આંકટીલ સનમુખ પોતે માંડીને કહી હતી. વળી પ્રોફેસર વેસ્તર ગારદ પણ પોતાનાં "ઝંદ અવસ્તા" નાં દફતરના દીબાચાને પાંચમે પાને ખુલ્લે ખુલ્લી રીતે એમ લખી જાય છે કે. "અજ્ઞાનપણું તે જમાનાના હીનદુસ્તાનના પારસીઓની ચોતરફ ફેલાયલી એક ખામી ગણાતી હતી. તે સુધારવાની નેમથી જામાસપ વેલાયતીએ કેટલાક ચેલા ઉભા કરયા હતા, જેવા કે સુરતમાંથી દારાબ, નવસારીમાંથી જામાસપઆસા, અને એક ત્રીજો ભરૂચમાંથી. અને તેઓને તેણે ઝંદ પહલવી ભાષા પોતે શીખવી હતી." આ ફકરામાં જણાવેલા ત્રીજા દસ્તુર તે ભરૂચવાલા દસ્તુર કામદીન હતા, એમ "પારસી પ્રકાશ" ના રચનાર કમુલ રાખે છે. (જુઓ "પારસી પ્રકાશ" નું પાનું ૨૩ થી ૨૪ મું) જયારે આંકટીલ તથા વેસ્તરગારદ જેવા વીદવાનો છેક યુરોપ ખંડ વેરથી આ દેશ ખાતે આવી પારસીઓના ધરમ વીશે ખાસ શોધખોલ કરી ગયા છે અને ખુલ્લ ખુલ્લો રીતે એકરાર કરી ગયા છે કે જામાસપ

વેલાયતીએ જમાવ્યુ આશાને વટીક ઝંદ પહલવીના એલ્મથી વાકેફ કર્યા હતા, ત્યારે તેથી ઉલટી બીના એક દસ્તુરઆદ્દા કસીપણ શહાદત તાંકયા વગર જણાવે, તે બીનાને માનવાને જો હું આચકી ખાઉં અને વઝન લાયુ નહી પાડું તો તે માટે તેઓ તથા વાંચનારા સાહેબો પણ મારી મોશકેલી તરત સમજી શકશે.

ના૦ ૧૫૦

પંચડાંડ

(તા. ૧૬ મી ફેબ્રુવારી ૧૯૦૨)

અકબરને પારસી ધમ કોણે સમજાવ્યો હતો તે વિષેની તકરારમાં મી૦ જ. પા. કાપડયા.

શેહનશાહ અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યા હતા તે સંબંધી અમારી તકરાર માલા આગળ ચલાવિયે તે પહેલાં; મરહુમ દસ્તુર મેહરજી રાણાના વિરૂધ્ધાઓ તરફથી એક નવુંજ પીઆદું પેચાયલું જોઇ, તેની કાંઇક ખબર લેવાની અમોને ફરજ પડે છે અસલી ઇરાની તવારિખના ખરેખરા "જાણીતા વિદ્વાન અભ્યાસી" જમશેદજી પાલનજી કાપડયા અણચીતા અને અચબુચ આ તકરારનાં મેદાનમાં ખડા થયા છે,† અને આશ્ચર્યકારક રીતે દસ્તુર મેહરજી રાણાના ભોગે તે મરહુમના વિરોધીઓને ચઢાવી આપવામાં તેમણે પોતાનું ઐતિહાસિક ભંડોલ ખાલી કર્યું છે. પણ તેથી મુલ તકરારમાં કશો ફરક પડતો જણાતો નથી. મો૦ કાપડયાનાં તવારિખી બહોલાં ભંડોલ ઉપરથી અમે તેમનાથી કાંઇક નવી રોશની જોવાની આશામાં હતા, પણ તેને બદલે તો તેવણ ઓર અંધકાર અને ગુંચવાડા ઉભા કરી બેઠા છે તેમના પક્ષકારોને પણ યારી દેવાને બદલે સામો આડકતરી રીતે તેમણે તેઓનાં મુલ સિદ્ધાંતનો પાયોજ ઘેસવી નાખ્યો છે. અને તે કેમ ?

મી૦ રૂ. પે. કકરચા અને તેમના પક્ષકારો આપણને એવું સમજાવવા તથા મનાવવા માંગે છે કે, અકબરને પારસી ધર્મ હિન્દના (નસારીના) દસ્તુર મહેરજી રાણાએ નહી, પણ ઇરાનના એક દસ્તુર મરહુમ અરદેશીર કેરમાનીએ સમજાવ્યો હતો, કે જેને અકબરે એજ કારણશર ખાસ રીતે ઇરાનથી દીલ્લી બોલાવ્યો હતો, પણ આજે તેમના હિમાયતી સદરહુ મી૦ કાપડયા શું કહે છે તે જુઓ. તેવણ, કાંઇજ નહી પણ માત્ર એકલ દોકલ પેલી દબેસ્તાન કેતાબનાજ આધારે, કેટલીક કલ્પીત કથા કહાણીના ઉમેરા સાથ કહે છે કે, અકબરને પારસી ધર્મ હજરત આજરકયવાન નામના સુરી પારસી દસ્તુરે તથા તેમના ચેલાઓએ સમજાવ્યો હતો. અને ત્યારે દસ્તુર અરદેશર કેરમાની ? તેનું તો નામ નિશાનજ મી૦ કાપડયા દેતા નથી ! આ રીતે મેહરજી રાણાનો વિરૂદ્ધ પક્ષ પોત પોતા વચ્ચેજ અથડા પડયો છે, અને પોતાનાં સિદ્ધાંતનો મુલ પાયો પોતેજ ઘેસવી નાખ્યો છે.

મી૦ કાપડયાએ પોતાના માનીતા હજરત આજર કયવાન તથા તેઓ સાહેબના ચેલાઓને આ માન આપવાનાં ઝનુનમાં દસ્તુર મેહરજી રાણાને માઠું લગાડવાને કશી આંચકી ખાધી નથી. એ દસ્તુરજીએ અકબરને પારસી ધર્મ સમજાવ્યો તે વિષે દંત કથા ચાલતી આવી છે, તે દંતકથાને તેમણે હસી નાખી છે, અને મરહુમ

† જુઓ નંબર ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૯.

દસ્તુર જામાસ્પ આસાના બાનદાનના એક નબિરાએ તેમનાં ચોકસ બોટાં અનુમાન વિરુદ્ધ પોતાનાં કુટુંબમાં જલવાયલી નોંધનો ઈશારો કીધેા, તો તેને પણ હસી નાખ્યો છે. અર્થાત્, મી૰ કાપડયા આવી મહત્વની તકરારમાં તવારિખી શાહદતો સિવાય દંત કથા કે કાને સાંભળેલી વાતને વજન આપવા માગતા નથી. અને તો પણ, વાંચનાર, માનશો? તેવણે પોતે આ તકરારમાં કીધેલાં ત્રણ ત્રણ લખાણોમાં, જ્યાં પોતાની મતલબ આવી છે ત્યાં, પોતાના બાવા કે દાદાએ કહેલી માત્ર મોઢેની ભલતી વાતોના આધાર ભરે ઉકમાઇ સાથ લીધા છે! તેના બે ત્રણ દાખલા માત્ર રમુજને ખાતર અમે અત્રે ઉતરી લઇશું, કે જેથી તેમની તકરારો કેવી બે વજન અને એક તરફી છે તે વાંચનારાઓ જોઇ શકે. તે વેલાના નવસારીના લોક ધર્મ જ્ઞાન વગેરેમાં છેક ઢેક હતા તેને કોઈ ननाभा ભલતા "दाना मोधल" નો દાખલો આપતાં તેની શાહદત મી૰ કાપડયા આ પ્રમાણે આપે છેઃ—

"આજ પચાસ વરસની વાત ઉપર મેં મારા મુરબ્બી બાવા કનેથી સુરત અને નવસારીમાં ચાલતી આવેલી એક એવી દંત કથા સાંભળી હતી કે"—

વળી મરહુમ મુલ્લાં ફીરોજ વીષે ચોકસ નકામી વાત લખતાં તેની ફરમાસુ શાહદત તેવણ આમ આપે છેઃ—

"આ વાત મેં મારા બેહેસતી મુરબ્બી બાવા કનેથી આજ પચાસ વરસની વાત ઉપર સાંભલી હતી, જેવણ અસલમાં દાદી શેઠના આતશ બેહરામ આગલ રહેતા હતા. અને મોલ્લા ફીરુઝના ભત્રીજા તથા ગાદીનશીન મોલ્લા રોસ્તમ બેન કયકોબાદ કનેથી તેવણે પોતે તે બીના સાંભલેલી હતી."

વળી બીજી બાબત, જે આના કરતા પણ છેક ભલતી અને વગર સંબંધની છે, અને જે મુંબઇના મોહમેદનોની જુમામસજીદમાંની હોજ મરહુમ મુલ્લાં ફીરોજે આપેલા ફતવા પ્રમાણેની દિશાએ બાંધવાને લગતી છે, તે રજુ કરતાં તેની શાહદત માટે પણ તેઓ, કહેનારની જીભ અને સાંભળનારના કાનનોજ હવાલો, નીચે પ્રમાણે આપે છેઃ—

"તેથી મસજેદ માહેલો હોજ એસલામી ભાઇબંધોએ તેવણનાં લખાણો પ્રમાણે બંધાવી તૈયાર કર્યો હતો, એમ મેં ઘણાંએક વરસોની વાત ઉપર આપણા વડીલો કનેથી સાંભલ્યું હતું." (સઘળે ઠેકાણે કાલા અક્ષર અમે કર્યા છે.)

ટુંકમાં, મી૰ કાપડયાનું લખાણ, સંબંધ તથા અનુક્રમમાં જેટલું ભલતું તથા વિખરાયલું તેટલુંજ શાહદતોની બાબતમાં "સાંભલેલી" હવાઇ વાતો પર કીલ્લો બાંધનારું છે. તેવણના એક બાવા કે દાદા માત્ર ચાલીસ પચાસ વરસ પર કહી ગયા તે સાચું અને શાહદત, પણ મરહુમ દસ્તુર મેહરજી રાણા વિષે ત્રણસો વરસોથી આખી પારસી કોમમાં, લેખપોટ તથા ગીતો સાથની દંત કથા ચાલતી આવી તે ખોટી અને હસવા સરખી! માણસ જાતની મતલબ તથા પક્ષપાટનો પણ કાંઇ હદ છે! દિલગીરી સાથ જોઇએ છિયે કે મી૰ કાપડયા જેટલા કદીમ ઇરાનની તવારિખ લખવામાં દીપી નિકલ્યા છે, તેટલાજ હિન્દી પારસીઓની તવારિખમાં નિષ્ફળ નિવડયા છે. બેહતર કે, પોતાથી નહો પહોંચી વલાય એવી બે જીકર પડતી મેલી તેવણ હજુ પોતાના માનિતા "દારયવુસ વિ'સ્તારૂપ" ના વિષયમાંજ મચેલા રહે!

ના૦ ૧૫૧

પંચડાંડ.

(તા૦ ૨૩ મી ફેબરવારી ૧૯૦૨.)

અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો તે વિષેની તકરારમાં મી૦ જ૦ પા૦ કાપડયા.

પંચડાંડના અધિપતિ જોગ.

સાહેબ, તમારા છેલ્લા અંકમાં ઉપલે મથાળે તમો સાહેબે મી૦ જમશેદજી પાલનજી કાપડયાની મરહુમ દસ્તુર મેહરજી રાણા વિરૂદ્ધની તકરારનું ખંડન કરતાં તેમનાં લખાણનું બેઢંગાપણું એકતરફીપણું તથા મુળ તકરારથી આડા ઉતરી પડવાની નબળાઇ વિષે જે ટીકા કર્યા છે, તે વાજબી છે. પણ તેનો સાબેતીમાં એક વધુ અગત્યનો દાખલો આપવાને તમે ભુલી ગયલા જણાએ છો, જે હું લખી મોકલું છું. નવસારીવાલા મરહુમ દસ્તુર જામાસપ આસાએ પોતાનો એલમ ઇરાનથી સુરત આવેલા મરહુમ દસ્તુર જામાસપ વેલાયતથીજ હાંસલ કર્યો હતો એવાં તેમનાં લખાણનું ખોટાડું જ્યારે તે દસ્તુરજીનાં ખાનદાનના એક નબીરાએ બતાવી આપ્યું, ત્યારે તેનો રદ જવાબ આપતાં તેવણ મુંબઇના માજી દસ્તુર મરહુમ દસ્તુરજી સાહેબ એદલજી દારાબજી જામાસપ આસાના, કે જેમને આ બાબતમાં કશુંએ લાગતું વલગતું નહી. તેમને વચે આણી તેવણપર ઉતરી પડયા છે, અને એક સારા તથા અપક્ષપાટ તવારીખનવેશને ન છાજતી નીચલી રીતે તે બેહુદીની મશ્કેરી કરી છેઃ–

"જામાસપઆસાનાં ખાનદાનના એક દસ્તુરજી હા પોતાના એક વડવાએ એક ઇરાની મોબેદનો ચુક સુધારી હતી એવો જવાબ તમારાં પત્રમાં મારા પેહલા અંક વીશે આપે છે. પરંતુ મેં તો તેથી ઉલટીજ વાત ઘણાંક વરસો ઉપર સાંભલી હતી, અને તેવણના બાપાવાના બાપ બેહરામજી એદલજી જેવા એક નર અશોની ઘણીએક વએઝો મારી બચપણનો વેળાએ મેં સાંભલી પણ હતી. તેપરથી તેવણની જરથોસ્તી ધરમની ફીલસુફી તથા તેનાં સાહીત્ય વિશેનાં જ્ઞાન માટે ઘણી દલગીરી સાથે અત્રે કેવું પડે છે કે, મેં કોઇ કાલે પણ ઉંચું મત બાંધ્યું ન હતું. તેવણ ઘણાજ અશો અને પરહીઝગાર હતા તેવણનો હસ્તો લાલ ટુટી જેવો ચેહરો મારી નજર આગલથી હજુ સુધી બસતો નથી, અને તેજ ગોલાબી ચેહરો તેવણની પવીત્રાઇની ગોયા ગવાહી પણ આપતો હતો."

સાહેબ, મને પુછવા દેવો કે, દસ્તુર જામાસપ આસા કોનો આગલ એલમ શિખ્યા હતા તેને મવસુફ દસ્તુર એદલજીની સાથે શો સંબંધ? છેલ્લા દસ્તુરજીની વાત અહીં લાવવાનું કારણજ શું? તેઓ સાહેબનો ચેહરો "લાલ ટુટી જેવો" અને "ગોલાબી" હતો કે સફેદ બરફ જેવો હતો, તેને આ બાબત સાથે શુ સનાન સુતક? એજ કેની કે તેમનો મશ્કેરી કરી લોકોની નજરમાં તેમને હલકા પાડવા, અને તેમના બેશીઓનાં દીલ દુખવવાં? શું કોઇ પણ વિદ્વાન, ગંભિર અને અપક્ષપાટ તકરારી કે તવારિખનવેશ આ જાતનાં ચેડાં, ગુજર પામેલા નિર્દોષોનાં નામ સાથે કાઢે છે? મી૦ કાપડયા એવું દેખાડવા માંગે છે કે, મરહુમ દસ્તુર એદલજી માત્ર ખાઇ પી "લાલ ટુટી" જેવા બન્યા હતા. પણ તેમનામાં એલમનું ભંડોલ ન હતું. આ વાત શરફ જુદી છે, પણ એકવાર તકરારને ખાતર તેમ માની લઇયે તો તેનો દોષ, એજ મી૦ કાપડયાએ ઘણા વખાણેલા ઇરાની દસ્તુર જામાસપ વેલાય-

તીને સીર આડકટરી રીતે જ પડવો જોઈએ; કારણ મી૦ કાપડયાના વિચાર પ્રમાણે દસ્તુર જમાસ્પ આસા પોતાના એલમ માટે જમાસ્પ વેલાયતીને આભારી હતા, અને દસ્તુર એદલજી પોતાના વડિલ જમાસ્પ આસાના સીલસીલાથી ચાલતો આવેલો એલમ શિખેલા હતા ! જો તમો બારિકીથી જોશો તો, મી૦ કાપડયાનાં લખાણમાંથી એવા ઉમદા " ઘવેર " તો લીટીએ લીટીએ મલી આવે છે, પણ નમુના દાખલ હાલ તો એટલુંજ બસ.

દારયવુસ.

ના૦ ૧૫૨.

પંચડાંડ.

(તારીખ ૨ જી માર્ચ સને ૧૯૦૨)

ચર્ચાપત્રો ઈત્યાદિને બબર.

"મકબુલ"—અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો તે તકરારના સંબંધમાં લંબાણ ખુલાસો કરી એવું સમજાવવા માંગે છે કે, એ બાબતમાં મુખ્ય તવારિખી શાહદતો. દસ્તાવેજો તથા ફરમાનો વગેરે ફારસી ભાષામાં લખાયલાં છે, અને જ્યારે શમ્સુલ ઓલમા એર્વદ જીવનજી જમશેદજી મોદી ફારસીમાં પ્રવિણ વિદ્વાન છે, ત્યારે મી૦ રૂ. પે. કકરયા તે ભાષાથી બેનસીબ છે. મુખ્યત્વે એજ કારણે જ્યારે એર્વદ મોદી આ વિષયને બરાબર ઇનસાફ આપી શકયા છે, ત્યારે મી૦ કકરયાએ તેમાં છબરડો કરી પોતાને ઓર હસીમાં આણ્યા છે. તે એટલે સુધી કે, મરહુમ મેહરજી રાણાના વંશજો તરફથી તેમને મળેલા દસ્તાવેજોમાં "બદલાની" નામ હતું તેને તેવણે "બદાઉની" થોકડી બેસાડયું હતું, તેમજ ચોકસ કેતાબનાં નામમાં પણ ભુલ કીધી હતી. એ વગેરે જણાવી, આ ચર્ચાપત્રી શેવટે ઉમેરે છે કે, મી૦ કકરયા આ તકરારથી અલગ રહે તેમાંજ તેમની શોભા છે.

ના૦ ૧૫૩

પંચડાંડ

(તા. ૨ જી માર્ચ ૧૯૦૨)

ચર્ચા પત્ર.

અકબરના વખતમાં જગતગુરૂએ બે સુરજ દેખાડવાની દંતકથાને મળતો એક બીજો ઐતિહાસિક બનાવ.

પંચડાંડના અધિપતી જોગ.

સાહેબ, આપના પેપરમાં હાલ શેહેનશાહ અકબરને પારસી ધર્મ સમજાવ્યા બાબતની જે ચર્ચા કેટલાક વખતથી ચાલે છે, તે બાબતમાં તા૦ ૨ જી ફેબ્રવારી ૧૯૦૨ ના આપના અંકમાં, જગતગુરૂ નામના કોઇ હિન્દુ જાદુગરે આકાશમાં થાળી ચઢાવી બે સુર્ય દેખાડયા હતા તે ઠગાઇ પોતાના ધર્મના અવરતાઇ વચનો પઢીને મરહુમ પારસી ધર્મ ગુરૂ દસ્તુર મહેરજી રાણાએ ઉઘાડી પાડી હતી, એવી બાબતનો પણ ઇશારો થયો છે, તે બાબતમાં કોઇ હિન્દુ જાદુગરનું નામ આવેલું છે, તેથી સ્વાભાવિક રીતે તે બીનાપર મારૂં ધ્યાન ગયું છે. મરહુમના સંબંધમાં જે દંતકથા ચાલતી હશે તેને ખોટી પાડવાને આ મારો લેખ નથી. પણ તે સંબંધે

કેટલીક જાણવાજોગ બીના જાહેર મુકવા જેવી જણાય છે તે લખું છું. કદાચ દસ્તુર મહેરજી રાણામાં તે દંતકથામાં બતાવવામાં આવેલી શક્તિ હશે. પણ મહાન મોગલ પાદશાહ અકબર પારસી ધર્મ સ્વીકારી તેનાંજ ફરમાન મુજબ ચાલતા હતા, એમ પાકે પાયે કહી શકાય નહીં. કારણ કે એ મુગલશાહની નીતિ રીતિનો પાર કોઇથીજ પામી શકાયો નથી. તેમની બુધ્ધી ચાતુર્યનું તોલ કોઇ કરી શકયું નથી. અને તેજ કારણે આજ અગર જો તેઓ ઘણાં વરસથી મૃત્યુ પામી પોતાનું અમરનામ જગત બત્રીશીએ મુકી ગયા છે, છતાં દરેક હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રીસટી વિગેરે સઘળીજ કોમ અને જાત તેમને માન આપી એવો દાવો કરે છે કે, તેઓ હમારા ધર્મનાં ફરમાન મુજબ ચાલતા હતા, અને હમારા ધર્મને તેઓએ ઉત્તેજન આપ્યું હતું. એજ બોલો તેમની નીતિ રીતિ અને રાજય ચલાવવાની બુબીની છાપ, આપણી દ્રષ્ટી સમોપ તાદૃશ્ય કરે છે. ખરી વાત એ દીવસે છે કે, સ્વાભાવિક રીતે તેઓ સઘળાજ ધર્મને માન આપતા હતા. હિન્દુ ધર્મ પર પણ તેઓને સારી શ્રધ્ધા હતી; અને તેના દાખલા તરીખે કેટલાક હિન્દુ ધર્મનાં પુસ્તકોનું તેઓએ ફારસીમાં ભાષાન્તર પણ કરાવ્યું છે. તેમ તેઓ મુસલમાન ધર્મને કદી ધિક્કારતા નહીં. તો તેઓ જ્યારે સઘળાજ ધર્મને માન આપતા, ત્યારે તેઓએ પારસી ધર્મને માન નહી આપ્યું હોય એમ તો કોઇથીજ કહી શકાશે નહીં. અને મરહુમ દસ્તુર મહેરજી રાણાએ તેમને પારસી ધર્મ સમજાવ્યો હશે તે વાત સત્યજ હશે. તે બોટી પાડવાને માન કરવું, તે અકબર શાહની નીતિ રીતિ પર હલ્લો કરવા સમાન થઇ પડે.

હવે, સાહેબ, આકાશમાં થાળી ચઢાવવાની બાબતમાં જે દંતકથા ચાલે છે, તે બાબતમાં કેટલોક ખુલાસો મારે કરવાનો છે. એવોજ એક વૃત્તાંત સંવત ૧૧૯૯ ની સાલ પછી બે ત્રણ વરસે બન્યો હતો, અને તે પ્રાચીન ઇતિહાસિક ગ્રન્થ પરથી માલમ પડે છે. જૈન ધર્મના આચાર્ય **મેરૂતુંગાચાર્યે**, ગુજરાત અને માળવાના રાજાનો કેટલોક વૃત્તાંત પોતાના પ્રબંધ-**ચિન્તામણી** ગ્રંથમાં સાચવી રાખ્યો છે. **મેરૂતુંગાચાર્યે**, વિક્રમ, શાલીવાહન, વનરાજ મુળરાજ, મુંજરાજ, ભોજરાજ, ભીમરાજ, સિદ્ધરાજ, અને કુમાળપાળ રાજાના સમયનો વૃત્તાંત પોતાના ગ્રંથમાં લખેલો છે, તેમાં છેલ્લા રાજા કુમાળપાળના સમયમાં જૈન ધર્મના મોટા પ્રભાવિક અને ચમત્કારિક એવા **હેમાચાર્યે** આચાર્ય હતા. એ હેમાચાર્યે યોગ અને વ્યાકરણ સંબંધી ઘણા ગ્રંથો રચેલા છે, જેમાં યોગશાસ્ત્ર સર્વોત્તમ અને બહુ માનનીય ગ્રંથ છે. તેનાં ભાષાન્તર ઈંગ્લીશ અને જર્મન ભાષામાં થયાં છે. વ્યાકરણમાં તેમનો હેમીકોશ પ્રસિદ્ધ છે. કાર્યનામ માળા, દેશીનામ માળા, સાહિત્ય શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, છેદાનુ શાસન, અલંકાર ચુડામણિ, પરિશિષ્ટ પર્વક જે કલકત્તામાં છપાયું છે, ત્રિષષ્ટિ શલાકા-પુરૂષ ચરિત, જેનું ગુજરાતી ભાષાન્તર પણ થયું છ, વીગેરે બીજા ઘણા મોટા ગ્રંથો હેમાચાર્યે રચેલા છે. તેમાંના ઘણા સરકારના સંગ્રહમાં પણ છે. એ હેમાચાર્યના સંબંધમાં મહેરજીરાણાવાળી દંતકથાને મલતા આવે તેવો એક વૃત્તાંત બન્યો છે, અને તે કુમાળપાળ રાજાના વખતમાં, એટલે સં. ૧૧૯૯ ના પછી થોડાં વરસે, એટલે આજથી લગભગ સાડીસાતસો વર્ષપર બન્યો હતો. જ્યારે અકબરનો કાળ તે પછીનો, એટલે લગભગ ૧૬૦૦ સંવત હતો. એટલે કુમાળ-

પાળ અને અકબરની વચમાં લગભગ ચારસો વરસનો તફાવત ચાલી જાય છે. તો કદાચ એમ કાં નહી બને કે તે પ્રાચીન વૃત્તાંતનું અનુકરણ મહેરજી રાણાના સંબંધમાં ગોઠવાયું હોય, કારણ તેમાં જે હિન્દુ જાદુગરની બાબત આવે છે તેનું નામ ને વીગત જણાતાં નથી. હેમાચાર્ય સંબંધી એ વૃત્તાંત નીચે મુજબ છે. અને તેના બોજા ઘણા પુરાવા પણ છે. કુમાળપાળના રાજ્યામલમાં શંકરાચાર્ય, અને જૈન મત વચ્ચે સખત વિરૂદ્ધતા ચાલતી હતી. ભારત વર્ષમાં તે કાળે જૈન મતનું પરિબળ વિશેષ હતું. કુમાળપાળે જૈન ધર્મ સ્વીકાર્યો હતો; અને એ જૈન મત ખંડન કરવા શંકરાચાર્યે બહુ જબરી લડત તે સમયે ચલાવી હતી. પાટણ શહેરમાં હેમાચાર્ય રહેતા હતા, શ્રીમદ્ શંકરાચાર્યનો મુકામ પણ એ પ્રસિદ્ધ શહેરમાંજ હતો. મેરૂતુંગાચાર્ય, કે જેમણે ગુજરાતનો ઇતિહાસ જાળવી રાખ્યો છે, તેઓ એ દંતકથાને મળતો વૃત્તાંત નીચે મુજબ જણાવે છેઃ—

"એક વખતે સોમવતી અમાવાસ્યાને દિવસે પાટણ શહેરમાં તમામ નાગર બ્રાહ્મણ વગેરે સારા સારા ગૃહસ્થ બ્રાહ્મણોની સ્ત્રીઓની ટોળી ઘરેણાં ગાંઠાં પહેરી હાથમાં પૂજાપાની થાળી લઈ શોભાયમાન વસ્ત્રોથી શરીરને શણગારી પીપળાની ફેરી ફરવાને ગામ બહાર ગએલી પાછી ફરતી હતી. તેવામાં સંન્યાસીઓ, ગૃહસ્થ બ્રાહ્મણોને ઘેરથી ભિક્ષા કરી હાથમાં જળના કમંડલ અને દંડ લઈ મઠ ભણી ચાલ્યા જતા હતા. તેટલામાં એક બાજુએથી હેમાચાર્યના શિષ્યે પણ શ્રાવકોને ઘેરથી ગોચરી (ભોજન લઈ) કરી પાછા અપાશ્રયે (ધર્મના સ્થાનકે) જતા હતા. તેવામાં કુમાળપાળ દેહરે દર્શણ કરી પોતાની મેનામાં બેસી બહાર નીકળી મહેલ ભણી આવતા હતા. તેણે સ્ત્રીઓની ધામધુમ જોઇ શ્રાવકના ભણી નજર કરી પુછયું કે, આજે શી તીથી છે! શહેરમાં આટલો બધો ઉત્સવ શાનો? ત્યારે સાધુ તર્કમુકિત જૈન ઉતાવળથી બોલી ઉઠયો, કે આજે તીથી પુર્ણિમાં છે. તે સાંભળી સન્યાસીઓને હસવું આવ્યું. કુમાળપાળે તેમને હસવાનું કારણ પુછયું. તો તે કહેવા લાગ્યા કે, આજે સોમવતી મોટી અમાવાસ્યા છે, પણ તે છતાં એઓ પુર્ણિમા આજે કહે છે, એટલા માટે અમો આશ્ચર્યથી હસ્યા. કુમાળપાળ મનમાં વિચાર કરતો પોતાના મહેલમાં ગયો. સન્યાસીઓએ પોતાના મઠમાં આવી શંકરાચાર્યને આ થએલું વૃત્તાંત નિવેદન કર્યું. જૈન સાધુઓએ જાણ્યું, અરે આજે અમાવાસ્યા છે, તે છતાં આપણે ભુલથી કુમાળપાળને પૂર્ણિમા કહી હવે કેમ થશે! એમ વિચાર કરતા અપાશ્રયમાં હેમાચાર્ય ગુરૂની પાસે આવ્યા. ત્યારે તેમનાં ઉતરી ગએલાં મોઢાં જોઇ હેમાચાર્યે તેમને પુછયું કે, આજ શું દુઃખ છે? ગુરૂના પુછવાથી તેમણે પોતાની બનેલી ખરી હકીકત તેમને નિવેદન કરી. હેમાચાર્યે કહ્યું કે તેમાં શી ફીકર છે? આજે પૂર્ણીમાં છે. જો રાજા પુછશે તો તેનો જવાબ હું કરીશ. થોડી વારમાં કુમાળપાળે શંકરાચાર્ય અને હેમાચાર્યને પોતાના શિષ્યો સહવર્તમાન સભામાં બોલાવ્યા. યથાસ્થિત તેમનું સનમાન કરી કુમાળપાળે પુછયું "મહારાજો આજે શી તીથી છે? શંકર કહે અમાવાસ્યા અને હેમાચાર્ય કહે કે પુર્ણિમા. કુમાળપાળ કહે કે આ બેમાંથી ખરૂં કોનું કહેવું? હમ ચાર્ય કહે કે, એમાં ચિંતા શી છ. સાયકાળે પરિક્ષા કરો. જો પુર્ણીમાં હશે તો ચંદ્રોદય જણાશે, ને અમાવાસ્યા હશે તો નહી જણાય. પછી કુમાળપાળ અને સઘળી

સભાએ તે વાત અંગીકાર કરી. સાંયકાળ થયો, તેવામાં હેમાચાર્ય પોતાની વિદ્યાના બળવડે કાંસાનો મોટો થાળ પુર્વ દીશામાં ચઢાવી અને બાર ગાઉ સુધી ચંદ્રોદય જણાવ્યો હતો.

આવો વૃતાત મેરૂતુંગાચાર્ય આપે છે તો મહેરજીરાણાના વૃત્તાંતવાળી દંત કથામાં બે સુર્યની વાત, તે ઉપલા વૃત્તાંતને મલતી હોવી જોઈએ. તે માટે જો ચોકસ પુરાવા હોય તો તે ખોટા પડી શકે નહી.

સુરત, તા૦ ૨૨ ૨–૦૨

લી૦ બા૦ ભ૦

આ ચર્ચા પત્ર લખનાર એક કાબેલ હિન્દુ ગ્રહસ્થ છે. અને તેમનું વૃત્તાંત શાસ્ત્રધાર તથા વજનદાર છે. જો તેવો બનાવ ખરેખર બન્યો હોય, તો તે કાંઇજ નહી પણ મરહુમ દસ્તુર મેહરજીરાણાંને લગતી જગત-ગુરૂએ બે સુરજ દેખાડવાની દંત કથાને મજબુત પુષ્ટી આપે છે. સદરહુ કાબેલ લેખક એવું અનુમાન કરે છે કે, જગત ગુરૂવાલી દંતકથા ઉપલા હેમાચાર્યનાં વૃત્તાંતનું અનુકરણ હશે; પણ તે અનુમાન ટકી શકતું નથી, કારણ હેમાચાર્યવાલાં વૃત્તાંતમાં માત્ર નહી ચંદ્રનો ચંદ્ર દેખાડવાની વાત છે, અને તે ચંદ્રને શંકાચાર્યે કે બીજા કોઇએ ખોટો પાડી દેખાડયો નથી. પણ જગત ગુરૂવાલી દંત કથામાં તો બે સુર્ય દેખાડવાની વાત છે. અને તેમાંના કૃત્રીમ સુર્યને મરહુમ દસ્તુર મેહરજીરાણાએ પોતાનાં અવસ્તાઇ મંત્રથી ખોટો પાડી દેખાડેલો જણાવવામાં આવે છે.

અધિપતિ પંચડાંડ.

ના૦ ૧૫૪

પંચડાંડ.

(તા૦ ૧૬ મી માર્ચ ૧૯૦૨.)

શેહનશાહ અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો?

દિલગીર છિયે કે, બીજા કેટલાક અગત્યના ચાલુ બનાવોના વિષયોનાં દબાણને લીધે, અમે હાથ ધરેલા આ ઐતિહાસીક વિષયનું સાધન આગલ ચલાવવામાં અમે ઘણા પછાત પડી ગયા છિયે; પણ તે નિરૂપાયેજ. મી૦ જમશેદજી પાલનજી કાપડ્યાના વિચારોનાં અમે કીધેલાં ખંડનના વિષય બાદ કરતાં, આ બાબત વિષેનું અમારૂં છેલ્લું લખાણ, પંચડાંડના ગઇ તા૦ ૨જી ફેબરવારીના અંકમાં આવ્યું હતું, જેમાં મરહુમ દસ્તુર મેહરજી રાણા સંબંધી દંત કથા વિષે વિવેચન કરી, આ બાબતની તવારિખી શાહદતનો છેડો પકડયો હતો. આજે તે શાહદતો વિષે અમે ટુંકમાં ખુલાસો કરીશું. અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો તે વિષે ડજન બંદ પુસ્તકોમાં લખાણો થયલાં છે, પણ તેમાં બે પુસ્તકો મુખ્ય છે; એક, બદએોની નામે મોહમેદન તવારિખનવેશનું "મુનતખબઉત તવારીખ;" અને બીજું, દબેસ્તાન. બાકીનાં પુસ્તકોમાંનાં લખાણ મુખ્યત્વે આ બેના આધારે થયલાં હોવાથી, તુરત વેલા અમે તેમને બાજુએ રાખિયે છિયે. આ બે પુસ્તકોમાં પણ મુખ્ય અને વધુ બલકે સંપુર્ણ ભરૂસો મેલવા જોગ પુસ્તક બદએોનીનુંજ છે; કાંકે તે પોતે અકબરના વખતમાં થઇ ગયો છે; આ બનાવ તેના પોતાના વખતમાં અને તેની પોતાની હદમાં બન્યો હતો; તેનું વર્ણન તેણે કોઇ બીજા લખનારના આધારે

નહી પણ પોતાના અંગત અનુભવના આધારે કીધેલું છે; અને તે પણ એ બનાવ બન્યા પછી તુરતનાજ હિંગામમાં, માત્ર બે વરસની મુદતે એટલે, અકબરની દરબારમાં ધર્મો સંબંધી ચર્ચા ઇ૦ સ૦ ૧૫૭૬ માં ચાલુ થઇ હતી, અને તે સંબંધી બદએાનીનું લખાણ ૧૫૭૮ માં થયલું છે. ફકત આટલીજ વાતથી વાંચનારાએાની ખાતરી થવી જોઇયે કે, આ બાબતમાં સર્વોપરી તથા સર્વ માન્ય સતા બદએાનીનીજ છે.

અને બદએાની, અકબરને પારસી ધર્મ કોણે સમજાવેલો કહે છે? તે ટુંકમાં પણ ખુલ્લા શબ્દોમાં કહે છે કે, અકબરને પારસી ધર્મ ગુજરાતનાં નવસારી શેહરથી આવેલા પારસીએાએ સમજાવ્યો હતો; તેથી તેનાપર તેની તરફ સારી અસર થઇ હતી, અને તે કારણે આતશને સંભાળવા તથા માન આપવાનું તેણે ફરમાવ્યું હતું, વગેરે. નવસારીથી આવેલા આ પારસીએા કોણ હતા, અને તેમનો વડો કોણ, તે અલબતે બદએાનીએ જણાવ્યું નથી; પણ તે ઇશારો મરહુમ દસ્તુર મેહરજી રાણાનેજ લાગુ પડે છે તે દંત કથા ઉપરથી આપણે આગળ જોઇ ગયા છિયે, અને બીજી શાહદતોથી હવે પછી જોઇશું. તે પહેલાં વાંચનારાએાએ અહીં ખુબ લક્ષમાં રાખવું જોઇયે છે કે, આ સર્વોપરી સતાધારી તવારિખનવેશ બદએાની જ્યારે અકબરને પારસી ધર્મ સમજાવનાર હાબલ નવસારીનાજ પારસીએાને રજુ કરે છે, ત્યારે પેલા ઇરાની દસ્તુર મરહુમ અરદશીર કેરમાની કે હઝરત આઝર કયવાન તથા તેમના ચેલાએા વિષે તો તે એક હરફ પણ બોલતો નથી. ત્યારે, જો આપણે બદએાનીને આ બાબતમાં સર્વોપરી સતા ગણિયે, અને વગર તાસુબીએ અપક્ષપાટપણે સાર કાઢિયે, તો તે મરહુમ મેહરજી રાણાની તરફેનનોજ નિકલે છે, અને આ ભાંજગડનો છેડો ટુંકમાં અને એટલામાંજ આવી જાય છે.

પણ કમ નસિબે દબેસ્તાન કેતાબે, વચ્ચે આવી એક નકામો અને ન ધારેલો ગુચવાડો ઉભો કર્યો છે. તે કેતાબમાં જો કે બદએાનીને બરાબર મલતીજ રીતે અકબરને પારસી ધર્મ સમજાવનાર તરિકે નવસારીનાજ પારસીએાને પ્રથમ રજુ કર્યા છે, તોપણ તેની પાછલ "અને વલી" એવા શબ્દો ઉમેરીને એવું જણાવ્યું છે કે, ઇરાનથી અર્દશીર નામના દસ્તુરને બોલાવ્યો હતો તેણે પણ પારસી ધર્મ અકબરને સમજાવી તેના પર તેની તરફેનની અસર કીધી હતી. મેહરજી રાણાના શત્રુએાના હાથમાં આ એક જબરૂં હાડકું આવ્યું છે, અને તેએા તેને હડીલાધથી બાઝી પડયા છે. જો તેના આધારે તેએા અર્દશીર કેરમાનીને પણ અકબરને પારસી ધર્મ સમજાવનારાએામાંના એક તરિકે જણાવીને સંતોષ પામતા હોત તો અમે તેની પરવાહ કરત નહીં; પણ તેને બદલે અને અર્દશીરને બહાને તેએા મેહરજી રાણાને અન્યાય કરે છે, અને તેથીજ આ સાદી વાતે એક ચિવટ ભાંજગડનું રૂપ પકડયું છે. પણ તેમાં તેએા ફાવ્યા નથી, અને ફાવવાના પણ નથી. દબેસ્તાન એ બેશક એક નામીચું પુસ્તક છે; પણ આ બાબતમાં તેની સતા નબલી અને ઉતરતે દરજ્જેની છે. પેહલું તો એ કે, તે પુસ્તક અકબરના પોતાના વખતમાં લખાયલું નથી. તે પછી ઘણાં વરસોની મુદતે તે લખાયલું છે. વળી તે મધેની અકબરને પારસી ધર્મ સમજાવવાની મુલ બાબત, તેના બનાવનારે માત્ર બદએાનીનો નકલ કરીને બલકે તેની લખાણ ચોરી કરીને ઘુસાડી ઘાલેલી છે; કાંકે તેમાં નવસારીથી દીલ્હી આવેલા પારસીએાને લગતો

જેટલો ભાગ છે તે લગભગ બોલે બોલ બદબોઓની મલતોજ છે.

તેમ છતાં તેણે ત્યારે અર્દશીર ઇરાનીનું નામ તેમાં શા માટે ઉમેર્યું હશે? તેનું કારણ સમજવું પણ મુશ્કેલ નથી. એ ઇરાની દસ્તુરને પાછલથી, એટલે ધર્મોની તકરાર ચાલુ થઇ તે પછી શેહનશાહ અકબર તરફથી ખાસ ખરચ આપીને, તે નામદારે મીર જમાલુદ્દીન પાસે લખાવવા માંડેલી ફરહંગે જેહાંગીરી નામની ફારસી ડિક્ષનેરીમાં ઝંદ તથા પેહલવી ભાષાના શબ્દોની સમજણ ઉમેરી આપવા માટે ઇરાનથી બોલાવ્યો હતો; અને ધારવા મેળે તેથી ઠગાઇને, યા તે વિષે ખોટી ખબર મલ્યાથી, દબેસ્તાનના બનાવનારે તેને પણ અકબરને પારસી ધર્મ સમજાવવા માટેજ બોલાવેલો ઠોકી બેસાડયો છે. અર્થાત, દબેસ્તાનના બનાવનારનું આ બનાવ વિષેનું વર્ણન, બાતરી પુર્વક નહી, પણ અલલ ટપેનું જણાય છે. નવસારીથી આવેલા પારસીઓવાલુ પોતાનું વર્ણન જેમ તેણે આંખ વીચીને બદબોઓની મોંથી તફડાવી લીધું છે, તેમ અર્દશીર કેરમાનીવાલું લખાણ પોતે સાંભલેલી-અને તે પણ ખોટી રીતે સાંભલેલી-વાત ઉપરથી અડાવી દીધેલું જણાય છે. આ રીતે જોતાં, અકબરને પારસી ધર્મ સમજાવવાની બાબતમાં દબેસ્તાન કેતાબ એક તો મુલેજ બદબોઓની "મુનતખબઉત તવારીખ" થી ઉતરતી છે, અને વલી તેના તે ઉતરતાપણામાં તેની આ ઘાલમેલથી મોટો વધારો થાય છે. તેવી કેતાબના આધારે મરહુમ દસ્તુર મેહરજી રાણાની કીર્તી પર ધુલ છાંટવી એ જેમ એક ઘાતકીપણું છે, તેમ તેવી કેતાબના આધારે અર્દશીર કેરમાનીને તેવી કીર્તી અપાવવાનો કોશેશ કરવી એ વલી તે મરહુમ ઇરાની દસ્તુરની મશ્કેરી કરાવવા સમાન છે. અહીં આપણે આ તકરારના વધારે અગત્યના તબક્કા પર આવી પહોંચિયે છિયે, પણ લંબાણ થયાથી તે હવે પછી રજુ કરીશું.

—:o:—

ના૦ ૧૫૫

પંચદાંહ

(તા. ૬ ઠી એપ્રીલ સને ૧૯૦૨)

શેહનશાહ અકબરને પારસી ધર્મ કોણે સમજાવ્યો હતો?

આ ચર્ચાના છેલ્લા વિષયમાં આપણે તવારિખના આધારે જોઇ ગયા કે, અકબરને પારસી ધર્મ સમજાવવાનું મહાભારત કાર્ય નવસારી નિવાશી મરહુમ પહેલા દસ્તુર મેહરજી રાણાએજ બજાવ્યું હતું; જ્યારે ઇરાનથી આવેલા મરહુમ દસ્તુર અર્દશીર કેરમાનીએ તો, નામદાર અકબરે મીર જમાલુદ્દીન પાસે લખાવવા માંડેલી ફરહંગે જેહાંગીરી નામની ફારસી ડિક્ષનેરીમાં ઝંદ તથા પેહલવી જેવી ભાષાઓના શબ્દોની સમજણ આપવામાં મદદ કીધી હતી. આ છેલ્લી વાત હાલની તકરારમાં ખાસ રીતે લક્ષમાં રાખવાની છે; કારણ મેહરજી રાણાના વિરૂધ્યાએ મીશીઅર્શ રૂસ્તમજી પેસ્તનજી ઠકરયા અને કુ૦, જેઓ અર્દશીર કેરમાનીનેજ અકબરને પારસી ધર્મ શમજાવનાર તરીકે ઓકી બેસાડે છે, તેઓ અર્દશીરના આ બરા અધિકારની વાતથી પ્રથમ બિલકુલ નાવાકેફ અને બેખબર હતા. અર્દશીર કેરમાની માત્ર આ ફરહંગમાં મદદ કરવા અર્થેજ આવ્યો હતો એ વાત ખુદ તે ફરહંગની અંદરજ, અને તે પણ ખુલ્લે ખુલ્લી જણાવેલી છે, અને તે હાલના હિંગામમાં શોધી કાઢવાનું માન મેહરજી

રાણાના પક્ષકારોને ખાસ કરી મરહુમ દસ્તુર એરચજી સોરાબજી મેહરજીરાણાને, ઘટે છે. જો મી૦ ઠકરયાએ નાહક આ ચર્ચા જગાડી મેહરજી રાણાને તથા તેમના ખાનદાનીઓને સતાવ્યા ન હોત, તો એ અતી અગત્યની વાત કવચીતજ બાહેર આવવા પામત. મી૦ ઠકરયાનાં સિધ્ધાંતને ઓટું પાડવા માટે પુસ્તકોની તપાસ કરતાં આ ખુલાસો અચુચીતો મળી આવ્યો છે, અને તે, " માહું જે થાય છે સારાંને ઠાજ " એ કહેવતને પુરતી રીતે અનુસરતો છે.

એ ખુલાસાથી મી૦ ઠકરયા અને તેમનાં પુછડાંઓની તકરારની ઇમારતનો મુલ પાયોજ ધસી પડયો છે, અને તેને ઓટો પાડવાની નાચારીમાં તેઓ તરેહવાર વગર જરૂરના પ્રશ્નો ઉભા કરી પોતાનાં ભાગી ગયલાં બારકસને થીગડ થાગડ કરવા મંડયા છે. તેમનો મુખ્ય પ્રશ્ન આ છે કે, જો મેહરજી રાણા ખરેજ કાબેલ ધર્મ ગુરૂ હતા, અને તેમણેજ અકબરને પારસા ધર્મ સમજાવ્યો હતો, તો મજકુર ફરહંગે જેહાંગીરીમાં ઝંદ પહેલવી શબ્દોના ખુલાસા માટે પણ તેમનીજ મદદ કાં નહીં લેવામાં આવી ? અને તેઓને પડતા મેલી શા માટે છેક ઇરાન વેરથી અર્દશીર કેરમાનીને બોલાવવામાં આવ્યો ? આ પ્રશ્ન સ્વાભાવિક છે, પણ મી૦ ઠકરયાના પક્ષનું તો તે વલી એક નવું અજ્ઞાનપણું ઉંધાડું પાડે છે. આ પ્રશ્નનો ખુલાસો આપણને કોઇ કેતાબી શાહદતથી મલી શકતો નથી; તોપણ તે માટે આ એક અનુમાન ખાતરી પુર્વક રીતે થઇ શકે છે કે, ફરહંગે જેહાંગીરીના બનાવનારને અકબરે પોતા તરફની મદદ આપી, અને તે ફરહંગમાં ઝંદ પેહલવી શબ્દોના ખુલાસા આપવાની કારસાજી થઇ, તે હાંગામમાં દસ્તુર મેહરજીરાણા પોતાના બુઢાપાની નાતવાનીથી કે નહી તો પોતાના મરણથી નિરૂપાયે, તે કામ બજાવવાની સ્થિતિમાં હોવા નહી જોઇયે. તેની સમજ નીચલા સનેઓથી મળી શકે છે. અકબરની દરબારમાં ધર્મો સંબંધી ચર્ચા ઇસ્વી ૧૫૭૬ માં શરૂ થઇ હતી, અને તે વેલા મેહરજીરાણાએ તેમાં ભાગ લીધો હતો. એ ચર્ચા ૧૫૭૯માં ખલાસ થઇ હતી, કે જે વેલા અથવા જેની આગમજ મેહરજીરાણા પાછા પોતાને વતન નવસારી વિદાય થઇ ચુકેલા હોવા જોઇએ. એજ ૧૫૭૯માં ફરહંગે જેહાંગીરી લખવાની માત્ર શરૂઆત થઇ હતી, અને ૧૫૯૨ માં અકબરે તે કાર્યમાં મદદ આપી, તથા અર્દશીર કેરમાનીને ઇરાનથી બોલાવ્યો હતો. આ છેલ્લું સાલ, કે જે ફરહંગે જેહાંગીરીના કામમાં મદદ આપવા તથા ભાગ લેવાનું છે, તેની એક વરસ આગમજ એટલે સને ૧૫૯૧માં તો મેહરજીરાણા ગુજરી પણ ગયા હતા. તો આ તદન બનવા જોગ છે કે, તેની એક બે વરસ આગમજ તેઓ સાહેબ બુઢાપાની એટલી નાતવાનીમાં હોવા જોઇએ, કે જેથી તેઓ નવસારીથી છેક દીલી સુધી હજારો માઇલની મુસાફરી પગ રસ્તે કદી પણ કરી શકેજ નહી. તેવાં સાંટકમાં અને અર્દશીર કેરમાની ઇરાનનો વતની હોવાને લીધે પોતાના બીજા ભંડોળ જોડે ખુદ ફારસી ભાષા ઉપર હિન્દી પારસીઓ કરતાં વધારે કાબુ ધરાવનારો હોવાથી, તેને આ ફરહંગનાં કામ માટે કુશલગણી બોલાવવામાં આવ્યો હોય તો તેમાં નવાઇ નથી.

ફરહંગે જેહાંગીરીનો લખનાર પોતે બાપુઠાર શાહદત આપે છે કે, અર્દશીર કેરમાનીને આ ફરહંગમાં મદદ આપવા માટેજ બોલાવવામાં આવ્યો હતો. જો એ ઇરાની દસ્તુરને આ કામ સિવાય યા એ કામની જોડે, અકબરને પારસી

ધર્મ સમજાવવા માટે પણ બોલાવવામાં આવ્યો હોત, તો તે પોતાની ફરહંગમાં તેમ પણ જણાવત. તેમ તેણે અવશ્ય જણાવવું જ જોઇયે; કારણ એક ફરહંગનાં કર્તા એક રાજકર્તાને ધર્મ સમજાવવાનું કામ, તવારિખી બનાવ તરિકે વધારે મહાભારત અને યાદગાર છે. છતાં તેવો ભાગો તુટો ઈસારો વટીઠ એ ફરહંગમાં મળે નહી, એ અચુક રીતે સાબેત કરે છે કે, અર્દશીર માત્ર એ ફરહંગને કારણેજ આવ્યો હતો, અને અકબરને ધર્મ સમજાવવાને કારણે તો નહીંજ. જ્યારે એ ફરહંગમાંથી અર્દશીરનો તરફેનમાં એવો એક હરફ પણ જડતો નથી, ત્યારે મી૦ ઠકરયાનો જીદ પર ચઢેલો હિમાયતી એ પુસ્તકમાં એજ દસ્તુરની સેફતમાં થયલાં ઉંચા લખાણો ટાંકી પોતાનું મન મનાવે છે કે, જુઓ તે તેવો કાબેલ હતો ! પણ તે કાબેલ હતો તે ના કોણ કહે છે ? અને તે કાબેલ હતો માટેજ, જે કામ તેણે નહી બજાવેલું તેની કીર્તી પણ તેને આપવી ખરી કે ?

મેહરજી રાણા હિંદમાં અને નજદીકમાં છતાં તેમને પડતા મેલી છેક ઇરાન જેવા દુરદરાજ મુલકથી અર્દશીરને શા માટે બોલાવવામાં આવ્યો, એ મી૦ કરકરયાના પક્ષકારનો ભારે ઉકમાઈથી ઉભો કીધેલો પ્રશ્ન, વળી બીજી રીતે પણ ટુટી જાય છે; બલકે તેમનીજ એક તકરારની વિરૂધ્ધ જઇ તેમનો પાયો લુલો કરે છે. તેઓ અને તેમના પેલા નવા હિમાયતી મી૦ જમશેદજી પાલનજી કાપડયા, મરહુમ દસ્તુર હજરત આજર કયવાન તથા તેમના ચેલાઓની ભારે સિફારસ કરે છે, અને અકબરને પારસી ધર્મ સમજાવવાનું માન તેઓને આપે છે. આ પણે તેમને પુછીશું કે, જ્યારે આજર કયવાન તથા તેના ચેલાઓ જેવા મહાપુરૂષો પોતાના નજદીક અને પોતાની મીત્રાચારીમાં હતા, ત્યારે તેમને પડતા મુકી અકબરે શા માટે છેક ઇરાન વેરથી અર્દશીર કેરમાનીને બોલાવ્યો ? શું તે તેઓથી ચેલમ અમલમાં ચઢયાતો હતો ? શાહણા વાંચનારાઓ અહીં સ્પષ્ટ રીતે જોઇ શકશે કે, મરહુમ દસ્તુર મેહરજીરાણાના વિરૂધ્યાઓએ તેમની કીર્તી સામે જે પ્રશ્નો ઉભા કર્યા છે તે કેવા તકલીદી મતલબી, અને " તેમની પાગડીના આંટા તેમનાંજ ગલામાં " બોલવનારા છે !

ના૦ ૧૫૬

મુંબઇ સમાચાર

(ઑગસ્ટ ૧૯૦૨)

છેલ્લા સાસાનીઆન શેહેનશાહ યઝદજરદના અમલ પછી હીંદુસ્તાન આવેલા જરથોશ્તીઓએ પોતાના બાપ દાદાનું અસલ ધરાની સાહીત્ય જાળવવા અને પ્રસિધ્ધ કરવાને કરેલી કોશેશનો ટુક ઇંતેખાબ

[મુંબઇ સમાચાર માટે.]

મુંબઇ નગરીની કેલવણીમાં આગલ વધેલી ગણવામાં આવતી કોમ પારસીઓની કહેવાય છે. એ કોમમાં ધરમ કેળવણીના બખેડાની ધજા ઉડી રહી છે. ધરમ કેળવણી આપવાનું કામ શાંત મને અને ઉશકેરાયલા જોસ્સાઓને હાબવાથીજ થઇ શકે. પણ એવાં શુભ કામમાં બે તડાં બની ગયાં છે. તે બંને તડાંમાં સમજુ ગ્રહસ્થોની નજીવી સંખ્યા દીસે છે, અને મોટો ભાગ જલદી ઉશકેરાઇ આવે એવો પ્રકૃતીનો અને સામસામા અંગત હુમલા

કરવામાં ઉપરાસાપરી શબ્દોના બાણોના ગોળા છોડવામાં જાણે બાહદુરી માની રહ્યો છે. કોણે બોલવું, કેમ બોલવું, ક્યારે બોલવું, એ વીશેના કોઈ જાતના પણ અંકુશની ગેરહાજરીમાં પારસી કોમની હસી થવા લાગી છે. પણ તે વીષે હમણાં લંબાણ નહીં કરતાં, હીંદુસ્તાનમાં જરથોશતીઓ આવ્યા પછી પસાર થયલાં ૧૨૭૦ વરસના અરસામાં તેમના આગલા વડીલોએ પોતાના બુલંદ ધરમનું સાહીત્ય જાળવી રાખવા, અને તે પ્રસીધ કરવા કેવી જેહમતો ખેંચી છે, આપણાં હજારો વરસનાં પુરાણાં દફ્તરો આપણે માટે બચાવી રાખવાને શુ મેહનત કીધી છે, છાપા કળા નહીં જણાયલી એવા જમાનાઓમાં લેખણકળાની ઉમદા મદદથી, યાદદાસ્ત શકતીનાં અજબ ગોહરથી, અને મગજની કાબેલીયતથી શબ્દોના અરથો સમજી અને સમજાવવાની, તેમજ બીજી ભાષામાં તરજુમા કરવાની શું કોશેશો કીધી છે, તેનો એક ટુંક ઈતેહાસ આજના શુભ પ્રસંગે વાંચનારી આલમ આગળ અમો રજુ કરીશું.

સાહીત્યની ખીલવણીમાં મુખય મદદ શેહેનશાહો, અમીરો અને તવંગરો તરફથી થઇ શકે. વીદવાન વરગ જરનું જોર નહી ધરાવતો હોવાને લીધે પોતાની વીદયાનાં ગોહરો બહાર પાડવાને તેનાથી હામ ભીડાતી નથી. સાસનીઅન દોરમાં અરદશીર બાબકાન, ખુસરૂ કોબાદાન (યાને નોશીરવાને આદેલ), શાપુરે ગાપુરાન જેવા નામીચા બાદશાહોએ આપણા ધરમની જાળવણી માટે આદરબાદ મારેસ્પંદ, બુજોરગ મેહર, અને તોસર જેવા કાબેલ દીનચાશીદાર દસ્તુરો અને તેમના સાથીઓને મદદ કરી આપણા ધરમના સાહીત્યની મુખય સેવા બજાવી છે. આપણા જરથોસ્તી નયાગાનોએ હીંદમાં ઉતારો લેવા પછી ઓછામાં ઓછી ચાર સદી વેર પોતાની પેહલવી જબાન વપરાસમાં રાખી હતી, તેની શાહાદતો મલે છે. અનેરી કનેરીના ગુફાઓમાં યઝદજરદી સને ૩૬૮ માં યાને આજથી નવસો વરસની વાત ઉપર કોઈ જરથોશતીઓ ફરવા ગયલા તે વેળાએ ત્યાં તેઓ પેહલવી હરફે થોડુક લખાણ કોતરી આવેલા છે. પુરાણા પેહલવી હસ્તલેખો મારફતે જે તવારીખ થોડી ઘણી આપણા નેક નયાગનો આપણે માટે જાલવી ગયા છે, તે પરથી માલમ પડતું નથી કે પહેલી ત્રણ સદીઓમાં આપણા પારસીઓએ પોતાના સાહીતય પછવાડે શું શું કીધું છે. પણ તયાર પછીની સદીઓમાં કાંઇ કામ થયલું તવારીખના સફા પર મોજુદ છે. એપરથી એમ ધારી નહી શકાય કે પહેલી ત્રણ સદીઓમાં પારસીઓ બેફામ થઇ બેસી રહ્યા હતા.

મરહુમ દસ્તુર પેશોતનજીનાં ગંજે શાયમાનમાં એક હસ્તલેખના આપેલાં સરનામા ઉપરથી, તેમજ મરહુમ દસ્તુર જામાસ્પજીના 'યાદયારે જરીરાન" નામના જુના હસ્તલેખમાં મલતાં એક સરનામાં ઉપરથી માલમ પડે છે કે, ઇ. સ. ૩૨૭ માં અને હીંદુસ્થાની સને ૧૦૭૭ માં એટલે આજથી ૯૪૩ વરસની વાત ઉપર દીનપનાહ અબેત્રપા દીનપનાહ નામનો કોઇ ઉસ્તાદ ભરૂચના આતશકદેહમાં શાગેરદોને સબક આપતો હતો. આ વેલાએ ભરૂચમાં આતશકદેહો હતાં કે નહી એ સવાલની ચારવણી કરવાને આપણા વીદયારથીઓએ મંડવું જોઈયે. ભરૂચના નવાબી અમલમાં એક નહી, બે નહીં, પણ નવ સદીથી વધારે આગમચ આપણા પારસો નયાગાનોમાંના એકનું નામ પહેલવી હસ્તલેખોએ અમર

રાખ્યું છે, અને તેઓ જણાવે છે કે તે ઉસ્તાદ હતો, અને ધરમના સબકો આપવામાં મશગુલ હતો. કમનસીબે એ ઉસ્તાદની બાબતમાં બીજી કોઇ વીગત મલતી નથી. એમની નજદીકના જમાનામાં થઇ ગયલા નામીચા ઊસતાદ મોબદાન મોબેદ નેરયોસંગ ધવલના નામથી કોઇ પણ આજનો અથોરનાન અજ્ઞાન હશે નહીં. મોબદાન મોબેદ નેરયોસંગ ધવલનો જમાનો નકીપણે કેહો શકાતો નથી, પણ છેલ્લી શોધખોળો મુજબ તે નામીચો ઉસ્તાદ આસરે ૮૦૦ થી ૯૦૦ વરસની વાત ઉપર થઇ ગયેલો હોવો જોઇએ. આજનું દરેક મોબેદ ખાનદાન પોતાને નેરયોસંગ ધવલથી અને હોરમજદયાર રામયારથી ઉતરી આવેલું જણાવવામાં મગરૂરી સમજે છે. એ મોબેદ નેરયોસંગ ધવલના વખતમાં ઇરાન સાથે ધરમ સાહીત્યના બાબમાં પત્ર વહેવાર ચલાવવામાં આવ્યો હોય એમ લાગે છે. ખલીફા મામુનની દરબારમાં જાણીતા થયલા નામીચા ઇરાની દસતુર આદર ફરોખીદ ફરોખજાદ વીષે એશારો ધરાવનારાં 'શેઠનદ ગુમાનીક વજાર' નામના પેહલવી પુસ્તકનું નેરયોસંગ ધવલે પોતાના જમાનામાં પાજંદ અને સંસકરૂત જબાનોમાં ભાષાંતર કીધું છે. તે ઉપરથી સાર એવો નીકલે છે કે સાસાનીઅન શહેનશાહત પછી ખલીફાની સાનશાહતના વખતમાં થયલાં ઇરાની સાહીતયનાં લખાણો મેલવવાની આપણા દુરંદેશ નયાગાનોએ કોશેશ કીધી છે. જો નેરયોસંગ ધવલે પાજંદ અને સંસકરૂત ભાષામાં 'શેઠનદ ગુમાનીક વજાર' નામના પેહલવી પુસ્તકનો તરજુમો કીધો હતે નહી તો, આજે આપણા સાહીત્યમાંથી એ ચોપડી ગુમજ થયલી ગણાતે, સબબકે પહેલવી " શેકનદ ગુમાની વજાર " નો બહોજ જુજ ભાગ આપણી પાસે બચી રહેલો છે. બાકીનો ભાગ પાજંદ અને સંસકરૂત ભાષાંતરમાંજ જલવાયલો છે. પણ એટલાંમાંજ બસ નથી થયું. મોબેદાન મોબેદ નેરયોસંગ તો પોતાની કીરતી ગોયા પથરપર કોતરી ગયા છે. તેઓએ અવસ્તા સાહીત્યના થયલા પેહલવી તરજુમાઓ ઉપરથી તેના સંસકરૂતમાં તરજુમા કીધા છે. ગાથા, યજશનેના બીજા હા, ખોરદેહ અવસ્તા, એ સઘલાંનો સંસકરૂત તરજુમો, તેમજ બીજાં કેટલાંક પેહલવી લખાણો જેવાં કે મીનોખેરદ, વીરાફનામું, પારસીઓના આશીરવાદ, આ સઘલાંનો સંસકરૂત તરજુમો તેઓએ કીધો છે. એવું પણ સમજવામાં આવે છે કે ધરમના હસ્તલેખો એકઠા કરવા માટે નામીચાં થયલાં એક પારસી કુટુંબના પુરાણા કેતાબખાનામાં વંદીદાદનો સંસકરૂત તરજુમો પણ મોજુદ છે. પણ એ વાતની તેહકીક થઇ નથી, અને કોઇ વીદયાર્થીઓને એ વીશે ખબર નથી. એટલું તો ચોકસ છે કે જયારે ગુજરાતી ભાષા હસ્તીમાં આવી હતી નહી એવા જમાનામાં હીંદના તે વેળાના રાજાના ફરમાન અને આશ્રા હેઠળ પોતાના ધરમનાં ફરમાનોને પર કોમોમાં પણ પ્રસીધ્ધી આપવા તેમજ પોતાના અથોરનાની પેશામાં પડતા શાગેરદોની કેળવણીને માટે ઉસ્તાદોના ઉસ્તાદ અને મોબેદોના મોબેદ નેરયોસંગ ધવલે આપણા ઇરાની સાહીત્યના મોટા ભાગનાં પાજંદ અને સંસકરૂત તરજુમાઓ બનાવયા હતા. આપણે દુંક ઇતેખાબજ લખવો છે, અને લંબાણ ટીકા સાથે તફસીલવાર વીગતો આપવી નથી, વાસ્તે એ કાબેલ પ્રતાપી મોબેદના જ્ઞાનની શુધતા, સંસકરૂત ભાષાનું ઊંડું જ્ઞાન, વીગેરે બાબતો ઉપર વીવેચન કરવા હમાં થોબશું નહીં. જે સાહેબો કહેવા માંગે છે કે આજેજ પારસીઓ શીખયા, કેલવાયા, આજનાજ પારસીઓએ બધું કીધું અને કરે છે, આગલ કાંઇ હતું નહીં, તે સાહેબોને

નેરયોસંગનાં લખાણો ધ્યાનથી અભ્યાસ કરવાની ફરજ છે. તેમ કીધાથી નામીચા કવી ગોલ્ડસ્મીથના કહેણની ખુબી તેઓને જાહેર થશે જે " Fools who came to scoff remained to pray. "

આશરે ચારથી વધુ સદીઓ થયાં બેગાના મુલકમાં આવીને વસવાથી બેગાના મુલકની રાહરસમ અને રીતીનીતી એક કોમમાં પેવશ થાય તો તેમાં તે કોમનો વાંક કાઢાડી શકાશે નહીં; ખાસ કરીને પારસી કોમને માટે એવું કહેવાય છે કે એ કોમ જેઓની સાથે વસવાટમાં આવે છે તેઓની રીતીનીતીની નકલ કરવા, તેઓના પોશાક લેબાસ ધારણ કરવા અને તેઓની ખુબી કરતાં ખામીઓ વધુ પકડી લેવાની વલણ ધરાવે છે. તેમ હોવાથી ઉસ્તાદ નેરયોસંગના જમાનામાં પણ પારસીઓ પોતાનું અસલ ખમીર, અસલ ધરમના વીચાર આચારો કાંઇક દરજજે તરક કરી બેગાના મુલકના રહેવાસીઓની થોડી ઘણી રીતભાતો પોતામાં આમેજ કરી હોય તે બનવા જોગ છે. પણ નેરયોસંગનાં લખાણો ઉપરથી અને ઉપજાવેલા તરજુમાઓ ઉપરથી, કીયા કારતીની સમજ જાળવી રાખવાને એ ઉસ્તાદે કરેલી કોશેશો ઉપરથી એવું ગુમાન જાય છે કે આ પહેલા દાહેકાઓમાં અને પેહેલી સદીઓમાં જરથોશતીઓએ જરથોશતીપણું પુખત રીતે જાલવી રાખ્યું હતું. નેરયોસંગનો જમાનો પુરતી રીતે જણાયલો નહી હોવાથી છેલ્લી શોધખોલ મુજબના અનુમાનને આધારેજ આપણે ચાલયે છીયે, પણ જાણવું અગતયનું છે કે એ ઉસ્તાદના સંસ્કૃત તરજુમાના પુરાણા હસ્તલેખો સંવત ૧૪૦૦ માં લખાયલા મોજુદ છે, અને તે લખનારા એ ઉસતાદના સીલસીલાથી ઉતરી આવેલા નબીરાઓ છે. એક પુરાણી હદીસને આધારે એવું મનાય છે કે નેરયોસંગ જાદી રાણાના વખતમાંથાને ઇસવી સને આઠમી સદીની શરૂઆતમાં થઇ ગયા હતા, પણ એ સંદેહ ભરયું છે.

હવે ઇરાની સાહીત્યના સંસકૃત ભાષામાં થયલા તરજુમાઓ પછી એક ડગલું આગલ વધયે. આગલ ચાલતાં જણાવવું જોઇયે કે યજદેજરદી સનેની પાંચ તેમજ છઠી સદીમાં સાહીત્યને માટે શું કરવામાં આવયું હશે તે આપણને માલુમ નથી. કોઇ તવારીખપરથી વધારાની સાબેતી મલતી નથી, પણ એ સદી પણ કંઇ છેક ખાલી જવાની નથી. યજદજરદી સને ૫૫૪ માં માહીયાર નામનો મોબેદ સીસતાનમાં ઇરાની સાહીત્યનો અભ્યાસ કરવા ગયલો તેની એક પુરાણા હસ્તલેખમાં ગવાહી છે. એ પછી યજદજરદી સાતમી સદીની શરૂઆતમાં હીંદના જરથોસ્તીઓ ધરમથી બેફામ થયા હોય એવું ધારવામાં આવે છે. પણ તે બેફામી દુર કરવાના એલાજો લીધા વગર તેઓ બેસી રહયા હતા નહીં. તેઓએ ઇરાનથી ઇરાની સાહીત્યના ઉસ્તાદોને હીંદુસ્તાનમાં બોલાવવા માંડયા, અને તેઓથી એલમ હાંસેલ કરવા માંડયો. યજદજરદી સને ૬૧૦ પછી ઇરાની એરવદ રૂસ્તમ મેહેરવાન મરઝબાન હીંદમાં આવીઓ, અને તેણે પારસી એરવદોની કેળવણીને અરથે હસ્તલેખો જુદી જુદી નામીચી અવસ્તા પહેલવી કેતાબોના લખવા માંડયા. તે હસ્ત લેખો મોજુદ છે કે કેમ તેની ખબર નથી. ધારવા મેલે નાશ પામયા છે, પણ એ ઇરાની ઉસ્તાદના હસ્તલેખો ઉપરથી ઉતારેલા હસ્ત લેખો આજે હયાત છે. એનાથી આગળ ચાલતાં યજદજરદી સાતમી સદીની આખેરીએ એક નામીચા ઇરાની એરવદની ઠારકીરદી શરૂ થાય છે, જેની સેવાને આજનો દરેક અવસ્તા પહેલવીનો અભ્યાસી આભારી છે. તે એરવદ મેહરવાન કયખશરૂ

મહેરવાન અપસંદયાર નામનો નામીચો નવીસંદો છે. એ નવીસંદાના હાથના લખેલાં પુસ્તકો કોપનહેગન, ઑકસફરદ, અને મુંબઈના જાણીતા દસ્તુર ખાનદાનનાં કેતાબખાનાંઓમાં હયાત છે. જો એ વીદવાન એરવદના હસ્તલેખો હયાત નહીં હતે તો આજના પારસી વીદયારથીઓને પછવાડેના લખાયલા બગડેલા હસ્તલેખોથી કામ ચલાવવું પડત, અને તેમાં ઘણી જગાએ તેઓને ખરા અર્થ કરવામાં મુશકેલી પડત. એ વીદવાને અવસ્તા પેહલવી યજશને, વંદીદાદ ખોરદેહ અવસ્તા, ખુનદહીશન યાદગારે જરીરાન નામનું કીમતી તવારીખનું પુસ્તક ઇત્યાદી ઘણા હસ્તલેખો લખયા છે. હયાં નેરયોસંગના જમાના પછી થયલો ફેરફાર પ્રસંગોપાત છે. નેરયોસંગના જમાનામાં જેમ પાઝંદ અને સંસ્કરૂતમાં ભાષાંતરો કરવામાં આવ્યાં છે, તેમ આ પાછલા જમાનામાં જોવામાં આવતું નથી, એપરથી સાર કહાડવા ભુલ ભરેલા નહી કહેવાશે કે હીંદના રાજાઓ તરફથી તેમજ ખુદ જરથોસ્તી બેહદીનો તરફથી નેરયોસંગના જમાનામાં જેટલું ઉતેજન વીદયાના વધારાને મલયું હતું તેટલું ઉતેજન આ જમાનાના મોબેદોને મળયું નહીં હશે. વળી આ જમાનામાં મુસલમાનોનાં રાજ્યનો દોર શુરૂ થઇ ચુકયો હતો, એટલે રાજ્ય કારોબારના ફેરફારો સાથે પારસી કોમના સાહીત્ય ઉપર જેમ રાજ ફેરફારના વખતમાં થવું જોઇએ તેમ ઝાઝું ધયાન આપવામાં આવ્યું નહી હોય. વલી બીજી બીના ધયાનમાં લેવાની છે કે સંસ્કરૂત તરજુમાં બંધ થયા તો હવે સંસ્કરૂતની જગો ફારસી લે છે. હવે જે જમાનો શરૂ થાય છે તે ફારસી ભાષાંતરનો અને ફારસી ટીકાઓનો છે, જે બાબત હવે પછી હાથ ધરીશું.

Orion.

ના૦ ૧૫૭

મુંબઇ સમાચાર

(તા. ૬ મી ઓગષ્ટ સને ૧૯૦૨)

છેલ્લા સાસાનીઅન શહેનશાહ યજદદજરદના અમલ પછી હીંદુસ્તાન આવેલા જરથોશ્તીઓએ પોતાના બાપદાદાનું અસલ ઇરાની સાહીત્ય જાળવવાને અને પ્રસિધ્ધ કરવાને કરેલી કોશેશનો ટુંક ઇન્તેખાબ

[મુંબઇ સમાચાર માટે.]

પારસીઓના નયાગાનોએ ૧૨૭૦ વરસના અરસામાં ધરમને લગતું સાહીત્ય જાળવી રાખવા માટે શું કીધું છે, એ સવાલની તપાસ હાથ ધરી યજદદજરદી સને ૭૦૦ ની આગમચ જે નામીચા ઉસ્તાદોએ આપણા ઇરાની સાહીત્યને જાળવવા અને ખીલવવા બાબતમાં કીમતી સેવા બજાવી છે, તેઓનું ટુંક વરણુન આપણે આગળા અંકમાં જોઇ ગયા. આજ રોજે એ ૭૦૦ વરસ પછીની બાબત હાથ ધરવા આગમચ ચોકસ અગત્યના મુદાઓ રજુ કરીશું, કેમકે તે ધયાનમાં રાખવા વગર આપણા સાહીત્યનો ઇતીહાસ ઘણો લુખો થઇ જાય છે. પેહેલો આ છે કે ઇરાન છોડી આ દેશમાં આવેલા જરથોશ્તીઓ પોતાના અસલ વતન સાથનો સંબંધ વીસરી ગયા હતા. એવો જે વિચાર કેટલીક તરફ ફેલાયો છે તે ખરો નથી. ઇરાનથી હીંદુસ્તાન તરફ નીકળી આવેલા જરથોશ્તીઓએ પત્ર વયવહારથી તેમજ પોતાના અસલ વતન તરફ મુસાફરીઓ કરીને પોતાનો સંબંધ હમેશનો ચાલુજ રાખયો હતો. દાખલા તરીકે આગલા અંકમાં અમો ધયાન ખેંચી ગયા છીએ તે પ્રમાણે યજદેજરદી સને ૧૭૯ ને શુમારે થઇ ગયલા દસ્તુરાન

દસ્તુર આદર ફરોબગ ફરખોજાદે, ખલીફે મામુનની દરબારમાં, અબાલીસ નામના આશમોગ યાને ધરમની સામે થનાર શખસ સાથે ધરમની તકરારો કરી હતી, અને તેના સંબંધમાં લખાયલી પેહેલવી કેતાબ ' શેકનદ ગુમાનીક વજ્જર ' નો, આસરે ૯૦૦ વરષની વાત ઉપર થઈ ગયલા ઉસ્તાદ મોબેદ નેરયોસંગ ધવલે પાજંદ અને સંસ્કરૂત ભાષાઓમાં તરજુમો કીધો હતો. એટલે પારસીઓનું રાજ ખતમ થયા પછી લગભગ બે સદી ગુજરયા બાદ " શેકનદ ગુમાનીક વજ્જર " પેહેલવીમાં ઈરાન મધે લખાઇ હતી, અને તેનો પાજંદ તથા સંસ્કરૂતમાં તરજુમો તે પછી આસરે બેહસો વરસે હીંદુસ્તાનમાં કરવામાં આવ્યો હતો. તે દેખાડે છે કે, ઈરાન સાથેનો સંબંધ હીંદુસ્તાનમાં આવ્યા પછી આપણા લોકો તરફથી છોડી દેવામાં આવ્યો હતો એ વીચાર મોસ્તકીમ નથી. બીજું આગલા અંકમાં હમોએ દેખાડ્યું છે કે માહીયાર નામનો શખસ યજદજરદની છઠી સદીમાં સીસ્તાન ખાતે ધરમનું સાહીત્ય શીખવાને હીંદુસ્તાનથી ગયો હતો, અને સાતમી સદીમાં નામીચા ઈરાની ઉસ્તાદો રૂસ્તમ મેહરવાન અને મેહરવાન કયખશરૂને માન અકરામથી હીંદુસ્તાન મધે હીંદુસ્તાનના અથોરનાનોને ધરમનાં સાહીતયની તાલીમ આપવા બોલાવવામાં આવ્યા હતા.

હવે તપાસવાનું આ છે કે જે હીંદુસ્તાનના પારસીઓ ઈરાન શીખવા જતા હતા, અને ઈરાનથી ઉસ્તાદોને હીંદુસ્તાનમાં તેઓ બોલાવતા હતા, તો ઈરાનના જરથોશ્તીઓએ સાસાનીયન શેહેનશાહત પડી ભાંગવા પછી ધરમના સાહીતયની જાલવણી બાબે શું કરયું હતું ? ઈરાનમાં આપણા ભાઇબંધ જરથોશ્તીઓને માટે પોતાના ધરમનાં સાહીત્યની જાળવણી કરવાનું કામ ઘણું બીકટ હતું. એક ધરમ માનનારી પ્રજાને જ્યારે બીજા ધરમ માનનારી પ્રજાના તાબા તળે વસવું પડે, ત્યારે જે રાજ્ય કરનારી પ્રજા ધરમનું છુટાપણું નહી આપે તો તાબે થયલી પ્રજાનો ભાગ બીજી તરફ નાહાસી જઈ પોતાનું ધરમનો રક્ષણ કરે અથવા તો સઘળી મુસીબતો અને હાડમારીઓ વેઠી પોતાનાં અસલનાં પયારાં વતનમાં પોતાના ધરમ ઉપરની દ્રીઢાગરીનો પુરાવો આપે, અથવા તો જુલમ અને મુશીબતોથી હારી બાઇને રાજ્ય કરનારી પ્રજાનો ધરમ એખત્યાર કરી રાજ્ય કરનારી પ્રજાના જેવા હકો અને સ્વતંત્રતા મેળવવાની કોશેશ કરે. જરથોસ્તીઓના બાબામાં એ સઘળું બરૂં પડયું છે. જરથોસ્તીઓનો એક ભાગ સાસાનીઅન શાહનશાહતના પડી ભાગવા પછી પોતાના ધરમ અને સ્વતંત્રતાની જાળવણીને અરથે ઈરાન છોડી હીંદુસ્તાન ચાલી આવ્યો, તે ભાગના વંશજો આપણે હીંદુસ્તાનના પારસીઓ છીએ, બીજો ભાગ સઘળી હાડમારીઓ ભોગવવા છતાં ઈરાનમાંજ વસ્યો અને પોતાની નેકીથી અને ધરમ ઉપરની ઉસ્તાવરીથી પોતાના ધરમના ફરમાનોની પાકી અને બુલંદી રાજ કરનારી કોમના વડાઓમાં જાહેર કરવાની કોશેશો ખંતથી કરતો રહ્યો. એ જરથોશ્તીઓને સાસાનીયન શેહેનશાહત પડી ભાગયા પછી આપણા ધરમની સાહીતયની બીલવણી માટે આપણે આભારી છીયે. ત્રીજો ભાગ જે પારસીઓથી અલગ થઇ ગયો તેણે એક રીતે પારસી ધરમને હાણી પોહોચાડી છે, ને બીજી આડકતરી રીતે પારસી ધરમની બુણીનો પમરાટ વગર ધારણાએ બહાર પાડયો છે. જ્યારે કોઇ બોસ્તવારીથી એક ધરમના ફતવાઓ, વીચારો અને આચારો માનવા છતાં દુનયાદારીમાં આગળ વધવા માટે બીજો ધરમ એખ્ત્યાર કરે છે,

તયારે પોતાના નવા એજ્યત્યાર કીધેલા ધરમ ઉપર ડામાડોલ યકીન ધરાવવાથી, અને બાપદાદાથી પોતાના ખમીરમાં ઉતરી આવેલા વીચાર આચારો પ્રમાણેજ ચાલી બાહેરથી બીજો ધરમ પાળવાને સબબે, નવા એજ્યત્યાર કીધેલા ધરમને ઘણી હાની પોહચાડે છે, અને એવા બે ધરમ ઉપરના ભેળસેળ યકીનને લીધે વીચાર આચારોનું તદ્દન નવું તત્વ ધરાવનારાં ટોલાંઓને જન્મ આપે છે. ઇરાનમાં એમજ બનયું છે. એ બીના આપણી બાબત સાથે સંબંધ નહી ધરાવતી હોવાથી હયાં પડતી મેલીશું. હવે જે મોજુદ હસ્ત લેખો ઇરાનથી મુંબઇ ઘસડાઇ આવયા છે, તે પરથી આપણને જાણવાને બને છે કે ઇરાન વીલાયતમાં યજદજરદ પછીની સાડા ચાર સદીઓ સુધી નામાંકીત દસતુરો અને ઉસ્તાદોએ ધરમના સાહીતયો ઉપર શરેહો લખી, અસલ હસ્ત લેખોની નકલો કરી, જુના લખાણોને તાજાં કરી તેમજ નવાં નવાં લખાણો કરીને આપણે માટે એક મોતેબર પેહેલવી સાહીત્ય જીવતું રાખયું છે. એ સાડા ચાર સદીઓના નામીચા દસતુરોનાં નામજ માત્ર હયાં યાદ કરી આગળ ચાલીશું. આદર ફરોબગ ફરખોજાદ, માનુશચેહેરે ગોશનજમ અને આદરપરમ (જેઓ બે ભાઇઓ હતા અને પેહેલવી સાહીતયના સફા ઉપર પોતાનાં નામ અમર કરી ગયા છે.) મરદાન ફરોખ (શેકનદ ગુમાનીક વજરનો લખનાર), બખત આકરીદ અને બીજા ઓછી નામના મેળવેલા દસ્તુરો અને નવીસંદાઓ યજદજરદી સનની પેહેલી સાડા ચાર સદીઓ પછી ઇરાનમાં થઇ ગયા છે, જેઓની મેહેનતથી જીવતા રહેલા ઘણા હસ્ત લેખો હાલ આપણા વચે હીંદુસ્તાનમાં હયાત છે. પણ આપણી બાબત સાથે હાલ તરત તેને કાંઇ નીસબત નહી હોવાથી એ બીના પડતી મેલીશું.

પારસીઓ હીંદમાં આવ્યા ત્યારે હીંદુ રાજાઓનું રાજ હોવાથી હીંદુ રાજાઓના આશ્રય તળે તેમની રઇયત તરીકે તેઓ રહ્યા હતા. તે પછી ચાર સદી રહીને મુસલમાન રાજાઓના હીંદ ઉપરના હુમલા શરૂ થયા, એટલુંજ નહી પણ મુસલમાન વંશોએ કેટલીક સદીવેર હીંદ ઉપર રાજય પણ ચલાવ્યું. તેવા અમલમાં હીંદુ રાજાઓની રઇયત તરીકે પારસીઓને પણ હલાકીઓ ખમવી પડી હશે એ સવાલ ધ્યાનમાં રાખવાનો છે. વળી બીજું એ પણ જોવાનું છે કે પારસી લોહી જનમથીજ વફાદાર છે. પારસી લોહીમાં વફાદારીનો ગુણ એવો તો ઉતરેલો છે કે જે રાજના આશ્રય તળે તે લોકો ગયા છે, તે રાજની આબાદાની કરવામાં મુખ્ય ભાગ આપવા સાથે પોતાના રાજાનાં સુખ તેમજ દુઃખમાં ભાગ લેવાને પારસી ટોલો તત્પર રહે છે. યજદજરદની ૭૮૨ વરસ પછી સંજાણના હીંદુ રાજા ઉપર અમદાવાદના સુલતાન મહમુદ બેગડાએ ચહડાઇ કીધી હતી, તે વેળાએ પારસીઓ કમર બાંધી રાજ તરફની પોતાની ફીદાગીરી બતાવવા લડાઇનાં મેદાનમાં બહાર પડયા હતા. અને એકવાર દુશમનના લશકરને મારી હઠાવી શકયા, પણ બીજી વાર દુશમનોએ તેઓની નીરજીવ સંખ્યા છતાં બતાવેલી બહાદુરી જોઇ મોટી સંખ્યામાં હુમલો લાવી તેઓમાંના કેટલાકને મારી નાખ્યા, અને બીજાઓને પરાગંદા કીધા. પારસીઓની હીંદુસ્થાનમાંની તવારીખમાં આવા એકજ બનાવનો દાખલો નોંધાયો નથી. બીજા દાખલાઓ પણ છે, કે જેમાં પારસી બાનુઓએ પણ લડાઇના મેદાનમાં દેખાવ દીધેલો જણાયો છે. આપણી મતલબ આ

બીનામાંથી આ સાર કાઢવાની છે કે પારસી સાહીત્યની તવારીખમાં જ્યાં જ્યાં વચમાં સીલસીલો તુટી જાય છે અને કાંઈ કામ કીધેલું હોવાની નોંધ મળતી નથી, ત્યાં પારસીઓ ઉપર અને પારસીઓને આશરો આપનાર, તેઓનાં સાહીત્યને બીલવનાર રાજાઓ ઉપર આવેલા હાદેસાઓની બીના યાદ કરવાથી એ હુંગામો સાહીત્યની બીલવણી વગર બાલી કેમ પસાર થયા તેનું કારણ સમજ પડે છે.

હવે આપણે આપણી અસલ બાણત હાથ ધરી આગળ વધીશું. યજદજરદી સને ૬૯૦ થી ૭૨૦ સુધીની લાંબી મુદત વેર ધરાની ઉસ્તાદ મેહરવાન કયખશરૂએ હીંદુસ્તાનના જુદા જુદા શેહરો બંબાયત, થાના, ભરૂચ, નવસારી વગેરે મથકો ઉપર પારસી એરવદોને અવસ્તા અને પેહલવી સાહીત્યની કેલવણી આપી તેમજ પેહલવી સાહીત્યમાંની જાણીતી કેતાબોના હસ્તલેખો લખી, પારસી કોમનું ધરમનું સાહીત્ય જીવતું રાખવાની કીમતી સેવા બજાવી છે. કેટલાક સાહેબોના મનમાં વીચાર આવશે કે હસ્તલેખો લખવામાં તે શું મોટી સેવા બજાવી? પણ વીચાર કરતાં માલમ પડશે કે જ્યે છાપાકળા નહી જણાયલી એવા જમાનામાં હસ્તલેખો લખવામાં નહી આવે તો પુરાણા ગ્રંથોનો નાશજ અચુક થયલો સમજવો. અને હસ્તલેખો જ્યે દર સદીઓમાં લખવામાં નહી આવે તો કુદરતના કાયદા મુજબ જ્યારે પુરાણા થયલા હસ્તલેખોની જીંદગી બીનાશ, ગરમી અને મોસમોની તબદીલથી થતા ફેરફારોને સબબે ખતમ થાય ત્યારે સાહીત્યની જીંદગી પણ ખતમ થાય. ધરાની ઉસ્તાદ મેહરવાન કયખશરૂએ પોતાની જીંદગીનાં ૩૦) વરસ હસ્તલેખો લખવામાં ગુજારયાં છે. તેમાંના કેટલાક હસ્તલેખો એવા છે કે તે હસ્તલેખોની ગેરહાજરીમાં પેહલવી સાહીત્યનો એક અગત્યનો ભાગ આપણા પારસીઓના હાથમાંથી ગુમ થયો હતે. શેહેનશાહ ગુસ્તારપ અને બયેાનાન અરજાસપ વચેની લડાઈનું બયાન ધરાવનારો હસ્તલેખ જે દસતુર કયખશરૂ જામાસપ આસાનાના કેતાબખાનામાં હસતી ધરાવે છે, તે મેહરવાન કયખશરૂના હાથથી લખાયલો છે. તે જ્યે આજે ગુમ થયો હતે તો તેના ગુમ થવા સાથે તેમાં આવેલી ઘણી જુની બાબતો નહી જણાયલી રેહતે.

Orion.

ના૦ ૧૫૮.

મુંબઇ સમાચાર.

(તા.....સપટેમ્બર ૧૯૦૨ *)

છેલ્લા સાસાની શેહેનશાહ યજદજર્દના અમલ પછી હીંદુસ્તાન આવેલા જર્થોશ્તીઓએ પોતાના બાપદાદાનું અસલ ઈરાની સાહીત્ય જાળવવા અને પ્રસીદ્ધ કરવાને કરેલી કોશેશનો ટુંક એન્તેખાબ.

——(:)——

(મુંબઇ સમાચાર માટે.)

પારસીઓના નીઆગાનોએ ૧૨૭૦ વરસના અરસામાં ધરમને લગતું સાહીત્ય જાળવી રાખવા માટે શું કીધું છે, એ સવાલની તપાસ હાથ ધરી યજદજર્દી સને ૭૦૦ ની આગમચ જે નામીચા ઉસ્તાદોએ આપણાં ઈરાની સાહીત્યને જાળવવા અને બીલવવા બાણતમાં કીમતી સેવા બજાવી છે, તેઓનું ટુંક વરણન અમો આગલા અંકમાં આપી ગયા છીયે.

---

* આ લખાણની તારીખ નકકી નથી. પણ તે ૬ ઠી અથવા ૯ મી એ બેમાંથી એક છે તેમાં કાંઇજ શક નથી.

ત્યાર પછી આ ત્રણ બાબતોની આપણે તપાસ હાથ ધરી હતીઃ (૧) ઇરાન છોડી આ દેશમાં આવેલા જરથોશ્તીઓએ પોતાના અસલ વતન ઇરાન સાથેનો સંબંધ સમુળો છોડયો ન હતો; (૨) ઇરાનના જરથોશ્તીઓએ સાસાની સલ્તનત પડી ભાગવા પછી પણ ધરમનાં સાહીત્યની જાળવણી બાબે ઘણી કોશેશો કરી છે; અને (૩) પારસીઓ હીંદમાં આવ્યા પછી તેઓ અને તેઓને આશ્રો આપનાર હીંદના રાજાઓ ઉપર હાદેસાઓ ગુજરવાથી વચમાં વચમાં પારસીઓ સાહીત્ય ખીલવી શકયા ન હતા. આજે આપણને આગળ ચાલતાં જે એક ખાસ બીનાનો અભયાસ કરવાનો છે તે એ કે, હીંદુસ્તાનની કયી ભુમી ઉપર પારસીઓએ ઇરાનમાંથી આવતાંને વાર પેહલો પગ મુકયો હતો; તેમજ તેઓની વસ્તી જેમ વધતી ગઇ તેમ હીંદુસ્તાનના જુદાં જુદાં શેહરોમાં તેઓએ જે સંસ્થાનો બનાવયાં તેનો અનુક્રમ પણ જાણવો બાસ અગત્યનું છે. ચોકસ સાહીત્યની તવારીખને લગતો સવાલ તપાસતી વખતે, સાહીત્યની ખીલવણી કરનારા કોણ અને કયા શેહેરના રહેવાસી હતા, અને તેઓનાં કામની અસર કયાં કયાં ફેલાઇ હતી એ બાબતની તપાસ કરવી અગત્યની હોય છે.

પારસીઓની તવારીખની નોંધ ઘણા જુના વખતથી ફેહરેસ્ત નામની અનુક્રમણીકાઓ અથવા ટીપની કેતાબોમાં નોંધાઇ રહેલી હતી. એ કેતાબોમાં જનમ, મરણ, નાવર, મરાતેબ થવાના બનાવોની તારીખ તેમજ જાણવા જોગ બીજા બનાવો, જેવા કે સબાવતનાં કામો, કોઇ આવી પડેલી આફત જેવી કે ધરતીકંપ, દુકાળ, વતરોગે જાણવાજોગ બનાવોની નોંધ કરવામાં આવતી હતી. એ સબબને લીધે આપણા કેટલાંક નામીચાં મોબેદ બાનદાનો પોતાના વડવાઓમાંના પેહેડી દર પેહેડી પચીસથી ત્રીસ વડવાઓનાં નામો નેશાનની યાદ જાળવી રાખવાને શકતીવાન થયાં છે. અમારી જાણ મુજબ આપણા ઇરાનના જરથોશ્તી હુમદીનો એ બાબતમાં કમનશીબ છે. આપણા જરથોશ્તી ઇરાનીઓએ એ રેવાજ ઘણો લાંબો વખત થયો-આસરે સાત આઠ સદીઓ થયાં પડતો મેલેલો લાગે છે. પણ હીંદુસ્તાનના પારસીઓએ ફેહરેસ્તમાં પોતાને લગતી તવારીખની જે નોંધો રાખી છે, તે સંપુરણ છે એમ કાંઇ કહેવાશે નહી. તેટલું છતાં હીંદી પારસીઓને પોતાની તવારીખના બનાવોની નોંધ બીજી રીતે જાળવવાના સંજોગ પણ હતા. ગુજરાતના હીંદુઓને લગતી તવારીખની નોંધ લેનારાઓ જેઓ બારોટ અથવા તો વહીવંચા કહેવાય છે, જેઓનું મુખ્ય કામ હીંદુ પ્રજાની તવારીખની નોંધ રાખવાનું છે, તેઓએ પારસી કોમની સાથે વસવાટમાં આવવાથી, પારસી કોમમાં બનેલા અગતના બનાવોની સબબ મળવે નોંધ કીધી છે. એ તવારીખનાં સાધનો ઉપરાંત પારસીઓએ હીંદુસ્તાનની ભુમી ઉપર આવવા બાદ કયી જગે પેહેલો પગ મુકયો તે વીશેની એક વારતાના આકારમાં લખાયલી કેતાબ "કેસ્સેએ સંજાણ" નામની છે, જે આસરે દોહડસો વરસ ઉપર લખાયલી હતી. એ કેતાબ માત્ર કીસ્સો યાને કહાણી છે, અને તેમાં જણાવવામાં આવેલી બાબતો ઉપર એતેકાદ કયાં સુધી મેલવો એ સવાલ લગાર બીકટ છે. ઉપલાં બે સાધનો ફેહરેસ્ત અને બારોટ અથવા વહીવંચાઓની વહીપોથીમાંથી પારસીઓના અત્રે આવવાના પ્રસંગ વીષેની નોંધ આજ સુધી મળી નથી. પણ 'કેસ્સેએ સંજાણ' નામની ઉપર કહેલી

વારતામાં જણાવવા મુજબ, પારસીઓ પહેલે સંજાણમાં આવી ઉતરયા હતા, અને સંજાણથી બીજી જગાઓપર આસ્તે આસ્તે પંથરાવા લાગા હતા. એવું પણ જણાવવામાં આવે છે કે સઉથી પહેલાં પારસીઓએ દીવ બંદરે ઉતારો કીધો હતો. આપણી પાસે હસ્તી ધરાવતા મોજુદ ધરાની સાહીત્યના હસ્ત લેખપરથી એમ લાગે છે કે, પારસીઓ હીંદુસ્તાનમાં આવયા પછી સાહીત્યના બાબતમાં ભરૂચ શેહેર, જેને આગલા લેખોમાં 'ભરૂગચ' અને 'ભરૂગુ કચ્છ' તરીકે ઓળખવામાં આવયું છે, તે શેહેરે નામીચા શખસો પેદા કીધા હતા. યઝદજર્દ પછી ત્રીજી સદીથી તે છેક આઠમી સદી સુધી ભરૂચ પારસી અથોરનાનોનું અને પારસી ઉસ્તાદોનું મુખ્ય મથક હતું. એ શેહેરમાં જુની આસરે નવસો વરસની અગીઆરી છે. (આપણે આગળ જોઇ ગયા છીયે કે યઝદજર્દી સને ૩૨૭ માં ભરૂચનાં એક આતશકદેહમાં દીનપનાહ અએતરવાએ દીનપનાહ નામનો ઉસ્તાદ શાગેર્દોને કેળવણી આપતો હતો.) અજબ થવા જેવું એ છે કે, ભરૂચમાં આગલા જમાનામાં કોઇ પણ આતશબેહેરામ પરઠાવવામાં આવ્યાં નથી. જ્યારે નવસારીમાં પારસી બેહેદીનોની વસ્તી વધી અને ક્રીયા કામને માટે મોબેદોની જરૂર પડી, ત્યારે ભરૂચ ખાતેથી પેહેલવેહલા મોબેદો નવસારીમાં બોલાવવામાં આવ્યા હતા. નવસારી જેને આગળ "નાગ મંડળ" કહેતા હતા, ત્યાં યઝદજર્દી સને ૫૧૧ થી પારસીઓએ પગપેસારો કીધો હોય એવી નોંધ મળે છે. ત્યાર પછી થોડાં વરસ રહીને મોબેદ કામદીન જરથોશ્ત મોબેદ હોરમઝદયાર રામયાર અને તેના બે દીકરાઓ, રાણા (કાકા પાહલન) અને મોબેદ (કાકા ધનપાલ) નામના નવસારી આવયા હતા. એ મોબેદ કામદીન જરથોશ્ત ભરૂચનો અસલ વતની ધારવામાં આવે છે. યઝદજરદી સને ૫૮૩ ના અરસામાં વધુ મોબેદોની જરૂર જણાયાથી ભરૂચથી મોબેદ હોરમ બહમનયાર (નેરયોસંગ ધવળની ઓલાદના) પોતાના દીકરા ફરીદુન સાથે નવસારી આવ્યો હતો. એ બે ખાનદાનીઓ નવસારીના કુલે મોબેદ ખાનદાનના વડવા ગણાય છે. નવસારી પછી પારસીઓની નજર મુંબઇ ઉપર છેક યઝદજર્દી સને ૧૦૦૦ પછી દોડી, અને પારસી મોબેદો પેહલે નવસારી ખાતેથી મુંબઇ આવેલા ધારવામાં આવે છે. ભરૂચ અને નવસારી ઉપરાંત પારસીઓનાં સાહીત્ય ખીલવવાને જાણીતાં મથકોમાં ખંભાત, અંકલેશ્વર, થાણા, દમન, સંજાણ અને ઉદવાડા મુખ્ય છે. યઝદજર્દી સને ૬૯૦ થી ૭૨૦ સુધીમાં હસ્તલેખો લખવાને માટે નામીચા થયલા ઉસ્તાદ મેહેરવાન કેઇખોસરોએ પોતાના હસ્તલેખો ભરૂચ, ખંભાત, અંકલેશ્વર અને થાણાનાં મથકો પર લખ્યા છે. અંકલેશ્વર ગોદાવરા મોબેદોનું એક મુખ્ય મથક છે, અને છેલ્લી છ સદીના અરસામાં ત્યાંના મોબેદોએ સાહીત્યમાં લીધેલા ભાગની તવારીખ થોડીજ મોજુદ છે. ખંભાત જે આગળ પારસીઓનું મુખ્ય મથક હતું, તેણે છેલ્લી પાંચ સદીના અરસામાં સાહીત્યને માટે જો કાંઇ કીધું હોય તો તે જાહેરમાં આવ્યું નથી.

આ રીતે પારસીઓના જુદા જુદા મથકોની ટુંક તવારીખ નજરમાં રાખી, મેહેરવાન કેઇખોસરોએ યઝદજર્દી સને ૬૯૦ થી ૭૨૦ ના અરસામાં કરેલાં કામની પછી આગલ વધયે. યઝદજર્દી સને ૭૨૦ પછી હીંદુસ્તાનના પારસીઓએ

સાહીત્યની ખીલવણી માટેની કીધેલી કોશેશો ભરૂચ શેહેરમાંજ થયલી હોવી જોઇયે એમ દીસે છે. આપણા ભરૂચનાં જાણીતાં કામદીન ખાનદાનનો વડો એરવદ કામદીન એરવદ શેહેરયાર એ૦ નેરયોસંગ એ૦ શાહમર્દ, એ૦ શેહેરયાર, એ૦ બેહરામ, મોબેદ હોરમઝદયાર, એ૦ રામીયાર નામનો મેહેરવાન કેઇખોસરોનો ભરૂચમાં શાગેર્દ થયલો હોય એવું સંભવે છે. એજ ઉસ્તાદ મેહેરવાન કેઇખોસરોના ખંભાત, અંકલેશર, થાણા, ઇત્યાદી જગો ઉપર જુદા જુદા મોબેદો શાગેર્દ થયા હતા. સારાં ભાગ્યે એ૦ કામદીન એ૦ શેહેરયારના હાથના લખેલા હસ્તલેખોમાંનો એક હજી બાકી રહી ગયો છે, અને તે નવસારીનાં એક કેતાબખાનાંમાં હસ્તી ધરાવે છે. એરવદ કામદીન શેહેરયારનું નામ જેમ પોતાના કામ માટે તેમજ તેના કુટુંબીઓએ કીધેલાં કામોને લીધે ઘણા વખત સુધી અમર રહેશે. એરવદ કામદીનના બેટા એરવદ રામ કામદીને યઝદજર્દી સને ૭૬૬ થી યઝદજર્દી સને ૭૮૪ સુધી ઇરાની હસ્તલેખો લખ્યા હોય એવું જણાય છે, અને એરવદ રામ કામદીનનો બેટો ઉસ્તાદ એરવદ પશુતન રામ તેના વખતમાં અવસ્તા પહલવીનો મશહુર ઉસ્તાદ ગણાતો હતો. એ ઘણીએ પોતાના બાપની સાથોસાથ હસ્તલેખો લખવામાં અને હસ્તલેખો સાથે આવસ્તા પહેલવીના શબકો આપવામાં ઘણાં વરસો ગુજારયાં હતાં. આજના આપણા મોજુદ પહલવી હસ્તલેખોમાંના ઘણા ઉસ્તાદ પશુતનના લખેલા હસ્તલેખો ઉપરથી નકલ થયલા છે. આ કામદીન ખાનદાનની નામનાનો પાયો નાખનારાઓની પછીની પેહેડીઓ સારે ભાગ્યે પોતાના વડવાઓની નામના વધારતીજ રહી છે. ઉસ્તાદ પશુતનની પછીની આઠમી પેહેડીએ રામયાર કાહનાન યઝદજર્દી આઠમી સદીની આખેરી અને નવમી સદીની શરૂઆતમાં થઇ ગયો, તે મરહુમ કાઉસ જલાલના જણાવવા પ્રમાણે મોબદાન મોબદ, સઘળા મોબેદો અને એરવદોનો ઉસ્તાદ, હીંદુસ્તાનનાં તમામ મોબેદોને ઉરીસગ ને લગતું પવીત્ર કામ શીખાડનાર તથા મોબદીનાં કામને રેવાજ આપનાર હતો. રામયાર કાહનાનનો દીકરો પદમ (કનદામ) હીંદુસ્તાનના દસ્તુરોનો સરદાર ગણાતો હતો, અને યઝદજર્દી સને ૯૨૮ માં ઇરાનના દસ્તુરોને ધરમના રેવાજો તેમજ કીયાઓ વાસ્તે પુછાવેલા સવાલના જવાબો સાથે ઇરાનના દસ્તુરોએ તેના ઉપર માન સાથે કાગજ લખ્યું હતું. પદમ રામયારનો દીકરો કામદીન પદમ આજનાં બોહોળાં કામદિન ખાનદાનને નામ આપનાર નામીચો વડવો, શેહેનશાહ અકબર અને સલીમનાં જમાનામાં હીંદુસ્તાનનો નામીચો દસ્તુર હતો, અને યઝદજર્દી સને ૯૬૫ થી ૯૯૪ સુધી એણે દસ્તુરી કીધી હતી. શેહેનશાહ અકબરની દરબારમાં ઇરાનથી દસ્તુર અર્દશીર નએાશીરવાન કેરમાની દેહલી ખાતે આવ્યો હતો તે તકનો લાભ લઇ દસ્તુર કામદીન પદમે તેના ઉપર કાગજ લખી ધરમને લગતી પરચુટણ બાબતો વીષેનો ખબરો મેળવી હતી. વળી યઝદજર્દી ૯૯૬ ના સાલમાં ઇરાનથી બેહદીન બહમન અસપંદયાર સુરતી સવાલોના જવાબ લઇ આવ્યો, તેમાં ભરૂચના દસ્તુર કામદીન પદમને નામથી યાદ કીધો છે. એરવદ રામ કામદીનના નામીચા દીકરા ઉસ્તાદ પશુતનના ભાઇ મોબેદ અર્દશીર રામના એક નબીરા અર્દશીર મોબેદ જીવા ભીખા મોબેદ અર્દશીર એરવદ રામ એરવદ કામદીને પણ યઝદજર્દી આઠમાં સદીને છેડે હસ્તલેખ લખનાર

તરીકે કામો કીધેલાં હોવાની નોંધ મળે છે. અત્રે કામદીન પદમના વંશજોએ કીધેલાં કામોની નોંધ નહી કરતાં અમો હયાંજ અટકીશું, કારણ કે યઝદજર્દી સને ૭૫૦ થી ૧૦૦૦ સુધી આપણા પારસી સાહીત્યની ટુંક તવારીખ જોઇ યઝદજર્દી સને ૧૦૦૦ પછીની તવારીખ બીજી વેળા હાથ ધરીશું, કેમકે યઝદજર્દી સને ૧૦૦૦ પછી પારસી સાહીત્યની ખીલવણીને માટે, ચોકસ તકરારોનાં જનમથી, જે ઉતસાહ ઉપજયો હતો તેનું સવીસ્તર બયાન અગત્યનું છે.

આપણે ઉપર જોયું તેમ ભરૂચમાં ઉસ્તાદ મેહેરવાન કેઇખોસરો પછી તેના ચેલા કામદીન શેહેયારના દીકરાઓએ સાહીત્ય ખીલવવા પાછળ ઘણી જહમત લીધી હતી. હવે જોકે ભરૂચ પારસી સાહીત્યની ખીલવણીનું મુખય મથક થઇ પડયું હતું, તોપણ માત્ર ભરૂચમાંજ અથોરાનાનો ઇરાની સાહોત્ય પર ધયાન આપતા હતા એમ નથી. ભરૂચથી આગળ વધતાં નવસારી તરફ આપણે નજર દોડાવીશું તો ત્યાં પણ ઉદયોગી અથોરનાન કુટુંબોનાં કામ જીવતાં રહેલાં નજરે પડે છે. આપણે ઉપર જોઇ ગયા છીયે કે, નવસારીમાં પારસી બેહેદીનોએ યઝદજર્દી સને ૫૧૧ થી પેસારો કરવા માંડયાથી રફતે રફતે ત્યાં મોબેદોનાં જાથુક રહેઠાણની જરૂર પડી હતી, તેથી મોબેદ હોરમઝદયાર રામયારનો નણીરો કામદીન જરથોસ્ત પોતાના બે દીકરાઓ સાથ ભરૂચથી નવસારી આવ્યો હતો. એ કામદીન જરથોસ્ત સંજાણમાં પેહેલે પોતાનો પેશો ચલાવતો હોય અને ત્યાંથી નવસારી આવયો હોય એવું દીસે છે. પણ થોડાં વરસમાં નવસારીની પારસી વસ્તી વધી અને કામદીન જરથોસ્ત તેમજ તેના દીકરાઓથી પુરૂં પડી નહીં શકાયાથી નેરયોસંગ ધવળની ઓલાદનો–નેરયોસંગનો સાતમો નણીરો હોય–બહમનયાર પોતાના ફરીદુન નામના દીકરા સાથે યઝદજર્દી સને ૫૮૩ માં નવસારી આવ્યો. કામદીન જરથોસ્તના બે દીકરા રાણા અને મોબેદ નામના હતા, જેઓને કાકા પાહલન અને કાકા ધનપાલ પણ કહે છે, તેઓ બે અને ફરીદુન હોમના ત્રણ બેટા આસા, માહીયાર અને ચાંદા, એ ત્રણ મળી પાંચ જણને નામની નવસારીમાં પાંચ પોલો થઇ છે. એ પોલોમાં આપણા મોબેદોના ઘણાક નામીચાં ખાનદાનો સમાઇ જાય છે. યઝદજર્દી સને ૭૦૦ થી ૧૦૦૦ ના અરસામાં સાહીત્યને માટે કામ કીધું હોય એવા નવસારીના મોબેદોમાં બેહરામ લખમીધાર, એરવદ રાણા જેશંગ, આસદીન કાકા, અને દસ્તુર મેહેરજીરાણાંના નામો મળે છે. જો બીજા કોઇ મોબેદ સાહેબોએ એ જમાનામાં સાહીત્યને માટે કાંઇ પણ કીધું હોય તો તે અમોને માલુમ નથી. બેહરામ લખમીધારને હાથે યઝદજર્દી સને ૮૧૭ માં લખાયલી જુની વીરાફ નામે પાઝંદ હરફે તેના ગુજરાતી તથા સંસ્કરૂત તરજુમા સાથે આજે હયાત છે. એ ગુજરાતી બેબારત આજે ૪૫૩ વરસની જુની છે અને એનું વાંચન મુશકેલ છે. એથી વધારે જુની પારસી ગુજરાતીમાં લખેલી કેતાબ મેળવવી મુશકેલ છે. પણ એ બેહરામ લખમીધારે તો જેવું જોયું તેવું લખયું છે, માટે તેણે પોતે ગુજરાતી તરજુમો કરયો નથી; જેમ આગળ કોઇએ તરજુમો કરી લખયો હશે તેની નકલ માત્ર કીધી છે. એ બેહરામ લખમીધારના ભાઇ ધનપાલ લખમીધારનો નણીરો દસ્તુર આસદીન કાકા ધનપાલ લખમીધાર નવસારીનો એક નામીચો ઉસ્તાદ થઇ ગયો

છે. એ ઘણી યઝદજર્દી સને ૧૦૦૭ માં મરણ પામ્યો અને પોતાની જીંદગીનાં ચાલીસથી પીસતાળીસ વરસ અવસ્તા પહલવીની કેતાબો લખવામાં તેણે ગુજારયાં છે. એવી પણ દંતકથા છે કે, નામીચા ઉસ્તાદ નેરયોસંગ ધવલે યઝદને તરજુમો કીધેલો પાછલા ભાગમાં અધુરો હતો, યાને છેલ્લા થોડાક હાનો તરજુમો પોતાની જીંદગી ખતમ થવાને લીધે નહી થઇ શકયો, તે આસદીન ઠાકાએ પુરો કીધો હતો. એ માત્ર દંતકથા છે; પણ એટલી વાત તો ખરી કે, આસદીન ઠાકાને હાથના યઝદને સંસ્કરૂત તરજુમા સાથના પુરાણા હસ્તલેખો કેટલાક મોબેદ સાહેબો પાસે છે. આસદીન ઠાકાએ બજાવેલી મુખય સેવા આ છે કે, નવસારીની જુની ફેહરેસ્તમાં પોતાના જમાના સુધી જે જે બનાવો બનેલાની નોંધ હતી તે પાછી સામટા આકારમાં તેમાં તેણે એકઠી કીધી હતી. એ આસદીન ઠાકા નામના શખ્સે ૯૨૧ યઝદજર્દીમાં લખેલી ખુરદેહ અવસ્તા પહલવી તરજુમા સાથે નવસારીનાં એક કેતાબખાનામાં છે. એ સને માટે અમને શક પડે છે, કારણકે એ શખ્સ ૧૦૦૭ યઝદજર્દીમાં ગુજરી ગયા અને ૯૨૧ યઝદજર્દીમાં એ હસ્તલેખ લખયો હોય, તો એવણે ઘણી લાંબી જીંદગી ભોગવેલી હોવી જોઇયે. મેહેરજીરાણાના કુટુંબને નામ આપનાર રાણા જેશંગને હાથે યઝદજર્દી સને ૮૭૩ માં લખાયલો એક હસ્તલેખ નવસારીનાં એક કેતાબખાનામાં મોજુદ છે. એ હસ્તલેખમાં પાઝંદ જમાસ્પી લખેલી છે. દસ્તુર મેહેરજીરાણાના હાથના લખેલા હસ્તલેખો વીષે મોબેદ સાહેબો તરફથી ખબર મળેછે પણ તે અમારા જોવામાં નથી આવયા. નવસારીમાં અનજુમને પહેલવહેલા મેહેરજીરાણાને દસ્તુર ઠરાવયા હતા. તેના લેખો નવસારીના મેહેરજીરાણા કેતાબખાનામાં મોજુદ છે. એમાંના એક લેખ ઉપર તેર જણની અને બીજા ઉપર એકવીસ શખ્સોની સહી છે. પણ આસદીન ઠાકાને હાથે થયલાં ઠામો આજે મોજુદ છે તેમ મેહેરજીરાણાના કામની નોંધ ઝાઝી મળતી નથી.

આ પ્રમાણે આપણને માલુમ પડે છે કે નવસારીમાં યઝદજર્દી સને ૭૦૦ થી ૧૦૦૦ સુધીના અરસામાં બેહરામ લખમીધાર, આસદીન ઠાકા, રાણા જેશંગ, અને મેહેરજીરાણા એ ચાર જણ જાણીતા છે. બીજા શખ્સોના કીધેલાં કામો જાહેરમાં નહી આવયાં હોય એ બનવાજોગ છે. કેટલીક વેળાએ જુના હસ્તલેખોનાં પેહેલાં અને છેલ્લાં પાનાઓ ગુમ થવાથી હસ્તલેખ કોણે અને કયારે લખયો તેની નેશાન રહેતી નથી. કેટલીએક વેળા એમ પણ બને છે કે, પોતાનાં કુટુંબની કાંઇ પણ નેશાન આપયા વગર કેટલાક શખ્સો હસ્તલેખમાં પોતાના નામ લખે છે, તેથી તે કઇ જગાનો હસ્તલેખ છે તેની ખબર પડતી નથી. દાખલા તરીકે, યઝદજર્દી સને ઉંટપમાં હોશંગ નાથા નામના શખ્સે ફારસીમાં કેટલુંક લખાણ કીધું છે. એ હોશંગ નાથા કયા ખાનદાનનો છે તે જણાતું નથી. આ વેળાએ ભરૂચ અને નવસારી સેવાય બીજા પારસી મથકો ખાતેથી એ યઝદજર્દી સને ૭૦૦ થી ૧૦૦૦ ના ત્રણસો વરસના અરસામાં ખુદ તે મથકના અથોરનાનોએ કરેલાં ઠામની નોંધ કાંઇ મળતી નથી. સુરત ખાતે યઝદજર્દી નવમી સદીમાં એરવદ દારાબ નામનો જાણીતો મોબેદ થઇ ગયો છે, જેના હાથના લખેલા કોઇ હસ્તલેખો આપણા દસ્તુરોનાં કેતાબખાનાઓમાં મળે છે. અંકલેશ્વર ખાતે આશરે ત્રણ હાજેઠા આગમચ કોઇ થોડાક આશરે ચારસોથી છસો વરસના

જુના હસ્તલેખો હતા, પણ તે નામીચા મુસાફર અને અભ્યાસી ડાક્તર હાઉગને સપુરદ કરી દેવામાં આવયા હતા. તે હસ્તલેખો લખનારનાં નામની ખબર રહી નથી. ખંભાત ખાતે નામીચા ઉસતાદ મેહેરવાન કેઈખોસરોની પછી કોઈએ ઇરાની સાહીત્યને માટે હસ્તલેખો જાળવવાની કોશેશ કીધી હોય તો તે જાહેરમાં આવી નથી.

Orion.

ના૦ ૧૫૯

મુંબઇ સમાચાર.

(તા. ૨૪ મી સપ્ટેમ્બર ૧૯૦૨)

છેલ્લા સાસાની શેહનશાહ યઝદજર્દના અમલ પછી હીંદુસ્તાન આવેલા જરથોરતીઓએ પોતાના બાપદાદાનું અસલ ઇરાની સાહીત્ય જાલવવા અને પ્રસીદ્ધ કરવાને કરેલી કોશેશનો ટુંક એન્તેખાબ.

[મુંબઇ સમાચાર માટે.]

આ સવાલના બાણમાં લખતાં ગઇ વેલાએ હમોએ યઝદજર્દી સને ૭૦૦ થી ૧૦૦૦ ના અરસામાં હીંદુસ્તાનના પારસીઓએ પોતાનું સાહીત્ય જાલવવા માટે શું શું કામો કીધાં હતાં તેની ટુંક નોંધ લીધી હતી. તે મધે ભરૂચના કામદીન શેહરીયારના નબીરાઓની તેમજ નવસારીવાળા આસદીન કાકા, રાણા જેશંગ, અને મેહેરજીરાણાની ટુંક કારકીરદી જણાવી હતી. આજરોજે હમો પારસી સાહીત્યની ખીલવણીનું એક અગત્યનું સાધન જે ફારસી રેવાયતો છે તે ફારસી રેવાયતોની ઉત્પત્તી અને તેઓને એકઠી કરવામાં એ ૭૦૦ થી ૧૦૦૦ નાં ૩૦૦ વર્ષના અરસામાં જુદા જુદા અથોરનાનો અને મોબેદોનાએ કરેલી કોશેશનો ટુંક એન્તેખાબ હાથ ધર્યે છીયે. કેટલાક સાહેબો એવું ધારે છે કે પારસીઓ ઇરાનથી પહેલા હીંદુસ્તાન આવ્યા ત્યારથી ઇરાનમાં રહેનારા પોતાના ભાઇબંધો સાથનો દરેક જાતનો વયવહાર તેઓએ સમુળો છોડી દીધો હતો. પણ એમ નથી, તે દેખાડવાને માટે અમે આગળ કોશેશ કરી છે, અને દેખાડયું છે કે રૂસતમ મેહરવાન, અને મેહેરવાન કયખસરૂ નામના ઇરાની ઉસતાદો જેઓની કારકીર્દીનું વર્ણન અમો આગળ આપી ગયા છીયે, તેઓ યઝદજર્દી છસો વરસ પછી આવ્યા હતા, અને તેની આગમચ હીંદુસ્થાનથી માહીયાર નામનો એક જરથોસ્તી યઝદજર્દી ૫૦૦ વર્ષ પછીના હંગામમાં ઇરાન ખાતે દીનનો એલમ હાસેલ કરવા ગયો હતો, તે બીના પણ અમો જણાવી ગયા છીયે. હવે આ રેવાયતો ફારસમાં કાં લખાઈ છે તેના કારણો જણાવવાં અગત્યનાં છે. સાધારણ રીતે એવું કહેવામાં આવે છે કે હીંદુસ્તાનના અથોરનાનો પોતાનાં કીયા કાસ્તીનાં કામો દીનપર દીન વીસરતા ગયા, તેને લીધે પોતાના વધુ કાબેલ ઇરાની અથોરનાન ભાઇઓ પાસેથી કીયા માર્ગ તેમજ દીનનાં ફરમાનો વીશેના ફત્વાઓ મેલવવા કાજે ઇરાનના કાબેલ દસ્તુરોને સવાલો લખી મોકલાવી તેના જવાબો તેઓએ મંગાવયા, અને તે જવાબોનું સાહીત્ય તે રેવાયતને નામે ઓલખાય છે. ત્યારે આપણને બે ચીજ જાણવાની છે કે શું યઝદજરદી સને ૭૦૦ થી ૧૦૦૦ ના અરસામાં આપણા ઇરાનના

જરથોરતીઓ હીંદુસ્તાનના પારસીઓ કરતાં વધુ કાબેલયત ધરાવતા હતા, અને શું આપણા હીંદુસ્તાનના અથોરનાનો ફ્રોયાકામ અને દીનઆઈન સમુળાં વીસરી ગયા હતા? આ બીજા સવાલના જવાબમાં અમો એકદમ જણાવીશું કે જે ચીજ રોજને રોજ ઉપયોગ અને વાપરવેસમાં આવે તે તદન ઠંડી પણ વીસરાય નહીં, તો હીંદુસ્તાનના જે અથોરનાનોને ઈરાનના જરથોસ્તીઓ જેવા કોઈ પણ પ્રકારના જુલમ અને દબાણ તલે રેહેવાનું નહીં હતું, તેઓ તે ભુલી જાય તે અસંભવીત છે. ગયાં લખાણુમાં અમોએ દેખાડયું છે તેમ ભરૂચ મથકથી જુદાં જુદાં જાણીતાં મથકો જેવાં કે નવસારી, સંજાણ, દમણ, મુંબઈ વગેરે મધે અથોરનાનોને ફ્રોયા કામને વાસ્તે વસવાત કરવા બોલાવેલા હોવાથી માલમ પડે છે કે પારસી બેહદીનો ફ્રોયા કામ ઠરાવવા ખંતી હતા, અને જ્યાં જ્યાં તેઓ પોતાનું મથક કરતા ગયા ત્યાં ત્યાં આતશકદેહો અને દખમાઓ પોતાના ધર્મના રેવાજ પ્રમાણે બનાવતા ગયા હતા. તે ઉપરથી એમ કહેવું કે અથોરનાનો પોતાનું કામ વીસરી ગયા હતા એ તકલીદી છે. ત્યારે જો પોતાનું કામ તેઓ વીસરી ગયા નહી હોય તો શું સબબસર તેઓએ ઈરાન મધે સવાલો લખી મોકલ્યા હશે તે સવાલ ધ્યાન આપવા જોગ થઇ પડે છે. જાણીતી વાત છે કે એક ટોળાની સંખ્યા જ્યારે નાની હોય છે ત્યારે તે ટોળો ઝાઝા મતફેરને આધીન હોતો નથી, અને જો મતફેર થોડો ઘણો હોય તો ટોળાનો સમજુ ભાગ તે મતફેર દાબી દેવાને બનતી કોશેશ કરે છે. પણ જ્યારે ટોળાંની અંદર વસતીની સંખ્યા જેમ વધતી જાય છે તેમ વીચાર આચારનાં ફેરફારને લીધે અને ટોળાના મુખીઓની સરદારીની અસર ટોળો વધવાથી બધે સરખાં પ્રમાણમાં નહીં પુગ્યાથી, ટોળાના મતફેર આતશના શોલા મુવાફેક બહાર પ્રગટી આવે છે. અને જો ટોળાના મુખીઓ જ્ઞાનનાં બળે નહો પણ પદસાનાં બળે આગેવાન હોય, તો તે મતફેરનો ફડચો પોતે નહીં કરતાં ટોલાની બાહેરના તે સવાલોની સમજ ધરાવનાર શખ્સોની આગલ મુદ્દાઓ રજુ કરી તેઓનો અભીપ્રાય શોધવા પડે છે. આ રેવાયતોની તારીખ પણ તેવીજ છે. જેમ જેમ હીંદુસ્તાનના પારસી અથોરનાનો જુદાં જુદાં મથક હાથ કરતા ગયા, પોતાનાં વડાં મથકની સરદારી હેઠળથી નીકલી જવા લાગ્યા, તેમ તેમ ફ્રોયા કાસ્તી અને દીનઆઈનના વીચારોમાં મતફેર ઉભાવા લાગ્યો અને તે મતફેર દુર કરી ખરૂં શું છે તે જાણવાની જીજ્ઞાસા થતાં, વાજબી માર્ગ ઉપર ચાલવાને માટે ઇરાન વીલાયતના દસ્તુર સાહેબો આગળ સવાલો રજુ કરવામાં આવ્યા હતા. જે સાહેબો એમ કહે કે એ સવાલો અજ્ઞાનપણાંને લીધે પુછાયા તે સાહેબોએ વીચાર કરવો કે જો અજ્ઞાન પણું હોય તો, અમોએ ગયા લખાણમાં જણાવ્યું છે તેમ યઝદજર્દી સને ૭૦૦ થી ૧૦૦૦ ના અરસામાં થયલા ગુજરાતી તરજુમાઓ, તેમજ એ વરસોમાં થયલા હસ્તલેખો કેમ હસ્તીમાં આવત? હવે બીજો સવાલ હાથ ધરવાનો તે આ છે કે શું આપણા ઈરાનના ભાઇબંધ જરથોસ્તીઓ હીંદુસ્તાનના અથોરનાનો કરતાં દીનઆઇનના કામોમાં વધુ કાબેલીયત ધરાવતા હતા? એનો જવાબ હમો આપીશું કે વધુ કાબેલીયત તો નહીજ ધરાવતા હતા પણ તેઓની કાબેલીયત કાંઇ ઉતરતી હતી. એ જમાનાના ઈરાનના દસ્તુર સાહેબોએ આપણા અવસ્તા સાહીત્યના વાંચણમાં જે ભુલભાલો કીધલી

છે તે ઉપરથી માલમ પડે છે કે તેઓ-પર પરરાજ તરફથી ગુજરતા રહેલા જુલ-મોને લીધે તેઓને માટે સાહીત્ય ઉપર મંડવું અશકય હતું. જો કે એ હાડમાર થતા ઈરાનીઓને ધન્યવાદ ઘટે છે કે આવી હાડમારીના જમાનામાં પણ એઓ તરફથી થયલાં કામો મોજુદ છે, એટલુંજ નહી પણ જો એ જમાનામાં તે કામો તેઓએ નહી કીધાં હતે તો આપણાં પેહલવી સાહીત્ય-માંનું ઘણું ઝમકદાર લખાણ ગુમજ થયું હતે.

આપણું ફારસી રેવાયતનું સાહીત્ય યઝદજર્દી સને ૮૪૭ થી શરૂ થઇ યઝદ-જર્દી સને ૧૧૩૭ સુધી ત્રણ સદીઓ વેર લખાયલું છે. એ રેવાયતો ઉપરથી એવું માલમ પડે છે કે કેટલાક પારસીઓમાં અજ્ઞાનપણાનો એવો પણ વખત આવ્યો હતો કે ગુજરેલાં તનને લઇ જવા માટે લાંકડાંની ગેહાન વપરાતી અને જુદ્દીનો પારસી ગુજરેલાંઓના તનને અડકી શકતા. એજ જમાનામાં ઈરાનથી જવાબ લખના-રાઓના કહેવા મુજબ હાદેસાના સબબથી નીરંગ, બરસમ અને યેાજદાગ્રગરીનાં કામો ઈરાનમાં જુજ થતાં હતાં. યઝદજર્દી ૮૪૭ થી ૧૧૩૭ ના અરસામાં આસરે બાવીસ રેવાયતો લખાઈ આવેલી જાણીતી છે. એ રેવાયતોની તવારીખ તે આપણા પારસીઓએ પોતાનાં સાહીત્યને માટે આસરે ૩૦૦ વર્ષ સુધી કરેલી શોધ-ખોળની તવારીખ છે. સૈાથી પહેલી રેવાયત ભરૂચનો બેહેદીન નરીમાન હોશંગ લઇ આવ્યો હતો. નવસારી અનજુમનના વાડા બેહદીન ચાંગાઆશાએ નરીમાન હોશંગને નવસારો, ભરૂચ, ખંભાત, અંકલેશ્વર વગેરેની પારસી અંજુમનની સાથે મળીને સવાલો તૈયાર કરી ઈરાન મોકલ્યો હતો. આઠ વરસ પછી યઝદજર્દી સને ૮૫૫ માં નરીમાન હોશંગ બીજી વાર બીજા નવા સવાલોના જવાબો લેવા ઈરાન ગયો હતો. યઝદજર્દી સને ૮૮૦ માં ઈરાનના દસતુરોએ નવસારી અનજુ મનના વડાઓપર લખેલા કાગજની નકલ મોજુદ છે, જેમાં ઈરાનના દસતુરો જણાવે છે કે તેઓને ૮૮૦ વર્ષ સુધી ખબર નહી હતી કે ઈરાનની બાહેર જર-થોશતીઓ વસે છે. એમાં તેઓ કાંઇક ભુલ કરે છે, કારણકે યઝદજર્દી છસો વરસ પછી રૂસતમ મેહરવાન અને મેહરવા કયખસરૂ ઈરાનથી હીંદમાં આવ્યા હતા, અને ત્યાર પછી તેઓ હીંદના જરથોશ્તીઓને વોસરી ગયા એ નવાઇ જેવું છે. યઝદજર્દી ૮૯૬ માં ખંભાતનો બેહદીન કામા આસા કેટલાક સવાલોના જવાબ મેળવવા નવસારી તેમજ ખંભાતની પારસી અનજુમન તરફથી ગયો હતો. યઝદજર્દી સને ૯૦૪ માં ખંભાતના બેહેદીનો અરપંદયાર યઝ-દયાર અને રૂસતસ સવાલો લઇ ગયા હતા. યઝદજર્દી સને ૯૦૦ માં સુરતનો કામા વોરા ઈરાન જઇ આવ્યો હતો, યઝદ-જર્દી સને ૯૧૧ માં ખંભાતનો કામા આસાનો દીકરો કાઉસ પોતાના બાપને પગલે ચાલી ઈરાન ખાતે મઝહબને લગતા સવાલોનો જવાબ મેળવવા ગયો હતો. યઝદજર્દી સને ૯૨૮ માં ભરૂચના જરથોશ્તી-ઓએ ખંભાતના બેહેદીન કામદીન શાહપુરને ઈરાન મોકલી વરસીયાના બાલ તથા દીનઆઇનની કેતાબો મંગાવ્યાં હતાં, જે ભરૂચના દસતુર પદમ રામયારપર મોકલવામાં આવ્યાં હતાં. યઝદજર્દી સને ૯૬૭ નું સાલ અગત્યનું છે. એ સાલમાં ઈરાનનો ઉસ્તાદ અરદેશર કેરમાની હોહુ-સ્તાનમાં શાહનશાહ અકબરની દરબારમાં આવ્યો હતો. એજ સાલમાં કાઉસ માહીયાર ભરૂચનો ઈરાન જવા નીકળ્યો

હતો. સને ૯૭૧ ના સાલમાં ભરૂચનો કાઉસ માહીયાર અને ખંભાતનો માહીયાર રૂસતમ ઈરાન ગયા હતા. યઝદજર્દ સને ૯૮૨, ૯૯૭, ૯૯૭, ૧૦૧૯, ૧૦૩૧, ૧૦૪૦, ૧૦૪૩, ૧૦૪૩, ૧૦૫૩, અને ૧૧૩૮ ના સાલોમાં સુરતનો બેહદીન અસપંદયાર સોહરાબ, સુરતનો બહમન અસપંદયાર, ઈરાનનો રૂસતમ જંદેલ, સુરતનો મેરવાન જંદેલ, નવસારીનો રૂસતમ ખુરશેદ અસપંદયાર, ખંભાતનો કામા વેરા, સુરતનો જમશેદ હીરજી નાના, અને ભરૂચનો એરવદ કાઉસ રૂસતમ જલાલ ઈરાન જઇ રેવાયતો લઇ આવ્યા હતા. દુરઅંદેશીથી વીચાર કરતાં માલમ પડશે કે એલમની શોધમાં વરસો વરસ ઈરાન ખાતે બેહદીનોને મોકલવા તે અજ્ઞાનપણાંની નીશાની નથી, પણ જ્ઞાન મેળવવાની હોંશનો પુરાવો છે.

Orion.



ના૦ ૧૬૦

મુંબઈ સમાચાર

(તા. ૧૪ મી નવેમ્બર સને ૧૯૦૨)

પારસીઓ સંબંધી એશારા કરનારા ઈસ્વી સતરમી અને અઢારમી સદીના પોર્ટુગીઝ દસ્તાવેજો

વીષે મી૦ જે. ગોડીન્હોએ ગઈ કાલે વાંચેલો નીબંધ.†

રોયલ એશીયાટીક સોસાયટીની મુંબઇની શાખાના સભાસદોની એક સભા ગઇ કાલે સાંજના સવા પાંચ વાગતે ટાઉનહોલ મધેના સોસાયટીના દીવાનખાનામાં મી૦ જેમસ મેકડોનલ્ડના પ્રમુખપણાં હેઠળ મળી હતી.

શરૂઆતમાં ઓનરરી સેક્રેટરી રેવર૦ડ આર. સ્કોટે સભાની ગઇ વેળાની બેઠક વેળા થયલાં કામકાજની નોંધ વાંચી સંભળાવી હતી, જેની સેવટે તેણે ટીકા કરી કે એ બેઠક દરમયાન એરવદ જીવનજી મોદીએ દસ્તુર મેહેરજીરાણાનાં સંબંધમાં મી૦ કરકરયાને જે ચેલેનજ કરયો હતો તેનો તેઓએ હજી જવાબ વાલ્યો નથી, પણ આપણે આશા રાખીશું કે તેઓ તેનો જવાબ હવે જલદી મોકલશે.

† મી. ગોડીન્હોના આ નીબંધ નંબર ૧૬૦ અત્રે દાખલ કરવાની મતલબ એ છે કે એમાંથી જોવામાં આવશે કે મી૦ કરકરીઆએ રોયલ એશીયાટીક સોસાયટીના સેક્રેટરીને જવાબ આપ્યો છે કે મી૦ જીવનજી મોદીના ચેલેન્જનો જવાબ તેવણ આવતે મહિને આપશે. સેક્રેટરીએ પણ મી૦ કરકરીઆને જાહેરમાં ચેલેન્જ નહિ, તો યાદ આપી છે તેની પણ આ એક નોંધ છે. આટલું જાણવું અગત્યનું થઇ પડશે કે મજકુર જવાબ આપ્યાને પણ આજ તેર વરસ થઈ જવા છતાં મી૦ કરકરીઆ બીલકુલ ચુપ રહ્યા છે.

મી૦ કરકરયા—ઘણું કરી આવતે મહીને તે જવાબ આવશે.

બાદ મી૦ રકેાટે જણાવ્યું કે સભામાં વાંચવા માટે રજુ થયલા બે નીબંધેામાં પેહેલેા " ગુરજર " કેામનેા ઇતીહાસ અને ગુજરાત મધેનું તેમનું સેવટનું રહેથાણ એ વીષેનેા મી૦ ડી. આર. ભંડાર-કર તરફનેા છે. પણ તેઓ આજે અત્રે હાજર થયા નથી અને તેમનેા નીબંધ બહુ લંબાણ તથા અંજાણ સંસ્કરૂત શબ્દોથી ભરપુર હેાવાથી અત્રે તે વાંચવેા હાલ કઠણ થઈ પડશે. આપણા લાઇબ્રેરી-યને તે નીબંધનેા થેાડેાક સાર ઉપન્યવી કહાડયેા છે જે અત્રે વાંચવામાં આવશે.

લાઇબ્રેરીયને તે ઉપરથી તે નીબંધ વાંચી સંભલાવયેા હતેા, જેમાં ગુરજર કેામ અસલ રજપુતાણાની હતી અને તે સેવટે હાલના ગુજરાતમાં આવી કેમ વસી હતી તેનું વરણન આપવામાં આવ્યું હતું.

બાદ પારસીએા સંબંધી ઇશારા કરનારા ઇસ્વી સતરમી અને અઢારમી સદીએાના પેારટુગીઝ દસતાવેજો વીષેનેા મી૦ ગેાડીનહેાનેા નીબંધ હાથ ધરવામાં આવતાં એરવદ જીવનજી જમશેદજી મેાદી એ તે દસ્તાવેજો બાહેર કેમ આવવા પામયા તેનેા ખેાલાસેા કરતાં જણાવયું કે નવસારીવાળા દસ્તુર મેહેરજીરાણા અકબરની દરબારમાં ધરમ સંબધી તકરારેામાં ભાગ લેવા ગયા હતા કે નહી તે બાબતમાં થેાડાં વરસની વાત ઉપર મી૦ કરકરયાએ આ મંડળી હજુર જે ભાષણ કરયું હતું તેમાં બારમા, તે રમી અને ચઉદમી સદીના પારસીએા ઘણા અજ્ઞાન સ્થીતીમાં હતા એવું તેઓએ મત આપયું હતું. આ બાબતમાં યુરેા-પીઅન વીદવાનેા વેસ્ત, ગેલડર વગે-રેના મતેા શું છે તે વીષે તેમને પુછાવ-વામાં આવયું હતું, જેના જવાબમાં દાકતર વેસ્તે એ સંબંધી પુરાણા દસ્તા-વેજો પારસી કુટુંબેાને હસ્તક હેાય તેા તે ભેગા કરવાને પારસી પંચાયતના ત્રસ્તી-ઓને સુચના કરી હતી. તેણે વળી ધાસ્તી બતાવી કે એ જુની કરહેસ્તેા રાખવાનેા ચાલ હવે નીકળી ગયલેા હેાવાથી એ કીંમતી દસ્તાવેજોને જલદી ભેગા કરવામાં નહી આવશે તેા તે થેાડા વખતમાં સદાના હાથમાંથી જશે. તેની તે સુચના ઉપરથી જુના દસ્તાવેજો તે કેમ ભેગા કરવા કહે છે તે માટે તેને ફરી લખવામાં આવયું હતું જેના જવાબમાં તેણે એક યેાજના લખી મેાકલી હતી. તે ઉપર વીચાર ચલાવવાને પારસી પંચાયતે મી૦ ખ૦ રુ૦ કામા, ખા૦ બા૦ બમનજી મેહેરામજી પટેલ, મી૦ માણેકજી રૂસ્તમજી ઉનવાલા અને મારી (એરવદ જીવનજીની) બનેલી કમીટી નેમી હતી. તેણે તે વીષે કરેલા રીપેાર્ટ ઉપરથી પ્રાચીન લેખેા તથા દસ્તાવેજો પેાતાને હસ્તક હેાય તેા તે પંચાયતને આપવામાં તેની નકલ ઉતારવા દેવાને પારસી કેામને અરજ કરવામાં આવી હતી, પણ દલગીર છું કે તેનું કાંઇ જાણવા જોગ પરીણામ આવયું હતું નહી. પણ નારગેાળવાલા મી૦ રતનજી પટેલ, જેએા તે ગામના પટેલ છે, તેઓએ પેાતા-ના કુટુંબને લગતા કેટલાક દસ્તાવેજો મને આપયા હતા જે પેારટુગીઝ ભાષામાં હેાવાથી મારા મીત્ર મી૦ ગેાડીનહેાએ મારે માટે અંગ્રેજીમાં તરજુમેા કરયેા છે. આ દસ્તાવેજો કેવી રીતે બાહેર આવવા પામયા તેનેા આટલેા ખેાલાસેા કરવાની મને જરૂર લાગી છે.

મી૦ ગેાડીનહેાનેા નીબંધ.

મી૦ જે. ગેાડીનહેાએા તે બાદ પેાતાનેા નીબંધ વાંચતાં જણાવયું કે

મને જે દસ્તાવેજો તરજુમો કરવા માટે આપવામાં આવ્યા છે તે ઉપરથી જણાય છે કે પારસીઓ હમેશાં પોતાના રાજકરતા, પછી તે પોરટુગીઝ હોય કે અંગ્રેજ હોય તેમની તરફની વફાદારી માટે જાણીતા છે. તેઓ મેહેનતુ, દયાળુ અને સુધારા વધારામાં આગળ વધવા માટે શોખ ધરાવનારા તરીકે જાણીતા થયા છે. હાલમાં હાથ આવેલા પોરટુગીઝ દસતાવેજો ઇસ્વી ૧૬૬૫ થી ૧૭૩૯ ના વરસો દરમયાનના છે. પેહલો દસ્તાવેજ વસઇના પોરટુગીઝ લશકરના વડા કેપટન એનટોનીયા ફ્રાઇઝની સહીનો છે, જેમાં વસઇના કીલા ઉપર હુમલો લાંવનારા મરાઠાઓ સામે પોરટુગીઝો તરફથી વગર પગારે લડવા માટે બાહેર પડેલા પારસી ગૃહસ્થ રતનાજી ભીખાજીને પારસીઓની એ રેજીમેંટ ઉભી કરવાની પરવાનગી તથા તેના કેપટન તરીકે રતનાજી ભીખાજીને સતા આપવામાં આવી છે. બીજો દસતાવેજ પણ ઉપલાજ પોરટુગીઝ સરદાર તરફનો છે, જેમાં દાદાજી જેસીંગા નામના એક પારસીને પારસીઓની એક પલટન ઉભી કરવાની સતા આપવાને પોરટુગીઝો તરફથી પરવાનગી આપવામાં આવી છે. બાકીના દસ્તાવેજો પણ લગભગ એજ મતલબના મી૦ ગોડીનહોએ વાંચ્યા હતા, જેમાં સરવેમ પારસીઓની વફાદારી, બહાદુરી અને હીંમતના વખાણ કરી તે સરટીફીકેટો તેમના કહેવાથી આપવામાં આવી હતી એવું જણાવવામાં આવ્યું હતું.

નીબંધ વંચાઈ રહેતાં એરવદ મોદીએ જણાવ્યું કે પારસીઓના પોતાના રાજકરતા તરફથી લડવા નીકળવાના આજ એકલા દાખલા નથી. કીરસે સંજાણ નામની ચોપડીમાં આગલા એક હીંદુ રાજા તરફથી તેની પારસી રૅયત લડી હતી અને મેહોમેદનોનો હુમલો મારી હઠાવ્યો હતો અને સેવટે મોટી સંખ્યાની દુશમનને મદદ મલતાં હારવ્યા હતા તેનું બયાન મળે છે. વળી આપણા મુંબઇના ટાપુ ઉપર જંજીરાનો સીદ્દી રાજકરતા જ્યારે હુમલો લાવ્યો હતો ત્યારે રૂસતમ દોરાબ નામના એક પારસીએ તે મારી હઠાવ્યો હતો. ત્યારે એ ટાપુ અંગ્રેજોને હસ્તક હતો. તેના બદલામાં એ રૂસતમ દોરાબને મુંબઇની પટેલાઇ આપવામાં આવી હતી. આગળ ચાલતાં એરવદ જીવનજીએ જણાવ્યું કે મી૦ ગોડીનહોએ આ પોરટુગીઝ દસતાવેજોનો તરજુમો કરયા પછી તેમાં જણાવેલો પારસી દાદાજી જેસંગજી કોણ હતો તે વિષે મેં નારગોળ તપાસ કરાવી હતી અને મો૦ રતનજી પટેલે તે પારસીને પોતાના વડવા તરીકે ઓળખાવી તેની વંશાવળી મારી ઉપર મોકલી આપી છે. તેમાં એ દાદાજી જેસંગજીનું નામ દાજીભાઇ જેસંગજી તરીકે મળે છે. પોરટુગીઝ દસ્તાવેજોમાં આપેલું રતનજી ભીખાજી નામ કોણનું હતું તે મને ખાત્રી પુરવક જણાયું નથી.

મી૦ ભંડારકરે વાંચવામાં આવેલા નીબંધ ઉપર બોલતાં ટીકા કરી કે આગલા વખતના પારસીઓની સ્થીતી વીશે ગઇ વેળા એરવદ જીવનજીએ જે ભાષણ કરયું હતું તેમાં ઉલટી હાલના કરતાં મજબુત તકરારો હતી. કારણ કે આ દસ્તાવેજો ઉપરથી એવું કાંઇ ખાસ જણાતુંજ નથી કે સોળમી, સતરમી સદીના પારસીઓ કાંઇ ઘણી ઉંચ સ્થીતીમાં હતા. તેઓ પોરટુગીઝો તરફથી લડયા અને તે માટે પોરટુગીઝ સરકારે તેમના વખાણ કરયા છે તેમાં કાંઇ દમ જેવું નથી. કારણ કે પહેલાં તો વગર પગારે તેઓ લડવા

નીકળયા તેથી નીરધન થયલા પોરટુગીઝો ખુશી થયા હોય અને બીજું તો પારસીઓ પણ અમથા લડયા નહી હોય. એક તો તેમના જાતી બચાવ ખાતર તેઓ લડયા હશે અને બીજું તેઓ જાણતા હોવા જોઇએ કે તેઓ રાજી ખુશીથી લડવા બાહેર પડશે નહી તો પોરટુગીઝો તેમને દબાણ કરી લડવા બાહેર પાડશે. આ દસ્તાવેજો લાવી મી૦ મોદી એવું સાબેત કરી શકયાજ નથી કે આગલા વખતના પારસીઓ રાજદ્વારી કે બીજી બાબતમાં ઉંચ સ્થીતીમાં હતા.

મી૦ મોદી–હું તે સાબેત કરવાની નેમથી એ દસ્તાવેજો લાવ્યો નથી.

મી૦ કરકરયાએ તે બાદ નીબંધ વીષે બોલતાં જણાવ્યું કે નવસારીવાળા દસ્તુર મેહેરજીરાણા વીષેના મારા ભાષણે ઘણાઓમાં ચરચા ફેલાવી હતી તે જાણીતું છે. મારી તકરાર તે વેળા એ હતી અને હજી પણ એજ છે કે ચઉદમી, પંદરમી અને સોળમી સદીના પારસીઓ ઘણા અજ્ઞાન સ્થીતીમાં હતા તે બીના બોટી પાડવાને હાલના દસ્તાવેજો કાંઇ પણ કામના નથી.

મી૦ મોદી–તે નેમથી એ લાવવામાં આવ્યાજ નથી.

મી૦ કરકરયા–વકીલાતમાં અને બેડુત તરીકે પારસીઓ ઘણા જાણીતા તેઓ ભલે હોય પણ વીદ્યા હુનર, રાજદ્વારી સતા યા બીજા મોટા બોધાઓમાં તેઓ આગેવાન હતાજ નહી.

બાદ મી૦ જોશીએ ટીકા કરતાં મરાઠા બખરમાંથી એક દાખલો ટાંકી એવું જણાવ્યું કે છેલા બાજીરાવના અમલમાં દોરાબજી નામનો એક પારસી પેશવાની દરબારમાં ઘણો લાગવગ ધરાવતો હતો.

મી૦ કરકરયાએ તે વીષે બોલાસો કરતાં કહયું કે તેના કરતાં તો મી૦ બુરશેદજી મોદી નામના પારસી, જેઓના નામથી પુણામાં મોદીના ગણપતી તરીકે એક મુરતી પણ જાણીતી છે તેઓ ઘણો ભારે લાગવગ ધરાવતા હતા અને તેમને ઝેર દઇ મારી નાખવામાં આવ્યા હતા. પણ તે બનાવ છેક એગણીસમી સદીનો છે, જેથી મારી તકરાર સાથે કશું લાગતું વળગતું નથી. સોળમા પંદરમી સદીમાંથી એવા દાખલા જો મેળવી આપવામાં આવે તો તે વેળાના પારસીઓ વીદ્વાન હતા એવા અભીપ્રાયને નમવાને હું તયાર છું. પણ ત્યાં સુધી તો નહીં.

બાદ નીબંધ વાંચનારનો તથા પ્રમુખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઇ હતી.

ના૦ ૧૬૧.

પંચડાંડ.

(તા. ૨૩ મી નવેમ્બર સને ૧૯૦૨)

નવસારીના પારસી ધર્મગુરૂને મુંબઇમાં માન.

નવસારીના વડા દસ્તુર દારાબજી માહીઆરજી મુંબઇ પધારી પાછા વિદાય પણ થઇ ચુકયા છે. તેમની અત્રેની પધરામણી જેમ એક અસાધારણ બનાવ છે, તેમ મુંબઇમાં અને તે પછી ખુદ નવસારીમાં તેમને તેમના પંથકવાલાઓ તથા બીજાઓ તરફથી મળેલો જાહેર અને મોટો આવકાર પણ અસાધારણ જણાય છે. એ બનાવ દેખાડે છે કે, મુંબઇ સર્વ પ્રકારે માતબર, મગરૂર અને સ્વતંત્ર છતાં તેમાં નવસારી અને નવસાકરા પારસીઓનું કેવું પ્રબલ છે.

દસ્તુરજીને માન આપનારાઓએ જણા-વ્યું, અને દસ્તુરજીએ સ્વીકાર્યું તેમ, આ માન તેમના પોતાના કરતાં તેમના વડીલોના પુણ્ય પ્રતાપ તથા ગાદીને વધારે આભારી છે. ગમે તેમ હોય પણ એ માન અસાધારણ છે, અને તે મેલવવાને શક્તિવાન થવા માટે દસ્તુરજીને, તેમનાં ભગર પંથકને અને "ધર્મ ટેકરી" નવસારીને મી૦ પંચડાંડ ધન્યવાદ દે છે. આ દસ્તુરજી તેજ મહાત્મા દસ્તુરજી મેહરજી રાણાની ગાદીના હકદાર વારેસ છે, કે જેમ મરહુમ દસ્તુર, ત્રણસેા વરસ પર શેહનશાહ અકબરને દીલી જઇ પારસી ધર્મ સમજાવી આવ્યા હતા, અને તેમની એ કીર્તિનેા પેલા મી૦ રૂસ્તમજી પેસતનજી કકલ્યાએ ઈન્કાર કર્યાથી તે સામે આ કટારેામાં અમે કેટલાંક ચાલુ લખાણેા કર્યાં હતાં. દસ્તુરજીની આ મુસાફરીથી તેમને પોતાને અંગત લાભેા થવા જોડે, કેટલાક જાહેર લાભેા થવાની પણ વકી છે, મુખ્ય લાભ એ કે, આ બનાવે યજ-માનેામાં પેાતાના ધર્મગુરૂ પ્રત્યે ભક્તિ ભાવ રાખવા તથા દેખાડવાની નવી ઉલટ જાગૃત થઇ છે. કે જેવી ઉલટની હમણાના સમયમાં ધર્મની મહત્તા તથા ધર્મગુરૂ-ઓના દરજ્જાની જાલવણીને ખાતર મેાટી આવશ્યકતા છે. જે વેલા કેામના "સુધ-રેલા" કહેવાતા શબ્દેા ધર્મગુરૂઓનેા અ-નાદર કરી તેમની હાંસી ઠીઠી કરતા જાય છે! તેવા વખતમાં ધર્મગુરૂઓ તરફ જાનફેશાની બતાવવાનું જોશ તથા વલણ વધું આવકારદાયક છે.



ના૦ ૧૬૨.

પંચડાંડ.

(તા. ૨૩ મી નવેમ્બર સને ૧૯૦૨)

પંચિક છુઃ મંતર.

મી૦ રૂસ્તમજી પેસ્તનજી કકલ્યા હાંજ મુવા પડયા નથી હેા! તેવણ હજુ જીવતા જાગતાજ છે, અને દમ ઉપરજ છે. રાયલ એશીયાટીક સેાસાયટીની મુંબઇની શાખા મંડલીમાં મી૦ ગેાડીનહેાએ આપેલાં ભાષણ વેલા ત્રણસેા સદીની વાતપરના પારસીઓની કીર્તિ સામે તેવણે ફરી તાણતેાડ કીધી હતી; અને વધાઇ કીધી હતી કે, અકબર પાદશાહને દસ્તુર મેહરજી રાણાએ પારસી ધર્મ સમજાવ-વાની હિમાયતનાં એવૅદ જીવનજી મેાદીનાં ભાષણેા રદ જવાબ હું હવે થેાડાજ વખતમાં આપીશ! શાબાશ, અમારા "આપણા તવારીખના વિદ્વાન અભ્યાસી" શાબાશ! હું તેા જાણું જે તમારેા ખજાનેા ખુટી ગયેા છે, અને આપ ભર્યા ભારમાં સહસે બડી ચુપ કરી બેઠા છેા. પણ ના;-જેનું નામ મી૦ કકલ્યા! તીખા ને તમ-તમતા, તવારીખના ખાં ને શાસ્ત્રેાના ભંડાર! તમેા કાંઇ કેાઇથી ખાંડયા જાએા નહેા. "મીઆ મરતે મરતે પણ ટટી સાથ લરતે હે"! ઘલેાડી મરી જાય તેા-પણ તેની પુછડી તેા હાલ્યાજ કરે! સુતલી બલી જાય તાપણ વલ તેા નહીજ છેાડે! આપ થેાડાજ વખતમાં રદ જવાબ આપવા કહેાછેા તેા ભલે; પણ, મેહરબાને મન! એટલી બધી ઉતાવલ શા માટે? વરસ, બે વરસ, પાંચ વરસ રહીનેજ આપશેા તેા શું અડચણ? એમબી લગભગ એક વરસ તેા ગગડાવી કાઢયું કેની? તેા ધુલ નાખી; થેાડી મુદત વધતી "નવાણું ત્યાં ભર્યા સેા"!

હજુ મુકતાહના દહાડા કેટલા તેની ગરમા ગરમ તકરારમાં પડેલી ચીંગારીથી તો ફારેગ થાએા, "તવારીખના વિદ્વાન અભ્યાસી" જી?

ના૦ ૧૬૩.

જમે જમશેદ.

(તા. ૨૬ મી જુન સને ૧૯૦૩)

"પારસી સાહિત્ય"

(લખનાર—"અથોરનાન")

એરવદ જીવનજી મોદીએ બજાવેલી પારસી તવારીખની એક નાદર સેવા દરેક જરથોસ્તી જીગરનો સાચ્ચો આભાર જીતી ગઇ છે. શાહ અકબરની અમર હકુમતની તવારીખમાં પારસી ધર્મના તેજનો જે પ્રકાશ દાખલ થયો છે, તેને ઝાંખો પાડવાની મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાની ઇતીહાસરૂપી લડત હજી પારસીએાના મગજમાં ઘુમતી બંધ પડી નથી. દસ્તુર મેહેરજીરાણાનું અમર તવારીખી નામ, જે દરેક પારસી દીલ આજે વ્હાલ અને માન સાથે જીવતું રાખે છે, જે અનેક પારસી કથાએા અને લાવણીએામાં બોલાય અને ગવાય છે, તેની સાથે જોડાયલી જગ આશકારા કીર્તીને જમોનદોસ્ત કરવાની મી૦ કરકરીયાની જેહેમત ગમ હું પ્રથમથીજ અજાયબી સાથ જોતો આવ્યો છું. દસ્તુર મેહેરજીરાણાની જગને મ્હોંડે ચઢેલી નામના જો ઓછી થાય, તો પારસી સીકકાની બોલબાલા પણ ઘટી જાય, એ તો દેખીતું છે. પારસી કીર્તીને એ કલંકમાંથી બચાવવાને એરવદ જીવનજી મોદી પોતાના ભણેલા અભ્યાસી મીત્ર પ્રો૦ શાપુરશાહ હોડીવાળાના જબરદસ્ત ટેકા સાથ બહાર પડયા, અને વર્ષોની ચાલુ જેહેમત, રંજ તથા શોધખોળ પછી દસ્તુર મેહેરજીરાણાની પ્રતીષ્ઠાને તેની અસલ બુલંદીએ પાછી સ્થાપી પારસી તવારીખનો ચળકાટ જાળવી રાખ્યો છે. એવી જાહેર સેવાએાની બીજા પારસી અભ્યાસીએાએ કાળજીથી નકલ કરવી ઘટે છે.

ના૦ ૧૬૪.

જમે જમશેદ.

(તા. ૧૪ મી જુલાઇ સને ૧૯૦૩)

શેહેનશાહ અકબર અને દસ્તુર મેહેરજી રાણા વિષે આંકુએટીલ ડ પેરોની નોંધ.

—:*:—

રોયલ એશીયાટીક સોસાયટીમાં સમશુલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદીએ ગઇ સાંજે શેહેનશાહ અકબર અને દસતુર મેહેરજીરાણા વીષે આંકુએટીલ ડ પેરોના વીશય ઉપર મી૦ જેમસ મેકડોનલ્ડના પ્રમુખપણા હેઠળ એક ભાષણ આપયું હતું.*

મી૦ ખરશેદજી રૂસ્તમજી કામાએ ભાશણ પુરૂં થતાં જણાવયું કે સોસાયટી નસીબવંત છે કે મી૦ જીવનજી મોદી જેવા એક સરસ સકોલર તેને મળ્યા છે. એક બાબત તેઓ હાથ પકડે છે તો પછી છેક તેની તપાસના ઉંડાણમાં ઉતરે છે અને જોઇતી સાહદતો પોતાના ટેકામાં મેળવે છે. હવે સવાલ એ છે કે દસતુર મેહેરજીરાણાએ અકબરને ધરમ સમજાવયો

---

* આ ભાષણ માટે જુઓ એરવદ જીવનજી મોદીના "શાહ અકબરની દરબારમાં પારસીઓ—અને દસ્તુર મેહેરજી રાણા" વાલાં પુસ્તકના સફા ૩૭૦-૩૮૦. આ ભાષણ અસલ અંગ્રેજીમાં પણ એજ પુસ્તકના પાનાં ૩૮૨-૩૯૭ ઉપર આપેલું છે.

હતો કે ધરમ સમજાવવા માટે અકબર અરદેશર કેરમાનીને આભારી હતા? મી૦ જીવનજીએ પોતાના એ વીષયને લગતાં પહેલાં ભાશણમાં ઘણીક ચોપડીઓની સાહદતથી દેખાડી આપયું છે કે દસતુર મેહેરજીરાણા અકબરની દરબારમાં ગયા હતા અને અરદેશર કેરમાનીને ફરહંગે જહાંગીરી બનાવવા માટે પછવાડેથી અકબરે બોલાવવા હતા, આંકુએટીલ ડ પેરોની નોંધ મીસ મેનાએ પારીસની સોસાયટીમાંથી મળેલી મોકલી આપી છે. તે બતાવે છે કે ઘણાં વરસ પછી અરદેશર આવયા હતા પણ ધરમ સમજાવવા આવયા નહી હતા. આંકુએટીલ કહે છે કે દસતુર મેહેરજીરાણાએ અકબરને આપેલી સલાહ ઉપરથી અરદેશરને બોલાવવામાં આવયા હતા. કેટલાંક વરસની મેહેનતથી મી૦ મોદીએ દેખાડી આપયું છે કે દસતુર મેહેરજીરાણાએ અકબરને ધરમ સમજાવયો હતો. દરેક સવાલ વખતે મી૦ મોદી સાહદતો અને ટેકા સાથે લઇ આવે છે. આ સોસાયટી તેઓના ઉપકારમાં છે કે આવા સારા વીશયો એઓ અહીં લાવે છે. હવે પુરવાર થયું છે કે મેહેરજીરાણાએજ અકબરને ધરમ સમજાવયો હતો અને મેહેરજી રાણાએજ પોતાથી ફરહંગનું કામ નહીં થઈ શકે, માટે અરદેશર કેરમાનીને બોલાવવા અકબરને સમજાવયા હતા. મી૦ જીવનજી આવી મેહેનત લઇ આ સવાલનો ચુકાદો લાવયા છે માટે હું એઓનો મોટો ઉપકાર માનવાની દરખાસત કરૂં છું.

મી૦ કમરૂદીન અમીરૂદીને તેઓને ટેકો આપયો હતો જે પછી પ્રમુખ બોલયા કે ભાશણકરતાનો ઉપકાર માનવાની દરખાસત એકમતે પસાર થઇ છે એઓ વાજબી રીતે ઉપકારને લાયક છે. અને હું મી૦ જીવનજી સભા તરફથી તમારો ઉપકાર માનું છું. (તાલીઓ.)

મી૦ જીવનજીએ આ પછી પારસીઓના પુરાણા પુસ્તકોમાં ચીન વીશે ઇસારાના વીશય ઉપર ભાશણ આપયું હતું જે હવે પછી પ્રગટ કરવામાં આવશે.

ના૦ ૧૬૫

નવસારી પ્રકાશ.

(તા. ૨૫મી અક્ટોબર ૧૯૦૩).

રાખી દીલ દાઝ દેશની, ધરી સાચ અને આશ,
નવીન રહારાના તેજથી, નવસારી—પ્રકાશ.

"શાહ અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહેરજીરાણા."

ઉપલાં નામનું એક મોટું, દલદાર સુંદર છપાઇ બંધાઈવાલું અને બોહલાં ભંડોલથી ભરેલું કીમતી પુસ્તક, આપણા જાણીતા પારસી વિદ્વાન અથોરનાન, એરવદ જીવનજી જમશેદજી મોદી બી૦ એ૦ એ રચી હમણાં છપાવી પ્રગટ કર્યું છે, જે તેના પોતાના વિષયમાં એટલું તો નાદર, માતબર તથા મોતેબર છે, કે તેની સિફારસ કરવી એ સોનાપર ઢોલ ચઢાવવા જેવું ગણાય, અને જેની તપાસ લેવાનો દાવો કરવો એ અમારા જેવા અદના લેખક માટે અભિમાની કરવા જેવું થઇ પડે. એરવદ જીવનજીનાં પુસ્તકની સિફારસ માટે કર્તા તરીક તેમનું નામજ બસ છે, કે જે નામ હેઠલ કુડીબંધ ભાષણો થયાં છે, તથા પુસ્તકો નિકલ્યાં છે, કે જે સઘલાં વિદ્વતામાં અકકેકથી સરસ છે; અને તોપણ અમે હિંમતથી કહી શકિયે છિયે કે, તેમનું આ છેલ્લું પુસ્તક તે સર્વથી સરસ, નમુનેદાર અને યાદગાર છે. તે શાની બાબતનું છે તે, તેનાં મથાલે આપેલાં નામથીજ માહિતગાર વાંચકો ઝટ સમજી

લેશે, અને તે વિષય તથા તે ચરચા કેમ ઉપસ્થિત થયાં તે પણ વાંચનારાઓથી અજાણ્યું નથી. મરહુમ રૂહશાહ પાકઝાદ અશો દસ્તુરાન દસ્તુર મેહેરજીરાણાનાં જોકે ત્રણસો વર્ષ પરના જુના જમાનામાં થઇ ગયા છે, અને શાહ અકબરને તેવણે જરથોસ્તી ધર્મ સમજાવી તે પર દીક્ષા દીધી તે તવારિખી વાત પણ તેટલાજ જુના જમાનાની જગ જાહેર છે; તોપણ તેની તકરાર તો આજ કાલની, આપણાં નાંક અને આંખ સન્મુખ પામેલી છે. આ પુસ્તક તે તકરાર કિંવા તે તકરાર બાબતથીજ ભરપુર છે, તોપણ તે તેના જોડે એ મરહુમ મહાત્મા દસ્તુરજી સાહેબની, તથા તેમના જમાનાના ગુજરાતના જરથોસ્તીઓની કેટલીક તવારિખ પણ પુરી પાડે છે, કે જેવી મોટી, શોધખોળ ભરેલી કાબેલીઅતથી લખાયલી અને સતાવાર જેવી તેની તવારિખ, અત્યાર સુધી બાહેર પડેલી અમારી જાણમાં નથી. એવી એક નામોચી તવારિખ, અથવા તે સંબંધી પુસ્તક લખવાની તમામ મહેનત જેહુમત જોકે પુસ્તકના કાબેલ કર્તા એરવદ જીવનજીએ ખેંચી છે, તોપણ તે માટે મોટો ઉપકાર તો આપણે તવારિખના ખાં ગણાતા પેલા મી૦ રૂસતમજી પેસતનજી કરકરયાનોજ માનીશું. મી૦ કરકરયાએ અકબરને જરથોસ્તી ધર્મ કોણે સમજાવ્યો હતો તે સીધ્ધાંત જણાવવાને બહાને મરહુમ દસ્તુર મેહેરજીરાણા સામે નાલાયક હુમલા કર્યા હતા; તેમના વંશજો સામે કેટલાક નાપાયદાર આરોપો મુકયા હતા, અને સાથે લાગા તે જમાનાના ગુજરાતના પારસીઓને સંડોવી તેમને ધર્મજ્ઞાન વગરના તથા દીનદારીમાં પાછલ પડેલા જણાવ્યા હતા. મી૦ કરકરયાને આ બાબતમાં ટેકો આપવાને બહાને મુંબઇ સમાચારે તેથી પણ ઘણા સખત તથા ઇર્ષા ભરેલા ટીકા અને હુમલા કર્યા હતા; અને તેથી થોડો વખત બીન માહિતગાર લોકોમાં એવોજ વિચાર ફેલાવા પામ્યો હતો કે, અકબરને જરથોસ્તી ધર્મ સમજાવવા સંબંધી મરહુમ મેહેરજીરાણાની જુના વખતથી ચાલતી આવેલી વાત તથા કીર્તી, વગર આધારની ને કલપિત છે. પણ તે વિચાર ઝાઝો વખત ટકવા પામ્યો ન હતો. વર્તમાન પત્રોમાં કેટલાક કાબેલ તથા અપક્ષપાત લોકોએ, અકસર કરી "એ૦ ડી૦ ઓકલર્ની" નાતબલુસના વિદ્વાન લેખકે અંગ્રેજી પત્રોની કટારોમાં, બહોળા અભ્યાસથી ભરેલાં લખાણો કરી મી૦ કરકરયા તથા તેમના મલતવા લેખકોની તકરારો તથા અનુમાનોનું પોકલ દેખાડી આપ્યું હતું. પણ તે પુરતું ન હતું, તેમ છુટું છવાયું અને કકડે ટુકડે થયલું હતું. તે પછી કેટલેક વખતે એરવદ જીવનજી મોદી, તેમના જણાવ્યા પ્રમાણે વિદ્વાન ફ્રેન્ચ બાનુ મીસ મનાની ભલામણથી, એ વિષયનો ખાસ અભ્યાસ કરી, તેને પેતાનો કરી, દાખલા પુરાવાનાં બોહલાં હથ્યારો સાથ મેદાન પડયા હતા. આ બાબત ઉપર તેઓએ બે કીંમતી નિબંધો પ્રખ્યાત રૉયલ એશિયાટિક સોસાયટીની મુંબઇની શાખા મંડળી હજુર વાંચ્યા હતા જેઓમાંનો પહેલો "શાહ અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહેરજીરાણા" એ મથાલે તા૦ ૧૯મી ડિસેમ્બર ૧૯૦૧ ને દીને, અને બીજો " શાહ અકબર અને મેહરજીરાણા વિષે આંકુએટિલ દુ પેરોંની નોંધ" એ નામે તા૦ ૨૩ મી જુલાઇ ૧૯૦૩ ને દીને, બંને મી૦ જેમ્સ મેકડોનલ્ડનાં પ્રમુખપણાં હેઠલ, વંચાયા હતા.

સદરહુ બંને નિબંધો તે આ પુસ્તકનું મૂલ છે, કે જેમને એ નવા લેબાસમાં હાલ વાંચનારી આલમ સનમુખ રજુ કરવામાં આવ્યા છે. બંને નિબંધો અંગ્રેજી

માં વંચાયા હતા, અને તેથી તે આ પુસ્તકમાં અંગ્રેજીમાંજ આપવામાં આવ્યા છે. તો પણ ગુજરાતી વાંચનારી આલમને તેથી બેનસિબ રહેવું પડે એમ નથી. એજ વિદ્વાન ગ્રહસ્થે પહેલા વિષયની બાબતપર મુંબઇની જ્ઞાન પ્રસારક મંડળી હજુર "શાહ અકબરના વખતના નવસારીના પારસીઓના થોડાક પુરાણા દસ્તાવેજો" એ મથાલે તા૦ ૧૬ મી ડિસેમ્બર ૧૯૦૨ને દીને એક જાહેર ભાષણ આપ્યું હતું, અને તેને આ પુસ્તક મધે અંગ્રેજી વિષયનાં એક ભાષાંતર તરીકે, પુષ્કળ નોટો વગેરેના વધારા સાથ, પ્રગટ કરવામાં આવ્યું છે. એ રીતે આ એક પુસ્તક "એક કાંકરે બે પક્ષી મારવા" જેવું કામ બજાવે છે; એટલે તે અંગ્રેજી તેમજ ગુજરાતી બંને વર્ગના વાંચકોની ખુટ પુરી પાડે છે. તે કદ૭ એટલે લગભગ ૪૦૦ સફાનું છે. જેમાંનાં ૧૬૭ અંગ્રેજીમાં અને બાકીનાં ગુજરાતીમાં રોકાયા છે. ઉપરાંત, પુસ્તકના વધારા તરિકે ફારસી ફરમાનો, પરવાના, વગેરે જુના દસ્તાવેજો, ફોટો ઝીંકો વડે તેમનાં અસલ સ્વરૂપમાં રજુ કરવામાં આવ્યા છે. પુસ્તકની મુલ બાબત જોક મેહેરજીરાણાના અકબર સાથના સંબંધની છે, તો પણ તેની જોડે અને તેનાં પેટાંમાં બીજા સંખ્યાબંધ વિષયો સમાઇ ગયા છે, અને અમે ઉપર જણાવ્યું તેમ તે વખતના ગુજરાતના પારસીઓની સ્થિતિ ઉપરાંત, અકબરના વખતની અને તે નામદાર શાહના રાજઅમલ વગેરેની તરેહવાર જાણવાજોગ બાબતો વિટલાયલી છે, જેમાંની એકપણ બાબત એવી ન હશે, કે જે પુસ્તકનાં કાબેલ કર્તાએ ગ્રંથિક, દસ્તાવેજી કે બીજી કોઇપણ કિસમના ઢાળલા પુરાવા વગર રજુ કીધી હોય. આ પુસ્તકની આ એક મોટામાં મોટી ખુબી છે, કે જે ખુબીથી મી૦ કરકરયાના લખાણો તથા ભાષણો ઘણે દરજજે બેનસિબ, અને ફડાકામાર જેવાં તથા અટકલના ફાટિયા સરખાં, આ પુસ્તકની રોશની વડે દેખાઈ આવે છે.

પુસ્તકના મુલ વિષય તરફ નેગાહ કરતાં, એરવદ સાહેબે તેમાં અચુક રીતે સાબેત કરી દેખાડયું છે કે, અકબરને જરથોસ્તી ધરમ સમજાવી તેનાં દીલપર તેની તરફેનની અસર કરનારા પારસીઓ મી૦ કરકરયા અને તેમને ઉંચકી આપનાર લેખકો કહેછે તેમ, ઇરાનના પારસીઓ ન હતા, પણ નવસારીના પારસીઓ હતા. જેઓમાં આગેવાન, વડા, કિંવા ખરો ભાગ બજાવનાર મરહુમ દસ્તુર મેહેરજીરાણાજ હતા, કે જે તેમની મહાભારત સેવાના બદલામાં અકબર તરફથી નવસારી ખાતે તેમને ઘેલખરીને નામે ઓલખાતી બસો વિંધા જમીનનો વજીફો મલ્યો હતો, અને તે વજીફામાં પાછલથી તેમના બેટા મરહુમ દસ્તુર કેકોબાદને બીજાં એકસો વિઘાનો વધારો કરી આપવામાં આવ્યો હતો. મેહરજીરાણાના વિરોધીઓ એવું કહેવા માંગે છે કે, અકબરને જરથોસ્તી ધરમ સમજાવનાર તથા તે સંબંધી તેનાપર ઇડી અસર કરનાર તે ઇરાનના જરથોસ્તીઓ, મુખ્યત્વે દસ્તુર અરદેશીર કેરમાની હતા; બીજાઓ તોહલો ધુમાવે છે કે, એ મહાભારત કામ હિન્દવાશી સુરી જરથોસ્તી દસ્તુર આઝર કયવાને બજાવ્યું હતું;—તે બંને વાતો એરવદ જીવનજીએ ખાતરી ભરેલી રીતે ખોટી પાડીને એવું સાબેત કરી આપ્યું છે કે, દસ્તુર અરદેશીર તો અકબરની દરબારમાં ધરમ સંબંધી તકરારો પુરી થયા પછી, અને અકબરે જરથોસ્તી ધરમનાં ચિન્હો ધારણ કર્યા પછી છેક કેટલાંક વર્ષ રહીને આવ્યો હતો, અને તેને આ કારણ માટે તો નહીંજ, પણ "ફરહંગે

જેહાંગીરી" કેતાબમાં પારસી ધરમ સાહિત્યના લોગતોની સમજ આપવા માટે ખાસ કરી બોલાવવામાં આવ્યો હતો.

આ સિધ્ધાંતો હવે અચુક અને અતુટ દેખાયછે, અને તેની પુષ્ટીમાં કર્તાએ બદ્દઓનીની તવારીખ, દબે સ્તાન, અબુલ્ફજલનાં અકબરનામાં, તારિએ મમાલિકે હિંદ જેવાં સતાવાર તથા સર્વ માન્ય પુસ્તકોના આધારો રજુ કીધા છે. ઉપરાંત ખુદ મેહરજીરાણાના સંબંધમાં તેમના વખતના લેખપોટો તથા તે પછીના વખતનાં લખાણોના સંખ્યાબંધ દાખલા પુરાવા આપ્યા છે. વાંચનારાઓનાં ધ્યાનમાં હશે કે, મેહેરજીરાણાએ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવ્યો તે સંબંધી એક "ખ્યાલ" (લાવણી) ગુજરાતના ખ્યાલીઓમાં ગવાતો આવ્યો છે. મેહેરજીરાણાના શત્રુઓ તેને બનાવટી કહી હસી કાઢતા હતા. એરવદ જીવનજીએ જોકે તેનાપર મોટો મદાર બાંધ્યો નથી, તો પણ તેમણે તેનેજ મલતો એક નવો અને મજબૂત આધાર શોધી કાઢયો છે. તે ૧૧૦ વર્ષનાં એક જુના પુસ્તકમાં લખાયલું ઉસ્તાદી ગાયન છે, જેમાં મેહેરજી રાણાનાં નામને અકબર સાથ જોડવામાં આવેલું છે, અને જેના કર્તા તરિકે અકબરની દરબારના નામિચા ગવૈયા તાનસેનનું નામ આવે છે. આ ગીત અકબરના વખતમાં, અને ખુદ ઉસ્તાદ તાનસેનનુંજ જોડેલું છે એવું ખુલ્લું મત આધુનીક સંગિત ઉસ્તાદ, બંગાલવાલા સર સુરેન્દ્ર મોહન તાગોરે, એરવદ જીવનજીની પુછામણીના જવાબમાં આપ્યું છે. એવા એવા તો સંખ્યાબંદ દાખલા પુરાવા આ પુસ્તકનાં પોખાલ પેટામાં ભરેલા છે, જેમની આ કટારોમાં વીગત આપવી તો શું, પણ માત્ર ટીપ આપવી પણ, અમારે માટે અશકય છે. એરવદ જીવનજી આમ દાખલા પુરાવાથી માત્ર પોતાનો વિષય સાબેત કરીને અટકયા છે એટલુંજ નહી, પણ મેહરજીરાણાના વિરોધીઓ તરફથી તેમની આ કીર્તી સામે જે જે વાંધાઓ તથા તકરારો રજુ કરવામાં આવ્યાં હતાં તેમનું ખંડન પણ, ઉસ્તવાર દાખલા દલિલોથી અને ખરી મંતકીની રાહે કરી આપ્યું છે; અને તેમનાં લખાણની વિશેષ ખુબી એ છે કે, તે સરવ એક વિદ્વાનને છાજતી ગંભિરતા તથા સભ્યતાથીજ કીધું છે, કે જે ગુણોની ગેરહાજરીને લીધે મેહેરજીરાણાંની વિરૂધ લખાણ કરનારા મી૦ કરકરીયા વગેરેએ આ તકરારને ખોટે મારગે દોરવીને તેમના વંશજોના દીલ દુખવવા સાથે વિવેકી વાંચકોમાં પોતાની હસી કરાવી છે.

પણ, "માહું જે થાય તે સારાંને કાજ" તેમ, તેઓની એ હસદ ઇર્ષા ભરેલી લડત, મેહેરજીરાણાના હકમાં તો આવકારદાયકજ થઇ પડી છે. કાંકે તેથીજ એરવદ જીવનજી જેવા વિદ્વાન ગૃહસ્થોને તેની સામે થઇ તેમનું ખોટારૂં દેખાડી આપવાની ફરજ પડી છે, અને તેમ કરતાં મરહુમ રૂહશાદ દસ્તુરજીની કીર્તીનો એક મહાભારત સ્થંભ આ પુસ્તક રૂપે ઉભો થવા પામ્યો છે. અમે ધારિયે છિયે કે, આ મોટી અગત્યની તકરાર સંબંધી એ પુસ્તક કિંવા લખાણ હવે છેલ્લુંજ છે, અને તે એ તકરારનો ફડચો શેવટનોજ કરે છે. કાંકે મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયા મરહુમ દસ્તુરજી સામે પ્રથમ જે જોશ તથા જહનનૂથી ઝુંબો ચઢાવી મેદાન પડયા હતા, તેની ગરમી લગભગ થંડ થઇ ગઇ છે. અને એરવદ જીવનજીની તકરારનો રદિયો આપવાના યા પોતાનો બચાવ કરવાનાં કશાં ચિન્હો તેઓ તરફથી જણાતાં નથી. એરવદ સાહેબે આ વિષય પ્રથમ રૉયલ એશિયાટીક સોસાયટીની સભામાં રજુ કરયો તેને લગભગ બે

વરષ થયાં છે, અને તેજ વેલા સભામાં તેનો રદ્દિયો આપવાની તેવણે કબૂલાત આપી હતી, જે હજુ તેઓ પાલી શકયા નથી; અને એરવદ જીવનજીએ જે અસાધારણ બલતવારીથી તેવણની તકરારોનો લુલો પાયો ધસવી પાડયો છે, તે જોતાં હવે તેવણ–મી૦ કરકરયા–તે પાલે, એટલે, મેહરજીરાણાએ અકબરને પારસી ધરમ સમજાવ્યો ન હતો, અને એ દસ્તુરજી તથા તે વખતના બીજા પારસો અથોરનાનો ધરમ જ્ઞાનમાં ગામડયા ગમાર હતા, એવાં પોતાનાં નાપાયદર સીધ્ધાંતો સાબેત કરી આપવા નિકલે, એ હવે બનવા જોગ લાગતું નથી.

એરવદ જીવનજીએ આ પુસ્તક રચવા પાછલ લીધેલી મેહનત જેહમત જેટલી રંજ ભરેલી છે, તેટલીજ તે ખુશાહાલી ભરેલી પણ છે. તે ખુશાલીનો ઉભરો એ વિદ્વાન ગ્રંથ કર્તા નિચલા અસરકારક શબ્દોમાં જાહેર કરે છે, જે અત્રે ઉતારી લેવાની લાલચ અમે અટકાવી શકતા નથીઃ–

"એશિઆટીક સોસાએટીની શાખા હજુર અને બીજી સાહિત્ય સંબંધી મંડળીઓ હજુર, મેં મારી કમીની શકતી મુજબ કેટલાક વિષયો વાંચ્યા છે; પણ તેમાંના કોઇ પણ વિષયે આ પુસ્તકના વિષય જેટલો મારો વખત રોકયો નથી, અને કોઇપણ વિષય ઉપર મને આ વિષયના જેટલી મેહેનત લેવી પડી નથી. પણ તેમ બીજા હાથ ઉપર, મારા કોઇ પણ વિષયે યા મારાં કોઇ પણ પુસ્તકે, મને તે તમામ થતાં, તેટલી ખુશી આપી નથી, અને તેટલો આનંદ પમાડયો નથી, કે જેટલી ખુશી અને આનંદ મને આ પુસ્તકની સમાપ્તીથી મલ્યાં છે. આપણાં પુસ્તકોમાં કહે છે કે, આપણાં કોઇ ભલાં કામમાં તે દાદાર અને તે દાદારની મેહેરથી ભલાંઓનાં અશો ફરોહરો આપણને યારી દે છે. આ વિષયના સંબંધના મારા અભ્યાસમાં, જે રૂહશાહ દસ્તુરનાં નામ સાથ, એ વિષયનો સંબંધ છે, તે દસ્તુરનાં અશો ફરોહરે તે દાદારની મેહેરથી, ગોયા મને યારી કીધી છે. મને ઘણીક સુચનાઓ, ઘણીક પ્રેરણા અને ઘણીક હોંસ-હિમ્મત મળી છે. આંકુએટીલ દુ પેરોંની હસ્તલેખ નોંધોની શોધ, જાણે આવા પ્રકારની એક ન ધારેલી યારી છે."

અમે પોતે મરહુમ દસ્તુર મેહરજી રાણાના એક વંશજો, તેમનાં કદમની ખાક સમાન એક અદના નણીરા, છિયે; અને તેથી, કહેવાની જરૂર નથી કે, આ ભલાં કામની આવી ફતેહમંદ સમાપ્તીથી જેવી ખુશાલી એરવદ સાહેબને ઉપજી છે, તેવીજ અલબતે અમોને પણ ઉપજી છે. કદાચ અમોને એઓ કરતાં વધારે, કાંકે આ તકરારમાં મી૦ કરકરયા તથા મુંબઇ સમાચાર તરફથી અમારા એ નિરદોષ વડીલની જે બેહદ સતામણી થઇ હતી, તે સતામણીનાં દુખમાંથી એક લેખે અમારો છુટકારો થયો છે. તે દુઃખ કેવું હશે તેનો ખ્યાલ એરવદ જીવનજીના આ પુસ્તકના દદણાચા મધેના નિચલા ઉતારાથી વાંચનારાઓને આવશેઃ–

"મેહેરજીરાણાનાં કુટુંબના એક ભલા કુટુંબીએ ઘણી લાગણી સાથે તા૦ ૨૯ મી મારચ ૧૯૦૨ ને દીને કલકતાથી એક પત્રમાં મારી ઉપર લખ્યું હતું કે, "તવારીખ જો એવણ (મેહેરજીરાણા) નાં કામ ખોટાં પાડે તો અમોને દુઃખ નથી. પણ ઘણાં વિશેષણોથી અમારા મરહુમ મુરબ્બીજીને જે વગોવે છે તે દુઃખ અમે ખમી શકતા નથી. બાકી આજે કોઇ શેકસપીઅરની કીર્તી લુટી લેવા માગે છે તો કોઇ કોલમબસને ખોટા ઠેરવે છે."

જો આ વિષયના સંબંધની મારી અદના કોશેશ કાંઈ નહી તો ઉપલા ફકરામાં કરવામાં આવેલી ફરયાદનો છેડો લાવશે, તો હું મારા શ્રમનો પુરતો બદલો મળેલો સમજીશ."

એરવદ જીવનજીને અમે ખાતરી આપી શકીશું કે, "ઉપલા ફકરામાં કરવામાં આવેલી ફરયાદનો છેડો," જો ઝનુનની નજરે જોતાં નહી, તો વિવેકની નજરે જોતાં તો આવીજ ગયો છે; અને એ "ફરયાદ" ને જો તેઓ દુઃખદાયક સમજતા હોય તો અમે કહિશું કે, તે સારાંનેજ માટે થવા પામી હતી, કારણ, "સઉ સારૂં જેનું શેવટ સારૂં."

ના૦ ૧૬૬

નવસારી પ્રકાશ.

(તા. ૨૫ મી અક્ટોબર ૧૯૦૩)

રાખી દીલ દાઝ દેશની, ધરી સાચને આશ
નવીન સ્હાશના તેજથી, નવસારી-પ્રકાશ.

આપણા દસ્તુરજીને "છત્રી મસાલ" નું માન—જે એક શુભવાણી સારે ચોઘડીએ બોલાય છે, તે મોડે વહેલે ફલિયા વગર રહેતી નથી. વર્ષ એકની વાતપર એવી એક વાણી નિકલીને ઢપ પડી ગઇ હતી કે, આપણા દસ્તુરજી દારાબજી માહીયારજીને વડોદરાના નામદાર મહારાજા શ્રી સયાજીરાવે કૃપાવંત થઇ "છત્રી મસાલ" નું માન આપવાનો નિશ્ચય કર્યો છે, તે વેલા તે વિચાર કે ઠરાવ થયો હોય યા નહીં, પણ હમણાં તો તે ઠરાવ થઇ અમલમાં પણ આવી ચુકયો છે. ગયા બ્રેસપતવારે અમે ખાસ વધારા કાઢી વધાઇ આપી ચુકા છિયે તે પ્રમાણે, આપણા માનવંત કદરદાન મહારાજા સાહેબે કોમ પરકોમની બેહદ ખુશાલી વચે, તેની આગલે દીને વડોદરા ખાતે ભરાયલી દિવાલીની સગનવંતી દરબારમાં એ દસ્તુરજી સાહેબને છત્રી મસાલનું માન અર્પણ કીધેલું જાહેર કર્યું હતું. એ માન મોટું છે, અને તે મેળવવાને ભાગ્યશાળી થવા માટે એ ભાગ્યશાળી દસ્તુરજીને અમે અમારી તરફથી, પારસી કોમ તરફથી, તેમજ તેઓને ચાહનારી તમામ પ્રજા તરફથી મુબારકબાદી આપિયે છિયે, અને દુવા માગિએ છિયે કે, તેઓ એ માન લાંબી, સુખી તથા કિર્તી ભરેલી જીંદગી સાથ ભોગવવાને, તથા એ કરતાં ચઢતાં માનો મેળવવાને શક્તિવાન નિવડો. દસ્તુરજી સાહેબ દારાબજી આપણા જરથોસ્તી પ્રીરકાના વડા ધરમગુરૂ તથા નવસારીની પ્રજાના આગેવાન છે; એટલે તેમને આ માન આપવામાં આપણા મેહેરબાન મહારાજાએ જાણે તમામ જરથોસ્તીઓને તથા કુલે નવસારીવાસીઓને માન આપ્યું છે, જે માટે આપણે તેમનો મોટો આભાર માનીશું ને તેમની તથા તેમના રાજયની આબાદી તથા જયકારી ઇચ્છીશું. દસ્તુરજીના મહાન વડિલોએ આજથી ત્રણસો વરસપર દીલ્હી ખાતે શેહનશાહ અકબરની દરબારમાં મોટાં માનપાન મેળવ્યાં હતા, કે જે તવારિખરૂપી યાદગાર બનાવની નોંધ આજનાજ અમારા અંકમાં, એરવદ જીવનજી જમશેદજી મોદીનાં પુસ્તકની તપાસ રૂપે રજુ થઇ છે. તે પ્રમાણે રાજકય માન મેળવીને, દસ્તુર દારાબજીએ મરહુમ મેહેરજીરાણાની ગાદીનાં માન મરતબામાં મોટો ઉમેરો કર્યો છે. એ માનથી કોમ પરકોમમાં કેટલી બધી ખુશાલી ઉપજી છે તે એટલાથીજ જણાશે કે, એ વાતની ખબર ફેલાતાંજ ચોતરફથી દસ્તુર દારાબજીપર મુબારકબાદી તથા દુવા

ગુજારીના કાગળો તથા તારો ફરી વહેવા લાગ્યા છે. મરહુમ રૂહશાહ દસ્તુર મેહેરજી રાણાની ગાદી જાતેજ ભાગ્યશાળી તથા માનવંતી છે, અને તેના જાયનશીનો માન પામતા આવ્યા છે; પણ દસ્તુર કારાબજી જેટલાં અને જેવાં માન અકરામ પામતા જાય છે, તે સર્વથી વધારે જણાય છે. તેમની પેલી ભયંકર માંદગી વેળા અને તેમાંથી સાજા થવા પછી, તેમના પુત્રની નવજોત ટાણે, ત્યાર બાદ તેમની મુંબઇની સેલગાહ અને ત્યાંથી અત્રે થયલી પાછી પધરામણી વેળા તેઓને મળેલાં માન, અને છેલાં રાજ્યાભિષેક ટાણે તેમને મળેલી સરટીફીકેટ ઓફ મેરીટનું માન ખરેજ અસાધારણ હતાં, અને હાલ તેમને મળેલાં "છત્રી મસાલ" નાં માને તેમાં ભારે ઉમેરો કર્યો છે. ત્યારે જો ભવિષ્યમાં તેઓ તેથી પણ કાંઇ ચઢતા પ્રકારનાં માન મેળવવાને ભાગ્યશાળી થાય, તો આપણે અજબ થઈશું નહીં.

નો૦ ૧૬૭.

જામે જમશેદ.

(તા૦ ૭ મી નવેમ્બર સને ૧૯૦૩)

અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહેરજીરાણા.

——(૦)——

કરતા—સમશ-ઉલ-ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ.

સમશ-ઉલ-ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદી, બી. એ. ની કાબેલ કલમથી લખાયલું આ ઉપયોગી પુસ્તક ઘણું અગતનું જાણવાજોગ વાંચન પુરૂં પાડે છે. વીદયા અભયાસના એ માનવંત અથાગ પુંજારીએ રોયલ એશયાટીક સોસાયટીની મુંબઇની શાખા સનમુખ તા૦ ૧૯ મી ડીસેમ્બર ૧૯૦૧ ના દીવસે "અકબરની દરબારમાં પારસીઓ અને દસતુર મેહેરજી રાણા" એ વીશય ઉપર એક અગતનો નીબંધ વાંચ્યો હતો, જેણે તેજ વેળા પારસી કોમનું ઘણું ધયાન ખેંચ્યું હતું. તે પછી ગઇ તા૦ ૧૩ મી જુલાઇએ એજ મંડળી સનમુખ એ વીદવાન એરવદ સાહેબે "શેહેનશાહ અકબર તથા દસતુર મેહેરજી રાણાને લગતી આંકેટીલ કુ પેરાંની નોધો" એ વીશય ઉપર એક બીજો ઉપયોગી નીબંધ વાંચી સંભળાવ્યો હતો. મજકુર બંને નીબંધો એરવદ જીવનજી મોદી તરફથી એક પુસતકના આકારમાં હાલ બાહેર પાડવા માં આવ્યા છે. પારસીઓને લગતી આગલી પાછલી તવારીખનો અંગત અનુભવ જાતે મેળવવા માટે ૧૯૦૦-૧૯૦૧ માં જાણીતાં ફરેંચ બાનુ મીસ મેના ફ્રાનસની સરકાર તરફથી પશચીમ હીંદુસતાનની મુલાકાતે આવ્યાં હતાં. એ વેળા એ વીદવાન બાનુએ કીધેલી એલતેમાસ ઉપરથી એ નીબંધોમાં સમાવવામાં આવેલી બાબતનો બારીક અભયાસ કરવાનું એરવદ જીવનજી મોદીએ માથે લીધું હતું. તેથી પોતાનું આ ઉપયોગી પુસતક મીસ મેનાને તેવણની હીંદુસતાન દેશની મજકુર મુલાકાતની યાદમાં અરપણ કરવામાં કરતાએ એક ઘટતું અને તારીફલાયક પગલું ભરેલું લેખી શકાય. પારસી કોમ માટે એરવદ મોદીનું આ પુસતક વગર શકે અતી મોટી અગત ધરાવનારૂં છે. મેહેરજીરાણા જેવા એક નામીચા પરહેજગાર દસતુરના સંબંધમાં એ પુસતક ઘણું જાણવાજોગ અજવાળું નાખે છે. કેટલાક પુરાણા જાણવાજોગ અગતના દસતાવેજોની જે 'ફેક-સીમીલી' એ ચોપડીની આખેરીએ રજુ કરવામાં આવી છે તેને લીધે એ ઉપયોગી પુસતકની અગત ઓર વધી પડે છે. પુરાણા

અસલ દસ્તાવેજો મહા મેહનતે મેળવી તેઓની 'ફેક્ટ-સીમીલી' ઉતારી લઈ, તેઓનો ધીરજ અને ખંતથી બારીક અભ્યાસ કરી, તે આધારે અનેક અગતની શોધખોળો કરી અસલી તવારીખ ઉપર જાણવાજોગ ઘટતું અજવાળું નાખવાની અને ખરી બીના શું છે તે શોધી કહાડવાની એરવદ જીવનજી મોદીની તારીફ લાયક ઢાળજીનાં જેટલાં પણ વખાણ ગાઈયે તેટલાં ઓછાં છે. પારસી પંચાયતના સેક્રેટરીનો માનવંત ઓધો એરવદ જીવનજી મોદી ભોગવે છે, પણ એ ઓધા સાથે જોડાયલી ફરજો, જોખમદારીઓ અને કામકાજની રોકાણો કેટલી બધી બોહોળી છે તેનો જ્યારે આપણે ખયાલ કરીયે છીયે તયારે તેવી અનેક કીસમની બોહોળી રોકાણો છતાં એ કાબેલ એરવદ પોતાનો અભયાસ જે ખંતથી દરરોજ ચાલુ વધુ અને વધુ આગળ વધારયા જાય છે, અને તેનાં જે શુભ ફળો અનેક ઉપયોગી પુસ્તકો, વીદવતાભરેલાં ભાશણો અને અસરકારક વાએજોના આકારમાં તેવણ બાહેર પાડતા જાય છે, તેથી આપણને અજાયબી ઉપજયા વીના રહેતી નથી. એરવદ જીવનજી મોદીએ અતયાર સુધીમાં પારસી ધરમ, તવારીખ, સાહીતય, અસલી ધરાનીઓ વગેરેને લગતી જુદી જુદી અનેક રસીલી બાબતોથી ભરપુર ૨૩ ઈંગ્રેજી તથા ૧૫ ગુજરાતી ઉપયોગી પુસતકો બાહેર પાડયાં છે. એ ઉપરાંત તેવણે સંખ્યાબંધ બાહેર ભાશણો તથા વાએજોને કરીને પણ પોતાની કોમની કીમતી સેવા બજાવી છે. એ સઘળી બીના તેવણ જેવા એક અથોરનાનજાદાને વાજબી રીતે મગરૂર કરનારી અને તેવણ તરફનાં પારસી કોમનાં બાનમાં સંગીન વધારો કરનારી છે.

——(૦)——

ના૦ ૧૬૮

પંચડાંડ.

(તા૦ ૧૫ મી નવેમ્બર સને ૧૯૦૩)

મોટા પ્રતાપી પંચશ્રી લશ્ર ડાંડ અવતાર, સુથારે ડાંડ, ભાંડ, સાંઢ-ધરી હલમ તલવાર.

અકબર અને મેહેરજીરાણા સંબંધી વિષયનું એરવદ જીવનજી મોદીનું નવું મોટું પુસ્તક.

આજથી બરાબર બે વરસની વાટપર, જયારે આપણી વસ્તીના વિદ્વાન પારસી ગ્રહસ્થ શમ્સુલ ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદી બી૦ એ૦ એ, રોયલ એશ્યાટિક સોસાયટીની મુંબઈની શાખાનાં જેવાં વિદ્વાન મંડળ આગળ "શાહ અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહરજીરાણાં," એ બાબતપર એક કીમતી નિબંધ વાંચીને, નવસારીના એજ મહાત્મા પારસી ધર્મ ગુરૂએ નામદાર શાહ અકબરને પારસી ધર્મ સમજાવી તેના તરફ પ્રસન્ન કરવાનું જગ જાહેર સિદ્ધાંત સાબેત કરી આપ્યું, ત્યારથી એવી વાટ રખાતી હતી કે, એ નિબંધ તેઓ તરફથી એક પુસ્તક રૂપે છપાઇ પ્રગટ થશે. અંતે તે વાટ ખરી પડી છે, અને એજ નામે એજ વિષયનું એક મોટું દલદાર, સુંદર વિદ્વતા ભરેલું પુસ્તક તેમણે હમણાં બાહેર પાડયું છે, તે જો કે લગ્નર મોટું નિકળ્યું છે તોપણ, "મોટું આવે તે ઘણું સારૂં આવે" એ કહેવત પ્રમાણે તે આપણી આશા કિંવા ધારણા કરતાં બેહદ મોતેબર અને માતબર છે. એરવદ જીવનજી તેમાં માત્ર આ એકજ નિબંધ સમાવીને અટકયા નથી. તે નિબંધ ગ્રહરૂહ સોસાયટીની સભા હજુર વાંચ્યા

પછી તેમણે તેનાજ સંબંધમાં બીજા બે નિબંધો વાંચ્યા હતા;—એક બેજ મંડળીમાં "શાહ અકબર અને મેહરજીરાણા વિષે આંકુએટીલ દુ પેરાની નોંધ" એ મથાળે, અને બીજો અત્રેની જ્ઞાન પ્રસારક મંડલીમાં "શાહ અકબરના વખતના નવસારીના પારસીઓના થોડાક પુરાણા દસ્તાવેજો" એ મથ ા. પેહલા બે અંગ્રેજીમાં, અને છેલ્લા એક ગુજરાતીમાં. ખુલાસાની નોટો તથા દસ્તાવેજી પુરાવાના ફોટો ઝીંકો વગેરેના પુશ્કળ વધારા સાથ આ ત્રણે નિબંધો સમાવી આ એક પુસ્તક કરવામાં આવ્યું છે, જે જેમ અંગ્રેજી વાંચકોની તેમ તેનાથી બેનસીબ ગુજરાતી વાંચકોની ખુટ એક સરખી પુરી પાડે છે. અકબર તથા મેહરજી રાણાનો કીસ્સો, જે આગળ માત્ર એક મુઠીમાં સમાય એટલેા નાનો લાગતો હતો તે, આ રીતે આ પુસ્તક રૂપે એક તવારિખ સમાન ખડો થયો છે, અને તે જેમ એ વિષયનું મહાભારતપણું, તેમ તેના કાબેલ કરતાની ઉંચી વિદ્વતા તથા અથાગ અભ્યાસ, મેહનત તથા શોધ ખોલ, અચુક રીતે સાબેત કરી આપેછે.

પુસ્તકના વિષય વિષે અમારા વાંચના નારાઓને સમજ આપવાની, કે તે બાબે વિવેચન કરવાની અત્રે અમે કશી જરૂર જોતા નથી. પેલા "તવારિખના વિદ્વાન અભ્યાસી" કહેવાતા મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાએ જ્યારથી આ "સુતેલો સાપ જગાડયો" ત્યારથી, મુખ્યત્વે એર્વદ જીવનજી મોદીએ એ તકરારમાં આગેવાન ભાગ લેવા માંડયો ત્યારથી, અમે તે વિષે દરએક પ્રસંગે પુરતું લખ્યું છે, જે અમારા વાંચનારાઓની સ્મરણ શક્તીમાં તાજું હોવું જોઇયે. મી૦ જીવનજી મોદીનું પુસ્તક એ જુગેશ ભરેલાં જંગનો એક સામટો સરવાલો કિંવા સરવાયું છે, અને ધાર્યા મેહે તે કદાચ એ તકરારનો છેલ્લો "ટ્રોપ સીન" પણ થઇ પડશે. ઠાંકે, મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયા, જેઓ આ બાબતમાં જે થોડો વખત અજબ કુદાકુદ ને ઉડાઉડ કરી રહ્યા હતા, તેઓ આજકાલ ઠંડાગાર થઇ ગયલા લાગે છે, અને એર્વદ જીવનજીના પહેલા નિબંધ વેલા તેનો રદ જવાબ આપવાની જે કબુલાત આપી બંધાયા હતા, તે પાર પાડવાની કશી નિશાની તેઓ દેખાડતા નથી. અને ન તેઓ તે કબુલાત ન પાલતાં અખાડાજ કરી ગયા, તો તે અચુક રીતે તેમની "લીટરરી" કીર્તિની પડતીજ ગણાશે. તવારિખના ખાં તરિકે એકવાર તેઓ ઉરજીરમાં ઠીક નામના મેલવી ગયા હતા, પણ જ્યારથી તેઓએ આ તકરારમાં મુડી ખોસી છે, ત્યારથી તેમના હરિફોએ તરેહવાર રસ્તે અને અસંખ્યાત દાખલા દલિલોથી દેખાડી આપ્યું છે કે, તેઓનાં લખાણો, સિદ્ધાંતો અને તકરારોમાં ખરી શોધખોલ તથા વિદ્વતા કરતાં પોકલ ફડાકા પુંફારા વધારે છે, અને તકરાર મૂલ મુદ્દાથી કરવા કરતાં તેઓ ખાનગી અંગત લાગણી તથા પક્ષા પક્ષથી બોટે રસ્તે વધારે દોરવાઇ જાય છે. અકબરને પારસી ધર્મ મેહરજી રાણાએ નહી પણ ધરાનના એક દસ્તુર મરહુમ અરદેશર કેરમાનીએજ સમજાવ્યો હતો, એવું પોતાનું સિદ્ધાંત રજુ કરતાં તેઓએ એવું ડોલ ઘાલ્યું હતું કે, તેઓ જાણે એ વિષયનો સમુદર દોહલી વળ્યા છે; પણ એર્વદ જીવનજીએ નાખેલાં વિજલીક અજવાલાથી સ્પષ્ટ દેખાઇ આવ્યું છે કે, તેઓ તો હજુ એ મહાન "સમુદ્રના કીનારા પાસે કોરી કોરા વિણે છે"! એજ કે જે બાબતમાં મુંબઇ

સમાચારમાં પણ પહોંચેલો જણાય છે, કે જેણે મી૦ ઠરઠરયાની જબરી હિમાયત કરવા જોડે બિચારા નિર્દોષ મરહુમ દસ્તુર મેહરજી રાણા તથા તેમના વંશજોનું વગોણું કરવામાં કશી કચાસ રાખી હતી નહી. છેલ્લાં, રહયા સહયા પેલા ભોળા બિચારા મી૦ જમશેદજી પાલનજી કાપડયા પણ તેમને પુછડે ઘસડાયા હતા.

એ ત્રણેની ત્રીકડીની ઢંગ ધડા વગરની તકરારોનું પોકલ, યથાશકતી અમે તેજ વેલા દેખાડયું હતું. પણ તે માત્ર તકરારી રીતેજ. એર્વદ જીવનજી તો તકરારો ઉપરાંત દાખલા દલીલો, દસ્તાવેજી પુરાવા, તથા તેવી બીજી અસંખ્યાત શાહદતોનાં હથ્થારથી સજજ થઇ મેદાન પડયા છે. તેમનું પુસ્તક તકરારી કરતાં તવારિખી વધારે છે. ખરૂં જોતાં તે એક તવારિખજ છે. તવારિખ, તે પણ માત્ર અકબર અને મેહરજી રાણાનીજ નહીં. તે જમાનાના ગુજરાતના પારસીઓની પણ એક નાની સરખી તવારિખ રજુ કરે છે. વાંચનારાઓનાં લક્ષમાં હશે કે, અકબરને પારસી ધર્મ મરહુમ દસ્તુર મેહરજી રાણાએ સમજાવ્યો ન હતો, અથવા તેઓ તેને તે સમજાવી શકેજ નહીં, એ પોતાનાં બાગાં ટુંટાં સિધ્ધાંતને મી૦ ઠરઠરયાએ એક સડેલા વાંસાનો ટેકો એવો આપ્યો હતો કે, તે વેલાના ગુજરાતના પારસીઓ ધર્મ સંબંધો બાબતમાં તદન અજ્ઞાન અને દીનદારીમાં છેક હાલ હવાલ હતા. એર્વદ જીવનજીએ ખુદ મરહુમ દસ્તુર મેહરજી રાણાના, તેમના પીતાના, પુત્રના, તેમજ બીજાઓને હાથના કેતાબી પુરાવાઓ વગેરેથી સુર્યનાં તેજ પેરે સાબેત કરી આપ્યું છે કે, આ વાત તદન નાપાયદાર છે; એટલે મરહુમ દસ્તુરજી તેમજ તેમની આસપાસના જમાનાના પારસીઓ ધર્મ જ્ઞાન તથા દીન ઇમાનમાં પોતાના ઇરાનવાસી ભાઇબંધો કરતાં કોઇ રીતે ઉતરતા ન હતા; બલકે તેઓથી ચઢતા હતા. ખરેખર આ વાત તે મરહુમોને ઇન્સાફ આપનારી, અને આજના તેમના પારસી વ જોને ગરૂરી ઉપજાવનારી છે. અલબતે, આ કાંઇ નવી શોધી કાઢેલી વાત નથી. તે સૌની ને જાણીતી છે. આ તકરારની જુબોનમાં તે દાખલા પુરાવા સાથે પ્રથમ અંગ્રેજી પત્રોમાં, આપણા જાણીતા વિદ્વાન એક માર્ગી પારસી ગૃહસ્થ પ્રોફેસર શાપુરશાહ હોરમજી હોડીવાલા તરફથી ચોકકસ તખલ્લુસ સાથે રજુ થઇ હતી; અને એર્વદ જીવનજીએ તેને વધારે દાખલા પુરાવા સાથ બહોલા. વિસ્તારમાં રજુ કીધી છે. એર્વદ જીવનજીનું પુસ્તક આ રીતે, હયાત તેમજ ગુજર પામેલા પારસીઓની એક મોટી સેવા બજાવનારૂં છે, અને તે દરએક પારસીએ માત્ર વાંચવા જોગજ નહી પણ અભ્યાસ કરવા લાયક છે.

———o———

નં૦ ૧૬૯

કયસરે હિન્દ.

(તા. ૧૫ મી નવેમ્બર ૧૯૦૩)

પુસ્તક પરીક્ષા.

"The Parsis at the Court of Akbar and Dustur Meherji Rána. Two Papers, Read by Jivanji Jamshedji Mody, B. A., Before the Bombay Branch, Royal Asiatic Society."

" શાહ અકબરની દરબારમાં પારસીઓ " એવે નામનું એક ઇંગ્રેજી ભાષણ. શમ્શુલ-ઓલમા એરવદ જીવનજી જમશેદજી મોદીએ બે વરસની વાત ઉપર

અત્રેની રાયલ એશ્યાટીક સોસાયટી સન-મુખ આપ્યું હતું, તે તેના ગુજરાતી તરજુમા સાથે એવણે હમણાં છપાવી બ્હાર પાડયું છે, જે ૪૦૦) પાનાનું એક સુંદર પુસ્તક બન્યું છે. પુસ્તકની સેવટે પેહેલા દસ્તુર મેહેરજીરાણા તથા તેવણના છોકરા કેકોબાદને શાહ અકબર તરફથી મળેલી જાગીરોનાં અસલ ફારસી ફરમા-નોની આબેહુબ ફોતોથી લીધેલી ફેકસિ-મિલી નકલો તેમજ દસ્તુર મેહેરજીરાણાનું વડપણ અને મોભો શો હતો તે દર્શાવનારા સાડી ત્રણસો વરસ ઉપરના પુરાણા બીજા કેટલાક ગુજરાતી દસ્તાવેજોની ફોતોથી લીધેલી આબેહુબ નકલો આપવામાં આવી છે, જેથી પુસ્તકની અગત્યતા અલબતાં ઘણી વધી ગઇ છે. આ એોચરીઆંએો માહેલું એક આખું મરહુમ રૂહશાદ દસ્તુરજીના પોતાનાં મુબારક હાથ દસ્કત-નું છે. આ સઘળાં ફારસી તેમજ ગુજ-રાતી એોચરીઆંએોનું વાંચણ એરવદ જીવનજીએ ઇંગ્રેજી તેમજ ગુજરાતીમાં આપેલું છે, જે સઘળું બતાવે છે કે તેવણે ભાષણ આપ્યા પછી આ ચોપડી પ્રગટ કરતાં બે વરસની જે લાંબી મુદત ગુજરી ગઇ છે, તે દરમ્યાન એવણને પૈસાનો અને મહેનતનો પુશકલ ભોગ આપવો પડયો હશે. શાહ અકબરની દરબારમાં મેહેરજીરાણા દસ્તુરને જરથોસ્તી ધરમનાં ફરમાનોની સમજણ આપવા માટે બો-લાવવામાં આવ્યા હતા એવી સદીએો થયાં પારસીએો મધે મનાતી આવેલી બીના તદન બોટી અને નાપાયદાર છે એવું મી૦ રૂ. પે. કરકરયાએ ઇ૦ સ૦ ૧૮૯૬માં આપેલાં એક ભાષણમાં સમ-જાવ્યું હતું. તેવણની તકરાર એ હતી કે શાહ અકબરને ધરમ સમજાવનાર દસ્તુર મેહરજીરાણા ન હતા, પણ કેરમાનના દસ્તુર અરદેશર હતા, કારણ કે જે જમાનામાં અકબર થઇ ગયા "તે વ-ખતે ગુજરાતમાં જરથોસ્તીએોમાં ધર્મ સંબંધી બાબદનું અંધારૂં હતું." જેથી પારસીએોની હાલત તે વેળા એવી ન હતી કે તેએો ધર્મ સમજાવી શકે, અને વળી નવસારી તો બુણે પડેલું એક ગામ હતું, તેથી શાહ અકબર ત્યાંથી કોઇને બોલાવી ન શકે. આ સઘલી દલીલોનું એરવદ જીવનજીએ હાલ છપાવી પ્રગટ કીધેલાં પોતાનાં ભાષણોમાં ખંડણ કીધું છે.

આ કાબેલ્યત ભરેલાં ભાષણોમાં ઘ-ણીક મજબુત દલીલોથી અને યુરોપીયન એોલમાએોનાં મતો ટાંકી તેવણે બતાવી આપવાની કોશેશ કરી છે કે ૧૬મી સદીમાં ગુજરાતમાં ધર્મ સંબંધી સારૂં જ્ઞાન ફેલા-યલું હતું. લખાણોની શાહદત અને દસ-તાવેજી પુરાવાએોથી તેવણ દેખાડે છે કે ગુજરાતની પારસી વસ્તીમાં નવસારી પે-હેલો દરજ્જો ધરાવતું હતું, અને દસ્તુર મેહેરજીરાણા અને તેવણના બાવા ત્યાંની અંજુમનમાં આગેવાન દરજ્જો ધરાવતા હતા. શાહ અકબરનાં રાજ્યના મુખ્ય બનાવોનો કોઠો આપી તેવણે સહમજ પાડી છે કે શાહા અકબરના દરબારમાં ધર્મ સંબંધો તકરારો ૧૫૭૬માં શરૂ થઇ ૧૫૭૯માં ખતમ થઈ હતી. અને દસ્તુર અરદેશર તો કેરમાનથી છેક ૧૫૯૨માં ફરહંગે જાંહાંગીરી નામનો શબ્દકોષ બ-નાવવામાં મદદ કરવા માટે આવ્યા હતા. ૧૫૭૯માં શાહે જાહેર રીતે બોરશેદ અને આતશની સેતાયશ કબુલ રાખી, ૧૫૮૨ માં જરથોસ્તી તરીકા મુજબનાં ૧૪ જશનો મુકરર કીધાં, અને જરથોશાતી રોજ માહા સરકારી દસ્તાવેજોમાં દાખલ કીધો એટ-લું જ નહિ પણ પોતાના સીક્કાએો ઉપર જરથોસ્તી મહીનાએોની છાપ આપવાનું પણ શરૂ કીધું. વળી મી૦ કરકરયાનું

કેહવું એ હતુ કે દસ્તુર મેહેરજીરાણા શાહ અકબરની દરબારમાં ગયા હતા એવાં બોલવાને કોઇબી કેતાબ ટેકો આપતી નથી તથા તેવણની શીકૃતમાં જોડાયલાં ગાયણો ૪૦-૫૦ વરસથી વધારે આગમજનાં નથી. આ તકરારોની સામે આજથી ૧૩૬ વરસની વાત ઉપર દસ્તુર શાપુરજી સંજાનાને હાથની લખેલી એક કેતાબનો ફકરો ટાંકી એરવદ જીવનજી બતાવી આપે છે કે દસ્તુર મેહેરજી રાણા દોલ્હી ગયા હતા એ વાત હમણાંની નહીં પણ આપણા બાપદાદાઓને જાણીતી બીના હતી. એક બીજી કેતાબ જે હાલના સર દીનશાહ માણેકજી પીટીટના બપાવાના બપાવાના સસરા માટે ૧૧૦ વરસની વાત ઉપર લખવામાં આવી હતી, તેમાંથી શાહના પોતાના ગવૈયા તાનસેનના હાથનું જોડેલું એક ચોકસ ગાયણ એરવદ જીવનજીએ ટાંકી બતાવ્યું છે. આ ગાયણ જે ગાયણકલાના જાણીતા ઉસ્તાદ સર સુરેનદ્રો મોહન તાગોરની સરટીફીકેટ પ્રમાણે તાનસેનનું પોતાનું જોડેલું લાગે છે, તેમાં તે શાએર ગાય છે કે

" ઇઆ હુ પારશી પઢે શો કબૂલ
ઇઆ ધણી પારશી પઢે શો કબૂલ"

એટલે યા ખોદાવંદતાલા, પારસી પઢે છે તે તારી જનાબમાં કબુલ થાય છે, યા ધણી પારસીની બંદગી તું કબુલ રાખે છે. (પાનું ૧૬૪) પણ એરવદ જીવનજીની તકરારના ટેકામાં તેવણને જે એક બીજી ન ધારેલી અને વધારે મુસ્તકીમ સાખેતી મળી આવી છે તે એ છે કે પેરીસની જાહેર લાઇબ્રેરીમાંથી હિંદુસ્તાનમાં આવી ગયલા આંકુટીલ દુપેરોંના હાથ દસ્તકની ૧૫૦ વરસની પુરાણી એક નોંધ છે, જેમાં એ નામીચા મુસાફર અને અભ્યાસીએ લખ્યું છે કે "શાહ અકબરે સુરત નજદીક આવેલી કાંકરાખાડીની જગા આગળ મેહેરજી રાણાની મુલાકાત લીધી હતી." એજ દસ્તાવેજમાંથી બીજી બીના એ ધણીએ સમજેલી ટપકાવી લીધી છે કે શાહ અકબરે સદરો કરતી પણ પેહેરયો હતો. (પાનું ૩૮૯).

આવી ઘણીક તકરારોથી એરવદ સાહેબનું પુસ્તક ભરપુર છે. પોતાના દીબાચામાં એવણે એક સાલેસ ગ્રહસ્થનાં નામની " ખાસ " નોંધ લેઇ તેવણને-પ્રોફેસર શાપુરશાહ હોરમસજી હોડીવાળાને-માન આપયું છે, તેને તેવણ તદન લાયક છે, કારણ ૭ વરસ આગમજ જયારે આ તકરાર પેહેલી જાગી ત્યારે એજ ધણીએ ઘણી બાહોશીથી તે ચલાવી હતી.

સર્વ રીતે આ ચોપડી સંતોષકારક રીતે લખાયલી છે, અને પોતાના આગલા વખતના એક દસ્તુરની કિર્તિ વીશે જાણવાની હોંસ રાખનાર જરથોસ્તીઓને તે વાંચવાની અમો ભલામણ કર્યે છીએ.

ના૦ ૧૭૦

રાસ્ત ગોફતાર તથા સત્ય પ્રકાશ.

(તા. ૮ મી મે ૧૯૦૪)

અકબરશાહની દરબારમાં મેહેરજીરાણા.

" THE PARSEES AT THE COURT OF AKBAR AND DASTUR MEHERJEE RANA."

એરવદ જીવનજી મોદીનો મોટો ઇંગ્રેજી ગ્રંથ.

આપણા આ શમ્સ ઉલ ઓલમાએ અનેક ઇંગ્રેજી ગ્રંથો લખ્યાછે તેઓમાં આ મથાળે મુકેલાં નામવાળો સૌથી મોટો

અને સૌથી રસીલો છે. લાંબા જમાનાથી બોલાતું આવેલું છે કે દિલ્હીના પ્રખ્યાત મહાન પાદશાહ અકબરે નવો ઇલાહી મજહબ સ્થાપ્યો તે આગમજ તેણે દેશ પરદેશથી જુદી જુદી દીનવાળા આલેમોને બોલાવ્યા હતા તેઓ મધેના એક શ્રી નવસારીવાળા મોબેદ મેહરજી એરવદ વાછા નામના સાહેબ પણ હતા, જેમને દિલ્હીથી પાછા ફર્યા બાદ નવસારીની પારસી અંજુમને પોતાના પેહલવેહલા દસ્તુર મુકરર કીધા હતા, અને જેઓ હિંદુસ્તાનમાં પેહેલ વેહલા દસ્તુર ગણાય છે. પણ મેહરજીરાણા દિલ્હી ગયા ન હતા એવો આક્ષેપ લેવાયાથી અને રૉયલ એશિયાટિક સોસાયટીની અત્રેની શાખા સભામાં એક નિબંધ વંચાયાથી નવસારી, મુંબઇ, અને જ્યાં જ્યાં મેહરજીરાણાને પીછાનનારાઓ હતા તેઓ વચ્ચે ભારી અજાયબી ફેલાઇ હતી. આ અચરતીનું સમાધાન ઉપલા નિબંધ પછી થોડીક મુદતે એરવદ જીવનજી મોદીએ ઉપલીજ શાખા સભામાં "અકબરની દરબારમાં ગયલા પારસીઓ અને દસ્તુર મેહરજીરાણા" એ વિષય ઉપર એક માઅકુલ નિબંધ વાચ્યા પછી થયું હતું, કે જેમાં ઘણાંએક ગ્રંથકારોનો શાહદત ઉપરાંત દસ્તાવેજી દાખલા પુરાવાઓ રજુ કરવામાં આવ્યા હતા. જ્યારે આ નિબંધ એરવદ જીવનજીએ ટાઉન હૉલમાં ઉપલી સભાનાં દીવાનખાનાંમાં વાંચ્યો ત્યારે અમો હાજર હતા, અને તેજ અડવાડિયાંમાં અમે આ રસોલા વિષય બાબે લખાણ કરીને ઉમેદ બતાવી હતી કે આ નિબંધ છપાઇને પ્રગટ થશે ત્યારે દસ્તુર મેહરજીરાણાના સંબંધમાં પારસી આલમને ઘણી નવી બાબતો જાણવાની બનશે અને આ સવાલ ઉપર ઘણું નવું અજવાળું પડશે.

હવે આ નિબંધ બાહેર પડી ચુકયોછે અને અમારી વકી ઉપરાંત તે નવું અજવાળું નાખનારો અને નવું જ્ઞાન કરનારો સાબેત થયોછે. દરમિયાન એરવદ જીવનજીએ "શાહ અકબર અને દસ્તુર મેહેરજીરાણાના સંબંધમાં આંકુટલ ડુ પેરોંની નોંધ (૧૭૫૫ -૬૧)" એ નામથી એક બીજો નિબંધ પણ ઉપલીજ મંડળી આગળ વાંચી સંભળાવ્યો હતો, અને તેનેબી હાલનાં દફતરના બીજા ભાગ દાખલ સાથેજ પ્રગટ કરીને એરવદ જીવનજીએ પારસી ટોળાની, અને સૌથી વધારે મેહરજીરાણા ખાનદાનની નહિ વિસરાય એવી કીમતી સેવા બજાવી છે. પારસીઓની તવારીખ ફ્રેંચ ભાષામાં લખનારી પ્રખ્યાત મેમ્જલ મીનાંની ફરમાશથી એરવદ જીવનજીએ અકબર અને મેહેરજીરાણાને લગતી બાબતનો અભ્યાસ પેહલો હાથ ધર્યો હતો, અને તે ઉપરથી એ વિષયને પુરતો ઇન્સાફ આપીને એરવદ જીવનજીએ હાલનું ૨૦૦ સફાનું ઇંગ્રેજી દફતર બાહેર પડયું છે. એરવદ જીવનજી મિસ મેનાનો ઉપકાર માનેછે કે તે બાઇએ આ વિષયનાં અભ્યાસનો શોખ એમનાં મનમાં પ્રથમ પેદા કીધો હતો, પણ પારસી કોમ એરવદ જીવનજીનો આભાર માનેછે કે આ શોખ ઉપરથી એમણે આ કીમતી રસાલાઓ લખવા, વાંચવા અને સાહિત્યના શોકીનોમાં ફેલાવો કરવાને શકિતવાન થયાછે. આ નિબંધોની લંબાણ તપાસ લેવાની હવે જરૂર રહી નથી, કેમકે જે કાંઇ આપણે જાણતા હતા, જે કંઇ આજ વર્ષોથી દંતકથા દાખલ બોલાતું હતું, જે કાંઇ ગાયન કે ખિયાલ રૂપે મશહુર હતું તેને એરવદ જીવનજીએ પોતાની સદાની રીત મુજબ દાખલા મુકાબલાથી, શાહદતો અને પુરાવાથી, પુસ્તકો અને દસ્તાવેજોથી, હુકમો અને ફરમાનોથી, સાબેત કરવાને, મજબૂત અને નકકી કરવાને પોતાથી બનતું કીધું છે.

ખેહરજીરાણા, બડાજી સ્યાણા, પુરા બંદા સાહબકા,
અકબર બાદશાહ સદા પેહના, દેખ તમારા મનહબકા"

આ મથાળાંની એક લાંબી રસિલ્લી લાવણી આજ વર્ષો થયાં જોડાઈ છે અને સુરત, નવસારી તથા મુંબઇમાં પણ તે ગવાતી આવીછે. પણ એવીજ એક બીજી લાવણી અમોએ એક પુરાણાં હસ્તલેખી દફ્તરમાં વાંચેલી હતી તેની એરવદ જીવનજીને યાદ આપવાથી, તેમાંથી કોઇ જેવા તેવા નહિ પણ મિયાં તાન્સેન જેવા અકબર શાહના ચુનંદા દરબારી ઉસ્તાદ ગાયનકારની બનાવેલી મળી આવી છે અને આપણા શમ્સ ઉલ ઓલમાના હાલ પ્રગટ થયલાં દફ્તરમાં તે આખી ઉતારી લીધીછે તે મુજબ અમો તે નીચે આપિયે છિયે, કે જે સાબેત કરેછે કે મેહરિયાર (મેહરજી રાણા) જેવો પારસી મોબેદ દિલ્લી ગયો હતો અને તેની તારીફમાં તાન્સેન ગવૈયાએ આ ગાયન જોડયું હતું, કેજે સારંગ રાગમાં ગાઇ શકાયછે. અમો કબૂલ કરીશું કે આ ગાયન કંઇક બિગડેલું છે, તોપણ ૧૧૬૧ યજદેગર્દીમાં લખાયલી એક ગુજરાતી કેતાબમાંથી ઉતારેલું તે છે. માટે જે કાંઇ ખામી હોય તે આજ ૧૧૨ વર્ષની હોવી જોઇયે. તાન્સેન ગાઇ ગયો છે કે—

"ઇઆહૂ પારશી પઢેશો કબૂલ,
ઇઆ ધણી પારશી પઢેશો કબૂલ.
અગરકી પીઠ ચંદન લપેટેઉ
જેશોઇ શૂખડ પેડ.
ઇઆહૂ પારશી પઢેશો કબૂલ.
લંબી લંબી દાહાડી શાહ મેહેરીઆર,
તેરી મૂખપર બરશત નૂર.
ઇઆહૂ પારશી પઢેશો કબૂલ.
કેહેતો મીરાં તાનશંગ
શૂનો શાહ અકબર,
ઇઆહી બેહેશતકો કૂલ
ઇઆહૂ પારશી પઢેશો કબૂલ."

કેમ જણાય કે આ ગાયન મિયાં તાન્સેન જેવા ચુનંદા ગવૈયાનુંજ રચેલું છે? એરવદ જીવનજીએ એ બાબત મુકરર કરવા માટે હિંદી ગાયનના મોટા સત્તાધારી કલકત્તાવાળા મહારાજા સર સુરેંદ્રો મોહન તાગોર બહાદૂર ઉપર આ ગાયનની નકલ મોકલાવીને એરવદ જીવનજીએ તેમનો આભપ્રાય માંગ્યો. અગરને સાબેત થાય કે આ ગાયન તાન્સેનનુંજ જોડેલું છે તો સાબેત થાય કે મેહરજીરાણા દિલ્લી ગયા હતાજ. અને સર સુરેંદ્રો મોહન તાગોરે જે અભિપ્રાય આપ્યો છે તે ઉપલી બિના સાબેત કરેછે. પ્રથમ વિજળીક સંદેશા મારફતે અને ત્યાર બાદ પત્ર મારફતે મહારાજા તાગોર જણાવે છે કે—

"I am of opinion, so far as my humble belief goes, that the song which you had sent me as Tansen's is, as I already wired to you, his. Though the language is not that in which he ordinarily composed his songs, yet from the construction and general style of the piece, the song affords internal evidence of being the composition of that great singer. . . . . "

આ બાબતને વધારે લંબાવવાની અમારી પાસે જગા નથી તેમ જરૂર પણ નથી. એરવદ જીવનજીનો ગ્રંથ દાખલા પુરાવાથી ચીકાર છે, અને જેઓને ત્રણસો વર્ષની પારસી તવારીખ જાણવાની ખાહેશ હોય તેમને આ ગ્રંથથી ઘણું સારૂં જ્ઞાન મળશે. આ ગ્રંથને સંગીન બનાવવાને માટે એરવદ જીવનજીએ ઘણાએક દસ્તાવેજોની મદદ લીધીછે, અને તે ધરાવનારાઓનાં નામો આપી તેમનો ખાસ આભાર માન્યો છે તે બરાબર કીધું છે. કેટલાક ફારસી દસ્તાવેજો, ફરમાનો તથા પુરાણા ગુજરાતી લેખોની ખાસ નકલ કરાવીને આ પુસ્તકમાં દાખલ કરવામાં આવીછે, જેથી આ ગ્રંથની કીમત ઘણી વધી જાય છે. એક તો પ્રખ્યાત આંકુલ્લ

કુ પેરાની નોંધનો ફ્રેંચ લેખ અહીં આપણે જોઇયે છિયે, કેજે સાબેત કરેછે કે ૧૮ મી સદીમાં મેહરજીરાણા દિલ્હી ગયા હતા એવું ગુજરાતમાં જાહેર હતું. આ સઘળા હસ્તલેખી દસ્તાવેજોમાં એક તો એક ફારસી કાવ્યગ્રંથ છે, જે "કિસ્સે આતશ બેહરામે નવસારી" નામે મશહુર છે. એ ફારસી કાવ્ય સુરતવાળા દસ્તુર શાપુરજી માણેકજી સંજાણા (૧૭૩૫—૧૮૦૫) એ લખ્યું છે. અને આ શાયરના પોતાના હાથે લખેલા સૌથી પેહલા ખરડાવાળા ગ્રંથનોજ એરવદ જીવનજીએ પોતાનાં હાલનાં પુસ્તકમાં ઉપયોગ કર્યો છે, કે જેમાં પણ લખ્યું છે કે માહિયાર રાણા દિલ્હી અકબરની દરબારમાં ગયા હતા અને દીનની ઘણી ગવાહી બતાવી હતી. હવે આ દસ્તુર શાપુર સંજાણવાળો કોમતી ગ્રંથ એરવદ જીવનજીને કોઇ ઘણી તરફથી મળ્યો હશે તે ઉપરથી એમો એમ સમજેલા જણાય છે કે એ પુરાણો હસ્તલેખી ગ્રંથ તે ઘણીની મતા હશે. પણ તેમ નથી. અમો જાણિયે છિયે તેમ એ ગ્રંથ તો નવસારીવાળા મહુંમ દેસાઇ બરજોરજી પાહલનજીનાં ફારસી દફતરખાનાંને * લગતો છે, અને તેમની હૈયાતી બાદ તે તેમના એક બેટાનો માલેકીમાં છે. અમે જોઇએ છિયે કે એજ ભૂલ એરવદ જીવનજીએ પોતાનાં એક બીજાં લખાણમાં પણ કીધોછે, અને તેથી તેજ ભૂલ ફરી ફરીથી થવા નહિ પામે એટલા માટે અમો એમનું ધ્યાન બેંચિયે છિએ કે મજકુર હસ્તલેખી શાયરી ગ્રંથની માલેકીનું જે મત એમોએ જે ઘણીને આપવાનું ખરી બિનાની ગેરહાજરીમાં ઘટિત વિચાર્યું છે તે માલેકી તેનો નથી.

---

* જુઓ ના૦ ૧૭૦.

ના૦ ૧૭૧

રાસ્ત ગોફ્તાર તથા સત્ય પ્રકાશ.

(તા. ૧૫ મી મે સને ૧૯૦૪)

એક પુરાણા ફારસી હસ્તલેખની માલેકી બાબે ખુલાસો.

રા૦ ગો૦ તથા સ૦ પ્ર૦ ના અધિપતિ જોગ:-

સાહેબ, જત ચાલતા માસની તા૦ ૮ મીના તમારા પ્રસિદ્ધ પત્રમાં "મેહરજીરાણા અને અકબરનો દરબાર" એવે નામનાં એરવદ જીવનજી જમશેદજી મોદીએ પ્રગટ કરેલાં પુસ્તકનો 'રીવ્યુ' છપાયો છે તે વાંચવામાં આવ્યાથી એક ખુલાસો કરવાની ઇનસાની રાહે જગા આપશો તો ઉપકાર થશેજી.

સદર પુસ્તકની પરિક્ષા કરતાં આપ સાહેબ અસલ દસ્તાજો તથા હસ્તલેખોની ઘણીક તારીફ કરોછો તે બરહક છે, અને એ અસલ હસ્તલેખો મધેનો એક "કિસ્સે જરથોસ્તિઆને હિંદુસ્તાન" નામનો ફારસી કવિતાનો હસ્તલેખ હમારા મરહુમ બાવા બરજોરજી પાહાલણજી દેશાઇની માલેકી તથા કબજા વહીવટનો હતો તે તેમનાં ફારસી દફતરખાના મધેથી હમોએ ભાઇ શોરાબજી મંચેરજી દેશાઇને તેમની પુષ્કળ આજેજીને લીધે વાપડવા આપેલો હતો, જે એરવદ જીવનજી મોદીએ તેઓ પાસે પોતાનાં કામમાં જરૂરનો જાણી માંગી લીધો હશે અને અંજાણપણે તે હસ્તલેખ ભાઇ શો૦ મં૦ દેશાઇની માલેકીનો સમજી એરવદ જીવનજીએ પોતાનાં મજકુર પુસ્તકને પાને ૪૫-૨૩૩-૨૩૪ માં છાપી દીધું છે તે ભુલ છે.

આગલ પણ જ્યારે એરવદ જી૦ જ૦ મોદીએ એક જાહેર ભાષણ કરતાં એજ

હસ્તલેખની તારીફ કરી હતી અને તે લેખ પોતાને આપનારનો (શે।૦ મં૦ દેસાઇનો) માલેક દાખલ ઉપકાર માન્યો હતો, ત્યારે તે હેવાલ "જામે જમશેદ" માં છપાઇ ગયલો હાલ હમારા જાણવામાં આવ્યોછે, માટે આ લખી જણાવુંછું કે તે હસ્તલેખની માલેકી તો હમારા મરહુમ બાવાના વારેસોની છે કે જે વિષે મી૦ શે।૦ મં૦ દેસાઇએ થોડાંક વરસો ઉપર તમારાં "રાસ્ત ગોફતાર" ના તથા "સત્ય મિત્ર" ના અંકો માં જુદે જુદે વખતે એકરાર છપાવી તેમને એ પુસ્તક વાપડવા આપનારનો (યાને હમારો) ઉપકાર માન્યો છે, તેમજ પોતાની બનાવેલી 'તવારીખે નવશારી" નામની ચોપડીને પાને ૪૩ મે ખુલ્લો એકરાર કરી જણાવ્યું છે કે "મરહુમ દેશાઇ બરજોરજી પાલણજીનાં દફતરખાનામાંથી તેવણના બેટા મી૦ કેખુશરોએ હમને એ પુસ્તક આપયું છે."

હાલ હમોને જરૂર પડવાથી એ પુસ્તક જાતે માંગતાં તથા બીજા શખસો પાસે મંગાવતાં ભાઇ શે।૦ મં૦ દેસાઇએ એરવદ મોદી તરફથી પાછું ફરવે આપી દેવાની કબુલાત આપી હતી, તથા પોતાને હાથના ખાનગી પત્રોમાં પણ એ હસ્તલેખ હમારા મરહુમ બાવાની માલકીનો હોવા સંબંધી એકરાર કરી મરહુમના વારેસોને તે પાછો સ્વાધિન દેવા મોઢેની તેમજ લેખી કબુલત આપી હતી.

એવી રીતના સર્વે પ્રકારના મોઢેના તેમજ હસ્તલેખી કે છાપેલા એકરારો છતાં અજબ જેવું છે કે ભાઇ શે।૦ મં૦ દેસાઇ એ પુસ્તક પાછું હમારે સ્વાધિન આપવાની હાલ આનાકાની કરેછે!

નવસારી, તા૦ ૯ મી મે ૧૯૦૪.

આજ્ઞાકારી દુવાગેા,

કેખસરૂ બરજોરજી દેસાઈ.

ના૦ ૧૭૨
જામે જમશેદ.

(તા. ૩ જી જુન સને ૧૯૦૪)

અકબર અને મેહેરજીરાણા.

લખનાર-એરવદ દારાશા દસ્તુર મેહેરજીરાણા.

"અકબર, પારસીઓ અને દસ્તુર મેહેરજીરાણા" વાળી મોતેબર કેતાબ પ્રગટ કરી સમશુલ ઓલમા એરવદ જીવનજી જ. મોદીએ કુલ પારસી આલમ ઉપર, નવસારીના ભગરીઆ અથોરનાનો ઉપર અને ખાસ કરી અમારાં મરહુમ દસ્તુર મહેરજીરાણાના પુરાણા ખાનદાન ઉપર મોટો ઉપકાર કરયો છે જે માટે મારાં કુટુંબ તરફથી જાહેરમાં એવણ સાહેબનો મોટો ઉપકાર માનવાની મારી ફરજ સમજું છું. પણ આ તકે જો હું પેલા એકમારગી એકકા અને કાબેલ અભ્યાસો પ્રોફેસર શાપુરશાહ હોરમસજી હોડીવાળાનો ખાસ ઉપકાર નહી માનું તો ખરેખર અમો ઘણા નગુણા કહેવાઇયે, કારણકે એ બેહદીન ગ્રહસ્થે એરવદ જીવનજી કરતાં કાંઇ ઓછું તો કરયું નથીજ. મરહુમ દસતુરજી મેહેરજીરાણાનું નામ અને કીરતી પારસી આલમને સારી રીતે જાણીતાં હતાં. તેઓને આજે સાડી ત્રણસે વરસ પછી એ ભલા નરે સારી દુનીયામાં જનમ સુધીના વધારે પ્રકાશીત કરી અમારાં કુટુંબ ઉપર કદી ન ભુલાય એવો ઉપકાર કરયો છે અને એરવદ જીવનજી પણ પોતાના રેસાલાના સંબંધમાં જાહેરમાં એવણનો ખાસ આભાર માને છે, જે પ્રોફેસર હોડીવાળાને થોડું શોભા ભરેલું નથી. ટુંકમાં કહું તો દસતુર મેહેરજીરાણાનું

નામ ડાટી દેવા માટે કેટલાક "હુતના ઠટકાઓ" થી અનેકવાર નાના ખાડા ખોદાતા રહયા હતા, જેમાં આ વખતનો ખાડો ઘણો મોટો હતો, પણ કાબેલ ઇજનેર પ્રો૦ હોડીવાળાએ તેને એક પાયામાં ફેરવી નાખી. તેની અંદર સંગીન કોનક્રીટ કરી, પથરનો પાયો બાંધી, તેની ઉપર એક મજબુત અને શોભીતી ઇમારત બાંધવાનો પસંદગી પામેલો પલાન તઇયાર કરી, એક વધુ ચોમાસું ખવાડવા માટે એ પાયો રાખી મૂકયો હતો; પણ થોડા વખત પછી મુંબઇમાં આવેલી ખેરખાહ ઉલટમંદ મુસાફર મીસ મીનાની બાએસને અનુસરીને એરવદ જીવનજીએ એ ઇમારત બાંધી તેની ઉપર, છેલ્લામાં છેલ્લી થયલી શોધ પ્રમાણેનું ફેસનેબલ અને કીમતી કોતરકામ કરીને તેને છેવટની "ફીનીશ" આપી છે.

આ ઠેકાણે આ અગતયની બાબદનો દુક ઇનતેબાબ આપેલો નકામો જશે નહીં. દસતુર મેહેરજીરાણા દીલ્હીના શેહેનશાહ અકબરની દરબારમાં જવાની બાબત વીશે મી૦ રૂ. પે. કરકરીઆ ભાશણ કરનાર હતા, તે વખતે એ બાબદને લગતી કાંઇ પણ ખબર કોઇ પણ તરફથી મેળવવાની ઇંતેજારી આ વરતમાનપત્ર મારફતે એવણે જાહેર કરવાથી કેટલેક ઠેકાણેથી કેટલાંક કાગલ્યાં એવણને પહોંચાડવામાં આવયાં હતાં અને નવસારીના દસતુર મેહેરજીરાણા લાઇબ્રેરીના સેક્રેટરી મી૦ રૂ. કે. મોદીએ તો મી૦ કરકરયા એ બાબદની શોધખોળ કરવા મજકુર લાઇબ્રેરીની મુલાકાત લેવા જનાર હતા તેવણના ઉતારાની ગોઠવણ પણ કરી હતી. પણ નવસારી આવયા વગર એવણે તો થોડા દહાડામાં ઓચીંતું ભાશણ કરી મેહેરજીરાણા વીરૂધ પોતાનું મત એકદમ જાહેર કરી દઇ ચોમેર અચરતી ફેલાવી. પણ થોડાજ દીવસ પછી મુંબઇ ગેઝેટમાં "Ed. Ochiltree jun ior" તથા "J. O E" ના તખલ્લુસ હેઠળ મી૦ કરકરીઆ વીરૂધ એવાં તો કડાકા અને ધડાકા કરનારાં કાબેલ લખાણો આવવા લાગયાં, કે તે લખાણોની ચોમેરથી તારીફ થવા સાથ તે લખનારનું નામ જાણવાની ઘણી ઇંતેજારી ફેલાઇ, અને પ્રોફેસર પીટરસન તથા ડાકટર બ્રોન પોલનનાં નામોની અટકળ થવા લાગી. મી૦ કરકરયાએ તકરાર કરવાની એક નવીજ રૂઢીની શોધ કરી. તે એ હતી કે નવસારી તો ગુજરાતને છેડે ખુણે પડેલું હતું અને 'કાઉસ અકશાદ'ના કીસાનો નબળો ટેકો લઇ જણાવયું હતું કે સોળમી સદીમાં ગુજરાતમાં ધરમ જ્ઞાનનું 'અંધારૂ' હતું તેથી મેહેરજીરાણાની દીલ્હલા જવાની વાત બીલકુલ ટકી શકતી નથી! શુરૂઆતમાં આ તકરાર કરવાની રૂઢીનું સવરૂપ જોઇ લઇ, તે વખતે પારસીઓની તવારીખ લખતાં જાણીતાં ફરેંચ બાનુ મીસ મીના ઉપર એક પત્ર લખી વરતમાનપત્રોમાં ચાલેલી તકરારોનાં કેટલાંક "કટીંગસ" મોકલી આપી તેવણને સાવચેત રાખવાની મને જરૂર જણાઇ હતી, જે પત્રનો એ ભલાં બાઇએ ઘણો મેહેરબાનો ભરેલો જવાબ લખયો હતો, જે માટે હું આ તકે તેવણનો પણ આભાર માનું છું.

હવે છુંપુ રાખવાની કાંઇ પણ જરૂર નથી કે મુંબઇ ગેઝેટમાં ઉપલા તખલ્લુસ હેઠલ લખનાર બાહોશ ગ્રહસ્થ કોઇજ નહીં પણ પ્રોફેસર હોડીવાલા હતા. એવણે મેહરજી રાણાની બાબદ પોતાની કરી લઇને તેમાં ઘણી ઉલટ અને ઉમંગ પકડી, ઘણી તકલીફ લઇને શોધખોળો ચલાવી હતી અને નવસારીવેર ખાસ જઇ, તયાં ઘરે-

ઘર ફરી, લાગવગ ચલાવી ખુળ ખાતા પેટારાઓમાંથી અનેક કીમતી દસ્તાવેજો શોધી કાઢી તેને ઉકલાવી સરવ કીવાની જોત જેવું ખુલ્લું કરયું હતું. આ વખતે એ બાબદ ઉપર રોયલ એશીયાટીક સોસાયટી કુબરૂ એક રેસાલો વાંચવા એરવદ જીવનજીએ પ્રોફેસર હોડીવાળાને સુચના કરી હતી, પણ એ એક મારગી શરમાળ ગ્રહસથે તેમ કરવા ના પાડી હતી, તે છતાં એવણે એ બાબદ ઉપર એક મોટી કીમતી ચોપડી રચવા માંડી હતી, પણ કામ કરવું તો પુરૂંજ કરવું એવા નીયમથી, કાંઇ વધુ મળી શકે તેની શોધમાં રહી, ઉતાવળ કરવાનું નાપસંદ કરયું. તેવામાં મુંબઈમાં આવેલા ભલાં મીસ મીનાએ એરવદ જીવનજીને મળી, તેવણ પાસથી મેહેરજીરાણાની બાબદ ઘણી ઇંતેજારીથી જાણવા માંગી, જે ઉપરથી પ્રોફેસર હોડીવાળા સાથ તેમની મુલાકાત કરાવવાની ગોઠવણ થઇ હતી, જે નહી ધારેલી અડચણને લીધે અમલમાં આવી શકી નહી. પણ એરવદ જીવનજીથી કેટલીક વીગત સાંભળતાં મેહેરજીરાણાની બાબદ ઘણી અગતયની લાગવાથી તે માટે એક રેસાલો રોયલ એશીયાટીક સોસાયટી સનમુખ વાંચવા મીસ મીનાએ એરવદ જીવનજીને ભલામણ કરી, જે ઉપરથી એ ખેરખાહ અથોરનાને મી૦ હોડીવાળાને મળી તેઓની સલાહ લઇ, એ કામ માથે ઉઠાવી તેને છેવટનું પાર ઉતારયું છે.

ઘણા ખેરખાહો પ્રોફેસર હોડીવાળાવાળું દફતર પ્રગટ થયલું જોવાને ખાએસ બતાવે છે. અત્રે મારે જણાવવું જોઇએ કે એરવદ જીવનજીનો તો માત્ર આ એક રેસાલો છે, તો પણ તે ઘણો કીમતી છે; છતાં ઉપલું દફતર પ્રગટ થવાથી હું પણ ખુશ થઈશ, કારણકે તેમાં જુદી જુદી બાબદો ઉપર અનેક બાબતો વીસ્તારીને લખવામાં આવી છે; કાંઇ નહી તો ગુજરાતમાં સોળમી સદીમાં "અંધારૂં" હોવાનાં ગંભીર તોહોમતનું તથા "કાઉસ અફસાદ" ના કીસાનું ખંડણ કરનારો બાબ એક ચોપાનીઆમાં છપાઇ બહાર પડવો જોઇયે. કારણકે એ બાબદ ઘણી અગતની અને કુલ પારસી આલમને લગતી છે.

અતરે જણાવવું અગતયનું થઇ પડશે કે મેહેરજીરાણાના ખેરખાહોની ખાએસને માન આપીને પોતાના ઇંગ્રેજી રેસાલાનું ગુજરાતી વાંચન મુંબઇની જ્ઞાન પ્રસારક મંડળી સનમુખ વાંચવાનું એરવદ જીવનજીએ નકી કરયું હતું, અને એ ભાષણનો નકી દીવસ પણ વર્તમાનપત્રોમાં છપાઇ ગયો હતો, પણ આ એક ધર્મ સંબંધી સવાલ છે તેથી તે એ મંડળીમાં લાવી શકાય નહી એવો ફીલસુફીભરેલો વાંધો છેક અગીઆરમે કલાકે લેવામાં આવવાથી તુરત વેળા એરવદ જીવનજીને નાસીપાસ થવું પડયું હતું. આ વાંધો કેવો એક તરફી અને તકલીદી હતો તે સાધારણ માણસ પણ સમજી શકે! જે રેસાલો રોયલ એશીયાટીક સોસાયટી જેવાં મહાભારત મંડળ આગળ વંચાયો તેજ રેસાલો આવી મંડળીમાં જો નહી ચાલી શકતો હોય તો પછી એ મંડળીને "જ્ઞાન પ્રસારક" કેમ કહી શકાય? ઠંડા સ્વભાવના એરવદ જીવનજીને બદલે કોઈ બીજા ગ્રહસ્થ હતે તો એ મંડળી સાથનો પોતાનો સંબંધ એકદમ છોડી જતે, અને એવા ઉદ્યોગી સભાસદની ખોટ એ મંડળીને ત્યારેજ માલમ પડતે. પણ એક શુભ કામ કરવાની પોતાનાં દીલમાં હોંસ હોવાથી એરવદ જીવનજીએ એક નવો ઉપાય શોધી કાઢયો, અને એક

તહન નવાંજ મથાળાં હેઠળ એજ બાબ-
દનો રેસાલો વાંચ્યો, જે સામે અલબત
એ મંડળીથી કોઇ પણ વાંધો ઉઠાવી
શકાયો નહીં.

એરવદ જીવનજી અને પ્રોફેસર હોડી-
વાળાએ આ બાબદમાં જે તારીફલાયક
રંજ ખેંચી છે તે એઓના કહેવા પ્રમાણે
એઓ અભ્યાસી તેમજ જરથોસ્તી હો-
વાને લીધે, અથવા નવસારી સાથના પો-
તાના સંબંધને લીધે હોય કે ગમે તેમથી
હોય; પણ અમારાં પુરાણાં ખાનદાન
ઉપર તો એ સાહેબોએ કદી નહીં વીસ-
રાય એવો ઉપકાર કર્યો છે તે માટે
મારી પોતાની તરફથી તથા મારાં બોહોળાં
કુટુંબ તરફથી એ મેહેરબાન ખેરખા-
હોનો હું એકવાર ફરીથી મોટો ઉપકાર
માનું છું. એરવદ જીવનજી એ ચોપ-
ડીના દીબાચામાં જણાવે છે કે એ સઘળું
મરહુમ દસ્તુરજી મેહેરજીરાણાના પુનના
પ્રતાપથી થયું છે, તેમ પ્રો૦ હોડીવાળા
જેવા કાબેલ ઉસ્તાદ એ મરહુમ સાહે-
બનાં પુનના પ્રતાપથીજ અમારી તરફથી
નહીં ધારેલા ગેબી નીકળી આવ્યા હતા.
એ મરહુમના ચઉદમાં જાયનશીનને મુંબ-
ઇની પારસી કોમે, નવસારીની કુલ પ્રજાએ
અને કેળવાયલા નામદાર મહારાજા સર
સીયાજીરાવ ગાયકવાડે થોડા વખત ઉપર
જે અસાધારણ માનપાન આપ્યાં છે તે
પણ અમો એ મરહુમના પ્રતાપ સમ-
જયે છીયે.

મી૦ કરકરીયાની તકરારથી અમારા
કુટુંબીઓનાં દીલ દુખાયાં હતાં તેઓને
એરવદ જીવનજીની આ કીમતી કેતાબ
પ્રગટ થવાથી રાહત મળી છે, એમ જાણી
એવણ સાહેબ સંતોશ લેશે. વળી નામ-
દાર મહારાજા સર સીયાજીરાવ, જેવણ
સાહેબે પોતાની જાહેર દરબારમાં થોડા
વખત ઉપર મરહુમ દસ્તુરજી મેહેરજી-
રાણા તથા તેવણના ખાનદાન વીશે સારા
વીચાર જણાવ્યા છે, તેવણ સાહેબે એર-
વદ જીવનજીની એ ચોપડીની કેટલીક
નકલ તેની મોટી કીમત કરતાં ચારગણું
દામ આપી ખરીદ કરવાની મેહેરબાની
કરી છે, તેથી અમારાં ખાનદાનને જે
સંતોશ થયો છે તે કરતાં ઓછો સંતોશ
એરવદ જીવનજીને થયો હશે નહી.

આ જાણીતી તકરારના સંબંધમાં
વર્તમાનપત્રો વગેરેમાં આવેલાં લખાણોની
અવલથી તે આખર સુધીનો એક ફાઇલ
મી૦ ખ. મા. શાસ્ત્રીએ તૈયાર કરી છે-
જે ફાઇલ પોતાના રેસાલા વખતે પોતાને
ઘણી ઉપયોગી થઇ પડી હતી એમ
એરવદ જીવનજી પોતાની ચોપડીમાં જણાવે
છે—અને તે નવસારીની દસ્તુર મેહેરજી-
રાણા લાઇબ્રેરીને ભેટ આપવામાં આવે
એવું ઘણાઓ ઇચ્છે છે. આ એક ઘણી
અગત્યની અને કીમતી કેતાબ થઇ પડશે
એમાં તો કાંઇજ શક નથી.

છેવટે આ તકરાર દરમ્યાન અમોને
મદદ કરનારા વર્તમાનપત્રોમાં ખાસ કરી
"મુંબઇ ગેઝટ" "જામે જમશેદ" "કયસરે
હીંદ," "સ્વતંત્ર," "સત્ય મીત્ર" તથા
નાનકડાં "પંચડાંડ"નો પણ આભાર
માની, આ પુરાણા "પારસી પાયોનીયર"
પત્ર "જામે જમશેદ"ના અધીપતીએ
તા૦ ૧૨ મી ડીસેમ્બર સને ૧૮૩૬ ના
પોતાના અંકમાં એક આર્ટીકલ લખતાં,
મરહુમ દસ્તુર મેહેરજીરાણા વીશે જે ફકરો
લખ્યો છે તે અત્રે ઉતારી લઇ આ
લંબાણ પત્ર સમાપત કરીશઃ—"સ્વરગ-
વાસી દસ્તુરાન દસ્તુર મેહેરજીરાણા (કે
તેના પવીત્ર આતમા ઉપર હજારો હજાર
સલામ હોજો) કે તે સાહેબના એક જીવથી
પારસીના આખા ટોળાને મોટું માન
અને નામીચી આબરૂ શ્રી દીલ્હીના પાચે-
તખતથી મળી હતી."

ના૦ ૧૭૩.

પંચડાંડ

(તા૦ ૧૨ મી જુન ૧૯૦૪.)

"અકબર અને મેહરજી રાણા."

—*:*—

આ મથાળાં યા ચર્ચાથી અમારા વાંચનારાઓ અણજાણ્યા નથી. એ ચર્ચા જોકે વર્ષ એક થયું, શમ્સુલ ઓલમા એર્વદ જીવનજી જમશેદજી મોદી બી. એ. નાં પુસ્તક પછી લગભગ બંધ પડી ગઈ છે, અને તેમાં મરહુમ દસ્તુર મેહેરજીરાણાનાં દીલ્હીનાં પરાક્રમનું મંડાણ થવા જોડે તે મરહુમના વિરોધી મી૦ રૂ. પે. કરકરયાનો પૂર્ણ પરાજય થયો છે, તોપણ હમણાં તે બાબદ ફરીયાદ કરવાને અમોને એક ખાસ કારણ મળ્યું છે. એર્વદ દારાશાહ દસ્તુર મેહેરજીરાણા, જેઓ મરહુમ દસ્તુર મેહરજીરાણાના એક ઉલ્લટમંદ નબીરા છે, અને જેમણે પણ આ ચર્ચામાં માન ભરેલો ભાગ બજાવી પોતાના કીર્તીવાન વડિલની કીર્તી જાળવવામાં ઘટતો હિસ્સો આપેલો છે, તેમણે ગઇ તા૦ ૩ જીનાં જામે જમશેદમાં એ તકરારની હાલની ઉત્પત્તિ વગેરેનો એક ઇન્તેખાબ છપાવ્યો છે, કે જે એ બાબતમાં કેટલુંક નવું અજવાળું નાખે છે, અને અમે જ્યારે એ તકરારમાં તેની ગરમા ગરમીના વખતમાં અગત્યનો ભાગ બજાવ્યો હતો, ત્યારે તેની આ પુર્ણાહુતિની નોંધ લેવાની પણ અમારી ફરજ સમજીએ છિયે. ચાલાક મી૦ દારાશાહ એવું દેખાડવા માગે છે કે, આ બાબતમાં ભાષણો કરીને તથા પુસ્તક છપાવીને મી૦ જીવનજીએ જોકે મરહુમ મહાત્મા દસ્તુરજી તથા તેમનાં ખાનદાનની મોટી સેવા બજાવી છે, તોપણ તેઓ ઉપરાંત આપણા પેલા જાણીતા વિદ્વાન સ્કૉલર પ્રોફેસર શાપુરશાહ હોરમસજી હોડીવાળાએ પણ તેટલીજ, બલકે તે કરતાં જીઆદે સેવા બજાવી છે. તે કેવી રીતે અને કેવા પ્રકારની, તે મી૦ દારાશાહનાજ શબ્દોમાં અમે, ફક્ત મી૦ હોડીવાળાને ન્યાય આપવા ખાતર, અત્રે ઉતારી લઇયે છિયે. મી૦ દારાશાહ લખે છે કે :—

"આ ઠેકાણે આ અગત્યની બાબદોનો ટુંક ઇન્તેખાબ આપેલો નકામો જશે નહી. દસ્તુર મેહેરજીરાણા દીલ્હીના શેહેનશાહ અકબરની દરબારમાં જવાની બાબદ મી૦ રૂ. પે. કરકરીઆ ભાષણ કરનાર હતા, તે વખતે એ બાબદને લગતી કાંઇ પણ ખબર કોઇ પણ તરફથી મેળવવાની ઇંતેજારી આ વર્તમાન પત્ર મારફતે એવણે જાહેર કરવાથી કેટલેક ઠેકાણેથી કેટલાંક કાગળ્યાંઓ એવણને પહોંચાડવામાં આવ્યાં હતાં, અને નવસારીના દસ્તુર મેહેરજીરાણા લાઇબ્રેરીના સેક્રેટરી મી૦ રૂ. કે. મોદીએ તો મી૦ કરકરીઆ એં બાબદની શોધખોળ કરવા મજકુર લાઇબ્રેરીની મુલાકાત લેવા જનાર હતા, તેવણના ઉતારાની ગોઠવણ પણ કરી હતી. પણ નવસારી આવ્યા વગર એવણે તો થોડા દહાડામાં ઓર્ચીતું ભાષણ કરી મેહેરજીરાણા વિરૂદ્ધ પોતાનું મત એકદમ જાહેર કરી દઇ ચોમેર અચરતી ફેલાવી. પણ થોડાજ દીવસ પછી મુંબઇ ગેઝેટમાં "Ed. Ochiltree Junior" તથા "J. O. E." ના તખલ્લુસ હેઠળ મી૦ કરકરીઆ વિરૂદ્ધ એવાં તો કડાકા અને ધડાકા કરનારાં કાબેલ લખાણો આવવા લાગ્યાં, કે તે લખાણોની ચોમેરથી તારીફ થવા સાથ તે લખનારનું નામ જાણવાની ઘણી ઇંતેજારી ફેલાઇ, અને પ્રોફેસર પીટરસન તથા ડાકટર જોન પોલનનાં નામોની અટકળ થવા લાગી...

"હવે છુપું રાખવાની કાંઇ પણ જરૂર નથી કે, મુંબઇ ગેઝેટમાં ઉપલા તખલ્લુસ હેઠળ લખનાર બાહેશ ગ્રહસ્થ કોઇજ નહી પણ પ્રોફેસર હોડીવાળા હતા. એવણે મેહેરજી રાણાની બાબદ પોતાની કરી લઇને તેમાં ઘણી ઉલટ અને ઉમંગ પકડી, ઘણી તકલીફ લઇને શોધખોળો ચલાવી હતી, અને નવસારીવેર ખાસ જઇ તથા ઘરેઘર ફરી, લાગવગ ચલાવી ધુળ ખાતા પેટારાઓમાંથી અનેક કીમતી દસ્તાવેજો શોધી કાઢી તેને ઉકલાવી સર્વ દીવાની જોત જેવું ખુલ્લું કર્યું હતું. આ વખતે એ બાબદ ઉપર રોયલ એશીયાટીક સોસાયટી રૂબરૂ એક રેસાલો વાંચવા એર્વદ જીવનજીએ પ્રોફેસર હોડોવાળાને સુચના કરી હતી. પણ એ એક માર્ગી શરમાળ ગ્રહસ્થે તેમ કરવા ના પાડી હતી. તે છતાં એવણે એ બાબદ ઉપર એક મોટી કીમતી ચોપડી રચવા માંડી હતી, પણ કામ કરવું તો પુરૂંજ કરવું એવા નિયમથી, કંઇ વધુ મળી શકે તેની શોધમાં રહી ઉતાવળ કરવાનું નાપસંદ કર્યું. તેવામાં મુંબઇમાં આવેલાં ભલાં મીસ મીનાએ એર્વદ જીવનજીને મળી, તેવણ પાસથી મેહેરજીરાણાની બાબદ ઘણી ઇંતિજારીથી જાણવા માંગી, જે ઉપરથી પ્રોફેસર હોડીવાળા સાથ તેમની મુલાકાત કરાવવાની ગોઠવણ થઇ હતી, જે નહી ધારેલી અડચણને લીધે અમલમાં આવી શકી નહી. પણ એર્વદ જીવનજીથી કેટલીક વીગત સાંભળતાં મેહેરજી રાણાની બાબદ ઘણી અગત્યની લાગવાથી તે માટે એક રેસાલો રોયલ એશીયાટીક સોસાયટી સન્મુખ વાંચવા મીસ મીનાએ એર્વદ જીવનજીને ભલામણ કરી, જે ઉપરથી એ ખેરખાહ અથોરનાને મી૦ હોડીવાળાને મળી તેઓની સલાહ લઇ, એ કામ માથે ઉઠાવી તને છેવટનું પાર ઉતાર્યું છે.

"ઘણા ખેરખાહો પ્રોફેસર હોડીવાળાવાળું દફતર પ્રગટ થયલું જોવાને ખાએસ બતાવે છે. અત્રે મારે જણાવવું જોઇએ કે એર્વદ જીવનજીનો તો માત્ર આ એક રેસાલો છે, તો પણ તે ઘણો કીમતી છે. છતાં ઉપલું દફતર પ્રગટ થવાથી હું પણ ખુશ થઇશ, કારણકે તેમાં જુદી જુદી બાબદો ઉપર અનેક બાબો વીસ્તારીને લખવામાં આવ્યા છે. કાંઇ નહી તો ગુજરાતમાં સોળમી સદીમાં "અંધારૂં" હોવાનાં ગંભીર તોહમતનું તથા "કાઉસ અફશાહ" ના કીસાનું ખંડણ કરનારો બાબ એક ચોપાનીઆમાં છપાઇ બહાર પડવો જોઇએ, કારણકે એ બાબદ ઘણી અગતની અને કુલ પારસી આલમને લગતી છે.

ના૦ ૧૭૪.

પંચડાંડ.

(તા. ૧૯ મી જુન સને ૧૯૦૪)

"અકબર અને મેહેરજીરાણા"—આ બાબતના સંબંધમાં મરહુમ મહાત્મા દસ્તુર મેહરજી રાણાના એક ઉમંગી નબિરા એરવદ દારાશાહ દસ્તુર મેહેરજીરાણાએ જામે જમશેદમાં છપાવેલા કાબેલિયત ભરેલા "ઇન્તેખાબ" નો એક ભાગ, જેમાં એ અગત્યની તકરારમાં વિદ્વાન પ્રોફેસર શાપુરશાહ હોરમજી હોડીવાળાએ બજાવેલા કીમતી ભાગનું વિવેચન આવેલું છે, તે અમે છેલ્લાં પંચડાંડમાં પ્રગટ કરી ગયા છિયે. આજે એજ "ઇન્તેખાબ" નો છેલ્લો ભાગ અત્રે આપિયે છિયે, કે જેમાં એ બાબતને લગતી કેટલીક નવી ખબરો સમાયલી જોવામાં આવે છે. આ બાબતના સંબંધમાં અત્રેના છાપામાં પણ પુષ્કળ તકરાર ચાલી હતી જેમાં, એકલ દોકલ એક મુંબઇ સમાચારેજ અંગ્રેજ

લાગણીથી દોરાઇ જઇ મરહુમ દસ્તુરજીની વીરૂદ્ધ ભાગ લીધો હતો; તે સિવાય, આ પંચડાંડ સહિત બીજાં લગભગ તમામ પત્રોએ તરફેનમાં ભાગ લઇ, એક હાથપર જેમ મરહુમ મેહરજીરાણા તથા તેમનાં ખાનદાનને વાજબી ન્યાય આપ્યો હતો, તેમ બીજા હાથપર પેલા કહેવાતા "તવારિખના વિદ્વાન અભ્યાસી," દમકશ, મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાના ઓરંગાબાર ફડાકાઓનું ખોટારૂં દેખાડો આપ્યું હતું. અને મી૦ દારશાહના નીચલા ખુલાસામાંથી જાણીને અમો ખુશી છિયે કે, આ જાણીતી તકરારના સંબંધમાં વર્તમાન પત્રો વગેરેમાં આવેલાં લખાણોની અવલથી તે આખર સુધીની એક ફાઇલ મુંબઇના ગુજરાતી છાપા મંડળામાં એક ચાલાક રિપોર્ટર તરિકે જાણીતા થયલા મી૦ ખરશેદજી માણેકજી શાસ્ત્રીએ તૈયાર કરી છે, કે જે નવસારીના પહેલા દસ્તુર મેહરજી રાણાનાં કેતાબખાનામાં ભેટ કરવામાં આવે એવી વકી છે. અમે ઇચ્છિયે છિયે કે, ઉમંગી મી૦ શાસ્ત્રી તે પ્રમાણે કરે, અને જો બની શકે તો મરહુમ મેહરજી રાણાના લગતા વળતાએ પોતાનાં ભેગા નાણાંથી તે ફાઇલ છપાવી તેને જાહેરાતી પણ આપે. મી૦ દારાશાહ દસ્તુરના "ઇન્તેખાબ" ના પાછલો ભાગ નીચે પ્રમાણે છેઃ—

"એરવદ જીવનજી અને પ્રોફેસર હોડીવાળાએ આ બાબદમાં જે તારીફ લાયક રંજ ખેંચી છે તે એઓના કહેવા પ્રમાણે એઓ અભ્યાસી તેમજ જરથોસ્તી હોવાને લીધે, અથવા નવસારી સાથના પોતાના સંબંધને લીધે હોય કે ગમે તેમબી હોય પણ અમારાં પુરાણાં ખાનદાન ઉપર તો એ સાહેબોએ કદી નહી વિસરાય એવો ઉપકાર કર્યો છે તે માટે મારી પોતાની તરફથી તથા મારાં બોહોળાં કુટુંબ તરફથી એ મેહેરબાન ખેરખાહોનો હું એકવાર ફરીથી મોટો ઉપકાર માનું છું. એરવદ જીવનજી એ ચોપડીના દીબાચામાં જણાવે છે કે એ સઘળું મરહુમ દસ્તુરજી મેહેરજીરાણાના પુનના પ્રતાપથીજ થયું છે. તેમ પ્રો. હોડીવાલા જેવા કાબેલ ઉસ્તાદ એ મરહુમ સાહેબના પુનના પ્રતાપથીજ અમારી તરફથી નહિ ધારેલા ગેબી નીકળી આવ્યા હતા. એ મરહુમના ચઉદમા જાયનશીનને મુંબઇની પારસી કોમે, નવસારીની કુલ પ્રજાએ અને કેળવાયલા નામદાર મહારાજા સર સીયાજીરાવ ગાયકવાડે થોડા વખત ઉપર જે અસાધારણ માનપાન આપ્યાં છે તે પણ અમો એ મરહુમનાજ પ્રતાપ સમજ્યે છીએ.

"મી૦ કરકરીયાની તકરારથી અમારા કુટુંબીઓનાં દીલ દુખાયાં હતાં. તેઓને એરવદ જીવનજીની આ કીમતી કેતાબ પ્રગટ થવાથી રાહત મળી છે, એમ જાણી એવણ સાહેબ સંતોષ લેશે. વળી નામદાર મહારાજા સર સીયાજીરાવ, જેવણ સાહેબે પોતાની જાહેર દરબારમાં થોડા વખત ઉપર મરહુમ દસ્તુરજી મેહેરજી રાણા તથા તેવણના ખાનદાન વીશે સારા વિચાર જણાવ્યા છે, તેવણ સાહેબે એરવદ જીવનજીની એ ચોપડીની કેટલીક નકલ તેની મોટી કીંમત કરતાં ચાર ગણું દામ આપી ખરીદ કરવાની મેહરબાની કરી છે, તેથી અમારાં ખાનદાનને જે સંતોષ થયો છે તે કરતાં ઓછો સંતોષ એરવદ જીવનજીને થયો હશે નહી.

"આ જાણીતી તકરારના સંબંધમાં વર્તમાનપત્રો વગેરેમાં આવેલાં લખાણોની અવલથી તે આખર સુધીની એક ફાઇલ મી૦ ખ. મા. શાસ્ત્રીએ તૈયાર કરી છે—જે ફાઇલ પોતાના રેસાલા વખતે પોતાને ઘણી ઉપયોગી થઇ પડી હતી

એમ એરવદ જીવનજી પોતાની ચોપડીમાં જણાવે છે—અને તે નવસારીની દસ્તુર મેહેરજીરાણા લાઇબ્રેરીને ભેટ આપવામાં આવે એવું ઘણાઓ ઇચ્છે છે. આ એક ઘણી અગત્યની અને કીંમતી કેતાબ થઇ પડશે એમાં તો કાંઇજ શક નથી.

"શેવટે આ તકરાર દરમ્યાન અમોને મદદ કરનારાં વર્તમાનપત્રોમાં ખાસ કરી "મુંબઇ ગેઝટ," "જામે જમશેદ," "કયસરે હિંદ," "સ્વતંત્ર," "સત્ય મિત્ર" તથા નાનકડાં "પંચડાંડ" નો પણ આભાર માની, આ પુરાણા "પારસી પાયોનીયર" પત્ર "જામે જમશેદ" ના અધિપતિએ તા૦ ૧૨ મી ડીસેમ્બર સને ૧૮૩૬ ના પોતાના અંકમાં એક આરટીકલ લખતાં મરહુમ દસ્તુર મેહેરજીરાણા વીશે જે ફકરો લખ્યો છે તે અત્રે ઉતારી લઇ આ લંબાણ પત્ર સમાપ્ત કરીશઃ—"સ્વર્ગવાસી દસ્તુરાન દસ્તુર મેહેરજીરાણા (કે તેના પવિત્ર આત્મા ઉપર હજારો હજાર સલામ હોજો) કે તે સાહેબના એક જીવથી પારસીના આખા ટોળાને મોટું માન અને નામીચી આબરૂ શ્રી દીલ્હીનાં પાએતખતથી મળી હતી."

ના૦ ૧૭૫.

પંચડાંડ.

(તા. ૧૯મી જુન ૧૯૦૪.)

"ચર્ચાપત્રી ઇત્યાદિને ખબર."

"વફાદાર નવસારી"–(નવસારી) તે લખાણ આખું ઉતારી લેવા જેટલી મોટી જગ્યા અમારાથી ફાજલ પાડી શકાય નહી, તેમ તેની જરૂર પણ નથી. અમે જેટલું બન્યું તેટલું કીધું છે અને તેજ બસ છે. ઉપકારની કશી જરૂર નથી.

ના૦ ૧૭૬.

પંચડાંડ.

(તા. ૩ જી જુલાઈ સને ૧૯૦૪.)

મેહરજી રાણા સંબંધી તકરારની પૂર્ણાહુતિ અને મી૦ કરકરયાની "તવારિખના વિદ્વાન અભ્યાસી" તરિકેની પડતી—જોકે "અકબર તથા મેહરજી રાણા" સંબંધી મોટા ઐતિહાસિક સવાલમાં મરહુમ દસ્તુરાન દસ્તુર મેહરજી રાણાની હિમાયતમાં આપણા સુપ્રસિદ્ધ વિદ્વાન, પ્રોફેસર શાપુરશાહ હોરમજજી હોડીવાળાનું પેલું મોતબેર પુસ્તક બાહેર પડવાનું હજુ બાકી રહેલું છે, તોપણ નજદિકનાં ભવિષ્યમાં તે પ્રગટ થવાની કશી વકકી જણાતી નથી, અને તે દરમિયાન મરહુમ દસ્તુરજીના એક કાબેલ નબિરા એર્વદ ઠારાશાહ દસ્તુર મેહરજી રાણાએ જામે જમશેદ જોગાં પોતાનાં છેલાં લખાણ મારફતે એ ચર્ચાની પૂર્ણાહુતિ કીધી છે,† એટલે હાલને કાજ તો એ તકરાર મરહુમ મહાત્મા દસ્તુરના પુરેપુરા લાભમાં બંધ પડેલી અમે સમજિયે છિયે, અને અમે એ તકરારમાં સારો જેવો ભાગ લીધેલો હોવાથી તેના પર અમારી કલમનો ટુંક પણ શેવટનો શેરો મારવાની ફરજ વિચારિયે છિયે. આ જોશભરી તકરારમાં મેહરજી રાણાના પક્ષની જે અચુક ફતેહ થઇ છે, તે પેલા "તવારિખના વિદ્વાન અભ્યાસી" કહેવાતા મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાની સંપૂર્ણ હાર સમાન છે, અને એ હારથી મી૦ કરકરયાની તવારીખના બાં તથા એક શુદ્ધા અપક્ષપાત લેખક દાખલની કીર્તિ સદાબડો પડી ભાગી છે. તેઓ જ્યારે આ તકરારનો પેહલો ઝુંડો ઉઠાવી મેદાન પડયા, અને માત્ર મેહરજી

† જુઓ નંબર ૧૭૨

રાણાનેજ નહી પણ તે વેળાના હિન્દવાસી તમામ પારસીઓને અંધકારમાં અટવાઈ ગયલા દાખલ રજુ કરી ધરપચ મચાવવા લાગ્યા, ત્યારે થોડો વખત અણજાણુઓ તેમનાથી ભોળવાયા હતા. તે પછી તરતજ તેમની સામેની લડત ચાલુ થઇ તેમનું પોકળ ઉંધાડું પડયું; અને તે એટલી હદ સુધી કે, જેમના ઉપર તેઓએ અપકીર્તિનો પરદો ઢાંકેલો તેઓ વધારે તેજથી પ્રકાશી નીકળ્યા છે. અને સામા મી૦ ઠરકરયા પોતેજ અપકીર્તિમાં આવી પડયા છે. તેમની તકરારો પોકળ સાબેત થઇ છે, તેમનાં અનુમાનો તથા સિદ્ધાંતો ખોટાં પડયાં છે એટલુંજ નહી, પણ તેઓ એક અપક્ષપાત ટીકાકાર તથા તવારિખ નવેશને બદલે પક્ષપાત તથા પક્ષાપક્ષની લાગણીથી દોરાઇ જતા લેખક દાખલ ઉંધાડા પડયા છે, કે જે વર્તણુક ખરા ટીકાકાર સુદ્ધા તવારિખનવેશના અધિકારને છાજતી નથી. સામાવાળાઓનો મજબુત બચાવ રજુ થયા પછી તેનો રદ જવાબ આપવાની તેમણે જાહેર રીતે ઠબુલાત આપી હતી, પણ ત્રણ વર્ષની મોટી મુદત વીતી ગયા છતાં તે તેઓ અદા કરી શકયા નથી, જે ઉપરથી સાર એજ નિકળે છે કે, પોતાની હાર છુપાવી ખસી જવાની તેમની એક યુક્તિ માત્ર હતી. એ નામોસી ભરેલી હારમાંથી તેમને બચાવી લેવાને તેમના પક્ષકાર છાપાએ પુષ્કળ તજવિજ કીધી હતી, પણ તેથી તેમને યારી આપી શકી નથી. આજકાલ તેઓ મેહરજી રાણા સંબંધી તકરારનાં મેદાનમાંથી પીઠ ફેરવી ચાલ્યા છે. એટલુંજ નહી, જાહેર ચર્ચાના રણક્ષેત્રમાંથી પણ જાણે ગેપ થઇ ગયલા જણાય છે; અને હવે એવું દીસે છે કે, તેમનાં ઐતિહાસિક લખાણો ખરી વિદ્વત્તા તથા પાકટ અભ્યાસનાં નહી, પણ ઉપર ટપકેના અભ્યાસનાં તથા ફડાકામાર હતાં. અને તેમની પ્રથમની ધાંધળ ધરપને "મેરેકુ કોઇ નહી મારે તો મેં સારે ગાંવકુ મારૂં" તે હસવા જોગ નિયમપર થયલી હોવી જોઇએ. મી૦ ઠરકરયાની જે વલણો આપણા જોવામાં આવી છે તેનું પરિણામ આ ઠરતાં જુદું નિપજી શકે નહી, અને ત્યારે તેઓ જે ફેજે પહોંચ્યા છે તે ગમે એવો દયા આણવા જોગ તોપણ સ્વાભાવિક તથા વ્યવહારિકજ છે.

ના૦ ૧૭૭.

પંચડાંડ.

(તા. ૩ જી જુલાઇ સને ૧૯૦૪)

પારસી "જુદ્દદીન" સવાલ મોટી કમીટી—હિમાયતોની અરધી હાર.

મી૦ ઠરકરયાની એ સભામાં દેખાયલી ન છાજતી વર્તણુક—એજ રીતે સભામાં આપણા પેલા "તવારિખના વિદ્વાન અભ્યાસી" મી૦ રૂ. પે ઠરકરયાએ ચલાવેલી વર્તણુક અથવા કીધેલો "દેખાવ" પણ ખાસ નોંધ લેવા તથા સખ્ત ટીકા કરવા જોગ માલમ પડે છે. તવારિખનવેશ અથવા "તવારિખના વિદ્વાન અભ્યાસી" નો ફાંકો રાખનારાઓમાં જે પહેલા મોટા ગુણની આવશ્યકતા છે, તે અપક્ષપાતપણાંનો છે; પણ અમે દલગીરી સાથ એ ગુણનો ખુટ મી૦ ઠરકરયામાં જોતા આવ્યા છિયે; અને તેજ કારણે, અકબર તથા મેહરજી રાણા સંબંધી તકરારમાં તેમનો દયા આણવા જોગ પરાજય થયો હતો. બીજા હાથપર એઓ પારસી કોમના સવાલોની બાબતમાં સુધારાવાળાઓના પક્ષમાં ઘુસેલા, અથવા તે તરફ દોરાઇ ગયલા છે, અને તેથી તેમના વિચારો ઘણી વેળા

પક્ષપાતી માલમ પડે છે. અમે તેની દરકાર કરત નહી, પણ તેવણ જ્યારે પક્ષાપક્ષનાં ઝનુનમાં સામાવાળાઓપર ઉતરી પડે છે, ત્યારે તે સામે નાપસંદગી દેખાડયા વિના ચાલતું નથી. ઉપલી સભામાં તેમણે કીધેલો નીચેલો દેખાવ, તેનો એક તાજો દાખલો છે. મી૦ હો. ન. લોર્ડ જ્યારે પોતાની દરખાસ્તના સંબંધમાં વિવેચન કરતા હતા, ત્યારે એવી સભાના તરિકા તથા વિવેકબુદ્ધિથી ઉલટી રીતે મી૦ ઠરકરયાએ. હીસા હીસ! બોશ બોશ! ના હિનપસ્તી ભરેલા અવાજો કર્યા હતા. મી૦ કરકરયાની આ વર્તણુક ઉપર અમે કાંઇ પણ ટીકા કરવા કરતાં, ખુદ એ સભામાં તેમની સામે જે ટીકા થયા હતા તે અત્રે ઉતારી લઈનેજ અમે સંતોષ પામીશું કે જે ટીકા મી૦ ઠરકરયાને તેમનાં ખરાં સ્વરૂપમાં રજુ કરે છે, અને જેના સામે તેવણ પોતાનો કશો બચાવ કરી શકયા નહતા તે નીચે પ્રમાણેઃ—

અત્રે મી૦ લોર્ડ વધારે ખુલાસાદાર સમજ આપતા હતા, દરમ્યાન મી૦ રૂ. પે. ઠરકરયાએ "હીશ હીશ, બોશ બોશ" એવા અવાજ કર્યા હતા.

ડો. સુખીયા-હું સરનશીનનું ધ્યાન ખેંચું છું કે, કોઇ સભાસદ પોતાની દરખાસ્તના ટેકા ઉપર વિવેચન કરતા હોય ત્યારે તેની વચે તદન ન છાજતી રીતે "હીશ ને બોસ" એવા શબ્દો ઉચારવા એ ઘણું શરમ ભર્યું છે. મી૦ ઠરકરયા જેવા એક યુનીવરસીટીની કેલવણી લીધેલા સભ્યસ તરફથી આવા બોલ બાહુર પડે એ બીલકુલ શોભાભર્યું નથી.

મી૦ લોર્ડ-બોલવા દેવો. કાંઇ નહીં, બોલવા દેઓ. મને એ સામે વાંધો નથી.

સરનશીન-હવે એ વાત જવા દેવો.

ડો૦ સુખીઆ-ત્યારે તમે એવા માણુસના બોલવાને અગત્યતા લાગુ પાડવા માગતા નથી, એમજ કેની?

સરનશીન-હા; હું કહું છું કે હવે એ વાત જવા દેઓ.

ડો૦ સુખીઆ-હા, ત્યારે એવાઓને નહી ગણકારતા હોવો તો ઠીક, તે વાજબીજ છે."

ના૦ ૧૭૮.

જામે જમશેદ.

(તા૦ ૩૦મી જુલાઇ સને ૧૯૦૪.)

[ઇ. સ. ૧૯૦૩-૦૪ માં જુદ્દીનોને જરથોસ્તી ધર્મમાં લેવાની ગરમ તકરાર પારસીઓમાં ચાલી હતી તે વખતે મી. હોરમજ્જ નવરોજ્જ લોર્ડ ૧૯૦૪ ના જુલાઈ માસની તા ૩૦ મીનાં "જામે જમશેદ" પત્રમાં જુદ્દીનોને જરથોસ્તી ધર્મમાં વટલાવવાની વીરૂધમાં લખાણ કર્યું હતું; અને તેનાં ઘુટાં હેન્ડબીલો પણ છપાવી બહેરમાં વહેચ્યાં હતાં, જેમાંનો થોડો ભાગ નીચે આપવામાં આવ્યો છે, એવું દેખાડવાની મતલબથી કે પારસીઓમાં જ્યારે પણ ધર્મ સંબંધી તકરાર નીકળે છે ત્યારે એક યા બીજી બોરડ એમજ કહે છે કે ધર્મનું જ્ઞાન હતુ નહિ, નથી વગેરે. પણ મી. લોર્ડ કહે છે કે જરથોસ્તી ધર્મ એવો છે કે તેના પુસ્તકોના વાંચક, દરેકે દરજ્જે ઉકેલ પણ તે સમજી શકતા નથી.]

પારસીઓનું હાલનું ધર્મ જ્ઞાન.

ઠમનસિએ હાલનું આપણું ધર્મજ્ઞાન કેવું છે તેનો ખરો ચીતાર જે ૨૦) વરસ પર મેં અત્રેના Times of India માં આપ્યો હતો તે ઉપર તમારૂં ધ્યાન ખેચું છું. અને ૨૦) વરસ દરમયાન જો કાંઇ વધારો થયા હોય તો ત ધર્મ પુસ્તકોના તરજુમો કરવામાં દીસે છે પણ તેમી સીધ નથી એમ માહીતગારો કબુલ કરે છે. તથા યુનીવરસીટીની પરીક્ષાઓમાં આપણા ધર્મ પુસ્તકોની ભાશા દાખલ થઈ છે તે ખરો સુધારો છે. તે એક સુભ પગલું છે. પણ ખોટા તરજુમાં સુધારયા નથી.

(The Times of India, 2nd Jan. 1885.)

THE PARSEE RELIGION.

"It was a most novel and interesting spectacle which was witnessed the other day when an intelligent and cultivated member of the Parsee priesthood stood in the centre of the Town Hall expounding with ease the mysteries of one of the oldest, if not the oldest of the religious systems of the world, the followers of which fill no insignificant place in the life of the Bombay Community. That it should be possible for a member of the much-abused Parsee Priesthood to stand up in his place to vindicate his faith in the very Hall in which it has been previously assailed by Christian Missionaries, is indeed a very good sign of the times, and marks an era in the growing popular appreciation of the Parsee Religion. But while candidly offering to the lecturer a humble tribute of praise to his scholarly and popular treatment of his subject, I cannot but take exception to some of the views which he has advanced and which if correct, cannot but throw discredit upon the Religion of the Parsees. The views referred to are such as can hardly harmonize with the science and philosophy of the present era. The lecturer would have exercised sound judgment and discretion if he had seen his way to omit from his lecture certain spurious dogmas by which his veryclever essay is somewhat disfigured, such as the doctrines of resurrection, of the abode of the soul in this world for 3 days after its separation from the body, of purgatory, and others which are so very repugnant to the spirit of this age of reason. These doctrines and others of a kindred nature have been foisted upon Zoroastrianism by commentators who flourished in the ages which succeeded that of Zoroaster, and the fact—a point which the lecturer has strongly emphasized—that these doctrines present analogies to similar doctrines in other religions, far from tending to exalt the Parsee religion, only goes to detract from its beauty. I can scarcely find fault with Mr.....for these faulty expositions of Zoroastrianism, because so far back as 500 years before the commencement of the Christian era and indeed far earlier than that date—Zoroastrianism was a sealed book even to its own votaries as is the case to some extent even at the present day. Zoroastrianism, unlike other religions, is unique in its origin and development. It is only a few decades since the language of the Gathas, the oldest of the Parsee Scriptures began to be partially understood and the acquaintance of many of the European *Savants* with the Zoroastrian religion is based—as appears from their translations of the text—largely upon the Pehlvi, Sanskrit, Pazand, and other works which go under the name of Parsi scriptures, but almost all of which contain

such an enormous admixture of spurious matter that the Parsee religion, as professed by the generality of the community and as interpreted by the *Savants* of Europe, bears in several important points as little resemblance to true Zoroastrianism as things unnatural bear to the natural. No wonder then that Kant, the great German Philosopher, could not discover the slightest trace of philosophical ideas in the Zoroastrian religion, and no wonder that the rising generation of students of Parsee religion should now take upon trust anything that emanates from the Oriental scholars of the West; and this view of mine receives confirmation from the opinion of Dr. Haug that "European authority is apt to be treated with too much deference by the Oriental mind."

January 14th. Yours &c.

H. N. LORD.

ઉપલા અંગ્રેજી પત્રમાંથી ભુલથી દાખલ થયેલા બે શબ્દો કાઢી નાખ્યા છે જેને આપણા સવાલ સાથે કશી નીસબત નથી.*

* આ લખાણ મી. લોર્ડનું પોતાનું છે.

ના૦ ૧૭૬

સાંજ વર્તમાન

(તા. ૨ જી આગસ્ટ સને ૧૯૧૪.

જુદ્દીનોને જરથોસ્તી મજહબમાં લેવાનો સવાલ.

(સાંજ વર્તમાન સારૂ લખનાર)

(શાપુરજી કાવસજી લોડીવાલા બી. એ.)

[ઇ. સ. ૧૯૦૩-૦૪માં જુદ્દીનોને જરથોસ્તી ધર્મમાં વટલાવવાની તકરાર પારસીઓમાં ચાલી હતી તે વખતે, આગળ લખાયલાં તથા છપાયલાં ચોપડી ચોપાન્યાં માટે વાંધો નીકળ્યો હતો કે કબીસાની તકરાર વખતે ખોટાં ચોપાન્યાં નીકળ્યાં હતાં, એ બાબદના સંબધમાં "સાંજ વર્તમાન" પત્રમાં લખાણો આવવા માંડ્યાં હતાં, જેમાંથી "કાઉશ અફ્સાદના ફીસ્સા" વિષેનો ભાગ નીચે આપવામાં આવ્યો છે; કારણકે દસ્તુર મેહેરજી-રાણાવાળી આ તકરાર દરમ્યાન મી. કરકરીઆએ "હાદેસાનામાં" માહેલા કાઉશ અફ્સાદના મજકુર ફીસ્સાનો ટેકો લીધો છે, તે કેટલો તકલીદી છે તે માલમ પડી આવે.

વળી ઇરાનના જરથોસ્તીઓમાં ધર્મજ્ઞાન કેવું અને કેટલું હતું તે પણ આ લખાણમાંથી જણાઇ આવશે.]

૭૮ રેવાયતમાં એક સવાલ જુદ્દીનનાં બચ્ચાંઓ વિશેનો છે. હિંદુસ્તાનવાલાઓએ શ્રી ઇરાનના મોબેદ, દસ્તુરો વગેરેને પુંછાવ્યું હતું કે હિંદુસ્તાનમાં જુદ્દીનનાં બચ્ચાંઓને સદરો કુશ્તી પેહેરાવી તેઓને હાથે દફન વગેરેનું કામ વટીક કરાવવામાં આવે છે, પણ તેઓનાં રૂવાનને દુખમે ચઢાવવામાં આવતાં નથી એ વાજબી છે કે ? આના ઉપર ખાન-

બહાદુર બહમનજી બેહેરામજી પટેલે વાજબી રીતે નુકતેચીની કીધી હતી કે, "શું આજથી ૧૩૦ વર્ષની વાત ઉપર આપણી ધર્મ સંબંધી હાલત એટલી બધી અજ્ઞાન હતી કે જુદ્દીન છોકરાં કને દરૂન બાજ વટીઠ કરાવે? શું તે વખતના ઈરાનના દસ્તુર મોબેદો ઘણા કાબેલ અને ફાજલ હતા કે એવા સવાલોના જવાબ હાકારમાં આપી શકે? એવાં સેંકડો ભુતયાંઓ છે કે જેને તે વખતેબી કોઇએ વજન આપ્યું નથી અને આજના વખતમાં આપશે નહીં."

ઉપલાં લખાણના ટેકામાં "અખબારે કબીસે" માંથી થોડાક ફકરાઓ ટાંકીશ.

તા૦ ૨૯ મી મારચ ૧૮૨૭ ના ઉપલા પત્રના પર) માં પાના ઉપર કહે છે કે, "એનો જવાબ એ છે જે કાઉશ અફશાહનો કીશો કહ્યાં પણલીક રહેલો છે ને કીઆ શાલમાં બનેલો છે, તે બનાવનાર કોણ છે, ને તેમાં ખોટાઈ તે ધનીનું છે યા તમો જેમ બીજા પુસ્તકોમાં ફેરફાર કરાવોચ તેમ છે." પાને ૫૩ મે કહે છે, "હવે જુવો જે મલકમની બુઠ પાને ૧૭૩ ના લખેઆ મુજબ તો કશીપાતીનું ટેકાનું ઈરાનના પારસીઓનું નજર આવતું નથી. તેથી તે લોકો ચુકેલા છે ને તેનો કશીપાંતીનો પાએઓ રહો નથી ને તેને નામે તમે અનજાનાં લોકોને સમજાવીને પીનદારાવોની મીસાલે લોકોને થગોચ."

તા૦ ૧૮ મી મે ૧૮૨૭ ના "અખબારે કબીસે"ને ૧૨૧ મે પાને કહે છે કે, "એ બાબતમો જે જમાશ વેલાતીનું નામ લખીઉ છે તે વાત ગલત છે કાંએ જે જમાશ વેલાતી આવેઆ તારે તેવોનને મળવાને વાશતે નોશારીના દશતુરજી જમાશપજી વલદે આશાજી શ્રી શુરત મધે આવીને દશતુર જમાશ વેલાતીને તથા દશતુર જમાશપજી નોશારીવાલાને મુલાકાત થઇ, તારે નોશારીવાલા દશતુર જમાશપ વેલાતીનાં કાનમાં બાલી દિઠી, તે વારે નોશારીવાલા દશતુરે વેલાતી દશતુર જમાશપને પુછયું જે તમે દશતુર થાઈને કાનમાં બાલી કેમ રાખી છે? તારે તે બોલ્યો જે અવશતામા કહે છે જે મોબેદ તથા દશતુરનાં કાનમાં છેદ જોઇયે તારે અવશતાની માબેનીથી વેલાતી દશતુરની નોશારીવાલા દશતુરે ખાતર જમે કીધો જે દશતુર તથા મોબેદ કાને બહેરો નહી જોઇએ, કાંઇ જે યબોજદાથરનું કામ બહેરાથી નહી થાય. તે ઉપરથી દશતુર જમાશપ વેલાતીએ તેજ વખત પોતાના કાનમોથી બાલી કહાડી નાખીને બોલેયો જે વેલાત મધે તો શરવના કાનમાં બાલી છે. તે વેલાત જાઇને શરવેનાં કાનમાંથી બાલી કરાવી નાંખશ જે કંઇ તમે હીંનદોશતાનમો આપણી દીનનું કામ ચલાવો છેવો તે ગનું દરૂશત છે. હુવે દુનયાંના લોકોની બીજમતમો અરજ કરૂં છેઉં જે તમો વીચારો જે વેલાતમાં કંઈ વાતનું પાચરૂ નથી. વેલાતમો તો માશ ૧ ચુકેલા છે. પન બીજું ગણું બી ચુકેલા છે પણ તે બીચારા શું કરે તેનાની ઉપર જુદ્દીનવાલાનો ગનો જુલમ છે વાશતે ચુકેલું ભુલેલું જેમ ચાલયું આવે છે તેમ ચલાવે છે."

સુજ્ઞ વાંચનારને કહેવાની જરૂર નથી કે "વેલાત" એટલે આપણો અસલ દેશ "ઇરાન." ઉપલી બીના સાફ દેખાડે છે (અને તે બીના સામી બાજુવાલા ઠદમીઓએ બોટી પાડી નથી) કે બાનબહાદુર બહમનજી કહે છે તેમ ઇરાનમાં કાબેલ અને ફાજેલ કોઇ હતાજ નહીં. ઠબીસાની જુંબેસની વખતે ઘણાઠ ભુતયાંઓ યાને બનાવટી કેતાબો સામસામેવાળા પોતાની

સચ્ચાઇ દેખાડી આપવા સારૂ બનાવતા હતા તે બીના "અખબારે કબીસે" તથા "એબતાલે કબીસે"ની ફાઇલો ઉઠલાવતાં કોઇ પણ ગ્રહસ્થને સહેલાઇથી જણાઇ આવશે. હું અત્રે થોડાક દાખલા ટાંકીશ.

તા૦ ૧૧ મી મે ૧૮૨૭ ના "અખબારે કબીસે"ને ૧૦૧ મે પાને આ પ્રમાણે લખાણ છે. "બીજું અગરજો તમોએમ ઉપર કહેલી વાત ઉપરથીબી ઇનકાર જાશો તો ૧) મહાભારત દફતર પુરાણું આપણી ઇરાન જમીનના દશતુરો તથા દાવરોની શઇશુધાનું છે તે દફતરને જે દાડે મેદાંણ પાડશું તે દાડે કંઇજ તમારી શોભા રહેશે નહી." વાંચનારને અત્રે કહેવાની જરૂર છે કે આ ઉપલું બ્યાન ૭૮) રેવાયતવાળી કેતાબને લાગુ પડે છે તે વિશેનું વધુ વિગતવાર લખાણ પાછળથી ઉપલાં પત્રમાં છપાયું હતું એમ એ૦ માણેકજી રૂસ્તમજી ઉનવાળા, કે જેવણે ઉપલાં પત્રની ફાઇલ મને મેહેરબાનીની રાહે વાપરવા આપી છે, તેવણનું કહેવું છે. પણ કમનશીબે ઉપલી ફાઇલમાંથી જોઇતાંજ પાનાં કોઇએ પાછલથી બદ દીમાનતથી કાઢી લીધાં છે એમ દીશે છે.

"એબતાલે કબીશે" નાં તા૦ ૧૨-૬-૧૮૨૭ નાં ૧૨૮ માં પાના ઉપર આ મુજબનું લખાણ છે. "પન જારે કેથે કબીશાનો થાંગો લાગો નહીં તારે લોકોને સંમજાવવા સારૂં હાલ ૩ દશતુરોએ મલીને ૩ કેતાબો કબીશાનાં જીવ ઉપર બનાવટ કીધીચ અને વલી ચોથા શ્રી—વાલા દશતુરજી સાહેબ બનાવટની તઇયારી કરે છે."



ના૦ ૧૮૦.

જમે જમશેદ.

(તા૦ ૨ જી આગસ્ટ સને ૧૯૦૪.)

૪૦૦ વરસનું એક ગંજાવર ઝાડ.

દસતુરજી મેહેરજીરાણાનાં ખાનદાનની વંશાવળી.

ગુજરાતને છેઠે ખુણે આવેલી નાનકડી નવસારી નગરીમાંથી છેક દીલ્હી સુધી મોગલ બાદશાહ અકબરની દરબારમાં રોશની નાખી પારસી આલમની કીરતીમાં વધારો કરનાર પેલા મહાપુજય મરહુમ દસતુરાન દસતુર મેહેરજીરાણાનાં નામથી આજે કયો પારસી અજાણ્યો છે? એ નામવર દસતુરજીને મેહેસતનશીન થયાને આજે સુમારે સવાત્રણસે વરસ થયાં છે તે છતાં નવસારી તેમજ મુંબઈ વગેરે ઠેકાણેના પારસીઓ એ મરહુમનાં નામ ઉપર કેવા ફીદા છે તે એ મરહુમનાં ચઉદમા જનયનશીન વડા દસતુરજી દારાબજી માહીયારજીને બે વરસની વાટ ઉપર મુંબઇ તેમજ નવસારીમાં મળેલાં અસાધારણ જાહેર માનપાનો ઉપરથી માલમ પડી આવ્યું છે.

એ દસતુરજીના એક ખાનદાની એરવદ દારાબજી રૂસ્તમજીએ એ ખાનદાનની વંશાવળી એક ઝાડના આકારમાં છપાવી પ્રગટ કરી છે, તેની એક નકલ અમોને મળી છે. શેઠખાનદાનની વંશાવળીનું એવું એક ઝાડ આગળ છાપવામાં આવ્યું છે, પણ તે ઝાડ તદન સીધું હોવા સાથ ફક્ત એકજ રંગમાં છાપવામાં આવ્યું છે, જ્યારે હાલનું ઝાડ વાકું ટીકું હોવા સાથ તેને જુદા જુદા "શેડીંગ" આપેલા હોવાથી, તે એક કુદરતી ઝાડનો વધારે સારો ખયાલ આપે છે. આ ઝાડ ઉંચા

કોમો પેપર ઉપર જુદા જુદા આઠ રંગમાં ઘણી કારીગરીથી છાપવામાં આવ્યું છે. મરહુમ દસતુરજી મેહેરજી રાણાનું ખાનદાન જેમ સરવેથી પુરાણું છે તેમ તે સરવેથી મોટું પણ હશે એમ અમો ધારીએ છીએ. આ ઝાડનાં થડમાં મુળ પુરૂશ તરીકે મેહેરજી રાણાનું નામ જોવામાં આવે છે, તો પણ એ વંશાવળી સંપુરણ નથી: ભરમપોરીયા દસતુર તથા વજીફદાર એ બે ખાનદાની ડાળીઓ જમ્યાની તંગાસને લીધે કાપી નાખવામાં આવી છે, અને તેથી એ વંશાવળીનું નામ મરહુમ પહેલા દસતુર મેહેરજી રાણાનાં ખાનદાનવાળા દસતુર સોરાબજી રૂસતમજીનાં ખાનદાનની વંશાવળી કરી રાખવામાં આવયું છે. એટલે એમાં મેહેરજીરાણાનાં હાલનાં નજદીકના ત્રણ મોટાં ખાનદાનોનીજ વંશાવળી સમાવવામાં આવી છે. મજકુર બે ખાનદાનો પણ જો એમાં સમાવવામાં આવયાં હતે તો એ ઝાડ અલબત ઘણું ગંજાવર થઇ પડતે.

મજકુર ત્રણ ખાનદાનો જુદા જુદા રંગોને લીધે એકદમ ઓળખાઇ આવે છે. વળી દસતુરજી મેહેરજી રાણાની ગાદી ઉપર આવનારા દસતુરો અને નાયબ દસતુરો, તેઓના અનુક્રમ નંબર તથા મરણના ચોકસ દીવસો સહીત એકદમ માલમ પડી આવે છે. તમામ ભગર સાથ ટોળાંની વંશાવળી એરવદ રૂ. જા. દસતુર મેહેરજીરાણાએ પ્રગટ કરી છે. તેમાં બીજાઓના પાળક થનારા માણસોનો સંબંધ તેઓના સગા બાપ સાથ જણાવવામાં આવયો નથી, પણ આ વંશાવળીમાં તો એવી ગોઠવણ કરવામાં આવી છે કે તેમાં ઉપલા બને સંબંધો ખુલ્લા માલમ પડી આવે છે તેથી એ ખાનદાનના નામગરણ જો સમુળગાં ગુમ થઇ જાય તો પણ તે સઘળાં આ ઝાડમાંથી ખુલ્લાં માલમ પડી આવે એમ છે. નાની ઉમરે મરણ પામેલાં બાળકો જેઓને "ખુદ" કહે છે તે સઘળાંઓનો પણ સમાવેશ કરવામાં આવયો છે અને કોણ કોણ મરણ પામયા અને કોણ હાલ હયાત છે તે પણ એ ઝાડ બતાવે છે. એ ઉપરાંત રોજ ૨૪ મો, માહ ૧, સને ૫૫૧ યજદેજરદીને દીને નવસારીમાં આવનાર પહેલા અથોરનાન મુળ પુરૂશ જરથોસત મોબેદથી મેહેરજીરાણા દશમી પેહેડીએ સીધા ઉતરી આવે છે તે પણ બતાવવામાં આવયું છે. મજકુર જરથોસત મોબેદ અને પ્રખયાત દસતુર નેરીઓસંગ ધવલની વચેની વંશાવળી અધુરી હોવાથી તે પડતી મેલવાનું દરૂસત વીચારવામાં આવ્યું છે. આટલી પુરાણી અને મોટી વંશાવળી સંપુરણ ધરાવવા માટે અમો એ ખાનદાનને ભાગ્યશાળી સમજયે છીયે. ચારસો વરસનું આવું જુનું ગંજાવર ઝાડ આવી આબાદ હાલતમાં ટકી રહે એ ખુશી થવા જોગ છે; અને એનાં થડ આગળની ઉપલી બે ડાળીઓ જો કાપી નાખવામાં નહી આવતે તો એ ઝાડ ખરેખર નીચે ઝુમાઇ પડતે.

આવતા અસપંદાદ મહીનાનો દેપાદર રોજ મરહુમ દસતુરજી મેહેરજીરાણાની ૩૧૪ માં વરસની બાજનો દીવસ છે, તે દીવસે એ મરહુમના સેંકડો વખાણનારાઓ મરનારની નઇયતે બાજ જશણ કરશે. આ એક ઘણીજ સરસ યાદગારી છે. અને આ "ઝાડ" ફરેમમાં ટાંગવાથી એ મરહુમની એક બીજી યાદ જળવાઇ રહેશે. એરવદ દારાબની આ ઉલટ અને મેહેનત સતુતીપાત્ર છે. એ વંશાવળી બહાર પાડવામાં એ જવાનયાએ કાંઇ પણ હાંસલની હોંસ તો અલબત રાખી નહીજ હશે. તો પણ એની પછવાડે મોટો ખરચ થયલો

માલમ પડે છે આ વંશાવળી મુંબઇ કાલબાદેવીના એક ખુણામાં આવેલા "ચીત્રોતેજક પ્રેસ"માં છપાવવામાં આવી છે. આ છાપનાર સોનાનો ચાંદ ધરાવનાર એક દેશી છે, અને એક દેશીને હાથે આવી કારીગરી થયલી જોઇ અમોને સંતોષ ઉપજે છે. આ વંશાવળી સાથ બીજાઓને લાગતું વળગતું નથી તોપણ તે એકવાર જોવાની લીધેલી મેહેનત ફોકટ જશે નહી.

ના૦ ૧૮૧
જમે જમશેદ

(તા. ૧૩ મી અકટોબર સને ૧૯૦૪)

૨૯૯ વરસોની એક યાદ.—આજે હીંદુસ્થાનમાં બનેલો ગમખવાર બનાવ.

એક બાહોશ લડવઇયો, એક વીદ્વાન અભયાસી, એક ચુસત ઇનસાફી શેહેનશાહ કે જે એકવેળા મખમલી બેઠકો, તથા રેશમી કીનખાબી કપડાંઓથી હીરાજડીત તખત ઉપર બીરાજતો હતો, જેની આસપાસ કુરનસ બજાવી રતન જડીત સીરપેચ બાંધી અમીર ઉમરાવો ઉભા રહેતા હતા, જેના રાજમેહેલ આગળા માણકો, પાનાં તથા પોખરાજ જડીત અમબારીઓથી સજાયલા હાથીઓ સદા ઉસતવાર રહેતા હતા, જેની સવારીની પાછળ મોતીઓની કલગીર ખોસેલા ઘોડાઓની પીઠ ઉપર ભરજરીન પોશાક પહેરેલા સવારોની અલગાર લાગતી હતી, જે પઇસાએ તોલાઇને ગરીબોને વહેંચતો હતો, અને સોના રૂપાની બનાવેલી બદામો અને મેવા તથા બીજાં ફળો પોતાને હાથે ઉછાળતો હતો તે જેવો શહેનશાહ—બેહોળી સલતનતનો માલેક—પારસીઓને ચાહનારો, શેહેનશાહ અકબર આજે બરોબર ૨૯૯ વરસોની વાત ઉપર તા. ૧૩ મી અકટોબર સને ૧૬૦૫ માં મરણ પામ્યો હતો.

શેહેનશાહ અકબર માત્ર ૧૩ વરસની કુમળી ઉમરે સને ૧૫૫૬ માં દીલ્લીના તખતે બીરાજ્યો હતો. એ શેહેનશાહ જાતે ઘણો કાબેલ હતો. એનાં કેટલાંક વખાણવા લાયક લખાણોમાં " આઇને અકબરી " એક તારીફ લાયક ગણાય છે. અકબર જેપુરના રાજા બહારમલની છોકરી સાથે પરણ્યો હતો, અને પોતાના સસરા તથા સાળાને પોતાના લશકરમાં સરદારી બક્ષી હતી. તેની એક બીજી બાયડી પણ હતી અને તે રજપુત રાજાઓની ઓલાદની હતી.

અકબરને ઝાઝી ઉંઘ નહી હતી તથા વીદ્યાહુનર બાબે તે કોઇ કે.ઇ વેળા રાતોની રાતો જાગીને કહાડતો હતો. અકબર શેહેનશાહને શીકારનો ઘણો શોખ હતો અને વાઘ, વરૂ, જેવાં વીકાળ પ્રાણીઓનોજ તે શીકાર ઘણો કરતો હતો. ધરમ વીશે તે ઘણો અપક્ષપાત વીચાર ધરાવતો હતો. બદનને કસવું અને દુઃખ સોસવા શીખવું, એવા વીચાર તેના હતા, તેથી તે મોટી મંજલો કરતો હતો. તેણે વેદ, ભારત, રામાયણ, લીલાવતી, ઇતયાદી, સંસકૃત ગ્રંથોના તરજુમા ફારસી ભાશામાં કરાવયા હતા. તેણે કેટલાક કાબેલ ખ્રીસતી પાદરીઓને ગોવેથી બોલાવી મંગાવયા અને તેઓની પાસે કેટલાક છોકરાઓને વીદયા અભયાસ કરાવયો, ખ્રીસતી બાઇબલનો તરજુમો કરાવવાનું કામ તેણે અબુલ ફજલને સોંપયું હતું. જરથોસતી મહજબની સમજ માટે નવસારીવાળા દસતુરાન દસતુર મેહેરજી રાણાને પણ દીલ્લી ખાતે બોલાવયા હતા.

એ સરવે છતાં એની સાદાઇ વખાણવાલાયક હતી. બીજા રાજાઓની માફક ડોળ

નહી કરતાં બસસાફ કરવા તખતની નીચે તે બેસતો હતો, સરવે સાથે તે બોલતો હતા, કોઇ ગરીબ માણસ નજરાણું લાવે તો તે લઇ તેનો ઉપકાર માની તે સાથે વાત કરતો હતો. અને તેનો બંગ વાળી આપતો હતો. તે અંદાજથી બાણું લેતો તથા એક પોહોર સુતો હતો. તેની રઇયત તેની ઉપર ઘણા પયારથી જોઇ તેની દેહેસત રાખતી હતી અને દુશમનો તેનું નામ સાંભળી ઠરહર કાંપતા હતા.

ના૦ ૧૮૨
નવસારી પ્રકાશ.

(તા૦ ૨૦ મી જનેવારી સને ૧૯૦૭)

રાખી દીલ દાઝ દેશની, ધરી સાચ ને આશ,
નવીન રહાશના તેજથી, **નવશારી પ્રકાશ.**

અકબરની તવારીખના સંબંધમાં મી૦ રૂ. પે. કરકરીઆનું ઉંધાડું પડેલું નવું બોટારૂં.

એક " હીસ્ટોરીઅન " અથવા તવારીખના બાં તરીકેનો મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરીઆનો દાવો કેટલો પોકળ છે, તેના અનેક દાખલા અત્યાર અગાઉના જાહેર થઇ ચુકયા છે. તેઓમાં સઉથી મોતેબર અને આપણ સાથ સંબંધ ધરાવતો દાખલો, મરહુમ પેહલા દસ્તુર મેહેરજી રાણાને લગતો છે, કે જેમાં મી૦ કરકરીઆનું અકબરની તવારીખ સંબંધી અજ્ઞાનપણું પુરતી રીતે ઉંધાડું પડયું છે. મરહુમ દસ્તુર મેહેરજીરાણા પોતાના જમાનામાં એક ભણેલા તથા પરહેજગાર અને નમુનેદાર દસ્તુર હતા, અને તેઓએ દીલ્હી જઇ શેહનશાહ અકબરનાં ધર્મ મંડળમાં ભાગ લઇ જરથોસ્તી ધર્મની મોતેબરી જાહેર કીધી હતી, તથા અકબરને તે ધરમની બુલંદી સમજાવી તેને તેના તરફ જાનફેશાન કીધો હતો, કે જે વાતની નોંધ તે વેળાની તવારીખમાં થયલી છે, અને તેમની તે સેવા માટે એ મહાન મોગલ શેહનશાહ તરફથી ઇનામમાં એક યાદગાર વજીફો મળેલો હજુ મોજુદ છે. એટલું છતાં, મી૦ કરકરીઆએ તેનો ઇનકાર કરી, અકબરને જરથોસ્તી ધરમ સમજાવવાનું માન એક ઇરાની દસ્તુર અરદેશરને આપ્યું એટલું જ નહીં, પણ દસ્તુર મેહેરજી રાણાની તેવું કામ બજાવવાની લાયકાત ઉપર શક નાખી તે દસ્તુરજીનેજ નહી પણ તે વેળાના હીંદના તમામ પારસીઓને ધરમ જ્ઞાન વગરના તથા દીનથી બેરાહ જેવા જણાવવાની અસાધારણ હીમત કીધી હતી પણ તેમાં તેઓ તદન ફસકી ગયા હતા. " એડીમોકલટરી " ના તખલ્લુસના વીદ્વાન લેખક, જેઓ હવે ઝાઝો વખત આપણી બનણ પીછાણથી છુપા રહ્યા નથી, તેવણે તારીફ લાયક કાબેલીયત તથા અચુક દાખલા પુરાવાથી મી૦ કરકરીઆનો રદ જવાબ આપી તેમનાં સીધાંતો તથા તકરારોને બીલકુલ જમીનદોસ્ત કરી નાંખ્યાં હતાં, અને તે પછી શમ્સૂલ ઓલમાં એરવદ જીવનજી જમશેદજી મોદીએ રોયલ એશીયાટીક સોસાયટીની મુંબઇની શાખાની સભામાં વીદ્વતા ભરેલો નીબંધ વાંચીને, તથા પાછલથી એક મોટું દલદાર પુસ્તક છપાવીને. વધુ દાખલા પુરાવા તથા સતાવાર દસ્તાવેજોથી મી૦ કરકરીઆનું બોટારૂં પરીપુર્ણ કરી આપ્યું હતું. તેથી જોકે મી૦ કરકરીઆનું પુલસુંધણું છેક જતું રહયું હતું, તોપણ તેઓ પોતાની હાર કબુલ કરી ચુપ બેઠા નહી. તેઓએ પોતા તરફનો જવાબ આપવાની ખુલ્લે ખુલ્લી કબુલાત આપી હતી, અને તવારીખના શોકીનો તથા અભ્યાસીઓ તેની રાહ કાગને ડોલે જોતા હતા.

તે બનાવને આજ અરધા દાહેકાની મોટી મુદત પસાર થઇ છે, પણ મી૦ ફરદુરીઆ હજુ પોતાની કબુલાત પાર પાડી શકયા નથી, અને હવે તે કદાચ "સોશ્રીઓસ" ના જમાનામાં પાર પાડે તો ખોદા જાણે ! હજુ તો તેમને માથે એ ફરજનો બોજો ચહુડેલોજ છે, અને આપણો દાવો તેમના ઉપર ચાલુજ છે, તેવામાં તેમનું એજ વિષ્યને લગતું, એટલે અકબરની તવારીખ સંબંધી, એક નવું તથા ચોંકાવનારૂં ભોપલું બાહેર પડયું છે. વાંચનારાઓને યાદ હશે કે, નામાંકીત શેહનશાહ અકબરના કીર્તીવાન રાજ અમલની ત્રણ સદી પુરી થવાની મુદતની યાદગારી તેને છાજતાં ઠાંઈ જાહેર ઠાર્થ વડે રાખવાની સુચના તથા હીલચાલ ગયે સાલ થઇ હતી. તેની પ્રથમ સુચના મુંબઇના જાણીતા પરમાર્થી પત્રકાર મીઁ બેરામજી મેરવાનજી મલબારીએ પોતાનાં જગપ્રસિદ્ધ અંગ્રેજી માસીક "ફ્રસ્ટ એન્ડ વેસ્ટ" માં કીધી હતી; અને અપર ઇન્ડયા માં પ્રગટ થતાં "ઝમાના" નામના મશહુર ઉરદુ ચોપાન્યાના વીદવાન તથા સાહસીક અધીપતી મી૦ દયા નારાયણ નગમ બી. એ. એ દેશના ચુનંદા વીદવાનો, લેખકો તથા તવારીખનવેશોને જાહેર રીતે નોતરૂં દઇને તેમના કને અકબરની તવારીખને લગતી જુદી જુદી બાબતોનાં ઉમદા લખાણો મેલવી તે પોતાના ચોપાન્યામાં છાપી તેનો એક ખાસ "અકબર નંબર" બેંચાણુકારક રીતે પ્રગટ કરી, એ યાદગીરી રાખવાનું શરૂઆતનું પગલું ભરયું હતું. ત્યારબાદ, છેક ગયાં ૧૯૦૬ નાં સાલના જાનેવારી માસમાં મી૦ ફરદુરીઆંએ, અકબરના રાજ્યની ત્રીજી સદીની સમાપ્તીની યાદગારીને નામે, અકબર વીષે એક નીબંધ રાયલ એશીયાટીક સોસાયટીની મુંબઇની શાખાની સભામાં વાંચ્યો હતો, અને તેમ છતાં એ યાદગીરી રાખવા સંબંધી પગલું પહેલવહેલું પોતેજ ભરયું હોય એવી વડાઇ લીધી હતી! પણ આપણને તેની સાથ હાલ થોડુંજ કામ છે. અમારી મુલ નેમ, આ નીબંધમાં મી૦ ફરદુરીઆએ જે એક છબરડો કરી અકબરને મોટો ગેરઇન્સાફ કર્યો છે, તથા તવારીખ સંબંધી પોતાનું વધુ અજ્ઞાનપણું કરી ઉઘાડું પાડયું છે, તેજ અત્રે દેખાડવાની છે.

પોતાના એ નીબંધમાં, અકબરના રાજ્યની ત્રણ સદીની તમામીઅતની યાદગીરીને છાજતી રીતે તે મહાતમા શેહેનશાહની ઉમદા ખુબી વર્ણવી તેના તરફ પ્રજાનું માન બેંચવાને બદલે, મી૦ ફરદુરીઆએ મુખ્યત્વે કરી એવું દેખાડવા તથા સાબેત કરવા માંગ્યું છે કે, અકબર પોતાનાં રાજ્ય અમલના છેલ્લા તબકકામાં આપખુદ, જુલમી, બલકે ખુની જેવો થઇ ગયો હતો; પોતાની દરબારના જે દરબારીઓ કે અમલદારો પોતાના માર્ગમાં કાંટા સમાન થઇ પડયા હોય તેમને તે હીચકારી તથા કાવત્રાં ભરેલી રીતે ઝેરની ગોળી ખવાડીને મારી નાંખતો હતો; તે કારણસર જ્યારે તે તેવા દરબારીને યુકતીથી ઝેરની ગોળી આપતો ત્યારે પોતાનું કાવતરૂં છુપાવવા માટે પોતે ઝેર વગરની ગોળી ખાતો; પણ તેમ કરતાં, ગાઝીખાન નામના એક દરબારીનું કાટલું કાઢવાની તજવીજ એજ રીતે કરવા જતાં ભુલથી ઝેરની ગોળી તેના પોતાનાજ ખાવામાં આવી, અને એ રીતે એક ઘણાંજ નામોશી ભરેલા મોતે તે મરણ પામ્યો હતો. અકબર જેવા ન્યાયી, દયાળુ, પ્રજારક્ષક, દુરઅંદેશ, બલકે શતાઇ ખવાસના રાજકર્ત્તા ઉપર આ કલંક! અકબરની દુરઅંદેશી, તથા તેની કીર્તીવાન તવારી-

ખનું થોડું પણ જ્ઞાન ધરાવનાર એક સાધારણ નીશાળ્યો વટીક એ કલંક માને નહી; અને તોપણ તેવો કલંક મેલવાની હીંમત કે પછી હુલડાઇ, કરતાં મી૦ કરકરીઆએ આગલો પાછલો કશો વીચાર કીધેલો લાગતો નથી, જેવી ઉધરમાપ રીતે તેવણે મરહુમ દસ્તુર મેહેરજીરાણાને કલમના એકજ ગોદાથી ઉતારી પાડયા હતા, તેવીજ ઉદ્ધત રીતે ખુદ અકબરને પણ અપજશ તથા અપકીર્તીમાં લાવી મેલવાની તેવણે નાદાની કીધી છે અને જે શખસ અકબર જેવા દેશ તથા પ્રજાના પરમ પુજ્ય રાજકર્ત્તાનો સ્થાપીત તથા અમર થયલી કીર્તી સામે એવાં ચેડાં કહાડે, તે મેહેરજી રાણા જેવા એક ગરીબ પણ આબરૂદાર દસ્તુરને ઉતારી પાડે તેમાં નવાઇ શી?

પણ, શુકર તે પાક પરવરદેગારના! જેમ મી૦ કરકરીઆના એવા નાલાયક, નાપાયદાર, નાદાનીયત ભરેલા ફતવા સામે દસ્તુર મેહેરજી રાણાનો બચાવ કરનાર ખરા કાબેલ નરો નીકળી આવ્યા હતા, તેમ અકબરનો બચાવ કરનાર પણ કોઇ "માયનો પુત" નીકલી આવ્યો છે. મુંબઇ ગેઝેટ પત્રના ગયા અકટોબર માસની તા૦ ૨૨ મી, ૨૪ મી, ૨૬ મી તથા ૩૦ મીના ચાર અંકોમાં મી૦ કરકરીઆનાં આ લખાણનો એક ત્રીસ્તીર્ણ તથા મઆકુલ રદીઓ અતી કાબેદીઅત તથા બેશુમાર દાખલા દલીલો સાથે, "*The Death of Akbar—An Enquiry into its Cause*" એ મથાળે આપી, તેમના નીબંધનું પોકળ વાંચનારી આલમ સનમુખ ઉઘાડું પાડવામાં આવ્યુ છે. દલગીરી ભરેલું એજ છે કે, આ કાબેલ લખનાર કોણ છે તેનું નામ તો નહીજ, પણ તેનો તખલ્લુસ વટીક જાહેર કરવામાં આવ્યો નથી. છતાં, જો એ લખનાર, મરહુમ મેહેરજીરાણાનો પ્રથમ બચાવ મુંબઇ ગેઝેટ મધે કરનાર વીદવાન ગ્રહસ્થજ છે એમ પાછળથી જણાશે, તો અમે અજબ થઇશું નહી. વાંચનારાઓ કદાચ આશ્ચર્ય પામી પુછશે કે, મી૦ કરકરીઆનો આ રદીઓ મુંબઇ ગેઝેટમા અપાયો તે વેળા નહી, અને હાલ તે પછી હદી મહીને તેની ખબર અમે શા માટે લઇએ છીયે. અમારો ખુલાસો એ છે કે, મી૦ કરકરીઆ કદાચ પોતાનો ખુલાસો યા બચાવ છપાવશે એવે ભરૂસે અમે ખોટી થયા હતા. પણ આજની ઘડી ને કલમના દહાડા સુધી તેવણે પોતાનું મોહડું દેખાડયું નથી, અને જેમ દસ્તુર મેહેરજીરાણા સંબંધી તકરારમાં તેવણ હંમેશને માટે મેદાન છોડી પલાયણ કરી ગયા છે તેમ, કદાચ આ બાબતમાં પણ ફરી મોહડું દેખાડશે નહી. મુંબઇ ગેઝેટમાં લખનારનો રદ જવાબ એટલો તો મુસ્તકીમ અને સાબેત પાયા પર રચયલો છે કે, તે સામે મી૦ કરકરીઆ એક હરફ કહાડવાની પણ હીંમત નહીં કરે, એમ અમે ખાતરીથી કહીયે છીએ. અને એટલો ખુલાસો કરી, ગેઝેટમનો મી૦ કરકરીઆ સામેનો રદ જવાબ કેવી મતલબનો તથા કેવા મુદા પર છે તે મુલ બાબતપર અમે આવીયે છીયે.

આ તકરારના સંબંધમાં મુખ્ય સવાલ એ છે કે, શેહનશાહ અકબર કેવી રીતે ગુજર પામ્યો હતો. કિંવા તેનું મરણ કેવા સંજોગો વચ્ચે નિપજયું હતું? તવારીખના અભ્યાસીઓ જાણે છે તથા માને છે કે, અકબરના રાજ અમલના છેલ્લા દહાડા તેના કુટુંબ સંબંધી ગમખારીમાં પસાર થયા હતા; પોતાના માનીતા તથા નામીચા એવા કેટલાક

કરબારીઓનાં મરણથી તેને મોટો ગમ લાગ્યો હતો ; તે ગમમાં તેના બેટા મુરાદના મરણથી વધારો થયો હતો ; તેના પાછલ જ્યારે તેનો બીજો વહાલો બેટો ડેન્યલ મરણ પામ્યો ત્યારે તો તેને એવો મજબુત જબમ લાગ્યો કે તેની તબીયત લઠડી પડી ; તેને તાપ લાગુ થઇ, અને તે સાજી ન થતાં અતીસારના રોગનો વધુ હુમલો તેનાપર થયો, અને એવી સામટી બીમારી તથા ગમબારીથી તે અંતે મરણ પામ્યો. આ બાબત ઉપર અકબરના કાળના ફારસી તવારીખનવેશો એકમત છે. અને યુરોપ્યન ઇતિહાસ કરતાઓ તેને ટેકો આપે છે. પણ મી૦ કરકરીઆ તેઓ સર્વને બોટા ગણી પોતાની નવીજ "ઠીયરી" રજુ કરે છે કે, અકબર તો ઉપર જણાવ્યા પ્રમાણે, બીજાઓને ઝેરની ગોળીથી મારી નાખવાનું પાપી કર્મ કરતાં અચાનક તેવી એક ઝેરી ગોળી પોતાના બાબામાં આવ્યાથી મરણ પામ્યો હતો. અને પોતાની આ નવી "શોધ" ના ટેકામાં મી૦ કરકરીઆ એકાદ બે લુલી લંગડી શાહદતો રજુ કરે છે. તે શાહદતો; મેનુસી નામના એક વેનીશીઅન, તથા બોહાનેસ ડી લાએટ નામના એક ડચ ગ્રંથકર્તાઓની નોંધની છે. હીંદની કે અકબરની તવારીખના સંબંધમાં આ લખનારાઓને કોઇ જાણતું કે માનતું નથી, છતાં મી૦ કરકરીઆ તેઓ ઉપર તાજુબી-ભરેલી રીતે ફીદા થઇ ગયલા જણાયા છે. ડી લાએટના જે પુસ્તક ઉપર તેણે પોતાની નવી શોધની ઇમારત ઉઠાવી છે તે અસલ લાટીન ભાષામાં છે ; તેનું નામ "ડી મેગ્ની મોગોલીસ ઇમપેરીઓ" છે ; તે લીડન બાતે ૧૬૩૧ ના સાલમાં છપાઇ પ્રગટ થયું હતું, અને મી૦ કરકરીઆ વડાઇ લે છે કે, તેની નકલો કોઇ મલી શકતી નથી, સીવાય કે મહા મેહેનતે તેની એક નકલ તેવણ પોતે મેળવી શકયા છે. ધાર્યા મેળે આ નવી નવાઇની (!) નકલ મળ્યાથીજ તેઓ તેના ઉપર મોહીત થઇ ગયા છે, અને તેના હરબમાં તેવણે તેને એટલું હદ બાહેર વજન આપી દીધું છે કે, તેની આગળ બીજા સંખ્યાબંદ ભરૂસેદાર તવારીખનવેશોને તેવણ તુચ્છ ગણે છે. બરેબર, આમ કરવામાં તેવણે પોતાને "હળદનો ગાંઠયો હાથ લાગાથી ગાંધી થઇ બેસવાના" જેવો હસવાજોગ હાલતમાં મેલ્યા છે. મુંબઇ ગેઝેટના વીદવાન યા બરા શોધક બુદ્ધીના લેબકે તરેહવાર મનતકી તથા વ્યવહારીક તકરારોથી મી૦ કરકરીઆની આ એકલ ડોકલ શાહદતોનું તકલીદીપણું દેખાડયું છે એટલુંજ નહી, પણ ફરીશતા, બાકીબાન, મુતમદબાન સમસમુલ મુલ્ક, સુજાનરાય, ગુલામહુસેન તબતબઈ, જેહાંગીર, એલ્ફીન્સ્ટન, બ્લોચમેન, હંટર, બેવરીડજ, કાઉન્ટ ડી નોયર, માલીસન, કીન ઇત્યાદી ઇત્યાદી મોહમેદન, હીંદુ તથા યુરોપ્યન નામીયા વીશ્વાસુ તવારીખનવેશોની અચુક શાહદતો રજુ કરી, બારીકે બારીક વીગતો સાથે, સૂર્યના તેજ પેરે સાબેત કરી આપ્યું છે કે, શેહનશાહ અકબરનું મરણ અકુદરતી તથા અપકીર્તી ભરેલી રીતે નહી, પણ કુદરતી રીતેજ નીપજયું હતું, અને તેના જીંદગી ઉપર મી૦ કરકરીઆ જણાવે છે તેવો કશો કલંકી દાબ લાગ્યો ન હતો. તવારીખના શોકીનો તથા અભ્યાસીઓ માટે આ દાખલાઓ જાણવા, બલકે અભ્યાસ કરવા જોગ છે; પણ દલગીર છીયે કે તેનો સેજ ભાગ પણ અમારી ટુંક કટારોમાં આપી શકતા નથી, જે તકરારો તથા દલીલોથી મુંબઇ ગેઝેટની છ મોટી કાલમો ઝીણા ટાઇપથી ભરાય, તેને પુરતો ઇન્સાફ આપવા માટે તો નવસારી પ્રકાશ જેવા એકથી વધુ પત્રો

ભરાવાં જોઇએ. અમે ઇચ્છીયે છીયે કે, ગેઝેટમાં પ્રગટ થયલાં આ કીમતી લખાણોનો સવીસ્તર ગુજરાતી તરજુમો કરી એક નાનાં પુસ્તકના રૂપમાં કોઇ તરફથી પ્રગટ કરવામાં આવે. આ બાબત આટલી બધી અગત્યની છતાં અમે અજબ છીયે કે, મુંબઇનાં કોઇપણ ગુજરાતી પત્રે તેની કશી નોંધ કે ખબર લીધી નથી ! આ સુધાં મી. ઠરઠરીઆનાં બાહેર પડેલાં અનેક ખોટારાં ઉપરથી એટલું તો આપણે નક્કી જોઇ શકીયે છીયે કે, તવારીખનાં ખાં ઠેકેદારો, અને જ્યારે ત્યારે, અહીં અને તહીં, છાપાદ્વારે દેખાવ દેયા કરતા એ ગ્રહસ્થ ઘણા ભ્રમાયલા છે. તવારીખના જેવા અતી અગત્યના વિષયમાં તેઓ પુરતા અભ્યાસ, જુસ્તેજો, ધીરજ તથા હુરઅંદેશીથી કામ લેવાને બદલે, અલલટપે અને ઉધરમાપ રીતે જેમ ગમે તેમ ફડાકા મારે છે; અને તેમ કરીને એક હાથપર જ્યારે પોતાની હસી કરાવે છે, ત્યારે બીજા હાથપર, ગુજર પામેલા કે પછી હયાત, નામીચા પુરૂષોને હરડતો ગેરઇન્સાફ કરી વાંચક વૃંદને ખોટે રસ્તે દોરે છે, કે જે એક નહીં માફ થઇ શકે એવી નાદાની તથા હુલડાઇ છે.

ના. ૧૮૩.

પારસી.

(તા૦ ૧૯ મી જનવુઆરી સને ૧૯૦૮)

દસ્તુર મહેરજીરાણા.

(મરણ. તા૦ ૧ લી નવેમબર ૧૫૯૧)

—o—

તવારીખના શાગીર્દોનું આ એક માનીતું અને પ્રસીધ જીવનચરીત્ર છે કે જેવણની જીંદગીની સાથે ઘણીએક રસીલી કહાણી, કીસ્સાઓ જોડાયા છે. પંદરમી સદીમાં થઇ ગયલા મશહુર દસ્તુર મહેરજીરાણા જેવણ નવસારીની અંજુમને ઠેરવેલા પહેલવહેલા વડા દસ્તુર હતા તેવણના સંબંધની ઘણીક બીનાઓના બાબમાં અભ્યાસીઓ તથા તવારીખનવેશો વચ્ચે હજી પણ મતફેરી વાસો કરી બેઠી છે.

શાહ અકબરની દરબારમાં જઈ શહેનશાહના દીલ ઉપર જરથોસ્તી ધર્મનો બુલંદ છાપ દસ્તુર મહેરજીરાણાએ પાડયો હતો એમ કેટલાક તવારીખનવેશોએ ઠબુલ રાખ્યું છે, જ્યારે બીજા હાથ ઉપર મી. રૂસ્તમ પે. કરકર્યાએ એમ પુરવાર કરવાની કોશેશ કરી છે કે શાહ અકબરને જરથોસ્તી ધર્મ સમજાવનાર દસ્તુર મહેરજીરાણા નહોતા પણ ઇરાનથી આવેલા દસ્તુર અરદેશરની મારફતે અકબર બાદશાહ જરથોસ્તી ધર્મનાં ફરમાનોની બુલંદી જોઇ શકયો હતો. પણ સમશુલઓલમાં એરવદ જીવનજી જમશેદજી મોદીએ મુંબઇની રોયલ એશીયાટીક સોસાયટી સનમુખ બે રેસાલાઓ વાંચી તે તકરારનો સંપુરણ રદીઓ આપી બતાવયું હતું કે શાહ અકબરની સનમુખ જઇ જરથોસ્તી ધર્મની બુબીઓ સમજાવનાર બીજા કોઇજ નહીં પણ દસ્તુર મહેરજીરાણા હતા અને તકરારના ટેકામાં તેવણે કેટલીક સંગીન સહાદતો ટાંકી બતાવી હતી. આ વીદવતા ભરેલા રેસાલાઓ સમશુલઓલમા એરવદ જીવનજી મોદીએ તા. ૧૯ મી ડીસેમબર ૧૯૦૧ અને તા. ૧૩ મી જુલાઇ ૧૯૦૩ ને દીને ઉપલી સોસાયટી સનમુખ વાંચ્યા હતા અને તે આજે એક પુસ્તકના આકારમાં દસ્તુર મહેરજીરાણાની ગવાહી પુરી પાડે છે.

દસ્તુર મહેરજીરાણાનો અઇમાય તવારીખનાં વાંચકોને તે તબક્કા તરફ ઘસડી જાય છે કે જ્યારે મશહુર મોગલ શહેનશાહ અકબરનો રાજ્ય અમલ પુરબહારમાં

ખીલ્લી નીકલયેા હતેા. આપણી જાણથી એ દુર વાત નથી કે શાહ અકબર સઘળા ધર્મો તરફ માનની નજરે જોતેા હતેા એટલુંજ નહીં, પણ પેાતાની દીન ઉપરાંત પારકી દીનેાનેા અભ્યાસ કરવાની મેાટી ઉલટ ધરાવતેા હતેા. આથી અકબરશાહનું ધ્યાન ખુલંદ જરથેાસ્તી દીન તરફ ખેંચાયું અને તે દીનના ફરમાનેાથી વાકેફ થવાની તેણે મરજી બતાવી. હવે અકબરને જરથેાસ્તી દીનની ખુલંદ ફીલસુફીથી વાકેફ અને માહીત કરવા માટે કયા એાલમાને પકડવેા એ એક વીચારવાનેાગ સવાલ થઈ પડયેા. આપણા મશહુર દસ્તુર મહેરજીરાણાની જાણમાં તે વાત આવી એટલે તેવણ દીલ્હી તરફ કુચ કરી ગયા અને પાદશાહ અકબરની મુલાકાત આ માટે મેળાવવા માંગી. અકબરને માલમ પડયું કે દસ્તુર મહેરજીરાણા છેક દુરદરાઝ મુલ્કે નવસારીથી દીલ્હી ચેર શાહની મરજીને માન આપીને આવ્યા છે એટલે દસ્તુર મહેરજીરાણાને ઘણા મેાટા માન સાથે આવકાર આપ્યેા અને જરથેાસ્તી ધર્મની ફીલસુફી જાણવાની શાહે ભારી ઉલટ બતાવી. દસ્તુર મહેરજીરાણા જેવણ જરથેાસ્તી દીનથી માહીતગાર હતા અને એક આકીલ, ફાઝીલ નર તરીકે મશહુર બન્યા હતા તેવણે એવી સફાઇ અને એવા ઉંડાણથી શાહ અકબરને આપણી મેાતેબર દીનની ફીલસુફી સમજાવી કે જેથી શાહ ઉપર તેની ભારી અસર થવા પામી. શાહે સઘળા ધર્મોની સરખામણીમાં જરથેાસ્તી દીનને શ્રેષ્ટ તરીકે સ્વીકારી અને આવા એક દીનના મુરીદેાએ જરથેાસ્ત જેવા અશેા અને મહાન પયગમબર મેળાવવા માટે ઘણા મગરૂર થવું જોઇએ એવેા વીચાર શાહે ખુલ્લાં દીલથી જાહેર કર્યો, અને દસ્તુરજી ઉપર નવાઝેશ ઠરવાનેા ઠરાવ કીધેા. તેવણે પેાતાના વજીર અબુલ ફાઝલને તુરતજ ફરમાવ્યું કે એક પવીત્ર આતશ શબેારોઝ રેાશન કરેલેા રાખવેા અને અસલ ઇરાનીયન પારસીઓની રસમ મુજબ તે આતશની આરાધના કરવા.

દસ્તુર મહેરજીરાણાના સંબંધમાં તે વેળાના પ્રસીધ શાયર તાનશેને જોડેલાં ગીતનેા નીચલેા ભાગ ઘણેા રસીલેા ખ્યાલ રજુ કરેછેઃ—

ઇઆહુ પારશી પઢે શેા કબૂલ.
ઇઆ ધણી પારશી પઢે શેા કબૂલ
અગરકી પીઠ ચંદન લપેટેઉ
જે શેાધ શ્રૂખડ પેડ
ઇઆહુ પારશી પઢે શેા કબૂલ
લંબીલંબી દાહાડી શાહમેહેરીયાર
તેરી મૂખપર બરશત નૂર
ઇઆહુ પારશી પઢે શેા કબૂલ
કેહેતેા મીરાં તાંન શંગ
શૂનેા શાહ અકબર
ઇઆહી બેહેશતેાકેા કુલ
ઇઆહુ પારશી પઢે શેા કબૂલ,

અર્થ–અરે ખુદાવીંદ, પારસીઓની બંદગી કબુલ મંજુર રહે છે. અરે શાહ, પારસીઓની બંદગી કબુલ મંજુર રહે છે. અગર અને સુખડ આતશની આસપાસ મુકાય છે. અરે ખુદાવીંદ, પારસીઓની બંદગી તેા કબુલ મંજુર રહે છે. શાહ મેહેરીઆર, તમારી દાઢી છે લાંબી. કીર્તીના ઝળકાટ તમારા ઉપર ખીલ્લી નીકળયેા છે. અરે, ખુદાવીંદ, પારસીઓની બંદગી કબુલ મંજુર છે. મીઆં તાનસેન કહે છે કે અરે શાહ અકબર, તું મારૂં સમજ. તે બેહેસ્તનું એક ગુલશન છે. અરે ખુદાવીંદ, પારસીઓની બંદગી કબુલ મંજુર રહે છે.

શાહે ફરમાવ્યું કે દસ્તુરજી મેહેરજીરાણા જેવા એકદીની દસ્તુરને આપણી શાહેનશાહત તરફથી ૨૦૦ વીઘા જમીન ઇનામ તરીકે એનાયત કરવી. આ બક્ષેશ માટે

દસ્તુર મહેરજીરાણાએ અકબરનો આભાર માન્યો. હવે બીજા હાથ ઉપર દસ્તુર મહેરજીરાણાની ડાયનાતની આવી કીંમતી કદરશનાશી અકબરશાહ તરફથી થયલી જાણી નવસારી નગરીની જરથોસ્તી અંજુમન તો ખુશાલીની ખુમારીમાં બીક્ષી નીકળી, કારણકે પોતાના વડા દસ્તુર અકબર જેવા એક મહાન શાહ તરફથી માનચાંદ પામે અને તેમની લાયકતની લાયક પીછાણ આવા એક કાબેલ શાહ તરફથી કરવામાં આવે એ નોશાકરા પારસીઓ માટે ઓછી મગરૂરી ઉપજાવનારૂં નહોતું. દસ્તુર મહેરજીરાણા જ્યારે નવસારી પાછા ફરયા ત્યારે નોશાકરાઓએ તેવણને હદથી જ્યાદા આવકાર આપ્યો અને સર્વે કોઇ એમજ ખુશ થતું રહયું કે આવા એક ઓલમા હતા તો પરાઇ દીનનો શાહ પણ જરથોસ્તની બુલંદ દીન ઉપર કુરબાન થવા પામ્યો. નવસારી આવ્યા પછી નવસારીની પારસી અંજુમને એવણને પોતાના વડા દસ્તુર બનાવવાનો એક લેખ તા. ૧૨ મી માર્ચ ૧૫૭૯ ને દીને કરી આપ્યો હતો. તે લેખ નીચે મુજબ હતોઃ-

સંમસ્ત અંજુમન નુસારીના જોગ લા. સંમસ્ત હેરબુદ જત શ્રો સતા નવ સોનવાઢે જે હેરબુદ આપસની નુબતે નવાઢે તે એ, શ્રી મહેરજીરાણાને હજૂર પછી નવસો દીએ ત. શ્રોસ ઇજે તે પુછી ઇજે. પોતદાર વરાંએ શ્રોસ ત. નવસોનાં ટ્રોકડા જે આવે તે પોતદાર આલે તે વરાએ બીજું કોઇ નહી આલે જે આલે તે અંજુમનનું ગુનાહગાર શ્રોસ ઇજે ત. નવસો દીએ તે એ. શ્રી મહેરજી વાચ્છાને પુછી દીએ. નહીં પુછે તે અંજુમનનું ગુનાહગાર. રોજ ગુઆઢ, માહ તીર સંવત ૧૬૩૫, વર્ષ કતએ સંમસ્ત હેરબુદ.

૧-મોબેદ ખુરસેદ (સા)
૧-ચાંદણા કાકા (મતુ)
૧-પદમ રૂસ્તમ (મતુ)
૧-મોબેદ સાએર
૧-બેહેરામ જેસંગ
૧-આ. ધમપાલ કામદીન
૧-બહમન હોશંગ
૧-નુશેરવાન યાશદન
૧-ચાંદણા કામદીન ધનપાલ
૧-આ. રાણા પેશીતન
૧-આ. મહેરજી ચાંદજી
૧-આ. ખુરશેદ બેહેરામ ભાઇઆ
૧-આ. બહમન બેહેરામ

વળી તે પછી એક વર્ષ વીટયું નહીં અને એક બીજો લેખ સને ૧૫૮૦ ના સાલમાં તા. ૧ લી સપટેમબરને દીને કરી આપવામાં આવ્યો હતો. જે નીચે મુજબ છે :—

શ્રી અંજમન નુસારીનાં જોગ્ય લા. હેરબુદ સમસ્ત જત અંગીયારીની રાસ વહેવા તા. ઘઘરંણા તા. સરોશ તા. શેઆવ તા. નવસો તથા ભગર તા. અંગીઆરી સંબંધી જે કાંઇ આવે તે એ શ્રી મહેરજી વાછાની તસ્લીમ કીધું. એ શ્રી મેહેરજી વાછાની બગેર રજા કંઇ અંગીઆરી સંબંધી ઉઆલે વણ પુછે કામ કરે તે વરસ એક લગે ભાગથી અલગુ બેયાંનત. ચુગ પઠરે, તે ટ્રોકડું ૧ લીએ તેહના બમંનાં બેયાંનત આપે. એ નામું એ શ્રી મહેરજી વાછાની તસ્લીમ કીધું. એ લખાથી ચુકે તે અંજમનનું ગુહનેગાર. એ નામું એ. મહેરજીની શેહેતે રહે સહી. રોજ મેહેર, મા દેએ સંવત ૧૬૩૬ છતરીશા વર્ષે.

ધોઇયાં ચાંદજી શાખ્યે.
૧-બહમન ચાંદા (મતુ)
૧-પેશીતન ચાંદા (લખતંગ)
૧-આ. બેહેરામ જેસંગ (લખતંગ)
૧-લી. આ. પદમ રૂસ્તમ
૧-આ. કઈકબાદ મહીઆર

૧–આ. ચાંદણા કાકા (લખતંગ)
૧–આ. ધરવાલ કામદીન (લખતંગ)
૧–લા. આ. શાપુર આસા
૧–લા. આ. ચાંદણા કામદીન ધનપાલ (સામ)
૧–લા આ. ખુરશેદ બેહેરામ મહીઆર
૧–નુશેરવાન યાશદઈ (લખતંગ)
૧–આદર રાણા (કતમે)
૧–મ. બહમન હોશંગ
૧–આ. મોબેદ સાબેર (મતુ)
૧–નરસંગ રાનજી
૧–અ. કાકા અસદીઅ (લખતંગ)
૧–લા. પેસ્તન જીવા (આ)
૧–નરીમાન હોમ (સાખ)
૧–આ. ખુરશીદ બહમન (સાખ)
૧–આ. ધહીઆં બેહેરામ (સાખ)
૧–આ. બેહેરામ ફરેદુન.

એ રીતે નવસારી અંજુમને દસ્તુર મહેરજીરાણાને પોતાના વડા દસ્તુર તરીકે બબેવાર સ્વીકારી તેવણ ઉપર પસંદગીનો છાપ પાડયો હતો. એ રીતે નવસારીમાં ૧૫ મી સદીની આખરીએ પોતાના નામને યાદગાર બનાવી જઇ દસ્તુર મહેરજીરાણા તા. ૧ લી નવેમબર ૧૫૯૧ ને દીને યાને પારસી રોજ ૮, માહ ૧૨ (શે.) ૯૬૦ યઝદેજરદીને દીને નવસારી મધે ગુજર્યા હતા. નવસારીના મરહુમ વડા દસ્તુર દારાબજી અને હાલના દસ્તુરજાદા રૂસ્તમજી એજ મશહુર ખાનદાનના વંશજો છે..



ના૦ ૧૮૪

નવસારી પ્રકાશ.

(તા. ૨૦ મી સપ્ટેમ્બર સને ૧૯૦૮)

મેહરજી રાણા અને અકબર—એક વધુ અને મુસ્તકીમ સાબેતી.

શ્રી નવસારી નિવાશી મરહુમ પહેલા દસ્તુર મેહરજી રાણા દીલ્હી ખાતે શેહનશાહ અકબરની દરબારમાં ગયા હતા, અકબરને તેમણે જરથોસ્તી ધર્મની મોતબરી સમજાવી હતી, અને તેની સચોટ અસર એ મહાન મહાત્મા શેહનશાહનાં દીલપર થઇ હતી, એ બીના હવે એક "સેટલ્ડ ફેકટ" થઇ પડી છે, અને તે કદી કોઇથી તુટી શકવાની નથી. લગભગ સવા ત્રણસે વરસથી ચાલતી આવેલી એ અતિહાસીક વાત સામે, માત્ર આજ કાલ એકલા એક પેલા મી૦ રૂસ્તમજી પેસ્તનજી કરકરયાએ ઉઠાવેલા વાંધાનું ખંડણ પરિપુર્ણ રીતે થઇ ચુકયું છે, અને તે ખંડણ સામે પોતાના વાંધાનું મંડણ કરવાની જે કબુલાત, એ કહેવાતા "તવારિખના વિદ્વાન અભ્યાસી"એ આપી હતી તે, લગભગ એક દાહેકાની મુદત થવા આવ્યા છતાં તેઓ પાલી શકયા નથી, એટલે આપણે સમજવું જોઇયે કે, તે કબુલાત આપવામાં તેમણે માત્ર એક દમ કર્યો હતો, અને મેહરજીરાણાની કીર્તી સામે લડત ચલાવવાનાં તેમનાં હથ્યાર બુઠ્ઠાં કિંવા નકામાં હતાં. દરમીઆન એ મરહુમ દસ્તુરજીએ બજાવેલાં સદરહુ પરાક્રમની સાબેતી તરિકે નવનવીન વાત બાહેર આવતીજ જાયછે, કે જે તે મરહુમને મલતા ન્યાય માટે આપણને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે.

હમણાં તેવી એક વધુ અને મુસ્તકીમ સાબેતી અજવાલાંમાં આવી છે. જેની નોંધ અત્રે અમે ખુશી સાથ કરિયે છિયે. પ્રખ્યાત બંગાલી વિદ્વાન ડાકટર નીશીકંઠચ તોપાધ્ય, જેઓ "ડાકટર ઓફ ફીલોસોફી" ની સર્વોતમ પદ્વી ધરાવે છે, અને જરથોસ્તી ધર્મ સાહિત્યના પણ એક અભ્યાસી છે, તથા જેમણે થોડા વખત ઉપર શ્રી મુંબઇ ખાતે ફરામજી કાવસજી ઇન્સ્ટીટયુટનાં દીવાનખાનામાં જરથોસ્તી ધરમ ઉપર એક ભાષણ આપ્યું હતું, તેમણે અલ્લાહુબાદ ખાતે પ્રગટ થતાં જાણીતા માસિક "અલાહુબાદ રિવ્યુ" ના છેલ્લા એક અંકમાં શેહનશાહ અકબરે સ્થાપન કીધેલી "દીને એલાહી" વિષે એક અતી કાબેલ્યત ભરેલું લખાણ કીધું છે, જેમાં એ કાબેલ ગ્રહસ્થ, મરહુમ દસ્તુરજી સાહેબ મેહરજીરાણા વિષે તથા તેમની સમજાવટથી અકબરે ધારણ કીધેલી જરથોસ્તી રાહોરવેશ વિષે નીચલા જાણવા જોગ વિચારો પ્રદર્શીત કરે છેઃ—

"અકબરે તારીખે ઇલાહી નામનો નવો સને શરૂ કીધો હતો, જેના મહીનાઓના નામો પારસી હતાં, હેદરાબાદ દખણમાં તારીખે ઇલાહી હજુ ચાલે છે, અને ત્યાં રાજદ્વારી દસ્તાજોમાં કસલી મહીના ચાલે છે. તે તેજ જરથોસ્તી મહીનાઓ છે, કે જે અકબરે ત્રણ સદીની પણ આગળ દાખલ કીધા હતા. ગુજરાતમાં આવેલાં નવસારીથી મેહરજી રાણાની સરદારી હેઠળ કેટલાક મોબેદો અને દસ્તુરો ત્યાં ગયા હતા, અને શેહેનશાહને જરથોસ્તી ધરમની ફીલસુફી તથા તેની ક્રીયાઓના ભેદ સમજાવ્યા હતા, જમશેદી નોરોઝ, જેને નોરોઝે જલાલી નામ આપવામાં આવ્યું હતું, તે દર વરસ મોટા તેહેવાર તરીકે પાળવામાં આવતો હતો. જરથોસ્તી તેહવારો પાળવાનું તો સાધારણ થઈ પડયું હતું. પોતાની રાજ હકુમતનાં ૨૫ મા વરસના પહેલા દીવસથી (ઇ૦ સ૦ ૧૫૮૦) નામદાર શેહેનશાહે સુરજ અને આતશની જાહેરમાં ખુલ્લી પરસ્તેશ કરવાનું ચાલુ કીધું હતું, અને દરબારીઓને ફરમાવ્યું હતું કે મેહેલમાં દીવાબતી સળગાવતી વખતે સઘળાઓએ ઉઠી માન આપવું."

ના૦ ૧૮૫

જામે જમશેદ

(તા. ૨૪ મી આગસ્ટ સને ૧૯૦૯)

મરહુમ મી૦ ખ. રૂ. કામાજીનું નામ ભણતરોમાં યાદ કરવાનો ઠરાવ.

મરહુમ મી૦ ખરશેદજી રૂસ્તમજી કામાજીનાં પાછલી રાતનાં થયલાં ઉઠમણાં વખતે તેઓનું નામ જાહેર જશનોમાં યાદ કરવા માટે ઠરાવ થયો હતો, જે વખતે તેઓની સીફતમાં કેટલુંક બોલવામાં આવયું હતું.

એરવદ શેહેરીયારજી દાદાભાઇ ભરૂચાએ જણાવ્યું હતું કે એકાવન વરસ ઉપર મને મરહુમ કામાજી સાથ પીછાન થઇ હતી અને પોતે એક લક્ષાપતી છતાં હું એક અદના સાથ ઘણી નમનતાઇથી વાતચીત કરતા અને સલાહ આપતા હતા. એઓને તયાં હું પહેલાં ધરમની કેળવણી લેવા ગયો હતો અને મારી સાથ મરહુમ બેહેરામજી ભીખાજી કાંગા જોડાયા હતા. તે પછી મરહુમ એરવદ કાવસજી કાંગા અને બીજાઓ એઓના શાગેરદ થયા હતા. આપણાં ઘરમાં એક [illegible] કરીયે અને તેમાંથી સેંકડો ચેરાગ રોશન થાય તે પ્રમાણે વયાકરણ અને ફાઇલોલોજીના

ઠાયદે ધરમ કેળવણી લીધેલા અભયાસીઓમાં આજે મરનારથીજ વધારે થયો છે. એએ અમોને કેળવણીજ આપતા હતા એટલુંજ નહી પણ અમોને અમારો કેટલોક ખરચ પણ આપતા હતા. એવા ભલા નરની તારીફ કરવી લાજમ છે. માટે હું દરખાસ્ત કરૂં છું કે જાહેર જણતરોમાં મરહુમ શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાનું નામ લઇ તેઓની યાદ કરવી.

પ્રાચીન કાળમાં મોબેદ નેરયોસંગ ધવલે ઞંદ અવસતાનો સંસકરૂતમાં તરજુમો કરી હીંદુ રાજાને સમજાવ્યો હતો, તયાર પછી નવસારીવાળા દસતુર મેહેરજીરાણાએ અકબર બાદશાહની દરબારમાં જઇ તેઓને જરથોસ્તી મહજબ સમજાવ્યો હતો, જે ઉપરથી અકબર બાદશાહે ઈલાહી ધરમ સ્થાપી જરથોસ્તી ધરમના જશનો મહીના અને રોજ પોતાનાં રાજ્યમાં દાખલ કીધાં હતાં, એ બંને મરહુમોનાં નામ જાહેર કીયાઓમાં યાદ કરવામાં આવે છે અને આ દેશમાં કોઇ પણ શેહેર એવું નહિ હશે કે જ્યાં એ બંને સાહેબોનાં નામ યાદ કરવામાં આવતાં નહીં હોય અને કોઇપણ એ બે નામો યાદ કરવામાં ચુકતા નહી હશે. મરહુમ મી૦ કામાજીએ પણ આપણામાં ધરમજ્ઞાનની કેળવણી આપવામાં ઘણી મેહેનત અને કાળજી લીધી છે અને એ જ્ઞાનનો ફેલાવો કીધો છે, માટે આપણી ફરજ છે કે તેઓની યાદ આપણામાં રાખવી.



ના૦ ૧૮૬

જમે જમશેદ.

(તા૦ ૨૫ મી જનેવારી સને ૧૯૦૯.)

નવસારીવાળા મરહુમ દસતુર દારાબજી માહીયારજી મેહેરજીરાણા.

ઉમર વરસ ૪૯.
તેવણની ૨ જી બાજ.
મરણ તા૦ ૨૬-૧-૧૯૦૭.

હીંદ સરજમીનના સરવથી પુરાણી દસ્તુરી ગાદીના પેહેલા દસ્તુર મેહેરજી રાણાના ચઉદમા જાયનશીન. એ મરહુમ દસ્તુર સાહેબ ઘણી જાહોજલાલી ભોગવી દરેક કોમનું માન ધરાવતા હતા. વડોદરાના મહારાજા સર સીયાજીરાવની ખાસ મુલાકાતે ૧૮૬૫ ના ફેબરવારીમાં મરહુમ ગયા હતા જે વખતે મહારાજાએ કીમતી સરપાંવ એનાયત કરયો હતો અને વડોદરામાં રહયા તેટલા દીવસ રાજમેહેલની ગાડી અને સવારો એઓની હજુરમાં રાખયા હતા. ૧૯૦૨ માં એ દસતુરજી મુંબઇ આવયા હતા જ્યાંથી બેહદ મોટું માનપાન અને હદીયાઓ લઇ નવસારી પાછા વીદાય થયા તે વેળા તયાંની તમામ કોમે તેમજ સરકારી અમલદારોએ સરકાર સવારી સાથનું માન આપયું હતું જે બરોડા સરકારની પ્રજામાં પહેલુંજ હતું. નામદાર શેહેનશાહ ૭ મા એડવરડ તખતે બેઠા તેની ખુશાલીમાં તા૦ ૧ લી જનેવારી ૧૯૦૩ ના દીવસે દીલ્હી દરબાર થઇ હતી તે વખતે મરહુમના દરજ્જાનાં માનની પીછાણમાં નામદાર શેહેનશાહનાં નામ સાથ નામદાર ગવરનર જનરલની કાઉનસીલનાં ફરમાનથી વડોદરાના પોલીટીકલ એજંટે દરબાર ભરી સરટીફીકેટ ઓફ મેરીટ આપી

હતી. ૧૯૦૪ માં નામદાર ગાયકવાડ સરકારે એમ્બોનો મરતબો જોઇ છત્રી મસાલનું માન આપ્યું હતું જે માન પારસીઓમાં પહેલુંજ હતું, તા૦ ૩૧ મી માર્ચ ૧૯૦૪ ના દીવસે મુંબઇમાં પારસીઓની રીપન કલબે નામદાર ગાયકવાડ સર સીયાજીરાવને ખાણું આપ્યું હતું તે વખતે પારસી કોમના વડા મરહુમ ચોથા સર જમશેદજી મહારાજની સલામતી લેવાડતાં બોલ્યાં હતાં કે નવસારીના દસતુરજીને માન આપી આખી પારસી કોમને નવાજી છે. મરહુમે પોતાની ભગર અંજુમનના હકો માટે લડત ચલાવી ફતેહ મેળવી હતી. વળી પ્રજા લાભનાં કામોમાં પણ આગેવાન ભાગ લેતા હતા. મરહુમની યાદમાં નવસારી, મુંબઇ વગેરે શેહેરોમાં બાજ, જસન કરવામાં આવે છે.

ના૦ ૧૮૭

સાંજ વર્તમાન.

(તા. ૩ જી નવેમ્બર સને ૧૯૦૯)

અકબર બાદશાહનાં વખતમાં "જગત ગુરૂએ" પોતાની જાદુઇ વડે આકાશમાં થાલ ચઢાવી બે સુરજ દેખાડયા, અને તેમાંના બોટા કુત્રીમ સુરજને મરહુમ પહેલા દસ્તુર મેહરજીરાણાએ જંદ અવસ્તા ભણીને જમીનદોસ્ત કરી નાંખ્યો. એ તવારીખી વાત હવે પણ તમે ખરી માનશો કે નહીં? જો નહી માનો તો નીચલો ખરો બનેલો બનાવ તમારાં મસ્તકપર હું છુટો મારૂં છું. કેહજે થોડા દહાડાપર સ્વીડનનાં પાયતખ્ત સ્ટોકહોમ ખાતે એક દીને સહવારે અગ્યારને કટોરે (અરે નહીં, અગ્યારને ટકોરે!) આકાશમાં બે સુર્ય, થોડોવાર દેખાયા હતા. એક સુરજ તો હોય; પણ તેનો ભાગ્યો લાગ્યો આ બીજો સુરજ કયાંથી આવી ચઢયો? શું પેલા અકબરના વખતના જગતગુરૂએ મશાણમાંથી આવી પેલી જાદુઇ થાલી પાછી આકાશમાં ચઢાવીને તે બનાવ્યો હશે? શેતાનનો હવાલો! પણ સ્વીડીશોનાં મોટાં નશીબ કે, તેમનો આ નવો આકાશી પરોણો માત્ર અરધોજ કલાક રહી રકતે રકતે પલાયણ કરી ગયો હતો. નહી તો? નહી તો વલી તેને જમીનદોસ્ત કરવા માટે મરહુમ મેહરજીરાણાને બાગે બેહસ્તમાંથી પાછા પૃથ્વી ઉપર બોલાવી મંગાવવા પડતે! કહો, મેહરજીરાણાના વિરોધી પેલા મી૦ કરકરયાને, કે આ બનાવની નોંધ લીએ!



ના૦ ૧૮૮.

આજે જમશેદ.

(તા. ૧૪ મી ઓગસ્ટ ૧૯૧૭.)

મરહુમ પેહેલા દસ્તુર મેહરજીરાણાની આજ રોજે પડતી ૩૨૬ મી જ્યાજ.

તેવણની શાહ અકબરનો દરબાર ખાતેની મુલાકાતની હાલના પુસતકોમાં લેવાયલી સતાદાર નોંધ.

તેવણના કુટુંબીઓને એક સુચના.

આજ રોજે નવસારીનાં મહેરજીરાણા ખાનદાનના સ્થાપક મરહુમ દસ્તુર પહેલા મહેરજીરાણાની ૩૨૬ મી જ્યાજનો દીવસ છે તે પ્રસંગે તેવણનાં સંબંધમાં બે બોલ બોલવાની રજા લઉં છું.

નસીબ જોગે જાણે મારી સરજતમાં એવું સરજાયલું છે કે કોઇક દસ્તુરો સામે થતા યા થયલા હુમલાઓ સામે મારી કમીની કલમ ધરવી. વડીલોથી સંજાણ સાથે અને વારસોથી ઉદવાડાનાં દસ્તુરો સાથે સંબંધ રાખનાર ફીસ્સે સંજાણવાળા દસ્તુર બહમન કેકોબાદ અને તેવણ સાથ દસ્તુર હોશંગ આસા માટે બોલી હાલમાંજ હું થોડોક પરવાર્યો છું. ગયે સાલ સુરતવાળા કદમી ટોળાના દસ્તુર દારાબ માટે બોલ્યો હતો. અને આજથી ૧૬ વરસ ઉપર, સને ૧૯૦૧ માં, નવસારીવાળા આ દસ્તુરજી મેહરજીરાણા માટે બોલ્યો હતો. આ ત્રણે દસ્તુરોમાંથી એક સામે આળ મેલનાર એક ફ્રેંચ વીદ્વાન હતા. હાલમાં બે સામે આળ મેલનારાઓ આપણા પારસી ભાઇઓજ હતા. આજે ફીસ્સે સંજાણવાળા દસ્તુર બહમન કેકોબાદ સામે જે સાહેબો બોલે છે તે સાહેબોની પછવાડે જે એકાદ બે સાહેબો છે તેજ સાહેબો આગળ દસ્તુર મેહરજી રાણા સામે બોલનારા સાહેબોની સંકમાં પણ સાંમેલ હતા, એમ દીસે છે.

હવે આજે મરહુમ દસ્તુર મેહરજી રાણાની બાજને દહાડે એ રૂહશાદ દસ્તુરની યાદ કરવાને અને તેવણ માટે બે બોલ બોલવાને ખાસ ખુશી ભર્યો સબબ હાલમાં પ્રગટ થયલાં એક પુસ્તક ઉપરથી મળ્યો છે. તે પુસ્તક Akbar the Great Mogul નામનું છે, જે હિંદની પુરાણી તવારીખ લખનાર મી. વીન્સેન્ટ સ્મીથ (Vincent Smith) ની કલમથી હાલમાંજ બાહાર પડયું છે. આ લખનાર આગળ હિંદુસ્તાનની સીવીલ સરવીસનો એક અમલદાર હતો, અને પુરાણી તવારીખની બાબતોનાં લખનાર તરીકે અતરે તેમજ યુરોપમાં નામીતો થયલો છે. તેણે ઉપલે નામે ૫૦૪ સફાનું એક દલદાર પુસ્તક શાહ અકબરની જીંદગી ઉપર લખ્યું છે. અને તેમાં મરહુમ દસ્તુર મેહરજીરાણા સામે થયલા ટીકાને રદ ગણી તેવણના કામને પુરતો ઇનસાફ આપ્યો છે.

આગળ સવાલ બરપા કરવામાં આવ્યો હતો કે શાહ અકબરને જરથોસ્તી ધરમ સમજાવનાર નવસારીના પારસીઓ અને દસ્તુર મહેરજીરાણા નહી હતા. પણ ઇરાનના એક દસ્તુર અરદેશર નામના હતા. મેં તે વખતે મારા The Parsis at the Court of Akbar and Dastur Meherji Rana નામના વીષયમાં દેખાડયું હતું કે તેમ કરનાર નવસારીના પારસીઓ હતા, અને તેઓમાં આગેવાન દસ્તુર મહેરજીરાણા હતા. અકબરના ધર્મ સંબંધી વીચારો બાબે બોલતાં આ તવારીખનો લાહીતઆર લખનાર એમજ

લખે છે. મને જાણીને ઘણી ખુશી અને સંતોષ ઉપજે છે કે હવે એક તવારીખનાં પુસ્તકમાં, અને મી. વીનસેન્ટ સ્મીથ જેવા એક જાણીતા તવારીખનવેશનાં પુસ્તકમાં, એ બાબે નોંધ લેવાઇ છે અને બોલ્લું લખાયું છે કે શાહ અકબરને જરથોસ્તી ધરમનાં મુળા તત્વો સમજાવનાર નવસારીના જરથોસ્તીઓ અને તેઓના વડા દસ્તુર મેહેરજીરાણા હતા. આ બાબે એ લખનાર નીચે પ્રમાણે બોલે છે.*

"જરથોસ્તી સાહિત્ય બાબદ અકબરને મુખ્ય તાલીમ આપનાર દસ્તુર મેહરજીરાણા હતા કે જેવણ ગુજરાતમાં આવેલું નવસારી કે જે તે વખતે પારસી ધર્મગુરૂઓનું મુખ્ય મથક હતું તેના એક આગેવાન "મોબેદ" યાને ધર્મગુરૂ હતા, અને જેવણ સાથે અકબરે ૧૫૭૩ ના સુરતના ઘેરા વખતે ઓળખાણ પાડી હતી, કે જ્યારે પાદશાહી લશકર કોકરાબાડીમાં પડાવ નાંખી પડેલું હતું. મજકુર વરસથીજ જરથોસ્તી ધર્મની બારીકીઓ જાણવાને અકબર એટલો તો આતુર હતો કે તેણે મજકુર દસ્તુર પાસેથી જેટલી તાલીમ મેળવાય એટલી મેળવા લીધી અને ધર્મને લગતી તકરાર ચાલુ રાખવાને તેવણને પોતાની દરબારમાં આવવાને સમજાવ્યા. ચોકસપણે કહી શકાતું નથી કે મજકુર દસ્તુર ૧૫૭૩ ના વરસમાંજ કે જ્યારે અકબર પોતાની રાજધાણી તરફ પાછો ફર્યો ત્યારે તેની સાથે દીલ્લી ગયા હતા યા ત્યાર પછી બીજે વખતે ગયા હતા. પણ આટલું તો ચોકસજ છે કે આ પારસી ધર્મના અભ્યાસીએ ૧૫૭૮ ની તકરારોમાં ભાગ લીધો હતો અને ૧૫૭૮ ની શરૂઆતમાં પોતાનાં વતને પાછા ફર્યા હતા.

"અકબરની દરબારમાં પોતાના બાપ દાદાઓના ધર્મની બજાવેલી અમુલ્ય સેવાઓથી એવણે પોતાના હમવતની ગોઠયાઓની સંપુર્ણ દીલસોજી મેળવી લીધી, કે જેઓએ એવણને કાયદાપૂર્વક રીતે પોતાના વડા તરીકે કબુલ રાખ્યા, કે જે એક ઘણોજ માન ભરેલો ઓદ્યો હતો, અને જે તેઓએ ૧૫૯૧ એટલે પોતાના મરણ સુધી ભોગવ્યો હતો. એવણના દીકરા જેઓ એવણ પછી દસ્તુરી ગાદીએ આવ્યા તેવોએ પણ અકબરની મુલાકાત લીધી હતી. ૧૮ મા સદીની જુની ધર્મપોથીઓ આજે હૈયાત છે, જેમાં દસ્તુર મહેરજીરાણાનું નામ જરથોસ્તી ધર્મની ઘણીજ માન ભરેલી રીતે સેવા બજાવનારાઓની સંકમાં દાખલ કીધેલું જોવામાં આવે છે.

"અકબરે એવણને એવણની સેવાના બદલામાં "મદદે મઆશ" યાને ગુજરાણ માટેની મદદ તરીકે ૨૦૦ વીંગા જમીનની વંશપરંપરાની બક્ષીશથી નવાજ્યા, કે જે એવણનાં મરણ બાદ એવણના છોકરાના લાભમાં બીજી અરધી (એટલે ૧૦૦ વીંગા) વધારી આપવામાં આવી હતી. આ બક્ષીશોનાં ખત પત્રો મોજુદ છે. મજકુર દસ્તુરે (મહેરજીરાણા) અકબરને પોતાના ધર્મના ફરમાનો અને કીયા કાનુનો શીખવ્યાં, અને મુખ્ય કરીને સુર્ય અને આતશને નમન કરવાની ફરજ ઉપર બીજી કોમપણ બાબતે કરતાં વધારે ભાર મુકયો. આથી કરીને પારસી કીયાકાનુનો મુજબ બનાવેલો પવીત્ર આતશ મહેલમાં ચાલુ બળતો રાખવામાં આવ્યો હતો, અને તેના રક્ષક તરીકેનું કામ અબુલ ફઝલને સોંપવામાં આવ્યું હતું, કે તે આતશ કદી પણ બુજાય નહીં તેની સંભાળ રાખે." (સફે ૧૬૩-૬૪.)

મી. વીનસેન્ટ સ્મીથ આ બાબતના સંબંધમાં મારાં ઉપલાં પુસ્તકનો હવાલો આપે છે તે હું માફ થઇ શકે એવા સંતોશ સાથે અતરે નોધું છું.

---

* [આ. લખનાર (ડા. જીવનજી મોદી) એ અસલ અંગ્રેજના ઉતારા આપ્યા છે તેને બદલે, ગુજરાતી વાચનારાઓની સગવડને ખાતર, અત્રે તેનો ગુજરાતી તરજુમો આપવામાં આવ્યો છે. મી. વીનસેન્ટ સ્મીથના અસલ લંબાણ લખાણ માટે જૂઓ અંગ્રેજી "Catring" No. 34-J.—પ્રગટ કરનાર.]

"પારસીઓ સાથના અકબરના સંબંધ વીશેનું સતાધારી લખાણ, તે "The Parsees at the Court of Akbar and Dastur Meharji Rana" યાને "અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મહેરજીરાણા" એવે નામનું મુંબઇમાં ૧૯૦૩ માં પ્રગટ થયેલું જે. જે. મોદીનું ઘણું જ વખાણવા લાયક અને તદ્દન ખાતરી કરી આપનારું પુસ્તક છે. તેના કર્તા અસલ યા તરજુમા રૂપે, અગાઉ નહીં જણાયલા દસ્તાવેજો રજુ કરીને સેવટનું સાબેત કરે છે કે અકબરને જરથોસ્તી ધર્મમાં થોડે ઘણે ભાગે વટલાવવામાં નવસારીથી આવેલા દસ્તુરની કારસાઝી હતી, જેની શરૂઆત ૧૫૭૬ માં થઇ ૧૫૭૮-૭૯ સુધી ચાલુ રહી હતી. કર્તા બદાઉની અને બીજા ગ્રંથકારોની સહાદતોનો જુદ્દી જુદ્દી રીતે ઉપયોગ કરે છે અને "Akbar & the Parsees" "અકબર અને પારસીઓ" એવે નામના મી. આર પી. કરકરીઆના રસાલામાં આવેલા તદ્દન પોકળ ટીકાઓનું ઘણીજ મનમાનતી રીતે ખંડન કરે છે. અકબરનું જરથોસ્તી સાહીત્યનું જ્ઞાન અરદેશર નામના ઇરાની વીદ્વાન કે જેને લાહોરમાં ભરવામાં આવેલી દરબારમાં બોલાવવામાં આવ્યો હતો તેના તરફથી અકબરને મલ્યું હતું એવું મી. કરકરીઆનું કહેવું તારીખના તરફ જોતાં ટકી રાકે તેવું નથી. અરદેશર કે જેને શાહ અબ્બાસ ઘી મોકલાવ્યો હતો, તેનો "ફરહંગે જેહાંગીરી" નામની અસલી ફારસી ભાષાની ડીક્ષનરી—કે જે અકબરના મરણ બાદ ૧૬૦૮-૯ નાં વરસમાં પ્રગટ થઇ હતી—તે તૈયાર કરવાના કામમાં મીર જમાલુદ્દીનને મદદ કરવાને માટેજ આવ્યો હતો. હીંદુસ્તાનમાં અરદેશરનું કામ ૧૬૦૩ થી ૧૬૦૭ સુધી લંબાયું હતું, એટલે કે અકબરે જરથોસ્તી ધર્મને લગતું પુરતું જ્ઞાન મેળવી રહ્યા પછી ઘણે વરસે હતું. મી. મોદીએ ખેંચેલાં અનુમાનોને પુરતા દસ્તાવેજી પુરાવાઓનો ટેકો છે. એજ પુસ્તકમાં આવેલી Notes of Anquetil du Perron (1755–61) on King Akbar and Dastur Meherji-Rana "આ કુટીલ દુપેરો (૧૭૫૫-૧૭૬૧) ની અકબર અને મહેરજી રાણા વીશેની નોંધો" એ નામનો રસાલો ઘણીક અગત્યની અને રસીલી બીનતોનો ઉમેરો કરે છે." (સફે ૧૬૫, નોટ ૩.)

અકબર બાબે લખાયેલાં પુસ્તકોનાં વરણુન સાથેની જે ટીપ (Bibriography) આ લખનાર આપે છે, તેમાં એ લખનાર મારાં પુસ્તકને નીચે પ્રમાણે યાદ કરે છે.

"૧૯૦૩ માં મુંબઇમાં જીવણજી જમશેદજી મોદી તરફથી પ્રગટ થયલી અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મહેરજીરાણા" એવે નામની ચોપડી ખાસ નોંધ લેવા જોગ છે, કારણ કે તેમાં અકબરના પારસીઓ સાથના સંબંધ વીશે સંપુર્ણ દસ્તાવેજી પુરાવાઓ સહીત તકરાર સમાવવામાં આવી છે. કરકરીઆએ ખેંચેલાં કેટલાંક ભુલ ભરેલાં અનુમાનોનું કર્તા ઘણુંજ મનમાનતી રીતે ખંડન કરે છે." (સફે ૪૭૮.)

મારો વીષય પ્રગટ થવા પછી અને અત્યાર આગમજ દસ્તુર મહેરજીરાણા સંબંધી આ બાબતની નોંધ બીજાં પણ નીચલાં અગતના પુસ્તકોમાં નોંધાઇ છે.

૧-સપટેમબર ૧૯૦૪ માં બેસલ ખાતે ધરમોની તવારીખના અભ્યાસીઓનું મંડળ (Congress of the History of Religions) મળ્યું હતું, તેની સનમુખ ડા૦ મારી (Dr. G. Bonet Maury), જેવણે આગળ Count de Noer નામના લખનારના L'Empereur Akbar નામના ફ્રેંચ પુસ્તકનો તરજુમો કર્યો છે, તેવણે Etat du Parsisme dans l'Inde, એવે નામે હીંદના પારસીઓ બાબે વીષય વાંચ્યો હતો, તેમાં પણ મારાં પુસ્તકોના હવાલો આપી અકબરને જરથોસ્તી ધરમ

સમજાવનારાઓમાં નવસારીના જરથોશતીઓને અને દસ્તુર મહેરજીરાણાને ગણાવ્યા છે.*

૨–બીજું અને વધારે, અગતનું પુસતક રેવરંડ ડા૦ હેસ્ટીંગસના અધિપતીપણા હેઠળ બહાર પડતો Encyclopedia of Religion and Ethics નામનો શબ્દ કોષ છે, જેનાં કુલે આશરે ૧૫ મોટાં વોલમો પ્રગટ થશે. તેનાં પહેલા વાલમ (પા. ૨૭૩) માં મી૦ બેવરીજ (H. Beveridge), જેવણ પણ આગળ આપણાં દેશની સીવીલ સરવીસમાં હતા અને એક સારા ફારસી ખાં છે, અને જેવણે મોગલ વંશના પાદશાહોની તવારીખોનો સારો અભ્યાસ કર્યો છે અને અંગ્રેજીમાં તરજુમો પણ કર્યો છે, તેવણે "અકબર" ની બાબત ઉપર એક વીશય લખતાં, અકબરને જરથોસતી ધરમ શીખવનારાઓમાં નવસારીનાં જરથોશતીઓને પહેલી જગયા આપી છે, અને તે બાબે મારા વીશયનો હવાલો આપયો છે.

આજ રોજે આ દસ્તુરજીના વારસોનું એક બાબત ઉપર ધયાન ખેચું છું, જે મને ઇંગલંડ ખાતેની The Statuory and Grainite Co. ની આસરે ૧૫ વરસપર બહાર પડેલી મદેહનજર ઉપરથી સુઝ પડી છે. મરહુમ દસ્તુર મહેરજીરાણાની બાબતમાં મારી દીલસોજ કાળજી જાણી મરહુમ નામદાર ચોથા સર જમશેદજીએ ઇંગલંડ ખાતેની પોતાની સફર દરમયાન ત્યાંથી તે મદેહનજર મારા ઉપર મોકલી મારું ધયાન ખેંચ્યું હતું. એ મદેહનજરમાં લખે છે કે†

મોગલ શાહેનશાહ અકબર અને કીર્તીવંત દસ્તુર મહેરજીરાણા કે જેવણનું નામ દરેક પારસી ઘરમાં એક ઘરગતુ બોલ થઇ પડયું છે એઓ વચેની મુલાકાતની યાદ એક દમામદાર કોતરેલી તખ્તીથી ઘણી સારી રીતે કાયમની જળવાઇ રહેશે કે જે તખ્તી આતશબહેરામની દીવાલ શોભાવશે.

હવે આજે એ સીલપશાસ્ત્રનું ઠામ ઠરનારી કંપની હયાત છે કે નહીં તે હું જાણતો નથી. હઇયાત હોય તો પણ આવું શાહ અકબર અને દસતુર મહેરજીરાણા વચેની મુલાકાતનું ચીત્ર આપનાર એક પેનલ અત્રે મંગાવી કોઇ આતશબહેરામમાં ગોઠવવું કદાચ ખરચાળુ કામ થઇ પડે. પણ મારી સુચના છે કે મરહુમ દસ્તુરના વારસો પોતે એકલા, યા મરહુમ દસ્તુરનાં ઠામ તરફ દીલસોજી દેખાડનારા થોડાકોને પોતા સાથે લઇ, આશરે રૂ ૫૦૦ યા રૂ ૭૦૦ સુધીની એક રકમ બરપા ઠરે, અને કોઇ ફોટોગ્રાફર પારસી ચીતારા પાસે તે વખતના પોશાક, રાહરીતી અદબ અદાના ખયાલ ઉપરથી એક મોટું સુંદર ચીત્ર ચીતરાવી, તે નવસારીનાં આતશબેહરામમાં યા મેહેરજીરાણા લાયબ્રેરીમાં મુકાવે. સને ૧૯૦૫ ના સપટેમબર માસમાં "પારસી" માહવારીમાં એ બાબે નીચે પ્રમાણે સુચના કરવામાં આવી હતી.‡

નવસારીવાળા મોબેદો અને તેઓના દોસ્ત આસ્નાઓને પોતપોતા વચે ફકટ એક એક રૂપીઆનું જ ઉધરાણું કરીને આવી એક તખ્તી કરાવી મંગાવવા દેઓ. પછી તે તખ્તી ગમેતો મુંબઇનાં અંજુમનનાં આતશબહેરામમાં યા નવસારીનાં આતશ બહેરામમાં મુકાય.

---

* [આ આખો અસલ ફ્રેંચ લખાણ તેમજ તેના અંગ્રેજી તરજુમા માટે જુઓ અંગ્રેજી "Cutting No. 34 A.—પ્રગટ કરનાર.]

† [અસલ અંગ્રેજી માટે જુઓ અંગ્રેજી " Cutting No. 34 E.—પ્રગટ કરનાર.]

‡ [" ધી પારસી"માં આવેલી આ સંપુર્ણ અંગ્રેજી " આર્ટીકલ " માટે જુઓ અંગ્રેજી " Cutting " No. 34-E—પ્રગટ કરનાર.]

બાર વરસ સુધી આ સુચના ઠરાવ તેનાં વધારે ખરચને લીધે, ઉપાડી લેવા વીના પડી રહી છે. આજરોજે મેહેરજી-રાણા કુટુંબના બેટાઓ અને તે કુટુંબના મીત્રો મરહુમની બાજનું જશન કરવા અને તે બાદ બાણું લેવા એક ગંભીર મીજલસમાં ભેગા મળશે. ત્યાં કોઇ મેહેરજીરાણા કુટુંબની માએનો પુત, યા તે નહીં તો, કોઇ નવસારીની ધરતી માતાનો પુત, આ બાબદ ઉપાડી લઈને તેની શરૂઆત નહીં કરે? બાબત નાની છે. રકમ નાની છે. પણ કામ ઘણાઓને ઘણાક વરસો સુધી પ્રેરણા (inspiration) આપે એવું છે.

દસ્તુર મેહેરજીરાણાની બાજના આ અવસરે તેવણના અશો ફરોહરની ભલી યાદ ઠરી હુઆ ગુજારૂં છું કે તેવણનું રૂહ તેવણનાં કુટુંબીઓને અને નવસારીના વતનીઓને ઘણી રૂડી પ્રેરણા આપે.

"જી."

ના૦ ૧૮૯

સાંજ વર્તમાન

(તા. ૨૬ નવેમ્બર ૧૯૧૭)

પેહલા દસ્તુર મેહેરજીરાણા અને શેહેનશાહ અકબર.

—:o:—

હીંદ સર જમીનના સર્વથી પુરાણી દસ્તુરી ગાદીના નવસારીની સમસ્ત અંજુમને ઠરાવેલા પેહેલા વડા દસ્તુર મેહેરજી-રાણા દીલ્હી તરફ પાદશાહ અકબરની હજુરમાં તેને જરથોસ્તી ધરમને લગતાં ફરમાનો જાણવાની ખાએસ હોવાથી તે સમજાવવાને નવસારીથી ગયા હતા. ત્યાં કેટલીક મુદતવેર રહેવા પછી અકબરની શેહેનશાહત તરફથી તેઓને નવસારીમાં ૨૦૦ વીઘાં જમીન મહદે માશ ઢાખલ એ શેહનશાહે પોતાના કુટુંબ અને રાજ માટે હમેશ દુવા ગુજારવા ઇનામમાં આપી હતી. જ્યારે દીલ્હીથી બેહસતનશીન દસ્તુરજી સાહેબ મેહેરજીરાણા પાછા આવ્યા ત્યારે નવસારીની અંજુમને તેઓને વડા દસ્તુર બનાવવાનો એક લેખ તા. ૧૨મી માર્ચ ૧૫૭૬ને દીને તથા બીજો લેખ તા. ૬ ઠી સપટેમ્બર ૧૫૮૦ને દીને કરી આપ્યો હતો. એ પાકજાદ મરહુમ દસ્તુર સાહેબના જાયનશીન ગરોથમાન મરહુમ દસ્તુર કયકોબાદને પણ પોતાના શહેનશાહ અને રાજની વફાદારીથી સેવા બજાવવા માટે બીજી સો વીંઘા જમીન શાહ જેહાંગીરે એનાયત કરી હતી. એ પ્રમાણે ૩૦૦ વીંઘા જમીન મરહુમ દસ્તુર મેહેરજીરાણાનાં કુટુંબને નવસારી આગલની ગેલખરીમાં મલી હતી.

એ મરહુમ દસ્તુર સાહેબ મેહેરજી-રાણા ૧૫૭૮માં અકબરની દરબારમાં જર-થોસ્તી ધરમ સમજાવવા જવા વીશે મી૰ રૂસ્તમજી પેસતનજી કરકરીઆ બી. એ., એ રોયલ એશીઆટીક સોસાયટીની મુંબઇની શાખાના હોલમાં ૧૮૬૬ના ઓગસ્ટમાં અકબર અને પારસીઓના વીષય ઉપર એક ભાષણ આપી જણાવ્યું હતું કે નવસારીના પારસીઓ અને દસ્તુર મહેરજીરાણાએ નહીં પણ ઈરાનવાળા દસ્તુર અરદેશર કેરમાનીએ અકબરને જર-થોસ્તી ધરમ સમજાવ્યો હતો. તે ઉપરથી પહેલાં જામે જમશેદમાં તકરાર શરૂ થઇ હતી. "અ"ના તખલ્લુસ હેઠળ મરહુમ શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન જામેમાં બહાર પડ્યા હતા અને ઈંગ્રેજી પત્ર મુંબઇ ગેઝેટમાં ઈ. ડી. ઓક્ટીલત્રીના તખલ્લુસ હેઠળ જુનાગઢની બહાવદીન કોલેજવાળા

પ્રોફેસર શાપુરશાહ હોરમજી હોડીવાળા એમ. એ. એ તકરાર શરૂ કીધી હતી. પારસીઓને લગતા એ અગતના સવાલની તકરાર વધી ગઇ અને બીજાં પણ ગુજરાતી તથા ઇંગ્રેજી પેપરોમાં તે ચાલી. ફ્રાંસવાળાં મીસ મેના દસ્તુર મેહરજીરાણાના આ તવારીખી બનાવમાં ઘણી અગત જોતાં હોવાથી તેઓની સલાહ ઉપરથી સમશુલ ઓલમમાં એરવદ ડા૦ જીવનજી જમશેદજી મોદી બી. એ. એમ. એ સવાલ ઉપાડી લીધો અને તેનો અભ્યાસ કરી ઉપલીજ સોસાયટીમાં ૧૯૦૧ અને ૧૯૦૩માં અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહરજીરાણાના વીશય ઉપર ભાશણો આપી પુરવાર કીધું હતું કે શાહ અકબરની દરબારના ખુદ તવારીખનવેશ બદવનીએ લખેલી તવારીખ પ્રમાણે નવસારીનાજ પારસી એટલે મરહુમ દસ્તુર મેહેરજીરાણા એજ દીલ્હી જઇ શાહ અકબરને જરથોસ્તી ધરમ સમજાવી તેની ખુશીની અસર કરી હતી અને અરદેશર કેરમાનીએ દસ્તુર મેહરજીરાણા ખોદાની રેહમતે પોહચ્યા પછી બે ત્રણ વરશે ૧૫૯૨-૯૩માં આ દેશ આવી ફરંગે જેહાંગીરી (અકબર ના બેટા શાહ જેહાંગીરના નામ ઉપરથી) બનાવવામાં મદદ આપી હતી. બંને બાજુના ભાશણો અને તકરારનું આ પ્રમાણે સારૂંજ પરીણામ આવ્યું છે.

૧૯૦૪ના સપટેમ્બરમાં સ્વીટઝરલેનમાં આવેલાં બાલ શહેરમાં ઇનટરનેશનલ કોંગ્રેસ ઓફ ધી હીસટરી ઓફ રીલીજીયનસ (ધરમને લગતી તવારીખ માટે મળેલી કોંગ્રેસ) મલી હતી જેમાં આપણા નાયણ દસ્તુર ફરસતમજી એદલજી સંજાણા બી. એ ને હાજર થવાનું માન મલ્યું હતું અને "અવસ્તામાં અહુરમઝદ" ઉપર રેસાલો વાંચ્યો હતો ત્યાં પેરીસ યુનીવરસીટીવાળા પ્રોફેસર ડા૦ જી. બોનેટ મોરેએ અકબર વીશે વાંચેલા રેસાલામાં જણાવ્યું છે કે નવસારીના પારસીઓના વડા દસ્તુર મેહરજીરાણાને અકબરે બોલાવ્યા હતા જેઓએ તેને ધરમના ફરમાન સમજાવ્યાં હતાં અને ઇરાનમાં જેઓ (જરથોસ્તીઓ) રહેતા હતા તેઓએ નહીં. એ બધું ડા૦ મોદીએ અકબરના ફરમાન, માનીતા ખ્યાલો અને આકેટીલ ડુ પેરોની નોંધ ઉપરથી બતાવી આપ્યું છે.

જાણીતા વીદવાન ડા૦ નીશીકંઠ ચતા પાથીયાર બી. એચ. ડી. એ અલાહબાદના જાણીતા માસીક "હીંદુસ્તાન રીવ્યું" ના ૧૯૦૮ના માર્ચ માસના અંકમાં "દીને ઇલાહી ઓફ અકબર" (અકબરનો ઇલાહી ધર્મ) ઉપર બાહોશીભર્યું એક લખાણ કીધું છે જેમાં તેઓ જણાવે છે કે નવસારીથી મેહરજીરાણાની સરદારી હેઠળ મોબેદો અને દસ્તુરો ગયા હતા અને શહેનશાહને જરથોસ્તી ધર્મ સમજાવ્યો હતો તથા અકબરે "તારીખે ઇલાહી" નો ધર્મ શરૂ કરી તેમાં પારસી રોજ માહ દાખલ કીધા હતા જે હાલ પણ દખણ હેદરાબાદ (નીઝામ રાજ્ય) માં ચાલે છે. વળી ડા૦ નીશીકંઠે વધુ લખ્યું છે કે જરથોસ્તી તેહવારો પણ પાળવામાં આવતા હતા. આ ડા૦ નીશીકંઠ એક બાહોશ વીદવાન નર છે જેઓએ ૧૮૯૬ ના ઓગસ્ટની તા૦ ૪ થીએ ફરામજી કાવસજી ઇનસ્ટીટયુટમાં જરથોસ્તી ધરમ (ઝોરોસ્ત્રીયનીઝમ) વીશે વીદ્વતાભરેલું ભાશણ આપ્યું હતું.

રેવરંડ ડા. હેમ્પટીંગસના અધીપતીપણા હેઠલ એનસાઇકલોપીડયા ઓફ રીલીજીયનસ અને ઇથીકસ નામની કેતાબો ઇંગલંડમાં પ્રગટ થાય છે તેનાં ૧૯૦૮ માં પ્રગટ

થયલાં પેહલાં વોલ્યમમાં મી. એચ. એવરીડજ જેઓ ફારસીના બાહોશ અભ્યાસી છે અને આગળ બંગાલમાં સીવીલ સરવંટ હતા તેઓ અકબર માટે લખતાં જણાવે છે કે ઇએસ્તાન કેતાબમાં ધર્મને લગતી જે તકરાર અકબરની દરબારમાં ચાલેલી જણાવવામાં આવી છે તે બેડી કહાડેલી (ઇમેજીનરી) છે. સાચા હેવાલ માટે તો બદવની અને અબુફઝલની કેતાબો જોવી જોઇયે છે. ખચીત મી૦ એવરીડજ ખરા છે. બદવની કેતાબમાં ફકત નવસારી-નાજ પારસીઓ લખયા છે જયારે ઇરાનના જરથોસ્તીઓએ દરબારમાં હાજર થવા માટે પણ કંઇજ લખયું નથી. મી. એવરીડજ નવસારીના પારસીઓને અકબરને ધરમ સહમજાવનાર જણાવી ડા૦ એરવદ જીવનજી મોદીનાં પુસ્તકનો અભ્યાસ કરવાની ભલામણ કરે છે.

જાણીતા તવારીખનવેશ અને આ દેશના એક આગલા સીવીલીયન મી૦ વીનસેંટ સ્મીથે ગયા જુન માસમાં અકબર ધી ગ્રેટ મોગલ (મોટો મોગલ અકબર) નામની અકબરના રાજયની તવારીખનું મોટું પુસ્તક બહાર પાડયું છે જેમાં શમસુલ ઓલમા એરવદ જીવનજી મોદીની તકરાર પાયદાર ખરી ઠરાવી દસ્તુર મેહરજીરાણાનેજ અકબરને જરથોસ્તી ધરમ સહમજાવનાર જણાવે છે.

વળી મી૦ વીનસ ટ સ્મીથ પોતાની એ ઠીંમતી કેતાબમાં મી૦ રૂ૦ પે૦ કરકરીયા બી. એ. નાં "અકબર અને પારસીઓ" વાળાં ભાશણ માટે મત આપે છે કે "આર. બી. (પી.) કરકરીયાની પોકળ તકરાર" (શેલો ફ્રાંટીસીઝમ ઓફ આર. બી. (પી.) કરકરીયા) એજ વીદવાન પોતાની એ ચોપડીમાં મી૦ રૂ૦ પે૦ કરકરીયાનાં અકબર વીશેનાં બીજાં લખાણો અકબરનો ધર્મ (રીલીજીયન ઓફ અકબર) સીકંદરામાં અકબરની કબર (અકબરસ ટુમ્બએટ સીકંદરા) વગેરે બીજાં લખાણો માટે અભીપ્રાય આપે છે કે તે કાંઇ ઘણા કીમતી નથી (ધે આર નોટ ઓફ મચ વેલ્યુ).

મી૦ કરકરીઆએ ૧૮૯૬ માં ઉપલું ભાષણ આપયું ત્યારે તેજ વખતે ત્યાંજ જાણીતા સરકારી મોટા અમલદાર ડા૦ જોન પોલન જેઓ જુદી જુદી ભાશાના મોટા અભ્યાસી છે તેઓ બોલયા હતા કે દસ્તુર મેહરજીરાણાને લગતું ટરેડીશન (મોહડેથી ચાલતી આવેલી બીના) જુદા જુદા વીચાર બાંધી ખોટા પાડવા જોઇયે નહીં.

આ પ્રમાણે ભાશણો તથા તકરારનાં પરીણામમાં પારસીઓ સાથ ગેરફોમના વીદવાનોના અભીપ્રાય પણ નવસારીવાળા આ મરહુમ સાલેક દસ્તુર સાહેબ મેહરજીરાણાની તવારીખને મુસતકીમ પાયદાર બનાવે છે.

મરહુમ ખા. બા. બહમનજી બેહરામજી પટેલે રચેલાં પારસી પ્રકાશમાં નવસારીનાં ભગરીયા અથોરનાનો માટે જે તવારીખ લખી છે તે મી૦ કરકરીયા અને તેઓના મલતા વીશેકોને પસંદ પડતું નથી અને કોઇ પણ પ્રકારે તે ખોટી પાડવાની કોશેશ થાય છે જેના પુરાવામાં દસ્તુર મેહરજી રાણાની એ તવારીખનોજ દાખલો હમે રજુ કરયે છીએ. હમારો અભીપ્રાય છે કે મરહુમ ખા૦ બા૦ બમનજી પટેલ ચંચળ જેહન (કરીટીકલ ફેકલટી) ધરાવતા હતા અને તેથી પોતાના પારસી પ્રકાશમાં તેઓએ પાકજાદ દસ્તુર મેહરજીરાણા દીલી અકબરની દરબારમાં જવા માટે લખયું છે તે ખરૂંજ છે કાંકે મરનાર ખા૦ બા૦ બમહમનજી પટેલ શેહરેશેહર ફરી અસલ

દસ્તુરજીને તપાસવા પહેલાં જ પોતાનું કામ કરતા હતા અને જેઓ પોતે લખેલા પોતાના વડવાઓની તવારીખ આપવા માંગતા તે લેવા ખુલેખુલી ના પાડી અસલ દસ્તા જીને પેહલા જોવા માંગતા હતા. તેમ કરી કેટલાક નાના મોટાની દુશમણી બેંચી લેવા છતાં તેની પરવાહ પણ મરહુમ ખા૦ બા૦ પટેલ કરતા નહી હતા અને પોતે માથે ઉઠાવેલાં પોતાની કોમનાં એક કામની ફરજનીજ ફકત પરવાહ રાખતા હતા.

ના૦ ૧૯૦

સાંજ વર્તમાન

(તા. ૫મી ડીસેમ્બર ૧૯૧૭.)

સગી સાંજનો વરઘોડો.

માહેરજીરાણા, બડા શયાણા, પુરા બંડા બોદાકા" !

શ્રી નવસારી નીવાસી પેહલા દસ્તુર મરહુમ મેહરજી રાણા દીલ્હી ગયા હતા, ત્યાને શહેનશાહ અકબરને પારસી જરથોસ્તી ધર્મ સમજાવી જર તથા જાગીર મેલવી આવ્યા હતા, તેની પુષ્ટીમાં દજનબંદ તવારીખ નવેશોની શાહદત સાથેનો એક ઐતિહાસિક લેખ સોમવાર તા. ૨૬મીનાં સાંજવાંમાં પ્રગટ થયલો જોઇ હું ખુશીથી નહીં તટલો અજાયબીથી ડંગ થયો છું. પણ એની શું જરૂર હતી, શેઠજી મારા ? સુર્યનાં તેજના જેવી એ સચ બાત કોણ કમબખ્ત ના પાડે છે? બધા તો તે માને છે-પુર્વના તેમ પશ્ચીમના, સામાન્ય લોકો તેમ વીદ્વાન તવારીખનવેશો પણ હા. ખરેખર! આપણા પેલા તવારીખના ખાં શેઠ રૂ. પે. કરકરીયા તે ના પાડતા આવ્યા છે. અને કેમે કરી પોતાની મમત છોડતા નથી. હું ધારૂ છું કે સાહરહુ લેખ કદાચ તેમની નજર સામેના મમતનો પરદો નષ્ટ કરવાને એક અજીત ઓષધી થઈ પડશે; કારણ તેમાં મરહુમ રૂહશાહનાં એ પરાક્રમ તરફેણમાં સંખ્યાબંધ જુની શાહદતો ઉપરાંત, સુવીખ્યાત તવારીખનવેશ મી૦ વીનસેંટ સ્મીથનાં હાલ બાહેર પડેલાં "અકબર-ધી ગ્રેટ મોગલ" નામનાં કીમતી પુસ્તકની શાહદત રજુ કીધી છે, કે જેમાં શમસુલ ઓલમાં ડા. જીવનજી મોદીનાં મેહરજીરાણાંની તરફેણના પુસ્તકની હીમાયત કરતાં મી. કરકરયાનાં લખાણને "શેલો ક્રીટીસીઝમ" વગેરેનો સીરપાવ આપેલો છે ! હું જાણું છું કે મી૦ કરકરીયાનાં વીરૂધ લખાણથી મરહુમ દસ્તુરજીના ખાનદનીઓના દીલ જખમી થયાં છે. છટ નોનસેન્સ ! ઘેલા છે તેઓ; તેઓએ તો ઓર ખુશી થવું જોઇએ, ને મી. કરકરયાનો ઉપકાર માની તેમને શાલ પાઘરીની ભેટ અર્પણ કરવી ઘટે; કારણ જો મી. કરકરયા મહેરજીરાણા રૂપી સુરજ પર ધુળ છાંટતે નહી, તો નામીચા વીદ્વાન તવારીખનવેશોની તે મરહુમના ચરીત્રની તરેહવાર શાહદતો બાહાર આવવા પામતે નહી. કહેવત છે કેની કે કઠો શતરૂ કેટલીકવાર ઇષ્ટ માત્રની ગરજ સારે છે ?

ધડનજી બીન મડનજી.

25426